ઓજ અને જાગૃતિ

ઈશ્વરલાલ દવે

મહાન બનવાની બીમારી (ચિંતન)
વહેતા પાણી (માસિક નોંધ)
કાળચક્ર (ચાલુ નવલકથા)
પહેલી ઉડાન (પ્રવાસ-કથા)
અહામિયાંની ટાંક (વાર્તા)
ક્રોધમની વચ્ચે જીવવાની મોજ.
(ટાચણનાં પાનાં)
દુઃખ સુખ (લેખ)
માનવતાના અટકા રૂપ
માણસાઇના ઓલવાતા દીવા
(અમદાવાદની અશાંતિના વિવિધ દૃશ્યો)
રજવાડી હિન્દનો પરાજય
(ચાલુ ઐતિહાસિક લેખમાળા)
ખંડખૂટ (વાર્તા)

સમાજ, સાહિત્ય ને સંસ્કારનું અદ્યતન માસિક

ઝોર્મિ અને નવરચના સમાજ,સાહિત્ય અને સંસ્કારનું માસિક ઑગસ્ટ: ૧૯૪૬

ઝોર્મિ વર્ષ : ૧૬ મું : નવરચના વર્ષ : ૧૧ મું : અંક ૫ મો.

મહાન બનવાની બીમારી

નેવું વર્ષના જૈફ બનેલા બર્નાર્ડ શૉએ પોતાની જન્મગાંઠ પર જગતને બે એક ઠાવકી શીખામણો ભેટ આપી છે—

'જો તમારો છોકરો તમને એમ કહેવા આવે કે મારે તો મહાન કલાકાર અગર સંગીતકાર બનવું છે, તો એ માર્ગેથી, એને રોકવા તમે તમારાથી બનતું બધું જ કરજો, એ રસ્તે એને જવા દેતા નહિ.'

'એને કાં દુકાનદાર ને કાં દલાલ બનાવજો'

'જો તમારી છોકરી આવીને કહે કે મારે તો બુલંદ અભિનેત્રી બનવું છે, તો એને પણ રોકજો, ને કહેજો કે ભાઈ, બાપુ, કોઈક દુકાનદાર કે દલાલની જોડે લગ્ન કરી લે'

આ શબ્દોમાં બર્નાર્ડ શૉ દુકાનદારી ને દલાલીને પ્રશંસે છે અને કલા ને-સાહિત્યની ઉપાસનાને નિંદે છે એમ નથી સમજવાનું એનો પ્રહાર તો આ પૃથ્વી પર અળશિયાંની માફક ઊભરાતાં 'નાનાં' મનુષ્યોની આજકાલ વધી પડેલી, 'મહાન' બનવાની ઘેલછા પર થયો છે.

ફલાણા દેશમાં તો બાટકીનો છોકરો અગર બાબુનો દાડિયો વડો પ્રધાન અગર પ્રન્તસત્તાકનો પ્રમુખ બની શક્યો, વગેરે વગેરે વાતો વાંચીને આપણી નાની ખોપરીઓ નાહક ફાટે છે

પાંચ અંગ્રેજી ચોપડીઓ ભણેલ એક ગુજરાતી છોકરાએ, પોતે જેને 'કાવ્ય' કહેવા જેટલો કંગાલ છે તેવું કાંઈક એક કાગળ પર લખી મોકલીને જણાવ્યું કે 'મારે કવિ બનવું છે, માટે આ કૃતિના ગુણદોષ ચર્ચી બતાવશો'

એને જવાબ લખ્યો કે 'ભાઈ, આ કાવ્ય તો નથી. પણ એ શું છે તેની ય સમજ પડતી નથી. હમણાં તો તું વાચ, વાંચવાનો આનંદ લે, અને જે ધંધો કરે છે તેને જ વળગી રહે' તો કાનનાં તમરાં ઉડાડી નાખે તેવો ઉત્તર આવ્યો. એનું શિખર-વાક્ય આવું હતું: 'તમને બીક લાગતી હશે, કે હું અજવાળે [illegible]

મનમાં કહ્યું, 'દાદા, આવો જવાબ આપનાર તું કંઈ પહેલો જ નથી.'

મહાન બનવાની મહેચ્છાઓના કેટલાક કિસ્સાઓએ આપણા પાઠ્ય-પુસ્તકોમાં પેસી જઈને પણ આ માનસિક રોગને પોષણ આપ્યું છે.

સામાન્ય બનો, સામાન્ય સ્થિતિના ધંધાધાપામાં તમારું સ્થાન ઝડપથી રોકી લ્યો, એવું નવી પેઢીના કાનમાં જોરશોરથી ફૂંકવાનો કાળ આવી ગયો છે.

કારણ કે, 'મહાન બનો' એવું આટલાં વર્ષોથી ભરાવવામાં આવેલું ભૂંસું દેશમાં અનેક નાનાં ભેજાંને ખુવાર કરી રહ્યું છે.

સરદાર વલ્લભભાઈ સુધી તો ઠીક હતું, પણ સિનેમા-સૃષ્ટિના એક સફળ ઉદ્યોગપતિને ય 'સરદાર ચંદુલાલનું' બિરુદ અપાયું તે આપણા નાનાપણાની બીમારી બતાવે છે.

રાજકારણ અને જાહેર જીવન, એ બે વાતો આ 'નાનાં' માણસોની મહત્તા-મુરાદને ભારી વેગ આપે છે.

એક જ છાપ લગાવાય છે, અને નાની છોકરી પણ રાતોરાત રાષ્ટ્રની નેતા બની બેસે છે.

બુદ્ધો શો મશ્કરી નથી કરતો. એ તો ગંભીરતાપૂર્વક ઉમેરે છે, કે 'મારા જીવનમાં મારે શું શું ભોગવવું પડયું છે તે જો તમે જાણતા હોત, તો તમે બોલી ઊઠત કે 'ભગવાન આપણને આ માણસના જેવી જિંદગીમાંથી બચાવો!'

જે જિંદગીઓ પર મહત્તાનો બોજો સાચેસાચ મુકાય છે, તે પ્રત્યેકને ઉપલા શબ્દો બોલવાના હોય છે.

પણ નાનાં માણસો હૈયાફૂટાં છે, સામાન્યતાની મોજ ને મીઠાશ તેઓ ગુમાવી બેસે છે, અને મહાન તો કદી બની શકતાં નથી, કે જેથી કોઈક દિવસ આવો સંદેશો આપવાનું યે સાંત્વન લાધે.

અપેક્ષાઓની અતિશયતા

એ તો શક વગરની વાત છે કે પ્રાંતો પર રાષ્ટ્રીય પ્રધાનપદાં બેઠાં છે તેને અળખામણાં કરવા, મૂંઝવવા અને ઉથલાવી નાખવા માટે અનેકવિધ મોરચા ઊભા થયા છે. ઘણાના માનવા મુજબ બ્રિટિશ સરકાર હિન્દનો સત્તાત્યાગ કરી જવા તત્પર છે અને એ સત્તા રાષ્ટ્રવાદી પ્રજાસમૂહના હાથમાં આવનાર છે. એથી ઘણાં મતલબી હિતો અકળાઈ ઊઠીને શક્ય તેટલા અંતરાયો નાખવા મેલી એકસંપી કરી રહેલ છે. મુસ્લિમ લીગ, આંબેડકરનો અસ્પૃશ્ય પક્ષ, રાજાઓ, જમીનદારો, બ્રિટનવાસી હિન્દશત્રુઓની ચર્ચિલ દોરવી ગોરી જમાત, એટલા મોરચા ઊઘડી ગયા છે. અને એમની સર્વની ભેરે 'ચોલાદી ચોકહા'નું બિરદ પામેલી સનંદી નોકરશાહી અંદર રહે રહે શાસનના ખીલા ઢીલા કરવાને કામે લાગી ગઈ છે એવો પણ વ્યાજબી સંશય છે.

કૉંગ્રેસની પ્રાંત-સરકારોને આ બધા દુશ્મન-દુર્ગોને ભેદતા ભેદતા પ્રગતિગામી પગલાં ભરતા જવાનું છે. એમની પ્રગતિમાં અવરોધોનો પાર નથી. એક તરફથી અવરોધકો એને હંફાવવા મથે છે, તો બીજી બાજુ એનાં અનુયાયી પ્રજાજનો પણ એની પાસેથી મોટી મોટી આશાઓ રાખી રહ્યાં છે. કૉંગ્રેસનું સત્તારોહણ થતા સાથે પગારો ઝટ વધશે, કરવેરા તત્કાળ ઘટશે, કાયદો ને વ્યવસ્થા ચપટી વગાડયા ભેગાં સુધરશે, સુનાદિત નોકરશાહીને ઝડપી નસિહત જડશે, એકી તડાકે નંદનવન નીપજશે, વગેરે ધારણાઓ વહેતી થાય એ કુદરતી છે.

આવી ધારણાઓ સેવવા જતાં એક વાત વીસરી જવાય છે, કે પ્રાંતીક કૉંગ્રેસ-સરકારો તો હાથેપગે બંધાયેલ અને સત્તાનાં સાંકડાં કુંડાળાંમાં પૂરાયેલ પ્રજાશાસનો છે, એની સ્વતંત્રતા ને સ્વાયત્તતા જેટલી કામની છે તે કરતાં નામની વધારે છે. એટલે એ લોકશાસનો આજે છે તે સ્વરૂપમાં તો હિન્દી આઝાદીના ચતુર્વિધ સંગ્રામનો એક પ્રકારનો મોરચો જ છે. ને તેનું કામ બહારના બીજા મોરચાઓની સાથે એકતાલ બની લડત જ કરવાનું છે. શાંતિ સમયની પ્રજોન્નતિની યોજનાનું સંચાલન કરવાનું એ કામ છે.

રાષ્ટ્રીય સરકારોમાં શક્તિવંતો હોવા જોઈએ

એ સંગ્રામ-સંચાલનના કામમાં કૉંગ્રેસ સરકારો જેટલી ઝડપ ને જોમ મૂકશે તેટલા પ્રમાણમાં ચવરાધી બળો પોતાના દારૂગોળા પણ વેગને ઝનૂનથી વહેતા કરશે. હડતાલો, 'સત્યાગ્રહો' ને હુલ્લડો, એ એના દારૂગોળા છે. જ્વસટ્રોસટની ઝપ્પાઝપ્પી પર આવેલી મેલી શક્તિઓ કનેથી એની આખરી યુદ્ધસામગ્રીનો ઓછો પ્રયોગ કરવાની આશા સેવવી એ આ સમગ્ર અને વ્યાપક સંગ્રામના સ્વરૂપને ન ઓળખવા બરોબર છે. હડતાલો, હુલ્લડો તે 'સત્યાગ્રહો' નાં માથાં ઉચકાવા ભેળાં જ સદાને માટે છૂંદી નાખી શકાશે એવી ગણતરી આપણે ન રાખી બેસીએ. કારણ કે આપણે અંધાધુંધી આંતરવિગ્રહને બની શકે તેટલા ખાળવાનાં છે, પ્રજા સમસ્તનો સંસ્કાર એકરસ કરવાનો છે.

કૉંગ્રેસ-શાસનોની કામગીરીની સાચી સમજણ વિશે આટલું સ્પષ્ટ કર્યા પછી ઢાલની બીજી બાજુ તપાસવાનો હક્ક અમને પ્રાપ્ત થાય છે. કોઈપણ પ્રાંતની કૉંગ્રેસ-સરકારની, સંગ્રામના મોરચેદારો તરીકેની પણ એ ફરજ છે, કે પોતાના પ્રત્યેક પગલા અંગે પોતાના સ્થાપકોને એટલે કે પોતાને ચૂંટનાર વિશાળ મતદાર પ્રજાસમૂહને પોતાની બુદ્ધિમત્તા, શક્તિમત્તા તેમજ કાબેલિયતની પ્રતીતિ કરાવતા રહેવું અને અગાઉનાં તંત્રો કરતાં વર્તમાન તંત્ર વિશુદ્ધ, ચડિયાતું તેમજ એકાગ્ર છે એવો ઇતબાર પેદા કરવો જોઈએ. એ વગર, માત્ર રાષ્ટ્રીય સરકારનું 'લેબલ' ધારણ કરવાનો અર્થ નથી. રાષ્ટ્રીય સરકારો તો જે

સૂચવે છે તે એમણે પોતે કોઈ પણ ઠેકાણે કે અવસરે અજમાવી જોયો નથી. એકાદ ગણેશ શંકર વિદ્યાર્થીનું નામ તો સોગંદ ખાવા માટે જ ઠીક કહેવાય. ગાંધીજીના માર્ગને અપાતી અંજલિ થોડાક માણસોના હોકના કરતાં વધુ ઉડાણેથી ઊઠી જણી નથી. ભાઈ હેગિષ્ટે ને રજબઅલી જેવાં બે ત્રણ બલિદાનોનાં યશોગાન તેમજ સ્મારક-ચોપ વડે દિગન્ત ગાજી ઊઠયા પછી પણ એમને પગલે પગલે ઝાઝા જનો બહાર પડયા નથી (અમદાવાદમાં ગાંધીભક્તોની બહોળી છત છતાં) એ શું બતાવે છે? મહાત્માજીનું પ્રયાણ પુનાથી પંચગનીને બદલે જો અમદાવાદ તરફ થયું હોત, ને વાંચસો મરજીવાની મોખરે એમનો પ્રવેશ જો જમાલપુરમાં થયો હોત, તો જગતને કંઈ જાણવા મહવા જેવું જરૂર મળ્યું હોત. (આટલું લખાયા પછી તા. ૪-૮-૪૬ ના હરિજન-પત્રોમાં પણ ગાંધીજીને એ મતલબનો પ્રશ્ન પુછાયો છે ને તેના ઉત્તરમાં ગાંધીજીએ ખુલ્લે દિલે પોતાની એ નબળાઈ કબુલ કર્યાનો અહેવાલ છે.)

જમ ઘર

ભાળી ગયા.

અભિનંદનને પાત્ર તો આ હુલ્લડના પ્રેરકો તેમજ સંચાલકો કહેવાશે. તેમણે ખુદ રાષ્ટ્રીય સરકારના જ શાસન તળેનું, રાષ્ટ્રવાદના વિજય-દુર્ગ સમું, રમખાણોની સામે પુર્ણ સજ્જવટ કરીને બેઠાનો ગર્વ રાખતું મુંબઈ પ્રાંતનું બીજા નંબરનું મથક પસંદ કર્યું, અને અખિલ હિન્દમાં અજમાવવાની યોજનાનો દાણો સફળપણે દાબી જોયો. એને જોખમોની પરવા નહોતી. એણે સાવઝની ઓડમાં જઈ કેસરવાળી પકડી. એને તો આકાશમાં મેંઢાની ઉપર પોતાની ધાક બેસારી દેવા માટે, સામુદિક જીગર તોડી નાખવા માટે, બસો ખંજરબાજોની ગેરીલા-ટોળી જ ગનીમત બની. હુલ્લડખોરો તેમજ પોલીસ, એ બેઉ બળોના સંયુક્ત મોરચા સામે ટક્કર ઝીલવાની મૂંગી તાકાત અને શબ્દ વિનાની શિસ્ત દેશની પ્રજાએ કેળવવી પડશે. અમદાવાદની શાંતિપ્રિય પ્રજાએ જેટલા પ્રમાણમાં એ કરી બતાવ્યું જેટલા તેને ધન્યવાદ છે.

મુસ્લિમ લીગનો

નવો મોરચો

આંતરવિગ્રહને દ્વારે દેશ આવી ઉભો છે, મુસ્લીમ લીગની કાઉન્સીલે કેબીનેટ મિશનની લાંબા ટૂંકા બન્ને ગાળાની દરખાસ્તોનો સ્વીકાર પાછો ખેંચી લેતો, લાંબા કે ટૂંકા ગાળાની કોઇપણ યોજનાને મુસ્લિમ લીગની સંમતિ સિવાય ઠોકી બેસાડાય તો તેનો સામનો પુકારતો, અને પાકિસ્તાન લેવાને માટે 'સીધાં પગલાં' લેવાનો ઠરાવ કર્યો છે, આ નિર્ણયનાં કારણ-લેખે એણે બે મુખ્ય બાબતોને આગળ કરી છે, એક તો કેબિનેટ મિશને કોંગ્રેસને જતી કરીને લીગ વગેરે અન્ય પક્ષોની વચગાળા-સરકાર ન રચીને કરેલો વિશ્વાસઘાત: ને બીજું બંધારણવિષયક સભાના સ્વીકાર પરત્વે કોંગ્રેસે સેવેલી માનસિક મર્યાદાઓ. એ કારણો આપીને લીગે મંત્રીમિશન તથા કોંગ્રેસને એક જ કાઉંસમાં બેસાર્યાં, બન્નેએ મળીને કાવતરું કર્યાનું આળ મૂકયું અને કોંગ્રેસની દાનતમાં બુરાઈ આરોપી. લીગે ખુદ પોતે જ લાંબા ગાળાની યોજનાનો સ્વીકાર પાકીસ્તાનના ધ્યેય તરફ પહોંચવાની તેમાં શકયતા હોવાનું કારણ બતાવીને કર્યો છે, અને એ ધ્યેયની સિદ્ધિમાં અનુકૂળ થાય ત્યાં સુધી જ યોજનામાં શામિલ રહેવાનું સ્વીકારના ઠરાવમાં સ્પષ્ટ કર્યું છે એ વાત વીસરી જવાય છે. કોંગ્રેસ લીગ અગર કોઇ પણ પક્ષ મંત્રીમિશનની યોજનાને વિશે મનફાવતા અર્થો છો કરે, પણ મૂળ યોજનાનું દસ્તાવેજી સ્વરૂપ કોઈના કરેલા અર્થોથી લેશ પણ બદલાયું નથી. એના ફાવતા અર્થો મનાવવાને સર્વ કોઈ કુલમુખત્યાર છે, આખરી અર્થ કરવાની સત્તા તો બંધારણ-સભાના અધ્યક્ષને હશે અગર ફેડરલ અદાલતને કે કોઈ પણ નિષ્પક્ષ લવાદ પંચને હશે. એટલે લીગને તો કોંગ્રેસ-પ્રમુખે અગર મહાસમિતિના સભ્યોએ બેસારેલ અર્થો છટકવાનાં બહાનાં રૂપે સાંપડી ગયાં અને એને એકલાને વચગાળાની સત્તા ન સોંપાઈ એથી છેડાઈને એણે આ ગુલાંટ ખાધી. હવે એણે લડતની ધમકી દીધી છે. 'બ્રિ. સરકારનો ગુલામીમાંથી છૂટવા માટે' એણે સીધાં પગલાંનો નિરધાર કર્યો છે. પરસત્તાની સામે-પોતાને દુઃખ પાઇને ઉછેરનાર જન્મદાત્રીની સામે મુસ્લીમ લીગ મેદાને પડે એ તો સારા રાષ્ટ્રને સારૂ

વધામણીની વાત ગણાય. અને એવી લડતના બદલામાં જો એ પાકીસ્તાન હાંસલ કરે તો એ પાકીસ્તાન પણ લીગને મુબારક હોજો.

પ્રતિકારની યોજના હોવી જોઇએ

પરંતુ સરકાર તો વેગળી રહેશે; એક પછી એક આગેવાનો નિવેદન કરતા જાય છે કે લીગની આ પિસ્તોલ બ્રિ. સરકાર તરફ નહિ, હિંદી રાષ્ટ્રવાદ પર જ વહેતી થશે. સરકાર અને કોંગ્રેસ બેઉને સંયુક્ત શત્રુઓ ગણાવીને કરેલો ઠરાવ તેમજ એ જ અર્થનાં ભભૂકેલાં ભાષણો લીગના અનુયાયી સમૂહની કડવાશને કઇ દિશામાં વહાવશે એ સ્પષ્ટ છે. લીગની લડતના પ્રકારો, દાવપેચો, વ્યૂહો ને મોરચા કેવા હોય છે તેથી આપણે બિનવાકેફ નથી. ચૂંટણીના વખતથી એ પોતાની હિકમતો બતાવતી આવે છે. એ હિકમતો લીગના અનુયાયીઓને હાડોહાડ પચેલી છે. બીનલીગી હિંદી પ્રજાની નસોમાંથી એ પ્રકારની શક્તિ નિચોવાઈ ગઈ છે. એક વિશાળ પાયા પર આંતર્વિગ્રહ દેશમાં ભજવાઈ જશે એવા ભણકારા વાગે છે. હવે બ્રિ. સરકાર લીગ-ધમકીનું કારણ બતાવી હિન્દી મડાગાંઠના ઉકેલની યોજનાને અમલરાઇ પર ચડાવશે તો નવાઈ નહિ પામીએ. બાકી આજે જોરશોરથી આગેવાનો જાહેર કરી રહ્યા છે તે પ્રમાણે બ્રિ. સરકારની દાનત સાફ હોય, અને હિન્દી પ્રશ્નના શાંતિભર્યા ઉકેલમાં જ પોતાની ખેર છે એવું જો એને સમજાઈ ગયું હોય, તો લીગના પડકારને ઝીલી લઇને એ બાકીના હિન્દને સત્તા સોંપી દેવાના સંકલ્પને પ્રામાણિક પુરવાર કરે. એણે પોતે પેદા કરેલો 'બાટલીનો ભૂત' કિંવા ફ્રેન્કેન્સ્ટીન સમો આ કોમવાદ એણે જ ખતમ કરવો રહેશે. લીગના મોવડીઓ ઠેર ઠેર શોચનીય ભાષણો નિવેદનો કરી રહ્યા છે. તેઓએ તો માથાં લેવાની ગણતરીઓ મૂકવા માંડી છે. આથી ગભરાવા જેવું નથી. પોલીસ કે લશ્કર બચાવી દેવાનાં નથી. હિન્દી રાષ્ટ્રવાદને તો આ મામલો એક જ હિસાબે જોવાનો છે. રાષ્ટ્રે જીવવું છે, કે પ્રજાને બકરાં કરી રાખી કતલખાનામાં મોકલવાં છે ! લીગની મકસદોનો પ્રતિકાર રૂપે રાષ્ટ્ર પાસે કોઇ યોજના છે કે નહિ ! લીગે તો જેહાદ જગાવવાનું દેશભરમાં પ્રચારકાર્ય નિરધાર્યું છે. આ પ્રારંભને પુર્ણ દાવાનલના રૂપમાં બેકાબુ બની જતો ને ચાલીસ કોડનાં ભાગ્યને ભસ્મીભૂત કરતો અટકાવવો હશે તો એના પ્રારંભને જ ઓલવવો પડશે. સરદાર વલ્લભભાઇએ સાચું કહ્યું છે કે લીગની આ જેહાદીની પિસ્તોલ કોંગ્રેસ અને રાષ્ટ્રવાદ સામે જ તકાયેલી છે, પણ કોંગ્રેસ અને લીગની વચ્ચે સમાધાન ઉતારવાનું અશક્ય છે, એટલે ફક્ત કોંગ્રેસે જ નહિ પણ બિનલીગી તમામ તત્ત્વોએ આ લીગની 'પિસ્તોલ'ની બરદાસ કરવા સજ્જ બનવું પડશે.

લીગ-પડકાર આશીર્વાદ રૂપ છે.

લીગને પંપાળી પંપાળી ચડાવવામાં જેઓની ગંભીર ગલતીઓ જવાબદાર છે તે પૈકીના એક એવા શ્રી રાજગોપાલાચારી પણ અત્યારે શાણા બનીને બોલ્યા છે કે લીગની ધમકીની બરદાસ હવે નહિ થઇ શકે. હિંદી રાષ્ટ્રવાદ જો હવે આ સાચી મનોદશાને વળગી રહે અને હજુ પણ એક વધુ નાકલીંટી ઘસવા જેવી પતાવટ કરવા ન દોડયો જાય, તો લીગની સાન ઠેકાણે આવશે. બાકી આંતર્વિગ્રહની સંભાવનાને બને તેટલી બધી મહેનતથી ટાળવી, એ બીનલીગી સમગ્ર પ્રજાની ઊંડી સમજણ છે. લીગે જગવવા નિરધારેલી જાદવાસ્થળીને બ્રિ. સત્તા કદાચ ન પણ ખાળી શકે, એ તો બળતું ઘર સમર્પણ કરીને ચાલી નીકળે, તો તેથી પ્રજાએ ગભરાવાનું નથી. દેશમાં શાંતિ ને સુલેહનો વારસો સોંપીને, અથવા તો દેશને શોણિત-સ્નાનમાં છોડીને, બેમાંથી એક રીતે બ્રિટને તો વિદાય લેવાની જ છે. તે પછી લીગ વગેરે સત્ત્વોનું જ્વાલાશમન કાં તો સમજણથી ને નહિ તો રક્તપાતના નતીજા રૂપે નિષ્ફળતાને નિદાળવાથી થઇ જશે. લીગનું રણશીંગું એ રીતે આશીર્વાદસમ છે. એનો નાદ લીગેતર હિન્દીવાનોનાં સર્વ હૈયાંને ઢંઢોળી, રાષ્ટ્રભંજકોનાં કટકોની સામે કમર કસતાં કરશે.

ન્યાતોનાં ખાનાં નીકળી જવાં જોઈએ.

આપણા એક ભાઈ- શ્રી ગોકળદાસ ગગલાણી સ્વ. રજબઅલીને ખરણરે એનાં સ્વજનો પાસે લીંબડી ગયા ત્યાં સ્ટેશન પર ઊભા રહી રેલવે-હદની અંદર કાયમ ગેરકાયદેસર કામગરી બજાવતા સ્ટેટ-પોલીસે એનું નામ માગ્યું. નામ આપવામાં આવ્યું પછી જાત પૂછી. જવાબમાં કહ્યું કે 'હિંદુ', જાતે તો પૂછ્યું કે ન્યાતે કેવા? શ્રી ગોકળદાસે જણાવ્યું કે ન્યાતમાં હું માનતો નથી, હિંદુ છું. પોલીસ કહે કે અહીં તો ન્યાત બતાવવી જ પડશે. એની ના પાડીને ગોકળદાસ સામેની ધર્મશાળામાં ઊતર્યા, તો પોલીસે જઇ રૂબેવાળને કહ્યું કે આને મારી રજા વગર જવા ન દેવો. આ બધો અહેવાલ લઇને ગોકળભાઈ સ્ટેટ ફોજદાર પાસે ગયા, તો ફોજદારે ફરિયાદીને જે ઉધડા લીધા તેમાં ભાષાની ગંદકી ઠાલવી. ગોકળદાસ બહાર નીકળતા પડી ગયા તે દાઢી સોહીસોઢાણુ થઈ તો ફોજદારે એ પડદા પર પાટુ લગાવી કે 'તેં ઈરાદાપૂર્વક જ આ ઈજા કરી છે.' છેવટે મામલો પોલીસ ઉપરી પાસે પહોંચ્યો ત્યારે એ સમજદાર અમલદારે દિલગીરી દર્શાવી.

'દેશી રાજ્યોમાં નાનકડા પોલીસથી લઈ ફોજદાર લગીનાં મગતરાંની અસભ્યતાનો પ્રશ્ન અમે બાજુએ રાખીને, આ પ્રસંગમાંથી ફલિત થતા મોટા અને માર્મિક મુદ્દા પર ધ્યાન ખેંચીએ છીએ. સરકારી—દરબારી શાસન—વિધિઓમાં ડગલે ને પગલે દરેક માણસની 'ન્યાત' અને જાતનો નિર્દેશ માગવામાં આવે છે. પોલીસ, ન્યાય, વસુલાતી, જકાતી, બેન્ક, રેશનીંગ, દર એક ખાતાનાં ફોર્મોમાં અરજીપત્રકોમાં, જ્યાં જુઓ ત્યાં 'ન્યાત' નામનું ખાતું હોય છે ને તે અચૂકપણે પૂરવાનું હોય છે. આનો શો સબબ છે? શી જરૂરિયાત છે? કશી જ નહિ. ન્યાતો પેટાન્યાતોને ખતમ કરવાના આ જમાનામાં આવું ખાતું ફરજીયાત ભરાવવું એ માણસને એની સંકીર્ણ મનોદશા સાથે કાયમને માટે જકડી રાખવા બરાબર છે. મુસ્લીમોમાં પેટા ન્યાતો હોવા છતાં એને માટે 'મુસ્લીમ' શબ્દ ભરવો બસ થઈ પડે છે. ખ્રીસ્તીને કોઈ નવી ફરજ પડતું કે તું રોમન કેથલીક છે કે પ્રોટેસ્ટંટ તેનું ખાતું પુર. એક ફક્ત હિંદુના માથામાં જ શા માટે આ પેટાન્યાત બતાવવાની ફરજ મારવામાં આવે છે? કઈ વહીવટી સરલતાને ખાતર? હિંદુને એનું વિશાળ સંસ્કૃતિસ્વરૂપ ભુલાવવામાં આ ખાનાં મોટો ભાગ ભજવી રહેલ છે. હિંદુને એના જાતિગત આત્મભાનથી વંચિત કરી સાંકડા વાડામાં ફરજીયાત હડસેલવામાં આવે છે. પાર વગરની ન્યાતોના અલગપણામાં-અને એકબીજાથી ઉચ્ચનીચ છીએ એવા વાદના કીચડમાં એની વૃત્તિને ખુંચાડી રાખતી આ જુક્તિઓ મૂળે ઈરાદાપૂર્વક અને યોજનાપૂર્વક પરદેશી સત્તાએ પેસાડી હોય એવી માન્યતા છે. 'હિંદુ' નામે ઓળખાતા સમૂહને લઘુમતીમાં ધકેલી દઇને બની શકે તેટલી મોટી માનવ—સંખ્યાને વણિક, બ્રાહ્મણ, કણબી, લુહાણા વગેરે ખંડોમાં વિશીર્ણ કરી નાખવાની આ તરકીબ છે. એવાં ખાનાં ભરવાની સૌ કોઈ હિંદુએ ના પાડવી જોઈએ.

સરમુખત્યારી કેમ સૂઝે છે?

'વાઈસરોયને સ્થાને મને જો એક દિવસ માટે સરમુખત્યાર નીમવામાં આવે, તો હું એક 'હરિજન' સિવાયનાં તમામ અખૂબારોને બંધ પાડી દઉં.'

આવા શબ્દો ગાંધીજીએ નવી દિલ્હી ખાતેના જુલાઇ તા. ૧૯ના, પ્રાર્થના પછીના પ્રવચનમાં ઉચ્ચાર્યા હતા. આવી ટીકાનો પ્રસંગ એ હતો કે અત્યારે કોંગ્રેસ-કારોબારીની અંદર શું શું ચાલી રહ્યું છે તેને વિશે કેટલાંક છાપાંમાં તુક્કા પ્રકટ થાય છે. એવા તુક્કાના નમૂના તરીકે પોતે એમ જણાવેલું કે-

'કારોબારીની વિચારણામાં હું જે ભાગ ભજવી રહ્યો હોવાનું છાપામાં આવે છે એ જો લોકો માની લે તો હિંદુઓ મને એમનો દિલશત્રુ માની બેસે. એ જ પ્રમાણે એવું પણ છાપામાં ચીતરાયલું ચાલે છે, કે કારોબારીની અંદર એક મારો અવાજ જ અકોણાઈ કરી રહેલ છે; આને લખનારની કલ્પનાની જ પેદાશ ગણજો..'

પ્રાર્થના પછીનાં પ્રવચનોમાં હળવી વિનોદવૃત્તિ નહિ પણ ગંભીર મનન અને મંથનવૃત્તિ કામ કરતાં હોય છે એ તો સ્પષ્ટ છે. એટલે ઉપલું વિધાન વિનોદાર્થે નથી થયું. એમાં પુરુષપ્રકોપ દેખાઇ આવે છે. એથી કરીને આવું ગાંધી-ઉચ્ચારણ જોખમકારક જણાય છે. 'હું જો સરમુખત્યાર નિમાઉં તો–' એવા ભાવ, ચર્ચા કરવાની એક યુક્તિ લેખે, પણ ગાંધીજી જેવા લોકશાસનવાદીના હૃદયમાં જાગે છે તે પોતેજ એક અનિષ્ટ છે. અને એવી બેલગામ સત્તાનો સૌ પહેલો વજ્રાઘાત અખબારો પર વાપરવાની મનેચ્છા તો એથી વધુ ચોંકાવનારી છે.

લેખન અને વાણીના સ્વાતંત્ર્યને પક્ષે દુનિયાનો લોકમત સદા લડતો આવ્યો છે. હિંદી રાષ્ટ્રવાદ એવા સ્વાતંત્ર્યને ખાતર પરદેશી સત્તાની સામે ઝઝૂમીને લોહી નિગળતો બન્યો છે. આઝાદ જીવનનું ચોકીઆત આ વાણીસ્વાતંત્ર્ય છે. એ તો એક એવું શસ્ત્ર છે કે જેનો દુરુપયોગ પણ આપણે સંભવિત સમજી લીધો છે. દુનિયાની સેવા કરનારી કોઇ પણ સાધન-સામગ્રી નિર્ભેળપણે ઇષ્ટમય તો નથી જ. આપણી જીભ જૂઠ કૂડ કે ચાડી ચુગલી પણ કરી શકે છે તે વાંકે જીભને આપણે ઉદી નાખવાનું કહેતા નથી. છાપાં કપોળકલ્પિત વિધાનો કરતાં હોય તો તેના બહુવિધ પ્રતિકારને માટે પ્રજાજીવનમાં નૈતિક તેમજ કાયદેસર રાહે અવકાશ રખાયો છે. જવાબદાર ને બેજવાબદાર એવાં છાપાં વચ્ચેની વિવેકબુદ્ધિ જનતામાં પ્રકટી છે, વધુ પ્રકટાવી શકાય. ગપ્પાં મારનાર અખબારોની સાન ઠેકાણે લાવવા માટે તેમણે વહેતાં મૂકેલાં અસત્યનું નિવારણ વળતા જ દહાડાનાં અખબારોમાં ગાંધીજી જેવા માટે સહેલ છે. એથી એક પગલું આગળ જઇ ને, આવી અવળચંડાઇ ન છોડનાર અખબાર સામે કાયદેસર કામ લઇ શકાય છે. કોંગ્રેસ કારોબારી જેવી જવાબદાર સંસ્થાની અંદર, આવી કટોકટીની ઘડીએ જે કંઇ મંત્રણાઓ ચાલતી હોય તેના પર સદંતર કાળો પરદો પાડી દેવાથી બહારનાને તુક્કા દોડાવવાનો અવકાશ મળે છે, તો પછી એની મંત્રણાઓ સંબંધમાં પ્રજાજનને જરા વિશેષ વિશ્વાસમાં લેવાની શક્યતા વિચારવી ઘટે. એ બધા ઇલાજોને પડતા મૂકી પાંચસો સરમુખત્યાર સત્તાની રૂઇએ છાપાં માત્રની ગર્દન પીસી નાખવાનું સૂઝે છે તેજ મોટી અજાયબી છે. વળી અવલ દરજ્જાનાં જવાબદાર અખબારો, કે જેનો પ્રજામત પર પ્રભાવ પડે છે, જેઓનું તો મજબૂત જૂથ છે, તેઓ તો દોષિત પણ નથી હોતાં. તેમના હાથ મજબૂત બનાવવા એ પણ એક અસરકારક ઇલાજ છે. આ કિસ્સામાં તો મહાત્માજીને પોતાને વિશે બનેલી બાબત જ એમના પ્રકોપનું કારણ હોઇને સરમુખત્યાર સત્તાની મદદથી છાપાંમાત્રના ઉચ્છેદની વાંચ્છના થવી, એ સવિશેષ વિચિત્ર ગણાશે.

પત્રકારિત્વની ઇજ્જત-હાનિ

પત્રકારિત્વ પર ગાંધીજીએ કરેલા પ્રહારો વિશેની આ નોંધો ગતાંકે રથળ—સંકોચને લઇ પડી રહી હતી, તે એક રીતે ઠીક થયું છે. કારણ આ અંકે એની સામેના પલ્લામાં પણ અમારાં મનોમંથનો મુકવાનો માટો પ્રસંગ બન્યો છે. મુંબઇના કેસર બાગમાં મળેલા મુસ્લિમ લીગ કાઉન્સીલના અધિવેશનમાંથી મુંબઇનાં બે પ્રતિષ્ઠિત ગુજરાતી દૈનિકોના—જન્મભૂમિ અને વંદેમાતરમના પ્રતિનિધિઓને ઇરાદાપુર્વક સ્થાન નહોતું અપાયું. આખી અખબારી આલમથી જૂદા પડીને એવો કોઇ અપરાધ આ બે દૈનિકોએ કર્યો નહોતો કે જેના માટેની આ શિક્ષા હોય. એવો કોઇ દોષનિર્દેશ પણ કરવામાં આવ્યો નથી. લીગની નીતિ રીતિ તેમજ રાજદ્વારી વિચારસરણીના સંબંધમાં તો હરકોઇ અખબાર પોતાનાં સ્વતંત્ર મંતવ્યો ધરાવવાને સત્તાવાન હોય છે. આ બે દૈનિકોને પણ એમનાં સ્વતંત્ર વલણો અભિપ્રાયો ધરાવવા દર્શાવવાનો અધિકાર છે. આ મત-સ્વાતંત્ર્યનો ઉપયોગ મજકૂર બે છાપાંએ કેટલાંક લીગપક્ષી અખબારો જે અણછાજતી ને અસભ્ય હદે જઇ કરે છે તે હદે જઇ કદાપિ કર્યો નથી. કર્યો હોય તો એ કારણ દર્શાવીને જ લીગ-કાઉન્સીલના અધિવેશનમાંથી એમને બાતલ રાખવા ઘટત. પણ શ્રી. ઝીણા અને એની જમાતને સામાજિક જીવ-

નમાં સભ્યતા, સંયમ કે શિસ્ત પળાવનારી નીતિ-રીતિની ઝાઝી ખેવના નથી તે તો સુવિદિત છે. આ લખાણ એમની તુંડમિજાજી કે તોછાઈ તે ઉદ્દેશીને કરવાનો અહીં આશય નથી. અમારું લક્ષ્ય તો મજકુર બે છાપાં પ્રત્યે અને સમગ્ર અખબારી આલમનું પ્રતિનિધિત્વ ધરાવનાર અખિલ હિંદ તંત્રી પરિષદ પ્રત્યે છે. આનો પ્રથમ દાખલો બે ત્રણ વર્ષો પર દિલ્હીમાં બનેલો કે જ્યારે મી. ઝીણાએ પોતે નોતરેલી પત્રકાર પરિષદની ચાલુ બેઠકની અંદરથી હિંદુસ્તાન ટાઈમ્સના, પોતે જ નિમંત્રણ-પત્ર પાકીને તેડાવેલા પ્રતિનિધિને 'ઊઠ, ચાલ્યો જા!' કહી કાઢી મૂકેલ. આજે વળી આ બે છાપાંવાળાને બાતલ રાખ્યા. કાલે ઊઠીને કોણ જાણે શું ય કરે!

હાથે કરીને હીન બનીએ છીએ

આવી ઇજ્જતહાનિને ખમનાર અખબારો એકલાં પડી ગયાં. એમનું અપમાન એ સમસ્ત પ્રેસનું અપમાન કહેવાય તે છતાં એમની પડખે ઊભીને અન્ય છાપાએ પ્રબલ અવાજ ન ઉઠાવ્યો. એ તો ખેર, પણ આ બે અપમાનિત છાપાંએ પોતે જ શું કર્યું? એમના પ્રતિનિધિઓએ અધિવેશનના સ્થાનની બહાર ઊભા રહી રહીને પણ અહેવાલો શાં માટે લખ્યા? આ અહેવાલો છાપ્યા વગર કઈ ન્યૂનતા આવી ગઇ હોત? એટલું જ બસ નથી. આ બેઉના પ્રતિનિધિઓ પાછા શ્રી. ઝીણાએ બોલાવેલી પત્રકાર-પરિષદમાં હાજર રહ્યા હતા! એ જ વર્તાવ 'હિંદુસ્તાન ટાઈમ્સ' કરતું આવ્યું છે. એના પ્રતિનિધિની હડધૂત હાલતનો પ્રતિકાર એણે માગ્યો કે મેળવ્યો નથી. તંત્રીપરિષદે તાતી પળે ઉપાડી લેવો જોઇએ તેવો આ મામલો, નથી તો છાપાંની દુનિયામાં મોટા અક્ષરોનું મથાળું પામ્યો, નથી પ્રત્યેક તંત્રીલેખની કટારે ચડવાનું મહત્ત્વ પામ્યો, નથી ખુદ એ બેઇજ્જતીનાં ભોગ બનેલ છાપાં તરફથી પણ છાજતા પ્રતિકારને પામ્યો. આશ્ચર્ય છે, કે નાના મોટા દરએક કિસ્સામાં જાહેર પ્રજાના સ્વમાન સ્વગૌરવની રક્ષાનું બિરૂદ ધારણ કરનાર છાપાંઓ પોતે જ કેમ આત્મ-ગૌરવ પરનો આવો હુમલો નીચી મૂંઢીએ સહી લે છે? પોતાની બેઇજ્જતી કરનારાઓની પ્રવૃત્તિનો પોતાની કતારોમાંથી જો તેઓ બહિષ્કાર કરે તો શું તેમનાં છાપાં મરી જવાનાં હતાં? અને છાપાં તો પોતાની ફરજનું ઓઠું આપી આ લઘુતાને ઢાંકી શકે, પણ જીવતા જાગતા એમના પ્રતિનિધિઓના તેજોવધનું શું? એમના જીવનની મહામૂલ્યવંતી મૂડી સમું જે સ્વમાન, તેનો વારંવાર થતો આ હ્રાસ એ છાપાંપતિઓના ગંભીર વિચારની બાબત છે.

પૈસા ભલે લ્યો :

પીઠ્ઠ ગીદ હશે છો?

રાષ્ટ્રીય પ્રધાન-શાસનો પોતાને વિશે કેટલોક વધુ પડતો દાવો ધરાવે છે તેનો દાખલો મુંબઈની કોંગ્રેસ-સરકારે કલમને ઝટકે નવો વેચાણ-વેરો લાધ્યો છે તે છે. એમને નાણાની નવી જરૂર પ્રજાહિતનાં પગલાં ઉપાડવા માટે પડી છે તે સાચું. રાષ્ટ્રવિધાનનાં નવાં કામો માટે ૧૦ કરોડ વધુ રૂપિયાની જરૂર છે તે સાચું. છાશવારે લાખોના ફૂંકફાળા કરતી અને કોમી સખાવતો માટે સોનાનાં ઝાડ ખંખેરે જતી પ્રજાએ આ દસ કરોડ દેવામાં દિલચોરી ન રાખવી જોઇએ એ ય સાચું. પણ આ તો લેવાની પદ્ધતિ પીડનકારી બને છે, તે મુખ્ય મુદ્દો બની જાય છે. સીધી રીતે ખમતીધર ખીસાં ખંખેરી શકાતાં નથી. અરે દુકાનવેરો ચૂલાવેરો કે મૂંડકાવેરો પણ વધુ સુખકર બની રહેત, કે એકવાર દઈને મોકળાં. એને બદલે જેની વસુલાત-રીતિની જટિલતા કહી ન જાય તેવી છે, ને જેની પાછળ ઊભું કરવામાં આવનાર તંત્ર ખરચાળ હશે, તેવો વેરો મૂક્યો! વેપારી વર્ગ તો આજ સુધીની પાર વગરની આંટીઘૂંટીમાં આ એક વૃદ્ધિ થયાથી વહીવટ કરવામાં જ ગૂંગળાશે તથા શકય તેટલી રાહત એનાં કાયમનાં મેલા પગલાં વડે મેળવી લેશે. અટપટાં કરભારણો આમ અંધાધૂંધી તો ફેલાવે છે તદુપરાંત પ્રજામાનસને નીતિભ્રષ્ટ બનાવે છે. બકરું કાઢતાં ઊંટ પેસે છે. કર ભરતી પ્રજામાં એવી સમજણ તો નથી જ જન્મતી કે આપણે કોઈ પવિત્ર પ્રજાહારના સહાયકર્તા બની રહ્યા છીએ! એ તો કોંગ્રેસ સરકારોને પણ મૌલિક શક્તિ

વગરની અને વિદેશી સત્તાઓની વાંદર-નકલ કરનારી ગણશે.

આવાં નવાં કરભારણોમાંથી મુક્તિ મેળવવાને માટે અમુક વ્યવસાયદારો તરફથી થઈ રહેલા પ્રયત્નો અમને અનુચિત જણાય છે. છાપાંવાળા કહે કે અમે કમાતા નથી માટે અમને મુક્ત રાખો, ચોપડીઓવાળા એજ મુક્તિ, પ્રજા જ્ઞાનવંચિત રહેશે એવું કારણ આગળ કરીને માગે ત્રીજા ધંધાર્થીઓ પણ પ્રજાસેવાની પોતાની વિશિષ્ટ પરિસ્થિતિની દલીલ લાવે, એમ તો પાર આવે નહિ. આજે નખાતા કરવેરા તો સર્વને માટે અનિવાર્ય અને અપરિહાર્ય આપત્તિરૂપ છે. એ તો યુદ્ધ-વેરા કહેવાય, કારણ કે આપણે સ્વાધીનતાનો સંગ્રામ જ ખેલી રહ્યા છીએ. એ સ્થિતિમાં છાપાંનું વાચન કે પુસ્તકોનું જ્ઞાન થોડું ઓછું બને તો તે સહી લેવા જેવું છે. અમસ્યાં પણ ત્રણેક વર્ષ પર પૈસે એ પૈસે ને આને આને મળતાં છાપાં આજે ચારગણાં મૂલ્યે વેચાય છે—તે વધુ સંખ્યામાં ઊપડી જાય છે. એજ દશા પુસ્તકોનાં બજારોની છે. આ વસ્તુઓની ખરીદી મરજીયાત છે; જેઓ એ ખરીદવાની ઇચ્છા કરશે તે શક્તિમાન પણ હશે, ને જેઓ ત્રણ રૂપિયા ખર્ચવાની શક્તિ ધરાવતા હશે તેઓ દોઢ આનો આપવાથી તૂટી નહિ જાય. અનિવાર્ય જરૂરીઆતોની વસ્તુઓને બાદ રાખીને બાકીની તમામ પર આજની હંગામી સ્થિતિ પુરતો આવો કોઈ કર પડે એમાં અન્યાય નથી, અન્યાય તો આ કર-વસુલાતની જટિલ, અને લાંચખોરીનાં નવાં ચક્રોમાં પ્રજાને પિસાવાની પૂરી સંભાવના ઊભી કરતી પદ્ધતિ છે.

છેલ્લા પછાડા

પાપના

લીગનાં રૂસણાંથી મૂંઝવણમાં પડેલી દુનિયાની મીટ કોંગ્રેસ કારોબારી કેવો ઠરાવ કરે છે તે પર હતી. વર્ધામાં ભેગી કોંગ્રેસ કારોબારીએ જગતને જે જવાબ વાળ્યો છે તે રાજનૈતિક શાણપણનો ઉચ્ચ નમૂનો છે. એણે ઠરાવ કર્યો છે કે, સરકારી દસ્તાવેજમાં દોરાયેલી યોજનાના અમુક અંશો અમને પસંદ ન હોવા છતાં અમે એનો સમગ્રતાએ સ્વીકાર કરીએ છીએ, એ યોજનાની પ્રત્યેક કલમનો અર્થ બેસાડવાનો પ્રશ્ન ખુદ નિવેદનમાં મુકાયેલ પદ્ધતિ મુજબ જ નક્કી કરાશે. કોંગ્રેસ પોતાના પ્રતિનિધિઓને એ મુજબ જ કામ કરવાનું કહેશે. બીજું કોંગ્રેસે બંધારણ વિધાયક સભાને સાર્વભૌમ કહી છે તે એવા અર્થમાં કે મજકૂર સંસ્થાને બહારની કોઈ પણ સત્તાની દખલ વિના પોતાના દેશનું બંધારણ ઘડવાનો હક્ક રહેશે.

આમ મુસ્લીમ લીગનાં રીસામણાંનાં જે કારણો આગળ કરવામાં આવ્યાં છે તેનું સ્પષ્ટ અને અસંદિગ્ધ શબ્દોમાં નિવારણ કરીને પછી કોંગ્રેસે મુસ્લીમ લીગને આ દેશની મુક્તિ હાંસલ કરાવનારા મહાકાર્યના નિરાબાધિત સંચાલનમાં સહકાર આપવા સીધી રીતે વિનતિ કરી છે. એનો જવાબ મી૦ ઝીણાએ સંભળાવ્યો છે. એ કહે છે કે કોંગ્રેસના આ ઠરાવથી મૂળ પરિસ્થિતિમાં કશો ફેર પડતો નથી અને મુસ્લીમ લીગ તો જ્યાંની ત્યાં જ ઊભી રહે છે. અર્થાત લીગને હવે શું જોઈએ છે તે તો પ્રભુને એકને જ માલૂમ! કારણ કે ખુદ મી. ઝીણાને પણ એ ખબર નથી જણાતી. સંભવ છે કે હજુ પણ વધુમાં વધુ કસ નીકળી શકે તેવો સોદો કરવાની એની ગણતરી છે ને એ તબકકો નજીક આવી રહ્યો છે. કારણ કે વાઇસરોયે તો શાહી સરકારની સંમતિથી વચગાળાની સરકારની રચના માટેની દરખાસ્તો આપવા એકલી કોંગ્રેસને નિમંત્રણ આપ્યું છે, એટલે કે સરકારે પોતે વચ્ચેથી ખસી જઈને કોંગ્રેસ પર જ લીધલાં મંત્રીપણાં કરી લેવાનો બોજ મૂકી દીધો છે. કોંગ્રેસ હવે લીગનો સહકાર મેળવવાની કેટલી કીમત ચુકાવે છે તે જોઈએ. એ સહકાર ન મળે તો પછી વાઇસરોય લીગને બાજુએ મૂકી કોંગ્રેસ સાથે યોજના આગળ ધપાવવા તૈયાર હશે એ તો દેખીતું છે. કોંગ્રેસ લીગની ગેરહાજરીમાં સર્વ લઘુમતી-પક્ષોનો પૂરો સહકાર નોતરશે એ વિશે શક નથી. કોંગ્રેસના જીવનમાં મહાપ્રસ્થાનની પળ છે. હિન્દ છોડી જવાની બ્રિટિશ દાનત પરત્વે હજુ પણ દેશના અનેક પક્ષો વ્યક્તિઓના દિલમાં ઘોળાતી શંકાનું સંપૂર્ણ નિરસન કદાચ નજીકમાં છે.

કાળચક્ર

ઝવેરચંદ મેઘાણી

પ્રકરણ ત્રીજું

દાદાનો વારસદાર

અઢારેક વર્ષ પછીની એક બપોરવેળા હતી, ત્યારે એક ગાડું ડમરાળાની નજીકના રણથળી ગામને ઉતારે આવી છૂટ્યું. એમાંથી ઊતરનારા બે જણા હતા, એક વિશેક વર્ષનો, નહિ પાતળો નહિ જાડો એવો, સહેજ જ ઝીણી આંખોવાળો, વેશપોશાકે વણિક તરીકે પરખાય તેવો જુવાન હતો ને બીજો એક રાજ્યનો નોકર હતો. ગાડા સાથે ડમરાળાના બેશસ્ત્ર-ધારી કારડિયા રજપૂતો હતા. સવારીને આવતી આવેલ દેખીને ઉતારે માણસોની દોડાદોડ શરૂ થઈ ગઈ. ગામનો મુખી આવી હાજર થયો.

'કેમ મુખી!' વણિક જુવાને ઠંડા રૂવાબથી પૂછ્યું: 'શું વિચાર છે ખેડૂતોનો?'

'પચાસમાંથી કોઈ સળવળતો નથી.' મુખીએ જવાબ વાળ્યો.

'બસ તો પછી, હાસો.'

'પાકું છે ના?'

'પચાસે જણ હજી કાચું સમજતા લાગે છે!'

'હા, છે તો એવું જ!'

'તો પાકું કરી બતાવીએ, હાલો.'

'મુખી, ગામ પસાયતા, ગાડામાં અવેલો દરબારી જપ્તી કરનાર, અને હથિયારધારી બે રક્ષકો સાથે વણિક જુવાન એ પછી જે ઘેરે જઈ ઊભા રહ્યા તેની અંદર એક ખેડુ, એક બાઈ, ને પાંચેક નાનાં મોટાં છોકરાં, આખી દુનિયાથી ડરતાં હોય તેમ લપાઈ ગૂંચળું વળીને બેઠાં હતાં. એ કુંડાળીની વચ્ચે એક માટીની કથરોટ હતી, કથરોટમાં તાજું કાઢવેલ મગમકનું જુવાર ભેળવેલ ભરડકું ટાઢું થતું હતું તેની પણ રાહ ન જોઈ શકનાર એક છોકરું અંદર હાથ બોળીને દાઝવાથી ખૂમો પાડતું હતું.

મુખીએ અંદર જઈને ખેડુને જાણ કરી, માબાપ છોકરાંને લઈ ઊભાં થયાં. અને તેમણે બહાર આવતાં કથરોટ પણ ઉઠાવવા માંડી.

'એ ત્યાં જ ભલે પડી.' કહેતો જુવાન વણિક ઉંબરમાં ઊભો રહ્યો; ને ખેડુ કુટુંબ ખાલી હાથે બહાર ઓસરીમાં આવ્યું.

'ત્યાં નહિ, ફળીઆમાં બેસો હમણાં,' એ શબ્દો પણ વણિક જુવાનના હતા. ટાઢ હતી, છોકરાં ઉઘાડાં હતાં. તેમણે ફળીઆમાં જઈ તડકે બેઠાં બેઠાં હાથની મુઠીઓ બગલમાં દબાવી.

'હેં મા!' એક છોકરું પૂછતું હતું: 'આપણને દાણા લૂગડાં દેવા આવ્યાં છે ને! ઓલ્યું એણે ઓઢેલ છે ઈ હું જ લઈશ હો મા!' છોકરાએ વણિક જુવાનના ગળા ફરતી પડેલી ગરમ શાલ દેખાડીને બબડાટ કર્યો.

'મૂંગાં મરોને બાપુ!' ખેડુ સ્ત્રી એટલું જ બોલી શકી. પણ એમને પોતાને જ કાંઈક કૌતુક હોય, ચાલુ હાલતમાં થઈ રહેલ કોઈ પણ ફેરફાર તેમને મન પ્રોત્સાહનકારી હોય એવું એમની શાંતિ જોઈને લાગે. કારણ કે તેઓ ચૂપ બેઠાં હતાં.

ત્યાં તો ખોરડામાંથી એક પછી એક ચીજ બહાર નીકળવા ને પેલા રાજના કારકૂનની કલમે નેધિમાં ટપકવા લાગી: 'એક ગારાની કોઠી, એમાં મગ છે—આશરે કેટલા હશે હેં મુખી! બોલો, ને પંચના ભાઈઓ! – સત્તર શેર અધમણ હશે ના! – હાં, હવે મજૂમ તપાસો, એમાં એક ચેપાડુ – ભરત ભરેલું – એક કમખો – એ પણ ભરત ભરેલ – ત્રણ લીલી અટલસની આંગડી નાનાં છોકરાંની – બહાર

નાખો એ બધા લબાચા. અંદર ઊંડાણે જુઓને હાથ નાખીને! – ઈ ચીંથરીમાં શું છે? – બસ, સોપારીજ છે? – કંકુવાળી? – પાવલા ભેળી છે – હશે પરણ્યાં તે દુની! – ઠીક, ઠામડાં? બે ઠોબારી થાળીઓ છે ના? – એક બોઘરું, – ચાર ગોદડાં – કાંઈ ફિકર નહિ, ગાભા હોય તો ગાભા. ઉપાડો, તે વગર નહિ ચાલે, – ઠીક, ચાલો કોઢયમાં. બસ એક ભેંસ ને એક પાડરુ – ઠીક, છોડો ભેંસને, સાંકળ સોતી દોરી લ્યો.'

એકુ કુટુંબના સાતે માણસોની આંખો, વશીકરણના આકરા મંત્રને બળે દોરવાય તે રીતે, મૂંગી મૂંગી પ્રથમ તો પરશાળ પર વેરાયેલા ગાભા, ઠામડાં અને અનાજ પર ફરી વળતી છેવટે ભેંસનું નામ લેવાતાં ભેંસ પર ને પાડરુનો ઉલ્લેખ થતાં પાડી પર ઠરેલી હતી. કોણ જાણે કેમ પણ તેઓ આ તમામ ક્રિયાને માત્ર તમાશા રૂપે કે થોડી વારની મશ્કરી રૂપે નિહાળી રહ્યા હતા. પણ જેવાં તેમણે ભેંસ ને પાડરુ કોઢયની બહાર સાંકળે દોરાઈ જતાં દીઠાં તેવું તો સાતે જણાંએ ઓ – હો – ઓ – ઓ – –' એવું એકસામટું પોકરાણ પાડ્યું.

વણિક જુવાનને પ્રથમ તો આ સામટું પોકરાણ પહેલેથી રિહર્સલ કરી રાખ્યા જેવું લાગ્યું. એ હસ્યો. હસતા દાંત એક પળમાં હોઠની પાછળ આડશ લઈ ગયા. અને એ ગાભા, ઠામડાં, ભેંસ તેમ જ પાડરુનું સરવસ દોરી પોતે ઉતારા તરફ ચાલ્યો ત્યારે ગામડામાં છાકો બેસી ગયો.

અરધા જ કલાકમાં ગામના પચાસ ખેડૂતો એને ઉતારે હાજર થઈ ગયા અને પાઘડી ઉતારી બોલ્યા: 'સુમનભાઈ શેઠ, હવે બસ થયું. અમે ખડ ખાધું. હવે અમારી કોઈની આબરૂ લેશો મા ભલા થઈને, તમારું ચડત લેણું તમે કહો એ રીતે ચૂકવી આપીએ છીએ.'

'તો લાવો ઝટ, હાજર કરો. મારે મોડું થાય છે.' જુવાને કેવળ ચાનો પ્યાલો માગ્યો હોય તેટલી હળવાશથી કહ્યું.

સાંજ સુધીમાં તો એનું ચડત લેણું પાઈએ પાઈ વસૂલ થઈ ગયું, પોતાની જમીનનાં વાડીઓ ને ખેતરો તે જ દિવસે બીજા ત્રીજા ખેડૂતોનાં નામ પર કરી નાખી. એ ફેરફારથી કોણ રાજી પડે છે અને જમીન પર કરેલી કોની મહેનત ફોકટ જાય છે તેની કાંઈ પણ પરવા એણે રાખી નહિ.

'માધાએ ખેડી ખેડીને ઈ પશીડે ગાદલા રોખુ કર્યું'તું હો સુમન શેઠ.'

'પદમો તમારી જમીનની આશાએ તો મરતો મરતો ય ઊભો'તો.'

'વશરામે ચાર નવા ગોધલા તમારી વાડીની આશાએ સંધી પાસેથી પરમ ને દહાડે જ લીધા ભાઈ!'

'ઠીક કર્યું, મારે ગામનો મદ માપી લેવો છે.' એટલું કહીને એ છાંયો કરેલ ગાડે ચડીને ડમરાળાને કોડે પડ્યો, ગાડાની આગળ ને પાછળ એકેક બંદૂકધારનો બંદોબસ્ત હતો, ગામના પાદરમાં ખેડૂતોનું ટોળું ઊભું હતું. બજારમાંથી ગાડાને નીકળતું દેખીને ચૂપાચૂપ બે પાંચ ખેડૂતોએ એકબીજાને કહ્યું: 'તું કરજ ને!' 'ના, તારું કામ.' 'હેડ, તેં માથે લીધું'તું ને?' 'લીધું'તું, પણ હવે કાંઈ નૈ.'

પોણોસોએક ધીંગા, લોખંડી શરીર એમ ગુસપુસ કરતાં ઊભાં થઈ રહ્યાં, અને ગાડું ચાલ્યું ગયું. સુમનચંદ્રના ચેટમાં એ ધીંધરને જોઈને પાણી પણ હલ્યું નહિ. એની ટેવ પ્રમાણે, (એને પોતાની આજુબાજુની પરિસ્થિતિ જોખમી હોય ત્યારે ઝળું બંધારીને જોરથી ચૂંકવાની ટેવ હતી) એણે એક બાજુ ચૂંકી નાખ્યું.

રાતે ઘેર જઈને એણે પોતાના દાદા ગોપાળભાને હિસાબ આપ્યો તેમાં રૂપિયા અઢીસો પ્રતાપગઢના મામલતદારને ચૂકવ્યાની વાત હતી. પચીસ રૂપિયા જપ્તી કરવા આવનાર કારકૂનને આપ્યા હતા.

'ખાસું.' પોણોસો વર્ષના ભાએ પ્રસન્નતા બતાવી: 'બાકી સાધુ બન્યે જમીન ખાવા નહિ આપે કોઈ.'

દાદા અને પૌત્રની વચ્ચે જપ્તી વિશેની

વિગતવાર વાત ચાલતી હતી તે દરમ્યાન એક પચાસ વર્ષનો માણસ ત્યાં ફરતો હતો. એણે એક ધોતિયું પહેર્યું હતું ને એક પનીઊં ઓઢયું હતું. બદન પર પાસાબંડી હતી. એના માથા પર સ્વચ્છ ટાલ હતી, ગોપાળભાના આ શબ્દો એણે સાંભળ્યા હતા. 'સાધુ બન્યે જમીન કોઈ ખાવા નહિ આપે.' સાંભળીને એનું મોં મલકાયું હતું. જુવાને એક ગરીબ ખેડૂતને ઘેર કડી કરી તે વૃત્તાંત પણ એણે શાંતિથી સાંભળ્યા કર્યો પછી એ ડેલી બહાર પોતાની અલાયદી મેડીએ ચાલ્યો ગયો. એ હતા સુમનચંદ્રના પિતા ને ગોપાળભાના પુત્ર દલભાઈ પોતે જ, જેને આપણે અઢાર વર્ષોથી ઓળખ્યા છે. સુમનને મોટો કરીને એણે પિતાના ઘરમાં પાછો સોંપ્યો છે. પોતે તો પેલી અસલી બંગલીમાં, ડેલીની બહાર જ રહે છે.

રાતે આવી સુમનચંદ્ર દાદાની સાથે વાળુ કરવા બેઠો. દાદા અને પાત્ર બન્નેના પાટલા પર મોટા ખૂમચામાં જમવાનું પિરસાણું તેમાં દોઢ શેર દોઢ શેર દૂધના મોટા કટોરા અને ઘીની ભરેલી અકકેક વાટકી મૂકવામાં આવી હતી. ગોપાળભાએ ખીચડીમા નાખતાં વધેલું ઘી દૂધમાં રેડીને પ્રાશન કર્યું. સુમનચંદ્રને વારસામાં દાદાનું શરીર સાંપડયું હોઇને દૂધ ઘીનો આહાર મોટો હતો. પણ એ રાતે ઘીની વાટકી તરફ એનો હાથ ગયો જ નહિ.

'ઘી ખાઈ જા એલા! ઘી કેમ નથી ખાતો?' ગોપાળભાની નજર ગઈ.

'ના, પેટમાં બાદી છે.'

'અરે મૂરખ, બાદી માથે તો ઘી ખાવું જોઇએ. બાદી તોડી નાખે.'

'ના, આજ તો નહિ પચે દાદા.'

'ઠીક, આંઈ લાવ વાટકી.'

પોતે આપ્યી વાટકી ચાટી ગયાં અને હાથ ધોઇને માથે, મોંયે, કાંડે, કોણીએ, ઘીનું 'સ્પન્જીંગ' કરી નાખ્યું.

વાળુ દરમ્યાન સુમનચંદ્રે પૂરા તોરથી હકીકતનું નિવેદન કર્યું હતું. એ આ પ્રમાણે હતું: 'મામલતદાર નવો આવ્યો છે ખરોને દાદા! એટલે મારી આગળ સહુની પૂંછડી યાતોતો. પ્રતાપગઢ જઈ હું તો ઘોડો જ એને ઘેર હાંકી ગયો. માણસ કહે કે સાહેબ પૂજામાં બેઠા છે. હું તો બેસી રહ્યો પણ સાહેબની પૂજા ખૂટે જ નહિ. દોઢ કલાક રોકાણો. પછી તો મેં ઓરડામાં સાહેબ પૂજા કરતા હતા ત્યાં જઈને એના દેવ સહજાનંદની છબી પડેલી તેની સન્મુખ જ બે લીલી નોટ ધરી દીધી, પછી તો એણે પૂજા તરત સંકેલીને જમીના કાગળ પર મતું મારી દીધું.'

'હ-હ-હ-હ' ડોસાએ હસીને કહ્યું: 'કોઈ અમલદાર પોતે ખાય, કોઈ અમલદારની બાયડી કાપડા તરીકે ખાય, તો કોઈ અમલદારના દેવ ખાય. આપણે તો જે કોઈ ખાતું હોય તેને ખવરાવીએ બેટા!'

વાળુ કરીને બન્ને બેઠકે આવ્યા ત્યારે નજીકનાં ગામડાંના બે ત્રણ વેપારીઓ આવી બેઠા હતા. એમને જોતાં જ ગોપાળભાએ પૌત્રને કહ્યું: 'કાલ આ ત્રીકમજીને લઇને તારે પ્રતાપગઢ જવાનું છે. ટપેદાર ત્રીકમજીનું ને એના ખેડુનું ચોળીને ચીકણું કરે છે. એમ માશે તો તો વાણિયાના દીકરાના રોટલા ગામડે ગામડે ટળી જશે. બાળજો એનું મોઢું પચીસ પચાસે. અને આ રામચંદનું ઓલી ધાંચણ લોઈ પી રહી છે, સલમાન ખેડુની રંડવાળ. નામામાં કાંક વિગતફેર થઈ ગયો હશે એમાં તો કોરટે ચડી છે. નાથો વકીલ પડખે ચડી ગયો લાગે છે. કહેજે જઈને કે કોડા, કાગડો કાગડાની માટી ખાય કે? વેપારીનો દીકરો ઊડીને વેપારીનું જ પેટ ફોડવા બેઠો છે? ન માને તો પછી ન્યાયાધીશ સુધી ડોકાઈ આવજે. બેવડે ટોરે કામ રાખવું; કેસ પણ લૂલો કરાવવો, અને ન્યાયાધીશને તો નોતરું જ દઈ આવજે, કે રૂપાવાવની જાત્રાએ આવે, ને રોટલા ખાવાનું આંહીં જ રાખે. એનાં કોક સગાં આવ્યાં તો હશે જ ના! જાત્રાનો પૂરો ચરમૂડો છે નાગર. રોજ કહીએ તો રોજ આવે. એ તો આંઈ આવશે ત્યારે ચૂરમું જ એનું મોઢું ભાંગશે. ઠીક, હું ત્યારે ઊંઘી જાઉં છું.'

ભા ગયા પછી ત્રણે વણિકોને લઈ સુમનચંદ્ર

બેઠો. દરેક કિસ્સાની વિગતો સમજી લીધી. કહ્યું : 'આટલું બધું ત્રણેનું ઓદું !'

'છે તો ભિસાબ એમ જ.' ત્રીકમજીએ કબૂલ કર્યું.

'આમ ક્યાં સુધી ચલાવવું ધાર્યું છે ?'

'ગાજરની પપુડી છે આ તો ભાઈ.' રાયચંદ પણ માની ગયો; 'તમારો વશીલો છે, તમારી હાક લાગે છે, એટલે વાણિયા રળી ખાય છે પેટિયું'

'પેટિયું ! કે પટારા !'

'એમ ગણો તો એમ.' રાયચંદ હસ્યો.

'હવે લાંબું નહિ ચાલે હો ત્રીકમજી કાકા, ને એકાએક ભિસાઈ જશે વાણિયા.'

'જાણીએ છીએ, એટલે તો છોકરાવને અંગ્રેજી ભણાવવા મંડ્યા છીએ.'

'ઈ તો ભાઈ, જે તારું થશે તે અમારાં છોકરાંનું થશે.'

રાયચંદ શેઠનો ઘા સુમનચંદ્રને કલેજે પડયો. બે પળે કળ ઊતરતાં એણે કહ્યું : 'મારું પણ આભ કડેડી રહ્યું છે રાયચંદ મામા ! હવે આબરૂના કાંગરા ડોલે છે. હવે ઝટ સંકેલો કરીએ આપણે સૌ. છોકરાઓને તો બહાર કાઢીએ આ નરકમાંથી.'

'ઈ જ કરી રહ્યા છીએ ભાઈ ! મોટાઓને તો દેશાવર ધકેલી પણ દીધા છે. બે પાંચ વરસ અમારી બાજી સાચવો, વધુ તો અમારાથી પણ ખેંચાશે નહિ.'

'મને એટલું ખેંચાવાની પણ આશા નથી. ઠીક, હવે સૂઓ.'

રાતે ગોપાળભા સૂતા પહેલાં પાછું શેર કડેલ દૂધ ગટગટાવી જઈને શાંતિથી ઢોલિયામાં બેઠા-માળા ફેરવી અને પછી પૌત્રના વિચારે પ્રસન્ન બનતા બનતા કાગાનીંદરમાં લહેરાવા લાગ્યા. પોતે કરેલી જમાવટને માથે સોનાનું ઈંડું ચડાવનાર પૌત્ર સુમન, એ એના જીવન-સાફલ્યની પરાકાષ્ટા હતી. સુમન જો ન હોત તો શી ગતિ થાત !

સુમનમાં પોતાની કંટાઈ, કરડાઈ અને વટનો વારસો ઊગી નીકળ્યા બદલ ડોસાએ માળા ફેરવતે ફેરવતે પોતાના ઇષ્ટદેવનો વારંવાર પાડ માન્યો.

ત્રણે મહેમાનોને સુવરાવીને સુમનચંદ્ર પોતાને ઓરડે ગયો ત્યારે એના માણસે આવીને ખબર આપ્યા : 'બાપુજી તો કોઠારમાંથી ગાડું ભરાવે છે.'

બાપુજી એટલે દલભાઈ.

'શેનું ?' સુમનચંદ્રે વિના આશ્ચર્યે પૂછ્યું.

'એક ગુણ બાજરાની, એક ગુણ જારની, બે ભીલી ગોળ, પચીસ હાથ પાણકોરું, બીજી સટરપટર ઘરવખરીની ચીજું.'

'ક્યાં મોકલે છે ?'

'રણથળી.'

'ઠીક, બીજી એક ગુણ વધુ ચડાવી દો ગાડે. ને એક જોડય જાડા સાડલાની પણ મુકાવજો ભેગી. કહેતો નહિ બાપુજીને, કે મેં મુકાવ્યું છે. ક્યારે મોકલે છે ?'

'પરોડિયે. પોતે પણ જોડે જવાના.'

'સારું. સાથે કોણ જાય છે ?'

'કોઈને લઈ જવાના નથી.'

'ઠીક, ખુમાણસિંગને કહેજે કે ઘોડીએ ચડી પાછળ પાછળ જાય, છેટો રહે, ને ભેગી જોટાળી રાખે, દારૂગોળી ન હોય તો કાઢી દેજે.'

ગોપાળભા ઊંઘી ગયા હતા ત્યારે સુમનચંદ્ર પોતાની મેડીએ બેઠો બેઠો ચોલીસના ઉપરી પર એક અરજી લખતો હતો : એમાં એક રિવોલ્વરની અને એક કારતૂસવાળી બંદૂકની માગણી હતી. કારણમાં જણાવ્યું હતું કે અમારે ત્યાં જેમની જમીનો મંડાણમાં છે તે મરાસીઓઓ અવાર નવાર જાસા મોકલે છે, અસુરે સવાર ખેતરો ભેળાવે છે, અને અમારા ખેડૂતોની ભાત લઈને સીમમાં જતી બાઈઓને કનડે છે.

એ લખીને પોતે બારી પર મૂકવા ગયો ત્યારે પાછળના વાડામાં ઊભેલી એક ભેંસ જોરથી ભાંભ-

રતી હતી. પોતે ઓળખી: રણથળીથી જમીમાં આણેલી તે જ ભેંસ!

'એલા કાળુ!' એણે ગોવાળને બૂમ પાડી: 'આને કડબ નીરી છે?'

'હા ભાઈ.'

'ત્યારે કેમ ભાંભરે છે?'

'ખાતી નથી.'

'છાહડીઓ નીર. રજકો નીર.'

'નથી ખાતી.'

'પાણી પાયું છે?'

'ન પીધું.'

'આમ કેમ ભાંભરે છે?'

'એ તો ભાઈ, સાંજુની બાંધરડા ચે છે.'

'મેં તો હમણાં જ સાંભળ્યા!'

ગોવાળે જવાબ દીધો નહિ. સુમનચંદ્ર શરમાઈ ગયો. કાગળ લખવામાં એ મશગુલ હતો તેથી ભેંસની ઉમ્ર ચીસો પણ સંભળાઈ નહિ!

ગોવાળ બોલ્યો: 'બેચાર દા' તો એને એવું રે'શે ભાઈ, પછી આ ઘરને ઠળી જશે.'

'ઠીક.' કહીને એ સૂતો, ઊંઘ તો સારી આવી ગઈ, પણ વચ્ચેવચ્ચે જાગી જતો ત્યારે ભેંસના ભાંભરડા કાનમાં રેડાતા. બેઉ કાન પર અકકેક બાલોશિયું દબાવીને એ ઊંઘ્યો.

*

પ્રકરણ ચોથું

બે દૃશ્યોની સમસ્યા

ગામનાજ અને બીજી વસ્તુઓથી ભરેલ ગાડું પરોઢિયે રણથળા ગામને કેડે ચાલ્યું જતું હતુંઅને દલભાઈ ગાડાની બાજુએ બાજુએ પગે ચાલ્યા આવતા હતા. હાંકનારને ખબર હતી કે દલભાઈને ગાડામાં બેસી જવાનું કહેવું એ વ્યર્થ છે. મોંમાં દાતણનો જાડો કૂચો ચાવતા ચાવતા એ હજુ ક્ષિતિજ પર આથમતી 'હરણયું'ના છેલ્લા બે તારા પર તાકતા જ આવતા હતા. ગાડીવાનને ખબર અપાયા વગર પણ ખાતરી હતી કે દલા શેઠ આ બધો સરંજામ રૂપાવાવની જગ્યામાં પહોંચડાવવા લઈ જાય છે, અને એ લઈ જવાનું કારણ પણ એણે કલ્પી લીધું હતું એટલે એણે વાત પણ ચાલુ કરી:

'રૂપાવાવનો પરચો તો બધાને માથે હાજરાહજુર છે દલભાઈ, પણ આપણે ખોરડે તો બજરંગની અદકી મે'ર છે. નીકર કાલનો મામલો તો ભાઈને માથે વસમો ઓછો હતો! રણથળીના કુલહોલ બેઠુ ફરન્ટ થઈ ગ્યાંતા. આજકાલ બેઠુલોકનો માઠો દા'ડો બેઠો છે. અઢાર-વીસ વરસ બોરૂકી વાતુંનાં તો આંજ સોણલાં જ રહ્યાં. બેઠુનો પેટના દીકરા જેવા હતા તે આજ દૂધ પાઈને સાપ ઊછેર્યા જેવા બન્યા. ચોર ચોરના દીકરા! ચોરટાવેડા અને છિનાળાં—બે ય વાતે બૂરી દાનત થઈ ગઈ બાપુ! નીર નવાણે ગ્યાં ને ધરમ ઠેકાણે ગ્યાં. નીકર ગોપાળભાને કોઠારે પોતાની જાણે ગંજ ઠાલવી જનારાઓ આજ જપતીયુંના જોડા ખાવા જેવા ઊંધા ધંધા આદરે કાંઈ! દાનતચોરના હવાલ પણ પછી કેવા થાય?

દાતણનો ડોયો ધીરે ધીરે મોંમાં ફેરવતા દલભાઈનું દિલ આ ગાડીવાનના પ્રલાપથી દુભાતું પણ નહોતું, રીઝતું પણ નહોતું. બે દાયકા પૂર્વેની પરિસ્થિતિમાં આજે આવેલો પલટો એને આઘાત કે ઉત્પાત પહોંચાડતો નહોતો. વહુ ગુજરી ગયાં ત્યારથી દલભાઈ જમાનાના નાટકના માત્ર પ્રેક્ષક જ રહ્યા હતા. પિતા ગોપાળભા શું કરે છે એ એણે નિર્મમ નજરે નિહાળ્યા કર્યું હતું. આવડા નાનકડા કુટુંબનો વ્યવહાર ચલાવવાની કોઈ મુશ્કેલી નહિ છતાં જમીનો પર જમીનો મંડાણમાં લેવાની પિતાને શી જરૂર પડી છે એ એને સમજાયું નહોતું, પણ કોઈ કોઈ વાર એને કલ્પના થતી કે ધરતી તો મા છે, માયૂક નથી. ધરતીને બથમાં જ લીધે જનાર માણસ એનો ભોગી છે—અનાચારી છે. પણ બાપુને વરસોવરસ વધુ ને વધુ બાય પહોળાવવી કેમ સૂઝતી હતી?

બાનું અવસાન બહુ જ જુવાનવયે થયું તેની તો આ અતૃપ્ત વાસના નહિ હોય? બીજી વાર પરણવાની જોગવાઈ ન પામનારો પિતા અતૃપ્ત હતો માટે તો પૃથ્વીને બાઝવા દોડી રહ્યો હોય!

હશે, પણ મારા સુમનનું શું સમજવું? એ તો મારાં પુદ્ગળ છે, મારું લોહી છે, મારો ઉછેર છે. એને આજ આ શી ઘેલછા લાગી કે મારો છાંયો સરખો યે લેવાને બદલે મારા પિતાના જ રંગે રંગાઈ ગયો! જપ્તી વિના બીજો ઘા નથી કરતો, અમલદારોને તો ખરીદીને ખીસામાં મૂકી રહ્યો છે, દયાનો તો દુશ્મન છે, ગરીબોનાં ઘર પર કડીઓ કરતાં કાળજું કમ્પતું પણ નથી, તકંટો તો એક એકથી ચડિયાતાં ગોકવી કાઢે છે, ને બાપુને બોલે કોઈક દી' કોકનું ખૂન પણ કરતાં નહિ થડકે એવોયે સમય આવે કદાચ! આ વંશ-વેલે હવે પછી વળી કેવાંક ફળ બેસશે? દૈવ જાણે.

પ્રભાત પડી ગયું હતું. માખીઓના ભણભણાટ સંભળાયા અને ગાડાની સાથે સાથે ચાલતા દલભાઈએ બળદોને માથાં ધુણાવતા, તેમ જ પૂછડાં ફંગોળતા દીઠા. એક બળદનું કાંધ છોલાણું હતું. પોતે પોતાનું ફાળિયું લઈ ચાલતે ચાલતે બળદની માખો ઉડાડવા માંડી.

'માળું કયારે કાંધ છોલાણું હશે આનું!' શરમીંદો ગાડીવાન દલભાઈના ગર્ભિત ઠપકાથી બચવા અજાણ્યો બન્યો. એને ખબર હતી કે બીજી કોઈ પણ વાતમાં રસ ન લેનારા દલભાઈ ડેલીનાં દોરની બગાંઓ ને ઇતડીઓ વીણતાં ચૂકતા નહિ, છોલાયેલ ચામડા પર ફિનાઈલનું પોતું મારતાં વીસરતા નહિ, પાદર પડેલા પૂંછલેલ દોરને પણ પોતે ચાર જણને ઊભા રાખી બેઠું કરતા, ફૂતરે ચૂથેલ ગધેડું પણ એના હાથની સારવાર પામતું. આવી કામગરી બજાવતા બજાવતા દલભા ટોળે વળેલાં લોકોને ફકત એટલું જ કહેતાં કે—

'જીભ વિનાનાં છે ભાઈ! જીભ વિનાનાં છે.'

બસ, વધુ ઉપદેશ એ કદી કરતા નહિ. જોડાને તળિયે જોને જોને એ મોટા નાલ ને લોઢાં જડાવેલાં જુએ, તેને પણ ધરતી પરની કીડીઓ બતાવીને આટલું જ કહે કે 'જીભ છે એને! જીભ હોત તો આ જીવડાં તને શું કહેત, હેં જોડસૂર!'

ચોમાસે કોઈ બેઠુ તોતીંગ નવાં ઓળાઇ પગરખાંથી લીલોતરી ખૂંદતો ચાલ્યો જતો હોય તો ઊભો રાખીને પહેલાં તો ભોંય પરના કૂંણા છોડવા બતાવે, ને પછી કહે, 'એને જીભ હોત તો? તો રોત કે નહિ? હેં માધવાનળ? એ તરણાં રાડ પાડત હો ભાઈ! એવી કાળી રાડ પાડત તો તે તારાં તમરાં જ બોલાવી દેત.'

આવા સંસ્કાર ગામલોકોને પાનાર દલભાઈથી શરમાયેલો ગાડીવાન રણુબળને પાદરથી બારોબાર જ ગાડું રૂપાવાવ હાંકવા લાગ્યો ત્યારે દલભાએ કહ્યું કે 'સીધું ગામમાં લે ગામમાં.'

પાદરમાં બે જણ બેઠા હતા તેને પોતે કાંઈક પૂછ્યું, એટલે એક જણ આગળ ચાલ્યો અને ગાડાને એક ગલીમાં દોરી ગયો. ત્યાં એણે, દલભાઈએ જે ઘર પૂછ્યું હતું તે બતાવ્યું.

'આ ફળીમાં લે.' એવા શેઠ-શબ્દોથી ગાડીવાન છોભીલો પડી ગયો.

ઘર બતાવનાર માણસે બૂમ પાડી: 'રતના, એ રતના, બા'રો તો મર. શેઠ આવ્યા છે.'

ઓસરીમાં બેઠેલાં છોકરાં શેઠ આવ્યા છે એવું સાંભળતાં, અને આ ગાડું વગેરે જોતાં જ અંદર પેસી ગયાં, અને એનો બાપ રતનો ઘરની બહાર નીકળી બાઘાની જેમ ઊભો રહ્યો.

'તેં આમને ઓળખ્યા રતના?' પેલા, ઘર બતાવવા આવેલ માણસે કહ્યું.

'આ તારે ઘેર કાલ કડી કરી ગ્યાને, એ સુમન શેઠના બાપુ.'

બેઠુ રતનો, જેના કેડિયાને બાંયો નહોતી, તે આંખો તાકીને વગર બોલ્યો ઊભો થઈ રહ્યો. એની આંખોમાં ભય હતો. એ કંઈ સમજ્યો નહિ.

બાયડી બહાર આવીને બોલી ઊઠી, 'હેં બાપુ,

હવે બાકી શું રયું છે તે પાછા લેવા આવ્યા છો? ઓલ્યા ગાભા બે ચાર છે ઈયે લઈ જવા છે?'

'ના મા!' છોકરો બહાર આવ્યો, તેણે કહ્યું: 'મારી નવી આંગડી નૈ દઉં કોઈને.'

ત્યાં તો નાની છોકરી પોતાની એક ફાટેલ ઘાઘરી પડી હતી તે છાતી સાથે કચકચાવીને ઘરમાંથી દોડતી, દલભાઈ ઊભા હતા તેને દેખી ચીસ પાડીને ભાગી: 'નૈ દઉં, નૈ દઉં, નૈ દઉં.'

દલભાઈએ એને પંપાળવા અડકવા હાથ લંબાવ્યો ત્યાં તો એ છોકરીએ તીણી ચીસ નાખી.

દલભાઈ સૂનમૂન ઊભા થઈ રહ્યા. ઘડીભર તો એની અક્કલ ચાલી ગઈ. પછી એને શબ્દો ન સૂઝયા, છેવટે માંડ માંડ એણે કહ્યું: 'રતના, ભાઈ, આ ગાડામાંથી બધું ઉતારી લે.'

રતનો પણ કંઈ સમજ્યો નહિ. એ ન હલ્યો કે ન ચલ્યો. પણ એની વહુ જરા પાણીઆળી હતી તેણે કહ્યું: 'બાપુ! અમારે કાંઈ જોતું નથી. અમને આંઈ પડયાં રેંવા દો. અમને ગોટે ચડાવો મા. અમને સાચાખોટાનું કશું ય ભાન નથી રૂયું.'

ઘણી વારે ગામના બીજા લોકોએ આવી દલભાઈને મદદ કરી ત્યારે માંડ રતનાને ને એની વહુને ગળે ઘૂંટડો ઊતર્યો, કે આ શેઠ જો કે છે તો સુમન શેઠના બાપુ, પણ ધરમી છે, દયાળુ છે, કશું કારસ્તાન કરવા નથી આવ્યા, કોઈ ગોટો કરવા નથી આવ્યા, પણ તમને ઘરમાંથી દેવા જ આવ્યા છે. છતાં રતનાએ ને ઘરીએ પોતાને હાથે તો કાંઈ ઉતાર્યું જ નહિ. ગામલોકોએ ગાડાની ચીજો ઉપાડી ઉપાડીને એના ઘરમાં મૂકી.

એ ત્રણ દિવસ સુધી તો રતનાને એ ચોરીનો માલ હોય એવું લાગ્યા કર્યું, વાપરવાની હિંમત ચાલી નહિ, પછી છાનામાનાં છોકરાંને ખવરાવતાં થયાં, ને લાંબે દહાડે પોતાને માટે વાપરવાની હિંમત આવી; છતાં હૃદયમાં ઉપકારનો ભાવ તો હજુ ઊઠતો જ નહોતો. ચોરીનું વાપરતાં હોય તેવો ભાવ તેમને પકડી બેઠો.

આ રતના ખેડુના ઘરની સામે એક ધર્મશાળા હતી. તેની મેડીની બારીએ એક કન્યા ઊભી હતી. આગલી સાંજે પણ ત્યાં ઊભી હતી. એને હસવું આવતું હતું. કાલે આ કુટુંબને જે લૂંટી ગયો હતો તે પોતાનું વેવિશાળ કરેલો ડમરાળાવાળો સુમનચંદ્ર હતો અને આજે પાછો જે મદદ ઠાલવે છે તે એનો જ બાપ છે! ડેરાળા ગામની હેમાણી કન્યા જ્યારે આ ધર્મશાળાના મકાનમાં રાતવાસો રહીને પોતાના પિતરાઈ ભાઈ અને ભાભીની જોડે ગાડામાં બેઠી ત્યારે એને એના ભાઇએ ક્યા બધી બાબતનો સ્ફોટ કર્યો. વિમળા હજુ સોળેક વર્ષની હતી. લાંબો વિચાર કરી શકતી નહોતી. પણ પોતે જે બે દશ્યો નજરોનજર દીઠાં એમાં એનું મન અટવાઈ ગયું. એણે ભાવી સસરાને સાધુ જેવા વેરાગી વેશે જોતાં પહેલી પળે તો અણગમો અનુભવ્યો. આગલી સાંજે ભાવી વરની કરડાકી ને કઠોરતા દેખી કંટાળો અનુભવ્યો હતો. પોતાને બે વર્ષ પછી કોને ઘેર જવાનું હતું? કસાઈને ઘેર, કે વેરાગીને ઘેર? એટલા સાદા તરંગ પર એની હૈયા-નાવડી અફળાતી હતી ત્યારે ધર્મશાળામાંથી ઊપડેલું ગાડું પાદરમાં બરાબર પેલા વેરાગી ડમરાળાવાળાના ગાડાની લગોલગ આવી ગયું. દલભાઈના ગાડાના બળદ અવેડે પાણી પીતા હતા અને પોતે કૂવાના થાળા પર બેસી કોગળા કરતા હતા.

'ક્યાં ગામનું ગાડું?' દલભાઈએ તો સહજ જ પૂછ્યું. એની નજર ગાડાના બળદના કાંધ પર લાગી ગઈ હતી. બેઉ બળદોને કાગડાએ ઠોલ્યા હતા. ઘોંસરું લોહીમાં રગદોળાતું હતું. પોતાને જવાબ વાળનાર ગાડાખેડુને એણે કહ્યું: 'આમ તો જો. આને જીભ હોય તો? આ ઘોરી તને શું કહે? હેં માધવા નળ!'

જુવાન ખેડુ-પોતે માધવા નળ એવા ઠકરાણાના નામે સંબોધાતાં અને બળદોની દશાનો ટોણો સાંભળતાં શરમાઈ ગયો, તેટલામાં અંદર બેઠેલાં ત્રણ જણામાંનો જુવાન વલિક નીચે ઊતર્યો અને દલભાને 'જેગોપાળ' કહી પોતાની ઓળખાણ આપવા લાગ્યો.

'ઓહો! હેમાણી!' દલભા પોતાના વેવાઈના સગા મોટાભાઈના પુત્રને મળતાં બોલી ઊઠ્યા: 'આંહીં ક્યાંથી? શીદ જાવ છો?'

'રૂપાવાવ, મારી છોકરીડી છોડવા. વિમળા પણ મારી જોડે છે.' એમ કહીને એણે પીઠ ફેરવીને બેસી ગયેલી બહેન પ્રત્યે નજર ચિંધાડી.

પોતાની ભાવી પુત્રવધૂને પલભર નિહાળવા ઉપરાંત વધુ કશો રસ બતાવ્યા વિના દલભાઈ વળી પાછા ગાડાખેડુ સાથે વાતે વળગ્યા: 'પશુ છે, મૂંગાં છે, દિનાઈલનું પોતું ફેરવીએ, તમારા ખેડુના તો કંઘોતર કહેવાય, કમાઉ દીકરા કહેવાય. કોસના પૈડાંને ને મરેડીને તેલ ઊંધીએ. કિચૂડ કિચૂડ બોલે ત્યારે મજા ન લેવાય. ત્યારે તો એમ જાણીએ કે ઘોરીને કપાણ્ય વધારે પડે છે.'

એવું એવું કહી, પોતે ડમરાળાને પંથે પડ્યા. અને વિમળાને એક નવી જ સમસ્યા સોંપતા ગયા; સસરાને શું હું અણગમતી હઈશ ?

*

પ્રકરણ પાંચમું

ધર્મસ્થાનકો

રૂપાવાવના મહંતની ગાદી પર કાળી ઘાટી દાઢીમૂછવાળો એક જુવાન છેલ્લાં બેએક વર્ષોથી બેઠો હતો અને આ પંથકમાં ત્યારથી બહારવટિયા લુંટારાને માટે રૂપાવાવ માના પેટ જેવું બન્યું હતું. આ પ્રદેશમાં છૂટી છૂટી ત્રણ મોટી જગ્યાઓ હતી. એક ભીમગદાની જગ્યા, બીજી દેવપીપળની જગ્યા, અને ત્રીજી રૂપાવાવની. ભીમગદાની એક લાખ જેટલી આમદાનીના માલિક ભેરવગરજી નામના મહંત ભાંગ ગાંજો, દારૂ અને કામિનીમાં ગળા સુધી ગરકાવ હતા, અને એના શરીરે પૂર્ણ પંડત્વ પ્રાપ્ત કરી કાઢયા પછી એણે ત્રીજી વાર લગ્ન કર્યું હતું. દેવપીપળના મહંત દૂધાધારી તરીકે પંદરેક વર્ષ પૂંજાયા પછી એક આહિરે એનું ખૂન કરી પછી ઘેર જઈ પોતાની સ્ત્રીનું નાક છેક કપાળના ભાગથી તે હોઠ સુંધી વાઢી નાખ્યું હતું એટલે એ બે બનાવોનો તાળો મળી રહેતો હતો. આખા પ્રદેશમાં જેના રૂપનો જોટો નહોતો જડતો એવી એ આહિરાણીને આ શિક્ષા આપતી વેળા ઘણીએ કહ્યું હતું કે હવે વલ્યાત લગીનાં દાગતરખાનાંમાં ફરી વળજે રાંડ, તારે કપાળે ય ચામડી રહેવા દઉં તો દાગતર નાક સાંધી શકે ને! — તે પછી દેવપીપળ ઉપર જપ્તી વહીવટ ચાલતો; અને ત્રીજી આ રૂપાવાવની જગ્યાના દેવતાઈ સતનો એવો તો પ્રચાર ચાલુ હતો કે છેક મુંબઈ મદ્રાસમાં રહેતા આ પ્રદેશના વેપારીઓ તરફથી સાકર ચોખા અને તુરદાળનાં ગનામાં વેગન પછી વેગન આવવાં ચાલુ રહેતાં. અને તેમાંથી મેડીઓ પછી મેડીઓનાં મકાન ઉમેરાયે જ જતાં હતાં, જગ્યાની મહેમાનીનો કોઈ જોટો નહોતો. મહેમાન ગમે તે હો. કોઈ પૂછતું નહિ કે તું ક્યાંનો છે ને કેટલા દિવસથી આવ્યો છે ને હવે તારે જવું છે કે નહિ. મહેમાને ગમે તેટલા હો, ચૂલ્યો ઉપર રસોઈનાં રંગાડાં ઉકળ્યા જ કરતાં. એ હતી ફકકડની જગ્યા. એટલે મહંતાઈ એક અગર બીજા ચેલામાં ઊતરતી. રાજના અમલદારોને જે વધુમાં વધુ 'આચમન' ચખાડી શકનો તે ચેલો મહંતાઈ પામતો.

'આચમન' આપવાની બાબતમાં રૂપાવાવના મહંત અને ડમરાળાના શેઠ પુત્ર સુમનચંદ્ર વચ્ચે હમેશાં તીવ્ર હરીફાઈ ચાલુ રહેતી. બંદૂક રિવોલ્વરના પરવાના મેળવવામાં પણ બન્નેની અરજીઓ પોલીસખાતે હોડ કરતી. અને બન્ને જણા વચ્ચે એક વિશેષ સમાનતા હતી. બેમાંથી એકે ય જણ જાતે હથિયાર ઝાલતો નહિ. એ જુમ્મેદારી તેઓ પોતાના પગારદાર માણસોને જ સોંપતા. બન્ને વચ્ચે સારી ભાઈબંધી હતી. સુમનચંદ્ર આવે ત્યારે મહંત ભેટી પડતા, બેઉ મળે ત્યારે નવાં વસાવેલાં હથિયારોની સ્પર્ધા ભારી રોનક સાથે ચાલતી.

રણથળીથી પાછા આવેલ પિતાએ, પુત્રની સાથે વાત ન કરવાની પોતાની કાયમી આદતમાં તે દિવસે એક અપવાદ રૂપે, સુમનને મેડીએ બોલાવીને - ફક્ત આટલું જ કહ્યું: 'તારી કોઇ પણ બાબતમાં હું માથું મારતો નથી. મારે તને કાંઈ કહેવાનું નથી. તું ને ભા જે કરતા હો તે કર્યા કરો. પણ પારકી જણીને વાટ જોતી બેસારી રાખવામાં મોટું પાપ છે. તારો જે કાંઈ નિર્ણય હોય તે જણાવી આવ.' એમ કહી રૂપાવાવ ગયેલાં ડેરાણીનાં ત્રણ જાત્રાળુઓના સમાચાર દીધા.

'ભલે.' એટલું જ બોલીને પુત્ર ઊઠયો ત્યારે પિતાએ છેલ્લી એક વાત કહી નાખી: 'નરસી મેતાએ, જગદુશાએ, એવા એક બેએ ભગવાન જ્યારે ત્રૂઠમાન થયા ત્યારે વરદાન માગ્યું હતું કે હે નાથ, મને નિર્વંશ દેજો. હું પણ એ જ માગું છું.'

સાંભળી લઇને નીચે ઊતરી ગયેલ સુમનચંદ્રે ઘોડે પલાણ માંડાવ્યું. બીજે ઘોડે એણે નવો રાખેલ ગરાસીઓ રક્ષક ભૂપતસંગને સાથે લીધો. તાજી જ ખરીદેલી બેનોટાળી નવીનકોર બંદૂક અને કારતૂસનો પટો એણે ભૂપતસંગને ધારણ કરાવ્યાં. ભૂપતસંગ એક કદાવર અને અડીખમ દેખાવનો, કરડી આંખોવાળો કાંટીઓ હતો. કોઈ પણ જોનારને એ 'એક હજારાં' જેવો લાગે.

રસ્તામાં સુમનચંદ્રે મન સાથે વાતો કરી લીધી.

રૂપાવાવ જઇને એણે વિમળાની તરફ તિરછી નજર નાખી જોઈ. એના હૃદયમાં એક છૂપી મજા મચી ગઈ. વિમળાનું બદન ભરાયું હતું. ખૂબ હૃષ્ટપુષ્ટ બની ગઈ હતી. વૈશાખનો તાપ કોઈ નાજુક, ફૂલે લચી પડતી વેલડીને સળગાવી નાખવામાં જે આનંદ અનુભવે છે તેવો આનંદ સુમનચંદ્રના મનનો હતો. હો સળગી જતી! આજે હવે ન તો છોડું કે ન પરણું. પૂરી દાઝ કાઢીને ઝળાવું. કારણ? કારણ કે એક જ વર્ષ પર સુમનને એક લાંબી માંદગી આવી હતી. માંદગી દસ મહિના ચાલી. પોતે હાડકાંનું માળખું જ બની ગયો હતો. તે વખતે એનો બાપ સગપણ તોડવા દોડયો હતો. સુમનચંદ્ર માંદગીમાંથી બેઠો થવાનો જ નથી અને થાય તો પણ જમાઇનું શરીર લગ્નને લાયક થવાનું જ નહિ, એટલે સુધી કહીને ગોપાળ દાદાની દીકરી ઝાલીને એણે દ્વારગતી મેળવી હતી. પણ એ બચ્ચાને અમારી મેલી દીધેલીની બાંધ પકડનાર કોઇ મળ્યું નહિ એટલે જ બેઠો રહ્યો: જે હવે એને અમારો સ્વાદ ફરી લાગ્યો છે. હવે તો હું નથી એની છંટ પણ લેવાનો, કે નથી એ છોકરીનો છૂટકો કરવાનો.

એવું ચિંતવતાં ચિંતવતાં એણે પોતાના શરીરની ને વિમળાના શરીરની મનથી સરખામણી કરી લીધી. ને ફરીથી મનમાં ઉચ્ચાર્યું: 'એનું જોબન સળગાવીશ, ને સળગતું જોયા કરીશ.'

વિમળાના ભાઇની સાથે બેસીને તેણે વાત કરી: 'તમારા કાકા વારે વારે લગન કરવાના કાગળો લખે છે. પણ મારે શરીરે હજી પૂરી નરવાઈ નથી આવી. હજી મને ઝીણો તાવ રહ્યા કરે છે. કોઈ કોઈ વાર બળખામાં લોહીના દોરા—બહુ નહિ પણ ઝેંજ દેખાય છે. એ હશે તો અમસ્થા, તાવ પણ હોય છે તો સળેખમ શરદીનો, કે પછી તજાગરમીનો, મૂળ દરદ તો નથી, પણ હવે આટલું ગમ્યા તો પછી એકાદ વરસ વધુ ખમી જાય. તેમ છતાં બીજું કોઇ ઠેકાણું જડી જતું હોય તો અમારી ના નથી. અમે તો રાજી છીએ. તો અમારાં હોય એટલાં લૂગડાં ઘરેણાં પાછાં દઇ મેલજો. ને ખુશીથી શુભ અવસર ઉકેલી લેજો. બાકી મારું શરીરે પૂરું વળતાં તો હજી વાર લાગશે.

જગ્યાની ધર્મશાળાની પરશાળને એક છેડે, જ્યાં આ વાર્તાલાપ ચાલતો હતો ત્યાંથી વિમળા જરા પણ દૂર નહોતી. ને થોડી બહેરી હોત તો સુમનચંદ્ર એટલા પ્રમાણમાં અવાજ વધારત. કારણ કે હેતુ હતો એનું ભરજોબન સળગાવી મૂકવાનો.

ને વિમળા સળગી પણ ખરી, કારણકે સુમનચંદ્રે વર્ણવેલી નજણી તાસીરનું એકેય ચિહ્ન એના નખથી શિખ લગી વિમળાની નજરે ન પડયું. એને બીજે લગ્ન કરી નાખવા વિષેની સલાહ પણ બળતામાં ઘી હોમવા જેવી બની. સુમનચંદ્રે એને પોતાની આંખોને ત્રાજવે તોળી પણ જોઈ. વજનમાં મોટો ઘટાડો કળાઇ આવ્યો.

ગાડું રૂપાવાવથી રણપળી તરફ પાછું ચાલી નીકળ્યું. અને સુમનચંદ્ર મહંત સાહેબની રેતમરી મહેલાની માળુતો સાંજ સુધી રોકાયો. એને રોકી રાખીને મહંતે પોતાની દરબારગઢ જેવી જગ્યાના એક ઓરડામાં જઇ એક ઊંઘતા આદમીને ઉઠાડયો: 'ભોગા વરૂ! જાવ. કમરાળાને રસ્તે વાટ જુઓ. હું દી આથમ્યા અગાઉ નીકળવા નહિ દઉં.'

સૂર્યાસ્ત પછી સુમનચંદ્રે અને એના રક્ષક ભૂપ-

તસંગે ઘોડાં હાંક્યાં. અંધારાનો પડદો આછો મટી ઘાટા રંગો ધારણ કરતો જતો હતો તે વખતે ઘોડાં નકટીની નેળ્ય નામના ઊંડા મારગને કાંઠે આવી પહોંચ્યા અને કાંઠાના ખેતરમાંથી 'હુ-ઉ-ઉ!' એવો એક ખોંખારો સંભળાણો,-ખોંખારો ઓળખાઈ ગયો.-ગીગો વરૂ નામે જુવાન 'જૈતા મામા' નામે આપણને જાણીતા ખાચર કાડીને ઘેર ડમરાળે વારંવાર રહ્યો હતો. સુમનચંદ્ર સાવધ બન્યો. સામેથી કરડો સવાલ આવ્યો: 'કોણ છે ઇ!'

'ઓહો! કોણ ગીગાભાઈ!' સુમનચંદ્રે નરમાશથી સામી હાક દીધી.

'હા, કેમ અટાણે અસુરા!'

'આ.....જરા ખાંનબાપુ પાસે મોડું થઇ ગયું.'

પાસે આવીને ગીગો વરૂ ઊભો રહ્યો. આડીઅવળી વાતો કરવા લાગ્યો. અને ભૂપતસંગના હાથમાં બંદૂક એને દેખાણી. એટલે એણે કહ્યું: 'ઓહો, નવી લીધી જોટાળી! જોયીં જોયીં!'

એમ કહીને એણે હાથ લંબાવતાં તો ભૂપતસંગે કોઈ કળ દેવાની પુતળી હોય એવી યંત્રવત્ રીતે પોતાની પાસેની બંદૂક ગીગાના હાથમાં આપી.

'ઓહો!' બંદૂકને ઝીણી નજરે નિહાળતો, પંપાળતો, બેઉ હાથમાં રમાડતો, ગીગો બોલવા લાગ્યો: 'નામી છે ને શું! કેટલાની મળી? કેટલા કદમ ઓળી જાય છે!' બોલતાં બોલતાં એણે ઘોડો ચડાવ્યો ને ઉતાર્યો. ખંભે લગાડીને તાક લીધી. અને જાણે એ પોતાની જ હોય તેવી બધી ચેષ્ટાઓ કરવા લાગ્યો.

સુમનચંદ્ર પણ દરેક પ્રશ્નના સરખા જવાબો આપતો ગયો. એની જીભમાં ક્યાંય ઘોથવાવા જેવું નહોતું. એણે જૈતા મામાનાં ઘરવાળાં કાડીઆણી બાઈના સમાચાર પૂછ્યા. 'માકબાઇ બેન કાં છે? શું કરે છે? દીકરો માણસુર કેવડોક થયો છે?

'તમારા જેવડું કાઠું કર્યું છે માણસુરે તો. બરાબર જૈતા ખાચરની જ અણસાર, અને ઇવડો ઈ જ ઢાળો. જાણે એના બાપની જ છુબી.'

સુમનચંદ્ર મનમાં ને મનમાં હસ્યો. માકબાઇને માણસુર ડમરાળા છોડી ગયા પછી પાંચાળમાં જન્મ્યો હતો. અને જૈતોમામો કોઇ દિન પાછા માકબાઇને મળ્યા સાંભળ્યા નહોતા. ખેર! એ સંધ્યાના અંધકારમાં એના હોઠનો આછો મલકાટ ગીગાની નજરે ચડ્યો નહિ.

'ત્યારે હવે આંહીં લાવોને માદીકરાને.' સુમનચંદ્રે કહ્યું:

'એ માટે જ અમે દાખડો કરીએ છીએને શેઠ!' ગીગાએ ઘંગમાં જવાબ વાળ્યો.

'એ બધો દાખડો મૂકી દો ગીગાભાઇ, એમાં કાંઈ માલ નથી.'

'અમે કાડી છીએ હો શેઠ!'

'તો હું ય કાડીનો ભાણેજ છું ને ગીગાભાઈ!' હું કાડીની ધરતીમાં જ આળોટયો છું.' સુમનચંદ્રના એ શબ્દો ગીગાનાં ગાત્ર ઢીલાં કરનારા હતા. એનો જમણો હાથ ગજવામાં હતો. ગીગાને ખબર હતી કે ગજવામાં એ હાથનો પંજો નાની એવી ઓટોમેટીક પિસ્તોલના હાથા પર જ હતો. અને ગીગાના હાથમાં શોભી જે બંદૂક હતી તેના પર કેપ પણ ચડાવેલો હતો છતાં આ બંદૂક અને પેલી પિસ્તોલ વચ્ચે જો હરીફાઇ થાય તો વહેલો ભડાકો કોઈ કરશે એની પણ ચમકારા ગીગાએ ગણતરી કરી. સુમનચંદ્રે ગીગાને મુંઝાઇ રહેલો જોઇને લાગ લીધો. 'એમાં મુંઝાઈ શું રહ્યા છો?'

ગીગાએ ચમકીને પૂછ્યું: 'કોણ-હું? નારે ના. એવું કાંઇ નથી.'

'તો પછી માણસુર ભાઇને આંહીં લાવો. બધું ઠેકાણે પાડી દઇએ.'

'પણ મા-દીકરાને મેળ નથી.'

'તમ જેવા પડખે ચડો પછી તો એમ

થાય ના! બાકી બીજાં ચીંથરાં ફાડવાં મૂકી દો ગીગા વરૂ! ને આંહી લઈ આવો, તમે એનો વહીવટ કરો. જમીન તો મા દીકરો આવે એટલે તુરત સોંપી દેવી છે. એમાં કાંઇ ફેર નથી. પાંચ વરસ બાકી છે તે ય હું જતાં કરી દઉં. પણ બારવટું ખેડવું હશે તો આપણે બધા ય જુવાન જ છીએ, તમે મને કે હું તમને આંટી દેશું તો પણ લેખે લાગી જશું. આપણે ક્યાં ખાટલે પડયા છીએ?'

'પણ ભા માનશે?'

'ભાને હા ભણાવવી એ તો મારા હાથમાં છે. ભાની ફિકર કરો મા. ભાનું બાનું પણ આપો મા.'

'ઠીક. જોઉંછું.'

'હા જુઓ. મારે ઉતાવળ થોડી છે? પણ એ છોકરાનો જનમારો બગડે છે. તે સીવાય કોઇ પણ કારણ નથી. આપણે એને તો પાછું સુખ છે ના?'

'શેનું?'

'ચૂડી કરમનું.'

'હા!' ગીગો હસ્યો: 'ઈ બેમાથી કોઈની વાંસે કરવાપણું નહિ.'

''સાવ તો એમ નહિ ગીગાભાઇ! તમારી વાસે તો કોક ને કોક થોડાં આંસુડાં પાડનારી હોય.'

'નારે ના,' એમ કહીને ગીગો કૂદયમાં આવી ગયો. એને આ પોતાની પ્રશંસા લાગી: 'કો...ણ નવરૂં છે?'

'અરે કોઇક કણબણ, કોઈક કુંભારણ, ને કોઈક ઢેઢડી પણ ખરી.'

'હવે રાખોને ભાઇસાબ!' ગીગો ફૂલીને ઢોલ થયો. અને શરમાણો પણ ખરો. એણે બંદૂક પાછી ભૂપતસંગના હાથમાં દીધી અને રામરામ કર્યા.

'એ ગ...મ! આવજો ત્યારે વેળાસર માણસુરભાઈને લઇને! એમ કહીને સુમનચંદ્રે નળમાં ઘોડો હંકાર્યો. ગીગાના ખોંખારાએ પાછળનો વગડો ગજવી મૂક્યો.

રસ્તે તો એને કંઇ થયું નહિ. અંધારી રાત અને અશ્વપરની રાંગ એને રોમે રોમે વિક્રમ સીંચી રહી હતી. પણ ઘેર પહોંચીને ઘોડેથી ઊતર્યા પછી એની કાયા કબજે ન રહી. એ થર થર ધ્રજી ઊઠયો. ગજવામાંથી હાથને આખી વાટે બહાર કાઢવાનું એને ભાન જ નહોતું રહ્યું, એ હવે એણે બહાર કાઢયો ત્યારે જ એણે જોયું કે હાથમાં કે ગજવામાં કશું નહોતું. પિસ્તોલ એણે તે દિવસે સાથે લીધી નહોતી. ગજવામાં પિસ્તોલ પડી છે, પિસ્તોલની ચેમ્બરમાં છયે છ કારતૂસ ભર્યા છે, જે એની ટેસી પણ પોતે ઉઘાડી નાખીને પગમાં તૈયાર રાખી છે, એવા વિભ્રમમાં ને વિભ્રમમાં જ એણે ગીગા જેવા દૈત્ય ડાકુનો સામનો કર્યો હતો. એના શરીરને સ્વસ્થ બનતાં ઘણી વાર લાગી. એ પછી એણે પહેલું જ કામ ભૂપતસંગને બોલાવવાનું કર્યું. એના હાથમાં એક મહિનાનો વધુ પગાર મૂકીને કહ્યું કે 'કાલે સવારે તમે ચાલ્યા જજો. આ વાત આપણ બે સીવાય ત્રીજું કોઇ જાણવા પામશે નહિ. કારણ કે જો જાણે તો તમને કોઈ ઉંબરે ઊભા રહેવા નહિ આપે. તમે શું વિચારીને બંદૂક એક અજાણ્યા માણસના હાથમાં આપી દીધી? તમારો તો બદ ઇરાદો નહોતો. તમે બહાદૂર પણ હશો. પણ એકલી બહાદૂરીમાં શું બળ્યું છે? જાવ ભાઇ, બીજે રોટલો રળી ખાજો, પણ હવેથી બંદૂક ન બાંધતા.'

સાચી કવિતા જ્યાં માર્ગસંગાથી બને છે એ, ગગનપથના ઉડ્ડયનની આપણે ત્યાં આ જાતની પ્રથમવાર જ પ્રગટ થતી અનુભવકથા.

પહેલી ઉડાન

જીતુભાઈ મહેતા

બીજા માળ ઉપરની કચેરીમાં હું કામ કરતો હતો, ત્યાં મારા એક ઉત્સાહી જુવાન મિત્ર આવ્યા. એ ઉકળી ગયેલા હતા. મારી સાથે કાંઈ પણ વાતચીત કર્યા પહેલા એમણે ખંડની લાકડાની 'જમીન' પર હાથ નાખ્યો. મલા મહેનતે એમના હાથમાં ધૂળ આવી. એ ધૂળ એમણે માથા પર મૂકી અને એ બોલ્યા:

"મને સૌથી પ્યારાં છે, ધરતી અને ધરતીની ધૂળ."

મારે એમને કહેવું પડ્યું: "બરાબર છે, તમારો પ્યાર ઉમદા છે, પણ તમે જે માથા પર હમણાં ધૂળ મૂકી એને ધરતી સાથે ખાસ સંબંધ નથી. આ તો બીજો માળ છે, અને અહિં કેટલાયે આવે છે એઓ એમનાં પગરખાંની ધૂળ મૂકી જાય છે."

એ દોસ્ત અલબત્ત લેખક હતા. એમને ધરતીના ધાવણમાં જ શ્રદ્ધા હતી. ધરતીના ધાવણમાં ભેગ કરવો સહેલો નહોતો. એમની કલમ, એ જ્યાં કામ કરતા હતા ત્યાં રુંધાણી હતી, એટલે એમણે એ કામ છોડી દીધું હતું અને એમના આ પગલાંના ક્રિસ્ટ રૂપે એમણે નાહક કચેરીના બીજા માળની ધૂળ માથે પર મૂકી હતી!

ધરતી! એનાં ગુણગાન ખૂબ સાંભળ્યાં છે. જમીન અને માણસનો સંબંધ-એના પર જાતજાતનું સાહિત્ય રચાયું છે. જમીન અને આસમાન વચ્ચે જેટલો 'ફેર' છે એટલો 'ફેર' બીજે શોધવો મુશ્કેલ છે, એ વાક્ય એકથી વધુ વાર સાંભળ્યું છે.

પણ જમીન છોડીને તરત જ આસમાન સાથે સંબંધ બાંધવાનો પ્રસંગ હમણાં બની ગયો, ત્યારે આકાશની 'જિંદગી' ઉપરાંત જમીન માટેના ખાસ ખ્યાલો ઊપસી આવ્યા. કવિઓ ઘડીએ ને પોરે આકાશ ચૂમી આવે છે. લગભગ એક એક કવિ ચાંદો, સૂરજ, તારા, વાદળાં, વરસાદ અને આકાશગંગાને ઝાડી આવ્યો હોય છે. પણ મને એ ઉડાનના કરતાં આ વખતે ખરી ઉડાનનો અનુભવ થયો.

મુંબઈથી લખનૌ વિમાનમાં હું ઊડ્યો, 'એર સરવીસીસ ઓફ ઇંડિયા' ના 'ગગનદૂત'માં અમે બેઠા. વિમાનની અંદર બેસવું એટલે સોફાસેટને બેસવું એ વાત આજનાં 'ડે કોટા' વિમાન કબૂલ રાખતાં નથી. એમાં એકવીસ બેઠકો હોય છે. સીધી રીતે અથવા ઢળીને બેસી શકાય એવી રાહત આપનારી ખુરશીઓ એમાં રહે છે. માથા ઉપર નાનકડી નળી રહે છે, એમાંથી જોઇતો હોય તો પવન આવી શકે છે, બંધ બારીબારણે વિમાન એની ઉડાન શરૂ કરે છે.

જૂહુ ઉપર સવારના ગયો ત્યારે આકાશમાં વાદળાં હતાં. વરસાદની હવા હતી અને એવી હવામાં વિમાન જમીન પર દોડ્યું, ખૂબ દોટ એણે દીધી અને નઝાકતથી એણે જમીન છોડી દીધી. હંસ સરોવરમાં લસરે એવી સફેલાઇથી 'ડે કોટા'એ જમીનને પાછળ રાખી દીધી

જૂહુની નાળીયેરીઓ અને દરિયાનો એ લીલો કટકો ઉપર ગયા ત્યારે આંખ સામે એણે નવું રૂપ ધર્યું. વિમાન વાંકું થયું એટલે જમીન પણ વાંકી

થઈ! નવો જ ખૂણો આંખમાં પેઠો. વધુ ઊંચે ગયા. પહેલી ઉડાનનો પહેલો અનુભવ મોહક મેજરી આપે છે : જિંદગીમાં પહેલી વાર આપણે દરિયો જોઈએ એના કરતાં ય પહેલી જ વાર આકાશમાં જઈ જમીન જોઈએ એ અનુભવ મને પોતાને વધુ ઉશ્કેરાવનારો લાગ્યો, વધુ આકર્ષક લાગ્યો.

સાથે શ્રી. ગગનભાઈ હતા એટલે અમે એમને કહ્યું કે અમારી સાથે ગગનના સંચાલક હતા એનો અમને આનંદ હતો. હવે તો વાદળાં જામ્યાં અને વિમાન છ હજાર ફીટ પર પહોંચ્યું.

આ શું? મારી બારીમાંથી મેં એક કૂંડાળું જોયું: મેઘધનુષ્યનો એનો રંગ અને એ મેઘધનુષ્યના રંગીન કૂંડાળામાં 'ગગનદૂત'નો પડછાયો. જોઉં જોઉં, ત્યાં તો એ દૃશ્ય ભુંસાઈ ગયું. વોલ્ટ ડીઝની યાદ આવ્યો. એની રંગીન કારીગરીના જેવું આ કૂંડાળું હતું જળગાંવ, નાસિક ઉપર વિમાન માર્ગ કાપવા લાગ્યું. ટેકરીઓ નીચે હતી, પણ ધીરે ધીરે જમીન અને અમારી આંખ વચ્ચે વાદળનો પડદો આવવા લાગ્યો.

વાદળાં વિમાનની હેઠળ દોડતાં હતાં. નીચે ઉભા રહી ઉપર નજર નાખી ઓળખેલાં વાદળાં, હવે ઉપરથી નીચી નજર કરી જોવાં પડયાં. ક્યાંક ક્યાંક વાર જમીન દેખાણી. બાકી વાદળાં.

મારા મળામાં કવિ નાનાલાલનું ગીત આવ્યું.

'બ્રહ્માંડ બ્રહ્મે પાથર્યું,
સુખકુંજ સમ ઊંડું
હું એકલો ઊડું.'
આઘી ગુફાઓ જોગીની
ગૂઢ મંત્ર ત્યાં છોડું;
હું એકલો ઊડું.

કવિ નાનાલાલની કવિતાને ઉડતા આવડયું હતું, એમની કલ્પનાને પાંખ પર જતાં ફાવ્યું હતું, એનું દર્શન મને આંહીં આકાશમાર્ગે થયું. જમીન પરથી હું આ કાવ્યની અસર આટલી મેળવી શક્યો નહોતો. સ્વ. નાનાલાલનું 'ધૂમકેતુ'નું ગીત જાણે આકાશમાંથી એમણે સીધું કાગળ પર મૂક્યું હોય એવો મને અનુભવ થયો.

એકલો ઊડું. આ 'એકલો' શબ્દ ગગનની આવી ઉડાનમાંથી એનો ખરો પરિચય આપે છે. આ 'એકલાપણા'માં દિલનું રુદન નથી પણ દિલની મસ્તી છે. બ્રહ્માંડ બ્રહ્મે પાથર્યું'—આ 'પાથર્યું' એટલે શું? એ આકાશ જ સૌથી સારી રીતે સમજાવે છે. આકાશ એ એક અનંત ભાતનું પાથરણું લાગે છે. 'આઘી ગુફાઓ જોગીની'—જમીન ઉપરની ટેકરીઓ વિમાનમાંથી જોગીની ગુફાઓ જેવી લાગે છે અને 'ગૂઢ મંત્ર' જાત જાતના આકારનાં વાદળાં આપણા મન પર રહસ્ય છાંટી જતાં લાગે છે.

કવિ નાનાલાલની કવિતાની ઉડાન વાદળાંઓ વચ્ચે તપાસી ત્યારે એ વધુ ખારી લાગી. સોળ હજાર ફીટ પર ગયા ત્યારે પણ મારી સાથે જ કવિની એ ઉડાન ઉડતી હતી! એની પાંખમાં એટલી શક્તિ હતી!

ગુજરાતી સાહિત્યમાં એવા પણ કેટલાક કવિઓ છે કે જમીન પરથી એ બસો ફીટ ઊંચા જાય છે અને એમની ઉડાન ફસડાઇ પડે છે. એમનું સાહિત્ય 'રેડ ફોટા'ની સરસાઇ કરી શકે એવું નથી. એવાં કવિતા 'આકાશ' જોઈને હેમતાઈ જાય છે. ટાગોરનાં કેટલાંક ગીતો યાદ કર્યાં.

હજારો ફીટની ઊંચાઈએ એ ગીતો જળવાતાં હતાં. મેઘાણીભાઈએ એવાં એક ગીતનો તાર મેળવ્યો છે.

"પેલાં વાદળમાં વસનાર,
માડી, મને બાળ બોલાવે.
આઘાં ઊભાં કરે વાતડી,
અમે રમત જ રમતાં,
વહાણું વાયે વહેલાં નીકળ્યાં,
રાતે પાછાં જ ફરતાં.
સોનાના ખેલ સવારમાં,
ખેલ્યાં સૂરજ સંગે,
રાતે રમાડતો ચંદ્રમા,
રૂડા રૂપેરી રંગે

વાદળાં એના આકારો સતત ફેરવ્યા જ કરે છે. એટલે એ રમત રમતાં લાગે છે, અને એ એવો મિજાજ ઊભો કરે છે કે એ આપણી સાથે સંવાદ કરતાં લાગે છે.

પણ વાદળાંનો અસલ અનુભવ લકનૌથી મુંબઈ પાછા ફરતાં મને થયો. એ વખતે વિમાન સોળ હજાર ફીટ ઊંચું ઊડતું હતું. એની કલાકના ૧૮૦ માઈલની ઝડપ હતી. એ વખતે વાદળાં એટલાં નક્કર હતાં કે એમ જ લાગતું હતું કે આરસપાણના સફેદ સ્તંભો આકાશમાં રોપાયા હતા. એક ભજનની કડી સાંભરી. "આભમંડલ કેરા સ્તંભ હુવા."–ભજન સાંભર્યું અને દિલ ભગવું બન્યું. વિમાનની ઉડાન બિલકુલ આંધળી બની હતી. વિમાનીને કાંઈ જ દેખાતું નહોતું. યંત્રોના આધારે વિમાન માર્ગ કાપતું હતું. આનું નામ, આંધળી ઉડાન. એ વખતે વિમાનીની પળેપળ રોકાએલી રહે છે. ખુરશી પર આપણે આનંદથી બેઠા હોઈએ પણ મગનરથનો સારથી–એના કપાળ પર પરસેવાનાં ટીપાં બાઝે છે.

'ગગનદૂત'નો સારથી કેપ્ટન ગ્રેહામ લહેરી લાલો હતો. યુદ્ધનો કાળ એણે વીતાવ્યો હતો. જીવનમરણની પળો એના પર અનેક વાર તોળાણી હતી. એના વિમાન સાથે એ જમીન પર પણ પટકાયો હતો. દુશ્મનો સામે એણે વિમાનમાંથી તડાફડી બોલાવી હતી. એને તો આકાશ સાથે જ વધુ વ્યવહાર હતો.

ભજન ગુંજતો હતો, ને એક વિચાર આવ્યો! આવી હાલતમાં મોત આવે તો! તો મૃત્યુએ આપણી કદર કરી કહેવાય. વાદળાંની કબરમાં સૂઈ ભલે ન શકાય, પણ એવા આરસપાણની વચ્ચે હંસલો ઊડી જાય તો મારા જેવાને જરા જેટલો પસ્તાવો ન થાય! જિંદગી જો એક પૂજારી છે તો મૃત્યુ પણ મોહક પૂજારી શા માટે ન આપે! આવા વિચારો કરતો હતો ત્યાં મારા જીવનના સાવ નાના, સંબંધ વિનાના કેટલાક પ્રસંગો પણ કૂદી આવ્યા.

રૂમૂજ સાથે હું વિચાર કરવા લાગ્યો. આ રીતે મારો ફેંસલો બોલી જાય તો અખબારો એનો રૂડો અહેવાલ પ્રગટ કરે! મારા મિત્રો મારાં સંસ્મરણો પ્રગટ કરે. મેઘાણીભાઈ મારી દિલની ગુલાબીને ગુલાબ ચડાવે.–ભજનની એક લીટીથી મારું હૃદય ભગવું બની ગયું અને સોળ હજાર ફીટ પર મેં તપાસ્યું તો ભજનનો સૂર અને ભજનનો બોલ મને બિલકુલ જીવતાં લાગ્યાં, પ્રેરણા આપનારાં લાગ્યાં. વિમાનના પંખાના ધ્વનિને એકતારો કરવાની ઇચ્છા થઈ આવી.

કવિતાની આ રીતની તપાસ! મારો આ વિચાર મને ખૂબ ખુશ કરનારો લાગ્યો.

નાસિક ઉપર ઊડીને ભોપાળ ઊતર્યા. ભોપાળથી કાનપુર પહોંચ્યા અને કાનપુરથી લકનૌ. ઉડાનના કુલ કલાકો સાડાચાર. અમારી સાથે એક ભાઈ હતા એમણે લકનાની હોટેલના માણસો સાથે શુદ્ધ ગુજરાતીમાં વાતો કરવા માંડી. હજુ તો હમણાં જ તેઓ મુંબઈ હતા અને લકનૌ જેવા ઉર્દુ–જમાનના મુલકમાં તેઓ આવી પડયા હતા એ માટે એમનું માનસ તૈયાર થયું નહોતું. આગગાડીમાં જઈએ તો કલાકોને કારણે આપણને આ બાબતનાં ખ્યાલ રહે છે.

લકનૌ ઉપર વિમાન ઊતરતું હતું ત્યારે એક 'લકનવી' બનાવ બન્યો. વિમાન જે ચીમેડની કેડી ઉપર ઊતરવાનું હતું એના પર ગાયો અને ભેંશો બેઠાં હતાં. એમના પર વિમાનીએ બે વાર વિમાન ઉડાડયું, ખૂબ અવાજ કર્યો ત્યારે એ મિજાજી ઢોરોએ આસ્તે કદમે દૂર જવામાં ડહાપણ માન્યું. હા, ત્યાંનાં ઢોરોમાં પણ આ અદા હતી. તેઓ જ્યારે "દોડવાની" તૈયારી કરે ત્યારે આપણી નજરે તેઓ ચાલતાં જ હોય!

વિમાનઘરમાંથી લકનૌ ગયા. પણ વચ્ચે ૧૪ માઈલનું અંતર હતું. રસ્તા પર બન્ને બાજુ ઝાડો લગી લગીને લકનવી વિનય દાખવતાં હતાં. 'પધારો જનાબ.' જબાનનો વિનય એ લકનૌની જીવનકલગી હતી. કોઈએ મને કહ્યું કે લકનૌમાં જેઓ ચોરી કરે છે એ પણ એટલા વિનય સાથે કરે છે કે સુનારને જાગવું પડતું નથી. સુનારાઓ વિનય જાળવી સૂઈ રહે છે અને ચોરી કરનારાઓ અવાજ કર્યા વિના, તમીઝ જાળવી ચોરી પાર પાડે છે.

કાનપુર પર વિમાન આવ્યું ત્યારે ગંગાજીનાં દર્શન થયાં. ગંગાજીનું રૂપ ચળકતું હતું. પ્રકાશ હતો એટલે એ પાણી આંખમાં બરાબર પેસતાં હતાં. આવડાં મોટાં ગંગા માતા આકાશમાંથી કેવાં નાનાં લાગતાં હતાં! જાણે આકાશ એમના બાપ હોય અને ગંગાજી એમનાં પુત્રી હોય એવી રીતે એ આકાશ આગળ નાનાં બની જતાં હતાં.

સ્ને. ગગનભાઈએ મને કહ્યું: "અમેરિકાથી હું હિંદુસ્તાન વિમાનમાર્ગે આવ્યો ને મેં ગંગાજી દીઠાં ત્યારે મને ખરેખર લાગ્યું કે હિંદુસ્તાન આવ્યું હતું." ગંગા સાથે આપણી ઊર્મિ વરસોથી ગુંથાયેલી છે એટલે આ નદી કંઈકનાં હૈયાં ભીનાં કરે છે.

વિમાનમાંથી નિહાળ્યું તો સમજાયું કે ત્રણ હજાર ફીટથી ઊંચે પક્ષી ઊડતાં નહોતાં. આ તો મારી ઉડાનનો અનુભવ છે. ત્રણ હજાર ફીટ પર પણ ઊડનારિ હતી, સમળી જ. બપોરના લકનૌ પહોંચ્યા. એક રાત લકનૌમાં રહ્યા અને બીજે દિવસે સવારે ફરી "ગગનદૂત" સાથે આકાશમાં આવ્યા.

કાનપુર આવ્યા પછી ખબર મળ્યા કે ભોપાળ તરફ તોફાન હતું. ઊડયા. વિમાન સડેડાટ ઊંચે ગયું. અને વરસતા વરસાદે ભોપાળ આવ્યા. ભોપાળમાં પુષ્કળ પાણી પડયું હતું. ભોપાળનાં જંગલ પર ઊડતા હતા ત્યારે નીચે પાણીની રેલંછેલ નજરે પડતી હતી. એક નવો અનુભવ થયો. વિમાન ઉપર હતું, સહેજ તડકામાં. નીચે વાદળાં હતાં, અને એ વાદળામાંથી જમીન પર પાણી ટપકતું હતું, એ પડતું પાણી દેખાતું હતું.

વાદળાંની અજબ તાસીર છે. કેટલાંક વાદળાં સારી ચાલચલગતનાં હોય છે. એ વિમાનને એમને એમ જવા દે છે. કેટલાંક મિજાજી હોય છે. વિમાનની પાંખ એ વાદળાં સાથે અફળાય કે તરત જ વિમાનને આંચકો લાગે છે. એક નાનું મિજાજી વાદળું આમ કરી શકે છે. જ્યારે મોટું વાદળું સરળ રીતે આપણને જવા દે છે. આદિ તો રાહદારીઓમાં વાદળાં જ. આ ગગનગોટાઓને એમનું પોતાનું વ્યક્તિત્વ હોય છે, એ તો વિમાનમાંથી ખાસ ખ્યાલ આવે છે.

ભોપાળના જંગલમાં ઢોરો ચરતાં હતાં એ કાચનાં નાનકડાં રમકડાં જેવાં લાગતાં હતા. મેં હરણનું એક ટોળું પણ દીઠું હતું. ભોપાળની ઝાડીમાં તો દીપડાઓ અને વાઘો પણ વસે છે એમ સાંભળ્યું છે. હવા ચોખ્ખી હોય અને વિમાન અઢાર હજાર ફીટ ઊંચે હોય તો પણ જમીન દેખી શકાય છે.

જેઓ રોજ ગગનની શેરીઓ કાપે છે એમને ધરતી એક નાની વસ્તુ લાગે છે. એક મોટું ગામડું, હજારો ફીટ પરથી ચાર-છ ખોરડાંનું જ બનેલું છે એમ લાગે છે.

નદીઓ ખાબોચીયાં જેવી લાગે છે, સાગરો નાનાં સરોવર જેવા થઇ જાય છે, પર્વતો નકશા પરનાં રહેજ ઉપસેલાં રમકડાં લાગે છે. એટલે યુદ્ધકાળમાં વિમાની જ્યારે બોંબ નાખતો હશે ત્યારે એને શહેરનો એ વિભાગ એની વેંતના કરતાં ય ઓછો લાગતો હશે. એટલે એ સાવ મામૂલી જ નુકસાન કરી રહ્યો છે એવો એને ભાસ થતો હશે.

જમીનના આકર્ષણ વિષે, ધરતીના પ્યાર માટે માનવીએ ગીતો ગાયાં છે. "તેં ફેંકેલી, મેં શણગારી" ગગનબોડમાંથી પ્રભુએ ફેંકી દીધેલી પૃથ્વીને માણસે કેવી શણગારી એનો ચિતાર આપણે ઉકેલ્યો છે. પણ માનવી અને પૃથ્વીના આવા સંબંધ ઉપર આકાશમાં રહેનારાં જીવ જુદો રંગ ઢોળે છે. એને તો આકાશ પણ એટલું જ વહાલું લાગે છે—ધરતીપર ટકનારા એના કદમ આકાશની અંદર ઊડતા વિમાનમાં રોપાય છે; અને એની આદત, એનો વ્યવહાર જમીન ઉપરાંત આકાશમાં નવો આકાર પામે છે. એટલે એ પૂરતી એના પરની જમીનની પકડ ઓછી થાય છે.

'ડેકોટાને' માટે સોળ કે અઢાર હજાર ફીટ પર ફરવું એ મોટી વાત નથી. આ 'ડેકોટા' વિમાનો લડાઈ હતી ત્યારે હિમાલય ઓળંગીને ચીન જતાં હતાં. કેટલાક ઉતારૂઓને ૧૬ હજાર ઉપરની પાતળી હવા જરાક તકલીફ આપે છે. આપણા જેવાને કાંઈ નહિ!

વિમાનમાં અમારા સાથે જે ઇજનેર હતા, એમણે કહ્યું: "ડેકોટા તો આકાશનું ખચ્ચર છે. એ એટલું

ખાતલ છે." આ વિમાન તોફાનોનો સામનો કરી શકે છે, એમાં આપમેળે સંચાલન કરે એવી હવાઈ દોરવણીની વ્યવસ્થા હોય છે. મુંબઇ પાછાં ફરતાં ભોપાળથી માર્ગ બદલવો પડયો. વિમાન વડોદરા ભણી ગયું, કાઠિયાવાડ ભણી ગયું, પિરમની દીવાદાંડી દેખાણી, ભાવનગરની ખાડી, ખંભાતનો અખાત અને એ માર્ગ પર વિમાન ચાલવા લાગ્યું. દરિયા પર ઊડવું એ વિમાન માટે સૌથી સલામત માર્ગ છે.

"ઝાંખા-ભૂરા ગિરિ ઉપરના
એકથી એક ગ
વર્ષાકાલે જલધિ જલના
હોય જાણે તરંગ."

કવિ કાન્તની આ કલ્પના પર નજર મુકાતી લાગી. હું વિચાર કરતો હતો. ગંગા, જમના, ગોદાવરી, ગોમતી, તાપી એ નદીઓનાં રૂપ મારી આંખમાં આવ્યાં હતાં, એક જાતની 'જાજ્વલ્યમાં' મેં પાર પાડી હતી.

અને ગુજરાત પર આવ્યા. લીલું મખમલ. પૃથ્વીનું રૂપ ખીલવા લાગ્યું. આ રૂપ દીઠું ને વિચાર આવ્યો. 'આવી ધરતી, આવી રળીઆમણી પૃથ્વી શા માટે દુઃખી હશે? શીદને એનાં માણસો ભૂખ્યાં રહેતાં હશે? આ જમીનનું જોબન કોના ભાગે જતું હશે?"

કુમ્મસ...દહેણું...પુષ્કળ વરસાદ. ઝરણ પણ ઊડીને વળગે તેવું. કુમ્મસનાં માણસો એકઠાં મળે છે એ પણ દેખાય છે. સાત સો ફીટ ઉપર જ ઊડીએ છીએ. સાથે "વાયરલેસ"નો અસબાબ છે એટલે જમીન સાથે સંબંધ જળવાય છે. વિમાનને ઊતરવાનું હોય ત્યારે જમીન પરથી વિમાનીને જરી એ જરીની વિગત કહેવામાં આવે છે. "વરસાદ છે...આ રીતે ઊતરો, હા, હજુ જરા ઊડયા કરો. નીચા આવો. પાંખ ફેરવો." આમ જમીન પરનું દિગ્દર્શન વિમાનને ઊતરતી વખતે ખૂબ કામ લાગે છે. વિમાનની જિંદગીમાં સૌથી વધુ અગત્યનું અને સૌથી વધુ ખતરનાક કામ છે, જમીન પર ઉતરવાનું. વિમાનીની જરાક જેટલી ભૂલ વિમાનને હેરાન કરે છે, એટલે તો જમીન પર આવતાં વિમાની એકચિત્ત બને છે.

મુંબઇથી લકનૌ લગભગ ૭૦૦ માઇલ છે. ચાર કલાકમાં આ અંતર કપાય છે. મારી કચેરીમાં આવેલા પેલા મિત્રને હું ફરી યાદ કરું છું. એમની ધૂળની ચપટીને સંભારું છું અને એમને હું જણાવું છું.

"ભાઈ, હું તો આકાશનું વાદળું મારા માથા પર મૂકીને આવ્યો છું. મને તો એની સાથે પ્યાર થઈ ગયો છે. માફ કરજો! એમાં હું તમારી ધરતીની ધૂળની જરા ય અવગણના કરતો નથી."

જો હૃદયમાં કોઇ પોતાના સાચા સ્વરૂપનું દર્શન કરી શકશે તો તેમાં તેને આકાશના પટ સમાન અંતહીન આદિહીન સત્ય, જ્ઞાન ને આનંદ વિસ્તરેલાં દેખાશે.

—રમણ મહર્ષિ.

અલ્લામિયાંની ટાંક

ઝવેરચંદ મેઘાણી

કેમ ચમકે છે હેં?

આજે મને ભેટતાં તેં મારું શરીર ચરબીએ છલકતું જોયું તેથી?

હાં, હાં, તેં તો આપણે ત્રણ વર્ષ પર છેલ્લે ભેટેલા તે કરતાં પણ દુબળો, હાડકાનું માળખું જ બની ગયેલો દીનાનાથ કલ્પ્યો હતો એમ ને? તે વખતે હું પચાસ સો જણાની વચ્ચે તારી કને ઠૂઠવો મૂકી રોઈ પડ્યો હતો ને આજે લાલ ફૂલેલા ગાલે હસું છું તેથી શું તું વિચારમાં પડી ગયો છે ભાઈ?

આવા ફેરફારનું કારણ બીજું શું હોય? મેં એક ગાંઠ વાળી લીધી છે યાર, કે અલ્લામિયાંને ઘેરથી હું એક શાપ લઈને જ આવ્યો છું, કે લક્ષ્મીનો પ્યાર બંદાના તકદીરમાં નથી. બાકીનું બધું જ છે. પૈસા છે—અને તે તો મેં ટપાવાળાને બે રૂપિયાની નોટ આપી દીધી તે પરથી તું જોઈ શકયો. તું ઠપકો આપે છે કે આઠ આનાનો જ દર છે ને હું શીદ દાનેશ્વરી થયો? હું પૈસાવાળો થયો કહું તેમ તું નથી માનતો. પણ પૈસા એ આખરે શી ચીજ છે? એની કિંમતનું ભાન ભૂલી જવું એ જ એની છાકમછોળ માણવા બરાબર છે. મેં પૈસાની કિંમતનું ભાન ખોઈ નાખ્યું છે એટલે હું બાદશાહ બન્યો છું.

એ અર્થમાં મારી કને પૈસો છે.

એ જ અર્થમાં મારી પાસે સત્તા છે. હમણાં જ દિલ્હી જઈ આવ્યો. ઉતારો હતો એક આપણા દેશી હાકેમને ઘેર. સવારે ઊઠતાંની વાર જ સાહેબનો નોકર ગરમ પાણીનું પવાલું ભરીને મારે ઓરડે લાવ્યો. પૂછ્યું કે અલ્યા આ શું? ગરમ પાણીને શું કરું? આ તો સિતમ ગરમીના દિવસો છે ને! એ કહે કે હજામત બનાવી લ્યો: કેમ ભાઈ? તો કહે છે કે તે વગર સાહેબ તમારી સાથે ચહા પીવા નહિ બેસે. કહ્યું કે જા જા હવે, લઇ જા પવાલું પાછું. ને ગયો હું તો સીધો ચહાના ટેબલ પર. 'સાહેબ'ને સંભળાવ્યું, અલ્યા શું છે આ ફિશિયારી? હું બિલકુલ હજામત નહિ કરવાનો. ત્રીજે દહાડે કરું છું પણ હવે તો ચોથે જ કરીશ. તું કહેતો હોય તો આ ચાલ્યો બીજે રહેવા. વિલાયત જઈ આવ્યો છે તેથી ચવળાઈ કરે છે! એક દહાડાની વધેલ દાઢી તેને શું ગોબરાઈ કહે છે? તો પછી તારા માથાના વાળનું શું કહે છે? બોલ્યો કે દીનાનાથ, તારું એકનું તો કંઇ નહિ દોસ્ત, પણ બીજા.....' તરત એને તડકાવીને કહ્યું: 'બેસ બેસ હવે, ને ચા લાવ.'

અરે હજુ તો પરમને જ દહાડે, સૂરતમાં ચૂર્યાને ચુપ કરી દીધી. બોલાવેલો જમવા. ગયો તો ખરો, પણ મારું ટિફિન બોકસ ભરીને લઇ ગયો. ટેબલ પર એની સાથે બેઠો, ને મારું ટિફિન ખોલીને ખાવા લાગ્યો. સૂર્યા તો સ્તબ્ધ! કહે કે આ શું? કહ્યું કે બેસ હવે, તું મિત્ર ખરી, સંબંધમાં ફરક નહિ પડે, બાકી તારે બંગલે જમે તે દીનાનાથ નહિ. તારો ભટ અકકેક વહું મૂકી જાય, ચકલીને ખાવા જેવી તમોએ ખાસ કરાવેલી વાડકીમાં ચાંગળું શાક પીરસી જાય, ફરી કોઇથી મગાય નહિ. માગીએ તો તળીઆઝાટક હોય એમ શું હું ભૂખે મરું? અગાઉ કેટલી વાર તારા ભટે તને, તારાં બાને, તારાં ભાભીને ચાટ પાડ્યાં છે તે તો યાદ કર! પેલો બાસુંદીનો દિવસ યાદ કર! મિત્રોમાંનો એકએક જાણે છે કે બાસુંદી દેખે છે ત્યારે દીનાનાથ બીજી કોઈ ચીજને અડકતો નથી; બાસુંદીથી જ પેટ ભરે છે. તે દિવસે ત્રણ વાર માગી, ભટ મને બુલાવવા બીજું ત્રીજું લાવ્યો, ને છેવટે તને ભટે ચોખું પરખાવી દીધું હતું નહિ, કે બાસુંદી તો હતી તેટલી ત્રણે વાડકીમાં પીરસી દીધી છે? ભટનો દોષ તો તમે શું મોઢાં

લઇને કાઢી શકો ! તમે સવારથી સૂપ, પાંઉં, મરઢો, મુસંબીના રસનાં ટંબ્લર, પૂડ, રાખ ને પાપ પેટમાં ઓરનારાં, ચાર ટંક જમનારાં, રાતે કઇ ભૂખે વાળુ કરો ! ને બાંસદીની એક વાડકી કે એક વધુ વધી પડે તો ભટનો એક રૂપિયો દંડ કરનારાઓ તમે, મને ફરી કદી જમવા તેડશો નહિ, ને તેડશો તે દા'ડે હું મારું ટિફિન બૉક્સ જ ભરીને લાવવાનો.'

સૂર્યા કહે કે 'એ તો અમારા ઘરની સિસ્ટમ !'

મેં સામે કહ્યું: 'કે તે છો રહી, હું ક્યાં કહું છું કે સિસ્ટમ બદલો ! મારી પણ આ સિસ્ટમ સમજી લો.'

કબૂલ કરે છે સૂર્યા. સંબંધ સાચવે છે, લાગણી એવી ને એવી ધરાવે છે. મારી સત્તા સ્વીકારે છે.

એ અર્થમાં મારી પાસે સત્તા છે દોસ્ત !

એ સત્તાને કદી છોડી નથી. વર્ષોથી પરધેર રહું છું. પારકું લાગ્યું નથી. જેને જે દહાડે લાગ્યું તે દહાડે—અરે તે જ પળે મેં એમનું ઘર ત્યજ્યું છે.

ત્યજ્યું હતું તે એક રાત્રિએ. 'નહિ, નહિ, બસ એ બિલકુલ નહિ બની શકે' એવો બોલ પરશુરામનાં મોંમાંથી પડતાં વાર મેં રાતના અગિયારે એના ઘરમાંથી બેત્રણિરતર ઉપાડયાં હતાં, સીધો ઉપલે માળ ગયો હતો, એ ઉપલા માળવાળાની સાથે નજીવી ઓળખાણ, વર્ષ એકથી પરશુરામના ઘરમાં વાસો એટલે પિછાને, જઇને કહ્યું કે આજની રાત અહીં કાઢવી છે. નવાઇ પામીને પૂછે છે કે કેમ ? કહ્યું: 'કંઈ નહિ. નીચે ઠીક નથી પડતું એટલે.' કહે કે સુખેથી રહો.

જઈને પડયો, પણ જાણતો હતો કે અંજનીને પરશુરામે નીચે એક ખંડમાં પૂરી દઇ તાળું લગાવ્યું છે. અંજની ગ્રેજ્યુએટ, ને પિતા મહાક્રાંતિકાર, માતા પણ નવયુગની નારી, બાપ નાગર મા ક્ષત્રિ, પૂરી દીધી પુત્રીને; કારણ કે મારી ને અંજનીની વચ્ચેના પત્રવ્યવહારનો એક કકડો એમને હાથ આવી ગયો. ઓસ્ટ્રલ્યુમ ! અસ્ટ્રલ્યુમ !

સવારે જાગ્યો એમ તો શું કહું ? જાગતો જ બેસી રહેલો. ઉપરની વિશાળ અગાસી માથા પર જાણે આખી રાત ઘ્યાતી રહી. છેલ્લા છ મહિનામાં એક પણ રાત અગાસી અમારી બેઉની રક્ષા કરતી અટકી નથી. અમે પણ એને અણજાણ રાખી નથી. ઘરનાં સૌ સૂઇ ગયાં પછી અંજની જ પહેલ કરતી, અને પોતાની બાજુના જ રૂમમાંથી મને કાન ઝાલી અગાસીમાં ખેંચી જતી.

બસ, આખા વિનાશનું રહસ્ય જ ત્યાં છે—એ કાન ઝાલવાની ક્રિયામાં. એ જ ક્રિયા હું કરી શક્યો હોત, તો આ દિવસ ન આવ્યો હોત. એ મારી રાહ જોતી એના ખંડમાં બેસી રહેતી. હું જઇને એનો કાન ઝાલું, એને ઊંઘતી ઉઠાવું, એને તમાચો કે હંટર ફટકારી આગળ કરું, એવો કોઈ લહારો એનું નારીત્વ મૂંગું મૂંગું માગી રહ્યું હતું એની મને ક્રમબધ્ધતને જ્યારે સાન આવી ત્યારે તો બાજી ગુમાવી બેઠો હતો. ઓહ ! એની તાલાવેલી મારામાંથી કોઈ Caveman-કોઇ ગુફાવાસીની, જંગલી મર્દનું પુરુષાતન પ્રજ્જ્વલી ઊઠે તે માટેની હશે ! પોતાને ભુજપાશમાં ભીડીને ઉઠાવી ચાલ્યો જનાર ધૃષ્ટ, નફ્ફટ અને લસલસતો દીનાનાથ એને જોઇતો હતો. પણ હું તો અંતની ઘડી સુધી કવિના કોઇ મૃદુલ ઊર્મિકાવ્ય શો, પુષ્પ શો, ભક્ત, પ્રેમગુલામ, નારી સન્માનમાં રહી ગયો. ધિક્ ! હવે અત્યારે ભુજાઓ ફરકે છે !

હવે સમજાય છે કે એ છ મહિનામાં એક વાર, આ ઘરમાં કોઇ નહોતું ત્યારે, અંજની મારી પાસે હાથમાં એક ચામડાની શેડવાળો ચાબુક લઇ ને શા માટે આવી હતી અને શા માટે એણે મને કહ્યું હતું કે 'ભલા થઈને મને આ ચાબુકે ચાબુકે ફટકારો, ફટકારો, ફટકારોને, ઊઠોને, બેઠા છો શું ? નિર્બળ છો ? ઊઠો, ફટકારો ચાબુક.'

એને મેં માંડી ગણી. કોઇક રોગીઅલ મનો-

ગ્રંથીની ભોગ બનેલી માની. 'માનસિક રોગ' એ શબ્દે પણ કંઈ ઓછા વિભ્રમો જનમાવ્યા છે! એનો મંદવાડ એક જ હતો: He-manને, મરદને, આક્રમણશીલ પૌરુષને પામવાનો વલવલાટ. એથી તો એણે મારા ઉપલા પડ સરીખા સત્તાશાળી ઉદ્ધત સીનાને સર્વાંગ સાચો સમજી મને શોધ્યો હતો: અને એથી જ તો, મારામાથી જે એને મળતું નહોતું તેને લીધે એણે 'એક રૂપકને પકડ્યું હતું. એ કહેતી થઇ કે હું તો આકાશના ચંદ્રને વરી ચુકી છું. ચંદ્રને કાગળો લખતી, ને ચંદ્ર તરફથી જવાબો આવ્યા સમજી પોતે જ પોતાના પર લખેલા કાગળોને ચૂમવા લાગતી. એ રૂપક હતું,—ગર્દ માટેની જોવાતી વાટનું. હું એને મેં કાઢયો છે એવું જ્યા મેં બેત્રણ મહિને આશ્વાસન મેળવ્યું ત્યાં તો એણે જાહેરાત કરી—એક કલ્પનાપુરુષની. એ બોલી ઊઠી કે એ પુરુષ આવે છે—ચાલ્યો આવે છે—એ જ મને વરશે, એની જ હું બની જઈશ. તું નહિ દીનાનાથ, તું નહિ, એ તો આવે છે, એ મારો મનનો માન્યો, મારો પ્રણયવીર. ચાલ્યો આવે છે.'

મે કહ્યું 'અરે ઘેલી ન થા. અંજની! કોઈએ નથી આવવું.'

પણ ઘેલી અંજની નહોતી, ઘેલો હું હતો. એ તો આખરે આવ્યો. સાચો બનીને આવ્યો, શેરસટ્ટાનાં બજારમાંથી આવ્યો—સોનેટોની બાગમાંથી નહિ રે મૂઢ!—અને તમાચા ઝૂડીને ઉપાડી ગયો અંજનીને. ચાબુકની વાત સાચી પડી.

તું ભાઈ! આ બધો ધડમાથા વગરનો પ્રલાપ સમજતો નહિ. હવે કંઈ હું ગાંડો કે વિભ્રમિત નથી. એ તો તે વેળા હતો. આજે તો અલ્લામિયાંની મહેરબાની છે: ને તું જુએ છે; કે મારું શરીર લાલ ટમાટા જેવું છે, ને ઊંઘ તો એટલી અનુકૂળ છે કે તું કહે તો અબઘડી ઘસઘસાટ ગજરી મૂકું.

તું જાણતે નથી ને આખી વાત? તો હું કરું. ના, એ કહેતાં કહેતાં હું લાગણીવશ બની જઈશ એવી બીક રાખતો જ નહિ. તું જોઈ લે ને, આખર સુધી મારા સ્વરમા કોઈ કમ્પારી જુએ, આંખમાં જળ જુએ, કે નાનકડો યે નિ:શ્વાસ જુએ, તો મને ફિટકાર દેજે.

હું શું કહેતો હતો! હાં, સવારે હું ઉપલા માળ પરથી નીચે ઊતર્યો, પરશુરામની પાસે ગયો, મને જોતાંની વાર તો એમણે તત્કાળ કરી કહ્યું:

'નહિ નહિ, એ કદાપિ નહિ બને.'

મેં કહ્યું: 'પરશુભાઇ! કબૂલ કરું છું, મારો વાંક એટલો ખરો કે મેં તમને કોઇને કહ્યા વગર તમારા જ ઘરમાં રહી રહી આ પ્રસંગ બનવા દીધો. પણ દોષ મારો નહોતો, તમારી પુત્રીનો હતો. ખેર, પણ હવે તમને વાંધો શો છે?

'નહિ, નહિ, નહિ.' એ તાડૂકી ઊઠયા 'એ બની જ કેમ શકે? આખરે તો હું નાગર—ને મારી પુત્રી નાગરને જ પરણશે.'

'હેં! આ કોણ બોલે છે!' પરશુભાઈ બોલે છે! જાતિના ધ્વજધારી.....

'દલીલબાજી કરવી નથી.' એણે એ કહેતે કહેતે પોતાના પગની પાની પરથી એક મૂઝેલ ચામડી ઉખેડી કાઢી.

'પણ અરે પરશુભાઈ! તમે પોતે શું કર્યું છે!'

'દલીલો મારે કરવી નથી.' દલીલો સીવાય જેણે જીવનભરમાં ભાગ્યે જ કશું કર્યું છે તેમના આ ફરીવારના શબ્દો: અને એણે ઉમેર્યું.

'ને જુઓ, એનો જે કંઈ પત્રવ્યવહાર હોય તેનો નાશ કરી નાખજો. એને નુકસાન ન થાય તે જોવાનું છે. કહી રાખું છું.'

બસ. અહીં મારાથી તપી જવાયું. મેં એની સન્મુખ દૃષ્ટિ તાકીને કહ્યું કે 'બસ કરો પરશુભાઇ, એ તમારો પ્રદેશ નથી. પત્રવ્યવહારનો માલિક હું છું ને એનો સદુપયોગ દુરુપયોગ તો મારી એના પ્રત્યેની લાગણીથી નક્કી થશે, તમારી દમદાટીથી નહિ.'

ઊઠી ગયો. આજે પાંચ વર્ષે તો એ પણ કબૂલ કરે છે કે દીનાનાથના હાથમાં અંજનીના કાગળો

સલામત રહ્યા છે, સલામત જ રહેશે. અરે મૂર્ખ ! તું શું કહેતો હતો ? એ પત્રવ્યવહાર શું દૂરવાસી દેહોની લાલસાકૃતિઓ છે ! ના, ના, એ કંઈક જુદી બાબત છે. કંઈ નહિ. જવા દો. મુકું એ તો બધું

મૂળ મુદ્દો તો આ રહ્યો છે: અંજનીને મારે જ ઉપાડી જવી જોઈતી હતી તેને બદલે એનાં માબાપ ઉપાડી ગયાં. અંજનીને જે મારામાંથી જોઈતું હતું તે એણે પોતાની અંદરથી મેળવ્યું. એને આબુના પહાડે નવલકથાઓમાંથી સંકટગ્રસ્ત સુંદરીઓનો મિજાજ પાયો. પરશુભાઈએ બજારમાંથી તૈયાર માલ જેવો જે ન્યાતીલો જુવાન ત્યાં આબુ પર હાજર કર્યો હતો તેને અંજનીએ તરછોડી નાખીને કહી દીધું, 'મૂરખ થતો નહિ ભૌઇ, ચાલ્યો જજે ઝટ આબરૂભેર. હું તો એને-મારા દીનાનાથને પરણી ચૂકી છું. તું મગતરું મને શું પરણવાનો હતો !'

હું બેઠો બેઠો એક કરુણ ગીત ગણગણતો હતો. મારાં આંસુ ધારાબંધ ગાલ પર દડતાં હતાં. મારા મેજ પર એની છબી હતી. ત્રીજા જ સ્નેહીના ઘરની એ ઓરડી હતી. હું એકલો એકલો ગાતો ને રુદન કરતો હતો.

અચનાક કોઇકે મારો કાન ઝાલ્યો. કોણ અંજની ? ઓહોહો ! આવી ? આટલો બધો સ્નેહ ! એના ખોળામાં માથું નાખી દીધું.

એ મારું માથું, ગરદન, હાથ વગેરે તપાસવા લાગી, ને પૂછ્યું, 'ક્યાં વાગ્યું હતું ? કેવુંક વાગેલું ?'

'વાગેલું ? મને ? શું ?'

'કાચ ને સળિયા !'

'કાચ ને સળિયા ? શાના ?'

'મારા ઓરડાની વેન્ટીલેટરના જ તો !'

'એ શું ?'

'કેમ નહિ વળી ? તમે કાચ તોડ્યો, સળિયા વાળતા હતા.'

'ક્યારે ? તું શું લવે છે અંજની ?'

'તે રાત્રિએ, મને બાપુએ ઓરડામાં પૂરી દીધી ને તમે મોડેથી બહાર વેન્ટીલેટર પર ચડ્યા, કાચ તોડ્યો, બારી ખોલી, સળિયાને વાળી નાખી મને બહાર કાઢવા માર્ગ કરતા હતા-ખોહીલુહાણ હતા, કેવા જબરા તમે ! આટલું બધું કાંડા-બળ છ મહિના ક્યાં છુપાવ્યું હતું ! મને તો કદી એવું જોર કરી.....'

'જકડી નહોતી'-એ શબ્દ એની શરમમાં સમાઈ ગયા. ને મારી શરમે મને તો ગાભા જેવો કરી નાખ્યો. હા ! હા ! આ છોકરીની કલ્પના મારામાંથી મરદાનગીનો ઉકાવ કરતી કરતી એ રાત્રિએ આવું સ્વરૂપ-ઝંખતી બેઠી હશે બંદિની ! હું એ ટાણે આ ઉદ્ભ્રાંતિનો મર્મ સમજી ન શક્યો. મે તો ઊલટી મોરી સંભ્યતાને જ પકડી રાખીને સત્ય કહી નાખ્યું। 'ના રે ના ગાંડી ! હું તે એવું કરું કદી ? હું તારા પર જબરદસ્તી વાપરું ? મારે તો તને સૌની સંમતથી જ મેળવવી છે, મારે બદમાશ બની તારો ભવ નથી બગાડવો !'

'ઓહો !' અંજની પોતાનો પાંચ હજારનો હીરો પડી ગયો હોય પણ એ હીરો ચોરેલો હોઈ કોઈને કહીયે ન શકાતું હોય એવો ભાવ ધારણ કરી રહી ને મારા ગળા પરથી હાથ ઉઠાવી લેતી બોલી: 'ત્યારે એ સ્વપ્નું !

'સ્વપ્નું જ તો !'

મે માન્યું કે એનો એક વધુ રોગ મેં મટાડ્યો.

'બાપાજીએ તમને કંઇ સતાવ્યા નો નથીને !

'નહિ રે, હું એવું કારણ આપું જ કેમ ! તારું બગડી જાય ને !'

'શું મારું બગડી જાય બગડી જાય કર્યા કરો છો !' એ ચિડાઈને કકળી ઊઠી : 'મને આબુ પર શોધવા પણ ન આવ્યા ?'

'પણ આવું તો તારું બગડી.....'

'બસ લો. બહુ થયું. ઘણા સારા, સમજુ ને શાણા માણસ ! ખેર, ચાલો, હું તો આવી પાછી !'

તે વખતે નહિ પણ આજે અત્યારે હું એ શબ્દોનો નિગૂઢાર્થ સમજી શક્યો છું એ પાછી આવવા બદલ કેવી પસ્તાઈ હતી એણે આમુ પર જે તોફાન મચાવ્યું હતું તે તો પેની એની કલ્પનાના તોરમા એના ઓરડાના વેન્ટીલેટરનો કાચ તોડતો ને સળિયા મરડતો લોહીતુહાણ કલ્પનામૂર્તિ દીનાનાથ એને આમુ પર ઉત્તેજી રહેતો અરે! એ વખતે આ ગમ પડી હોત તો હજુ પણ આ સર્વનાશ રોકી શકાયો હોત, કારણ કે અજનીએ મને ફરી એક વાર–બે વાર–ત્રણ વાર તક આપી

અમારાં મિલન, આ ત્રીજે સ્થળે ચાલુ રહ્યાં ફરી પાછા મહિના ગયા વર્ષ ગયુ મે પૂછ્યુ ' તુ હવે ચોકીપહેરાથી મુક્ત છે ?'

' હા, બાપાજીને તો મે આ ગજવીમા જ મૂકી દીધા છે' એમ કહેતે એણે બ્યાઉઝની ગજવી બતાવી

' શી રીતે ?'

' એમ કહીને કે એમ. એ તુ પતાવી લીધા પછી કહેજો તેમ જ કરીશ, નાગરને જ પરણીશ, પણ મારો મનપસંદ શોધી આપો એ શોધે છે!'

• બસ, પાછી પેના વિક્રમોથી સાવ મુક્ત, શરદની મેઘમુક્ત ચાંદની શી - જીની પ્રેમચર્ચા વિસ્તરી હી રોજ આવે, કનાકો મારી જોડે ગાળે, ડાહી બનીને બોલે કે, ' તમે સાચુ કહો છો દીનાનાથ! બાપાજીને ને બાને મનાવી લઈ એમના આશીર્વાદ સાથે જ પરણવુ–હા, એમની સહાનુભૂતિ વિના તો આપણે દુખી બની જશુ, આપણને કયાય જપ નહિ વળે, માગ પરનું એમનું વહાલ એટલું તીવ્ર છે કે એના દ્વેષ ફાટી પડશે ને તમે ખરુ જ કહો છો દીનાનાથ, ભાગેડુ લગ્નોએ આપણી સુરક્ષિત દુનિયાની ઈર્જાને હવડી પાડી છે, એવુ નથી કરવુ ' વગેરે વગેરે મારી જ સલાહો શિખામણોના એ ચુકસારિણની જેમ પાડ પડી ગઈ એ જ્યારે આ મુદ્દાની રજૂઆત કરતી ત્યારે મારી મ્હેલી દલીલોની અદર પેતાની નવી પણ ઉમેરતી હતી એના નવા મુદ્દા તો મને ચમત્કારી લાગ્યા વાહ ? કેવી વિશદ વિચારસરણી ચાલવા લાગી ! વાહ રે પ્રિય શિષ્યે ! આવો બુદ્ધિનો સુમેળ સાધીને અમે સંસાર માંડશુ એટલે તો જીવન નવાટ અજવાળાઈ જશે

પણ આજે એટલુ જ સ્વપ્ન જોઈ શકે છે દીનાનાથ, કે જે મૂરખ ! એ તો પેના માસ્તરો પરીક્ષામા છોકરાઓને પૂછે છે તેના જેવી વાત હતી પૂછે છે કે ' નીચેના વાક્યો હકારાત્મક છે તેને નકારાત્મક કરો,'

મારે પણ અજનીની ' હા ' અને ' ના ' ને ' ના ' અને ' હા ' સમજવાની હતી સૌ કોઈ પ્રેમીની સામે પ્રકૃતિનો એ પ્રશ્નપત્ર છે નારીના નકારને હકારમા ને હકારને નકારમા સમજી લેજો એ બોલે તેમા પ્રશ્નાર્થને નિશ્ચયાત્મક અને નિશ્ચયાત્મકને પ્રશ્નાર્થ ગણી લેજો નહિ તો બચ્યાઓ ! તમે ચોકડી મેળવીને પાછા જશો

મારો પરીક્ષાપત્ર લઈને હું આજે પરીક્ષાના તખ્તામાંથી બહાર આવ્યો છુ ઊભો છુ નિહાળુ છુ, મોટી ચોકડી મળી છે કારણ કે જે એક પ્રશ્નમાં તો પાસ થવાનું અનિવાર્ય હતુ તેમાં જ હું ઊડી ગયો અજનીએ ' હા સાચુ, તમે કહો છો તે જ આવું છે' એમ કહ્યું તેને મારે નકારાત્મક રૂપમા જ મૂકવાનુ હતુ ખરી રીતે તો એ માગતી હતી કે ' ઉપાડી જા, મને તારા ખભેરા પર ઊંચકીને ચાલ્યો જા અરે મારા ભગવદ્ગાર શરીરથી ભડક નહિ તારે ખભેરે ચડવા બેગી જ હું એક ચકલી જેટલી હળવીફૂલ થતી જઈશ '

પણ એ તો આજે સમજાય છે મનોવિજ્ઞાનનું મારુ ભણતર છેક આજે સમજાય છે ભણતર ની ખૂબી એ છે બુદ્ધિને એ પરિપક્વ બનાવે છે. અણુધતા, અકમજના અને ઉન્માદતાએ જીવનમા જે ભાગ ભજવવાનો છે તે ભણતરને માન્ય નથી

ખેર, પરશુભાઈના ગિન્નેજદ કુટુમમા ઘા કાઢી આવનાર તરીકે મને એક નવી જ ફાર્નિ મળી હતી હું એક સીધો સાદો માણસ, ગરીબનો પુત્ર, સોમજા કવિહૃદય ધરાવનો મજારી, ને પૂર્વમ-

સારમાં અનન્ય આહુતી આપનારો, કીર્તિ ઉપરાંત સહાનુકમ્પાનો પણ અધિકારી બન્યો હતો. કારણ કે પરશુભાઈના નાનકડા શરીર પરનો વિરાટ-ઝખ્મો મેં ચીરી નાખ્યો હતો. એની આદર્શવાદિતા અને ક્રાંતિવીરતાનાં મોર-પીંછડાને ખેંચી કાઢી મેં મૂળ કાગડો ખુલ્લો કર્યો હતો. ને મેં જાણે કે ઢુંઢા રાક્ષસના ગઢકિલ્લામાંથી સુંદરી મેળવી હતી. આ વાતે મને નવા પ્રશંસકો, ભક્તો ને પૂજકો સંપડાવ્યા હતા. એમાં હતો એક રૂપજી. શેર બજારનો એ જુવાન મને શોધતો એક દિવસ આવી પહોંચ્યો. મારી આરતી ઉતારતો હોય તેમ એ મને ધન્યવાદ દઈ ગયો. જૂની ઓળખાણ પણ જૂજ જેવી. ભણતો ત્યારે કવિતાઓ કરી બતાવવા લાવતો, મેં જોઈને કહેલું કે 'નકામાં શાહી કાગળ શીદ બગાડે છે? તારામાં કવિપણાનો અંશ સરખો ય નથી. તારો અવાજ જાડો, આંખો રશ્મિહીન, મોં ડાઘા જેવું, શરીર કદાવર, આંગળાં બરછટ, તું આ દિશામાં ભૂલેચૂકે ય ન જતો. જા જગતમાં, પૈસો રળ, પોબાર પડીશ. આશિષ છે.

એ આશિષો એને ફળેલી અને ત્યારથી એ મારો ચેલો બનેલો. કહેતો કે 'દીનાનાથભાઈ, કવિતાને જોડે મારી તે જ દિવસથી તકદીર પ્રકાશ્યું. છતાં કવિઓની ચરણરજ છું. તમે તો હદ કરી છે, પૈસા માટે મુંઝાતા નહિ. ધાર્યું પાર પાડજો, આ લો.'

થોકડી ભરીને લીલી નોટો મૂકી ગયો.

ફરી આવ્યો-ફરી ફરી આવ્યો-એક વાર અંજની હતી ને આવ્યો. ઓળખાણ કરાવી. 'આ મારો મિત્ર રૂપજી.'

અંજની તો વારે વારે નાક જ લૂછતી રહી. એ બેઠો ત્યાં સુધીમાં સાતેક વાર બહાના કરી બહાર જઈ આવી. ને એના ગયા પછી કહે 'બાપ રે! કેવો ગંધાતો હતો! પેસીના શું આવા થતા હશે! માણસનાં શરીરોમાં આટલી સખ્ત ખાટી સોડમ!'

પાસે ગુલાબ પડેલાં, લઈ લઈને પોતે સૂંઘતી અને મારે નાકે દબાવતી રહી. મારા આખા મોં પર એણે ગુલાબો લસરાવવા માંડયા.

મેં કહ્યું, 'તું એવી તો પોપલી વેવલી અમીરીમાં ઊછરી છે અંજની, કે તારી જમાત બહાર બધે પસીનાની દુર્ગંધ અનુભવે છે. આપણી એ એક આદત જ છે. પણ તું ભંગીઓમાં સેવાકાર્ય કરવા જનારી થઈને.....'

'હા, ભંગીઓની દુર્ગંધ સહી શકું છું, અરે એ લાગતી પણ નથી. પણ આવા લોકો-જેઓ અહીં આપણાં દીવાનખાનાં સુધી પહોંચનારાઓ છે, પૈસાવાળા છે, સારાં ઘરોમાં રહે છે, અપ-ટુ-ડેટ કપડાં પહેરે છે, તેમની બાશ થી રીતે સહેવાય?'

'બસ કર બાઈ! તારી વિચિત્રતાઓ ને ધૂનોની કંઈ હદ નથી. પણ એ મારો જૂનો ચેલો છે, મને મદદ કરનારો છે, ભણેલો ગણેલો આબરૂદાર માણસ છે.'

'ગમે તે હો, મને તો હૈસાબ! ઠીક ય ન ગમ્યો. ત્રાસ પામી ગઈ.'

'હશે એ તો આવી ચડેલો. ભોળો છે બાપડો. આપણે આંગળી ચીંધીએ ત્યાં એ પૈસા વાપરે, કહીએ તે કરે.'

'મૂકો એની વાત. ગુલાબોની સામે બેઠાં છીએ. ગુલાબી જ વાતો કરીએ. આજે તો અજબ સુગંધી ગુલાબ મળી ગયાં રસ્તે.'

—તે પછીના બેએક કલાક અમે ગુલાબમય બની ગયાં.

ફરી એક દિવસ પાછો રૂપજી આવી જ અણધારી રીતે ભટકાઈ ગયો. એના ગયા પછી મેં અંજનીની માફી માગી: 'મેં બોલાવ્યો નહોતો. એને બાપડાને પણ ક્યાંથી ખબર કે તું અત્યારે અહીં હો! બધો અકસ્માત જ બન્યો છે. સોગન ખાઉં છું.'

'ઠીક, મને ચીડવવી જ હતી એમ સીધું કહેવું નથી.'

'નહિ, તારે બોળે માથું.' એમ કહી મેં માથું

એના ખોળામાં ઢાળી દીધું. થોડી વારે એની આંખોમાંથી મારે ગાલે ટીપાં પડ્યાં.

'પણ શું છે? કહે તો ખરી?'

'ના, કશું નથી.'

હું જાણું જ તો. મારા પરનું વહાલ, ખોળે માથું ઢાળીને સૂતેલા- સંપૂર્ણ સમર્પિત માનવી પરનું વહાલ.

રે નાદાન! તું શું ધૂળ જાણતો હતો? આજે તો દીવા જેવું દેખું છું, આ શરણાગતિ–આ આત્મસમર્પણ જ એને રડાવતું હતું. એને જોઈતો હતો He-man.: મરદ

માંડ માંડ એ રૂપજીની હાજરીને સહી લેતી થઈ. ત્રણેક મહિને તો માંડ એની સાથે બે શબ્દો બોલતી બનાવી. છતાં પેલો ન દેખે તેમ મારી સામે જોઈ હોઠ મરડી કેટલી ઉગ્ર નફરત બતાવે! હું રિમત કરીને મૂંગી ક્ષમા માગતો હોઉં તેવો માર્દવ સાથે અંજનીને શાંત રાખવા મથતો.

એવા દિવસો ય વીત્યા. ને પછી તો અંજની રૂપજીની રૂબરૂમાં જ વિદાય લેતી કહી ગઈ કે પોતે બુધવારે બપોરે ત્રણ વાગે આવશે.

રૂપજી બુધવારે બે વાગે આવ્યો. અઢી વાગે એણે કાંડાઘડિયાળ જોયું. મેં કહ્યું 'અરે કંઈ નહિ, બેસને!'

'ના, જવું છે.'

'પણ અરધા જ કલાકમાં અંજની આવશે. મળીને જ જજોને?'

ના કહીને ત્રણમાં દસ કમ હતી ત્યાં ચાલ્યો ગયો.

અંજની એને નજીકમાં જ ક્યાંઈક ભટકાઈ હશે ને! સમજી ગયો હોવો જ જોઈએ, કે પોતે અંજનીને ગમતો નથી.

આ બધી તો મારી તે દિવસની સમજણ, હા કે ભાઈ! આજની સમજણ જુદી છે.

વળી પાછાં બેઉ જણાં કોઈક દિવસ મારી પાસે ભટકાઈ જાય, વળી કોઈક દિવસ રૂપજી વહેલો ઊઠી જાય ને પંદર-પચીસ મિનિટે અંજની આવી પહોંચે. હું માનું કે બાપડાને ખબર પણ પડતી નથી કે અંજની ક્યારે આવનાર છે છતાં ઊઠી જ જાય છે અને પછી અરધા કલાકે-કલાકે અંજની આવી પડે. કોઈ કોઈ વાર અંજની બેઠી હોય ને હાજર થાય. મતલબ કે એ બધાં મિલનોને હું અકસ્માત જ ગણતો.

પછી તો સિનેમાની બે ટિકિટો પણ એ મને આપી જતો.

અંજની કહે કે 'આ તે શું અપમાન કરે છે? શું આપણને પૈસા નથી મળતા તે દાન કરે છે! એનામાં વિવેક તો હોવો જોઈએ ને?'

'શાનો વિવેક?'

'કેમ શાનો વિવેક? આપણને પોતે લઈ જવાં જોઈએ પિકચરમાં.'

એ બાપડો એ પછી લઈ જવા લાગ્યો. ઓચિંતો એક સારા પિકચરની ટિકિટ લઈને ઊભો રહ્યો. મેં કહ્યું કે 'પણ અંજની તો અત્યારે યુનિવર્સિટીમાં હશે.'

'તો ચાલો લેતા જઈએ.'

'હું તો ન આવી શકું લેવા.'

'તો હું તેડી લાવું.'

હું થોડવાઈ રહ્યો. આને જોતાં જ પેલી ઝંઝટ દેખી બેસ ભડકે છે તો આની સાથે બસ કે ગાડીમાં શે આવશે? મારા તો હોશ જ પાછળથી ખાટા કરી નાખશે ને?

'ખેર, જા ભાઈ, જો જોઉં, આવે છે?'

આવી તો ખરી, પણ છણકા કરતી. ત્રણે જણાએ થીએટરમાં બેઠક લીધી. ત્યારે 'રો' માં હું પહેલો પેઠો, મારી પાછળ રૂપજી ને તેની પાછળ અંજની. પણ એ રીતે અંજની શાની બેસે? મને વચ્ચે બોલાવી લીધો. રૂપજી બાપડો છેલ્લો ગયો. ને અંજનીએ મારી એકલાની સાથે જ વાતો કરે રાખી.

બહાર આવ્યા પછી, રૂપજીના ચાલ્યા ગયા પછી મેં અંજનીને મૃદુ ઠપકો આપ્યો: 'કર્ટસી (સભ્યતા) અંજની! કર્ટસી પણ નહિ? એ લાવ્યો ને અક્રમાત એ આપણી બેઉની વચ્ચે હતો, તો પછી એમ જ બેસી જવું જોઈએ ના!

'એમ કે!' એનો કંઠ કંપ્યો.

'શું થયું વળી?'

'તમે-તમે કેમ એટલું ભાન ન રાખી શકયા? મને કેમ 'રો'માં પહેલી ન પેસવા દીધી? આજે આ વર્યો 'કર્ટસી'નાં ચાલે છે કે 'કોર્ટશીપ'નાં? પરણ્યાં પછી મને ઠીક પડે તેની સાથે બેસાર-જોને!'

કેટલી બધી વિગતભરી સ્નેહજાગૃતિ! હું તો છક થઈ ગયો. કહ્યું, 'સાચું.'

'ના, હું તો જેમ તમે રાજી રહો તેમ કરીશ. પણ કર્ટસીને ખાતર નહિ, તમારે ખાતર.'

'મારે ખાતર' એણે તે પછીનાં પિકચર-ગમનોમાં પ્રથમ અમારી બેઉની વચ્ચે બેસવા માંડયું, ને પછી કોઈ કોઈ વાર રૂપજીને વચ્ચે રાખીને બેસવાની ગોઠવણ સ્વયમેવ ચલાવી.

ને ડાહીડમરી બની રૂપજીની જોડે જ એણે પિકચરની ખૂબીઓ ચર્ચવા માંડી.

વચ્ચે વચ્ચે મારી તરફ ફરીને ટકોર કરે કે 'જડસુ છે, કશું સમજતો નથી.'

હું એનો હાથ દાબી પાડું: 'વારિ મૂર્ખ!' ધીરે!'

'ઠો સાંભળતો!' એ વધુ બરાડતી.

દરમ્યાન હું રૂપજીને જોતો તો ખરે જ એ જડસો દેખાતો. શરીર પહેલવાનનું, અક્કલ ઊંટની, ભલો બાપડો.

આ હા હા! કાતિલ ભલો! જાલિમ ભલો!

દરદનું ઓસડ દા'ડા: દહાડા જતા ગયા ને રૂપજીની રીતભાતને અંજની પચાવતી થઈ. પણ જડસુ ખરો કની, તે એક વાર એ પિકચરમાંથી અમને દૂધ કોલ્ડડ્રિંક પીવા લઈ ગયો.

અંજની કહે, 'નથી પીવું.'

રૂપજીએ પૂછયું, 'કેમ?'

'ના, કંઈ નહિ. નથી.'

રૂપજી કહે, 'પીવું પડશે.'

'પડશે એટલે?'

'એટલે પડશે.'

'નહિ તો?'

'માથે રેડીશ.'

એટલું બધું?

'અલબત્ત.'

સીન થઈ ગયો બેઉ વચ્ચે. હું ગભરાયો. મેં અંજનીને કહ્યું, 'આ તે શું? એની ઇચ્છા છે તો પી લે.'

'નહિ પીઉં.'

'તો આ લો!' કહીને સાચેસાચ રૂપજીએ આખો ગ્લાસ અંજનીના ઉપર ઢોળી દીધો.

ને હું તો ધ્રાકી ઊઠયો. ભયંકર રમખાણ મચી જશે!

પણ કંઈ ન બન્યું. અંજનીએ કંઈ અદ્ભુત સંયમ દાખવ્યો!–

પણ આ તો તે વેળાની મારી માન્યતા. આજની નહિ.

આજની માન્યતા વળી બીજી શી, એમ પૂછે છે તું ભાઈ?

લે કહું: અંજનીને એ જ જોઈતું હતું. એવી કોઈ અદમ્ય લાલસા એને જલાવતી હતી. જેમ પેલો ચાબુક, તેમ જ આ ગ્લાસ. કોઈ ફટકારે? કોઈ પોતાની અનિચ્છાને નકારાત્મક સ્વરૂપમાં મૂકી આપે? અહો! એ વખતની અંજનીને યાદ કરું છું તો પહેલી પ્રેમ-હતાશણીમાં રંગાયાની તૃપ્તિએ ભર્યું ભર્યું એનું મોં તરવરે છે.

અથવા તો ભાઈ ! આમ પણ શક્ય છે: કે એણે એક આપત્તિ નોતરી, ને મારી પરીક્ષા લીધી, કે આ મને બચાવે છે કે નહિ ? હું ન બચાવી શક્યો. મારે ઠપકો રૂપજીને આપવો જોઈતો હતો. મેં આપ્યો અંજનીને, બસ એણે માગમાં પોતાનો રક્ષણહાર ન નિહાળ્યો. એ ગઈ આક્રમણકારને, He-man ને કેવ-મેનને, પોતે જેને માગતી હતી તેને : સોટાને, સોનેટને નાહ.

લાંબી વાત ટૂંકી કરું.

મહિના ગયા. એ માંદગીમાંથી ઊઠી હતી. ઝડપે શરીર પાછું પાંગરી ઊઠ્યું. બે મહિને મળી, પણ કેવી લાવણ્યભરી ! મીણની મૂર્તિ, અકડીશ તો રખે ઓગળી જશે. સર્વ કોમળતા નિતારીને એને પંપાળી. લગાર પણ સતાવણી ન થવી જોઈએ હાં કે ! એવું માર્દવ ધારણ કરજો મારા હાથ.

પાંચ કલાક. કસમ ખાવાની કોઈ જરૂર નથી મિત્ર, પૂરા પાંચ કલાક એ મારા ખોળામાં ને હું એના ખોળામાં : પછી એ ઊઠી અને એક ક્ષણ ઊભી રહી. 'ચોકું કહેવું છે.'

'ઓહો ! હજુ રહી ગયું ? કહે.'

'હું રૂપજી સાથે પરણીશ.'

'ફરી પાછું ગાંડપણનું ફીટ કેમ ?'—હું હસ્યો. એણે કહ્યું;

'હસવાની વાત નથી.'

'ત્યારે શું છે એ ?'

'પ્રેમ.'

'ક્યારનો ?'

'પહેલો દીઠો ત્યારનો.'

'પરણીનો ગંધાયો હતો ને ?'

'એ ગંધ જ ઘસડી ગઈ છે'

'નહોતો ગમતો ને ?'

'ગમાનું જ એ ઉમ્ર રૂપાન્તર હતું.'

'થિયેટરમાં ?'

'ગમતો હતો.'

'વિભ્રમ નથી ને ?'

'ના, આગલા સર્વ વિભ્રમોનો અંત આવ્યો છે. હું હવે સાફ રસ્તા પર છું.'

'વારુ !'—કહ્યું, પણ હું તમ્મર અનુભવતો હતો. 'રહે તો થોડી વાર !' કહીને હું પાંચેક મિનિટ ચુપ રહ્યો. પછી મારી કળ વળી. મારા હોઠેથી આ શબ્દો સર્યા :

'અંજની ! પાંચ પાંચ વર્ષ પછી ?'

'ઈલાજ નથી.'

'પણ થોડો કાળ તો અટકી જા, તારી લાગણીઓને તપાસ્યા પછી હું આડો નહિ આવું. પણ તું થોડો સમય–'

'અશક્ય છે.'

'કારણ ?'

'એના વિના રહી નહિ શકું.'

'પણ છે શું ?'

'એની પાસે ગયા વગર ઈલાજ નથી.'

'કેમ વારુ ?'

'એણે મને ત્રણ થપાટો ચોડી દીધી છે. 'ટાયરન્ટ' છે. મારા પર ધાક બેસી ગઈ છે. ગયા વિના રહી નહિ શકું.'

વાહ !—ત્રણ થપાટો ! ચાબુક ! સોનેટ નહિ પણ સોટા માગતી હતી આ સ્ત્રી : મારી પ્રત્યેક સમસ્યાનો ઉત્તર મળી ગયો. અંજનીને રોગ નહોતો, માનસિક માંદલાઈ નહોતી. કોઈક કબજો કરનાર 'ટાયરન્ટ' જોતો હતો. એ નિર્દોષ હતી.

મેં કહ્યું કે 'સુખેથી, રજા આપું છું. જા. પણ કહી રાખું છું, કે પાંચ પંદર દહાડે કદાચ તારી શરીર-ભૂખ તૃપ્તિ પામી જાય, તને એના પર અણગમો આવે, તું ન રહી શકે, અથવા એ ન રાખી શકે, તો તું ચાલી આવજે. તારે માટે મારા

જીવનમાં એ જ સ્થાન હશે. કદાચ તારા પેટમાં બાળક હોય તો પણ ચાલી આવજે. આવજે હું પરણીશ, પ્રસૂતિ કરાવીશ, ને બાળકને મારું જ સમજીશ. જા, સુખી થા.'

એ ગઈ.

આજે તો એને બે બાળકો છે.

પાછી નથી આવી.

નહિ આવે.

વર્ષ થઈ ગયાં ચાર દોસ્ત ! પૂરાં ચાર. ને પરશુભાઇ ભાઈને મોંયે કહેતા હતા પણ ખરા, કે આવી ખબર હોત તો હું દીનાનાથને ધક્કો ન મારત.

મેં કહ્યું કે મૂરખ ! તું ધક્કો મારનાર પણ કોણ ? ને તું મારા ભાગ્યનો વિધાતા પણ કોણ ? તું વળી પ્રસન્ન હોત તો શું નિહાલ કરી દેવાનો હતો ! આ લલાટ પર દેખ. અલ્લામિંયાની મારેલ ટાંક છે. કે દીનાનાથને બીજું જે જોઈએ તે મળે, ન મળે એક લગ્નનું સુખ ! એ લેખ મેં ઉકેલ્યો, ચાર વર્ષની મહેનતે ઉકેલ્યા પછી જો આ મારું શરીર ! લાલ ધોલર છે ના ? ને નિંદ તો તું કહે ત્યાં ખેંચું. જાગરણ તું કહે તેટલાં ખેંચું. ઘેવર જમાડ કે ભૂખ્યો રાખ દીનાનાથને, દીનાનાથ રાતો રાણ જ રહેશે. અલ્લામિંયાની મારેલ ટાંક વાંચી છે દીનાનાથે.

ચાલ હવે કામ પર બેસીએ.*

*લેખકના તાજેતરમાં 'પ્રજાબંધુ'ના ભેટ પુસ્તક તરીકે પ્રગટ થએલ 'વિલોપન અને બીજી વાતો' નામના સંગ્રહમાંથી.

મોહિનીછબી–પ્રશંસા

પુરાણા પત્રોનો વરસભરનો પુંજ ખડકી
ફરી વાંચું મીઠાં સ્મરણ સરખી અક્ષરકથા
ઉપાલંભો કૂણાં, વચનઠપકાં, આળચટકાં
બધાં વચ્ચે બેસી મૃદુ મલકતી મોહિનીછબી
પ્રશંસાને, સૌથી પ્રથમ વીણીને બાળી દઉં ત્યાં.

—ઈન્દુલાલ ગાંધી

ગરીબનાં દુઃખસુખ

[ગુજરાતના આદિવાસી દુબળાઓ ઉપર એક દૃષ્ટિ]

ઠાકોરલાલ ભાણાભાઇ નાયક

> લેખક એક અનાવલા યુવાન છે.
>
> મુંબઇમાંથી એમ. એ. થઇ લખનૌ યુનિ૦માં પી. એચ. ડી.નું અધ્યયન કરે છે, અને એમનો વિષય નૃવંશશાસ્ત્ર હોઈ ગુજરાતની અસલી જાતિઓ વચ્ચે ઘુમે છે. પોતાના અનુભવના કિસ્સા વર્ણવે તો વિષયને વધુ રસપ્રદ બનાવી શકે.

પ્રજાઃ—

આંખ જેને જોતી નથી તેને હૃદય માનતું નથી, એમ આદ્રુસ હક્સ્લી કહે છે તે ખરું લખે છે. એ સમજવાને માટે અને માનવાને માટે ભગવાન બુદ્ધની સર્વેદનશીલતાની ચરમસીમાએ પહોંચવું પડે. દુનિયાનાં દુઃખો જોઈને કેટલાને કરુંક કરવાનું મન થયું છે? જીવવું અને મત આપવો: આ સીવાય બીજી વસ્તુ માટે આપણને ફુરસદ જ નથી. આથી પારકાને માટે આપણે વખત જ ન કાઢી શકીએ એ બનવા જોગ પરંતુ અમુક વર્ગે તો એ ફરિયાદો એ કાકલૂદીઓ સાંભળવી જ પડશે. તો આવો, જરા હું ય ગુજરાતની એક આદિમ પ્રજાનાં દુઃખો ગણાવું. પછીથી એમની સુખની ક્ષણો ય ગણાવીશ.

દુબળાઓ નામ પ્રમાણે દુબળા કે નબળા નથી. શરીરનો બાંધો આમ તો મસ્તાનો. રંગ કાળાશ પડતો છે, નાક ઉચ્ચવર્ણો કરતાં પરખાય આવે એટલાં પહોળાં અને ઊંચાઈ સામાન્યત: ૫' ૪" જેટલી હશે. એમની મુખ્ય વસ્તી સુરત જિલ્લામાં (એક લાખ એકવીસ હજાર) તથા વડોદરા રાજ્યમાં (છત્રીસ હજાર છસો) છે. હિંદભરમાં એમની કુલ વસ્તી લગભગ બે લાખ જેટલી છે. ભરૂચ, પંચમહાલ, થાણા અને પશ્ચિમ ખાનદેશમાં પણ તેઓ જઇ પહોંચ્યા છે.

આદિવાસી પ્રજાઓમાં જે કેટલીક ગુલામ છે તેમાંની આ મુખ્ય ગણાય. વિજિગીષુ પ્રજાનું ધાડું ગુજરાતમાં આવ્યું હશે ત્યારે ગુજરાતની શાંત ભોમકાને ખેડી ખાનારા આલોકોને એમણે પોતાથી નબળા જોઇ એમને દુબળા કહ્યા; અને પોતાના ગુલામ બનાવી દીધા. દરેકે દરેક કામ કરવાને માલીકને ગુલામ મળ્યો: હંમેશાં બનતું આવે છે તેમ ઊજળી ચામડી રાજ કરવા લાગી. આ ગુલામીની પ્રથા હજીસુધી કાયમ છે. દુબળો એક ભિખારી વતુંળનો ભોગ થઇ બેઠેલ છે: ગરીબ છે એટલે ગુલામ રહે છે; અને ગુલામ છે એટલે ગરીબ રહે છે: એટલે કારણ કોને કહેવું એ સૂઝતું નથી છતાં ય શરૂઆત કરીએ તો કહેવાય કે એને પરણવામાં દેજ તરીકે આપવા માટે તથા અન્ય પરચુરણ ખરચ માટે દોઢસો બસો રૂપીઆનો જે ખરચ થાય તે એ પૈસાદાર પાસે લે. (આ પૈસાદાર લેણદાર ઘણેભાગે અનાવિલ ખેડૂત હોય છે; અને ધણિયામા કહેવાય છે.) આના બદલામાં એણે આખી જિંદગી આ ધીરનારને ત્યાં ગુલામ તરીકે રહેવું પડે. તેની ગાળ, તેનાં ખાસડાં, અને તેના કામનો ગજ ઉપરાંતનો બોજો એને સહેવાં પડે છે. એમાંથી એ છૂટતો જ નથી. ભોગજોગે એ ભાગી ગયો તો એની પાછળ એનો ધણિયામો જાય અને આભમાંથી પકડી આણે; મારતો મારતો રસ્તો. માત્ર મરે છે ત્યારે એ આરામ પામે છે. એનું દેવું બાકી હોય તો છોકરાને ગુલામ બનવું પડે. વળી આ છોકરાને પણ પરણાવી આપે એના બાપનો ધણિયામો જ. ઉપકારવશ થયેલો ગુલામ બને: અને આમ ચક્રમિક્રમે જિંદગી ચાલ્યા કરે! સ્ત્રી પણ ધણિયામાને ઘેર સોંડી તરીકે જ આવે છે. લાખલાખ કામ કર્યા પછી પામતી હશે ધણિ-

યામી પાસેથી એક બે રોટલા, એકાદ હાસ્ય અને પતિ પાસેથી કવિ કૈકિણી કહે છે તેમ દર ઉનાળે એક છોકરું. જન્મીને સુખ ન જુએ તે આવાં-જનમદુખિયાં. આ પ્રથાને હાળી પદ્ધતિ કહે છે.

બચપણ વીતી જાય સીમખેતરોમાં અથવા મા પાસે; પંદર સોળ વર્ષનો થાય એટલે તો પરણે. ત્યારથી કામ અપરંપાર હોય. આથી આ જીવનમાં શિક્ષણને અવકાશ જ ક્યાંથી હોય? બાળક ધણિયામાનાં ઢોર ચારી લાવી રોટલો કામતું હોય અથવા બાવળઆમલી ઉપરની ચકલી મારી ખાઈ પેટ ભરતું હોય ત્યાં લેતી વખતે અને લીધા પછી ય ભૂખે મારતું આપણું અક્ષરજ્ઞાન શું કામ આવે? વડોદરા રાજ્યની વસ્તીગણતરીમાં ભણેલાની સંખ્યા એમની હજારે પાંચદશ જેટલી જ બતાવી છે. ત્યાં શિક્ષણ ફરજિયાત છે; પણ ભૂખના દુઃખમાંથી ઊગરવાનો કોઇ રસ્તો નથી એટલે એઓ અભણ જ રહે છે.

આ પ્રજાનું ત્રીજું અને મોટું દુઃખ એમનો જન્મ-દર (Birth Rate) વધુ પડતો છે એ છે. જાણે સમાજનો અચળ નિયમ જ થઈ પડ્યો છે કે દેશાઈ અને દુબળો કુંવારા રહેતા જ નથી. એટલે એ રીતે તો સંતાનોત્પત્તિ ઉપર તો કોઈ રૂકાવટ રહેતી જ નથી. વિજ્ઞાનદીધાં રૂકાવટ-સાધનો એમને માલૂમ નથી એટલે એ ય ન વપરાય. એ પ્રશ્ન નૈતિક હો યા ન હો, પણ સ્થળસમયની પરિસીમામાં પ્રજા વધારે પડતી હોય છે એ નકારાય એવી વાત નથી. આજે એ પ્રજાની કોઇ આર્થિક સ્થિતિ જ નથી. આથી એમનામાં બે-હાથ સાથે લઈ આવેલું એક મોં પણ વધારે ગણાય. એ બધાંને કેવી રીતે નિભાવાશે? (આ હિંદુસ્તાનને પણ સામાન્યતઃ લાગુ પડે છે.) ૧૮૯૧માં એમની વસ્તી હતી ૧૨૦,૨૬૫, આજે ૧૯૪૧માં થઈ છે ૨૦૦,૯૮૮. એટલે પચાસ વરસમાં લગભગ ૬૬ દર્શાંશ જેટલી એ પ્રજા વધી છે. આ પ્રશ્ન જરા મૂંઝવે એવો તો છે જ.

વધારે પડતાં બાળકો હોય એટલે સાધારણ રીતે જ દરેકને ગરીબ ઘરમાં ખાવાનું પૂરતું ન મળે; પહેરવા ઓઢવાનાં કપડાં ન મળે; કેટલાં ય દરદનાં માર્યાં મરી જાય; એમનામાંના જે બાકી હોય તેની આરોગ્યતા ઉપર ધ્યાન ન અપાય. નાકમાં લીંટવાળાં, વગર ઓળેલાં માથાવાળાં, એક પૂરી ચીંથરેહાલ થયેલી ફાટેલી ચોંધીવાળાં, અને ઉઘાડા શરીર ઉપર મેલના થરવાળાં આ છોકરાંઓ જોઈને ગમે તેવા માનવતાવાદી કવિને પણ થઈ જાય કે "લઘુ લઘુનિ શિશુનિ" પણ ઘણી વખત દૈવત્વનો અંશ હોવાને બદલે સામાજિક ઋણરૂપ બની જાય છે.

ગરીબીને લઇને અથવા બીજાં કોઈપણ કારણસર એમનામાં કેટલીક વખત ગુનાખોર તત્ત્વ (criminal element) માલમ પડી આવે છે. તેઓ ચોરી કરે છે, કેટલીક વખત ધાડો પણ પાડે છે અને ક્યાંક ખૂનના કિસ્સા પણ એમને હાથે બની જાય છે. લૂંટ-માર-ચોરીના પૂરા આંકડા મળી શકે તો આ બાબત ઉપર ઘણો સારો પ્રકાશ પડે; એ નથી ત્યાં સુધી જાતઅનુભવની વાત કરવી સુલભ: જલાલપોર તાલુકામાં અમુકઅમુક વખતે દુબળાઓથી થતી ચોરીધાડ લોકોને ઘણી મૂંઝવી રહે છે. એવા કેટલાક પકડાયેલાને પણ આ લખનારે જોયા છે.

આ બધામાં પાછા એમના વહેમો, એમની કુટેવો અને એમની મૂર્ખાઈ આવી મળે. હજારે એક જ દુબળો એવો મળી આવે જે તાડી ન પીતો હોય. તાડી એનો મહાજબ્બર મિત્ર છે. ઘરે ખાવાનું ન હોય પણ પાંચશેર દશશેર તાડી એ પીશે જ. કદાચ એનાથી એ પોતાનું દુઃખ ભૂલતો હશે અને કામ કરવાને ક્ષણભર શક્તિમાન થતો હશે પણ આ મદ્યથી તો 'કામન્દકીયનીતિસાર' કહે છે તેમ: "એનાથી ભાગતા લોકો જેમ સરકુલિંગ અગ્નિથી." વળી આ મદ્યપીઓનાં જીવન ટૂંકાં થઈ જાય છે. દુબળાઓમાં ડોસા ઘણા ઓછા જોવામાં આવે છે: આનું કારણ એમનું વહેલું થતું મૃત્યુ જ હશે.

વહેમો પણ જાતજાતના, ગમે તેવો ૬ ફુટ ઊંચો દુબળો રાત્રે બહાર નીકળતાં ગભરાય. ભૂતડાકણ, મામાદેવ વગેરે એને જ્યાં અંધારું ત્યાં દેખાય. રોગો થાય તે પણ કોઈ દેવની અકૃપાને જ લઈને; અને તે બાધા આપવાથી સાજો થાય. જંતરમંતર, ધૂણવું

ઊછળવું, ભુવાબાવા, બાધાઆખડી : આ સૌમાં એ લોકો ઘણી સારી રીતે માને. આ બધાંને લઈને વિજ્ઞાનનો એમનામા પ્રચાર કરવો ઘણો જ મુશ્કેલ થઈ પડે.

પ્રજા ઘણાં જ વર્ષોથી ગુલામ થઇ રહેલ એટલે એણે પોતે કામ કરવાની અથવા રસ્તો શોધી કાઢવાની અગ્રબુદ્ધિ,–ઈનીશીએટીવ ખોઈ છે. એ કાલિદાસીય મૂઢની પેઠે પરપ્રત્યયનેયબુદ્ધિ બની બેઠી છે. હર વખતે એને કહેવું જ પડે કે આમ કરજે, અહીં રહીને જજે. કંઈ કરવાનું ન કહ્યું તો ઘણેભાગે ન જ કરે. આથી એ આપણને મૂરખ લાગે તો નવાઈ નહીં. એની આંખમાં ભીલી નૂર નથી અને ગામઠી ચબરાકી નથી.

સુખઃ–

પ્રજાને દુઃખ જ હોય તો તે આટલો બધો વખત અને આટલા પ્રમાણમાં જીવી જ ન શકે. એકાન્તિક દુઃખ વ્યક્તિની પેઠે સમાજને પણ આપઘાત કરવા પ્રેરે છે. આ પ્રજાને પણ કેટલાંક સુખો, કેટલાંક આનંદ-સાધનો અને કેટલીક દુઃખની રાતમાં બીજની ચંદ્રકલા જેવી ઊજળી નાડાબારીઓ છે.

દુબળા સ્ત્રીઓને કદી જોઈ છે? જોઇ હોત તો તમે પણ ઝવેરચંદભાઈની પેઠે ગાયું હોત :

> આધાડી મેઘ અને થોડી શી વીજળી
> લઈ ને બેઠેલ હશે બ્રહ્મા;
> ભૂલકણા દેવ! તમે પંખીડું વીસરી
> ઘડી કેમ માનવની કન્યા.

સ્ત્રી પુરુષ તંદુરસ્ત, સ્ત્રીનામાં આવી કુદરતી ખૂબસૂરતી: એનામાં નજાકત ન હશે પણ એના અપૂરા પહેરવેશમાં આંખને કસીકસીને બાંધી જવાની શક્તિ છે. ધૂમકેતુના કોઇ પાત્રની પેઠે એ ગાતાંગાતાં કામ કરે છે અને કામ કરતાં કરતાં ગાય છે. એ પોતાના જીવનની આખરી સ્થિતિ ભૂલી જાય છે,અને કામમાં જ નિર્વાણ માને છે. થાકયાપાકયાં સૂઈ જાય અને પ્રામાણિક ઊંઘનો આનંદ મેળવે. આલાં મકસદો ન ધરાવનારને આનાથી વધારે સુખ કયું જોઈએ? અગર ફિરદુસ બરરૂએ જમીનસ્ત...

હોળી ઉપર, દિવાળી ઉપર અને લગ્નમાં તેઓ ખૂબ નાચે છે. એ નાચ ચોમાસાની નદીની પેઠે વેગીલા અને જવાંમર્દીની પેઠે બાધાબંધનને ન માનનારા હોય છે. ઢોલ અને થાળીના ઘમકાર સાથે તેઓ ઘોઇયાળો, ઇંડાંચાળો અને મરઘીચાળો નામના નાચો નાચે છે. પશ્ચિમ ખાનદેશના કેટલાક દુબળાઓનો પીરામીડ નાચ–નીચે માણસો નાચે અને બીજા એમને ખભે ઊભા રહી એમના તાલમાં તાલ પૂરાવી રહે છે–જોવાનું ભાગ્ય પણ મને પ્રાપ્ત થયું હતું. સ્ત્રીઓ પણ નાચવામાં એટલી જ પ્રવીણ. છોકરાંઓ પણ પોતાનું નાનકડું મંડળ બનાવીને નાચતાં દેખાયાં જ કરે.

એમની "ઘેર" એ પ્રથમપંક્તિમાં આવે એવું લોકનૃત્ય છે. એ કોળીઓમાં અને વહુલીઓમાં પણ છે. તે વખતનો એમનો ભપકીલો ડ્રેસ, કેડે બાંધેલા ઘુઘરાઓનો ઘમઘમ અવાજ, સપ્તરંગી મોરપીંછની મોટી પોંછીઓ અને દાંડીઆરાસાએ ખરેખર જોવા જેવાં હોય છે. જાતજાતનાં નાચકદમો એ વખતે તેઓ કાઢે છે : અને ખૂબ ઉત્સાહી ઉદ્દંડ પણ હોય છે. છતાં ય લોકમર્યાદા તો રાખવી જ પડે. તેથી જ એમના એક પવાડામાં આવે છે ને? :

> હમરેક ઘેરીઆ જોઈ ને
> નોખે મારે કોઈ ને.
> હા રે હા ભાઇ.

એ વખતે આંઓ પવાડા, ઝેરીતે, અને ગરબા ગાય છે, એ સાંભળવું કદી ય ચૂકશો નહીં. એમના એક રસિક પવાડાની એત્રણ લીટી આપુ :

> કહનો વહનો બંને વ ભાઈ
> કિયારીમાં હુતા જાય
> હુતાં હુતાં કરે રે વાત
> હુકાયાં કિયારીનાં ભાત.

"મેવલો" એ એમનો ચોમાસામાં આવે. જેઠ મહિનો આવે; વરસાદની નિર્નિમેષ રાહ જોવાતી હોય; વાદળો ઘટા કરે પણ વરસે નહી વરસાદની તો બધાંને જરૂર. એ વખતે એકાદ દુબળા નારી પાટલા

ઉપર કાદવનો દેવ લઇ-પૂજા કરી ઉપર લીલાં પાંદડાં મૂકે છે– ઘરઘર ગાતી ફરે છે:

મેવલાની માડી રે.
દરિયામાં ઘર કરે.

શો તે વખતનો એનો અવાજ! ગામને દર ઘરેથી એના ઉપર સ્વૈર પાણી ઢોળાય. ધર્માતુર પ્રેક્ષકને ય જાણે ઠંડક લાગે અને એ કેવી રીતે શોભે! જાણે વરસાદની હેલીમાં ભીંજાતી નાગરવેલી. મનુષ્યવિદ્યાની પરિભાષામાં આને Sympathetic Magic કહે છે: જેમ એને ભીંજવી તેમ જ વરસાદ ધરાને ભીંજવશે એમ મનાય છે.

તેઓ લગનમાં પણ ભલભલાં ગીતો ગાય છે.

મારે બારણે સોપારીનો છોડ
સોપારી લેરા લાલલૂમ છે રે.
ઘેરે અમુકભાઈનાં વેવા
લગન વેવા વેલાં જોઇશે રે મોરા રાજા.

વેવાઈ વેવણને પણ ઠીકઠીક નવાજવામાં આવે છે:

તાંબાની કુંડી નવગજ ઊંડી;
વેવણને તાણી લાવો, મારા નવલા વેવાઈ.

અથવા

સસરા વટલે ઝુંપડી હરિભાઈ તમે શું જોવા આયવા?
સસરા ગામના ગુલામ હરિભાઈ તમે શું જોવા આયવા?

બીજી લીટી એમની સામાજિક સ્થિતિનું કેવું ચિત્રણ છે!

એમનાં ગીતોમાં દર્દ છે:

સીતાએ રડીરડી તળાવ ભયરાં;
સીતાને કાણ વળાવવા જાય!
સીતાને માડી વળાવવા જાય.

કલ્પના છે:

આયવો સે પરદેશી પોપટ રે બેનીબાઈ
લઈ ચાઈલો રે એને દેશ બેનીબાઈ.

અને રંગ છે:

કેર કપાવો અને થંભ બનાવો
કેરની વાડીમાં અમરક પાણી.
ત્યાં રે અમુક ભાઈ ધોતીઆં ધુએ
ધોતીઆં ધુએ ને સીતા વાટડી જુએ
હજી ન આયવો મારો હેતનો પીયાલો.

આ બધાં ગીતો અને તેમાંના ભાવો! તે ગાઇને ખબર ન પડે તેમ વીતતી એમની આખીને આખી રાત્રિઓ: સુખના આટલા થોડા દિવસો આ આદિવાસી દુબળાઓને.

ભવિષ્યની દૃષ્ટિએ:—

આર્થિક યોજનાઓ તો થઈ શકે છે; પરંતુ સમાજની યોજના ઘણી અચ્છી સામાજિક જાગરુકતા અને સંસ્કૃતિ માગે છે. દરેક દરેક પ્રજાનું સામાજિક સુયોજન આવી રહ્યું છે; તેમાં ય પછાત કોમોનું અને આદિવાસીઓનું તો સૌ પહેલાં. ઘરે ગુલામ છે તો આપણે અંગ્રેજોને કયે મોંએ કહીએ કે અમને ગુલામ મટાડો. દુબળાઓની સામાજિક યોજનામાં આ પહેલી વાત આવશે. કૉંગ્રેસ પ્રધાનમંડળે એમની આ હાળી પદ્ધતિ નાબૂદ કરવા સુંદર પ્રયત્ન કર્યો હતો; તે એના જતા રહેવાથી ખોળંબે પડ્યો છે.

આ પ્રજા પાસે જીવવાની શક્તિ છે; અને એની પાસે બીજાને કંઈક આપી જાય એવાં તત્ત્વો પણ છે. આથી એમને જીવાડવાં જ પડશે, અને તે ય સારી રીતે. તો એમને માટે કરીશું શું?

ઉપર કહ્યું તેમ પહેલાં તો એમનાં ગુલામીખતો ફાડી જ નાખવાં પડશે. ત્યારપછી એમને થોડો વખત સારી મજૂરીએ કામ કરવા પ્રેરવા પડશે. પરંતુ એ પહેલાં જોવું પડશે કે જેમને ત્યાં તેઓ કામ કરશે તેમની વધુ મજૂરી આપી શકે એવી સ્થિતિ અને મરજી છે? એ ન હોય તો ત્યાં આગળ આપણે અટકવું ય પડે. આખા સમાજની સારી સ્થિતિ વગર એકનો દાંડો ન વળે.

કેળવણીમાં માત્ર અક્ષરજ્ઞાન અનાર્થિક થઇ પડશે. અંગ્રેજોના હાથ નીચે અપાતું આજનું શિક્ષણ મુખ્ય

વિત્ત ભદ્રલોકો માણી શકે એવી એક કૂળ ન આપનારી ફેશન છે. તે કોઈને ખાસ કરીને આવી પ્રજાને તો, ન જ અપાય, અક્ષરજ્ઞાન સાથે ધંધા હુન્નરનું ય તેમને શિક્ષણ આપવું પડશે. તેમાંથી નીકળ્યા બાદ એઓને મોટા સમાજમાં ચાલતા આવા ધંધા હુન્નરોમાં ફરજિયાત લઈ લેવા પડશે. એ થાય એની સાથે સાથે એમને પોતાની સંસ્કૃતિ, પોતાના નાચ, પોતાનાં ગીતો પ્રત્યે સૂગ ન ચડે, એને માટે નાનમ ન લાગે અને તેથી એ બધું છોડી ન દે એ ખાસ જોવું પડશે, આ બધાનું તો સંરક્ષણ થવું જ જોઇએ. આ જૂની મજાની વસ્તુઓ સાથે લઈ એઓ દુનિયા સાથે કદમ મિલાવી ચાલતા થઈ જાય તો કેવું રૂડું ?

ત્યારપછી ઘરસુધાર, કુટુંબરક્ષા, આરોગ્ય શિક્ષણ વગેરે આવશે. આને માટે ધીરજ અને ખંતથી પ્રચાર કરવાની જરૂર છે. એમને એમના જેવાં જ પણ હવા ઉજાસ અને મોકળાશવાળાં છાપરાં મોડલ તરીકે બનાવો; તો એ એકદમ નવું ન લાગવાથી જરૂર અપનાવશે. આરોગ્ય માટે મફત દવા વગેરેનો પ્રબંધ કરવો પડશે. કરવાનું ખૂબ જ છે; એમાં સરકારે, સમાજ-સુધારકે અને સમાજશાસ્ત્રીએ સાથે મળીને કામ કરવું પડશે.

★

સંશોધનની નવી દિશા

મદ્રાસના 'હિન્દુ' પત્રમાં તા. ૧૯મીના અંકમાં 'સોશ્યલ અપ્લીફ્ટ ઓફ સૌરાષ્ટ્રાઝ' (સૌરાષ્ટ્ર લોકોનું સામાજિક સમુત્થાન) એ શિર્ષક તળે સૌરાષ્ટ્ર યુવકોની ત્રીજી પરિષદ એ નામના અટચમપેટ ગામે મળેલા સંમેલનનો અહેવાલ છે આ અહેવાલ અમારી નજરે ચડ્યો ને અમારું કુતૂહલ ઉત્તેજિત થયું તે સાથે બે સ્નેહીજનો તરફથી એની કાપલીઓ પણ આવી પડી. અહેવાલમાં લખ્યું છે કે—

"સ્વાગત-પ્રમુખ શ્રી ગોપાલ સ્વામીએ સૌરાષ્ટ્ર ભાષાના મહત્ત્વપર ભાર મૂકી કહ્યું કે યુવાનોએ પોતાની માતૃભાષા શીખવી જોઇએ, અને એ ભાષાનું સંશોધન કરવું જોઇએ. પ્રમુખે કહ્યું કે જ્યાં જ્યાં સૌરાષ્ટ્રી રહેતા હોય તે પ્રત્યેક સ્થળમાં શાળાઓ કોલેજો ખોલી તેઓની જ માતૃભાષામાં શિક્ષણ આપવું જોઇએ."

કાપલીઓ મોકલનારા સ્નેહીઓ લખે છે કે આ 'સૌરાષ્ટ્રી' કોણ ? તેઓના પ્રમુખની અટક 'નાગર' કેવી રીતે ? આ સૌરાષ્ટ્ર કયું ? આપણા સૌરાષ્ટ્ર સાથે કંઈ સંબંધ ખરો ?

સંબંધ બેશક ખરો. અમને યાદ છે કે વર્ષો પૂર્વે મદ્રાસ મલબાર બાજુનો પ્રવાસ કરીને શ્રી. પરમાનંદ કાપડીઆએ આ 'સૌરાષ્ટ્ર' ને વિષે કંઇક લખાણ પ્રકટ કરેલું અને આપણા સૌરાષ્ટ્ર સાથેના સંબંધો પર પ્રકાશ પાડેલો. આપણી જ પ્રજાની કોઈ વસાહત ભૂતકાળમા ત્યાં સ્થપાઇ હોય તેવો પૂરતો સંભવ છે. એમ તો સૌરાષ્ટ્રીઓ અને ગુજરાતનાગરો વગેરે ઉત્તર હિંદ તરફ પણ ગયા છે અને આ જ પર્યંત આપણી સંસ્કારિતાના અમૂક અંશો તેમણે અકબંધ તેમના સામાજિક તેમ જ ગૃહવાસી જીવનમાં સાચવી રાખેલ છે. મુંબઈ વિદ્યાપીઠના કોઈક યુવાને આ વિષય લઈ પી. એચ. ડી. માટે સંશોધન કરવા જેવું છે.

ઝ. મેઘાણી

જોખમની વચ્ચે જીવવાની મોજ

ટાંચણપોથીનાં પાનાં : : હપ્તો ચોથો

ઝવેરચંદ મેઘાણી

શાનપ્રસારક મંડળીવાળું બીજું કે પછી ત્રીજું વ્યાખ્યાન આપવા મુંબઈ જતો હતો. વઢવાણ જંકશનથી એક સ્નેહીનાં પુત્રી અને એમનું ચાવણું બાળક સાથે થયાં. બીજો કોઈ સંગાથ નહોતો, પણ હું ઘરનોજ સથવારો સાંપડયો. સ્નેહીનાં પત્ની નચિંત બન્યાં. કહે કે તાર કર્યો છે, જમાઈ સ્ટેશને આવશે.

વળતી સવારે માંટરોડ સ્ટેશને ઊતર્યાં: સામે કોઈ આવેલ નહોતું. બહાર નીકળી વિક્ટોરીઆ કરી, આઠ જ આનામાં વિક્ટોરીઆવાળો મુસ્લિમ છેક બીંડીબજાર આવવા તત્પર બન્યો ! ગાડી ચાલી. માર્ગે મોટે ભાગે સુમસામ દેખાય. પણ કંઈ કારણ પૂછવા જાણવાનું ઓસાણ જ ન ચડયું. મહમદઅલી રોડ પર આવ્યાં, તો પણ પરિસ્થિતિની વિચિત્રતા વિચારમાં ન આવી. વિક્ટોરીઆ છેક જુમામસીદ નજીકના એક બે માળવાળા મકાન પર જઈ ઠેરી, ત્યારે નજર પડી કે એ મકાનનું પ્રવેશદ્વાર બંધ છે, આજુબાજુ બધા માળા બિડાયેલા છે, મસાણ જેવો મામલો છે, માર્ગ પર સુનકાર છે, અવરજવર નામ નથી, છે ફક્ત, સામે ઊઘાડી પડેલી ભોંય ઉપર લજ્જતથી ચુપચાપ બેઠેલું કાળાં કપડાંવાળા સોએક શખ્સોનું ટોળું. આડે દહાડે મજૂર હોય છે હુલ્લડમાં મવાલી બને છે.

'કોઈ બોલતું કાં નથી ? અરે ખોલો !'

જવાબ નથી જડતો. ગાડી થંભી ઊભી થઈ રહી છે. સ્નેહીનાં પુત્રી ખોળામાં બાળક સાથે હજુ વિક્ટોરીઆની અંદર છે.

મારી નજર મકાનની બારીઓ પર ચડી. એ બધી બંધ હતી, નજર ચડતી ચડતી અગાસીએ પહોંચી ત્યારે દેખાયા-ધોતીઆં ને ખમીસભેર ખુલ્લે માથે ઊભેલા મૂંગા હિન્દુ મહોલ્લાવાસીઓ, એમાં આ બહેનના પતિને જોયા કર્યું.

'અરે ઉઘાડો તો ખરા,...બહેનને લાવ્યો છું.'

જવાબ નથી દેતું કોઈ. મને મૂઢને પણ સમજ પડતી નથી પરિસ્થિતિની. થોડી વાર રહીને એ ભાઈ નીચે આવે છે, બારણું ખોલે છે, પત્નીને ને બાળકને સામાન સહિત ચુપચાપ અંદર લઈ લે છે, મને કાંઈ કહેવા પણ થોભતા નથી, હું ગાડીવાળાને ભાડું ચૂકવી મારું નાનું બિસ્તર ખભે ભરાવી ચાલતો થાઉં છું. પેલા સોએક શખ્સો તાકતા ચુપચાપ જ્યાં બેઠા છે ત્યાંથી જ મારો માર્ગ છે. એમાંનો એક જણ મને ફક્ત એટલું જ પૂછે છે, 'કેમ બાબુ, ઉપડાવવું છે બિસ્તર ?'

'ના.' કહીને હું મહમદઅલી રોડ પર ચડું છું.

× × ×

એ જ ક્ષણે એક ભાડૂતી મોટરગાડી ત્યાં નીકળે છે. થોડેક જઈને એ ગાડી ઊભી રહે છે. અંદરથી ડોકું કાઢીને ડ્રાઈવર મને તદ્દન ધીરે અવાજે પૂછે છે-'ક્યાં જવું છે ?'

કહ્યું, 'ધોબી ગલીમાં.'

'બેસી જાવ ગાડીમાં.'

'કેમ ?'

'ખબર નથી ? અહીં તો હુલ્લડ ચાલે છે. આ તો હુલ્લડનો અડ્ડો છે. આ બેઠા છે તેને જોતા નથી ? હમણાં તમારું કામ કાઢી નાખશે.'

મને સાંભરે છે કે પેલું ટોળું સળવળતું હતું. એ સળવળાટ તુરત શમી ગયો.

અજાણ્યો ડ્રાઈવર, મને એકદમ ગાડીની અંદર લઈ ધોબી ગલીમાં ઉતારી ગયો. ત્યાં પણ વેરાન દશા હતી. નીચેના દરવાજા બંધ. ઉપર જોયું. ઊભા હતા મારા પિતરાઈ ભાઈ, મુંબઈના લોકસેવક ડોક્ટર મેઘાણી, અને ચાર ખેતાણી ભાઈઓ (જેઓ તે કાળે

સ્નેહીઓ હતા. આજે ' નિકટના આપ્તજનો બન્યા છે.)

મોટરવાળાને એક રૂપિયો આપતાં આપતાં પૂછ્યું:

' કેવા છો ?'

' મુસલ્લમાન.'

× × ×

એ તો ગયો. માળો ઉઘાડી મિત્રોએ મને ઉપર લીધો, પછી પૂછ્યું: ' જાણતા નથી ? હુલ્લડ ચાલે છે ! '

કહ્યું કે ' હું તો વગર જાણ્યે છેક મૃત્યુના મોંમાં પગ મેલી આવ્યો. કશી ખબર નથી. ગાડીવાળાની ચુપકીદીનો મર્મ હવે મને સમજાય છે. પણ એનો શો વાંક ! પેલાં બહેનના પતિએ પોતાની સગી સ્ત્રીને ને બાળકને લેવા ઊતરવામાં તો વિલંબ કર્યો, પણ લેવા આવીને મને તો શબ્દ સરખો ય ઉચ્ચાર્યા વગર ઝપાટાબંધ બારણાં બીડી લીધાં, ને પચાસેક મરદો અગાસી પરથી એક હરફ વગર મને નીચે એકાકી ને અસહાય અવસ્થામાં જોતા રહ્યા. પેલા ટોળામાંથી એકે પૂછ્યું કે બિસ્તર ઊપડાવવું છે ! બસ તે સીવાય કશો સંચાર પણ ન કર્યો. મને જરા છેટે જવા દઈ પાછળથી જે કરવું હતું તે કરી નાખત, પણ એક મુસ્લીમ ડ્રાઈવરે મને ઊચકી લીધો.

એમ કહેતો ઉપર જઈ જોઉં છું તો ચારેક જે ઘર હતાં તેમાં સ્ત્રીવર્ગ અને બાળકો હાજર નથી ! ' એ બધાંને વગેસગે કરી આવીને અમે મરદો જ અંદર રહી રાંધીને ખાઈએ છીએ. ઘરમાં જે કાંઈ છે તેના પર જ ગુજારો ચાલે છે, આ ગલીમાં હિંદુ ધોબીઓ રહે છે, તેઓ મક્કમપણે આંહીંથી હુલ્લડખોરોને વેગળા રાખી રહેલ છે અને અમારી સલામતીના ચોકીદાર બન્યા છે. તમે કેમ આવ્યા તે તો કહો !'

' લોકસાહિત્યનું ભાષણ દેવા.'

' અરે આજ તે કાંઈ ભાષણ હોતું હશે ? તમને ખબર નથી આપ્યા એ લોકોએ ?'

" ના. '

' પણ બંધ રાખ્યું જ હશે એ તો.'

' મારે મંત્રીને પૂછી આવવું જોઈએ.'

' ક્યાં ? '

' ઑટરોડ પાસે પારસી કોલોનીમાં.'

' શી રીતે જવાશે ? '

મેં કહ્યું કે ' જવાશે. મારા ગજવામાં આ છે.' એમ કહીને મેં મારી પરવાનાવાળા રિવોલ્વર કાઢીને તે મારા યજમાનોને દેખાડી. તુરત સૌનાં મોં પર એક ચમક ચડી ગઈ અને ખેતાણી મણિભાઈ મારી સાથે ચાલી નીકળ્યા.

× × ×

' નહિ નહિ, વ્યાખ્યાન તો આજે સાંજે આપવાનું જ છે.' મંત્રીનો એ જવાબ મળ્યો. મને એ જવાબ ગમ્યો હતો. ખોપરીમાં એક ખુમારી ભરી હતી. જતાં ને વળતાં, પગે ચાલતાં જે સાંકડી ગલીઓ વટાવતા હતા ત્યાં ત્યાં મારો હાથ છાતીના ડાબા પડખા પર કબજાના અંદર ભાગની જેબ પર જતો હતો. કેટલો રોમાંચક એ સ્પર્શ હતો. ગિરનાં પરિભ્રમણોમાં મારી સાથે ઘૂમેલી નાનકડી રિવોલ્વરનો એ સ્પર્શ દેહમાં નખશિખ નવલું સ્પંદન જગાવતો હતો. આજે સમજું છું, કે હુલ્લડખોર ટોળાંની વચ્ચે ઘેરાઈ ગયે આ રિવોલ્વર એના માલિકનો જાન બચાવી તો ભાગ્યે જ શકી હોત, છતાં એને હાથમાં લઈને ઘોડો ચાંપતો ચાંપતો છ ગોળીબાર કરી લીધા પછી પટકાવાની એક મોજ પડી હોત, અથવા કદાચ એક દગલબાજ છુરીના સપાટાએ આ હથિયાર બહાર કાઢવાનો યે સમય ન આપ્યો હોત. તે બધું આજે તો સ્પષ્ટ સમજાય છે. તે દિવસે દિલમાં રંચ માત્ર ફફડાટ નહોતો. મુકાબલાનો મોકો મળતાં, કતલખાનાના બકરા પેઠે નહિ જ મરવું પડે એવો એક મિજાજ મનનાં છિદ્રોને ભરી રહ્યો હતો. 'Live dangerously: જોખમના ભય વચ્ચે જ દમ ઘૂંટો દોસ્તો !' એ સુભાષચંદ્રનું સૂત્ર આજે લાખો કલેજાંને

સર કરી ચૂકયું છે એમાં આશ્ચર્ય નથી. તે દિવસની સહચરી રિવોલ્વર આજે છાતી સરસી નથી રહી, છતાં એની યાદ પણ ધીજેલા લોહીમાં થોડો અગ્નિ-રસ સીંચે છે. વ્યાખ્યાનમાં પ્રમુખ ને મંત્રી, સ્ત્રીઓ ને પુરુષો બધાં બરાબર આવ્યાં. રાતે વ્યાખ્યાન બરાબર પતાવી કાઠિયાવાડ મેઇલમાં મુંબઈ છોડયું. તે પછી હુલ્લડ વધુ સળગી ઊઠયું.

× × ×

આ વ્યાખ્યાનોનો સારભાગ સાપ્તાહિક 'સૌરાષ્ટ્ર'-માં પ્રકટ થતો. એ રજકણોનાં વિસ્તરણનું વર્તુલ ઘણું પહોળું હતું; પણ એનો પડઘો એક દિવસ જે દિશા-એથી આવ્યો તે તો અણચિંતવી દિશા હતી. પોંદી-ચેરી ખાતેના શ્રી અરવિન્દ ઘોષના આશ્રમમાંથી એક કાગળ આવી પડયો. લખનારનું નામ તો વળી વિશેષ અણધાર્યું નીકળ્યું. ગુજરાતના યૌવન-લોખંડને વીરશ્રીની એરણ પર ટીપનાર શ્રી અંબુભાઇ પુરા-ણીની નામના સાંભળી હતી, પણ મર્દાઇને કસનાર એ આદમી પાસેથી લોકસાહિત્યના રસની ધારણા રાખવા જેવું કંઈ કારણ નહોતું. વળી અમે બેઉ તો પરસ્પર બિલકુલ અજાણ્યા, એટલે કાગળ વાંચી કૃતાર્થતા લાગી. વ્યાખ્યાનની ભૂલોને નિર્દેશતો એ કાગળ પ્રેમથી અંકિત હતો. એ કાગળ તો ખોવાયો છે, પણ એમાંની એક વાત યાદ છે. હાલરડાંના સ્વર-માધુર્યની લાક્ષણિકતા ચર્ચતાં મેં કહેલું કે 'ળ' અક્ષર સંસ્કૃતમાં નથી, હાલાં ગાતી લોકજનેતાના કંઠમાંનું એ મૌલિક આવિષ્કરણ હોવા સંભવ છે. અંબુભાઈએ લખ્યું કે, 'ળ' તો વેદમાં મોજૂદ છે.' મારે માટે એ ભણતર જરૂરી હતું. પછી બીજો કાગળ આવ્યો. જીવનદૃષ્ટિનું ધરમૂળથી પરિવર્તન કરીને ગુજરાતની બહાર જઇ બેઠેલા દૂરવાસી જે એક સાધક, ગુજરાતના બીજા અગણિત જીવનપ્રવા-હોના ભરતીઓટ પ્રત્યે દૃષ્ટિપાત પણ નથી નાખતા, તેના ચિત્તંત્રમાં રાંક લોકસાહિત્ય કેવું સ્પન્દન જગાડી જાય છે તે વિચિત્ર વાતનું દર્શન કરાવનારો હોઈને જ એ પત્ર અત્રે ટાંકયો છે.—

× × ×

આર્ય ઓશીસ
પોન્ડીચેરી

સ્નેહી ભાઈશ્રી,

મોકલેલ ત્રણ પુસ્તકો અને પત્ર મળ્યાં. હું એક તો એકશ્વાસે (કે એકાટસે?) વાંચી ગયો પણ ખરો. એ ત્રણેના વિષય પરત્વે વિવેચન લખવા માટે હું બીજી કેટલીક વખત વાંચીને જણાવીશ.

લોકગીતોની પિછાનવાળા ત્રણ લેખો અને આજે 'સૌરાષ્ટ્રમાં' અત્રેથી [તેનો] ચોથો હપ્તો મળીને ચાર લેખો જોયા. લોક-સાહિત્યના વિષય ઉપર મારા વિચારો છેવટે જણાવવા ઉચિત લાગે છે. હાલ તુર્ત તો તમે જે કાપલીઓ પેપરનાં ત્રણ-ચાર હપ્તાની મોકલી છે તેમને વિષે જણાવું છું.

જુઓ પા. ૬૫૫ : "સાવરે સોનાનું મારું પારણિયું, ઘૂઘરીના ઘમકાર, બાળા પોઢોને રે." એ ગીત છે તે જ પ્રકારનું એક બીજું શિષ્ટ ગીત (પરંતુ લોકમાં સહેજે આદર પામે તેવું) મને યાદ આવે છે તે આપને જણાવું છું. તે આખું યાદ નથી. પરંતુ પ્રથમ લીટી ઉપરથી તમે તેની શોધ સહે-લાઈથી કરી શકશો. તે કોઈ પુસ્તકમાં છપાયલું મેં જાતે જોએલું પણ છે. ખેર! છેવટે તમે પુસ્તક કે કોઈ માણસ તેનો પત્તો ન જ મેળવી શકો તો, કુમારી યશલક્ષ્મી [કવિ નાનાલાલનાં ભત્રીજી]ને લખી પૂછાવશો તો જરૂર તે મળશે કારણ કે તેમને આ ગીત મોઢે છે અને મેં સાંભળેલ પણ છે.

(તા. ક. આ પત્ર પૂરો કરીને 'હાલરડાં' જોઉં છું ત્યાં પા. ૩૯ ઉપર આજ ગીત બિરાજે છે! મારી આખી સૂચના નિરર્થક ગણીને બાદ કરશો. મને એમ લાગે છે કે મેં જોએલું ગીત આના કરતાં કાંઈક વધારે લાંબું હતું. વખતે ખાલી ભ્રમ પણ હોય! આપણું જ્ઞાન કેટલું અધૂરું હોય છે? તમે તે છાપેલું તેની પણ મને ખબર નહિ!)

સોનાનાં ઓર!
ઝૂલે નંદ.....કિ.....શોર.
—પ્યારાને પારણિયે સોનાનાં ઓર!

એ ગવાય છે ત્યારે બહુ જ સુંદર લાગે છે–'નંદ'–પદ છૂટું પાડીને 'કિ' જોડે લેવાય છે અને 'શોર' ઠીક ઠીક લંબાય છે એટલે ઊંધ લાંબવાનો ગુણ તેનામાં આવે છે.

(૩) બાળકને ચાલતાં શીખવવાનું તમે ટાંકેલું
" પા ! પા ! પગલી ! "

એનો જ બીજો પાઠ મેં ગુજરાતમાં સાંભળ્યો છે અને તમે પણ જાણતા હશો. પરંતુ એ બોલો બાળકોને ચાલતાં શીખવવા માટે નહિ પરંતુ માના કે બાપના, એવા કોઈ વડીલના પગની પાનીઓ ઉપર ઊભાં રાખીને બે હાથે તેનાં આંગળાંઓ પકડીને ઉછાળતાં ઉછાળતાં બોલવામાં આવે છે.

'પાવળો પા !
મામાને ઘેર—
જમવા જા !
મામાએ.....આપી—'

વગેરે આગળ હું ભૂલી ગયો છું પરંતુ મામા ઉપર હેત અને મામી ઉપર કટાક્ષનો ભાવ તેમાં રહેલો છે એટલું મને યાદ છે. તમને ઠીક લાગે તો એનો કોઇ સ્થળે ઉપયોગ કરશો.

(૪) પા. ૬૯૫માં "ચણુ ચણુ બગલી ચણાની દાળ હું પોપૈયો, તું મગ દાળ." એ છે તેનો અર્થ નીચે પ્રમાણે હોઈ શકે ?

કેવળ મારો પોતાનો અંદાજ અને કાંઈક અંશે સટ્ટો જ છે !—

" હે બગલી ! તું ચણાની દાળ ચણ—

હું–[ચણાના પોપટાને કદાચ પોપૈયો કહેવાયો હોય. એ સાંભળેલ છે ?—] ચણાનો પોપટો (લીલા ચણાનું ફળ): ખાઉં અને અને તું મગની દાળ ખા !"

તમને આ અર્થ વિષે શું લાગે છે ? જણાવશો.

(૫) પા. ૬૯૫ 'છોકરાવ રે !
હો રે
વોરો આવ્યો.'

વગેરે છે તેવું જ બાળકીઓ સઘળા ય ગુજરાતમાં ગાતી તે મને યાદ આવે છે. તમે તે ન જાણો એ બનવા જેવું નથી જ; છતાં લખું છું.

'ઓ લાછા કુંવર !
ઓ લાછા કુંવર !
તમે કેટલાક ભાઇ કુંવારા રાજ–
અચકો મચકો કારેલી ! "

આ લીટીઓ બોલતાં પહેલાં બાળાઓ હાથની સાંકળ એકબીજાને ગળે અથવા તો કમ્મરે ભેરવી સીધી લીટીમાં (કતારમાં) બે સામસામી હારોમાં ઊભી રહે છે. પછી ગાવાનું શરૂ કરી એવા પગલાં ઉપાડે કે " અચકો મચકો " લીટી આવે ત્યારે સામી હારની છેક પાસે જઈ પહોંચે. એ પ્રમાણે બોલી રહે અને પોતે પાછે પગે મૂળ જગોએ આવે. એટલામાં તો સામી હાર ગીત ઉપાડીને ઉત્તર આપે—

'અમે આટલા ભાઈ કુંવારા રાજ—
અચકો મચકો કારેલી—'
પછી પહેલી હાર પાછી પૂછે.
" તમને કિયાં બ્હેન ગોરાં ગમશે રાજ !
અચકો મચકો કારેલી.'

ઉત્તરમાં—

'અમને અમુક બ્હેન ગોરાં ગમશે રાજ—
[હાજર હોય તેમાંથી જ ઘણેભાગે પરંતુ કોઈના ગેરહાજરનાં નામો પણ મુકાય છે].
અચકોમચકો કારેલી.'

પાછાં પૂછે,—.

'એ કાળાને (કે ઉંચીને કે જાડીને વિગેરે વિશેષણો મુકાય છે.)
શું કરશો રાજ !
અચકોમચકો કારેલી !—'

આ ગીત આખું [સળંગ] તમને મળી શકશે એવી આશા રાખું છું.

તે વિષે જણાવવાની એક બે બાબતો નીચે પ્રમાણે:—

'લાછા'–'લક્ષણ' ઉપરથી હોઇ શકે ?

"અચકો મચકો કારેલી" ને લીટીના અર્થ વિષે ઘણી ચર્ચા પૂર્વે થઇ હતી. નીચે પ્રમાણે અર્થ સ્વીકારવા જેવો ગણાયલો.

'આજ કહો, મુજકો, કાં રહેલી ?"
અચકો' મચકો' કાં રે 'લી !

અર્થાત્ (૧) હે સખી, આજે મને કહે કે તું ક્યાં રહી હતી ?"

(૨) ઓ અલી ! આટલો મરડ કાં કરે છે ?

આ અર્થ છેવટનો તો ક્યાંથી ગણાય ? પરંતુ વિચાર કરવા જેવો તો છે જ. કારણ કે બીજો બંધબેસતો કયો અર્થ છે ? જાણતા હો તો મને જણાવશો.

તેવું જ એક બીજું કાંઈક કરણાની આછી છાયાવાળું પણ કાઠિયાવાડમાં [હું જામનગરમાં મારું બાળપણ રમ્યો છું]. સાંભળેલ યાદ આવે છે—તે નીચે પ્રમાણે છે—

'અરર ! માડીરે ! કળી તે કાળનો કાંટાળો વિછૂડો !
હંબો ! હંબો ! વિછૂડો !
અરર ! માડીરે ! કઈ વહુને ચટકાવ્યો, મા, વિછૂડો !
હંબો ! હંબો ! વિછૂડો !'

આગળનું મને યાદ નથી. તમને ઠીક જેવું લાગે તો મેળવી શકશો.

એમાં ગાવાની રીત એવી છે કે બાળાઓ ગોળ હારમાં હાથ જોડીને ફરે. અને વૃત્તમાં એક બાળા જમીન ઉપર બેસી આખા ચક્રમાંથી એક પછી એક બાળાની ઘાઘરીનો છેડો ઝાલીને બોલે અને આવું ચક્ર તો "હંબો ! હંબો (બો ?) બો વિછૂડો !" એ ઝીલે અને ગોળ ગોળ ફરે. વિછૂ પગે ચટકાવે તેનું કાંઈક સૂચન કરવા માટે એ પ્રમાણે વચલી બાળા કરતી હશે એવું મને લાગે છે. કારણ કે ઘાઘરીનો છેડો પકડીને પગ ઉપર કોઇવાર ચૂંટી પણ દેવામાં આવે છે એમ મને સાંભરે છે.—

(૬) પા. ૧૯૬ "વાવડીનું પૈયું,"
"રામ રામ કૈયું."

એવી જ જાતની જીભને સ્પષ્ટ બોલવા માટે ઉપયોગની શબ્દતરકીબોમાંની એક બે યાદ આવે છે તે સૂચવું છું:—

"કોકડી પર બોકડી ચઢી
ઉતર બોકડી કોકડી ખઉં."
'કોકડી પર.....'

આ લીટીઓ ખૂબ ઝપાટાભેર બોલવાની હોય છે અને બોલનારાઓમાંથી ભૂલ ન કરે એવા તો ભાગ્યે જ નીકળે ! ભૂલના અંતમાં હાસ્યરસ - કેવો નિર્દોષ છે ?

કારણ કે ભૂલ કરનાર છેવટે "બોકડી" ખાવાનો ! 'કોકડી પર બોકડી ચઢી ' ઉતર કોકડી બોકડી ખઉં !" એમ બોલી જવાય. એવી ભૂલ થાય એટલે આખું ય ટોળું હસી પડે ! અને "બોકડી" ખાનાર બંધ રહે અને બીજો શરૂ કરે !

તેવું જ એક બીજું—
"કાચો પાપડ—
પાકો પાપડ"

ઉતાવળે બોલવાથી કેવી ફજેતી થાય છે તે જોવી હોય તો જાતે પ્રયત્ન કરી જોવો !

(૭) પા. ૧૯૬ થી—

"આવ રે વરસાદ" વિગેરે છે. તેમાં નીચેનું પણ તમને યાદ તો હશે. છતાં સૂચવું છું :

"ચાંદા મામા પોળી"
ઘીમાં ઝબોળી"
સૌ છોકરાંને કકડી પોળી
ભાઈને આખી પોળી"
"હ.....પ્પા"

આમાં પણ તમે જાણતા હશો કે નાના બાળકને ચાંદનીમાં બેસાડી (કે ચાંદની વખતે ખોળામાં બેસાડી) નાની હથેળીને પહોળી કરી મા કે બાપ તેમાં આંગળી વડે ગોળ ગોળ કુંડાળાં કરે છે–(જેથી ગળી થાય છે) અને છેવટે "હ...પ્પા" બોલતી વખતે તેની નાની હથેળી તેના મોંઢા તરફ લઈ જઈ

ખાલી ખાલી ખાનાનો અભિનય કરે છે, (કદાચ બાળકને ખાવાનું શીખવવા માટે એ રમત કામની હશે ?)

(૮) તેવી જ એક બીજી રમત

'કોની ગાય ?'–

છ બાળકની આંગળીના વેઢા ઉપર આંગળની આગલો ભાગ મૂકી "જો ભાઈ–(કે બ્હેન) "આ તારી ગાય" "આ મારી ગાય" "આ તારા બાપાની ગાય" એમ ગણાવતાં ગણાવતાં ચારે આંગળીઓ પૂરી થાય એટલે પછી "એ ગાયોનો ગોવાળ ક્યાં ગયો ? ક્યાં ગયો ?" એમ બોલી ઝડપથી હાથની આંગળીઓને બાળકના ખુલ્લા હાથ ઉપર ખૂબ ધીમેથી સ્પર્શ કરીને જલદી જલદી આગળ લઈ જાય અને છેવટે બગલમાં લઈ જાય ત્યારે બાળક ખૂબ જોરથી હસી પડે. (ગલી ચવાને લીધે–એમાં ગલીનો sensation છેક હથેળીમાથી શરૂ થતો હોય છે અને હાથ ઉપર ધીમે ધીમે આંગળીઓ જતાં ખૂબ વધી જાય છે અને બગલમાં જતાં તો અસહ્ય થઈ પડે છે ! એ રમતમાં આંગળીના વેઢા ગણવાના અભ્યાસનો આરંભ હશે ?–નિર્દોષ હાસ્ય તો છે જ છે !

પા. ૭૩૫: ઉખાણાંનો પ્રકાર– મધ્યકાળની સંસ્કૃતકૃતિઓમાં ચમ્પુ વિગેરેમાં પણ મળી આવે છે. તેનું મૂળ સંસ્કૃતની "પાદપૂર્તિ" ઉપરથી હશે ? કારણ કે એક ચરણ આપીને બાકીનાં પૂરાં કરવાની પ્રથા ઘણી પ્રાચીન છે. તેમાં કેવળ કવિતાનો જ ભાવ પૂરવાનો હોય એવું ન હતું. તેમાં પણ આપણાં ઉખાણાના જેવો પણ પ્રકાર (નિરાળો) હતો.

તેનો એક જ પૂરાવો આપીશ.

"तक्रं शक्रस्य दुर्लभम्"

("છાશ ઈન્દ્રને પણ દુર્લભ છે")

એની પૂર્તિની કાંઈક નીચે પ્રમાણે ખંડિત સ્મૃતિ રહી છે તે જણાવું છું—

भोजनान्ते किं पेयम्
अमरापूरी कस्य–(આ લીટી ભૂલી ગયો છું.)
मोक्ष पद किदृशम्,
तक्रं शक्रस्य दुर्लभम् ॥

ભોજનને અંતે શું પીવું ? तक्र=છાશ
ઈન્દ્રાપુરી કોની ?— शक्रस्य=ઈન્દ્રની.
મોક્ષપદ કેવું ?— दुर्लभम्=દુર્લભ

એ પ્રમાણે મધ્યકાળના આપણા રજપૂત અને બ્રાહ્મણ સંસ્કૃત (કાવ્યો ?) ઉખાણાં બનાવતા.

તેનો એક દાખલો:–

"लक्ष्मीवत् कृत कूर सूरणः
दद्धि दुग्धः क्षमा पापडीः विगेरे.

બીજો—"લૈયા જલેબી ખવા"–એનો સંસ્કૃત અન્વય અને અર્થ જુદો થાય છે !

પા. ૭૩૫ "ચાંદા ચોળી"ને બદલે મેં આગળ જણાવ્યું તે ગીત પણ પ્રચારમાં છે તે તમે જાણતા હશો. "ચાંદા મામા ચોળી" વિગેરે.

પા. ૭૩૫ ને છેડે "ગા રે ગા !" છે તેવું જ—

'ગણપતિદાદા મોરીયા !

'ચાર લાડૂ ચોરીયા [કે ઓરીયા ?]

અને

'સરસ્વતી ! સરસ્વતી ! તું મોટી મા !'

એ બે છે. મને પૂરાં યાદ નથી.

અમે નિશાળે ભણતા ત્યારે શબ્દોનાં જોખાણાં અંગ્રેજીમાં પણ મસ્કરી અને મઝા કરવા ઘણાંએ બનાવેલાં. બધાં તો નથી લખતો પરંતુ એક જણાવીશ.

કોઈપણ નવા આવનાર વિદ્યાર્થીને જઈને પૂછવામાં આવે.– "સી એ કબલ એલ ઈડી"– એ પ્રમાણે સ્પેલીંગ (જોડણી) વાળા શબ્દનો ઉચ્ચાર શો ? "કેલેડ" કે "સેલેડ" ? જાતે જ બન્ને ખોટા ઉકેલ જણાવી તેને ફસાવીએ. સામાન્ય રીતે તે એ બેમાથી એક જ પસંદ કરે. બધા હસે. બાળકને અંગ્રેજી ભાષાના ઉચ્ચારોની સ્વછંદતાની ગમ ક્યાંથી હોય ? અને શા માટે હોય ? કોણ શંકા કરે કે કે એનો તો સામાન્ય "કૉલડ" ઉચ્ચાર છે ?

આજે તા.૧૨મી માર્ચને દિને આવેલ 'સૌરાષ્ટ્ર'માં

ચોથો હપ્તો જોયો તેમાં પા. ૮૫૫ ઉપર 'સૂરજ ઉગ્યો' એ સુંદર ગીત છે; એનો એક બીજો પાઠ મને યાદ છે તે જણાવું છું—

"સૂરજ ઉગ્યો રે !
આંબા કેરી ડાળે
કે વાંણે આભલાં વાયાં રે !"

"વેણલાં ભલે વાયાં રે" એ ચરણનો અર્થ હું બેસાડી શક્યો નથી. તમે જણાવશો ? એનો પાઠ પણ છે. "વાણેલાં ભલે વાયાં રે"

આ પાઠનો અર્થ સરળ અને સાહજિક છે. બીજો પાઠ 'વાણેલાં ભલે વાયાં રે ! વાંણે આભલાં વાયાં રે !– વહાણામાં (પ્રભાતે) આભમાં (વાદળાં) વાયાં રે ! – પ્રસવ થયો.

મને આમાં કલ્પના વધારે ઉચ્ચ લાગે છે ! તમને ફક્ત માહિતી માટે એની ખબર કરું છું.

(લગ્ન) સહભોજનનાં સુંદર ગીતો સુરતમાંથી મળશે એમ મને લાગે છે.

આટલો લાંબો કાગળ પૂરો કરું છું. મને ટૂંકામાં લખવાનો અભ્યાસ નથી પણ ધીમે ધીમે શીખવાનો વિચાર છે.

આ સૂચનાઓમાંની ઘણી ખરી તો "નંદકિશોર" ના ગીતની પેઠે કેવળ પિષ્ટપેષણ જ હશે ! છતાં મોકલાવી છે. ઉપયોગી હોય તો વિચારી જોશો. બાકી એમાંનું ઘણું ખરું તમારી પાસે સંગ્રહમાં ન હોય એ ક્યાંથી બને ! પત્ર લખશો.

લી. સ્નેહાધીન.

અંબાલાલ પુરાણીના સ્નેહવંદન.

× × ×

ઉપલા કાગળમાં માણસની શિશુકાળ સુધીની ઝીણી ઝીણી સ્મૃતિઓને અજવાળનારો લોકસાહિત્યનો પ્રભાવ પ્રતીત થાય છે. મારા પ્રમાદને લઈને શ્રી પુરાણી સાથેનો પત્રવ્યવહાર–દોર તૂટી ન જયો હોત તો મને એમની પાસેથી ઘણું જડયું હોત. માનવીનાં હૈયાંને ખંભાતી તાળાં હોય છે. લોકસાહિત્ય એની એક ચાવી હતી. મેં એ ચાવીના પૂરા આંટા ફેરવ્યા નહિ.

× × ×

મનોગત ટાંચણની તપાસ, મુંબઈની વ્યાખ્યાનમાળાની પૂર્ણાહુતીને અંતે, મને મચ્છુકાંઠે દોરી જાય છે. મોરબી શહેરના એક અમીરી મકાનની મેડી પર બેઠો બેઠો, દોઢસો બસો સોરઠી જુવાનોની પંગતમાં ગાંઠીઆ ને ગોળ ખાતો ખાતો હસું છું. રે મૂરખ ! અહીં તને કોણ લઈ આવ્યું ? તારું તે શું આ સ્થાન છે ? રાતોરાત ઊભી કરવામાં આવેલી આ 'કાઠિયાવાડ યુવક પરિષદ' એવા ઠરસાદાર નામવાળી કાગળ–સ્યાહીની બનેલી જમાતમાં તું ક્યાં ધાયે ચડી ગયો ? તારી વિચારસંપત્તિ શી ? તારી તમન્ના કેટલી ? તું કયા બિરુદ પર કટકા થઈ જવા તૈયાર છે ? તું સિપાહી છે કે તમાશબીન છે ?

તમાશબીન રહો !

'૨૯ ની સાલનો એપ્રિલ મહિનો હતો. મૂરખા બનવા બનાવવાનું પરદેશી પર્વ હતું. કાઠિયાવાડ રાજકીય પરિષદની બેઠક મોરબીમાં મળતી હતી. પંચ્યૂ માનવીઓના આ વાર્ષિક મેળામાં વારે વારે ઉરવરાળો નીકળતી. એક રાજ્યમાં બીજાં રાજ્યોની કોઠી ધોવાઈ કાદવ કાઢવામાં આવતા. કોઈ રાજ્ય આ મેળો ભરવા દેતું નહોતું. એથી મહાત્માજીએ પરિષદને મોઢે કેટલીક મર્યાદાઓ મુકાવી હતી. એવી મર્યાદાયુક્ત પરિષદને નાપસંદ કરનાર થોડા જુવાનોએ આ યુવક પરિષદનો સમારંભ કરી 'મોરબી સામે મોરબો' એ ન્યાયનો મોરચો રાજકીય પરિષદની સામોસામ રચવા ધાર્યું હતું.

તમાશો વગર અધિવેશને વીખરાયો, ગોળ ગાંઠીઆ ચાવતા ઘર ભેળા થઈ ગયા, ને મેં સીધી જૂનાગઢની ગાડી પકડી.

× × ×

કાગળ પરનું ટાંચણ અહીંથી જારી થાય છે—

'ટ્રેનમાં તા. ૧૫–૪–૨૯: માંગડો.'

આપાઢને ઓંણે,
લૂંબું વાળા ! લાગિયું:

એકજ વાર આવ્યે
મેળા કરવા માંગડા!

કાઈકના વિલાપના દુહા : જીવતા જનને નહિ પણ મુએલાને બોલાવે છે કોઈક : મુએલાને જ નહિ પણ મુઆ પછી પ્રેત બનેલાને બોલાવે છે—પાટણના નગરની નગરશેઠપુત્રી પદ્મા. પોતાના જોબન-આંબાને લૂમો તો લાગી છે, પણ 'આષાઢને આબે' એ કઇ રીતે ? કલ પડતી નથી. પદ્મા બોલાવે છે માંગડા-વાળા નામના જોદ્ધા જુવાનના પ્રેતને.

સોરઠી કથાસાહિત્યમાં સૌથી નિરાળી ને વિલક્ષણ એવી એ ભૂતના પ્રેમની વાર્તા સૌ પહેલી હડાળે દરબારશ્રીની પાસેથી સાંભળેલી, અને પોતે વારંવાર જે એક દુહો બોલી ઊઠે છે તે હૈયે રહી ગયેલો—

વડલા ! તારી વરાળ
પાને પાને પરઝળી,
કિસે ઝંપાવું ઝાળ,
(મને) ભડકા લાગે ભૂતના.

એ વાર્તા તા. ૧૫-૪-૨૬ને પહેલે પરોઢિયે ચાલતી ટ્રેનમાં કોણ કહી ગયો એનો નામોલ્લેખ તો નથી. પણ દુહા છે ખાંડાબાંડા જેવાક થોડા. એ વાર્તામાં વડલો લગભગ એક પાત્ર જેવો બની ગયો છે. પહેલેથી છેલ્લે સુધી વડલો વાર્તાનો મધ્યસ્થંભ છે. ગામનું ગૌધણ-વાળી જતા શત્રુઓની વાંસે જુવાન માંગડો ઘોડો દોટાવે છે, પણ લુંટારુઓનો સામનો કરે તે પૂર્વે તો વડલા સાથે એનો શિરપેચ લપેટાઈ જાય છે, એટલે શત્રુઓ એને ઠાર મારે છે. ટ્રેનમાં બેઠી જનારનો કહેલો દુહો ટાંચણમાં છે—

વડલે વીંટો લે
સોનેરી સરપાઘનો,
આહરો બાથલ આવે
માર્યો છેલ માંગડો.

વડલે મુઓ, પણ વાસના રહી ગઇ પ્રીતાળ પદ્માને વિશે. વાટમાં વૈશ્ય-કન્યાને કહીને આવેલો કે અબઘડી પાછો વળું છું. વાસના પ્રબલ હતી, માંગડો વડલે પ્રેત બન્યો. પછી એક દિવસ પદ્માને પરણવા જતા વણિક વરની જાન વડલા હેઠળથી નીકળી પોરો ખાવા રોકાઈ ત્યારે વડલા પરથી લોહીનાં ટીપાં ટપક્યાં. વોળાવીઆ રાજપૂતે અચરજથી ઊંચી નજર કરી. ભૂતને દીઠો. બેઠો બેઠો, રુદન કરતો એક નવજવાન બોલે છે—

સૌ રોતો સંસાર,
(એને) પાંપણીએ પાણી પડે;
ભૂત રુવે ભેંકાર,
(એને) લોચનિયે લોહી ઝરે.

હું માંગડો ! ચિરાગ્નિમાં સળગું છું નિરંતર. આ અવગતમાંથી છૂટવું છે. માર્ગ એકજ છે. પદ્મા સાથે પરણવા દો વણિકો ! પાછો ફરીને હું અહીં રોકાઈ જઈશ. પીડનકારી કોઈને નહિ બનું. પછી તો—

વેવલી વાણિયાની જાત,
કાંઉ સમજણ કરે ?
માજન વરાંહે માંગડો
ફુલેકાં ફરે.

એ દુહા પ્રમાણે બન્યું. વાણિયાએ પોતાના કદરૂપા વરને સ્થાને આ રૂપાળા જુવાનને (ભૂત છે એ જાણ્યા વગર સ્તો !) કામચલાઉ વર બનાવ્યો, 'માજન (વણિક) વરાંહે (બદલે) પ્રેત પદ્માને પિતાઘેર ફુલેકું ફર્યો, પરણ્યો, પાછો માર્ગે વડલો આવતાં ઠેક દઈને ઊતરી ભડકા રૂપે વડલામાં ગાયેબ બન્યો. પણ પદ્માએ તો એને પીછ્યો હતો. એનું સ્થાન સાથા વરે લીધેલ જોતાં જ એ પણ ઠેકીને નીચે ઊતરી પડી. સદાને માટે એ સ્ત્રીએ વડલાને જ પોતાનું થાનક બનાવ્યું.

આ રસિક-ભયંકર કથાને સવિસ્તર મેં આલેખી છે (સૌરાષ્ટ્રની રસધાર ખંડ પાંચમામાં.) પણ એ માંગડાની પ્રેમવાર્તામાં તો કણગાં ને ડાળાં એક કરતાં વધુ ફૂટયે ગયાં છે. માંગડો ઠેકાણે ઠેકાણે પ્રેતરૂપે દેખા દેતો હોવાનું આ વર્તમાનમાં પણ લોકો કહે છે. ગીરમાં અમે કંટાળા ગામે ગયા હતા, ત્યાં નદીને પાર, સામે જ 'માંગડાનો ડુંગર' નામે ઓળખાતો વિશાળ ડુંગર છે. એ કંટાળા

ગામમાંથી થોડાં વર્ષો પૂર્વે એક ચારણ, યજમાન ગરાસદાર રામ નોળને ઘેરથી સાંજવેળા બીજે ગામ જવા નીકળેલ. વળતા પ્રભાતે એણે પાછા આવી દરબારનો આભાર માન્યો. પૂછ્યું કે 'શી બાબત ગઢવા ?' કે 'રાતે તમે માંગડાને કુંગરે મને અફીણનો આખો ગોટો દઈ મેલ્યો બાપ, તે માટે.' એમ કહીને અફીણનો મોટો ગોટો બતાવ્યો. નિરખીને દરબાર ચકિત બન્યા. કહે કે 'ના ભૈ, મેં તો મોકલેલ નથી.' ગઢવો કહે કે 'માર્ગે મને અફીણનો ઉતાર આવી ગયો, ડાબલી ખોઈ બેઠો હતો ટાંટીઆ ઘસતાં રસ્તો ભૂલ્યો, રાત પડી ગઈ, એ ટાણે ઘોળાં વસ્તરવાળા એક જુવાને આવી આ ગોટો દેતે દેતે કહ્યું કે લ્યો ગઢવા, રામ નોળે લઇ મેલ્યું છે.'

સાંભળીને સૌને થયું કે 'નક્કી માંગડાવાળો !'

× × ×

ગઢવાએ યજમાનને ફુલાવવા ટોડો માર્યો હોય કે 'આય તે હોય, માંગડો કુંગર, ઘાંતરવડી નદી, ઘાંતરવડ ગામ, વગેરે પ્રદેશમાં માંગડાનો પ્રેતાવતાર અદ્યાપિપર્યંત ચાલુ હોવાનું બોલાય છે. પૂછો કે, 'પણ એનું કારણ શું ?' જવાબ જડશે કે, 'પ્રેમવાસના એની એટલી બધી પ્રબલ હતી કે હજુ એનો છુટકારો થયો નથી.' મારા તે રાત્રિના દુહા કહેનારે એક કહ્યો તે દુહો પણ એવી જ કોઈક ઘટનાને સૂચવે છે—

ડૂંઢો ઢાઢી ઢાંકનો
આવ્યો વડલા માંય;
માંગડે પાણી માગિયું,
જીવ અસર ગત જાય.

ઢાંક ગામનો કોઈ ડૂંઢો નામે ઢાઢી (યાચકની એક જાત) વડલે આવ્યો, માંગડે મરતાં મરતાં એની કનેથી પાણી માગ્યું, એ નહિ મળ્યું હોય, તેથી જીવ અવગતે ગયો.

× × ×

લોકસાહિત્યમાં વાસનાદેહી પ્રેતપાત્રોનું ગંભીર નિરૂપણ કરતી આવી વાર્તાઓ એક પ્રકાર લેખે સંમહિત કરી લેવા જેવી છે. ભયાનક કે બિભત્સ રસની નહિ પણ વીર કે કરુણની દૃષ્ટિ રાખીને આ કામ કરવું જોઈએ. ચળીતર, વ્યંતર કે ભૂતડાકણની વાર્તાનો પ્રકાર આથી જુદો પાડવો જોઈએ.

× × ×

જૂનાગઢની આ ખેપમાં મારો ઉતારો ને આશરો ત્યાંના પોલીસ ઉપરી શ્રી ઝેલભાઈને ઘેર હતો. આગળ કહી ગયો છું કે પોલીસખાતાનો નીચલા નોકરોનો બેડો એ જૂની જનવાર્તાઓને શોધવાનું સાટું ઠેકાણું છે. નીચલા થરના એકેએક વર્ણના માણસો સીધા ધરતીને ખોળેથી સિપાહીગીરીને શરણે આવ્યા હોય છે. કોઈ હળ હાંકતો, કોઈ ઘોરીની રાશ હેઠી મેલી દઇને, કોઈ ગોધણની લાકડી ફગાવી, કોઈ જુગાર ખેલતો બાઝણ, કોઈ ઠાકરદુવારાની પૂજામાં ન જઈ શકેલો બાવો, કોઇ કજોડો મિયા, તો કોઈ જુવાનીમાં ભુજાઓ ફાટતી હોય છતાં ગ્રામજીવનમાં જેને એ ભુજબળ ક્યાં જોતરવું એની કલ્પ ન પડતી હોય તેવો પીડનકારી બનેલો કોળીઓ, કોઈ રંગીભંગી, બાવાસાધુઓની જોડે ગાંજાની ચલમો ચસકાવતો, પાણીશેરડે બેસી રહેતો, ખેતરોના સીમાડા સારુ લાકડીએ આવતો ફાટેલો કાઠી ગરાસીઓ,—એવા એવા કેકને માટે રસાલા અને પોલીસ—બેડા આખરી આશરાસ્થાનો બને છે. એની ભુજાઓના મદને બંદૂકો પરેડ કવાયતો ગાળે છે. માતેલા સાંઢો હોય તે ઉદ્યમી શિસ્તવશ વ્યવસ્થાપકો બને છે. બેત્રણ વર્ષે થોડા રૂપિયા બચાવી એ પરણે છે, અને પોલીસ લાઈનની જે ઓરડી પૂર્વે વાંઢાઓનો અખાડો બની રહી હોય છે તેની પરશાળની ખપાટ-જાળી પર એકાએક એક દિવસ ગુણપાટના ચક બંધાયેલા માલૂમ પડે છે. અંદરથી ફક્ત બંગડીઓના રણઝણાટ, મસાલો વાટવાના ઉપરવટણાના લસરાટ અને રોટલાના ટપાકા સંભળાતા થાય છે. પાણીની હેલને કાખમાં ઘાલીને ઘેરદાર ચણીએ લપેટેલ ઓઢણીવાળી એ નવી વહુ ઘૂંઘટ તાણીને બહાર નીકળે છે. અને એ બાર રૂપિયાના પગારની નવી પરણેતર જ્યારે પોતાને 'એ ભા ! શીરામણ આલજો !' એવા તાબેદાર-બોલ સંબોધતો લાઈન વાળનાર જુવો ભંગી આંગણે ઊભો જુએ છે, ત્યારે પોતે પણ હાકેમીના

આસન પર બેઠી છે એવો ગર્વ અનુભવે છે, 'એલા કાલ્ય વે'લો મેંદી લાવજે મેંદી.' 'એવી એ ઝાંપડાને જ્યારે આજ્ઞા આપતી હોય છે, ત્યારે આ બાઇને આંગણે હોળી, ગોકળઆઠમ કે દશેરાનું પર્વ આવી ઊભું છે, એમ તમારે નક્કી સમજી લેવું.

× × ×

પોતાનો પીંજરો પોલીસ-ધણી મોહરમના ધાસુરાના દિનોમાં હુલ્લ લેતો હોય છે અને પોતે તાબૂતની પછવાડે ગાતી ગાતી છબીલી છટાથી હુસેન ઈમામને કૂટતી હોય છે. કુટાઈ કુટાઈ લાલ ટશરો કાઢતી એની છાતી પર લીલાં છૂંદણાં વિશેષ રૂપાળાં લાગે છે. ગુણપાટના 'પરદાવાળી ખપાટ-જાળી પાછળ લપાઈને બેઠેલી એ કદી કદી જ્યારે બહાર ધસી આવી પાડોશણ સપારણની સાથે લાંબા હાથ કરી કરી કજીઆની ધડાપીટ મચાવે છે ત્યારે મામલો વિકરી જાય છે, ને કોઈ કોઈ વાર ધણી ગાંડો બની સરકારી બંદૂકમાં કારતૂસ ચડાવે છે, ગોળીબાર ચલાવે છે, હરીફને ઠાર મારી પોતે પણ ગોળી ખાઈ પડે છે.

× × ×

કોઈ કોઈ વાર એ ગુણપાટના પરદા પાછળથી વિચિત્ર માનવ-રવરો સંભળાય છે, કોઈકને શંકા પડે છે, ફાંકામાંથી અંદર દૃષ્ટિ કરે છે, 'દોડો, દોડો' એવું ગુમરાણ પડે છે, જાળીની ખપાટો તોડવામાં આવે છે, અંદર લટકે છે-ગળાફાંસો ખાતી એકાદ સિપારણ. નવાંનકોર ઉત્સવ-લૂગડાં પહેરી કરીને છાપરે બાંધેલ ગાળીઆમાં એણે ગળું પરોવ્યું હોય છે!

× × ×

પણ તમારા કુતૂહલને નિરર્થક ઉશ્કેરી રહ્યો છું. આ પોલીસ-બેડાની દુનિયા અનોખી છે. તમારી સામે તાળાબંધ છે. તમે એમાં ભ્રમણ કરી શકશો નહિ. એ માટે તો તમારે એ દુનિયામાં જ જન્મ ધરવો જોઈએ, એકાદ નાના મોટા અમલદારને ઘેર બાળક બનવું જોઈએ, ઊઝરવું જોઈએ, અને તમારી ઉમ્મર પણ ફક્ત એટલી જ હોવી જોઈએ કે તમે આ સિપાહી-કોટડીઓનો સંસાર જુઓ છો છતાં સમજી કાંઈ જ નથી શકતા એવી એક ભ્રમણા ત્યાં ચાલુ રહે. ભ્રમણા જ હોય છે તે બધી. કારણ કે ગળાફાંસો જોયો ત્યારે હું માંડ સાત વર્ષનો હોઈશ.

શિશુકાળની સ્મરણ-છાપ કેટલી ઘેરી હોય છે, અને તે છતાં આવાં લાખો શૈશવોની માવજત કરનારાં માવતરો, માસ્તરો, વાલીઓ ને પાલકો કેટલાં ગાફિલ હોય છે!

× × ×

એવા પોલીસ-બેડામાંથી ગુજરગોને ગોતીને બહારવટિયાના કિસ્સા પકડવા જૂનાગઢ ગયો. શ્રી છેલભાઈ આ અગાઉ જર્યાનું ઉપરીપદ કરી આવેલા તે જામનગરના બહારવટીયા રાયદેની હકીકત મેળવી હતી. જાણકાર સિપાઈઓ પાસેથી જૂજજાજ વૃત્તાંત મળ્યું ખરું, પણ વનસ્પતિજગતની પેઠે સંશોધન-સૃષ્ટિમાં એ એકાદ વસ્તુનો પરિપાક-કાળ આવતાં કેટલી બધી વેળા લાગે છે! રાયદેની સર્વાંગ-સંપૂર્ણ હકીકત આજે જતી સત્તર વર્ષે એક તુંબેલ ચારણ પાસેથી હાથ લાગી. એક બહારવટિયા કે ડાકુની કથા લેખે વીરોચિત અશોની એમાં ન્યૂનતા છતાં એ વૃત્તાંતમાંથી કાઠિયાવાડના એક અણદીઠ અપરિચિત સમાજ-સંસારનું ચિત્ર પ્રાપ્ત થયું. એ પ્રદેશ જામનગરનો બારાડી મુલક : એ કોમ તુંબેલ શાખાના ચારણોની : અને એ ભાષા જાડેજી. મતલબ કે ત્રિવિધ પ્રકારની નવીનતા. આ કથા આવતે અંકે.

બુદ્ધિનો વિપર્યાસ એને લેવા દેવા વિનાની અહિંસા-હિંસાની ચર્ચામાં લઈ જાય છે, અને આનો તો ક્યારે ય અંત જ નથી આવતો. ન્યાય ખાતર એ નોંધવું જોઈએ કે બીજું એક વાક્ય પણ વારંવાર સંભળાતું. "કોણે હાથ રોકયો હતો!"

*

વ્યાસે પ્રજ્ઞાચક્ષુથી કુરુક્ષેત્રમાં અઢાર અક્ષૌહિણી સૈન્યનો સંહાર થતો જોયાનું કહેવાય છે. અમદાવાદમાં ન થએલા હજારેક ખૂનના સગી આંખના સાક્ષીઓ તો તમને એકાદ નાનકડા વિસ્તારમાંથી મળશે. કડવાશને બાજુએ મૂકીએ તો ય આમાં કવિતા અને કાવ્યરસનું સાતત્ય જણાયા વિના નહીં રહે. કલ્પના,—માત્ર ભવ્ય અને ઉદાત્ત જ નહીં પણ આધુનિક-રંગે રંગાએલી વાસ્તવિકતાની છાપવાળી,—અભિવ્યક્તિની કાવટ અને સદ્દષ્ટિ આદેશ—આના સંમિશ્રણથી જ કવિતા થઈ શકે ને? ઝીણામાં ઝીણી વિગત સાથે, નામઠામ ઠેકાણા સાથે, પરાપૂર્વના સંબંધ સાથે, આવી કવિત્વભરી બાનીમાં થએલી રજૂઆત આ દિવસોમાં ન સાંભળી હોય એવા કરમહીણા થોડા જ મળશે. સિંદરીનો વળ છેડે હોય એમ આમા માત્ર એક જ વસ્તુની ખામી રહે છે—આવું કાંઈ બન્યું નથી હોતું.

*

અને અમેરિકાની શેરલોક હોમ્સની સંખ્યામા પણ સારા જેવી ભરતી થઈ છે. એક રીતે જોઈએ તો આ પણ કાવ્યરસની જ અભિવ્યક્તિ છે. નવી કવિતાની અર્થઘનતાની પૃથ્વીવ્યાપી અસરનું જ આ પરિણામ છે એમ કહેવામાં કશું ખોટું નથી. કવિતાનું ભાવી અવશ્ય ઊજળું છે.

*

પાણીને રેલે દોડતી મોટરમાં શ્રીમાન શેઠ જતા હતા. સમાજના સ્તંભ અને મિલના માલેક છે. કમનસીબે સામે જ એમને એમની મિલનો ખટારો મળ્યો. કોકની શિખવણીએ ખટારાવાળો ભયગ્રસ્ત વિસ્તારોમાંથી કુટુંબોને સલામત વિસ્તારમાં લઈ જતો હતો.

શેઠે ગાડી ઊભી રખાવી અને ખટારો પણ ઊભો રખાવ્યો. દૂર હોવાથી વાત તો ન સાંભળી શકાઈ પણ બીજી ક્ષણે અમે ખટારામાંથી ઊતરતાં સ્ત્રી પુરુષ બાળકોને જોયા. એમને ત્યાં જ રખાવી શેઠે આગળ ખટારો અને પાછળ પોતાની ગાડી હંકાવી. પેલાંઓને ધર્મશાળા ભેગા કરવાનું ભાગ્ય અમને સાંપડયું.

*

"માસા માસી આવવાના છે તે ભાઈને મોટર લઈને લેવા મોકલજો." ઘેર ફરમાસ આપી હતી.

"પણ તમારે તો મોટર છેને?"

"તે અમારી મોટરના કાચ ન ભાંગી જાય!"

આમાંનો એક અક્ષર પણ વધારાનો નથી.

*

એક બાજુ પશુનું રાજ્ય ચાલતું હતું. બીજી બાજુ ઈશ્વરની ભક્તિ થતી હતી. 'ભૂખ્યા ટપાલીઓ' રોજ સવારે મળતા. એમની હડતાલની વાતો કરતા. એમના કાર્યક્રમમા અચૂક પ્રાર્થના આવતી જ. હડતાલી ટપાલીનો મોટો ભાગ મુસ્લિમ છે. ખતરનાક ગણાએલા વિસ્તારોમાં રહે છે. પણ ઈશ્વરને જુદે નામે ઓળખવાના ચીવાથી એ દૂર હતા. ભાઈચારો અને એકતા એમને સહકાર કરવા પ્રેરતા. એક જુદો જ દોર એમને બાંધી રહ્યો હતો. એ દોરની પિછાણ હજુ થઈ નથી. એ દોર છે: ભૂખ, શોષણ.

*

હવામાં પાંદડું કંપે એમ એ કંપતો હતો.

છેક રીલીફરોડના નાકાથી એ દોડતો આવતો હતો, હાથમાં ઉઘાડા ચાકુ સાથે એ દોડતો આવતો હતો એટલે પાછળ હોહા થવી સ્વાભાવિક હતી. 'હાથમાં ચપ્પુ છે'ની બૂમો પણ પડતી હતી. કાતરે આંખે આજુબાજુ જોતો એ દોડતો જ રહ્યો. છેવટે પોલિસે એને આંતર્યો. ચપ્પુ લગભગ માંગતાં જ મળી ગયું. હથિયારબંધીના ભંગ માટે એ જેલ ભેગો થયો.

અંધારામાં સીટી વગાડતા જતા બાળક જેવો એ હતો. હાથમાંનું ચપ્પુ એ એની અંધારાની સીટી હતી.

એ થરથર કાંપતો હતો, પોતે જ ભયથી મરેલો હતો એ વાત ભુલાઇ ભુલાતી જ નથી.

આની પણ બીજુ બાજુ છે.

ખંજરબાજીનો ભોગ થઈ પડનાર એની મરણ-પથારીએથી એના કાતિલને ઓળખાવે છે. પોલિસો, ફોજદારો, મેજિસ્ટ્રેટ, વિદ્યાર્થીઓ, નર્સો, પરિચારકોનું ટોળું ખાટલાની આસપાસ ઊભું છે. સહુની નજર મંડાય છે કાતિલ પર. ભાગ્યે બાવીસ-પચીસની ઉમ્મર હશે. અંગ્રેજીમાં જેને રાતે હાથે કહે છે એમ જ પકડાએલો. શિકાર બનેલો શિકારીને ઓળખાવે છે. શિકારીનું એક ફેવાડું ફરકતું નથી. બેતમા ને નફ્ટાઇની હદ ખેંચી લઈ જઈ એ સિગારેટ સળગાવે છે.

*

રીક્ષાઓ હવે ચાલતી થઈ છે. પણ કોઈ ભાડૂતી ગાડી કે રીક્ષાનો વિશ્વાસ નથી કરતું.

પગથીની ધારે અમે ચાર પાંચ જણા ઊભા હતા. ત્યાં રીક્ષા ખેંચીને એ આવ્યો.

'હું મરાઠો છું, સાહેબ."

વિશ્વાસ જન્માવવા એણે આમ કહેવું જરૂરી માન્યું.

*

રાતના બાર વાગે ટેલીફોનની ઘંટડી વાગે છે.

"અરે તમે લોક તે ઊંઘો છો! આટલા જોરથી થાળી વાગે છે અને તમે સાંભળતા નથી?"

"જા ભાઈ જા, વેલણ જ નથી તો થાળી વાગે જ શી રીતે?"

*

સડક પર પાનવાળાની લાકડાની ચોકી બળી રહી હતી. પ્રેક્ષકોની ઠીક જેવી સંખ્યા ઊભી હતી. સમજુ માણસો ઘર ભેગા થયા હતા. ત્યાં મિલિટરીની લોરી બળતી ચોકી આગળ જ મોટર ઊભી રાખી. પ્રેક્ષકો સહજબુદ્ધિથી ઝડપભેર વેરવિખેર થતા હતા. લોરીમાંથી ઊતરીને લશ્કરીઓને લઇને સાર્જન્ટ ખડકીમાં ગયો અને પાંચ મીનીટમાં તો અતીત ત્રાગું કરી લોટ ઊધરાવી લાવે એમ બાર પંદર માણસોને આગળ કરી લાવ્યો. પાછળ રોતાં-કકળતાં બૈરાં અને સગાં આવતાં હતાં.

"આમને..."

"પકડ્યા." એણે જવાબ આપ્યો.

"પણ આમને જુઓ તો ખરા."

અને શંકર ભગવાનની જાનના જાનૈયા જેવા એ બાર પંદર જોવા જેવા જ હતા. એક ભાઈ હતા ઉઘાડા ડીલે હાથમાં ધોવાનો સાબુ અને બીજા હાથમાં ભીના પંચીઆ સાથે, બીજાને કાને જનોઈ વીંટાએલી હતી. ત્રીજા ભાઈ હજુ ખમીસના બીજા ગાજમાં ત્રીજું બટન ભરાવવાનો નિષ્ફળ યત્ન કરતા હતા. ચોથાને તો હાથ પકડીને એમનાં ધર્મપત્ની (માની લઉં છું) ખેંચતાં હતાં. પાંચમાના હાથમાં દવાની બાટલી હતી.

રોતા કકળતા જાનૈયા ને ખડકીને, લોરી વ્યવસ્થાની જડતા અને ન્યાયની અબૂઝતા પર કટાક્ષ કરતી ચાલી નીકળી.

*

દિવસના ગમે તે સમયે ટેલીફોન આવે.

"—ઠેકાણે 'બનાવ' બન્યો એ ખરી વાત?"

"ના જી, કાંઇ નથી બન્યું?"

"બીજે કોઈ ઠેકાણે?"

"ના ભાઈ."

ટેલીફોનના રીસીવરને પાછું મૂકી દેતાં જે અવાજ થાય તેના ઉપરથી જ તમને એમની નિરાશાનું માપ કાઢી શકો.

*

દસ મીનીટ પહેલાં જ ત્યાં ગોળીઓ છૂટી હતી. ઘવાએલા છોકરાને એમ્બ્યુલન્સમાં મોકલીને અહીં આવે એ મીનીટ ભાગ્યે જ થઈ હશે. પચાસેક વારને અંતરે જ બન્ને ટોળાં ઘૂરકીઆં કરતાં ઊભાં હતાં. ત્યાં એક ભાઈ નિરાંતે ટહેલતા ટહેલતા હાથમાં ઝોળી

સાથે આવ્યા અને સડક ઓળંગવાનો યત્ન કરવા લાગ્યા.

" શોધ જશો ભાઈ ? "

" કાંઈ નહીં. મને થયું જરા શાક લઇ આવું."

સ્થિતપ્રજ્ઞ ન થવાય તો કાંઈ નહીં પણ આવા સ્થિરચિત્ત થવા પણ સમરકંદ અને બુખારા જતાં કરવાં જોઇએ.

*

અઢાર વીસથી એની ઉમ્મર વધુ ન જ હોઈ શકે. નાવારસ ગણાતાં મડદાંને અગ્નિદાહ દેતાં જાતજાતના ચહેરા, અને ભાતભાતના ઘા નજરે પડતા. કોકના આંતરડાં બહાર આવ્યાં છે, અને કેટલાય કલાક બાદ હજુ ય લોહી રેલાય છે. કોકના મોં પર છૂરી ચાલી છે. કોકની છાતી ભેદાએલી છે. માનવીમાંની શ્રદ્ધાને ડગાવી દેવા આટલા અભદ્ર દર્શનની એક ક્ષણ–એક જ ક્ષણ–પૂરતી છે. ભૂલવા મથીએ તો ય એ જુવાનનો નમણો ચહેરો નથી ભુલાતો. હાથ પર તેજાબ પડયો હોય એમ લાગે છે કારણકે કાઠું બળી ગયું છે. છાતી પર પણ એવા જ ડાઘા છે. ફાટેલા ડોળામાં ભય કરતાં ય આશ્ચર્ય વધુ ભર્યું છે.

પણ સ્મૃતિને સહુથી વધુ રંજાડનારી વાત તો બીજી જ છે. ચિતાની જ્વાળાઓમાં ય એણે માથે નાખેલું તેલ ચળકે છે. એ નથી જ ભુલાતુ.

*

સફેદ ટોપી, મોજડીઓ, હિંગળોક લોહીનાં બે ખાબોચિયાં–વીસ બાવીસ વર્ષની આશા અને અરમાનભરી જિંદગીનો સરવાળો.

સડક પર રેલાએલા લોહીની રક્ષા કરવાં ન હોય એમ પાસે બંદૂકધારી અને લાઠીધારી પોલિસ ઊભા છે, એ લોહી જ્યારે માનવની નસોમાં વહેતું હતું ત્યારે પણ કહે છે પોલિસ પાસે જ હતી !

કાપદેસર ક્રાગળિયાંની પ્રાથમિક ભૂમિકા તૈયાર થઈ રહી છે.

*

ઈટરોડાની ફરસબંદી અને તેય સડકથી ફૂટ દોઢ ફૂટ જેટલી ઊંચી ઝનૂનનું આ સમરાંગણ.

*

વ્યવસ્થિત રોકકળ એ શસ્ત્ર હોઈ શકે છે એ જાણવાનું આમાંથી જ મળ્યું. કયાંક કશું બને એટલે એ વિસ્તારમાંથી ધરપકડ થાય એટલે મુસ્લિમ સ્ત્રીઓ રોતી કકળતી પોલિસની પાછળ પડે. કેટલીય પેઢીઓની યાદ હરી ભરી તાજી થાય. રોવાય પણ ખરું અને ગાળો પણ દેવાય. જર્મનીને હાથ ન લાગેલું આ નવતર શસ્ત્ર છે.

*

સૂની સડક પર, અવરજવર વિના પણ વાહન–વ્યવહારની રંગીન બત્તીઓ કટાક્ષ ફેરતી સતત કામગીરી બજાવે છે. કશું શીખવવા મથે છે ? કોણ જાણે...

*

રજવાડી હિંદનો પરાજય

ખંડ ત્રીજો (ચાલુ)
[મરાઠા રાજ્યમંડળ પર હલ્લો]

મગનભાઈ દેસાઈ

૬

એકલવીર જસવંતરાવ

"આ યુદ્ધ ઈ. સ. ૧૮૦૪ના મેથી ૧૮૦૫-ના ડિસેંબર સુધી ચાલ્યું; અને તેમાં અનેક લડાઈઓ થઈ, જેમાં અંગ્રેજો ખરેખરા હેરાન થયા અને થાક્યા. બધે વર્ષે સિંદે-હોલકરને ત્રણ માસમાં નરમ કર્યાનો બારે વર્ષ અંગ્રેજોને આવ્યો હતો, તે જસવંતરાવે ચાર કરી નાખ્યો. પહેલા જ ચોમાસામાં મુકુંદરાની ખીણમાં કર્નલ મોન્સન જોડે જસવંતરાવે જે દોડધામ કરીને લડાઈ કરી, તેનો જોડો ઇતિહાસમાં મળે એમ નથી. કાવા ગનીમી રીતે લડનાર બીજો કોઈ યોદ્ધો જસવંતરાવ જેવો, ઉત્તર મરાઠા-સાટી કાળમાં, થયો નથી.....બધા આગેવાન મરાઠા સરદારોના વિરોધ છતાં, સ્વપરાક્રમવડે આગળ આવીને, બે વર્ષ અંગ્રેજોને ત્રાહિ ત્રાહિ પોકરાવ્યા, તે વસ્તુ અસાધારણ કર્તૃત્વની ગણાવી જોઈએ."

—સર દેસાઈ (ઇતિ૦ પા. ૩૦૩-૪.)

સિંદે-હોલકરે સાથે લડીને અંગ્રેજો સામે એકત્રિત સામનો કરવાની વાત ન સંધાઈ શકી, એટલે જસવંતરાવ હોલકર સીધો માળવા પહોંચ્યો અને ત્યાં પોતાની સત્તા જમાવવા લાગ્યો, એટલે સુધી આપણે અગાઉ જોઈ આવ્યા. આ તેનું કામ અંગ્રેજોને ન ફાવે, એ ઉઘાડું છે. એટલે ઉત્તર હિંદ માટેના અંગ્રેજ સેનાપતિ લેકે ગ. જ. વેલેસ્લીને લખ્યું કે, આ જસવંતરાવ તો પીડારૂપ છે, તેનું કાંઈક કરવું પડશે અને સિંદે સાથે લડી પરવારેલી પોતાની સેનાને પાછી છાવણીઓમાં ન પહોંચાડતાં, સ્થાને સ્થાને વ્યૂહમાં હતી ત્યાં જ કાયમ રોકી. આનો અર્થ સ્પષ્ટ હતો: લેક જસવંતરાવ જોડે લડી લેવાના ગ. જ. ના હુકમની આશા ન રાખતો હોય, તો ય તે આવી પડે તો તેના અમલ માટેની તૈયારી તો તેણે રાખી જ.

વેલેસ્લીએ લેકને લખ્યું કે, હોલકરને પૂછી જુઓ કે તેની શી મરજી છે, અને તે શી કામગીરી પર ચડ્યો છે. હોલકરે જવાબ આપ્યો કે, હું અંગ્રેજો જોડે દોસ્તી રાખું છું અને રાખવા માગું છું; પરંતુ મારી માગણીઓ તમારે સમજવી જોઈએ અને એમ કહીને તેણે તેની યાદી મોકલી આપી. આ યાદીમાં પોતાનો ચોથ-હક દર્શાવ્યો હતો તથા ઉત્તર દક્ષિણમાં હોલકર-તાબાનો કેટલોક મુલક અંગ્રેજોએ લઈ લીધેલો તે પાછો માગ્યો હતો.

થોડોક મુલક આપી દેવાથી જ જો પતત તો વળી જુદી વાત. પરંતુ રજપૂતાનાનાં રાજ્યો પરનો ચોથ-હક તો કેમ માની લેવાય? જેમ મરાઠાઓએ પોતાનો ચોથ-હક ઘુસાડીને મોગલ સામ્રાજ્યમાં ગાબડું પાડી તેને ગબડાવી દીધું હતું, તેમ જ આ વેલેસ્લીએ સરકારી લશ્કરની યોજનાવડે મરાઠાશાહીના ટાંગા તોડવા માંડયા હતા; તેથી તો તેના ચોથહકની જગાએ રજપૂતાનામાં, ઇ. સ. ૧૮૦૩ના અરસામાં, ક્યારની પોતાની સદાય-ચાલ-નીતિ તેણે ઘુસાડી દીધી હતી, એ આપણે અગાઉ જોઈ આવ્યા. તેમાં તો પાછું પગલું થઈ ન શકે, નહિ તો પ્રતિષ્ઠા પર પાણી ફરે અને એમ પોતે રચેલી ઇમારતની એક ઈંટ જો ખસવા દે, તો ઇમારતનું શું થાય? વેલેસ્લી જેવો માની અને કરવૈયો માણસ તો આ બાબતમાં શાની જ ભૂલ ખાય! એણે લેકને હોલકર જોડે લડી લેવાની સૂચના આપી.

લડાઈનું તાત્કાલિક કારણ, જસવંતરાવ જયપુર રાજ્ય પાસે ચોથ લેવા ગયો, એ પ્રસંગ બન્યો. વેલેસ્લીએ તે સામે વાંધો લીધો કે, જયપુર અમારું મિત્રરાજ્ય છે, તેને તમે સતાવી ન શકો. જો કે મિત્ર લખે છે કે, આ તો સાવ નાની વાત હતી; તેના કરતાં અઘરી વાત જસવંતરાવે કરી હતી તે એ કે, અંગ્રેજના મિત્ર નિઝામને તેણે સતાવેલો, છતાં એ જ વેલેસ્લી તે વેળા બોલ્યો નહોતો. કારણ ઉઘાડું છે—તે વખતે વેલેસ્લીના હાથ સિંદે સાથેના યુદ્ધમાં ભરાયેલા હતા, અને આમ કહી છેવટે મિત્ર કહે છે કે,

"With a strong disposition to believe reports and to magnify grounds of suspicion the Governor-General on the 16th April issued orders to the C. in C. and Major General Wellesley to commence hostile operations against the Holkar, both in the north and the south." (P. 670)

(વેલેસ્લી ભારે કાચા કાનનો અને વહેમીલો હતો. એટલે એણે ૧૬ મી એપ્રિલે લેક અને આર્થર વેલેસ્લીને હુકમ છોડ્યા કે ઉત્તર દક્ષિણ બેઉ જગાએ હોલકર સામે લડાઇ આદરો.)

આમ મરાઠા રાજ્યમંડળના ત્રીજા મહારથી સામે વેલેસ્લીએ હાથ ઉગામ્યો. બેઉ અંગ્રેજ સેનાપતિઓએ હોલકર સામે પોતાના મદદનીશોને મોકલ્યા : લેકે મોન્સન નામનાને અને આર્થર વેલેસ્લીએ ગુજરાતમાંથી મરે નામના સેનાનીને. આપણે ઉપર જોઇ આવ્યા એ વાટાઘાટ દરમિયાન જ હોલકરે કહી રાખ્યું હતું કે, "લડાઇના મેદાનમાં તમારી તોપો આગળ મારો ઇલાજ નથી, તો પણ સેંકડો માઈલો દોડી વળીને, થોડા જ વખતમાં, દૂર દૂરના પ્રદેશો બાળી લૂંટી નાંખવાનું મારામાં જોર છે. તમને એક ક્ષણનો ય જંપ વળવા નહિ દઉં. સમુદ્રનાં મોજાં પેઠે હોલકરની સેના આખા દેશ ઉપર રેલાવા લાગે, એટલે લાખોનો સંહાર થશે, અને તેનો વિરોધ કરવાની કોઈની છાતી નહિ ચાલે"

— (સર દેસાઈ ૨૯૯)

સામેના આ મિજાજથી પણ વેલેસ્લી કેવી રીતે પછી ઝાલ્યો રહે!

હોલકરે હવે આ કહેવી વાત કરી દેખાડી. એ અહીંથી તહીં અને તહીંથી અહીં એવો તો દોડાદોડ કરવા લાગ્યો કે, બિચારો મોન્સન એની કેડે પડતો પડયો પણ હાંફી ગયો; અને લાગ જોઈ વચ્ચે વચ્ચે હોલકર પાછો ફરીને એના ઉપર એવા તો છાપા પણ મારતો કે, મોન્સન એનાથી ત્રાસી જ ગયો અને પડીને નાસતો. તે કાલે સૌ અંગ્રેજો જસવંતરાવનું આ બળ જોઇ તેને 'રાક્ષસ' જ કહીને વાત કરતા. લેક પણ મુંઝાયો કે, લડતાં લડાઇ ઉપાડી તો ખરી, પણ હવે આનું કરવું શું!

આમ હોલકર સાથેનું યુદ્ધ ચાલ્યા કર્યું. ૧૮૦૫ના પ્રારંભમાં અંગ્રેજોને માટે બીજી બલાઓ ઊભી થઇ. હવે આ લડાઈમાં શિંદે પણ ભળ્યો! હોલકરે તેને ખેંચી આણ્યો. દ્વયુપચ્ચુ શિંદે તેની ચડતી જોઈ લોભનો માર્યો જોડાયો. અંગ્રેજોને તેણે એમ કહ્યું કે મારી માગણીઓ તમે વિચારતા નથી અને હોલકર મારો મુલક રંજાડે ઉજાડે પછી મારે શું કરવું?

ભરતપુરનો જાટ રાજા પણ હોલકરનો ઉત્કર્ષ જોઈ પાછો અંગ્રેજો સામે ઝૂઝવા તૈયાર થયો. આમ હોલકરે ઉઠાવેલી લડાઈ મધ્ય હિંદમાં વ્યાપવા લાગી. ખરું જોઈએ તો આ લડાઇ, અંગ્રેજ કંપનીની હિંદના રાજ્ય-પ્રકરણમાં જે ઘૂસણનીતિ હતી અને તેને પરિણામે દેશના રાજાઓની જે આઝાદી જતી હતી, તેની સામે હતી જો મધ્યહિંદના બધા રાજાઓ અને મરાઠાઓ આ મોટો મુદ્દો જ સમજી જઇ એકત્રિત થયા હોત, તો તેઓ ભારે ફતેહ મેળવત. કેમકે અંગ્રેજો આ વખતે બહુ મૂંઝવણમાં હતા. અગાઉ મીર કાસમ અને નાના ફડણીસની જેમ, આ વેળા જસવંતરાવ તેનો નેતા બની જ ગયો હતો.

અને એમ પણ નથી કે, દેશી રાજસત્તાઓને આ મુદ્દો અજાણ હતો. બાજીરાવ, શિંદે, નિઝામ, સૌ કોઈને આ પરદેશી ઘૂસણ સાલતું હતું. તે સામે થવા તેમની પાસે લશ્કરી બળ પણ હતું પરંતુ, અગાઉના પ્રસંગો પેઠે, આ વેળા પણ પૂરતી રાજનીતિજ્ઞતા, કડાપણ અને વ્યાપક દૃષ્ટિની નિરવાર્થતા નહોતા. એટલે શિંદે ૧૮૦૫ માં હોલકર જોડે થોડો વખત જોડાયો, પણ તે વખતે ય મનમાં તો હોલકરનો દ્વેષ સંધર્યો જ હતો!

સામી બાજુ વેલેસ્લીને દેશી રાજાઓ જેવી કશી આંતરિક આંટી વેઠવાની નહોતી. પરંતુ તેને વિલાયતના પોતાના મોડાને સંભાળવાના હતા મોન્સનની હાર ઉપર હાર અને નાસભાગથી વિલાયતના કંપનીના સંચાલકો ચિડાયા હતા. છતાં એ દશામાં

યુદ્ધમાંથી કેમ નીકળી શકાય! વેલેસ્લી અને લેકે લડીને હવે કંઈક કરી દેખાડી, હોલકરના આ સામા પૂરને રોકવું જોઈએ, નહિ તો કર્યું કારવ્યું ધોવાઈ જાય, એમ ઠરાવ કર્યો. માર્ગસને દીગ નામે એક જગાએ કાંઈક ઠીક લડી દેખાડયું; પણ તેથી બહુ વળી ન શકયું.

ઉપરાંત, ભરતપુરનો જાટ રાજા રણજિતસિંહ ૧૮૦૪ ના અંત ભાગમાં અંગ્રેજો સામે થયો; અને તેણે આ યુદ્ધમાં જબરું કામ કર્યું. તેનો કિલ્લો આ કાળમાં અજેય મનાતો. લેકે જાતે તેની ઉપર હલ્લો કર્યો. મહિનાઓ સુધી તેણે તેની ઉપર મારો ચલાવ્યો. પણ ભરતપુર ન પડયું. હવે રણજિતસિંહે જસવંતરાવને ભરતપુરના યુદ્ધમાં પહોંચવા કહ્યું; આ મહાન યુદ્ધના ખબર દેશભરમાં વ્યાપ્યા. જબરા અંગ્રેજો સામે ઝૂઝનાર ભરતપુર રાજની વાહ વાહ ગવાવા લાગી. આ જ વાતાવરણનો માર્યો શિંદે અંગ્રેજો સામે માથું ઊંચકવા લાગેલો આપણે ઉપર જોયો, અને તે શત્રુ માનેલા છતાં હોલકરની જોડે નામતનો છતાં થયો.

લેક હવે મામલો પામી ગયો. તેણે જોયું કે યુદ્ધ નહિ પણ ચાણાક્ય નીતિના ભેદનું અહીં કામ છે; અને જાટ-રાજા જોડે વેળાસર સંધિની વાત શરૂ કરી તેને આ અચ્છા જામેલા એકત્રિત સામનામાંથી સેરવી લીધો. પછી હોલકર જોડે યુદ્ધ ઉભું રહ્યું. લેકે હવે એ સંભાળવાનું હતું; પરંતુ તે બાબતમાં એ આગળ વધે તે અગાઉ વિલાયતથી હુકમ આવ્યો કે, વેલેસ્લી ગ. જ. પદેથી પાછો આવી જાય. તેની જગાએ બુકો કોર્નવોલીસ ફરી રવાના કરવામાં આવ્યો. વેલેસ્લીએ ઓદરેલ પ્રકરણનું હવે પછી શું કરવું એ તેણે વિચારવાનું હતું. લેકે હવે તેની આજ્ઞા મેળવવાની રહી. તે મળવા દરમિયાન, હોલકર જોડે પોતે યશને આગળ વધુ પગલાં ન લેતાં, તે સ્થિર બેઠો રહ્યો. આમ જોઈએ તો તેની આગળ બીજો ચારો પણ નહોતો. કોર્નવોલીસે શું કર્યું એ નવી જ નોંધનું પ્રકરણ બને છે, કેમકે હવે પાછો આમોથી કાળ આવ્યો હતો, અને તે લાવવાને જ માટે યોગ્યતાવાળો માનીને કંપનીએ કોર્નવોલીસને ઘરડપણે પણ મોકલ્યો હતો તે પ્રકરણ નવા જ ખંડનો વિષય છે.

(ચાલુ)

જીવન વહેતું અગણિત 'ભૂલે
તો યે ઉન્નત ડોક;
પડું પડું હું ડગલે પગલે
તો યે ઊઠું અશોક;
આવો, જીવનપથ એ.

મ.

ઘણ ખૂટ

ચુનીલાલ મડિયા

ભારખાનું ભખભખ કરતું ઊપડી ગયું એટલે સ્ટેશન ઉપર અમે ત્રણચાર છડિયાં, એક સાંધાવાળો, એક મોટલિયો, એક ખસુડિયું કૂતરું, સ્ટેશન પછવાડે ખડકેલી મગફળીની ગુણોમાં મોઢાં ખોસતાં બે બકરાં અને એક ખાખી એટલાં જણ બાકી રહ્યાં. ઊતરલાં છડિયાંના દરેકના ડબ્બા પાસે સામે ચાલીને જઇને સ્ટેશન માસ્તરે ટિકિટો ઊઘરાવી લીધી અને પેટીને તાળું વાસી, નિશાળ ભણી ચાલ્યા ગયા. 'ડબલ માવાનાં' સાકર-પેંડાવાળાએ એના કાટીલોઢાના ડબામાં બરડવું ભરાવીને અહલ્યી અદી ગાઉ દૂર પોતાના ગામ તરફ ચાલતી પકડી. ચા-વાળાએ એની કીટલીમાથી એક 'કોપ' ભરીને ખાખીને મફત પાયો અને વધેલી ચા વાળુમાં વાપરવા ઘેરે લઇ ગયો.

અમારા ખટારાને આવવાને હજી બે અઢી કલાક કની વાર હતી એટલે બકુએ ખાખીને પૂછ્યું 'આ ગામમાં સારી હોટલ છે કે નહિ?'

'હોટલ તો નથી પણ ધરમશાળા છે. એના કૂવામાં માથોડું માથોડું પાણી ઝળકા લ્યે છે. ના'વા-ધોવાની ભારે મઝા આવશે.' ખાખીએ ધરમશાળાની ભલામણ કરી.

'ખટારાને હજી કેટલી વાર છે?' બકુએ પૂછ્યુ.

'ખટારો તો હમણાં ઠેઠ દોણામાં મેંજવણ નાખવા ટાણે આવે છે. તમતમારે ધરમશાળામાં જઇને થાકોડો ઉતારી આવો-પેટમાં કાંઇ નાખવું હોય તો નાખતા આવો. પગી અણુમોટલા પાણીનો ઘડો રાખે છે.'

'જયલાલ, જઇશું ધરમશાળામાં?' બકુએ મને પૂછ્યુ.

'પણ આપણને અજાણ્યાંઓને ધરમશાળા બતાવશે કોણ?' મેં આ સૂચન ટાળવા અમસ્તું જ બોલી નાખ્યું.

પણ ત્યાં તો ખાખીએ જ વચ્ચે મોટે અવાજે કહ્યું: 'એ...એ લ્યો આ પગીની જ ગાય ધણમાંથી ધીરે જાય છે. એની વાંહેવાંહે હાલ્યા જાવ. એટલે પાધરા તમારે ધરમશાળાની ડેલીમાં.'

ખાખીએ બેટાડેલ આ ભોમિયાની પાછળ મેં અને બકુએ હસતા હસતા ચાલવા માંડ્યું.

ગોરજની ડમરીઓ ચડી ચડીને ધૂળિયા રસ્તાને ધૂંધળો બનાવ્યે જતી હતી. અમારા નાકની દાંડી સામે ગાય જતી હતી એના ઉપર નજર નોંધીને અમે ધરમશાળાની મંજલ કાપતા હતા.

ક્યાંક ભાંગેલાં ઠાંકલાં, ક્યાંક તૂટેલાં તાવડી ઠીબડાં, સાવરણીનાં ભૂકાં સૂંઘિયાં આમતેમ રઝળતાં રાડાં, ઢોરનાં છાણમૂતરનાં ખાબોચિયાં વળોટીને ગાયની પાછળ પાછળ ધરમશાળાની ડેલીમાં દાખલ થયા.

પગી ખીલા આગળ માપને બાંધવાની સાંકળનો ગાળિયો તૈયાર કરીને રાહ જોતો જ બેઠો હતો. ગાય જઇને ખીલો સૂંઘવા લાગી કે તુરત પગીએ સાંકળની કડી પરોવી દીધી. પછી અમારા સામું જોયું. અને અમારા દેખાવ ઉપરથી જ પારખી ગયો હોય એમ એણે આત્મવિશ્વાસથી કહ્યું 'ગજકોટને ખટારે જાવા સારુ ઊતર્યા લાગો છો!'

'હા' અમે કહ્યું: 'કેટલા વાગે આવશે?'

'હમણાં તો એનું કોઈ નેહું નથી. કોક કોક વાર તો સંધોય ઓલાય રાખી જાય તંગે ઠેઠ અડધી રાતે ભૂંગળું વાગે છે.' પગીના અવાજમાં તીખાશ હતી. જરા વાર રહીને એણે વધારે તીખાશથી કહ્યું: 'રાતવરતનો કોક દિ' સડકેથી લહરીને ઊંધો વળી જાશે ઈ તો લોઢાના કારડા છે.'

અને પછી અમારા મોં ઉપર ચૂંબન કરવું હોય એટલું નજીક એણે પોતાનું મોં લાવીને, આંખ ઉપર

હાથની છાજલિ કરીને કહ્યું: 'રાતવરતનું હવે મને સૂઝે છે ઓછું. પોર આ દિયે એક ડોસીને આંખે પાણી-પાગરણ આપ્યાં 'તાં તો બગબગું થતાં મોર મારો પાણીનો કળશિયો કાખમાં મારતી ગઈ 'તી. પણ તમે તો શાહજોગ માણસ લાગો છ. તમતમારે નાસતાપાણી કરો. હું તમને ચોખા પાણીનો ઘડો સીંચી દઇશ. પછી લાંબો વાંહો કરવો હોય તો આ મારો ખાટલો ખાલી પડયો છે. ખટારાના લેટનો ઉજાડ દેખાશે તંયે ઉઠાડીશ.'

આગલે જંકશનેથી ખરીદ કરેલા ચેવડા ને પેડાના પડીકા બકુએ છોડી નાખ્યા હતા. પણ એ બધું ચાના ઘૂંટડા વિના બકુને ગળે ઊતરે? એણે પગીને પૂછ્યું: 'અહીં બે કપ ચા મળી શકશે?'

'બે શું કામ, ત્રણ કોપ જડશે; મારા ચુલાને ક્યાં મોઢું દુઃખે છે? અબઘડી આના આઉમાંથી બે છડયું તાજા દૂધની પાડી લઇશ. પણ ફદિયું ભૂકીનું ને ફદિયું મોરસનું આપો તો છોકરાને લુવાણાની હાટે ધોડાવું-મારા ઘરમાં તો મોરસને બદલે ખાંડિયો-ગળ ખાઇ છીં.'

અમે બે પૈસા આપ્યા એટલે પગીનો છોકરો ચા-અને ખાંડ લેવા ગયો. પગી એક ખાલો લઇને ગામને દોવા બેઠો, અને ઓચીંતો એ બૂમ પાડી ઊઠયો:

'આ કાબરો હાઢો મારી ટીલાળીને ખેધે પડયો છે... રોજ શીંગડાં મારે છે... કાબરાની ફાટય વધી છે હમણાં...'

પોતાને જ ઉદ્દેશીને ઉચ્ચારાયેલી પગીની આ બૂમો અમને ન સમજાતાં બકુએ પૂછ્યું: 'કોણ છે એ કાબરો?'

'કાબરાને નથી ઓરખતા? કાબરો આ ગામનો ધણખૂંટ. ભાર્યે ફાટલ છે. મારી આ ટીલાળીને તો દીઠી નથી મેલતો. ધણમાં ગામ આખાની ગાયું ચરવા જાય છે. પણ કાબરો આ ટીલાળીનો ખેધો નથી મેલતો. ઢીંક ચડયો હશે એના શીંગડાં તો જુઓ ભરાવ્યા છ!'

[illegible] નથેથી ઓગળીમાં મંગાળા ઉપર મૂકતાં ફરી પગીએ ગાયની વાત ઉપાડી:

'મેં મેપા રબારીને કહી દીધું છે કે કાબરાને તારે આ ટીલાળીથી છેટો રાખવો-એને ટીલાળી ઉપર ઉલળવા ન દેવો. પણ કાબરો તો જેની ખેધે પડયો એની ઉપર પડયો જ. ગમે તેવા હુશિયાર ગોવાળને ય ગણકારે નહિ ને! રાખહ જેવો ધણખૂંટ છે. બથમાં સામ્મું ન સમાય એવડું મોટા સૂંડલા જેવું તો એનું કાંધ છે. હાલે તંયે કાંધ તો જમણે ને ડાબે કુંજર ડોલતો જોઈ લ્યો! ને પાછો ચોમાસું આખું માંજ-નવાડાના ઊભા મોલ ચરે પછી તો ડીલમાં ય ઠીકાઠીકનો લોંકડો થાય ને? સામટો આ'ર કર્યા કેડે કબ્રસ્તાનમાં ધીરતો હોય તંયે તન વાંભ છેટે તો એનાં ફોરણાંનો ફૂંફાડો સંભળાય. કોઇની દેન નથી કે કાબરો ઊંઘતો હોય તો ય એના આડે ઊતરવાનું જોખમ ખેડે, કાબરો ઢીંક ઉગામે એટલે સામા જણના સો યે વરસ પૂરાં થઇ ગયાં સમજી લ્યો! એવો ઝેરીલો છે. એની આંખ્યમાંથી તો રોગું ઝેર જ વરસે છે. પગ તો એવા જાડા થાંભલા જેવા કે હાલવા ટાણે બે પગ સામસામા એકબીજા હારે ઘસાય એટલે પૂરે મહિને જાતી ભારેવગી બાયડીની જેમ ગણીગણીને પગલાં ભરે. ડીલમાં એવો તો ઠીકાઠીકનો કે ખળ-ખળિયા હોંકળાની નેજ્ય એને હાલવામાં સાંકડી પડે.'

અમને ચા આપી રહ્યા પછી પગીએ મંગાળા-માંથી અર્ધાપર્ધા બળેલા કરગઠિયાં વીણીને ઠારવા માંડયા અને ફરી એની એ વાત માંડી:

'કાબરો મારકણો બવ એટલે સૌ એનાથી સાત ગાઉ છેટા રિયે. વીરડીની સીમમાંથી કોક વાર ગામ ઢાળો આવી ચડે તંયે રામકા'ણી થાય. ગામની વઉવારું પાણી ભરવા બ્હીતીબ્હીતી નીકળે. નિશાળનો મેતાજી નિશાળમાં વેલીવેલી છૂટી આપી દિયે ને ગોરાણીમા કાખમાં ઘાલીઘાલીને નિશાળિયાને સાજા-નરવાં એના માબાપને સોંપી આવે. કાબરો શેરીમાં આવીને ભાંભરે ઇ ભેમાં જ કજિયે ચડેલાં છોકરાં-છાબડાં ઘોડિયામાં જ છાનાં રહી જાય. કાબરો બજા-રમાં પગ દિયે એટલે વેપારી સઘળા આઘાપાછા થઇ જાય. કોક કોકી વાળિયો પસાયતાને ભરડી આવે

ને કાબરાને વાંહેથી ડચકારી ડચકારીને ઝાંપા બહાર કાઢે તયે સૌના શ્વાસ હેઠા બેસે...'

અહીં પગીએ પણ પોતાનો ચડેલો શ્વાસ હેઠે બેસાડયો અને જરાક થાક ખાઈને કાંઇક મનથું જ ગણગણ્યો :

'ઈ તો જેવી વાડય એવો જ વેલો હોય ને! કડવાં બિયામાંથી મીઠાં તૂંબડાં ક્યાંથી ઊતરે? જેની વાંહે લીલ પરણાવીને આ કાબરાને ધણખૂંટ કર્યો ઈ જેઠુભી પંડયે જ ક્યાં ઓછી માયા હતો, તી આ આ એની વાંહેનો વાછડો પોણીવીશ ઊતરે?'

બકુએ ચેવડો ફાકતાં પૂછ્યું: 'એ જેઠુભી કોણ?'

'તમે એને ન ઓરખો. એની તો પળ પલટાઇ ગઇયું, જેઠુભી તો આ ગામના ફટાયા હતા. એક તો ફટાયા ને-પાછા ફૂલફટાક ને રંગીલા. એટલે એની ઊઠબેસ પણ ગામના ઉતાર જેવા છાકટાવ ભેગી. એવા સોબતીઉંનો વાન ન આવે પણ સાન તો આવે ને? એક તો પોતે ફટાયા ને એમાં પાછી જુવાની; પછી શું કે'વાપણું રિયે? જાણે કે ઊંટ ઊકરડે ચડયો...'

પગીએ ધરમશાળાની ઊંચી વંડી તરફ આંગળી બતાવીને ઊંચાઈના વર્ણનને તાદૃશ્ય કર્યું. પછી કથનના સ્વરમાં કરુણ રસને અનુરૂપ અવરોહ લાવીને કહ્યું :

'જેઠુભીની જુવાનીએ તો ગામમાં કાળું બોલ્યું બોલાવી દીધું. એની ડેલી પાસે થઇને કોઈ બાઇ માણસ હાલવાની હિંમત ન કરે. ભૂલેચૂકે અસૂર સવારે કોઈ એકલદોકલ બાઇમાણસ એની કોર જઈ ચડે તો જેઠુભીની ડેલીમાં પુગઇ ગયું જ સમજવું. જુવાન દીકરિયુંને ને નવી આણાન વહુને તો કોઇ ઊંબરામાંથી બા'રો પગ મેલવા જ ન દિયે. જેઠુભીની નજર પડી એટલે હાંઉ. પછી ઈ એનો સગડ નો મેલે.'

અહીં બકુએ કહ્યું: 'આ તો બહુ ભારે જુલમ કે'વાય, આને મારે તો...'

પગીએ લાંબી ધાંસ ખાઇને છાતીમાં ખણકતા બળખાને હથેળીમાં કાઢીને સામી વંડી ઉપર ફેંક્યો. પછી બોલ્યો :

'પણ ભાઇ, બવ ફાટયા કે બવ ઉપાડા કાંઇ સારા છે? અધોક એકકેય ચીજ સારી નથી જેઠુભીની પડની દશા થાવાની હશે તે કુદરતે એને પાપ સુઝાડયું. માણસનો માઠો દિ' બેસે તયે આવી અવળમત્ય સૂઝે. જેઠુભીના બાપનો ય પોરો આવી રિયો તો, તે એણે પીપળે ચડીને પોકાર્યું, કોઇ દિ' નંઇ ને તે દિ'જ જેઠુભી આકૂડાઆકૂડા બાપુની ડેલીએ ગયા. રાણીવાસમા સૌ ઠકરાણા ને કુંવરિયું ચોપાટે રમતાં'તા. જેઠુભી ચોપાટનો ભારે ઘાયલ. સોગઠાં ભાળે એટલે સાતે ય કામ પડતાં મેલીને કોડાં ઉલાળવા બેસી જાય. ફટાયા કુંવરને રાજપાટની ફકર ન હોય એટલે આવા શોખ પોહાય. જેઠુભીની વડયની જ એક બેન હતી. એનું નામ માનબા. માનબાને જોણે જોણે દીઠાં 'તાં ઈ વાતું કરે છે કે ઇન્દર રાજાને ઘીરે એના જેવી અપસરાઉં ય નંઈ હોય. પાય હોય પૂરા પદમણી જેવા ને હાલે તયે જાણે કે હાથણી હાલી. રૂપ તો એવું ચોખ્ખું કે કમુંઓ પાયો હોય તો ગળા મોંસરવો એનો રંગ ઘૂંટડે ઘૂંટડે દેખાય. રૂપ તો જાણે કે ચૂર્ન પડતાં 'તાં માનબા કુંવરી ને જેઠુભી ચોપાટ રમવા બેસાં.

અમે નાસ્તો પતાવ્યો એટલે બકુએ પગી પાસે પાણી મંગાવ્યુ.

પાણી પાતાંપાતાં પગીએ કહ્યું: 'મારા ખાટલામાં માકડ નથી, જો તમારે લાબો-વાંસો કરવો હોય તો હજી આજે બપોરે જ તડકામાં સારીપડ પછાડયો છે. ખટારો આવતા પે'લાં તો સખેને એકાદી ઊંઘ થઇ જાહે.'

બકુએ કહ્યું: 'ના, ના, ઊંઘવું નથી. તમારી વાત સાંભળવી છે. માનબા ને જેઠુભી ચોપાટ રમવા બેઠા, પછી શું થયું એ કહો.'

'શું થાય બીજું!' પગીએ એકાએક અવાજ ધીમો પાડી દીધો. 'ભાઇ, ગલતાવ કઇ ગયા છે કે અમન આમળ ગમે એવું ઘીલું ઘી હોય તો ય ઓગળ્યા વિના નો રિયે. ભલભલા મુનિવર્ય ચળી

ગ્યા છે તો આપણે મરતલોકનાં માટીપગાળાંની શી મજાલ? ચોપાટે રમતાં રમતાં ભાઇબેન બે ય ભાન ભૂલ્યાં. એટલું ય ઓસાણ ના રિયું કે આપણે બે ય તો એક જ કૂખનાં જલમ્યાં છયે–એક જ મગના દાણાની બે ફાડ્યું છયે. હવે બધો ય જોગાનજોગ બનનાર છે ને, તી બાપુ તે દિ' ઓચીંતા રોંઢા ટાણે કાંઇક કામ પરસંગે એની કોર જઇ ચડ્યા, ને આ ભાઇબેનને જોઇને ગમ ખાઇ ગયા. એવો તો કાળ ચડ્યો, કે જઇને જેઠુભીને એક ખૂંહટ ખેંચી કાઢી. બીજ તો ચડે જ ને ભાઇ, ગમે તેવાં તો ય એક જ માના ખોળામાં આળોટેલ, એક મગની બે ફાડ્ય. ઈ બાપથી કેમ જોયું જાય? બાપુના રાવણ જેવા ઢીલના ભાર્યે સીંહા જેવા હાથની ખૂંહટ પડી ઈ ભેગી જ જેઠુભીની આંખ્ય ફરી ગઈ. બાપુએ પૂછ્યું, 'એલા તારા ખોળામાં આ કોણ બેઠું છે?' જેઠુભી કાંઇ બોલ્યા નહિ એટલે બાપુએ ધડ દેતીકને બીજી ખૂંહટ ઠોકી. જેઠુભીની બત્રીશી ખખડી ગઈ. આંખ્યું ચકળવકળ ફરવા મંડી. હોઠને જાણે કે લકવાં થયો હોય ઈમ ફરફર ફરફર ધ્રુજવા મંડ્યા. પણ જેઠુભીને કાંઈ બોલતા ન ભાળ્યા એટલે બાપુનો કરોધ એટલો બધો વધી ગયો કે સંધું ય જોર ભેગું કરીને ફડાક કરતીકને એવી તો અડબોથ ઠોકી કે જેઠુભીના કાનમાં તમરાં બોલી ગ્યાં; આંખ્યના ડોળા જાણે કે ફાટી ગ્યા; ને ભીડેલા હોઠને બે ય ખૂણેથી ડબાક ડબાક લોહી ચૂવા મંડ્યું.

'સમજી ગ્યાને ભાઈ?' પગીએ ખોંખારો ખાઇને સ્ફોટ કર્યો: 'જેઠુભીના મગજમાં કાંઈક નસતરક જેવું થઈ ગ્યું. ઈ ટાણાથી જેઠુભી સાવ મગજમેટ. નંઈ ખાવાનું ભાન, નંઈ પીવાનું ભાન. અંગ ઢાંકવાની ય સોં નંઈ. કોક એને પહેરણું પે'રાવી દિયે તંયે પે'રે. આવું ગાંડું માણસ સચવાય કેમ? એની પાંહે જતાં ય સૌ બ્હીએ. એને કોઈ રોટલો આપવા જાય તો એની ય છેડતી કરે. ગાંડાને ગમ થોડી હોય? બાપુ ય જેઠુભીના રંગાડા ભવાડાથી થાકયા ને હુકમ કર્યો કે એને ખેતરની કોઢમાં પૂરી રાખો. ભાઇ; આવે ટાણે સગી પરણેતર હોય તો ગાંડાઘેલા ધણીની ય ચાકરી કરે. પણ જેઠુભીને તો કોઈ કરતા કોઇ નંઈ. વાંઢા ફટાયાનું કોને પેટમાં બળે? બાપુનો એક ખવાસ ડોસો બે ટાણા ખેતરે જઇને ગમાણના અંજવાશિયામાંથી જેઠુભીને રોટલાપાણી નીરી આવે. બાપુએ સાફ મના કરી 'તી કે જેઠુભીને ગમાણની બારો પગ મેલવા ન દેવો પણ જેઠુભીની માથે કાળ ભમતો હશે એને કોણ રોકી શકે? એક દિ' ગમાણના કમાડ ઉપર સાંકળ ભરાવવાનું સાથીને ઓસાણ નઇ રિયું હોય તી જેઠુભી ઊંબરા બારા આવી ગ્યા. ગમાણના અંધારાંને બદલે ખેતરનો આટલો બધો ઉજાશ ભાળીને ઈ તો ગાંડાતૂર થઈ ગ્યા. કોઢે બેઠેલો સાથી પૈયાને ઓલાણે પૂગ્યો'તો. ઈ પાછો વળતો તો તંયે એણે જેઠુભીને વાબ્યનાં પાણીમાં પોતાનો પડછાયો ભાળીને ઢી ઢી ઢી ઢી કરીને હસતા ભાળ્યા. એને થ્યું કે આ એક કોશ કલવીને હેમણાં એને ગમાણમાં પૂરી આવીશ પણ ઈ પેલાં તો જેઠુભી પોતાના પડછાયા હારે બથ ભીડવા સારુ. વાબ્યમાં સીધો કોશિયો મારીને અંદર ખાબકયા.....'

બકુએ વચ્ચે જ પૂછ્યું: 'પછી એમાંથી જીવતા બહાર આવી શક્યા કે.....'

'રામરામ કરો મારા ભાઈ!' પગીએ કહ્યું: 'ચૈતર વૈશાખની ઉલેચાઈ ઉલેચાઇને ખાલીખમ્મ થઈ ગયેલી વાબ્યમાં ભાલા જેવી અણિયાળી ભેખડ્યું સીવાય બીજું શું હોય કે એમાં ખાબકનાર ઢબી શકે? ગડગડિયું નાળિયેર વધેરાતાં સૂકો ગોટો રડી પડે એમ જેઠુભીની ખોપરી વધેરાઈ ગઈ. ગાંડા માણસને ગમ થોડી પડે છે?

'અરેરે! મરી ગ્યો બિચારો?' બકુએ દિલસોજીનો નિઃશ્વાસ પણ મૂકી દીધો.

'મરી તો ગ્યો. પણ વાંઢલાવને મારતો ગ્યો.' પગીએ મર્મવાક્ય ઉચ્ચાર્યું.

'એમાં પાછળનાઓને મરવાનું શું હતું? ઊલટાનું, આ તો ઘરમાંથી ઘો ગઈ...' બકુએ કહ્યું.

'મરી ગ્યો તંયે થોડાક દિ' તો સૌ તમે કીધું એમ જ કેતા 'તા કે સારું થયું મરનારો ય છૂટ્યો

ને આપણે ય છૂટ્યા. પણ જેઠુભી વાંહેનાને એમ કયાં સખ લેવા દિયે એમ હતો? બાપુના ઘરમાંથી એક પંછી એક જણે ખાટલો ઢાળવા માંડયો. આજ દિ' લગણ બાપુના પુન્ય ચડિયાતાં હતાં તી છ મૈનાના કોઈ છોકરાનું ય આંખ્યમાથું નોતું દુખ્યું એની જગાએ ઘરમાં રાજરોગ આવવા મંડયા. કોકને ખેત રોગ થ્યો તો કોકને પાંડુ. એકનો ખાટલો ઊપડે ન્યાં તરત બીજાનો ઢળે. જાણે કે વારા કાઢયા ન હોય! સૌ વરહ વરહ બબ્બે વરહ લગણ પિલાય. મંદવાડ તો એવે શકને ઘરમાં ગયો કે કેમે કર્યો જાય જ નહિ. બાપુ તો જેવા એક વાર સુખી હતા એવા જ દુઃખી થઈ ગ્યા. ભાઈ, બીજી સંપીય ખોટ ખમાય છે, પણ ઘરમાંથી માણહ જાય એની ખોટ નથી પુરાતી.'

કંઈક છૂપું રહસ્ય ખાનગીમાં જણાવવું હોય એમ પગીએ એના આખા ખાટલાને અમારી નજીક ખસેડયો અને બોલ્યો:

'બાપુના કટમ્બને જેઠુભી નડતો તો. નડે તો ખરો જ ને ભાઈ! આવા કાચા કુંવારા જુવાનજોધ મરી જાય પછી આ સંસારમાં જીવ તો રઈ જ જાય ને? વણસંતોખી વાસનાઉં, વકર્યા વિના રિયે જ નહિ. ને ઈ વકરેલી વાસના સંતોખાય નહિ ત્યા લગણ ઈ જીવની ગત્ય પણ થાય નહિ. ઈ જીવ ઓળિયા વન્યાનો અહર ને અહર ભમતો રિયે. ને જેની પાસે એનું લેણું રઈ ગ્યું હોય એને પીત્યા કરે.'

અહીં બકુથી ન રહેવાયું. એણે શંકા વ્યક્ત કરી જ 'પણ આપણને ખબર શી રીતે પડી કે જેઠુભીની વાસના રહી ગઇ છે અને જીવની ગત નથી થઈ?'

પગીએ જવાબ આપ્યો. એના જવાબમાં અમારા અજ્ઞાન પ્રત્યે જરા હળવો રોષ પણ હતો. બોલ્યો: 'ગામમાં ભૂવા સંધાય મરી પરવાર્યા હોય તો ખબર નો પડે. બાપુ એમ કાંઈ ગફલતમાં રિયે એવા નો'તા. ડાકલા વગડાવીને ભૂવાને ધુણાવે ઈ બેગું જ હોય ઇ જણાઇ આવે. પણ બાપુને તો - ડાકલાં ય બેસા'યા ન પડયા ને ભૂવો ય ધુંણાવવો ન પડયો. કટમ્બમાં એક ડોસી સાચક માણસ હતા એના સરમા આવીને જેઠુભી કહી ગયા કે મને લીલ પરણાવો ને પ્રાચીને પીપળે પાણી રેડાવો; નીકર કોઇને સખ લેવા નંઈ દઉં.'

બાપુ તો પરભાસ જઇને પીપળાને પાણી રેડી આવ્યા ને ગામમાં આવીને લીલ પરણાવ્યા. આ કાબરો તો તંયે નાનકડો વાછડો હતો. નાનપણથી જ શભાવે હરાયો હતો એટલે એના ધણીને થયું કે આ હરાયા ઢોર ઉપર મેંનત લેવી નકામી છે. એનાં લખણ ધોંહરૂં ખેંચવાના કે હળે જોતરાવાના નથી. એના દેદાર તો ફરતલ આખલો થવાના છે. એટલે બાપુએ લીલ પરણાવવા સારુ વાછડો જોઇએ છીએ એમ વાત વહેતી મૂકી કે તરત કાબરાનો ધણી સામે હાલીને કાબરાને બાપુની ડેલીએ બાંધી આવ્યો. બાપુએ એક વાછડી ગોતી કાઢી ને જેઠુભીના લીલ પરણાવ્યાં. લાલચોળ ધગધગતી લોઢાની કોશ લઇને કાબરાના પેટ ઉપર ત્રણ ખૂણાળું ચિતરામણ આંકયું ને કાબરો આખલો થયો.'

બકુએ પૂછ્યું: 'આ લીલ પરણેલાં વાછડા-વાછડીનું પછી શું કરવાનું?'

પગી બોલ્યો: 'તમે તો સાવ અણસમજુ લાગો છો. લીલ ટાણે વાછડાને ભામણ કિયે એટલે ઉપાડવો પડે. બાકી સાચી રીતે તો જેઠુભી જ પરણ્યો કે'વા ય ને? પછી ઈ ગાયનું દૂધ મેળવાય નહિ. સાંજ મોર વાળુમાં વાવરી નાખવું જોઇએ-એનું દહીં નો કરાય. ને આખલા ઉપર ધોંહરૂં નો નખાય ઈ સીમના ઊભા મોલ ચરે તો ય કોઈથી એના ઉપર પરોણો ય ન સબોડાય. માજનનું ખાઇને મોટો થાય એના બદલામા ઇ ગાર્યુના ધણમાં ફરીને ધણખૂંટ થાય ને ગામનાં ઢોરટાંખરમાં વધારો કર્યા કરે ગામ આખાની ગાયું ઉપર ઉલળવાની એને છૂટ. કાબરો આવી રીતે ગામનો ધણખૂંટ થયો.'

આટલે આવીને પગી ઊંડા વિચારમાં ડૂબકી મારી ગયો. બેએક મીનીટ પછી તળિયેથી કાંઈક તાગ લાવ્યો હોય એમ બોલ્યો:

'જેવો જેઠુભી હતો, એવો જ કાબરો છે. એક

કુંવાડાનો ય ફેર નંઈ. બે ય જણાવે ગામમાં બોકાસું બોલાવી દીધું છે. મેં મેપા રબારીને હજાર વાર ચોખ્ખી ના કીધી છે. કે કાબરાને મારી ટીલાળી ઉપર ઉલળવા ન દેવો; પણ કાબરો હાય રિયે ખરો! મેપાને બદલે મેપાનો બાપ આવે તો એને ય નો સારે.'

ફરી પગીએ અવાજને એકદમ ધીમો કરી નાખીને મનથું જ ગણગણવા માંડયું: 'જોહુબી ય ક્યાં ઓછો રાશી હતો તી આ કાબરો એનાથી પોણીવીશ ઊતરે? સગી બેનનો ય વિચાર નો કર્યો ને...એક જ મગની બે ફાડ હતી, એટલીય ખબર ન પડી.....'

થોડી વાર સુધી કોઈ કાંઇ બોલ્યું નહિ. આટલી વાત સાંભળ્યા પછીનું મૌન મારી નાખે એવું હતું. બકુની તો છાતી જ બેસી ગઈ હોય એવું એના મોં ઉપરથી લાગતું હતું.

મેં પૂછયું: 'ખટારાને હજી વાર છે?

'ઓલી સામી ધારની પછવાડેથી ઉજાશ દેખાય છે?' પગીએ સામું પૂછયું. 'ઉજાશ દેખાય પછી સારી વારે એનું ભૂંગળું સંભળાય છે. ધારુમાં આડી-અવળી ચાડીતર કરતાં બવ વાર લાગશે. હાલો, ઘડીક વેંલા જઇને ઊભું રેંવું સારૂં. આંયા બેસીને ય આપણે કયો પાડો દોઈ નાખવો છે?'

આમ કહીકહીને પગીએ અમને પરાણે ઉઠાડયા, અને પોતે પણ ઊઠયો.

'હાલો મારે ય ટેસન હાણું આવવું છે જરાક પગ મોકળો કરવા. આબો દિ' બેસીબેસીને પગ બંધાઈ જાય છે.' આટલું બોલતાં પગીએ રાડ પાડીને પોતાના છોકરાને બોલાવ્યો.

સરકસમાં તાર ઉપર ચાલવા માટે પઢાવી રાખેલા પશુની અદાથી છોકરો આવીને ડેલીના ઉંબરા ઉપર અમારો રસ્તો રોકીને ઊભો રહ્યો. બકુને પગીની આ અદાકારીમાં કશી સમજ ન પડતાં પગીને જ ઘટસ્ફોટ કરવો પડયો. છોકરાનો જમણો હાથ આગળ કરતાં એણે કહ્યું:

'આમાં કાંઈક મેલતા જાવ શેઠ! છોકરો બચાડો મા વગરનો છે.'

આ વિધિ પણ બકુએ મૂંગામૂંગાં પતાવી. આજે જાણે કે એનું મોં સિવાઈ ગયું હતું.

ફરી ભાંગ્યાંતૂટયાં ડબલાં, તાવડી ઠીબડાં, છાણના પોદળા ફેંકાઇ ગયેલો કાટમાળ અને એવો બીજો ઓજસારો વળોટીને પાદરમાં પહોંચ્યા.

ખટારાની રાહ જોતાં ઘણા માણસો અહીં જમા થઇ ગયા હતા.

વાવનો અવેડો જોઇને ફરી પગીને કાબરો યાદ આવી ગયો. બોલ્યો:

'ભાઈ, કાબરો તરસ્યો થાય ને આંયા કણે પાણી પીવા આવે તંયે અડધો અવેડો ઉલેચાઇને ખાલી થઈ જાય. ડોઢાના પરમાણમાં આ'ર હોય ને! ઘણી વાર રોંઢા ટાંણે કાબરો કોકના કડબના કપારાનો સારીપટ ખડકડો બોલાવીને પછી અવેડા પાસે પડયો પડયો નિરાંતે વાગોળતો હોય ને કંઘોલે બેસતા અટકચાળા કાગડાવને કાન પટપટાવીને ને પૂછડું ઉલાળી ઉલાળીને ઉડાડતો હોય તંયે મોળી છાતીના કોઈ માણસની તો મજાલ નથી કે એના આડા ઊતરી જાય. ઘણા ય ફોશી છોકરાં તો વાગ્યને પ્રદખણા ફરીને ઓલી કોરથી જ હાલે. સાંજે હીંડોરા નાખતું ઘણુ આરે ઈ યે ય કાબરાને ભાળીને એક કોરે તરી જાયને! એમાં ય કોકવાર અવેડાની પાળ પાસે બેસવાને બદલે જરાક ઓરો રસ્તાની વચ્ચારે બેસી જાય તંયે તો રામકાંણી થાય. સાંકડા મારગ વચ્ચે એની રાખહ જેવી કાયા આડી પડી હોય તંયે ગાડાંગડેરાં ય હાલી નો શકે.'

હવે પેસેન્જરો સારી સંખ્યામાં ભેગાં થઇ ગયા હતા. બકુ ખટારાની દિશામાં પ્રતીક્ષા કરવાને બદલે ઊંધી દિશામાં જે કાંઈક શૂન્યમનસ્ક તાકી રહ્યો હતો.

પગી આજે જનાવરોની પાછળ જ પડયો હતો. કાબરાની વાત મેલીને હવે ટીલાળીને ઉપાડી બોલ્યો:

'ભાઈ, જનાવરે જનાવરે ય ફેર હોય છે ને!

પાંચે ય આંગળી તો માણસમાં ય ક્યાં સરખી છે તી જનાવરમાં સરખી જડે ? મારી ટીલાળી કેવી સોજ્જી સમલ્લા જેવી છે ! આ તમે જેના હાથમાં હમણાં અડધો મેલ્યો ઈ મારો ગગો ચાર વરહનો હતો ત્યે ટીલાળીના બે પગ વચ્ચારેથી ગરકી જાતો પણ ટીલાળી તો પૂછડું ય હલાવવાવાળી નંઇ. કાબરાનું એક રૂવાડું ય ટીલાળીમાં ગોત્યું તો જડે. બેયના શભાવમાં ય હાથીઘોડાનો ફેર. ભગવાને પાંચે ય આંગળી થોડી સરખી કરી છે ? મેં મેપા ભરવાડને હજાર વાર કીધું કે તારે ટીલાળી ઉપર કાબરાને ઊલળવો નો દેવો, પણ કાબરો તો—'

નેજાના વળાકમાં બોં બોં કરતું ખટારાનું ભૂગળું વાગ્યું અને થોડી વારમાં તો અમારી આસપાસ ઊડતી ધૂળની ડમરીના ગોટેગોટા ખટારાની બત્તીના પ્રકાશના શેરડામાં છતા થઇ ગયા.

કોણ જાણે ક્યાંથી બકુના મોંમાં જીભ સળવળી. પગી પાસેથી કોઇક ભયંકર જોખમી બાતમી કઢાવતો હોય એટલા ગંભીર અને ધીમા અવાજે એણે પૂછ્યું :

'ટીલાળી અને કાબરા વચ્ચે કાંઈ સગપણ સંબંધ ખરો કે ?—દૂરદૂરનું કાંઇ—'

અમારા કોઈક ઘોર અજ્ઞાન ઉપર પગી સાચે-સાચ ચીડાયો જ. બોલ્યો : 'સગપણ ને સંબંધ શું કરો છો મોટા ભાઈ ! કાબરો ને ટીલાળી બે ય એક જ મગની બે ફાડ છે.-એક ભાઈ ને એક બેન. એક જ કૂખનાં જણતલ ..'

અમે ખટારામા ગોઠવાઇ ગયા ત્યારે પણ પગી એની સમજુતિ આપ્યે જતો હતો: 'એક જ માના પેટનાં આબોટલ. એમાં વળી આધા ને ઓરાંની કઈં માંડે છો મારા ભાઇ !—મૂળ, દાણો તો એક જ એની ફાડ નોખી નોખી...'

ધૂળિયા રસ્તાના ખાડામાં ખટારાના પૈડાએ પહેલુ ચક્કર લીધું ત્યારે એટલી તો ડમરી ચડી કે બહાર ઊભેલા પગીનું મોં પણ સ્પષ્ટ ન દેખાઈ શક્યું. ઉપડતા ખટારાના ખખડ ભભડ અવાજમાં દૂર પડતાં જતા પગીનું વાક્ય અધું જ સંભળાયું.

'મેં મેપા રબારીને હજાર વાર ટોંક્યો છે..' કે.....'

હૈયા તણી વાત નિવેદવામાં
સમ્રાટના વૈભવની જરૂર સી ?
અકિંચનોની ફૂલ-પાખડીમાં
ચૈતન્યનું સંગીત ઊઠતું નથી ?

મ.

અમદાવાદના હુલ્લડ વખતે જોવા મળેલા

માણસાઇના ઓલવાતા દીવા

પુરાતન બુચ

"તમે ક્યાં જાઓ છો?"

"શહેરમાં"

"અરે, પણ આ જોતા નથી?"

"શું?"

"જુઓ તો ખરા શહેરમાંથી લોકો પાછા ફરી રહેલા છે—ને કહે છે કે શહેરમા તો રમખાણ ફાટી નીકળ્યું છે."

અમે બે મિત્રો શહેર તરફ જવા નીકળ્યા હતા. ત્યારે આશ્રમના માર્ગ ઉપર અમને શહેરમાં ન જવા ઘણાએ વિનવ્યા સમજાવ્યા પણ શહેરમા રમખાણ થાય ને અમે શહેરમાં ન જઈએ એ શી રીતે બને!

અમે મોટરબસની રાહ જોયા વિના ચાલવા જ માંડ્યું.

સામેથી ચાલ્યા આવનાર એક પરિચિત ભાઇએ અમને થોભાવીને કહ્યું:

"શહેરમાં જવાય એમ છે જ નહિ."

"પણ થયું છે શુ?"

"રથયાત્રાના સરઘસ ઉપર હુમલો થયો છે, ને ત્યાંથી મારામારીની શરૂઆત થઈ."

"કઈ જગાએ આ બનાવ બન્યો?"

"આ જુઓને, સ્ટેશન પાસેના રસ્તા પરથી રથ પસાર થતા હતા ત્યારે એકાએક કોઈ આદમી ખેલાડીઓની વચમાં ઘૂસી આવ્યો ને તેણે થોડી ગોલાચાલી કરીને એક ખેલાડીને ખંજરના ઘા માર્યા."

"હં...પછી?" અમે બન્નેએ કંઈક ચમક અનુભવી ને સ્તબ્ધ બની ગયા.

"પછી તો નજીકની હોટલમાંથી સોડા બોટલની બાટલીઓનો મારો શરૂ થયો અને રથયાત્રામાં હાહાકાર ફેલાયો...."

એ ભાઈની વાત વધારે સાંભળવા જેટલી ધીરજ એ સમયે ન હતી. તેથી અમે તરત તેમને નમસ્કાર કરીને ચાલવા માંડ્યું.

શહેરના માર્ગો ઉપર એક પ્રકારની ભયત્રસ્તતા છવાઈ હતી. દુકાનો બંધ થઈ રહેલી હતી. છૂટા છવાયા આવતા જતા લોકો શંકાભરેલી નજરે એકબીજાની સામે તાકીને જોતા હતા. આખું વાતાવરણ ભયથી છવાઇ રહેલું હતું. ઘરમાં બેઠેલાં માણસો બારણાં વાસીને નાનકડી બારીમાંથી શું બને છે તેની રાહ જોતાં બેઠાં હતાં!

અમે ચાલ્યા જ જતા હતા. છેવટે ભદ્રમાં આવ્યા અને એક મિત્રની મોટર જતી જોઈ તેને ઈશારો કરીને થંભાવી. ને શહેરમાં લઈ જવા કહ્યું. મોટર હાંકનાર એક મુસ્લીમ હતો તેણે તરત ઉત્તર દીધો:

"ભાઇ, દેખો આપકે કહનેસે મૈં આપકો લે ચલું ગા. લેકિન આજ શહેરમેં જાના મુનાસીબ નહિ હૈ"

"કોઈ ફીકર નહિ. તુમ ચલો."

ડ્રાઇવરે વધુ વાત લંબાવ્યા વિના જ એક સિપાહીની અદાથી મોટર ચલાવવાનો આરંભ કરી દીધો ને પૂછ્યું:

"કહાં જાનેકા હૈ?"

"ખાડિયા ચાર રસ્તા"

ઉત્તર સાંભળતાં જ ડ્રાઇવરના કાન જાણે અણિયાળા બન્યા ને મોટરને એક મારી. પરંતુ બીજી જ ક્ષણે તેણે અમારી સામે જોયું, ને ફરીથી મોટરને વેગથી ખાડિયા ચાર રસ્તાના માર્ગ ઉપર દોડાવવા માંડી.....

વસંતરાવ, રજબઅલી, ચોપટલાલ, ને દ્વારકાદાસ ચારેય જણા ઠળી પડયા. કોઇક મોટરે તેમને ઊંચકી લીધા ને સોઢીલુદ્વાણુ હાલતમાં દવાખાને પહોંચાડયા. થોડી જ મીનીટમાં શહેરમાં વાત ફેલાઇ કે વસંતરાવ ને રજબઅલી શહીદ થઈ ગયા! આખા શહેરના આબાલવૃધ્ધોએ એક કારમી અરેરાટી–પ્રુજારી અનુભવી. એમના મિત્રો તો ધન્યમનસ્ક જ બન્યા!

*

"રૂક જાઓ!" એક સિપાહીએ અમારી મોટરને ત્રણ દરવાજા પાસે ઓચિંતી અટકાવી દીધી.

"ક્યોં, ક્યા બાત હૈ!" અમે પૂછ્યું.

"આગે દેખતે નહિ!"

અમે ત્રણ દરવાજાની અંદર નજર ફેંકી એક મોટું ટોળું દવાની દુકાન સળગાવી રહેલું હતું, એનો શરૂઆતનો ધુમાડો રસ્તા ઉપર પથરાઇ રહેલો હતો.

અમે મોટર બીજે ફેરવી ને સીવીલ હોસ્પીટલમાં પહોંચ્યા. લગભગ પંદરેક મીનીટ અમે ત્યાં થોભ્યા. એટલામાં હોસ્પીટલના દરવાજા પર 'મારો ...મારો...'ની બૂમ સાથે પથરા પડવા લાગ્યા. આખી હોસ્પીટલમાં દોડાદોડી થઈ રહી. અમે દરવાજાની પાસે જ રહ્યા. કેટલીક મોટરોના ડ્રાઇવરો પણ અમારી પાસે જ ઉભા. હોસ્પીટલ ઊપર ધસી રહેલ તોફાનીઓના ટોળાની વચમાં ફસાઈ જતાર આદમી ઉપર કુલાડીના ઘા કરવામાં આવ્યા. તરત ફરજ પરના મેડીકલ સ્કૂલના વિદ્યાર્થીઓ, દાક્તરો, નર્સો, કંપાઉન્ડરો બધા જ બહાર ધસી આવ્યા ને ઘાયલ થનારને ઝોળીમાં ઊંચકી દવાખાનામાં લઈ ગયા.

અમે ઘાયલ થનારની પાસે પહોંચ્યા. ઘણી મોટી સંખ્યામાં આદમીઓને કમ્મર ને પીઠમાં ઘા વાગેલા જોયા. સોઢી–નીંગળતાં તેમનાં કપડાં જ કહેતાં હતા કે તેઓના ઘા બહુ ઊંડા ને કારમા હતા!

ઘાયલ આદમીઓ ઊંકારા કરી રહેલા હતાં. અમે એક પછી એક દર્દીની પાસેથી પસાર થયા... અમદાવાદ શહેરમાં જાણે માનવતા પરવારી ચૂકી હોય એવી રીતે માણસોની સરિયામ કતલ ચાલી રહેલી હતી!

દવાખાનામાં ચારેય તરફ પોતાની ફરજ ઉપરાંતનું પે બીજાનું કામ પુરૂં કરી આપવાની હરીફાઇ જામી પડેલી છે! સ્ટ્રેચર ઉંચકવા માટે પણ નર્સો ને દાક્તરો પોતે જ તૈયાર ઉભેલા છે. છેક સીવીલ સર્જનથી માંડીને નાનામાં નાના વોર્ડબોય સુધીના બધા જ માણસો શહેરમાં સળગી ઉઠેલી ગેરમાણસાઇને તટસ્થ ભાવે ખૂબસૂરતીની કોશીષ કરી રહેલા હતા! તેઓ સોઢીથી તરબોળ બનેલા માનવીના શરીરને માત્ર-માનવી તરીકે જ સ્વીકારીને તેની ખિદમત કરી રહેલા હતાં!

શહેરમાં જુદા જુદા વિસ્તારોમાં સંખ્યાબંધ દુકાનો લૂંટાઈ, ખંજરબાજીના ને આગો લગાડવાના કિસ્સાઓ પણ બન્યા એ બધું દવાખાનામાં એક પછી એક આવી રહેલા ઘાયલ આદમીઓ પાસેથી સાંભળ્યું ત્યારે અંતર અકળાઇ ઊઠયું ને જાણે ચારેય તરફથી પોકાર પડી રહેલો લાગ્યો કે અમદાવાદ શહેરના માણસો સાવ શૈતાન બન્યા છે –ખુદા તેમને ઇન્સાન બનાવે! ઇશ્વર તેમને સદ્બુદ્ધિ આપે...

આવી મૂક લાગણી સાથે અમે વાડીલાલ સા. દવાખાને પણ પહોંચ્યા તો ત્યાં પણ મોટા દાક્તરો નર્સોથી માંડી સહુ કોઈ ઘાયલ થયેલાં માનવીને તુરત જ પાટાપીંડી કરવાનો માનવધર્મ બજાવી રહેલા જોયા.

"એ...ઈ...મોટર આસ્તે."

એકાએક અમે એક સૂના માર્ગ પર કોઈની બૂમ સાંભળી ને તરત અમારી મોટર થંભાવી.

કરફ્યુ વિસ્તાર હોવાથી ચોલીસો જ ઘોડે દુર રાત ફરી રહેલા હતા. બાકીનાં તમામ મકાનો બંધ હતાં. ચકલુંયે ફરકતું ન હતું.

ત્યારે ખૂન કોણે પાડી ?

અમે મોટરમાંથી નીચે ઊતર્યા. ને આમતેમ નજર કરી. તો થોડે જ દૂર એક પહેલા મજલાની બારીમાંથી કોઈ બુઝર્ગ મુસ્લિમભાઇએ અમને ઇશારો કરીને કહ્યું : "આપ જરા કહેરીએ."

એટલું કહીને એ ભાઈ તરત નીચે આવ્યા ને પોતાના મકાનનું બારણું અરધું ખુલ્લું કર્યું ને અમને ધીમેથી પૂછ્યું :

"એક ભાઈ કો યહાંસે લે જાનેકા હૈ, આપ લે જાયેંગે ?"

ક્ષણભર તો અમે વિચારમાં પડી ગયા કે કોને ને ક્યાં લઈ જવાનો હશે ! પણ તરત એ જણે અમારી મૂંઝવણ દૂર કરવા ઉત્સુક હોય તેમ બોલી ઉઠયા :

"દેખો, એક હિંદુ જવાનકો અપને ઘર પહુંચાનેકા હૈ, આપ જરૂર ઉસે મદદ કરેં."

એટલું કહીને તેમણે એક જવાનને પોતાના ઘરમાંથી અમારી મોટરમાં આવવા કાઢયો, અમે તેને સાથે બેસાડયો ને મુસ્લિમ ભાઈનું મકાન બંધ થયું. નુજકના પોલીસે આવીને અમારી પરમીટ જોવા માગી તેને અમારો કરફ્યુ વિસ્તારમાં ફરવા માટેનો રીતસરનો પરવાનો બતાવ્યો. અમારી મોટર પંથ કાપી રહેલી હતી, ત્યારે એ જવાનને સહજ પૂછ્યું :

"તમે અહીં ક્યાંથી આવ્યા ?"

"ત્રણ દિવસ થઈ ગયા. તેમણે મને ઘરમાં કોઈ પડોશી ન જાણે એ રીતે રાખી મૂક્યો હતો. ને મારી સાથે શરત કરેલી કે મારે તેમનું નામ ધામ કોઈને ન જણાવવું. તો જ મારો જાન સલામત રહી શકશે. એટલે હું ઘરમાં બેસી રહેલો હતો."

"પણ આ ઘરમાં તમે આવ્યા કેવી રીતે ?"

"રસ્તામાંથી પાછા ફરતાં આ બુઝર્ગ ડોસાના ઝોકારા સાથે મારે દોસ્તી હોવાથી સલામતી જોવા તેમને ઘેર પહોંચી ગયો."

"પણ, તેમણે તમને સંઘરવાની ના ન પાડી ?"

"હું ઓચિંતો તેમને ઘેર ગયો ત્યારે તો બુઝર્ગ ડોસા ઘરમાં ન હતા. પણ તેઓ જ્યારે મોડી રાતે આવ્યા ત્યારે તેમણે મને ઘરમાં જોયો ને કંઈક ઊંડા વિચારમાં પડી ગયા. થોડી જ વારમાં હું તો ઊંઘી ગયો. પણ પછી પાછો મને ઉઠાડયો ને ડોસાના કહેવાથી મારો દોસ્ત એક પડેલું ને થોડુંક નીમક-મીઠું લાવ્યો હતો ને અમે બન્નેએ સાથે બેસીને ખાધું. મેં મારા દોસ્તને આમ કરવાનું કારણ પૂછ્યું. ત્યારે તેણે એટલું જ કહ્યું કે બુઝર્ગ ડોસાનો હુકમ હતો કે બન્નેએ એકવખત સાથે બેસીને નીમક ખાવું જેથી કોઇ પણ કપરા સંજોગો વચ્ચે પણ મારો જાન મારા દોસ્તને હાથે જાનમાં આવી જાય ને. પણ ન જાય. ને મારે કહેવું જોઇએ કે..."

અમારી વાતો ચાલતી હતી ત્યાં તો અમારી મોટર ઉપર પથ્થર ને ઈંટોનો વરસાદ વરસ્યો. મોટરનો આગળનો કાચ તૂટયો. પણ મારા સાથી પોતે જ મોટર હાંકતા હોવાથી અમે સલામતીથી મોટર એ જોખમની વચ્ચેથી પસાર કરી દીધી.

"...હાં, હું એમ કહેતો કે એ મુસ્લીમભાઇએ મને ત્રણ દિવસ સુધી પોતાના ઘરમાં રાખ્યો," પેલા ભાઈએ પોતાની વાત આગળ ચલાવી. "તેમાં તેમણે મારે સાહસ કર્યું. કારણ કે એ ઘરને ઓટલે જ સંખ્યાબંધ માણસો અવાર નવાર આવીને બેસતા છતાં તેઓએ મને સંતાડી રાખ્યો ને મારો વાળ વાંકો થવા ન દીધો !" એ ભાઇને અમે તેમને રહેવાને પહોંચતા કર્યા ને પછી પાછા અમ્યા કેમિસ હાઉસમાં.

ટેલીફોનની ઘંટડી વાગી. એક મહીના પે વિરામ વખત ટેલીફોન પર બેસનાર સ્ટેશના જુદા જુદા સ્થાનેથી પુછાઇ રહેલા પ્રશ્નોના ઉત્તર આપે છે, એ ઉત્તરોનો સાર એટલો જ છે કે 'આમોશ રાખો', આવાઓ કેલાવશો નહિ, પરિસ્થિતિનો હિંમતથી ઝીલ કરવાની કોશીશ કરો.'

એકાએક સમાચાર આવ્યા કે એક ચોક્કસ વિસ્તારમાં પથ્થરબાજી ચાલે છે માટે બંદોબસ્ત થવો જરૂરી છે...

અમે તરત જ એ સ્થાને પહોંચ્યા. જોયું તો સામા સામા રસ્તાની બે બાજુએ બે નાકાઓ ઉપર ટોળા ઊભાં છે કોઈકનો પોકાર પડે છે ને છૂટથી પથ્થર, ઈંટ, ઢેખાળા, રોડાં જે હાથ આવે તે સામ સામું ફેંકાય છે. ઈરાદો વંચાય છે કે એક ટોળું આગળ ધસી જવા ઇચ્છે છે. તેને સામેનું ટોળું કોઈ પણ ભોગે આગળ વધવા નથી દેતું. પથ્થરબાજીમાં કટોકટી આવે છે ને એક તરફનું ટોળું આખળિયાં કરી દોટ મૂકે છે. સામેનું ટોળું પાછું પડે છે ને વિજયી થનાર ટોળું આસપાસની દુકાનો તોડીફોડીને લૂંટ ચલાવે છે. પછી તેને આગ લગાડે છે... કંઇક કારમી નિઃસહાયતા અનુભવતા અમે આ બધું જોઇ ને સ્થિર થઇએ છીએ.

પાછા ફરતાં માર્ગમાં એક ગલીને નાકે એક મુસ્લિમ બાઈ પોતાનો હાથ ધરીને અમારી મોટર થંભાવે છે.

"સા'બ, મેરા લડકા ચાર દિનસે ઘર વાપસ નહિ આયા."

"ઇસ્પિતાલમેં તલાશ કી?"

"જી હાં"

"વહાં નહિ હૈ?"

"ના, વહાં નહિ હૈ, ઔર શહેરભરમેં ઢુંઢતી ફીરતી હું લેકિન વહ મુઝે નહિ મિલતા"

એમ કહેતાં કહેતાં એ મુસ્લિમ બાઇની આંખોમાં આંસુ ભરાઈ આવ્યાં એ કંઇક મૂંજતા-ગુંગળાતા અવાજે બોલી:

"આપ મુઝે ઉસકી તલાશ કર દો, તો ખુદા આપકા ભલા કરેગા."

અમને તરત તો સૂઝ ન પડી કે એ બાઇને શો જવાબ દેવો. પરંતુ એક સહજ વિચાર મનમાંથી પસાર થઈ ગયો તેથી તેને પૂછ્યું:

"આપકા લડકા ગીરફ્તાર તો નહિ હુવા હૈ?"

"વો ભી મૈં કયા જાનું?"

ને એની વાત પણ સાચી હતી. શહેરમાંથી આશરે બે હજાર માણસોની ધરપકડ થઈ ચૂકી હતી. તેમાં આ બાઈને શી રીતે ખબર પડે કે તેનો છોકરો પકડાયો હશે કે નહિં!

બાઇને લઇને અમે નજીકની જ પોલીસ ચોકીએ ગયા ને ત્યાંના મુખ્ય અમલદારની પાસે એ બાઇના છોકરાનું નામ રજૂ કર્યું. ઉત્તરમાં તેણે યાદી તપાસીને કહ્યું કે એ છોકરો ચાર દિવસથી જેલમાં છે.

મુસ્લિમ બાઇના હરખનો પાર ન રહ્યો!

સીવીલ ઇસ્પીતાલમાંથી ટેલીફોન આવે છે:

"અહીં છ મુડદાં પડયાં છે તેને બાળવા લઈ જવાનો બંદોબસ્ત થાય તો સારું"

પૂ. રવિશંકર મહારાજે આ સંદેશો સાંભળ્યો ને તરત જ સીવીલમાં જવા તૈયાર થયા. એક મોટર ટ્રક મંગાવવામાં આવી તેમાં મહારાજ ને અમે બીજા ચાર જણા ગોઠવાયા.

રીલીફ રોડ ઉપરથી અમે પસાર થયા ને સીવીલમાં પહોંચ્યા. ત્યાં તો સમાચાર મળ્યા કે રીલીફ રોડ ઉપર સીવીલની નજીકમાં જ બે જણને છરા મારીને ઘાયલ કરવામાં આવ્યા છે! મારનાર મોટરમાં આવ્યા ને મોટરમાં જ નાસી છૂટયા!

પૂ. મહારાજે આ સમાચાર સાંભળ્યા ને તેમની સદાસૌમ્ય મુખમુદ્રા ઉપર ગંભીરતાની રેખાઓ ફેલાઈ ગઇ. તેઓ મુડદાં રાખવાની ઓરડી પાસે પહોંચ્યા ને પૂછપરછ શરૂ કરી:

"કેટલાને લઇ જવાના છે?"

"પાંચ મરદ ને એક બાઈ"

"એમાં કોણ કોણ છે?"

"મરદમાં બે બાવા ને બે ક્રીશ્ચીયન છે.

પાંચમો ઓળખાયો નથી".

"ને બાઈ કોણ છે?"

"બાઈ તો ધાંચી કોમની ડોસી છે"

વિગત પૂછતાં પૂછતાં પૂ. મહારાજે એક સ્ટ્રેચર હાથમાં લીધું ને તરત અમે બધા જુવાનો સાથે જોડાયા. મુડદાંની ઓરડીની પાસે ઊભા રહેવાય એવું ન હતું. એટલી સખત ગંધ મારતી હતી. અમે સહુએ તો રૂમાલ નાકે દાબ્યા, તેમ છતાં દુર્ગંધ ન રોકી શકાઈ. છેવટે રૂમાલમાં થોડી દવા નંખાવી લીધી. પરંતુ પૂ. મહારાજે ન તો નાકે રૂમાલ રાખ્યો કે ન દવા રાખી. ને બેહદ ગંધ મારતાં શબને એક પછી એક ઊંચકવામાં મદદ આપી. મોટર ટ્રકમા મુડદાં ગોઠવાયાં.

સપ્તર્ષિને આરે સ્મશાનમાં એ બધાય શબની ઓક્ષી સાથે ચિતાઓ ગોઠવાઈ ને પૂ. મહારાજે શાન્ત ભાવે તેમને અગ્નિદાહ દીધો. સ્નાનવિધિ કરીને તેઓ પાછા ફર્યા ત્યારે વાડીલાલ દવાખાનામાં ઘાયલની ખબર પૂછવા લાગ્યા :

"કેમ છે? હવે તો ઠીક થતું જાય છે ને?" મહારાજ સાવ અજાણ્યાને પણ સંપૂર્ણ વાત્સલ્યથી પ્રશ્ન પૂછતા જાય છે ને ઉત્તરમાં બધા વારાફરતી સ્હેજ રિમત સાથે હા પાડતા જાય છે.

"કેમ ડોસા, ક્યાં રેવું?"

પૂ. મહારાજે સહજભાવે ગામડામાં પુછાય એ રીતે ખબર પૂછી.

"અરે બાપા, રેવાની તો વાત જ કીધા જેવી નથી." ડોસાએ કહ્યું. ને કપાળે હાથે દીધો.

"આ જુઓને ત્રીસ ઘરનો મહોલ્લો તેમા અમારાં બધાંના ઘરબાર લુંટાઈ ગયાં.

"બધા જ ઘર લુંટાયા?" મહારાજે ચિંતામગ્ન અવાજે પૂછ્યું.

"હો, ઘર તો લુંટાયાં પણ ચૌદ પંદરનાં ખૂન પણ થયાં."

"અરર..." મહારાજથી સ્હેજ બોલાઈ જવાયું

"હા ને બાપા, અમારા ઉપર તો ગજબ થયો છે."

"તે તમારે કાંઈ કામ કાજ હોય તો કહેજો."

પૂ. મહારાજે તેને સાંત્વન આપ્યું.

મહારાજ આગળ ચાલવા માંડયા એટલે એ ડોસાએ અમને પાસે બોલાવીને કાનમાં ધીરેથી પૂછ્યું :

"આ પેલા રવિશંકર મહારાજ કહે છે તે આ જ છે?"

"હા કેમ? એ જ મહારાજ છે"

"તો તો મારે તેમનું કામ છે. જરા એમને પાછા બોલાવી આપશો?"

"હા, લ્યોને હંમણાં એ પાછા આવશે."

પૂ. મહારાજ પાછા એ ડોસાના ખાટલા પાસે આવ્યા. એટલે ડોસાએ ધીમેથી તેમને કહ્યું "મારે તમારું ખાસ કામ છે. મેં તમને પાછળથી ઓળખ્યા હોં કે!"

"હા, કાંઈ વાંધો નહિ. કહો શું કામ છે?"

"જુઓ, જાણે વાત એમ છે કે આ મારા ઘરમાંથી અમે બધાં નાસી છૂટયાં ત્યારે મેં મારા ઘરના છાપરામાં જમણે ખૂણે ખપાટની નીચે ચાર હજાર રૂપિયાની નોટો મૂકી છે. એ તમે જઈને ન લાવી આપો? મહારાજ, મને ખંજર વાગ્યું છે તેની વેદના તો થાય છે. પણ મારા એ રૂપિયાની ચિંતા પણ ઘણી વધારે થાય છે, તમને સમય મળે ને ત્યાં જવાય તો જરૂર મારુ આટલું કામ કરી આપજો"

પૂ. મહારાજે એ ડોસાનું નામ લખી લીધું. તેનો ઘરનો નંબર ને નિશાની જાણી લીધાં. અને એ ઘર શોધી કાઢયુ. ડોસાએ કહેલું એ પ્રમાણે છાપરામાં વળી હેઠળ મેરવેલા ચાર હજાર રૂપિયા ત્યાં હતા. એ લાવીને પૂ. મહરાજે ડોસાને સુપરદ કર્યા!

અમે કેમ્પમાં હાઉમે પાછા ફર્યા.....

"જુઓ, આ લોઢાની બારી!"

એક પોળમાં અમે પહોંચ્યા ત્યારે સીમેન્ટના ચોગઠામાં જડેલી એક નાની જાળી પાસે લઈ જઈને પોળના રહેવાસીઓ અમને પોતાની વિતકકથા કહેવા લાગ્યા.

"આ બારી ઉપર તેમણે ઘણના ઘા કર્યા. કંઈ કંઈ કરામતથી તેને તોડી પાડવા કોશીષ કરી. પણ તોફાનીઓ ફાવ્યા નહિ, એ બારીએ અમારી લાજ રાખી."

"કેમ એમ?" વચ્ચે પ્રશ્ન પૂછ્યો.

"જો એ બારી તૂટી હોત તો ત્યાંથી અંદર આવેલા તોફાનીઓ કાળો કેર વર્તાવી શકયા હોત. પણ બારી ઉપર જ્યારે ફટકા પડતા હતા એજ વખતે અમારામાંથી એક જણ છૂપી રીતે પોળ બહાર સરકી ગયો ને પોલીસને તેણે ખબર કરી. થોડીવારે પોલીસ આવી પહોંચી. ને અમે બચી ગયા."

જબલપુરમાં તાજપુર વિસ્તારમાં કેટલીક પોળો આવેલી છે. એ પોળોની સ્થિતિ તોફાનો ફાટી નીકળે ત્યારે સૌથી વધુ કફોડી બની જાય છે, કારણ કે એ પોળની ચારેય તરફ જુદી જુદી કોમોની વસ્તી વસેલી છે.

જબલપુરની એક પોળમાં ફરતાં ફરતાં અમે એક દૃશ્ય જોઇને ખૂબ હતાશા અનુભવી, લગભગ બધી જ પોળો ખાલી થઈ ગઈ હતી. તેમાં લાંબી-શેરી, કલાદરાની પોળ, રૂપાલવારની પોળ,, એ વિસ્તાર ખાલીખમ હતો. '૪૧ના રમખાણોમાં પણ આ બધી પોળો છોડીને લોકો બીજે નાસી ગયા હતા.

ખાલી થઇ રહેલી એવી એક પોળમાં અમે ગયા. ત્યાં એક મકાનમાંથી પોતાનો સરસામાન એકઠો કરીને બહાર ઓટલા ઉપર મૂકી રહેલા સજ્જનને પૂછ્યું:

"આમ ખાલી કરી જાવ એ કેમ પોસાય?"

"તમારી વાત સાચી છે. પણ વ્યવહારમાં મૂકવી કઠણ છે"

"કેમ, એમ શાથી કહો છો?"

"અહીં રહેવામાં જે ભય લાગે છે તેનો સામનો કરીને રહેવા જેટલી હિંમત કે ધીરજ હવે તો નથી રહી."

"તો પછી શું થશે?"

"અમે તો પોલીસની ઉપર અમારી માલમિલ્કત સાચવવાની જવાબદારી મૂકીને અહીંથી ચાલી જઈએ છીએ. પોલીસ જ જો અમારી રક્ષા ન કરી શકે તો અમે શી રીતે આ ભયાનક પરિસ્થિતિ વચ્ચે જીવી શકીએ?"

"પોલીસ જીવાડે, તો જ જીવીએ ને નહિતર નાસી છૂટીએ એ તે કેવી વાત?"

"હા, એ ગમે તેવી વાત ગણો, પણ જે હકીકત છે તે કહું છું." પોતાના સામાનને એક લારીમાં ગોઠવવાની તૈયારી કરતાં તેમણે ઉત્તર દીધો.

"પોલીસને માથે તમે તમારા જાનમાલની રક્ષાનો બોજો મૂકો એ ઠીક નથી."

"એ તો ઠીક હોય કે નહીં. અમે તો એટલું જ સમજીએ છીએ કે પોલીસે અમારી રક્ષા કરવી જ જોઈએ."

"તો તમારે હવે એક વધારે સમજણ પણ રાખવી જોઈશે કે પોલીસના આધાર ઉપર જીવવાનું છોડી દેવાનો વખત આવી પહોંચ્યો છે, સમજાને?"

"હા, એ તો તમારી નજરની સામે જ અમે જોઈ રહેલા છીએ."

વાતો ચાલે છે. ત્યાં તો બે ત્રણ મોટા પથ્થરો ઊંચેથી ઉછળી આવીને બરોબર સામાન ભરાઈ રહેલી લારી ઉપર પડે છે. એ તૂટેલા પથ્થરની થોડી કરચો અમારી ઉપર ફેંકાય છે...

"જોયું ને?" તેઓ ચોંકી ઊઠીને બોલ્યા.

"હા," અમે મૂક બનીને જે મકાનોની ઉપર થઈને પાછલી બાજુથી પથ્થરો ફેંકાયા હતા તે તરફ નજર ફેંકી.

"આ જ રીતે અમારી પોળની પેલી લોઢાની

બારી જ્યારે તૂટું તૂટું થઈ રહેલી હતી, ત્યારે અમારો વહાર કરનાર કોઈ જ ન હતું. પોલીસપાર્ટી પોળને નાકે જ હતી. છતાં તેને સામેથી બોલાવવા ન જેવા ત્યાં સુધી તો તેમણે બધું જોયા જ કર્યું! આ તો ગજબ જ કહેવાય ને! આમ જ ચાલવાનું હોય-ને ચાલે છે તો પછી અહીં અમારાથી શી રીતે રહી શકાય!"

એ સજ્જને પોતાનો સામાન લારીમાં ભરી લીધો હતો. એટલે હવે અમારી સાથે વાત કરવામાં રોકાયા હતા. તેમના ચહેરા ઉપર ઊંડી ચિંતા ને ભયની રેખાઓ અંકિત થયેલી હતી. એ રેખાઓ જાણે બોલતી હતી 'શું કરશું? શું થશે!'

બે પાંચ ક્ષણ અમે બધા ય મૂક રહ્યા ને પડેલા પથ્થર તરફ જોયું.

પછી એ સજ્જન ફરીથી બોલ્યા: "તમને શું લાગે છે! અમે અહીં કોને આધારે રહીએ! અમારો બચાવ કોણ કરે!"

"જુઓ, હવે આપણા જીવનમાં એક નવી સમસ્યા ઊભી થઈ છે, એમ માનીને ચાલવાનું છે."

"હા, પણ એટલે શું કરવું એ તો કહેજોને?"

"આજ સુધી આપણે આપણી બધી શક્તિ, બધું ધ્યાન આપણા ધંધારોજગાર પાછળ ને પૈસા કમાવા પાછળ, સગવડનાં સાધનો ઊભાં કરવા પાછળ રોકેલું. હવે આપણી શક્તિ ને લક્ષ એ દિશામાંથી પાછાં ખેંચીને આપણી પોતાની આત્મરક્ષા માટે જ કેન્દ્રિત કરવાનો વખત આવી પહોંચ્યો છે."

"તો શું પોલીસ આપણી રક્ષા નહીં કરે?"

"ના, પોલીસનું એ કામ નથી."

"એમ કેમ કહો છો?" સજ્જને કંઈક રોષથી પૂછ્યું.

"અંગ્રેજી રાજે આપણને પોલીસને આશ્રયે રહીને જીવવાની ટેવ પાડી છે, તેથી આપણે એમ માનતા થઈ ગયા છીએ કે પોલીસે આપણી રક્ષા કરવી જોઈએ. પણ આ માન્યતા ભૂલભરેલી છે, એ તમારી નજર સામે જે બની રહેલું છે તેના પરથી તમારે સમજી લેવું જોઈએ. તેમ છતાં જો ન સમજો તો બીજો શો ઈલાજ!"

"તો તો પછી એનો અર્થ એવો થાય કે જો આપણી આત્મરક્ષા કરવાની શક્તિ બેગાસર નહીં કેળવી શકીએ તો આ તોફાનોનો કદી અંત જ નહીં આવે એમને!"

"હા, એમ જ. કારણ કે આજે જે તોફાન થઈ રહેલું છે તે કોમી નથી. પરંતુ રાજકીય છે. આમાં સવાલ હિન્દુ મુસ્લિમ વચ્ચેનો નથી. પરંતુ સ્વતંત્રતા ને ગુલામી વચ્ચેનો છે."

"પરંતુ, એનું બહારનું સ્વરૂપ તો કોમી જ છે. એનું કેમ!" સજ્જને કંઈક ઉત્સુકતાથી પૂછ્યું.

"એ ખરું છે. પરંતુ દેશની આઝાદી માટે ઝૂઝનાર સમુદાયની પ્રતિનિધિ કોંગ્રેસને ચારેય તરફથી ઘેરવાનો ને તેને પોતાના ખોળેથી દૂર હડસેલવાના એક પ્રયાસ રૂપે જ આ તોફાન થાય છે. જેમાં કોંગ્રેસનાં વિરોધી તમામ બળો સંગઠિત થયેલાં દેખાય છે.

KALAPI INDUSTRIES, BOMBAY 2

KALAPI INDUSTRIES, BOMBAY 2

અનેક રોગની એકજ દવા

જીવનધારા

–કોલેરા, સંગ્રહણી શરદી, બદનનો દુખાવો, પાંડુવિકાર, સંધિવા, અશક્તિ, સોજા, અજીર્ણ અપચો, ખાંસી, શ્વાસ, દમ, દાંત દાઢમાં કળતર, પેટ પેડુનો દુખાવો, અમુંઝણ, કેરી ડંખ, મોઢાની દુર્ગંધી, દરેક જાતના તાવ, ઘા પડવો, લોહી નીકળવું, તથા અને કજાતના દરદોમાં તેમજ રેલવે, સ્ટીમર યા મોટરની મુસાફરીમાં તાત્કાલિક ઉપયોગી થઈ પડનારી અમૂલ્ય ઔષધિ. કિંમત મોટી બાટલી રૂા. ૧૫૦, વચલી બાટલી રૂા.૧ અને નાની બાટલી રૂા. ૦૮ ટપાલ ખર્ચ જુદું.

દરેક ઠેકાણે વેચાય છે

રજીસ્ટર્ડ ટ્રેડમાર્ક "જેનસ" નં. ૩૦૨

જે. એન. શેઠના–નડીયાદ

સ્ટોકીસ્ટ: કંચનલાલ વાડીલાલની કું.
પ્રીન્સેસ સ્ટ્રીટ, મંગળદાસ રોડ, મુંબઈ–૨.

૧૯૪૫ના

પ્રગતિ સૂચક આંકડાઓ

ચાલુ કામકાજ...	રૂા. ૨૩ કરોડથી વધુ
કુલ આવક ...	રૂા. ૧૩ લાખથી વધુ
લાઇફ ફંડ ...	રૂા. ૩૭ લાખથી વધુ

બોનસ

દર હજાર રૂપીઆના વીમાના ઉપર દર વર્ષે રૂપીઆ ૭–૮–૦ નું ઇન્ટેરીયમ બોનસ

ઉદાર શરતોથી લાગવગવાળા એજન્ટો જોઇએ છે

ધી બોમ્બે કોઓપરેટીવ ઇન્સ્યુરન્સ સોસાયટી લિ૦

સર ફીરોજશા મ્હેતા રોડ, ફોર્ટ, મુંબઇ ૧

૦ સમાજ ૦ સાહિત્ય ૦ સંસ્કારનું કુટુંબપ્રિય શિષ્ટ માસિક

'ઊર્મિ–નવરચના'

સોલ એડવરટાઇઝીંગ એજન્ટો

કોઓપરેટીવ એડવરટાઇઝીંગ એજન્સી

—જાહેરાતને લગતા તમામ પત્રવ્યવહાર માટે—

પો. બો. નં. ૯૭૮, મુંબઇ–૧

અથવા

મીમરાજ બીલ્ડીંગ, ૨ જે માળે
નવી હનુમાન ગલીને નાકે,
કાલબાદેવી, મુંબઇ–૨.

વિવેચનનો નવો ગ્રંથ

સાહિત્ય વિહાર

લેખક :

અનંતરાય મ. રાવળ

બે અભિપ્રાયો

[લેખક ઉપરના પત્રમાંથી]

'વિદ્વત્તા સમગ્રતયા ઐતિહાસિક કે વિકાસદર્શક વિસ્તારી અવલોકન, ઊંડી રસદૃષ્ટિ અને સત્યદૃષ્ટિ, અને તે બધાંને સાહિત્યમાં લાક્ષણિક સ્વરૂપ આપનાર સરળ છતાં સંમાર્જિત પ્રવાહી ગદ્યશૈલી, આ બધાં તમારાં વિવેચનોનાં લક્ષણો તથા અંગો છે અતિ પ્રસ્તાવનો અભાવ, કટુતાનો અભાવ, ક્ષુલ્લકતાનો અભાવ એ પણ તમારા ગુણો જ ગણાય. કેમકે વિવેચનમાં કટુતા આદિ સહેજે પેસી જાય છે.'

-વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી

'વક્તવ્યને બહુ જ વિશદતાથી કહેવાની કળા આમાં સ્પષ્ટ તરી આવે છે. ચર્ચવાના મુદ્દાઓની આમૂલ પકડ અને એનું ક્રમિક પૃથક્કરણ એ પણ આ પુસ્તકના આભૂષણરૂપ છે. બળવંતરાય, ન્હાનાલાલ અને નાટકો વિષેના તમારા લેખથી તમે શુદ્ધ આજન્મ અભ્યાસી છો એમ સિદ્ધ થાય છે, અને એ બધામાં તમારી સ્પષ્ટ શૈલી ઠેળવતા રહ્યા છો, એ સવિશેષ નોંધપાત્ર મને લાગે છે.'

ડોલરરાય ર. માંકડ.

: પ્રાપ્તિસ્થાન :

ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ
ભીમરાજ બીલ્ડિંગ, કાલબાદેવી, મુંબઇ-૨
ફરનાન્ડીઝ પુલ નીચે, ગાંધીમાર્ગ, અમદાવાદ

સમાજ, સાહિત્ય અને સંસ્કારનું માસિક

ઊર્મિ અને નવરચના

'ઊર્મિ' વર્ષ ૨૬ : 'નવરચના' વર્ષ ૧૧ : અંક ૬

સપ્ટેમ્બર ૧૯૪૬

અનુક્રમ

૧	અંતિમવાદ		૩૯૧
૨	વહેતાં પાણી	માસિક નોંધ	૩૯૩
૩	કાળચક્ર [ચાલુ વાર્તા]	ઝવેરચંદ મેઘાણી	૪૦૧
૪	મુંબઇના ઘાટીઓ	જ્યોત્સના ખંડેરીઆ	૪૦૬
૫	બહારવટિયો રાયદે	ઝવેરચંદ મેઘાણી	૪૦૯
૬	કર્તવ્યની વેદીપર		૪૧૯
૭	સવારની ચાહ	ચુનીલાલ વ. શાહ	૪૨૦
૮	યુગ સાહિત્ય અને પ્રજાજીવન	દેશળજી પરમાર	૪૨૩
૯	રાંમાંડલિકનું દીવાસ્વપ્ન	ઝવેરચંદ મેઘાણી	૪૨૬
૧૦	ડૉ. મહાદેવપ્રસાદ	રમણલાલ એન્જિનીઅર.	૪૨૯
૧૧	વિજ્ઞાન દર્શન	ડૉ. શાહ, પ્રો. ઓઝા, ગાંધી	૪૨૯
૧૨	બે સ્મરણો	પુરાતન જુવ	૪૪૩
૧૩	સાહિત્યનું ઋણ	રામનારાયણ વિ. પાઠક	૪૪૭
૧૪	ગ્રંથ સમીક્ષા	ઝ. મ. રા.	૪૪૯

વાર્ષિક લવાજમ

દેશમાં રૂ. ૬-૦-૦ : પરદેશમાં રૂ. ૯-૦-૦

છૂટક નકલ ૧૨ આના

ભારતી સાહિત્ય સંઘ લિ.
ભીમરાજ બિલ્ડિંગ, બીજે માળે, નવી હનુમાન ગલીના નાકે, કાલબાદેવી રસ્તો, મુંબઇ ૨.
ફરનાન્ડીઝ પુલ નીચે : ગાંધી માર્ગ : અમદાવાદ

૧૯૪૫ના

પ્રગતિ સૂચક આંકડાઓ

ચાલુ કામકાજ... રૂ. ૨૧ કરોડથી વધુ
કુલ આવક ... રૂ. ૧૩ લાખથી વધુ
લાઇફ ફંડ ... રૂ. ૩૭ લાખથી વધુ

બોનસ

દર હજાર રૂપીઆના વીમાના ઉપર દર વર્ષે રૂપીઆ ૭—૮—૦ નું

કન્ટેરીયમ બોનસ

ઉદાર શરતોથી લાગવગવાળા એજન્ટો જોઇએ છે

ધી બોમ્બે કોઓપરેટીવ ઈન્સ્યુરન્સ સોસાયટી લિ૦

સર ફીરોજશા મ્હેતા રોડ, ફોર્ટ, મુંબઇ ૧

અનેક રોગની એકજ દવા

જીવનધારા

કોલેરા, સંગ્રહણી શરદી, બદનનો દુખાવો, પોલીવિકાર, સંધિવા, અશક્તિ, સોજા, અજીર્ણ અપચો, ખાંસી, શ્વાસ, દમ, દાંત દાઢમાં કળતર, પેટ પેડુનો દુખાવો, અમુંઝણ, ઝેરી ડંખ, મોઢાની દુર્ગંધી, દરેક જાતના તાવ, ઘા પડવો, લોહી નીકળવું, તથા અને કુદરતના દરદોમાં તેમજ રેલવે, સ્ટીમર યા મોટરની મુસાફરીમાં તાત્કાલિક ઉપયોગી થઈ પડનારી અમૂલ્ય ઔષધિ. કિંમત મોટી બાટલી રૂ. ૧॥, વચલી બાટલી રૂ. ૧ અને નાની બાટલી રૂ. ૦॥ ટપાલ ખર્ચ જુદું.

દરેક ઠેકાણે વેચાય છે

રજીસ્ટર્ડ ટ્રેડમાર્ક "જેનસ" નં. ૩૦૨

જે. એન. શેઠના-નડીયાદ

સ્ટોકીસ્ટ: કંચનલાલ વાડીલાલની કું. પ્રીન્સેસ સ્ટ્રીટ, મંગળદાસ રોડ, મુંબઈ-૨.

KALAPI INDUSTRIES, BOMBAY 2

KALAPI INDUSTRIES, BOMBAY 2

ઊર્મિ અને નવરચના : સપ્ટેમ્બર : ૧૯૪૬

ઊર્મિ વર્ષ : ૧૬મું ● નવરચના વર્ષ : ૧૧મું ● અંક : ૬ ઠ્ઠો.

અંતિમવાદ

'હું એકલો રહીશ તો પણ મારી વાતને વળગી રહીશ.' એ વાક્ય છે તો આકર્ષક, પણ એમાં રહેલી મનોદશા એકમાર્ગી છે.

કોઈ પણ એક મંતવ્ય પર ચીટકી રહેવું એ અમૂક હદ સુધી જ વીરત્વ રહે છે, એ હદ વળોટયા પછી આંધળું જનૂન બને છે.

મારું દર્શન જ સાચું છે, અને તે આજે નહિ તો હજાર વર્ષ પછી પણ સ્વીકારાશે, એવું આશ્વાસન જગતમાં બીજું કોઈ સાચો વિચાર જ કરી શકતું નથી એવી માન્યતાનું બીજક છે.

મારા સત્યને હું એકલો જ વળગી રહીશ, એવું નાડું પકડી રાખવાને બદલે માણસ આમ કાં નથી વિચારતો, કે એવી તે શી ખામી મારા 'સત્ય' માં રહી ગઈ છે, કે જેથી ઓછામાં ઓછા સમયમાં વધુમાં વધુ જનસંખ્યાને ગળે એનો ઘૂંટડો હું ઉતરાવી શકતો નથી ?

અંતિમમાર્ગી વિચારસરણી એકાદ વિરાટ પુરુષની પ્રતિષ્ઠાની ઓથ મેળવે છે ત્યારે જબરી હાનિ કરે છે. એવા પુરૂષનાં 'સત્યો' ના પડઘા, મધ્યમ શક્તિવાળાં માણસો દ્વારા પડે છે ત્યારે વળી એ અધિક ઉપરછલ્લી રીતે જગતમાં પથરાય છે.

'ગામડામાં થોડાં માણસો ટૉર્ચલાઈટ વાપરે, થોડા જુવાનિયા રીસ્ટ વૉચ બાંધે કે ખીસામાં ફાઉન્ટન પેન રાખે, થોડાંક ઘરોમાં પ્રાઈમસ સળગે કે વાર-તહેવારે ગામડામાં પેટ્રોમેક્સનું અજવાળું પડે એથી લોકોના દળદર ન ફીટે.' એમ કહી નાખવાથી કંઈ નવું અર્થશાસ્ત્ર નીપજી જતું નથી. થોડાકને મળતી એ સગવડો ઘણાને કઈ રીતે પહોંચી શકે; તેનો વિચાર પડતો મેલાય છે, ને આ તો કોઈને ન મળવાં જોઈએ એવું અર્થશાસ્ત્ર રચાય છે.

પેટપૂર અન્ન અને શાકભાજી મેળવવાના અર્થશાસ્ત્રની સાથે ટૉર્ચ-લાઈટને શો વિરોધ હોઈ શકે છે ?

ટૉર્ચ-લાઈટ વસાવીને દરેક ખેડુ જો સર્પદંશથી બચતો હોય, પેટ્રોમેક્ષના પ્રકાશથી જો ગામડું હજારો વર્ષોના અંધકારમાંથી એક વાર બહાર નીકળતું હોય, ને ચોમાસાનાં લેજમાં ન સળગી શકતા ચૂલાને સ્થાને જરૂર પડયે સ્ટવ હાથવગો રહી શકતો હોય, તો ખેડુ વધુ અનાજ ને વધુ શાકપાંદ પકાવી શકશે, એ વાતને તમે ન સ્વીકારો એટલા માત્રથી એ વાત ખોટી ઠરતી નથી. ઠરે છે ફક્ત આટલું, કે હિન્દનો ખેડુ તમારી પણ કાલ્પનિક સૃષ્ટિમાં જ જીવે છે.

ટૉર્ચ-લાઈટ, સ્ટવ અને પેટ્રોમેક્ષની સામે કાયમ એકલાં રેંટીઆ અને શાળને ધર્યા કરવાથી અંતિમમાર્ગી વિચારણા ફળીભૂત થવાની નથી.

કાળી રાતે જોખમભરી સીમમાં, ત્રણે કપરી ઋતુઓમાં, કમ્પતો ધ્રૂજતો કામ ખેંચનારો દર એક ખેડુત :અકકેક ટૉર્ચ-લાઈટ અને અકકેક બંદૂક રાખી શકે તેવી સ્થિતિ લાવવી જ જોઇએ, ને એને માટે જો થોડાં કારખાનાની જરૂર પડે તો એવાં કારખાનાંની સ્થાપનાને અર્થશાસ્ત્રની શત્રુ ન ગણવી જોઈએ.

દહેશત તો હવે આ લાગે છે, કે વર્ધા-શિક્ષણ પદ્ધતિને આજ ને આજ દાખલ ન કરી શકો તો રાજીનામાં આપી દો, એવું દબાણ કરી રહેલો આ અંતિમવાદ, આવતી કાલે રાષ્ટ્રીય સરકારો પર એવું પણ દબાણ લાવે, કે આકાશના તારા જ પૂરતા છે, ગામડામાં દીવા બત્તીનો કોઈ પણ નવો પ્રબંધ ન લઈ જશો.

અંતિમમાર્ગી મનોદશા જ્યારે આંકડાની પરિભાષામાં એવું અભિનંદન અપનાવી લ્યે છે, કે અખિલ હિન્દ ચરખા સંઘે, પચીસ વર્ષમાં સાત કરોડ રૂપિયાની, સાડા ચાર લાખ ગરીબોમાં વહેંચણી કરી છે, અને એમાંથી પચીસ લાખ રૂપિયાની મૂડી તારવી છે, ત્યારે એ બુલંદ આંકડા માત્ર આટલા જ નગ્ન સત્યને શણગારતા હોય છે, કે રેંટીઆ, ખાદી, વગેરે પર રાષ્ટ્રનો આટલો આટલો પ્રાણ નિચોવ્યા પછી પણ ચાલીસ કોટિમાંથી માત્ર સાડા ચાર લાખને માથા દીઠ રોજનો અમે અકકેક પૈસો ચૂકવ્યો છે—અને તે પણ કાળી મજૂરી કરાવીને! પા શેર કાંતવામાં છાતીતોડ મહેનત ખેંચવાની હોય છે, એ તો ખાદીના ખરીદદારો આજે અકકેક નાની આંટી પણ કાળાં બજારમાંથી મેળવતા હોય છે તે હકીકતથી સમજી શકાશે.

હા, પચીસ લાખની મૂડી-પ્રાપ્તિ એ મલકાવા જેવી સિદ્ધિ ખરી! એ તો એકાદ મિલ પણ કરી શકે છે.

અંતિમમાર્ગી માનસને આ હિસાબ અણગમતો લાગશે. પણ છાશવારે ઊઠીને યંત્રોની આવશ્યકતાના આવા કંગાલ દલીલ આપતું અર્થશાસ્ત્ર 'માનવ' તો નથી; 'માનવોત્તર' ભલે હોય.

રક્તના ચાંદલા અને
આંસુઓની અંજલિ

'હું આશા રાખું છું અને પ્રાર્થના કરું છું કે આ પ્રસંગ આપણી જન્મભૂમિના સ્વરાજના પ્રાતઃકાળ સમાન નીવડશે....અપને દેશમેં અપના રાજ!

'છેલ્લાં લગભગ બસો વર્ષો દરમિયાન જેમણે જેમણે દેશની આઝાદીની વેદી ઉપર પોતાના સર્વસ્વનું બલિદાન આપ્યું છે તે તમામ શુરવીર શહીદો, જાણીતા અને અજાણ્યાઓ પ્રત્યે સમસ્ત દેશ આજની ઘડીએ શુકર ગુજારીની લાગણીઓ અનુભવી રહેશે.'

વયોવૃદ્ધ અને આજાર પંડિત માલવિયાજીએ હિંદુસ્તાનની પ્રથમ કામચલાઉ રાષ્ટ્રીય સરકારના વડા જવાહરલાલ નેહરુ ઉપર મોકલેલા માયાળુ સંદેશાની આ લીટીઓ પ્રત્યેક હિંદીના હૃદયમાં આજે ગૂંજી રહી હશે સ્વતંત્રતાની ખુશબોભર્યો વાયુ હવે થોડી જ વારમાં વાતાવરણમાં પૂરતી માફક પ્રસરી જવાનો છે એવી કલ્પનાથી હિંદુસ્તાનનું હૈયું આજે અનેરી ગૂંજારાવથી અનુભવી રહ્યું છે. કાંટા ભર્યા મારગે ડગલાં માંડી રહેલા પોતાના લાડીલા નેતાઓ ભણી મૂંગી જનતા આશાભરી મીટ માંડી રહી છે. એ લાડીલાઓને શુભપ્રભાત ઇચ્છવા માટે એની પાસે બીજું કાંઈ નથી– સિવાય કે 'મરેલાંનાં રૂધિર અને જીવતાંનાં આંસુડાંઓ'.

ઘોર કલ્પનાથીય
ભયાનક વાસ્તવિકતા

કલકત્તાની કત્લેઆમની ભયકથાઓએ બંગાળની સરહદથી મેંકડો માઈલ દૂર પડેલા પ્રાંતેપ્રાંતના અસંખ્ય ગામડાંની શાંત પ્રજાને પણ કંપાવી મૂકી હશે. બે-ત્રણ જ દિવસમાં પાંચ-સાત હજાર લાશોનો જે પુંજ કલકત્તાએ ખડકી દેખાડયો છે તેનાથી જગતભરના ગુંડાઓ વિસ્મયચકિત બન્યા હશે. કલકત્તા ઉપર બે-ત્રણ વર્ષ પર જ બોંબમારો કરી ગયેલા જાપાની વિમાનીઓએ પણ આ વિનાશની વાતો સાંભળીને મોંમાં આંગળાં નાખ્યા હશે. કલકત્તાની મા-બહેનો ઉપર જે અત્યાચારો ગૂજર્યા છે તે જાણીને ૧૯૪૨માં ચિમુર-આષ્ટીકાંડ ભજવનારા ગોરા સૈનિકો પોતાની જાતને સારી સમજવા માંડયા હશે. ટાગોરની કવિતાએ આલેખેલાં સુકુમાર પુષ્પો જેવાં બંગાળી બાળકોને માથે ઊતરી પડેલી હેવાનિયતની વાસ્તવિકતા પાસે અંધારા આફ્રિકાના માનવભક્ષીઓની કલ્પિત ક્રીડાઓ પણ રૂડી ભાસતી હશે. સડેલાં શબોથી ભરપૂર કલકત્તાની ગટરોનો બદબો વચ્ચે શ્વાસ લઈ ચૂકેલાઓને દાન્તેના 'ઈન્ફર્નો'ની કલ્પના કદાચ ફિકકી લાગી હશે.

કલકત્તા જો કુરુક્ષેત્ર જેવું કોઈ મેદાન હોત અને સામસામા પક્ષના પચીસ-પચાસ હજાર લડવૈયાઓ ત્યાં ઢળી પડયા હોત તો પણ તેનાથી આટલી વ્યાપક અરેરાટી ન ઓલી ગઈ હોત. પણ સ્ત્રીઓ, બાળકો, આજાર-વૃદ્ધો અને લાખ્ખો નિષ્પક્ષ નિર્દોષોની ગીચોગીચ વસ્તીવાળા કલકત્તામાં 'જે બની ગયું છે તે ન સહેવાય તેવું, ન જિરવાય તેવું છે. આંખના પલકારામાં હજારોના સંહાર કરી શકનારી એટમ-શકિતનો સંચય કરનારા પશ્ચિમના વિજ્ઞાનીઓની કર્યકિત કીર્તિને એક ગાજણી બાજુ એ છે કે માનવી ધારે તો એ શકિતનો સદુપયોગ કરી શકે તેમ છે. પણ માણસમાં રહેલી પિશાચી વૃત્તિઓને આટલી હદ સુધી ભડકાવી શકનારા હિંદુસ્તાનના વૈજ્ઞાનિક કોમવાદીઓની સિદ્ધિનો જોટો જડવો મુશ્કેલ છે.

માનખેર જીવવાનો માર્ગ
કલકત્તાએ બતાવ્યો

કલકત્તાના ઉજાડ રાજમાર્ગો ઉપર લોહીનાં ખાબોચિયાં અને મૃતદેહોને ચૂંથતા ગીધડાંની કતારો જોઈ છાતીઓમાં પણ જોઈ હશે તેને માટે કલકત્તા જેવા બનાવો બનતા અટકાવવા વિશે સ્વસ્થ ચિત્તે વિચાર કરવાનું ઘણું કઠિન બની ગયું હશે. ગાંધીજીએ

કોમવાદીઓ અને બાકીના સમસ્ત પ્રજાસમૂહ વચ્ચે આવતા મહિનાઓ દરમિયાન કલકત્તા જેવી નાનીમોટી અનેક અથડામણો અનિવાર્ય બનવાની છે એવી માન્યતા વધુ ને વધુ ચિત્તોનો કબજો લઈ રહી છે. એ માન્યતા સાચી ઠરે યા ખોટી, પણ તેની પ્રત્યે દુર્લક્ષ કરનારાઓ આજના હિંદુસ્તાનમાં માનભેર જીવી શકે તેમ નથી. વ્યવસ્થા જાળવવાની જવાબદારી સરકારની તો છે જ પણ દરેક નાગરિકને શિરે પણ સ્વરક્ષણ કાજે લડી શકવાની જવાબદારી પડેલી છે.

કલકત્તામાં બન્યું તેમ સરકારીતંત્ર કેટલીકવાર ગુંડાગીરીને શરૂઆતમાં મોકળો હાથ આપે છે અને ચોવીસેક કલાક પછી પ્રજા એ ગુંડાઓનો સામનો કરવા કટિબદ્ધ બને ત્યારે એની જ સામે પોલીસ અને લશ્કરને ધરવામાં આવે છે. નિઃસહાય લોકસમૂહ પોતાના રક્ષણની કામગરી પોતાના હાથમાં લઈ લ્યે છે ત્યારે પછી જ તેના માર્ગમાંના વિઘ્નો તરીકે ૧૪૪મી કલમ અને હથિયારબંધી જાહેર થાય છે. સરકાર પ્રજાપક્ષી હોય યા પ્રજાવિરોધી હોય, પ્રજાજન પોતે પોતાના રક્ષણ માટે અંશમાત્ર પણ જવાબદારી લેતાં ડરતો રહેશે ત્યાં સુધી એનું રક્ષણ કોઈ કરી શકે તેમ નથી. કલકત્તાના પ્રજાજનોએ પ્રથમ તો પોતે જ પોતાની જાતનું રક્ષણ કરવા માંડ્યું હતું. ગુંડાઓનો સામનો કરવામાં એ સારો એવો ભોગ આપી ચૂકયા પછી જ પોલીસ અને લશ્કર વચ્ચે પડયાં હતાં. કલકત્તાએ વાણીથી નહિ પણ વર્તનથી આપેલો આ પાઠ તમામ શહેરોએ શીખી લેવા જેવો છે.

હત્યાકાંડની જવાબદારીથી નાસતા ભીરુ પ્રજાશત્રુઓ

કલકત્તાના બનાવો માટે કોણ જવાબદાર છે તેના વિવાદમાં ઊતરવાની જરૂર નથી. કારણ કે એ જવાબદારી કોની છે તે દેશભરના હિંદુ-મુસલમાનોને દીવા જેવું દેખાઈ રહ્યું છે. મૌલાના આઝાદે કહ્યું છે તેમ–

'જે કાંઈ બન્યું છે તે તમામની જવાબદારી બંગાળના પ્રધાનમંડળની છે એ વિશે જરા પણ શંકા નથી. પોતાના અનુયાયીઓમાં વ્યવસ્થા અને શિસ્ત જાળવવા માટે યોગ્ય પગલાં લીધા વિના એમણે 'સીધાં પગલાં-દિન'ની જાહેરાત કરેલી. પોલીસ અને લશ્કરનો ચોકી-પહેરો ગોઠવીને અવ્યવસ્થા કે હિંસક બનાવો સામે સાવચેતીનાં પગલાં પણ તેમણે લીધાં નહોતાં. વાતને વધુ વણસાવવા એમણે ૧૬મી ઑગસ્ટને સરકારી રજાના દિવસ તરીકે જાહેર કર્યો અને એ રીતે લીગના 'સીધાં-પગલાં-દિન'ને સરકારી અનુમોદન આપ્યું. ગુંડાઓ અને હુલ્લડખોરોએ આનો એવો અર્થ કર્યો કે પોતે ચાહે તે કરે તેમાં એમને સરકારનું પીઠબળ છે.'

'સીધાં પગલાં-દિન' પૂર્વે મસીદોમાંની અનેક સભાઓમાં અને સંખ્યાબંધ જાહેર નિવેદનોમાં પાકીસ્તાન માટે લોહી રેડવાની ડંફાસો મારી મારીને અભણ તથા ગરીબ મુસલમાનોને ઉશ્કેરનારાઓમાં સાચી શૂરવીરતાનો અંશમાત્ર પણ જો હોત તો આજે કલકત્તામાં થયેલી કતલ માટે છુપો અને મલિન આનંદ લેવાને બદલે છાતી ઠોકીને આગળ આવત અને કહેત કે: 'અમારો ઇરાદો આ જ કરવાનો હતો, અમે જે ધારેલું તે કરી દેખાડયું છે, અમારા અનુયાયીઓનાં કૃત્યો માટે અમે મગરૂર છીએ.'

પણ ભાષણોમાં શબ્દચાતુરી દેખાડવી, અશિક્ષિત સમૂહોની ધાર્મિક લાગણીઓ ઉશ્કેરવી, અવિશ્વાસ, ભય અને દ્વેષના ધુમ્મસમાં એક કોમને ગુંગળાયેલી રાખવી એ એક વાત છે અને બાજી જ્યારે હાથમાંથી જતી રહે ત્યારે હિંમતપૂર્વક આગળ આવવું અને તેના પરિણામોનો સામનો કરવો એ બીજી વાત છે. એટલે જ, ગઈકાલ સુધી લીગની ઉશ્કેરણીને બુદ્ધિચાતુર્યના વાઘાથી સજાવનારા સામ્યવાદીઓ આજે આઘા ખસીને ઊભા રહી ગયા છે. એટલે જ શ્રી ઝીણાએ તાજાતોબ નિવેદન કરી નાખ્યું છે કે કલકત્તાના ગુન્હેગારોને નશ્યત થવી જોઈએ.

ગુમાનમાં ભાન ભૂલેલાઓને સરતી શહીદી ન આપશો

સિંધના લીગી આગેવાન શ્રી ગજદરે લીગની આ 'જેહાદ' અને કોંગ્રેસની ૧૯૪૨ની લડતની પામેર સરખામણી કરી છે. ગુમાનમાં પોતાની મર્યાદાઓનું ભાન ભૂલીને પેટ ફુલાવનાર પેલા દેડકાની માફક એમણે કહ્યું છે કે, ચિમુર અને આષ્ટીમાં કોંગ્રેસના માણસોએ ૧૯૪૨માં જે કર્યું હતું તે બદલ તેમને કોંગ્રેસે નરવીરો કહ્યા હતા અને પોતે સત્તા ઉપર આવી ત્યારે એમને છોડી મૂકયા

હતા, એ જ પ્રમાણે અમારી જેહાદમાં ભાગ લેનારાઓને અગે પણ નરવીર કહીને પૂજશુ અને અમે સત્તા ઉપર પાછા આવશું ત્યારે એમને છોડી મૂકશું. નિર્દોષ મુસલમાનોને જેહાદની ગણીએ ચડાવી દેતાં પહેલાં મનફાવતાં જે કાંઈ આંબા-આંબલી બતાવવાં હોય તે શ્રી ગઝદર બતાવી શકે છે. પણ એમણે એ ન ભૂલવું જોઈએ કે ચિમુર અને આષ્ટીના બનાવો બદલ જેલમાં જનારાઓ પાછળથી છૂટી શકયા તેનું કારણ એ હતું કે એમની પૂર્વે બીજા અનેક ફાંસીને માચડે ચઢી ગયા હતા અને સામી છાતી ગોળીઓ ઝીલીને વિંધાઈ ગયેલા.

કરાંચીથી શ્રી ગઝદર, દિલ્હીથી શ્રી કાઝી ઈસા અને બીજા અનેક લીગી નેતાઓનાં ભાષણોમાં હિંસક કૃત્યો માટેની ઉશ્કેરણીનો સુર વધુ ને વધુ ગાજતો થયેલો જોઈને ચોંકી ઊઠેલા કેટલાક લોકો એમની અને શ્રી ઝીણાની ધરપકડ શા માટે નથી થતી એવો પ્રશ્ન પૂછી રહ્યા છે. આવું કોઈ પણ પગલું આ આગેવાનોના હાથ મજબૂત કરનારું અને મુસ્લિમ કોમ ઉપરની તેમની કોમવાદી ચુંગાલ જોરદાર બનાવનારું નીવડશે. એવી સસ્તી શહાદત આ આગેવાનોને આપવાની જરૂર નથી. અંગ્રેજીમાં કહેવત છે તેમ બધા માણસોને હંમેશને માટે બેવકૂફ બનાવી શકાતા નથી. લીગના અનુયાયી મુસ્લિમોની આંખો પણ ધીમે ધીમે ઉઘડવા માંડી છે. લીગ-નેતાઓની ઉશ્કેરણીથી અવળે રસ્તે ચડી ગયેલાઓ સામે દંડ અને કારાવાસની કઠોર વાસ્તવિકતા આવીને ઝીલી રહે છે ત્યારે એમના નેતાઓને સુખચેનમાં પડયા પડયા એ કૃત્યોની જવાબદારીમાંથી છટકતા જોઈને આ દંડાયેલાઓ અને કારાવાસીઓ દાઝયા ઉપર ડામની વેદના અનુભવે છે.

પોચી માટીનું પારખું થતાં અનુયાયીઓની આંખ ઊઘડશે

પોતે ન ઈચ્છે તેવું કરનારા ૧૯૪૨ના લડવૈયાઓના તમામ કૃત્યોની જવાબદારી પણ પોતાને જ શિરે ચઢાવનારા જવાહરલાલ, અને પોતાની જ શીખવણી મુજબ વર્તનારા લીગવાદીઓ ભીડમાં આવે ત્યારે અળગા ખસી જનારા લીગનેતાઓ વચ્ચેનો તફાવત મુસ્લિમોને પણ દેખાવા માંડયો છે. ખુદ અમદાવાદમાં હુલડના દિવસો દરમિયાન મુસલમાનોને બેફામપણે ઉશ્કેરનારા એક નામચીન લીગનેતા હવે હુલડ અંગેના મુકદમાઓમાં સંડોવાયેલાઓને કોઈ જાતની અસરકારક મદદ ન કરતા હોવાથી એમના જ અનુયાયીઓ ઘણા રોષે ભરાયા છે અને કોઈ હિસાબે પણ પોતાની ઉપરના મુકદમાઓમાંથી બચી જવા કોંગ્રેસી વકીલોની મદદ માટે મથી રહ્યા છે. થોડા જ અઠવાડિયાઓ ઉપર પોતાને ઉશ્કેરનારા લીગનેતા કઈ માટીના બનેલા છે તે હવે એમને સમજાઇ ગયું છે. પોતાના નેતાઓની આ સાચી પિછાન એમને ધીમે ધીમે પણ ચોક્કસપણે મળતી રહેશે તેમ એ લીગમાંથી ખસતા જશે. અને પોતાની આંધળી જેહાદમાં બોકડા બનવા માટે ગરીબ મુસલમાનો તૈયાર નથી એવું જ્ઞાન શ્રી ઝીણાને થશે તે દિવસે મલબાર હિલની મહેલાતમાં પણ એમની હાલત યરવડાના કારાવાસી જેવી જ બની જશે.

અલબત્ત લીગમાંથી આજે કેટલાક તત્ત્વવાદીઓ પણ ખસી જઈ રહ્યા છે. જે સંસ્થાને મદદ કરવામાં આજસુધી જેમણે કદી પાછું વાળીને જોયું નથી, કે નથી કોઈ સિદ્ધાંતનો, ન્યાય-અન્યાયનો કે સારાસારનો વિચાર કર્યો તે સંસ્થાના ઈચ્છાભત્યાગના આદેશને અનુસરવા જેટલો ક્ષુલ્લક ભોગ પણ ન આપી શકનારા કેટલાક સ્થાપિત હિતોવાળા પૂંજીપતિઓ આજે લીગમાંથી એક યા બીજે બહાને નીકળી જઈ રહ્યા છે. કઈ સંસ્થામાં કેટલો વખત સુધી રહેવું એ પોતાના લાભમાં છે તે નક્કી કરવાને આ ગૃહસ્થો પૂર્ણપણે મુખત્યાર છે, પણ તેઓ લીગને છોડીને આવતા રહ્યા છે એ એકમાત્ર કારણસર જ એમને ઉગળકામેર આવકારવા દોડયા જવાની ભૂલ કોઈ રાષ્ટ્રવાદીઓ રખે કરી બેસે. કોંગ્રેસની હરોળમાં જ એવાં સ્થાપિત હિતોવાળા મૂડીવાદીઓ અનેક પડેલા છે. એમનો નિકાલ આપણે સરળ રીતે કરી શકીએ તે ઘણું છે. હવે વિદેશ કોમવાદીઓને આપણી વચ્ચે પેસારવાની જરૂર નથી.

દુશ્મનનો દુશ્મન શું મિત્ર બની ગયો છે ?

વિરોધીઓને ઝૂડવા માટે ગમે તેવા ગંદા સાધનનો પણ ઉપયોગ કરતાં આપણે અચકાતા નથી તેનો દાખલો કલકત્તાના રમખાણોએ આપ્યો છે. રમખાણો માટે બંગાળનું લીગી પ્રધાનમંડળ અને બંગાળની લીગના નેતાઓ જવાબદાર છે એવી સાદી સીધી વાતનું પ્રતિપાદન કરવા જતાં આપણે કલકત્તાના એંગ્લો-ઈંડિયન 'સ્ટેટ્સમેન'થી લઈ ને લંડનના 'ટાઇમ્સ' અને 'ડેલી ટેલીગ્રાફ' જેવાં હડહડતાં શાહીવાદી છાપાંઓના અભિપ્રાયોને ઊંચે સારે લલકારવા મંડી પડયા છીએ. પણ આ 'સ્ટેટ્સમેન' કોણ ચલાવે છે ? એણે આજ સુધી રાષ્ટ્રવાદ અને પરદેશી સલ્તનત વચ્ચેના યુદ્ધમાં હંમેશા કોનો પક્ષ લીધો કર્યો છે ? એનું હિત પ્રજાના હિતમાં છે કે મૂઠીભર દેશી-પરદેશી મૂડીવાદીઓના હિતમાં ? આપણાં આંતરિક ઝઘડાઓ ઉપર વજનદાર અભિપ્રાયો આપવાનો ઇંગ્લાંડનાં કે અમેરિકાનાં છાપાંને શો અધિકાર છે ? આજે લીગનાં કદમ અને બ્રિટિશ સૂરાવળનો મેળ નથી જામતો તેથી લીગના નામતાં છાજિયાં લઈ રહેલાં આ ગોરાં છાપાઓ શું ન્યાયનાં પૂતળાં બની ગયાં છે ? ૧૯૪૨ દરમિયાન રાષ્ટ્રવાદને ભાંડવાનું એમને માટે જરૂરી હતું ત્યારે એમણે કશી કમીના રાખી હતી ? ગાંધીજી અને કોંગ્રેસને દેશદ્રોહીઓ, અભીચદો અને પાંચમી કતારિયા તરીકે ચીતનારાઓની જમાત માંહેલાં જ આ છાપાં નથી ?

વાઇસરોયની વાટ જોતી ગુલામી મનોદશા

કલકત્તાના રાષ્ટ્રવાદી આગેવાનોના વર્તનમાં પણ કેટલીક ન સમજાય તેવી બાબતો દેખાઈ છે. વાઇસરોયને કલકત્તાની મુલાકાતે આવવાના ઉપરાછાપરી સંદેશા મોકલનારા કલકત્તાના બીજા આગેવાનો તો ઠીક પણ કોંગ્રેસની કારોબારીના એક સભ્ય શ્રી. શરતચંદ્ર બોઝ પણ પોતાના ઉચ્ચ આસનનું ગૌરવ કેમ વિસારી બેઠા ? સ્વરાજના ઉંબરામાં આવીને દેશ ઊભો છે ત્યારે પણ હજી આપણી નજર વાઇસરોય તરફ કેમ વળી શકે છે ? રમખાણો માટે જવાબદાર પ્રધાનમંડળને સ્થાનભ્રષ્ટ કરવા માટે પરદેશી ગવર્નરને શા માટે આજીજીઓ કરવી પડે છે ? આઝાદ હિંદુસ્તાનમાં પ્રજાએ ચૂંટેલી કોઈ પણ સારી-નરસી પ્રાંતિક સરકાર નાલાયક રીતે વર્તે ત્યારે આપણે શું બ્રિટનથી ગોરા ગવર્નરને બોલાવીને દંડમી કલમનો અમલ કરવાનું કહેવાના છીએ ?

સુહરાવર્દી-પ્રધાનમંડળને બરતરફ ન કરવા માટે ગોરા ગવર્નરનો દોર કાઢનારાઓએ રમખાણ પછી ચાર જ દિવસે ભરાયેલી પ્રાંતિક ધારાસભામાં અવિશ્વાસની દરખાસ્ત કેમ ન રજુ કરી ? ઉલ્ટાના એમણે તો પ્રધાનોના કલ્યાણરૂપ બેરૂ બનીને ધારાસભાની બેઠકને મુલતવી રાખવામાં પોતાની સંમતિ આપી અને બેઠકના સમયે બે ગોરા સભ્યો સિવાય કોઈ હાજર સુદ્ધાં ન રહ્યું ! બંગાળ ધારાસભાનો વિરોધપક્ષ પોતાના આ ઉપહાસપાત્ર વર્તનથી નહિ લજાતો હોય તો પણ ગોરો ગવર્નર તો એમની ઉપર મૂછમાં જરૂર હસતો હશે.

જમીનદારોની જમાતને દેશ આખામાંથી દૂર કરો

યુક્તપ્રાંતો અને બિહારની કોંગ્રેસી સરકારોએ જમીનદારીનો અંત લાવવાના ઠરાવો પોતપોતાના પ્રાંતની ધારાસભામાં પસાર કરાવ્યા છે. યુક્તપ્રાંતોએ તો એક ડગલું આગળ વધીને મૂડીવાદનું અસ્તિત્વ ટાળવાનો બીજો પણ એક ઠરાવ કર્યો છે. ચૂંટણી વખતે આખા દેશની પ્રજાને કોંગ્રેસે આપેલા કોલનું પાલન માત્ર આ બે પ્રાંતોમાં જ કેમ થઈ રહ્યું છે એવો પ્રશ્ન ઊઠે છે. બેશક, દરેક પ્રાંતને પોતાના નિરનિરાળા સંજોગો અને સવાલો હોય છે અને તેનો દરેકનો ઉકેલ પોતપોતાની રીતે લાવવાની પ્રત્યેક પ્રાંતની સરકારને સ્વતંત્રતા હોવી જોઈએ. પણ જમીનદારીને નષ્ટ કરવા જેવી મહત્વની બાબતમાં તો તમામ પ્રાંતોમાં એકસરખી નીતિ હોવી જોઈએ, અને જે ઠરાવ યુક્તપ્રાંતો અને બિહારે કર્યો તે તે જ દિવસે બાકીના સાતે ય કોંગ્રેસી પ્રધાનમંડળવાળા પ્રાંતોમાં થઈ જવો જોઈતો હતો. જમીનદારો તો તમામ પ્રાંતોમાં છે. મુંબઈ પ્રાંતમાં પ્રમાણમાં ઓછા હશે, પણ તેથી તો

આવો ઠગવ કરવા એ આપણી પ્રતિષ્ઠા ધાગમાં માટે ઘણુ સરળ બની જતુ જોઈએ.

એમ કહેવાય છે કે યુક્તપ્રાંતો જેવો ઠરાવ કરવાથી પ્રાંતના જમીનદારોને કોંગ્રેસ ઘણી અકારી થઈ પડશે એવી ભીતિથી મુંબઈના પ્રધાનમંડળે હાલ તુરત માટે માત્ર ગણોતધારામાં અમુક સુધારાઓ કરીને જ સંતોષ માન્યો છે. એ ઢીલાપોચા સુધારા સામે પણ ગુજરાતના જમીનદારોએ ખેડાની એક સભામાં જે રોષ દાખવ્યો છે અને પોતાના 'અધિકારો' માટે લડી લેવાની ધમકી આપી છે તે પ્રાંતની સરકારની આખો ઉઘાડવા માટે પૂરતાં હોવા જોઈએ કોંગ્રેસી પીછાધારી આ જમીનદારી-કાગડાઓની સહાનુભૂતિ ગુમાવી બેસવાના ભયથી કમ્બી ઊઠે એટલી કોમળ મહાસભાની ચામડી નથી. નાના જમીનદારો અને મોટા મહાજનોએ સાથે પ્રજાએ બહુ વર્ષો સુધી કળથી કામ લીધુ છે. હવે તો બળ વાપરીને પણ એમનો નિકાલ કર્યે જ છૂટકો છે.

જમીનદારીને નષ્ટ કરવાના અને એ જાતનાં બીજાં લોકહિતકારી પગલાંથી કોંગ્રેસી પ્રધાનમંડળો પ્રજાપ્રીતિ સંપાદન કરશે અને પોતાની ફરજ બજાવ્યાનો સંતોષ પામશે એટલું જ નહિ, કોમી પ્રશ્નના ઉકેલમાં પણ આવા પગલાં જ મોટી મદદ કરશે લીગના આગેવાનો સાથેની અનંત મંત્રણાઓને બદલે મુસ્લિમ ખેડૂતને તેના માલિક હિંદુ કે મુસલમાન જમીનદારના પંજામાંથી મુક્તિ અપાવનારાં પગલાં કોમી ઐક્યના વધુ જલદી લાવી શકશે.

હરિજનોના મંદિરપ્રવેશ પાછળ શક્તિનો અતિવ્યય નિરર્થક છે

મદ્રાસમાં એક પછી એક મંદિરોના દ્વાર હરિજનો માટે ખુલ્લાં મુકાતાં જાય છે. જગન્નાથપુરીના મશહૂર મંદિરમાં હરિજનોને દાખલ થવાની છૂટ અપાવવા એક કાયદાનો ખરડો ઓરિસ્સાની ધારાસભામાં રજુ થયો છે. ઉત્સવ પ્રસંગે મળનારી સભાઓમાં હરિજનોને આવવા દેવાની તેમજ એવી સભાઓમાં ભાષણ કરવા જતા કોંગ્રેસી નેતાઓએ એક-એક હરિજનને પોતાની સાથે લેતા જવાની સૂચનાને ગાંધીજીએ 'હરિજન'માં મંજૂરી આપી છે. આ બધાની પાછળ હરિજનોને સવર્ણ હિંદુઓ સાથે સમાન અધિકારો અપાવવાની શુભ ભાવના કામ કરી રહી છે. પણ દરેક મંદિરપ્રવેશથી હરિજનોને મોટો લાભ થઈ જવાનો છે એમ કોઈ રખે માની બેસે હિંદુ સમાજના ખોળામાં પુનઃ બેસાડીને હરિજનોને સન્માનવા જતાં આ સમાજનાં અનિષ્ટોનાં તેઓ ભોગ ન બની બેસે એ જોવાની બહુ કોઈની ફરજ છે.

એકંદરે જોઈએ તો એમ લાગશે કે મંદિરોમાં ન જઈ શકવાથી હરિજનો ગુમાવે છે તેનાથી વધુ મેળવી શકે તેમ છે હિંદુઓનાં બહુ ઓછાં મંદિરો હવે ઈશ્વરી ધામ તરીકે કે કોઈ પવિત્ર પ્રાર્થનાસ્થાન તરીકે ગણી શકાય તેવાં રહ્યાં છે. કેટલાક મંદિરો તો ઢંગી, પ્રપંચી અને લંપટ પૂજારીઓના રાફડા સમાન બની ગયા છે ઈશ્વર આ દુનિયામાં બીજે ગમે ત્યાં હશે પણ ત્યાં તો નહિ જ હોય. એવાં મંદિરોમાં ન જઈ શકનારા હરિજનોને કોઈ ગુમાવવાનું નથી એટલે હરિજનોના મંદિરપ્રવેશ વિશે વધુ પડતા આગ્રહી બનવાને બદલે ગામનાં કૂવા – અવેડાઓ, દવાખાનાઓ, નિશાળો, હોટેલો, વાળ કપાવાની દુકાનો અને સરકારી કચેરીઓમાં એમને સ્થાન મળે તે માટે કડક કાયદાની જોગવાઈ કરવાની જરૂર છે.

ઘોડારોડની શરતો અને કોંગ્રેસી પ્રધાનમંડળો

'ઘોડારોડની શરતના મેદાનમાં જે [illegible] એમ [illegible] છે તે [illegible] કરતા એ [illegible] ન [illegible] રોકી [illegible] છે આ શરતો નિર્ણિને [illegible] ઘોડારોડ છે અને [illegible] રોકી [illegible] તેમ જ પોતાની [illegible] [illegible] [illegible]

'ઘોડાદોડની શરતમાં જુગાર રમવો એ મારે મતે દારૂ પીવા જેટલી મોટી બદી નથી, પણ આવી બાબતોમાં સરકારમણીઓને સ્થાન જ નથી. ઘોડાદોડની શરતોની બધી બારીકાઈઓ હું જાણતો નથી. હું તો એટલું જ કહી શકું કે પ્રજાકીય પ્રધાનમંડળ જો તેમ કરવાને શક્તિમાન હોય તો એમણે આ બદીનો અંત લાવવો જ જોઈએ.'

તે પછી થોડા દિવસે મદ્રાસના વડા પ્રધાન શ્રી પ્રકાશમે જાહેર કર્યું કે તેઓ ઘોડાદોડની શરતોને નષ્ટ કરવાના છે. આપણા પ્રાંતમાં આ જુગાર મુંબઈ અને પૂના જેવાં બે મોટાં શહેરોમાં ખૂબ પ્રસર્યો છે. મુંબઈના પ્રધાનમંડળ સમક્ષ થોડા સમય પર જ એનો અંત લાવવાની એક તક હતી: આ શરતોનું સંચાલન કરતી એક સંસ્થાના પરવાનાની મુદત પૂરી થતી હતી. તે વખતે એ પરવાનો નવી મુદત માટે ન આપવાની વિચારણા પણ ચાલેલી. પરંતુ કોણ જાણે શા કારણે એ વિચારણા પડતી મૂકાઈ અને નવો પરવાનો અપાઈ ગયો. એ પરવાના બદલ પ્રાંતિક સરકારને વર્ષે પંદર લાખ રૂપિયા જેટલો કર મળનારો છે. એમ કહેવાય છે કે ૧૯૩૭માં કોંગ્રેસી પ્રધાનમંડળ સત્તા ઉપર આવ્યું તે અગાઉ આ સંસ્થા તેના પરવાના બદલ સરકારને વર્ષે રૂ. પાંચનો વેરો આપતી. આગલી કોંગ્રેસી સરકારે એ પરવાનો આપવો ચાલુ રાખેલો પણ કરની રકમ પાંચ લાખની કરેલી. હવે નવા પ્રધાનમંડળે પાંચના પંદર લાખ કર્યા છે.

સામાજિક બદીઓને પ્રબળ લોકમત હાંકી શકે

લોકહિતકારી અનેક કાર્યો માટે જેને કરોડોનો ખર્ચ કરવાનો છે તેવી સરકાર આવડી મોટી રકમને લોભે આ બદી એકાદ-બે વર્ષને માટે કદાચ નિભાવી લેવા માગતી હશે. પણ ઉપરકહ્યા પત્રલેખક જેટલી જ નફરત જો પ્રજાના સારા એવા સમુદાયને ઘોડાદોડની શરત પ્રત્યે હોય તો તેમાં જનાર અને જુગાર રમનાર વ્યક્તિઓને સમાજમાં સહેજે ઓળખામણી બનાવી શકાય છે.

દારૂડિયા પ્રત્યે સમાજને જે સૂગ છે તેને કારણે ભલભલા માણસો પણ દારૂ પીવાનું કામ ચોરીછુપીથી પતાવતા હોય છે. જ્યારે શરતના મેદાનમાં જઈને જુગટું રમવું એ તો આજે 'ફેશન' થઈ પડી છે અને સમાજમાં માણસનો મોભો વધારનારું સત્કર્મ મનાઈ રહ્યું છે. દારૂડિયા પ્રત્યે જે સૂગ સમાજે બતાવી છે તેટલી જુગારી પ્રત્યે એ બતાવશે ત્યારે ગમે તે સરકારને ચાલે તેટલું નુકસાન વેઠીને એને બંધ કર્યે જ છુટકો હશે. આખરે તો, લોકશાહીમાં પ્રજામતે આગળ અને કાયદાએ પાછળ જ રહેવાનું હોય છે.

આજે તો ઘોડાદોડની શરતો વિરુદ્ધ પ્રબળ પ્રજામત ઊભો કરવાને બદલે આપણાં રાષ્ટ્રીય અખબારો પણ ચોથે પાને આ બદી વિષેની ગાંધીજીની ટીકા મોટા અક્ષરે છાપીને પછી આઠમે પાને તેથી ય મોટાં અક્ષરોમાં શરતોનો રસભરપૂર અહેવાલ આપે છે અને સાતમું પાનું આખું ભરીને શરતમાં દોડતા પ્રાણીઓની તસ્વીરો છાપે છે. બાકી તો, શરતના કેટલાક સમૃદ્ધિવાન અને શોખીન જુગારીઓનું જે જાતનું માનસ છે તે જોતાં ખુદ ઘોડાઓ સમજણા થઈને શરતમાં ઊતરવાની ના પાડશે તો પણ આ માનવીઓ નહિ માને—અને કદાચ ખર્ચાર કે છેવટે ગધેડાની મદદ લઈને પણ આ જુગટાની પ્રથા ચાલુ રાખશે.

કરાંચીની મ્યુનિસિપાલિટીનું એક અનુકરણીય પગલું

કરાંચીની મ્યુનિસિપાલિટીએ એક ઠરાવ કરીને ભવિષ્યમાં કોઈપણ વ્યક્તિને માનપત્ર ન આપવાનો જે નિર્ણય કર્યો છે તેથી સાચે જ કરાંચીની એ મ્યુનિસિપાલિટીની કીર્તિમાં વધારો થયો છે. મોટાં શહેરોને પગલે ચાલીને કસ્બાની મ્યુનિસિપાલિટીઓ પણ આજકાલ ગમે તે પીરભાઈ-જમાલભાઈને માનપત્ર આપવાને રવાડે ચડી ગયેલી જણાય છે. તે એટલે સુધી કે આવી મ્યુનિસિપાલિટીઓમાં ચૂંટાયેલા કેટલાક સભ્યો તો આવાં માનપત્રો આપવા સિવાયના કામો માટે મળેલી બેઠકોમાંથી નિયમિત રીતે ગેરહાજર રહેતાં હોય છે. એક માનપત્ર અપાઈ જાય તે પછીનું માનપત્ર કોને અને ક્યારે આપવું તેના વિચારમાં જ એ મશ-

ગૂલ રહેતા હોય છે. આવાં માણસોને મ્યુનિસિપાલિટીના સભ્યપદે ચૂંટવાની તકલીફમાંથી પ્રજાએ પોતાની જાતને ઉગારી લેવાની જરૂર છે. માનપત્ર આપવાની પ્રથા સારી છે કે ખરાબ તે સવાલ અહીં ઊભો નથી થતો. પણ માનપત્રો આપવાનું કામ કરી શકે તેવી બીજી અનેક સંસ્થાઓ પ્રત્યેક શહેરમાં ચાલતી હોય છે. કોઈ નાના શહેરમાં એવી કોઈ બીજી સંસ્થા ન હોય તો ખાસ એક 'માનપત્રદાયક-મંડળ' ઊભું કરી શકાય, પરંતુ જનહિતના કાર્યોને પડતાં મૂકીને આવા આડંબરી કામો લઈ બેસવાનું કોઈ પણ સુધરાઈને પાલવે નહિ. પ્રાંતિક સરકારના સ્થાનિક સ્વરાજખાતાના પ્રધાન તરફથી સુધરાઈઓ ઉપર કોઈ પણ વ્યક્તિને માનપત્ર આપવાનો નિષેધ કરતી સૂચનાઓ જાય એ ઘણું ઈચ્છનીય છે.

'સ્વાગત' અને ફાળાઓમાં રાચતા જાહેર કાર્યકરો

જેમ મ્યુનિસિપાલિટીઓમાં તેમ કોંગ્રેસની જુદી જુદી પ્રાંતિક જિલ્લા અને શહેર-સમિતિઓમાં પણ અમુક વ્યક્તિઓ મહેમાનોને સ્ટેશન ઉપર હારતોરાથી સત્કારવાથી માંડીને એમને વિદાય આપવા માટે પાછા સ્ટેશને જઈને ફરી ફૂલગજરા ધરવા ઉપરાંત કોઈ મહત્ત્વની કામગીરી બજાવતી નથી હોતી. તે એટલે સુધી કે એકની એક વ્યક્તિ કોઈ શહેરના સ્ટેશન કે વિમાનઘર ઉપરથી પચાસ વાર પસાર થાય તો પચાસેય વાર એમનું 'સ્વાગત' થયું જ હોય.

આ સત્કારકાર્યની માફક ફંડફાળા ભેગા કરવાની બીજી એક ઘેલછા પણ જાહેર સંસ્થાઓના કેટલાક માણસોને લાગુ પડેલી હોય છે. ઘણીવાર તો જાણે આગ લાગી હોય ત્યારે એ ઠારવા માટેના કૂવો ખોદવાનું ફંડ શરૂ થાય છે. ફંડ જ્યારે પૂરું થાય છે ત્યારે આગ શમવા આવી હોય છે અને એમાંથી જૂજજ રકમનો ઉપયોગ થાય છે. ત્યાર પછી બાકીની રકમ પડી જ રહે છે. એનો હિસાબ કોઈ આપતું નથી-તેમ કોઈ માગતું પણ નથી. થોડો સમય જાય અને ફરી પાછો ફાળો કરવા માટે એક યા બીજો પ્રસંગ મળી રહે છે. ફરી એ જ ઉધરાણું કરનારા ઝોળી લઈને નીકળી પડે છે. ફાળો જેટલા ઉત્સાહપૂર્વક ભેગો થાય છે તેનો એક અંશ પણ તેના યોગ્ય ઉપયોગ કે ઝડપી નિકાલ માટે દેખાડાતો નથી. અલબત્ત કેટલીય વાર એ ફાળાની રકમ ખાનદાન મનુષ્યોના હાથમાં જળવાઈ રહેતી હોય છે અને જરા સરખા ગેરવહીવટનો એને સ્પર્શ નથી થતો. પણ કોઈ ફાળાનો ગેરવહીવટ ન થવો એ પૂરતું નથી. જે ઉદ્દેશ માટે એ ભેગો થયો હોય તે માટે તેનો વેળાસર ઉપયોગ થવો જોઈએ. જેની યાદગીરીમાં એ ફાળો થયો હોય તેની સ્મૃતિ તાજી હોય ત્યાં જ એ ફાળામાંથી કાર્ય શરૂ થઈ જવું જોઈએ. મોડું મોડું એ કાર્ય શરૂ થવાથી તેમાં ઉત્સાહ અને તાઝગીનો અભાવ રહેશે. વ્યક્તિની સ્મૃતિ તાજી હોય ત્યારે જે ઉત્સાહથી માણસો કામ કરી શકે છે તે પાછળથી ગમે તેટલા પૈસા દેતાં પણ નથી થઈ શકતું.

મહાદેવભાઈનું સ્મારક હજી કેમ રઝળાવાય છે?

સ્વ. મહાદેવભાઈના સ્મારક માટે થયેલો ફાળો આજે મહિનાઓ થયાં ઊંચી અમરાઈએ પડયો છે એ ઘણા ખેદની વાત છે. મૂળ તો એ ફાળો માત્ર દસ લાખનો જ કરવાની વિચારણા હતી. પણ મુંબઈના કેટલાક શ્રીમંતોએ વધુ પડતા ઉત્સાહમાં આવી જઈને એ રકમને પચીસ લાખ સુધી લઈ જવાની જીદ પકડી. છેવટે એમ નક્કી થયું કે ગુજરાતે દસ લાખ ભેગા કરવા, અને બાકીના પ્રાંતોમાંથી બીજા પંદર લાખ મેળવવા. તે પછી ગુજરાતે તો પોતાના દસ લાખ રજુ કરી દીધા પણ બીજા પંદર લાખમાંથી હજી ત્રણ જ લાખ થયા છે. અને એ તેર લાખની રકમનું શું થાય છે એ કોઈ જાણતું નથી-કારણ કે કાંઈ થતું જ નહિ હોય. મહાદેવભાઈના અવસાનને ચાર-ચાર વર્ષ વીતી ચૂકયા હોવા છતાં એમના સ્મારકને છાજે તેવું કોઈ કાર્ય શરૂ નથી થયું તેનો અર્થ એ તો નથી ને કે ગુજરાતની ગુણપૂજકતા માત્ર રૂપિયા, આના અને પાઈમાં જ દર્શાવાઈ શકે છે?

વધુ ગ્લાનિ તો એ વાતની છે કે સ્વર્ગસ્થનું એક જીવનચરિત્ર પણ એમના આશ્રમવાસી સાથીઓમાંથી કોઈ આપી શકયું નથી. એ અફવા જો સાચી હોય કે એ સાથીઓમાં જ એ ચરિત્ર કોણે લખવું

અને કોણે નહિ તે અંગે લાંબા કાળથી વિવાદ અને સ્પર્ધા ચાલી રહ્યાં છે તો તો એ ઘણું નિષ્ઠુર કહેવાય. આ ચરિત્રલેખનનું કાર્ય એવું પવિત્ર છે કે એની પહેલ સ્વર્ગસ્થના સાથીઓમાંથી જ કોઇને હાથે થાય એ જરૂરનું તેમજ યોગ્ય છે. નહિતર તો આશ્રમવાસીઓના આંતર-કલહના અંતની વાટ જોયા હોવિના બીજાઓ આ કામ પૂરું કરી શકયા હોત.

દેશના નવસર્જનમાં
જુવાનો ઝોખરે આવે

૧૯૪૨ના ઓગસ્ટમાં નેતાવિહોણી થઈ પડેલી જનતાને લડતની આકર્ષક તરકીબો સુઝાડનારા સમાજવાદી કાર્યકરો આપણા યુવાનોના દિલ ઉપર ઘણો કાબુ મેળવી શકયા છે. એ કાર્યકરોમાં શ્રી જયપ્રકાશ નારાયણ એક એવા માનવી છે કે જે માત્ર સૂત્રો પોકારી જાણતા કે થોડી ભાંગફોડ કરી શકનારા વિદ્યાર્થી-ટોળાંઓની આગેવાનીથી સંતોષ પામે તેમ નથી. અખિલ હિંદ વિદ્યાર્થી કોંગ્રેસની પટણામાં મળેલી બેઠક સમક્ષ ભાષણ કરતાં, દેશના નવસર્જનમાં પોતાનું સ્થાન લેવાનો વિદ્યાર્થીઓને એમણે સાદ કર્યો છે તે વિષે સમાજવાદી બની ચૂકેલા તેમજ બનવા માગતા સહુ કોઇ યુવાનોએ શાંત ચિત્તે વિચાર કરવા જેવો છે:-

'અંગ્રેજોને મન હિંદી વિદ્યાર્થી મુખ્યત્વે કારકૂન બનવા સરજાયો હતો. અમારે માટે તમે મુખ્યત્વે ક્રાંતિના દારૂગોળા સમાન હતા. રાષ્ટ્રીય ક્રાંતિ આજે તેનાં ધ્યેય સુધી પહોંચવા આવી છે. અને આજે, ક્રાંતિકારી તૈયારીઓની વચ્ચે પણ પુનઃરચનાના કાર્યોનો વિચાર કરવો એ આપણી ફરજ થઈ પડી છે. આને માટે આપણે જૂના જ પ્રકારનો વિદ્યાર્થી જોઇશે, બલ્કે આને માટે જૂના જ પ્રકારનાં તાલીમ અને શિક્ષણની જરૂર પડશે. થોડા જ સમયમાં આપણે સ્વતંત્ર બનશું ત્યારે આર્થિક અને સાંસ્કારિક, વૈજ્ઞાનિક અને સામાજિક, દરેક પ્રકારની યોજનાઓ ઘડવી પડશે, વિકાસ સાધવો પડશે. વિદેશખાતામાં અને એલચીખાતામાં ભરતી કરવી પડશે. લશ્કરી દળોનો સવાલ પણ ઊભો છે. દેશના સમગ્ર વહીવટીતંત્રનું ચોગઠું નવેસરથી રચવું પડશે. રાજકીય તેમજ આર્થિક લોકશાહીને જીવંત રાખવી પડશે. આ કાર્યો માટે અને આ બધા અગત્યના વિકાસમાં પોતાનો ભાગ ભજવવા માટે આપણી આજની યુનિવર્સિટીઓ અને આજના આપણા વિદ્યાર્થીઓ બિલકુલ ઘડાયેલાં નથી. આજે આપણી સમક્ષ છે તેનાથી જુદી જ જાતની તાલીમ અને ફરજ પ્રત્યેની - એકનિષ્ઠાની આપણે જરૂર પડશે. આજની શિક્ષણપદ્ધતિ સડેલી છે એ વાત હવે કહેવી પડે તેમ નથી રહી. પણ મને લાગે છે કે એટલું તો કહેવું જ જોઇએ, કે આજે આપણા વિદ્યાર્થીઓમાં શિસ્ત અને જવાબદારીની ભાવનાની મોટી ખોટ છે.'

ભૂખ અને ભીખ

બ્રાઝિલમાં એવો રિવાજ છે કે વધ્યુંઘટ્યું ખાવાનું એક પડીકામાં બાંધીને રાત પડે ત્યારે બારી બહાર મૂકી દેવાય છે. જે કોઈ ભૂખ્યું નીકળે તે એને ઉપાડી લ્યે છે. ભીખ માગવાની શરમમાંથી લોકો આ રીતે ઉગરી જાય છે.

કાળચક્ર

ઝવેરચંદ મેઘાણી

પ્રકરણ છઠ્ઠું

ચક્રનો પહેલો આંટો

એ જ શેઠ-નંદન સુમનચંદ્ર એક દિવસ પોતાના ગામ નજીકના સ્ટેશને એક પેટી અને બિસ્તર સાથે આવીને ઊભો રહ્યો.

એને વળાવવા આવેલા મોટા ટોળામાં માત્ર બે મનુષ્યો નહોતાઃ દાદા ગોપાળભા અને પિતા દલભાઈ. એ બેઉ થોડા મહિના પર માનવ-જીવનના છેલ્લામાં છેલ્લા સ્ટેશનની ટિકિટો કઢાવીને પ્રયાણ કરી ગયા હતા.

ટોળાના દિદાર પર ઝાંખપની રાખ વળી ગઈ હતી.

તેની વચ્ચે સુમનચંદ્ર ચળકતે ચહેરે પાન ચાવતો, તે સ્મિત કરતો ઊભો હતો. કેમ જાણે કરજદાર ખેડૂતને ઘેર જપ્તી કરવા ચાલ્યો હોય!

'મેં પડયો છે, મારે વાડીમાં કોસ ઝટ જોડાવી દેજો હો કે શવદાસ!' પોતાના આગલા ખેડૂતને એ સૂચના દેતો હતો, 'નીકર મેના પાણીની ગરમી પોપે-યાંને જોર કરવા નહિ ચાપે. ભૂલતા નહિ. અને ચોમાસું દેખીને વધુ પડતી જમીન વાવતા નહિ. નીકર પછી આજ મોટી બય ભરીને પાછળથી પરતાશો. આજ કૂવામાં પાણી ચડ્યા છે તે કાંઈ અશગેખ નખતરનાં નથી, કે ટકી રે.'

'પાછા કેદીક વળશો ભાઈ?' એક જણે પૂછ્યું. એની આંખો પલળતી હતી.

'જનમારો તો થોડો જ બેઠો રહીશ?' એટલું કહેતે કહેતે સુમનચંદ્રે હોઠ પર બે આંગળીઓ ગોઠ-વીને વચ્ચેથી પાનપટીના રાતાચોળ રસની પિચકારી ઉડાડી અને ગળું ખોંખારી ગોપારીના ચાવણને ગળા નીચે ઉતાર્યું.

'પણ આશરે?'

'અરે, ખોટા રૂપિયાની જેમ આવ્યો સમજો.'

એ પછી એણે સ્ત્રીઓના ઘેરા પાસે જઈ, હસી હસી કોઈનું શ્રીફળ લીધું ને કોઈના હાથનો કંકુ-ચાંદલો સ્વીકારવા કપાળ ધરી પોતાનું ઊંચું માથું નીચું કર્યું.

નીચે નમવાને કદી ન ટેવાયેલ એ મસ્તકની ઝૂકવાની છટા પર લોકો તાકયા વગર રહી શક્યા નહિ. એ છટામાં ડમરાળાનાં છેલ્લાં વીશ વર્ષોમાં ભાત્ય પાડનારી નવીનતા હતી.

ટચાક ટચાક ટચાકઃ ચાંદલો કરીને ચોખા ચોડનારી સ્ત્રીના હાથમાંથી, દુખણાં લેતાં ટચાકા ફૂટયા.

'અરે ભાભી!' સુમનચંદ્રે એ ચાંદલો કરનાર કુમારિકાની નજીક, નયનો લૂછતી એ કન્યાની વિધવા માતાને ઘણું નીચે નમી કહ્યું: 'તમે તો લપાઈને ઊભા છો! મારે કેટલી ભલામણ કરવી હતી! જુઓ, ઉતાવળાં થશો નહિ. હું ટબલીની વાત નહિ ભૂલું. અરે ભૂલ્યો-ટબલી કહેવાનો મહાવરો યાદ આવી ગયો. ટબલી નહિ, સુલોચનાદેવી ખરું ને ટબલી?'

કાકાના એ વિનોદ-વાક્યે ટબલી ઉર્ફે સુલોચના નામની, મુએલા પિતરાઈ ભાઈની યુવાન પુત્રીના ગાલ પર ગુલ પાથર્યા.

છેલ્લે છેલ્લે ચાર પાંચ ડોસલાઓ દૂર શરમાંદે મોયે ઊભા હતા તેની પાસે પોતે જઈ હાથ મિલાવ્યા.

'ભાઈ!' એક ડોસાએ નરમ સ્વરે કહ્યું: 'બધું અવળું બની ગયું, પણ અમે એમાં ન'તા હો! ખાતરી રાખજો. પારકાએ આવી વખ રેડયાં આપણામાં.'

'ઓલો મા, ઓલો મા રૂખડ દાદા.' સુમને ખૂબ દાંત કાઢીને ડોસાની પીઠ થાબડી; 'વખ તે વળી કેવાનાં! છૂટકો પતી ગયો આતો.'

'સૂરજ ડાડો સાખિયો છે શેઠ! ને આ મોંમાં હજી દાતણ નથી નાખ્યાં.' બીજાએ લાંબા હાથ કરી ઊગતો ભાણુ ડૂંગરાની ગાળીમાં દેખાડયો; ઊમેર્યું: 'અમારે દાયરે તો ઈ પાંચાળવાળાઓનાં ખોરડાં હારે કાલ અપ્યો લઈ લીધો. ને તારા ભગત જેવા બાપનું ઢીમ ઢાળી દેનારની તો હાકરે જ ઠીક દશા કરી.'

'એવું કશું સંભારવું નહિ વાજસૂર ભૈજી.'

પણ બીજાને જેની ના પાડી તે પોતાનાથી જ ન બની શકયું. એની દૃષ્ટિ દૂરથી પોતાનાં મકાનના એક ગોખ પર પડી.

હજુ પણ જાણે પિતા ત્યાં બેઠા બેઠા બંદૂક ચલાવી રહ્યા છે, ને બહારથી સનનાટ કરતી ગોળીઓની ઝીંકમાં નહાઇ રહ્યા છે.

ટ્રેન આવી, અને 'હાશ!' એવા શબ્દ સાથે ચાટી લીધેલ એ મેડીના કાળા કાટવળા ને રવેલ નિહાળી લીધા. ને એ બારી દીઠી, કે જ્યાં બેઠા બેઠા પિતા ડાકુઓ પર બંદૂક ચલાવતા ચલાવતા કાળની પિછોડીમાં લપેટાઈ ગયા હતા.

ગાય ખાધેલું વાગોળે તેમ સુમને ગઇ ગુજરી સંભારી:—

'એ જ પિતા દલભાઈ, જેણે ઝીણાં જંતુઓ અને ફૂંણાં ઘાસનું યે જતન કર્યું હતું, તેણે ઉંચટે બંદૂક ઉપાડી બંને ધારણ કરી હતી; અને પુત્રને પણ બીજી બંદૂક લેવરાવી હતી.

કાઠી ગીગોભાઈ દરેરાને લઈને આવ્યો હતો. શેઠની જમીનનાં વાવેતર અટકાવ્યાં હતાં. ગણ્યના તંત્ર પર નવા આવેલ ખાલણ કારભારીએ વણિકોનાં નિકંદનની નીતિ અખત્યાર કરી હતી. પડેલું જ નિશાન ગોપાળભાતા ઉમેદનનું તાકયું હતું. મહેસૂલ અને પોલીસખાતાના ઉપરીપદે પણ ખાલણોને બેસાર્યા હતા. ખાનગીમાં શપથ લીધા હતા કે વાણિયાને જેર કરવા છે. એ સંકલ્પની

ઉદ્દેશ એક જ હતો : દાદાને આબરુભેર સદાની વિદાય દેવી હતી. પછી પોતાને છટકી જવું હતું. રતનાને ઘેર કરેલી જમી ભુલાઈ નહોતી.

'શાબાશ!' માંદગીની પથારીએ પડેલું દાદાના કલેવરનું ખોખું જોર કરી બેઠું થયું હતું અને પૌત્રને કહેતું હતું : 'જેટલી સીલકે છે તે તમામ કોથળિયું ખાલી કરી નાખજે, બધાંનાં ગલોફાં રૂપિયે ઠાંસી દેજે. પણ વટ મેલતો નહિ.'

સીમમાં ગોળીબાર સંભળાતા, દાદા પૂછતા કે, 'શું છે આ બધુ?'

'રાજે મૂકેલા આપણા ચોકીઆતો છે.'

'હાંઉ ત્યારે.'

પણ આ છેતરપીંડી સુમનથી વધારે વાર ચાલુ રાખી શકાઈ નહોતી. એક રાતે ડેલીનાં મજબૂત કમાડ પર કુહાડા પડયા, ને ભરમ ભાંગી ગયો.

'મને મૂરખ બનાવછ ઓલા!' કહેતા દાદા ઊઠયા હતા. અને જીવનમાં પહેલી જ વાર પૂછયું હતું, 'ક્યાં ગયો ભગત?'

ભગત એટલે દીકરો દલભાઈ. પોતાની નિરાળી બંગલી પરથી દલભાઈ આવ્યા ત્યારે એના હાથમાં કંઈક હતું.

'ઓલા શું છે આ તારા હાથમાં?' પિતાએ ઓલવાતી આંખો પર સામટું જોર લાવીને નિહાળવા યત્ન કર્યો. પણ દૃષ્ટિમાં કંઈ આવ્યું નહોતું.

'કહો, કેમ તેડાવ્યો?'

'આ છોકરાને કહે.'

'શું કહું?'

'જમીનવાળાઓ હારે પતાવટ કરે.'

'પતાવટ શેની?'

'તેડાવો એ બધાને; ને આપણા ચોપડા દસ્તાવેજોનો આંહી ઢગલો કરો.'

'પછી?'

'દીવાસળી મેલો એ સૌના દેખતાં.'

'એ તો હું હમેશાં કહેતો આવ્યો છું.'

'બસ તો પછી તારુ કહેવુ કબૂલ.'

'પણ આજ એ નથી કહેતો.'

'ત્યારે શું કહે છે?'

'એ...આ કહું છું.' કહેતે કહેતે દલભાઈએ પોતાના હાથમા જે ચીજ હતી તે પિતાની નજીક આણી, એના પર પિતાનો હાથ ફેરવાવ્યો.

'હેં! તું! તું આ.....'પિતાનો સાદ ફાટી ગયો. 'તું બંદૂક લેછ! આજ ઊઠીને! ઠેકડી કરછ?'

દલભાઈએ હસીને કહ્યું : 'હવે પતાવટ! શેની પતાવટ? ડરીને? જીવની બીકે?'

'પણ છોકરો અંટાઈ જશે ક્યાંક.'

'તો ઘોળ્યો.'

બા અરધા બેઠા થઈ ગયા. પિતાપુત્ર વચ્ચે જવલ્લેજ બનતા વાર્તાલાપો માંહેનો આ એક હતો.

'ઓહો હો! આટલી બધી જ્ઞાનદૃષ્ટિ! ધર્માદો તો તુંજ કરતો.'

'હા, પણ બીકે નથી કર્યો ધર્માદો.'

'આજ સુધી પતાવવાનું કહેનારો પોતે જ ઊઠીને આજ આ શું બોલે છે?'

'તમારું લોહી બોલે છે. ઠાઈ કાયર નથી બોલતો.'

'ખરો ભગત! દીકરાનો બોકડો કરાવવો છે.'

'ના, ના, બોકડો નહિ, શાહુળો સિંહ. હવે ઊઠીને જો સુમન ખડ ખાશે તો જ બોકડો કહેવાશે. આજ સુધી હથિયાર બાંધીને ફરતો'તો, ભાડૂતી માણસોની ઓથે જીવતો'તો. અમલદારોને ઊભેગળે ખવરાવીને આબાદી રાખતો'તો. ને હવે પતાવટ કરશે? ડરીને? ભાનો કોઠો આ સહન કરશે? કોઠો લાજશે.'

ટ્રેન આવી, સુમનચંદ્ર ચડી ગયો, અને થોડા

દિવસોમાં બની ગયેલો ઘણો ઘણો ઈતિહાસ દિલમાં ફરી ફરી ઊકેલતો એક બેઠક પર બારી પાસે બેસી રહ્યો:—

બારીએ બેઠેલ પિતાની ને ડાકુઓની બંદૂકોની સામસામી તડાતડી ચાલતી હતી. સાધુપુરુષ દલભા ધીંગાણું કરે છે એ સમાચારે ગામની વસ્તીને પણ ચાનક ચડાવી હતી. પ્રભાત વખતે રાજની નહિ પણ એજન્સીની સરકારી પોલીસ આવી પહોંચી હતી. તેમણે આવીને શેઢની મેડી નીચે પડેલાં બે શબો ઓળખ્યાં હતાં. જેને એજન્સી શોધતી હતી તે બે ડાકુઓ ઢળી ગયા હતા. અને એમને બેઠને સુવારી દેનાર દલભાઇનું જખ્મી શરીર, એજન્સીના ઉચ્ચ-કાવ્યા દોડયા આવેલા રાજના અમલદારોની સમક્ષ મરણ વખતનું એવું નિવેદન કરી રહ્યું હતું કે કોઈ પણ કાયદાની અદાલતમાં એને માન્ય ન રાખે:—

'હું ઝીણી જીવાતનું પણ જતન કરનાર છું. નિષ્ક જેવી રાંક લોહીવાળી કોમનો માણસ છું. પણ જુવાનીમાં બંદૂકને જાણી છે, ખૂબ જાણી ને વી છે. અમારા પિતાનો ને પુત્રનો માર્ગ એ મારો માર્ગ નહોતો. હું વર્ષોથી જુદે પંથે પળેલો છું એક તરફથી ખેડૂતોને દબાવી બીજી તરફ અમલદારોથી દબાતાં ડરતાં ને એમની ખિદમત કરતાં જીવવાની નામરદાઇ મને પરવડતી નહોતી; પણ આ ડાકુઓથી કરી જઇ મારા પુત્રને દિચકારાપણાનો માર્ગ લેતો જોઉં તે પૂર્વે તો હું ફાંસી પર ખલાસ થઈ જવાનું પસંદ કરું. મેં તો જિંદગીને પેટ ભરીને માણી છે; મારે કોઇ અભળખા બાકી નથી રહી. હું તો મરું છું. મડાને વીજળીનો ભો હોય નહિ.

'ડાકુઓ એ મારે મન ડાકુ નથી. અણસમજુ છોકરાં છે. રાજ એનાં માવતર છે. માવતરે છોકરાંને સંભાળ્યાં, સાચવ્યાં કે માણસાઇને મારગે મૂક્યાં નહિ; કબુદ્ધિ આવું કરાવે છે. કમાવતર હોય તે આવી કુમત્યમાં છોકરાંને સડવા દે છે.

'અમે ગામડાંના શાવકારો છીએ. અમારો તો નરકવાસ એવડો ત્રેવડો છે. ચોપડા અમારી જેલો છે. એ જેલોમાં અમે ખેડૂતોને ને કાંટીઆં વરણને કબજે રાખ્યાં છે; આ નરકવાસમાંથી અમને તો છોડાવો. વાણિયાનાં છોકરાં તમને દુવા દેશે. આ વ્યાજખોરી અને ગીરો મંડવાની શાહુકારી એ તો ઈંદ્રના ધરતી અપ્સરાઓ છે. અમારાં તપને ચળાવે છે.

'પણ એ બધું બદમાશોના હાથ દાટીયી હું નહિ છોડું. જીવતો રહીશ તો બાકીના ચૌદનેય વીણી વીણીને ઠાર મારીશ. મેં ઘણી ઘણી રાત મેડે જાગતાં બેસીને ખેડૂતોનાં વાસેલાં ઘરનાં બારણાં ઉપર એની બંદૂકોના ઠબકારા સાંભળ્યા છે. 'ઉઘાડ નીકર બાળી દઉં છું' એવા શબ્દો સાંભળ્યા છે, બારણાં ઊઘડતાં સાંભળ્યાં છે, ઘરના ધણીઓને બહાર નીકળી ખાસડાં ઘસડતા રીમ તરફ ચાલ્યા જતા સાંભળ્યા છે. ઠેઠ સવારને પડોર નિરાંતે સૂઈ રહીને પછી એ ઘરોમાંથી દારૂ ગંધાતા કાઠીઓને બજારે નીકળતા જોયા છે. હવે એ નહિ જોઈ રહું. ને અમારા ચોપડાના પણ ખડકલો નહિ જોઈ રહું. એમાંથી એકેય બાબત નહિ જોઇ રહું. એ કાંટીઆઓને તો ગોળાએ દાબીશ ને ચોપડા ચૂલામાં ઓરીશ. બેય વાત કરીશ.'

પણ હવે વધુ કંઇ કરવાની એમને ઈશ્વરને ઘેરથી રજા નહોતી. પોતાની છેલ્લી ઘડી આવે તે પૂર્વે એણે પુત્રને કહ્યું: 'કહે ગદાને, ચોપડા કઢાવે.'

'અત્યારે!'

'પછી બુદ્ધિ ફરી જશે.'

ચોપડા આવ્યા. ઢગલો થયો.

'હવે મૂક તારે હાથે જ દીવાસળી.'

સુમનચંદ્રે આગ ચાંપી.

'બસ, જેગોપાળ સૌને.'

સુમન પાણીની ટોચલી લઇ પિતાનાં મોં પાસે દોડયો.

'ના, ના, મેં તો અન્નપાણીનો ત્યાગ કર્યો છે.' એમ કહીને એ હસ્યા, ને સુમનનો હાથ ઝાલી કહ્યું: 'ધરતી તો મા છે, એને ભોગવાય નહિ.'

એ શબ્દો અંતિમ હતા. બીજી કશી ભરભલામણ પિતાએ કરી નહિ.

થોડા દિવસે ગોપાળભાનો જીવ્યું દેહ પણ પડી ગયો.

બેઉના કારજ પર ઘણો મોટો મનખ્યો મળ્યો હતો. એમાં મુખ્ય આવનારા, જેમની જેમની જમીન શેઠને ઘેર મંડાણમાં હતી તે કાઠીઓ હતા. તેમણે સુમનચંદ્રના પગ પકડીને કહ્યું: 'અમારો વાંક નહોતો ભાઇ. જુવાનીઆ ને ખાટ સવાદીઆનાં જ આ કરતૂકો છે.'

'જેનાં હોય તેનાં. પણ આજથી તમારી જમીનોના તમે ધણી છો.'

'પણ હજી પાંચ પાંચ વરસ બાકી છે.'

'ના, અમે તો દસતાવેજોને બાળી દીધા છે.'

'ફરી ફરી આપીએ.'

'ના રે! માંડ નરકમાંથી નીકળ્યો છું.'

આશ્ચર્ય ફેલાઇ ગયું હતું. ત્યારે તો એક સુમનચંદ્રની અંદર માયલો સુમનચંદ્ર ન્યારો ને નિરાળો જ હતો!

હું તો મારા દાદાનું મોત ન બગડે એટલા માટે બેઠો હતો. એટલું ન થઇ શક્યું, દાદાને ઝમણા સોતા ન વળાવી શક્યો, બાકી તો એકે ય ઓગતો રહ્યો નથી.

ઘીની છલકતી વાટકીમાં હું ઝેર જોતો હતો સૂકા ટુકડામાં હવે સ્વાદ આવે છે.

કેવો મોકળો બન્યો!

પરંતુ આ રટણમાં ભંગ પડયો. ટ્રેનમા કોઇક બોલ્યું: 'હવે આવશે ખેરાળી.' એ શબ્દોએ સુમનચંદ્રને સજ્જ કર્યો. સસરાને તડ ને ફડ જવાબ દઇ દઉં, એટલે પછી સાવ છુટ્ટો...સાવ છુટ્ટો.

સ્ટેશને સસરાજી નહોતા. સાસુ પણ નહિ. સારું થયું.

ત્યાં તો ટ્રેનના પડવાડેના ડબામાંથી એક ટોકો આવ્યો: 'સુમનભાઇ!'

એ તરફ જ બેઠેલા સુમને નીચે નજર કરી. એક છોકરી, જેના હાથનાં કાડા પર રૂપાની સફેદ બંગડીઓ હતી, ને જેના કપાળમાં ચાંદલો નહોતો, ચણીઆ પર છૂટી ઓઢણી ઓઢેલી, હાથે પગે મેંદી હતી, ને લાગતી હતી સોળેક વર્ષની, જેને જોતા જ જાણ્યું કે લાગે છે મુસલમાન. અજાયબ બન્યો.

છોકરી હસતી હતી, તે પાછળ ફરી કોઇક બીજી છોકરીને કહેતી હતી: 'બોલ તો ખરી, શું કહેવું છે?'

એ પાછળ ઊભેલી બીજી છોકરીએ આડબાજુએ જોઇને સાડીના પાલવની કોર મોંમાં પકડી હતી. એ આ તરફ જોતી નહોતી.

ટ્રેનનું એન્જીન પાણી લેતુ હતુ. ખેરાળી વોટરિંગ સ્ટેશન હતું.

સુમનચંદ્રે વિસ્મય પામી પૂછ્યું: 'કોણ છો તમે?'

'હું તો મનને ગમે તે હોઉં, આ ઊભી છે તેની ઓળખાણ પુછોને!' એમ કહીને એ મુસલમાન જેવી જણાતી બેહુ છોકરીએ ફરી પાછળ જોયું ને કહ્યું: 'બોલને લે, શું કેવું છે તારે!'

એ પાછલી છોકરીએ લગાર સુમનચંદ્ર તરફ જોયું ને કંઇક હોઠ ફફડાવ્યા, એટલે આગલી બેહૂત છોકરીએ દુભાષીઆ તરીકે સુમનને કહ્યું: 'કહે છે, કે આવડા બધા લોંઠકા છો, તીમાં એક છોકરી માથે શુ રોફ કરો રહ્યા છો?'

સુમનચંદ્રના મોમાથી જવાબ નીકળે તે પહેલાં તો એન્જીનના મોમાંથી 'ફો.....ઓ...ઓં...ઓં' એવા કારમા અવાજે સ્ટીમ છૂટી. સુમનના હોઠના ખાલી ફફડાટ જોઇ ચેતી હિંદુ છોકરી આડું જોઇ હસી પડી. ને મુસ્લીમ છોકરી ઓઠાંસાં પાડી કશુક મશ્કરી રૂપે કહેતી રહી. (ચાલુ)

એક ભૂલાએલા અને ઉવેખાએલા શ્રમજીવી વર્ગની સંશોધન કથા :

મુંબઈના ઘાટીઓ

જ્યોત્સ્ના ખડેરીઆ

[ટાટા ઈન્સ્ટીટ્યુટ ઑફ સોશ્યલ સાયન્સીઝ, મુંબઈના ઉત્તર-સ્નાતક -Post-graduate-અભ્યાસ માટે લેખિકાએ "Life and Labour Domestic servants in Bombay" એ વિષય પર સંશોધન કરીને thesis લખેલી તેનો નીચે સારાંશ આપ્યો છે.]

ઘાટી તો મુંબઈ શહેરની સાર્વત્રિક નજરે પડતી બહુ પરિચિત વ્યક્તિ છે. દરેક માળાની ઓરડીએ ઓરડીએ વાસણ માંજતો કે પાણી ભરતો એ તમને સામો મળવાનો, રેશનની દુકાને કે અનાજ દળવાની ચક્કીએ પણ એનો ચોક્કસ ભેટો થવાનો. સંધ્યાકાળે તમે લટાર મારવા નીકળો ત્યારે ય એકાદ બાળકને હાથમાં લઈને એ ફેરવવા નીકળ્યો જ હશે. ઘાટી એ મુંબઈના દૈનિક ગૃહ-જીવનમાં વણાઇ ગયેલી એવી સામાન્ય વ્યક્તિ છે કે મોટા ભાગના ઘાટીઓનું વિશેષ નામ જ ભૂલાઈ ગયું હોય છે, "રામો" એ આખા વર્ગની દરેક વ્યક્તિને લાગુ પડતું સામાન્ય નામ થઈ ગયું છે. "રામાઓ" ન હોય તો મુંબઇનું આખું ગૃહ-જીવન અસ્તવ્યસ્ત થઇ જાય ને મુંબઇની મહિલાઓ મહા મુંઝવણમાં આવી પડે.

પસંદગી શા માટે કરી

મારા સંશોધન માટે આ વિષય કેમ પસંદ કર્યો તે કહું. સંખ્યાની દૃષ્ટિએ ઘરના નોકરો મુંબઈના કુલ શ્રમજીવી વર્ગના લગભગ ૭ ટકા જેટલા છે. ૧૯૩૧ના આંકડા પ્રમાણે મુંબઇનો કુલ કામ કરનારો વર્ગ (total working populalion) ૫૧૧,૨૧૬ પુરુષો અને ૫૪,૮૮૭ સ્ત્રીઓ મળી કુલ ૫૬૬,૧૦૩ માણસો છે. એમાંથી ઘરના નોકરોની સંખ્યા ૩૪,૧૧૭ પુરુષો અને ૬,૧૮૦ સ્ત્રીઓ મળી કુલ ૪૦,૨૯૭ છે. આમ શ્રમજીવી વર્ગનો એક અગત્યનો ભાગ હોવા છતાં સંગઠનના અભાવે ઘરના નોકરો પ્રત્યે અભ્યાસીઓનું, જનતાનું કે સરકારનું ધ્યાન દોરાયું જ નથી. મીલમાં કામ કરતો મજુરવર્ગ, રેલ્વે, ટપાલ અને વાહનવ્યવહારમાં ને દુકાનોમાં કામ કરતા વર્ગનો અભ્યાસ પણ થયો છે. અને સંગઠનને લીધે હડતાલ વીગેરે સાધનો દ્વારા પોતાની સ્થિતિ સુધારવા તે જનતાનું અને સરકારનું ધ્યાન દોરી શક્યો છે. પણ ઘરના નોકરોની સ્થિતિ વિષે વૈજ્ઞાનિક રીતે સંશોધન થયું જ નથી, અને એ ધંધાની ખરી સ્થિતિ જાહેરમાં આવી જ નથી. આમ ઘરના નોકરો એક essential utility service હોવાં છતાં એક અજ્ઞાત અને શોષિત ધંધો જ રહ્યો છે; એમના જીવન અને સ્થિતિનો અભ્યાસ કરીને ખરી પરિસ્થિતિ પર પ્રકાશ પાડવો એ આ વિષય લેવાનો મારો મુખ્ય આશય હતો.

બીજા યુદ્ધ દરમ્યાન મોંઘવારી અને બીજી વસ્તુઓની અછત સાથે મુંબઈમાં ઘાટીઓની પણ અછત થઇ પડી હતી. મોં માગ્યો પગાર આપ્યા છતાં નવો ઘાટી મેળવવો કે જૂનો ટકાવી રાખવો એ મુશ્કેલ કામ હતું. ઘાટી ન હોવાની ફરિયાદ અને શોધી આપવાની ભલામણ એ તો સ્ત્રીઓ જ્યારે કૌટુંબિક કે સામાજિક કારણે સાથે મળે ત્યારે ચર્ચાનો સામાન્ય વિષય બની ગયો હતો. કયાં કારણોને લીધે આ સ્થિતિ ઊભી થઈ છે એ જાણવાની જીજ્ઞાસાએ મને ઘાટીઓના જીવન અને એમની હાલત પ્રત્યે આકર્ષી.

સંશોધનની રીત

સંશોધનની રીત વિષે કાંઈક કહું. તો અસ્થાને નથી. એમના જીવનમાં એકે એક પાસાંનો અભ્યાસ કરવાનો હોવાથી મારે પ્રત્યક્ષ રીતે એમની મુલાકાત લઇને એમના જીવનના બધા પાસાંઓની ઝીણવટ

ભરી તલાશ કરવાની હતી. પુસ્તકો કે બીજાં લખાણોમાંથી એ માહિતી ઉતારી શકાય તેમ નહોતી. આને માટે સંબંધ ધરાવતા બધા પ્રશ્નોને સમાવી લેતી એક પ્રશ્નાવલિ (Questionaire) છપાવીને તૈયાર કરી હતી અને આ ફોર્મ લઇને એક એક ઘાટીને મળી, એના જીવનની માહિતી એમાં લઈ લેવાની હતી. આંકડાશાસ્ત્રના Random Sampling 'ના સિદ્ધાંત મુજબ એટલે કે કશા પણ પક્ષપાત વિનાની પસંદગી થી મેં છપ ઘાટીઓની આ રીતે મુલાકાત લીધી હતી ને એકઠી કરેલી માહિતીને પછી વર્ગીકરણ અને પૃથક્કરણ કરી એના પરથી મારા અનુમાનો બાંધ્યા હતાં.

પણ આ માહિતી મેળવવાનું કામ જરાય સહેલું ન હતું. ઘાટીઓને પોતાના ઘર જેવું કાંઈ હોતું નથી એટલે એને મળવા માટે એ કામ કરતો હોય ત્યાં એને પકડવા પહેલાં તો એના શેઠને મારે મળવું પડતું. મારી ફાઈલ અને ફોર્મ જોઈને થયેલી "શેઠ" અને "બાઈ" ની પૃચ્છાને સંતોષું અને તે મને પરવાનગી આપે એ પહેલું પગલું. એ પછી પણ "રામા" ને સમજાવવું મુશ્કેલ હતું કે આવા સંશોધનની શી ઉપયોગિતા, કદાચ એ મારા સવાલોના જવાબ આપવા તૈયાર થાય તો પણ મારા સવાલોના જવાબ આપવા જેટલી એને ફુરસદ ક્યાં હતી? ઘણીવાર "બાઇ" તરફથી જ જવાબ મળી જતો "ગમલા વેળ નાહીં," ઘણીવાર શેઠની પરવાનગી મેળવ્યા પછી ને "રામા" ને પણ મનાવી લીધા પછી પણ, એના અંગત જીવનને લગતા મારા પ્રશ્નોથી છેડાઈને એ વચમાંજ ઊઠીને ચાલ્યો જતો, ને પછી એને સમજાવવો અશક્ય હતું. આ રીતે છપ મુલાકાત પૂરી કરતાં જ મારી હિંમત, ધીરજ અને સહનશક્તિની સારી કસોટી થઈ.

હવે આપણે મારી તપાસનાં પરિણામો પર આવીએ.

મુંબઈના નોકરોનો તો મોટો ભાગ મુંબઈની દક્ષિણે, ઘાટ અને અરબી સમુદ્ર વચ્ચે આવેલા કોંકણ પ્રદેશમાંથી આવે છે. તપાસ કરેલા ઘાટીઓમાંના ૭૨ ટકાનું વતન કોંકણ–ખાસ કરીને રત્નાગીરી અને કોલાબા જીલ્લાના ગામડાઓ–હતું. આ સિવાય ૧૦ % ગુજરાતના, ૪ % થાણાના. ૪ % ગોવાના, ૩ % ત્રાવણકોરના, ૪ % કાઠિયાવાડના, .૧ % કચ્છનો, ૧ % હૈદ્રાબાદ સ્ટેટનો અને ૧ % યુ. પી. નો હતો.

વતન છોડવાનું કારણ

કયાં કારણોને લઈને ઘરના રામાઓ પોતાનું વતન છોડી મુંબઇ આવે છે એ જાણવા માટે રસિક બીના છે. તપાસ કરેલા દરેકને પોતાના વતનમાં ખેતી અને જમીન સાથે ઓછોવત્તો સંબંધ હોય છે જ. પણ હિન્દુ વારસા પદ્ધતિને લીધે જમીનના ભાગલા થઇ ગયા હોય છે અને ખેતી સિવાય જીવનનિર્વાહનું બીજું સાધન ન હોવાથી કુટુંબના બધા માણસો ખેતી પર નભી શકતાં નથી, તેમજ ખેતી સિવાયના ગૌણ ઉદ્યોગો (Subsidiary industries) પણ એકે નથી એટલે ચોમાસાની પાકની મોસમ સિવાય બાકીના બધા મહિના નવરા બની રહેવું પડે છે, એટલે મજુરી શોધવા તેઓ શહેરનો રસ્તો લે છે. શાહુકારનું કરજ પણ એને ગામડું છોડવામા મોટો ભાગ ભજવે છે, વ્યાજ અને તેનું વ્યાજ ભારી શકવાને અસમર્થ ખેડૂત કમાણી કરી કરજ ફીટાડવા શહેરમાં જાય છે. જમીન ન હોઇ ખેતીની મજુરી પર નભતા વિશાળ વર્ગની પણ આજ સ્થિતિ હોય છે.

માત્ર ઉપર દર્શાવેલાં આર્થિક કારણો જ ઘાટીઓને શહેરમાં લાવવા માટે જવાબદાર નથી. કૌટુંબિક અને સામાજિક વિટંબણાઓ પણ આને માટે ઘણે અંશે જવાબદાર છે. કૌટુંબિક જીવનના ઝઘડા અને કલેશ, ભાઈઓ વચ્ચે ભાગ પાડતાં થતા કંકાસ, પત્ની અને બાળકો સાથે અણમનાવ, એકાદ નાનો એવો ગુન્હો કરી સજામાંથી છટકી જવાની ઇચ્છા વગેરે કારણો પણ આની પાછળ હોય છે.

મુંબઇ જેવાં ઔદ્યોગિક શહેરમાં મળતી અનેક પ્રકારની નોકરીઓ અને રોકડા રૂપિયાનો પગાર એને અબધ ગામડિયાને માટે અનેકે આકર્ષણ હોય

છે. એકાદવાર મુંબઇ વસી ગયેલો કોઇ ભેરુબંધ શહેરનાં પાંચ માળનાં મકાનો, વિજળીના દીવા, વગર એંજીને દોડતી ગાડીઓ, સીનેમા અને હોટેલોની વાત કરે છે ને આ અલબેલી મુંબઈ નગરીના ઝગમગાટથી આકર્ષાઇને પણ ઘણીવાર આપણો રામો પોતાના ગામને અને કુટુંબને સલામ ભરે છે.

એક બીજી વાત પણ સૂચક છે. મોટાં ભાગના ઘાટીઓ એમની વીશી પૂરી થયા પહેલાં જ મુંબઇમાં આવી ચડે છે. શહેરમાં આવતી વખતની એમની સરેરાશ ઉમર ૧૪ વર્ષની છે. આ ઉમરે ('teen Age) છોકરાઓમાં સાહસની, નવું જોવાની, જાણવાની ને કંઇક કરવાની જે ઉત્કંઠા હોય છે એ સ્વાભાવિક વૃત્તિ પણ એમને શહેરમાં ખેંચી લાવવામાં ભાગ ભજવે છે.

મેં તપાસેલા ઘાટીઓમાંના ત્રણ જ એવા હતા કે જેમનાં પત્ની અને બાળકો મુંબઇમાં હોય, બાકીના એટલે કે ૯૭ ટકા કુટુંબને ગામડામાં જ છોડીને આવે છે. જમીન સાથેના સંબંધ, મુંબઈમાં ઘરોની સંકડામણ અને ટુંક પગાર એમને કુટુંબ શહેરમાં લાવતાં રોકે છે. એકવાર શહેરમાં આવે છે એટલે પછી જીવનભર એ શહેરમાં ઘાટી તરીકે જ રહે છે ને એનું કુટુંબ દેશમાં જ રહે છે, વર્ષે–દોઢ વર્ષે એક આંટો દેશમાં મારી આવે એટલા પુરતો જ એને કુટુંબ સાથે સંબંધ રહે છે. આ કૃત્રિમ પરિસ્થિતિને લીધે ૩૪% જેટલા યોગ્ય વયના ઘાટીઓ અપરિણિત જ હતા. આમ જીવનભરનો કુટુંબ સાથેનો વિયોગ એ આપણા રામાના જીવનની અને એના કુટુંબના જીવનની મોટી કરુણતા છે. ઘર, પત્ની અને બાળકોની હુંફ અને સ્થિરતા જીવનમાં ન હોઈ તે શહેરનાં અનિષ્ટ પ્રલોભનોથી આકર્ષાય એમાં કાંઈ નવાઈ જેવું નથી.

જમીન અને ખેતી સંભાળનાર ગામડામાં કોઇ ન હોય એવા ઘાટીઓ ઘણીવાર આખી ચોમાસાની ઋતુ ગામડામાં રહે છે ને પાકની મોસમ પૂરી થયે પાછા મુંબઈ આવે છે પણ ઘરઘાટીઓ કે જે એકજ ઘરની કાયમી નોકરી કરતા હોય છે તે તો કુટુંબમાં લગ્ન કે મરણ જેવા પ્રસંગે જ ઘેર જાય છે.

મુંબઈમાં કુટુંબ ન હોવાને કારણે ઘાટીને સ્વતંત્ર ઘર જ નથી હોતું. ચાલીઓમાં, અગાસી પર, દાદરના ખૂણા પર કે દાદર નીચેના પોલાણમાં તે રાત્રે સૂઇ રહે છે, અને દિવસભર જ્યાં કામ કરતો હોય છે ત્યાંજ રહે છે, ઘણીવાર દસ પંદર રામાઓ સાથે મળીને આઠ આઠ આના ભાડુ આપીને ભોંયતળીયાની એક ખોલી રાખે છે. જ્યાં તે અઠવાડિયામાં એકાદ બે વાર આંટો મારી આવે છે. બધા સાથે મળી એકબીજાના ખબર અંતર પૂછે છે ને ગામડાના સમાચાર જાણે છે. નોકરી છુટી જાય ત્યારે કે મોડે સાંજે આ ખોલી જ તેનો આશ્રય હોય છે.

નોકરીની સ્થિતિ

હવે આપણે ઘાટીઓની નોકરીની સ્થિતિ કેવી હોય છે તે જોઇએ. ઘરઘાટીઓએ માત્ર એકજ ઘરનું પણ ઝીણું મોટું બધુ કામ કરવાનું હોય છે. વાસણ, પાણી, કપડાં, સાફસૂફી, બજારની ખરીદી વગેરે અનેક કામ તે કરે છે જે સવારના પાંચથી રાતના અગિયાર સુધી ચાલ્યા જ કરે છે. છુટ્ટા ઘાટી અમુક સમયે આવી નક્કી કરેલું કામ કરીને જ ચાલ્યો જાય છે, પણ તે બે ચાર ઘર એક સાથે કામ કરતો હોવાથી તેનું પ કામ તો એટલું જ હોય છે. ચાલીઓવાળા માળામાં છુટ્ટા ઘાટીઓ હોય છે જ્યારે બ્લોક પદ્ધતિવાળા મધ્યમવર્ગનાં ઘરોમાં ઘરઘાટી હોય છે.

કામના કલાકોની દૃષ્ટિથી જોતાં કશું નિયન્ત્રણ જ નથી હોતું. સવારના પાંચથી રાતના અગિયાર સુધી ઘરનું કામ ચાલ્યા જ કરે છે, બપોરના એકાદ બે કલાક જો કે ફુરસદના મળતા હશે પણ આ સ્વતંત્ર સમય તો નજ કહેવાય. ગમે ત્યારે કામ બતાવવામાં આવે, તેણે તૈયાર જ રહેવું પડે છે. ઉદ્યોગના મજદૂરો જ્યારે નવને બદલે આઠ કલાકની માગણી કરી રહ્યા છે ને અમુક ઉદ્યોગોએ તે સ્વીકાર્યા પણ છે ત્યારે મુંબઈના "રામાઓ" ૧૪ થી ૧૫ કલાક કામ કરે છે, એ પછીનો સમય પણ છુટીનો તો નથી જ ગણાતો; કારણ તેણે હાજર તો રહેવું જ પડે છે. આટલા લાંબા કલાકોને પરિણામે તેને શારીરિક કે માનસિક તાજગી (recreation) મેળવવાનો અવકાશ જ નથી રહેતો. કારખાનાંના મજૂરો

[અનુસંધાન પાનું ૪૫૨ પર]

ટાંચણ પોથીનાં વધુ પાનાં : [હપ્તો પાંચમો]

બહારવટિયો રાયદે

ઝવેરચંદ મેઘાણી

ગતાંકે જણાવ્યા મુજબ રાયદે બહારવટિયાનું આ વૃત્ત, સત્તર વર્ષે સાંગોપાંગ પ્રાપ્ત થયું જેથી મૂક્યું છે, એમાં બહારવટાંની ઉજળી બાજુ છે. અને નથી. પ્રસંગો રોમાંચક છે તથાપિ અનેક બહારવટિયાનાં વૃત્તોમાં પેસી ગયા હોઈ રૂઢિગત લાગે છે. ઝાઝો કાળ થયો એટલે આમાં જવાંમર્દીના વરખ પણ ચડ્યા હશે. પણ એક અણદીઠ પ્રદેશની પ્રજાનો, તેની ભાષાનો, અને તેના જીવનપ્રશ્નોનો પરિચય મળે છે તે માટે આ ચરિત્ર અત્રે ઉતાર્યું છે.

કાઠિયાવાડમાં જામનગર તાબે તુંબેલ શાખાના ચારણોનાં ચોવીસ ગામ છે. માડી એમાંનું એક છે. માડી ગામને પાદર સાની નામે નદી છે. ગામ ફરતા ચાર જૂના કોટ ને ગઢ છે.

માડી ગામમાં તુંબેલોનાં બે કુટુંબો રહે. એક બૂચડ, ને બીજા ગામણા. ચારણ જેસો બૂચડ હતો. એની દીકરીને ગામણાઓના ઘરમાં દીધી હતી. દીકરાનું નામ ભાયો.

ભાઈ ભાયાને એક વાર સાસરવાસી બહેન મળી ગઈ, અને કહ્યું કે 'મુકે હી ગામણા દુઃખ દિયેતા. (મને આ ગામણા દુઃખ દે છે.)

ભાઈ ભાયો કહે, 'આંકે હીન ઘડી પેકે કોકણ લાઇ છડતિ. (હું આજ ઘડીએ બાપુને તને તેડવા મોકલું છું.)

દીકરે જઇ બાપને કહ્યું 'આંઇ વીંજો, બાઇ કે કોડીચો. (તમે જાવ, બેનને તેડી લાવો.)

બાપ જેસોઃ—છડીદા ના તો કો કરીન્દા ? (એ લોકો નહિ મોકલે તો શું કરશું ?)

ભાયોઃ—નારીન્દાસું (જોશું.)

તેડવા ગયેલ જેસાને ગામણાઓએ જવાબ વાળ્યોઃ 'અસીકે હિતે કમ આય. જો આંમજી ધી કે કોડી વીંજો તો હી મેયું કેર મીડે ? તે લાઇ છડીંદા ના.' (અમારે અહીં કામ છે. જો તમારી દીકરીને તેડી જાવ તો આ ભેસોને કોણ મેળે ? અર્થાત દોવે, દહીં છાશ કરે ? માટે નહિ મોકલીએ.)

જેસાએ ઘેર આવી પુત્રને કહ્યું. 'તેં તો હી ઘોરેમેં ધૂર ઉખાઈ ને !' (તેં તો મારાં ઘોળાંમાં ધૂળ નખાવીને ?)

ભાયોઃ—'કો ? (શું ?)

'બાઈ કે છડ્યા ના, ને મુકે પણ જીં તીં કુછ્યા. (બાઇને મોકલી નહિ ને મને પણ જેમ તેમ બોલી ગયા.)

દીકરો તે ટાણે ભેંસ દોતો હતો. તે તાંબડી ફેંકી દઈ, તરવાર લઇ ગામણાને ઘેર પહોંચ્યો ને હાકલ મારી ; 'ભેણુ, હલ, મોર થી, અને કેર ના ચીયેતો ? કીન્જી કમેરોટી મયે બો મયા ઇન ! (હાલ બેન, આગળ થઈ જા. કોણ ના કહે છે ? કોની ગરદન પર બે માથાં છે ?)

'જિનજે મયેમેં રાઈ હુઇ હી હલો આડા ફીરણુ, (જેના માથામાં ગાઇ હોય તે ચાલો આડા ફરવા.)'

ભેંસો દોતા દોતા છ ગામણા ભાઇઓ પણ

હથિયારો લઇ ઊઠયા. પણ ભાયાએ પડકાર્યા, તેઓ ઘરમાં ઘૂસવા ગયા. ભાયાએ એકને ફળીમાં, બીજાને ઓસરીમાં, ત્રીજાને ચૂલા પાસે ઠાર માર્યા. ત્રણ ભાગી ગયા. ભાયો બેનને તેડી ઘેર આવ્યો. એ ત્રણે મરનારાઓની ખાંભીઓ માડીમાં છે. બે ફળીમાં ને એક ચૂલા પાસે.

પછી બાપ દીકરે ગામ છોડયું, બાપ મુઓ, ભાયાએ ગામણાઓને દંડ ભરી માફી માગી, કસુંબો પાયો. દગો ન કરવા બન્ને પક્ષે માતાજીના સોગંદ લીધા. ભાયો પાછો માડીમાં આવીને રહ્યો.

ચાલો જમવા

એક દિવસ ભાયો પોતાના નેસમાં ખાતો હતો. તે ટાણે ગામમાં રહેતા જામ શાખના ચારણો માંહેલો દેવો જામ આવ્યો. ભાયાએ કહ્યું :

'અચો અચો. હલ્યા હલ્યા. કોચી કોચી માની, ને ખીર, ને ગુણગાર વારી ચટણી અય વઇ વીનો ખેંચ્યુઇ. (આવો આવો. હાલો હાલો. ગરમ ગરમ રોટલો ને દૂધ, ને લસણવાળી ચટણી છે. આવી જાઓ ખાવા.)

દેવો જામ કહે : 'આંઉ હીન ઘડી માની ખઇ સિરાઈ ને અચાંતો. (હું હમણાં જ રોટલા ખાઈ શિરાવીને જ આવું છું.)

ખાઈ કરીને દેવા જામ પાસે બેસી ભાયાને પૂછ્યું: 'કીં આવ્યા, કીં કમ આય ?' (કેમ આવ્યા ? શું કામ છે ?)

દેવો કહે, 'હી આંઈજી તરાર ડિયો તો આંઉ હકડી બંદૂક ડિયાં.' (તમારી આ તરવાર મને આપો તો હું એક બંદૂક દઉં.)

ભાયાએ જવાબ વાળ્યો: 'દેવા, હણે તો કુ આંઉ કો ચાં ? ખાયડીજાં મંગો ઉખેતો ! સરમાઇદો નાંઈ ! બંધૂક તો છોકરીઉં રખે, અને ભાયડાં તરાર રખે. તું બો બો બંધૂક રખેતો. નાહક ભાર ઉપાડી ઉપાડી મરી રીન્દો. બો બંધૂક તું વટે ઇન ને કીંધ નાંઈ કરી સકયો, હી તરારસે કો કરીન્દો ! અને પુંજી તરાર તો બાર મથ્યા ગિની વઇ, અને બિયા બાર જિન્દી.'

(દેવા ! હવે તું ખાયડીનાં માથાં કરછ તે શરમાતો નથી ? બંદૂક તો છોકરીઓ રાખે, મરદ તો તરવાર રાખે. તું બબે બંદૂકો રાખે છે ને નાહક ભાર ઉપાડી મરી જઈશ. તારી પાસે બે બંદૂકો છતાં તું કાંઇ ન કરી શકયો, તો તરવારથી શું કરીશ ? ને મારી તરવાર તો બાર માથાં લઇ ચૂકી છે, બીજાં બાર લેવાની છે.')

દેવો કહે, 'છપર વીંજું હુતે કમ અય. આંઈ હલો તો ઉતે વીનીચું' (હું છપર ગામ જાઉંછું. કામ છે. તમે પણ સાથે ચાલો.)

ભોળો ભાયો પોતાની તરવાર લઈ દેવા સાથે ચાલ્યો. માડીથી દક્ષિણદા થોડે ગયા ત્યાં દેવાએ પાછળ રહી જઇ ભાયાને બંદૂક ઠાર કર્યો. સંવત ૧૯૨૯. ત્યાં આજે ભાયાની ખાંભી છે.

માની મનોવ્યથા

ભાયાની તરવાર લઈ દેવો ગામણાઓ પાસે આવ્યો. ગામણાઓએ જ એને આ કૃત્ય સોંપ્યું હતું. બદલામાં એને એક સાંતીની જમીન ને હજાર કોરી ઈનામ દીધી. ભાયાની જમીન પિત્રાઇએ લઇ લીધી.

મરનાર ભાયાના ઘરમાં રાજબાઈ નામે કચ્છની ચારણી હતી. એને દેવી કામઇ સરમાં આવતાં તે સતી થાત, પણ બે દીકરી ને એક દીકરો હતાં તેને મોટાં કરવા પોતે દેહ રાખ્યો.

રાજબાઈનો દીકરો રાયદે પંદર વરસનો થયો. કામકાજ કરે નહિ. મેંસો ચારવા જાય તો ઠપકા ઘેર લાવે. પરણાવેલા પુત્રને એક દિવસ રાજબાઇએ કહ્યું, 'પુતર, તોફાન મ કર. હી ગોઠમેં પાણ્જે કોઇ નાય. ને હી જામજો ને ગામણે જો જોર અય. પાણ મથે હીનજાં વેર અય. તો પાણને ધ્યાને રખણો ખપે. ને હી નાર હણે હી જામ વાધોરેતા. કમ કજ કરીન્દો ના તો ખેન્દો કો !' (તોફાન કર નહિ. આ ગામમાં આપણું કોઇ નથી. જામ તેમજ ગામણા ચારણોને આપણે માથે વેર છે. તો ધ્યાન રાખવું ઘટે, ને જો, જામ લોકો તો મારી નાખવાની ધમકી પણ મોકલે છે. કામ નહિ કર તો ખાઇશ શું ?)

રાયદે કહે, 'નારીજ મા! આંઉ થોડા ડી મેં હકડી ગુણ કુરીયું જી ગિતી અચીન્દો, પોય વેહાં વેહાં ખેન્દા રું. પોય કો?'

(જોજે મા, હું થોડા દિવસોમાં એક કોયળો કોરીઓનો ઉપાડી લાવીશ, પછી આપણે બેઠા બેઠા ખાશું. પછી શું છે?)

વિરોધીઓનાં મેણાં

રાયદેએ એક ટોળી કરી પીપરડી ગામ ભાંગ્યું. પકડાયો. જામનગર રાજની સજા પડી. જેલમાં ગયો. બેચાર વર્ષે છૂટીને ઘેર આવ્યો ત્યારે એને ખબર પડી કે પોતાની પરણેલી ઓરત ભુધીબાઇને દેવા જામ ચારણે ખજુરીઆના ચારણ ગાંગા મજ વેરે પરણાવી દીધી છે.

રાયદેનું હૃદય ધમપછાડા કરવા લાગ્યું: 'હાય હાય, કો કરિયાં! હણે જામ કે કૂંકી ડિયાં, કે ઘૂમી ડિયાં!'

માએ સમજાવ્યો: 'નાર રાયદે, હણે તું કીંય પણ કરીન્દો તો આંઉ મથો પછાડી મરી વિન્દી.' (હવે તું કાંઇ પણ કરીશ તો હું માથું પછાડી મરીશ.)

મા રોવા લાગી, એટલે રાયદેએ કહ્યું, 'મ રો! આંઉ કીંય ના કરીન્દો.'

ડોશીનો દેહ છે ત્યાં સુધી શાંતિ રાખવી એવું વિચારીને રાયદે શાંત બેઠો રહ્યો. પણ ચોરે ગયો ત્યાં ગામણા તેમજ જામ ચારણો એને મેણાં મારવા ને ગાળો દેવા લાગ્યા. બોલાચાલીમાં દેવા જામે કહ્યું એકવાર, કે 'હી ચોરો તોજા ચેલે નાંય. ભજી વીન. નીકર મારી ઉખીન્દો. હકડી દારૂજી ચપટીજો ખરચ આય, જીતરો તોજા પેજે લાઇ ખપ્યો હીતરો તો લાઇ અપનો.'

(ભાગીજા. નહિતર મારી નાખીશ. ચપટી દારૂનો જ ખરચ છે. જેટલો દારૂ તારા બાપને મારવામાં જોયો હતો તેટલો જ તને મારવામાં જોશે.)

રાયદે કહે, 'આંય મારીન્દા ને બીઆ માડુ કે હથ ન હુન્દા કીં?'

(તમે મારશો તો બીજા માણસને હાથ નહિ હોય કેમ?)

દેવો જામ કહે: 'હથ હોય તો ગીન હી બંદૂક ને નીકર મું મથે બાર વટે.'

(હાથ હોય તો લે આ બંદૂક ને નીકળ મારા પર બહારવટે)

×

દીકરાને વિદાય

આ તકરાર બીજાઓએ ઓલવી, પણ રાયદે વિચારી રહ્યો કે શું કરું? કાંઇ કરીશ તો મા મારી ઝૂરી ઝૂરીને મરશે. એમ વિચારી ગમ ખાઈ રહ્યા. પણ એકવાર ચોરે હજામત કરાવવા બેઠેલો ત્યાં એનું અપમાન થતાં, અરધી હજામતે એને ઉઠાડી મૂકતાં એણે ઘેર આવીને માને કહ્યું.

'મા, હણે મુકે રજા ડિયો. મુસે હી સેન નાઇ થિન્દો. ને જો હજામ ડિન્દી તો આંઉ મથો પછાડી મરી વીન્દો.'

(મા, હવે મારાથી સહન નથી થતું. હવે મને રજા નહિ દે તો હું માથું પટકીને મરીશ.)

આ સાંભળ્યા પછી રાજબાઇના શરીરમાં આઇ કામઇ આવ્યાં. પોતે ધૂણ્યાં. પુત્રનો વાંસો થાબડયો. 'વીંજ બેટા. રજા ડિયાંતી. પણ ધ્યાન રાખીજ. મુંજી કૂંખ લજાઇજ મા. ને માતાજી તોજી રક્ષા કરે. વીંજ, લોઢેજા કમાડજો રીન્દો. આશિષ દિયાંતી.'

(જા બેટા, પણ ધ્યાન રાખજે, મારી કૂંખ લજાવીશ નહિ. જા, માતાજી તારી રક્ષા કરે. ને તું લોઢાનાં કમાડ જેવો રહીશ. આશિષો દઉં છું.' પણ કુંવારી જાન ન લૂંટજે, જે ગામ ભાંગ તેનું દૂધ ન ખાજે, મીઠામાં હાથે પડે તે ગામની લૂંટ મૂકી દેજે.)

બેટાને છાતીએ લીધો ત્યારે રાયદેએ પગે લાગી, રડતાં રડતાં ભાંગ્યા તૂટયા શબ્દો કહ્યા: 'મા, માફ કરીજ. આંઉ કીં પણ આંયજી સેવા કરી નાંઇ સકયો. (મા માફ કરજે. હું તારી કાંઇ પણ સેવા કરી ન શક્યો.)

×

રાયદે ચાલ્યો ગયો તે પછી તુરત રાજબાઈ ઘરમાં અલોપ થઈ ગયાં.

પલ્ટનમાં નોકરી

રાયદે અમરેલી જઈને લાન્સરમાં દાખલ થયો. ત્યાં વધીને દફેદાર બન્યો. ત્યાંથી એની બદલી રાજકોટ થઈ. ત્યાં પોતે કમાન્ડીંગ સાહેબનાં મડમ પાસે જઇ બેસતો ને વાતો કરતો. મડમે રાયદેને ભાઇ તરીકે માન્યો હતો. પણ રાયદે બેઠો બેઠો એક દિવસ વિચાર કરે છે. 'આંઉ તો હીંને નોકરી કરાતો, પણ વેર તા હી નેહી રઈ વિયો'. (હું આંહીં નોકરી કરું છું, પણ વેર તો એમ ને એમ રહી ગયું.)

મડમે પૂછ્યું, 'કયા વિચાર કરતા હે રાયદે?'

રાયદે કહે કે 'મેરેકુ ગામ જાનાં હે.'

મડમ:–'કોન ગામ?'

'હમારા માડી ગામ.'

'અચ્છા તો જાવ. મેં સાબકો બોલકે રજા દિલાઉંગી'

'ચું નહિ.'

'તો કયું?'

'યે તુમારા જોટા દો, કારતૂસ દો, ઘોડા દો, ડ્રેસ દો તો, જાનાં હે.'

મડમ કહે 'અચ્છા ભાઈ'

મડમે રજા અપાવી, જોટાળી બંદૂક, કારતૂસ, ડ્રેસ, બધું અપાવ્યું, ને રાયદે તે પહેરી ઘોડેસવાર બની બારાડી તરફ ઊપડયો. ને રસ્તે એની ઓપરી બોલતી રહી. 'આંઉ જડે દેવેકે, વજેકે, સામતકે, હી બધાય જામકે, મૂંજી બાયડી રખીને વીંડો અય હી ગાંગે કે જડે ઘુમી ડિયાં, ફૂંકી ડિયાં, મારી ઊખ્યાં, તડે જ ઠીક ચોવાય. મુંજા પેજે મારીતલ કો જીરો રે તો તો આંઉ મુંજી માજે પેટ પાણો પડયો ચોવાઉં.

(હું જ્યારે દેવાને, વજાને, સામતને, એ બધા જામને તેમજ મારી બાયડીને રાખી બેઠેલ ગાંગાને ફૂંકી દઉં, ત્યારે જ ઠીક કહેવાય. મારા બાપનો મારનાર કોઈ જીવતો હોય ત્યાં સુધી હું માને પેટ પાણો પડયો કહેવાઉં.)

×

ખૂને ચડયો

માડી ગામમાં સંવત ૧૯૪૪ના આસો સુદ પૂનમને દિવસે ચાર વાગે સાંજે પહોંચી તેણે દેવાના ભાઇને ઠાર માર્યો, દેવો ન જડયો, ઘોડાને ઉપાડયો, થોડે આઘે એક હરદાસ નામનો ચારણ મળ્યો. એના ખંભામાં પાવલી જડેલી પટાવાળી ફૂમકીઆળી તરવાર હતી, હાથમાં ફરસી હતી, પગના જોડા ચરડ ચરડ બોલતા આવતા હતા. ઓળખ્યો, જોટાળી ચડાવીને સામી ધરી, હરદાસે હાથ જોડી કહ્યું 'રાયદે' આંઉ તો તોજે કુત્તો અયાં.'

રાયદે કહે, 'ભેંસા! ચારણ થી, તરાર બંધી, માફી મગેતો! વીંજ કુતા! દે ડે તરાર.'

(હે નાલાયક! ચારણ થયો છે, તરવાર બાંધી છે, ને માફી માગે છે! ચાલ્યો જા કુત્તા! દઇ દે તારી તરવાર.)

ત્યાંથી ખજુરીઆ ગામે જઈ પોતાની સ્ત્રીને રાખનાર ચારણ ગાંગાને ખેતરમાંથી તેડાવી ઠાર માર્યો, ત્યાંથી રાતના દસ વાગે બેહ નામના ગામે ગયો; ત્યાં માડીથી સામત જામ મહેમાન આવેલ તેથી વીરપાલ સંઘીયાની ડેલીએ દાયરો જામેલો. ત્યાં જઈ ઘોડો ઊભો રાખ્યો ને સાહેબવેશે ત્રાડ પાડી, 'ઈધર માળી વાલા સામતજામ આયા હે?'

સામતે અવાજ પારખ્યો. ઘરમાં ઘૂસી ગયો. હવે ઘણાં માણસો વચ્ચે એને બંદૂકે શી રીતે મરાય? ઝોટલે ઘોડો ઉપાડી કહેતો ગયો કે 'ધ્યાન રખીજ, આંઉ રાયદે, આંયકે રિબાઈ રિબાઈને મારણા અય.'

××
×

બારવટાનો પ્રારંભ

ચોથે દિવસે રાજકોટ પહોંચી પોતાની નોકરીએ ચડી ગયો, પણ જામનગરના રાજ્ય તરફથી ધમધગતી તપાસ થવા લાગી, તેથી પોતે પલટનમાંથી ફારેગ

ચર્ઈ નીકળી ગયો ને થોડા દિવસ પોતાની બન્ને બહેનો પાસે પરોડીઆ ગામે ને રાણુ ગામે રોકાયો, પણ તપાસ ચાલુ હતી એટલે કંટાળીને વિચાર કર્યો કે નકામા પકડાઇને ભીંત હેઠળ દબાઇ જઇ મરવા જેવું છે, માટે હવે તો નીકળી જ પડું : સંવત ૧૯૪૫ ના ચૈત્ર માસમાં એણે દસ માણસોની ટોળી બંધી. ચારણ ધાના કરશન ભાળથરનો, ચારણ પેથો ગામડીનો, ચારણ સામત ભીડાનો, ચારણ વીરો ગામડીનો, ચારણ જેસો પરોડીઆનો, વાઘેર રાજપાળ ને માણેક હરભમ ગોરીઆળીના, વાઘેર હાડો વીરપુરનો, કાનગર બાવો, ને રમજાન કુંભાર રાણુનો, ગામડી જઇને મમાઇ માતાજીને પગે લાગી માગ્યું કે–

'સામે પગલે મોત દીજ.' (સામે પગલે મોત દેજે મા!)

× ×
×

ધોકે લઇ વેરી ધસે, દિયે તરારે તુંબેલ,
ગાલીએ છંદા ખેલ, સોંપ્યાં સોરઠીયે કે.

(વેરીઓ સામે ધોકા લઈને ધસવું અને તરવારો ઝીંકવી એ તુંબેલ ચારણોનું કામ છે. માણસોમાં કેસી વાતોના તુક્કા લગાવા, છંદો ગાવા કે ગેલ કરાવવા, એ તો સોરઠીઆ પરજીઆ વગેરે ચારણોને સોંપ્યું છે.)

વજીર હથે વલ્યાતમાં, કાયમ વાંજે કેસ,
ફ્રાંકડા ફોજદાર કે, રણમેં ધાસે રાયદે.

(વિલાયતમાં વજીરને હાથ રોજ મામલા પહોંચે છે. ફ્રાંકડા ફોજદારોને રાયદે રણમાં સંહારે છે.)

હાકેમ હાલારજી, કંગાલ માહુજા કાર,
ઉજે ફાંદે મેં ફાર, રિસતી તોછ રાયદે!

(હાલારના હાકેમોના પેટમાં તારી ફાળ રહે છે હે રાયદે.)

આંબરડી ઝોરી એકડી, દાત્રાણો ઘોરે ડી,
દેવડીયે કે દળિયો, રાતે કુલેકાં રાયદે.

(એક દિવસે આંબરડી ગામ ભાંગ્યું, ઘોળે દહાડે દાત્રાણું ભાંગ્યું, દેવળીઆને દાબી દીધું, ને રાતે તું કુલેકાં ફર્યો.)

ચાડ દિયે તુંબેલ. હલારમેં હલાય ના,
સુરો ચારણ છેલ, રફલે ધમે રાયદે.

બીજું વૃત્તાંત એમ મળે છે કે રાયદેએ ઘોડો, બંદૂક, ડ્રેસ વગેરે પલટનમાંથી નહિ પણ આ રીતે મેળવ્યાં. પોતે માની રજા લઈ ખંભાળીઆ જાય છે. રસ્તે 'ધર્ઈનો પુલ' એ ઠેકાણે એક ઘોડેસવાર જમાદાર ટપાલ લઈને જતો હતો તે મળ્યો. રામ રામ કર્યા. જમાદારે પૂછ્યું :

'ક્યાં જાય છે?'

'ખંભાળીએ ડોલા (તાજૂત) જોવા.'

'ક્રેનો છો?'

'મકરાણી.'

ધર્ઈ નદીના પુલ પાસે જમાદાર નીચે ઊતર્યા, રાયદેને પોતાનો ઘોડો ઝાલવા દીધો. જોટાળી બંદૂક ઝાડને થડ ટેકવી, ને પેશાબ કરવા ગયા.

'વાહ! માતાજીએ હથોડથ દીધાં. જમાદાર! લ્યો રામ રામ!'

એમ કહેતો, રાયદે ઘોડે ચડી જોટાળી લઈને ભાગ્યો.

ગધેડાં મોકલ્યાં

નગરની ગાદીએ વીલોજામ હતા. તેણે અમલદારોને તેડાવી સભા ભરી પોતે ભાષણ આપ્યું કે તમે રાજપૂત થઈ ગામ ગરાસ ખાવ છો, સરકારી નોકર કહેવાવ છો ને ખાલી બગલૂસ (પટા) મટર બાંધી ફરો છો, પણ એક રાયદેને હાથ કરી શકતા નથી તેમ હાર કરી શકતા નથી, માટે મને બહુ રંજ થાય છે.

સભાસદો નીચું જોઇ ગયા. જામ સાહેબે, રાયદે ન પકડાય ત્યાં સુધી અમલદારોના પગાર બંધ કર્યા.

રાયદેને ખેડુતો રોટલા આપે છે એમ વિચાર કરીને ખંભાળીઆ તથા કલ્યાણપરના અમલદારોએ દરેક ગામમાં નોટીસો ચોડી કે ખેડુતોએ રોટલા ઘેરે ખાઇને જ સીમમાં જવું, કાંઈ અન્ન લઈ જવું નહિ.

થોડા દિવસ પછી ખંભાળીઆ ગામે જઈ ત્રણ ગધેડાં ઊભાં રહ્યાં. તેને માથે છાલકાંમાં પંદર મણ

લાડવા હતા ને સાથે એક ચીઠ્ઠી હતી. તેમાં લખ્યું હતું કે હું ગરીબ ખેડૂતના રોટલા ઝૂંટતો નથી, ઓરતને લૂંટતો કે અડતો નથી, જાન લૂંટતો નથી, ખોટું બોલતો નથી, કોઈ માગણને પૈસાની ના કહેતો નથી, બાયલાપણું કરતો નથી. હું ખેડુના રોટલા ઝૂંટીને ખાઉં તો બહારવટું થાય નહિ તેની ખાતરી માટે આ લાડવા મોકલું છું તે સંભાળી લેજો. ને બીજું કાંઈ જમવા મન થાય તો કહેવરાવજો, મારી પાસે મીઠાઈ ઘણી છે. લી. રાયદે.

આ લાડવા એણે રાણુ ગામમાં વળાવીને મોકલ્યા હતા.

પરિણામે અમલદારોએ ખેડૂતોને રોટલા સીમમાં લઇ જવાની છૂટ આપી.

'કુ ક ડૂ કૂ'

'પૂના, સાગા, રામા ભા, સુણો, પાણુજે પાનેલી જોરણી અય, ને ડીએજ જોરણી અય. ન જોરાં તો જોગમાયાજી દુવાઇ. હણે ભલે મું જે પકાણુ મારી ઉખય.'

આ રીતે એક દિવસ રાયદેએ જ્યારે સાંભળ્યું કે પાનેલી ગામ પર તો ગોંડળ રાજનો એક પકાણુ ફોજદાર ૫૦ પકાણોને લઇ રાયદેને જેર કરવાનું ખીંડું ઝડપીને બેઠો છે કે રાયદે આવે તો ક જગ્યાએ (ગુદામાં) બંદૂક મારી ઠાર કરું, ત્યારે તેણે સાથીઓ સમક્ષ પાનેલી ભાંગવાની—ને તે પણ દિવસે ભાંગવાની પ્રતિજ્ઞા કરી.

એક દિવસ એક વાદી બહારવટિયાના રહેઠાણમાં આવ્યો ને રાયદેના રાસડા બોલવા લાગ્યો. બહારવટિયાએ એને ઇનામ આપીને કહ્યું કે 'હી તોજે રાવણહથ્યો મુકે ડે, ને તોજે ચોશાક પણે ડે.' પછી પોતે એ બધો પોશાક પહેરી રાવણહથ્યો લઇ, સાથીઓને કહ્યું 'આંઇ બધા હણે ઘડીક હીતે વિયો તાં તો આંઉં હીન ઘડી અચાંતો. જરા પાનેલી વિનીચાં.

(તમે બધા થોડી વાર અહીં બેસો. હું જરા પાનેલી જઇ આવું.)

એમ વાદીવેશે શહેરની તરતપાસ કરી આવી, અને ફોજદારને પણ મળી, રાયદે અહીં છે સામે ડુંગરે બેઠો છે એવી ખબર પણ દઇ પોતે રાતે પાછો આવ્યો અને ટોળી લઈ પાનેલી પર પડયો ને ફોજદાર એની પાર્ટી વગેરેને દબાવી દઇ કહ્યું: 'કો પકાણુ! તું કો ચોતો વો, કે રાયદે અચેનો આંઉ કજગ્યાયે બંધૂકે મારી મારી ઉખ્યાં. ગીન હિન્જા ફલ.' એમ કરી બંદુકોના ઘોડા ચડાવ્યા. બધાને પકડી પૂરી દીધા. પછી ગામ લૂંટયું, પછી પૂરેલાને છોડી કહ્યું કે 'ડે દયો હીન્જી બંધૂકું. ધીંગાણું કરણું આઇ?'

(દઈ દો એમની બંદૂકો. ધીંગાણું કરવું છે?)

પછી મોરનાં પીછાં લાવી, ફોજદારની પાછળ બિચીઝમાં ખોસી મોરલો બનાવ્યો ને પીઠ ફેરવી ઊભો રાખી. પછી કહ્યું, 'હવે નીચે નમી નમીને કુકડૂ કૂ બોલ. ને પાછો ઊભો થઇને કુકડૂ કુ બોલ. જો બોલતો બંધ થઇ ગયો છે તે, તો પાછળથી બંદૂકે દઇશ.'

ફોજદાર તો ફાળમાં ને ફાળમાં 'કુકડૂ કૂ કુકડૂ કૂ, કુકડૂ કૂ' એમ બોલતો નીચે વળતા તેમજ ઊંચો થતો રહ્યો, પાછળ ઊભેલા રાયદે પોતાના સાથીઓને લઇ ચૂપચાપ ચાલી નીકળ્યો, ને છેક બે ગાઉ નીકળી ગયા, ને આંહીં ગોંડળની વાર આવી પહોંચી તેને પણ ફોજદાર તો રાયદેની જ ટોળી સમજી 'કુકડૂ કૂ' કરતો રહ્યો. પાર્ટીવાળા કહે કે, 'સાહેબ, આ શું કરો છો?' સાહેબ શરમાઇ ગયા.

કહેણ મોકલ્યું

'સામત, પેયા, જેસા, સાંમા, સુણો,' એમ કહીને રાયદેએ સાથીઓને સમજ પાડી: 'પાણુ નામ લાઇ નીકળ્યા અયું. તો હણે પાણુ વાંસે સત રાજજી ધસતું ફિરતીયું. તો હીનકે બીચારકે હણે પાણુ નોતરો દિયું, ભલે અચે. કારણ કે જો પાણુ જીતીન્દા તો લક્ષ્મી પ્રાપ્તિ વધની; જે મરીન્દા તો વૈકુંઠ વીન્દા ને પાણુજી કાયા અમર રિન્દી. હીનકે મારીન્દા તોય લાભ અય, 'પાણુકે મારી ઉખે તોય લાભ, કીં ભા, કો ચ્યોતા?'

(આપણે તો નામ રહે માટે નીકળ્યા છીએ, આપણી પાછળ સાત રાજની ફોજો ફરે છે. તો આ બીચારાને નોતરાં દઈએ. ભલે આવે. કારણ કે જો આપણે જીતીશું તો કીર્તિ ને લક્ષ્મી વધશે ને મરશું તો વૈકુંઠ જશું. ને આપણી કાયા કાંઈ અમર રહેવાની નથી, આ લોકોને મારીશું તોય લાભ, ને એ આપણને મારી નાખે તોપણ લાભ. કેમ ભાઈ શું કહો છો ?)

સાથીઓએ હા કહી, સહુ ઊપડ્યા, બરડાના ડુંગરમાં એક ગામ આવ્યું, ત્યાં પ્રાગડ વાણી (પરોડ થયું) ને એક ખેડૂત સાંતી લઈ નીકળ્યો તેને પૂછ્યું: 'ઓચવળી ગામમાં કોઈ ધસત આવી છે ?' ખેડુએ હા કહી. રાયદેએ એક ચિઠ્ઠી લખાવી એ ખેડુને દઈ ધસતને પહોંચાડવા કહ્યું. ચિઠ્ઠીમાં લખેલું કે તમે જેટલા સરકારની હરામની ખીચડી ખાનારાવાળા મારી પાછળ ફરો છો ને ઠેકઠેકાણે કંગાલ પ્રજાને હેરાન કરો છો, ને ધમકાવી પૂંછો છો કે રાયદે ક્યાં છે, તો હું જણાવું છું કે હું રાયદે આંહીં ચેકના ડુંગર પર છું, જેને મળવું હોય તે આવજો. આમ પોતે જ્યાં જાય ત્યાં લાલ વાવટો ચડાવે, હોકો પીતો બેસે, ફૂલેકે ચડે. અને અછતો ન રહેતાં સામે ચાલી સંદેશા કહેવરાવે.

દાઢીઓ બોડાવજો

પછી એ સાતેક રાજની ફોજો સાથે ધીંગાણું થતાં ફોજો ભાગી ત્યારે રાયદે બોલ્યો:—

'બેંસા ભાઇડે જેડા ભાઇડા યે ને ભજોતા, નીમક હરામ કરોતા ? કાટીયું રખીયું ઇન, બંદૂકું ગાળીયું ઇન, ને ભજોતા ! તો સરમાઇન્દા નાઇ ! કોઈ રજપૂત ઇન, કોઇ મકરાણુ ઇન, કોઇ પઠાણ ઇન, ને આંઇન્જો પાણી કિતે ગ્યો ! મુકે તો આંઇ ગોંતીન્દા વા. રાત ને દી ગોડ ગોડ ફિરન્દા વા. ને માકુકે પૂછન્દા વા. કે રાયદે કિને ઇન. ને આજ આંઇકે આંઉ મીળ્યો તો આંઇ તો મુલાકાત નાંઇ કરીન્દા ન ભજોતા ! હેડા કાયર બાયલા આંઇ ઢંન્દા હેડી મુકે ખબર નાંઇ વઇ. નીખર આંઉ આંઇકે ન મીડયો હુન્દ. પણ હણે દાઢીઉં પાઇ ઉખાન્દ. બંધૂકું છડી દીજા.'

(મરદો થઇને ભાગો છો ? દાઢીઓ રાખી છે ને બંદૂકો બાંધી છે તો પણ ભાગો છો ? તમે તો મને ગોતતા હતા ને હવે મળ્યો છું ત્યારે ભાગો છો ? મને આવી ખબર હોત તો હું મળત જ નહિ. હવે દાઢી મૂછ પડાવી નાખજો વગેરે.)

શરણે થયો

રાજ્યે છેવટે પરોડીએ રહેતી એની બહેન માણસીબાઈ પર દબાણ કર્યું. પકડીને ખંભાળીએ લઈ ગયા. બહેન તો ન ચળી, પણ બનેવી ગળી ગયો. એને બાઈએ કહ્યું: 'અરે ભૂંડા! અટાણે ખડ ખા છ ?' લાચાર બેને ૧૦ દિવસની મુદત મેળવી. ભાઈને પરોડીઆ ગામે બોલાવ્યો રાયદે બહેનને ઘેર ગયો ત્યારે બહેને વિનવ્યો કે હવે બસ થયું. હવે કાંઇ કરવું નથી. આપણા ચારણોને જેલમાં પૂર્યા છે. એને જામ સાહેબ અને રાઘવભાઇ વજીર કહે છે કે રાયદે જો હથિયાર છોડે તો એને અમે કાંઈ નહિ કરીએ, ને એના ચારણને છોડશું. એટલે રાયદેએ પોતાના જે સંબંધીઓ પુરાયા હતા તેમને છોડાવવા માટે શરણે જવાનું નક્કી કરી બહેનને કહ્યું, "બેણ! હણે તું દરેક અમલદાર કે ચોઇજ જે આંઉ કલ ધરમસાલામેં અચીન્દો જેડી માતાજીજી મરજી.'

×

કાગડો શું કહે છે ?

રાયદેને અભયવચન આપી માનપાનથી પોલીસ રસાલો લઇ જતો હતો ત્યારે સીમાડે એક કાગડો બોલ્યો. બહારવટામાં પણ ગામ ભાંગવા જતી વેળા કાગડો બોલે ત્યારે રાયદે સાથીઓને પૂછતો કે 'કાગડો કો કૂછેતો ?' [કાગડો શું બોલે છે ?] અને પછી એનો પોતાને મનમાં ઠીક તેવો અર્થ કરતો. એ રીતે અહીં પણ એણે કાગડાને બોલતો સાંભળી સાથીને પૂછ્યું કે, 'સામત, કાગડો કો કૂછેતો ?' સામત કહે, 'કાગડો ચ્યેતો કે અ જ દી સુધી જે બાહુરી કઈ હીન જે ગયે પાણી ફરી ગ્યો ને હણે તુરંગમેં સડી સડી મરી રોન્દા.'

(કાગડો કહે છે કે જે બહાદુરી કરી તેને માથે પાણી ફરી વળ્યું ને હવે જેલમાં સડી સડી મરી રહેશું.)

રાયદે કહે, 'ના, કાગડો હીં કૂછેતો કે બધાય ઘેર અચના. પણ દગો થીન્દો. પણ વાંધો નાંય.'

(ના, કાગડો એમ કહે છે કે બધા ઘેર આવીશું પણ દગો થશે, પણ હવે વાંધો નહિ.

જેલ તોડી

છ મહિનાની સારી રખાવટ પૂરી થઈ ને રાયદે પર કામ ચાલ્યું; કાળા પાણીની સજા થઈ. એ અને સામત યાણાની જેલમાં જુદે જુદે ઠેકાણે જેલ ભોગવે છે. એક વરસ થઈ ગયું છે. એક વાર કામગરીમાં રાયદે ને સામત ભેગા થઈ ગયા; ત્યાં કાગડો બોલ્યો. રાયદે કહે 'સામત, કાગડો કૂછેતો કે હીંતેથી ભજો તો આંઈ કે લાભ અય.'

(કાગડો કહે છે કે અહીંથી ભાગી છૂટો તો તમને લાભ છે.)

સામત કહે, 'હેડી સાતથરી જેલ પઈ અય. હીનમેં સે ભજણું કી ?'

રાયદેઃ 'ભજણો હીનમેં તો કી નાય.'

બંને જણાએ સંતલસ કર્યો. રાતે રાયદે જ પોતાની બરાક તોડી સામતને કાઢવા એના ખંડના છાપરા પર ચડયો; ને ઉપલી બારીના સળિયા હચમચાવ્યા, પણ છાપરું આખું હાલી ઊઠયું. નળીઆં પડયાં; સંત્રીઓ સાવધ બન્યા, રાયદે તો મકાનના છાપરા પર હતો, નીચે ઊતરે નહિ, બહુ સમજાવી ઉતાર્યો, પૂર્યો; પછી જામનગર સાથે લખાણ કર્યું; ત્યાંથી આ બેઉને આંદામાન કાળે પાણીએ મોકલી દેવાની સૂચના આવી.

આંદામાન ઉપાડયો

'હાલો તમને પાછા જામનગર લઈ જવા છે ને ત્યાં પહોંચાડી છોડી દેવાના છે.' એમ કહીને બેઉ કેદીઓને વહાણમાં બેસારી કાળા પાણીના બેટમાં ઉતારી દીધા, ને ગોરા ઉપરીને એમનાં કાગળીઆં પણ સોંપ્યાં.

કેસનાં કાગળીઆં વાંચતાં સાહેબને માયા થઈ. રાયદેને પાસે બોલાવ્યો, ને એની વાતોથી સંતોષ થતાં તેને મુકાદમ બનાવ્યો ને સદરમાં ફરવા હરવા છૂટ આપી. રાયદે તો કાળાં પાણીની વચ્ચે બેટમાં ફરે હરે છે. એમાં એક દિવસ એવું બન્યું કે કેદીઓમાં કાંઈક કુસંપ થયો, તેમાં સામતને એક કેદીએ ગોરશબ્દો કહ્યા.

રાયદે શાંતિથી એ કેદીને પોતાની પાસે તેડાવી સમજાવવા લાગ્યો.

'આંઈ કુલાઈ બન્જો તા ? હીતે તો પાણ હકડી ખાઈ જા ગલૂડિયા ચોવાયું. ને અસી કે દુઃખ હોય તો આંઈ જે મદદ દેંણી ખપે, ને આંઈકે દુઃખ હોય તો અસી કે ભાગ ગીનણો ખપે. કારણ હીને દુઃખ જી જમા ઇન હીતે મા, પે, કાકા, મામા, જી ચ્યો હી પાણ.'

(તમે શીદ લડો છો ? આંહીં તો આપણે એક માનાં પેટ કહેવાઈએ. એકબીજાને દુઃખમાં મદદ કરવી જોઇએ. કારણ અહીં તો મા, બાપ, કાકા, જે કહીએ તે આપણે જ પરસ્પર છીએ.)

આવા ખામોશીના શબ્દોથી પણ છેડાઈ ઊઠીને એ કેદી તોફાને ચડયો એટલે રાયદેએ એને માર્યો; તેના પરિણામે રાયદેને અંધારી ખોલીની સજા થઈ.

એક દુહાએ બહેકાવ્યો

પછી મહમતી કૃપા થઇ તેથી એ પાછો મુકાદમ બન્યો ને એક વાર બજારમાં ચાલ્યો જતો હતો ત્યાં કોઈક માણસને દુહો બોલતો સાંભળ્યો. દુહો તો આમ હતો—

શેખપર સિંધવો કિયો,
રાયદે વડો રૂવામઃ
ધરણી લાગી ધ્રૂજવા,
ન ચડે નગર કે નવાબ.

કોઈક ઓળખીતો કેદી આ દુહો બોલ્યો તેથી રાયદેને ગઈ ગુજરી યાદ આવીઃ

'અરે જીતવા ! આંઉ હકડે ડી નગર ને નવાબ જોડે કે ધ્રુજાઇન્દો વો, ને હિંદમેં હાક ફાટતી વી. ને અજ પેરમેં જંજીર પઈ વઈ.

એમ આ દુહાએ રાયદેના વિચાર ફેરવી નાખ્યા.

એ દુહાએ મોટું બળ આપ્યું, હાલતાં ને ચાલતાં, ખાતાં ને પીતાં, એજ દુહો યાદ આવવા લાગ્યો. એમાં સામત આવ્યો. બન્ને બેહા; કારણ કે સામત પણ હવે છૂટો ફરતો હતો. એની સાત વર્ષની સજામાં હવે ફક્ત બે વર્ષ બાકી હતાં.

રાયદે કહે, 'સામત ભા, હકડી ધાલ ચાં. આંઇ તો ઠીક પણ આંઉ તો હીતે ને હીતે મરી વીન્નો ને કોઈ ચારણજે હથ પણ અડીન્દા ના.

(એક વાંત કહું. તું તો ઠીક પણ હું તો અહીં જ મરી જઇશ ને મારા શબને કોઇ ચારણના હાથ પણ નહિ અડે.)

સામત કહે, 'ભલા માણસ, મરદ જેવો મરદ હવે નમાલી વાતો કરે છે! શરમાતો નથી! ને મરદ તો તુરંગમાં પણ પડે. ને આપણે કંઇ અધૂરું રાખ્યું છે!'

રાયદે કહેઃ 'મારે તો ભાગી જવું છે.'

'ક્યાં?'

'આપણા દેશમાં. તારે આવવું છે?'

સામતે કહ્યું કે 'મારે તો હવે નથી આવવું, પણ તું બાગડીમાં જા તો મારે ઘેરે જઈને બધાને મારી વાત કહેજે.'

એમ કહેતો સામત હસવા લાગ્યો, એટલે રાયદે કહે, 'સામત, તો કે ઠેકડી લગેતી. પણ સચી ધાલ ચ્યાંતો. મરીં તો વીંજણો જ અમ. હીતે મરણું નામ. ભલે દરિયેમેં મરું.'

બન્ને જુદા પડયા. રાયદે ભાગવાની જુક્તિ વિચારવા લાગ્યો. એક વિચાર સૂઝ્યો. હમેશાં વહેલો ઊઠીને ગામમાંથી લાકડાંના લાંબા કટકા ગોતીને તે લઇ ગામથી દૂર બેગા કર્યા; પછી એકબીજાને જોઈન્ટ કરી એ ખાટલા જેવડું ત્રાપું બનાવ્યું ને થોડા દિવસનું ખાવાપીવાનું લીધું. પછી એક દિવસ સામતને કહ્યું: 'જે માતાજી. હવે ધ્યાન રખીજ ને ગરીબ યે સજા પૂરી કરીજ, આંઉ જો તો હવેં માતાજીજ મરજી દી વિન્દો.'

કાળાં પાણીને પાર

એક જણા બોટમાં. સાંજે રાયદેએ ત્રાપો દરિયામાં નાખ્યો ને બંદર પર એક સંત્રી બંદૂક લઈ ટેલતો હતો, તેની પાસે જઇ, ગળું પકડી, દબાવી મારી નાખ્યો, તેની બંદૂક લઇ ત્રાપા ઉપર નાખ્યો. સઢ ચડાવી રવાના થયો. પવન સારો એટલે સવાર થતાં ત્રાપો આગળ નીકળી ગયો, ને સામેથી એક વહાણ આવ્યું.

આ વહાણ રાયદેના વતનના બંદર સલાયાનું હતું. તેનો ખારવો આમદ હતો. આમદ વહાણ લઇ આંદામાન આવેલો ને બન્નેરે રાયદે સાથે મેળાપ થયો હતો. સંતલસ કર્યા પ્રમાણે આમદ એક દિવસ વહેલો વહાણ ઉપાડી દરિયે જઇ થોભ્યો હતો.

રાયદેને વહાણમાં લીધો. વહાણને સાત સઢ ઉપર કાગડી ચડાવી મારી મૂક્યું. એક રાતે કાઠિયાવાડના પિંડાર ગામને કિનારે રાયદેને ઉતારી વહાણ પાછું વળી ગયું. આંદામાનના તાર છૂટેલ તેથી તપાસ થતી હતી. રાયદે બંદૂક લઇ જંગલોમાંથી પસાર થવા લાગ્યો.

બીજું બારવટું

એક બેન પાસે પરોડીઆ ગામે ને બીજી બેન પાસે રાણ જઈ આવીને રાયદે દ્વારકા પહોંચ્યો, થોડા વાઘેરોને લીધા જેનાં નામઃ ગોરવીઆળીનો રાજપાળ, મીંઆણીનો ભીમો મકવાણો, ગોરવીઆળીનો હરભમ માણેક, વીરપુરનો હાડો માણેક, ને ચારેક મુસલમાન કુંભારોઃ એમને લઈ બીજી વાર બહારવટે ચડ્યો.

ભાયાણી ભારથ કરે,
ખૂચડ બળે વાર;
તીણી ધાર તરવાર,
રગતે ઠાળે રાયદે.

આ બીજા બહારવટામાં એક પછી એક ગામ રાયદે ભાંગતો ગયો, પણ બજાણા ગામના સીમાડે નારાડી વાવમાં ઉતારો કરી સાથીઓ હેમરાજ ગોઢને ત્યાં સીધું સામગ્રી લેવા ગયા, ને પાછા આવ્યા ત્યારે કહે કે હેમરાજને લૂંટીએ.

'કાકડો કો કૂકેનો?' એમ કહી રાયદેએ કામ-વાળી ઉકેલી. કહે કે 'શુકન નથી, પંખી ના

પાડે છે.' છતાં સાથીઓના આગ્રહથી દી' આથમતે બજાણા પર પડ્યા, હેમરાજ શેઠને ઘેર ગયા, શેઠે આવકાર દીધો, કે બહાદુરને જોઇ હું ખુશી થાઉં છું.

'તુને લૂંટવા આવ્યા છીએ.'

'ભલે.'

'તો બધી બાઇઓને ઓરડામાં પૂરી દે.'

લૂંટીને બહાર ચાલ્યા, ત્યારે બહાર જઇ પેલા બે મુસલમાન કુંભારોએ કહ્યું કે હેમનો હાર ભૂલથી ગોખલામાં પડયો રહ્યો. એ બહાને પાછા જઇને એ કુંભારોએ બાઇઓની આબરૂ લીધી.

એથી રાયદે કંટાળ્યો. 'હવે આ લોકો મારા ભેળા ન હોય.' આંબલાની ધાર નજીક સૂતા. ન ઊઠયા, તે દી' ચડયો ત્યાં સુધી! ઊઠે છે ત્યાં તો ધસતને આવી પહોંચેલી જુએ છે. ધીંગાણું કરતા કરતા પ્રોડીઆની નાળ્યમાં પહોંચી જાય છે ત્યાં મછવો પડયો છે, ઠેકી ઠેકીને મછવામાં એક પછી એક જણ ચડે છે ને રાયદે પોતે વારને હટાવતો રહે છે. છેવટે પોતે કૂદ્યો, પણ વહાણની મીંદડી પગમાં વાગી. મછવો હાંકી ભાગ્યા, પણ મછવો તૂટેલ એટલે જખ્મી રાયદેને ઝોળીમાં ઉપાડી વાઘેરો કાંઠે કાંઠે ભાગ્યા એને પહોંચાડવો હતો ગોંજ ગામે જેઠીજી દરબારને ઘેર, વાડીએ ગયા, પૂછ્યું, 'દાજીબાઇ છે? કહો કે ભાઇબંધ આવ્યા.

ભાણેજ ઘેર પૂછવા ગયો. માસીએ જવાબ કહાવ્યો કે 'ઘેર નથી.'

રાયદેએ સાથીઓને કહ્યું: 'જુવાનો! પાણીજી કજ્જ અચી વઈ.' (આપણું ચોત આવી પહોંચ્યું.) ચાલ્યા. રસ્તે કાળો મહારાજ મળ્યો. ઘણી તાણ કરી પોતાની વાડીએ લઇ ગયો.

વાઘેરો કહે 'ચાલ અમારી ભેળો ઓખે.'

'તમારું મોં નહિ જોઉં, જાવ.'

પાંચ કાળાં

ગાડું જોડીને કાળો મહારાજે રાયદેને ગામમાં આવ્યો.

સવારે ફળિઆમાં પીપળે કાગડો બોલ્યો.

કાગડાની વાણી સાંભળીને રાયદેએ કહ્યું: 'કાળા મા' રાજ! કાળી રાત છે, કાળો કાગડો છે, કાળાવડ ગામ છે, ચોથો તું કાળો મારાજ છે. હવે પાંચમું કાળું કામ કરીશ મા.'

સવારે કાળા મહારાજે રાયદેને જોયો. પગમાં જખમ છે, ચાર છ મહિના અહીં રાખવો પડશે, ખબર પડશે તો હું મરી જઈશ, માટે હું જ ઈનામ લઉં.

રાયદેને અંદર પૂરી, તાળું મારી સલાયા પહોંચ્યો. મહમદખાં દફેદારને જઈ કહે કે 'હું રાયદેને પકડાવું તો?'

'તો તને ફોજદારની જગ્યા અપાવું.'

'ચાલો મારે ઘેર.

ઘરમાં પડયો પડયો રાયદે બહાર રહેતી બાહ્મણ બાઇને બોલાવે. બાઈ કહે:—

'નહિ આવું.'

'કાળો મારાજ ક્યાં છે?'

'કાળું કામ કરવા ગયો છે.'

'ઉઘાડ.'

'નહિ ઊઘડે.'

'કાંઈક તોડવાની કોશ તો દે.'

'નથી. પણ આ લે આ હળનું છવડું.'

હળના છવડા વતી રાયદેએ ભીંત હેઠળ ખાડો પાડયો. બીજા ઓરડામાં જવા માટે વચલો કરો તોડયો. રાંધણીઆમાં જવાનું કાંકું પાડયું.

ધસત આવી.

મહમદખાં દફેદાર ને જેશંકરભાઈ ધસતના આગેવાન હતા, તેણે હાકલ કરી, 'રાયદે, હથિયાર છોડ.'

'તમે પોતે આવો તો હથિયાર આપું.'

આડું ગાડું દેવરાવી મહમદખાં ખડકીમાં અંદર આવ્યા.

રાયદે પાસે ત્રણ જ ભડાકાનો દારૂ હતો. છરા ગોળી કાંઈ નહોતું. પોતાનો પગનો તોડો તોડી નાખ્યો. તોડાના મકોડા બંદૂકમાં ભર્યા.

બંદૂક લઈને બાંકારા વાટે બાજુને રસોડે પેઠો. ત્યાંથી એક બંદૂક, ને બીજી મારી. અંદરથી દુહા ને છંદ બોલે. આંહીંથી પોલીસના ગોળીબાર ચાલે.

રોંઢે ધસતે ઘર સળગાવ્યું. ત્યારે રાયદેએ અંદરથી કહ્યું :

'કોઇ એમ ન કહેતા કે અમે રાયદેને માર્યો છે. હું જ જાઉંછું. રામ રામ.'

પોતે ત્રીજીવાર ઓટલે કે છેલ્લીવાર ભરેલી રાખેલ બંદૂક માથા સોંસરી બાંધી.

ઘર સળગી ગયા પછી થોડોક દી રહ્યો ત્યારે અંદર તપાસ કરી. મુવેલો રાયદે એમ ને એમ ઊભો હતો. ઘણા ફેર કર્યા, મુરદું પડ્યું:

મુરદું ઓળખવા રાયદેની બેનોને બોલાવી.

બેનો જોઇને કહે, 'ના, ઈ અસાંજો ભા જ નાંય.'

'કાં ?'

'અસાંજો ભા તો પચીસ પચાસ માણ કે મારીને મરે : ઈ કરઈ હેક દબાઈને મરે ના.'

રાયદેનું પહેલું બારવટું બાર વરસ ચાલ્યું, ને બીજું અઢી વરસ.

કાળા મહારાજને જમાદારી મળી.

અમૂક વખતે જામ સાહેબે જમાદારી આંચકી લીધી. કહ્યું કે 'તેં દગલબાજી કરીને ઘણી નાલાયકી બતાવી છે.'

કાળા મહારાજનો છોકરો મુવો. પોતે ગાંડો થઈ ગયો, ને મુવો ત્યારે ગરાસીઆઓએ કાળાવડમાં દેન પણ ન પડવા દીધો.

કર્તવ્યની વેદીપર

એક દિવસ પેરિસ નગરીમાં રમખાણ ફાટી નીકળ્યું હતું. હુલ્લડખોર વિરોધી પક્ષો એક બીજા ઉપર નવા નવા હુમલાઓ કર્યે જતા હતા. એવે વખતે ઈંટ-પત્થરની વરસતી ઝડીઓ વચ્ચે એક પત્રકાર ત્યાં બેઠો હતો. હુલ્લડની પળેપળની વિગતો એની આંગળીઓ ટપકાવે જતી હતી. એકાએક ભયવાળી દિશામાંથી સલામત ભાગી છૂટેલા એક મિત્રને એણે પસાર થતો જોયો. મિત્રની સાથે પત્રકારે પોતાના છાપા ઉપર સંદેશો મોકલ્યો કે, 'હું રમખાણના કેન્દ્રસ્થાન ઉપર બેઠો છું અને હવે પળેપળના સમાચાર મોકલતો રહીશ.'

થોડીવારમાં જ લશ્કર આવ્યું અને ગોળીઓની ફટાકડી બોલી ગઇ. જખ્મી થઇને પત્રકાર ઢળી પડ્યો. એવામાં ત્યાંથી નીકળેલા એક ડાક્તરે એને પૂછ્યું—

'તમે ઘવાયા છો ?'

'એટલો બધો ઘવાયો છું કે લખી પણ નથી શકતો,' જવાબ આપ્યો.

'લખવાની શી જરૂર છે ?' ડાક્તર બોલ્યા. 'પહેલું કામ તો તમારે આરામ કરવાનું છે.'

'ના,' પત્રકારે કહ્યું, 'મારું પહેલું કામ આરામ કરવાનું નથી. દરેક માણસને પોતપોતાનાં કામ હોય છે. મારું કામ બનાવોનો અહેવાલ લખવાનું છે. તમે મારી કલમ ઉઠાવો, અને લખો કે— 'સાંજના ત્રણ' ને વીસ મિનિટે લશ્કરે ગોળીબાર કર્યો : ત્રણ ઘવાયા અને એક મર્યો.....

'કોણ મર્યું ?'

ડાક્તરની સબૂરી ન રહી.

'હું.....' કહેનારે પ્રાણ છોડ્યા.

સવારની ચાહ

ચુનીલાલ વર્ધમાન શાહ

અમારે ત્યાં સવારની ચાહ રોજ છ કલાક અને પંદર મિનિટે નિયમિત રીતે થતી,—મારે તૈયાર કરવી પડતી.

બરાબર છના ટકોરા વાગે ત્યારે એક બાજુએ દૂધવાળો ડહેલી પર બૂમ મારેઃ "દૂધ લેજો!" અને બીજી બાજુએ મારાં સાસુજી બિછાનામાંથી ઊઠી, દાતણ અને છીંકણીની દાબડી લઈ, ઓટલા પર જાય. પંદર મિનિટ તેમને દાતણ કરતાં થાય તેટલી વારમાં મારે ચાહ તૈયાર કરવી જ પડે. તેમાં જો પાંચેક મિનિટ જેટલું મોડું થાય તો મારા પતિ તો કાંઈ ન બોલે, પણ સાસુજી એકદમ ગુસ્સે થઈ જાય.

ચાહ વહેલી પીવાની તેમને ટેવ હતી. ચાહ પીધા પછી જ તેમના ઘરડા શરીરમાં સ્ફૂર્તિ આવતી અને તેમની બડબડ ને ટકટકમાં પણ તેજી આવતી. એકવાર ઘરમાં ચાહની ભૂકી થઈ રહેલી, સાંજે ઓફીસમાંથી આવતાં અનિલકુમાર ચાહનું પડીકું લાવવાનું ભૂલી ગએલા, અને સવારમાં નિયમિત સમયે ચાહ તો કરવી જ જોઈએ, એટલે મારે અમારા ઘરમાં ભાડે રહેતા મુશીલભાઈને ત્યાંથી ચાહની વાડકી ઊછીની લાવીને પણ ડોસીને માટે ચાહ વેળાસર કરી આપવી પડેલી.

હમણાં શહેરમાં હુલ્લડને કારણે ચોવીસ કલાકના કરફ્યુ ઓર્ડરનો અમલ ચાલતો હતો. સવારના આઠ વાગ્યાથી બે કલાક સુધી કરફ્યુનો અમલ બંધ રહેતો, એટલે આઠ વાગ્યા પહેલાં દૂધવાળો આવી શકે તેમ નહોતું. સાસુજી છ વાગતાં ઊઠયાં, રોજની ટેવ પ્રમાણે દાતણ લઈને ઓટલે ગયાં, અને દાતણ કરતાં દૂધવાળાના આગમનથી રાહ જોવા લાગ્યાં.

સાત વાગ્યા, આઠ વાગ્યા, સાસુજીના મગજનો પારો ઊંચે ચડવા લાગ્યો—તે ગુસ્સે થવા લાગ્યાં, પણ એ ગુસ્સો મારા પર તો ન જ હોય. હુલ્લડ મચાવનારાઓ ઉપર, કરફ્યુ ઓર્ડર કાઢનારી સરકાર ઉપર કે દૂધ લાવનાર રબારી ઉપર તે ગુસ્સે થતાં હશે, પણ શું કરે? પોળમાં કોઈને ત્યાં દૂધ આવ્યું નહોતું, બધાંય દૂધવાળાની રોડ જેનાં હતાં, કોઈ કોઈ તો પોળને નાકે બેસતા ઘાંચીની અધઊઘડેલી દુકાનેથી વાસી દૂધ રૂપિયે શેરને ભાવે લાવીને સવારની ચાહની પતાવટ કરતાં હતાં.

નવ વાગ્યા, પણ દૂધ આવ્યું જ નહિ! સાસુજી હાથમાં લોટો લઈને ઘાંચીને ત્યાં દૂધ લેવા ચાલ્યાં, પણ ઘાંચીનું બધું દૂધ ખપી ગયું હતું એટલે તુરત પાછાં આવ્યાં અને ખાલી લોટો પાણીયારે પછાડયો! મને હસવું આવ્યું, સાસુજી તે જોઈ ગયાં અને મનમાં ખૂબ ધૂંધવાયાં, પણ કશું બોલ્યાં નહિ. એટલામાં અનિલકુમાર નીચે ઊતર્યા એટલે તે બોલ્યાંઃ "અનિલ! આજે તો દૂધ આવ્યું નહિ, હું ચાહ વિના રહી અને મારું માથું ચડયું છે."

અનિલકુમારે હસતાં હસતાં કહ્યુંઃ "બા! આવા મુશ્કેલીના દિવસોનો ઉપયોગ આપણે આપણા હિતને માર્ગે કરી લેવો જોઈએ. કાંઈક વસ્તુ ન મળે ત્યારે તે વિના ચલાવી લેવા જેટલો મન ઉપર કાબૂ મેળવવા માટે આવી તકને ઝડપી લેવી જોઈએ."

"એમ તો ચાહ વિના ચાલ્યું જ છે ને! કાંઈ મરી જવાશે તો નહિ." સાસુજી ચડેલે મ્હોંએ બોલ્યાં.

"હું બીજું કહું છું, બા! આજે જેમ તમે ચાહ વિના ચલાવી લેશો, તેમ જો અફવાડિયું ચલાવી લો, તો તમારું ચાહ પીવાનું વ્યસન છૂટી જાય."

"અને તારું દૂધ-ખાંડનું ખર્ચ બચી જાય, ખરું ને? મારો ચાહનો પ્યાલો તને મોંઘો થઇ પડયો!" ડોસી કરડાકીમાં બોલ્યાં.

"હું એમ નથી કહેતો, બા! તમે અવળો અર્થ કરો છો. ચાહમાં એક જાતનું ઝેર રહેલું છે તે પીવાથી શરીરમાં સ્ફૂર્તિ આવે છે, પણ આંતરડાં પર ખરાબ અસર થાય છે, એટલે જો ચાહ છોડીને તમે દૂધ પીવાની ટેવ પાડો તો વધારે સારું, એમ હું કહું છું."

"જાણ્યું એ તારું ડહાપણ! ચાહ માટે પાશેર દૂધ તો મળતું નથી અને ચાહને બદલે દૂધ પીવાની વાતો ક્યાં કરે છે!"

મેં આડી નજરે મારા પતિને ઇશારત કરી એટલે તેમણે સામો જવાબ ન આપ્યો, નહિ તો કદાચ મા-દીકરો લડી પડયાં હોત. સાંજ સુધી ડોસીનું મ્હોં દીકરા પર ચડેલું જ રહ્યું.

દૂધ તો હતું નહિ, એટલે મેં એક પ્યાલો ચાહનો ઉકાળો બનાવ્યો અને સાસુજીની સામે તેનો પ્યાલો મૂકીને કહ્યું: "બા, આટલો ચાહનો ઉકાળો પીશો તો તમારું માથું ચડ્યું છે તે ઊતરી-જશે."

સાસુજીએ તુરત તે ઉપાડયો અને ઉકાળો પી લઇને પ્યાલો નીચે મૂકતાં તે બબડયાં: "બળ્યો ઉકાળો! દૂધ વિનાની ચાહમાં તો કાંઈ મજા જ નહિ!

બીજે દિવસે પણ કરફ્યુ ઓર્ડર ચાલતો હતો એટલે સવારની ચાહ વહેલી તો બની શકી નહિ, પણ દૂધવાળો આઠ વાગ્યા પછી આવ્યો અને તુરત મેં એ તાજા દૂધની ચાહ બનાવીને સાસુજી સમક્ષ મૂકી. તેમણે તે પીધી એટલે તે પ્રસન્ન-પ્રસન્ન થઈ ગયાં: "હાશ, હવે મને નિરાંત વળી."

સાસુજીમાં હવે સ્ફૂર્તિ આવી હતી એટલે જીભમાં તેજી પણ આવી હતી, પરંતુ આજે તે મારી અને અનિલકુમારની સાથે આનંદથી વાતો કરતાં હતાં. અનિલકુમાર પરનો મારો કાલનો રોષ ઊતરી ગયો હતો.

ખપોરે જમી રહ્યા પછી સાસુજીએ મને સૂચવ્યું: "જો અરુણા! અત્યારે વધેલું દૂધ બરાબર ગરમ કરીને તે કરવા દઈ ઢાંકી રાખજે, એટલે કાલે સવારે વહેલાં ચાહ કરવા માટે ખપ લાગશે."

દૂધ વધ્યું તો હતું, પણ માંડ માંડ પાશેરેક હશે; અને એટલું દૂધ કાંઈ બધાંની ચાહમાં પહોંચી શકે તેમ નહોતું, પરન્તુ એકલાં સાસુજીની ચાહ પૂરતું તો હતું એટલે નિરાંત હતી.

આવો કરફ્યુ ઓર્ડર તો અમદાવાદમાં કોઇ દિવસ જોયો નહોતો. ચોવીસ કલાકનો કરફ્યુ, જેમાં માત્ર બેજ કલાકની છૂટ!

રાત્રે વાળુ કરીને પરવાર્યા પછી સાસુજીએ અનિલકુમારને પૂછ્યું: "હેં અનિલ! આવો વિચિત્ર કરફ્યુ ઓર્ડર ક્યાંય હોતો હશે? લોકોનાં ઘરને જ બાવીસ કલાકનાં કેદખાનાં બનાવી મૂક્યાં સરકારે!"

"હા, બા! સરકારને તેમ કરવું પડયું તે માટે જવાબદાર લોકો જ છે. તોફાની લોકોને ઘરમાં પુરાઈ રહેવાની ફરજ સરકાર ના પાડે તો તે શું કરે?"

"પણ તોફાનીઓને સરકાર ભલેને જેલમાં પૂરે, બિચારા નિર્દોષોને આમ ઘરમાં ગોંધવાનું ક્યાંય હોતું હશે! કોઈ માંદું સાજું હોય, કોઈને દવા-દારુ જોઈતાં હોય, કોઇને ડાક્ટરને બોલાવવો પડે..."

"હા, તે માટે સરકાર કરફ્યુના વખતમાં જવા આવવાની પરમીટ દર્દીઓને અને ડાક્ટરોને આપે છે."

"ત્યારે એવી પરમીટ દૂધવાળાને પણ સરકારે જરૂર આપવી જોઇએ. દૂધ વિના લોકો ચાહ કેવી રીતે પીએ તેનો વિચાર સરકાર ન કરે?"

અનિલકુમારથી હસી પડાયું. તેમણે કહ્યું: "દવા કે ડાક્ટરની મદદ વિના તો લોકોની જિંદગી જોખમમાં આવી પડે એટલે તે માટે સરકાર પરમીટ આપે, પણ ચાહ વિના કાંઇ લોકો મરી નથી જતા, એવું સરકાર જાણે છે."

પછી કેટલી ય વાર સુધી મા-દીકરા વચ્ચે શહેરમાં ચાલતા રમખાણની અને સરકારની કામગીરીની વાતો ચાલી તે મારા શયનખંડમાં સૂતી સૂતી હું સાંભળતી હતી; અને ચોકની સામી બાજુએ આવેલા સુશીલભાઇની શયનખંડની બારીમાં બેઠેલી સુનંદા પણ સાંભળતી હતી.

કરફ્યુ ઓર્ડરના અમલથી લોકોને ગમે તેટલી હાલાકી પડતી હોય, અને ઘરમાં ગોંધાઇ રહેવાથી કંટાળો પણ આવતો હોય, પરન્તુ વહેલી રાતમાં જ ચોમેર જે શાન્તિ પ્રસરી જતી તે મારા જેવી ને ઊંઘ કાઢવા માટે બહુ અનુકૂળ હતી.

પણ મધરાત થઈ હશે એટલામાં નજીકમાં કોઈના બાળકના રડવાના અવાજથી હું જાગી ગઇ. એ તો

સુનંદાનો બાબો રડતો હતો. એકાદ મિનિટ છાનો રહે અને પાછો રડવા લાગે. સુનંદા ધીમું ધીમું હાલરડું ગાય, પારણું ઝૂલવાનો ખટખટ અવાજ થાય, પણ બાબો ઊંઘે નહિ અને રહી રહીને જોરથી રડવા લાગી જાય.

પાંચેક કલાક હું બિછાનામાં જાગતી પડી રહી, પણ બાબાનું રુદન અટકયું નહિ અને મારી આંખ મીંચાઇ નહિ.

મેં બારી ઉઘાડીને હાક મારીઃ "સુનંદા બહેન! બાબો આટલું બધું કેમ રડે છે?"

સુનંદાએ ધીરેથી બારી ઉઘાડીને કહ્યું: "હા, જુઓને, બહુ રડે છે; કેમે કરતાં છાનો રહેતો નથી."

"એ ભૂખ્યો થયો હશે, તો જરા ધવડાવીને સુવાડોને, એટલે ઊંઘી જશે."

સુનંદા કશું બોલી નહિ, પણ તુરતમાં મારા ખ્યાલમાં આવ્યું કે સુનંદાને ધાવણ ક્યાંથી આવે! બાબો દોઢેક વર્ષનો થયો હતો અને સુનંદાના ઉદરમાં બીજું બાળક હતું. મેં મારી ભૂલ સુધારતાં કહ્યું: "નહિ તો એને જરા દૂધ પાઇને સુવાડી દો."

સુનંદા બોલીઃ "દૂધ છે નહિ, એ જ પંચાત છે ને. સાંજે દૂધ આવ્યું નહિ, અને સવારનું દૂધ સાંજ પડતાં પહેલાં વપરાઈ ગયું."

મારા મનમાં થઈ આવ્યું કે હવે બિચારા બાબાની અને સુનંદાની રાત કેવી રીતે જશે! સવારની ચાહ માટે મેં પાશેરેક દૂધ ઢાંકી રાખ્યું હતું તે મને સાંભર્યું; પણ એ દૂધ હું સુનંદાને આપી દઉં તો સવારે રોસી મારો જીવ જ ખાઇ જાયને!

પણ બાબાનું કરુણ આક્રંદ મારાથી વેઠાયું નહિ. ધીરેથી બારણું ઉઘાડીને હું નીચે ઊતરી. સાસુજી જાગી ન જાય એ રીતે મેં જરાએ અવાજ થવા દીધા વિના રસોડું ઉઘાડયું. બત્તી પણ કર્યા વિના અંધારે ફંફોસીને મેં દૂધનો વાડકો લીધો અને ધીરે ડગલે હું પાછી ઉપર ચડી. ચોકની બારી વાટે હાથ લંબાવીને મેં સુનંદાને બોલાવી: "સુનંદા બહેન! જરા હાથ લાંબો કરો."

સુનંદા બારી પાસે આવી, તેણે હાથ લંબાવ્યો અને દૂધનો વાડકો લીધો. મેં કહ્યું: "કોઈને કહેતાં નહિ, હોં!"

અને બારી વાસીને હું પાછી બિછાનામાં પડી. પાંચેક મિનિટમાં બાબાનું રુદન બંધ થઈ ગયું અને સુનંદાના શયનખંડમાં શાન્તિ પ્રસરી ગઈ.

ડાક્ટરો અને દર્દીઓને જો કરફ્યુ ઓર્ડર દરમ્યાન ફરવાની પરમીટ અપાય છે, તો દૂધવાળાઓને પણ પરમીટ અપાવી જોઇએ, ચાહ પીનારાંઓ માટે નહિ, તો ભૂખ્યાં બાળકોને દૂધ પહોંચાડવા માટે દૂધની વહેંચણી બરાબર થાય તે જોવાની ફરજ સરકારની હોવી જોઇએ, એમ મને લાગ્યું અને તે માટે છાપાદ્વારા પોકાર ઉઠાવવાનો વિચાર કરતી હું ઊંઘી ગઈ.

સવારમાં ઘડિયાળે છ ટકોરા કર્યા અને સાસુજી ઓરડામાંથી નીકળ્યાં, ઓટલે ગયાં, દાતણથી પરવારીને તુરત પાછાં ફર્યાં અને બોલ્યાં: "અરુણા! ચાહ થઇ ગઈ?"

મેં કહ્યું: "હજી દૂધ ક્યાં આવ્યું છે બા?"

"પણ કાલનું થોડું દૂધ છે ને, તેમાંથી એક કપ ચાહ મને જલ્દી કરી આપ."

મેં જવાબ આપ્યોઃ "એ દૂધ તો ખાટું થઇ ગયું હતું, બા! એટલે મેં ગટરમાં રેડી દીધું.!"

"એમ? રડયા રબારીઓ ય હવે તો દૂધમાં ભેળસેળ કરતાં શીખ્યા!" એમ બોલતાં તેમણે નિઃશ્વાસ નાખ્યો.

અને મને આનંદનો ઓડકાર આવ્યોઃ સુનંદાનો બાબો ચોકની બારીના સળિયા પકડી કિલકિલાટ કરતો હતો.

યુગસાહિત્ય અને પ્રજાજીવન

દેસાળજી પરમાર

યુગસાહિત્યને અને વર્તમાન પ્રજાજીવનને ખૂબ નિકટનો સંબંધ છે એ તો સૌ કોઈ સમજે છે; પરંતુ સાહિત્યના જગતમાં એવો એક નાનો વર્ગ છે કે જે 'સાહિત્યને ખાતર સાહિત્ય' અથવા 'શુદ્ધ સાહિત્ય'ની ભાવનાનો ભક્ત છે. શુદ્ધ અને અશુદ્ધ અથવા ઉચ્ચ અને કનિષ્ઠ એવા બે પ્રકારના સાહિત્યનો ભેદ તો આપણે સમજી શકીએ; પરંતુ 'સાહિત્યને ખાતર સાહિત્ય'ના અર્થમાં શુદ્ધ સાહિત્યને સમજવું મુશ્કેલ છે. ખરા અર્થમાં તો સાહિત્ય જેમ જીવનનો ફૂલફાલ છે તેમ એ નવજીવનનું ખાતર પણ છે, અને વર્તમાન જીવનથી અલિપ્ત અથવા અસ્પર્શ રહેનાર સાહિત્ય નવજીવનનું ખાતર કેમ બની શકે એ સવાલ છે.

વૃક્ષનાં પાંદડાંનું ઊખીકરણ ફૂલોની પ્રફુલ્લતામાં થાય છે અને એવું જ છે જીવનવૃક્ષનું. વર્તમાન જીવનનાં ફૂટતાં બળોનાં પાંદડાંનું ઊખીકરણ સાહિત્ય કૃતિઓની કળીઓમાં થવું જોઈએ. આ અર્થમાં જ સાહિત્યને ખાતર સાહિત્ય હોય અને એવું સાહિત્ય જ નવા જીવનનું ખાતર બની શકે. આ પ્રક્રિયા ઉપર જગતની પ્રગતિનો આધાર છે અને આ જ અર્થમાં સાહિત્ય જીવનને ઉપકારક છે. જીવન જો જનક છે તો સાહિત્ય એનું સંતાન છે; અને એ સંતાનનો ધર્મ જનક જીવનને ટકાવી-સંભાળીને નવસંતતિરૂપ નવજીવનને પ્રગટાવવાનો છે.

આ વિચાર આવવાનું કારણ તો છે એક સમાજવાદી આંગ્લ કવિ મી. સ્ટીફન સ્પેન્ડરનું કાવ્ય પુસ્તક 'Ruins and Visions'—'ખંડેરો અને સ્વપ્નો.' બીજા મહાભારત યુદ્ધ પૂર્વે આવા સમાજવાદી કવિ-લેખકોનું એક ગુચ્છ પોતાનું સાહિત્ય પરખીને પ્રગટ કરી રહ્યું છે. એ પરંપરાગત જીવન બંધારણની જડ રૂઢિઓના બંધનોને સ્વીકારતું ન હતું; એમની લેખનશૈલિ ભિન્નરૂપ ધરતી હતી; અને તે કારણે એ ગુચ્છ સ્થિતિચુસ્તોના ઉપહાસને અને ટીકાને પાત્ર થતું હતું.

લંડનની મશહૂર 'પોએટ્રી સોસાયટી'ના દ્વિમાસિક 'પોએટ્રી રિવ્યુ'માં એની કડક ટીકા અને સખત ઠોળણી થતી હતી, પણ કુદરતનો સંકેત ગૂઢ હતો ને જુદો હતો. રશિયાની ક્રાન્તિ બાબતમાં જે બન્યું હતું તે જ આ કિસ્સામાં બન્યું. પ્રજાના માનસ ઉપર એ સાહિત્યની જે અસર પડી તેણે લોકજીવનને પલટી નાંખ્યું. એ અસર વધુ ક્રાંતિલ બનવા માંડી બીજા મહાભારતની લંબાયેલી પરિસ્થિતિને લીધે. પરિણામ? પરિણામ આવ્યો ઈંગ્લાંડની ચૂંટણીમાં સમાજવાદી મજૂર સરકારની પુનઃ સ્થાપનાનો. આંખ ઓલે એવી એ કરામત હતી. સ્થિતિચુસ્તવાદની જડ ઊખડી ગઈ. આ છે સાહિત્યની શક્તિ અને સાહિત્યની સાંગ.

૨

હવે આપણે પ્રસાદી તરીકે આ સમાજવાદી કવિની થોડીક સાહિત્યવાનીનું આસ્વાદન કરીએ. એ પરથી સમજ પડશે કે એ કવિઓના ગુચ્છના અંતરમાં કેવો અને કેટલો અગ્નિ ધીખેલો ને ભારેલો હતો; અને એમના સાહિત્યનું ખમીર લોકજીવનની નસેનસમાં દાખલ થઈ કેવું ધમધમી ઊઠ્યું હતું. સાહિત્યકારના માનસ ઉપર સાહિત્યનું સ્વરૂપ બંધાય છે અને એ માનસ જેટલું જ્વલંત હોય તેટલું સાહિત્ય ક્રાન્તિકર અવશ્ય બને છે એનો ખ્યાલ પણ જરૂર આવશે. એ સાથે વર્તમાન હિંદી જીવનના સુમેળ કે આઘાતરૂપે સાહિત્ય પોતાના સ્વરૂપને કેમ સજે છે એ પણ અમજાશે. આપણા વર્તમાન જીવનનું બળ અને સાહિત્યનું રૂપ કેવું છે એની ખાતરી પણ થશે જ.

આ કાવ્યો યુદ્ધ સમયના કાળા ઓળાઓના ભાષાચિત્રો છે, એવા એક ગીતમાં એક યુદ્ધ સૈનિકને જોઈ રહેતી ઉપરથી સ્મિતવાદના દેખાતી એમની લલનાને સંબોધીને સૈનિકના મુખે કવિ કહેવરાવે છે કે—

" તારા સ્વર્ગીય આનંદને કોમળ જુદાઈથી
ઊતરતી અને ત્રાસના નિરંકુશ સ્મિતથી મારા પ્રેમને

ઢાંકતી ઓ જાણી અજાણી ! તારું આ વર્તન બરાબર છે, બરાબર છે; કારણ કે માથા ઉપર ભયનું વાદળ ઝઝૂમી રહ્યું છે ને નીચે ભૂખ્યાં પ્રાણીઓ વલવલે છે. એ પ્રાણીઓના ક્ષણભંગુર સૂર્યનું ખગ્રાસ ગ્રહણ કળીનો રાહુ ન કરી જાય એટલા માટે તેઓ સૌ જલદી જલદી એશઆરામ કરી લેવા તૈયાર થવા લાગ્યાં છે."

" હું એક ઉખાડી નાખેલા ઝાડના ઠુંઠા હેઠળ ઊભો છું. વસન્તના આનન્દના મારા લીલાછમ જીવનને મારા પડખામાંથી કાપી નાખવામાં આવ્યું છે. હું મારા દેશનિકાલ કરાયેલા દુઃખમાં શાપિત છું. એ બરાબર છે, બરાબર છે; કારણ કે હું બે માનસજીવનનો શિકાર ખેલવા તૈયાર થયો છું અને મને આપઘાતની સજા થઈ છે. મેં દયાને મારા અંતરમાં ગુંગળાવી નાખી છે, મેં બીજાં બે માનવજીવનને જુદાં પાડયા છે; અને જે ભોગ મેં લીધો છે એ ભોગ દુનિયાએ પણ ધરવો એવી હું ફરજ પાડી રહ્યો છું."

આ તો આખા ગીતની ચાર કડીઓ પૈકી બે જ કડીઓ છે; પણ એમાં યુદ્ધનો ત્રાસ કેવા ભીષણ રૂપે પુકારી ઊઠે છે!

'આંસુની ફૂલદાની' નામના બીજા કાવ્યમાં વિયોગનાં અશ્રુનું કરુણ ચિત્ર આલેખાયેલું છે.

પથ્થરમૂર્તિના ચહેરા ઉપર આંસુ દડે છે એ છે હૈયાના દેવદૂતો. તને પણ અપરિચિત એવા કોઇક સ્વપ્નનો આધાર. આ ચૂમીઓથી મને તારાં ચક્ષુઓને લૂછવા દે. મારાથી શકય હોય એવું સાંત્વન હું રેડીશ. તારી એકલવાયી રાતનું એ ઝાંખેરું તેજ; અને પછી પશ્ચાત્તાપ તરીકે આપણી ભૂખી તરસી જીવન જરૂરતોને લાડકોડથી ગુંગળાવી મારીશું."

યુદ્ધે ગયેલો સૈનિક પોતાની પ્રિયતમાને બંબવર્ષાની ભોગ બની ગયેલી કલ્પે છે અને એને લાગે છે કે લડાઈની વરસતી ગોળીઓ તો પ્રિયતમાની ચૂમીઓ જેવી મધુરી કુમાશભરી છે. એ કહે છે કે—

" એની ખોટ મને લાગે છે તેનાથી એમને લાગતી મારી ખોટ જરાય ઓછી નથી. ખરું છે કે એણે મને તજીને કોઇની (મૃત્યુની ?) ચૂમી પસંદ કરી છે. પણ અમારાં જીવન એકમેકમાં એવાં તો ગુંથાઇ ગયાં હતાં કે મને એનાથી ઝડપીને અલગ પાડવામાં મારા હૃદયના સૂત્રધારે એને જ મારી પાસેથી ઝડપીને અલગ પાડી દીધી છે."

બ્રિટનમાં એવા કિસ્સા પણ બનેલા કે યુદ્ધે ચડેલા પતિના વિયોગની નિરાશામાં ઝૂરતી નારી વાટ જોતી થાકીને બીજાનો પ્રેમ શોધી લેતી અને એનાં સંતાન 'યુદ્ધકાળનાં સંતાન' કહેવાયાં છે. બીજો તર્ક કરીને કવિ કહે છે (જો કે અહીં મૃત્યુનો બીજો પ્રિયતમ અભિપ્રેત છે) કહે છે કે—

" એ (સૈનિક) કાંઇ 'ઓર્ફિયસ' ન હતો અને તેણી કાંઇ 'યુરિડાઇસ' ન હતી બાઈ તો ધનમાલ બાંધી ચોંધીને બીજા કોઇની સાથે રહેવા ચાલી ગઈ છે.—પોતાના નિરાશાના સામ્રાજ્યથી દૂર દૂર અહીં તહીં કે ગમે ત્યાં સમુદ્રકાંઠે સૂર્યાતપરનાનના આનન્દો લૂંટવાને એ ચાલી ગઈ છે."

'કબૂતરની પાંખો' નામના એક બીજા કાવ્યમાં કવિ અજબ રંગે ચડે છે. એક સુંદર કન્યા છે. કવિ એને 'બિચારી' કહીને સંબોધે છે. સોનેરી કોરપટ્ટાનો વસંત પોશાક એણે પહેર્યો છે. જાણે અવનિએ રંગબેરંગી ફૂલોની માળાઓ પહેરી છે! અને એ ફૂલપોશાક હેઠળ દુનિયાભરની અંધાધૂંધીઓ અને કત્લોનાં પ્રેતો પુકાર કરી રહ્યાં છે.

કવિ કન્યાની ઊંડી ગયેલી આંખોમાં જુએ છે. એ શું વાંચે છે ? હૃદયકૂપની સુરંગો. એક તરફ કાતિલ મોતની મહેફિલ અને બીજી તરફ આ જીવનનો રંગરાગ ! એ બે પાઠ એક સાથે ભજવવાનો છે. કવિ કહે છે—

" આપણા હોઠ હેઠળ આપણાં મન માનવજાતનાં આક્રંદ સુણીને એક બને છે અને એવી માનવ જાત કે જે સુએ છે પણ સૂતી નથી."

" મારું આરણ્યરુદન છે, એ શા અર્થનું છે ? એની પાસે કાંઈ સર્જનની છરી નથી કે જે જીવનના મૂળમાંથી સડેલા અંગભાગ ને કાપી કાઢી શકે. એ રુદન તો એટલું જ પૂરવાર કરે છે કે અનહદ પ્રેમ રૂધિરમાંસની પેલી પાર અંધારમાં એકલા ચીસો પાડતા બેડોળ હાડકા સુધી પેસી જાય છે. "

" અને છતાં મારું દર્દ ફક્ત એક સોણું છે અને એક જ પવનને ઝપાટે ઊડી જવાનું છે એમ તેઓ ધારે છે, જે રોજ દેખાતી અને રોજ હાજર રહેલી, જિંદગી સાથે જાગી ઊઠતું નથી, તમારી પ્યારી આસપાસ વજ્રકઠોર પરિસ્થિતિ ખડી છે. ભૂખે મરતી આશાદીવ્યી એ ભયાનકતા છે. એ સૂચવે છે કે આ પળે જ તારું મોત છે. "

'સુદ્રદેવ'ના કાવ્યમાં કવિ એમ કહેવા માગે છે કે આત્માના પ્રેમનું તત્ત્વ અનંત છે અને તે ખૂનામરકીથી પણ અટકતું નથી. તેથી પિતાને મારી નાખનારનો જીવ એ પિતાનો પુત્ર મોટો થઈને અવશ્ય લેશે. કારણ કે—

" એના (પિતાના) ખરી પડેલા દાંત પૃથ્વીને કોરીને નવા વેરનું નવું વીર્ય પેદા કરશે. કેમકે સંસાર એ સંસાર છે; એ કાંઈ કપાઈ ગયેલાંની કે કાપી નાખનારાઓની દુનિયા નથી કે એકબીજાને મારી આપી દે. છંછેડાયેલો નિરાશાના સાગરો હેઠળ છૂપાયેલા પ્રેમની તૃષ્ણા વા અનંતતા કંઈ એમ અટકી પડવાની નથી."

'સ્મરણપ્રશસ્તિ' નામના એક કાવ્યમાં કવિ કહે છે કે શરીર મરે છે, સડે છે પણ હિંસાવૃત્તિ મરતી નથી. જીવન હવે કરમાયેલાં ફૂલો જેવું બન્યું છે. ત્યાં એકલી હિંસાવૃત્તિ જ જીવતી હોય અને બીજું બધું અટકી જતું હોય ત્યાં મૃત્યુનો આપણે કેવી રીતે અનાદર કરી શકીએ ?

'૧૯૪૦ જૂન'ના કાવ્યમાં કવિ કહે છે.—

" આંખ કે કાન આત્માનાં દર્શનદ્વાર નથી. વ્યવસાયાત્મિકા બુદ્ધિ જ આત્માની બારી છે. પણ માનવજગત કાંઈ કુદરત નથી; પરંતુ ભયાનક ઓયારનું નરક છે. ઈતિહાસ પૃથ્વીપટનો રાક્ષસ છે. આપણા આત્માની ઋતુ કયામત છે; એ કાળના ભીષણ ગર્ભમાંથી અવતાર-ધારણ કરે છે.... સારું સારું, વધુ ગંભીર અન્યાયને આવતી કાલે વધુ ગંભીર હાર મળવાની છે".

એ જ કાવ્યમાં કવિ ઊંડી ખીણના ખડક ઉપર તોળાઈ રહેલા ઇંગ્લાંડની યાદ જગાવે છે. ઈંગ્લાંડ કહે છે 'ચોક્કસ અમે જીતીશું' પણ એવામાં લડાઈમાં ઠાર થયેલા એક જુવાન સૈનિકનો સાદ સંભળાય છે. એ સાદ કહે છે—

" મનમાં એક શંકા સહિત હું ભોંય પર ઢળ્યો છું. મને લાગ્યા કર્યું છે કે આ બધું આરંભથી જ જૂઠાણું છે. હૃદયના પ્રશ્નો ઉપર પોલાણનો પડદો પડી ગયો છે. ધ્યેય કે શ્રદ્ધા વગરના અવકાશમાં એકલગ્રહ જેવો હું પડયો છું. આધાર જેવું ગારે કંઈ રહ્યું નથી. માત્ર અનંત અને ખાલી જીવનતૃષ્ણાનું પ્રાયશ્ચિત કરવાનું રહ્યું છે."

આ તો છૂટાછવાયાં કાવ્યોની છૂટી છવાઈ વાની છે; પરંતુ એ સૌમાં લડાઈ પ્રત્યે ભયાનક ત્રાસ અને કટ્ટર નફરત ઊપરી આવે છે. યુદ્ધ દરમ્યાનનું આ સાહિત્ય યુદ્ધવિજય બાદ દેશના રાજ્યતંત્રને ઉથલાવી પાડવામાં સમર્થ અને સફળ નીવડયું છે એ આપણા માટે મોટું આશ્વાસન છે.

દૂરદર્શી પ્રશ્ન એ ઊઠે છે કે આવી શક્તિ ધરાવનારા સાહિત્યકારોને અવગણીને દેશના આવતા સંચાલનનો દોર હાથમાં રાખનારા કાલિનાગોને પૂરી રીતે નાથી વશ કરવાની જરૂર નથી શું ? અને એ ધર્મ આજના સાહિત્યકારોનો નથી શું ?

રા'માંડલિકનું દીવાસ્વપ્ન

ઝવેરચંદ મેઘાણી

['કદી કદી માંડલિક એકાંતે બેસીને ગિરનારને સંભારી પોક મૂકી રોતો.' એવા શબ્દો મિરાતે-સિકંદરીમાંથી, મળે છે. એ ઐતિહાસિક સત્યના આધારે, પોતાની 'રા ગંગાજળિયો' નામની વાર્તાની સંસ્કારેલી નવી આવૃત્તિમાં શ્રી મેઘાણીએ આ નવું સમાપ્તિ આલેખન કર્યું છે. જ્ઞાની, કલારસિક અને પરાક્રમી રા'માંડલિકનું ક્રમશઃ થતું ગયેલું નૈતિક માનસિક પતન આખરે ઈસ્લામની સમશેરધાર તળે પરાજયમાં જ નહિ પણ વટાળમાં પરિણમ્યું, તે પછીની એની આ મનોવેદના છે. જે જે થઈ ગયું છે તેનાથી ઊલટી જ પરિસ્થિતિનું આ દીવાસ્વપ્ન છે]

અમદાવાદનું એ રસુલાબાદ નામે પરું હતું. મુસ્લીમ સંત શાહઆલમની જગ્યા હતી. આ સંતની સન્મુખ એક મોટી ઉંમરનો શિષ્ય અદબ કરીને રોજ પ્રભાતે, બપોરે ને સંધ્યાકાળે બેસતો. સંત એ નવા દરવેશને સૌમ્ય શબ્દોમાં ઈસ્લામધર્મની કિતાબ શીખવતા.

'સમજ પડે છે ખાનજહાં?' મુર્શદ શાહઆલમના મોંમાંથી વારે વારે એ બોલ ટપકતો. અને એ પ્રત્યેક પ્રશ્નના ઉત્તરમાં શિષ્ય શિર ઝુકાવી કહેતો કે 'બરાબર બાબાજી! બરાબર છે.'

દરવેશોના સમૂહની સાથે ખાનજહાન બેસતો હતો, અને ઈસ્લામધર્મની તત્ત્વાલોચનામાં ભાગ લેતો. વૈષ્ણવધર્મ, શૈવધર્મ, વગેરેના સિદ્ધાંતોની સરખામણી પણ એ ટાંકતો. દરવેશો એની કાબેલિયત પર વાહ વાહ બોલતા.

થોડો કાળ તો આ વાહવાહ અને વૃદ્ધ મુર્શદની દિલસોજી એને એનો ભૂતકાળ ભૂલવવામાં સફળ થયા. 'બધું ફાની છે!' એણે મનને મનાવ્યું. 'હું એ નહોતો, એ નથી, એ નહિ હોઉં.' એવા શબ્દો વડે ખાનજહાન કશુંક ભૂંસ્યા કરતો હતો. અને વચ્ચે વચ્ચે હસી પણ પડતો. મનને ચૂપ કરવા માટે કદીક મોટે અવાજે પણ બોલતો: 'એ સઘળું જૂઠ હતું, એ તો સપનું હતું. એને શીદ વળગી રહ્યો છે હજુ?'

એમ વર્ષો વીત્યાં. નિત્યની પાંચ નમાજો, ને વર્ષોવર્ષ રોજાં, ઈદ, મહોરમ, એ સર્વનું ખાનજહાં અચૂક પાલન કરતો, ને કોઇ કોઈ વાર જરા તરા ક્ષુબ્ધ બનતા રુદાને રુંધતો ઠપકો દેતો: 'એક વાતો કાં બગાડે છે?'

વર્ષો ગયાં, માનેલું કે કાળનું કરવત ભૂતકાળ ને વર્તમાનને એકબીજાથી છેદી નાખી અલગ પાડી દેશે, ને હું છુટો થઇ જઇશ. એવી રાહ જોવી નિરર્થક નીવડી. સમૂહની વચ્ચે બેસતાં એ આદમી બેચેન બનવા લાગ્યો, ને ખાનજહાંની બોજે નીકળવું બાબાજીની જગ્યામાં જરૂરી બનવા લાગ્યું.

એકાંતે બેસીને એક દિવસ એ અંતરનું સમાધાન કરવા મથતો હતો. રાત હતી. અંધકાર હતો. વચ્ચે વચ્ચે તારા ટમટમતા હતા. એકાએક એને લાગ્યું કે પોતાના ખોળિયાની અંદરથી કોઇક માનવી બહાર નીકળે છે, ઝાલ્યું ઝલાતું નથી, વળોટાવીને નાસી રહ્યું છે. નાસે છે નૈઋત્ય કોણની દિશે, પોતે જાણે એક સામટા હજારો સાંઈઓ, ફકીરોનું ટોળું લઇને એ મન-માનવીની પાછળ દોટ દે છે, અલ્લાહની આણ આપે છે, ધોકા બતાવે છે, હૂંફો અને લાંબા સોયા ઘોંચવાનો ડર દેખાડે છે, કીકીઆટા કરે છે; 'દીન દીન' પુકારે છે, તે છતાં પેલું નાસી રહેલું મન-માનવી નથી થોભતું, જાણે કે એક નીસરણીનો એને આધાર મળી જાય છે, ને એ આરોહણ કરે છે.

પગથીએ. પગથીએ એ પગ ઠેરવતુ જાય છે. પહેલે પગથીએ એને ગાટે એક કાવડ ઊભી છે. એ કાવડના ગંગાજળે પોતે સ્નાન કરે છે.

બીજે પગથીએ : એક સ્ત્રી બખ્તર, ઢાલ, ને તલવાર ધરી ખડી છે એના કંકુઆળા કંકણવંતા બે કર મન-માનવીને સર્વ આયુધો સજાવી આપે છે. ઓળખે છે. એ તો કુંતાદે છે. મારી રાણી કુંતાદે.

ત્રીજે પગથીએ : કંકાવટી લઇને એ કોણ ઊભું છે? મોનીઆ ગામની ચારણ બેન ઝીણબાઈ! હા હા! લ્યો આઈ, જનેતા, ટીલાવો મને. હવે હું નહિ ફરું. તેં દાડે હું ફર્યો તો કારણ કે મારો દી' ફર્યો હતો.

ચોથે પગથીએ : અશ્વ ઊભો છે. છલંગ મારી પોતે પલાણે છે. હણહણાટી થાય છે, તે સાથે તો દમંગળ હિન્દવી ફોજના 'હર! હર!' રણઘોષ ગાજી ઊઠે છે, ને ગગનમંડળમાં એક વિરાટ છાયામૂર્તિ છવાય છે : 'કોણ તમે? હારે હા! પ્રોઢ્યા દેવ! કાકાજી હમીર.ગોહિલ! આશિષો આપો.'

પાંચમે પગથીએ : તુરી ભેરી ને રણશીંગીના મહાનાદ : શંખ બજાવે છે-સોમેશ્વરદેવનું પુજારીવૃંદ પોતે ધન્યવાદ ઉચ્ચરે છે. ધન્ય પુરોહિતો મેં ધાર્યું નહોતું.

'અમે ભૂલ્યા હતા. અમારો વિભ્રમ ગયો.' પૂજારી વૃંદનો જવાબ સંભળાય છે.

'મારી યે કમત્ય ગઈ.' એમ કહેતો એક મહાનર મસાણેથી ઊઠે છે, શસ્ત્રસજ્જ સોરઠીયાનું ઘળકટક દોરતો.

'કોણ! દુઃજી બાપુ! દયીવાનો નૂતન જન્મ' વાહ વાહ!'

ઓલીને એ મન માનવી છઠ્ઠે પગથીએ ચડે છે. રણસ્થળના વિશાળ પટ પર અસરાણ ફોજ પર મીટ માંડે છે, તે બેગી તો ક્ષિતિજ પર આગ લાગે છે, ભડકા ઊઠે છે, અસરાણ ફોજના નેજા સળગે છે, નાસેડું લઈ દેખાયા જતા એ પરદેશી કટકની વાટ રૂંધી આ કોણ મહાકાય નાગી ખડી છે!

'મા! આઈ નાગબાઇ! તમે છો શું?'

'હા બાપ. હેમાળેથી પાછી વળી. પણ હવે બીશ મા.' એમ કહેતોક ને નાગઈ અગ્નાસ્ત્ર જેવું રૂપ પ્રકાશે છે. ઊભી ઊભી માંડી છે અસરાણોને મોંમાં ઓરવા. કચડ કચડ કચડ! લાખોને ખૂંદી કરી જાય છે.

સોરઠના સીમાડાની બહાર અસરાણને તગડી મૂકીને એ મન-માનવ ખુશ્કી કૂપાણે પાછો વળે છે, ગામગામને પાદરે જનતા વૃંદે વળી હોય છે, વિજેતાને ગળે જયમાળાનો પાર રહેતો નથી, વિશાલ ભાલ પર મંગળ અક્ષત-કંકુના થર ચડે છે, જૂનાગઢ પહોંચીને એ ગિરનારદરવાજે એક ચોરામાં દાખલ થાય છે, ત્યા શબ્દ સુણે છે 'વાહ રે છબીલાજી!'

'એ કોણે કહ્યું : ઓહ, આ તો નરસૈયાજી! મહેતાજી! ગાઓ, હવે. સદાકાળ ગાયે જજો. કદી નહિ રોકું.'

'લ્યો રાજન્! જળ લ્યો, તરસ્યા ને થાકેલા છો.' એ બોલ ઉચ્ચારતી એક નારી દેખાય છે. હાથમાં પાણીભરી ટબૂડી છે. મન-માનવ મોં ખોલે છે. 'શું સ્વહસ્તે મનેય પાશો રતન માગી?'

'હા રાજન્! સાચા તરસ્યા સહુને પાઈસ.'

મન-માનવ ઉપરકોટને દ્વારે આવે છે; ને પડખે એક મોરપિંછનો ઝુંડો લહેરાય છે. એક મસ્તક ઊગું થાય છે. શામળું, સુંદર, કાનકડી લળકાવતું એક મોં દેખાય છે. ને કહે છે હવે મને રજા છે રાજન્?'.

'ઓહો હો! બીલકુમાર! તમે શું મારી પાછળ પાછળ રક્ષા કરતા ઘૂમતા હતા? તમે, મારી કુંતાદેનાં મદિયર! તમે શૂદ્ર નથી, હું ક્ષત્રિય નથી, મહેતાજી નાગર નથી, સર્વે માનવો છીએ. આવો, મોકળના દુર્ગપાલ બનો.'

ને પછી રાત્રિએ મનમાનવ ઊંચા મહેલે ચડે છે. જરૂખે જઈ બેસે છે. વાદળિયા ગિરનારનો ધૂંધળો મહાદેવ દેખાય છે. કોઈક આવીને સિતાર મેલી જાય

છે. પોતે સિતારને ખોળે લઈ તાર મિલાવે છે. મિલાવટ બરાબર થઈ રહે, મહેલમાંથી એક ગાન ઊઠે છે,

'તમમું લાલા! તમમું લાલા!
તમમું લાગી તાળી રે!'

મિનાર પર સહસા એ લાળના ઝંકાર જાગે છે. અને ગાનારું વેગળા એક ખંડમાંથી અગાસી પર ચાલ્યું આવે છે. નૃત્ય કરતું, ચણીઆના સાગર-ઘેરને ઝોલે ચડાવતું, ચૂંદડીના છેડાને છોળો લેવરાવતું, છૂટા ચોટલાના વાસુકી-ગુચ્છની લહેરો લેવરાવતું, પાસે આવે છે. ને સિતારના બજવૈયાને બાહુ પાશે લપેટી લે છે.

'કુંતા! દેવડી! અહો! બહુ દમી તને! ક્ષમા.

વાક્ય અધૂરું રહે છે. બોલતા હોઠ પર એક ચુંબન ચંપાય છે—

'અલ્લા-હો-અકબર'

ઊંચી મિનારત પરથી એક બાંગ પડી ને દરવેશ ખાનજહાં કલ્પનાની સીડીને છેક ટોચ-પગથીએથી પટકાઇ પડયો. નીસરણી ઉઘલી ગઈ.

આંખોમાંથી અશ્રુની ધારા દડી પડી. એ ઊઠયો. મસ્જીદમાં પ્રવેશ્યો. નમાજમાં ઝૂકયો. રોશનીમાં એની નેત્રધારા નિહાળી શકનારાઓએ કલ્પના કરી: 'ઈશ્વર-મર્મમાં કેવો ગળી ગયો છે!'

એક દિવસ ખાનજહાંનો દેહ પડયો. એને માન-પાનથી અમદાવાદમાં લાવી, અહમદશાહના રોજા અને રાણીના હજરા નજીક દફનાવવામાં આવ્યો. આજે ત્યાં કંદોઈ ઓજામાં એક નાનકડી હારડી છે. એ હારડીમાં એક નજીવી કબર છે. એ છે ખાનજહાં નામધારી ગોરાના વટસેલા રાં માંડલિકની મૃત્યુ સમાધિ.

મજૂર કાર્યકરોની જાણ માટે

દેશી રાજ્યો સહિતના આખા હિંદુસ્તાનનાં કારખાનાંઓમાં ત્રીસ લાખ મજૂરો કામ કરે છે. બ્રિટનની વસ્તી હિંદુસ્તાનની વસ્તીના દસમા ભાગ જેટલી છે. છતાં બ્રિટનનાં કારખાનાંઓમાં સવાથી દોઢ કરોડ ઔદ્યોગિક કામદારો કામ કરે છે.

આપણા દેશના ત્રીસ લાખ મજુરોમાંથી પૂરા ચાલીસ પણ ટ્રેડ યુનિયનોના સભ્ય નથી. આપણાં ટ્રેડ યુનિયનોની સંખ્યા ૭૦૦ જેટલી છે. બ્રિટનમાં એ અગિયારની સંખ્યામાં છે.

નિસર્ગોપચારમાં અણમોલ ફાળો આપનાર

ડૉ. મહાદેવ પ્રસાદ એમ. ડી.

રમણલાલ એન્જિનીઅર

પૂ. ગાંધીજીએ આપણા દેશના રાજકારણમાં પ્રવેશ કર્યો ત્યારથી આપણી સંસ્કૃતિના વિવિધ અંગોમાં એમની અસરને લઇને જબરજસ્ત ક્રાન્તિ થઈ છે. સ્વાભાવિક રીતે જ ગુજરાત ગાંધીમાર્ગથી સૌથી વિશેષ રંગાયું છે, અને એનું એક પરિણામ એ આવ્યું છે કે રાજકારણ અને એના પછી સાહિત્ય એ બે ક્ષેત્રોએ પ્રજાનું સમગ્ર ધ્યાન રોકી લીધું છે. આ બે સિવાય બીજા ક્ષેત્રોના વીરો વીસારે પડ્યા છે, અને એમના કાર્યની ઘટતી કદર થઇ નથી.

હિંદ સ્વતંત્ર થશે, ત્યારે આપણે આપણા પ્રશ્નોને નવી જ ઢબે જોવા પડશે. તે વખતે રાષ્ટ્રોત્થાનના કાર્યને અનેક પ્રકારની પ્રતિભાઓની જરૂર પડશે, અને જીવનના અન્ય ક્ષેત્રો તરફ આજના જેવી ઉપેક્ષા પાલવશે નહિ. સ્વરાજમાં આર્થિક સ્વાતંત્ર્યની જેટલી જરૂરિયાત સમાજવાદી મિત્રોને લાગે છે, તેટલીજ વૈદકીય સ્વાતંત્ર્યની જરૂરિયાત અમને નિસર્ગોપચારકોને જણાય છે.

એટલે ગુજરાતમાં ગઈ પેઢીના એક નિસર્ગોપચારના નેતાને અંજલિ આપતાં હું આનંદ અનુભવું છું.

ડૉ. મહાદેવપ્રસાદનો જન્મ તા. ૨૭-૯-૧૮૮૬ ને રોજ નડિયાદમાં થયો હતો. એમના પિતાનું નામ ભોગીલાલ ત્રીકમલાલ કંચારીઆ અને માતાનું નામ શીવલક્ષ્મી દોલતરાય હતાં. જ્ઞાતિએ એ સાઠોદરા નાગર છે.

ડૉ. મહાદેવપ્રસાદના પિતા શ્રી. ભોગીલાલ એક બાહોશ વકીલ હતા. એ વીસનગરમાં વકીલાતની પ્રેક્ટીસ કરતા હતા, અને ફુરસદના સમયમાં એક હોબી તરીકે તેમજ પરમાર્થવૃત્તિથી વૈદકનો ધંધો કરતા હતા. "આર્યભિષક"ના કર્તા શંકર દાજી શાસ્ત્રીપદે અને સુરતવાળા વૈદ્ય તિલકચંદ તારાચંદ એમના પરમ મિત્રો હતા. એ અરસામાં નિસર્ગોપચારનું શાસ્ત્ર આપણા દેશમાં નવું-સવું આવ્યું હતું. એના તરફ શ્રી. ભોગીલાલભાઈ આકર્ષાયા. લૂઈ કુહ્નને અને એડોલ્ફ જુસ્ટના ગ્રંથોનો એમણે અભ્યાસ કર્યો અને પોતાના પુત્રને આ નવા સંસ્કારના ધ્વજવાહક થવા પ્રેર્યા.

પિતાના વૈદકીય સંસ્કારો એમના બન્ને પુત્રોમાં ઊતર્યા હતા. પણ કમનસીબે એમના મોટા દીકરા ડૉ. મંજુલાલ ઈ. સ. ૧૯૦૮મા પ્લેગથી ગુજરી ગયા, એટલે પિતાના આદર્શો અધૂરાં ન રહે તે જોવાની જવાબદારી એકલા ડૉ. મહાદેવપ્રસાદને માથે આવી પડી.

એમણે પ્રાથમિક કેળવણી નડિયાદમાં, અને માધ્યમિક કેળવણી મુંબઈ ભરડા હાઇસ્કુલમાં લીધી હતી. મુંબઈના વી. જે. ટેકનીકલ ઈન્સ્ટીટ્યુટમાં એમણે મિકેનિકલ અને ઈલેક્ટ્રિકલ એન્જિનીઅરીંગનો અભ્યાસ ૭ વર્ષ સુધી કર્યો હતો. બૉમ્બે બોઈલર એક્ટ એન્જિનીઅર્સની પરીક્ષા બીજા વર્ગમાં પસાર કરી હતી. તેમજ મુંબઈની સુવિખ્યાત કલાશાળા સર જે. જે. સ્કૂલ ઓફ આર્ટમાં પહેલા ગ્રેડની ડ્રોઇંગની પરીક્ષા પાસ કરેલી.

આમ એન્જિનીઅરીંગ અને ડ્રોઇંગના નિષ્ણાત થયા છતાં, એમનું જીવનકાર્ય કોઈ જુદાજ ક્ષેત્રમાં હતું.

એન્જિનીઅર થઇને એન્જિનીઅરીંગને ધંધા તરીકે સ્વીકારવાને બદલે એમણે વૈદકના ક્ષેત્રમાં ઝપ-

લાવ્યું, એના કારણોમાં કંઈક અંશે પૂર્વસંસ્કારો, કંઈક અંશે પિતાની પ્રેરણા, કંઈક અંશે કુટુંબની આર્થિક આબાદી એ હતાં.

પોતાની કારકીર્દિની શરૂઆત એમણે નિસર્ગોપચારક તરીકે કરી. આપણા દેશના મોટા ભાગના નિસર્ગોપચારકો લૂઈ કુહ્ને વાચીને નિસર્ગોપચાર તરફ વળ્યા હતા. પણ મહાદેવપ્રસાદની આ ક્ષેત્રની દીક્ષા બીજના ગ્રંથ 'The Natural Method of healing"થી થઈ. ત્યારપછી એમણે પોતાનો અભ્યાસ ખૂબખૂબ વધાર્યો, અને આ નવા જીવનસિદ્ધાંતોને અનુભવની કસોટીએ કસી જોયા.

એમના પિતાશ્રીએ "ધન્વંતરી" નામનું વૈદકીય માસિક ઈ. સ. ૧૯૦૮થી ૧૯૨૨ સુધી ચલાવ્યું. એના એ પહેલેથી સહતંત્રી હતા.

એ માસિક શ્રેયઃસાધક અધિકારી વર્ગ તરફથી તીક્ષ્ણતા "મહાકાલ" અને "પ્રાતઃકાલ"ની શૈલીએ ચાલતું હતું. એમના જમાનામાં નિસર્ગોપચારનો સ્વતંત્ર વિકાસ શક્ય નહોતો, એટલે એને આયુર્વેદના બાળક તરીકે, અને આર્ય સંસ્કૃતિના એક સનાતન અંગ તરીકેજ એ રજુ કરતા. નવા સંસ્કાર તરીકે જ જો એની રજુઆત થઈ હોત તો ગાંધીયુગ પહેલાનું પુરાણપ્રિય ગુજરાત નિસર્ગોપચારને સ્વીકારત કે કેમ એ શંકાભરેલું છે. એમના માસિકમાં આયુર્વેદ અને નિસર્ગોપચારના લેખો જોડાજોડ છપાતા. સાથેસાથે એ એક અંગ્રેજી વિભાગ રાખતા જેથી હિંદમાં અને હિંદબહારના વાંચકવર્ગ સાથે, સંપર્ક સચવાય. અંગ્રેજી સાહિત્યના સતત પરીશીલનને લઈને એમણે અંગ્રેજીમાં લખવાની પણ એક મોહક શૈલી સર્જી હતી. આ કારણને લઈને એમનાં લખાણોની ગુજરાત બહાર પણ કદર થઈ હતી.

નિસર્ગોપચારના પ્રચારની એમની શૈલી આક્રમક નહોતી, પણ સમજાવટની હતી. એમનું માસિક એલોપેથી તરફ આણુબોમ્બ સેવતું પણ આયુર્વેદ તરફ એણે વધુમાં વધુ સમાધાનકારક વલણ ગ્રહણ કર્યું હતું. આમ હોવા છતાંય પ્રસંગોપાત આયુર્વેદ વિરુદ્ધ નિસર્ગોપચારનો પ્રશ્ન ઉપસ્થિત થતાં જ એમણે નિર્ભયતાપૂર્વક પોતાનો મત નિસર્ગોપચારની તરફેણમાં આપ્યો છે.

એમના મુરબ્બી અને એમના પિતાના પરમમિત્ર વૈદ્યરાજ તિલકચંદ તાગચંદ (આયુર્વેદ નિબંધમાળાના લેખક.) નિસર્ગોપચાર એ આયુર્વેદનું એક નાનકડું અંગ છે, એમ કાયમ સાબિત કરવા મથતા. મહાદેવપ્રસાદભાઈ પોતાની લાક્ષણિક ઉદારતાથી એમનો મત પોતાના માસિકમાં અને પુસ્તકોમાં રજુ કરતા. પણ એ મતને એમણે કદી નમતું આપ્યું નથી.

"વૈદકલ્પતરુ" માસિકના વિદ્વાન તંત્રી સ્વ. જટાશંકર લીલાધર વૈદે પોતાના માસિકમાં નિસર્ગોપચાર સામે વિરોધ ઉઠાવ્યો હતો. મહાદેવપ્રસાદે આ પડકારને તુરતજ ઝીલી લીધો, અને પોતાની સૌમ્ય છતાંય સચોટ શૈલીથી નિસર્ગોપચારની શ્રેષ્ઠતા સિદ્ધ કરી. એ લેખમાં એમણે બતાવ્યું કે એલોપેથી અને આયુર્વેદ એ નિસર્ગોપચારની કદી બરોબરી કરી શકે જ નહિ. કારણ કે નિસર્ગોપચારનો પ્રધાન સ્વર સદાચાર એ છે, અને કોઈપણ દેશી કે વિદેશી દવા સદાચારનું સ્થાન લઈ શકે નહિ.

આ વાગ્યુદ્ધ પછી શ્રી. જટાશંકરને મહાદેવપ્રસાદના દ્રષ્ટિબિંદુની યથાર્થતા સમજાઈ હતી, અને બન્ને ખાસ મિત્રો બન્યા હતા. ત્યારપછી "વૈદકલ્પતરુ" કાર્યાલયે નિસર્ગોપચારના પ્રચારમાં કિંમતી સેવા બજાવી છે, અને લૂઈ કુહ્ને અને બરનાર મેકફેડનના નામ અને કામથી ગુજરાતને સુપરિચિત કરવાનો પ્રયત્ન કર્યો છે.

"ધન્વંતરી" માસિક ખુબ લોકપ્રિય થયું હતું. એ જમાનામાં પણ એ ૧૨૦૦ થી ૧૩૦૦ નકલનો ફેલાવો પામ્યું હતું. હિંદ બહાર દૂર દેશાવરમાં પણ જ્યાં જ્યાં ગુજરાતીઓ વસતા ત્યાં ત્યાં એ જતું.

માસિકની સાથેસાથેજ પુસ્તકો પ્રગટ કરવાનું કામ પણ ચાલુ જ હતું. એમણે અને એમના પિતાશ્રીએ પ્રગટ કરેલાં પુસ્તકો નીચે મુજબ છે.

જોગીલાલ ત્રીકમલાલ વકીલનાં પુસ્તકો: "દેવી અદ્ભુત ચમત્કાર અને બાળારતવન" (૧૮૯૮)

"અનંત જીવન શી રીતે પ્રાપ્ત કરવું"(૧૯૧૪)

"હું રોગી છું કે નીરોગી ?" (લુઈ કુહ્નેનો અનુવાદ) (૧૯૧૬)

"આર્ય રસાયણશાસ્ત્ર" (૧૯૨૨)

"ચિકિત્સાસાગર" (૧૯૨૫)

ડૉ મહાદેવપ્રસાદ એમ ડી એન. ડી ના પુસ્તકો

"તમાકુનું દુર્વ્યસન" (૧૯૦૯)

"ક્ષયરોગ" (૧૯૧૧)

"Advantages of a Vegetarian Diet" (૧૯૧૭)

"આરોગ્ય સાચવવાના ઉપાયો" (૧૯૧૪)

"મનુષ્યનો કુદરતી ખોરાક" (૧૯૧૬)

"નૈસર્ગિક જીવન" (એડોલ્ફ જુસ્ટના Return to Nature નું ભાષાંતર) (૧૯૧૭)

"હોમોપથી એટલે વર્ણોપચાર વિદ્યા" (૧૯૧૯)

"બાળકનું સંરક્ષણ, સંવર્ધન અને શિક્ષણ" (૧૯૨૩)

"વિટામિન્સ અથવા આહાર મારફત આરોગ્ય પ્રાપ્તિ" (૧૯૨૩)

"આરોગ્ય વિષે પ્રશ્નોત્તરમાળા" (૧૯૨૩)

"મારો અમેરિકાનો પ્રવાસ" (૧૯૨૩)

આટલા પુસ્તકો ઉપરાંત "આહાર-મીમાંસા" નામનું પુસ્તક અર્ધલિખિત અને અપ્રસિદ્ધ અવસ્થામાં પડ્યું છે, એ ઉપરાંત "ધન્વંતરી" માસિકમાંના સંખ્યાબંધ લેખો અને "પ્રજાબંધુ"માં એમણે લખેલી "આદિમાંથન આરોગ્ય" નામની લેખમાળા સંપાદન અને પ્રકાશનની રાહ જોતાં પડયાં છે

આ બે પ્રવૃત્તિઓ ઉપરાંત એ અમદાવાદમાં કાર્યરત પામે એક આરોગ્યભવન પણ ચલાવતા આ જમાનામાં પણ નિસર્ગોપચારની કે યોગિક પદ્ધતિના પ્રચારાર્થે આરોગ્યભવનો નિષ્ફળ ગયા છે, તો એ જમાનાની મુશ્કેલીઓની તે વાત જ શી કરવી ? અનેક મુશ્કેલીઓ, મુશ્કેલો, નીરાશાઓ અને આર્થિક અડચણોનો હિમ્મતપૂર્વક સામનો કરીને એમણે દશ વર્ષ સુધી પોતાનું આરોગ્યભવન ચલાવ્યું

એ અરસામાં એ દાક્તરો અને જાહેરજનતામાં નિસર્ગોપચારના પ્રચાર માટે અવારનવાર વ્યાખ્યાનો પણ આપતા ઇ સ ૧૯૧૬માં પ્રેમાભાઈ હૉલમાં એમણે મહાત્માજીના પ્રમુખપદ હેઠળ એક જાહેર ભાષણ કરેલું

આ દેશમાં ગાંધીજી આવ્યા એટલે સ્વાભાવિક રીતે જ એ ધાર્મિક માનસ ધરાવતા હોવાથી એમના તરફ આકર્ષાયા, અને અવારનવાર એમની પાસે જવા માંડયા આશ્રમમાં એ શિક્ષણનું કાર્ય કરતા અને થોડાક વખત સુધી એમણે દેવદાસ ગાંધીને પણ શિક્ષણ આપેલું આજસુધી એમના જીવનના વિધાયક બળો આપણા પ્રાચીન ધર્મગ્રંથો, ડૉ એની બેસન્ટ, સ્વામી વિવેકાનંદ, મહર્ષિ દયાનંદ, ટૉલ્સ્ટૉય, જુસ્ટ અને ડૉ એનેડિક્ટ લુસ્ટ એ હતા મહાત્માજીના સંસર્ગથી એમને એક નવી જીવનદૃષ્ટિ મળી, અને શક્ય હોય એટલી રીતે એમણે આ નવા સંસ્કારો પચાવવા માંડયા.

એમનું લગ્ન ઇ સ ૧૯૧૬માં નડિયાદમાં શ્રી પદ્માવતી બાપાનાથ વેરે થયું

ઈ સ. ૧૯૧૯માં એ અમેરિકા જવા ઉપડયા અને ચાર વર્ષ સુધી એનોપેથી અને નિસર્ગોપચારનો અભ્યાસ કર્યો એનોપેથીની ન્યૂયોર્કની એક સુવિખ્યાત કૉલેજમાંથી એમણે એમ ડીની ઉપાધિ મેળવી મહાર્ગીના વિષયમાં એ આખી કૉલેજમાં બીજે નંબર પાસ થયા હતા નિસર્ગોપચારની એમ એન ડીની ઉપાધિ પણ મેળવી હતી અમેરિકાથી જતાં પહેલાં જ કલકત્તાની હોમિયોપેથિક કૉલેજની એમ સી એચ બી ની ઉપાધિ મેળવી હતી. અમેરિકામાં તેઓ અમેરિકન નિસર્ગોપચારના પિતા ડૉ એનેડિક્ટ લુસ્ટ અને તેમનાં કાર્યક્ષમ નિષ્ઠાવાન પત્નીના સમાગમમાં આવ્યા, અને તેઓ ડૉ લુસ્ટની અદ્ભુત માગ પ્રમાણેમાં જીતી રહ્યા હતા ડૉ લુસ્ટે એમને અમેરિકન નેચરોપેથિક એસોસિએશનના હિંદ ખાતેના પ્રતિનિધિ નીમ્યા અમેરિકામાં ઈ સ ૧૯૧૮-૨૦માં

પ્રગટ થએલ "The Universal Naturopathic Directory" નામના ૩૦૦ રૂ.ની કિમ્મતના મોટા ગ્રંથમાં હિંદી નિસર્ગોપચારના એક અગ્રેસર તરીકે એમનું જીવનચરિત્ર આપવામાં આવ્યું છે.

અમેરિકાથી પાછા આવ્યા પછી એમણે મુંબઇમાં એલોપેથીની પ્રેક્ટિસ શરૂ કરી. ત્યારપછીના ૧૨–૧૩ વર્ષના ગાળામાં એમણે આચારવિચારમાં એલોપેથીની જ મુખ્યત્વે ઉપાસના કરી. મુંબઈમાં એમની પ્રેક્ટિસ બહુ સરસ રીતે જામી હતી, પણ એમનાં પત્ની સૌ. પદ્માબહેનને મુંબઈનાં હવાપાણી માફક ન આવ્યાં, અને એમને સંગ્રહણી લાગુ પડી, જેને માટે કરવામાં આવેલાં બધા ઇલાજો નિષ્ફળ જતાં, એમને લાચારીથી મુંબઇ છોડીને નડિયાદ પાછા આવવું પડ્યું. નડિયાદમાં હવાપાણીના ફેરફારથી એમનાં પત્નીની પ્રકૃતિ સ્વસ્થ થઈ.

એજ અરસામાં એમના પિતાશ્રીનું અવસાન થયું. આ બનાવ કેવળ એમને માટેજ નહિ, પણ નિસર્ગોપચારની ચળવળ માટે પણ એક ફટકારૂપ હતો. મહાદેવપ્રસાદભાઈના આદર્શોને મૂર્તરૂપ આપનાર એમના પિતાશ્રીની કાર્યક્ષમતા અને વ્યવહાર કુશળતા એજ હતાં. એમના અવસાન પછી મહાદેવપ્રસાદભાઇના નિસર્ગોપચાર સાથેના છૂટાછેડા લગભગ સંપૂર્ણ થઈ ગયા.

એ નડિયાદમાં પ્રેક્ટિસ કરતા હતા, એજ અરસામાં એમની કીર્તિ સાંભળી, સ્વ. અલ્વરનરેશે પોતાના ખાનગી દાકતર તરીકે બોલાવ્યા. અલ્વરનરેશને નિસર્ગોપચારનો ખૂબ શોખ હતો અને એમણે મહાદેવપ્રસાદભાઇ ઉપરાંત બીજાં નિસર્ગોપચારકોને પણ ખૂબ ઉત્તેજન આપ્યું હતું. એમને ત્યાં, એમને ૮૦૦ રૂ.નો પગાર હતો, અને બીજી અનેક અનુકૂળતાઓ હતી. પણ પાછળથી કંઇક મતભેદ ઉપસ્થિત થતાં એમણે રાજીનામું આપ્યું. આજ અરસામાં માઇસોરના રાજકુંવરે પણ એમની સારવાર લીધેલી.

અલ્વરથી પાછા આવી એમણે નડિયાદ પોતાની પ્રેક્ટિસ શરૂ કરી, અને કેટલાક વખત બાદ એ ત્યાંથી અમદાવાદ આવ્યા.

આ બાર વર્ષનો ગાળો એ મુખ્યત્વે એમનો એલોપેથિક પ્રેક્ટિસનો ગાળો હતો. મારું જો ચાલત તો હું આ સમય વિષે મૌન સેવત. પણ આ દુઃખદ નોંધ લેવાની ફરજ એટલા પૂરતી પડે છે કે, એમના આચાર વિચારના આ પરિવર્તનથી મિત્રો, પ્રસંશકો અને કેટલાક અગ્રગણ્ય જાહેર કાર્યકર્તાઓમાં એ ખૂબ ટીકાપાત્ર બન્યા છે.

હું એમ માનું છું કે જો આ આખીયે ઘટનાને વધુ સહાનુભૂતિપૂર્વક સમજવાનો પ્રયત્ન કરવામાં આવે તો તેઓશ્રી ઝાઝા દોષપાત્ર દેખાશે નહિ.

પશ્ચિમના દેશોમાં સામાન્ય રીતે એમ બન્યું છે કે ઘણા નામાંકિતોએ એલોપેથીનો ત્યાગ કર્યો છે. મહાદેવપ્રસાદભાઈની બાબતમાં એનાથી ઊલટું બન્યું, એ કંઈક વિચિત્ર તો કહેવાય. પણ આ જગતમાં દરેક નિયમને કોઈક અપવાદ તો હોય છે જ.

જુના સંસ્કારથી સંતૃપ્ત થએલા માનવ હૃદયને નવા સંસ્કારની ભયંકર રમણીયતા કોઈ અજબ આકર્ષણ કરે છે, તો ઊલટપક્ષે નવા સંસ્કારથી આઘાત પામેલું માનવમન જુના સંસ્કારની નિશ્ચલતામાં શાંતિ અને સલામતી શોધે છે. આ રીતે પ્રત્યાઘાત અને પ્રગતિનું સનાતન જીવનચક્ર ચાલ્યા જ કરે છે.

મહાદેવપ્રસાદભાઈના પરિવર્તનના બાહ્ય કારણો આપણે જોઈએ.

પોતાની પ્રેક્ટિસ દરમ્યાન એમને અનેક કેસોમાં નિષ્ફળતાઓ મળી. નિસર્ગોપચારની પ્રેક્ટિસ શરૂ કરતી વખતે દરેક નવા નિસર્ગોપચારકને હોય છે, એવો એમને પણ ભ્રમ હતો કે નિસર્ગોપચાર એ રોગમાત્રનો રામબાણ ઈલાજ છે. કઠોર અનુભવે એ ભ્રમ ભાગ્યો અને એમને ખાત્રી થઇ કે નિસર્ગોપચાર એ એક અધૂરું શાસ્ત્ર છે.

વર્ષો-સુધી પોતાના ધ્યેયની એકનિષ્ઠાથી ઉપાસના કરવા છતાં, અને ભારે આર્થિક ખોટ સહન કરવા છતાં, એમને પ્રજા તરફથી કદરદાનીનો પ્રતિઘોષ ના સંભળાયો, એટલે સ્વાભાવિક રીતે જ એમનામાં વિફલતાની લાગણી જન્મી.

લાગણીપ્રધાન માણસોને મધ્યમમાર્ગ ગમતો નથી. તેઓ હમેશાં અંતિમતામાંજ રાચતા હોય છે. પરિણામે ઘણી વખત તેઓ એક છેડેથી બીજે છેડે જઈને બેસે છે. પૂ. ગાંધીજીને પણ યંત્રો અને વૈદક વિષેના પોતાના વિચારો પાછળથી બદલવા પડયા છે. આજ કારણને લઈને ઋષિજીવનને પ્રબોધતું જુસ્ટનું જીવનદર્શન મહાદેવપ્રસાદભાઈને ઘણુંજ પ્રિય થઈ પડયું. પણ જુસ્ટનું જીવનદર્શન ઉપનિષદકાળ માટે ઠીક હતું. વીસમીસદી માટે નકામું છે. આ હકીકત અનુભવથી સમજાતાં એ સામે છેડે જઈને બેઠા.

ચોથું કારણ એ થયું કે આ પ્રકારના માનસ સાથે એ અમેરિકા ગયા. ત્યાં એમણે નિસર્ગોપચારને સ્થિર સ્વરૂપમાં જોવાની આશા રાખેલી. પણ અમેરિકામાં આજે ય નિસર્ગોપચાર એ વિધાયક બળ નથી, પણ વિનાશક બળ છે, એટલે એમાં સ્થિરતા ક્યાંથી દેખાય? ઊલટપક્ષે ઍલોપેથીની અનર્ગળ સમૃદ્ધિ અને સાધનસંપન્ન હૉસ્પીટલો જોઈને એમને એ શાસ્ત્ર તરફ અહોભાવ થયો.

ત્યાંથી પાછા આવ્યા પછી નિસર્ગોપચાર પાછળ વિશેષ ખોટ સહન કરી શકે એવી સ્થિતિમાં એ નહોતા. એટલે એ કારણથી પણ એમને નિસર્ગોપચારની પ્રેક્ટિસ પડતી મૂકવી પડી.

સ્વભાવથી પણ વૈદકમાં તત્વજ્ઞાન કે કલા કરતાં વિજ્ઞાન તરફ એમને વિશેષ આકર્ષણ હતું. ઍલોપેથી તરફનો એમનો અનુરાગ આ એક કારણને લઈને પણ છે, એમ કહી શકાય.

સૌથી છેલ્લું અને છતાંય એક અત્યંત મહત્વનું કારણ એમના પિતાનું અવસાન એ પણ હતું. વિદ્વાન માણસો પોતાના ક્ષેત્રમહાર ઘણીવાર બાળક જેવા હોય છે, એમના પિતાના અવસાનથી એમની નિસર્ગોપચારની પ્રવૃત્તિ સ્થુલ સ્વરૂપ લેતી અટકી ગઈ. માસિક અને પુસ્તકોનું પ્રકાશન બંધ થયું. એમના સરળ સ્વભાવનો લાભ લઈને કેટલાક બુકસેલરો એમને છેતરી ગયા, એટલે કંટાળીને પુસ્તકો વેચવાનું પણ એમણે બંધ કર્યું. આ કારણને લઈને ગુજરાતની નવી પેઢી સાથેનો એમનો સંપર્ક તદ્દન તૂટી ગયો.

આ બધા બાહ્ય કારણો ઉપરાંત અંતરિક કારણ તો એ હતું કે અગ્રગામીઓમાં જરૂરી એવી સર્જક પ્રતિભાનો એમનામાં અભાવ હતો. એમની સાથે પરિચયમાં આવનાર સૌ કોઈ એ કબૂલ કરે છે કે મહાદેવપ્રસાદભાઈ એક પ્રખર પંડિત છે. પણ શ્રી અને સરસ્વતીની પેઠે પાંડિત્ય અને પ્રતિભાને આડવેર છે. પાંડિત્યનું મુખ ભૂતકાળ તરફ હોય છે તો પ્રતિભાની પીઠ ભૂતકાળ તરફ હોય છે. ઘણીવાર પ્રતિભાશાળી માણસો અભણ પણ હોય છે, અકબર, શિવાજી, રામકૃષ્ણ પરમહંસ, ગ્રિસનિટ્ઝ અને સર હર્બર્ટ બાકર એ એના જાણીતા દાખલા છે. ગાંધીજીને પણ આપણે પંડિત ભાગ્યેજ કહી શકીયે. જેનામાં પાંડિત્ય અને પ્રતિભા એ બન્નેનો સમન્વય થયો હોય એવો ચિકિત્સક તો એક સદીમાં એકાદજ પાકે છે. મહાદેવપ્રસાદભાઈની આ અંતર્જાત અશક્તિને અંગે એ હાનમેન, બર્નેટ, બેબ્બીટ કે માર્ટલસની પેઠે નવી સૃષ્ટિ સર્જી શક્યા નહિ કે ટ્રોલ, બીદ્ઝ, મેકફેડન કે લિંડલ્હારની પેઠે જુની સૃષ્ટિઓને સુવ્યવસ્થિત કરી શક્યા નહિ. એમનો જ્ઞાનભાર ભવિષ્યની મુસાફરીનું ભાથું થવાને બદલે એમને ભૂતકાળ સાથે બાંધનાર શૃંખલારૂપ નીવડયો. આ કારણને લઈને જ એ મહત્વના વૈદકીય પ્રશ્નો ઉપર આપણી પ્રજાને સ્પષ્ટ, સરળ અને સચોટ માર્ગદર્શન આપી શક્યા નહિ.

મહાદેવપ્રસાદભાઈનું માનસ મુખ્યત્વે ગ્રાહક અને સંગ્રાહક છે. સર્જક, વિશ્લેષક, સમતોલક કે સમર્થક નથી. એને લઈને એમનામાં કલાકારની સર્જનાત્મક અપૂર્વતાની આશા સેવનાર સ્વાભાવિક રીતે જ નીરાશ થાય છે. પોતાના માનસની આ મર્યાદાને અંગેજ એ વૈદકના અનેક આંટીઘુંટીવાળા પ્રશ્નો પરત્વે દ્વિધામાં પડી ગયા છે, અને એને લીધેજ એમના જીવનમાં કેટલાક વિચિત્ર વિસંવાદો ઉદ્ભવ્યા છે.

મહાદેવપ્રસાદભાઈના પરિવર્તનનું એક ત્રીજું પણ મહત્વનું કારણ છે, અને તે અર્વાચીન વૈદકમાં થતા અત્યંત ઝડપી ફેરફારો. ઓગણીસમી સદીમાં જેમ અનેક ઉત્સાહી સમાજવાદીઓને લાગતું

હતું કે મૂડીવાદનું સમાજવાદમાં અવશ્ય રૂપાંતર થશે, તેમજ વૈદકમાં પણ અનેક વૈદકીય સુધારકોને લાગતું હતું કે એલોપેથીનું હોમિયોપેથી કે નિસર્ગોપચારમાં પરિવર્તન થશે. વીસમીસદીના અનુભવે આ બન્ને આશાઓ ઠગારી સાબિત થઈ. એલોપેથીમાં અવશ્ય ક્રાન્તિકારી ફેરફારો થયા, પણ તે ઓગણીસમી સદીના વૈદકીય પયગમ્બરોની આગાહી મુજબ તો નહિ જ. વીસમી સદીની સંસ્કૃતિની પેઠે જ એનું વૈદક પણ કોઈ અગમ્ય લક્ષ્ય તરફ દોડી રહ્યું છે.

આ કારણને લઈને વીસમી સદીના અનેક મહાન વૈદકીય ચિંતકોને નિસર્ગોપચાર અને હોમિયોપેથીનું પુનર્વિધાન કરવાની જરૂર જણાઈ, અને બીજી પદ્ધતિઓના શુભતત્વો પોતાનામાં સમાવી આ પદ્ધતિઓએ અર્વાચીન બનવું જોઇએ એવો એમણે આદેશ આપ્યો. મહાદેવપ્રસાદભાઇ પોતાના અનુભવથી આ જ નિર્ણય ઉપર આવ્યા, અને એલોપેથી અને નિસર્ગોપચારનો સુમેળ કરવા માટે ડૉ. કેલોગને પોતાના આદર્શ તરીકે સ્વીકાર્યા.

જે નિર્ણય ઉપર મહાદેવપ્રસાદભાઈ આવ્યા, તે જ નિર્ણય ઉપર આપણા દેશના અમુક સાધનસંપન્ન અને સુવિખ્યાત નિસર્ગોપચારકો સ્વતંત્ર રીતે આવ્યા છે. અને પોતાની નિસર્ગોપચારની સારવાર સાથે દવાઓ, ઇન્જેકશનો અને વાઢકાપ ભેળવ્યાં છે. અને એ રીતે કેલોગની "એલોપેથિક નેચરોપેથી"ને એમણે અપનાવી છે.

આપણા જાણીતા ઉદ્યોગપતિ શ્રી. ઘનશ્યામદાસ બીરલા અમેરિકામાં ડૉ. કેલોગના નિસર્ગોપચારના વિશ્વવિખ્યાત આરોગ્યભવન બેટલક્રીક સેનેટેરીયમમાં રહી સારવાર લઈ આવ્યા છે, અને પોતાના અનુભવથી તેઓશ્રી એ નિર્ણય ઉપર આવ્યા છે કે હિંદુસ્તાન માટે ડૉ. કેલોગની પદ્ધતિ એ એક આદર્શ પદ્ધતિ છે. એલોપેથીની શાસ્ત્રીયતા સાથે નિસર્ગોપચારની સચોટ સારવારો ભળે તો સોના ભેગી સુગંધ મળે.

પરિસ્થિતિ આવી હોવાથી એમના નિર્ણયો વિવાદાસ્પદ હોય તો પણ એમની દ્રષ્ટિ ખોટી છે, એમ કહી ના શકાય.

આવાં આવાં બાહ્ય, આંતરિક અને આંતરરાષ્ટ્રીય કારણોને અંગે એમણે એલોપેથીને અપનાવી. એલોપેથીને અપનાવવાથી એમને લાભ એ થયો કે એમનામાં વૈજ્ઞાનિક ચોકસાઈ ખીલી અને એમનું નિદાનકૌશલ્ય ખૂબ વધ્યું. ગેરલાભ એ થયો કે એમનું કલાવિધાન બહુ જ હીન પ્રકારનું થયું.

આ દ્રષ્ટિએ એમનું જીવન જોવા-તપાસવાથી તેઓ લાગ્યેજ ટીકાપાત્ર માલમ પડશે. એમના ટીકાકારો એ હકીકત ભૂલી જાય છે કે મહાપુરુષો અને સામાન્ય માણસો વચ્ચેનો મોટામાં મોટો તફાવત એ છે કે મહાપુરુષો પોતાના જીવનની શરૂઆત વાસ્તવવાદી તરીકે કરે છે, અને એનો અંત આદર્શવાદમાં આવે છે. સામાન્ય માણસો પોતાના જીવનની શરૂઆત આદર્શવાદી તરીકે કરે છે, પણ એનો અંત વાસ્તવવાદમાં આવે છે.

મહાદેવપ્રસાદભાઈની બુદ્ધિ વિષમ પરિસ્થિતિને કારણે એલોપેથી તરફ ઢળી, પણ એમનું હૃદય તો નિસર્ગોપચારમાંજ હતું. પોતાના અંગત જીવનમાં એ નિસર્ગોપચારને જ અનુસરતા. પોતાના વ્યાખ્યાનો અને લખાણોમાં એ નિર્ભેળ નિસર્ગોપચારની જ હિમાયત કરતા. એની પાછળ કોઇપણ જાતનો દંભ કે આત્મવંચના નહોતાં, પણ એ પોતે હૃદયપૂર્વક માનતા કે, એલોપેથી આજની પરિસ્થિતિમાં સૌથી વિશેષ વ્યવહારૂ શાસ્ત્ર હોય તોપણ, માનવજાતનું અંતિમ કલ્યાણ એલોપેથીના દવાદારૂમાં નથી, પણ નિસર્ગોપચારના સદાચારમાં છે.

ઇ. સ. ૧૯૨૩માં બેલગામ મુકામે મહાત્માજીના પ્રમુખપદ હેઠળ આપણી રાષ્ટ્રીય મહાસભાનું અધિવેશન મળ્યું હતું, ત્યારે એની સાથે સાથે અખિલ હિંદ નેચરોપેથિક કૉંગ્રેસનું પણ પ્રથમ અધિવેશન મળ્યું હતું. એના પ્રમુખ તરીકે ડૉ. મહાદેવપ્રસાદને ચૂંટી કાઢીને આ દેશના નિસર્ગોપચારકોએ એમણે નિસર્ગોપચારની કરેલી સેવાની યોગ્ય કદર કરી હતી.

ઇ. સ. ૧૯૩૫માં એમણે અમદાવાદમાં પોતાની વૈદકીય પ્રેક્ટિસ શરૂ કરી. સાથે સાથે નિસર્ગોપચારના પ્રચાર માટે દર અઠવાડિયે જાહેર વ્યાખ્યાનો આપવા માંડ્યા "પ્રજાબંધુ"માં "આદિ સાધન

આરોગ્ય" એ નામની એક લેખમાળા શરૂ કરી. યોડોક સમય એક આરોગ્યભવન પણ ચલાવ્યું, અને "પ્રસાદ મેડીકલ કોલેજ" એ નામની એક ઇલેક્ટ્રીક વૈદકની પાઠશાળા પણ ત્રણેક વર્ષ ચલાવી. આ પાઠશાળામા એ વિદ્યાર્થીઓને એલોપેથી, હોમિયોપેથી, આયુર્વેદ અને નિસર્ગોપચારના સમિશ્રણથી પોતે સર્જેલી એક ઇલેક્ટ્રીક વૈદકીય પદ્ધતિનું જ્ઞાન આપતા હતા.

આજ અરસામાં ગુજરાત હોમિયોપેથિક એસોસીએશન અને ગુજરાત નેચરોપેથિક એસોસીએશન સ્થપાયાં. એ બન્ને મંડળોના પ્રમુખ તરીકે એમની સર્વાનુમતે ચૂંટણી થઈ.

આ વખતે કોંગ્રેસે આખા દેશમાં હોદ્દાસ્વીકાર કર્યો. કોંગ્રેસે જે કેટલાક સુધારા અને નવા ધારા કર્યા એમાં "બોમ્બે મેડીકલ એક્ટ" પણ હતો. આ કાયદાથી આયુર્વેદ, યુનાની, હોમિયોપેથી અને નિસર્ગોપચાર એ બધી બિનએલોપેથિક પદ્ધતિઓને ભારે અન્યાય થતો હતો. હોમિયોપેથી અને નિસર્ગોપચાર એ બે પદ્ધતિઓને તો આ કાયદાથી ફાંસીની સજા મળી હતી. એની સામે ઉપરોક્ત બે મંડળોએ શક્ય એટલુ આંદોલન કર્યું. છાપાઓએ પણ વાંધા ઉઠાવ્યા. પણ એ બધા વાંધાવિરોધો કચરાટોપલીને સ્વાધીન થયા, અને બીજાનું કાયદામાં રૂપાંતર થયુ. નવાઇની વાત તો એ હતી કે ઇંગ્લેન્ડ જેવા રૂઢિચુસ્ત દેશમા પણ હોમિયોપેથી અને નિસર્ગોપચારને જે સ્વાતંત્ર્ય છે, તે આપવાનો પણ આ નવો કાયદો ઇન્કાર કરતો હતો ! પૂ. ગાંધીજીની મુલાકાત મગાઈ, પણ તેઓશ્રી આ પ્રશ્ન વિચારી રહ્યા છે, એમ કહી મુલાકાત ન આપવામાં આવી. ત્યાર પછી એમને પણ આ બાબતમાં માથું મારવું યોગ્ય ન જણાયું, એટલે એ અન્યાય હજી એમને એમ ઊભો છે.

× × ×

અમદાવાદના મહાદેવપ્રસાદભાઇના એક વ્યાખ્યાનમાં હું શ્રોતા તરીકે ગયો હતો, અને ત્યારથી અમારી વચ્ચે થએલો પરિચય ઉત્તરોત્તર ગાઢ સંબંધમા પરીણમ્યો છે. મારી લેખનપ્રવૃત્તિ અને અન્ય પ્રવૃત્તિઓને એમના પહેલેથી જ આશીર્વાદ હતા. એમની પાસેથી મળેલી કેટલીયે ઉપયોગી માહિતિનો મેં મારા લખાણોમાં ઉપયોગ કર્યો છે. મારા લખાણોમાં અંગ્રેજીશબ્દોના ગુજરાતી પર્યાયો યોજવામાં એમણે મને ઘણીજ કીમતી મદદ કરી છે. અનેક વૈદકિય પ્રશ્નો પરત્વે મારે એમની સાથે ઉગ્ર મતભેદો હોવા છતાં, એ મતભેદોને કારણે મારા એમના પ્રત્યેના આદરમાં કે એમના મારા પ્રત્યેના સદ્ભાવમાં લેશમાત્ર તફાવત પડયો નથી.

ઈ. સ. ૧૯૪૦માં મુંબઇ પ્રાંતિક નેચરોપેથિક એસોસીએશન સ્થપાયું, એના પણ એ સર્વાનુમતે પ્રમુખ ચુંટાયા.

ત્યારબાદ એક ખાનગી આરોગ્યભવનમાં એમણે કેટલોક સમય કામ કર્યું, પણ ત્યાંનુ વાતાવરણ પ્રતિકૂળ જણાતાં એ ત્યાંથી છૂટા થયાં.

આ પ્રસંગ પછી એ અમદાવાદથી પોતાને વતન નડિયાદ પાછા આવ્યા, અને પોતાની જમીન ઉપર રહી શેષ આયુષ્ય ગ્રામસેવામાં ગાળવાનો સંકલ્પ કર્યો. પણ એમનો એ સંકલ્પ ફળ્યો નહિ. કાંગડી ગુરુકુળ તરફથી આયુર્વેદિક કોલેજના ચિકિત્સાશાસ્ત્રના પ્રાધ્યાપક થવા માટે એમને આગંત્રણ આવ્યું. શરૂઆતમાં પ્રયોગ દાખલ એ થોડા સમય પૂરતા ગયા, પછીથી ત્યાનું વાતાવરણ ખૂબ ગમી જતા એમણે ત્યાં સ્થાયી વસવાટ કર્યો. પોતાના પ્રેમાળ, મળતાવડા અને વિદ્યાભ્યાસંગી સ્વભાવથી એ ત્યાંના વિદ્યાર્થી સમાજમાં ખુબ લોકપ્રિય થયા, અને હવે એ સંસ્થાની કોલેજ અને હોસ્પીટલ મારફતે પોતાના જીવનભરના આદર્શો સિદ્ધ કરી શકાશે એવી આશા તેઓશ્રી સેવી રહ્યા છે. હાલમાં એ ત્યાંજ છે.

મહાદેવપ્રસાદભાઈ કેવળ જન્મેજ નહિ પણ કર્મે પણ બ્રાહ્મણ છે. આખુંયે જીવન વિદ્યા ભણવા અને ભણાવવાનું કાર્ય એમણે એકનિષ્ઠાથી કર્યા કર્યું છે. એમનો વિદ્યાભ્યાસંગ નડિયાદની સાક્ષરભૂમિના સંતાન તરીકે એમને ગેબ આવે એવો છે. પુસ્તકોનો એમનો શોખ લગભગ ઘેલછાની લગોલગ પહોંચ્યો છે, એમ કહીયે તો પણ ચાલે. પોતાની મર્યાદિત આવકમાં ખાસ જરૂરિયાતો ઉપર કાપ મૂકીને પણ એમણે

નક્કી કરવા પ્રયત્નો કરવામાં આવતાં: અને પ્રયોગો પણ એજ આધારે હાથ ધરવામાં આવતા.

એક માણસને મગજમાં ફોલ્લાં ઉઠેલાં: ડૉ. વોલ્ટર ડેન્ડીએ તેના મગજમાંથી આ દર્દવાળા ભાગનું પાસું કાઢી લીધું. પરિણામે તે માણસની બુદ્ધિશક્તિ કે મગજની કારવાહીમાં કશોજ ફેર જણાયો નહીં. એક બીજા કિસ્સામાં ડૉ. રીચર્ડ બ્રિકનર અને બીજા નિષ્ણાતોએ આવા પ્રયોગો કરી જોયા તો તેમને જણાયું કે મગજનો આગલો ભાગ–frontal lobe–કાઢી લેવાથી માણસની માનસિક શક્તિમાં કશો જ ફેર પડતો નથી: ઊલટું ઘણીવાર તો એ શક્તિમાં સુધારો જણાય છે.

મગજના વિભાગોનો સવિસ્તર અભ્યાસ આદરનાર ડૉ. ફ્રેન્ઝગોલની માન્યતા એવી હતી કે મગજની અંદરની ખાંચો બુદ્ધિશક્તિનું માપ દર્શાવે છે, એ માન્યતાને આધારે શક્તિશાળી તેમ જ સામાન્ય સાવ સાધારણ બુદ્ધિવાળા માણસના મગજની સરખામણી કરવાનું કામ ડૉ. રુડોલ્ફ વેગનર ઈત્યાદિ દાક્તરોએ ઉપાડી લીધું. જાણીતા વિજ્ઞાનવેત્તા ગોસ અને એક સામાન્ય મજૂરના મગજના જૂદા જૂદા વિભાગોની સરખામણી કરવામાં આવી. ઠીક ઠીક જહેમતને અંતે, વેગનરને જણાયું કે બંને મગજ એક સરખાં જ છે. મગજની ખાંચો, તેની ઊંડાઈ, તેની સંખ્યા ઈત્યાદિ તમામ બાબતોની પરીક્ષામાં બંને મગજ સરખાં જ ઊતર્યાં.

બુદ્ધિશક્તિ મગજના ક્યા ભાગમાં છે તે રહસ્ય શોધવા મગજના જૂદા જૂદા વિભાગોની બારિક પરીક્ષા કરવામાં આવી. મગજના દરેક ભાગમાં અમુક અમુક શક્તિ રહે છે એમ જાહેર કરવામાં આવ્યું અને તે સર્વમાન્ય સત્ય તરીકે સ્વીકારાયું. પરંતુ જાણીતા માનસશાસ્ત્રી જી. સ્ટેન્લીહોલ અને જાણીતા પદાર્થ વિજ્ઞાની સર વિલીયમ ઓસ્લરનું મગજ એક સામાન્ય માણસના મગજ સાથે સરખાવતાં, એકે એક ભાગ સરખો જણાયો–કશો ફેર માલુમ ન પડ્યો. નિરાશાની પરંપરામાં છેવટે શોધકોને સૂઝયું કે કોઈ પણ યંત્રની કાર્યક્ષમતાનું માપ કાઢવા, યંત્ર ચાલતું હોય ત્યારે તેનો અભ્યાસ કરવો જોઈએ. બંધ પડેલા યંત્રની કાર્યક્ષમતા કાઢી શકાય નહીં. એટલે મડદાંના મગજને બદલે જીવતાં માણસના મગજનો અભ્યાસ કરવો રહ્યો.

આપણા શરીરના કોઈપણ ભાગની કાર્યક્ષમતા રોના પર અવલંબે છે તે પરત્વે દાક્તરોમાં બે મત નથી. સૌ કોઈ જાણે છે કે પૂરતું લોહી શરીરના જે જે ભાગને મળી રહે તે તે ભાગની કાર્યક્ષમતા સારી રહે. માણસના મગજનું પણ એવું જ છે. વળી લોહીનું પ્રમાણ તેમ જ લોહીના પ્રકારનો પણ વિચાર કરવો રહ્યો.

ડૉ. લેનોક્ષે લોહીનો આવરો અને માનસિક પ્રતિક્રિયાઓનો સંબંધ શોધી કાઢવા કેટલાક રસદાયી પ્રયોગો કર્યા. તેણે સિદ્ધ કર્યું કે જો મગજમાં કાર્બનના ડાયોક્સાઈડનું પ્રમાણ વધી જાય અગર તો લોહીના દબાણને કારણે મગજમાં વધારે લોહી ધસી આવે તો, માનસિક પ્રતિક્રિયાઓને આ લોહીની ઘણી અસર પહોંચે છે.

લોહીનું બંધારણ પણ અગત્યનો ભાગ ભજવે છે. એમ સિદ્ધ થયું છે કે માનસિક નબળાઈવાળા માણસોના લોહીમાં ચૂનાનું (કેલ્શીયમ) પ્રમાણ ઓછું હોય છે. વળી માનસિક નબળાઈવાળા માણસો, ખાસ કરી સ્પ્લીટ પર્સનાલીટી–split personality ના દર્દથી પીડાતા માણસોના લોહીમાં ખાંડનું પ્રમાણ વધારે હોય છે. જેમ જેમ લોહીમાં ખાંડનું પ્રમાણ વૃદ્ધિ પામે છે તેમ તેમ માનસિક તાણ વધવા લાગે છે.

માથામાં પૂરતા પ્રમાણમાં લોહી પહોંચે એ ખાસ જરૂરનું છે. યોગમાં શિર્ષાસન આ અર્થે કરવામાં આવે છે. ઉપરની દૃષ્ટિએ પણ શિર્ષાસનની અગત્ય હરકોઈને સમજાશે.

લસણ: ક્ષયનો ઉપાય

અતિસૂક્ષ્મ ઉદ્ભિજ જંતુઓના વિકાસને મનુષ્ય શરીરમાં અસરકારક રીતે રોકે એવાં પદાર્થો શોધવા થોડા વર્ષો થયાં ખૂબ સંશોધન ચાલે છે. સલ્ફા

આપવો, પેનીસીલીન વગેરે ઔષધો આ સંશોધનનું પરિણામ છે. પરંતુ ક્ષયરોગના સૂક્ષ્મ જંતુઓને હઠાવી શકે એવા અસરકારક પદાર્થો અદ્યાપિ મળી શક્યા નથી. આ દિશામાં થયેલ પ્રયત્નોમાં વનસ્પતિજન્ય પદાર્થોનું અન્વેષણ ખાસ થયું હોય તેમ લાગતું નથી.

આયુર્વેદમાં તેમ જ યુનાની પદ્ધતિમાં લસણ ક્ષયના દર્દીઓ માટે એક અકસીર ઔષધિ ગણવામાં આવ્યું છે. લસણના છોડનું નામ એલ્લીયમ સેટીયમ લીન (allium satiyum Linn) છે અને તે પલાંડુવર્ગ-લીલીયેસી વર્ગમાં આવે છે. બજારમાં મળતું સૂકું લસણ એ છોડના તીવ્રગંધવાળા સ્વાદે તીખા ગાંઠવાળા મૂળ છે. આ છોડમાંથી એક સત્ત્વ કાઢવામાં આવ્યું છે, જે ક્ષયના જંતુઓની સામે અસરકારક નીવડ્યું છે. આ કાર્યનું માન બંગાળાના એક સંશોધનકારને જાય છે.

*

ઈન્સ્ટીટ્યુશન ઓફ એન્જિનીઅર્સ

હિંદુસ્તાનના ઈજનેરોની આ સંસ્થા સ્થપાયે પચીસ વર્ષ થઈ ગયા. તેણે કલકત્તામાં પોતાનો રજત-મહોત્સવ ઊજવ્યો. ત્રણ દિવસના આ કાર્યક્રમમાં ભાષણો ઉપરાંત એન્જિનીઅરીંગની જુદી જુદી શાખાઓમાં થયેલ કાર્યના વિદ્વતાપૂર્ણ નિબંધો ચર્ચાયા. અગત્યના કારખાનાઓ જોવાની ગોઠવણ સભ્યો માટે કરવામાં આવી હતી. રજત-મહોત્સવનું પ્રારંભિક ભાષણ લોર્ડ વેવેલે આપ્યું:

"ભૂતકાળમાં ઈજનેરોની કાર્યકુશળતાને લીધે હિંદુસ્તાનને ફાયદો થયો છે. પણ હવે આ સેવાઓની હિંદને વિશેષ જરૂર છે. ખેતીવિષયક, ઔદ્યોગિક અને આર્થિક પ્રગતિ આગળ ધપાવવા ઈજનેરોની હિંદુસ્તાનને વિશેષ જરૂર પડવાની. એન્જિનીઅરીંગની બધી શાખાઓ તમારા ઈન્સ્ટીટ્યુશનમાં છે. એટલે વૈજ્ઞાનિક આયોજનમાં તમારી સંસ્થા પોતાનો ફાળો આપવા શક્તિઓ ધરાવે છે.

તમે ઈજનેરો ઘણી રીતે ભાગ્યશાળી છો. તમે જે કરો તેનો સંબંધ પુરાવો તમે જોઈ શકો છો: તમે જે કર્યું હોય તે માનવજાતને લાભકારક છે. એ તમે જાણો છો. પણ કુદરતની સામે તમારે થવાનું હોય છે. આવી લડતોમાં તમને ફાયદો મળે. પણ એક છેલ્લી વસ્તુ કહું. કુદરત તરફ જેટલી મમતા માયા રાખી શકાય એટલી રાખજો અને તેનું સૌંદર્ય જેટલું ઓછું બગાડાય તેટલું ઓછું બગાડજો."

પ્રમુખ તરીકે ભાષણમાં નવાબ ઝેઈન યારજંગ બહાદુરે એન્જિનીઅરીંગની ખીલવણી અને પ્રગતિ માટે આવશ્યક મૂળભૂત સંશોધનની અગત્યતાપર ભાર મૂક્યો. હિંદુસ્તાનમાં આવા સંશોધન માટે સગવડો નથી એ પ્રત્યે સૌનું ધ્યાન ખેંચ્યું. દેશના સમગ્ર જીવનને નવેસરઘડવામાં એન્જિનીઅરોએ ફાળો આપવાનો છે. આ રજતમહોત્સવના શુભ પ્રસંગે એ નિર્ણય કરી લેવો જોઈએ કે દેશના પ્રાણ રૂંધી જડ ઘાલી બેઠેલી ગરીબાઈ, અજ્ઞાનતા અને દર્દની ત્રિપુટી સામે આપણા વિજ્ઞાનના સઘળા સાધનો અને ઓજારો આપણી બુદ્ધિ અને કલ્પના વાપરવામાં ઈજનેરો કટીબદ્ધ રહેશે.

આ સંસ્થાનો ટૂંકો ઇતિહાસ અસ્થાને નહીં ગણાય. ૧૯૧૪ના યુદ્ધ પછી હિંદના ઈજનેરોની એક વ્યવસ્થિત સંસ્થા સ્થાપવા દેશભરમાંથી માંગણી થઈ. ઔદ્યોગિક કમીશને પોતાના રિપોર્ટમાં એન્જિનીઅરીંગનું જ્ઞાન વિસ્તારવા ઈજનેરો પોતાના અનુભવોની આપ લે કરી શકે એટલા માટે આવી એક સંસ્થાની જરૂરિયાત જણાવી. ૧૯૨૧માં સંસ્થા અસ્તિત્વમાં આવી. તેના પ્રથમ પ્રમુખ તરીકે સર થોમસ હોલ્ડેનને ચૂંટવામાં આવ્યા. આજે આ સંસ્થાના આખા દેશમાંથી ત્રણ હજાર સભ્યો છે. સંસ્થાનું મથક કલકત્તામાં છે. તેને પોતાનું મકાન છે. મુંબઈ, દિલ્હી, મદ્રાસ, બેંગ્લોર જેવા શહેરોમાં તેના કુલ આઠ સ્થાનિક કેન્દ્રો છે. ઈન્સ્ટીટ્યુશન વર્ષે બે વાર એસોસિયેટ સભ્ય થવાની પરીક્ષા લે છે. હિંદુસ્તાનમાં એન્જિનીઅરીંગ વિજ્ઞાન અને પ્રયોગને લગતું એક ત્રૈમાસિક કાઢે છે. કેટલીક વિદેશી સંસ્થાઓની હિંદી સમિતિ તરીકે કાર્ય કરે છે. હિંદુસ્તાન માટે નેશનલ સ્ટાન્ડર્ડસની યોજના આ સંસ્થાએ તૈયાર કરી છે અને સરકારને મોકલી છે, જેનાપર સરકાર વિચાર કરી રહી છે.

જેલજીવનના એકાંત અને સૂક્કા દિવસોમાં નજરે જોવા મળેલા :

બે સ્મરણો

પુરાતન ભુચ

[૧]

લાખાની ખિસકોલી

"પછી તને મજાની વેણી બાંધીશ... એ હું પહેરજે. શણગારજે ને પછી મારી સામે નાચજે... હોં...કે!"

જેલનો એક ભયંકર ગણાતો કેદી લાખો પોતાના હાથમાં રાખેલા ખીસકોલીના બચ્ચાની સાથે વાતો કરી રહેલો હતો. એ મેં સાંભળી લીધી ને લાખાની ઓરડી પાસે જઈને મેં તેને પૂછ્યું:

"અરે, લાખા આને તું ક્યાંથી પકડી લાવ્યો!"

"ભાઈ એ તો મારી ઓરડીની સામે પેલો લીમડો છે, તેની ઉપરના માળા સાથે નીચે પડી, પછી મેં તેને લઈ લીધી."

"પણ, એ તો સાવ નાની છે ને!"

"હા, તે શું થઈ ગયું! હું તો તેની સંભાળ લઉં એવડો મોટો છું ને!" એમ કહીને લાખો મારી સામે જોઈને હસ્યો, ત્યારે તેના દાંતની સ્વચ્છ બત્રીશી હોઠની બહાર દેખાઈ આવી.

"લાખા! તું આવડા નાના બચ્ચાને શી રીતે પાસે રાખે છે!" મેં આશ્ચર્યથી તેના ખિસ્સામાં ભરાઈ બેઠેલી ખીસકોલીને જોઈને પૂછ્યું:

"અરે ભાઈ, એ તો જીવ છે, જગતમાં બધાય જીવો મઝારો ને સંબાધ શોધે છે. તેને જ્યાં એ એ મળે ત્યાં સુખેથી રહે."

લાખાએ દિલમુશી ભરેલી છટાથી પોતાના ખિસ્સામાં બેઠેલા ખીસકોલીના બચ્ચા ઉપર ધીમો હાથ ફેરવતાં મને વળી થોડીવારે કહ્યું:

"અને જુઓ, આપણે જેલમાં આવીએ છીએ તો ક્યાં ગમે છે? પણ થોડા દિ' થાય પછી કેવા મજેથી દિવસ પસાર કરીએ છીએ!"

"પણ લાખા, આ બચ્ચાને તો કાયમ ઝાડ ઉપર રહેવાની ટેવ હોય છે તેનું શું?"

"મોટું થશે એટલે પછી ઝાડ ઉપર પણ કૂદા કૂદ કરી આવશે. પણ તેને રાખીશ તો મારી પાસે."

"એ બચ્ચાને તું શું ખવડાવીશ?"

"એ હમણાં ખાશે તો નહિં પણ તમારી પાસેથી થોડું દૂધ લઈ જઈશ. એ તેને પીવડાવીશ. તમે આપશોને!"

લાખાએ મારી પાસે ઓચિંતો જ પ્રશ્ન રજૂ કર્યો. તેનો મેં હસીને ઉત્તર દીધો.

"જો તું એને મારી પાસે રમવા આવવા દે તો જ આપું, નહિતર નહિં"

"ઓ હો, ઈસમેં ક્યા બડી બાત હે!" જરૂર તમે તેને રમાડવા લઈ જજો, પણ દૂધનું તો નક્કી ને!'

પછી લાખાએ રોજ મારી પાસેથી દૂધ લઈ જવાનું શરૂ કર્યું ને તે ખીસકોલીના નાના બચ્ચાને પીવડાવતો રહ્યો.

એકવાર લાખો દૂધ લેવા આવ્યો ત્યારે તેના માથાની ટોપી ઉપર ખીસકોલીનું નાનું બચ્ચું બેઠું બેઠું ચક ચક...કચ કચ... કરતું હતું. એને જોઈ રહેવાની મજા પડી. થોડીવારમાં એ ચૂપ થઈ ગયું.

લાખાએ પોતાના ચંબુમાં થોડું દૂધ લીધું એટલે મેં તેને કહ્યું:

"લાખા, આને અહિંજ દૂધ પીવડાવ ને!"

"હા, લોને અહીં પીવડાવું" એમ કહીને તેણે

પોતાના ખીસ્સામાંથી એક રૂનો ગાભો કાઢયો ને તેની એક નાની દીવેટ બનાવી. દીવેટ દૂધમાં બોળી બોળીને હાથની હથેળીમાં બેસાડેલા બચ્ચાના મોંઢા પાસે ધરતો જાય એમ કરતાં તેણે મને કહ્યું:

"જુઓ, કેવી મજાથી એ ધાવે છે!"

લાખાની દૂધ પીવડાવવાની અનોખી ને ચતુરાઇ ભરેલી રીત જોઇને મને નવાઇ લાગી, મેં તેને કહ્યું:

"લાખા, આમ કેટલા દહાડા પીશે?"

"બસ, હવે તો દાણા ચાવવાની શરૂઆત તેણે કરી દીધી છે."

"એને ઝાડપર કૂદકા મારવા જવા દે છે?"

"હા, હવે થોડીવાર ફરવા જાય છે ને પછી રાતે તો મારી સોડમાં ભરાઇને સૂઈ રહે છે."

આવી વાતો ચાલતી હતી એટલામાં વોર્ડના દરવાજેથી ખબર પડી કે લાખાને દરવાજે બોલાવે છે.

લાખાએ ખીસકોલીને ફરીથી ઝટ પહેરણના ખીસ્સામાં મૂકી દીધી ને ઉતાવળથી પોલીસની સાથે જેલની કચેરીએ જવા ઊપડયો.

જેલની દુનિયામાં લાખાનાં તોફાન ઘણાં જાણીતાં હતાં. તો પણ તે હૃદયથી કેટલો કોમળ માણસ હતો, એ તેની ખીસકોલી સાથેની દોસ્તી જોઇને હું સમજી શક્યો. તેણે જે દિવસથી એ બચ્ચાને પાળ્યું હતું તે દિવસથી તેનાથી ત્રાસી ગયા હતા તેમને પણ તેના આ નવા વ્યવસાયથી શાંતિ વળી હતી.

લાખો દરવાજે ગયો. પછી મને એના જ કહેલા શબ્દો યાદ આવ્યા, 'જીવ માત્રને સહારો ને સંગાથ જોઇએ!' કેટલી સરળ છતાં મહાન ફિલસૂફી એ ગુનેગાર ગણાતા લાખા પાસે હતી! એને પણ ખીસકોલીની દોસ્તીમાં એ બન્ને વસ્તુ સાંપડી હતી. તેથી એ મસ્ત બન્યો હતો. તેનાં તોફાનોનું પરિવર્તન નાના ખીસકોલીના બચ્ચાએ સહૃદયતામાં કરી નાંખ્યું હતું!

ફરી પાછો અમારા યાર્ડના દરવાજે કોલાહલ મચી ગયો. હું મારી ખોલીએથી કૂદકો મારીને દરવાજાની અંદર રાખેલાં ગોળ કાંણાંમાંથી બહાર જોવા માંડયો.

ચક્કરના બગીચામાં દરવાજા પાસે લાખો આવ્યો હતો એટલે મને થયું કે કાંઇક તોફાન મચ્યું હશે. પણ મારા યાર્ડના દરવાજે આવી રહેલો લાખો હસતો દેખાયો. એટલે હું પણ કારણ જાણ્યા વગર જ આનંદમાં આવી ગયો. વાતાવરણની અસર તો અજાણે પણ ઘણી થાય તેમ લાખો છેક અંદર આવીને ઉભો ત્યાં સુધી મને સમજાયું જ નહિ કે આનંદ શાનો હતો, તેણે આવીને મારો હાથ પકડીને ખુશીમાં આવી જઇને કહ્યું:

"ભાઇ આજે મારે ઓચિંતા જ છૂટવાનો ઓર્ડર આવ્યો છે."

તેની વાચામાં, આંખોમાં, અવાજમાં, તેના આખા અવતારમાંથી જાણે ધ્વનિ ગૂંજી રહ્યો હતો: 'હું છૂટું છું...હું છૂટું છું...'

પંદર વર્ષની પૂરી સજા ભોગવીને લાખો આજે ઓચિંતો છૂટતો હતો એ સમાચાર આખી જેલમાં જોતજોતામાં ફેલાઈ ગયા.

લાખાએ બધાની સાથે બાજુની ઓરડીઓ પાસે જઈ જઈને હાથ મીલાવ્યા ને સલામની આપલે કરી. સહુને મળી લીધું પછી મને મળવા મારી ઓરડી પાસે આવ્યો ને કહ્યું:

'ભાઈ, જેલર સાહેબ મને ખાસ મારી આપીને ઓચિંતો છોડશે એવી કોઈ ખાત્રી ન હતી. પણ, હવે છૂટવાનું આવ્યું છે.'

'બહુ જ ખુશીની વાત ને!' મેં કહ્યું.

'ભાઈ ખુશી તો થાય છે પણ મને ચિંતા પણ થાય છે.' લાખાએ પોતાના હાથની હથેળીમાં બેઠેલી ખીસકોલી સામે જોઈને કહ્યું; એટલે હું તરત સમજી ગયો ને પૂછયું:

'તને ખીસકોલીની ચિંતા થાય છે ને?'

'હા, એની જ તો.'

લાખાની પાણીદાર આંખોમાં પણ એની ખીસ-

ઠોલી માટેની ચિંતાનો પડઘો પડયો.

'લાખા, એ તો હવે મોટી થઈ ગઈ છે ને, પછી શી ચિંતા ?'

'ભલેને મોટી થઈ તો પણ એને કાંઈ મારાથી રેઢી મુકાય છે ?'

'ત્યારે, તું એને સાથે જ લઈ જતો ?'

'ભાઈ, સાથે લઈ જાઉં, પણ મારે નથી ઘર કે બાર, એને હું મારી સાથે ક્યાં રખડાવીને દુઃખી કરું ?'

'તો પછી શું કરીશ ?'

'તમે એક કામ ન કરો.' તેને ઓચિંતો જ કંઇ વિચાર સૂઝી આવ્યો હોય તેમ એ બોલી ઊઠયો.

'હા, શું કહેને ?'

'તમે આ ખીસકોલી તમારી પાસે જ રાખો. એને કંઇને કંઇ ખાવાનું આપતા રહેજો. બસ.'

મને એ ખીસકોલી ગમતી જ હતી, તેથી મેં તેની સૂચના સ્વીકારી લીધી ને લાખાએ ખીસકોલીને મારા ખભ્ભા ઉપર બેસાડી દીધી.

હવે લાખો વિદાય લેતો હતો. હું વોર્ડના દરવાજા સુધી તેની સાથે ગયો ત્યારે મારા ખભ્ભા પર બેઠેલી ખીસકોલી પણ જાણે લાખાને છેલ્લી સલામ કરતી હોય તેમ જોરથી બોલી ઊઠી : ચક...ચક... ક્રચ...ક્રચ...

લાખાએ જતાં જતાં એક હેતભરી નજર એની ખીસકોલી ઉપર નાંખી લીધી, ત્યારે મેં જોયું કે તેની મૂંગી નજર જાણે કાંઈક ન સમજાય એવું માનવહૃદયનું ગૂઢ સંગીત બજાવી રહેલી હતી.

[૨]

કુદરતની અજાયબી !

જેલમાં મારી પૂરાવાની ઓરડીની સામે જ નાહવાનો હોજ હતો તેથી સવાર સાંજ ત્યાં પંખીઓનો મેળો જામતો. કાબર ને કબૂતર તો હોજમાં ડોક ડૂબાડીને ફરરર કરતું પાણી પોતાના અંગ ઉપર ઉરાડે એ જોવાની ખૂબ મઝા પડતી. એક પછી એક પંખીઓ આવતાં ને જતાં. એમાંનાં કેટલાંકની સાથે મારે પરિચય થઈ ગયો હતો. કારણ કે હોજ ઉપર આવે, ન્હાય, પાણી પીએ ને પછી નજીકના જ વડ, લીમડા કે પીંપળા ઉપર પોતાના માળા તરફ ચાલી જાય.

એકવાર એવું બન્યું કે મારી ખોલીની સામેના લીમડાની ડાળ ઉપર કાળાકોશી અને એક તેના જ જેવડા પીળા પક્ષીએ માળા બાંધેલા. કાળાકોશી જ્યારે બચ્ચાં માટે ખાવાનું શોધવા જાય ત્યારે પીળું પક્ષી પોતાના ને કાળાકોશીના માળાની પણ ચોકી કરે.

આ દૃશ્ય એક સિન્ધી કેદીએ જોયું ને અજાયબ થઈ ગયો, એ તરત પોતાના પગમાં પહેરેલી બેડી ખણખણાવતો મારી ઓરડીએ આવ્યો ને કહેવા લાગ્યો:

"શી કુદરતની કરામત છે ભાઈ!"

"કેમ શું છે ?" મેં આશ્ચર્યથી પૂછ્યું.

"જૂઓ તો ખરા. આ સામા લીમડા પર બે નાનાં પક્ષીઓ એકબીજાના માળાની ચોકી કરે છે." કેદીએ કહ્યું.

"હા, એ મેં પણ એકવાર જોયું છે. અજાયબ વાત છે ખરું ને ?"

"હા અજાયબ તો છે જ. પરંતુ એકબીજા પરસ્પરને મદદ કરે છે એ વાત મને આશ્ચર્ય ઉપજાવે છે !"

વાતો કરતા કરતા અમે પક્ષીઓની કેટલીક ખાસીઅતો વિષે ચર્ચા કરવા લાગ્યા. તેણે સિન્ધનાં પંખીઓની પિછાન આપવા માંડી. અને ત્યાં કયા પ્રદેશમાં કેવાં પંખીઓ વસવાટ કરે છે તેની રસિક વિગતો કહેવા માંડી ત્યારે મેં તેને વચમાં જ પૂછ્યું:

"અલીભાઈ, તમને આ બધાં પંખીઓની ઓળખાણ શી રીતે થઈ ?"

"અહારવટું કરવાના કેટલાક લાભો છે તેમાંનો

આ પણ એક મોટો લાભ છે. જિંદગીમાં એક પ્રકારની મસ્તી આવી જાય છે. જાન કુરબાન કરવાની ઝંખના જન્મે છે ને દુશ્મનની સામે લડતાં લડતાં બધું જ ફના કરવાની તમન્ના પેદા થાય છે તે સાથે વગડામાં ગમે ત્યાં ફરવા અને રહેવાની ટેવ પડી જતાં કુદરતના આ કુમળાં પંખી સાથે પિછાન પણ થઈ જાય છે."

અલીએ વાત કહેતાં પોતાના મુખ ઉપર પક્ષીઓ પ્રત્યેની જે અનુકંપા હતી તે સ્પષ્ટ થવા દીધી.

અમારી વાતો ચાલતી હતી ત્યાં પેલા લીમડા ઉપર એકાએક ઘણા પંખીઓએ ખૂબ કોલાહલ મચાવી મૂક્યો. ઘણાં પંખી ચિંચિયારી કરતાં ઉડીને આમતેમ ચકરાવા લેવા લાગ્યા. તેમાં પેલું પીળું પક્ષી પણ દોડાદોડી કરતું લાગ્યું.

હું ને અલી અમારી ખોલીમાંથી બહાર દોડી આવ્યા. ને લીમડા ઉપર જોઈ રહેલા એક કેદીને મેં પૂછ્યું :

"આ શેનો કોલાહલ મચ્યો છે?"

"અરે એ તો શકરો બાજ છે."

"ક્યાં છે?" મેં તરત પૂછ્યું ને તે સાથે જ અલીએ દીવાલ નજીક જઇને એક માટીનું ઢેકું ઊંચકીને પૂછ્યું :

"ક્યાં બેઠો છે?"

"અરે એ તે શેકાય કે? પેલા કાળાકોશીના માળામાંથી એક બચ્ચું ઉઠાવીને ક્યારનો પલાયન પણ થઈ ગયો. આ નાના પીળા પક્ષીએ બાજની સામે થવાનો ને તેનો પીછો પકડવાનો ઘણોય પ્રયાસ કર્યો પણ એનું બિચારાનું શકરાબાજ પાસે શું ગજું!" કેદીએ કંઈક ખિન્ન અવાજે પક્ષી પ્રત્યે સહાનુભૂતિ બતાવતાં બધી વિગત કહી.

અલીએ આ વાત સાંભળીને પોતાના હાથમાંનું ઢેકું સામેની દિવાલ સાથે જોરથી અફાળ્યું ને બોલ્યો:

"બે પંખીઓ આટલા સંપથી રહે છે તો પણ કુદરત તેને મદદ કરવાને બદલે આવો જ બદલો આપે છે..."

અલી કંઈક નિરાશ થઈ ગયો. તેને મેં એકાએક આવી પહોંચેલો કાળાકોશી બતાવતાં કહ્યું :

"જો પેલો કોશી આવી પહોંચ્યો, હવે બન્ને પક્ષી ભેગાં મળીને શકરાબાજને પહોંચી શકશે. બિચારું એકલું પીળું પક્ષી શું કરે! ને એમાં કુદરતનો શો વાંક!"

ને ખરેખર કાળાકોશીએ લીમડાના ઝુંડમાં ભરાઈ બેઠેલા બાજને શોધી કાઢ્યો ને તેની ઉપર હુમલો કર્યો. ત્યારે તેનું બચ્ચું બાજના પંજામાંથી અમારી બાજુના વાડમાં પડી ગયું. બચ્ચું તો મરેલું હતું પણ બાજ ત્યાંથી ચોબારા ગણી ગયો.

આ બનાવ બની ગયા પછી કાળાકોશી ને પીળું પક્ષી એક જ ડાળી પર પાંચ છ હાથને અંતરે બેઠાં ને એકબીજાની સામે જોઈ રહ્યાં. અમે નીચે ઊભા ઊભા એ દૃશ્ય જોયું ત્યારે એમ થયું કે નાનાં પક્ષી જે મૂકભાવે બેસી રહ્યા હતાં એમાંથી અતિ કરુણભાવ માનવહૃદયમાંથી જાગૃત થતો હતો. એ બન્ને પક્ષીને જોઈ અલી ધીમેથી એટલું જ બોલ્યો:

"આ બે દુઃખી પંખીઓ મને ખુદાની હાજરીની યાદ આપે છે!"

'કલાપીને સંબોધન' અંગે થોડી વધુ સ્પષ્ટતા :

સાહિત્યનું ઋણ

રામનારાયણ વિ. પાઠક

પ્રિય ભાઈશ્રી કપિલ ઠક્કર

તમારું 'કલાપીને સંબોધન' એ મથાળાનું ચર્ચાપત્ર 'ઊર્મિ'ના જુલાઈના અંકમાં ચારેક દિવસપર વાંચ્યું.

તમે પૂછો છો કે આઠ વરસ સુધી આ પ્રકાશને હું ગુપ્તપણે કેમ સાચવી શક્યો! આનો ખુલાસો મેં મારા મૂળ લેખમાં સૂચવ્યો છે. પણ જરા વધારે સ્પષ્ટ રીતે લખું. કવિશ્રીના જીવન દરમિયાન જ આ વાત પ્રસિદ્ધ કરવાની મારી ઇચ્છા હતી. પણ એમ કરવા માટે એમને પૂછી લેવું જોઇએ, અને એમની લેખી સંમતિ મેળવવી જોઈએ. પણ છેલ્લા કેટલાંક વરસોથી ગુજરાતના કેટલાક મહાજનો વિશેના એમના પૂર્વગ્રહો અને એ કહેવાની એમની રીત અને કેટલીક ચર્ચા તથા અભિપ્રાયોમાં એમની સાથેના મારો મતભેદ, એને લીધે એમની સાથેની મુલાકાત મને કે એમને સુખપ્રદ થતી નહોતી. એમને ત્યાં જતાં મને સંકોચ રહેતો. મેં કેટલાંક વરસોથી એમને ત્યાં જવું છોડી દીધેલું. એટલે એ રહી ગયું. અત્યારે પણ આ લખવું મને ગમતું નથી.

આ બાબત મારા મનને તપાસી જોતાં મને કયાંઈ ગેરસમજ થયેલી માલૂમ પડતી નથી. આ વસ્તુ વારંવાર મારા સ્મરણમાં આવે એવી અને આવેલી હોવાથી એ સંબંધી ભ્રમણા થવાનો મને સંભવ લાગતો નથી. છતાં મારા લેખ પછી આને એક સ્વતંત્ર સમર્થન મળેલું છે તે અહીં નોંધું છું. મારો લેખ પ્રસિદ્ધ થયા પછી શ્રીયુત વિષ્ણુભાઈ, જેઓ સદ્‌ગત કવિશ્રીના એક અનન્ય ભક્ત છે, તેઓ કામ પ્રસંગે મને મળવા આવેલા ત્યારે તેમણે કહેલું કે કવિશ્રીએ તેમને પણ આ વાત કરેલી. હું તો માનું છું કે આ સમર્થનથી આ વાત સ્મરણદોષના સંભવમાંથી નીકળી જાય છે.

આ સંભવ ગયા પછી પણ મારા મૂળવિધાન વિરુદ્ધ એક વાત દલીલ તરીકે મુકાય છે. કાન્તને, પોતાનું નવું કાવ્ય કદાચ અનેક મિત્રોને મોકલવાની ટેવ હતી તેમ તેમણે એ કાવ્ય કદાચ કવિશ્રીને મોકલ્યું હશે. અને કવિશ્રીએ એને પોતાને ઉદ્દેશેલું માની લીધું હશે, આમ માનનાર, હું કાન્ત, કલાપી અને ન્હાનાલાલ ત્રણેયને અન્યાય કરતો હોઉં તે કરતાં કવિશ્રીને કેવડો મોટો અન્યાય કરે છે તે વિચારવું જોઈએ. અને આવી ભૂલ નહિતર પણ થવી શક્ય નથી એ કદાચ જો 'કલાપીને સંબોધન' હોય તો તેનું એ મથાળું પણ હોય જ અને એ મથાળા પછી એ કોઈ બીજાને છે, અથવા મારું છે એમ કોઈ માને? કોઈ સામાન્ય માણસ પણ એવી ભૂલ ન કરે.

તમે લખો છો કે કાન્તે કલાપી જયન્તી ઉપર આ સંબોધન કલાપીને એમ જાહેરમાં કહ્યું હતું. મને તો આથી મારા વિધાનને કશી હાનિ થતી જણાતી નથી. કાન્ત એકવાર એ કાવ્યને 'કલાપીને સંબોધન' તરીકે પ્રસિદ્ધ કરે પછી ફરી જાહેરમાં એમ જ કહે એ સ્વાભાવિક છે. કાન્તે પોતે એને કલાપીના કાવ્ય તરીકે જ પ્રથમ જાહેર કર્યું તેની હું ના કહેતો નથી.

વળી તમે લખો છો કે "ન્હાનાભાઈ એક સાથે બે લાંબાં કાવ્યો શરૂ ન કરતા" એમ તમે માનો છો. તમારું પણ એ માત્ર મન્તવ્ય છે, એ હકીકત છે એમ નથી કહેતા. એ ખરું હોય તો પણ એટલા જ ઉપરથી આ કાવ્ય લખાતી વખતે ઈન્દુકુમાર ભાગ. ૧લો અસ્તિત્વમાં આવ્યો નહોતો એમ સાબિત નથી થતું. ઈન્દુકુમાર પહેલેથી લખાઈ ગયો હોય

કવિશ્રી લખેલું કાવ્ય ઘણાય વરસો સુધી છપાવ્યા વિના પોતાની પાસે રાખી મૂકતા એ પ્રસિદ્ધ વાત છે. અને "હેત હૈયાનાં વહતી વાજે વાંસળી" એ પંક્તિ મને તો હજી પણ ન્હાનાલાલની પંક્તિ ઉપરથી જ લીધેલી જણાય છે. કોઇ પ્રાચીન કવિતામાં હોવાનું મેં કદી જાણ્યું નથી. એ પંક્તિ ન્હાનાલાલની પંક્તિ ઉપરથી લીધાની વાત ઘણા વરસોથી પ્રસિદ્ધ છે તે સામે કોઈએ કશું કહ્યું નથી.

આવી દલીલોમાં ઝાઝું બળ નથી એ તો તમે પણ કબૂલ કરશો. મૂળ વાત એક જ છે. મને સદ્ગત ન્હાનાલાલે આ વાત આ રીતે કહી એવું સ્પષ્ટ સ્મરણે છે, ને એમણે જે કહ્યું તેમાં એમની પણ ભ્રમણા નહોતી એવી મારી પ્રતીતિ છે. આ બન્ને જે ન માને તેણે કલાપી સાથે જ એ અર્થ બેસારવો પડે. એની એક કડી ન બેસે, બીજી અસંગતિનો દેખાય, તો પણ કોઈ પણ ભાવક કે વિવેચક એમ જ કરે પૂર્વાલાપના ટિપણમાં અને ઉપોદ્ઘાતમાં મેં એમ જ કરેલું છે. તેથી ઊલટું ન્હાનાલાલે મને કહ્યું હતું એ જે માને તે તે પછી ન્હાનાલાલને જ લાગુ કરીને એ અર્થ કરે. એમ અર્થ કરતાં એક અત્યાર સુધી અર્થહીન જણાતી કડી સાર્થ બને છે, અને બીજી કેટલીક પંક્તિઓના અર્થ વધારે સારી રીતે બેસે છે, એ આ પક્ષમાં વિશેષ છે.

તમે લખો છો કે ગુજરાતના અંતરમાં હું આ વાત ઉતારી શકીશ નહિ. ગુજરાતના અંતર વિશે બોલવાને કે તેના અંતરને સ્વીકાર કરાવી શકવાને હું મને અધિકારી માનતો નથી. ગુજરાતનું અંતર એ સ્વીકારશે કે નહિ સ્વીકારે તે હું જાણતો નથી. પણ મારી પાસે એ પ્રશ્ન જ નહોતો. હું તો જે આ જાણતો હતો તેને પ્રસિદ્ધ કરવું એને એક મારું સાહિત્ય તરફનું ઋણ સમજતો હતો અને એ બુદ્ધિથી મેં એ પ્રસિદ્ધ કર્યું છે.

૧૭-૮-૪૧

મુંબઈ રામનારાયણ વિ. પાઠક

તા. ક. આ લખી રહ્યા પછી, મેં ઉપર ઉલ્લેખ કર્યો છે તે શ્રી વિષ્ણુભાઈના સમર્થનની ખાતરી કરવા અને તેનો હવાલો આપવા એમને પત્ર લખ્યો. તેમના ઉત્તરમાંથી લગતો ભાગ નીચે ઉતારું છું:

અમદાવાદ, ૨૧-૮-૪૧

પરમ પૂજ્ય પાઠક સાહેબ

સપ્રેમ સાદર વંદન

આપે બુદ્ધિપ્રકાશના અંક.....માં 'સુરતાની વાડીના મીઠા મોરલા' કાવ્ય કવિશ્રી કાન્તે મહાકવિ ન્હાનાલાલને ઉદ્દેશીને લખેલું તે વિષે એક લેખ લખેલો તે વાંચીને મેં આપને જરૂર કહેલું કે આપની વાત તદ્દન સાચી છે.

મહાકવિ ન્હાનાલાલનો અંતિમ દશકો મારા ગાઢ પરિચયનો હતો. તે મને પુત્રતુલ્ય ચાહતા અને છેલ્લા "૧૧૧ વર્ષની દલપતવંશ કાવ્યસેવા મહોત્સવ" તથા "ચોર્યાશી ઝાલણ જ્ઞાતિ તરફથી મહાકવિ ન્હાનાલાલ સન્માન સમારંભ" તથા "મહાકવિ ન્હાનાલાલ સ્મારક સમિતિ" સાથેનો મીઠો સંબંધ માત્ર પડઘો જ હતો અને છે.

મહાકવિ જ્યારે આખા શરીરે ખરજવાથી રુધિર મંદાભિસરણ, હૃદયરોગ, વગેરેથી પીડાતા હતા ત્યારે લગભગ બે માસ તેમને સતત મસાજ હું જાતે કરવા જતો. લગભગ કલાકથી બે કલાક મસાજ ચાલ્યા કરે અને મહાકવિ પોતાની અંગત વાતો કહે.

કવિશ્રી કાન્તના ધર્મપરિવર્તન બાદ વ્હાલામાં વ્હાલા મિત્રો પણ તેમનાથી અલગ થઈ જતા હતા-રહી જતા હતા ત્યારે પૂ. માણેકબાએ કવિશ્રી કાન્તનાં પત્નીની સુવાવડમાં કરેલી સહાય વગેરે પ્રસંગોદ્વારા મહાકવિ ન્હાનાલાલ મને કવિશ્રી કાન્તની મૈત્રીની ગાઢતા વર્ણવતાં મહાકવિ કહેતા લાગ્યા "અહેમદભો. હો વ્હાલાં પુનઃ પધારજો" ને "સુરતાની વાડીના મીઠા મોરલા" જેવાં કાવ્યો એ કવિશ્રી કાન્તની અમારા તરફની લાગણીનાં પ્રતીક છે.

× × × ×

દાળિયા બિલ્ડિંગ આજ્ઞાંકિત
ઓલિસબ્રિજ વિષ્ણુના વંદન

નક્કી કરવા પ્રયત્નો કરવામાં આવતા: અને પ્રયોગો પણ એજ આધારે હાથ ધરવામાં આવતા.

એક માણસને મગજમાં ફોલ્લાં ઉઠેલાં: ડૉ. વોલ્ટર ડેન્ડીએ તેના મગજમાંથી આ દર્દવાળા ભાગનું પાસું કાઢી લીધું. પરિણામે તે માણસની બુદ્ધિશક્તિ કે મગજની કારવાહીમાં કશોજ ફેર જણાયો નહીં. એક બીજા કિસ્સામાં ડૉ. રીચર્ડ બ્રિકનર અને બીજા નિષ્ણાતોએ આવા પ્રયોગો કરી જોયા તો તેમને જણાયું કે મગજનો આગલો ભાગ–frontal lobe–કાઢી લેવાથી માણસની માનસિક શક્તિમાં કશો જ ફેર પડતો નથી: ઊલટું ઘણીવાર તો એ શક્તિમાં સુધારો જણાય છે.

મગજના વિભાગોનો સવિસ્તર અભ્યાસ આદરનાર ડૉ. ફ્રેન્ઝગોલની માન્યતા એવી હતી કે મગજની અંદરની ખાંચો બુદ્ધિશક્તિનું માપ દર્શાવે છે, એ માન્યતાને આધારે શક્તિશાળી તેમ જ સામાન્ય સાવ સાધારણ બુદ્ધિવાળા માણસના મગજની સરખામણી કરવાનું કામ ડૉ. રુડોલ્ફ વેગનર ઈત્યાદિ દાક્તરોએ ઉપાડી લીધું. જાણીતા વિજ્ઞાનવેત્તા ગોસ અને એક સામાન્ય મજૂરના મગજના જૂદા જૂદા વિભાગોની સરખામણી કરવામાં આવી. ઠીક ઠીક જહેમતને અંતે, વેગનરને જણાયું કે બંને મગજ એક સરખાં જ છે. મગજની ખાંચો, તેની ઊંડાઈ, તેની સંખ્યા ઈત્યાદિ તમામ બાબતોની પરીક્ષામાં બંને મગજ સરખાં જ જીતયાં.

બુદ્ધિશક્તિ મગજના ક્યા ભાગમાં છે તે રહસ્ય શોધવા મગજના જૂદા જૂદા વિભાગોની બારિક પરીક્ષા કરવામાં આવી. મગજના દરેક ભાગમાં અમુક અમુક શક્તિ રહે છે એમ જાહેર કરવામાં આવ્યું અને તે સર્વમાન્ય સત્ય તરીકે સ્વીકારાયું. પરંતુ જાણીતા માનસશાસ્ત્રી જી. સ્ટેન્સીહોલ અને જાણીતા પદાર્થવિજ્ઞાની સર વિલીયમ ઓસ્લરનું મગજ એક સામાન્ય માણસના મગજ સાથે સરખાવતાં, એકે એક ભાગ સરખો જણાયો–કશો ફેર માલુમ ન પડયો. નિરાશાની પરંપરામાં છેવટે શોધકોને સૂઝ્યું કે કોઈ પણ યંત્રની કાર્યક્ષમતાનું માપ કાઢવા, યંત્ર ચાલતું હોય ત્યારે તેનો અભ્યાસ કરવો જોઈએ. બંધ પડેલા યંત્રની કાર્યક્ષમતા કાઢી શકાય નહીં. ઓટલે મડદાંના મગજને બદલે જીવતાં માણસના મગજનો અભ્યાસ કરવો રહ્યો.

આપણા શરીરના કોઇપણ ભાગની કાર્યક્ષમતા રોના પર અવલંબે છે તે પરત્વે દાક્તરોમાં બે મત નથી. સૌ કોઈ જાણે છે કે પૂરતું લોહી શરીરના જે જે ભાગને મળી રહે તે તે ભાગની કાર્યક્ષમતા સારી રહે. માણસના મગજનું પણ એવું જ છે. વળી લોહીનું પ્રમાણ તેમ જ લોહીના પ્રકારનો પણ વિચાર કરવો રહ્યો.

ડૉ. લેનોક્સે લોહીનો આવરો અને માનસિક પ્રતિક્રિયાઓનો સંબંધ શોધી કાઢવા કેટલાક રસદાયી પ્રયોગો કર્યા. તેણે સિદ્ધ કર્યું કે જો મગજમાં કાર્બનના કાર્બોકસાઈડનું પ્રમાણ વધી જાય અગર તો લોહીના દબાણને કારણે મગજમાં વધારે લોહી ધસી આવે તો, માનસિક પ્રતિક્રિયાઓને આ લોહીની ઘણી અસર પહોંચે છે.

લોહીનું બંધારણ પણ અગત્યનો ભાગ ભજવે છે. એમ સિદ્ધ થયું છે કે માનસિક નબળાઈવાળા માણસોના લોહીમાં ચૂનાનું (કેલ્શીયમ) પ્રમાણ ઓછું હોય છે. વળી માનસિક નબળાઈવાળા માણસો, ખાસ કરી સ્પ્લીટ પર્સનાલીટી–split personality ના દર્દથી પીડાતા માણસોના લોહીમાં ખાંડનું પ્રમાણ વધારે હોય છે. જેમ જેમ લોહીમાં ખાંડનું પ્રમાણ વૃદ્ધિ પામે છે તેમ તેમ માનસિક તાણ વધવા લાગે છે.

માથામાં પૂરતા પ્રમાણમાં લોહી પહોંચે એ ખાસ જરૂરનું છે. યોગમાં શિર્ષાસન આ અર્થે કરવામાં આવે છે. ઉપરની દૃષ્ટિએ પણ શિર્ષાસનની અગત્ય હરકોઈને સમજાશે.

*

લસણ : ક્ષયનો ઉપાય

અતિસૂક્ષ્મ ઉદ્ભિજ જંતુઓના વિકાસને મનુષ્ય શરીરમાં અસરકારક રીતે રોકે એવા પદાર્થો શોધવા થોડા વર્ષો થયાં ખૂબ સંશોધન ચાલે છે. સલ્ફા

આપવો, પેનીસીલીન વગેરે ઔષધો આ સંશોધનનું પરિણામ છે. પરંતુ ક્ષયરોગના સૂક્ષ્મ જંતુઓને હઠાવી શકે એવા અસરકારક પદાર્થો અદ્યાપિ મળી શક્યા નથી. આ દિશામાં થયેલ પ્રયત્નોમાં વનસ્પતિજન્ય પદાર્થોનું અન્વેષણ ખાસ થયું હોય તેમ લાગતું નથી.

આયુર્વેદમાં તેમ જ યુનાની પદ્ધતિમાં લસણ ક્ષયના દર્દીઓ માટે એક અકસીર ઔષધિ ગણવામાં આવ્યું છે. લસણના છોડનું નામ એલ્લીયમ સેટીવમ લીન (allium satiyum Linn) છે અને તે પલાંડુવર્ગ-લીલીયેસી વર્ગમાં આવે છે. બજારમાં મળતું સૂકું લસણ એ છોડના તીવ્રગંધવાળા સ્વાદે તીખા ગાંઠવાળા મૂળ છે. આ છોડમાંથી એક સત્ત્વ કાઢવામાં આવ્યું છે, જે ક્ષયના જંતુઓની સામે અસરકારક નીવડ્યું છે. આ કાર્યનું માન બંગાળાના એક સંશોધનકારને જાય છે.

*

ઈન્સ્ટીટ્યુશન ઓફ એન્જિનીઅર્સ

હિંદુસ્તાનના ઈજનેરોની આ સંસ્થા સ્થપાયે પચીસ વર્ષ થઈ ગયા. તેણે કલકત્તામાં પોતાનો રજત-મહોત્સવ ઊજવ્યો. ત્રણ દિવસના આ કાર્યક્રમમાં ભાષણો ઉપરાંત એન્જિનીઅરીંગની જુદી જુદી શાખાઓમાં થયેલ કાર્યના વિદ્વતાપૂર્ણ નિબંધો ચર્ચાયા. અગત્યના કારખાનાઓ જોવાની ગોઠવણ સભ્યો માટે કરવામાં આવી હતી. રજત-મહોત્સવનું પ્રારંભિક ભાષણ લોર્ડ વેવેલે આપ્યું:

"ભૂતકાળમાં ઈજનેરોની કાર્યકુશળતાને લીધે હિંદુસ્તાનને ફાયદો થયો છે. પણ હવે આ સેવાઓની હિંદને વિશેષ જરૂર છે. ખેતીવિષયક, ઔદ્યોગિક અને આર્થિક પ્રગતિ આગળ ધપાવવા ઈજનેરોની હિંદુસ્તાનને વિશેષ જરૂર પડવાની. એન્જિનીઅરીંગની બધી શાખાઓ તમારા ઈન્સ્ટીટ્યુશનમાં છે. એટલે વૈજ્ઞાનિક આયોજનમાં તમારી સંસ્થા પોતાનો ફાળો આપવા શક્તિઓ ધરાવે છે.

તમે ઈજનેરો ઘણી રીતે ભાગ્યશાળી છો. તમે જે કરો તેનો સંબંધ પુરાવો તમે જોઈ શકો છો: તમે જે કર્યું હોય તે માનવજાતને લાભકારક છે. એ તમે જાણો છો. પણ કુદરતની સામે તમારે થવાનું હોય છે. આવી લડતોમાં તમને ફાયદો મળે. પણ એક છેલ્લી વસ્તુ કહું. કુદરત તરફ જેટલી મમતા માવા રાખી શકાય એટલી રાખજો અને તેનું સૌંદર્ય જેટલું ઓછું બગાડાય તેટલું ઓછું બગાડજો."

પ્રમુખ તરીકે ભાષણમાં નવાબ ઝેઈન યારજંગ બહાદુરે એન્જિનીઅરીંગની ખીલવણી અને પ્રગતિ માટે આવશ્યક મૂળભૂત સંશોધનની અગત્યતાપર ભાર મૂક્યો. હિંદુસ્તાનમાં આવા સંશોધન માટે સગવડો નથી એ પ્રત્યે સૌનું ધ્યાન ખેંચ્યું. દેશના સમગ્ર જીવનને નવેસર ઘડવામાં એન્જિનીઅરોએ ફાળો આપવાનો છે. આ રજતમહોત્સવના શુભ પ્રસંગે એ નિર્ણય કરી લેવો જોઈએ કે દેશના પ્રાણ રૂંધી જડ ઘાલી બેઠેલી ગરીબાઈ, અજ્ઞાનતા અને દર્દની ત્રિપુટી સામે આપણા વિજ્ઞાનના સઘળા સાધનો અને ઓજારો આપણી બુદ્ધિ અને કલ્પના વાપરવામાં ઈજનેરો કદી બદ્ધ રહેશે.

આ સંસ્થાનો ટૂંકો ઇતિહાસ અરણ્યે નહીં ગણાય. ૧૯૧૪ના યુદ્ધ પછી હિંદના ઈજનેરોની એક વ્યવસ્થિત સંસ્થા સ્થાપવા દેશભરમાંથી માંગણી થઈ. ઔદ્યોગિક કમીશને પોતાના રિપોર્ટમાં એન્જિનીઅરીંગનું જ્ઞાન વિસ્તારવા ઈજનેરો પોતાના અનુભવોની આપ લે કરી શકે એટલા માટે આવી એક સંસ્થાની જરૂરિયાત જણાવી. ૧૯૨૧માં સંસ્થા અસ્તિત્વમાં આવી. તેના પ્રથમ પ્રમુખ તરીકે સર થોમસ હોલાંડને ચૂંટવામાં આવ્યા. આજે આ સંસ્થાના આખા દેશમાંથી ત્રણ હજાર સભ્યો છે. સંસ્થાનું મથક કલકત્તામાં છે. તેને પોતાનું મકાન છે. મુંબઈ, દિલ્હી, મદ્રાસ, બેંગ્લોર જેવા શહેરોમાં તેના કુલ આઠ સ્થાનિક કેન્દ્રો છે. ઈન્સ્ટીટ્યુશન વર્ષે બે ચાર એસોસિયેટ સભ્ય થવાની પરીક્ષા લે છે. હિંદુસ્તાનમાં એન્જિનીઅરીંગ વિજ્ઞાન અને પ્રયોગને લગતું એક ત્રૈમાસિક કાઢે છે. કેટલીક વિદેશી સંસ્થાઓની હિંદી સમિતિ તરીકે કાર્ય કરે છે. હિંદુસ્તાન માટે નેશનલ સ્ટાન્ડર્ડસની યોજના આ સંસ્થાએ તૈયાર કરી છે અને સરકારને મોકલી છે, જેનાપર સરકાર વિચાર કરી રહી છે.

*

જેલજીવનના એકાંત અને સૂકા દિવસોમાં નજરે જોવા મળેલા :

બે સ્મરણો

પુરાતન બુચ

[૧]

લાખાની ખિસકોલી

"પછી તને મજાની વેણી બાંધીશ... એ તું પહેરજે. શણગારજે ને પછી મારી સામે નાચજે... હોં...કે !"

જેલનો એક ભયંકર ગણાતો કેદી લાખો પોતાના હાથમાં રાખેલા ખીસકોલીના બચ્ચાની સાથે વાતો કરી રહેલો હતો. એ મેં સાંભળી લીધી ને લાખાની ઓરડી પાસે જઈને મેં તેને પૂછ્યું:

"અરે, લાખા આને તું ક્યાંથી પકડી લાવ્યો ?"

"ભાઈ એ તો મારી ઓરડીની સામે પેલો લીમડો છે, તેની ઉપરના માળા સાથે નીચે પડી, પછી મેં તેને લઈ લીધી."

"પણ, એ તો સાવ નાની છે ને !"

"હા, તે શું થઈ ગયું ? હું તો તેની સંભાળ લઉં એવડો મોટો છું ને ?" એમ કહીને લાખો મારી સામે જોઈને હસ્યો, ત્યારે તેના દાંતની સ્વચ્છ બત્રીશી હોકની બહાર દેખાઈ આવી.

"લાખા ! તું આવડા નાના બચ્ચાને શી રીતે પાસે રાખે છે ?" મેં આશ્ચર્યથી તેના ખિસ્સામાં ભરાઈ બેઠેલી ખીસકોલીને જોઈને પૂછ્યું:

"અરે ભાઈ, એ તો જીવ છે, જગતમાં બધાય જીવો સદારો ને સંગાથ શોધે છે. તેને જ્યાં એ એ મળે ત્યાં સુખેથી રહે."

લાખાએ દિલસૂફી ભરેલી છટાથી પોતાના ખિસ્સામાં બેઠેલા ખીસકોલીના બચ્ચા ઉપર ધીમો હાથ ફેરવતાં મને વળી થોડીવારે કહ્યું:

"અને જૂઓ, આપણે જેલમાં આવીએ છીએ તો ક્યાં ગમે છે ? પણ થોડા દિ' થાય પછી કેવા મજેથી દિવસ પસાર કરીએ છીએ !"

"પણ લાખા, આ બચ્ચાને તો કાયમ ઝાડ ઉપર રહેવાની ટેવ હોય છે તેનું શું ?"

"મોટું થશે એટલે પછી ઝાડ ઉપર પણ કૂદા કૂદ કરી આવશે. પણ તેને રાખીશ તો મારી પાસે."

"એ બચ્ચાને તું શું ખવડાવીશ ?"

"એ હમણાં ખાશે તો નહિં પણ તમારી પાસેથી થોડું દૂધ લઈ જઈશ. એ તેને પીવડાવીશ. તમે આપશોને ?"

લાખાએ મારી પાસે ઓચિંતો જ પ્રશ્ન રજૂ કર્યો. તેનો મેં હસીને ઉત્તર દીધો.

"જો તું એને મારી પાસે રમવા આવવા દે તો જ આપું, નહિતર નહિં"

"ઓ હો, ઈસમેં ક્યા બડી બાત હૈ ?" જરૂર તમે તેને રમાડવા લઈ જજો, પણ દૂધનું તો નક્કી ને ?"

પછી લાખાએ રોજ મારી પાસેથી દૂધ લઈ જવાનું શરૂ કર્યું ને તે ખીસકોલીના નાના બચ્ચાને પીવડાવતો રહ્યો.

એકવાર લાખો દૂધ લેવા આવ્યો ત્યારે તેના માથાની ટોપી ઉપર ખીસકોલીનું નાનું બચ્ચું બેઠું બેઠું ચક ચક...કચ કચ... કરતું હતું. એને જોઈ રહેવાની મજા પડી. થોડીવારમાં એ ચૂપ થઈ ગયું.

લાખાએ પોતાના ચંબુમાં થોડું દૂધ લીધું એટલે મેં તેને કહ્યું:

"લાખા, આને અહિંજ દૂધ પીવડાવ ને !"

"હા, લોને અહીં પીવડાવું" એમ કહીને તેણે

પોતાના ખીસ્સામાંથી એક રૂનો ગાભો કાઢ્યો ને તેની એક નાની દીવેટ બનાવી. દીવેટ દૂધમાં બોળી બોળીને હાથની હથેળીમાં બેસાડેલા બચ્ચાનાં મોઢા પાસે ધરતો જાય એમ કરતાં તેણે મને કહ્યું:

"જૂઓ, કેવી મજાથી એ ધાવે છે!"

લાખાની દૂધ પીવડાવવાની અનોખી ને ચતુરાઇ ભરેલી રીત જોઇને મને નવાઇ લાગી, મેં તેને કહ્યું:

"લાખા, આમ કેટલા દહાડા પીશે?"

"બસ, હવે તો દાણા ચાવવાની શરૂઆત તેણે કરી દીધી છે."

"એને ઝાડપર કૂદકા મારવા જવા દે છે?"

"હા, હવે થોડીવાર ફરવા જાય છે ને પછી રાતે તો મારી સોડમાં ભરાઇને સૂઇ રહે છે."

આવી વાતો ચાલતી હતી એટલામા વોર્ડના દરવાજેથી બૂમ પડી કે લાખાને દરવાજે બોલાવે છે.

લાખાએ ખીસકોલીને ફરીથી ઝટ પહેરણના ખીસ્સામાં મૂકી દીધી ને ઉતાવળથી પોલીસની સાથે જેલની કચેરીએ જવા ઊપડયો.

જેલની દુનિયામાં લાખાનાં તોફાન ઘણાં જાણીતાં હતાં. તો પણ તે હૃદયથી કેટલો કોમળ માણસ હતો, એ તેની ખીસકોલી સાથેની દોસ્તી જોઇને હું સમજી શકયો. તેણે જે દિવસથી એ બચ્ચાને પાળ્યું હતું તે દિવસથી તેનાથી ત્રાસી ગયા હતા તેમને પણ તેના આ નવા વ્યવસાયથી શાંતિ વળી હતી.

લાખો દરવાજે ગયો. પછી મને એના જ કહેલા શબ્દો યાદ આવ્યા, 'જીવ માત્રને સહારો ને સંગાથ જોઇએ!' કેટલી સરળ છતાં મહાન ફિલસૂફી એ ગુનેગાર ગણાતા લાખા પાસે હતી! એને પણ ખીસકોલીની દોસ્તીમાં એ બન્ને વસ્તુ સાંપડી હતી. તેથી એ મસ્ત બન્યો હતો. તેનાં તોફાનોનું પરિવર્તન નાના ખીસકોલીના બચ્ચાએ સહૃદયતામાં કરી નાંખ્યું હતું!

ફરી પાછો અમારા વાર્ડના દરવાજે કોલાહલ મચી ગયો. હું મારી ખોલીએથી કૂદકો મારીને દરવાજાની અંદર ગયેલાં ગોળ કાંણામાંથી બહાર જોવા માંડયો.

ચક્કરના બગીચામાં દરવાજા પાસે લાખો આવ્યો હતો એટલે મને થયું કે કાંઇક તોફાન મચ્યું હશે. પણ મારા વાર્ડના દરવાજે આવી રહેલો લાખો હસતો દેખાયો. એટલે હું પણ કારણ જાણ્યા વગર જ આનંદમાં આવી ગયો. વાતાવરણની અસર તો અજાણે પણ ઘણી થાય તેમ લાખો છેક અંદર આવીને ઉભો ત્યાં સુધી મને સમજાયું જ નહિ કે આનંદ શાનો હતો, તેણે આવીને મારો હાથ પકડીને ખુશીમાં આવી જઇને કહ્યું:

"ભાઇ આજે મારે ઓચિંતા જ છૂટવાનો ઓર્ડર આવ્યો છે."

તેની વાચામાં, આંખોમાં, અવાજમાં, તેના આખા અવતારમાંથી જાણે ધ્વનિ ગૂંજી રહ્યો હતો: 'હું છૂટું છું...હું છૂટું છું...'

પંદર વર્ષની પૂરી સજા ભોગવીને લાખો આજે ઓચિંતો છૂટતો હતો એ સમાચાર આખી જેલમાં જોતજોતામાં ફેલાઇ ગયા.

લાખાએ બધાની સાથે બાજુની ઓરડીઓ પાસે જઇ જઇને હાથ મીલાવ્યા ને સલામની આપલે કરી. સહુને મળી લીધું પછી મને મળવા મારી ઓરડી પાસે આવ્યો ને કહ્યું:

'ભાઇ, જેલર સાહેબ મને ખાસ માફી આપીને ઓચિંતો છોડશે એવી કોઇ ખાત્રી ન હતી. પણ, હવે છૂટવાનું આવ્યું છે.'

'બહુ જ ખુશીની વાત ને!' મેં કહ્યું.

'ભાઇ ખુશી તો થાય છે પણ મને ચિંતા પણ થાય છે.' લાખાએ પોતાના હાથની હથેળીમાં બેઠેલી ખીસકોલી સામે જોઇને કહ્યું: એટલે હું તરત સમજી ગયો ને પૂછ્યું:

'તને ખીસકોલીની ચિંતા થાય છે ને?'

'હા, એની જ તો.'

લાખાની પાણીદાર આંખોમાં પણ એની ખીસ-

કોઈ માટેની ચિંતાનો પડછો પડયો.

'લાખા, એ તો હવે મોટી થઈ ગઈ કે ને, પછી શી ચિંતા?'

'ભલેને મોટી થઈ તો પણ એને કાઈ માગથી રેઢી મુકાય છે?'

'ત્યારે, તું એને સાથે જ લઈ જાતો?'

'ભાઈ, સાથે લઈ જઉં, પણ મારે નથી ઘર કે બાર, એને હું મારી સાથે કયા રખડાવીને દુખી કરું?'

'તો પછી શું કરીશ?'

'તમે એક કામ ન કરો' તેને શોચિંતો જ કઇ વિચાર સૂઝી આવ્યો હોય તેમ એ બોલી ઊઠયો.

'હા, શું કહેને?'

'તમે આ ખીસકોલીને તમારી પાસે જ રાખો એને કઇને કઇ ખાવાનું આપતા રહેજો બસ'

મને એ ખીસકોલી ગમતી જ હતી તેથી મેં તેની સૂચના સ્વીકારી લીધી ને લાખાએ ખીસકોલીને મારા ખભ્ભા ઉપર બેસાડી દીધી

હવે લાખો વિદાય લેતો હતો હું વોર્ડના દરવાજા સુધી તેની સાથે ગયો ત્યારે મારા ખભ્ભા પર બેઠેલી ખીસકોલી પણ કરુણ સ્વરે લાખાને છેલ્લી સલામ કરતી હોય તેમ જોરથી બોલી ઊઠી ચક ચક ક્રચ ક્રચ.

લાખાએ જતા જતા એક હેતભરી નજર એની ખીસકોલી ઉપર નાખી દીધી, ત્યારે મેં જોયું કે તેની મારી નજર જાણે કાઈક ન સમજાય એવું માનવ હૃદયનું ગૂઢ ચરીત્ર બતાવી રહેલી હતી

[૨]

કુદરતની અજાયબી!

જેલમાં મારી પૂરવાની ઓરડીની સામે જ નાહવાનો ઠોજ હતો તેથી સવાર સાંજ ત્યાં પંખી ઓનો મેળો જામતો. મોર ને કબૂતર તો હોજમાં ડોકું ડુબાડીને ફરર કરતું પાણી પોતાના રાગ ઉપર ઉગાડે એ જોવાની ખૂબ મજા પડતી એક પછી એક પંખીઓ આવતા ને જાત એમાના કેટલાકની સાથે મારે પરિચય થઈ ગયો હતો કારણ કે હોજ ઉપર આવે, ન્હાય, પાણી પીએ ને પછી નજીકના જ કોઈ લીમડા કે પીપળા ઉપર પોતાના માળા તરફ ચાલી જાય

એકવાર એવું બન્યું કે મારી બારીની સામેના લીમડાની ડાળ ઉપર કાળાકોશી અને એક તેના જેવડા પીળા પક્ષીએ માળા બાંધેલ કાળાકોશી જ્યારે બચ્ચા માટે ખાવાનું શોધવા જાય ત્યારે પીળુ પક્ષી પોતાના ને કાળાકોશીના માળાની પણ ચોકી કરે

આ દૃશ્ય એક સિન્ધી કેદીએ જોયું ને અજાયબ થઈ ગયો, એ તરત પોતાના પગમાં પહેરેલી બેડી ખણખણાવતો મારી ઓરડીએ આવ્યો ને કહેવા લાગ્યો

'શી કુદરતની કરામત છે ભાઈ!"

'કેમ શું છે?" મેં આશ્ચર્યથી પૂછયું

"જૂઓ તો ખરા આ સામા લીમડા પર બે નાના પંખીઓ એકમીજાના માળાની ચોકી કરે છે" કેદીએ કહ્યું

'હા, એ મેં પણ એકવાર જોયું છે અજાયબ વાત છે ખરું ને?'

'હા અજાયબ તો છે જ પરંતુ એમાંના પરસ્પરને મદદ કરે છે એ વાત મને આશ્ચર્ય ઉપજાવે છે।"

વાતો કરતા કરતા અમે પક્ષીઓની કેટલીક ખાસીઅતો વિષે ચર્ચા કરવા લાગ્યા તેવે સિન્ધના પંખીઓની પિછાણ આપવા માટે અને ત્યાં કયા પ્રદેશમાં કેવા પંખીઓ વસવાટ કરે છે તેની રસિક વિગતો કહેવા માટે ત્યારે મેં તેને વચમાં જ પૂછયું

'અરીભાઈ, તમારે આ બધ પંખીઓની એ જખાણ શી રીતે થઈ?'

"અહીં વધુ કરતાં કેટલાક વાસો છે તેમનો

આ પણ એક મોટો લાભ છે. જિંદગીમાં એક પ્રકારની મસ્તી આવી જાય છે. જાન કુરબાન કરવાની ઝંખના જન્મે છે ને દુશ્મનની સામે લડતાં લડતાં બધું જ ફના કરવાની તમન્ના પેદા થાય છે તે સાથે વગડામાં ગમે ત્યાં ફરવા અને રહેવાની ટેવ પડી જતાં કુદરતના આ કુમળાં પંખી સાથે પિછાન પણ થઈ જાય છે."

અલીએ વાત કહેતાં પોતાના મુખ ઉપર પક્ષીઓ પ્રત્યેની જે અનુકંપા હતી તે સ્પષ્ટ થવા દીધી.

અમારી વાતો ચાલતી હતી ત્યાં પેલા લીમડા ઉપર એકાએક ઘણા પંખીઓએ ખૂબ કોલાહલ મચાવી મૂક્યો. ઘણાં પંખી ચિચિયારી કરતાં ઉડીને આમતેમ ચકરાવા લેવા લાગ્યા. તેમાં પેલું પીળું પક્ષી પણ દોડાદોડી કરતું લાગ્યું.

હું ને અલી અમારી ખોલીમાંથી બહાર દોડી આવ્યા. ને લીમડા ઉપર જોઈ રહેલા એક કેદીને મેં પૂછ્યું :

"આ શેનો કોલાહલ મચ્યો છે?"

"અરે એ તો શકરો બાજ છે."

"ક્યાં છે?" મેં તરત પૂછ્યું ને તે સાથે જ અલીએ દીવાલ નજીક જઇને એક માટીનું ઢેકું ઊંચકીને પૂછ્યું :

"ક્યાં બેઠો છે?"

"અરે એ તે રોકાય કે? પેલા કાળાકોશીનો માળામાંથી એક બચ્ચું ઉડાડીને ક્યારનો પલાયન પણ થઈ ગયો. આ નાના પીળા પક્ષીએ બાજની સામે થવાનો ને તેનો પીછો પકડવાનો ઘણોય પ્રયાસ કર્યો પણ એનું બિચારાનું શકરાબાજ પાસે શું ગજું!" કેદીએ કંઈક ખિન્ન અવાજે પક્ષી પ્રત્યે સહાનુભૂતિ બતાવતાં બધી વિગત કહી.

અલીએ આ વાત સાંભળીને પોતાના હાથમાંનું ઢેકું સામેની દિવાલ સાથે જોરથી અફાળ્યું ને બોલ્યો:

"એ પંખીઓ આટલા સંપથી રહે છે તો પણ કુદરત તેને મદદ કરવાને બદલે આવો જ બદલો આપે છે..."

અલી કંઈક નિરાશ થઈ ગયો. તેને મેં એકાએક આવી પહોંચેલો કાળાકોશી બતાવતાં કહ્યું :

"જો પેલો કોશી આવી પહોંચ્યો, હવે બન્ને પક્ષી ભેગાં મળીને શકરાબાજને પહોંચી શકશે. બિચારું એકલું પીળું પક્ષી શું કરે! ને એમાં કુદરતનો શો વાંક!"

ને ખરેખર કાળાકોશીએ લીમડાના ઝુંડમાં ભરાઈ બેઠેલા બાજને શોધી કાઢ્યો ને તેની ઉપર હુમલો કર્યો. ત્યારે તેનું બચ્ચું બાજના પંજામાંથી અમારી બાજુના યાર્ડમાં પડી ગયું. બચ્ચું તો મરેલું હતું પણ બાજ ત્યાંથી પોબારા ગણી ગયો.

આ બનાવ બની ગયા પછી કાળાકોશી ને પીળું પક્ષી એક જ ડાળી પર પાંચ છ હાથને અંતરે બેઠાં ને એકબીજાની સામે જોઈ રહ્યાં. અમે નીચે ઊભા ઊભા એ દૃશ્ય જોયું ત્યારે એમ થયું કે નાનાં પક્ષી જે મૂકભાવે બેસી રહ્યા હતાં એમાંથી અતિ કરુણભાવ માનવહૃદયમાંથી જાગૃત થતો હતો. એ બન્ને પક્ષીને જોઈ અલી ધીમેથી એટલું જ બોલ્યો:

"આ બે દુઃખી પંખીઓ મને ખુદાની હાજરીની યાદ આપે છે!"

'કલાપીને સંબોધન' અંગે થોડી વધુ સ્પષ્ટતા :

સાહિત્યનું ઋણ

રામનારાયણ વિ. પાઠક

પ્રિય ભાઈશ્રી કપિલ ઠક્કર

તમારું 'કલાપીને સંબોધન' એ મથાળાનું ચર્ચાપત્ર 'ઊર્મિ'ના જુલાઈના અંકમાં ચારેક દિવસપર વાંચ્યું.

તમે પૂછો છો કે આઠ વરસ સુધી આ પ્રકાશને હું ગુપ્તપણે કેમ સાચવી શક્યો! આનો ખુલાસો મેં મારા મૂળ લેખમાં સૂચવ્યો છે. પણ જરા વધારે સ્પષ્ટ રીતે લખું. કવિશ્રીના જીવન દરમિયાન જ આ વાત પ્રસિદ્ધ કરવાની મારી ઇચ્છા હતી. પણ એમ કરવા માટે એમને પૂછી લેવું જોઇએ, અને એમની લેખી સંમતિ મેળવવી જોઈએ. પણ છેલ્લા કેટલાંક વરસોથી ગુજરાતના કેટલાક મહાજનો વિશેના એમના પૂર્વગ્રહો અને એ કહેવાની એમની રીત અને કેટલીક ચર્ચા તથા અભિપ્રાયોમાં એમની સાથેનો મારો મતભેદ, એને લીધે એમની સાથેની મુલાકાત મને કે એમને સુખપ્રદ થતી નહોતી. એમને ત્યાં જતાં મને સંકોચ રહેતો. મેં કેટલાંક વરસોથી એમને ત્યાં જવું છોડી દીધેલું. એટલે એ રહી ગયું. અત્યારે પણ આ લખવું મને ગમતું નથી.

આ બાબત મારા મનને તપાસી જોતાં મને ક્યાંઈ ગેરસમજ થયેલી માલૂમ પડતી નથી. આ વસ્તુ વારંવાર મારા સ્મરણમાં આવે એવી અને આવેલી હોવાથી એ સંબંધી ભ્રમણા થવાનો મને સંભવ લાગતો નથી. છતાં મારા લેખ પછી આને એક સ્વતંત્ર સમર્થન મળેલું છે તે અહીં નોંધું છું. મારો લેખ પ્રસિદ્ધ થયા પછી શ્રીયુત વિષ્ણુભાઈ, જેઓ સદ્ગત કવિશ્રીના એક અનન્ય ભક્ત છે, તેઓ કામ પ્રસંગે મને મળવા આવેલા ત્યારે તેમણે કહેલું કે કવિશ્રીએ તેમને પણ આ વાત કરેલી. હું તો માનું છું કે આ સમર્થનથી આ વાત સ્મરણદોષના સંભવમાંથી નીકળી જાય છે.

આ સંભવ ગયા પછી પણ મારા મૂળવિધાન વિરુદ્ધ એક વાત દલીલ તરીકે મુકાય છે. કાન્તને, પોતાનું નવું કાવ્ય કદાચ અનેક મિત્રોને મોકલવાની ટેવ હતી તેમ તેમણે એ કાવ્ય કદાચ કવિશ્રીને મોકલ્યું હશે. અને કવિશ્રીએ એને પોતાને ઉદ્દેશેલું માની લીધું હશે, આમ માનનાર, હું કાન્ત, કલાપી અને ન્હાનાલાલ ત્રણેયને અન્યાય કરતો હોઉં તે કરતાં કવિશ્રીને કેવડો મોટો અન્યાય કરે છે તે વિચારવું જોઈએ. અને આવી ભૂલ નહિતર પણ થવી શક્ય નથી એ કદાચ જો 'કલાપીને સંબોધન' હોય તો તેનું એ મથાળું પણ હોય જ અને એ મથાળો પછી એ કોઈ બીજાને છે, અથવા મારું છે એમ કોઈ માને? કોઈ સામાન્ય માણસ પણ એવી ભૂલ ન કરે.

તમે લખો છો કે કાન્તે કલાપી જયન્તી ઉપર આ સંબોધન કલાપીને એમ જાહેરમાં કહ્યું હતું. મને તો આથી મારા વિધાનને કશી હાનિ થતી જણાતી નથી. કાન્ત એકવાર એ કાવ્યને 'કલાપીને સંબોધન' તરીકે પ્રસિદ્ધ કરે પછી ફરી જાહેરમાં એમ જ કહે એ સ્વાભાવિક છે. કાન્તે પોતે એને કલાપીના કાવ્ય તરીકે જ પ્રથમ જાહેર કર્યું તેની હું ના કહેતો નથી.

વળી તમે લખો છો કે "ન્હાનાભાઈ એક સાથે બે લાંબાં કાવ્યો શરૂ ન કરતા" એમ તમે માનો છો. તમારું પણ એ માત્ર મન્તવ્ય છે, એ હકીકત છે એમ નથી કહેતા. એ ખરું હોય તો પણ એટલાજ ઉપરથી આ કાવ્ય લખાતી વખતે ઈન્દુકુમાર ભાગ. ૧લો અસ્તિત્વમાં આવ્યો નહોતો એમ સાબિત નથી થતું. ઈન્દુકુમાર પહેલેથી લખાઈ ગયો હોય

કવિશ્રી લખેલું કાવ્ય ઘણાય વરસો સુધી છપાવ્યા વિના પોતાની પાસે રાખી મૂકતા એ પ્રસિદ્ધ વાત છે. અને "હૈત હૈયાનાં વહતી વાજે વાંસળી" એ પંક્તિ મને તો હજી પણ ન્હાનાલાલની પંક્તિ ઉપરથી જ લીધેલી જણાય છે. કોઈ પ્રાચીન કવિતામાં હોવાનું મેં કદી જાણ્યું નથી. એ પંક્તિ ન્હાનાલાલની પંક્તિ ઉપરથી લીધાની વાત ઘણાં વરસોથી પ્રસિદ્ધ છે તે સામે કોઈએ કશું કહ્યું નથી.

આવી દલીલોમાં ઝાઝું બળ નથી એ તો તમે પણ કબૂલ કરશો. મૂળ વાત એક જ છે. મને સદ્‌ગત ન્હાનાલાલે આ વાત આ રીતે કહી એવું સ્પષ્ટ સ્મરણે છે, ને એમણે જે કહ્યું તેમાં એમની પણ ભ્રમણા નહોતી એવી મારી પ્રતીતિ છે. આ બન્ને જે ન માને તેણે કલાપી સાથે જ એ અર્થ બેસારવો પડે. એની એક કડી ન બેસે, બીજી અસંગતિનો દેખાય, તો પણ કોઈ પણ ભાવક કે વિવેચક એમ જ કરે પૂર્વાલાપના ટિપણમાં અને ઉપોદ્‌ઘાતમાં મેં એમ જ કરેલું છે. તેથી ઊલટું ન્હાનાલાલે મને કહ્યું હતું એ જે માને તે તે પછી ન્હાનાલાલને જ લાગુ કરીને એ અર્થ કરે. એમ અર્થ કરતાં એક અત્યાર સુધી અર્થહીન જણાતી કડી સાર્થ બને છે, અને બીજી કેટલીક પંક્તિઓના અર્થ વધારે સારી રીતે બેસે છે, એ આ પક્ષમાં વિશેષ છે.

તમે લખો છો કે ગુજરાતના અંતરમાં હું આ વાત ઉતારી શકીશ નહિ. ગુજરાતના અંતર વિશે બોલવાને કે તેના અંતરને સ્વીકાર કરાવી શકવાને હું મને અધિકારી માનતો નથી. ગુજરાતનું અંતર એ સ્વીકારશે કે નહિ સ્વીકારે તે હું જાણતો નથી. પણ મારી પાસે એ પ્રશ્ન જ નહોતો. હું તો જે આ જાણતો હતો તેને પ્રસિદ્ધ કરવું એને એક મારું સાહિત્ય તરફનું ઋણ સમજતો હતો અને એ બુદ્ધિથી મેં એ પ્રસિદ્ધ કર્યું છે.

૧૭-૮-૪૬

મુંબઈ રામનારાયણ વિ. પાઠક.

તા. ક. આ લખી રહ્યા પછી, મેં ઉપર ઉલ્લેખ કર્યો છે તે શ્રી વિષ્ણુભાઈનાં સમર્થનની ખાતરી કરવા અને તેનો હવાલો આપવા એમને પત્ર લખ્યો. તેમના ઉત્તરમાંથી લગતો ભાગ નીચે ઉતારું છું:

અમદાવાદ. ૨૧-૮-૪૬

પરમ પૂજ્ય પાઠક સાહેબ

સપ્રેમ સાદર વંદન

આપે બુદ્ધિપ્રકાશના અંક.....માં 'સૂરતાની વાડીના મીઠા મોરલા' કાવ્ય કવિશ્રી કાન્તે મહાકવિ ન્હાનાલાલને ઉદ્દેશીને લખેલું તે વિષે એક લેખ લખેલો તે વાંચીને મેં આપને જરૂર કહેલું કે આપની વાત તદ્દન સાચી છે.

મહાકવિ ન્હાનાલાલનો અંતિમ દશકો મારા ગાઢ પરિચયનો હતો. તે મને પુત્રતુલ્ય ચાહતા અને છેલ્લા "૧૧૧ વર્ષની દલપતવંશ કાવ્યસેવા મહોત્સવ" તથા "ચોર્યાશી બ્રાહ્મણ જ્ઞાતિ તરફથી મહાકવિ ન્હાનાલાલ સન્માન સમારંભ" તથા "મહાકવિ ન્હાનાલાલ સ્મારક સમિતિ" સાથેનો મારો સંબંધ માત્ર પડઘો જ હતો અને છે.

મહાકવિ જ્યારે આખા શરીરે ખરજવાથી રુધિર મંદાભિસરણ, હાયરોગ, વગેરેથી પીડાતા હતા ત્યારે લગભગ બે માસ તેમને સતત મસાજ હું જાતે કરવા જતો. લગભગ કલાકથી બે કલાક મસાજ ચાલ્યા કરે અને મહાકવિ પોતાની અંગત વાતો કહે.

કવિશ્રી કાન્તના ધર્મપરિવર્તન બાદ વ્હાલામાં વ્હાલા મિત્રો પણ તેમનાથી અલગ થયે જતા હતા-રહ્ય જતા હતા ત્યારે પૂ. બાલુકાકાએ કવિશ્રી કાન્તની પત્નીની સુવાવડમાં કરેલી સહાય વગેરે પ્રસંગોદ્વારા મહાકવિ ન્હાનાલાલ મને કવિશ્રી કાન્તની મૈત્રીની મીઠાશ વર્ણવતાં મહાકવિ કહેવા લાગ્યા "મહેમાનો હો વ્હાલાં પુનઃ પધારજો" ને "સૂરતાની વાડીના મીઠા મોરલા" જેવાં કાવ્યો એ કવિશ્રી કાન્તની ચમારા તરફની લાગણીનાં પ્રતીક છે.

× × × ×

દાળિયા બિલ્ડિંગ આભાર્કિત.
ઓલિસબ્રિજ વિષ્ણુના વંદન

રુબાઇયાત અને બીજાં કાવ્યો

[લે હરગોવિંદ પ્રેમશંકર ત્રિવેદી; પ્રકા૦ નાથાલાલ દવે, ભાવનગર; વિક્રેતા, આર. આર. શેઠની કંપની, મુબઇ; મૂલ્ય ત્રણ રૂપિયા.]

અસ્તકવિ ત્રિભુવન પ્રેમશંકર ત્રિવેદીના અનુજ રા. હરગોવિંદ ત્રિવેદી ગુજરાતના સાહિત્યરસિકોને સાવ અજાણ્યા નથી. 'કાઠિયાવાડની જૂની વાર્તાઓ' ના બે ભાગ લખી લોકસાહિત્યનો પોતાનો અભ્યાસ રજૂ કરનાર રા. હરગોવિંદ ત્રિવેદી કવિ પણ છે, એ 'શિવાજી અને ઝેબુન્નિસા' નામક એમના ઇ. સ ૧૯૦૭માં પ્રગટ થએલ આખ્યાનકાવ્યે બતાવી આપ્યું હતું. એ કૃતિથી એમના કવિત્વનો ગુજરાતને મળેલો આછો પાતળો પરિચય આ કૃતિનાં પ્રકાશનથી પૂરો બનશે. જેના પરથી પુસ્તકનું નામ પડ્યું છે એ ઉમર ખય્યામની રુબાઇયાતનો એમણે હરિગીતમાં કરેલો પદ્યાનુવાદ પુસ્તકમાં સૌપ્રથમ ધ્યાન ખેંચે તેવો છે ને છપાયો છે પણ સૌ પહેલો જ. અનુવાદ ઉમર ખય્યામની મૂળ કૃતિનો નહિ, પણ ફિટ્ઝગેરાલ્ડકૃત તેના જગવિખ્યાત રસિક અંગ્રેજી મુક્તાનુવાદની ૭૫ રુબાઇવાળી પ્રથમાવૃત્તિનો કર્યો છે. ઉમર ખય્યામની રુબાઇયાતના ગુજરાતી અનુવાદો કેટલાક થયા છે તે બધામાં સમગ્ર દૃષ્ટિએ આ પહેલો ઠરે છે. પ્રવેશકકારે સાચું જ કહ્યું છે કે ફિટ્ઝગેરાલ્ડની રુબાઇઓનો અનુવાદ 'મેઘદૂત'ના શ્લોકોનો અનુવાદ જેવો વિકટ અને કોઇ પણ અનુવાદકની શક્તિને માપી લે તેવો છે. એવા કાર્યમાં આપણાથી આગળની પેઢીના આ કવિએ મૂળનો ભાવ ને રસ વિનાકષ્ટે સરળ ગુજરાતીમાં ઉતારી નોંધપાત્ર સફળતા મેળવી છે. ૧, ૩, ૧૧, ૧૯, ૩૩, ૩૭, ૫૧, ૫૨, ૭૩ ને ૭૫ જેવી રુબાઇઓ આ કહી આપે છે. પછી છાપેલાં ૪૮ કાવ્યો કવિની કવિતાનું સ્વરૂપ તથા કવિમાનસ એટલા થોડા નમૂનાઓથી પણ બરાબર ઓળખાવી દે તેવાં છે. 'અમારી મસ્ત દુનિયામાં સનમ વિણું સર્વ લૂખું છે' (પૃ. ૩૨) અને 'અમે તો મસ્ત પીધો છે ઈશ્ક-ઉલ્ફતનો જામ' (પૃ. ૭૩) એમ લલકારતા કવિ એ કારણે, તેમજ એવી સૂફીવાદી સૂરવાળી ગઝલો સિવાય અન્ય આત્મલક્ષી કાવ્યોમાં પણ પોતાનું વ્યક્તિત્વ જે રીતે ખુલ્લું કરે છે તેને લીધે, પોતે કલાપીના કાફલામાં સહેજે ભળી શકે એવા છે, એ સ્પષ્ટ દેખાડી આપે છે. નોંધપાત્ર સંખ્યામાં રજૂ થતી ગઝલોમાં 'સૂનું દિલ-તખ્ત' અને 'સનમ વિણ' એ બે પદો કે ગીતોમાં 'ચાલો' 'એ અણુસારે', 'ઉર થરપે નહિ મારું' ને 'ક્ષોભ' એ ચાર સૌરાષ્ટ્રવાસી કવિજ લખી શકે એવાં હાલરડાં, 'દશ વર્ષે ફરી જોયેલું ઝરણ' ને 'સ્મરણ' જેવાં કાવ્યો, અને બીજા કાઠિયાવાડી કવિ બોટાદકરના એ જ વિષય પરના વિસ્તારી કાવ્ય કરતાં આકારસૌષ્ઠવમાં ચડે એવું અને જેની છેલ્લી ત્રણ કડીઓ કવિએ નહિ તો સંપાદકે છોડી દીધી હોત તો સારું થાત એવું 'એકલવાલો' એ ખંડકાવ્ય, કવિતા રસિકોને સારો કાવ્યાનંદ આપશે. કવિની ભાષા માટે 'હસતી રમતી' અને 'હાલરડાં' અને એમના દૃષ્ટિવિકાસ માટે 'હું જાઉં છું' જેવાં કાવ્યો વાંચવા ચીંધવા જેવાં છે. ગઇ પેઢીની રસિક અને શક્તિમાં ઠીક ઠીક ઊંચા મધ્યમ પ્રકારની કવિતાના ગુજરાત પાસે મંથરૂપે મૂકાવો જોઇતો હતો તેવા આ સંગ્રહને આજની પેઢીના એ કવિબંધુઓની મમતાભરી સેવાનો લાભ મળ્યો છે એ પણ નોંધવું જોઇએ. રા. નાથાલાલ દવેએ કાવ્યોનાં ચૂંટણી, મુદ્રણ, પ્રકાશન ઇનો સ્નેહશ્રમ લેવા ઉપરાંત પાછળ ટિપ્પણ અને રા. ઉમાશંકર જોષીએ આગળ પ્રવેશક લખી આપેલ છે. પ્રવેશકમાં કવિની કવિતાનો ગુણદર્શી પરિચય આપવા ઉપરાંત ઉમર ખય્યામની રુબાઇયાત, ફિટ્ઝગેરાલ્ડકૃત અનુવાદ, ને મંદીની ફિલસૂફી—એ સર્વની ઉપલબ્ધ બધી સામગ્રીને અવલંબી રા. ઉમાશંકરે ઘણી સારી ચર્ચા કરી છે. મંથાન્તે ફિટ્ઝગેરાલ્ડની અંગ્રેજી રુબાઇયાત અનુવાદને તેની જોડે સરખાવી જોવા આરો છાપી છે.

કુળા એટલે શું ?

[લે. ટૉલ્સ્ટૉય; અનુવાદક, મગનભાઇ પ્રભુદાસ દેસાઇ; પ્રકા૦ ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ;

મૂલ્ય સાડાત્રણ રૂપિયા.]

રશિયાના ઋષિ ટૉલ્સ્ટૉયના વિચારજાગૃતિકાળના ઉત્તર વયના ચિંતનાત્મક ગ્રંથોની માળાના છેલ્લા પીઠ ગ્રંથ What is Art?નો આ ગુજરાતી અનુવાદ છે, 'પ્રસ્થાન કાર્યાલય સંચાલિત ટૉલ્સ્ટૉય ગ્રંથાવલિમાં ક્યારેક રા. વિશ્વનાથ ભટ્ટને હાથે ગુજરાતીમાં ઉતારાઇ પ્રગટ થવો ઘણાએ એને ધાર્યો હશે, પણ એ ધારણા બર આવી નથી. અને રા. મગનભાઇ દેસાઇ જેવા બીજા અધિકારીએ કરેલો એનો આ અનુવાદ પ્રગટ કરી ગુજરાત વિદ્યાપીઠે એ કરવા જેવું શુભ કાર્ય પ્રથમ કરવાનો જશ મેળવ્યો છે.

વીસ પ્રકરણમાં વહેંચાયેલા આ ગ્રંથમાં પ્રથમ સાધુતાથી અલગ એવા સૌંદર્યની અર્વાચીન કલ્પનાને નામંજૂર કરી, સૌંદર્ય અને કળા વિશેના સંખ્યાબંધ કલાભીમાંસકોના મતોની પરીક્ષા કરી, સર્જકે અનુભવેલી લાગણીઓ સહૃદયોને સ્પર્શે તો જ તેની કલા સાચી એવી કસોટી ટૉલ્સ્ટૉય રજુ કરે છે. પછી એ પોતાના સમયની એટલે કે અર્વાચીન યુરોપીય કલાની—નવી કળાની-બરાબર ઝડતી લે છે. નવી કળાનો ઇતિહાસ નથી એના પાયામાં રહેલી ફિલસૂફી કે દૃષ્ટિ ચર્ચી, એ સાર્વભૌમ નથી એ બતાવી, ઉપલા ભદ્રવર્ગની જ બની બેઠેલી એ કળાનાં મૂડીવાદી ગુલામી, અગમ્યતા, વાડાબંધીપણું અને વસ્તુવિષયદારિદ્ર જેવાં લક્ષણો સમજાવી, એના મૂળમાં કોઇ ધર્મપ્રતીતિ નથી અને એ લાગણીઓ અનુભવે છે ગર્વ ને ડોળની, જીવનની અતૃપ્તિ અને વિષાદની તથા કામવાસનાની જ એ સ્પષ્ટ કરી, એને અવનત (Decadent) કળા ટૉલ્સ્ટૉયે કહી છે. નવી કળાની નકલીવેડાની ઉપાસના તથા કલાભાસની તેની કરામતો પણ ઉઘાડી પાડી, એ નકલીવેડાને માટે ભારે મહેનતાણું આપતી ધંધાદારી, કલાવિવેચન અને કલાશિક્ષણની શાળાઓની જવાબદારી પણ એ સૂક્ષ્મદૃષ્ટિ વિચારકે બતાવી આપી છે. ખોટી કળા શું તે આમ સમજાવ્યા પછી સાચી કળા કઇ તે સાહિત્ય, સંગીત, ચિત્ર આદિ કળાઓના અનેક દાખલાથી એમણે બતાવ્યું છે. એમને મતે સાચી કળા તે જે સૌથી વધુ સ્પર્શે, એ સ્પર્શશક્તિ અવલંબે લાગણીના વ્યક્તિત્વ, વિશદ નિરૂપણ અને કલાકારની પ્રમાણિકતા કે સત્યનિષ્ઠા ઉપર. ખરી કળામાં વસ્તુદારિદ્ર ન હોય. કળાનાં વસ્તુવિષયની કસોટી એ જેના પાયા પર ઊભે તે ધર્મપ્રતીતિ છે. આપણા સમયની ધર્મપ્રતીતિ ખ્રિસ્તબોધિત માનવબંધુતા છે. માનવ એકતાની એ ભાવનાને પોષતી તથા તેનાથી સંચાલિત કે પ્રેરિત કળાને ટૉલ્સ્ટૉય ખ્રિસ્તીકળા કહે છે. એ જ એમને મન સાચી કળા છે. કળા ચેનબાજી કે મનરંજક રમકડું નહિ પણ એક મહાન વસ્તુ છે એમ કહી મનુષ્યજાતના જીવનમાંથી હિંસાને દૂર કરાવી આપવાનું મહાન કાર્ય પણ ટૉલ્સ્ટૉય કળાને ભળાવે છે. આવી એમની સમજની સાચી કે ખ્રિસ્તી કળા સ્વાભાવિક રીતે ધાર્મિક તથા સાર્વભૌમ હોય. આવી ખરી કળાનાં માઠાં ફળમાં માનવજીવન ને મજૂરીની બરબાદી, ધનિક વર્ગના જીવનનાં કૃત્રિમતા અને ખાલીપણું, ખોટાં મૂલ્યો, નીતિધર્મ અને સત્યને ભોગે સૌંદર્યની પૂજા અને વહેમ, દેશાભિમાન અને વિષયવાસનાના ચેપના ફેલાવાને ગણાવી આ વિચારકે ભવિષ્યની કલાનું સ્વરૂપ દર્શાવ્યું છે. ભવિષ્યની કલા ઉપર વર્ણવી તેવી સાચી કળા હશે, તે સર્વસુલભ અને સાદી હશે, કલાવિધાનનું ગુંચવાડિયાપણું તેનામાં અલ્પ જ હશે, સ્પષ્ટતા, સાદાઇ અને લાઘવ તેના ગુણો હશે, તેના રચનારા કળાને વેશ્યા બનાવી દેનાર ધંધાદારી નહિ હોય, અને વસ્તુવિષયની કંગાલિયત પણ તેનામાં નહિ હોય. ઉપસંહારના પ્રકરણમાં કળા ને વિજ્ઞાનનો સંબંધ તથા પરસ્પરાવલંબન સમજાવી પોતે જેમ ખોટી કળાને ઉઘાડી પાડી તેવી જ રીતે ખોટા વિજ્ઞાનને ઉઘાડું પાડી સાચું વિજ્ઞાન શું તે સમજાવવા કોઇકે બહાર પડવું જોઇએ એવી સૂચના ગ્રંથકારે કરી છે.

આ છે ટૉલ્સ્ટૉયનું કલાદર્શન. પંદર વરસના સતત મંથનને અન્તે એ ખરા સત્યશોધકને લાધ્યું છે. માનવબંધુત્વ અને લોકસંગ્રહની દૃષ્ટિ એ જ એ બધું જુએ ને વિચારે છે એ ચોકખું છે. એમનું આ કલાદર્શન સુસ્પષ્ટ છે અને મૌલિક છે. એમાં પારગામિતા છે અને સાહિત્યકલાના ઉપાસકો ને રસિકોની આંખ ઉઘાડી નાખે એવી ક્રાન્તિકારકતા છે. આત્મ-

પ્રતીતિનો રણકાર અને મિશનરીની ધગશ પુસ્તકના બોલેબોલમાં સ્પષ્ટ વરતાય છે, પોતાની કલ્પનાની સાચી કળાને એમણે 'ખ્રિસ્તી' એવું નામ આપ્યું છે તે તો એ પોતે તેમજ એમના શ્રોતા યુરોપીય છે એ કારણે, બાકી એનો અર્થ તો છે જનસેવાર્થી ધર્મભાવી સાધુ કળા એવો વ્યાપક જ. અર્વાચીન કળા પર એ વધુ પડતા સખત થઈ બેઠા લાગે છે, એકી અવાજે યુરોપના કલામીમાંસકો જેને ઉત્કૃષ્ટ કળાકૃતિઓ માનતા આવ્યા છે તેનું એ પદ એમણે ખૂંચવી લીધું છે, પણ પોતાનું વક્તવ્ય જરૂરી ભાર સાથે એ વિના મૂકી શકાત નહિ, તેથી એમણે એમ કર્યું જણાય છે.

ટૉલ્સ્ટોય પોતે જેને પોતાનો મોટામા મોટો ગ્રંથ ગણતા, અને એમના અનુવાદક તથા ચરિત્રકાર ઑડે પણ જેને જબરો ગ્રંથ કહ્યો છે એવા આ ગ્રંથને ગુજરાતી ભાષામાં ઉતારવાની ખાસ જરૂર હતી. એ કાર્ય રા. ભગનભાઈ દેસાઈએ સફળતાથી બજાવી આપણા સાહિત્યની એક સેવા કરી છે. અનુવાદક તરીકે એમણે સારો વિવેક બતાવ્યો છે. મૂળનો પૂરેપૂરો અનુવાદ ન કરતાં, ગુજરાતી વાચકને બહુ જરૂરી નહિ એવી ઘણી વિગતો એમણે છાંડી કે ટૂંકાવી છે અને ટૉલ્સ્ટોયના વક્તવ્ય કે સિદ્ધાન્તની લોકગમ્ય રજૂઆત પર બધું ધ્યાન રાખ્યું છે. મૂળમાં નવામાં વીસે પ્રકરણોનાં નામ તથા અંદર 'નામો તથા દલીલના પ્રવાહને સાંકળી આપવા' બાજુ પર ટીપો કે ઉપશીર્ષકો એમણે પોતે યોજ્યાં છે. ગ્રંથમાં ઉલ્લેખાતા ને ચર્ચાતા સંખ્યાબંધ યુરોપી કલાકારો ને સાહિત્યકારો અને તેમની કૃતિઓનો સંક્ષિપ્ત પરિચય ગુજરાતી વાચકોનાં સુખાવબોધ સારુ ગ્રંથાન્તે 'પરિચય-સૂચિ' માં એમણે આપ્યો છે. ગ્રંથ લેખનકાળની ટૉલ્સ્ટોયની મનોદશા અને ગ્રંથવક્તવ્ય સમજાવતો ઉપોદ્ઘાત પણ એમણે લખ્યો છે. 'જે કળા આત્માને આત્મદર્શન કરતાં ન શીખવે તે કળા જ નહિ' અને 'હું સત્યમાં અથવા સત્ય વડે સૌન્દર્ય જોઉં છું' કહેતા ગાંધીજીની ટૉલ્સ્ટોયને જ અનુસરતી કે પ્રતિધ્વનિની વાણીને એમનાં લખાણમાંથી ત્રણ ઉતારા ટાંકી એ ઉપોદ્ઘાતની પાછળ જોડી ગાંધીજીના એવા જ કલાદર્શનનો પરિચય પણ એમણે કરાવ્યો છે. એમની ભાષા સરળ, સ્પષ્ટ, પ્રવાહી અને પરિચિતોને પુસ્તક વાંચતી વેળા પોતે રા. ભગનભાઈને જાણે બોલતા સાંભળતા હોય એવો અનુભવ કરાવે એવી લાક્ષણિક ભગનભાઈ શૈલીની છે. એની લાક્ષણિકતા વાક્યોની રચના અને મરોડમાં ક્યારેક દેખાય છે, પણ તેથી વધુ દેખાય છે 'ચોટડું' (=સચોટ, ચોટદાર), 'લોહીની ઑકસવણી' ને એવા શબ્દપ્રયોગોમાં. એવા શબ્દપ્રયોગો નોંધપાત્ર છે તેટલા અનુમોદનપાત્ર નથી. 'ચેપ' નામ પરથી બનાવેલ ક્રિયાપદ 'ચેપવું' જે તેનાં વિવિધ રૂપોમાં આ પુસ્તકમાં ઠેર ઠેર નજરે ચડે છે તે કોઈ રીતે શોભીતો પ્રયોગ નથી. 'ચેપવું-ચેપાવું'ના રૂઢ અર્થ તે શબ્દ પાસેથી જે નવા અર્થની વ્યંજકતાનું કામ અનુવાદક લેવરાવવા માગે છે તેની આડે આવ્યાં કરે છે.

બાબુશ્રી બહાદુરસિંહજી સિંઘી સ્મૃતિ ગ્રંથ : ભારતીય વિદ્યા : નિબંધસંગ્રહ

[સંપાદક, શ્રી જિનવિજય મુનિ; પ્રકાશક, ભારતીય વિદ્યાભવન, મુંબઈ; મૂલ્ય, પાંચ રૂપિયા.]

ભારતીય વિદ્યાભવનને પોતાની સિંઘી જૈન સીરીઝનું પ્રકાશન કૉપિરાઇટ સાથે સોંપનાર સ્વ. દાનવીર બાબુશ્રી બહાદુરસિંહજી સિંઘીની પહેલી સંવત્સરીને દિવસે પ્રગટ કરેલ 'ભારતીય વિદ્યા'ના વિક્રમ સંવત ૨૦૦૦-૨૦૦૧ના આ તૃતીય ભાગને તેના સંપાદકે સિંઘી સ્મૃતિગ્રંથ બનાવી દીધો છે. સ્વર્ગસ્થ સંસ્કારી વિદ્યાપ્રેમી ધનિકનો આપણને પરિચય મળી રહે એ રીતે એમનાં સંસ્મરણો એમના આદરણીય મુનિ જિનવિજયજીએ તથા પંડિત સુખલાલજીએ જેમાં લંબાણથી વર્ણવ્યાં છે તે બે લેખને આરંભમાં મૂકી એ કાર્ય સાધ્યું છે. ત્યારપછી મુદ્રિત થયેલી સામગ્રીમાં જૈનદર્શન ને આગમોના અભ્યાસીઓને, પ્રાકૃત; અપભ્રંશ અને પ્રાચીન ગુજરાતી સાહિત્યના પ્રેમીઓને, ભાષાશાસ્ત્રના રસિયાને તથા ઇતિહાસ અને પુરાતત્ત્વના અનુરાગીઓને આકર્ષે એવા તે તે વિષયના વિશેષજ્ઞોના લેખો નજરે

પડે છે. પ્રજ્ઞાકર ગુપ્ત, સિંહસેન દિવાકર અને વાચક ઉમાસ્વાતિ સંબંધી અનુક્રમે મહાપંડિત રાહુલ સાંકૃત્યાયન, પં. સુખલાલજી અને પં. નાથૂરામજી પ્રેમીના નિબંધો હિંદીમાં લખાયેલા છે, બાકીની બધી સામગ્રી ગુજરાતીની છે. ગુજરાતી નિબંધોમાં ધ્યાન ખેંચે તેવા લેખોમાં 'ગુજરાતમાં બૌદ્ધ ધર્મનો પ્રચાર' (ધનપ્રસાદ મુનશી), 'સાદસ્યનું સ્વરૂપ' (હરિવલ્લભ ભાયાણી), 'પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં ગુજરાતના ઉલ્લેખો' (ભોગીલાલ સાંડેસરા), 'બુદ્ધ અને મહાવીરનું નિર્વાણ અને તેમના સમયની મગધની રાજકીય પરિસ્થિતિ' (સ્વ. હર્મન યાકોબીના લેખનો અનુવાદ) એટલાને ગણાવાશે. 'નાણપંચમી કહા' અને કવિ અબ્દુલ રહેમાનકૃત 'સન્દેશ રાસક' પરના રા. અમૃતલાલ ગોપાણી તથા પં. બેચરદાસ દોશીના અભ્યાસ લેખો પણ નોંધપાત્ર છે. મુનિ જિનવિજયજીએ સંપાદિત કરી અત્ર છપાવેલી બહુવિધ સામગ્રીમાં ચાલુક્ય ભીમદેવનાં અપ્રસિદ્ધ શિલાલેખ ને તામ્રપત્ર, ગુજરાતી પદ્યરચનામાં પ્રાચીનતમ કૃતિ 'ભરતેશ્વર બાહુબલિ રાસ' પછીના સમયની એટલે કે પ્રાચીનતર કૃતિ આસિગકૃત 'જીવદયારાસ' (વિ. સં. ૧૨૫૭) લલ્લભાટકૃત 'સિદ્ધરાજ જયસિંહદેવ કવિત' તથા અક્ષરમેળવૃત્તો તથા પ્રાસબદ્ધતાથી ધ્યાન ખેંચતી, 'વસંતવિલાસ'ની યાદ આપતી, સં. ૧૩૫૦ ને ૧૪૫૦ વચ્ચેની કૃતિ 'શંગારશત.' અભ્યાસીઓનું, અને પ્રીતિવિષયક પ્રાચીન સુભાષિતોના બે વાનગીસંગ્રહ રસિકોનું લક્ષ ખેંચશે. જેસલમેરના ભંડારની પોતાની મુલાકાતનાં સંભારણાં તરીકે પુરાતત્ત્વપ્રેમીઓની સેવામાં ધરવા માટે એ ભંડારના ગ્રંથોનાં પાનાની તથા કેટલીક સચિત્ર કાષ્ઠપટ્ટિકાઓની લાંબેલી છબીઓની પ્લેટો તથા તેનો પરિચય ગ્રંથને અન્તે આપવામાં આવ્યાં છે.

[અનુસંધાન પૃષ્ઠ ૪૦૮ પરથી]

કે દુકાનના ગુમાસ્તાઓના કામના કલાકો કાયદાથી નિયત કરેલા હોય છે. જ્યારે ઘરઘાટીઓને કાયદાનું એવું કોઈ રક્ષણ નથી, પરિણામે ૧૨ થી ૧૫ કલાકની તનતોડ મહેનત કરવી પડે છે, કામના કલાકો દર્શાવતા નીચેના આંકડા આ વધુ સ્પષ્ટ કરશે—

કામના કલાકો		નોકરો	કામના સરેરાશ કલાક
૧–૫		×	
૬	—	૧	૧૨.૪૫ કલાક
૭	—	૧	
૮	—	૨	
૯	—	૫	
૧૦	—	૬	
૧૧	—	૮	
૧૨	—	૯	
૧૩	—	૧૬	
૧૪	—	૧૬	
૧૫	—	૭	
૧૬	—	૩	
૧૭	—	૧	
		૭૫	

આંકડાઓ જ સાબીત કરે છે કે ઘાટીના કામના કલાકો અતિશય લાંબા છે અને સ્વતંત્ર સમય જેવી કોઈ વસ્તુ જ એના જીવનમાં રહેતી નથી. ઘાટીઓના કામના કલાકોનું કાયદાથી અથવા તો સંગઠનથી નિયન્ત્રણ થવાની અત્યંત જરૂર છે.

માત્ર કામના કલાકો લાંબા છે એટલું જ નહીં અઠવાડિયાની કે મહિનાની એક દિવસની છુટ્ટી પણ ઘાટીઓને હોતી નથી, કારણ કે રવિવારે કે તહેવારે પણ ઘરનું કામ તો ચાલ્યા જ કરે છે. અઠવાડિક કે માસિક રજા જ નહીં, વર્ષે એકાદ મહિનો રામો દેશમાં જાય ત્યારનો પગાર પણ કાપી જ લેવામાં આવે છે અને તેને સ્થાને આવેલા "બદલી"ને આ પગાર મળે છે.

પગાર

તપાસ કરેલા ઘાટીઓના પગારની માસિક સરેરાશ રૂ. ૨૦–૭–૫ આવે છે, જે નીચે પ્રમાણેના વર્ગીકરણ પરથી તારવેલ છે.

માસિક પગાર રૂ.		નોકરો
૧—૫	—	૦
૫–૧૦	—	૧

૧૧–૧૫	—	૨૦
૧૬–૨૦	—	૩૩
૨૧–૨૫	—	૧૨
૨૬–૩૦	—	૩
૩૧–૩૫	—	૩
૩૫–૪૦	—	૨
૪૦ ઉપર	—	૧
		૭૫

યુદ્ધ શરુ થયા પહેલાં ઘરઘાટીનો માસિક પગાર ૭ થી ૧૦ રૂ.નો લેખી શકાય. એની સાથે સરખાવતાં અત્યારના પગારમાં ૧૦૦ ટકા ઉપરનો વધારો થયો છે, પણ એ દરમ્યાન વસ્તુઓના ભાવ એથી ઘણા ગણા વધી ગયા હતા એટલે આ પગાર વધારો પ્રમાણમાં ઓછો જ ગણાય. પગાર સિવાય મોંઘવારી જેવું કાંઈ અલગ તેને મળતું નથી ને બીજી પણ કોઈ પ્રકારની આવક હોતી નથી. ઘણીવાર તો પંદર વર્ષ જૂનો નોકર જ્યારથી દાખલ થયો હોય ત્યારથી આજ સુધી એક જ પગારથી કામ કરતો હોય છે.

ઘરઘાટીઓને પગાર ઉપરાંત ખાવાપીવાનું તેમજ કપડાં શેઠ તરફથી મળે છે. એક માણસની ખોરાકની આવશ્યક વસ્તુઓનો અંદાજ જોતાં અત્યારના ભાવે લેખવતાં ખોરાક અને ચડ્ડાબાણીની કિંમત માસિક રૂ. ૨૬–૧–૦ થાય કપડાંલત્તાંના માસિક રૂ. ૨–૦–૦ તથા પરચુરણ રૂ. ૩–૦–૦ ગણતાં ઘાટીની માસિક ખરી આવક રૂ. ૫૧–૮–૫ થાય. અત્યારની મોંઘવારીના સમયમાં ઘાટીને રોકડા રૂપિયા તો ૨૦–૭–૫ જ મળે છે ને આમાંથી તો ખીરસા ખર્ચ કાઢી ગામડાંમાં વસતાં કુટુંબને પોષવાનું હોય છે. એ દૃષ્ટિએ જોતાં આ પગાર અત્યંત ઓછો કહી શકાય. આ ટુંક પગારના કારણે જ ઘાટીઓ પોતાના કુટુંબને દેશમાં રાખવું પસંદ કરે છે. ઓછી આવકને લીધે જીવન ધોરણ નીચું રહે એ સ્વાભાવિક છે અને ભવિષ્યની ઓચિંતી આવનાર કોઈ મુશ્કેલીને પહોંચી વળવાની તેની તૈયારી નથી હોતી.

ખર્ચ

પોતાને મળતો પગાર ઘાટી કેમ વાપરે છે તે નીચેનું ટેબલ બતાવે છે.

વિવરણ	સરેરાશ માસિક ખર્ચ	કુલ પગારના કેટલા ટકા
	રૂ. આ પા.	
ખોરાક, નાસ્તો, ચાહ	૧—૦—૦	૪.૯ ટકા
ભાડું	૧—૪—૦	૬.૧ ,,
મનોરંજન	૦–૧૨—૦	૩.૬ ,,
દારુ	૦–૧૨—૦	૩.૬ ,,
પાન, સોપારી, બીડી	૩–૧૨—૦	૧૮ ૩ ,,
મુસાફરી	૧—૦—૦	૪.૯ ,,
કુટુંબને મોકલવાના	૧૧–૧૫—૫	૫૮ ૬ ,,
	૨૦—૭—૫	૧૦૦ ટકા

મુંબઇમાં ઘાટીનું કુટુંબ ન હોવાથી આ કુટુંબનું માસિક બજેટ નથી, ખાવાપીવાનું અને કપડાં તો શેઠ તરફથી મળે છે. એટલે આ તો એના પરચુરણ ખીસાખર્ચની જ નોંધ છે. ભાડું એ સમૂહમાં રાખેલી ખોલીનું સરેરાશ ભાડું છે, ઘાટીના મનોરંજનમાં મહિને એકાદ સીનેમા સિવાય બીજું નથી હોતું. દારુનું ઘાટીઓને કાયમી વ્યસન નથી હોતું, પણ વારે તહેવારે કે કોઈ મહેમાન આવ્યો હોય ત્યારે એ પીએ છે. સૌથી વધુ ધ્યાન ખેંચે એની બીના તો ૧૮ ૩ ટકા જેટલા પાનસોપારી પાછળના ખર્ચની છે. ઘાટીઓનું એ સર્વ સામાન્ય વ્યસન છે, ૨૦ રૂ.ના પગારમાંથી માસિક પોણાબાર રૂપિયા તે આ વ્યસનની પાછળ ખર્ચે છે જો વધારે પડતા તો ગણાય જ. પણ જીવનમાં બીજી મોજમઝા કે વિલાસને સ્થાન ન હોઇ "પાન" એ જ એના જીવનની શોખની વસ્તુ છે એમ કહી શકાય.

મુસાફરી એ દરવર્ષે એકાદ સફર ગણી માસિક ૧ રૂ. મૂકેલો છે વળી ઉપર જણાવેલી કોઈ પણ બાબતમાં વધારે ખર્ચ થાય તો કુટુંબને મોકલાતા રૂપિયામાં તરત જ એટલો કાપ પડી જાય છે, અને મંદવી આવી પડે કે નોકરી છૂટી જાય તો તરત જ ઉધાર લેવાની જરૂર પડે છે, બચતને આમાં અવકાશ જ નથી.

ઘાટીઓની મિલકતમાં તો ગામડામાં થોડીઘણી

જમીન કે ઢોર હોય તો છેજ, રોકડ તો ભાગ્યેજ એ બચાવી શકે છે, ગામડાની જમીન અને ઘર એજ એનાં જીવનનો આધાર છે કે જ્યાં તે વૃદ્ધાવસ્થામાં કે બીમારીમાં આશરો લઈ શકે.

કરજ

તપાસ કરેલા ઘાટીઓનો મોટો ભાગ કરજમાં ડૂબેલો હતો. પણ ઔદ્યોગિક મજૂરોની માફક તેનું કરજ શહેરમાં ન હોતાં ગામડામાં હોય છે. ૫૪ ટકા ઉપરના ઘાટીઓ ૨૫ રૂ. થી માંડીને ૧૦૦૦ રૂ. સુધીનાં કરજમાં સંડોવાયેલા હતા. નીચેના આંકડા એ કરજનું પૃથક્કરણ કરી બતાવે છે.

કરજ રૂ.	નોકરો
૧.૨૫	૧
૨૫.૫૦	૬
૫૦.૭૫	૪
૭૫.૧૦૦	૪
૧૦૦.૧૨૫	૭
૧૨૫.૧૫૦	૫
૧૫૦.૧૭૫	૪
૧૭૫.૨૦૦	૨
૨૦૦.૩૦૦	૨
૩૦૦.૪૦૦	૧
૪૦૦.૫૦૦	૨
૬૦૦ ઉપર	૩
	૪૧

આ આંકડા પરથી માથાદીઠ કરજ કાઢતાં રૂ. ૧૮૯-૧-૧૧ આવે છે. ઘાટીનો પગાર જોતાં આ કરજ ભરાઈ રહેવાની શક્યતા જ નથી. લગ્ન કે મરણ જેવા પ્રસંગે, માંદગી કે ખેતીની જરૂરિયાત માટે તે કરજ કરે છે, આ કરજ મોટે ભાગે ગામડાના શાહુકારનું હોય છે.

ગામડામાં શાહુકારનો વ્યાજનો દર કેટલો હોય છે તેની કદાચ આપણને કલ્પના પણ નહિ આવે. "દર રૂપિયે એક આનો" એ તો બહુ પ્રચલિત દર છે. માસિક એક આનો એટલે દર વર્ષ ૭૫ ટકા થયા! પણ આપણા ખેડૂતને એનું ભાગ્યેજ ભાન હોય છે, આમ વ્યાજ ભરીને જ નહીં પરવારતો તે ભાગ્યે જ કરજમાંથી મુક્ત થઈ શકે છે. નીચેના આંકડા મને મળેલા વ્યાજના દર દર્શાવે છે.

વ્યાજનો દર	કરજદાર
૧,૫	×
૬	૨
૭.૧૦	×
૧૦.૧૫	૧
૧૫ ૨૦	૩
૨૦.૨૫	૩
૨૫ ૩૦	૧૧
૩૦.૩૫	૧
૩૫.૪૦	૪
૪૦.૭૦	×
૭૫	૬

આમ સરેરાશ વ્યાજનો દર ૪૬.૩૬ ટકા છે. આ અસહ્ય કરજનો બોજ પાછળ ખેતીની અને ઘાટીની બધી આવક ખેંચાઈ જાય છે. પછી ઘાટીના જીવનમાં વધુ કમાવાનો કે જીવન ધોરણ ઊંચુ લાવવાનો ઉત્સાહ જ નથી રહેતો.

ઘાટીઓનું સામાજિક જીવન

કુટુંબથી લાંબા સમય સુધી દૂર રહેવાને લીધે કુટુંબજીવન જેવું ઘાટીઓને બહુ ઓછું હોય છે. વર્ષે બે વર્ષે એકાદ આંટો મારે ત્યારે પણ તે મહેમાન જેવો રહેવાથી ગામડાંના સમાજજીવનમાં તેનો બહુ હિસ્સો નથી હોતો.

મુંબઈમાં પણ ૧૪-૧૫ કલાકની સખત નોકરીના પરિણામે પરસ્પર હળવામળવના પ્રસંગો બહુ પ્રીત નથી થતા. છતાં એક કોમની ખાસિયત તરીકે ઘાટીઓ આનંદી અને રમુજી સ્વભાવવાળાં હોય છે. અપભ્રંશ ગુજરાતી-મરાઠીમાં વાત કરી હસતો કે પાડોશના નોકર સાથે એસી પાનપટ્ટી ચડાવતાં ગેલમાં આવી સિનેમાના ગાયનની કે ભજનની લીટી લલકારતો રોમો તો સહુએ જોયો હશે.

એમની ખોલી! ૧૯×૧૦ ફુટની ઓરડી જે દસ-પંદર જણાની સામાન્ય માલિકીની છે તે સમાજજી-

વનના કેન્દ્ર તરીકે બની રહે છે. ત્યાં અવારનવાર જઈ બીજાઓને મળે છે. સાથે બેસી ટોળટપ્પાં હાંકે છે અને કોઈ કોઈ વાર ભજનમંડળીમાં મોડી રાત સુધી બેસી ભજનો ગાય છે, તો કોઈ કોઈ વાર આઠ આઠ આના ઉઘરાવી "સત્યનારાયણની પૂજા" ગોઠવે છે. આમ ખોલી એમનું ગામડાનું અથવા જાતિનું સમાજજીવન જાગ્રત રાખે છે.

મુંબઈના ઘાટીઓના ત્રણ મોટા ઉત્સવો તે શીમગા, ગૌરી અને અષ્ટમી એટલે કે હોળી, ગણેશ-ચતુર્થી અને જન્માષ્ટમી. આ ત્રણે દિવસ ઘાટીઓ કામ પર જતા નથી, ખાડા પાડે છે અને રસ્તા ઉપર અને માળાઓમાં ટોળે મળી ગાય છે અને નાચે છે. આ પ્રસંગે ચકચૂર બનવા તેઓ દારુ પણ પીએ છે. જન્માષ્ટમીના દિવસનું ઘાટીઓનું "ગોવીંદા આલા રે-આલા" તો મુંબઈનું બહુ પરિચિત દૃશ્ય છે.

સ્વાસ્થ્ય

ઘાટીઓનું સ્વાસ્થ્ય સામાન્ય રીતે સારું ગણી શકાય. ઘાટના ડુંગરાળ પ્રદેશની આ જાતિનો બાંધો જ ખડતલ હોય છે ને મુંબઈમાં પણ તે ટકાવી રાખે છે. વાસણ માંજતા કે કપડાં ધોતા ઘાટીના સશક્ત સ્નાયુઓ જોઈને ઘણાને અદેખાઈ થશે. ઘરના શાંત વાતાવરણમાં કામ કરવાથી ઔદ્યોગિક મજૂરો જેટલો ઘસારો એમના શરીરને નથી લાગતો. ઘાટી સશક્ત દેખાવાનું બીજું પણ કારણ છે. એની જુવાનીનાં વર્ષો જ એ મુંબઈમાં કાઢે છે. શરીર ખળભળવા માંડે કે તરતજ એ ગામનો રસ્તો પકડે છે. છતાં બહુ લાંબો વખત પાણીમાં રહી કામ કરવાથી શરદી, કફ, દમ ને પગનાં તળિયાં તરડાઈ ફાટી જવાં એ એમની સામાન્ય ફરિયાદ છે.

સાક્ષરતા

મેં તપાસેલા ઘાટીઓમાંના માત્ર પંદર જ લખી વાંચી જાણતા હતા. બાકીના તદ્દન નિરક્ષર હતા. નાની ઉમરે કામે ચઢવું અને નોકરીએ ચડયા પછી પણ ભણવાનો સમય અને અનુકૂળતાને અભાવે અક્ષરજ્ઞાન મેળવવું મુશ્કેલ હોય છે. ઘાટીઓને હાવે એવો સમય રાતના નવ-પછીનો જ છે. સાક્ષરતા પ્રચારની યોજનામાં ઘરઘરના નોકરોને પહોંચી વળવા રાત્રિ-વર્ગો યોજવા જોઈએ.

સંગઠન

ઉદ્યોગોમાં કામ કરનારો મજૂરવર્ગ ટપાલ, રેલ્વે વગેરે મોટાં ખાતાઓમાં કામ કરનારો વર્ગ અને ગુમાસ્તાઓ સુદ્ધાં પોતપોતાનાં મજૂરમંડળો રચી સંગઠન બળે પોતાની સ્થિતિ સુધારવા પ્રયત્ન કરે છે. મુડીવાદી દુનિયામાં સંગઠન વિના શ્રમજીવી વર્ગ જીવી જ ન શકે. પણ મુંબઈના ઘરના નોકરોમાં સંગઠન જેવું કશું છેજ નહીં તેમ કહીએ તો ચાલે. છેલ્લાં ચારપાંચ વર્ષોમાં ઘરના નોકરોએ સંગઠિત કરવાના બે ત્રણ પ્રયત્નો કર્યા હતા અને અત્યારે પણ "ઘર-કામદાર મંડળ" નામે એક મંડળ અસ્તિત્વમાં છે પણ બહુ જુજ ઘાટીઓ તેના સભ્યો છે. મોટા ભાગના ઘાટીઓ આવાં કાયમ મંડળની હરતી ફિરતી વાકેફ પણ નથી અને આવાં કોઈ મંડળની જરૂરિયાત છે તે પણ જાણતા નથી. અજ્ઞાન અને નિરક્ષરતાને લીધે વર્ગ તરીકેના સામાજિક અને આર્થિક હિતોનું ભાન તેમનામાં જાગ્રત નથી થયું. આવી જાતનાં મજબૂત સંગઠનની ખૂબ આવશ્યકતા છે એ વિના ઘરના નોકરો જેવા દલિત વર્ગની આર્થિક કે સામાજિક સ્થિતિ સુધરવી સંભવિત નથી.

ઉપસંહાર

નૈતિક દૃષ્ટિએ તો ઘરના નોકરો રાખવા અને પોતાનું ગંદુ કામ બીજા પાસે કરાવવું વાજબી નથી, ગાંધીજીની "સ્વદેશી" વ્રતની વ્યાખ્યા પ્રમાણે તો દરેક સશક્ત માણસે સ્વાશ્રયી રહેવું જોઈએ. છતાં જો આ વસ્તુ અત્યારની શહેરની સમાજ રચનામાં શક્ય ન હોય તો ઓછામાં ઓછું એટલું તો થવુંજ જોઈએ કે ઘરના નોકરોને સ્વમાનભેર આવશ્યક જરૂરિયાતો પૂરી પાડતું હોય એવું જીવન જીવવાની શક્યતા કરી આપવી જોઈએ. ઘરના નોકરો એક "Essencial utility Service" છે એ તો મેં આગળ જ કહ્યું. એટલે દુકાનના ગુમાસ્તાઓ માટે જેવો કાયદો છે તેવોજ કાયદો ઘરના નોકરો માટે પ્રાંતિક સરકારે ઘડવો

જોઇએ જેથી ઘરના નોકરોને યોગ્ય રક્ષણ મળે. આ કાયદાથી કામના કલાકોનું કોમની સ્થિતિનું રજાનું, પગારનું, વગેરે નિયમન થવું જોઈએ.

મુંબઈના ઘાટીઓની સ્થિતિ સુધારવા નીચેનાં સૂચનો રજૂ કરી શકાય—

(૧) દિવસના કામના કલાકો આઠથી વધુ ન જ હોવા જોઈએ

(૨) ઘાટીને સ્વતંત્ર ગૃહજીવન હોવું જોઈએ, ચોવીસે કલાક તે શેઠને ઘેર ન રહે.

(૩) નોકરો પ્રત્યેનું વર્તન સુધરવું જોઇએ, પ્રમાણિક મહેનતથી રોજી કરનાર મનુષ્યની માફક તેનું સ્વમાન જાળવવું જોઇએ.

(૪) અઠવાડિયે એક દિવસની રજા મળવી જોઈએ.

(૫) વાર્ષિક એક મહિનાની હકકની રજા પગાર સહિત મળવી જોઇએ.

(૬) અત્યારના પગારના ધોરણમાં મોંઘવારી પ્રમાણે વધારો થવો જોઇએ.

(૭) કુળવણી, તબીબીસારવાર, મનોરંજન વગેરે જેવી કલ્યાણ-યોજનાઓ થવી જોઈએ.

(૮) માંદગી, બેકારી ને વૃદ્ધાવસ્થા સામે રક્ષણ મળવા માટે બીજાં ધંધાઓની માફક માંદગી અને વૃદ્ધાવસ્થાનો વિમો ઉતારી સામાજિક સંરક્ષણની (Social Security) જોઈએ. આ યોજનામાં ઘરના નોકરો, તેમના શેઠ અને સરકાર ત્રણેએ સંયુક્ત ફાળો આપવો જોઈએ.

બાળકનો ખિલખિલાટ



બાળકોના સર્વરોગનિવારણ અને
બાળકના બાંધાના ઘડતરરૂપ

બાબુલીન

તમારા બાળકને હંમેશ આપવાનો આગ્રહ રાખો

સોલ એજન્ટ

બી. એ. એન્ડ બ્રધર્સ મુંબઈ-૨ અને કલકત્તા.

આવતે અઠવાડિયે બહાર પડે છે

વહેતાં પાણી પ્રકાશનમાળા : પુસ્તિકા ત્રીજી

આપણો સાગર-સૈનિક

ગયા ફેબ્રુઆરીમાં જેની શાંતિમય હડતાલે એકાએક વિકરાળ બેસીને ખુલ્લા બળવાનું સ્વરૂપ ધારણ કરેલું તે હિંદી નાવિકની પિછાન આપતું પડેલવટેલું પુસ્તક

અનેક ચિત્રો સહિતનાં

એના ૨૬૦ પાનામાં

- હિંદી નૌકાદળની સ્થાપનાથી તે આજ સુધીની સાળંગ કથા.
- નાવિકોના બળવા વચ્ચે ઘુમી આવનારનું તખેલ એ દિવસોનું વર્ણન.
- અને બળવાનાં કારણોની તપાસ કરવા નિમાયેલી સમિતિ સમક્ષ નાવિકોએ કાઢવેલો પોતાના દિલની કથાનો માહિતિપૂર્ણ અને રસિક અહેવાલ.

કિંમત રૂ. ૩-૦-૦ રજી. ટ. ખ. ૦-૬-૦

: પ્રાપ્તિસ્થાન :

ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ

ભીમરાજ બીલ્ડિંગ, કાલબાદેવી, મુંબઈ-૨

કરનાન્ટીક પુલ નીચે, અમદાવાદ

સમાજ, સાહિત્ય અને સંસ્કારનું માસિક

ઊર્મિ અને નવરચના

'ઊર્મિ' વર્ષ ૨૬ : 'નવરચના' વર્ષ ૨૧ : અંક ૭

ઓક્ટોબર : ૧૯૪૬

૧૯૯૫

અનુક્રમ

૧	અનસૂંઝ અને આકડા		
૨	વહેતાં પાણી	માસિક નોંધ	૧૧
૩	કાળચક્ર	ઝવેરચંદ મેઘાણી	૧૯
૪	હિંદમાં વિમાની ચડ્યો		૨૪
૫	કમલેશ અને શિરીષ	પ્રગાંત	૨૫
૬	નવી પ્રજા અને ધર્મનીતિ	સ્વ. દરજીવન સોલંકી	૩૨
૭	એક મજા મુસાફર	પુરાતન બુચ	૩૪
૮	સ્વતંત્ર દેશનું શિક્ષણ		૩૬
૯	વિજ્ઞાનદર્શન	બંસી ગાંધી, પ્રો. જયંતિલાલ દે. ઓઝા, ડૉ. નરસિંહ મુ. શાહ	૩૭
૧૦	ગળાયલાં વખ	સુનીલાલ મોદી	૪૧
૧૧	દરબારગઢના ભાંકડા પર	સૌજન્ય	૪૬
૧૨	વિદૂષક	અમૃત દર્ક	૫૧
૧૩	નીલ પ્રવાહ અને ઝાંઝે ખાંભે	ઝવેરચંદ મેઘાણી	૫૩
૧૪	કલકત્તાનો હત્યાકાંડ	એક પત્ર	૬૦
૧૫	મંથનમીમાંસા	ક. ન. રા.	૬૫
૧૬	દરીફ	ધૂરેન્દ્ર [illegible]	૬૮

વર્તમાન સાહિત્ય

મહર્ષિ મેતારજ	જયભિક્ષુ	૩-૮-૦
કામવિજેતા સ્થુલીભદ્ર	,,	૪-૮-૦
વિક્રમાદિત્ય હેમુ	,,	૫-૦-૦
પારકા ઘરની લક્ષ્મી	,,	૩-૮-૦
બેઠો બળતો	,,	૨-૦-૦
સમ્રાટ સંપ્રતિ	ઝવેરી	૬-૦-૦
અનોપમાદેવી	કવિ	૫-૦-૦
દેવકુમાર	,,	૨-૦-૦
મેવાડની વીરાંગના પાટમદે	,,	૪-૦-૦
મહારાજા ખારવેલ	સુશીલ	૧-૦-૦
મહાવીર જીવનવિસ્તાર	,,	૧-૦-૦
શ્રી મહાવીર પ્રભુના યુગની મહાદેવીઓ	,,	૩-૮-૦
વિવેક વિલાસ (સચિત્ર)	,,	૩-૦-૦
જયસિંહ સિદ્ધરાજ	ધૂમકેતુ	૪-૮-૦
પૃથ્વીવલ્લભ	ક. મા. મુનશી	૨-૦-૦
ગુજરાતનો જય ભા. ૧-૨	મેઘાણી	૫-૮-૦
નેતાજી	...	૩-૮-૦
લુહ્યન બિરબલ	...	૬-૧૨-૦
દાદીમાનું વૈદું	...	૬-૧૨-૦
મરાઠમાત્ય	...	૨-૮-૦
લાટનો દંડનાયક	...	૨-૮-૦
મહાગુજરાતનો મંત્રી	...	૨-૮-૦
વિવિધ પુષ્પસંગ્રહ ભા. ૧ થી ૯		૪-૮-૦
મહાપ્રભાવિક નવસ્મરણ (૪૧૦ યંત્રો)		૩૦-૦-૦
ઘંટાકરણ કલ્પ (યંત્રો સાથે)		૭-૦-૦
અનુભવ સિદ્ધ વશ્યાકલ્પ	...	૫-૦-૦
રેખા વિજ્ઞાન શાસ્ત્ર ડૉ. ટોપર		૬-૦-૦
૧૭૦ સિદ્ધહુન્નર પ્રયોગો	...	૪-૦-૦
કોકન કલ્પતરૂ	...	૨-૮-૦
ભવિષ્ય વેપાર ભોમિયો	...	૩-૦-૦

— ઉપરાંત —

જૈન ધાર્મિક ઉપકરણો, પર્યુષણ પર્વાદિકના તેમજ નૂતન વર્ષાભિનંદનના કાર્ડો, સુશોભિત કંકોત્રીઓ પંચાંગો વિગેરે જથ્થાબંધ તથા છુટક મળશે.

વધુ માટે લીસ્ટ મંગાવો

અન્ય નોવેલ સાહિત્ય મળશે.

મેઘરાજ પુસ્તક ભંડાર

પાયધુની—મુંબઇ-૩.

KALAPI INDUSTRIES, BOMBAY 2

KALAPI INDUSTRIES, BOMBAY 1

અનેક રોગની એકજ દવા

જીવનધારા

ઠોકેરા, સંગ્રહણી શરદી, બદનનો દુખાવો, પાણીવિકાર, સંધિવા, અશક્તિ, સોજા, અજીર્ણ અપચો, ખાંસી, શ્વાસ, દમ, દાંત દાઢમાં કળતર, પેટ પેઢુનો દુખાવો, અમુંગણ, કેરી ડંખ, મોઢાની દુર્ગંધી, દરેક જાતના તાવ, ઘા પડવો, લોહી નીકળવું, તથા અનેક જાતના દરદોમાં તેમજ રેલવે, સ્ટીમર યા મોટરની મુસાફરીમાં તાત્કાલિક ઉપયોગી થઈ પડનારી અમૂલ્ય ઔષધિ. કિંમત મોટી બાટલી રૂ. ૧૦॥, વચલી બાટલી રૂ. ૫ અને નાની બાટલી રૂ. ૦॥ ટપાલ ખર્ચ જુદું.

દરેક ઠેકાણે વેચાય છે

રજીસ્ટર્ડ ટ્રેડમાર્ક "જેનસ" નં. ૩૦૨

જે. એન. શેઠના-નડીયાદ

સ્ટોકીસ્ટ: કંચનલાલ વાડીલાલની કું.
પ્રીન્સેસ સ્ટ્રીટ, મંગળદાસ રોડ, મુંબઈ-૨.

ખેડૂત અને નવરચના

ઊગિ વર્ષ : ૧૬ મું ● નવરચના વર્ષ : ૧૧ મું ● અંક : ૭ મો : ઓકટોબર ૧૯૪૬

અન્નસંકટ અને આંકડા

હિંદુસ્તાનની જમીનની ફળદ્રુપતાના પ્રમાણમાં આજે એમાંથી ઘણું ઓછું અનાજ પેદા થઈ રહ્યું છે. પણ વધુ સારી જાતનાં બીનું વાવેતર કરવાથી અત્યારની નીપજમાં ૨૯ ટકાનો વધારો થઈ શકે તેમ છે.

તમારા ગામના અભણ ખેડૂત પાસે જઈને એને આ સાદી વાત સમજાવશો? વધુ સારું બિયારણ ક્યાંથી અને કઇ રીતે મેળવશો!

હિંદુસ્તાનની બે-અઢજ ને પિસ્તાલીસ કરોડ એકર જમીનનો ખેતીવાડીમાં ઉપયોગ થાય છે. એમાંથી માત્ર ૩૨ કરોડ એકરમાં જ વર્ષે બે પાક લેવાય છે. નવી નહેરો અને નવા કૂવાઓ ખોદાવાય તો હજી વધુ જમીન એનું પાણી પીને બે પાક આપી શકે તેમ છે.

તમારા ગામના ગરીબ ખેડૂતના ખેતરમાં એક કૂવો ખોદાવવા, કે બની શકે તો પાણી ખેંચવાનું એંજિન ખરીદવા, બસો-પાંચસો રૂપિયા એને ઉછીના આપશો? એથી દેશને, તમને અને અમને જે લાભ થશે તેની વિસાતમાં બેંકનું વ્યાજ તો કાંઈ નથી.

હિંદુસ્તાનની જેટલી જમીન ખેતીને લાયક છે તેમાંથી નવ કરોડ એકર તો વણખેડાયેલી પડી રહે છે.

આ વાંચીને તરત જ આ માસિક હાથમાંથી પડતું મૂકીને એક હળ ને બે બળદની ખરીદી કરવા ઊપડી જવાની જરૂર નથી—તમારે ખેડૂત બનવાની જરૂર નથી. જે ખેડૂત છે, જેની પાસે સાધનો છે, જેને કામ કરવાની ધગશ છે—

પણ જેની પાસે જમીન નથી એવા માનવીને જમીનનો કટકો અપાવશો ? બે-પાંચ વર્ષે એની પાસેથી જમીનની કિંમત વસૂલ કરી લઈને એ કટકાનો માલિક એને બનાવશો ?

હિંદુસ્તાનમાં અનાજ સંઘરવાની પૂરતી સગવડ ન હોવાથી દર વર્ષે પોણા ત્રણ કરોડ [બંગાળી] મણ કરતાંય વધુ અનાજનો ઉંદર અને જીવાતને હાથે નાશ થાય છે.

ઉંદર અને જીવાતને મારી હઠાવવા બીજા દેશોમાં ઇલાજ લેવાય છે તે જાણી લઈ ગામના ખેડૂતને એ શીખવશો ? એને માટે જરૂરી દવાઓ ખેડૂતને સસ્તે ભાવે મળે તેવી વ્યવસ્થા કરશો ?

દુનિયાના જુદા જુદા દેશોમાં દર એકર જમીને સરેરાશ આટલા ઘઉં અને આટલા ચોખા નીપજે છે :—

દેશ	ચોખા		ઘઉં	
૧. ઈજીપ્ત.....	૩૪૪૭	રતલ	—	
૨. જાપાન.....	૩૯૦૯	„	૨૦૧૦	રતલ
૩. ઈટાલી.....	૪૮૧૦	„	૧૩૭૪	„
૪. કેનેડા.....	——		૧૧૯૭	„
૫. ઇંગ્લાંડ.....	——		૨૦૮૫	„
૬. હિંદુસ્તાન.....	૯૩૯	„	૬૭૪	„

કુદરતી રીતે જ આપણા દેશના સરેરાશ માણસને ભાગે ઉપલા બીજા બધા દેશોના સરેરાશ માનવી કરતાં ઓછું અન્ન આવે છે પરિણામે, તેની શક્તિ ઓછી થતી જાય છે, રોગિયલપણું વધતું જાય છે અને આવરદા ઘટતી જાય છે.

અને હિંદનો સરેરાશ માનવી એટલે, ત્રીજું કોઈ નહિ પણ, તમે અને હું—ત્રીજું કોઈ જ નહિ.

વહેતાં પાણી

માસિક નોંધ

સ્વાધીન હિંદના પ્રહરી બનીને ઘણું જીવો!

એકસો ને પચીસ વર્ષ જીવવાની જેણે મહાકાળની સાથે હોડ વદી છે, તેવા ગાંધીજીને અઠ્ઠોતેરમા વર્ષમાં પ્રવેશ કરતા જોઇને આપણે આપણી જાતને અભિનંદીએ છીએ. એમની પ્રત્યેક જન્મગાંઠ સારા ય રાષ્ટ્રની જન્મગાંઠ બની ગઈ છે. એટલે કે રાષ્ટ્ર અને ગાંધી બેઉ એકરૂપ, એકરસ; એકબીજાના પર્યાય થઈ પડ્યા છે. ગાંધીજી વ્યક્તિ નથી રહ્યા, સમષ્ટિ રૂપને પામ્યા છે. ભારતવર્ષની સમગ્ર સંસ્કારિતા એમનામાંથી ઝળકી રહી છે. આદર્શવાદ અને વ્યવહારપટુતાનો, સાદાઈ અને સૌંદર્ય, રસિકતાનો, વજ્ર સમી નિશ્ચય બુદ્ધિ અને પુષ્પ સમી કુમાશનો, ગહન ગંભીર ચિંતન અને બાળસુલભ હળવા હાસ્યકલ્લોલનો, વ્યક્તિવિકાસ અને સંઘરચનાનો, ગગનસમી સર્વગ્રાહિતા અને અણુ અણુ વિગતની ધારણશક્તિનો, પરસ્પર વિરોધી તો બેશક નહિ જ છતાં સામસામે છેડે આવેલાં આવાં તત્ત્વોનો ગાંધીજીએ સાધેલો સમન્વય આપણા દેશના સંસ્કૃતિકાર રાષ્ટ્રનિર્માતાઓની અવિચ્છિન્ન રહેલી અનેરી પરંપરાનું એક મંગલ દર્શન કરાવે છે. એ દર્શન દેનારા ગાંધીજી ઘણું જીવો, ગૌરવભેર જીવો, સ્વાધીન હિંદના પણ જાગ્રત પ્રહરી બની રહો.

મહાત્માજીનું પોતાનું પરમભાગ્ય છે કે પોતે પોતાની ઘડેલી વિચારસરણી તેમજ આચારસરણી મુજબ આ દેશને આખરે મુક્તિનાં દ્વાર સુધી દોરી લાવી શક્યા છે. આઝાદીના દરવાજા હજુ ઊઘડ્યા નથી એ તો સાચી વાત છે. એની લોખંડી ભોગળો હજી ભીડાયેલી છે. આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિમાં અણધાર્યો કોઈ પલટો આવે—ને હિંદને એ દરવાજા પરથી પાછા હડસેલાઈ જવું પડે. બ્રિટનના ઘરઆંગણામાં સત્તાનો હાથપલટો થાય—અને તે જ પળે હિંદની સ્વાતંત્ર્ય ઊષા કાળી રાતમાં પલટાઈ જાય. એવી આસમાનીસુલતાનીને તો આપ્યી દુનિયા હરઘડી આધીન છે. એક પણ માનવજાતિનું પ્રારબ્ધ આજે સ્થિરતાને, સ્વસ્થતાને ઓળખતું નથી. પોતાને સંપૂર્ણ સ્વાધીન કહેવરાવતા સમર્થ શિરોમણિ રાષ્ટ્રોને ઘેર પણ જનતા અનિશ્ચિત ભાવિના ભયથી કમ્પતી ધ્રૂજતી ઊભી છે. એનો વર્તમાન પણ વણસી રહ્યો છે, આ વર્તમાનને ખરીદવા માટે એ દેશોએ ચૂકવેલાં આંસુ અને શોણિત બેહિસાબ છે. તેમ છતાં તેમનાં જ્યારે ઠેકાણાં નથી, ત્યારે ગાંધીજીની આધ્યાત્મિક રાજનીતિજ્ઞતાએ હિંદને, મોટું કોઇ શોણિતસ્નાન કરાવ્યા વગર લાંબી મજલના એક આખરી સીમાચિહ્ન સુધી પહોંચાડી દીધું છે. હવે તો આ ભોગળ—ભીડાયાં તકદીર-દ્વાર પર પ્રજા પોતાનું સમગ્ર સંઘબળ એકઠું કરી હડસેલો મારે તેટલી વાર છે.

હાકેમોની ફેરબદલી જરૂરની છે

આવી ભગીરથ સિદ્ધિથી ધન્ય બનેલી આ વર્ષગાંઠ પર સાચેસાચ શું ગાંધીજી સુખ પામ્યા હશે? રક્તપાતની જરૂર ટાળ્યાની શું એમને ખાતરી થઈ હશે? અઠ્ઠોતેરમી વર્ષગાંઠ આંતરવિગ્રહનાં પહેલાં લોહી-છાંટણાએ ખરડાઈ રહી છે. કર્યું કારવ્યું ધૂળ મળવાની ચિંતા આ રાષ્ટ્રપર્વના ઉલ્લાસને આવરતી ઊભી છે. પરાયી મહાસત્તા સમજપૂર્વક પોતાનો પંજો ઉઠાવી લઇને, બિરાદરીના સંબંધો બાંધી આપણા દેશને છોડી જાય છે. એવા અભૂતપૂર્વ સત્યમાં રાચી રહેલા આપણે અણુબોના સ્વર્ગમાં મહાલીએ છીએ. એમ માનનારાની સંખ્યા જેમ મોટી હશે, તેમ તેમની દૃષ્ટિ પણ વેધક હશે. એ લોકોનું પરિસ્થિતિ-વાચન જૂદું છે. મુસ્લિમ લીગે આરંભેલી જેહાદને તેઓ આંતરવિગ્રહમાં ઘટાવવા ના પાડે છે. કલકત્તા, મુંબઈ ને અમદાવાદમાં, ઢાકા, અલ્હાબાદ વગેરે સંખ્યાબંધ સ્થળોમાં રમણ કરી રહેલા આ છુરીઓ ને ખંજરો રિવોલ્વરો, રાઈફલો ને મશીનગનો, ફોસ્ફરસ, એસીડ અને અન્ય સ્ફોટક પદાર્થો લાખો-કરોડોની લૂંટણલીલા, પોલીસ, મિલિટરીની વ્યવસ્થામાં રહેતાં પોલાણો—પાકે પાયે સુવ્યવસ્થિત અને નિયમબદ્ધ પ્રવર્તી રહેલા

આ હત્યાકાંડની પાછળ દોરીસંચાર બ્રીટનનાં જ ચોક્કસ હિતોનો હોય. સામગ્રી પણ તેમના તરફથી સાંપડતી હોય, અને ઉદ્દેશ એનો હિંદ પર કબજો ચાલુ રાખવાનો છે. એવા એક વહેમને સજ્જડ બનાવનારી હકીકતો અજવાળે આવી છે. ગોરા લશ્કરો હજુ અહીં ખડાં છે, વધુ ઊતરી રહેલ છે. પોલીસ-ખાતાં પર ગોરા ઉપરીઓની કુલમુખત્યાર સત્તા પ્રવર્તે છે. રૂઢિચુસ્ત મનોદશાના ગવર્નરો હજુ પ્રાંતો પર ચોંટી રહ્યા છે, ખુદ વાઇસરોય પણ નવા ફેરફારનો 'સ્પિરીટ' રંગેરંગમાં અપનાવી શકે તેવી ઉદાર મનોવૃત્તિથી રંગાયેલ માનવી નથી એવું સૂચવતી એક કરતાં વધુ હકીકતો બહાર આવી છે. સિંધ, બંગાળાની દુર્વ્યવસ્થાને ઠંડે કલેજે નહિ તો ઢીલીપોચી રીતથી નિભાવી લેનાર ગવર્નર જનરલ પોતાની મજૂર-સરકાર અને હિંદી પ્રજા એ બેની વચ્ચે સ્થપાયેલી ઊંચી સમજના હાર્દમાં ઊતરી શકતા નથી. એમાં એનો દોષ પણ નથી. ચર્ચિલ-સરકારના એ વારસદાર છે. આજે આ દેશ લોહીતરબોળ બની રહ્યો છે ત્યારે, એ દેશદશાની જવાબદારી જેમના શિર પર ઝળૂંબી રહી છે તે જ પક્ષ સાથે આ વાઇસરોય ફરી પાછા સીધી વાટાઘાટ ચલાવી રહેલ છે. ઝીણા-વેવલ મંત્રણા જવાહરલાલની સંમતિથી બલકે એમની જ પ્રેરણાથી ગોઠવાઈ છે એવો પણ હવાલો અપાય છે. પરંતુ નવા પરિવર્તનની સાથે આવી બારોબાર ચાલતી મંત્રણાનો મેળ મળતો નથી. જેમણે ગંભીર જવાબદારી વહોરીને રાષ્ટ્રીય સરકાર રચવાનો હામ, વાઇસરોયના ખાસ નિમંત્રણથી ભીડી છે, તે પક્ષની પાસે જ મી. ઝીણાને જવા કહેવું જોઈતું હતું. નવી ક્રાંતિના હાર્દને ન ઓળખી શકનાર અને આ મહાન પરિવર્તનના સારથીપદને સારુ આવશ્યક એવી વિશાળ કલ્પનાદૃષ્ટિથી વંચિત એવા પુરુષને અત્યારે હવે વાઇસરોયપદે કેમ ચાલુ રખાયા છે તે સમજાતું નથી. મજૂર-સરકારની સારીમાઠી નિષ્ઠા વિષે શંકા કરવાનો પ્રશ્ન હો કે ન હો, મજૂર-સરકારે હિંદમાં આવડું મોટું પરિવર્તન કરવા ટાણે એ પરિવર્તનને અપનાવે તેવા હાકેમોને અહીં ગોઠવવા જોઈતા હતા. એવા ફેરફાર ત્વરાથી થાય તો જ વચગાળાનું ગાડું સમેસૂતર ચાલશે. નહિતર તો અમદાવાદના કોટના ચણતર જેવું બનશે. દિવસે જેટલું ચણાતું તેટલું માણેકનાથ રાતે પાડી નાખતા. અહીંના વાઇસરોય, ગવર્નરો, ગોરા સર્વદી નોકરો અને જેમણે ગઈકાલે જ નફટાઈપૂર્વક ધારાસભામાં લીગ-સરકાર સામેની અવિશ્વાસની દરખાસ્ત પર 'તટસ્થતા' ધારણ કરી તેવા ગોરાઓની જમાત, બધાં મળીને માણેકનાથનો જ ભાગ ભજવશે, ને ક્રાંતિ આવશે તો ખરી, પણ એ મહાત્માજીના ભગીરથ પ્રયત્નનાં પરિણામ પર પાણી ફેરવીને લોહિયાળ માર્ગે આવશે. આજે ઉપર ગણાવી તે જમાતોના આશરા, પ્રેરણા કે આંખમિંચામણાં હેઠળ જે તોફાનો ચાલે છે તેને આંતરવિગ્રહ જેવું મોભાદાર નામ ન આપી શકાય, એ તો કાવતરું છે.

આંતરવિગ્રહની જાલવારથળી નો એક પ્રમાણિક અને ઉઘાડી વસ્તુ છે, એ તબક્કો અનિવાર્ય હો તો ભલે આવે, એની બરદાસ્ત ધરમેળે કરી લેવાશે. એનો અંજામ પણ જે આવશે તે ઉપકારક હશે. બાકી આ વર્તમાન સ્થિતિ તો વિભ્રમમાં ધકેલી દેનારી છે.

રશિયાનો હાઉ

આ વિભ્રમિત દશામાં રશિયાનું નામ, રશિયાના નામનો હાઉ મોટો ભાગ ભજવી રહ્યો છે. આજ સુધી બ્રિટિશ સરકાર કહેતી કે રશિયાની હિંદ પર ટાંપ છે. રાજાઓ કહેતા કે રશિયા પેસી જશે. કાશ્મિર રાજ્યે શેખ અબ્દુલ્લાના આંદોલનને રશિયા પ્રેરિત ઠરાવ્યું. હિન્દી સામ્યવાદીઓનું મુસ્લીમ લીગની સોડમાં ભરાઈ જવું, એ સોવિયેટ રશિયાના તેમ કરવાના ફરમાન વગર અશક્ય અને ન સમજાવી શકાય તેવું લાગે છે. ફિરોઝખાન નૂને દિલ્હીની લીગ મોવડી સંમેલનના મંચ પરથી પરેલી બાંગ દીધી કે 'અમે રશિયાની મદદથી પાકીસ્તાન મેળવીશું.' તે પછી તો મુસ્લીમ લીગ તરફથી એક પ્રતિનિધિ મંડળ મોસ્કો મોકલવાનું ઉઘાડું આંદોલન ચાલ્યું છે. આજે જો કે મિ. ઝીણા રશિયાની અગર કોઈ પરાઈ સત્તાની મદદથી પાકીસ્તાન હાંસલ કરવાની તૈયારીનો ઈન્કાર કરે છે અને રશિયાનું નામ લેનારાઓને મૂર્ખા કહે છે, છતાં આગલી જ એક અખબારી મુલાકાતમાં પોતે આપણને સીમાડા પરથી રશિયા લાગ જોતું ટાંપી

રહ્યું હોવાનો ડર દેખાડતા ચૂકયા ન હોતા, એટલું જ નહિ પણ જેન પર આવેલો લીગપક્ષ આવે તબકકે કોઈ પણ બહારની સત્તાની મદદ સ્વીકારી લ્યે એવું ગર્ભિત વાકય પણ પોતે વાપર્યું હતું. મુસ્લીમ લીગના આ મનોરથોને અવિચારી કહેનારો ફકત એકજ સૂર, સામ્યવાદી આગેવાન શ્રી ડાંગેએ કાઢયો છે. પાકીસ્તાન પક્ષે રશિયાને હિંદ પર ઉતારવા માટે મોકલનાર પ્રતિનિધિમંડળના વિચારને એણે તિરસ્કારી કાઢીને કહ્યું છે, કે રશિયાને પાકીસ્તાન સાથે કશું સ્નાનસૂતક હોઈ શકે નહિ. સામે પક્ષે રશિયાની હિંદ પરની નેમને આપણા શ્રી પટ્ટાભી સરખા રાષ્ટ્રમોવડીએ પણ તાજેતરમાં સાચી કહી છે. આપણી રાષ્ટ્રસરકારને મળેલા પરરાષ્ટ્રોના અભિનંદન સંદેશાઓમાં સોવીએટ સરકારના એકાદ સીધા આડકતરા શુભ સબ્બૂતની ગેરહાજરી, એ પણ સૂચક ગણાઈ છે.

નવાઈ નહિ પામીએ

રશિયાને વિશે પુષ્કળ ગપગોળા હંકાય છે તેનું કારણ એ છે કે એ દેશની પ્રજા, શાસનપ્રણાલિ, સંસ્કૃતિ, સમાજવ્યવસ્થા કે કશી પરિસ્થિતિથી આપણે સીધા સાચા વાકિફ નથી. એન વિશે ચિતરાતું સ્વર્ગીય અગર દોજખી, એમાંથી એકેય વાસ્તવ આપણને શુદ્ધ સ્વરૂપે સુજાત નથી. હિંદ ખાતે સોવીએટ એલચીખાતા જેવી કોઈ સંબંધ-કડી નથી. સોવિયેટ આદર્શભ્રષ્ટતાની ઘણી વાતો પરદેશીઓ કરી રહેલ છે. એ જે હો તે હો, ઘરઆંગણે રશિયા આદર્શનિષ્ઠ હોય તે છતાં વિશ્વપરિસ્થિતિની શતરંજ ખેલવામાં એજ રશિયા, બ્રીટન, અમેરિકાની બાજી ઉથલાવવામાં ઉપકારક બને તેવી કોઈ પણ પારકી સ્થિતિનો ઉપયોગ કરી લ્યે એ તો સ્વાભાવિક છે. હિંદમાં બખેડા પ્રવર્તે તો એ રાજી હોય. એ બખેડાને પોતે પ્રેરી શકતું હોય તો પ્રેરે પણ શા માટે નહિ ? મુસ્લીમ લીગને પાછળથી તો ચોરની માની માફક ભલેને કોઠીમાં મોં ઘાલી રોવું પડે, આજે તો રશિયા એનેય પોતાની કુહાડીનો હાથો બનાવે તે શકય છે. હિંદુસ્તાનને બીજા કોઈ કારણથી નહિ પણ મધ્યપૂર્વના મામલામાં હિંદુસ્તાનને બ્રિટન-અમેરિકાનાં પરિબળનું એક બુલંદ સાધન મિટાવી દેવાને ખાતર પણ સોવીએટ રશિયા અંધાધૂંધીમાં ઓરાતું જોવા ઉત્સુક હોય તો નવાઈ શી ?

પોતાના કટ્ટર શત્રુઓનું હિન્દ એક અખૂટ શસ્ત્રાગાર છે, અન્નાગાર છે, વસ્ત્રાગાર છે, વ્યૂહ-રચનાનું મર્મબિન્દુ છે, માટે એને રોળવું જોશે, ને એ માટે આંતરવિચ્છેદક બધાં જ બળોને હિંદમાં જોતરવાં જોશે-જેમ સામ્યવાદીઓને જોતર્યા છે તેમ-ને એમાં મી. ઝીણા ય જો ઝડપાતા હોય તો એથી વધુ રૂડું શું ! આવી વિચારસરણી કાલે બ્રિટનની હતી, આજે રશિઆની હોઈ શકે. કોઈ દેવ નથી, સંત નથી, સત્ય, પ્રામાણિકતા કે સિદ્ધાંતનાં પૂતળાં નથી.

સીધો સંપર્ક સાધવો પડશે

રશિયાના નામે ચાલતાં આવાં ડોળાણનો તાગ લેવાનો સીધો ને સાચો માર્ગ તો એ છે, કે નવી રાષ્ટ્રસરકારે મોસ્કો પોતાનું પ્રતિનિધિમંડળ મોકલવું. સીધો સંપર્ક એ એક સચોટ વસ્તુ છે. રશિયા આપણું અડીને આવેલું પડોશી છે, એનો પ્રેમ અને ઈતબાર જીતવો જોશે. પરસ્પરને માટે ગેરસમજણ અને મનોમાલિન્ય પેદા કરી રહેલાં તત્ત્વોનો વચ્ચેથી છેદ ઉરાડી નાખવો ને રસ્તો સાફ કરવો હોય તો રશિયા ને હિંદ વચ્ચે એલચીખાતાંની આપ-લે સત્વર થવી જોઈએ. પડોશી મુસ્લિમ રાષ્ટ્રોનો સંપર્ક પણ તેટલો જ જરૂરી છે. મૌલાના આઝાદ સમાન પ્રખર ઈસ્લામી તેમજ રાષ્ટ્રવાદીની આગેવાની નીચે એક પ્રતિનિધિમંડળ મુસ્લિમદેશોમાં જવાનું છે તે ઘણું સુયોગ્ય છે. પ. જવાહરલાલે એશિયાઈ રાષ્ટ્રોની પરિષદ નોતરી છે એ આ દિશામાં એક સચોટ પગલું છે. ઘરઆંગણે ઉત્પાત પેદા કરનારાં વિઘાતક બળોને પરાસ્ત કરવામાં પણ આવો અખિલ એશિયાઈ સંપર્ક કારગત નીવડશે. કારણ કે પ્રત્યેક રાષ્ટ્ર આખરે તો હિંદમાં કોણ માત્ર મુસદ્દી છે ને, કોણ ખરા રાજનૈતિકો છે તેનું હિંદમાં આવીને દર્શન કરશે. મુસ્લિમ રાષ્ટ્રોમાં લીગ-પ્રતિનિધિઓ પણ પહોંચનારાં છે. એ વાતની કશી ધાસ્તી નથી. તૂર્કી, મિસર, અરબસ્તાન કે ઈરાક, ઇરાન આ પાકીસ્તાનીઓની દુરિચ્છાને પંપાળે એવો સંભવ નથી.

વતનનું વિખંડન માગનારાઓ, માતૃભૂમિનો જ ઈન્કાર કરનારાઓ, ચર્ચિલ જેવા માણસની સાથે હિંદનાશક કાવતરાંમાં ઊતરનારાઓ વિદેશોમાં પહોંચી હિન્દી મુસ્લીમો પરના કલ્પિત અત્યાચારોની જે ગુલબાંગો હાંકશે તેને તોજ્યા તપાસ્યા વિના ઝટ ગળા હેઠ ઉતારી જાય એટલું બધું બુદ્ધિ-દેવાળું ઈસ્લામી દેશોએ નથી કાઢયું. એ ગમે તે હો, રાષ્ટ્રીય સરકારનાં પ્રતિનિધિમંડળો તો અવશ્ય આ બધે ઠેકાણે મોકલવા ટાણું છે. કારણ કે જેટલા પ્રમાણમાં અત્યારે આપણે બ્રિટનની સાથે સંડોવાયા છીએ તેટલા પ્રમાણમાં આપણે વિશે, હિંદ બહારની બ્રિટિશ તેમોના સંબંધમાં ભભેરણી થવી સંભવિત ને શકય છે. આજે જ્યારે બ્રિટન પ્રત્યે વ્યાપક નફરત અને અણઈતબાર છે, ત્યારે હિંદ-બ્રિટન વચ્ચેનુ રાજકારણી સમાધાન એક કઢંગી સ્થિતિમાં આવી પડયું છે. માટે પરરાષ્ટ્રોની નજરમાં રાષ્ટ્રસરકારે પોતાની સ્થિતિ સ્વચ્છ કરવી જરૂરી છે.

હોમ-ગાર્ડની યોજના

'સીત્રા પગલાં દિન'ની સરકારમાન્ય ઉજવણીમાંથી પરિણમેલી કલકત્તાની કત્લેઆમ જાણે કે અધૂરી હતી, એટલે મુસ્લીમ લીગે રાષ્ટ્રીય સરકારની સ્થાપનાને કાળા વાવટા બતાવવાનું વિશેષ એક કાળું પર્વ દેશમાં ઊજવ્યું. અને એમાંથી પણ અનિવાર્ય હત્યાકાંડ પરિણમ્યો. એ પર્વને હજુ ચાલુ રખાયું છે. એના સધાનમાં ફરી પાછી અમદાવાદની ખંજર બાજી જારી કરાઇ છે. પોલીસખાતાને માટે કામ અતિ કપરું બન્યું છે. તેઓ મોટી જહેમતે ફરજ બજાવે છે, છતાં પ્રધાન શ્રી ખેરે જેમની કામગરીને આ મામલામાં પ્રમાણિકતા અને કાર્યદક્ષતાનું ઉતાવળું પ્રમાણપત્ર આપી દીધું છે તે મુંબઈ-પોલીસની તેમજ અમૂક માજીસ્ટ્રેટની સામે તાત્કાલિક તપાસને પાત્ર એવા ગંભીર આક્ષેપો જવાબદાર અખબારોએ સાદર કર્યા છે. બંગાળાની ધારાસભામાં ત્યાંના વડા પ્રધાન શ્રી સુહરાવર્દીએ પોતાની [illegible] પર કલકત્તાના ગુનાનો ટોપલો ઢોળ[illegible] યુક્ત પ્રાંતનો ગોરો પોલીસ વડો પ્રાંતસરકાર[illegible] સામે ગંભીર ના ફરમાની આચરતો હોવાનું પ્રકરણ ધુંધવાઈ રહ્યું છે. તારતમ્ય એટલું જ કે. સનંદી નોકરોના સિતમસંચા જેવું હિંદનું પોલીસખાતું, એક તો એને પાવામાં આવેલા આજપર્યંતના પ્રજાવિરોધી ઝેરને પરિણામે અને બીજું તે ખાતાનાં જવાબદાર માણસો કોમી વફાદારી અને કોમી ઝનૂનથી રંગાઈ ગયાને લીધે, ધરમૂળના ફેરફારો વગર નવી ભાવનાને અપનાવી શકે તેમ, અને આવા ફેરફાર માટે મૂળ પાયામાંથી જ એનું જે પુનર્વિધાન કરવું પડે તેમ છે, તેની પ્રાંતશાસનોને બંધારણમાં સત્તા નથી. આવી સાંપટમાંથી નીકળવાનો માર્ગ યુક્તપ્રાંતની સરકારે શોધ્યો છે. હોમ ગાર્ડ નામની નવીજ પ્રાંત-સંસ્થા એ વસાવે છે. પ્રાંત-સરકારના આગલા કબજા હેઠળનું આ ખાતું આઝાદ હિંદ ફોજના બેકાર ફોજીઓથી ભરતી થશે, પૂર્ણપણે શસ્ત્રસજ્જ હશે, કોમી ઐકયનો પ્યાલો પીધેલ આ સંરક્ષકો જ્યાં જ્યાં ખપ થશે ત્યાં ત્યાં એ નિડરપણે બંદોબસ્ત તો રાખશે, પણ એ વ્યક્તિઓનો જનસંપર્ક જનતામાં બિરાદરી, તાકાત ને હિંમતની હવા ફેલાવશે એ વધુ મોટો લાભ થશે.

પ્રજાજનોપર ફરજિયાત પોલીસફરજ નાખો

અન્ય પ્રાંત-સરકારોને માટે યુ. પ્રાં.નું આ પગલું અનુકરણીય થશે. જૂનાકાળની ખરાબ ધરેડને ટેવાઈને નાકામિયાબ બનેલા આજનાં પોલીસખાતાંની ચૂંગાંથી છૂટવા માટેનું આ હશે પહેલું પગલું. ને તે પછીનું પગલું તો પ્રજા સમસ્ત પર પોલીસકામ ફરજિયાત કરવાનું હશે. હરએક પુખ્ત ઉમરનો આદમી-પુરુષ જ શા માટે, ઓરત પણ કાં નહિ ? વર્ષના અમૂક દિવસો માટે નાગરિક પોલીસ તરીકેની બધા પ્રકારની ફરજ બજાવવાને બંધાયેલો જોવા આપણે આતુર છીએ. એને કવાયત, બંદૂકબાજી, ટ્રાફીક-નિયમન વગેરે પોલીસ-કામગરીની તાલીમ ફરજિયાત આપો; અને એને માટે નાણાં જાઈએ તો લોનો કાઢો. રક્ષણનો પ્રશ્ન આજે જે સ્વરૂપ ધરી આપણી પાસે ઊભો છે, આપણી અરક્ષિતતા ને લાઈલાજી જે રીતે શોચનીય સ્વરૂપે ઉઘાડી પડી ગઈ છે, તે આપણને નવેસર વિચારવા પ્રેરે છે. ચાલુ પોલીસ મિલિટરીની બેદિલીથી આપણે ગળે આવી ગયા છીએ. એના

પ્રત્યાઘાત રૂપે આપણામાં ખૂનને બદલે ખૂન, આગને બદલે આગ અને લૂંટને બદલે લૂંટનો પ્રતિકાર એક સ્વધર્મના સ્વરૂપે સ્થાન પામી રહ્યો છે. આપણો આ પ્રતિકાર માર્ગ ભૂતલમાં ઊતરી રહ્યો છે, એટલે એની ગુપ્તતા એ વળી વધુ જોખમી છે. આ દોજખી રીતરસમોને આશરે દેશના યુવાનોને ન જવા દેવા હોય તો સત્વર તેમની શક્તિઓને પોલીસ-કાર્યમાં જોતરી લેવી જોઈએ. ચાલુ પોલીસખાતામાં પણ સંસ્કારી ને શિક્ષિત માણસોને ભરતી થવા માતૃભૂમિના નામથી અપીલ કરવા જેવું છે. પણ હજુ કોઈ પ્રાંત સરકારે એ ધર્મ વિચાર્યો નથી.

અમદાવાદની નવી મર્દાઈ

આવું બધું ન બની શકે ત્યાં સુધી જનતાએ તો લમણે હાથ દઈને બેસી રહેવાનું હોય નહિ. શ્રી. પટ્ટાભીએ સમજાવ્યા મુજબ આપણું દરએક ઘર આપણો દુર્ગ બની જવું જોઈએ. પ્રત્યેક પોળ ને ગલી આપણો કિલ્લો છે. દૂરદૂરના ગામડાએ પણ એવા ભ્રમમાં નથી રહેવાનું કે અહીં તો કશું થવાનું નથી. બંગાળાનાં ગામડાંમાં બનતા બનાવો ચેતવણી આપનારા છે. બાંધવતાના મીઠા સંબંધમાં ઝેર સિંચાઈ રહ્યું છે. એ ઝેર પ્રજાની રગેરગમાં પ્રસરશે. આજે મુંબઈ અમદાવાદ 'પોલીસ! પોલીસ! લશ્કર! લશ્કર!' કહી શકે છે, ગામડાં કઈ પોલીસને અને કયા લશ્કરને સાદ કરશે? અરે મુંબઈ અમદાવાદ પણ એ ઈન્દ્રજાળમાંથી છૂટયાં છે, એની આંખો ઊઘડી ગઈ છે, એણે આત્મરક્ષાની સજાવટ આદરી છે, એણે દરેક ઘરને કિલ્લો બનાવવા માંડેલ છે. અને અમદાવાદે તો એની શોભા વધારી છે. ખંજરબાજીના પુનરાવર્તનથી નાસી જવાની, ગભરાવાની, દુકાનો બંધ કરવાની, રોજીંદા અવતારમાં કશો જ ફરક પાડવાની એ નગરે એના શત્રુઓને શાંતિમય તિરસ્કાર સાથે ના કહી દીધી છે. અમદાવાદની એ મર્દાઈ અને જિન્દાદિલીનું નવું દર્શન છે. દર એક ગામડું એનું અનુસરણ કરે, તો આ ભાડૂતી ખૂનરેજીનું આયુષ્ય જલદી ખતમ થાય.

મુસ્લિમ આમસંપર્ક

એક તરફથી આત્મરક્ષાની શાંત યોજના, અને બીજી તરફ મુસ્લીમ આમસંપર્કનું આંદોલન: બન્ને જોડાજોડ ચાલે. જાણીતી વાત છે કે જે કરોડો મુસ્લિમો આજે લીગમાં ભળેલા છે તેમાંના સંખ્યાબંધ ભાઈઓ ધાકધમકી, દમદાટી, બહિષ્કારભય અને અજ્ઞાનજન્ય આવેશના ભોગ બન્યા છે. બીજા જેઓ સાચા લીગરંગી હશે તેમનામાં પણ સુલેહપ્રેમી સંસ્કારી ભાઈઓનો સમાવેશ થાય છે. એમની રાજકારણ આકાંક્ષાઓ કોમી હોવા માત્રથી આપણે છેડાઈ ન પડીએ. સંખ્યાબંધ હિંદુઓનું માનસ તો રાજકારણના મેદાનમાં પેટા-કોમી પણ છે એ કોણ નથી જાણતું! માટે આ મુસ્લીમ બંધુપ્રજા પ્રત્યેનો વિનય, શિષ્ટતા, તેમની ગામના સારાં કામોમાં ગણના, તેમના ઉત્સવોમાં શામિલગીરી, તેમના વ્યાપારીઉદ્યોગો પ્રત્યે સમાન દૃષ્ટિ, અને તેમની બદતી બહેતરી પ્રત્યે પ્રોત્સાહનવૃત્તિ દાખવીએ. પણ એવા વર્તાવની પાછળ આપણી બીકણવૃત્તિ ન હોવી જોઈએ. દિલેરી તો બળવાનની જ શોભે.

મસાણીએ બતાવેલો સચોટ માર્ગ

દેશમાં અનાજની કટોકટીના છેલ્લા બે ત્રણ મહિના શરૂ થયા છે. નવો પાક હાથ પર આવતાં સુધીનો આ આકરો તબક્કો છે. દેશ દેશાવરોથી દાણા મેળવવા માટે રાષ્ટ્રીય સરકાર શક્ય કોશિશો કરી રહી છે. પરંતુ હાલ તુરત હાથ પર જેટલો છે તેટલા જથ્થાની સાચવણ અને જરૂર મુજબની વહેંચણ માટે પ્રજા પોતે ઘણું કરી શકે છે. પ્રજા શું કરી શકે તે મુંબઇમાં શ્રી મીનુ મસાણીએ બતાવ્યું હતું. જે વર્ગ સાધનસંપન્ન છે, પોતાની ખોરાકીની ઊગુપ દૂધ, શાકો, ફળમેવા વગેરે અન્યેતર પદાર્થો ખરીદી પૂરી કરી શકે તેમ છે-વસ્તુતઃ એ આઠે દહાડે પણ આ પદાર્થોનો છૂટથી ઉપભોગ કરે જ છે—તે વર્ગની વ્યક્તિઓ રાજીખુશીથી પોતાનું અરધું અન્ન-રેશન આગામી ત્રણ મહિનાને માટે જતું કરે તો હાલ દેશમાં છે તેટલા સંઘરા પર પણ કેવળ અન્નજની પ્રજાસમૂહને ગુજારી શકાય. આ માર્ગ સીધો સાદો, બે ને બે ચાર જેવો હતો. છતાં મરવાં નાંખ્યા માણસોએ જ

એનો પડઘો પાડયો. અમને લાગે છે કે ગાંધી-સપ્તાહના પર્વ પર જેમ બુલંદ ફંડફાળા, સામૂહિક કાંતણ-યજ્ઞ, અમૂક આંટી સૂતરની ભેટ ઇત્યાદિનો કાર્યક્રમો રખાયો છે, તેની સાથે, અત્યારે તો જે સર્વોપરી મહત્વનો ગણાય તેવો આ સ્વૈચ્છિક અર્ધરેશન-ત્યાગનો કાર્યક્રમ રખાયો હોત તો પર્વપ્રસન્ન પ્રજાજનોએ એને સારો એવો જવાબ વાળ્યો હોત. એવો મરજિયાત માર્ગ જો હજી પણ લેવાય તો કોંગ્રેસ—સમિતિઓ ગામે ગામના સુસંપન્ન કુટુંબોની ટીપ કરી તેમને આંગણે જઈ જઈ રેશન—પોથીઓમાં અર્ધાન્ન ત્યાગ સ્વીકારાવી શકે તેમ છે. પણ એ કશું ન બને તો રાષ્ટ્રીય સરકારની અણછૂટકે ફરજ થઈ પડે છે, કે જેમને જેમને ઘેર મોટરગાડીઓ, ટેલીફોનો જેવાં સાધન સંપન્નતાનાં દેખીતાં ચિહ્નો હોય, તેવાં તેવાં કુટુંબોનું અરધું અન્ન રેશન સતાની રૂઈએ કાપી નાખવું. લાખ્ખોને ભૂખમરામાંથી બચાવવા વિદેશો પાસે અનાજ માટે આપણા આગેવાનો દર્દભરી અપીલો કરી રહ્યા છે ત્યારે આપણા સાધન સંપન્ન વર્ગમાંથી આટલો મામુલી ભોગ આપવા પણ સ્વેચ્છાએ આગળ નથી આવતા એ શરમજનક જ નહિ, ઘાતકી પણ છે.

સરકારના હાથમાં સત્તા છે એટલે એ તો ધારશે ત્યારે કલમને એક જ ઝાટકે સાધનસંપન્ન શહેરીઓનું રેશન અરધું કરી નાખી શકશે. પણ એવી બળજબરી ગુલામો ઉપર જ શોભે. સ્વતંત્ર માનવીને પોતાની ફરજનું સદાય ભાન રહેતું હોય છે. શહેરીઓએ એ નકકી કરવાનું છે કે પરદેશી અમલના અંત પછી પોતે સાચે જ સ્વતંત્ર બનવાના છે કે પછી કોઇ સ્વદેશી સત્તાના ગુલામ તરીકે ચાલુ રહેવાના છે.

બેઉનું અપમાન :
એ રાજાનું ને આપણા પ્રજાત્વનું

'ગૉડ સેવ ધ કીંગ' વાળું રાજગીત શાળાઓના પાઠયપુસ્તકોમાં રાખવાની પ્રથાને મદ્રાસની રાષ્ટ્રીય સરકારે તિલાંજલિ આપીને સારી પહેલ કરી છે. ઈંગ્લંડના રાજાને ઈશ્વર ઝાઝું જીવાડે તેમાં આપણને વાંધો નથી. અંગ્રેજ પ્રજાના પોતાના નૃપતિ પ્રત્યેના વિલક્ષણ તથાપિ પ્રકૃતિગત આદર પર આપણે ઈતરાજ પણ નથી. પણ આપણા પક્ષે આ રાજભક્તિ નરાતર બનાવટી હતી. હિન્દની ઉપર એક શહેનશાહ ઠોકી બેસારવામાં આવેલ છે. એ ગીત ગોખવા કે ગાવાથી જ ઊલટું આપણે એ રાજવીનું અપમાન અને આપણો તેજોવધ કરી રહ્યા છીએ. એ ઢોંગ કુમળાં બાળકોનાં માથામાં પેસારી રહ્યા છીએ. સમગ્ર હિંદની શાળાઓમાંથી આ બનાવટ નામશેષ થવી જોઇએ. એ જ રીતે સિનેમાઘરોમાં પ્રત્યેક 'શો'ની સમાપ્તિએ વગાડાતું આ ગીત રૂખસદ માગી લ્યે છે. હિંદી પ્રેક્ષકો પર ગીતનું શ્રવણ પોતે જ એક ત્રાસરૂપ હોવા ઉપરાંત, વગડે છે તેટલી વાર એના માનમાં ઊભા થઈ રહેવાનો શિષ્ટાચાર પણ એક દંભને પોષનો હોય છે. પ્રેક્ષકોનો ગોરો સમૂહ એ ગાનની ભાવનાને કોરે મૂકી દઇને, પોતાના રાજા પ્રત્યેની અદબ ભૂલી જઇને, પોતાના શિષ્ટાચારમાં શામિલ ન બનનાર હિન્દીવાનનાં અપમાન કરવા લાગી પડે છે, ચાલી નીકળનાર પ્રેક્ષકો પ્રત્યે બેઅદબી ને તુમાખી દાખવે છે. એવા સ્વમાની હિંદીઓને માર પડયાના પણ દાખલા બન્યા છે. એમાંના એક તો જાણીતા લેખક શ્રી ખ્વાજા અહમદ અબ્બાસ છે. આપણે ઈંગ્લંડના કોઈ પણ જલસામાં ગયા હોઇએ તો બેશક ત્યાં આવી કોઈ પણ માનવિધિને વખતે એ રાજા તેમજ પ્રજાની લાગણીને માન આપવાનો આપણો ધર્મ બને છે, પણ આપણા જ ઘરમાં આપણે જેને આપણું અપમાન ગણતા હોઈએ તેવી પરદેશી ક્રિયાને બળજબરીથી અપનાવવા જેવી પરિસ્થિતિ ચાલુ રાખી ન શકાય. તાજ્જુબીની વાત તો એ છે કે આ સિનેમાઘરોના હિંદી માલિકો પણ આ ગીત સ્વેચ્છાથી જ વગાડતા હોય છે. રાષ્ટ્રીય સરકાર સ્થપાઈ હોય કે ન હોય પણ પોતાના સેંકડો પ્રેક્ષકો ઉપર બળજબરીથી આવું વિદેશી ગીત લાદનારા સિનેમાઘરોના માલિકો સામે પ્રબળ લોકમત ઊભો થવો જરૂરી છે. શું કામ કરવું? એવો પ્રશ્ન આગેવાનોને પૂછવા કરનારા વિદ્યાર્થી મંડળોમાંથી કોઇકે આની સામે પીકેટીંગ કરવા જેવું છે.

આપણી કલાસંપત્તિનું રક્ષણ

આપણાં ઐતિહાસિક ચિત્રો, શિલ્પો, હસ્તલેખો, કલા-કારીગરીના અપ્રાપ્ય અને અજોડ નમૂનાઓ જે દેશ આખાનો અમૂલ્ય વારસો છે. તેને અહીંથી વિદેશમાં લઈ જવાતો અટકાવવા માટે આ દેશમાં કોઈ કાયદો નથી. એ બાબત પ્રત્યે નવી રાષ્ટ્રીય સરકારનું ધ્યાન શ્રી. તેંડુલકર અને શ્રી વિઠ્ઠલભાઈ ઝવેરીએ એક નિવેદન દ્વારા દોર્યું છે. આવા કાયદાઓ દુનિયાના સહુ દેશોમાં હોય છે. આપણે ત્યાં એ ન હોવાને કારણે દેશમાંથી કેટલીય કિંમતી ચીજવસ્તુઓ વિદેશી કલાગ્રસિકો ઉપાડી ગયા છે અને જેનું સ્થાન મુંબઇ કે કલકત્તાના સંગ્રહસ્થાનોમાં હોવું જોઇએ એવી ઘણી વસ્તુઓ આજે બર્લિન અને લંડનમાં પડી છે.

આવો કાયદો કરવાથી ભવિષ્ય અંગે એક જાતની સલામતી મેળવી શકાશે. પરંતુ ભૂતકાળમાં જે કાંઇ જતું રહ્યું છે તે પણ કોઈ રીતે આ દેશમાં પાછું લાવવાનું રાષ્ટ્રીય સરકારનું કર્તવ્ય છે. લંડનની ઇન્ડીઆ ઑફિસ (હિંદી કચેરી)ના આખા પુસ્તકાલયને પણ હિંદ ખાતે ખસેડવાની માગણી, આ વિષય પર લખતાં, 'નેશનલ હેરાલ્ડે' નીચેના શબ્દોમાં કરી છે: 'પૂર્વના દેશો અંગે અભ્યાસ કરવા માટે આ પુસ્તકાલય દુનિયાનાં સર્વશ્રેષ્ઠોમાંનું એક છે. દોઢસો વર્ષો સુધી એમાં ખંતીલું સિંચન થયું છે અને એની સારી જાળવણી થઇ છે. બેશક એનો સંગ્રહ કરનારા પાશ્ચાત્ય સંશોધકો પોતે નિઃસ્વાર્થી હતા. પણ હિંદી સંશોધકોની નિઃસહાયતા અને હિંદી રાજવીઓની વિચારહીનતાને કારણે હિંદુસ્તાને આ ખજાના ગુમાવ્યા છે. એ હિંદુસ્તાનના જ છે અને હિંદમાં એને પાછા લાવવાજ જોઇએ.

બ્રિટનથી પાછા લવાનારા એ હિંદી ખજાનાઓના બદલામાં અહીંથી કેટલીક વસ્તુઓ બ્રિટન પાછી મોકલવા સહુ કોઈ રાજી થશે.

એ છે બ્રિટિશ ગવર્નરો, વાઇસરોયો અને સમ્રાટ-સામ્રાજ્ઞીઓનાં પૂતળાં અને છબીઓ. પોતાની ગુલામીનાં આ સ્મરણો સ્વાધીન હિંદુસ્તાનને ખપતાં નથી. જો કોઇ લોહીયાળી ક્રાંતિ દ્વારા હિંદુસ્તાન આઝાદ બન્યું હોત તો તેની ઝનૂની આગમાં આ ચિત્રો-પૂતળાંઓ ખાખ થઈ ચૂક્યાં હોત અને તેનો કોઇ સવાલ રહ્યો ન હોત. પણ સ્વતંત્રતા મુંવાળે માર્ગે આવી રહી છે તો આ ચિત્રો, પૂતળાં હોય એમ પાછાં આપી દેવાની આપણી ફરજ છે. એ પાછાં મંગાવતો સાદ અંગ્રેજો ન પાડે ત્યાં સુધી આપણી ફરજ રાજમાર્ગો, બગીચાઓ અને જાહેર મકાનોમાંથી એમને ખસેડીને કોઇ એકાંત સ્થળે મૂકવાની છે. લાહોરના મુખ્ય રસ્તા 'મૉલ' ઉપર ઊભેલા લોરેન્સના પૂતળાને ત્યાંથી ખસેડવાની દરખાસ્ત લાહોરની સુધરાઇમાં આવી છે. મુંબઇમાં કાળા ઘોડાને નામે ઓળખાતું પાંચમા જ્યોર્જનું પૂતળું એ અને એવા બીજા તમામ બ્રિટિશ રાજસત્તાના ચિહ્નો પ્રજાકિય સુધરાઇઓએ અને પ્રાંતિક સરકારોએ વહેલી તકે લોકનજર સમક્ષથી ખસેડી લેવાં જોઇએ.

સર્વાંગી દૃષ્ટિ

'લોકગીતો અને લોકનૃત્યના વિકાસને માટે તેમજ આ દેશી કળાઓને જીવન્ત રાખી રહેલા ગ્રામ્ય કલાકારોને મદદ કરવા માટેની એક યોજના યુક્ત પ્રાંતની સરકાર ઘડી રહેલ છે. તાજેતરમાં તેમણે આ કલાકારોની સભા બોલાવી હતી અને મજકુર યોજના ઘડવા એક સમિતિ નીમી છે.' આટલા સમાચાર લખનૌના 'નેશનલ હેરાલ્ડ'માંથી સાંપડયા છે: 'રાષ્ટ્રીય સરકાર' એ નામમાં રહેલા રહસ્યનું એ સમાચારમાંથી દર્શન થાય છે. રાષ્ટ્રીય સરકાર એનું નામ કે જે રાષ્ટ્રના પ્રજાજીવનનું સર્વાંગી નવોત્થાન કરે. આર્થિક આયોજન, રાજકારણી જાગૃતિ, સામાજિક અનિષ્ટોચ્છેદન વગેરેની સાથે દેશનાં સાંસ્કૃતિક સૌન્દર્ય-અંગોનો હ્રાસ મિટાવવાની ઝુમ્બેશ જોરજોરમાં ને તાલબદ્ધ ચાલે તો જ તે સર્વે પરસ્પરનાં પૂરક બનીને એક નવશક્તિ પેદા કરે. મદ્રાસની સરકારે માત્ર દવાખાનાં અને દાક્તરોની જમાત વધારવાને બદલે ત્વરાથી આયુર્વેદિક, યુનાની ઈત્યાદિ તમામ દેશી વૈદક-પદ્ધતિઓનો સમન્વય કરીને સર્વસાધ્ય, સર્વને પરવડી શકે તેવી હિન્દી તબીબી પદ્ધતિનું શોધન કરવા માટે તપાસ ઠાવી છે; એટલે

અત્યારે તો, બ્રિટિશ સરકારના ઇરાદાઓમાં ઇતબાર રાખનારાઓ ને ન રાખનારાઓ સહુ કોઇને માટે આ એક સમજ તો સ્પષ્ટ છે, કે આપણી ક્રાંતિને સિદ્ધ કરવાની મળેલી આ તકનો શક્ય તેટલો લાભ ઉઠાવી લેવો; અને એક વાતની ગાંઠ વાળવી, કે પાયાથી લઈ ઘુમ્મટ સુધીનું સર્વાંગી ચણતર કર્યા વગર ક્રાંતિની ઇમારત ટકવાની નથી.

સ્વ. મહાદેવભાઈનું સ્મારક

આ સંબંધમાં સ્વામી આનંદ તરફથી નીચે પ્રમાણે પત્ર મળ્યો છેઃ—

'મહાદેવભાઈનું સ્મારક હજુ કેમ રઝળાવાય છે?' એવા મથાળા હેઠળ આવેલી નોંધ વાંચીને ખેદ થયો. 'ઊર્મિ' ગુજરાતનાં હાલનાં માસિકોમાં પહેલી હરોળનું માસિક ગણાય છે. તેના તંત્રીને સ્વ. મહાદેવભાઈના સ્મારક તેમજ ચરિત્રલેખનની દિશાએ તેના સંયોજકો તરફથી થઈ રહેલ પ્રયાસની ગતિ-પ્રગતિની ભાળ મેળવવાનું કામ અઘરું ન હોવું જોઈએ. આમ છતાં આ નોંધ લખતી વેળાએ તેમને કલ્પના કે અફવાનો આશ્રય શા સારુ લેવો પડયો તે સમજાતું નથી.

'ગુજરાતના દસ લાખમાંથી ગ્રામસેવકોને તૈયાર કરનારી જે શિક્ષણસંસ્થા ગુજરાતમાં સ્થાપવાની યોજના થઈ છે એની વિગતો નવજીવન કાર્યાલયવાળા શ્રી. જીવણજી દેસાઈ અથવા શ્રી. નરહરિભાઈ પરીખ, સાબરમતી આશ્રમ પાસેથી હરકોઇને મળી શકે એમ માનું છું.

'જીવનચરિત્ર'ની બાબતમાં તો એ પ્રગટ થઇ ચૂકેલી બીના છે કે ગાંધીજીએ પોતે એ ચરિત્ર લખવાની ઇચ્છા જાહેર કરી હતી અને એ કામમાં સહકાર આપવા સ્વ૦ ના સંપર્કમાં આવેલા અનેક લોકોને દેશ તેમજ પરદેશમાં સ્વ૦ના ૫–૭ નિકટના સાથીઓની સહીવાળી એક અપીલ મોકલવામાં આવી હતી. આમ સ્વ૦ના સાથીઓએ આ કાર્ય ઉપાડવાનો કે તેને અંગે અંદરોઅંદરની સ્પર્ધા કે વિવાદનો પ્રશ્ન નહોતો રહ્યો.

ગાંધીજીએ એકથી વધુ વેળા આવું ચરિત્ર લખવા કલમ ઉપાડી પણ લાગણીનાં પૂર ઊલટયાં ને લખી શકયા નહિ. આ પછી શ્રી પ્યારેલાલજીએ તેનું વિસ્તૃત ચરિત્ર તૈયાર કરવું તથા ગાંધીજીનાં અન્તેવાસીઓ અને સ્વ.ના સાથીઓએ તેમજ બીજાં સૌએ તેમાં સહકાર આપવો એમ ઠર્યું. પણ શ્રી પ્યારેલાલજીને પણ અત્યારનાં એમનાં રોકાણો વચ્ચે આવું વિસ્તૃત ચરિત્ર તૈયાર કરવાનો તેમજ એને અંગેની સામગ્રી વિશાળ સમૂહ પાસેથી મંગાવવાનો અવકાશ મળવો વસમો જણાયાથી એ કામને લાંબો સમય જશે એમ લાગ્યું. આ પરિસ્થિતિમાં વિસ્તૃત ચરિત્રની અપેક્ષાએ તુરતને માટે સારું એવું નાનું ચરિત્ર લખવાનું કામ સ્વ.ના મહદનીશ સાથી અને મૂળ જીવનચરિત્રની યોજના અંગેની અપીલ પર સહી કરનારાઓમાંના એક શ્રી. ચંદ્રશંકર શુક્લે ગાંધીજીની સંમતિ તથા આશીર્વાદ સાથે માથે લીધું છે અને એ દિશાએ હું જાણું છું ત્યાં સુધી કામની શરુઆત પણ થઈ છે.

'આપે કલ્પેલા 'આશ્રમવાસીઓના આંતરકલહની વાટ જોયા વિના' ગુજરાતના 'બીજાં' ઓછામાં ઓછાં એક લોકસેવકે તો 'આ કામ પૂરું કરી જ નાખ્યું છે. એ બીના આ નોંધ લખતી વેળાએ આપના ધ્યાનમાં રહી જણાતી નથી. સ્વ. મહાદેવભાઇને ગુજરાતે અને આખા ભારતવર્ષે બલ્કે સેંકડો પરદેશવાસી નરનારીઓએ પણ પોતાના આત્મીય સ્વજન તરીકે જાણ્યા હતા. એમનાં નાનાં મોટાં ચરિત્રો કોઇને પણ હાથે લખાય તે સામે ગાંધીજીએ કે સ્વ.ના 'આશ્રમવાસી સાથીઓમાંથી કોઇએ કશો પ્રતિબંધ મૂકયાનું કે વાંધો જાહેર કર્યાનું જાણ્યું નથી.: વાંધી ૧૯-૯-'૪૧

શ્રી. ચંદ્રશંકર શુક્લે હાથમાં લીધેલા કાર્યની જાણ અમને એમણે મોકલેલ પરિપત્રથી થોડા દિવસ પૂર્વે જ થઈ. અમારી ગેરસમજ હવે ટળી છે. તે ટાળવા માટે સ્વામીજીના આભારી છીએ.

(અનુસંધાન પાન ૫૯)

કાળચક્ર

ઝવેરચંદ મેઘાણી

પ્રકરણ પાંચમું

છેલ્લો જવાબ પકડાયો નહિ

વરાળ છોડતા એન્જીનનો ફુંફાડો બે ત્રણ મિનિટ ચાલુ રહ્યો. કાન ફોડી નાખે તેવો અવાજ એકધારો નીકળતો હતો. એ તકનો લાભ લઇને આ મુસ્લીમ છોકરી પોતાને ગાળો દેતી બરાડા પાડતી હતી એવી સુમનચંદ્રને, છોકરીના હાથ લાંબા થતા જોવાથી પાકી શંકા પડી ગઇ.

કોઇને ખબર પડે નહિ તેવી જુક્તિથી અનાડી એન્જીન 'ભફ્' કરતું અટકી ગયું અને બંદૂકોની ફડાફડી વચ્ચે પણ સ્વસ્થ રહેનારો સુમન ચમકી ઊઠયો, ત્યારે છોકરીના છેલ્લા બોલ ઊંચે અવાજે સંભળાણાઃ 'મોટા મૂછાળા મરદ થ્યા છો તે!'

ગોઠી પડીને છોકરી મોં આડે ઓઢણાનો છેડો કરી આડી ફરી ગઇ, અને રાતાપીળા બનેલા સુમનચંદ્રે પોતાની સામે પૂરેપૂરું ફરેલું બીજી યુવતીનું મોં જોયું. એન્જીનની વરાળે એ મોં પર પાણીનાં મોતીઆં ટાંકી દીધાં છે!

'નીકળો એલ! નીકળો ત્યાંથી.' છેટેથી સાંધાવાળાનો અવાજ આવ્યો.

'શું છે તી?' મુસલમાન છોકરીએ સામો જવાબ કર્યો.

'શું છે શું! મરી રેશો, ચીસડાંની જેમ ચેપાઈ જશો. માલગાડી આવે છે વાંસલે પાટે.'

'તો ઓછાં એટલાં! પારકાં છોકરાવને નિરાંત વારો.' એ જ છોકરીએ સાંધાવાળાના સમાચારને હળવે સાદે વધામણી દીધી અને બીજીને કહ્યું: 'લે! તારેય ગાલા મેરમાન થ્યો! કરાસીંન (ટ્રેનોનું ક્રોસીંગ) જ આંઇ છે. કરી લે તું તારે પેટ ભરીને કજિયો.'

પોતાની ટ્રેનને સામેથી આવતી ગુડ્સ ટ્રેનના આવતા સુધી અહીં અટકવાનું છે એ જાણી સુમનચંદ્ર લેવાઇ ગયો.

'ગાડીને માથે રાતાપીળા થ્યે શું કામ આવે?' મુસ્લીમ છોકરી એવું કહી કહીને વળી પાછળ ફરી જતી હતી, પછેડાનો પાલવ એના દાંત વચ્ચે પકડેલો ને પકડેલો હતો.

બેઉ છોકરીઓ બે પાટાની વચ્ચેથી ખસવાને બદલે ફક્ત પેસેન્જર–ગાડીની વધુ નજીક જઈ ઊભી.

'જાત છે કાંઇ જાત! પોતે તો મરશે પણ બીજાને ય મારતી જશે.' સાંધાવાળો આગળ સાઈડીંગના કપ્લીંગ પર જતો ડાંડો ફેરવતો બબડતો ઊભો.

'મારતી જાશું શું! મારી નાખેલાં જ છે કેદના!' એન્જીનમાંનો એક આદમી નીચે ઊતરી ગાળો લઇ સંચા તપાસતો તપાસતો સાંધાવાળાની વાતમાં ટોંકો પૂરતો હતો.

'ઇ નૈ ખસે! ઇ જાત કોણ? અલ્લી! નવાણું ટકાનો ધક્કો લગાડતાં વાર નૈ!' સાંધાવાળો હજી બબડતો હતો. 'પાસે જાઇએં ના, તો નવાણું ટકાનો ધક્કો!'

'તમારો કાગળ મળ્યો હતો.' હિંદુ છોકરીએ પહેલી વાર દોડ ખોલી સુમનચંદ્રના સાંધાવાળાની હિમ્મત–વાણી સાથે સંધાયેલા તાર તોડી નાખ્યા.

એ વિમળા છે તે તો સુમનચંદ્ર સમજી ગયો હતો, પણ એને અહીં એકલી દેખીને અપેક્ષું વિસ્મય

હજુ વિરમ્યું નહોતું. માવતરે જ મોકલી લાગે છે ગળે પડવા!

'ત્યારે સ્ટેશને કેમ ન આવ્યું કોઇ?' બાજુએ જોરથી થૂંક ફેંકીને એણે કરડો પ્રશ્ન કર્યો.

'તયેં આ આવી છે ઈ શું લેખામાં નથી? લ્યો! પૂછે છે મોટા કે કેમ ન આવ્યું કોઇ!' મુસ્લીમ છોકરીએ ચાંદૂડિયાં પાડયાં, વિમળાએ વિનયથી કહ્યું: 'બીજું કોઈ ઘેર નથી. ગામ ગયાં છે.'

'ક્યારે?'

'કાલ.'

'કાગળ તો પરમ દા'ડે મળ્યો હોવો જોઈએ.'

'મળ્યો' તો.'

'ત્યારે?'

'નડોતો બનાવ્યો. મારા હાથમાં આવેલો.'

બેઉ વચ્ચેનો આ વાર્તાલાપ સામસામાં જોયા વિના ચાલી ગયો. છેલ્લું વાક્ય કહીને વિમળા હેઠું જોઈ ગઇ; ને સુમનચંદ્રના મોંમાથી શબ્દ પડયો: 'વાહ!' એ વાહ શબ્દ શાનો સૂચક હતો, સસરા પર પોતે ખાનગીની રાહે ચીતરેલો વિગતવાર લાંબો કાગળ, આ જેને વંચાવવાનો જ નહોતો, તે જ માનવી વાંચી ગયું તેનો? આ યુવતીએ બાપ પરની ટપાલ દબાવી રાખી તેનો? કે પોતે એકલી જ આંહીં આવીને મળી શકે તે માટે માબાપને ગામતરે જવા દીધાં તેનો? સુમનચંદ્ર મનમાં ને મનમાં તપી ગયો. વિમળા ન વાંચવાનો કાગળ વાંચી બેઠી! એવું એવું વિમાસી રહ્યો છે તેની વચ્ચે વિમળાનો તાજો બોલ પડયો:

'આમ કાંઇ ચાલ્યા જવાનું હોય?'

સુમનચંદ્ર એ વાક્યને સમજી શક્યો નહિ. શાંત રહ્યો. વિમળાએ પોતાના બોલનું ભાષ્ય કર્યું:

'જાવું હોય તો'— પાલવની કોર ચંચવાળતી ચંચવાળતી બાજુએ જોઈને જરીક ખમચાયા પછી બોલી, '...પછી ભલે જવાતું.'

એ શબ્દોનો કંઈ ઉત્તર ન મળ્યો એટલે વિમળાએ એક વાર ઊંચી દૃષ્ટિ કરી. એને જોતું તો હતું —સુમનચંદ્રનું મોં: પણ જોનારીનું જ મોં વંચાઈ ગયું. એ મોં પર રાતી રાતી ટશરો હતી.

સુમનચંદ્રથી કેવળ સ્વભાવને કારણે હો કે પછી 'જવું હોય તો.....પછી ભલે જવાતું' એ વાક્યમાં વિમળાએ અણઉચ્ચર્યો છોડેલો શબ્દ 'લગ્ન' પોતાને તુચ્છકારપાત્ર લાગવાથી, પણ એક બાજુ થઇને ચુકાઈ ગયું.

રાતી ટશરો વિમળના મોં પર હતી તેમ આંખોમાંયે ફૂટી ઊઠી. સુમનચંદ્રને બીક લાગી કે હમણાં પોતાને ધસડીને નીચે પટકશે. ત્યાં તો બીજી કન્યાએ ટમકું મૂક્યું.

'કાંઈ મરડ છે તે! મરડાઇને આપે ને આપે ભાંગી જાશે. વળ જ મેલે નૈ આ તો.'

'તું અક્ષરે અક્ષર સાચું બોલી બાઇ!' સુમનચંદ્ર એકાએક પોતાને જે કહેવાનું હતું તે માટેના શબ્દો શોધી આપનાર એ મુસ્લીમ ખેડૂતકન્યા તરફ જોઈને બોલ્યો: 'હું જાઉં છું તે અમારી ઈજ્જતને માટે. પાછો વળીને આપકમાઈની અસલ જેટલી જમાવટ ન કરી બતાવું ત્યાં લગી પરણવા—બરણવાની વાત નથી. આજ આંહીં પરણીને ઘોલકું માંડીં બેસું તો મારા પૂર્વજ, દુભાય અને દુનિયા બી બી દાંત કાઢે, એને મરડ કહે, વળ કહે કે વટ કહે, તારે હૈયે બેસે તે કહે.' પેલી બેડુ છોકરીને વધુ તાન ચડયું. એણે શરીરને સહજ સુંદર મરોડ આપીને બરાબર સન્મુખ બની પૂછ્યું:

'પણ પાછા આવીને ય પરણવું છે તો મૂળ ઠેકાણે જ ને? કે ઈયે દેશાવરથી લેતા આવવું છે?'

પ્રકરણ છઠ્ઠું

ત્રણ વરસે

છેલ્લા પ્રશ્નનો સુમનચંદ્રે આપેલા ઉત્તરને એન્જીનની વ્હીસલ અને ચાલતી થયેલી ટ્રેનનાં ચક્રો ચાલી ગયાં, તે વાતને પાકાં ત્રણ ત્રણ વર્ષ વીતી ગયાં હતાં.

ખેરાળા ગામની હેમાણી ' ખડકીમાં ભાઈજી લૂખ-સનેં-ખજવાળતા ખજવાળતા અને ' ઘેલી ' વિમળા મોં પર છેડો ઢાંકીને તથા ભેંસો ભારવિહોણી બનીને ભર નીંદરમાં પડયાં હતાં ત્યારે જાગતાં હતાં ફકત ઘેલીની વિધવા બા,

આ ત્રણ વર્ષમાં જમાઈના હાથની કાગળની ચબરખી પણ આવી નહોતી. કોઈ કોઈ વાર ઊડતા સમાચાર મળતા કે મુંબઈમાં ને પછી કલકત્તામાં રહી ને પછી મલાકા-સિંગાપુર તરફ ચાલ્યો ગયો છે. કોઈ કે વળી એને ત્યાં મલાયામાં ગામડાંની સડકો પર બાઈસિકલ ઉપર કાપડની ફેરી કરતો પણ જોયો હોવાના વાવડ આપ્યા હતા, ડમરાળે પુછાવતાં તો ત્યાંથી પણ મલાકે છે એટલો જવાબ જડતો ત્યાં યે કોઈના ઉપર એના હસ્તાક્ષરનો કાગળ નહોતો. ડમરાળાને ઘેર બાકી રહેલાં કુટુંબીજનોમાં સુમનચંદનાં માવતર કે માજણ્યું કે ઈ ભાંડરડું તો હતું નહિ, એથી ' આંગળીથી નખ વેગળા એટલા વેગળા ! ' એ ન્યાયે એ વિસારે પડયો હતો. ત્રણ વરસ-ને તે પણ તાર ટપાલ કે ખબર વિનાનાં—એ કાંઈ થોડી વાત છે !

ત્રણ વરસ !—ઘેલીનાં બા પણ વિચારતાં વિચારતાં ગભરાઈ ઊઠયાં. ઘેલીની હડીવાઈ ને પરિણામે અન્ય ઠેકાણે સંબંધ જોડવાની કોશિશ થઈ શકતી નહોતી. દીકરી દિ'એ ન વધે એટલી રાતે, ને રાતે ન વધે એટલી દિ'એ વધતી વાર્તા-સુંદરીઓની પેઠે યૌવનના ભરયૌવનના, અને પછી ઝલકાતા યૌવનના હિંચોળા ખાતી હતી તે જોતો, જોઈ જોઈ ઊંડાણે શોષાતો શોષાતો ઘણી પણ ગામતરું કરી ગયો હતો.

આજ જમાઈ હોય, તો આ ઉધરાણીના પધારા પતાવે, આ વાડી-ખેતરની વ્યવસ્થા કરે, ને રોજ ઊઠીને પ્રભાતથી અધરાત સુધી લોહી પીતા પિતરાઈઓ પણ ચૂપ બની જાય જમાઈ હોય તો દીકરા કરતાં ય સવાયું કરી દેખાડે.

ને હવે આ છોકરીના જોબનનો ક્યાં સુધી ભરોસો ! આજ અમલદારની કોરટમાં જઈ તડાફડી કરી આવી તેથી તો ગામ ભૂરાયું થયું. કાલ ઊઠીને કોણ જાણે શું ય વાપરી વાય.

પણ આ છોકરી ભારી વહેમીલી છે, એના બાપ બેઠે ક્યાંઈ બહારગામ મોકલવાની વાત નીકળતી ત્યાં જ કળી જતી કે હાય નવું વેસવાળ ગોતવા માટે મોકલશે. હવે તો મારી સોડમાંથી ખસે જ શેની ?

એવા વલોપાત અંધરીને એ સૂતી-પણ કાગાનિંદરમાં. એમ જ પરોઢ થયું, મા-દીકરીએ જાગીને સાથે દોવાં વલોણાં વગેરે આદર્યાં. પણ માની નજર દીકરીના દેહ પર ફરકણી બની ગઈ હતી—રાતોરાતના આ ફેરફારની ઘેલીને કશી ખબર નહોતી એટલે એનું શરીર તો પ્રત્યેક ક્રિયામાં તાલબદ્ધ તેમ જ મોકળી રીતે લોલાયમાન હતું. એના છલકાટ અને હિલ્લોલપર અરધો દિવસ તો મહામહેનતે રોકી રાખેલી મેલી જીભ એ સમી સાંજથી વહેતી મૂકી. બૂમો પાડીને ઠપકો દેનારું સારું, પણ કાળા ઘૂમટામાંથી હસતાં ને ફરતાં ટમકાં મૂનારી જીભ જુવાન દીકરીને વીંછીના દંશની વેદના પહોંચાડી.

માની ખીજ વધતી ગઈ, કારણ કે ગામમાંથી આગલા દહાડાનાં પરાક્રમ માટે વિમળાને મુબારકબાદી દેનારાં વધતાં ગયાં, તે બધાંની મુલાકાત દરમ્યાન ભાઈજી પાછા હાજર જ હતા, પહેલો તો ખુદ મામલતદારનો એક કારકૂન જઈ આવીને કહે :

' અમારા સાહેબને કોઈક માથાનું ભેટવાની જરૂર જ હતી, વિમળાબેને ઠીક દાઢી ખેંચી કાઢી, એવો ગાભા જેવો કરી નાખ્યો છે, કે અમને સ્ટાફને મહાસુખ થઈ ગયું.

ભાઈજીથી આ સાંભળ્યું જતું નહોતું. માથે પાઘડી મૂકી બહાર નીકળવા કરે ત્યાં વળી એક વેપારી ખડકી માંથી હાક દેતા આવી ચડયા : ' કાં હેમાણી ! બાકી કામ હાઈકલાસ કરી બતાવ્યું કાલ કોરટમાં તમારી વિમળાએ. મામલતદારની ઓખાત જગાડી નાખી. ઈ દીકરો હવે આંદીંથી બદલી માગીને ન જાય તો મૂછ મૂંડાવી નાખું, આ ' મિ૦ ' બોલતે બોલતે એણે ચપટીમાં ઝાલેલી મૂછ માંડ પાંચેક વાળની હશે.

ભાઈજીને માટે તો આ શબ્દોનું શ્રવણ વિષપાન તુલ્ય હતું પણ એનાથી બોલાય તેવું રહ્યું નહોતું. રાતે પોતે જે ચિત્ર રજુ કર્યું તેનાથી આ તો જુદું જ

હિંદમાં વિમાની સફરો

જાન્યુઆરીની ૧લીએ હિંદમાંના વિમાન-માર્ગો ઉપર વેપારી પેઢીઓના વિમાનોએ ઊડવાની શરુઆત કરી. છ મહિનાને અંતે બધા મળીને ૯૨૨૫ માઇલ લાંબા અગિયાર જુદા જુદા હવાઈમાર્ગો ઉપર વિમાની સફર ચાલુ થઈ ગઈ હતી. આ માર્ગો ઉપર ઊડનારાં વિમાનોએ એ છ મહિના દરમિયાન કુલ સાડા-સોળ લાખ કરતાં પણ વધુ માઇલોનો પંથ કાપેલો.

એક વરસ અગાઉ જેટલી ધારણા હતી તેથી ઘણી વધારે ગતિએ લોકો વિમાની સફર કરતાં થઈ ગયાં છે. ૧૯૪૭ના આખા વર્ષ દરમિયાન ૨૪,૦૯૦ મુસાફરોએ હિંદમાં વિમાની સફર કરેલી. જ્યારે ૧૯૪૬ના તો પહેલા જ છ માસમાં ૩૭,૬૩૩ માણસો એવી સફર કરી ચૂકયા છે. ગયા જુન મહિનામાં રોજના સરેરાશ ૨૩૬ મુસાફરોએ વિમાની સફર કરેલી. જ્યારે ૧૯૪૫ના એ જ મહિનામાં સંખ્યા માત્ર ૬૫ ની જ હતી.

વિમાની સફરમાં આટલો વધારો થવાનું કારણ નવી નવી વિમાની પેઢીઓની સ્થાપના છે. જુલાઈની ૧લીએ એવી ચાર જુદી જુદી પેઢીઓ મળીને કુલ ૧૯ મોટાં અને ૬ નાનાં વિમાનોનો ઉપયોગ કરતી હતી. બધા મળીને ૧૩૦ વિમાનીઓ તેમ જ વિમાનમાં ઊડનારા અન્ય કારીગરો એમાં કામ કરતા હતાં. એ ચાર પેઢીઓનાં નામ અને જે માર્ગો ઉપર તેઓ મુસાફરોની લાવજા કરે છે તે નીચે મુજબ છે:—

૧. ઇન્ડિયન નેશનલ એરવેઝ લિ૦ : (દિલ્હી–કલકત્તા, દિલ્હી–કરાંચી, દિલ્હી–પેશાવર, દિલ્હી–લખનૌ, દિલ્હી–મદ્રાસ, દિલ્હી–લાહોર–અમદાવાદ.

૨. ટાટા એર લાઈન્સ (ટાટા સન્સ લિ૦) : (દિલ્હી–મુંબઈ, કરાંચી–મુંબઈ, મુંબઈ–કોલંબો, મુંબઈ–કલકત્તા.)

૩. એર સર્વિસીઝ ઓફ ઇન્ડિયા લિ૦ : (મુંબઈ–ભુજ, ભુજ–કરાંચી, મુંબઈ–લખનૌ.)



૪. ડેક્કન એરવેઝ લિ૦ : (દિલ્હી–મદ્રાસ, હૈદ્રાબાદ–એંગ્લોર.)

દર અઠવાડિયે આ પેઢીઓ તરફથી કુલ ૭૫,૬૩૦ માઇલની હવાઈ સફર થતી હોય છે.

× × ×

હિંદુસ્તાનને પૂર્વના તેમજ પશ્ચિમના બીજા દેશો સાથે સાંકળનારી વિમાની સફરોમાં વધારો થઈ રહ્યો છે. પણ લોકોની જરૂરિયાતના પ્રમાણમાં એ ઘણી ઓછી છે. ખાસ કરીને હિંદ–બ્રિટન વચ્ચેની સફર,

[અનુસંધાન પૃષ્ઠ ૫૬]

કમલેશ અને શિરીષ

પ્રશાંત

હરિનંદ અને તેના નાના ભાઈ શિવનંદ વચ્ચેનો ઝગડો જેણે જેણે જોયો હતો એ હજી પણ કહેશે કે એવો ઝગડો-ભાઈ ભાઈ વચ્ચેના વેરનું જાણે મૂર્તિમંત સ્વરૂપ-કદી ય દીઠું નથી એમ નહિ, કાને પણ સાંભળ્યું નથી. એ ઝગડાનું પરિણામ એ આવ્યું કે, નાનો ભાઈ શિવનંદ ત્યારે ને ત્યારે જ જુદા થઈ જવાનો નિશ્ચય પોતાની પત્ની કૃષ્ણાને જણાવી ઘર બહાર નીકળી ગયો.

હરિનંદ આ વખતે એક ખૂણામાં બેસી સ્કૂલના કાગળિયા તપાસતો હતો. ઝગડામાં જાણે પોતાને કશી લેવા દેવા ન હોય તેમ કયારેક ઝગડા કરનારની સાથે નિસ્પૃહ ભાવે જોઈ પાછો સ્વકાર્યમાં એવો લાગી જતો કે પોતાની પત્નીના-પોતાની ઝગડો કરવાની પ્રવીણતા બતાવવાના-લાખ પ્રયત્નોમાંથી એક પણ સફળતાને પામતો નહિ.

આમ છતાં ય હરિનંદની પત્ની કંઈ હારી જાય એવી નહોતી. દાદરો ઊતરતાં શિવનંદને સંભળાવવાને કહ્યું "નોખા થવાનું તો ઘણી યે વખત તમે કહ્યું છે. એ કંઈ તમારે માટે નવીન નથી. જૂદું થવું છે તો ભાઇ, કોણ તમને રોકીને બેઠું છે! અમને તો હેરાન કરી દીધાં, ઓલે ભવ પાપ કરતાં પાછું વાળી નહિ જોયું હોય તે આ ભવમાં આવાં બધાં અમારે પનારે પડ્યાં!

આટલું બોલીને જ માત્ર ઊભી રહે તો હરિનંદની પત્ની જ શાની? પોતાના આકલ્પની અસર પાડવા માટે પોતે સિદ્ધ કરેલા રૂદનને પણ આવાહન આપ્યું. ખૂણામાં વાજ કાઢીને ઊભેલી કૃષ્ણાને જોઇ બોલી, 'દિ અને રાત ઘણીના કાનમાં મેર રેડયા કરે છે, તે એલી કામ તો હું જ કરું છું. એ તો ઠીક, આ તારા જેઠ અહીં બેઠા છે-અહીં આવીને ઊભી છો તે શરમાતી નથી?"

હરિનંદ હજુ પણ સ્કૂલના કાગળિયામાં ગૂંચવાયેલો હતો. કજિયામાં પોતાનો ઉલ્લેખ સાંભળ્યો એટલે તેને પણ કંઇ બોલવાનું તાન ચડી આવ્યું. બોલ્યો, "નીલાની બાં, કહે છે આજે અગીઆરસ છે. જરા પંચાંગમાં—" મોટી વહુ ટેબલ પાસે આવી કાગળિયો ઝૂંટવી બોલી, "પંચાગમાં મકોને આગ! દેખતા નથી, હોળી છે આજે તો!

કાગળિયાં માંડ માંડ પાછાં લઈ કંઈક ઓકલો ઓકલો બોલ્યો, 'એ તો રોજ હોય છે-એમાં શંકા નથી, પણ અગીઆરસમાં શંકા જેવું છે... હરામખોર પંચાંગ પણ કંઈ સાચાં આવતાં નથી... કહી કાગે વળગવા જતો હતો ત્યાં પત્નીએ કહ્યું, "સાંભળ્યું? આ બધું પડ્યુ છે અને આ તમારી નાની વહુ લડવા નવરી થઈ ગઈ છે. કામ કોણ એનો બાપ..."

શિવનંદ હજી બહાર ગયો ન હતો. બહાર જ ઊભો હતો. એકાએક અંદર આવી બોલ્યો, "હું સાફ કહી દઉં છું કે એ કંઈ કહેવાનું નથી! કામ નહિ કરે-સાતવાર નહિ કરે!

હરિનંદને એકાએક કજિયાનું મૂળ સૂઝી આવ્યું. કાગળિયા બાજુપર મૂકી બેઠો થઈ બોલ્યો, 'નફીબદાર, અલ્યા, બૈરા કામ નહિ કરે તો શું હું કે તું કરશું? નાલાયક ક્યાનો!' કહી પાછો પૂર્વવત બેસી ગયો.

લાજ કાઢેલ હોવા છતાં આ બધાં બોલે છે અને પોતે રહી જાય એ કંઇ સારું ન કહેવાય એમ સમજી કૃષ્ણા પણ ધીમે છતાં બધાં સાંભળે એમ બોલી, 'કામ તો બધું હું જ કરું છું. તમે તો સવારથી સાંજ સુધી, 'ફલાણી બાઇ અને ઢૂંઢી બાઈ" માંથી નવરાશ જ ક્યાં મેળવો છો? કામ કરવાની કોણ ના ય પાડે છે, પણ જીભમાં જે આવે તે બોલો એ હવે અમારાથી નહિ સંખાય..."

હરિનંદ કાગળિયા ઊંચા કરી બોલ્યો- 'જરૂર-જરૂર.'

'અને પછી 'મારા બાપે તમારું શું બગાડ્યું છે તે એને નકામાં ગાળો દો છો" કહી બધાના

અવાજને ટપી જાય એવા રૂદનની આગાહી કરતું એક ડૂસકું ભર્યું.

ઝગડાથી બહુ લાગી આવ્યું હતું એટલે નહિ પણ કૃષ્ણા પોતાના ઠામવાસણ જુદાં પાડતી હતી એટલે–'પોતાની ન હોય એવી એક પણ ચીજ લેવી હરામ કરી હતી'–છતાંય મોટી વહુ તથા તેનાં છોકરાં કાકા કાકી શું શું ચીજ લે છે એની ઝીણી નજરે તપાસ કરતાં હતાં એટલે રાંધવાનો કોઈને વખત જ મળ્યો ન હતો.

'કદી ય જમીને નિશાળે ગયા હોઈએ એવું સાંભરતું નથી, બધાં જ નાલાયક ભેગાં થયાં છે' કહી હરિનંદ નિશાળે ચાલ્યો ગયો. અને એની પાછળ પાછળ ડરતા લપાતા બે છોકરા પણ ચોપડીઓ લઈને ભૂખ્યા પેટે ચાલી નીકળ્યાં, એ બન્નેનો આ ઝગડામાં કોઈ હિસ્સો નહોતો, છતાં ભૂખ્યા રહેવામાં એમનો હિસ્સો પૂરેપૂરો હમેશાં રહેતો. શિવનંદ હરિનંદના એ બે નાના ભાઈઓ હતા. મોટો કમલેશ છએક વર્ષથી અહીં રહી હાઈસ્કૂલમાં અભ્યાસ કરતો, પણ નાનો શિરીષ ગામડેથી માબાપ પાસેથી તાજો જ ભણવા ભાઈ ને ઘેર આવેલો.

લોકો હજી પણ કંઈક થશે–ધુમાડો હજી પણ નીકળે છે, કદાચ ભડકો થશે–એવી ચિર આશામાં ઘર આબળતા રવેશમાં આંટા મારતા હતા. ખાસ કરીને એક બે સ્ત્રીઓને પાસે બોલાવી મોટીવહુ જરા મોટેથી બોલી, 'એને જે લેવું હોય તે લઈ જાય. ઘણું ય ઘસાયાં છીએ, આપણે કંઈ બોલવું જ નથી ને! આખું ઘર ભલે લઈ જાય પણ પછી તો નિરાંત! કેમ કાંઈ બોલતાં નથી હેં?

નાની છોકરી નીલા પોતાની માની ઉદારતા સાંભળીને તેને ધન્યવાદ દેવા કે પછી પાડોશીનું મંતવ્ય સાંભળવા તેની મા પાસે આવીને ઊભી રહી. મોટીવહુ બોલી "બીજું તો કાંઈ નહિ, અમને કોઈએ જશ ન આપ્યો–લૂંટાઈ ગયાં અમે તો" પછી પેલી સ્ત્રીઓને ખબર ન પડે તેમ નીલા સામે ડોળા કાઢી ધીમેથી બોલી, 'અહીં શું ડાચું ફાડીને ઊભી છો રાંડ, ત્યાં મરને! કહી કૃષ્ણા ચીજ વસ્તુ ભેગી કરતી હતી તે તરફ હાથ લાંબો કર્યો.

ચોમાસુ બેસી ગયું હતું અને સાંજ પહેલાં વરસાદ જરા આવવો શરૂ થઈ ગયો હતો. બધી ચીજ વસ્તુ ભેગી થઈ હતી, માત્ર શિવનંદની જ વાટ જોવાતી હતી રખેને વરસાદને લઈને આટલી તૈયારી ધૂળમાં મળી જાય એવી બીકથી મોટીવહુ રવેશમાં આવજા કરતી હતી. વરસાદની ગતિ વધતી જોઈ બોલી. "આને જો ને ઉધામો ચડયો છે! બહુ વરસ્યો, હવે તો બંધ થા રોયા!

કૃષ્ણાએ કહ્યું, 'ગભરાવમા જેઠાણી, અમે બેટલો વરસાદ હશે તો ય ચાલ્યા જઈશું. વરસાદને નાહક શું કામે ગાળ દો છો?

'દઈશ–ખરાર દઈશ. તું મને કોણ કેવાવાળી.

સાંજ પડી ગઈ હતી, વરસાદ પણ ઝરમર ઝરમર વરસતો હતો. બન્ને ભાઈઓને આવવાનો વખત થઈ ગયો હતો. રસોડાનું કંઈ ઠેકાણું હતું નહિ–ઠેકાણું કરવાની કોઈને ફુરસદ ન હતી. હરિનંદના નાના બે ભાઈઓ પણ નિશાળેથી ઘેર આવી ગયા હતા. નિશાળેથી ઘેર આવતાં વેંત રસોડા સામી નજર ફેંકી–જેવો ચૂલો હતો એવો જ નિઃસાસો મૂકી કમલેશ એક ખૂણામાં બેસી કંઈક ગાવા લાગ્યો અને શિરીષ રવેશમાં આવી છાનોમાનો ઊભો રહી ગયો.

શિવનંદ જ્યારે બન્ને હાથમાં પોટકાં લઈ રવેશમાં આવી ઊભો ત્યારે શિરીષ કમલેશના ગાયનની ધૂનમાં ઊભો હતો. શિવનંદે તેનો હાથ પકડીને કહ્યું, 'એલા, ચાલ. તારે અમારી સાથે આવવાનું છે. અમારે પણ એક છોકરો જોઈશે."

કૃષ્ણા પાછળ જ ઊભી હતી. ધીમેથી બોલી, 'ક્યારેક તમારામાં એક સામટી અક્કલ આવી પડે છે. આવા ડાહ્યા થવાનું કોણે કહ્યું હતું!"

અંધાર-સુધીમાં શિવનંદનું એકે ય વેણ મોટીવહુને ગમ્યું હોય તો આજ હતુ. શિરીષ જાય એના જેવું બીજું શું સારુ હોઈ શકે? રસોડામાંથી ફરી વાર બોલી ઊઠી. 'એને જે લેવું હોય તે લઈ જાય.

નીલા રસોડામાં તેની મા પાસે જ બેઠી હતી

તેણે ધીમેથી કહ્યું, 'મા, આ ખૂમચો કાકીનો છે એને દઈ...'

'ચૂપ મર દોઢડાહી, અમારા તો છોકરાં રોયાં ડાહ્યાં. જા નળેથી પાણીની ગાગર ભરી આવ.'

નીલા ચૂપચાપ ઊઠી અને ગાગર લઈ નીચે ચાલી ગઈ.

છેવટમાં, 'આ રસ્તે નીકળવું હરામ છે' વગેરે વગેરે કહી, શિરીષનો હાથ પકડી, કૃષ્ણાને લઈ શિવનંદ દાદરો ઊતરી ગયો.

રસોડામાંથી બહાર આવી બીજું બારણું ખોલી મોટીવહુએ બહાર નજર કરી જોઈ. બરાબર દાદરો ઊતરી ગયાં છે જોઈ, કંઈક રાજી થઈ, નીલા જે રવેશમાં પાણીની ગાગર ભરી અને કાકા કાકીને જતાં જોઈ રહી હતી એનું બાવડું પકડી અંદર ખેંચી લીધી– 'જે કામમાં જાય છે ત્યાં જ ચોંટી રહે છે. બેસ અહીં, ઊઠી છો ને તો તારો ટાંટિયો સાજો નહિ રહે!

બરાબર આ વખતે હરિનંદે આવી અને કોટ ટોપી ઊતારી. પત્ની એકદમ પાસે આવી બોલી–'કંઈ અત્યાર સુધી! ક્યાં હતા?'

'ક્યાંય નહિ. નીચેની દુકાને જ બેઠો હતો.'

'ત્યારે તો આ બધાં ગયાં તે તમે જોયું હશે!

'હા જ તો– નાલાયક...'

શિવનંદ વગેરે ગયા પછી જ પોતે દાદરો ચડયો ત્યાં સુધી દુકાનમાં જ બેઠો રહ્યો એ કામ મોટીવહુને બહુ જ બુદ્ધિવાળું લાગ્યું. આવા બુદ્ધિશાળીને અત્યાર સુધી ભૂખ્યો રાખી જાણે પસ્તાવો કરતી હોય તેમ બોલી 'એણે તો હેરાન હેરાન કરી મૂક્યાં! બે પાંદડે ન થવા દીધાં–આજ આખો દિવસ તમારે ભૂખ્યાં રહેવું પડયું! આપણે તો સાંખી રહીશું પણ ભગવાન કંઈ સાંખશે!'– પછી રસોડામાં જઈ એક ચાનો પ્યાલો લઈ આવી કહ્યું, 'આ જરા પીતો. ત્યાં હમણાં રસોઈ બનાવી નાખું છું,' કહી રસોડામાં ચાલી ગઈ.

કમલેશ ગાઈને કંટાળ્યો ત્યારે ઊઠી અને રસોડામાં ડોકું તાણી–જે કહેવાનું છે તે કહેવા માટે પૂર્વ તૈયારી કરી પૂછ્યું–'ભાભી, જમવાનું ક્યારે થશે? મારે વાંચવા...'

'થાય છે, વાંચવા જવું છે તે કંઈ ચૂલે નહિ ચડાય. અરે ભગવાન! તેં મને કેટલા હાથ આપ્યા છે. બે કે બાવીસ?

પોતે સમજતી હતી કે કમલેશને આટલું કહેવું પૂરતું હતું છતાં ત્રાંસી નજરે જોઈ, કમલેશ ચાલ્યો ગયો છે એની ખાતરી કરી, નીલાને કહ્યું, 'આ લે. તારા બાપુજીને દઈ આવ! કહી એક રકાબીમાં કંઈક ખાવાનું ભરી નીલાના હાથમાં મૂક્યું.

× × ×

ગાડીમાંથી બધો સામાન એક નાનકડા ઓરડામાં ઉતારી શિવનંદ ગાડીવાળાને પૈસા ચૂકવતો હતો ત્યાં કૃષ્ણા બોલી– 'સાંભળ્યું, તમારા ભાઈને ભૂખ લાગી છે. જરા મીઠાઈ લાવી આપોને?

કૃષ્ણાના કહેવાનો ભાવ શિવનંદ કંઈ સમજી શક્યો હોય એમ લાગ્યું નહિ બોલ્યો, "પાસે જ દુકાન છે. કંઈક લાવી આપું.'

"હવે બેસો છાનામાના. આ બધું ગોઠવશે કોણ મારો બાપ! ભૂખ્યો તમારો ભાઈ જ નથી. અમે પણ ભૂખ્યાં છીએ–"

'તું પણ કંઈક ખાજે!'

વાત કંઈ ખોટી ન હતી પણ જે રીતે થઈ અને કેવા સંજોગમાં થઈ એ જોતાં, અને ખીલુ, શિરીષ સાથે આવ્યો એજ ન ગમ્યું હોવાથી ક્રુદ્ધ થઈને કૃષ્ણા બોલી–'ના, રહેવા દો. એવી કંઈ જરૂર નથી. બે ઘડી ભૂખ્યાં રહીશું તો મરી નહીં જઈએ.

ત્રીજે કે ચોથે દિવસે શિરીષ છાનો માનો–કોક સાંજ પડયે હરિનંદના ઘર સામે આવી ઊભો રહ્યો. સાંજ પડી હોવા છતાં ય અંધારું એટલું બધું લાગતું નહતું. મોટી વહુ ઉંબરમાં જ નીલાના માથામાં માથું નાખી બેઠી હતી. નજર પડી નીલા બોલી–'નાના કાકા."

મોટી વહુએ જરા ઊંચે જોઉ લીધું. પછી નીલાને વાંસામાં મારતાં બોલી–"તને લાજ કયાં છે! કાકા કાકા કરીને મરી જાઓ છો તો ય કોઈ હોંકારો પણ દે છે? પછી શિરીષ સામે જોઈ બોલી, 'કાંન સમાણા ત્યાંય! દયામણે મોંએ શિરીષે કહ્યું– 'મને ત્યાં નથી ગમતું ભાભી! હું તો ચાલ્યો આવ્યો.

'ન્યાલ થઈ ગયાં અમે–' પછી નીલાને વઢતી વઢતી એણે ઝીણવટથી અને ચતુરાઈથી કુટુંબ તરફથી પોતાને થયેલા અન્યાયનું પૃથક્કરણ કરી છેવટે ન્યાયશાસ્ત્રીની અદાથી ચૂકાદો આપ્યો કે જેવો શિવનંદ એવો જ પેલો રખડુ કમલેશ અને એવો જ શિરીષ. એમાં જરાપણ ફેર નહિ.

ઘરમાંથી હરિનંદનો અવાજ આવ્યો. 'કોણ છે નીલુ?

"નાના કાકા છે બાપુ.–અને આ કહેવા બદલ નીલાને પ્રસાદી આપતાં મોટીવહુ ન ભૂલી.

હરિનંદ 'આવ શિરીષ-આવ, અંદર તો આવ –કરતો પોતે ઉંબર પાસે આવી ઊભો રહ્યો.

નીલાને દીવાબત્તી કરવાનું કહી, મોટી વહુ ઊભી થઈ. હરિનંદને કહ્યું: 'કજિયો તમને જ કરવો ગમે છે.'

પત્નીનું આ સંબંધ વગરનું વાક્ય સાંભળી હરિનંદ બાઘાની જેમ બોલ્યો: "મને?"

'હા, તમને જ.'

'હું કજિયો કરું છું?'

'બીજું શું? ભાઈ પર હેત બહુ રાખો છો એ તો ખબર છે! પેલો વરસતે વરસાદે નોખો થઈ ચાલ્યો ગયો અને પોતે દુકાને જ બેઠા રહ્યા! આવું તમારું હેત! અને આજે 'આવ, આવ, કરી રહ્યા છો પણ તમને ખબર નહિ હોય કે તમારા શિવનંદ ભાઈઓના પણ ભાગ પાડતા ગયા છે.'

હરિનંદ ચૂપ થઇ ઊભો રહી ગયો.

'આવીને કહેશે–છોકરાને ફોસલાવી અને તમે અહીં તેડી આવ્યા. કરશે કજિયો. પછી કજિયો કરવા જજો તમે–મારામાં તો બહુ કરવાની હવે ત્રેવડ રહી નથી. ચૂસી ગયાં બેમાં થઇને–હવે તો ફેંકો મૂકો!'

શિરીષ પાછો જ્યારે શિવનંદને ઘેર પહોંચ્યો ત્યારે રાત ઠીક ઠીક પડી ગઈ હતી. સાંજે જમ્યા વગર જ ચાલ્યો આવ્યો હતો અને હવે અહીં જમવાનું માગવું એ નકામું હોવાથી બહારની પરસાળમાં એમને એમ સૂઇ રહ્યો.

વચ્ચે શિરીષને થોડો થોડો તાવ લાગુ પડ્યો. શરીર પહેલેથી જ કંઇક નાજુક હતું અને તાવને લઈને વધારે નબળું બન્યું, પણ કદી કોઈને કહ્યું નહિ. કહેવું, ન કહેવું એ બધું સરખું હતું જાણે એક દિવસે કહ્યું: 'મને રાત્રે રોજ તાવ આવે છે ભાઇ!"

બીજે જ દિવસે ઉકાળાના બે શીશા ભરી રાખી મૂક્યા, એમાંથી રોજ થોડો થોડો ઉકાળો પીવાનો હુકમ છૂટ્યો અને કહેવામાં આવ્યું કે થોડા દિવસ જો બરાબર તેનું સેવન કરવામાં આવશે તો તાવનું નામ નહિ રહે.

કૃષ્ણાએ આ વખતે કહ્યું: 'ખાવા વખતે જરા ધ્યાન રાખતા...'

શિરીષે કહ્યું: 'હું ક્યાં વધારે પડતું ખાઉં છું ભાભી!'

'સામો જવાબ તો આપવો જ! હું શું ખાવાની ના પાડું છું?'

શિવનંદે પણ કહ્યું: બેશક નહિ, એ તો તારા ભલા માટે કહે છે શિરીષ!

પણ શિરીષનું એમાં કંઇ ભલું ન થયું. ઉકાળો જેટલી નિયમિતતાથી પેટમાં જતો એટલી નિયમિતતાથી ખોરાક પેટમાં ન જતો. શક્તિ જેવું કંઈ રહ્યું નહિ. ઉકાળો પોતે જ જાણે આખા શરીરને રુંવાડે રુંવાડે અગ્નિ બની ધૂમતો હોય એમ લાગ્યું.

તાવ જેમ શિરીષને અચૂક આવતો એમ હમણાં હમણાં વરસાદ પણ આવવાનું ચૂકતો નહિ. વરસાદને

લઇને ઠંડી પણ કંઇક વધારે પડતી હતી. આજે શિરીષને તાવ પણ ઘણો હતો એ ગોવાડાના ગાભાના ઢગલા ઉપર અંધારામાં શિરીષ બેઠો હતો. પાથરવાનું કરતો હતો પણ હાથ ઉપડતો જ ન હતો. ઠંડીએ અને ભૂખે બાળક શિરીષને બેચેન જ બનાવી મૂક્યો.

રાતના કંઇક અગીઆરેક વાગ્યા હશે. વરસાદના છાંટા હજી પણ ધીમે ધીમે પડતા હતા. તે વખતે શિરીષે હરિનંદના મકાન પાસે આવી જરા બારણું ધકેલ્યું, બારણું બંધ ન હતું, હાથ પડતાં જ ઊઘડી ગયું. જોયું તો એક નાનો ગ્યાસનો દીવો ખૂણામાં ઝાંખો ઝાંખો બળતો હતો અને એના પ્રકાશમાં કમલેશ કંઇક વાંચી રહ્યો હતો. આ ભાગ રસોડા તરફનો હતો. વચ્ચે એક બીજો ઓરડો કોઠાર તરીકે ઉપયોગમાં આવતો હતો અને તે પછીના ઓરડામાં હરિનંદ વગેરે સૂવાનું રાખતાં હતાં. બધે શાંતિ હતી. કમલેશની પાસે જઇ તેના ખોળા પાસે શિરીષ ઢગલો થઇ બેસી પડ્યો. ચોપડીમાંથી જરા ડોકું કાઢી કમલેશ બોલ્યો.

'અરે! શિરીષ—અત્યારે?'

કમલેશને શિરીષ પ્રત્યે ખાસ પ્રેમ હોય એમ બહારથી જોનારને લાગતું જ નહતું. કદાચ બન્ને વચ્ચેના અભ્યાસ અને ઉમરની અસમાનતાને લઇને એવું દેખાતું હોય તો પણ ના નહિ, છતાંય પોતાની પાસે શિરીષ આમ સૂઇ ગયો જોઇ, ચોપડી નીચે મૂકી, માથે હાથ ફેરવી પૂછ્યું, 'કેમ રે! શું થયું? અરે! તાવ જ લઇને આવ્યો છે કે શું? વરસાદમાં આમ નીકળવાની શું જરૂર હતી? અને નીકળવું જ હતું તો અહીં આવવાનું કોણે કહ્યું હતું હેં? મરીજ જવું છે તારે?

શિરીષે ધીમેથી કહ્યું: 'મને ભૂખ લાગી છે ભાઇ!'

કમલેશના ચહેરામાં કોણ જોણે કેવો ય ફેરફાર થઇ ગયો. એકલો એકલો બોલતો હોય એમ બોલ્યો 'ભૂખ શું તને પણ લાગે છે! તને ય ભૂખ વળગી છે હેં!

'તમે જમીને બેઠા છો, એટલે મશ્કરી સૂજે છે!'

કમલેશ કંઇક અલૌકિક હસીને બોલ્યો: 'એવું જ જો હોત તો.....ખેર! જો એક વાત કહું. તારા માસ્તર ગઈ કાલે મળ્યા હતા.. તારાં તો તે બહુ વખાણ કરે છે, કહે છે 'શિરીષ તો બહુ હોશિયાર છે!'

શિરીષના માંદા મોં પર કમલેશે આ વખતે ચળકાટ જોયો.

'કહેતા હતા. આવો ને આવો જ હુશિયાર રહેશે તો આગળ જતા ઇનામ મેળવશે'

'મને કંઇક ખાવાનું આપોને!'

કમલેશે ચોપડી બંધ કરી, જરા આમતેમ જોઇ એક ફિલ્મનું ચોપાનિયું શિરીષ સામે ધર્યું, બોલ્યો: તે સિનેમા જોયું નથી, કેમ? કાલે તું મારી સાથે આવજે. આપણે બન્ને... ..'

'મને ભૂખ.....'

કમલેશે આ વખતે શિરીષને બે હાથે પકડી બેઠો કર્યો. જરા બીજાઇ અને તેના ખભા પકડીને કહ્યું, 'ભૂખલ, ભૂખ ભૂખ કરે છે તે મને ખાઇ જો!'

શિરીષનાં આંસુએ કમલેશનો હાથ ધોવાઇ ગયો, કમલેશે ખૂબ દિલગીર થઇ, શિરીષને નજીક ખેંચી કહ્યું, 'મારી ભૂલ થઇ, ભાઇ, રોઇશ નહિ. મારું કહેવાનું એ હતું કે તાવમાં ન ખાતો સારું.'

'ખાવાથી મારો તાવ ઊતરી જાય છે. બા મને તાવમાં હંમેશાં ખવડાવતા. મને બા પાસે મૂકી જશો? તમને કોઇને મારા પર દયા નથી.

ખૂબ દુઃખી થઇ કમલેશ બોલ્યો: 'બીજું તારે જે બોલવું હોય તે બોલજે—માત્ર અહીં દયાનું નામ નહિ લેતો!'

'અહીં મોટી ભાભી ખાવા દે છે. તેનામાં દયા છે.'

પણ તુરતના આવતા શિરીષને એ દયાની પૂરી

શી ખબર પડે ? અરે શિરીષ, તો શરૂઆતમાં કમલેશે તારી જે મશ્કરી કરી એ કદી ન કરી હોત. તને એ શું ખબર પડે કે તારી અને કમલેશની સ્થિતિમાં અત્યારે કંઇ ફરક નથી !

બે દિવસ પહેલાંની જ વાત છે. મોટી વહુએ હરિનંદને કહ્યું: 'તમારો ભાઇ મારી સોનાની વીંટી ચોરી, વેચી અને ખાઇ ગયો છે !'

હરિનંદે તાબડતોબ કમલેશને બોલાવીને પૂછ્યું: કેમ રે ? વીંટી ક્યાં નાખી ? આવો ઉડાઉ ક્યારથી થઇ ગયો છે હેં ?

કમલેશે કહ્યું: મેં વીંટી જોઇ નથી. મને એની કંઇ ખબર નથી.

હરિનંદે આ વખતે પત્ની સામે જોયું, પૂછ્યું "તો પછી ?"

પત્ની બોલી: 'બીજું ઘરમાં લે એવું કોણ છે?'

હરિનંદે કહ્યું: 'આ ખાવછો પીઓછો એ ઓછું છે કે આવા ચોલટા થઈ ગયા છો ? નાલાયક.'

બે દિવસ થઇ ગયા છે આ વાતને, ત્યારથી ઘરના અનાજનો એક દાણો પણ કમલેશે મોંમાં નાખ્યો નથી, એ શિરીષ શું જાણે ?

'બહુ ભૂખ લાગી છે ભાઈ !'

કમલેશ આ વખતે ઊઠી પડયો. ધીમેથી પાસેનો ઓરડો ઉઘાડયો. એક ખૂણામાં હરિનંદનો કોટ ટીંગાતો હતો તેમાં હાથ નાખી કંઈક લઇ અને બહાર આવી ઊભો. કહ્યું, 'ચાલ, મારી સાથે' કહીને પોતે જ બે હાથે શિરીષને ઓઢા કર્યો.

હોટેલમાં પહોંચ્યા ત્યારે લગભગ સાડાબાર વાગ્યા હશે. દૂધ અને કંઈક ખાવાનું મંગાવી કમલેશે શિરીષ સામે ધર્યું, બોલ્યો—' ખા.'

' તમે ય ખાઓ.'

' મારું પેટ તો ભરેલું જ છે—તું જ ખા !'

ભૂખ કોઇને આગ્રહ કરવા દે એમ હતું જ નહિ શિરીષે ખાઇ લીધું ત્યારે ય ચોવડાની બેક મૂઠી રકાબીમાં બાકી રહી હતી કમલેશે કહ્યું : ' આટલું ખાઇ જા. '

'ના, હવે નહિ ખવાય, જરા ય નહિ.'

'અરે ! આટલું તારાથી નથી ખવાતું !'

શિરીષે હાથ ધોતાં ધોતાં કહ્યું—' ના.'

' ત્યારે જો આમ ખવાય ' કહી કમલેશ પોતેજ બાકી વધેલું ખાઈ ગયો. પાણી પી-'હાશ' કરી બહાર આવ્યા ત્યારે શિરીષને ખાવાથી તાવ કંઈક વધારે ચડયો હોય એમ લાગ્યું. ગાડીથઇ શકે એટલા પૈસા હજુય વધ્યા હતા પણ કોઇ ગાડી દેખાણી નહિ. શિરીષના હાથ પકડી કમલેશે કહ્યું : 'ચાલ્યા જઇશું—બીજો રસ્તો નથી !'

રસ્તામાં કમલેશ અને શિરીષ વચ્ચે નીચે પ્રમાણે વાત થઇ.

' ભણવું ગમે છે ?'

' બહુ જ. '

'તને અમુક ચીજ વસ્તુ ભાવતી ન હતી. અહીં ભાવે છે ?'

' બધું ભાવે છે હવે તો.'

એક ઓટલો બતાવી કમલેશ બોલ્યો ' કહું કે અહીં જ સૂઇ રહે તો ?'

' સૂઇ રહું !'

'હું—બધું થંભી ગયું છે. માત્ર ભૂખ જ હસ્તી રહે છે !' પણ થોડીવારે ગંભીર ભાવે બોલ્યો, 'તું અહીં ભણવા આવ્યો છે શિરીષ. જ્યાં સુખ જેવું નામ નથી ત્યાં એની મિથ્યા આશા રાખીને ફરવાથી શું ફાયદો ? હું અહીં સાત વરસ થયાં રહું છું. તારે ય રહેવું પડશે-રહેવું જોઇએ. માણસ હો તો ભૂખ, કપડા, આરોપ એ બધું સહન કરજો. ખાવાપીવા બાબત કદીય ઝગડો ન કરતો. તું કહીશ 'ગામડામાં આમ હતું અને તેમ હતું '—પણ ત્યાં આપણી મા હતી એ તું કેમ ભૂલે છે ?

શિરીષે તાજુબભાવે કહ્યું : 'તો સ્વમાનનું શું કંઈ નહિ ?'

'ના, કંઈ નહિ. જે સમજે એની પાસે સ્વમાન. અહીં એમ ચાલે ભાઇ. મારો જ દાખલો લે. બે દિવસથી મેં ઘેર ખાધું નથી, એ લોકો કોઇ કહેવાનાં નથી કે તું ખાઈ લે. એટલે શું હું નહિ ખાઉં ? ખાવાનો જ વળી. કંઈ ભૂખે નહીં મરી જઉં. પણ મારું કે તારું દુઃખ સમજવાનો કોઇ પ્રયત્ન પણ નહિ કરે. પ્રયત્ન કરશે દુઃખ વધારવામાં. કહેશે, 'ખાશે જ્યારે ભૂખ લાગશે ત્યારે—નોસ્તો બાસ્તો કર્યો હશે !' ખેર ! દુનિયામાં આવાં જ બધાં માણસો નથી વસતાં. આપણી આસપાસ જ મા, બહેન, ભાઈ બધા જ વસે છે. જ્યારે જ્યારે અહીંથી ભાગી છૂટવાનું મન થાય છે ત્યારે ક્યાંકથી આવી માતાઓ, બહેનો અને ભાઈઓ આવી સામાં ઊભાં રહે છે અને હિમત આપે છે. ખોટું નથી બોલતો શિરીષ એ મારો અનુભવ છે.'

ઘર લગભગ પાસે આવતું હતું, ખિસ્સામાં બાકી રહેલા પૈસા શિરીષના હાથમાં મૂકતાં કમલેશ બોલ્યો, 'તારી પાસે રાખ કામ લાગશે.'

શિરીષને શું બોલવું એ કંઇ સૂજ્યું નહિ. મ્યુનિસિપાલિટીના ફાનસના પ્રકાશમાં કમલેશ સામું જોયું તો દુઃખભર્યાં મોં પર પણ સ્મિત રમી રહ્યું હતું.

'એ લોકો અજ્ઞાની છે, એને જ્ઞાન નથી મળ્યું એ એના કમભાગ્ય છે અને એટલે જ તો દયાને પાત્ર છે. કદીય એવા ઉપર ક્રોધ ન કરતો ભાઈ, બધું સહન કરી ભણવાનું મૂકીશ નહિ. જે વસ્તુઓ તુચ્છ છે એને મોંએ આણી તું તુચ્છ ન બની જતો.'

શિરીષ બોલ્યો : આજે ન ખાધું હોત તો જ સારું હતું.

કમલેશે ગભરાઈને કહ્યું, 'કેમ તાવ કંઇ ..'

'તાવની બીક હવે ન રાખશો ભાઈ, ભૂખને ભગવવાનો પ્રયત્ન થયો હોત !' હું એ કહેવા માગતો હતો.

કમલેશે આનંદમાં આવી જઈ શિરીષનો હાથ દબાવ્યો. તાવ એવોને એવો હતો પણ હવે વધારે ચડે એવું લાગતું હતું.

ઘેર પહોંચી પોતે હાથે પથારી પાથરી દઈ શિરીષને સૂવાડયો ચારે તરફ ઓઢાડી તેને પૂછ્યું, 'તારે માથે હાથ ફેરવું ? અર્ધા ઘેનમાં શિરીષ બોલ્યો: ફેરવો.'

ફરીવાર જ્યારે જોયું ત્યારે તાવ હટી ગયો હતો. પરસેવો વળ્યો હતો તેને ધીમેથી લૂછી નાખી માથા તરફથી અને પગે પાછું બરાબર ઓઢાડી જ્યારે કમલેશ રસ્તા પર આવ્યો ત્યારે પાંચ વાગવાને ઝાઝીવાર ન હતી.

નવી પ્રજા અને ધર્મવૃત્તિ

સ્વ. હરજીવન સોમૈયા

[સ્વ. ની નોંધપોથીમાંથી અત્યારના સમયમાં ચર્ચવા યોગ્ય પ્રશ્ન પર ઉપરનો નિબંધ પ્રાપ્ત થયો છે. એ પ્રશ્ન આપણી રાષ્ટ્રીય શિક્ષણપદ્ધતિમાં ખૂબ જ ચર્ચાસ્પદ રહ્યો છે. હવે એનો નિર્ણય કરવાની ઘડી આવી પહોંચી છે ત્યારે આ લેખ સમયસરનો થશે.]

—ભરત ટોપરાણી

એક વડીલને અમે મળવા ગયા હતા. વાતોમાં એમણે નવી પ્રજામાં ધર્મ અને અધ્યાત્મવૃત્તિના અભાવ તરફ નિર્દેશ કરતાં કહ્યું 'હવેના જુવાનોમાં અધ્યાત્મવૃત્તિ જ નહિ એ એક ભારે દુઃખની વાત છે.' એ વડીલની વાતનો ઝોક બીજી તરફ હતો અને જે-ખાસ પ્રસંગના અનુસંધાનમાં એમણે એ અભિપ્રાય ઉચ્ચાર્યો તેમાં એમના કહેવાનો જે ભાવ હતો તે સાચો હતો એટલે એ સમયે આ વિધાન ઉપર ચર્ચા કરવા જેવું નહોતું નહિતર એ વિધાન એટલેથી જ સ્વીકારી લેવા જેવું નથી એમ મને લાગેલું. નવી પ્રજા ઉપર આ જે આરોપ મૂકવામાં આવે છે તેની સાથે જૂની પ્રજાની 'ધર્મઘેલછા' નિષ્પન્ન થતાં અધર્મની વાતનો પણ વિચાર કરવો જોઇએ. જો એમ ન થાય તો આપણી પ્રગતિ કેટલેક અંશે રૂંધાય.

'શાળામાં ધાર્મિક શિક્ષણ નથી અપાતું તેથી નવી પ્રજામાં આ-તે દોષો આવે છે' આવાં વિધાનો પણ ઘણી વખત આપણે સાંભળીએ છીએ. આથી પ્રેરાઈને કેટલીક શાળાઓના સંચાલકો પોતાને ત્યાં પ્રાર્થનાના ક્રમો રાખે છે. ગીતાના બોધો ગોઠવે છે, કુરાનના અને બાઇબલના વર્ગો ફરજિયાત રાખે છે.

આ વિધાનો શું સાચાં જ છે? ને એ જે અર્થમાં લેવાયાં છે તે અર્થમાં તેનો ઉપાય શોધવાથી પ્રજા શું ખરેખર ધાર્મિક થશે? ને એમની ધાર્મિકતા વ્યક્તિને, સમાજને, દેશને ખરેખર લાભકારી બનશે?

મને-લાગે છે કે અધ્યાત્મવૃત્તિ-ધાર્મિકવૃત્તિને એ સાંપ્રદાયિક વલણના અર્થમાં નહીં પણ ધર્મ-ફરજ-વૃત્તિના અર્થમાં તો જ એ વિધાન સાચાં ઠરી શકે છે. બીજા અર્થમાં એને લઈને એનો ઉપાય શોધવાથી ધર્મવૃત્તિ આવે જ એની ખાતરી નહીં, કેટલીકવાર તો એ 'ધર્મ'ની વિધિઓ કંટાળો કે જડતા લાવે છે; વ્યક્તિને એ એક વાડામાં બાંધી લે છે. વિચાર કરતાં લાગશે કે આ બાબતો તે વ્યક્તિને તેના સમાજને, દેશને અને માનવજાતને નુકસાન પહોંચાડે તેવી છે.

એક શાળા છે, ત્યાં હિંદુધર્મની વિધિઓ થાય છે કે તેવી જાતની પ્રાર્થનાઓ થાય છે; એ શાળામાં થોડા મુસલમાનો પણ હોય તો! જો શાળા સમભાવી હોય અને તેને વ્યવસ્થા કરવી પોસાઈ શકે તેમ હોય તો એ મુસલમાનો માટે કોઈ મુલ્લાં મૌલવીની અને તેમને માટે જૂદી વિધિઓની વ્યવસ્થા કરે. પણ કોઈ શાળા એવી પણ હોય કે જ્યાં હિંદુ, મુસલમાન પારસી, ખ્રિસ્તી, યહુદી, એટલા ધર્મોના વિદ્યાર્થીઓ હોય ત્યાં એ શાળાએ એ દરેક માટે તેમની પોતાની વિધિઓ માટે અગલ ગોઠવણ કરાવી દેવીને?

મને તો લાગે છે કે આ બધી અવળી રીત છે. ધર્મ એટલે વિધિ નહીં, ધર્મ એટલે અમુક એક ભાષામાં જ રજૂ કરેલા વિચારો નહીં. ધર્મ એટલે વાડા નહીં, શાળામાં ધાર્મિક શિક્ષણ આપવાની આ રીત જ અવળી છે.

મને તો એટલે સુધી કહેવાનું મન થાય છે કે શાળામાં બધા જ વિદ્યાર્થીઓ એક જ ધર્મના હોય ત્યાં પણ એ ધર્મની વિધિઓ નહીં હોવી જોઈએ. વિદ્યાર્થી પુખ્ત વયનો થઇ જાય ને તાત્ત્વિક દૃષ્ટિએ અમુક વિધિનું મહત્ત્વ સમજી શકે એવો ન થાય ત્યાં સુધી એને એ વિધિમાં ભાગ ન લેવડાવવો જોઈએ. એ વિદ્યાર્થી અમુક એક ધર્મનો છે તેનું ભાન એને શાળામાંથી તો ન જ થવા દેવું જોઈએ. એના સંસ્કારને જ પ્રગટવા દેવા જોઈએ તે તેમાં માનવધર્મની દૃષ્ટિએ કાંઇ ઊણપ જણાય તો શિક્ષકે અથવા તો શાળાના વાતાવરણે શબ્દો દ્વારા નહીં પણ કાર્ય દ્વારા તેમાં સુધારો લાવવો જોઈએ.

ધર્મ એટલે માનવતા. અને એ માનવતાનું શિક્ષણ શબ્દોથી નહીં પણ કાર્યથી, વાતાવરણથી વિદ્યાર્થીને મળવું જોઈએ. એટલે જ લોકો એમ કહે છે કે શાળામાં ધાર્મિક શિક્ષણ હોવું જરૂરી છે. તેમણે એ બધું આપતાં પોતાનો અર્થ પણ પ્રગટ કરવો જોઈએ, સાંપ્રદાયિક શિક્ષણ તો પહેલાંની શાળાઓમાં અપાતું જ હતું. નાનાં નાનાં પાંચ સાત વર્ષની ઉમરનાં બાળકોને 'સનાતન ધર્મ એટલે જે ધર્મ નિત્ય એક જ છે' આ જાતનું ગદ્યવાક્ય બહુ લાંબા લહેકાથી કવિતાની પેઠે બોલતાં મેં સાંભળ્યાં છે; એ બોલતાં હતાં ત્યારે તેઓ શું બોલે છે તે હું સમજી શકયો નહોતો, એ બોલાવનાર શિક્ષકો શબ્દો સમજી શકતા હશે તો તેઓ તેનો અર્થ નહિ સમજતાં હોય, શબ્દાર્થ સમજનારને માટે પણ એનું રહસ્ય સમજવું સહેલું નથી તો બાળકોની ક્યાં વાત કરવી ? સાચી માનવતાનાં ઉદ્દિપનમાં નાનાં બાળકો પાસે આ વાક્ય બોલાવવાનો કંઈ અર્થ છે ખરો ? કિશોર વિદ્યાર્થીઓની વાત કરીએ, નહિ કામયે રાજ્યં.... એ શ્લોક ઘણો જ સારો છે ને એ ભાવના જેમ બને તેમ વધુ ખીલવવાના પ્રયત્નની બહુ જરૂર છે. છતાં વિદ્યાર્થીઓને એ શું કામની છે ? એમની એ જિંદગી રમવાની છે. આનંદ કરવાની છે, અભ્યાસ કરવાની છે. એમને તો રમતમાંથી જ શીખવવું જોઈએ કે સાહસ શું છે, દયા શું છે, ખમીરદારી શું છે, ઉદારતા શું છે, એ જ રીતે આનંદ અને અભ્યાસમાંથી એને શીખવવું જોઈએ કે પોતાના આનંદમાં એ બીજાને પણ લાભ આપવાની વૃત્તિ ધરાવે, એમાં નિર્દોષતા રાખે, ચીવટ, ધીરજ, ઉદ્યમ મહેનત વગેરે ગુણો ખીલવે. આવી રીતે માનવતા બધા ધર્મોનું જ્ઞાન અને સંસ્કાર તેનામાં પ્રગટાવવા અને વિકસાવવાના પ્રયત્નો થવા જોઈએ. આ રીતે કેળવાયેલ ગુણો જ એનામાં સ્થાપી થશે ને તે સર્વને ઉપકારક બનશે.

આ ગુણો એ જ ધર્મ, સાંપ્રદાયિકતા એ ધર્મ નહિ પહેલાં આ ગુણોનો પ્રભાવ આવી જાય તે પછી જ વિદ્યાર્થીને સમ્પ્રદાયનું જ્ઞાન મેળવવું હોય તો તે જાતે મેળવી શકે તેવાં સાધનો ઊભાં કરવાં જોઇએ. વડીલોએ તેમાં આંગુલિનિર્દેશ કે માર્ગદર્શન કે સ્પષ્ટીકરણમાં જ મદદ કરવાની છે.

આધ્યાત્મિકતા એ સ્થૂલદૃષ્ટિએ ધર્મવૃત્તિ કરતાં જુદી જ વસ્તુ છે, ઘણા માણસો ધર્મવૃત્તિવાળા હોય, એમનામાં માનવતા પૂર્ણપણે હોય પણ છતાં તેઓ આધ્યાત્મિક ન હોય એ સંભવિત છે, એ લગભગ ખરું છે કે નવી પ્રજામાં આધ્યાત્મિકતાનો અભાવ છે પણ એ આધ્યાત્મિકતા એના રૂઢ અર્થમાં. બાકી તો મને લાગે છે કે જેનામાં માનવતા છે તેનામાં આધ્યાત્મિકતા છે જ, જેમ ચાર બોલીએ એટલે એમાં બે આવી જાય તેમ. રૂઢ અર્થમાં આધ્યાત્મિકતા જેને કહેવાય છે તે આધ્યાત્મિકતાની જરૂર દરેકને હોવી જ જોઈએ, દરેકમાં એ કેળવાઈ શકે—આ વિષે જુદો વિચાર થવો જોઇએ. શાંતિથી, એકાગ્રતાથી ઊંડા ઊતરીને સ્થિર આસને એક બાબતનો વિચાર કરવો, અંતરીક્ષ પ્રાકૃતિક બળો પણ કાર્યના પરિણામ પર અસર લાવનારાં હોય છે, એટલે આપણા અંતરમાંથી પણ મલિનતા માત્રને દૂર કરીને કાર્યો કરવાં એ અર્થમાં આજે આધ્યાત્મિકતા ઓછી દેખાય છે તે સાચું છે; પણ એ આધ્યાત્મિકતા વ્યક્તિગત અનુભવ ઉપર વધારે આધાર રાખે છે. એ અનુભવ વિના પૂરી આધ્યાત્મિકતા આવી શકતી નથી.

પણ અત્યારે તો આપણને જરૂર છે દરેકને માનવધર્મની સમજની. એ માનવધર્મની સમજની બાબતમાં પહેલાંની પ્રજા જ્યાં હતી ત્યાં જ—કદાચ કોઈ જુદા સ્થાને, પણ સપાટી તો એ જ—નવી પ્રજા છે. એ વધુમાં વધુ વિકાસ પામે એવી તો અપેક્ષા આપણા સૌની હોય જ.

એક મસ્ત મુસાફર

પુરાતન બુચ

"આ દુનિયામાં વધુ જીવવાનું મન થાય એવું છે શું કે મને દુઃખ થાય?"

એમ કહેતો એક પડછંદ કાયાવાળો હાથપગમાં બેડીઓ પહેરેલો કેદી પોતાની ખોલીના બારણાના જાડા સળિયા ઝાલીને ઊભો રહ્યો.

ખોલીની સામે જેલરની કચેરીનો કારકૂન આવીને ઊભો હતો. તેણે પોતાના હાથમાં રાખેલા કાગળિયા વાંચીને પેલા કેદીને કંઈક વાત કરી હતી તેનો તેણે ઉત્તર દીધો હતો.

"પણ, તને ફાંસીની સજા કાયમ આપી છે તો પણ દુઃખ નથી લાગતું?" કારકૂને પૂછ્યું.

"અરે મારા સાહેબ, મેં તમને કહ્યું ને કે મને આ દુનિયામાં વધારે જીવવાનું મન થાય એવું કાંઈ જ નથી લાગતું. પછી હું શા માટે દુઃખી થાઉં?" એમ કહેતો એ કેદી ધીમું હસવા લાગ્યો.

કારકૂન ઉત્તર સાંભળીને લગભગ અવાક થઈ ગયો. તેનો તો અનુભવ હતો કે જો કોઈ કેદીને ફાંસી કાયમ રહી છે એવી ખબર આપીએ તો એ તરત જ રડી પડે. પણ આ તો કોઈ જૂદી જ માટીનો, આદમી નીકળ્યો!

"કેટલાં વરસ જેલમાં કાઢ્યાં છે?"

કારકૂને પોતાની પાસેનાં કાગળિયા ઉથલાવતા કેદીને પૂછ્યું.

"કેટલાં શું, આખો જન્મારો તો જેલમાં કાઢ્યો. હવે શું પૂછો છો?" એમ કહીને ફરીથી એ મસ્તીમાં આવીને હસ્યો.

"શાથી સજા થઈ?"

"સાહેબ, એ વાત જવા દો ને"

"કેમ! કહે તો ખરો?"

"અરે એ તો લાંબી વાત છે."

"તો પણ બન્યું શું?"

કારકૂને પોતાના હાથમાંના કાગળિયા ઉકેલતાં પ્રશ્નો પૂછીને તેનો પૂર્વ ઇતિહાસ જાણવાની કોશિશ કરી ત્યારે હું એ બન્નેની વાતો સાંભળતો થોડે દૂર ઊભો હતો. મારી તરફ આંગળી ચિંધીને કેદીએ કહ્યું:

"આ ભાઈ ઊભા છે તેમને પૂછો."

"પણ, તું જ કહે ને?"

"ના, ભાઈને મેં વિગતથી બધી વાત કરી છે."

"તો પણ મારે તો તારી પાસેથી જ વાત સાંભળવી છે." કારકૂને આગ્રહ કર્યો. ને મારી તરફ ફરીને બોલ્યા;

'કેમ, મારે એને જ મોઢેથી એની વાત સાંભળવી જોઇએ ને?"

હું ઉત્તરમાં હસ્યો. મને એક ફાંસીની સજા સંભળાવવા આવેલા કારકૂનમાં એ સમયે ગંભીરતાની ઊણપ તો લાગી પણ એ વિષે હું કાંઈ ન બોલ્યો.

"તો બોલો તમને શી વાત કહું?" કેદીએ પોતાના બેડી પહેરેલા હાથ વડે પગની બેડી સરખી કરતાં કારકૂનને પૂછ્યું.

"મને એ વાત કર કે તને સજા ક્યારે થઈ?"

"મને પહેલી સજા તો આજથી આશરે પચ્ચીસ વરસ પહેલાં થઇ" એમ કહીને કેદીએ પોતાની આંખો દૂરની દીવાલો ઉપર તાકી રાખી.

"કયો ગુનો કર્યો હતો?"

"ગુનો! ગુનો તો એવો હતો કે–" એટલું બોલીને એ ખડખડાટ હસી પડ્યો.

"કેમ શું થયું?"

"ના રે, એ તો ગુનાનો પ્રસંગ યાદ આવવાથી મને અત્યારે મારી જિન્દગી ઉપર હસવું આવે છે."

"કેમ એવું તે શું બની ગયું?"

કારકૂને પ્રશ્ન પૂછ્યો. તેના ઉત્તરમાં એ કેદી હસી ને ફરીથી ગંભીર બન્યો. ને જાણે પોતાની જૂની વાતને સંભારવા મથતો હોય એમ લાગ્યું.

'સાહેબ, વાત તો સાર નજીવી છે. વાતમાં કંઇ માલ નથી મારે એક ઓરત સાથે મહોબ્બત હતી' એ વાત કહેતાં રોકાયો.

"હ પછી" કારકૂને તેની સામે જોઇને પૂછ્યું.

"પછી ઓરતે મારી સાથે શાદી કરી. ને થોડા જ મહિના થયા ત્યાં એ બીજાની સાથે ચાલી ગઇ." વળી એ અટકયો.

"હં.. પછી."

"પછી તો મારો ગુસ્સો હાથમાં રહે ? મેં એ આદમીને રસ્તા વચ્ચે છૂરી મારી દીધી. એ મરી ગયો. હું પોલીસ પાસે જાતે હાજર થયો. મેં ગુનો કબૂલ કરી લીધો." આટલું કહેતાં તેની આંખો જાણે તેજથી ચમકી ઊઠી. જૂના પ્રસંગનું વર્ણન તેની નજરની સામે બની રહેલું લાગ્યું. એ ફરીથી બોલ્યો:

"મારો કેસ ચાલ્યો. મને જનમટીપની સજા થઇ." એણે વાત પૂરી કરી હોય એવું તેના ધીમા પડેલા અવાજ પરથી લાગ્યું.

"પછી તને કઇ જેલમાં રાખેલો ?"

"તરત તો અહીં સાબરમતીમાં જ મને લાવેલા ?"

"પણ, પાછળથી ?" કારકૂને પૂછ્યું.

"પછીથી મને કાળાપાણીએ આન્દામાનમા મોકલ્યો."

"ત્યાં કેટલાં વરસ કાઢયાં ?"

"પૂરાં બાવીસ વરસ કાઢયાં. ?"

"પછી ?"

"પછી તો હું છૂટયો"

"ત્યારે વળી પાછો શું ગુનો કરીને આજે ફાંસીની સજા મેળવી ? કારકૂને આશ્ચર્યથી પૂછ્યું.

"એ તો એજ જૂની વાત બની ગઇ." તેણે કંઇક બેદરકારી ભરેલું સ્મિત કર્યું ને પોતાના પગની બેડી સરખી કરી તેનો ખણખણાટ થયો. શાન્ત વાતાવરણમાં એ લોખંડી બેડીનો અવાજ ગાજી ઊઠયો.

'શું જૂની વાત ?'

'ખૂન જ'

'શું કહે છે ? કોનું ?'

'જે ઓરત નાસી ગઇ હતી તેનું.' કેદી ફરીથી બેપરવાઇથી હસ્યો.

"તું આટલાં વરસ કાળાં પાણીમાં રહ્યો તોપણ એ બધું ભૂલી ન ગયો ?'

"સાહેબ ભૂલાય શી રીતે ?"

"કેમ એમ કહે છે ?"

"સાહેબ મને સજા મળી તે પછી જાણે પથ્થરના દિલનો આદમી હોઉં એવું જ મારી ચોકી કરનાર સિપાહીથી માંડીને મોટા અમલદારો માનતા ને મને મારતા પછી હું મારી વાત શાથી ભૂલું ? તમે એમ ના માનતા સાહેબ કે હું કોઇ ભયંકર ખૂની છું. મારી પાસે પણ તમારા જેવું એક ધડકતું હૈયું છે. પણ શું કરું ? જરા ગુસ્સામા આવીને મેં ન કરવાનું કામ કર્યું ને પછી તો મને એ કામ ફરીથી ન કરવાનાં વિચાર સૂઝે એવું વાતાવરણ જ ન મળ્યું પછી મને સમજાતો કે હું ફરીથી ખૂન ન કરું તો બીજું શુ કરું ?" કેદીએ પોતાના દિલની વ્યથા ઠાલવવા માંડી ત્યારે મને ને પેલા કારકૂનને એક સરખો જ સહાનુભૂતિનો ભાવ થયો એમ અમે પરસ્પરની સાથે એ વખતે એક નજરની આપ લે કરી લીધી તે ઉપરથી હું કળી ગયો,

થોડી વાર કેદી કાંઇ ન બોલ્યો ને ચલવત ઊભો રહ્યો. કારકૂન પણ તેને કાંઇ જ વધુ પૂછી ન શકયો. ત્યારે ફરીથી કેદીએ કહ્યું:

"તમે મને ફાંસી કાયમનો સરકારનો હુકમ સંભળાવવા આવ્યા છો પણ હું મારો અવાજ કોને ને શી રીતે આ દીવાલોની બહાર પહોંચાડું કે આ દીવાલોની ભીતરમાં ઇન્સાનિયત સાવ પરવારી બેઠેલી છે. હું કોને કહેવા જાઉં કે મારા જેવા કેદ-

લાયે સમજદાર માણસોને જેલમાં લાવીને તેની ઉપર જુલમ કરવાની મનાઈ ફરમાવશો ત્યારે જ ખૂન પણ રોકાશે તે મારા જેવાની ઇન્સાનિયતનું દેવાળું નીકળતું અટકશે."

કેદીએ પોતાની લેખાવરીળ કાલવતાં કાલવતાં ચહેરા ઉપર રોષ પ્રગટ કરેલો તે થોડી જ વારમાં શાંત થયેલો લાગ્યો ને હસીને બોલ્યો :

"પણ આ બધી વાતનો કાંઈ અર્થ નથી. મને સુખેથી ફાંસીએ લટકાવજો, આ દુનિયાની સામે હું હસતાં શીખ્યો છું. ફાંસીએ ચડીશ તો પણ હું કોઈને દોષ દીધા વગર હસીશ, મોજથી હસીશ કે દુનિયા કેટલી અવિચારી છે!" એમ કહીને તેણે એક અટ્ટહાસ્ય કર્યું. એજ સમયે એની ઓરડીના મોભ પાસે બેઠેલું એક કબૂતર ચમકીને ફડ ફડ કરતું ઊડી ગયું.

મને એ ઊડી જતા કબૂતરની સામે જોઈને એમ જ વિચાર આવ્યો કે એક મૂંગુ પક્ષી પણ પેલા કેદીની સાથે સૂર પૂરાવવા જ જાણે કહી રહેલું હતું:

"ફટ ફટ છે દુનિયા તને!"

અને ખરેખર એ ખૂબ હસી રહેલા કેદીને ચારેક દિવસ પછી ફાંસી આપનારાઓએ કહ્યું પણ ખરું કે ફાંસીને માચડે હસતો હસતો છેલ્લી ઘડી સુધી ઊભો રહેનાર એ એક જ કેદી એ જેલના ઇતિહાસમાં મળી આવેલો હતો! આ દુનિયામાં એક મસ્ત મુસાફર તરીકેની પોતાની સફર તેણે પૂરી કરી હતી એ કાંઈ નાની સૂની સિદ્ધિ નહોતી.

સ્વતંત્ર દેશનું શિક્ષણ

યુનાઇટેડ સ્ટેટ ઑફ અમેરિકામાં પ્રાથમિક કેળવણી ફરજિયાત છે અને મફત પણ છે-મફત એટલે કે ફરજિયાત પ્રાથમિક કેળવણી લેનાર વિદ્યાર્થીને તેને માટે કોઈ ફી ભરવી પડતી નથી પણ પ્રજા સમસ્તના કરવેરામાંથી એ કેળવણીનો ખર્ચ નીકળે છે.

એ દેશની ૧૩ કરોડની વસ્તીમાં બે કરોડ નેવું લાખ વિદ્યાર્થીઓ છે. એમાંના બે કરોડ દસ લાખ દેશની પ્રાથમિક નિશાળોમાં ભણે છે. રાષ્ટ્રના આ વિદ્યાર્થી સમૂહને શિક્ષણ આપવા માટે દસલાખથી પણ વધુ શિક્ષકો અને અધ્યાપકો રોકવામાં આવેલા છે. અમેરિકામાંની સરકારી નિશાળો પાછળ તેની સરકારે ૧૯૪૦ ના એક વર્ષ દરમિયાન પોણાનવ અબજ રૂપિયા જેટલી રકમ ખરચેલી.

અમેરિકાને ઉદ્યોગ-પ્રધાન દેશ મનાય છે અને એ મુખ્યત્વે મોટાં શહેરોનો બનેલો હશે એવી કલ્પના થતી હોય છે. પણ એ દેશની દર ૧૦૦ માંની ૮૮ શાળાઓ ગ્રામવિસ્તારોમાં આવેલી છે. એ શાળાઓમાં જ અમેરિકાના અરધો અરધ વિદ્યાર્થીઓ ભણે છે અને દેશના કુલ શિક્ષકોનો અરધો ભાગ એમને ભણાવવામાં રોકાયેલો છે.

અમેરિકાના ગ્રામવિસ્તારોમાં એક સ્થળથી બીજા સ્થળ વચ્ચેના અંતર એટલાં મોટાં છે કે અમેરિકન ગામડાંના નિશાળીઆઓના છઠ્ઠા ભાગને ઘરથી નિશાળ અને નિશાળથી ઘર સુધીનું અંતર મોટી હવાગાડીઓ (મોટર બસ) માં કાપવું પડતું હોય છે. આખા અમેરિકામાં કુલ જેટલી મોટી હવાગાડીઓ છે તેની અરધી સંખ્યા ૯૩,૦૦૦ ત્યાંની ગ્રામશાળાઓની સેવામાં રોકાયેલી છે. પોતાનાં બાળકોને નિશાળે પહોંચાડવામાં થતા મોટા હવાગાડી-ખર્ચ પાછળ અમેરિકા દરવર્ષે ત્રીસ કરોડ રૂપિયા ખરચે છે.

છતાં એવાં પણ હજારો અને લાખો બાળકો અમેરિકામાં છે કે જે ઘરથી નિશાળ સુધીની લાંબી વાટ પગે ચાલીને કે ઘોડા અથવા ખચ્ચર ઉપર સવારી કરીને કાપતાં હોય છે.

વૈજ્ઞાનિક જગતના આંદોલનો લોકભોગ્ય ભાષામાં વર્ણવતી માસિક નોંધ :

विज्ञानदर्शन

શ્રી. બંસી ગાંધી બી.એસસી.
પ્રોફે. જયતિલાલ દે. ઓઝા, એમ. એસસી.
ડો. નરસિંહ મુ. શાહ એમ એસસી. પીએચ.ડી.

આજે વિજ્ઞાનને માત્ર મોઢેથી માન આપનારાં ઘણાં જડી આવે છે : પરંતુ જીવનના અનેકવિધ પ્રશ્નોના ઉકેલ માટે વિજ્ઞાન અને તેની રીતો અખત્યાર કરનારા જૂજ નીકળે છે. સંસ્કારી હોવાનો દાવો કરતો ભાગ્યે જ કોઈ દેશ હશે, જે વિજ્ઞાનની બાબતમાં આપણા હિંદુસ્તાન જેટલો પછાત હોય.

પંડિત જવાહરલાલ નહેરુ

આંબલીયા [કચુકા]નું રાસાયનિક અન્વેષણ

ઈન્ડીયન જર્નલ ઓફ એગ્રિકલ્ચરલ સાયન્સ નામના કૃષિવિજ્ઞાનના અંગ્રેજી માસિકમાં (ઓગસ્ટ, ૧૯૪૫નો અંક) રાજનારાયણ અને શિખીભૂષણ દત્તનો ઉપર દર્શાવેલ શીર્ષકવાળો એક રસલ્યી તેમજ મહત્તાપૂર્ણ લેખ છે. તેનો ઉપયોગી સાર અહીં આપ્યો છે.

આંબલીને વનસ્પતિશાસ્ત્રીઓ Tamarindus Indica (ટેમેરિન્ડસ ઈન્ડીકા) કહે છે. તે શિંબી-લેગ્યુમીનોસી વર્ગનું ઝાડ છે. હિંદુસ્તાનના લગભગ બધા ભાગોમાં તે મળી આવે છે. તેનું વાવેતર પણ કરવામાં આવે છે. ઊંચાઇમાં તે કેટલીક વાર ૭૦થી ૮૦ ફૂટ સુધી પહોંચે છે. રસ્તાની બને બાજુએ શીતળ છાંયડા માટે તેને વાવવામાં આવે છે. આંબલીના પાન નાના ઝીણા હોય છે. આંબલીને ફોર આવે; એમાંથી કાતરા થાય. કાતરા રંગે લીલા હોય અને સ્વાદે ખાટા લાગે. એ પાકે એટલે આંબલી થાય. કાતરા સામાન્ય રીતે આંગળી જેટલા જાડા, ૩થી ૬ ઈંચ લાંબા અને આકારમાં લગભગ સીધા અગર વળેલા હોય છે. બહારની કઠણ અને બરડ છાલની અંદર ખાટો રસદાર માવો હોય છે. તેની અંદર ૪થી ૧૨ બી-કચુકા આવેલા હોય છે. બીની આસપાસ સહેજ કઠણ પાતળા પડનું ઢાંકણ આવેલું હોય છે, અને તેની આસપાસ ખાટો રસવાળો માવો (pulp) હોય છે. ખાટા પદાર્થમાં સાકરના જૂજ પ્રમાણ ઉપરાંત મુખ્યત્વે કાર્બનિક તેજાબો (organic acids) હોય છે, જેમાં એસેટિક, સાઇટ્રીક તેજાબો ઉપરાંત ખાસ કરીને ૬-૮ ટકા ટાર્ટારિક એસીડ હોય છે. તેનું અર્ધું પ્રમાણ સ્વતંત્ર એસીડ રૂપે અને બાકીનું પોટેશિયમના ક્ષાર રૂપે આવેલું હોય છે.

કચુકા રંગે ભૂરાકાળા, આકારમાં સામાન્ય રીતે સમચોરસ, પરંતુ કેટલીક વાર ગોળ યા લંબગોળ હોય છે. આશરે અર્ધી તસુ લાંબા અને આશરે એટલાં જ પહોળા અને પાએક તસુ જેટલા જાડા હોય છે. તેમાં રહેલા તુરા પદાર્થોને લીધે કચુકા તુરા લાગે છે. તેને ઉકાળીને ગુમડાં પર પોટીસ તરીકે, ખાસ કરીને ખીલ મટાડવા માટે તેનો ઉપયોગ કરવામાં આવે છે. તેનો ભૂકો પાણી સાથે મેળવી ખાંસી અને દમમાં કપાળ ઉપર લગાડવામાં આવે છે. મલબાર, મદ્રાસ, આંધ્ર, બંગાળ અને મધ્ય પ્રાંતોમાં ઉપરનું ફોતરું કાઢી નાખી, અંદરનું બીજ શેકી અગર પાણીમાં ઉકાળીને ખાવાના ઉપયોગમાં લેવામાં આવે છે. કેમેરોનના લખવા મુજબ કચુકામાંથી તૈયાર કરેલી સીમેન્ટ અગર લુબ્દી

આ 'નાઇટ્રેટનું રણ' દરિયાની સપાટી કરતાં ૩૦૦૦ ફૂટની ઊંચાઇએ આવેલ છે: ૫૦૦ માઇલ લાંબું અને આશરે ૧૦૦ માઇલ પહોળું છે. આ પ્રદેશમાં ૩૦૦ માઇલ લાંબા અને ૧૫-૨૦ માઇલ પહોળા પટામાં નાઇટ્રેટના થર આવેલા છે. આ જગ્યા સાવ નિર્જન છે: વરસાદ ભાગ્યેજ આવે છે: સૂર્ય નિરભ્ર આકાશમાંથી અગ્નિ વર્ષાવે છે: વનસ્પતિ ઊગતી નથી: પશુ પંખી પણ રહેતાં નથી.

જમીનની સપાટી નીચે ૨થી૫૦ ફુટ નીચે ખોદવાથી નાઇટ્રેટના ખનિજ મળી આવે છે, જેમાંથી નાઇટ્રેટ અને આયોડીન કાઢવામાં આવે છે. સારા પ્રકારના આ ખનીજને કલીશે કહેવાય છે અને હલકા માલને કોસ્ટ્રા તરીકે ઓળખવામાં આવે છે. આ ખનિજમાં ૦.૩ ટકા કરતાં વધારે આયોડીનનું પ્રમાણ હોતું નથી-એથી ઓછું હોય છે, એટલે કે એક ટન દીઠ આશરે ૮ ઔંસ આયોડીન આમાં હોય છે. આ પ્રમાણ તદ્દન નજીવું લાગે છે પણ બીજી વસ્તુઓની સરખામણીમાં તે ૪૦૦ ગણું વધારે છે.

કલીશેમાંથી આયોડીન કાઢવાની ક્રિયા ખૂબ ગૂંચવણભરી છે. ટુંકામાં તેને આમ વર્ણવી શકાય. કલીશેનો ભુકો કરી તેને પાણી સાથે મેળવવામાં આવે છે. જેમાંથી નાઇટ્રેટ જૂદું પાડવામાં આવે છે અને દ્રાવ્ય આયોડેટ ક્ષારો પાણીમાં રહે છે. આ આયોડેટ ક્ષારોવાળા પાણીને લાકડાના મોટા પીપમાં રાખી તેમાં સોડિયમ હાયડ્રોજન સલ્ફાઇટ નાખવામાં આવે છે. આયોડીન છૂટું પડે છે. આ અશુદ્ધ આયોડીનને એકઠું કરી પછી તેને શુદ્ધ કરવામાં આવે છે.

એક લીટર દ્રાવણમાંથી રસાયનિક ક્રિયાઓ કરીને ૬-૧૨ ગ્રામ આયોડીન મળી શકે છે. આખી દુનિયાની આયોડીનની વાર્ષિક વપરાશ ૧૪૦૦ ટન છે અને આનો ૬૬ ટકા જેટલો ભાગ ચીલીના નાઇટ્રેટ ક્ષેત્રોમાંથી આવે છે.

આયોડીનમાંથી આયોડોફોર્મ, પોટેશીયમ આયોડાઇડ વગેરે ઔષધો બનાવાય છે. આયોડીન જંતુઘ્ન છે. તે ઘસવાથી દુઃખ ઓછું થાય છે. આયોડેક્ષ આયોડોપીન, આયોડીવાલ જેવી પેટન્ટ દવાઓમાં આયોડીન હોય છે. આયોડીન રાસાયનિક પૃથક્કરણમાં રંગોની બનાવટમાં પણ વપરાય છે. આયોડીનના સ્ફટિક ટેલીવિઝનમાં પણ ઉપયોગમાં લેવાય છે.

માનવીના શારીરિક વિકાસમાં આયોડીન અગત્યનો ભાગ ભજવે છે. આપણા ગળા પાસે થાઇરોઇડ નામની ગ્રંથિઓ છે. તેમાં થાઇરોક્ષીન નામનો પદાર્થ હોય છે: તેમાં આયોડીન હોય છે. જો ગ્રંથિ બરાબર કાર્ય ન આપે તો માણસનો વિકાસ રુંધાય છે. આવા માણસોને આયોડીનવાળી દવાઓ આપવાથી ઘણો ફાયદો થાય છે.

*

સરગવો

સરગવાના ઝાડ પશ્ચિમ હિમાલયના જંગલોમાં, આન્ધ્રપ્રાંત અને હિંદુસ્તાનના અન્ય પ્રદેશોમાં લગભગ બધે થાય છે. આ ઝાડને લાંબી સીંગો થાય છે, એટલે અંગ્રેજીમાં તેને 'ડ્રમસ્ટીક' પ્લેન્ટ કહે છે. તેનું શાસ્ત્રીય નામ મોરીંગા પેરીગોસ્પર્મ (moringa Pterygosperm) છે.

સરગવાના ઝાડ બે જાતના થાય છે: મીઠી સીંગોવાળા અને કડવી સીંગોવાળા, કડવી સીંગોવાળા ઝાડ મોરીંગા કોનીયાનેન્સીસ (moringa Conea-nensis) કહેવાય છે.

મીઠી સીંગો શાક બનાવવામાં વપરાય છે. સરગવાનાં પાન પણ શાકભાજી તરીકે ઉપયોગમાં લેવાય છે. તેમાં વિટામીન એ, બી, સીનું પ્રમાણ સારી રીતે હોય છે. સરગવામાં વિટામીન 'સી' સારા પ્રમાણમાં માલુમ પડે છે.

સરગવાની સીંગોના બીમાંથી તેલ નીકળે છે. તેને બેનઓઇલ કહેવામાં આવે છે. આ તેલ સારી જાતના નાજુક સંચા ઉંગવામાં વપરાય છે. આ બીયાં ઉત્તેજક હોય છે અને સિંધમાં જાતીય ઇચ્છા મટાડવા માટે ઉપયોગમાં લેવાય છે. બેન તેલ કોસ્મેટિકની બનાવટમાં વાપરવામાં આવે છે. તેમાં ઓલિઇક એસિડ પુષ્કળ-૬૫.૫ ટકા જેટલો હોય છે. આ ઉપરાંત તેમાં બીહેનીક એસિડ ૮.૯ ટકા, લીગ્નોસેરીક એસિડ ૩.૦ ટકા અને બીજા એવા એસિડો માલુમ પડે છે.

ગળચટાં વૃખ

ચુનીલાલ મડિયા

ગલોફાં ફાટી જાય એટલા બધા ગાલ ફુલાવી ફુલાવીને જાખરો મદારી એની ઘોળી ફૂલ જેવી કોડીઓ અને આભલાએ મઢેલી મોરલીમાં લુવારની ધમણની ઝડપે હવા ઠાંસ્યે જતો હતો. ખરેખરી રમત જામી હતી. હજી ગઈ કાલે જ ઉજડિયા ખરાબાના રાફડામાંથી પકડેલું ફૂંફાડા દેતું નાગ-નાગણીનું જોડલું અટાણે પાજેલ-પઢાવેલ પોપટની જેમ હાથહાથ વા ઊભું થઈને જાખરાની મોરલી ઉપર સૂપડા જેટલી ફેણું ફુલાવીને હકડેઠઠ ડાયરા વચ્ચાળે ડોલી રહ્યું હતું.

નાગ-નાગણીનું ડોલન વધતું ચાલ્યું તેમ તેમ ગોઠણિયાભર બેઠેલો જાખરો વધાર ને વધારે ઊભડક થતો જતો હતો. પેટની ઊંડી ઊંડી ખખોલોમાંથી જાણે કે પ્રાણવાયુ ખેંચી લાવીને ગલોફાં વાટે મોરલીમાં ઠાલવતો જતો હોય એમ એની દર ક્ષણે તંગ બનતી જતી મુખમુદ્રા ઉપરથી લાગતું હતું.

કારણ હતું. જિંદગીભરમાં કોઈની મૂઠ કે મંતરમાં ન આવે અને આવે તોપણ કેમે કર્યા કરંડિયે ન પૂરાય એવા ધડંલાં દેવાંશી નાગનાગણીને જાખરાએ પોતાના મૃત બાપ તરફથી વારસામાં મળેલી આ પંથકમાં તો અજોડ ગણાતી વિદ્યાને બળે પોતાના કરંડિયામાં પૂર્યાં હતાં; અને એમની પહેલી જ રમત અટાણે રોંઢા ટાણે ગામના ઠાકોરના આગ્રહથી એણે માંડી હતી. પાંચીકા પાચીકા જેવડા બાજરાના કણોથી લથબથ બનીને ઊગી નીકળેલા ડૂંડા સીમને વાયરે ઉત્તર-દખ્ખણ ડોલતા હોય એમ મોરલીના મીઠામધ લય અને હલનચલનની દિશામાં નાગનાગણી ડોલ્યે જતાં હતાં. જોનારાં સૌ મુગ્ધ બનીને એકાકાર થઈ ગયાં હતાં સોટા જેવી સીધી ને પાતળી દેહલતા લાંક આગળથી લચકાઈને ઊભી હોય એમ ફેણ આગળ અજબ બાંકી છટાએ વળેલા આ જોડલા ઉપર સૌની આંખો એક થઈ હતી.

જાખરાની જીવનની આ સર્વોચ્ચ ઘડી હતી. પિતાએ અત્યંત પવિત્ર ગણેલી જે વિદ્યા પુત્રને શીખવાડી હતી, અને જેની ઉપાસના અર્થે એના ઉપાસકને અત્યંત કઠિન કરી પાળવાની હતી એની સિદ્ધિની આ ઘડી હતી.

વર્ષો પહેલાંનો એ પ્રસંગ હતો. વિદ્યાની સિદ્ધિ અર્થે પોતે સર્વાંગી પાવિત્ર્ય જાળવવાને અસમર્થ બનેલ; એ વિદ્યા એળે ન જાય એવા લોકોત્તર આશયથી લઘુ ડોસો પોતાના એકનાએક પુત્રને એ અધૂરી ઉપાસનાનો ઉપાસક બનાવે છે. સાથોસાથ એ ઉપાસનામાં રહેલી ભારે કઠિનતા તથા જોખમીપણાથી પણ પુત્રને સાવચેત કરે છે. જલંધર જોગીઓ પાળે છે એના કરતાં ય વધારે આકરૂં સાધુત્વ આ ઉપાસનામાં જરૂરી છે. એ વિદ્યાની સિદ્ધિ માટે મન વચન કાયાનું ત્રિવિધ પાવિત્ર્ય અનિવાર્ય છે, એમાં જરીકે ચૂક થઈ એટલે સાધનાના શૃંગેથી સીધા સડાડાટ તળેટીમાં જ પછડાવાનું.

જાખરો એ વેળા હતો તો હજી નાનો, છતાં આ ધંધામાં છેક અનઅનુભવી નહોતો રહ્યો. બાપ જ્યારે 'જનાવર'નો કરંડિયો ખભે નાખીને ગામોગામ ફરતો ત્યારે જાખરો એની મોરલી, તૂંબડું રાફડિયાની કોથળી, અવકમલકની ચીજો ઠાંસવા માટેનો ટાટનો સડેલો કોથળો વગેરે સરંજામ લઈને સાથે જતો. રમતમાં બાપની નજર જનાવર ઉપર હોય ત્યારે પ્રેક્ષકો તરફથી ફેંકાતા પાઈ પૈસા ઝીણી નજરે ધૂળમાંથી વીણી લેવાનું કામ જાખરો કરતો. રમત શરુ થતાં પૂર્વેની તખ્તાની પ્રાથમિક સજાવટો-જેવી કે ડૂગડૂગિયું વગાડીને છોકરાંઓની-અને પછી મોટાઓની-ઘીગ ભેગી કરવાની, પટને વાળીચોળીને સાફ કરવાની, કોથળીમાંથી નોળિયાને બહાર કાઢીને ભોંયમાં એનો ખીલો ઠબકારવાની વગેરે વગેરે ક્રિયાઓ જાખરો જ કરતો. લઘુ એ સમય દરમ્યાન, જનાવરોને રમાડવાની મહેનતુ ફરજ માટે ધંતુરો ફુંકીને તૈયાર થતો. અને રમત ખતમ થયે જ્યારે 'સા છોકરાં ઘીરેથી ચપટી ચપટી

લોટ ને કાં રોટલો ન લઈ આવે એની માયું ના સમ!' એવું ધમકી ભર્યું ફરમાન કરતો ત્યારે બીકણ છોકરાં જે કાંઈ એઠાંઅજાઠાં રોટલા લાવ્યાં હોય તે ઉધરાવીને ટાટના કોથળામાં ભરવાનું કામ પણ જાખરો જ કરતો.

દિવસ આથમ્યે બાપદીકરાને નાગરિક વસાહતોની બહાર ચાલ્યા જવું પડતું—એવો એક અણલખ્યો સર્વવ્યાપી કાયદો હતો. આમાં જરીકે ય સરતચૂક થાય તો પોલીસનાં ભાંડા ખાવાં પડતાં. આમે ઝાંપા બહાર નીકળતી વેળા તો એમનો સઘળો સાજ-સરંજામ પસાયતાને બતાવવો જ પડતો. રખેને કોઈ ઊજળિયાતનું છોકરું તફડાવીને આ કરંડિયામાં પૂરી દીધું હોય તો!

દરદર વગડામાં જઈને ભૂખ્યા થયેલા બાપદીકરો દિવસભરમાં ઊઘરાવેલા રોટલા કોથળામાંથી બહાર કાઢતા. રોટલા ઓછા થાય તો લધુ પોતે ભૂખ્યો રહીને પણ જાખરાને તો પેટભર જમાડતો જ. ઠીબડીમાં દૂધ રેડીને સાપને પાતો. કોઈ કોઈ વાર ઘેઘૂર આંબલીની ઝીણી ચાળણીમાંથી ચળાતી ચાંદનીનાં કિરણો જાખરાના ફૂલગુલાબી ફૂટડા મોં ઉપર સંતાકૂકડી રમી જતાં ત્યારે એટલી જ ફૂલગુલાબી ને ફૂટડી જાખરાની મૃત માતા લધુને યાદ આવી જતી. પણ તુરત લધુમાં રહેલો તપોભ્રષ્ટ સાધક લાગણી તંત્રની લગામો ખેંચીને એને જાગૃત કરી દેતો: 'એની વાંહે ગાંડો થવા ગ્યો ને ઈમાંજ મારી આ લાખ રૂપિયાની વૈદ્ય ખોઈ બેઠો ને? વૈદ્યધારીને તી વળી અસ્તરીના મોહ પોહાતા હશે? ભલમલા બોરીંગ હારે બાયોડાં ભીડવાના. એમાં જરાક જ સરતચૂક થઈ તો ઝપટભેરમાં જીવ લઈ લ્યે. એનો ઈલિમ જાણવો તો અઘરો છે. પણ એને જાણ્યા પછી જીરવી જાણવો ઈ તો અદકો અઘરો છે. કાચાપોચાનાં ર્ઝમાં કામ નથી. પારો પચાવવા જેવું ઈ કઠણ કામ છે. સિંદણનું દૂધ ઠારવા સારુ તો સોનાનું જ ઠામડું જોઈ, ઠીકરાના ઠીબડે ઈ નો કરે. ગંગામાને આ ધરતી ઉપર ઊતરવા ટાણે જટાધારીએ પંડયે આવવું પડયું 'તું ને!'

બરોબર આ જ સમયે લધુમાં રહેલો દુર્દમ્ય મહાત્વાકાંક્ષી પણ સળવળીને બેઠો થતો અને લધુના કાનમાં ઘણુ બોલાવતો: 'તારી અધૂરી મનેખા દીકરા પાસે પૂરી કરાવજે...' માંડ કરીને હાથ લાગેલો ઈલિમ એણે જવા દેતો નહિ. તારાથી ન થયું, ઈ દીકરા પાસે કરાવજે. ને આખા પંથકના મદારીને ગારુડીઓનાં અરમાન ઊતરાવજે.'

આવા અહમ્‌ને આકાંક્ષાથી પ્રેરાઈને એણે જાખરાને કઠોરાતિકઠોર બલ્લચારી બનાવ્યો. સાધક માટે જરૂરી એવી અનેક આકરી 'કરી' એને પાળવી પડતી: નાનપણથી જ જાખરો કોઈ ભેખધારી સાધકના જેવું કઠણ અને મનોનિગ્રહી જીવન જીવતો હતો: છ મહિનાની છોકરી સામે ઊંચી આંખ કરીને ન જુવે, સ્ત્રીની આખી જાતને પોતાની મા-બેન સમાણી ગણે, કોઈની અંધરણી, કારજ કે વરણીનું નિષિદ્ધ ભોજન ન જમે, ઢોલત્રાંસાના અવાજ ન સાંભળે, કોઈનું એંઠું કે ઓરેલું પાણી ન પીએ, પોતાનાં આઠે ય અંગ ચોખ્ખાં રાખે, પગરખાંને ત્રણ વાર ખંખેરીને મંતર ભણ્યા વિના પગમાં ન ઘાલે. કોઈ 'અપવિત્ર' માણસને ભૂલથી અડાઈ ગયું હોય તો માયાઓળ નહાય.

જુવાનીમાં આવતાં તો જાખરાએ કળાયેલા મોરના જેવું રૂપ કાઢ્યું. બાપના ચહેરાનું પૌરુષી તેજ અને માના ચહેરાની ચારુ મૃદુતાનું સમપ્રમાણ મિશ્રણ પુત્રના અંગેઅંગમાં ઊતર્યું હતું. ઉગ્ર મનોનિગ્રહ અને ઇન્દ્રિયદમનની દીપ્તિ એના નમણા ને ઘાટીલા મોં ઉપર ઝળહળી ઊઠી હતી. તપસ્વીની પ્રતિભા અને આંજી નાખતી મુખમુદ્રા સાથે આવડી તરુણ વયમાં કરેલી કલાસાધનાની સુકુમારતા જાખરાની એકેએક રેખામાંથી નિતરતી હતી.

સાધનાનો પહેરોપ્રહેરો એણે નાગનાગણીના એક જોડલા ઉપર કર્યો, રાફડિયે ખેતરે એક જોડલું રહે છે, પણ ભલમલા મદારીઓ મોરલી 'ફૂંકીફૂંકીને મરી ગયા, પણ જનાવર રાફડામાંથી બોડાં ય ઊંચાં નથી કરતા એની વાયકા હતી. જાખરાએ જઈને પોતાની રંગીત, ઘોળાંકુંદ દાંતની બત્રીશી જેવી ચકચકતી કોડીઓએ મઢેલી મોરલી વગાડવા માંડી. એક દિવસ, બે દિવસ, અને ઠેઠ ત્રીજે દિવસે મોરલીના સૂરની મીઠાશ અસલ બનતા જનાવરોથી એ ન ખમાણા એ સૂરની ભયંકર મીઠાશ ઉપર ડોલ્યા વિના એમને

માટે છૂટકો જ નહોતો. છટાપૂર્વક બન્નેએ રાફડામાંથી ભોડાં બહાર કાઢયાં અને આવેશથી મોરલી બજાવે જતા જાખરાએ ઘડ દેનાઇને મૂઠ નાખી દીધી. નિર્જીવ લાકડાં પડયાં હોય એમ 'નાગનાગણી મૂઠમાં ઝડપાઈ ગયાં અને જાખરાના કરંડિયામાં પૂરાયાં.

લધુ મરતી વખતે કહી ગયો હતો કે બેટા, 'જનાવર'ને પણ પેટના જણ્યા જેવાં ગણીએ તો જ ઇશ્વર આપણા ઉપર રાજી રહે. જનાવરને પંદર દિવસની અવધે પકડયાં હોય તો બરોબર પંદરમે જ દિવસે એને કરંડિયામાંથી છૂટા મેલી દેવાં જોઈએ. પંદર ઉપર સોળમો દિવસ થાય તો ઉપરવાળો આપણા ઉપર કોપે અને આ મૂંગા જનાવરને કષ્ટ આપવાની સજા પણ ભોગવવી પડે. આ શિખામણને અનુસરીને જ જાખરાએ નક્કી કર્યું હતું કે જનાવરની દાઢ પાડીને ઝેરની કોથળી દૂર કરીને તો નાનકડું છોકરું પણ એને રમાડી જાય. પણ જે માણસ પોતાની મોરલીની અદભુત મીઠી સૂરાવલિ ઉપર જ મુસ્તાક છે એણે તો ભલભલા ભોરીંગોને પણ દાઢ પાડયા વગર જ ડોલાવવા જોઇએ, અને એવી રીતે જ જાખરાએ આ બેડલું કરંડિયામાં પૂર્યું હતું.

વા ફેલાય તેમ વાત ફેલાઇ ગઈ કે જાખરાએ એક નવું જોડલું પકડયું છે ને મોરલી ઉપર નચાવે છે. ડાયરામાં વાત આવી અને ડાયરાએ જાખરાને તેડી મંગાવ્યો.

જાખરાએ ખરેખર રંગત જમાવી હતી જોનારાં હકડેઠઠ હતાં. સૌ આખો અત્યારે મસ્ત બનીને ડોલતા નાગનાગણી ઉપર મંડાઈ હતી. માત્ર બેજ આંખો મોરલી અને મંત્રમુગ્ધ નાગનાગણીને જોવાને બદલે એ મોરલી વગાડનારની દેહકાન્તિને જોવામાં રોકાણી હતી. એ આખોને ડોલતા નાગનાગણી કરતાં ય એમને ડોલાવનાર વ્યક્તિ વધારે નમણી લાગતી હતી. એ આંખો હતી ગઢની દોઢીના ઝરુખાના જાળિયા પાછળ સંતાઈને ઊભેલાં નવાં ઠકરાણાં તેજબાની. તેજબા તો હતાં રૂપરૂપના અંબાર. બાપની રાજધાનીનું ગામ આખું એની પાછળ ગાડું થયું હતું. પણ તેજબાને તો પોતાના રૂપનું એટલું બધું અરમાન કે ભલભલા રાજકુંવરોની સામે જોવા જેટલીય દરકાર ન કરે. તેજબાને આજ હિ' લગણ ઓરતો તો એ વાતનો રહી ગયો હતો કે દેવકન્યા જેટલાં પોતાનાં રૂપને શમાવી શકે એવો કોઇ સમોવડિયો ન મળ્યો જાખરાને જોઇને એમને થયુ આજ મારા મનનો માનેલો માનવા!

જાખરો તો નાળિયેરની કાચલી જેટલાં ગલોફાં ફુલાવી ફુલાવીને આમથી તેમ ડોલ્યે જતો હતો અને નાગનાગણીને ડોલાવ્યે જતો હતો. નાગની સુડોળ ફેણના મધ્યવિસ્તાર ઉપર ઝાખું તિલક શોભતું હતું. અને એ નીલી ઝાંયવાળી ધોળીફૂલ ડોક ઉપર ઢાલ જેવી કાળીભમ્મર ફેણ જાણે કે લીંગ ઉપર ટીંગાતા છત્રનો ખ્યાલ આપતી હતી. બાજુમાં ડોલતી નાગણી પૂરદ્વારની બક્કી કમાન જેવો ઠસ્સાભર્યો વળાંક લઇને પોતાની અત્યંત ઉગ્ર તેજસ પ્રકૃતિનો ભાવ બતાવતી હતી. જાખરાની આંખ કાન, નાક, જાખરાનું સર્વસ્વ અત્યારે નાગની મૂઠો અને નાગણીની તગતગતી આંખો ઉપર એકાગ્ર થયું હતું. જાખરો મોરલીમય બની ગયો હતો, મોરલી સાથે એકાકાર થઈ ગયો હતો, મોરલીમાં સમરસ થઈને મનોહર સૂરાવલિયો રૂપે હવામાં લહેરાઇ રહી હતો.

મનોરમ્ય ત્રંસી અદાથી ઢળેલી એ બે આંખો મટકું મારવા જેટલી વાર પણ ક્યાં ઊંચી થાય છે!

છેવટે તેજબાએ જ એ નીચી ઢળેલ દૃષ્ટિને પોતા તરફ વાળવા જાળિયા સાથે ચૂડલી ખખડાવી.

અનાયાસે જ જાખરાની પાંપણ એક પલક વાર માટે...હા, એક જ પલક માટે ઊંચી થઇ.

એ એક પલકારા જેટલી વારમાં-એ એક જ પલકારામાં તો જીવાઈ ગયેલી એક જિંદગીના આઘાત પ્રત્યાઘાતો જાખરો અનુભવી રહ્યો.

મોરલીની સૂરાવલિના આરોહ પગથિયે પહોંચતાં ડોલનનો ઉત્કૃષ્ટાનંદ અનુભવી ચૂકેલા 'સૌર્પિણ-ગલનું રમણાનું ડોલન ધીમું પાડવા માટે મોરલીના સૂરોમાં જે ધીમો ધીમો ક્રમશઃ અવરોહ આવવો જોઇતો હતો એને બદલે સૂરાવલિ એકાએક અટકી

પડતાં સર્પયુગલની ઉત્કૃષ્ટ રસાનુભવની સમાધિદશામાં ઓચિન્તો ભંગ થયો. એ રસસમાધિના ભંગની યાતના અસહ્ય હતી. એ યાતનામાંથી પરિણમતા ક્રોધ અને ઝેર તો એથીય વધારે વિષમ હતા.

એક જોરદાર કૂંકાડા સાથે જાખરાના હાથના પોંચા ઉપર ફેણ પછડાઇ અને તીણા દાંતનો ડંખ લાગ્યો. જાખરના હાથમાંથી મોરલી સરી પડી. રંગમાં ભંગ પડ્યો. પ્રેક્ષકોમાં નાસાનાસ થઇ રહી, પણ સમયસૂચકતા વાપરીને જાખરાએ જનાવરોને માંડ માંડ કરંડિયામાં તો પૂરી દીધા.

થોડી વારમાં જ, હાથના પોંચા ઉપર થયેલા ડંખની જગ્યાએ લીલું કાચ ચકરડું ઊઠી આવ્યું. કદરદાન પ્રેક્ષકોએ ફેંકેલા પાઇપૈસા એને ઠેકાણે એમને એમ પડી રહ્યા અને જનાવરોને કરંડિયામાં પૂરીને માથે ઢાકણું ઢાંકી, એ ઢાંકણા ઉપર ગાયું ઢાળી દઇને જાખરાએ ધેનમાં ધોરવા માંડ્યું.

તુરત ગામ આખામાં વા-વેગે વાત ફેલાઈ ગઇ જાખરા મદારીને પોતાના જ એક આભડ્યા છે. પીઢ સમજવાળા ગામ લોકો બોલવા લાગ્યા:

'સાપ દૂધ પાઇને ઉછેર્યો હોય, પણ સરપ ઈ સરપ. ઇ પોતાનો શભાવ છોડે જ નંઇ.'

'ને ભાઈ, નાનો તોય નાગનો કણો. ઝેર તો એક રતીભાર હોય તોય જીવ લિયે ને ગદિયાણો હોય તોય જીવ લિયે.'

'કૂંતા નથી કે કડિયાનાં મોત ઇમારતુંમાં ને મરજીવાનાં મોત મેરામણમાં ? એમ મદારીનાં મોતિ ય એનાં જનાવરને હાથે જ થાય. કોઈએ જૂની કહેવતની જોડીમાં એક ત્રીજું ઉદાહરણ ઉમેરી આપ્યું.

'સુંડલા સુંડલા જેવડા જોરીંગને સાચવવા ઇ કાંઇ જેવા તેવાનાં કામ છે ? ખાંડાની ધાર ઉપર હાલવા જેવું આકરું તપ છે ઇ તો. મોટા જક્ષમધર જોગી જેવી તૈયારી કરવી પડે ને કરી પાળવી પડે. એટલા સતને જોરે તો માંડ જનાવર ઝાલ્યાં રિયે. રાફડાનાં રેંનારાને સૂંડલામાં પૂરવા કાંઇ સેલાં પડ્યાં છે !'

'ઇ તો જેણે દશવીશ દીવાળિયું વધારે દેખી હોય ઇવા મદારીનું કામ છે. આવાં છોકરડાંવનાં ગજાં છે !'

'ભાઈ, મદારીનો ધંધોય એક કસબ છે. ઇ કસબ ભાર્યે અઘરો છે. જનાવરનેય સગા પેટના દીકરાની ઘોડયે રાખવાં જોઈ. પંદર દિ'ના ઓઘાને પકડેલાં જનાવરને સોળમે દિ' કરંડિયામાં નોજ રખાય.'

'ને ઇ ઓઘાનના દિ'માંય વારે ઘડીએ ચાર કાવડિયાં ઊઘરાવવા સારુ મોરલી ઉપર જોડલાંને નચવવાં ઇ ય રમત વાત છે શું ? લોઢાની છાતીનાં ઈ કામ છે, ને લોઢાની છાતી કાંઇ અમથી થોડી થાય છે ? મનની ચોખાઇ હોવી જોઇએ. આંખ્ય જોઇએ તેલની ધાર જેવી ચોખી ફૂલ. એમાં જરાય મેલ નો હાલે. ભગવાને મદારીને અવતાર ભીખવાનો આપ્યો એટલે ઉંબરે ઉંબરે ચપટી લોટ ભીખવા તો જવું પડે, પણ ઈ નીચી મૂંડીએ ભીખી લેવાનો. લોટ દેનારીના હાથનાં બલોયાં ખખડે તોય ભીખનારાની પાંપણ જરાય ઊંચી નો થાવી જોઇએ.'

'વૈદાની ઉપાસના તો એમજ થાયને ભાઇ ! વૈદા તો કાચો પારો છે એને વૈદાધરજ પચાવી શકે. સરપ-પાળવા ને રમાડવાની ય કળા છે. ઇ કળા હાથ કરવી ઇ કાચાં પોચાંનાં કામ નથી. મદારીની કળા શીખવી તો સહેલ છે, પણ પછી જીરવવી કઠણ છે. ઇ તો કળાધરનાં જ કામ.'

આખા પંચકમાં કાબેલ ગણાતો વાછડા ડાડાનો ભૂવો જાખરાના સર્પદંશનું ઝેર ઉતારવા આવ્યો છે. ભૂવો મંત્ર ભણી ભણીને થાકી ગયો. માથાકૂટ કરી કરીને કંટાળી ગયો પણ ઝેર ઊતરતું નથી.

સહુ હતાશ થઈ ગયા. જાખરો તો ભરનીંદરમાં પડ્યો હોય એમ લાકડું થઈને પડ્યો છે. એને જરા ય શુધસાન નથી લાગતી.

લોકોના ટોળામાંથી નિરાશાસૂચક ઉદ્‌ગારો સંભળાવા લાગ્યા. એથી તો ભૂવાને ચાનક ચડી અને જાણે કે જીવ ઉપર આવીને મંત્રો ભણવા લાગ્યો. એમાં પણ એને સફળતા ન મળી ત્યારે એણે સર્પદંશ સામે-

નો છેલ્લો નૂસખો અજમાવ્યો. એણે લૂગડાનો લાંબો લીરો લઇને મંતરવા માંડયો, પછી એણે સર્વને જણે કે છેલ્લી ચેતવણી આપી. હવે તો સહુએ ધાર્યું કે સરપ હમણાં જ આવીને જાખરાનું બધું ઝેર ચૂસી જશે. અને એ નહિ ચૂસી જાય તો પછી ભૂવો પેલા મંતરેલા ચીથરાને ઊભું ચીરવાં માંડશે તેમ તેમ સરપ પણ ચીરાઈ જશે.

જાખરાના દેહની પડખે બેઠેલાઓ કહે છે કે આ વેળા જાખરો એની અર્ધસભાન અવસ્થામાં આવું કશુંક બબડેલો: 'આ મૂંગા જનાવરને એના કરંડિયામાં ઠાલો શું કામ હેરાન કરો છો, ભૂવા? એનું એકલાનું ઝેર હોત તો તો ઝપટ ભેગું ઊતરી ગયું હોત. આ તો એનાં ઝેર ભેગાં બીજાં ગળચટાં ઝેર ભળ્યાં છે. મૂંઠ મંતરનો ત્યાં કાર નહિ ફાવે.'

ભૂવો એનો છેલ્લો મહાન નૂસખો હજી તો પૂરેપૂરો અજમાવે એ પહેલાં જ જાખરો નિશ્ચેતન બની ગયો.

અને ગોખ-જાળિયામાંથી તગતગતી બે આંખો એના નિશ્ચેતન દેહ પરથી પણ હજુ ઊખડી નહોતી.



દવાખાનાના બાંકડા પર

સૌજન્ય

ગામડે હતો ત્યારે તો સાંભળ્યું હતું કે શહેરમાં રોટલો મળે પણ ઓટલો ન મળે. એનું રહસ્ય મને મુંબઈમાં સમજાયું. નોકરી મળી તે યે મારા ભણતરના પ્રમાણમાં સારી કહી શકાય તેવી હતી. ઓફીસનું કામ પણ ફાવી ગયું. સાહેબ પણ કહેતા કે માણસ નવો છે પણ કામ ઝટ શીખી ગયો. મારો સ્વભાવ કેવો છે તે તો મને શું ખબર! પણ ઓફીસના માણસો કહેતા કે રામુ જેવો કોઈ મળતાવડા સ્વભાવનો માણસ ન જોયો. આમ મને બધી રીતે મુંબઈમાં ગોઠી ગયું હતું. પણ ઓરડીની ભારે મુશ્કેલી હતી. ત્રણેક મહિના તો મારા એક દૂરના સગાને ત્યાં જેમ તેમ કરીને ખેંચી કાઢયા, પણ હવે તો તેમણે પણ નોટીસ આપી દીધી, 'રામુ! મારા ઘેરથી પરમ દિવસે આવવાના છે તો તું કાલથી કયાંક સવડ કરી લેજે. પછી કહેતો નહિ કે મને કહ્યું ન હતું.' 'હવે કયાં જવું! ઓરડી તો શોધીએ જડતી ન હતી. જમવાનું તો વીશીમા પતાવી લેતો હતો. પણ સૂવાનું શું કરવું? આ પ્રશ્ન મને હવે સતાવી રહ્યો હતો. ઓફીસના સાથીદાર મિત્રોને વાત કરી પણ એકે કહ્યું કે તેય બીજાને ત્યાં સૂઈ જાય છે, બીજાએ કહ્યું કે તેને ત્યાં તો પગ મૂકવા જેટલીએ ખાલી જગ્યા નથી. ખોબા જેવડી ઓરડીમાં ચાર છોકરાં અને તે ધણી ધણીઆણી જેમ તેમ કરીને સમાવેશ કરે છે, હવે કયાં જવું? કયાંય આશા દેખાતી ન હતી. પાઘડી ખર્ચે પણ જગ્યા કયાં મળી આવે છે? અને મારા જેવો હજાર, દોઢ હજાર જેટલી પાઘડીયે કેવી રીતે ખર્ચી શકે? મારી પાસે એવી બચત પણ શું હતી!

ઓફીસમાં ગયો પણ મારું ચિત્ત કામમાં ન હતું. માથાપર તલવાર લટકતી હોય અને જેવી દશા થાય તેવી મારી દશા થઈ હતી, કાલથી તો સૂવાની સગવડ બીજે કરવાની હતી. આવડા મોટા મુંબઈમાં મારે માટે સૂવા જેટલીએ જગ્યા ન હતી. મુંબઈમાં ફાડીઆરાની પેઠે માણસો ઊભરાઈ રહ્યા હતા. બધા કયા દરમાં સમાઈ જતા હશે! એક મને જ કેમ પડ્યા રહેવા જેટલીએ જગ્યા મળતી નથી? પેલા સગાને પણ શું કપકો દઉં? એમણે ત્રણ માસ રહેવા દીધો એજ ઉપકાર. એયે વળી એમનાં ઘરવાળાં મુવાવડપર દેશમાં ગયાં હતા તે મારો જોગ ખાઈ ગયો, નહિ તો મુંબઈમાં પગ જ કયાં મૂકત? જો કે સ્વાર્થી મન તો કહેતું હતું ભલા માણસ પડયો રહેવા દેને, તમારી ઓરડી આગળ પડયો રહીશ. જાણે તમારી સાથે રહેતો જ નથી એવી રીતે રહીશ. પણ એમનો સ્વભાવ હું જાણતો હતો, એ તામસી સ્વભાવના હતા. એ બોલે તે પ્રમાણે કરવું જ જોઇએ, નહિ તો મગજ ગુમાવે. અને તો તો ઊભા રહેવું એ ભારે પડે. એકવાર નજીવી બાબતમાં મારાં કપડાં અને બેગ બહાર ફગાવી દીધાં હતાં તે દિવસથી તેમની જોડે જીભાજોડી કરવાનું છોડી દીધું હતું. મેં સાંભળ્યું હતું તેમ પાછા એ વહેમીલા માણસ હતા. મારા જેવા અવલ કુંવારા માણસનો પડછાયો પણ ઘરમાં થાનો પડવા દે! એટલે ત્યાંથી તો ખાલી કર્યા વગર તો છૂટકો જ ન હતો.

જેમ જેમ ઓરડીનો વિચાર કરતો ગયો તેમ તેમ દિલ નિરાશાથી ભરાતું ગયું. આંખે અંધારાં આવી ગયાં. હોટલમાં રહેવા જેટલો પગાર ન હતો. પાઘડી આપી શકું તેવી બચત ન હતી. નોકરી મળી ત્યારે કેવો હર્ષ થયો હતો! એ નોકરી રહેવાની અગવડે છોડવી પડશે? બીજે કયાં જઇશ? આવી સુખની અને પ્રમાણમાં સારા પગારની નોકરી બીજે કયાં મળશે? નોકરી મળી એ સમાચારથી ઘેર માને કેટલો આનંદ થયો હતો. તેમના કાગળમાંયે તેમણે લખાવ્યું હતું: "લે! ભગવાનની કૃપાથી સર્વે સારાં વાનાં થશે. તારા નોકરી મળ્યાનો કાગળ મળ્યો તેજ દિવસે સત્યનારાયણની કથા કહેવડાવી હતી. હવે એક કથા માની રાખી છે, તે એ ઉપરવાળાની અમીદૃષ્ટિ હશે તો આજ વર્ષે કરાવી દઈશું. "માને આનંદ કેમ ન થાય? આજ સુધી નોકરીની આશામાં તો મને ભણવા દીધો હતો. મેટ્રિક પાસ થયો તે સાલ તો પિતાજી ચાલ્યા ગયા. ઘરમાં રળનાર બીજું કોઇ ન હતું. બે નાના ભાઇ અને એક બેન હતાં. એ વખતે જ મારે નોકરી શોધી લેવી પડે તેમ હતું, છતાંએ

માએ મને ભણવા દીધો. બી. એ. સુધીનાં ચાર વર્ષ કેવાં કાઢ્યાં છે તે તો એક બિચારી મા જાણે છે. પિતાજી પાછળ દેવું અને થોડીક જમીન મૂકી ગયા હતા. ઘરમાં જાતે ખેતી કરનાર કોઇ ન હતું એટલે મા ભાગમાં જમીન વવરાવતી. કામ થાય ન થાય તોયે મજૂરી કર્યા કરતી. હું એમને ના પાડતો તો કહેતાં. "ભૈ ! હવે આટલું વરસ છે. તું ભણીને નોકરીએ વળગે એટલે મારે નિરાંત જ છે ને ? આટલું એ ન જોઉં તો ખેતી ભેળાઈ જાય." હું ટ્યુશન કરીને ભણતો. ઘેરથી પાઈએ લેતો નહિ. તોયે મા સમ ખવડાવીને મહીને બચાવેલા વીસ પચીસ રૂપિયા મને દર રજાઓમાં આપતાં. એમની એક જ ગણત્રી હતી કે ભણીને એ તો સાટું વાળી દેશે. અને થયું હતું પણ એમ જ ! પરીક્ષાનું પરિણામ પડ્યું અને અઠવાડિયામાં તો મને આ નોકરી મળી ગઈ. મોંઘવારી અને પગાર મળી સવાસો જેટલી માસિક આવક શરુ થઈ. સવાસો...આ આંકડો મારા માટે, અને માને માટે તો ઘણો મોટો હતો. ગામેગામ વાત પહોંચી ગઇ કે વશરામના રામુને મુંબઈમાં સવાસોની નોકરી મળી છે. મહિને ને મહિને સો ઉપર પચીસ. એનું તો ઊધઈ ગયું. આ પગારની ગણત્રીમાં જ મા પણ બીજી સત્યનારાયણની કથાની ગણત્રી કરતાં હતાં. હું નોકરીએ વળગી ગયો છું એ જાણી કોઈને કોઈ કન્યા વાળો આવી પહોંચશે એમ સૌની માન્યતા હતી. એવી આ નોકરી મારે છોડવી પડશે ?

ઓફીસના કાગળ પર નજર તો હતી પણ મને અક્ષરો નહિ મારી માનું મોં, મારું ઘર, નાના ભાઈ બેન દેખાતાં હતાં. બધાંએ મારી સામે એકી ટશે જોઈ રહ્યાં હતાં. આ બધાંનો આધાર મારી નોકરી જ હતી, બેકાર બનું તો એમની શું દશા થાય? આ મોંઘવારીમાં પણ કરકસર કરીને મેં બે મહિના પછી દોઢસો રૂપિયા ઘેર મોકલાવ્યા ત્યારે ઘરમાં કેવી ખુશાલી થઇ ગઈ હતી ! મુંબઇમાં મારા ગામનું બીજું તો કોઈ ન હતું પણ કાલબાદેવી પર એક ગાંવજો શોપમાં નોકરી કરતો હતો તે ખબર લાવ્યો હતો કે મનીઓર્ડર આવ્યું તે દિવસે તો મા ગાંડાંઘેલાં બની ગયાં હતાં. જેને ને તેને કહેતાં : "સાંભળ્યું; મારા રામુએ પૈસા મોકલાવ્યા, સોને ઉપર પચાસ." પુનમચંદ શેઠને પણ જઇને કહી આવ્યાં કે શેઠ હવે મભરાશો નહિ. મારો રામુ છો મહિનામાં તમારું દેવું ભરી દેશે. આખાયે ગામમાં થઈ ગયું હતું કે, ના... છોકરો બાપનું નામ કાઢશે. વરસ થતાં થતાં તો એને ગમે ત્યાંથી કંકુ ને કન્યા મળી જશે. આ નોકરીપર તો માએ શું શું સરવાળા–બાદબાકી નહિ કરી હોય? એ નોકરી છોડવી પડશે ! ઘરનો, માનો વિચાર આવતાં મારી આંખમાં ઝળઝળીઆં આવી ગયાં.

આ દિવસો યે વરસાદના છે. નહિ તો વળી ક્યાંક બાંકડા પર લાંબા થઇ રાત કાઢી નંખાય. મુંબઇનો વરસાદ આળવીતરા છોકરા જેવો છે, ક્યારે આવશે તેયે ન કહેવાય, ક્યારે બંધ રહેશે તેયે ન કળી શકાય. ક્યારે મીજાજ ગુમાવશે તેયે ન કહી શકાય. આવા વરસાદમાં બહાર કોઈ ઓટલા પર પડ્યા રહેવું એ મુશ્કેલ છે.

મેં અનેક પ્રકારની શક્યતાઓ વિચારી જોઈ પણ કોઇ જોગ ખાતો ન હતો. ઊલટો અંધકાર વધે જતો હતો. ક્યાંક માત્ર સૂઇ જવાનો મેળ ખાય તોયે જગ જીત્યા. કપડાં લત્તાં હું મારા ગામના ગાંવજાની ઓરડી પર રાખી શકું. એટલો ઘસારો તો એ વેઠે એવો હતો; પણ સૂવાની જગ્યા ક્યાં શોધવી ? આ ગડમથલમાં તો એક વાગી ગયો અને બધા ચા પીવા નીકળ્યા. રોજના નિયમ પ્રમાણે અમે ત્રણચાર જણા સાથે જ નીકળતા. તેમણે બધાએ મને સ થે લીધો. તેઓ મારી મુશ્કેલી જાણતા હતા. તેમની સહાનુભૂતિ પણ હતી. પણ બધા નાઈલાજ હતા, પણ મારી ગમગીની દુર કરવા તેઓ ટીખળ કરવા લાગ્યા. અમારામાં એક આધેડ વયના ભાઇ હતા. તેમને અમે કાકાજ કહેતા, તે સ્વભાવે રમુજી હતા, તેમણે કહ્યું :

'રામુ ! નકામો ગભરાય છે. તારે માટે તો ઊલટું સારું છે. એક જાહેરખબર આપી દે કે એક ભણેલા ગણેલા દેખાવડા યુવાનને ઘરજમાઇ રહેવું છે. તને ઘર અને ઘરવાળી બેયે મળશે.' એમની બોલવાની ઢબછબ પર તો હું એ હસી પડ્યો.

'ખરી વાત છે, રામુ કોઈકે એવું જ શોધી

કાઢ. આ બધી ખટપટ નીકળી જાય.'

'અરે કોઈક એકલી રહેતી હોય તેવી શિક્ષિકા કે નર્સને પકડને. તમારા બંનેનો પ્રશ્ન ઉકલી જશે.'

બધાય ખડખડાટ હસવા લાગ્યા. હું પણ તેમના હાસ્યમાં સામેલ થયો. બીજી ઘણી વાતો થઇ પણ હું રોજની પેઠે તેમાં રસ ન લઈ શકયો. ઊઠતાં ઊઠતાં કાકાએ મને ધીમેથી કહ્યું: 'એમાં ગભરાય છે શું કામ ? કયાંય ગોઠવણ ન થાય તો મારે ત્યાં આવજે એ તો થઇ પડશે...'

ઓરડીની ચિંતામાં કંઈ કામ ન થયું અને દિવસ પૂરો થયો. ઓફીસમાંથી નીકળી ફરતો ફરતો ઘેર જતો હતો. આજે ઓરડીની તલાસમાં નીકળ્યો. કાલબાદેવી પર પેલા મારા ગામના ગોયજીને મળ્યો. તેના ધ્યાનમાં તો કોઈ જગ્યા ન હતી. તે બે ત્રણ સાથે સૂઈ જતા હતા. જગ્યા પણ અંધારી ઘોર હતી. દિવસે દીવો કરે ત્યારે તો મોં દેખાય. 'ત્યાં તો તમને ઠીક ન પડે' કહી તેણે અગાઉથી જ માળ બાંધી. ત્યાંથી ફરતો ફરતો પ્રાર્થનાસમાજ બાજુ નીકળ્યો. જેમ તેમ કરીને હું વખત પસાર કરી રહ્યો હતો, ઓરડી પર તો જવાનું દીલ પણ થતું ન હતું.

આમથી તેમ આંટા જ મારતો હતો અને મનમાં કેમ જોગ કરવો તે ગોઠવતો હતો, મને એક જગ્યા એકાએક યાદ આવી. અમારી ઓફીસવાળા કાકાની દીકરી ખૂબ માંદી હતી. કાકાને પણ હોસ્પીટલમાં રહેવું પડે તેમ હતું. તેમણે મને કહેલું કે આજનો દિવસ રાતના ન રહે ? અને હું તેમની સાથે બે રાત હોસ્પીટલમાં જ સૂઈ ગયેલો, ત્યાં બાંકડા પર ઘણા લોકો આવીને સૂઈ જતા. મને થયું સૂઇ જવા માટે એ ઠીક જગ્યા છે. કોઈ પૂછે તો કહેવાનું કે દર્દી ગંભીર હાલતમાં છે એટલે રાત રહેવું પડે તેમ છે. જેટલા દિવસ કપાયા તેટલા તો ઓછા ! મને હોસ્પીટલમાં સૂઈ જવાનો આ વિચાર ખૂબ ગમી ગયો; આખરે કંઈ રસ્તો નીકળ્યો હોય એમ હું ખુશ ખુશાલ થઇ ગયો.

ઘેર ગયો ત્યારે પેલા ભાઈએ મને યાદ પણ દેવડાવી.

'કેમ રામુ ! રહેવાની ગોઠવણ કરી કે ?'

'હા, એક જગ્યાએ ગોઠવાઇ જશે, કાલે સવારે હું સામાન લઇ ચાલ્યો જઇશ.' મેં કહી પણ દીધું, તેમણે વિવેક કરવા કહ્યું:

'આ તો મારે સંકડાશ છે, નહિ તો હું તને ના ન પાડું પણ શું કરું ? ગોખલી જેવડે ઓરડીમાં ..'

મારે તો એમાંનું કંઇ સાંભળવું ન હતું. તેમને ત્યાં આ છેલ્લી રાત હતી. આગે દેખા જાયગા... નવો અનુભવ મળશે.

બીજે દિવસે હું મારો સામાન પેલા ગોયજીની ઓરડીએ મૂકી આવ્યો. 'મેં સૂવાની સગવડ કરી લીધી. સામાન ભલે પડયો રહેતો. સવારે કપડાં બદલવા આવીશ.' કહી હું જમીને નોકરીએ ગયો. હવે કંઇ જ ચિંતા નથી એવા ભાવથી હું સૌની સાથે હસવા બોલવા લાગ્યો અને કામ પણ કરવા લાગ્યો. સાંજના લોજમાંથી જેમીને ચોપાટી પર ગયો, ત્યાં નવેક વાગ્યા સુધી બેઠો. વરસાદ આવ્યો એટલે ધીમે ધીમે હોસ્પીટલ તરફ વળ્યો, જાણે મારું કાયમી ઘર હોય એવા ભાવથી હોસ્પીટલમાં આવ્યો. ખૂણાનો એક બાંકડો ખાલી હતો, બીજા બાંકડાપર તો લોકો સૂઇ ગયા હતા. કોઇ વાતો કરતા બેઠા હતા, કોઇ બીડી પીને રાત કાપતા હતા, મેં કોટ કાઢી ઓશીકું બનાવ્યું અને લાંબો થઇ નિરાંતે સૂઇ ગયો. દર્દીઓની ચીસો, નર્સોની અવરજવર, અજાણ્યું સ્થાન એ બધા કારણે ઊંઘ ઝટ ન આવી. પણ બીજા ત્રીજા દિવસે તો ઘરની પેઠે ઊંઘ આવવા લાગી. આ કંઇ કાયમી યોજના ન હતી એટલે ઓરડીની તલાશમાં પરાંઓમાં આંટો મારી આવતો, શહેરના ભરચક લત્તાઓમાં ઓરડી મળવી મુશ્કેલ હતી. પણ પરામાં કયાંક મળી જાય એવી આશામાં રોજ ઓરડીની શોધમાં જતો, આવીને ચૂપચાપ એ જ બાંકડા પર ગોઠવાઇ જતો, પગ લાંબા કરી ઘસઘસાટ ઊંઘી જતો.

×

એક દિવસે દાદરથી આવતો હતો, ચર્નીરોડ સ્ટેશને ઉતર્યો, વરસાદ તો ઝરમર ઝરમર પડયા કરતો

હતો. એથીયે વધુ જોરથી પવન ફુંકાતો હતો, છત્રી હોય તોયે અડધા તો ભીંજાઇ જઇએ એવી ઝાપટ આપતી હતી. સ્ટેશન બહાર તીકળી થોડીવાર ઊભો રહ્યો. કેટલાક ગાડી કરીને, કોઇક ભીંજાતા, કોઇ છત્રીને ટેકે ચાલ્યા જતા હતા. વરસાદ બંધ રહે તેવું ચિહ્ન તો દેખાતું ન હતું. ક્યાં સુધી ઊભા રહેવું ? મારી બાજૂમાં એક યુવતી ઊભી હતી; તેના હાથમાં ચોપડીઓ હતી. મને લાગ્યું કે કોલેજના વિદ્યાર્થિની હશે; તેની પાસે છત્રી ન હતી એટલે વરસાદ બંધ થાય તેની રાહ જોતી ઊભી હતી. તેના કપડાં પરથી લાગતું હતું કે તે મહારાષ્ટ્રીયન યુવતી છે, મને થયું એને પૂછું ક્યાં જવું છે? પણ હિંમત ન ચાલી. હું આવી બાબતમાં જરા નાહિંમત બની જાઉં છું. છોકરીઓ જોવી ગમે છે, તેમની સાથે વાત કરવી ગમે છે પણ અજાણી છોકરી સાથે વાત કરવાની પહેલ કરતાં આવડતું નથી. 'મુંબઇમાં તો વાત વાત માંથી ભાઇબંધી થઈ જાય છે. ગભરાતો રહીશ તો એકલો જ રહી જઇશ.' કેટલાક મિત્રો ટીકા કરતા. મને થયું પૂછવામાં શું જાય છે અને મેં હિંદીમાં પૂછ્યું પણ ખરું.

'તમારે ક્યા જવું છે ?'

'ગીરગામ' મારી સામે નજર કરી તેણે જવાબ પણ આપ્યો.

'આપને જો કંઇ વાંધો ન હોય તો હું આપને ત્યાં સુધી પહોંચાડું.

'તમને ક્યાં તકલીફ આપવી...'

'અરે એમાં તકલીફ શાની ? મારે પણ એ જ બાજુ જવાનું છે' અને તેને વધુ બોલવાની તક આપ્યા વિના મેં છત્રી પણ ઉઘાડી દીધી; અમે બંને એક જ છત્રીમાં ચાલવા માંડયું. હું ભીંજાઉં તેની મને ફિકર ન હતી પણ તે ન ભીંજાય તે માટે તેના પરજ છત્રી ધરી રાખતો હતો. હું ભીંજાઉં તેની કાળજી રાખતી હોય તેમ તે મારી નજીક, મને ઘસાઇને ચાલતી હતી. અમારા બેમાંથી કોઇ કંઈ બોલતા ન હતા, જો કે મનમાં તો હું ઘણું ઘણું બોલતો હતો; એનું ઘર આવવા થયું એટલે તેણે હાથ લંબાવીને કહ્યું: 'પેલા માળા તરફ.' હું તેને એ માળા નીચે મૂકી ઊભો રહ્યો. તેણે આભાર ભરી નજરે મારી સામે જોયું. એની નજર જોઇ મારી જીભ જ થીજી ગઇ, હું હાથથી નમસ્તે કરી ચાલવા જતો હતો ત્યાં તેણે કહ્યું:

'જો ઉતાવળ ન હોય તો ચા પીને જજોને ?

'ચાની શી જરૂર છે ?' કહેતો કહેતો હું તેની પાછળ દાદર ચડવા લાગ્યો. ત્રીજા માળે એક બે ખંડની ઓરડીમાં તે રહેતી હતી. ઘરમાં બીજું કોઇ ન હતું એટલે સ્વાભાવિક રીતે જ મેં પૂછ્યું.

'તમે એકલા જ રહો છો ?'

'હા' મને પાણી આપી તે મારી બાજુમાં ઊભી રહી.'

'અભ્યાસ કરો છો ?'

'ના, હું દાદરમાં એક શાળામાં શિક્ષિકા છું.'

મને પૂછવાનું તો મન થયું કે 'કુંવારાં છો કે પરણેલાં ?' પણ એ પ્રશ્ન મનમાં જ ગળી ગયો; તે અંદર જઇ પ્રાઇમસ સળગાવી ચાની તૈયારીમાં પડી. ઓરડી નાની હતી પણ તેની ગોઠવણ આકર્ષક હતી, ભીંતપર દેશનેતાઓની અને કુદરતી દૃશ્યોની છબીઓ હતી, એક પલંગ હતો, તેની બાજુમાં ટેબલ હતું; ટેબલપર અંગ્રેજી અને મરાઠી પુસ્તકો ગોઠવેલાં હતાં, ઘર સાદું છતાં સુઘડ હતું, અંદરના ખંડમાં રસોડાનો સરસામાન હતો; તે યે એવી સીફતથી ગોઠવેલો હતો કે મોકળાશ દેખાય. આ બાઇની ગોઠવણીની મનમાં તારીફ કરી રહ્યો હતો ત્યાં તેણે અંદર બેઠે બેઠે પૂછ્યું:

'આપ ક્યાં રહો છો.'

શું જવાબ આપું ! હું ક્યાં રહું છું ? હસીને મેં જવાબ આપ્યો.

'ક્યાંય નહિ...'

'એમ તો હોય ?'

'સાચી વાત કહું છું, તમે સાંભળશો તોયે નહિ

માનો. હું હોસ્પીટલમાં બાંકડાપર સૂઇ જાઉં છું અને રખડીને દિવસ પૂરો કરું છું.'

'તમને ઓરડી નથી મળી ? એમ તો કેમ ફાવે ? ' અને વાત વાતમાં તેણે મારી નોકરી વગેરેની વાત જાણી લીધી.

એ કપ ચા તેણે ટેબલપર મૂકયા અને તે મારી સામે ખુરશીમાં બેઠી.

'આમ તે કેટલા દિવસ નીકળશે ? '

'એની તો મનેયે ખબર નથી' હસીને મેં જવાબ આપ્યો અને ચાની રકાબી પૂરી કરી.'

'તમને જો વાંધો ન હોય તો,' કહી તે જરા ચૂપ રહી અને મારી સામે જોઇ પાછી બોલી: 'વાંધો ન હોય તો અહીં રહેવા આવો.'

'એનાથી રૂડું શું ? ' મારું મન તો ઊછળીને બોલી ઊઠયું, તો યે મેં વિવેક ખાતર કહ્યું 'તમને કયાં મુશ્કેલીમાં મૂકવાં.'

'ના...ના...મને કંઈ મુશ્કેલી નથી. મારે એકલીને આટલી જગ્યાને શું ખાવી છે ! '

આ તો જે ઝંખતો હતો તેજ મળી ગયું. પેલા કાકા અને મિત્રો કહેતા હતા તેવું જ થયું. હું તો બીજે દિવસે મારો સામાન પણ લઇ આવ્યો અને એની ઓરડીમાં ગોઠવાઇ ગયો.

જમવાની વાત નીકળી ત્યારે તેણે કહ્યું:

'હવે વીશીમાં જવાની જરૂર નથી. હું એકનું રાંધતી હતી તે બેનું રાંધીશ, આપણે બંનેને ટાઇમ પણ અનુકૂળ છે, તમને કે મને હરકત ના આવે.'

હું તો મનમાં ને મનમાં ઇશ્વરનો આભાર માનવા લાગ્યો.

'પ્રભુ ! તેં ખરી કટોકટીમાં મારો હાથ પકડયો. મારે તો રહેવાનો અને જમવાનો પ્રશ્ન જ ઊકલી ગયો.' મારી માના પુન્યે આ બધું મળી ગયું એમ પણ માનવા લાગ્યો.

એક ઓરડી, તેમાં બેને સૂવાનું, તે એ બે જુવાન જોધ જેવાં...દિલમાં શું નહિ થયું હોય ! મને એણે આગ્રહ કરીને પલંગમાં સૂવાડયો અને તે નીચે સૂઇ ગઇ. કેવી ભલી બાઈ છે ! નજીવી ઓળખાણમાં મારે માટે કેટલો ભોગ આપે છે ! જ્યાં સૂવાના સાંસા હતા ત્યાં આ પલંગ, આ ઘર અને આ...મારું મન નાચી ઊઠયું, આનંદના ઉભરામાં ઝટ ઊંઘ ન આવી અને પાછલી રાતના કયારે ઊંઘી ગયો તેની ખબરે ન પડી. સવારમાં જાગે તે મને ઉઠાડી રહી છે, કેવા વ્હાલથી જગાડે છે. શરીર પર કેવો સુંવાળો હાથ ફરે છે. આવો હાથ કયાં જ કરતો હોય તો કદી ઊઠું જ નહિ. એનો સ્પર્શ આહ્લાદક લાગે છે, દિલમાં નવી ચેતના ભરી દે છે. એ હાથ ફેરવ્યા જ કરે તો કેવું સારું ! હું ન ઊઠવે એટલે મારા ગાલ પર એણે પોતાના હોઠ ચાંપ્યા; અને પછી તો મારા મોં પર, આંખો પર ને કપાળપર જાણે કે ઝડી વરસી રહી, અરે આનો દાંત વાગે છે. ગાલ પણ ચીકણાં ચીકણાં થઇ ગયા. હું આંખો ખોલી તેનું મોં છાતી સરસુ દબાવવા જાઉં છું ત્યાં મેં શું જોયું ? અરે આતો કૂતરું મને ચાટી રહ્યું છે. હું એકદમ બેઠો થઇ ગયો રૂમાલ વડે મોં સાફ કર્યું: હજુ ન ધરાયું હોય તેમ પૂછડું પટપટાવતું એ કૂતરું મારા પગ ચાટવા લાગ્યું, મને ખીજ ચડી ને મારો બૂટ તેના ડાચામાં જોરથી લગાવ્યો અને તે 'ઉંહ... ...ઉંહ...કરતું ચાલ્યું ગયું.

હું હોસ્પીટલના એજ બાંકડા પર સૂતો હતો. પલંગ...યુવતી, હું ? ચુંબન...કયાં ગયાં ! એક સ્વપ્નું મને સતાવી ગયું ! 'હત ભૂંડા ! આ દશામાં તને એ આવી ક્રૂર મશ્કરી કરવાનું સૂઝયું !' પ્રભુને મેં ઠપકો આપ્યો; અને મારા મોં પર, ગાલ પર હાથ ફેરવી રહ્યો:

વિતૃષ્ણા !

અશોક હર્ષ

સાંજના છએક વાગ્યે અદાલતમાંથી પાછા ફરેલા દી. બ. ધીરેન્દ્રરાય મુનશીએ કપડા ઉતારીને સોફામાં ગોઠવાતાં એક પત્ર એમનાં પત્ની યશસ્વતીના હાથમાં મૂક્યો.

ટિકિટ કે ટપાલની છાપ વિનાનો એ પત્ર દી. બ. ને રૂબરૂ જ મળ્યો હોવો જોઈએ એવા સહજ અનુમાન સાથે યશસ્વતીએ ખુલ્લા પરબીડિયાંનો એ પત્ર વાંચવા માંડ્યો :

" પૂજ્ય પિતાશ્રી.

તમારાથી પચીસક વરસ નાના છતાં દેખાવમા તમારાથી યે ઘરડા લાગતા તમારા પુત્રને તમે કદાચ ઓળખી ન શક્યા હો. હા, કુબેરના ખૂન માટે તમારી જેના સામે ખટલો ચલે છે તે હું જ ચન્દ્રવદન, અદાલતમાં ૧૦ વરસ થયાં તમારાથી વિખૂટો પડેલો તમારો પુત્ર. ખટલાની અંદર જાણીજોઈને મેં પિતાનું નામ દીનાનાથ લખાવ્યું ! અને આખરે તો એ દીનાનાથ જ સૌનો પિતા છે ને ? મારો ફેસલો તમારા હાથમાં છે. પોલીસને મેં હું તમારો પુત્ર હોવાની વાત કરી સારે તેં આ કાગળ તમને પહોંચાડવાને તૈયાર થયેલ છે અને જેલમાં પણ એ કારણે મારા તરફનું વર્તન સારું છે. મારે મેં કરેલા ગુના બદલ છૂટકારો નથી મેળવવો—જો કે સામા પક્ષના કાચા પુરાવા પરથી તમે ધારો તો તેમ પણ કરી શકો છો—મારો વાંક હું સમજું છું. પણ મારી આજની દશા માટે હું મને એકલાને જ દોષપાત્ર નથી ગણતો.

તમને સાંભરે છે કે મારા નાનપણથી તમે કોઈ દિવસ તમે મને ખોળામાં લીધો હોય, બચકાર્યો હોય, સાથે ફેર્યો હોય, મારા પ્રત્યે સહેજ સરખો પણ પ્રેમ બતાવ્યો હોય ? હું નિશાળે જતો, ન જતો તે બધું તમે દરગુજર કર્યા કરતા. હું કોની સોબતમાં ફરતો એ તમે જાણતા છતાં મને તેથી વારતા નહિ. મને જોઇએ તેટલા પૈસા તમે વાપરવા આપી દેતા, એ યે ઓછા પડે ત્યારે ઘરમાંથી હું ચોરી સુદ્ધાં કરી જતો, અને એ પૈસાનો હું શો ઉપયોગ કરતો તે બધું તમે જાણતા છતાં કોઈ દિવસ મને એમાંથી વારતા નહિ કે મારા કમનસીબ ભાવિથી મને ચેતવતા નહિ. એક પિતા પોતાના પુત્ર તરફ આટલી હદે કેમ બેદરકાર થઈ શકે એનો આજે મને વિચાર આવે છે—જો કે આજથી દસ વર્ષ પહેલાં મેં આપણી કામવાળીની છોકરી પર બળાત્કાર કર્યો ત્યારે મને બે હજારની તદ્દન કોરી કડકડતી નોટો કાઢી આપીને 'જા, તારું કાળું કર, કરી મોં ન બતાવતો' કહીને કાઢી મૂકેલો ત્યારે મને તમારી એ ભલમનસાઈ લાગેલી, પણ આજે મારી જિંદગીનું ઠેઠ શરૂઆતથી અવલોકન કરતા મને લાગે છે કે તમારી એ ઉદારતા પાછળ ભલમનસાઈ નહિ પરંતુ મારાથી છૂટકારો મેળવવાની ઈતેજારી જ રહેલી હતી.

કુબેરને તો મેં મારી બહેન સમી માનેલી સ્ત્રી પ્રત્યેના ગેરવર્તાવ બદલ માર્યો હતો—એને મારી નાખવો નહોતો, પરંતુ મરી ગયો તેનો યે ખાસ અફસોસ નથી. અફસોસ એટલી વાતનો છે કે તમે—મારા પિતાએ મારા પાછળ સહેજ કાળજી લીધી હોત તો આજે હું આ સ્થિતિમાં ન હોત. તમે જે કર્તવ્ય નથી બજાવી શક્યા તે બદલ ઠપકો આપવા હું આ નથી લખતો, પણ હવે મારા પોતાના મનમાં મારી જિંદગી સુધારવાનું ઊગી આવ્યું છે એટલે જો કુબેરના ખૂન બદલ મને માત્ર બેપાંચ વરસની સજા આપશો તો એ સજા ભોગવી ચૂક્યા પછી મારે હાથે મારી જિંદગી સુધારવાનો અવસર મારે માટે રહેશે. આથી વધુ કંઈ મારે કહેવું નથી.

આપનો ચરણરજ
'ચન્દ્રવદન'

પત્ર પૂરો થતાં યશસ્વતીની આંખો દી. બ. સામે તકાઈ હતી. દી. બ. હજુ નીચે માથે પરસેવો જ લૂછતા હતા.

'તમને ખાતરી છે એ ચન્દ્રવદન જ હતો ?' યશસ્વતીએ સવાલ કર્યો.

'હા.' દી. બ. જરા પણ બંધનકારક ન નીવડે

એવો જવાબ આપ્યો.

'કાગળ વાંચેલો ?'

'સજા આપ્યા પછી ચેમ્બરમાં વાંચેલો.'

'સજા કરી ? કેટલા વરસની ?'

'ફાંસીની.'

'ફાંસીની ?'

'હા.'

'હાય, આપણો વદન...' યશસ્વતીથી ડૂસકું મેલાઈ ગયું.

'યશુ, આપણો, નહિ તારો. વદન મારો નહિ પણ તારો છોકરો હતો. છાતીએ હાથ મૂકીને ખાતરી કરી જો કે આપણા પરણ્યા પછી સાતેક મહિનામાં તો એનો જન્મ નહોતો થયો ? ત્યારે એ વાત કુ ગળી ગયો હતો પણ એનો ભાર મને નહોતો સતાવતો એમ નહિ. આપણી ન્યાતની સરસમાં સરસ છોકરી તરીકે તને પસંદ કરવામાં આવેલી અને વદનના આઘાતજનક જન્મ છતાં તારા શરીર તરફની મારી તૃષ્ણા ઓછી નહોતી થઈ. વદનના જન્મ પછી તું માંદી પડતા મેં એ બહાનું પકડી લઈને જાણી જોઈને જ તારું ઑપરેશન કરાવી નાખેલું. તારાથી સંતાનપ્રાપ્તિનો મારો ઉત્સાહ તે દિવસથી જ માર્યો ગયેલો, પણ તારો બીજો ઉપયોગ મને હતો અને એ ઉપયોગ ઑપરેશન કરાવીને મેં સરળ બનાવી દીધો.. અને છેલ્લે એ પણ કહી દઉં કે આ ઉમરે હવે તો એ પણ તૃષ્ણા રહેવા નથી પામી.'

નીચે મોંએ જ આ અલ્પ વચનની સમાપ્તિ કર્યા પછી દીવાન બહાદુરે ઊંચું જોયું ત્યારે યશસ્વતી બે હાથે મોં ઢાંકી દઈને પાસેના સોફામાં ઢગલો થઈને પડી હતી.

ત્રીજા પ્રયાણને છેલ્લે ખાંભે

ઝવેરચંદ મેઘાણી

રાયદે બહારવટિયાની આખી કથા મેળવવા માટેનો સુયોગ આ રીતે બન્યો. હરદાસ રાણસૂર લુણા નામના એક ચારણભાઈ મળવા આવ્યા. કહે કે થોડાક છંદો રચીને લાવ્યો છું. આ રીતે નવાં જોડકણાં કરી કરીને લાવવાનો જે શોખ અત્યારના ચારણોમાં લાગ્યો છે તેની છાપ મન પર સારી નથી. એ કૃતિઓ નકલી હોય છે. વિશેષમાં એની અંદર રાષ્ટ્રીય ભાવનાનું પોતું મારેલ હોય છે. મને એમાં રસ નહોતો. જુવાન હરદાસને કહ્યું : 'તમારી રચનાને તો શું કરું ! પણ તમે તુંબેલ ચારણ છો, તો જાવ બાનડીમાં, રાયદેનો કડીબંધ કિસ્સો લઈ આવો.' ભલો જુવાન, થોડે મહિને સાંગોપાંગ, એના હસ્તાક્ષરોમાં જ આવડયું તેવું ઊતરડી આવ્યો. સૂચના આપેલી, કે રાયદે વિશે જે શબ્દોમાં વાતો સાંભળો તે જ શબ્દો, રૂઢ પ્રયોગો, વાકયો, વહેમો, માન્યતાઓ, બિલકુલ ઓપ ચડાવ્યા વગર ટપકાવજો. એ સૂચનાનું હરદાસ ગઢવીએ અણીશુદ્ધ પાલન કર્યું, પરિણામે આપણને, ગતાંકે જોયું હશે કે, તાદશ શબ્દચિત્ર મળ્યું. કેટલા લાક્ષણિક બોલી-મરોડો પ્રાપ્ત થયા ! અને રાયદેનાં જોમ જવાંમર્દીના મરોડદાર પ્રસંગો સાંપડયા. આંદામાનને કાળે પાણીએથી, એક તકલાદી લાકડાપર બેસીને અફાટ દરિયામાં ઝુકાવ્યું, એ વાત સાચી છે, ને કલ્પના સમક્ષ એકવાર ખડી કરવા જેવી છે. આંદામાનથી પાછા કાઠિયાવાડને કિનારે ઊતરીને પણ અસલના અધૂરા રહી ગયેલા ભયંકર જીવન-પ્રવાસને ફરી જારી કરનાર એ તુંબેલ જુવાન કેવીક માટીનો ઘડેલો હશે તે વિચારપાત્ર છે. હરદાસ પાસે આખો દિવસ બેસી, ખૂબ શ્રમ લઈ, એ ભાષાને પણ મગજમાં બંધ બેસતી કરી.

× × ×

તુંબેલ શાખાના ચારણોમાં માનવ-વંશશાસ્ત્રના અભ્યાસીને માટે એક વિશિષ્ટ રસવાળું પ્રકરણ પડેલું છે. આ ચારણ-દાયરાને છંદો, વાર્તાઓ, કાવ્યો, કવિતો ઈત્યાદિ, મારુ સોરઠિયા ચારણોની, સભારંજની સામગ્રી પ્રત્યે, રાજરજવાડાંની પ્રશસ્તિ કરવાના ધંધા પ્રત્યે ઊંડી અને હાડોહાડ ધૃણા છે. તેને તેઓ નીચેના નાનકડા દુહા દ્વારા બતાવે છે—

ઘોડે ઘેરી ઘસ્સિયું,
દિયે તરારે તુંબેલ;
ગાલીએં છંદાં ગેલ
સોંપ્યાં સોરઠિયે કે.

અર્થ—અમે તુંબેલો તો વેરીજનોને ઘોડે ઘોડે ઢાળી દેનારા, ને તરવારે ઢીમનાગ રહ્યા. વાતો છંદોનાં ગેલગુલતાન તો સોરઠિયા ચારણો ! તમને જ સોંપ્યા છે અમે !

આવી ખુમારીને પોષનારો તેમની ઉત્પત્તિ વિશેનો તેમનો પૌરાણિક ખ્યાલ છે. તુંબેલોના પ્રભવ વિશે તેઓ આ કથા કહે છે—

શિવજીને ઘેર ચાર પ્રાણી હતાં : સિંહ, પોડિયો, સર્પ ને ઉંદર. ચારેને ચારવા લઈ જવાની મુશ્કેલી. કારણ અંદરોઅંદર લડી પડે. એટલે પાર્વતીએ કપાળનો મેલ ઉતારી પૂતળું ઘડ્યું, તેમાં જીવ મૂકયો. એને બનાવ્યો ગોવાળ. આ ગોવાળે ચારે પ્રાણીઓને શંકરની આણ દઈ ક્ષેમકુશળ ચાર્યાં. પાર્વતી પ્રસન્ન થયાં. કહે કે, તને અપ્સરા પરણાવું. ગોવાળે માગી આવડ નામે અપ્સરા. આવડે એવી શર્ત કરી, કે તારા ઘરમાં રાજ તો મારું ચાલે. જે દિ' મારું રાજ ન ચાલે તે દિ' ચાલી જાઉં. ગોવાળ કહે કબૂલ. બેઉના ગૃહસ્થાશ્રમમાંથી છંડેસર, કતાણુંદ, લીરવરાસ, તંબર, નાદ, ગણ, ગંધર્વ, જખ, જેવજે (જયવિજય), નીલ, અનિલ, એટલા દીકરા ને લાંચબાઇ દીકરી થયાં. તેરમો ગર્ભ પેટમાં હતો. એવે એક વાત બની. આવડ ભેંસ દોવા બેઠાં. ત્રાંબડી

ઊંધી રાખીને દોવા લાગ્યાં. ચારણ કહે-'તાંબડી ઊંધી છે, સીધી કરો.

ચારણી કહે : ના, સીધી જ છે.

ચારણ :- તાંબડી સમી ગીન; સરખી મેઈ કે મીડ; નકાં લકડી લઇ ડિનો, મથ્યો જોરી વિજનો. (તાંબડી સરખી રાખ, ને ભેંસને સરખી રીતે દો, નહિંતર એક લાકડી લગાવીશ ના, તો માથું ભાંગી જશે.)

અવડ ઊભાં થઈ ગયાં. તાંબડી ફેંકી દીધી. પેટમાં ગર્ભ હતો, તે પેટ ચીરી બહાર કાઢી એક તૂંબડામાં નાખ્યો, લઈ ને ઊડયાં, ઊડતાં ઊડતાં ગૂંગણા નામે સમુદ્રમાં તૂંબડું નાખ્યું, ને સમુદ્રને ભલામણ કરી કે 'ચાર મહિના મારા પેટમાં હતો, હવે પાંચ મહિના તું સાચવજે.'

પછી આ તૂંબડું સિંધ સમોઇના રાજા સમાને હાથ આવ્યું. એણે ઘેર લઈ જઇ કુંવર તરીકે એ બાળકને ઉછેર્યો, એનું સગપણ ઝાલા અને સોઢામાં કર્યું. માતાએ સ્વપ્નમાં આવી કહ્યું કે ચારણ બાળને રાજકન્યા ન પરણાવાય, રાજા કહે કે મારું વચન નહિ ફરે. માતા કહે કે, ઠીક, હું યોગ્ય કરીશ. એણે લગ્ન-ચોરીમાં આવી રાજકન્યાને શિરે લોબડી (ચારણીને ઓઢવાની કામળી ઢાંકી. તે દિ'થી એ (તુંબેલ-તુંબડામાં સેવાયેલ) ચારણનાં બે કુળ : સોઢી રાણીના તે મધુડા તુંબેલ અને ઝાલાની કન્યાના તે સાખડા તુંબેલ.

× × ×

સામાન્ય વાચકોને માટે કદાચ નીરસ બની જાય તેવી આ વિગતોને, અભ્યાસીઓ પૂરતી વિશેષ ઉપયોગી બનાવવા માટે હવે તો પૂરી જ આપી દઉં. તુંબેલ ચારણોની શાખા પેટાશાખાઓનાં નામો આ મુજબ છે.

ગૂંગણા શાખાની પેટા શાખા:—ટા, કાગ, રાગ, ફડાસ, મૂત, મવર, ગઢ, સિંધીઆ, ભાકચર વરમલ, ભીંડા.

ભાનવાચા શાખાની:—લૂણા, જામ, સંઠીઆ, બુધીઆ, મોવાણીઆ, ભાદરવા, ધમા, વડ, સીહડા, મેઘડા.

પરચુરણ:—કાંરીઆ, સુમલીઆ, અવસૂરા, મસૂરા, બૂચડ, સાંખરા, મધૂડા.

××
×

પ્રાંત પાછાં ઊલટે છે, અને ફરીવાર ૧૯૩૯ની સાલના એપ્રિલ મહિનામાં જૂનાગઢ શહેરના પેલીસ ઉપરી શ્રી છેલભાઇની રેલીના ચોગાનમાં લઈ આવે છે. ચાર પાંચ તુરી (અંત્યજ ગાયકો)ની મંડળી સામે બેઠો છું. મંડળીમાં એક સુંદરી (એ નામનું રબરંગી-વાદ્ય) વાગે છે. બીજાં સહવાદ્યો પણ સૂરતાલ પૂરે છે, અને મંડળી ગાય છે : સોન-હલામણની, મેહ-ઊજળીની, ખીમરા-સોડણની, સૂરના હેમિયાની, રાણક-રા'ખેંગારની દુહાબંધ લાંબી લોક-કથાઓ. એમના ગાનયુક્ત વાર્તા-કથનથી આ વાર્તાઓનો કલાત્મક ઘાટ વિશેષ સ્પષ્ટ બનતો આવે છે. દેશવટે કાઢવામાં આવેલો હલામણ માતૃભૂમિ ધૂમલીથી નીકળી જે માર્ગે ચાલ્યો ગયો, તે માર્ગ પરના એક પછી એક પ્રિય સ્થાને ઘડીક બેસી બેસી વતન અને વલ્લભાનું સ્મરણ કરે છે. બાયરનનું ચાઈલ્ડ—હેરોલ્ડ બી. એ.માં ભણેલો હતો. એ યાત્રીના યાત્રાપથની, તેમજ યાત્રાને સ્થળે સ્થળે એણે કરેલા કાવ્યાભિષેકની કડીઓ તાજી થઇ. લોક કવિતા—બ. ક. ઠાકોરના શબ્દોમાં 'હીનસંપન્ન છતાં મહાત્મ્યબીજ'—પણ, પોતાની રંક સંપત્તિની પોટલી સાથે જ એ મહાપંથે જ પરવરી છે એ વિચાર સોન-હલામણની ગાથાએ પેદા કર્યો. હલામણ પણ સ્થળનિર્દેશનું પગેરું મૂકતો ગયો છે, તે આ રીતે—

જોઈ જેતાવાવ, નવલખા ન્યાળા નહિ.
રામાપોળનું રાજ, પ્રાપતમાં હોય. પામીએ.
ઢેબરને ઢોરે, દીબે મન ટકયું નહિ
કાનમેરાની કોરે આવી મન આંટા દિયે.
એકલ બગાધાર, મનામણાં જાણે આવશે,
દેશવટો ધરાર દીધો શિયે જેઠવે
જળોરાની જોક, આતમ અંધોળ્યું નહિ;
સ્વગાપુરીનો સંતોક, પાછું મન પામે નહિ.

વીસળપરને વાસ, મેડીયું બબે મંડાવિયે
નતનું ગંગાજળ નાત, આભપરો આંખ્યું આગળે

વીશળપરના વાણિયા, એક સંદેશો સુણ્યે,
સોનલ આંઈથી નીકળે, તો બાબા જુહાર ભણ્યે.

તન ઊભું ટૂંકડે, મિંયાણીએ મન માને નહિ
ઘેર્યું લે ગાંધવીએ, લટકયું લાંબા ઉપરે.

મિંયાણીની મોર્યે, હાકલ્યું મન હાલે નહિ:
કરંડ કોયલાને, લટકયું લાંબા ઉપરે.

હાબા ડુંગર હેઠ, હલામણ હિંચોળ્યો નહિ,
આવતો ઊડળ લેત જતને કરીને જેઠવો

× × ×

ઉપરના ઉદ્ગારોમાં જેતાવાવ, નવલખા મહેલો, ઢેબર નદી, કાનમેરો ડુંગરો, જાળેરા ગામ, વીસાવાડું, ટૂંકડું, ગાંધવી, લાંબું ને મિંયાણી નામે ગામો, અને છેવટે સિંધનો ડુંગર હાબો, એ સર્વ વિયોગી વાર્તાનાયકનાં પ્રયાણ પર પરનાં સાચાં વિરામસ્થાનો અદ્યાપિ મોજૂદ છે. દરેક સ્થળે વિયોગનું વેદના-પગેરું પડ્યું છે.

××
×

'મને દુહા ઘણા હંયે છે ભાઈ.'

આમ કહેનાર તરફ હોઠ હાંસી રમ્યા હતા. આજે એ જુવાન ક્યાં છે? શું કરે છે?

પૂછપરછ કરેલી. એ તો ફકીર થઈ ગયો છે, એવી કંઈક માહિતી મનમાં રહી ગઈ છે.

'રહમાં એ જુવાન સૌરાષ્ટ્ર-છાપખાનાનો કારીગર હતો. અનાડી લેખે એની નામના હતી. વા સાથે બાઝવા ઊડતો. એને કોઈ ગણતી નહોતી. એનામા કોઈ સાહિત્ય હોઇ શકે ખરું? છતાં આવીને આપમેળે કહે કે દુહા આવડે છે, લ્યો લખાવું.

'આ લે.' કહીને નોટ જ આપી. 'તું જ લખી ને લાવ.'

લખીને લાવ્યો હતો. ટાંચણ-પોથીમાં શાહીને અક્ષરે મોજૂદ છે—

હાલામણ જેઠવો

બદલે બીજા લોક, બરડાઇત બદલે નહિ,
કુળને લાગે ખોડ, હીણ કરે હલામણો.

એવા બીજા દુહા જેને છેડે હલામણનું વિલોગી મોત—

હાબાની હદમાં ય, પીઠી ભર્યો પેઠાડિયો.
મીંઢળ છૂટ્યાં મસાણ, હારી બેઠા હલામણો

રાણા પ્રતાપ

અકબર ઘોર અંધાર, ઉંઘાણા હિંદુ અવર
જાગે જગદાતાર, પહોરે રાણ પ્રતાપસિંહ

'બિડદ—છહુંતદીના' જે છોંતેર દુહા ચારણ કવિ દુરશા આઢાએ સોનાના સાચા સિક્કા 'સરીખા કરીને પાંચસો વર્ષ પૂર્વે આપ્યા, તેમાંના આઠેકની રચાએલી એ બિરદાવલિ રાજસ્થાનેથી પાંગરી ક્યાં જતી ફેલાઈ! એક અદ્ભુત મોસેસલામ પણ જાણે.

ઢોલા-મારૂ

દુવો (હો) દિલમાંય, ઉલટ વિણ આવે નહિ;
ખાવું ખોળામાંય, ભૂખ વિના ભાવે નહિ.
માઈ! માઈ! મન ઝંખું, માઈ ઘેલડિયાં;
પાણી પીતા આર્યો કેડેલિયો. ફૂટી બંગડિયાં

પછી તો સોરઠી બોલીની સગી બહેન જેવી કચ્છી પ્રાંતબોલીમાં ઓણે પ્રેમકથાઓના દુહા ટપકાવ્યા છે. કારાયલ સમો, લીલા કોર, ઓઢો કેર, લાખો ફુલાણી, હમીર સુમરો, મામઇ, રાણો અને મુમલ; પણ લખાવટ પદ્ધતિ વગરની છે. પંક્તિઓ ને ચરણો અસ્તવ્યસ્ત છે. ખેર, એ અનાડી મુસ્લિમ યુવાનના અદ્ભુત હૃદયમાં વસેલી કવિતાએ મારી પોથીમાં વિસામો મેળવ્યો, એ પણ મહત્ત્વની વાત છે.

××
×

ટાંચણ-પાનું ફરે છે:—

મનવેધુ કોઈ માન્યા નહિ,
માન્યા એટલા ગરજી;
દિલની ભીતર જામા ફાટયા
કેમ સીવે દરજી!

×

દલહીણાં મનમાં દગા,
મીઠું બોલે મોઢા;

આવે પલ ત્યારે ઓસરે
નેચળના ! સંગત્યું નો'ય.

સજ્જણાં ! પરઘર જઈ કરી,
દુઃખ ન ગાયાં રોય;
ભરમ ગમાવે આપણો,
વેચી ન લિયે કોય.

દિલવિહોણા, બેદિલ, કપટી દિલવાળા માણસો પર લોકસાહિત્યમાં ઠેર ઠેર આવા પ્રહારો નજરે પડે છે. થોડા દિવસ પર એક ભાઈ આવ્યા, કહે કે 'એક નવું ભજન શીખી આવ્યો છું.' આબાદ હલકથી ગાયું.

બેદિલ મુખથી મીઠું બોલે,
એને વેણે વેહમંડ ડોલે
રે મુંજા બેલીડા !
બેદિલનો સંગ નવ કરિયે રે.

કપટી માનવી મીઠું તો એવું બોલી જાણે, કે 'એને વેણે વેહમંડ ડોલે': એના શબ્દોથી બ્રહ્માંડ ડોલી ઊઠે ! એવો તો એનો વાગાડમ્બર હોય છે. ફાંકડું સ્વભાવાલેખન ! દર્દભર્યો એ વિષય ત્યાં જ અટકી જાય છે.

××
×

ત્રણ ભજનોની, ટાંચણ-પાનાંમાં નવી ભાત પડી છે.

(૧)

વેલા ધણી ! વચન સુણાવ રે
આગમ-વેળાની કરું વીનતિ.

બાળુડા ! બાળુડા !
મુવાં મૈયતને બોલાવશે.
એને હથેળીમાં પરમેશર દેખાડે રે
એવા પાખંડી નર જાગશે.

બાળુડા ! બાળુડા !
જળને માથે આસન વાળશે,
એનાં અધર પોતિયાં સુકાય રે— એવા૦

બાળુડા ! બાળુડા !
બગલાની વાંસે બાળા દોડશે,
એક નરને ઘણી નાર રે એવા૦

બાળુડા ! બાળુડા !
ઘોડામુખા નર તો જાગશે
એની વાણીમાં સમજે નહિ કોઈ રે—એવા૦
વેલનાથ ચરણે રામો બોલિયા,
ઈ છે આગમના એંધાણ રે— એવા૦

પાખંડી નરોનું આ કળિયુગમાં જાગવું, એ આ ભજનની આગમ-વાણી (ભવિષ્યવાણી) થઈ. મુર્દાને બોલતાં કરી બતાવે, હથેળીમાં પરમેશ્વર દેખાડે, પાણી પર બેસી બતાવે, એવાને પાખંડીઓ કહેનારો ભજનિક એક શિકારીમાંથી પલટાઈને અહિંસાનો ઉપાસક બનેલો કોળી હતો. ગુરુ વેલો બાવો પણ કોળી હતા. ચારિત્રહીન ચમત્કારવિધાયકોની જાદુગીરીમાં સપડાઈ જનારી શ્રદ્ધાળુ દુનિયાને ચેતવનારા આવા શબ્દોથી ભરપુર એવી આપણી લોકભજનોની વાણી આપણને ચકિત કરે છે. જેને આપણે અંધશ્રદ્ધાની પોષક માની હતી તે જ આ વાણી પાખંડોની સામે સાવધાની પુકારે છે; ને એનો એક ચેતવણીસ્વર તો આધુનિક યુવતીઓને માટે શબ્દશઃ સજુગતો છે: 'બગલાની વાંસે બાળા દોડશે.' ઊજળા દેખાતા બેવફા પ્રેમિકોની પાછળ લટ્ટુ બનતી બાળાઓનો ઉલ્લેખ એક કોળીના ભજનમાં થાય એ પણ વિલક્ષણ વાત છે.

'ઘોડામુખા નર' કયા તે કળાય છે ! 'એની વાણીમાં નહિ સમજે કોઈ રે !' એટલે કેવા લોકોની વાણી ? વિદ્વત્તાના ડોળધાલુઓની ? પોકળ દલીલબાજોની ? શબ્દમાત્રથી સત્યને ચૂંથળાવી મારનારા વિષયગામી વાદ પ્રચારકોની ?

નરી શબ્દચાતુરીથી દુનિયાને સર કરનારાઓ પર ભજનવાણી હમેશાં આ પ્રહાર કરતી રહી છે.

× ×
×

[૨]

મને નાતો બંધાણો હરિના નામનો.
તનથી તોડયો નહિ જાય,
મનથી મેલ્યો નહિ જાય-મને.

પાંદ સરીખી મીરાં પીળી હુઈ
લોક જાણે પંડ્ય રોગ;
ચાર પાંચ લાંઘણું મીરાંને પડિયું,
આવ્યો હવે હરિ ભજવાનો જોગ—મને૦
ચાર પાંચ વૈદ શાણાએ તેડાવિયાં,
પકડો મીરાંની બાંય:
જાવ વૈદ તમે તમારે ઘેર
મારે ઓસડ ન કરવું કાંઈ રે—મને૦
ખતુ ચડું ખતુ ઊતરૂં,
ખતુ નગરની પોળ,
ઘાયલ થઇ ઘરમાં ફરું
મારી તલપ ન બૂઝે તોય—મને૦
બાઇ મીરાં કે' પ્રભુ ગીરધરના ગુણ,
દેજો સંતો ચરણે વાસ,
કાશી નગરના ચોકમાં
ગુરુ મળ્યા રોહીદાસ—નાતો૦

મીરાંના તીવ્ર મનોભાવ; પણ ભાષા અને રચના સોરઠની તળપદી; મીરાં, ગોપીચંદ, ભરથરી, ગોરખ કોઈ પણ પરપ્રાંતીય સંતનો કિસ્સો લ્યો, એનાં ઊર્મિસંવેદનોને આત્મસાત કરીને સોરઠી ભજનિકોએ એને આપેલો કલાત્મક શબ્દદેહ એનો નિરાળો જ છે. એ સાહિત્યધન તળપદું સોરઠી છે, સ્વભૂમિનો જ પાક છે. નહિતર 'પાંદ સરીખી મીરાં પીળી હુઈ' એવો પ્રયોગ ભાગ્યે જ સાધી શકાયો હોત.

××
×

[૩]

દલ-દરિયામાં ઝખંડ દીવો રે.
દેખ્યા વિનાનું મારું મનડું ડોલે રે.
પ્રાંત્યુંના ભરિયલ ઓલ્યા ભવોભવ ભૂલ્યા ને,
સતગરૂ વિનાં તાળાં કોણ ખોલે રે.
આ રે મારગડે અમે આવતાં ને જાતાં,
આનંદ ભર્યો મારા મનડાની મેળે રે
છેલ્લી સનંદના તમે સુણો મારા લાઇલા!
આખર જાવું સગે જગ છેલે-દલદરિયામાં.
દોરે ને ધાગે સાજાં ન થાયેં
છવ્યાની દોરી એક હરીને હાથ રે,
જડી રે બુટીનું જોર નવ ચાલે,
(નીકર) ધંતર વૈદ તો મરી કેમ જાત રે—
કુળદાવો છોડયો મેં તો તમ સારુ શામળા!
મીઠો મેરામણ મારે મોલ ન આવે રે,
કે રવિસાબ બરુ ભાણને પ્રતાપે,
ખેલ ચૂકે એ ફરી નવ ફાવે રે.

ભજન-વાણીમાં ફરી ફરીને એકોપાસના પર જ આગ્રહ મુકાય છે. દોરા ધાગા ને જડીબુટ્ટીનાં વહેમ-જાળાંને માથે પ્રહારો દેવાય છે. છેક નીચલા થર લગી ઊતરીને પણ આવું પ્રબોધનારી લોક-સંસ્કૃતિને પ્રગતિશીલ કહ્યા વિના ચાલે નહિ.

××
×

આ ત્રીજી ટાંચણ-પોથીનાં આખરી પાનાં ગીરના બહારવટિયા રામવાળા વિશેની નોંધથી ભરેલાં છે. એને જોતાં મને યાદ આવે છે ગીર-નાકા પરનું એ લાખાપાદર નામનું પોલીસ-આઉટ પોસ્ટ. આ સરકારહીન અને કોઈએ નહિ ઘડેલા શૈશવનું એ પ્રકૃતિ-પારણું હતું. એજન્સી પોલીસનાં માણસો લાખાપાદર થાણે બદલી થતાં ધ્રૂજી ઊઠતા, એને કાળું પાણી સમજતાં. ત્રીસ માઈલ તો જ્યાંથી તે કાળે રેલ્વે વેગળી, શાકપાદડું પણ જ્યાં સોગંદ ખાવાય ન જડે, પાણી જ્યાં ગીર-ઝાડવાંનાં ઝેરી મૂળિયા ગળેવાં પીવા મળે, નિશાળ ને દવાખાનું જ્યાં નામનાં, વસ્તી જ્યાં કાઠિયાઈ—છોતાં બની ગયેલી, વેપારી જ્યાં સાઝા બેઃ એવા, દોષિત નોકરને સજા રૂપે મોકલવા માટે વપરાતા લાખાપાદર થાણાનું આકર્ષણ મારાં બાળ-ચક્ષુઓમાં ઊલટા જ પ્રકારનું હતું.

× × ×

અંગ્રેજી બીજા ધોરણથી જ જેણે એક અગિયાર વર્ષના બાળકને માવતરથી ઊતરડીને વીશ માઇલ વેગળો અભ્યાસ માટે ફગવી દીધો હતો, પારકાં ઘરના ટુકડા રોટલાનો અને પૂરું છાલિયું પણ નહિ એટલી છાશનો ઓશિયાળો કરી મૂક્યો હતો, તે જ આ લાખાપાદર થાણું એ પરઘરાવલમ્બી બાળકને માંદગીના કે લાંબી ટૂંકી રજાના દહાડા આવતાં, ગાય વાછરુને ખેંચે તેમ ખેંચતું. અને વાટ-નરસે

આવતાં કદી કદી બેસી જનાર ટારડા ટટ્ટુ પર અગર તો ઊઠતાં તેમજ બેસતાં અસ્વારના શિશુ-શરીરને શીર્ષાસનની તાલીમ આપતા ઉસ્તાદ સરીખા અઢાર-વંકા ઊંટની પીઠ પર જ્યારે બેસીને આ અગિયાર વર્ષનો પરજીવી બાળક એક પછી એક ગામડાં પાર કરીને આવતો હતો—એ જામકું, શીલાણું, શેત્રુજીની આભઊંચી ભેખડ-ટોચે કોઈક ધક્કો મારે ને નીચે જઈ પડે એવું જણાતું એ ભયંકર, એ દરબાર સાહેબનું ગામ ઢસા, દહીડા, ગરમલી,...ત્યાં તો આથેરી ધરતી ઉપર, ઘટાદાર વૃક્ષોની લેલુબ, હરિયાળીના એક વિસ્તીર્ણ કુંડાળાની વચ્ચે, વેરાન સૂકા જમીન-ટુકડા પર ઊભેલાં થોડાંક ચૂનાબંધ ખોરડાં દેખાય, પછી શેલ નદીના જળ-ઘૂમવાટ સંભળાય, ઊંટ કે ઘોડું લગભગ ઊંધે માથે થઇને નીચે ઊતરે એવા એ નદી પાર કરવાના ઊંડવઢ આરામાં તો પગ મહામહેનતે પેઘડાંમાં રહે, અને કૈક બળદોને તોડી નાખનારી તેમજ કૈક ઊંટિયાઓને લપસાવી ભાંગી નાખનારી એ શેલ ભયંકર છતાં રમ્ય ભાસે.

* * *

આ લાખાપાદર થાણું, જેની ઊંચી ભેખડ પર એ ઊભેલ છે તે વસમો વોંકળો ચમનિયો, અને બીજી તરફ જરાક ખસીને છુપાઈ—જાણે ઘૂમટો કાઢીને વહેતી ગામુખી ગંગા—

આજ સાંભરે છે એ શૈશવના નિસર્ગાશ્રયો, એક તો એ કારણે કે શિશુ-કાળની નધણીઆતી, લાલન-વિહોણી અને ગૃહકલહની મૂંગી મુરઝાતી લાગણીઓને કોમળ શીતળ સ્પર્શ કેવળ આ ગીરપ્રકૃતિ તરફથી જ મળતો હતો; અને બીજા એ કારણે કે બીજી વાર જ્યારે હું બી. એ. માં ભણતો હતો ત્યાર વેળાનું પિતા-ધામ બનેલું આ લાખાપાદર હરહમેશ, રાત્રિ ને દિવસ બહારવટિયા રામવાળાને ભણકારે ધ્રજતું હતું. વાવડી ને ધારગણી, રામભાઈનાં વતન-ગામ, એ તો લાખાપાદરને અડીને ઊભાં હતાં. હું જ્યારે મારાં પોથાં વાંચવામાં પડયો હતો ત્યારે, બેડી દડીના અને એકવડિયા છતાં કસાયેલ બદનના પિતા ઘોડાની પીઠ પર બહારવટિયાની સામેના બંદોબસ્ત નિમિત્તે ભાટકતા હતા. કૈક જવાંમર્દ અને જાખી (ડાયા જેવા) મોટા અમલદારોની ત્યાં થતી આવજા, ત્યાંથી પછી હેટના પોશાક કાઢી નાખીને, રામભાઈ ક્યાંક ભેટી જાય તો સામાન્ય સપાઈમાં ખપવા માટે માથા પર બાંધી લેવાતા ખાખી સાફા, રામભાઈ ઊગમણાં ગામડાં ધમેડતો હોય ત્યારે આથમણી કૂચ કદમ કરી જતી મોટી ગાયકવાડી ટુકડીઓ—અને બાપુ ઘેર આવે ત્યારે જ એમને જીવતા જાણી પછી 'આજ તો રામવાળો મળ્યા હતા' એ વાણી એમની કનેથી ઊંચે શ્વાસે સાંભળેલી વાતો :

૧૯૧૪-૧૫નાં એ વર્ષો યાદ આવે છે, અને વેકેશન ખૂટી જતાં ફરી પાછા કોઈક ઘોડીની કે ઊંટની પીઠ પર, લપસણી બીહામણી તોયે શિશુહૃદય-સોહામણી શેલને સામે પાર, સપાટ ખુમચા જેવી ભોમકા પર વહેતું થતું વાહન, પાછળ ફરી ફરીને કેટલી વાર નિહાળેલાં એ ચુનાબંધ ખોરડાં, ફરી પાછાં બીજે માર્ગે આવતાં રંક અને રોટીવિહોણાં એ ગામડાં—એ માણાવાવ, પાલરમઢ, હાલરિયું, હૂલરિયું, ફરી પાછી ત્યાં એ ભેટતી ને છાનો દિલાસો દેતી મંગળમૂર્તિ ભદ્રવાહિની, પહોળા પટવાળી સુજલા સુફલા સોરઠી શેત્રુજી :

ઊતરીને એનું પાણી ઓબે ઓબે પીતો, પગ ઝબોળીને ટાઢો થતો—ને સાંજે તો પાછી શરૂ થઈ જતી, પારકા ટૂંબા ખાઇને રોટલો પામતી ઓશિયાળી વિદ્યાર્થી અવસ્થા. રે! પાથામાં જોઉં તો કશો જ નક્કર કુલ સંસ્કાર, રક્તસંસ્કાર, નગર સંસ્કાર, ધર્મસંસ્કાર નથી જડતો, જડે છે ફક્ત આ શેત્રુજી, સાતલ્લી અમે શેલ સમી નદીઓનાં નીર સમીરણ મારફતનાં થોડાં નિસર્ગ લાલન; પણ એટલેથી થોડું આ માનવજીવનનું લાકડું ઘાટમાં આવે છે! બહુ બહુ અણઘડયું રહી ગયું. મોટો ઢુમેળ મચી ગયો. ખેર! પૈસો રામવાળો તો બાપડો એટલું ય ન પામ્યો. એનો તો આ દુનિયા સાથે કોઈ મેળ જ ન મળ્યો. કાળને પંથે લગ્નમોડ પહેરીને ચાલ્યો, તો સાથીઓમાં લૂંટારુ-મૈત્રીની નીતિ પણ ન નભી, અને પોતે ગોરબંધને હાટડે મહોમોલું જીવન પાછું દઇને સસ્તું મોત માગી લીધું હતું તો એ મોત પણ કમોત બન્યું. નહિ તો એ રામવાળો પણ શેલ નદીના જ અંકમાં ક્યાં નહોતો આળોટયો!

*

[અનુસંધાન પૃષ્ઠ ૨૪ પરથી]

માટે હજી ઘણી ખેંચ રહે છે. બ્રિટિશ ઓવરસીઝ એરવેઝ કોર્પોરેશન તરફથી ઊડતાં વિમાનો દર અઠવાડિયે ૧૦૨ મુસાફરોની હિંદ-બ્રિટન વચ્ચે લાવજા કરી રહેલ છે. તે ઉપરાંત એ જ પેઢી તરફથી અઠવાડિયે બે વાર બ્રિટન-સિંગાપુર અને બ્રિટન-સિડની (ઑસ્ટ્રેલિયા) વચ્ચે ઊડતાં વિમાનો હિંદમાં કરાચી અને કલકત્તાના મથકો પર ઊતરે છે. હિંદી પેઢીઓ હિંદ બહારની વિમાની સફરો કરી શકે તેને માટે વાટાઘાટો ચાલી રહી છે.

લશ્કરના વિમાની દળ પાસેથી વધુ ને વધુ વિમાની-મથકો નાગરિક વપરાશ માટે છુટ્ટાં થઇ રહ્યાં છે. ગયા જુનમાં જ અમેરિકન વિમાની દળે કરાચીના વિમાની મથકનો કબજો સોંપી દીધો છે. એને હિંદનું મુખ્ય જકાતી-મથક બનાવવા માટે પુનર્રચના ચાલી રહી છે. આ વિમાની મથકોની વ્યવસ્થા સંભાળનારા યાંત્રિક નિષ્ણાતો અને કારીગરો તરીકે હિંદી વિમાની દળ અને નૌકાદળમાંથી છુટ્ટા થયેલા માનવીઓને રોકી લેવામાં આવે છે. મધ્યસ્થ સરકારના 'સિવિલ એવિએશન ડિરેક્ટોરેટ' (નાગરિક વિમાની વ્યવહાર ખાતું) હસ્તકનાં ૨૭ વિમાની મથકો અત્યારે નાગરિક વિમાની સફરો માટે ખુલ્લાં છે અને વપરાઈ રહ્યાં છે. તેની સંખ્યા વધીને ૧૪૬ ઉપર પહોંચે એવી અત્યારની યોજના છે.

હિંદમાં વિમાની સફરનો આ રીતે વિકાસ થઈ રહ્યો છે. પણ બીજા દેશોએ એની પહેલી શરૂઆત કરી હોવાથી એમની સાથે થઈ જવામાં આપણે વિશેષ જહેમત ઉઠાવવી પડશે. ખાસ કરીને તો ઝડપમાં વધારો અને મુસાફરીના દરમાં ઘણો ઘટાડો કરવાની આપણે ત્યાં જરૂર છે. એમ નહિ થાય તો હવાઈ સફરની હિંદી પેઢીઓ પરદેશી હરીફો સામે નહિ ટકી શકે. આપણી રેલ્વેના પહેલા વર્ગમાં માઈલે બે આનાનો ટિકિટનો દર છે. પણ આપણાં વિમાનો દર હવાઈ-માઈલે ત્રણથી ચાર આના લઇ રહ્યાં છે. આ રીતે રેલ્વેની પહેલા વર્ગની મુસાફરી કરતાં ૫ બમણું ભાડું આપણાં વિમાનોમાં મુસાફરી કરનારાઓને આપવું પડે છે. અમેરિકામાં, ન્યુયોર્કથી ચિકાગો (૮૦૦ માઇલ) જનારને રેલ્વે માર્ગે પહેલા વર્ગમાં રૂ. ૧૩૦ આપવા પડે છે, પણ વિમાનમાં એ મુસાફરી માત્ર ૧૧૬ રૂપિયામાં થઈ શકે છે. અમેરિકાની ઝડપી આગગાડી કરતાંય ત્યાંનાં વિમાનોની ઝડપ ચારગણી હોય છે.

વિમાનો અને રેલ્વે વચ્ચેની આવી કટોકટીની હરિફાઇનો યુગ આપણે ત્યાં પણ આવશે. જો કે, વિમાની-સફરમાં ગમે તેટલી પ્રગતિ થાય તો પણ ટૂંકી (સોએક માઈની) મુસાફરીઓ માટે લોકો રેલ્વે અને મોટરનો ઉપયોગ કરવાનું ચાલુ રાખશે. પરંતુ, વિમાની-સફરના દર આપણે ત્યાં પણ જ્યારે રેલ્વેના પહેલા વર્ગના દર કરતાં ઓછા થશે ત્યારે પછી લાંબી (૫૦૦-૧૦૦૦ માઈલની) મુસાફરી કરનારાઓનો મોટો જાથ રેલ્વે છોડીને વિમાનમાં બેસતો થઈ જશે.

(અનુસંધાન પૃષ્ઠ ૧૮ પર થી)

રણ૦ સુવર્ણચંદ્રક

રણજિતરામ સુવર્ણ-ચંદ્રકનો અધિકારી સર્વાનુમતીથી પસંદ થવો જોઇએ એવી મતલબની ગયા પહેલાના અંકની અમારી નોંધના સંબંધમાં શ્રી ગુજરાત સાહિત્ય સભાના મંત્રીશ્રીઓ તરફથી એવો ખુલાસો મળ્યો છે કે, પ્રતિવર્ષ એમની સમિતિની આ કામ માટે મળતી સભામાં પ્રથમ જુદાં જુદાં નામો રજુ થાય છે, તે પ્રત્યેક પર મતો લેવાય છે અને વધારે મત જેતી તરફેણમાં પડે છે તેનું નામ ફરીવાર પેશ થાય છે ને સર્વાનુમતે જ સ્વીકાર પામે છે. એટલે વસ્તુતઃ બહુમતીથી નહિ પણ સર્વાનુમતિથી જ ર. સુ. ચંદ્રક અપાય છે.

આ ખુલાસા માટે મંત્રીઓના આભારી છીએ.

તા. ૨૪-૯-૪૬

કલકત્તાનો હત્યાકાંડ

'સ્વરાજ્ય આશ્રમ' વેડછી.

તા. ૨૬-૮-'૪૬

પૂ. રવિભાઈ.

અમે કલકત્તાથી તા. ૨૨મી એ અહીં આવી પહોંચ્યા છીએ. ત્યાંની હકીકત નીચે લખું છું.

તા. ૧૫મીએ અમને સ્કૂલમાં નોટિસ મળી ગઈ હતી કે, તા. ૧૬મી એ રજા છે.

૧૬મી નું સવાર થયું. બહાર બધે શાન્તિ લાગવા માંડી કારણ કે ટ્રામ અને બસ બંધ હતાં. લોકોનો વ્યવહાર પણ બંધ હતો.– ૬॥ વાગે કસરત કરી બહાર મકાનમાંથી આવ્યા ત્યારે મારકેટમાં "બંધ કરો... બંધ કરો–'ના અવાજ આવવા માંડયા. એટલે મેં નીચે જોયું તો લીગના નિશાનવાળા બંધુઓ હાથમાં મોટી મોટી લાઠીઓ લઈને દુકાન બંધ કરાવતા હતા.

–ત્યાર પછી તો અમે અમારા કામે વળગ્યા. કારણ કે તોફાનની કલ્પનાજ અમને નો'તી.

હું લેન્ટરકેપ કરવા બેઠો. અને તડકો માથે બરાબર ચઢયો એટલે આજે બંધ કરી આવતી કાલે પૂરો કરવાનું નક્કી કરી ઘરમાં ગયો ત્યાં લલ્લુભાઈ એક આનાના મમરા કયાંકથી ખરીદી લાવ્યા. કારણ કે આજે અમે ૧૨ વાગે જમવા જવાના હતા. રોજ ૯॥ વાગે જમતા.

મમરા ખાઇને બહાર નીકળીએ છીએ ત્યાં દૂર-દૂરથી કંઈક અવાજો આવવા લાગ્યા. કોલાહલ જેવા. એટલે એ બાજુની અગાસી તરફ અમે જોવા ગયા તો ત્યાં દૂર ખૂબ દૂર ઢીંગણું ચાલતું હતું. અને અમારી ગલી આગળ પણ એક મુસલમાન-ટોળું એકઠું થયું હતું. એની આગળની ગલી આગળ પણ એવું જ ટોળું હતું. ત્યાર પછીની ગલીમાં પાછળ હિન્દુ ટોળાં હતાં : એમાં કેટલાક પાસે જ લાકડી હતી. બાકીના પથ્થરો મેળવવાના પ્રયાસ કરી રહ્યા હતા. અને આગળનાં ટોળાં ઉપર ફેંકવાની ચેષ્ટા કરી રહ્યા હતા. પેલા દૂરના ટોળામાંથી અવાજ મોટો થતો જતો હતો. મારો... મારો... એવો અવાજ કોલાહલમાંથી સ્પષ્ટ આવતો હતો. અને બે ચાર મિનિટમાં તો દોડાદોડી પણ થવા લાગી આ ગતિના ચેપે અમારી નજીકનાં ટોળાંને પણ અસર કરી અને એમણે પણ દોડાદોડી શરૂ કરી.

ત્યાં તો અમારા બીલ્ડિંગની દક્ષિણ દિશાના હેરીસન રોડ ઉપર [એ પણ ખૂબ જ નજીક બીલ્ડિંગને અડીને પસાર થતો રોડ] તો બરાબર જામી ગયું : અને અમારા આંગણાના ટોળાએ એ બાજુ ધસારો કર્યો. બીલ્ડિંગ ઉપર પણ પથ્થર અને ઈંટો-બોટલો આવવા મંડી, એ બીલ્ડિંગ (અમે રહીએ છીએ એ મારકેટ) ઉપરથી પણ કેટલાકે ઈંટો ફેંકવા માંડી. (ઈંટો ઉપર હતી. કારણ કે ઉપર એક માળ વધારાનો બંધાતો હતો.) ત્યાં તો ભાગો એવી બૂમ પડી અને અમે ઓરડા નજીક આવ્યા. મેં તો પહેલાં ધાર્યું કે પોલિસો આવી હશે. એટલે ગભરાયો નહિ પણ રૂમમાં ભરાઈ જવાનું કહ્યું. અને કહ્યું કે ગુંડા છે ત્યારે તો હાજા ગગડી ગયા અને ખૂબ ગભરાયા.–નીચે ધમાધમ થતું જાય અને ઉપર બધાના જીવ તાળવે ચોટતાં હતાં. દરેકનાં મોં ઉપરથી નૂર ઊડી ગયું હતું.

૦॥ કલાક પછી શાન્તિ થઈ એટલે બારણા ખોલી બહાર જરા જરા કરી કેટલાક નીકળ્યા અને જોયું તો કેટલાક ગુંડાઓ હાથમાં છરા લઇને આમ તેમ ફરતા હતા. દૂર દૂર અને અમારી પેલી દક્ષિણની બાજૂએ જબરા કોલાહલ ચાલુ હતા. આ રીતે અમને બે ચાર વાર ઘરમાં મૃત્યુની સોડમાં લપાઈ જવું પડયું.

ચારેક વાગે પોલિસ આવી અને ઠગલે ઠગલા ઠલવાઈ નાકે નાકે ફક્ત ઊભી રહી. ગુંડાઓ હાથમાં છરા વગેરે જે હથિયાર હતાં તે સાથે એમની ચારે બાજુ વિંટળાઈ વાતો કરવા લાગ્યા. અને ત્યાં પડેલા લીલાં નાળિયેર કાપી એમને પિવડાવવા લાગ્યા, જે છરાથી ખુન કરતા એ જ છરાથી નાળિયેર કાપી પિવડાવતા હતા.

આ રીતે ૦॥–૦॥। કલાક વીત્યો. અમને કંઈક શાન્તિ થઈ. પણ થોડી વાર બાદ પાછી દુકાનો ધીરે ધીરે લૂંટવાની શરૂઆત કરી. પોલિસોની હાજરીમાં દુકાનો લૂંટાતી હતી. કલકત્તામાં સાગમાં સારી પ્રખ્યાત દુકાનો અહીં લૂંટાવા લાગી. અને છએક વાગે પ્રથમ આગનાં દર્શન થયાં. ધીરે ધીરે આગ વધવા લાગી. આ રીતે એમણે [ગુંડાઓએ] બીજા હથિયારનો ઉપયોગ કરવાની શરૂઆત કરી.

અમને હવે બીજી ચિંતા વધી. તેમાં એક ભાઈએ કહ્યું કે આજે દિવસના તો આપણે બચ્યા છીએ પણ રાતે આપણા ઉપર જરૂર હલ્લો આવશે, અને આગ ચાંપશે. કારણ કે આપણે કોંગ્રેસવાળા છીએ અને એની એ લોકોને ખબર છે.

અમે પંદરેક જણ હતા અને અખિલ ભારત ચરખા સંઘની ઓફીસમાં રહેતા હતા એટલે અમારા શ્વાસ વધી ગયા. પણ છેવટે જે થાય તે. મરી જઈશું આમ વિચાર કરીને ટોળું વળીને બધા બેઠા. કારણ કે ક્યાંય જવાય એવી સ્થિતિ હતી જ નહિ.

રાત્રે ૯ વાગે કરફ્યુનો ઓર્ડર થયો. પણ એની અસર કંઈ જણાઈ નહિ. કારણ કે અવાજો અને આગના ભડકા તો ચાલુ જ હતા.

અમે સૂતા સૂતા વિચાર કરતા હતા કે સવારે જો શાન્તિ દેખાય અને જો ટ્રામ ચાલે તો ભવાનીપૂર સોમાભાઈ ભાવસારને ત્યાં ચાલ્યા જવું. પણ સવારે ઊઠ્યા, ત્યારે તો હોંકાર શરૂ થઈ ગયા હતા. (પછી સાભળ્યું કે ભવાનીપૂર પણ સલામત નથી)

બીજા દિવસની સવારે કંઈક શાન્તિ હતી. ગુંડાઓનાં ટોળાનું પ્રમાણ ઓછું હતું. છતાં નાકે નાકે બધા હતા તો ખરા જ. અમે અગાશી ઉપરથી નીચે જોતા હતા, આગ તો ચાલુ જ હતી. હવે તો રસ્તાઓ ઉપર લૂંટાએલી દુકાનોની બાકી રહેલી વસ્તુઓ બાળતા હતા. આજે તો એક પણ દુકાન સારી રહી ન હતી.

૯–૧૦ વાગે તો ભયંકરતા ગઇકાલ કરતાં વધી ગઈ એકવાગે અમારા મકાનમાં અને મારકેટમાં દોડાદોડી થઈ ગઈ. ગુંડાઓનો સંગ્રામ અમારા મકાનની નીચે ચાલતો હતો. દરવાજા ઉપર ધમાધમ અવાજો થતા હતા. હવે તો અમારું આવી બન્યું એમ નક્કી માની લીધું. દરેકનાં મોઢાં રડવા જેવાં અને બિલકુલ સુકાઈ ગયાં. પણ પ્રભુકૃપાએ ૨૦ મિનિટમાં કંઈક શાન્તિ થઈ અને ટોળું દક્ષિણ દિશાના હેરીસન રોડ ઉપર દોડી ગયું હતું.

ગઈ કાલનો આખો દિવસ અને આજની ગભરામણ એકધારી ચાલુ હતી. એટલે બધા સુકાઈ ગયા હતા. ૧૦ વાગે અમારી સંસ્થાની મુખ્ય વ્યક્તિઓ અમારી બાજુની ઓફિસ ખોલી નવાં નવાં કપડાં પહેરી તૈયાર થઈ અમારી વચ્ચે આવી. અમે તો જોઈજ રહ્યા. પછી નિરાંતે બેસી એમણે કહ્યું. જુઓ હવે આપણે ક્યારે મરીશું એ કહેવાય નહિ. માટે મને એક વિચાર આવ્યો છે, કે આપણે કોઈ પણ રીતે અહીંથી છટકવું. ક્યાં જવું એ નક્કી ન હતું કારણકે બધાજ કલકત્તાની બહારના હતા. જોકે અમારા સિવાયના બધા બંગાળી હતા. પણ એમણે અમારા વિષે ખાસ વિચાર કર્યો : અને અમને કોઈ પણ ગૂજરાતીને ત્યાં પહોંચાડી શકાય એ રીતે રસ્તાઓ વિચારવા માંડયા.

અને છેવટે અમે પણ કુદરતને આધારે જવા માટે તૈયાર થયા. અમારી પાસે ફક્ત સાડા છ આના જ હતા. એટલે અમે વિચાર કર્યો કે આપણી પાસે એવી કઈ વસ્તુ છે કે જે કંઈ પણ ખરીદી શકે :– એક પેન અને એક ઘડિયાળ સાથે રાખ્યાં. અને એક જોડ કપડાં એક સાથે પહેરી લીધાં.

તૈયાર થઈને બેઠા. અને લાગ જોતા હતા. ૧૨ વાગ્યા ત્યારે ત્યાંથી ટોળું આઘુંપાછું થયું એટલે અમે

સામે હિન્દુના લત્તાઓમાં ભરાઈ ગયા.

ત્યાં ગયા એટલે ખબર પડી કે હિન્દુઓની તૈયારી કેટલી છે. ગલીએ તીડની માફક બધા યોદ્ધાઓ લડવા તૈયાર હતા. વચ્ચે વચ્ચે ભુંગળું લઈ–સાવધાન–ગભરાશો નહિ. સૌ સૌને મોરચે ખડે રહોના અવાજો કરતા ફરતા હતા.

અમે એક પછી એક ગલીઓ પસાર કરતા હતા. બધી હિન્દુ વિસ્તારમાં વિસ્તરેલી હતી. પછી એક મારવાડીને ત્યાં પહોંચ્યા. પણ એ ભાઇઓ કલકત્તા છોડી ગયા હતા. એટલે આગળ ચાલ્યા. રસ્તાઓમાં અને ગલીને નાકે હથિયાર સાથે લોકોની સજ્જ સેનાઓ તૈયાર દેખાતી હતી. બધા જ જોશમાં હતા.

મુખ્ય રસ્તાઓ વચ્ચે આગના સ્થળો આવતાં જતાં હતાં.

છેવટે જ્યાં અમે જમતા હતા એ સ્થળે શાન્તિભાઇને ત્યાં પહોંચ્યાં. ૧૫ મિનિટનો રસ્તો, ૧–૧૫ કલાકે પહોંચ્યા.

ત્યાં ઘણી સલામતી દેખાઈ. છતાં વાતાવરણ તો ઘણું જ ઉગ્ર હતું. શાન્તિભાઈ અને બીજા એમના મિત્રો સ્વયંસેવકનું કામ કરતા હતા. શાન્તિભાઇએ એક ૩૫૦૧ રૂપિયાની મોટર ભાડે લાવ્યા હતા અને ઘેરાએલા હિન્દુઓને બચાવતા હતા.

એમણે અમને બધા સમાચાર પૂછ્યા, બાદ તરત જમવાની વ્યવસ્થા કરી. અમે ત્રણ જણ હતા. બે અમે અને અમને મૂકવા આવનાર બંગાળી યુવાન.

બીજે દિવસે સાંજે ખાવાનું મળ્યું ત્રીજે દિવસે સાંજે જમ્યા હતા.

પછી તો અહીં ભેગા થએલા મિત્રો પાસેથી વાતો સાંભળવા લાગ્યા. આ ઘરમાં ૩૦–૩૨ માણસો ભેગાં થયા હતા. બિલ્ડીંગમાં તો ૨૦૦ એક માણસો હશે.

એ લોકો શાન્તિભાઈ અને એમની મંડળી રેડ ક્રોસનાં બેડ લગાવી મોટરમાં જતા હતા. રસ્તે ખૂબ જ લાશો પડેલી હતી. એક વાર તો એક હિન્દુ લત્તામાં એક ટોળાની નજીકથી એક સ્ત્રી જતી હતી. એમને ભાગતી જોઇ ટોળાએ માન્યું કે આ મુસલમાન છે એટલે એકે કુહાડીનો ઘા કર્યો અને માથું કાપી ગયું. લોહીની શેડ ઊડી. અને સ્ત્રી પોકારી ઊઠી. દેખો મેરે ખૂનખૂનમેં હિન્દુત્વ બહ રહા હૈ! આખું ટોળું જોઇ રહ્યું અને સ્ત્રી ધબાક દઇને નીચે પડી. આગળ હિન્દુઓ મુસલમાની બિલ્ડિંગમાં રહેતા હતા તેમને એકે એકને કાપી નાખ્યાં બાળકોને અને સ્ત્રીઓને ત્રીજે અને ચોથે માળથી નીચે ફેંક્યાં. સ્ત્રીઓનાં સ્તન કાપી વસ્ત્ર ઊતારી વાળ તાર જોડે બાંધી લટકાવી. હાથ પગ કાપી હારબંધી ગોઠવી. આ બધું નજરે જોયેલી હકીકત ત્યાં આવતી હતી. કારણકે ભારત દૈનિકના રિપોર્ટરો અમારી બાજુની બિલ્ડિંગમાં રહેતા હતા. છોકરીઓની અને છોકરાઓની હોસ્ટેલમાં ઘૂસી જઈ બધાનો નાશ કર્યો છે. આ રીતે જે આવ્યું એનો નાશ કરવામાં જરાએ અચકાયા નથી. બન્ને કોમોનો જુસ્સો બરાબર જામેલો રહેતો હતો.

આ રીતે બીજા દિવસની રાત પણ આવી. અહીં અમારી ગભરામણ શમી હતી. કારણકે ગૂજરાતીઓ વચ્ચે હતા. અને આફતનો સામનો કરવાની તૈયારી હવે તો આવી ગઈ હતી. બા સિવાય છૂટકો જ ન હતો.

રાત્રે ઊંઘતો શેની આવે ! છતાં મગજને થાક એટલો હતો કે આંખ બંધ થઈ જ જતી હતી. ૯ વાગ્યા હતા અને ખૂબજ ભયંકર ઉગ્ર અવાજો આવ્યા એકદમ આ થયું. ઘંટ શંખ, વ્હીસલ અને વંદે માતરમ્–જયહિન્દ, સાવધાન અને અલ્લાહો અકબરથી આકાશ ભરાઇ ગયું.

અમારા સ્થળથી દોઢથી બે ફર્લાંગ પર રામસિતાનું મંદિર હતું. એના ઉપર ૨૦૦૦ હજાર મુસલમાનો હલ્લો લાવ્યા હતા.

થોડીવારે એટલે અર્ધાએક કલાકમાં શાન્તિ થઇ. સવારે ખબર પડી કે એમને પાછા કાઢયા હતા. મિલિટરી પણ આવી ગઇ હતી. પણ અરધા કલાકમાં એજ હલ્લો પાછો આવ્યો અને પાછો ગયો. આ રીતે ત્રણ ચાર વાર હલ્લો આવ્યો હતો. આ રીતે ઠેર ઠેર આટલી મોટી સંખ્યામાં હલ્લા થયા હતા.

સવારે ખબર પડી કે મુસલમાનો ચાર-પાંચ ચાર-પાંચની ટોળીમાં આમ તેમ હિન્દુ લત્તાઓમાં તપાસ માટે નીકળ્યા હતા. એવી એક ટોળી અમારા લત્તામાં સપડાઈ ગઈ હતી. હિન્દુઓને ખબર પડતાં પાછળ પડયા હતા. એ પાંચ ભાગતા સામે મિલિટરી મળી અને બાર થતાં ત્રણ ત્યાં પડયા અને બાકીનાં બે ભાગી છૂટયા હતા. આ ત્રણ લાશ અમારા મકાનથી ૧૦૦ ડગલાં જ દૂર પડી હતી.

બીજો દિવસ પણ ભયંકરતા સાથે જ ઊગ્યો. આગોના સમાચાર આવ્યે જ જતા હતા.

અમે જ્યાંથી છટકયા હતા ત્યારે જે આગ લાગી હતી. એનાથી અમારી માર્કેટનો એક ભાગ રાખના ઢગલામાં પરિણામ્યો હતો. બીજા ભાગની ખબર પડી ન હતી. અમે નીકળ્યા પછી તરત જ હિન્દુઓએ સામે મુસલમાનો પર ગોળીબાર કરવાથી એ લોકો ખૂબ ઉશ્કેરાયા હતા અને આજુબાજુના હિન્દુઓના ખુરદા કાઢી નાખ્યા હતા. અમે એક કલાક મોડા થયા હોત તો આજે આ લખવા પામ્યો ન હોત. અમે જ્યાં પહેલાં કોલેજ સ્ટ્રીટમાંથી ભાગ્યા એ જગ્યાએ મુસલમાન અને હિન્દુ બન્ને સાથે જ ૫૦–૬૦ સંખ્યામાં ઘેરાએલા હતા. બન્ને ગરીબ ગાય જેવા હતા.

૯–૧૦ના અરસામાં પ્રતાપભાઈ-ગૂજરાતી શાળાના આચાર્ય, પહેલાં અંબાલાલ સારાભાઈને ત્યાં બાલશિક્ષક હતા, એ આવ્યા, સાથે બે ત્રણ જણ હતા અમારા ખબર પૂછ્યા પછી કાન્તિભાઈના ખબર આપ્યા. કાન્તિભાઈ એમની સાથે રાવળપીંડીમાં હતા. અને એમના રાહત કાર્યના કેસીઅર હતા. એમણે ગયા દિવસે ૪૦૦૦ રૂપિયાની મોટર ભાડે કરી હિન્દુઓને ખસેડવાનું કાર્ય કર્યું હતું. એ લોકો બિલકુલ હથિયાર સાથે તૈયાર થઈને આવ્યા હતા

ખબર આપ્યા કે સર્વે વિનાશ થઈ રહ્યો છે.

આ દિવસે લશ્કર આવી ગયું હતું અને મોટરોમાં અને ચાલતા આખા શહેરમાં ઘૂમી રહ્યું હતું.

બે દિવસ પોલિસોની જરા પણ ખબરયા હતી નહિ. અમારી ટુકડીનાં માણસોમાંથી ભાગી બચીને આવેલાઓએ જોયું હતું કે પોલિસો ક્યાંક ક્યાંક લૂંટમાં ભાગ પડવતા હતા. પ્રતાપભાઈ કહેતા હતા કે કેટલીક જગ્યાએ પોલિસોએ મુસલમાનોને હથિઆરની પણ મદદ કરી છે.

ત્રીજે દિવસે બપોર સુધીમાં અમારા સામેના પાર્કમાં બસોથી ત્રણસો અસહાય માણસોનું ટોળું ભેગું થયું હતું અને હજી લોરી ભરીભરીને લાવવામાં આવતાં હતાં. ત્યાંતો ત્રણ ટેંક ત્યાંથી પસાર થઈ અને ત્રણ બાર કર્યા અને અમારી નજર સામે પાંચ વ્યક્તિ ઢળી પડી.

આજે લશ્કરનો પણ ખૂબ ભય હતો. બેફામ ગોળીઓ છૂટતી હતી. અને કમનશીબો ધરણીએ ઢળતા હતા.

બપોરે ચારેક વાગે અમે પડયા પડયા લલ્લુભાઈ સાથે વિચાર કરતા હતા કે હવે શું કરવું.

આમ ક્યાં સુધી પડયા રહીશું. જૂઓને આ ૨૦–૨૫ દિવસ સુધી શાન્ત થાય એવી સ્થિતિ નથી. કાલે અષ્ટમી આવશે પછી આવશે ઈદ અને પછી કોંગ્રેસ ગવર્નમેન્ટ આવશે. એટલે આ કોઈપણ રીતે શાન્ત થાય એમ નથી. અને એક માસ પછી તો આપણું પૂજા વેકેશન છે. એટલે આપણાથી બે અઢી માસ સુધી સ્કૂલમાં જઈ શકાશે નહિ. તો આપણે ઘેર જઈએ તો !

આમ વિચારતાં નક્કી કરી નાખ્યું. બીજે દિવસે એટલે હુલ્લડના ચોથે દિવસે અમે સવારે ૧૦ના તુફાન મેઈલમાં નીકળવાનું નક્કી કર્યું.

રાત આવી. અને મિલિટરીની સંખ્યા વધી.

૮–૯ વાગ્યા અને જયહિન્દ, શંખ, ઘંટથી આકાશ ભરાય ગયું, પાછા હલ્લા શરૂ થયા. ગોળીબારના અવાજો તો કાન ફાડી નાખતા હતા. ૨૦૦ ડગલાં દૂરથી જ બાર થતા હતા.

આ રીતે એકધારા હલ્લા ચાલુ રહ્યા. બે ફર્લાંગ-

વાળો મોરચો ટૂટે કે તરત અમારા મકાન આગળ જ ટોળું આવીને અટકે. બાકીનો રસ્તો સાફ હતો. એટલે અમારી બધાની ચિંતા ખૂબજ વધી ગઈ હતી. પણ પેલો મોરચો ખૂબજ અડગ હતો.

હવે બધા હલ્લા લગભગ મોટા ભાગના હજારોની સંખ્યામાં રાત્રે થતા હતા.

ચોથા દિવસના સવારે અમે સ્ટેશને હાથમાં મૃત્યુ લઈને નીકળ્યા. રસ્તે ભંગાર નજરે પડતા હતા. લાશોનું પૂછવું જ નહિ. છેવટે સ્ટેશન આવ્યા. ત્યાં હિન્દુ-મુસલમાન બન્નેનાં હજારોની સંખ્યામાં ટોળાં હિજરત માટે તૈયાર થઈને બેઠાં હતાં.

આખા કલકત્તાનો નાશ થયો છે એમ કહીએ તો જરાએ ખોટું નથી. કરોડોનું નુકશાન થયું છે. ખોરાક ખૂટી ગયો છે. અમારે ત્યાં જ બે દિવસ ચાલે એટલો જ લોટ હતો. ચોખા ઉપર જ હવે રહેવાનું હતું. આ રીતે સારા નગરની સ્થિતિ હતી.

આટલું અમારી નજર સામે જ બની ગયું.

આવતાં રસ્તામાં કંઈ મુશ્કેલી પડી નથી. હવે અમને બે અઢી માસનો સમય મળશે. એ સમય દરમ્યાન શું કરવું એ નક્કી નથી કર્યું. અત્યારે તો પંદરેક દિવસ ઘેર જ રહેવાનો વિચાર છે.

-સૌ મજામાં હશે. અમે આપ સૌની કૃપાથી અને આશીર્વાદથી જીવતા આવ્યા છીએ. સૌને દં. વ. પ્રણામ.

લી. અ. ગોસ્વામી અને
લલ્લુના દં. વ. પ્રણામ.



શક્તિ અને સિદ્ધિ બતાવતો નવો વાર્તાસંગ્રહ:

ગ્રંથ સમીક્ષા

અ. મ. રા.

વિલોપન

[લે. ઝવેરચંદ મેઘાણી : પ્રકાશક : ભારતી સાહિત્ય સંઘ લિ. મુંબઈ-અમદાવાદ : મૂલ્ય ત્રણ રૂપિયા.

'પ્રજાબંધુ'ના ભેટ-પુસ્તક તરીકે પ્રથમ પ્રગટ થએલ વાર્તાસંગ્રહનું આ દ્વિતીય મુદ્રણ છે. એમાંની પંદર વાર્તાઓમાં ત્રણ સાચા બનેલા ઐતિહાસિક કિસ્સાઓની છે, અને બાકીની સાંપ્રત વાસ્તવજીવનમાંથી ઉપાડેલી છે.

ઐતિહાસિકમાં સંગ્રહની નામદાત્રી 'વિલોપન' માતાજીના મંદિરને તોડવા ન દેવા અમદાવાદનો હરદાસ ચિતારો મુસલમાન બન્યો એ એના ભવ્ય આત્મવિલોપનના ડૉ. હરિપ્રસાદ દેસાઈએ કહી સંભળાવેલા કિસ્સાની પોતાની સર્જક કલ્પના અને કલમકળાને બળે રા. મેઘાણીએ બનાવેલી વાર્તા છે. રા. રત્નમણિરાવકૃત 'ગુજરાતનું પાટનગર' માં નોંધાયેલા સદુબાના સતીત્વ અને ઓતા અને એના જેવા પાપિયો ધંધો કરનારા ચાડિયાઓના અમદાવાદની પ્રજાને હાથે થએલા ભૂંડા હાલના મોતના કિસ્સાને 'સદુબા' વાર્તાવિષય બનાવે છે. રા. ચંદ્રવદન મહેતાએ પણ એ જ વસ્તુનો 'ધરા ગુર્જરી' નાટકમાં અંતર્નાટક તરીકે ઉપયોગ કર્યો છે એ સાહિત્યરસિકોને યાદ હશે. 'મેં તમારો વેશ પહેર્યો!' એ ગારિયાધારના રાણીંગ સોનીએ ચારણનો પહેલા ધરેલો વેશ ખરે વખતે કેવો દીપાવ્યો એના સાચા પ્રસંગની વાત છે. આ ત્રિપુટીની પહેલી બે વાર્તા આખા સંગ્રહની અનુક્રમે સૌથી વધુ લાંબી અને ત્રીજી સૌથી ટૂંકી વાર્તા છે. આગલી બેઉ વાર્તાઓ અંતઃકથિત દેશકાળ અને પાત્રોને સજીવ બનાવી જાય છે એ રા. મેઘાણીની સર્જક કલ્પના અને ચિત્રાત્મક શૈલીને આભારી છે.

સંગ્રહની બાર સામાજિક વાર્તાઓ ઠીક વિવિધતા બતાવે છે. 'ચાંદી' ને 'ભલે ગાડી મોડી થઈ'નું વસ્તુ આગગાડીમાં, 'ધુંસાલાલ ડુંઠો'નું જેલમાં, 'દેવનો પૂજારી'નું ગંજેરી મુસલમાન ગવૈયાઓની ચાલીમાં, અને 'અભિમાની' 'કડેડાટ' તથા 'મારો વાંક નથી'નું ગામડામાં ગોઠવાયું છે. સમય અલબત્ત બધે વર્તમાન જ છે. વિષયોમાં પ્રણય, ગૃહજીવન, જાહેરજીવન, કલાભક્તની નિષ્ઠાળુ કલોપાસના, યુદ્ધની પ્રત્યક્ષ-પરોક્ષ અસરો (જુઓ, 'મારો વાંક નથી' અને 'કડેડાટ') એમ સારી વિપુલતા નજરે પડે છે. પાત્રસૃષ્ટિ પણ તેને અનુસરી જુદા જુદા થર ને માનસના માનવનમૂનાથી ઠીક વૈવિધ્યવંતી બની છે. 'અભિમાની,' 'ચાંદી,' 'ધુંસાલાલ ડુંઠો' ને 'પદભ્રષ્ટ' જેવી વાર્તાઓ તો પાત્રા-લેખનની જ વાર્તાઓ છે.

વાર્તાઓમાંનાં પાત્રોના આલેખન સંબંધમાં ઊડીને આંખે વળગે એવી હકીકત એ છે કે આજનાં ભણેલાં ગણેલાં યુવકયુવતીઓ કરતાં આગલી પેઢીનાં અને અ-અલ્પ-શિક્ષિત અને અવિદગ્ધ (Unsophisticated) માનવીઓની સાચુકલાઈ, અંતરની તાકાત, ખાનદાની અને હૈયાસુગંધ પમરાવવી રા. મેઘાણીને પ્રકૃતિથી જ વધુ ગમે અને ફાવે છે. જેલવાસી પતિની ગેરહાજરીમાં પતિનાં સગાં કે સ્નેહી કોઈની પાસે હાથ લંબાવી ઓશિયાળી ન બનાર 'અભિમાની'ની નાયિકા ગૌરવશીલ આર્યા ત્રિવેણી અને બારબાર વરસથી ચાંદીથી પીડાતા સડી ગયેલા પતિની પોતાના દાગીના સુદ્ધાં વેચીને ધીરજથી સેવા કરતી 'ચાંદી'ની સતીની પડખે 'મારો બાલુભાઈ'ની વિશાખાને ને 'અહ્લામિયાંની ટાંક'ની અંજનીને મૂકી જુઓ એટલે આ સ્પષ્ટ સમજાશે. ચળકાટવાળા ફૂટકિયા મોતી અને ચળકાટ વિનાના પણ સાચા પાણીદાર મોતી વચ્ચેનો ભેદ સમજાવતી વાર્તા 'પદભ્રષ્ટ'ના નાયક-પ્રતિનાયકનું પાત્રાલેખન પણ એ જ વાત કહી

આપશે. સાગરપેટા, ખાનદાન અને મીઠાશથી થતું હોય તો સંઘર્ષથી કામ ન લેનાર છતાં સંઘર્ષવેળા ત્યાગની બેડી તાકાત બતાવનાર જૂની પેઢીના પ્રજાસેવક દુલા શેઠ આગળ એ વાર્તાનો આજનો આગેવાન 'હું' કેવો દંભી, ક્ષુદ્ર ને માટીપગો લાગે છે! પ્રણયની નિરાશામાં ભ્રમિતચિત્ત થઈ જતા હૈયાદૂભળા બાલુભાઈ ('મારો બાલુભાઈ') કે બેપરવાઈનો સ્વાંગ સજી નાટકિયા બની બેસતા જુવાનોમાં દીનાનાથનાં આજનાં પાત્રો કરતાં હૈયામાં ધરબેલ દુઃખનો ઊંહકારો ય ન કરી જીવતર ખેંચી કાઢનારાં ઊભેણુનો રબારી, અને ગીરનાં ડોળીવાળાં ડોશી ને હુસેન બાપુ એ 'જાત્રા'નાં જુવાન નાયકનાયિકાને જીવનનું નવું દર્શન કરાવનાર જૂનાં માનવી વધુ તાકાતવંતાં છે. સુશિક્ષિત નવીનો માટે રા. મેઘાણી પાસે કટાક્ષ જ છે એ સંગ્રહની એકથી વધુ વાર્તાઓ સ્પષ્ટ દેખાડે છે. નવીનોનું અતિવાસ્તવિક અને જૂનવાણીનું ભાવનારંગ્યું આલેખન વિશિષ્ટ રીતે ઘડાયેલા મેઘાણીમાનસનું પરિણામ છે.

સંગ્રહની સામાજિક વાર્તાઓ રા. મેઘાણીનાં નિરીક્ષણ અને લોકપરિચયનો બરાબર ખ્યાલ આપી જાય છે. આમ તો દરેક વાર્તા લખાઈ હોય છે કોઈ પાત્ર કે પ્રસંગને ચમકાવવા કે કશુંક રહસ્ય કથવા, છતાં સમગ્ર પણે વાંચનારને તો તેનું ફળ મળવાનું સમાજદર્શનનું જ. 'ચમનનો વહુ,' 'ચાંદી,' 'મારો બાલુભાઈ,' 'ભલે ગાડી મોડી થઈ' અને 'જાત્રા' જેવી વાર્તાઓ આ હિસાબે સમાજદર્શી વર્ગની કહેવાય. 'કડેડાંટ' અને 'મારો વાંક નથી' એ બે વાતો પણ એક રીતે એ પ્રકારની ગણાય—જોકે એમાં આ વિશ્વયુદ્ધે સર્જેલી પરિસ્થિતિનું દર્શન થાય છે. યુદ્ધની નીપજ જેવા કાળાબજારિયા ને કમાયેલા 'નવા સેન્ડ કલાસિયા'નોય લેખકે બે વાર્તામાં નોંધ લીધી છે.

સંગ્રહની મોટા ભાગની વાર્તાઓ કરુણનું સંવેદન કરાવે છે એ એને વિશે એક નોંધવાજોગ મુદ્દો છે. જે વાર્તાઓમાં રા. મેઘાણીએ હાસ્યકટાક્ષ ચમકાવવાનો પ્રયાસ કર્યો છે ત્યાં પણ ભીતરમાં કરુણનો દોરો છલકતો દેખાશે. હા, આ વાત પણ આ સંગ્રહ માટે કહેવા જેવી જ છે કે રા. મેઘાણીએ તેમાં હાસ્યની હળવાશને ઉપાસવાના 'મારો બાલુભાઈ,' 'અલ્લામિયાંની ટાંક' ને 'ભલે ગાડી મોડી થઈ' જેવી વાર્તાઓ દ્વારા સારા અખતરા કર્યા છે. એવા આલેખનમાંય એ ફાવી શકે છે એ એ વાર્તાઓ બતાવી આપે છે.

વાર્તાઓને કલાવિધાનની દૃષ્ટિએ જોતાં 'વિલોપન' કારની આવી પ્રયોગશીલતા પહેલી ધ્યાનમાં આવશે. 'અભિમાની,' 'ચાંદી,' 'પદભ્રષ્ટ' ને 'ધુંસાલાલ હુડો' જેવી વાર્તાઓ પાત્રવાર્તાઓ જ બની છે. એમાં વસ્તુસંવિધાનની કળા કરતાં પાત્રનિરૂપણ જ વાર્તાકારે મહત્ત્વનું માન્યું છે. 'ભલે ગાડી મોડી થઈ' એ એક રમૂજી પ્રસંગની જ વાર્તા છે. 'જાત્રા'માં વાર્તામાં બનાવો ખાસ બનતા નથી, વાર્તાનાં નાયકનાયિકાનું નિરૂપણ—રબારી ડોસા ને મુસલમાન બાપુનાં રેખાચિત્રો ઉપસાવવા પૂરતું ટેકણ જ બન્યું છે. 'મારો બાલુભાઈ' અને 'અલ્લામિયાંની ટાંક' ને રંગાટ જરા વધુ પડતો ઘેરો બનાવી દઈ માનસશાસ્ત્રીય વિગતવાળી વાતો બનાવાઈ છે. 'વિલોપન' અને 'સદ્ધા' એ બે ઐતિહાસિક વાર્તાઓ ખાસ કરીને પહેલી-સારીપેઠે વિસ્તારી બની છે. 'વિલોપન'માં મા બહુચરીના હરદાસના ચિત્રાલેખન, માની આગળ તેણે રમેલા વાદીવેશ અને બાદશાહની બેગમની એણે આલેખેલી છબી જે ત્રણે મળીને વાર્તાની ભૂમિકા બાંધે છે તેના પર કર્તાની કલમે નિરાંતે કામ કરતાં આમ બન્યું છે. 'સદ્ધા'ની ભૂમિકાએ પણ આવો જ વિસ્તાર મેળવ્યો છે. રેટિયા પરના ઉતારૂઓની વાતચીતમાં ચારપાંચ વાર્તાનિસિયા ટુચકા રજૂ કરવાથી 'ભલે ગાડી મોડી થઈ' એ વાર્તા પણ એનો મુખ્ય બનાવ જરૂરી બનાવે તે કરતાં વધુ પડતી પથરાઈ ગઈ છે. લખાવટની દૃષ્ટિએ 'મારો બાલુભાઈ' અને 'અલ્લામિયાંની ટાંક' ઘણી આકર્ષક લાગશે. એ બંનેનું મંડાણ જોવા જેવું છે. એમાં આગલી વાર્તામાં તિરસ્કૃત બાલુભાઈનો વિદ્યાખાપ્રેમ કદાચ સ્વાભાવિક ગણાય તો પણ જોઈ જોઈ બેઠેલા એના દાદાનાં વાણીવર્તન અને 'ક્રાઉ'ની લાગણી અસ્વાભાવિક લાગે એવું છે, જેમ એ તો He-Man વાંછે છે એ વિચારની વાર્તા બનાવતાં એજનીનું

વર્તન થોડું અસ્વાભાવિક થઈ ગયું છે. આમ છતાં એના વાર્તારસને કશી બાધા આવતી નથી. વાર્તારસની તો બધી જ વાર્તાઓ વાચકોને લહાણ કરે છે. મેઘાણીસર્જનોનું જે તો હમેશનું લક્ષણ છે.

સંગ્રહની સર્વોત્તમ વાર્તા ગણાશે 'મારો વાંક નથી.' સુદ્ધ છેક ગામડાં સુધી પહોંચી જઈ રામાંરૂડાના સુખી રબારી યુગલના જીવનમાં શો ફેર વર્તાતો ગયું એનુ કરુણાન્ત નિરૂપણ ખૂબીથી થયું છે. પોતાને આશરે પડેલાં અબોલ પશુઓની ભૂખની વેદના જોઈ ન શકતા અને તેમને ખવડાવવાની કોઈ સવડ ન રહે તેમને વેચી નાખવાની સંમતિ આપતાં છતાં તેમનો વિયોગ વેઠી ન શકતા રૂડાએ 'માતાજી, એમાં મારો વાંક નથી' એવા શબ્દો ગાયમાતાઓના કાનમાં બોલી ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો એવો એ વાર્તાનો કરુણ અન્ત વેધક અને હૃદયસ્પર્શી છે. 'વિલોપન,' 'મારો બાલુભાઈ,' 'પદભ્રષ્ટ,' 'અલામિયાંની ટાંક' અને 'કડેડાટ' જો રા. મેઘાણીની શક્તિ બતાવે છે તો 'મારો વાંક નથી' એમની સિદ્ધિ બતાવે છે.

રા. મેઘાણીની વિકસતી વાર્તાકળાનું દર્શન કરાવતો આ સંગ્રહ વાર્તારસિકોના હાર્દિક સત્કારનો અધિકારી છે.



હરીફ

અનુ : ભૂપેન્દ્ર ઉપાધ્યાય

દોરીવાળા ભાંગ્યા તૂટયા બે ખાટલા, ભાંગેલા કાચના ડુકડાનો ફ્રેમ વગરનો આરસો, એક બારણાવાળું ભીંતમાં જડેલું કબાટ, રીકેટી બાળકના પગ જેવા પાયાવાળી ખુરશીની એક જોડ અને ટટાર ઊભા રહેવાનો ઈન્કાર કરતું મેજ—આ છે મારું ફર્નીચર.

પહોળું મોઢું, જાડા ફાટવાળા હોઠ, કર્કશ અને ઘોઘરો અવાજ, કોઈ વાર આંસુથી તો કોઈ વાર ગુસ્સાથી ભરેલી ઝીણી આંખો—આ મારી પત્ની.

નર્યા હાડચામનો બનેલો દેહ, વાનરના જેવી ચપળતા અને કાનમાં બળજબરીથી પેસી જઈ ત્રાસ આપે એવો તીણો અવાજ—આ મારી દસ વરસની છોકરી.

વિસ્મય પમાડે એવી ચબરાકી, છોકરીને પણ શરમાવે એવા રોતલવેડા, માની પાછળ પાછળ જવા સદાએ તૈયાર—આ મારો છોકરો. દેખાય છે પાંચ વરસનો પણ છે સાતનો.

મારું ત્રીજું બાળક બે વર્ષનું—કદમાં વામન સ્વરૂપ પણ ચાળા ચસકા ભીમ જેવા.

અને સુક્કા ભુરા વાળ, નિસ્તેજ મોઢું, ફાટેલાં મેલાં કપડામાંથી જણાઈ આવતું ક્ષીણ છતાં પ્રમાણસર લાગતું શરીર એટલે હું. હું, એક માણસ, મારી પત્નીનો પતિ, ત્રણ બાળકોનો પિતા. મારો ધંધો જાણવો છે ? હું ધંધા વિનાનો માણસ છું. હું એવું કામ કરું છું જે ખરું જોતાં મારી પત્નીએ કરવું જોઇએ.

સવારના પોરમાં હું વહેલો ઊઠું છું. ઊઠીને ચૂલો સળગાવી ઉપર ચા કરી નાખું. ચા તૈયાર થાય પછી પથારીમાં સૂતેલી મારી પત્નીને આપી આવું. પછી એને માર્કેટમાં જવાનું મોડું ન થઇ જાય એ રીતે વહેલો વહેલો બીજી તૈયારી કરી નાખું. આટલું પતાવીને બાળકો તરફ ધ્યાન આપવું પડે. નવડાવી ધોવડાવીને ખાવાનું એમને હું આપું. આ બધું કામ કાંઈ સહેલું હોતું નથી. અરે, કેટલીએ વાર નાની છોકરી માને કાજે રડવા માંડે. પછી તો એનું અનુકરણ કરવામાં નાનો છોકરો ઘરો પૂરો. એનું પરિણામ શું આવે ? એમ એમની મા થોડી આવીને મળવાની છે ? નાનીને છાની રાખવા, તેને ઊંચકીને ફરું, બારી પાસે લઇ જાઉં, ઘૂઘરો વગાડું, ટેબલનું ઢોલક બજાવું, વાટકાને દાતણ વડે વગાડું, જીભના ડચકારા કરું. સામે ઊભેલા નાના છોકરાને પણ ખુશ કરવા પ્રયત્ન કરું. એની સાથે ગાડી-ગાડીની રમત રમવી પડે. હું ઘોડો થાઉં ને એ ગાડીવાળો થાય તો કોઈ વાર એ ઘોડો બને અને હું ગાડીવાળો થાઉં. એ તો જરા મોટો થએલો એટલે સિપાઈની રમતનો ભારે શોખીન. એ મને હુકમ કરે; લેફ્ટ રાઇટ, લેફ્ટ રાઇટ, કવીક માર્ચ, વન ટુ, વન ટુ.

આમને આમ એમને છાના પાડીને પથારીઓ લઈ લેવાની, વાળી કાઢવાનું, વાસણો માંજી નાંખવાનાં અને ચૂલા ઉપર તપેલીઓ ચઢાવી દેવાની. રસોઈ તૈયાર થઇ કે તરત એલ્યુમીનીઅમના મોટા વાટકામાં દાળ અને પતરાની રકાબીમાં ભાત—એ બન્નેને કકડામાં બાંધી હું ઊતાવળો ઊતાવળો નીકળી પડું. ઘડિયાળ જેવી વસ્તુનો જ મારે ત્યાં તો અભાવ એટલે મને હમેશાં એમ જ લાગે કે બહુ મોડું થઇ ગયું છે.

આ રીતે ધડકતે કાળજે માર્કેટે પહોચું, ત્યાં ત્રણ બાજુ ઓટલાઓ ચણી ઉપર દુકાનો ગોઠવવામાં આવેલી છે. દુકાનોમાં ને બહાર, નીચે અને ઉપર ચારે બાજુએ બટાકા, કાંદા, કોબીજ, ભાજી, આદુ, મરચાં, ખાટી મીઠી તૂરી કડવી એવી દરેક જાતની શાકભાજીના મોટા ઢગ ખડકાએલા છે અને ત્યાં દૂરથી એ બધાની વચ્ચે ઢંકાએલી મારી પત્નીની નજર પકડી પાડું છું.

ઘણી વખત મારા કોટ કે પાયજામા ઉપર દાળના ડાઘા પડેલા હોય છે. હું એ કેવી રીતે જોઇ શકું ? મારી પત્ની જ્યારે એના સર્વ સત્તાધીશ જેવા ડારતા ગુસ્સાભર્યા અવાજે મારા ઉપર ખીજવાય છે ત્યારે એ તરફ મારું ધ્યાન ખેંચાય છે. કોઇ કેટલાએ જન્મારાના દુઃખથી ત્રાહી ત્રાહી પોકારતી હોય એમ શાપ દેતી મારી પત્ની મારું સ્વાગત કરે છે. થોડી શાન્તિ પછી એને નરમ બનાવવા લાડ ભર્યા અવાજે હું પૂછું છુ : 'કેમ શું છે?' એ જવાબ આપે છે "તું જ જોઇ લેને !"

અને હું જોઉં છું. ચારે બાજુ માણસો કિલ્લોલ કરતા હોય છે. સૌ કોઇ ટોળટપ્પા કરે છે. એ બધાના મુખ ઉપર કેવી આનંદની રેખાઓ તગ્વરતી હોય છે! મારી પત્નીની સામે જ દુકાન માંડીનેબેસતી એક સ્ત્રી ઘણીખરી વખત એટલું બધું હસતી હોય છે કે તેના પેટ ઉપર તેનું આખું શરીર ઝોલા ખાતું હોય એમ લાગે! ઊભા ઊભા બજારના ઢંગ જોવામાં મશગૂલ હોઉં છું ત્યારે મારી પત્ની કોટનો છેડો ખેંચ્યા કરતી હોય છે.

આ રીતે મારું ગાડું ગબડતું રહે છે, કોઇ વખત મારી પત્ની મને ચૂંટીઓ ખણતી હોય છે ત્યારે ભવિષ્યની આફતનું મને ભાન થઇ જાય છે. એ જો માત્ર આટલું વહાલ કરીને અટકી જવાની હોય તો તો મારી મહદશાનો આભાર! કોઇ વખત ઘર આગળ અણધારી આવી ચઢતી ત્યારે તો આફત. મારા કોઇ પણ પ્રકારના વાંક માટે એને ક્યાં ઝોળવા જવું પડે એમ છે ? માત્ર ભગવાનને એ પ્રાર્થના કરે એટલે હું ગૂનેગાર બની જાઉં ? પણ એમ તો હું કાંઇ ઊતરું એવો નથી. એના બે બોલને એક બોલથી તો હું પાછો વાળુંજ. કોઇ વાર અરે, ઘણી વાર, આવા જવાબને પરિણામે સાચા યુદ્ધનો આરંભ થાય. એ મને ધકકો મારે તો હું એનો હાથ ખેંચી કાઢું, એ મારા ગાલ પર તમાચો મારે તો હું એનો ચોટલો ખેંચું. આ બધાનું પરિણામ એને ઉશ્કેરી મૂકે, પછી તો ખરેખરી મારામારી પર એ ઊતરી પડે અને એનાં નાના બાળકો પછી એને સહકાર આપવામાં જરા સરખું મોડું કરવાનાં નહિ.

કોઇ વાર માથે ટોપી મૂકીને મારા પગ મને જ્યાં સુધી લઇ જાય ત્યાં સુધી જવા માટે ઝપાટાબંધ નીકળી પડું છું. દૂરને દૂર જતાં મને ખબર પણ ન પડે એ રીતે મારી ચાલ ધીમી પડતી જાય છે અને અંતે કોઇ એકાદ જગાએ અટકી ચારે બાજુ દૃષ્ટિ ફેરવું છું, આકાશ તરફ ગીટ મારું છું, પગ વડે જમીન ખોતરું છું કે આવતા જતા લોકો તરફ જોયા કરું છું. રસ્તાની બાજુઓ પરના મકાનો જોતાં હું કદી ધરાતો નથી.....પછી તો જેમ બેધ્યાનપણે આપોઆપ અટકી પડેલો એવી જ રીતે ઘરનો રસ્તો માપવા માંડું છું. દુઃખી હૈયે અને પડી ગયેલે ચહેરે પગ ઘસડતો ઘસડતો હું ઘર લગી આવું ને પછી મીની પગલે બારી વાટે ઘરમાં પ્રવેશ કરું છું ત્યાં આગળ પેલી ડાકણ મારી સૌથી મોટી પુત્રી ખૂબ કામમાં રોકાએલી મારી નજરે પડે છે. ઉત્સાહપૂર્વક એની માને મદદ કરે છે, બન્ને નાના નાના બાળકોનાં કપડાં કાઢી એક પછી એકને સુવાડી દે છે. પછી કર્તવ્યનિષ્ઠ બની એની માની ચાકરી કરે છે. એનું નાનામાં નાનું કામ પણ આતુરતાપૂર્વક કરવામાં એની બધી શક્તિનો ઉપયોગ કરી નાખે છે....અને મને વિચાર આવે છેઃ ખરેખર એજ છે મારી ભવિષ્યની હરીફ. એમ જ બનવાનું એમાં જરા પણ ફેર નહિ પડવાનો. એના માર્ગમાંથી મને હાંકી કાઢવા માટે એ કેટલી બધી આતુર છે! મારા વિના આ ઘરનો સંસાર નિરાંતે ને સરળતાથી ચાલી શકે એમ છે એવું એની માને ઠસાવી દેવાને એ એની સર્વ શક્તિનો ઉપયોગ કરી રહેલી છે.

પછી દીવા હોલવાય છે. અંધારા ઓરડામાં જોવાનો પ્રયત્ન કરું છું. પણ કશું દેખાતું નથી. છતાં જોઇ શકું છું: એક પથારી પર નાની બાળકી સાથે એક સ્ત્રી સૂતેલી પડી છે, પથારીને છેડે ટૂંટિયું વાળીને દશ વર્ષની એક છોકરી પડી છે. સામેની પથારી પર એ સ્ત્રીનો પતિ પડયો છે— ઇશ્વરની દૃષ્ટિમાં કે બીજા માણસોની દૃષ્ટિમાં કદી

ખાર મેળવી શકયો નથી એવો, આળસુ કૂતરા જેવો—એની પાસે એક 'જીવ' પડેલો છે—નાનો છોકરો—બન્નેની સહિયારી દોલત. આ બધાં જ દુબળાં પાતળાં અને ઠીંગુજી છે. એ બધાની શરીર સંપત્તિ એકઠી કરીએ તો કદાચ એક સમ ખાવા જેવું માણસ બની શકે.

જ્યારે જ્યારે બહારથી ઘરમાં આવું છું ત્યારે ખૂબ ભાર અનુભવું છું. ગૂંગળાઈને મૂંઝાઈ મરું છું, ચિપિયા વચ્ચે સપડાયલા પ્રાણી જેવા મારા હાલ હવાલ થઈ જાય છે. ઘણી વખત મૂર્ખ નફ્ફટ છોકરાની માફક હું કોઇ જાણી ન જાય એ રીતે ચૂલા પાસે પહોંચી જાઉં છું અને ટોપલો ઉઘાડી તેનો નીચેથી રોટલો કાઢી ચાર દિવસના ભૂખ્યા માણસની ભૂખ જેવી મારી બળવાન ક્ષુધાને સંતોષું છું. મારી પત્ની સિવાય બધા તો ઘસઘસાટ ઊંઘતા હોય છે, એની ઊંઘ તો કૂતરાના જેવી, જરા પણ ખખડાટથી એ જાગી જતી. મારા ક્ષુધા શાન્તિના પરાક્રમથી એ જાગી ઊઠતી અને ગાળોના આશીર્વાદ વરસાવતી. મારું નખ્ખોદ નીકળી જાય એવા એના વચનો સાંભળીને હું તો રીઢો થઈ ગએલો હતો. પછી હું એને કરગરતો અને ફરી પાછું આવું તો કદી નહિ કરું એમ કહી સારી ચાલવાળો માણસ બનીશ એમ સમજાવતો ત્યારે એ શાન્ત બનતી. એવી શાન્તિની માફી દ્વારા મળેલો સંતોષ જીવનની સુખી પળની સ્મૃતિ જેવો બની રહેતો.

આવા કોઈ બનાવ પછી સાધારણ રીતે મારાં કપડાં ઉતારી એની પથારીમાં જાઉં છું. એ નાક બોલાવે છે અને હું પણ એ ઊંઘે છે એમ માનવાનું નાટક કરું છું. છો મને છેતરીને એ ખુશ થતી. પણ આમ ને આમ આવી ઘેનભરી અવસ્થામાં જ એણે મને ત્રણ બાળકોનો પિતા બનાવી દીધો છે.....પછી બીજે દિવસે એકબીજાના કટ્ટર વિરોધી તરીકે અમે જાગીએ છીએ.

×

એક બુધવારની વહેલી સવારે ચૂલા ઉપર પાણી ગરમ કરવા ચરૂ ચઢાવી દીધા પછી મારી મોટી છોકરી પાસે ગયો. એનું માથું ચોળવાનું હતું એટલે તે પહેલાં એનો ચોટલો છોડી નાખવા માટે હું ગયો હતો, પણ ત્યાં તો એ એકદમ સસલાની માફક કૂદીને મારાથી દૂર છટકી ગઈ અને રોષભરી ખીજવાયલી દૃષ્ટિએ મારા તરફ જોવા માંડયું. મેં પૂછ્યું :

"કેમ તારો શું વિચાર છે?"

એણે કાંઈ જવાબ આપ્યો નહિ, પણ મારી સામે અસહકારી દૃષ્ટિએ જોયું. આ દૃષ્ટિમાં દુષ્ટતા પણ ભળેલી લાગી એટલે ફરી પૂછ્યું :

"કેમ તારો શું વિચાર છે?"

એનો પણ જવાબ નહિ મળ્યો.

"તારે માથું નથી ચોળાવવું?"

આંગળીઓના ચાળા કરી માથું હલાવતા એણે કહ્યું : "મારે તમારી પાસે નથી ચોળાવવું."

"એટલે?"

"હું મારી જાતે ચોળીશ."

"કેમ, હું તને ચોળી આપું તો?"

"ના."

"કેમ?"

"મને ચોળતાં આવડે છે."

આ વસ્તુ ખૂબ ભયંકર કહેવાય, જો કે આવી વસ્તુ પાછળ આંસુ સારવા મંડી પડું એટલો હું કાંઈ બાયલો નથી. તરત જ ચૂલા પાસે જઈ છાણા લાકડા બરાબર કરી ચૂલાને વધારે બળતો કરી પાણી ગરમ કરવામાં ઉતાવળ કરવા માંડી. પેલાં બન્ને નાનાને નવડાવી કાઢવાના હતા. પાણી થઈ ગયું એટલે છોકરાના કપડાં કાઢવા માંડયા, ત્યાં તો, મારી મોટી છોકરી એકદમ ધસી આવી અને એને ગમે ત્યાંથી પકડી મારી પાસેથી ખૂંચવી લીધો.

"એટલે! તું શું કરવા માગે છે?" મેં પૂછ્યું. એણે માત્ર હાથ ઊંચો કર્યો. જવાબ દીધો નહિ.

"એટલે? તું શું કરવા માગે છે?"

એ કાંઈ બોલી નહિ એટલે તેની પાસે જઈ છોકરાને ખૂંચવી લેવા માંડયો પણ એણે એને ખૂબ બળપૂર્વક પકડી રાખ્યો. નાકમાંથી અવાજ કાઢી એ બોલી:

"હું એને નવડાવીશ."

"એમ કે? તું એને નવડાવશે?"

હું કાંઈ ગાંજ્યો જાઉં એમ ન હતો. મેં છોકરાને મારા તરફ ખેંચવા માંડયો એટલે એણે એના તરફ ખેંચવા માંડયો. આ હરિફાઈમાં વિસામો લેવા અમે અટક્યા ત્યારે થોડી વાર સુધી મેં એના સામે જોયા કર્યું, પછી પૂછયું:

"તારી જાતે નાંહી લેવાનું અને એને નવડાવવાનું આજે તારા મગજમાં ક્યાંથી ઊતર્યું?"

"કારણ મને બિચારી બાની દયા આવે છે; એને કેટલું કામ!"

"તારી બાની દયા આવે છે?"

"હાસ્તો, બાને બિચારીને ખૂબ કામ કરવું પડે છે અને તમને પોષવા પડે છે."

"બોલ્યા કર, ચાલ હું સાંભળું છું."

"અને એટલે જ જો હું ભાઈને અને નાનીને નવડાવવું-ધોવડાવવું તો તમે છૂટા થઈને કાંઈ કમાણી કરવા જઈ શકો ને?"

"શું બોલી?"

એ કાંઈ બોલી નહિ.

"એમ, તું બધાને ખવડાવી પીવડાવી શકશે? તને રાંધતાં આવડે છે? વાળતાં આવડે છે? ધોતાં આવડે છે? મેં પૂછયું.

"ચોક્કસ, એમાં વળી નવાઈ શું? એટલે તમે મજૂરીએ જઈ શકશો ને?"

ઓત્તારીની! ના, ના, એમાં કાંઈ નવાઈભર્યું નથી જ. આખો દિવસ આ કજાત છોકરાંને સાચવવાં એમાં કાંઈ નવાઈભર્યું નથી! મારા માથાના વાળ ખેંચવામાં કે મારાં ફાટેલાં કપડાંને વધારે ફાડીને તેનો અવાજ સાંભળવામાં જ આનંદ લઈને શાન્ત પડી જતાં બાળકોને સાચવવાં ખરેખર જરા અઘરા નથી! અને એટલે જ આ ચીબાવલી મને કહેવાની કે 'એમાં શું ધાડ મારવાની છે." મને ઘર બહાર કમાવવા જવાનું કહે છે એનો અર્થ તો એ જ થયો કહેવાય કે ઘરની અંદર હું જે કામ કરું છું એમાંથી મને રોટલો ખાવાનો હક્ક રહેતો નથી, કેટલું સાહસ! હું જાણે ઘરમાં વધારે પડતો નાંખી દેવાનો માણસ હોઉં એવી રીતે એ વાત કરે છે. એની માના સદાવ્રત ઉપર જીવતા ભીખારી જેવી મારી કિંમત કરીને મને ઘર બહાર ચાલ્યા જવાનું, તેથી જ એ સંભળાવી દે છે!

બહુ સારું, પણ કયો ધંધો કરું? કોઈ ડોકટરને ત્યાં 'નર્સ' તરીકે જોડાઈ જવું શું ખોટું? એવું કામ તો જરૂર હું સારી રીતે કરી શકું. બીજા કયા ધંધા મારે માટે લાયક છે?.....અરે, ઘણા ધંધાને માટે હું સાચે જ લાયક છું. નર્સ કરતાં બીજો કોઈ ધંધો મારે માટે નથી એમ માની લેવું એ તો મારી ભૂલ કહેવાય.....પણ ના, મારે એ વાત જોઈતી જ નથી. ચાર વેંતની છોકરી શું મને ઘર બહાર કાઢી મૂકે? ના, એ કદી બનનાર નથી. એ મને કાઢી મૂકવાની વાત કરે-એ પહેલાં હું જ એને શા માટે ઘર બહાર ન ધકેલી મૂકું? હવે જ્યારે મારા રોટલા ઉપર જ ત્રાપ મારવામાં આવી છે ત્યારે મારે હોશિયાર બનવું જોઈએ, નકામી વાતોમાં ચિત્તને ભટકવા દેવું ન જોઈએ. ભગવાનના સોગન, હવે તો લડી જ લઈશ. એમ કાંઈ હું નમાલો માણસ નથી.

"ચાલ એ, અહીં આવ. આ બધો લવારો તને કોણે શીખવ્યો? તારી માએ?"

"નહિ, મારી મેળે."

"તારી મેળે?"

"મારી મેળે."

"તું તારા મનમા શું સમજે છે? તારી મેળે એટલે? શું તારી માએ આમ કહેવાનું શીખવ્યું નથી?"

"ના!"

"ના ?"

"ના !"

"તું તારી જાતે આમ કહે છે ?"

"હા, હા, હું જાતે. આમ કહેવાનું મારાએ કદી કહ્યું નથી."

"તું મને ઘરમાંથી બહાર કાઢી મૂકવા માગે છે !

એણે કાંઈ જવાબ દીધો નહિ. મેં એનો કાન પકડ્યો.

"તને ખબર છે કે હું તારો બાપ છું ?

એ મૂંગી રહી.

"તને ભાન છે ખરું કે હું તારો બાપ છું.' પોતાનાં છોકરાંની બાપ ધારે તે વલે કરી શકે છે. હું ધારું તો તને મારી નાખી શકું. તને ખબર છે ખરી કે પોતાના બાળકોને શિક્ષા કરવાનો બાપને અધિકાર છે, અને એથી પણ જો બાળકો સીધાં નહિ થાય તો તેનું ખૂન પણ કરી શકે ! તને આ બધી વાતની ખબર છે ?"

મારામાં જેટલી શક્તિ હોય એટલી શક્તિથી હું અવાજ કાઢીને બોલતો હતો. આ ઘોંઘાટમાં નાનું બાળક જાગી ઊઠ્યું. આ છોકરી એકદમ ત્યાં દોડી ગઈ, તેને પંપાળ્યો, થાબડ્યો ને સુવાડવા ઝોળીની દોરી ખેંચવા માંડી. તેને સુવાડવા હું હંમેશ હાલરડું ગાતો તે હાલરડું પણ એણે ગાવા માંડ્યું. આ વખતે મેં ખરેખર મારો મિજાજ ગુમાવ્યો. મેં ગોઠવી કાઢેલું હાલરડું ગાવાનો એને શો હક્ક ? અને જ્યારે એણે ગાવા માંડ્યું ત્યારે મારો મિજાજ જાય જ ને ? એટલે ખૂબ નિશ્ચયપૂર્વક ઘોડિયા પાસે જઈ એને દૂર ધકેલી, દોરી હાથમાં લઈ ઝોળી ઘીચકતાં ગીત ગાવા માંડ્યું:

"છાનો રે છપ, ટાપલો મારું ટપ
તારી માવડી હીરચીર લાવે
બાળકને હાલરડું વહાલું...
બેટા મા બોલ મારો છે કોલ
તને બાપા ન'વાડે ધોવાડે—
ખાવાનું કૈંક, રમવાનું કૈંક
આવે ને માવડી લાવે—
તને આંબે જો નિંદરું આવે..."

ખરેખર, એની આખી જિંદગીમાં મારા જેટલું સરસ ગીત ગાઈને આવી શાન્તિથી બાળકને એ કદી સુવાડી શકશે નહિ, આ બાબતમાં મારી કુશળતાને એ કદી આંબી નહિ શકે.

"ચાલો, અહીંથી ખસો આઘા. નાનીને હું જ સુવાડી દઈશ."

ઓ હો ! છેવટે આટલે સુધી આવી પહોંચ્યું ! જોઉં છું. મારે એને પાઠ ભણાવવો પડશે. એકદમ મેં કમરેથી પટો કાઢ્યો અને તેને સડાસડ ચોડવા માંડ્યો—માથા પર, મોઢા પર અને આખે શરીરે.

"લે લેતી જા ! લેતી જા ! તારા બાપને અટકાવવાનું તને શીખવું, આમ આવ તને બરાબર શીખવી દઉં. જિંદગી સુધી યાદ રે' એવું તને આપું. લે, લેતી જા." આવું આવું કહી મેં એને સારી પેઠે ફટકારી. અમારી વચ્ચેનો ઝગડો પેલાં બે બાળકો જોઈ ગયાં અને એમણે પણ ઝંપલાવ્યું. ભાઈ-બહેનનો સુમેળ સધાઈ ગયો ! મેં પણ ઠીક ઠીક સામનો કર્યો. પછી ખૂબ દુઃખપૂર્વક માથું કૂટ્યું અને મનને હળવું કરવા ઘરાઈને રડી કાઢ્યું.

પછી સાંજે જ્યારે એમની મા ઘેર આવી પહોંચી ત્યાં સઘળાં એની આજુબાજુ વીંટળાઈ વળ્યાં અને મેં એમને કેવી રીતે માર માર્યો એની તરહ તરેહની વાત કરી ફરી પાછું સમુદરુદન શરૂ કરી દીધું. આ સમાચાર સાંભળીને મારી પત્ની તો બિચારી ઢંમ જ થઈ ગઈ, ખાટલા પર માથે હાથ દઈ મૂગી મૂંગી બેઠી અને એની કરડાકીભરી નજર મારા તરફ નાંખતી રહી. એને જોઈને મારું તો લોહી જ ઠરી ગયું !

"ભગવાન, આ બધાનો પાર ક્યારે આવશે ?" ખાટલા પરથી ઊઠતાં એ બબડી, એ વ્યગ્ર હતી, આંખમાં પાણી હતાં.

હું મૂંગો રહ્યો.

"હું તમને પૂછું છું, શું કરવા ધાર્યું છે તમે ?"

હું શું કહું ?

"તમને તો ગાંડાની ઈસ્પિતાલમાં પૂરી દેવા જોઈએ."

હું એને પૂછવાનો હતો કે મને ગાંડો ગણવાનાં એની પાસે કયાં કારણો છે ? પોતાના છોકરાને માર મારવો એ શું ગાંડપણ કહેવાય ?

એણે ચાલુ રાખ્યું : "આપણે પરણ્યાને અગીઆર વરસ થઈ ગયાં, ત્યારથી તે આજ સુધી મેં તમને પોષ્યા છે. ખવડાવ્યું પીવડાવ્યું, પહેરાવ્યું, ઓઢાવ્યું, પણ તમે તો એક કોડીની પણ કદી જ કમાણી કરી નથી. હું નીચોવાઈ ગઈ છું, મારી શક્તિ ઘટતી જાય છે. તાંતણાના જોરે જીવનને વળગી રહી છું, ત્યાં તમે શા માટે મને વળગવા આવ્યા છો ? બોલો, હું તમને પૂછું છું, આ છોકરાં ઉછેરવાનું જાણે પૂરતું ન હોય તેમ મારે તમને પોષવા પડે છે. આવું કદી કોઇ ઠેકાણે બને છે ? તમે જવાબ આપો ! "

ખરેખર મારી આંખમાંથી આંસુની ધારાઓ વહેવા માંડી. એના આખા જીવનમાં કદી એ આવું બોલી ન હતી.

મેં દલીલ કરી : "એણે મારું એવું તો અપમાન કર્યું કે મારાથી રહેવાયું નહિ. એણે મને ઘર બહાર ચાલ્યા જવાનો હુકમ કર્યો. ગમે તેમ તોએ હું એનો બાપ, મને એવું કહેનારી એ કોણ ? મારાથી આવું કેમ સહન થાય ? પોતાના બાપને ઘર બહાર કાઢી મૂકનાર છોકરાંનો ખ્યાલ તો કરી જો ? કોઇ ઠેકાણે આવું બનતું તેં સાંભળ્યું છે ? બોલ, મારા પ્રત્યે જરા ન્યાયી બનીને બોલ કે આવું કદી કોઇ ઠેકાણે બને છે ? "

" તમે તમારી જાતને 'બાપ' કહો છો ? તમે તે માણસ છો ? આખો દિવસ ઘરમાં પડયા રહો છો અને બૈરીને બહાર રળવા મોકલો છો ? "

" એમ, આવું કહેવાનું તેં એને કહ્યું હતું ત્યારે ? "

શૂન્ય, કુતૂહલ ભરી દૃષ્ટિએ એ મારી સામે જોઇ રહી, પ્રશ્ન ન સમજી હોય એમ જોયા કર્યું.

" એમ, ત્યારે આવું કહેવાનું તેં એને કહ્યું હતું ? "

ઊંડી શાન્તિ રાખીને એ ચૂપ જ રહી, પછી એક લાંબો નિઃશ્વાસ નાખ્યો અને લોહી થીજાવી દે એવી દૃષ્ટિએ મારા તરફ જોયું.

" એટલે એમ કહેને કે તેં એને કહ્યું હતું કે તું જાતે નાઇ ધોઈ લેજે, જાણે એને બરાબર ન્હાતા ધોતાં આવડતું હોય ! નાનીને નવડાવવાનું તે કાંઇ એનાથી બને ખરું : એને હાથમાં એ પાઢી નહિ નાંખે ? શીખામણ આપતી વખતે એ ખ્યાલ તને કયાંથી આવ્યો હોય ? "

" એ કરી શકે એના કરતાં હું સારી રીતે કરી શકું છું." પેલી વહુડી બોલી ઊઠી.

" ચાલ, જૂઠું નહિ બોલ, તારા બાપ સાથે ઓઝાતોઝી કરવા સિવાય તને બીજું આવડે પણ શું છે ? "

" અને છોકરાંને માર મારવા સિવાય તમને પણ શું આવડે છે ? " પુત્રીની વહારે ચઢેલી માતા બોલી.

પછી મારી પત્નીને છોકરી સાથે એણે કેવી રીતે વર્તવું જોઇએ વગેરે વાત એને સમજાવી પણ એના ઉપર કાંઇ અસર થઇ નહિ. એણે તો કહ્યું :

" ભગવાનને ખાતર તમે અહીંથી ચાલ્યા જાઓ, મારે તમારું નથી સાંભળવું "

એણે એકાદ બે નિસાસા નાંખ્યા ને પથારીમાં પડી. આમ આ કયાનો અંત આવ્યો અને એ રીતે ઘરમાં મારું સ્થાન જળવાઈ રહ્યું છે. નાની છોકરી પાસે મોટી છોકરીને હું કદી પણ જવા દેતો નથી, ઘરમાં પણ એને જરા સરખું કામ નથી કરવા દેતો. એનો ચોટલો પણ હું જ વાળી આપું અને ત્યારે વાળ તાણી તાણીને ઓળતો ને ખૂબ ખેંચીને વાળ સમા કરી આપતો.

×

ભગવાનનો પાડ કે થોડા વખતને માટે મેં મારી નિર્ગત કરી દીધી. મારી એક આશા તો એ હતી કે થોડા વખતમાં મારી પત્ની એક નવા બાળકની મા બનવાની હતી. આવા વખતે મારે મારા ઘરીકથી કદી ઝરવાનું હોય નહિ. મારાથી દૂર રહેવાનો એ

હમેશાં પ્રયત્ન કરતી હોય છે એ હું જોઈ શકું છું. એણે કહ્યું નથી પણ એનું કારણ હું સમજી ગયો છું હોંશમાં ને હોંશમાં નવા ઘાઘરી-કબજો સીવડાવવા એણે એની માને કહી જોયું પણ માએ કહી દીધું કે એ બની શકે એમ નથી; બસ, એણે માની લીધું કે એનું કારણ હું જ હોઉંશ. ઘરમાં હું નહિ હોઉં અને માત્ર એનું જ જો રાજ ચાલતું હોત તો નવાં કપડાં સીવડાવવાની મા તરત જ હા પાડત. આવાં આવાં કારણોને લીધે આ બે બદામની છોકરી મારી કટ્ટર વિરોધી બનીને મને સતાવવામાં બાકી પીને મંડી રહેતી. પણ એમ કાંઇ હું ગાંજ્યો જાઉં એવો નથી; હું પણ મરદ છું. અલબત્ત, મને ભય તો લાગે જ છે કે જ્યારે ને ત્યારે આ છોકરી સફળ થવાની છે; પણ હવે એની પડી છે જ કોને? કારણ કે નવા નાના બાળકને માટે મારી હાજરી અનિવાર્ય થઇ પડવાની, મારા વિના હવે કાંઇ ચાલવાનું નથી. મારી સ્ત્રી એનો પાસે મને આવવા દેતી નહિ છતાં એ ઊંઘવાનો ઢોંગ કરતી ત્યારે હું જઇ ચઢતો અને મને એ સંભળાવી દેતી: "કેમ, આટલાં તમારે માટે જણ્યાં તો એ હજુ સંતોષ નથી થતો! હજુ કેટલાં જોઇએ છે?" છતાં ચોથું સંતાન પધારવાનું હતું.

હવે હું મારી જાતને મહત્ત્વની સમજવા લાગ્યો મારી પત્નીની હાજરીમાં પણ મારી મોટાઇનો ખ્યાલ મને રહેતો. મોટા પેટે મારી સામે એને જોઇને હું અભિમાન લેતો. મને હમેશ ભાન રહેતું કે હું મરદ છું અને એ મારી-ઓરત છે.

આ રીતે આનંદિત બનીને હું રહેતો. સાંજના વાળુ કરીને લમાર લટાર, મારવા નીકળી પડતો. મારા બન્ને હાથ પાછળ બાંધતો, છાતી જરા આગળ કાઢતો અને ધીમે, ધીમે, એક બે, એમ ડગલા ગણતો હું ટહેલતો. વરસાદ પડતો હોય કે ચાંદરણું હોય તેની મને જરા સરખી પડી ન હતી.

(ચાલુ)

બાળકનો ખિલંખિલા

બાળકોના સર્વરોગનિવારક

બાળકના બાંધાના દુ

સોલ એજન્ટ

બી. એ. એન્ડ

'દમ ઉપર કામ ચલાઉ દવાઓની પાછળ લાગવું એ મૂર્ખાઇભર્યું છે.'

* 'પુરોહિત શ્વાસાહારી' આ એક જ દમના રોગ ઉપર ઉત્તમ ઉપાય છે કે જેનાથી રોગ તેટલા પુરતો જ ન દબાતાં એનો ધીમે ધીમે જડમૂળથી જ નાશ થાય છે. આ દવા લેવાની શરૂઆત કરતાં જ કફ, છૂટે છે, હાંફ ઓછી થાય છે, કબજીયાત રહેતી નથી, પાચનશક્તિ સુધરે છે અને ધીમે ધીમે શક્તિ વધવાથી ફેફસાં મજબૂત થઈને દમ સદંતર સારો થઈ જાય છે.

દમ, હાંફ, સવારની ખાંસી, ગળામાં ખળતરા કરનારી ખાસી અને ફેફસાંના રોગ માટે 'પુરોહિત શ્વાસહારી' પ્લેન [લીલી પેકીંગ] લેવી અને કબજીયાત, ખાટા ઓડકાર અને જૂના દમના રોગ માટે 'શ્વાસહારી કંપાઉન્ડ' રાતી [પેકીંગ] લેવી.

૩, ૬, ૧૨, ઔંસમાં પેકીંગમાં અનુક્રમે
રૂા. ૩-૭-૦, ૫-૧૨-૦, અને ૧૦-૦-૦

બનાવનાર,
પુરોહિત ફાર્મસી કોલ્હાપુર,
મુંબઈનાં સોલ એજન્ટ,
વનમાળી
ભીખાની કું
પ્રીન્સેસ સ્ટ્રીટ,
મુંબઈ-૨



ઘેર બેઠાં માથેરાન

ઉનાળામાં રાજા મહારાજાઓ અને ગવર્નરો માથેરાન જોગાં થઈ જશે પરંતુ બધાં કંઈ ઓછાં જઈ શકે છે? તેમને બીજે જવાની જરૂર નથી. અમેરિકાના રસાયણ શાસ્ત્રીઓએ જેમ વરસાદ વરસાવવાનો કીમિયો શોધી કાઢયો છે તેમ હિંદુસ્તાનનાં એક તપકીર બનાવનારાં કારખાનાએ એક તપકીર તૈયાર કરી છે. જે સૂંઘવાથી મગજ ઠંડા શેરડાઓથી તરબોળ બની જાય છે, વળી શિયાળે મગજ હુંફાળો રહે અને વસંતનો વાયુ ઈચ્છા હોય તો કસ્તુરીની સુગંધ સાથે મગજને બારે માસ પમરાવતો રહે ઉપરાંત માથાનો ગમે તેવો દુઃખાવો, નાકના છોડ, સળેખમ વિગેરે અનેક દર્દો તાત્કાલિક દૂર થાય તેવી અજબ ઔષધી આ તપકીરમાં ભરી છે. તેનો રંગ શામ છે, તેનો સ્પર્શ મુલાયમ છે. તેનું નામ છે:—

"ફોટા છાપ મેડીકેટેડ સ્નફ"

તેની કીંમતઃ—૫ ને ૧૦ તોલાના સુંદર ટીન પેકીંગમાં રતલ ૧ ના રૂા. ૮-૦-૦ ૧ તોલાવાળી શીશી ડઝન ૧ ના રૂા. ૪-૦-૦ પોસ્ટેજ અલગ: નમૂના માટે ૦-૨-૦ સ્ટેમ્પ બીડો.

પ્રાપ્તિસ્થાન:

મહાસુગંધી સ્નફ વર્કસ

શિહોર : કાઠિયાવાડ : B.S.Ry.

પિયુષ અપલિફ્ટ બ્રેસીયર તમારી આકૃતિનું મોહક સૌંદર્ય સર્જે છે!

સ્ત્રીઓની આકૃતિને સુધારે છે.
દબાવ આપે છે.
સ્થિતિસર રાખે છે.
મોહક આકાર આપેછે

પ્યોર સીલ્ક	૭-૮-૦
સીલ્ક નીટેડ	૫-૪-૦
પંગસ્ટર	૪-૮-૦
કોટન નીટેડ	૩-૮-૦
લવલી	૩-૦-૦
નોવાઈટ	૩-૦-૦
વીનસ	૨-૮-૦
મોડર્ન	૨-૦-૦
નં. ૯૩૫	૧-૨-૦
નં. ૯૪૧	૧-૦-૦

પિયુષ હોઝીયરી વર્કસ. રાજગ્રહેતા સ્ટ્રીટ, અમદાવાદ.

સ્ટોકીસ્ટો : મોહનલાલ તારાચંદ
રામીગલી, સ્વદેશી માર્કેટ, મુંબઈ ૨,
ચંદ્રકાન્ત પ્રેમચંદ, ઓપેરા હાઉસ, રોક્ષી સીનેમાની પાછળના દરવાજા સામે, મુંબાઈ.

તાવની અસર જણાતાં જ
અખિલ હિન્દુસ્તાનમાં પ્રખ્યાત થયેલ

ફ્રૂટીક
એગ્યુમીક્ષ્ચર

વાપરી આરામ મેળવો

ઝળતીસળતી નકલી દવા પેટમાં નાખી તાવ જેવા રોગથી વધુ વખત પીડાતા નહીં, કારણ કે વખત જતાં માંદગી વધી પડવાથી જીંદગી જોખમાઇ જાય છે અને..... ડોક્ટરોના બીલો ભરવા પડે છે.

ઈન્ડોબામ
એગ્યુમીક્ષ્ચર

માથાનો દુઃખાવો, સંધીવા, દાંતનો દુખાવો, વીંછીનો દુંખ ઇત્યાદિ દર્દો પર અકસીર અને સર્વોત્તમ ઇલાજ

કર્ણીક બ્રધર્સ એગ્યુમીક્ષ્ચર ઈન્ડોબામ ડેપો ગીરગામ. મુંબઈ-૪.

શ્રી. ઝવેરચંદ મેઘાણીનાં

નવાં પુસ્તકો

વિલોપન	૩-૦-૦
માણસાઈના દીવા	૨-૮-૦
રંગ છે બારોટ	૩-૦-૦
રવીન્દ્રવીણા	૨-૮-૦
સમરાંગણ	૩-૮-૦
તુલસીક્યારો	૪-૦-૦
પ્રભુ પધાર્યા	૨-૮-૦
બીડેલાં દ્વાર	૩-૦-૦
વેરાનમાં	૨-૦-૦
સંત દેવીદાસ	૧-૦-૦
સંસાર	૦-૧૨-૦
ચપટી ધૂળ	૦-૧૨-૦
નવલિકાઓ ભા. ૧	૩-૦-૦
નવલિકાઓ ભા. ૨	૩-૮-૦
સાંબેલાના સૂર	૨-૮-૦
પરિભ્રમણ	૩-૮-૦
પરકમ્મા	૨-૮-૦
દરિયાપારના બહારવટીઆ	૩-૦-૦
ડોશીમાની વાતો	૧-૪-૦

★

: પ્રાપ્તિ સ્થાન :

ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ
ફરનાન્ડીઝ પુલ નીચે, અમદાવાદ
મીમરાજ બીલ્ડિંગ, કાલબાદેવી, મુંબઈ-૨

કાળનાં એંધાણ

કાળના મહાસાગરમાં એક વધુ વર્ષ ગાયબ થાય છે. આ મહાન દેશમાં ગરીબી, ભૂખમરો, દારિદ્રય અશાંતિ દૂર થાય એવા પ્રયાસો આપણે સૌ કરીએ છીએ, પણ દેશને એક ખૂણેથી બીજે ખૂણે સુધી જે કાંઇ બની રહ્યું છે તેના એંધાણ સારા નથી. અને જો કોઇ મક્કમ અને સમર્થ પગલું ટૂંક સમયમાં નહિ ભરાય તો વર્ષોનાં સેવેલા રમણીય સ્વપ્નો અને મંગલ આદર્શો હતા નહોતા બની જશે.

સૈકાઓ જૂની ગુલામીના બંધનો કડેડાટ તૂટી રહ્યા છે અને જેને આપણે ઝંખતા હતા તે દિવસોની ગુલાબી ઉષા ઊગી રહી છે આપણો પ્રાણ નાચી રહ્યો છે. પણ હૈયામાં જંપ નથી, શાંતિ નથી. જાણે એ ઊષાની લાલીમા આડે કાળાં વાદળાં છવાઈ રહ્યાં છે

નવું વર્ષ આ બધી આપત્તિઓને નિવારનારું અને નવા આદર્શોની પ્રસ્થાપના કરનારું નીવડે એવી આપણે સૌ અભિલાષા સેવીએ

લેખકોએ આ માસિકને પોતાનું ગણીને અનેકવિધ સમૃદ્ધ કરવામાં જે ફાળો આપ્યો છે તે ભૂલાય તેવો નથી. તેમજ વાંચકોએ ગ્રાહક બનીને અમારા કાર્યમાં જે સહકાર આપ્યો છે તે માટે અમે સૌના આભારી છીએ. અને નવા વર્ષે પણ અમે એ જ સાથ અને સહકારની માગણી કરીએ છીએ.

'સંપાદક

સમાજ, સાહિત્ય અને સંસ્કારનું માસિક

ઊર્મિ અને નવરચના

'ઊર્મિ' વર્ષ ૫૬ : 'નવરચના' વર્ષ ૧૬ અંક ૨

નવેમ્બર : ૧૯૪૬

૨૬૫૫

અનુક્રમ

૧ કાળરાત્રિના તારલિયા		૧૩
૨ વહેતાં પાણી	માસિક નોંધ	૧૫
૩ મધપૂડા બાંધનાર	ઝવેરચંદ મેઘાણી	૨૯
૪ રાહતવેરો	પન્નાલાલ પટેલ	૩૮
૫ કાવ્ય અને સત્ય	રામનારાયણ વિ. પાઠક	૪૧
૬ રાજા ન જોઇએ	દર્શક	૪૯
૭ પરિભ્રમણ અને સાહિત્યવિહાર	રામનારાયણ વિ. પાઠક	૫૩
૮ ખુલ્લું આકાશ	ઇશ્વર પેટલીકર	૫૭
૯ આજે મને સંગીત દેખાયછે	જયભાઈ પ્ર. મહેતા	૬૯
૧૦ ભાષાન્તર કે રૂપાંતર?	ઉમાશંકર જોષી	૭૫
૧૧ શ્રી કાકાસાહેબ કાલેલકર		૭૮
૧૨ એપેન્ડિસાઇટિસ અનુ.	રમણલાલ એન્જિનીયર	૮૧
૧૩ એટમ બોમ્બ અને વિશ્વશાંતિ	ભૂપેન્દ્ર ઉપાધ્યાય	૯૦
૧૪ હરીફ	ભૂપેન્દ્ર ઉપાધ્યાય	૯૪
૧૫ માનીતી અને અણમાનીતી	સાને ગુરુજી	૯૭
૧૬ ઘડાતા ઇતિહાસનું એક પાનું	સ્નેહરશ્મિ	૧૦૪
૧૭ બાબુ બિપિનચંદ્ર પાલ	રામચંદ્ર સોમણ	૧૧૨
૧૮ વિજ્ઞાનદર્શન	બંસી ગાંધી, પ્રો. જયંતિલાલ દે. ઓઝા, ડૉ. નરસિંહ મુ. શાહ	૧૧૬
૧૯ હિમપ્રદેશમાં	મૂળશંકર મો. ભટ્ટ	૧૨૧
૨૦ ગ્રંથસમીક્ષા	અ. મ. રા.	૧૨૫

વાર્ષિક લવાજમ

દેશમાં રૂ. ૬–૦–૦ : પરદેશમાં રૂ. ૯–૦–૦

છૂટક નકલ સવા રૂપિયો

ભારતી સાહિત્ય સંઘ લિ.

મીમરાજ બીલ્ડિંગ, બીજે માળે, નવી હનુમાન ગલીના નાકે, કાલબાદેવી રસ્તો, મુંબઈ ૨.

ફરનાન્ડીઝ પુલ નીચે : ગાંધી રસ્તો : અમદાવાદ

માલીક: કે. ટી. ડોંગરે કું. મુંબઇ—૪.

કેસરે—હિન્દ ઈન્સ્યુરન્સ કંપની લી૦

૧૪૧, મહાત્મા ગાંધી રોડ, ફોર્ટ, મુંબઈ–૧

બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ

- શેઠ વી. એસ. આપ્ટે (ચેરમેન)
- ,, કાન્તિલાલ નહાલચંદ
- ,, તનસુખરામ એમ. કરન્ડીઆ
- ,, રાધાકૃષ્ણ એસ. ખેતાન
- ,, ગોવિંદદાસ માણેકલાલ
- ,, ઇસ્માઈલ અબ્દુલકરીમ પન્જુ
- ,, બ્રીજમોહન જેઠીશનદાસ મોદી

કંપનીની કેપીટલ

સત્તાવાર થાપણ...રૂ. ૨૫,૦૦,૦૦૦

બહાર પાડેલી અને

ભરાયેલી થાપણ...રૂ. ૧૮,૮૯,૫૦૦

વસૂલ થયેલી

થાપણ... ...રૂ. ૧૦,૦૦,૦૦૦

જનરલ મેનેજર : આર. જે. સુતરિયા

બાપાલાલ મગનલાલ હરિભક્તિ
: લોકલ એડવાઈઝર :
ગુલાબભાઇ આર. દેશાઇ
: બ્રાન્ચ મેનેજર :
રીલ રોડ, અમદાવાદ.

જિંદગી દરિયાઈ
આગ અકસ્માત
ઈત્યાદિ પ્રકારના વીમાનું
કામકાજ સ્વીકારતી
હિન્દી વીમા—સંસ્થા

જે. એમ. શાહ કું.
: લાઈફ ચીફ એજન્ટ :
વઢવાણ સીટી
આર. બી. રાવલ
: બ્રાન્ચ મેનેજર :
રાવપુરા રોડ, વડોદરા.

ઊર્મિ વર્ષ : ૧૬ મું * નવરચના વર્ષ : ૧૧ મું * અંક : ૮ મો નવેમ્બર: ૧૯૪૬

કાળરાત્રિના તારલિયા

'ઝંઝાવાતભર્યા આકાશ નીચે આજે જ્યારે મોટી મોટી નૌકાઓ તૂટી રહી છે અને ઊંડાં તોફાની પાણીમાં ડૂબી રહી છે ત્યારે કોઇ પ્રેમાળ અને દયાળુ નાવિક પોતાની નાનીશી નાવડીમાં બે ત્રણ માનવીઓને આ ઘૂઘવતો મહાસાગર પાર કરાવીને કોઈ સલામત સ્થળે લઈ જવા મથતો હોય એવા દાખલાઓ વીણી વીણીને શ્રી હનુમાનપ્રસાદ પોદ્દારે 'કલ્યાણ કલ્પતરુ'માં આપેલા છે. કલકત્તાના કાળાધોર હત્યાકાંડ વચ્ચે ડબૂકી ગયેલાં, માનવ-કોડિયાંનું દર્શન કરાવનારાં એ પ્રસંગોમાંથી થોડાક અહીં ઉતાર્યા છે.

કરિયા સ્ટ્રીટના હિંદુઓ જીવ બચાવવા નાસી છૂટયા હતા. પોતાની પાછળ રેઢાં મૂકેલાં ઘરોમાં એમની લાખોની નિર્જીવ દોલત હતી. તે ઉપરાંત જીવતી જાગતી દોલતરૂપી થોડી ગાયો પણ તેઓ પાછળ મૂકતા ગયા હતા. સૂના ઘરમાં એકલી ઊભી ઊભી ગાયમાતાઓ ભૂખના બાંબરડા દેતી હતી ત્યારે એક ગરીબ-મુસલમાને એમને ઘાસચારો નીરીને જીવતી રાખેલી.

*

હિંદુ લત્તામાં મુસ્લિમોનાં થોડાં ઘર હતાં, એ લત્તામાં એક ગરીબ ઈશ્વર-પરાયણ બ્રાહ્મણ રહેતો હતો. વારતહેવારે લત્તાના શ્રીમંત હિંદુ કુટુંબોમાં જઈને એ પાઠપૂજા કરતો અને ગુજરાન ચલાવતો. હુલ્લડના દિવસો દરમિયાન ઉશ્કે-રાયેલા હિંદુઓનું એક વૈરપિપાસુ ટોળું મુસ્લિમ મહોલ્લા ભણી ધસી આવ્યું. મહોલ્લા ભણી જતી સાંકડી અને ગંધાતી ગલીને નાકે એ બૂઢો બ્રાહ્મણ જઈ ઊભો. ટોળાને શાંત પાડવાના એણે પ્રયાસો કર્યા. પણ પોતાની કાકલૂદીઓની કાંઈ અસર ન થતી જોઈને પછી એણે કહ્યું કે, 'મુસલમાનોનાં ઘર સુધી પહોંચતાં પહેલાં તમારે આ બ્રાહ્મણના લોહીથી ખરડાવું પડશે.' ટોળું નિરુત્તર બન્યું અને જતું રહ્યું. તે પછી પણ ભૂખ્યા-પેટે ત્યાંને ત્યાં ઊભા રહીને બ્રાહ્મણે એ નાકું સાચવ્યું.

ગુંડાઓએ એક હિંદુ કુટુંબ ઉપર હલ્લો કર્યો ત્યારે પાડોશી મુસ્લિમ કુટુંબની પરદાનશીન સ્ત્રીઓ એમની મદદે આવી. બુરખા ફગાવી દઈને એ તોફાનીઓની સામે ગઈ અને બોલી, 'અમારું ખૂન રેડયા પછી જ તમે એ લોકો ઉપર હાથ ઉગામી શકશો.'

સાંકડી ગલીમાંથી બે મુસ્લિમો જાન બચાવીને દોડયા આવતા હતા. હિંદુઓનું એક ટોળું એમની પૂંઠે હતું. એક વૃદ્ધ હિંદુ સ્ત્રીએ એ બેને પોતાના ઘરમાં લઈ લીધા. એમને જનોઈઓ પહેરાવી અને એમને કપાળે સુખડનાં તિલક કરી દીધાં. પેટના દીકરાની જેમ એ બેને વૃદ્ધાએ ચાર દિવસ સુધી સાચવ્યા. પછી હિંદુ વેષે જ તેઓ પોતાના લત્તામાં પહોંચી ગયા. વૃદ્ધ માતા કહે છે કે, 'પોતાને આંગણે આશરો લેવા આવેલાઓનું રક્ષણ કરવું એ તો હિંદુ માત્રની પવિત્ર ફરજ છે. જે એમ ન કરે તેને બ્રહ્મહત્યાનું પાપ લાગે છે.'

હિંદુઓના એક મકાનમાંથી બધા ભાડૂતો ભાગી ગયા હતા. પાછળ રહ્યો હતો એકલો ચોકીદાર. ત્રણ ત્રણ દિવસ સુધી એ ખાધા વિનાનો રહ્યો. એક મુસ્લિમ પાડોશીને ખબર પડી. પોતાના રેશનમાંથી પાંચશેર ચોખા લઈને એણે એક પોટલી વાળી અને ઘરના છાપરા ઉપર ચઢીને છાનીમાની એ ચોકીદારને પહોંચાડી.

❀

એક મુસલમાન રસ્તે ચાલ્યો જતો હતો. એકાએક બે હિંદુ જુવાનો લાઠી લઈને તૂટી પડયા, બાજુમાંથી જતી ગાડીનો બૂઢો હિંદુ ગાડીવાળો કૂદીને વચ્ચે પડયો અને મુસલમાનને બચાવવા જતાં એના દેહ ઉપર લાઠીઓ પડી. દરમિયાન મુસલમાન નાસી છૂટયો, બૂઢા ગાડીવાળાએ જુવાન હિંદુઓને પૂછયું: 'ખાલી હાથે ચાલ્યા જતા એટલા માણસ ઉપર બે લાઠીવાળા તૂટી પડયા એમાં શું તમારી બહાદુરી સમજો છો?' જુવાનો મૂંગે મોઢે ચાલ્યા ગયા.

❀

પાડોશમાં વસતા અનેક હિંદુઓને આશરો આપનાર એક મુસ્લિમ વેપારી આંસુભરી આંખે કહેતા હતા કે, 'આપણે અહીં એકબીજા સાથે હળીમળીને બસો વર્ષોથી રહીએ છીએ. પણ હવે બહારનાઓ આવીને મારે હાથે મારા જ ભાઈઓનું ખૂન વહાવવા માગે છે, લોકોનાં આંસુ, લોહી અને હાડકાં ઉપર જેઓ પોતાની ઈમારત ચણી રહ્યા છે તેઓ થોડા જ વખતમાં અટૂલા પડી જશે; યા ખુદા, એ લોકો ઈસ્લામને નામે કેવાં નાપાક કામ કરી રહ્યો છે!

વહેતાં પાણી

માસિક નોંધ

પ્રત્યેક વાટાઘાટો દેશને પાછો પાડે છે

વિક્રમનું વધુ એક વર્ષ પૂરું થઈ ગયું છે. સંવત ૨૦૦૨ને પ્રથમ દિવસે શરૂ થયેલા આઝાદ હિંદ ફોજના ત્રણ શૂરવીરો ઉપરના મુકદ્દમાએ દેશની નસેનસમાં લડાયક જોમ પ્રસરાવી દીધું હતું. નવા મોરચા ઉપર લડવા જઈ રહેલી કોઈ મહાસેનાની ખુમારીથી આખી પ્રજા હલબલી ઊઠી હતી. અને આજે, વર્ષને અંતે અનિશ્ચતતાઓ અને બહેકાવી મૂકેલી આશાનિરાશાઓના વાતાવરણમાં એ જ પ્રજા ગૂંગળામણ અનુભવી રહી છે. લાઠીઓ સામે જેનાં મસ્તક ઉન્નત રહ્યાં હતાં, સંગીનો અને ગોળીઓ સામે જેની છાતી સાબૂત રહી હતી એ પ્રજાનો બરડો વાટાઘાટોએ ભાંગી નાખ્યો છે. પ્રત્યેક સંગ્રામે દેશને આગળ ધપાવ્યો છે અને પ્રત્યેક વાટાઘાટોએ એને પાછો પાડયો છે.

યુદ્ધે ચઢેલી તમામ પ્રજાઓને વહેલું મોડું એક યા બીજા પ્રકારની વાટાઘાટોમાંથી પસાર થવું પડતું હશે. પણ આપણી વાટાઘાટોની રીત ન્યારી છે. જે પ્રકારનો અહિંસક સંગ્રામ આપણા દેશે ખેલ્યો છે તેમાં કદાચ વાટાઘાટોનું એક વિશિષ્ટ સ્થાન હશે. પણ આજે તો એ વિશિષ્ટતા મટીને અનિવાર્યતા બની બેઠી દેખાય છે. અને કોઇ અનેરા પ્રકારની—અથવા તો કોઈ પણ ચોક્કસ પ્રકાર વિનાની—આપણી વાટાઘાટો હોય છે. ગમે તેની સાથે, ગમે તે મુદ્દા ઉપર આપણા આગેવાનો પૈકી ગમે તે, વાટાઘાટો ચલાવવા તત્પર હોય છે. ભૂતકાળમાં જેણે અનેક ગુલાટો ખાધેલી હોય, અનેક વાર જે બોલીને સિફતપૂર્વક ફરી ગયા હોય, આપણા શબ્દોને મારીમચડીને જેણે આપણી બેસુમાર બદબોઈ કરી હોય, કસમ ખાવા એક પણ રચનાત્મક સૂચન જેણે કદી કર્યું ન હોય, તેવા ફરેબી માનવીઓ સાથે આપણે એક વાર, બે વાર, ફરી ફરીને વાટાઘાટો કરતા આવ્યા છીએ. ભૂતકાળના એમના વર્તનને કારણે અને વર્તમાનની એમની વાણીને કારણે અમુક વ્યક્તિઓ સાથે તો અમે વાટાઘાટો નહિ જ કરીએ એવું આપણે જાહેર કરી શકતા નથી. એ જ રીતે અમુક મુદ્દા તો અમારે મન મૂળભૂત છે, અમારી ઇમારતના પાયારૂપ છે, એ અંગે કશી જ બાંધછોડને અવકાશ નથી એવું આપણે વર્તનમાં સાબિત કરાવી શકતા નથી. આપણા અસ્તિત્વ માટે જવાબદાર એવા સિદ્ધાંતો ચાહે તેવા લાભદાયી સોદાના બદલામાં પણ વટાવી શકાય તેમ નથી. તેવી સચોટ પ્રતીતિ આપણે કરાવી નથી અને ત્રીજું, વાટાઘાટો કરવા આવનાર સહુ કોઇએ આપણામાંથી કોઇ ચોક્કસ વ્યક્તિને અથવા તો ચોક્કસ સમૂહને એકી સાથે મળવું જોઇએ, એવો આગ્રહ આપણે રાખી શકયા નથી. પરિણામે ચાલાક દુશ્મન ઘડીક આને મળે, ઘડીક તેને મળે, અહીં એક વાત કહે અને ત્યાં બીજી. એકને ભરમાવે તો બીજાને ઉલ્લુ બનાવે અને છેવટ હાથતાળી દઈ ચાલ્યો જાય ત્યારે આપણે જોયા કરીએ!

દિલ્હીમાં છેલ્લા એક મહિના દરમિયાન આવું જ બન્યું છે. શ્રી સુલતાન અહમદ, ભોપાળના નવાબ, પટ્ટોડીના નવાબ, એવા અનેક પ્રકારના વિષ્ટીકારો પહેલાં આવે, ખુશામત કરે, ધમકી આપે, લાલચ આપે—છતાં એ બધાને આપણે મળ્યા. તે પછી થી ઝીણા આવે. એની એ વાતો ઉપર ફરી ફરીને એમની સાથે ચર્ચાઓ ચાલે, મુલાકાતો અને પત્રવ્યવહારોનો કોઈ સુમાર ન રહે. અને એમની સાથે આપણે એક સૂરે વાત પણ નથી કરી શકતા. કોઈ ગાંધીજીને મળે, કોઈ વાઈસરોયને, કોઈ જવાહરલાલને કોઈ સરદાર અને મૌલાના આઝાદને. કોઈ એમને કહેતું નથી કે, મળવા માટે ખુશીથી આવો. કે બોલાવો, પણ વાટાઘાટો તો ફક્ત વચગાળાની સરકારના વડા જવાહરલાલ સાથે જ કરજો. અમારી સાથે નહિ

કલહોનું મેદાન બનેલી વચગાળાની સરકાર

વાટાઘાટો હવે પૂરી થઈ છે, એટલે એની ઉપર અત્યાર સુધી ઢાળી રાખેલા પડદામાં પ્રત્યેક પક્ષકાર પોતાને ફાવે ત્યાં બાકોરાં પાડી પાડીને પ્રજા સમક્ષ તેનાં એકપક્ષી અને વિકૃત સ્વરૂપો રજુ કરવા માંડયાં છે. લાંબા સમય સુધી પ્રજાને અંધારામાં રાખીને હવે પછી વિતેલા કાળના ચૂંથણાં ચૂંથાવા માંડયાં છે, સામસામા આક્ષેપો અને પ્રતિઆક્ષેપોનાં નિવેદનોનો આરંભ થઈ ચૂકયો છે. પ્રજામાનસને ત્રાસ પમાડનારી આ તમામ બિનાઓના બદલામાં આપણે મેળવી શું શકયા છીએ? પહેલી હરોળના રાષ્ટ્રનેતાઓના સાથીપદે વિરોધીઓ માંહેલા ૪-૫ મધ્યમ કોટિના માનવીઓને બેસાડયા છે. અંદરથી એમની કનડગત વધશે, અને બહારના મુખ્ય વિરોધિઓનો ઉલ્કાપાત તો ચાલુ જ રહેશે.

વચગાળાની સરકારમાં લીગના જોડાવાથી દેશની તૃષાતુર ધરતી ઉપર શાંતિ અને ભ્રાતૃભાવનાની કોઈ નવવર્ષા થઈ જવાની છે એવી પ્રજાને અપાઈ રહેલી આશાઓ વાંઝણી ઠરી છે. કલકત્તાનો હત્યાકાંડ હજી ભૂલાયો નથી ત્યાં તેનાથી ચાર ચાસણી ચડે તેવી કથા બંગાળના નોઆખલી જિલ્લામાંથી આવી છે. પોતાના હાથમાં સત્તા આવે તો જે વિસ્તારોમાં પારકી કોમની પંદર ટકા વસ્તી છે ત્યાં શું કરી શકાય છે તે પાકિસ્તાનીઓએ દેખાડયું છે. મુસ્લિમોને ગેરમાર્ગે દોરવામાં, એમનું મઝહબી ઝનૂન બહેકાવવામાં આગળ ને આગળ જઈ રહેલા લીગવાદીઓને વચગાળાની સરકારમાં જોડાવાથી તો ખુલ્લી આગમાં પવન ફૂંકવાનો મોકો મળ્યો છે. પ્રધાનમંડળ સર્વપક્ષી બન્યું છે. પણ આ સર્વપક્ષીપણું અંતરમાંથી ઊગેલું નહિ, ઉપરથી ઠોકી બેસાડેલું છે.

સરહદના ગાંધીએ વાટાઘાટોના આરંભકાળે જ ઉચ્ચારેલો ચેતવણીનો સૂર આજે લાગે છે તેટલો જ સાચો તે વખતે આપણા આગેવાનોને લાગ્યો હોત તો કેવું સારું થાત.

'અને લાગે છે કે વાઇસરોયે શ્રી ઝીણાને પોતાનો ખાસ હેતુ પાર પાડવા માટે જ મંત્રણા બોલાવ્યા છે. વચગાળાની સરકારનો અનુભવ વાઈસરોયને મીઠો નથી લાગ્યો દેખાતો. પોતાની સરમુખત્યારી સત્તામાં ધીમે ધીમે ઘટાડો થઈ રહ્યો હોય તેવું એમને લાગે છે. એટલે, અત્યારે સરળતાથી ચાલી રહેલી વચગાળાની સરકારને એ જેનાતેના ઝગડાઓ માટેના મેદાનમાં પલટાવી નાખવા માગે છે.

પાછા વળવાનો માર્ગ હવે બંધ છે

એટલે કે પંડિત જવાહરલાલ અને એમના અગિયાર સાથીઓ પ્રચંડ વેગથી લોકોન્નતિનાં કાર્યો કરી રહ્યા હતા તેને બદલે હવે આંતરિક વિખવાદ અને કુકકપટનો સામનો કરવામાં એમના પ્રધાનમંડળની શકિત ખરચાતી જશે. અનેક મોરચે લડી રહેલા રાષ્ટ્ર સામે એક નવો મોરચો ખૂલ્યો છે, ટેનીસનના 'ચાર્જ ઓફ ધી લાઈટ બ્રિગેડ' કાવ્યે અમર બનાવેલી છસો ઘોડેસવાર યોદ્ધાઓની ટુકડીની માફક આપણા લડવૈયાઓની સામે તોપો મંડાયેલી છે, જમણી બાજુ તોપો છે અને ડાબી બાજુ પણ ધુંવાધાર તોપો છે. તફાવત એટલો જ છે કે આપણા લડવૈયાઓની તો પીઠ પણ સલામત નથી, ત્યાં પણ સગાભાઈની તોપો મંડાયેલી છે.

અને છતાં આગળ વધીને જંગ જીત્યા વિના છૂટકો નથી. પાછા વળવાનું આપણને પાલવે તેમ નથી; કારણ કે પાછા વળવાનો માર્ગ બંધ છે. રસ્તો હવે એક જ છે—આગળ ધપવાનો. સત્તારોહણ પછીના પ્રથમ વાયુ-પ્રવચનમાં જવાહરલાલ નેહરુએ કહેલા શબ્દો જ નવા વર્ષનો આપણો આશાસંદેશ બની રહે છે—

સહુએ સાથે મળીને સાથીઓ તરીકે આગળ વધવાનું છે. કાં તો આપણે બધા જ જીતશું અને કાં તો સહુ સાથે ડૂબશું. પણ આપણે હારવાના નથી. સફળતા ભણી, ચાલીસ કરોડની આબાદી અને સ્વતંત્રતા ભણી આપણે કદમ બઢાવીએ છીએ.'

અન્નસંકટ પાર ઊતારવા
હજી વધુ કમર કસો !

અનાજની એવી કારમી કટોકટીને આરે આવીને આખો દેશ ઊભો છે કે તે અંગે ફરી ફરીને ચેતવણીઓ ઉચ્ચારવી એ સૌ કોઈનો ધર્મ થઈ પડયો છે. હિંદી સરકારના ખોરાકમંત્રી શ્રી સેને જાહેર કરેલી નીચેની વિગતો વારંવાર મગજમાં ઘૂંટવાની જરૂર છે.

'હિંદમાં દર વર્ષે છ કરોડ ટન અનાજ પેદા થાય છે. પણ આપણા ખેડૂતોનો મોટો ભાગ પોતાની વપરાશ જેટલું જ અનાજ પકાવતો હોય છે. એટલે કુલ નીપજનું માત્ર ૪૦ ટકા –૨૮ લાખ ટન–અનાજ બજારમાં વેચાણ માટે આવે છે.

'લડાઈ પહેલાં આપણે દર વર્ષે સરેરાશ પંદર લાખ ટન અનાજની પરદેશોમાંથી આયાત કરતાં. દેશના કેટલાક ભાગોમાં અનાજનો પાક નિષ્ફળ ગયો હોવાથી આપણે આ વર્ષે ઓછામાં ઓછા ચાલીસ લાખ ટન અનાજની આયાત માટે માગણી કરી છે. અત્યાર સુધીમાં દેશાવરથી આપણને માત્ર સાડાબાર લાખ ટન અનાજ મળ્યું છે.'

યુનાઈટેડ સ્ટેટસમાંથી આપણને મળનારું અમુક અનાજ ત્યાંના નાવિકોની હડતાલને કારણે કેટલાય દિવસ સુધી રઝળી પડયું. આરજન્ટાઇનાથી કટોકટી ભરી વાટાઘાટો પછી મકાઇનાં જહાજો રવાના થયાં. આપણા બાંધવ–રાષ્ટ્ર ઈન્ડોનેશિયાએ સાત લાખ ટન ચોખા આપવાની કરેલી ઉદાર ઓફરનો લાભ ઓછાં જહાજોને કારણે અતિ મર્યાદિત પ્રમાણમાં લેવાઇ રહ્યો છે. પાડોશી બરમામાં રચાયેલી નવી પ્રજાકીય સરકારના વડા મેજર–જનરલ ઓંગ–સાને એક લાખ ટન ચોખાની ઓફર કરી છે. પરંતુ દેશાવરથી આવતું અનાજ બહુમાં બહુ તો આપણને થોડી મદદ કરી શકે, આપણો ગુસ્સો ટકાવી રાખી શકે. કટોકટીનો લાંબો ગાળો તો આપણે એકલે હાથે વિતાવવો પડશે. રેશનિંગનો વહીવટ પડી ભાંગે નહિ તેને માટે સરકાર પાસે અનાજનો સારો એવો જથ્થો રહેવો જરૂરી છે. અને એનો શ્રેષ્ઠ માર્ગ મુંબઈની પ્રજાકીય ખોરાક-સમિતિના પ્રમુખ શ્રી મિનુ મસાણીએ દાખવ્યો છે: શહેરોમાં વસતા શ્રીમંતો અને મધ્યમવર્ગના માનવીઓએ પોતાનાં રેશનકાર્ડનું અરધું અનાજ બે મહિના માટે સ્વેચ્છાએ જતું કરવું. આ રીતે છોડી દીધેલા ચોખા કે ઘઉંને સ્થાને દાળો, શાકભાજી અને દૂધ–ઘી લઈને જાતે સશક્ત અને નીરોગી રહેવાની ત્રેવડ આ વર્ગનાં માનવીઓમાં છે. શ્રી મસાણીના આ સૂચનનો પ્રથમ મુંબઈના અને હવે અમદાવાદના થોડા લોકો ઉત્સાહપૂર્વક અમલ કરવા માંડયા છે એ ઘણા આનંદની વાત છે. સ્વતંત્ર પ્રજાને એ જ શોભે. પણ હજી વધુ કમર કસવાની જરૂર છે.

મિલઉદ્યોગને રૂંધતો
મદ્રાસ સરકારનો નિર્ણય

મદ્રાસ પ્રાંતના કોંગ્રેસી વડા પ્રધાન શ્રી પ્રકાશમે પ્રાંતના મિલઉદ્યોગના વિકાસના માર્ગ આડી મોટી શિલા મૂકનારો જે નિર્ણય કર્યો છે તેણે ઘણી ચર્ચા જગાડી છે અને તેની વિરુદ્ધમાં તેમ જ તરફેણમાં વિવિધ–સામાજિક, આર્થિક, રાજનૈતિક અને આધ્યાત્મિક દલીલો થઈ રહી છે. આ એક અત્યંત મહત્ત્વનો પ્રશ્ન છે અને વહેલોમોડો એ એક યા બીજા સ્વરૂપે મદ્રાસ સિવાયના તમામ બ્રિટિશ શાસન તળેના પ્રાંતોમાં ઉપસ્થિત થવાનો છે, તેથી એ વિષે પૂરી અને ઊંડી વિગતો જાણ્યા પછી જ શાંત ચિત્તે સૌ કોઈ પોતાનો અભિપ્રાય બાંધે તે જરૂરી છે. એ દરજ્જાકનો દક્ષિણ હિંદ મિલમાલિક મંડળના પ્રમુખ શ્રી જલસમાપતિ મુદાલિયરે કરેલા એક નિવેદનમાંથી તારવીને અહીં આપી છે—

'૩૪૦ લાખની વસ્તીવાળા મુંબઈ પ્રાંતની મિલો પાસે બધી મળીને ૬૦ લાખ સ્પિન્ડલ છે, જ્યારે મદ્રાસ ઈલાકો તેમજ મૈસુર, ત્રાવણકોર અને કોચીનનાં રાજ્યોના અનેવા ૮૩૦ લાખની વસ્તી-

વાળા દક્ષિણ વિભાગની મિલો પાસે કુલ ૨૦ લાખથી પણ ઓછી ત્રાકો છે. દક્ષિણમાંની મોટા ભાગની મિલો માત્ર સૂતર કાંતે છે—વણવાનું કામ પ્રમાણમાં ઓછી મિલોમાં થાય છે. ૧૯૪૫ દરમિયાન મુંબઇની મિલોએ ૩૩૦ કરોડ વાર કાપડ બનાવ્યું અને તેની હાથશાળોએ બીજું ૧૩ કરોડ વાર વણ્યું. એ રીતે મુંબઈ પ્રાંતમાં એ એક વર્ષ દરમિયાન બધું મળીને ૩૪૩ કરોડ વાર કાપડ બન્યું. મુંબઈ પ્રાંતમાં તેના ઉપયોગ કરતાં વધારે કાપડ બને છે. મદ્રાસમાં ઓછું. ૧૯૪૫ના વર્ષ દરમિયાન મદ્રાસ ઇલાકામાં મિલોએ ૩૦ કરોડ વાર અને હાથશાળોએ ૬૬ કરોડ વાર કાપડ પેદા કરેલું. આ રીતે મુંબઈના ૩૪૩ કરોડ વારની સરખામણીમાં મદ્રાસે માત્ર ૯૬ કરોડ વાર કાપડનું ઉત્પાદન કર્યું. તેથી એ બે પ્રાંતોના મિલઉદ્યોગમાં મદ્રાસ પ્રાંતે વધુ વિકાસ સાધવાની જરૂર છે.'

શ્રી પ્રકાશમના પ્રધાનમંડળે કરેલો નિર્ણય એ પ્રાંતના મિલઉદ્યોગના વિકાસને રુંધવા માટેનો છે તે હકીકત કોઈ છુપાવતું નથી. મદ્રાસની સરકારે ખાદીના ઉત્પાદનની એક જંગી યોજના ઘડી છે. એ યોજનાથી આખી પ્રજાનું ભલું થવાનું છે અને જો એ અખતરો અનુકૂળ સંજોગો નીચે ચાલુ રાખવામાં આવે તો એ જરૂર સફળ થશે તેવી શ્રદ્ધા સાથે એ ખાદી-યોજનાનો આરંભ મદ્રાસના પ્રધાનમંડળે કરી દીધો છે. આ ખાદી-યોજના થોડા જ વર્ષોમાં મદ્રાસના પ્રજાજનને આજે વાર્ષિક દસ વાર કાપડ મળે છે તેને બદલે વીસ વાર પૂરું પાડવાના ભવ્ય મનોરથને લઈને જન્મી છે. મિલો એ એના માર્ગમાં અંતરરૂપ છે તેથી પ્રાંતમાં નવી મિલો શરૂ ન કરવા દેવાનો તેમજ હાલની મિલોમાં વધુ સ્પિન્ડલો ન બસાવવા દેવાનો સરકારે નિર્ણય કર્યો છે.

હાથશાળના વણકરોને પણ નુકસાન પહોંચાડશે?

આ નિર્ણય અને આ નીતિનો વિરોધ કરનારાઓ કહે છે કે મદ્રાસની મિલો એ પ્રાંતના જ નહિ બલ્કે પડોશી વિસ્તારોના હાથશાળના વણકરોને પણ સૂતર પૂરું પાડે છે. અત્યારે પણ એ વણકરોને પૂરતું સૂતર ન મળતું હોવાથી અનેક હાડમારીઓ વેઠવી પડે છે. એનો ખ્યાલ કરીને જ કાપડઉદ્યોગના યુદ્ધોત્તર નિયોજન અંગેની મધ્યસ્થ સરકારની સમિતિએ મદ્રાસ પ્રાંતને ફાળે દોઢ લાખ ઝીણા સૂતરની અને બે લાખ જાડા સૂતરની સ્પિન્ડલો આપી હતી. આ કુલ સાડાત્રણ લાખ સ્પિન્ડલમાંની અડધી તો જૂની અને ઘસાઈ ગયેલી સ્પિન્ડલનું સ્થાન લેવા માટેની છે. આંતરપ્રાંતીય વહેંચણીમાં પોતાને ફાળે આવતી આ સ્પિન્ડલ લેવાની ના પાડી દઇને મદ્રાસ સરકાર મિલઉદ્યોગને જ નહિ, હાથવણાટને પણ ફટકો મારી રહી છે; કાપડની કારમી તંગીમાં અસહ્ય વધારો કરી રહી છે."

ટીકાઓના જવાબમાં શ્રી પ્રકાશમે કહ્યું કે, 'અમારી નીતિ સામે વિરોધ જાગશે એ અમે જાણતા હતા. પણ એનો કટકે કટકે જવાબ આપી શકાય નહિ. યોગ્ય સમયે વિસ્તૃત નિવેદન બહાર પાડવામાં આવશે, હું સીધેસીધો આંકડા અને હકીકતવાળો જવાબ દઈ શકું નહિ.'

કોંગ્રેસની નીતિમાં અને ગાંધીજીના આદર્શોમાં જેમને શ્રદ્ધા છે તેઓ એટલું સ્વીકારે છે કે શ્રી પ્રકાશમે એક ઘણું ક્રાંતિકારી પગલું ભર્યું છે. અને તેની સફળતા-નિષ્ફળતાની આ આખા દેશના સામાજિક તથા આર્થિક જીવન ઉપર દૂરગામી અસરો થયા વિના રહેવાની નથી. એક નવી દિશામાં આખી પ્રજાને દોરવાનો-જોતરવાનો અખતરો થઈ રહ્યો છે. એના કરવૈયાઓને પોતાની શક્તિમાં તેમ જ પોતાની નીતિની સફળતામાં અખૂટ વિશ્વાસ ન હોય તો તેઓ આવી ગંભીર જવાબદારી ઉઠાવવાની હિંમત ન કરી શકે. એ પણ સારું છે કે આવા જોખમભર્યા અખતરા માટે સારા ય હિંદુસ્તાનના વિશાળ પટને બદલે માત્ર એક જ પ્રાંતની ભૂમિ પસંદ કરવામાં આવી છે. મદ્રાસમાં યંત્રશાળો કરતાં હાથશાળો ઘણુ વધારે કાપડ વણે છે અને એ હાથશાળો મિલના સૂતરને બદલે હાથકાંતામણનું સૂતર ઘણી સરળતાથી વણવા મંડી જઈ શકે એ પણ દેખીતું છે.

પ્રજાને અંધારામાં રાખીને ક્રાંતિકારી પગલાં કેમ ભરાય ?

અને છતાં અમે ત્યારે એક ફરમાન કાઢીને આવો અભૂતપૂર્વ અખતરો વહેતો મૂકી શકાય નહિ. પ્રજાએ સંપૂર્ણ વિશ્વાસપૂર્વક ચૂંટેલા કોંગ્રેસી પ્રધાનોને પણ આવો નિર્ણય માત્ર પોતાની અંગત જવાબદારી ઉપર કરવાનો અધિકાર નથી. કોંગ્રેસના ધારાસભ્યોને તેમ જ પ્રાંતિક ધારાસભાને આ બાબતમાં અગાઉથી વિશ્વાસમાં લેવાં જોઈતાં હતાં—હજી પણ એમને વિશ્વાસમાં ન લેવાય ત્યાં સુધી આ નવી નીતિનો અમલ મુલતવી રાખવો જોઈએ. ધારાસભામાં એની નિખાલસ ચર્ચા થવી જોઈએ. એની સંપૂર્ણ છણાવટમાંથી ફલિત થતા વિરોધપક્ષના મુદ્દાઓનો હકીકત અને આંકડાથી છાજતો જવાબ અપાવો જોઈએ. આર્થિક પ્રશ્નોની ચર્ચા ચાલતી હોય ત્યારે એના જવાબો પણ અર્થકારણની દૃષ્ટિએ સદર માલૂમ પડે તેવા અપાવા જોઈએ. તે વખતે તેની અંદર આધ્યાત્મિક દલીલો—કે જે વધુ અંશે અભિપ્રાયો હોય છે તે—ન લાવવી જોઈએ. વિરોધીઓના વિરોધનો જડબાતોડ જવાબ દેવાને બદલે મદ્રાસના કોંગ્રેસી વડાપ્રધાન એમ કહે કે, એ બધું નિરાંતે થશે અત્યારે હું હકીકતો ને આંકડા ન આપી શકું—એ તો ભારે શરમની વાત કહેવાય. પોતાની આવી ક્રાંતિકારી નીતિને વાજબી ઠરાવતા આંકડા-હકીકતો તો મદ્રાસના વડાપ્રધાનને જીભે ને ટેરવે હોવા જોઈએ. પ્રધાનમંડળના અને ધારાસભાના સહુ સભ્યો ઠેર ઠેર ભાષણો, નિવેદનો ને વાતચીતો દ્વારા એ નીતિની સદ્ધરતા અંગે પ્રચાર કરતા હોવા જોઈએ, લોકમત કેળવતા હોવા જોઈએ. લોકોનું ભલું તો સરમુખત્યારો પણ અમુક પ્રમાણમાં કરી શકે છે. પણ એ ભલું કરવા ઉપરાંત, જેનું ભલું થઈ રહ્યું છે તે જનતાના સામાન્યમાં સામાન્ય માનવીને તેની સતત પ્રતીતિ કરાવતા હોવું તેનું નામ જ લોકશાહી. મદ્રાસના કોંગ્રેસી તેમજ બિનકોંગ્રેસી આગેવાનોની સંયુક્ત માગણીને માન આપીને આ બાબત અંગે ધારાસભામાં પૂરતી છણાવટ કર્યા પછી, પ્રજાને પોતાની સાથે રાખીને જ પ્રધાનમંડળે આગળ કદમ ભરવું જોઈએ. કોઈને ય અંધારામાં રાખીને એકાએક પ્રયાણ કરી દેવાની જરૂર નથી.

દારૂના દૈત્યે કરેલી અમેરિકાની પાયમાલી

મદ્રાસ પ્રાંતમાં ઓક્ટોબરની ૧લી તારીખથી આઠ જિલ્લાઓમાં દારૂબંધીનો કાયદો અમલમાં આવ્યો છે. કોંગ્રેસના પ્રધાનમંડળોએ પોતાના ૧૯૩૭-૩૯ ના અમલ દરમિયાન પોતાના પ્રાંતમાં દારૂબંધીનો ઓછો અધૂરો અમલ શરૂ કર્યો હતો. કોંગ્રેસે હોદ્દા ત્યાગ કર્યા પછીના પ્રાંતેપ્રાંતના ગવર્નર રાજે એ અમલ કા તો પાછો ખેંચી લીધેલો અને કાં તો માત્ર કાગળ ઉપર એનો અમલ ચાલુ રાખીને તેની રેવડી કરાવી હતી. હવે કોંગ્રેસ ફરી સત્તા ઉપર આવી છે તેથી પુનઃ કોંગ્રેસી શાસન તળેના પ્રાંતો દારૂબંધીની બક્ષિસ થોડેક અંશે પામી રહ્યા છે. એ મુદ્દામાં મદ્રાસે વિશિષ્ટ કીર્તિ સંપાદન કરી છે. કારણ કે અગાઉ જે ચાર જિલ્લાઓમાં દારૂબંધી દાખલ કરાયેલી તે ઉપરાંત બીજા ચાર વધુ જિલ્લાઓમાં પણ તેનો અમલ આ વખતે શરૂ કરાયો છે, અને આશરે દોઢ કરોડ માનવીઓ એ દૈત્યના પંજામાંથી છૂટયાં છે ક્રમે ક્રમે પ્રસરીને પ્રજાશાસનની આ બહુમૂલી સોગાદ સાગર પ્રાંતને આવરી લેશે.

મદ્રાસની ધારાસભામાં દારૂબંધીના ધારા ઉપર થયેલી ચર્ચા દરમિયાન (અને બીજા પ્રાંતોમાં પણ) દારૂબંધીના કેટલાક વિરોધીઓ એવી દલીલ કરે છે કે અમેરિકામાં દારૂબંધીનો પ્રયોગ નિષ્ફળ ગયો હતો. આ બહુ ગવાયેલી દલીલના જવાબમાં મદુરાના અમેરિકન મિશનના મંત્રી શ્રી લોગ્રીઅર 'હિંદુ' ઉપરના એક પત્રમાં કહે છે કે—

> 'દારૂબંધીના કાયદાને જ્યાં પ્રજામતનો ટેકો નહોતો તેવાં કેટલાક મોટાં શહેરોમાં એ નિષ્ફળ ગઈ હતી તે વાત સાચી છે. પરંતુ મોટા ભાગનાં શહેરો અને ગામડાંઓમાં એને સફળતા વરી હતી.....
>
> પણ આવી નિષ્ફળતા તો દારૂબંધીના કાયદાને રદ કરનારાઓને સોંપવી છે. તાજેતરમાં અમેરિકાના ૫૦ પ્રસિદ્ધ નિષ્ણાતોએ એ ધારો રદ થવાનાં આપેલાં પરિણામો અંગે સંશોધન કરીને પોતાનો અહેવાલ બે ગ્રંથોમાં પ્રગટ કર્યો

છે. એમના આંકડાઓ એમ બતાવે છે કે અમેરિકાના ૨૦ ટકા છૂટાછેડા, ૨૫ ટકા ગાંડપણ, ૩૭ ટકા ગરીબાઈ અને ૫૦ ટકા ગુનાઓ માટે દારૂનાં પીણાં જવાબદાર છે.'

સંપૂર્ણ રાષ્ટ્રીયકરણ જીવનધોરણ ઊંચું લાવશે ?

જે જાતા આદર્શોને લક્ષ્યમાં રાખીને આપણી પ્રજા આજ સુધી જંગ ખેલતી આવી છે તેને એક પછી એક મૂર્ત સ્વરૂપમાં મૂકવાની ઘડી હવે આવી પહોંચી છે. ત્યારે કોઈ કાલાંધેલાં આદર્શોને વધાવવાના ઉત્સાહના અતિરેકમાં આપણા પગ નીચેની જમીન સરકી ન બેસે તે માટે વેળાસરની ચેતવણી ઉચ્ચારનારા થોડાઘણા નિડર અને અભ્યાસી આગેવાનોમાંના એક શ્રી મિનુ મસાણી છે. મોટા ઉદ્યોગો તેમ જ જનતાની સગવડ સાચવતી મહત્ત્વની સંસ્થાઓ (રેલ્વે, ટ્રામ, બસ, ટેલીફોન)નું સંપૂર્ણ રાષ્ટ્રીયકરણ કરી નાખવું જોઈએ એવો નાદ આપણા દેશમાં આજ વર્ષોથી ગાજતો આવ્યો છે. આપણી કેટલીક નવી પ્રાંતિક ધારાસભાઓએ અથવા કોંગ્રેસી સરકારોએ એ અંગે જાહેરાતો પણ કરી દીધી છે. પરંતુ દરેક બાબતમાં રાષ્ટ્રીયકરણ કરવાથી આપણો દેશ આગળ વધી શકશે ? આપણાં ઉત્પાદન વધી શકશે ? આપણું જીવનધોરણ ઊંચું લાવી શકાશે ? રાષ્ટ્રીયકરણને આ કસોટીએ ચઢાવતાં એક લેખમાં શ્રી મસાણી કહે છે–

'અત્યારનું આપણું ઉત્પાદન અતિશય ઓછું છે. લડાઈ પહેલાં હિંદના સરેરાશ માનવીની આવક વર્ષે ફક્ત રૂ. ૬૫ હતી. તેથી સૌ પહેલી જરૂરિયાત ઉત્પાદન વધારવાની છે. તેથી રાષ્ટ્રીયકરણની કસોટી એ છે કે અમુક કામ સરકારી માલિકી નીચે વધુ સારું થશે કે વ્યક્તિની માલિકી નીચે ?

'આપણું પોલાદનું ઉત્પાદન બ્રિટનના ઉત્પાદનના ૧–૧૨ ભાગ જેટલું અને અમેરિકાના ઉત્પાદનના ૧–૬૦ ભાગ જેટલું છે. લડાઈ પહેલાં હિંદમાં જેટલી વીજળી વપરાતી તેનાથી બ્રિટનમાં ૨૦ ગણી અને અમેરિકામાં ૭૭ ગણી વપરાતી. દર એક લાખની વસ્તી દીઠ હિંદમાં માત્ર પાંચ મોટર ગાડીઓ છે. ઈંગ્લાંડમાં ૧૨૦૦ અને અમેરિકામાં ૩૦૦૦ છે. હિંદમાં ૪૧,૦૦૦ માઈલ લાંબા રેલ્વેમાર્ગો છે. (રશિયા સિવાયના)યુરોપના આપણા દેશ જેટલા જ વિસ્તારમાં ૧,૯૦,૦૦૦ માઈલમાં રેલ્વેના પાટા પથરાયેલા છે. આવી અળખામણી સરખામણીઓ હજી અનેક ટાંકી શકાય.'

શોષણની ઊલમાંથી સડા અને અંધેરની ચૂલમાં ન પડીએ

તો પછી અનેક ક્ષેત્રોમાં આપણે જે પ્રગતિ કરવાની છે તેનો બોજો કોણ ઉઠાવશે ? એ સવાલનો જવાબ આપતાં શ્રી મસાણી કહે છે કે 'પંદર વર્ષની યોજનામાં આપણા આગેવાન ઉદ્યોગપતિઓએ કબૂલ કર્યું છે કે એકલે હાથે તેઓ આ કાર્ય કરી શકે તેમ નથી. પરંતુ બીજી બાજુ, એકલી રાજ્યસત્તાથી પણ એ થઈ શકે તેમ નથી. આપણું વહીવટતંત્ર સાવ કાચું અને સંતર શક્તિહીન છે:—

'ગઈ લડાઈ એની સાથે અનેક પ્રકારના આર્થિક નિયમનો લેતી આવી. જુદાં જુદાં સરકારી ખાતાંઓમાં વ્યાપક બનેલા સડા અંગે આપણા રાષ્ટ્રનેતાઓએ વારંવાર આકરી ટીકાઓ કરી છે. આ બધું બ્રિટિશ અમલને પરિણામે જ હતું એવી ઉતરામણી માન્યતા આપણે ન રાખવી ઘટે. તુમારશાહી, જડ અણઆવડત, અને રૂશ્વતની બદી એ તમામ અમલદારશાહીના મૂળભૂત ગુણો છે. રૂસી સરકારે પોતાના અનેક અફસરોને બરતરફ કરતા હુકમો હમણાં બહાર પાડયા, અને અમલદારોમાં પ્રવર્તતા સડા સામે તેમ જ અમલદારી સત્તાના દારુણ દુરુપયોગ સામે રૂસી અખબારોએ માંડેલી જેહાદ એ આ સખ્ખર હકીકતના ટેકામાં સૌથી ઉજ્જ્વલ સાક્ષિતી છે. આ રીતે આપણે એક દ્વિધામાં સપડાયા છીએ: એક બાજુથી આપણો મૂડીવાદ આ કાર્ય એકલે હાથે કરી શકે તેમ નથી, અને બીજી બાજુ આપણી અમલદારશાહીમાં તો આ કામ માટે એથીય ઓછી લાયકાત છે.'

મૂડીવાદી શોષણનો એક માત્ર રામબાણ ઈલાજ રાષ્ટ્રીયકરણ છે અને સર્વ દેશોમાં સર્વકાળે તે એક અસરકારક નીવડશે એવી ઝનૂની અને આંધળી માન્યતા સેવનારાઓને બાદ દેતાં, વિશાળ જનસમુદાય એ સ્વીકારશે કે આપણા દેશના વિશિષ્ટ સંજોગોમાં સંપૂર્ણ રાષ્ટ્રીયકરણ કરવું એ તો મૂડીવાદી શોષણની ઊલમાંથી અમલદારશાહીના ચંગેરની ચૂલમાં પડવા જેવું થશે, અમુક અનિવાર્ય કિસ્સાઓ સિવાય હાલ તુરત તો વ્યક્તિગત માલિકી રહેવા દઈને સરકાર તેને પોતાની જાગૃત અને કડક દેખરેખ નીચે રહેવા દે એ જરૂરી જણાય છે. વહીવટીતંત્ર જેમ જેમ મજબૂત અને પ્રામાણિક બનતું જાય તેમ અત્યારના નિયંત્રણનું સ્થાન વધુને વધુ રાષ્ટ્રીયકરણ લેતું જઈ શકે. પણ રાષ્ટ્રીયકરણની મર્યાદા આપણે સ્વીકારવી પડશે તેમાં શંકા નથી.

છાપાંના કાગળની વહુંચણી અંગે બ્રિટનનો નવો અખતરો

લડાઈ પૂરી થયાને એક વરસથી વધુ કાળ વીતી ગયો અને યુદ્ધમોરચા ઉપરની પળે પળે પલટાતી પરિસ્થિતિના સનસનાટી ભર્યા સમાચારોનો અંત આવી ગયો તે છતાં પણ વર્તમાનપત્રોના વાંચકોનો રસ ઓછો થયો નથી. ઊલટાની વધુ અને નવાં છાપાં માટે એક વિશાળ વાચકસમુદાય તલસી રહ્યો છે, કારણ કે, માનવીના ભાવિ ઉપર યુદ્ધ જેટલી અસર કરી તેથીય વિશેષ અસર આવતા અનેક દાયકાઓના ઈતિહાસ ઉપર કરનારા બનાવો આજે, શાંતિકાળમાં બની રહ્યા છે. કમનસીબે છાપાંનો વાચક યુદ્ધ દરમિયાન હતો તેટલો જ હજુ આજે પણ તરસ્યો રહેલો છે. કારણ કે એક લંડનના 'ટાઈમ્સ' સિવાય દુનિયાભરનાં દૈનિક છાપાં જેની ઉપર છપાય છે તે 'ન્યુઝ-પ્રિન્ટ' કાગળનું ઉત્પાદન તેની ઘણી વધી ગયેલી માંગને હજુ પહોંચી શક્યું નથી. પેપર કન્ટ્રોલના નિયમન હેઠળ આપણાં છાપાંનાં પાનાં ઉપર અંકુશ મુકાયેલો છે, તેમ પ્રત્યેક છાપાએ કેટલી નકલો છાપવી તે પણ ઠરાવવામાં આવેલું છે. આ બાબતમાં બીજા ઘણા દેશોની માફક બ્રિટન અને દિલ્હીમાં લગભગ સમાન પરિસ્થિતિ પ્રવર્તતી આવી છે. પરંતુ સપ્ટેમ્બરની ૨૩ મીથી બ્રિટનનાં વર્તમાનપત્રો અંગે ત્યાંની સરકારે જે એક નવો અખતરો શરૂ કર્યો છે તેનાથી બ્રિટિશ અખબારો અને તેમના વાચકોએ ઘણી રાહત અનુભવી હશે.

આખી લડાઈ દરમિયાન બ્રિટનનાં રોજિંદા છાપાંનું કદ ચાર પાનાનું રહ્યું હતું. બ્રિટિશ સરકારે છાપાંને અઠવાડિયામાં આ ત્રણ દિવસે બધ્યે વધુ પાનાં છાપવાની છૂટ આપી છે. ઉપરાંત દરેક છાપાંને પોતે પ્રજામાં જેટલી વેચી શકે તેટલી નકલો છાપવાની રજા અપાઈ છે. આ રીતે છાપાંને જે વધુ કાગળની જરૂર પડશે તે પૂરો પાડવાનું સરકારે માથે લીધું છે. વધુ ને વધુ વાચકો સર કરવાની બ્રિટિશ અખબારોની આ હરીફાઈ ત્રણ મહિના સુધી અનિયંત્રિતપણે ચાલશે. ત્યારબાદ, પ્રત્યેક છાપાની નવી વાંચકસંખ્યાને આધારે તેનો 'કવોટા' નવેસરથી ઠરાવવામાં આવશે. એટલે કે ભૂતકાળમાં ઊજડ ગામમાં એરંડા હતા અને પ્રજાને ગમે ન ગમે તો પણ અમુક છાપાં તેણે ખરીદીને વાંચવાં પડતાં, અને બીજી બાજુ લોકપ્રિય છાપાં પૂરતા 'કવોટા'ને અભાવે પોતાના ગ્રાહકોના હાથ સુધી પહોંચી નહોતાં શકતાં, તેવું હવે નહિ બને. આપણે ત્યાં પણ આજે લગભગ દરેક છાપું પોતાના ખરીદનારાઓની માંગને પહોંચી વળવા 'પેપર કન્ટ્રોલ'ને કારણે અસમર્થ હોવાનો દાવો કરે છે. તેમાંથી કેટલાનો દાવો પ્રામાણિક છે, અને પ્રજાને સાચી જાણ કયા છાપાની છે તે નક્કી કરવા માટે આવો અખતરો કરી જોવા જેવો છે. શક્ય હોય તો તો, અગસ્તિયાની માફક જન્મ લેવા તલસી રહેલાં અસંખ્ય છાપાંને પણ બે ત્રણ મહિના સુધી પટમાં આવવાની સગવડ કરી આપવી જોઈએ.

વધુ છાપાં અને વધુ સારાં છાપાંની જરૂર છે

પણ આપણે છાપાંના ફેલાવવામાં વધારો થવાથી કે નવાં છાપાંનો ઉમેરો થવાથી વાચકોનો રસ છીપવાનો નથી. આપણો વાચકવર્ગ આજે વધુ દક્ષદાર જ નહિ, વધુ સરવરીક્ષ, વધુ સત્યનિષ્ઠ, વધુ પ્રામાણિક અને મુંગર અખબારોની ખાસ અનુભવી રહ્યો છે.

આપણે જરૂર છે વધુ છાપાંની, અને તેથી ય વિશેષ તો વધુ સારાં છાપાંની.

ટૂંક સમયમાં જ પોતાનો એક વિશિષ્ટ વાચકસમૂહ ઊભો કરી શકનાર, મુંબઈના અંગ્રેજી અઠવાડિક 'ફોરમે' એક તંત્રીલેખમાં હિંદુસ્તાની તેમ જ પ્રાંતિક ભાષાઓનાં અખબારોની નિસીમ શક્તિઓ ઉપર ભાર મૂકતાં કહ્યું છે કે, આજે એક પછી એક હિંદી પૂંજીપતિઓને હાથે ખરીદાઈ રહેલાં એંગ્લો-ઇન્ડિયન છાપાં તેમજ હિંદી માલિકીનાં અંગ્રેજી છાપાંની અસર એક દિવસ નાબૂદ થઈ જશે ને તે પછી આપણી પ્રાંતિક ભાષાઓનાં છાપાંની શક્તિ સોગણી વધી જશે. હિંદુસ્તાનની આવતીકાલની સુશિક્ષિત પેઢીના વખતમાં દેશી ભાષાઓનાં છાપાંનો ફેલાવો દસ-વીસ-પચાસ લાખનો આંકડો સહેજે વટાવી જશે. ભાવિના આવા સુખાકારી ચિત્રની પડખે 'ફોરમે' આજની કાળી વાસ્તવિકતાની એક બાજુ આલેખી છે.

> 'દેશી ભાષાઓમાં નીકળતાં છાપાંની કાળી દિશા વિશે અમે આજે લખીએ છીએ. આ છાપાંનો એક ભાગ કોમી જનૂનને ઉશ્કેરે છે. સાચી હકીકતોને નેવે મૂકે છે, ગપગોળા ઉપજાવી કાઢે છે અને પોતાની માન્યતાઓને હકીકત તરીકે વહેતી મૂકે છે. આ છાપાંને હાથે થતું નુકસાન અનહદ છે—આવાં છાપાંમાં ચાલતાં જૂઠાણાંનાં કારખાનાને પરિણામે લાઠીઓ, છુરીઓ અને તલવારો ઊછળી પડી છે.'

કોમ-કોમ વચ્ચેની સંપભાવનામાં સુરંગ ચાંપનારા અને અંધ મઝહબી ઝનૂન ફેલાવનારાં આવાં છાપાં સામે સરકાર જરૂર પગલાં લઈ શકે પણ સરકારી પગલાં અસરકારક બનવા જતાં ઘણીવાર નિર્દોષ અને અન્યાયી બની બેસવાનો સંભવ રહેતો હોય છે. એવાં આકરાં શિક્ષાત્મક પગલાં વારંવાર લેવાની આદત લોકશાહી સરકારને સરમુખત્યારીનો સ્વાદ ચખાડી દે છે. એટલે પ્રજાના અવલ નંબરના શત્રુઓ સમાન આ અખબારો સામે પ્રબલ લોકમત ઊભો થવો જરૂરી છે. એ પ્રજામત ઊભો કરવાનું, એને નીરોગી રાખવાનું, એનામાં કૌવત પૂરવાનું કાર્ય કરતા રાષ્ટ્રીય અખબારોને કોઈ રોકતું નથી.

જનતા ઉપર પકડ ધરાવનારાંએ વિવેકદૃષ્ટિ રાખવી ઘટે.

પણ કોમી છાપાંનું કલંક જે તેઓ જે કરે છે તેમાં રહેલું છે, તો રાષ્ટ્રીય છાપાંની શરમ તેઓ જે નથી કરતાં તેમાં સમાયેલી છે. આ રાષ્ટ્રીય છાપાંએ રાષ્ટ્રલડતને આપેલા ટેકાથી પ્રજાપ્રાણ ઉપર એક મહામૂલી પકડ મેળવી છે. એમનાં મથાળાં એમના અભિપ્રાયો, એમની કટારોમાં પીરસાતા સમાચારો હજારો વાચકો અને તેમના લાખો શ્રોતાઓને આશા નિરાશાની, સુખદુઃખની, માન-અપમાનની લાગણીઓમાં ઝબોળી શકે છે. સાચે જ દેશનાં નાનાં શહેરો અને ગામડાંમાં વસતી પ્રજા છાપાંનાં શબ્દોની જે કિંમત આંકે છે, એની ઉપર પોતાની હદયોર્મિઓનો જે મદાર બાંધે છે, તેનો પૂરો ખ્યાલ ઘણાંખરાં છાપાંના સંચાલકોને નહિ હોય, જો એ ખ્યાલ એમને હોય તો ગમે તેવા સળગતાં, જૂઠી સનસનાટીભર્યાં, નિર્મૂળ આશા કે નિરાશાવાળાં મથાળાં બાંધે નહિ, અને એ જ કોટિના સમાચારો છાપતાં પૂર્વે અનેક વાર વિચાર કરે.

એક તાજો જ દાખલો લઈએ : આપણાં છાપાંને મુંબઈથી એક સંદેશો મળ્યો કે બે લાખ માણસો હુલ્લડને કારણે મુંબઈ છોડીને ભાગી ગયા છે ' અને એમને માટે રેલ્વે સત્તાવાળાઓએ ખાસ ગાડીઓ દોડાવેલી. અખબારોએ તરત જ મોટું મથાળું આપીને એ સંદેશો છાપી નાખ્યો. કોઈ વિચાર કરવા થોભ્યું નહિ કે આટલી મોટી સંખ્યા આટલા થોડા દિવસોમાં શહેર છોડી ગઈ હોય તે બનવાજોગ છે કે નહિ. એ બાબત અંગે કોઈએ વિશેષ તપાસ કરી હોય તેવું પણ લાગતું નથી પણ મુંબઈમાં અને મુંબઈ બહાર હાથે હાથ ધરીને બેઠેલા હજારો વાચકોના દિલમાં શું થયું હશે તેની કલ્પના કરવી અઘરી નથી. રેલ્વેના જવાબદાર અધિકારીઓ મુંબઈમાં હાજર જ હતા એમની પાસે જઈને કોઈએ એટલું જ પૂછ્યું હોતને કે આ વાત સાચી છે? તો પછી હજારોનાં દિલ સાથે આગની માફક ખેલ કરવાનો આ પ્રસંગ ઊભો ન થયો હોત.

અંતે તો અમેરિકી એસોસિયેટેડ પ્રેસના પરદેશી

અખબારપત્રીએ જઇને રેલ્વેના સત્તાવાળાઓ પાસેથી સાચી હકીકત મેળવી કે હુલ્લડની શરૂઆતના બે એક દિવસ દરમિયાન ચોડાંક હજાર માનવીઓ મુંબઈ છોડી ગયાં હતાં ખરાં, પરંતુ તે પછી તો કેટલાય દિવસથી પૂરતા ઉતારુઓ ન હોવાથી અધખાલી ગાડીઓ દોડી રહી છે!

એવો જ બીજો દાખલો લઇએ. અમુક સમાચાર સંસ્થાએ લંડનથી સંદેશો મોકલ્યો કે ૧૯૪૮ માં વેવેલના વાઈસિરોય પદની મુદત પૂરી થતી હોવાથી એમના હોદ્દા ઉપર આ વ્યક્તિ આવશે, કે મહાત્મા ગાંધી (!) આવશે, એટલે શું આપણે એ સંદેશો છાપી જ નાખવાનો? ૧૯૪૮માં હિંદના રાજવહીવટમાં વાઈસિરોય જેવી કોઇ વ્યક્તિ હશે એમ શા માટે માની લેવું? જે સ્વતંત્ર હિંદુસ્તાનનું બંધારણ લોકપ્રતિનિધિ સભા ઘડવાની છે તેમાં સ્વદેશી વાઈસિરોયનું પણ સ્થાન હોઈ શકે એ કલ્પના વાસ્તવિક છે ખરી?

તંદુરસ્ત વાંચનને પ્રજા અપનાવે

પ્રજામતે જાતે જ જાગવાનું છે અને ઊંઘતા કે આંધળા અખબારોથી ચેતવાનું છે. સારાં તંદુરસ્ત અખબારોને આમજનતાએ અપનાવવા જ પડશે. ફેરીઓ હાથમાં મૂકે તે કોઇ પણ છાપું વાંચીને સંતોષ પામવાનું સ્વતંત્ર મુલકની પ્રજાને ન પાલવે. ચોક્કસ દૃષ્ટિવાળાં છાપાંઓને પ્રયત્નપૂર્વક અપનાવવાં પડશે, એમને વાંચવાની આદત કેળવવી પડશે, મૂડીવાદીઓ જાહેરખબરના પીઠબળવાળા બીજા હરીફો સામે ટકી રહેવા એમને મદદ કરવી રહેશે. સારા શાક માટે બે પૈસા વધુ આપીએ છીએ, ચોકખા દૂધ માટે આનો વધુ આપીએ છીએ, તેમ સારા છાપા કાજે મહિને બે રૂપિયા વધુ ખરચવા પડશે ઉલ્લીનું વાંચવાની આદત છોડવી પડશે.

જેમ છાપાંનું તેમ જ અન્ય સામયિકોનું અને પુસ્તકોનું. આપણે સારાં સામયિકો જોઇતાં હશે, સારાં પુસ્તકો વાંચવાં હશે તો માત્ર પાડોશીઓ અને સાર્વજનિક પુસ્તકાલયો ઉપર આધાર નહિ રાખી શકાય. વર્ષે દહાડે દસ રૂપિયાના પણ સારા પુસ્તકો ખરીદવાનો આપણા 'બજેટ'માં સંકલ્પ કરવો પડશે. એકાદ સારા માસિક કે અઠવાડિકના જાતે ગ્રાહક બનવું પડશે. છાપાં, સામયિકો અને પુસ્તકો બહાર પાડવામાં મહેનત પડે છે, પારાવાર ખર્ચ થાય છે. એ ખર્ચ પૂરું પાડવા માટે હજારો લાખો વાચકો જ્યારે આગળ આવશે ત્યારે પછી આપણાં છાપાં અને સામયિકોને મિલો, સિનેમાઓ અને પેટન્ટ દવાઓની નરી જાહેરખબરો ઉપર આધાર નહિ રાખવો પડે.

આમજનતાને રાષ્ટ્રીય સાહિત્ય પહોંચાડવાની જરૂર

હજારો અને લાખો વાચકો પાસે પોતાનાં પ્રકાશનો પહોંચાડવાની મહત્ત્વાકાંક્ષા લઇને એક નવી સંસ્થા આપણે ત્યાં જન્મી છે. સરોજિની નાયડુ, કમળાદેવી ચટોપાધ્યાય, ગગનવિહારી મહેતા, યુસુફ મહેરઅલ્લી અને હુમાયું-કબીર જેવા સન્માનિતો-વિદ્વાનો ઉપરાંત બીજા ૪-૫ શ્રીમંતોની એ લિમિટેડ કંપનીના ડાયરેકટરો તરીકે જાહેરાત થઈ છે. પોતાના ઉદ્દેશો અંગે આ પેઢી લખે છે કે—

'આપણી પ્રજાનો ૮૫% ભાગ હજી નિરક્ષર છે. કેળવણી અંગેની મધ્યસ્થ સલાહકાર સમિતિએ દરેક હિંદીને સુશિક્ષિત બનાવી દેવા માટે ૪૦ વરસની મુદત આંકી છે. પણ મધ્યમાં રાષ્ટ્રીય સરકાર હોય તો એ આ ગાળો ટૂંકાવી શકે. જનતામાં શિક્ષણનો પ્રચાર કરવાની પોતપોતાની યોજનાઓ પ્રાંતેપ્રાંતના પ્રધાનમંડળો અમલમાં મૂકવા માંડયા છે. એકલી બિહારની સરકાર જ પોતાના પ્રાંતમાં ૧૦,૦૦૦ પુસ્તકાલયો ખોલવા ધારે છે. આ રીતે સમગ્ર પ્રજા સુશિક્ષિત બનશે ત્યારે ચોપડીઓની માંગ ઘણી વધી જશે. એ માંગને પહોંચી વળવાનું કામ આપણી પ્રકાશન-સંસ્થાઓનું છે. આજે હજી આપણી ૧૫ ટકા પ્રજા સુશિક્ષિત છે છતાં આપણાં પુસ્તકો માટે આપણે વિદેશી પ્રકાશકો પાસે જવું પડે છે. આપણી શાળાઓ માટે મંજૂર કરાયેલા પુસ્તકોનો મોટો ભાગ હિંદમાંથી કે હિંદ બહારથી પરદેશી પ્રકાશકો બહાર પાડે છે. ૧૯૩૯-૪૦ દરમિયાન રૂ. ૫૩,૬૯,૦૦૦ની કિંમતનાં પુસ્તકો આપણે પરદેશોમાંથી આયાત કરેલાં. તે પછી, ૧૯૪૫ના ઓગસ્ટથી નવેમ્બર સુધીના આઠ મહિના દરમિયાન, ઇંગ્લાંડ અને અમેરિકામાં કાગળની

સખત તંગી હોવા છતાં અને માલની લાવજા કરનારાં જહાજોની ક્યારની ખેંચ હોવા છતાં લગભગ ઓગણત્રીસ લાખ રૂપિયાનાં પુસ્તકો આપણે આયાત કરેલાં. આ ઉપરાંત હિંદમાં જ પોતાનું કામ ચલાવતી વિદેશી પ્રકાશનસંસ્થાઓએ અનેક પુસ્તકો બહાર પાડયાં છે તેની કિંમત પણ હિંદી પ્રકાશકોના ઉત્પાદનના મૂલ્યથી ઘણી મોટી થવા જાય છે. જો આપણાં પુસ્તકો પરદેશી કે પરદેશથી આયાત કરેલાં હોય તો પછી સાક્ષરતા અને શિક્ષણનો શો અર્થ રહે ? ઉપર કહી તે સંસ્થા આ ખાલી જગા પૂરવા માટે ઊભી કરવામાં આવી છે. વિશાળ આમજનતાને માટે એ રાષ્ટ્રીય સાહિત્ય પેદા કરશે અને હિંદનાં શહેરો તેમજ ગામડાંની પ્રજા સુધી એને પહોંચાડવા મથશે.'

સાથે સાથે બીજા પણ એક પ્રશ્નનો ઉકેલ આ સંસ્થા લાવવા માગે છે. એ છે હિંદ વિશેનાં પુસ્તકોને પરદેશોની બજારોમાં મોટી સંખ્યામાં પહોંચાડવાનું કાર્ય. ૧૯૪૪ દરમિયાન બ્રિટને લગભગ પોણા સાત કરોડ રૂપિયાની કિંમતનાં પુસ્તકોની નિકાસ કરેલી. જ્યારે ૧૯૪૪ના આઠ મહિનાઓ દરમિયાન હિંદુસ્તાનમાંથી પોણા ત્રણ લાખનાં પુસ્તકોની નિકાસ થયેલી. આ આંકડા સુધી આપણી નિકાસ પહોંચી તે પણ મુખ્યત્વે મિત્રરાજ્યોનાં સૈન્યોને માટે અહીંથી પુસ્તકો રવાના કરાયેલાં તે કારણે જ. બાકી સામાન્ય કાળ દરમિયાન તો આપણાં પુસ્તકોની નિકાસ શૂન્યવત્ જ ગણાય. પરદેશોમાં જતાં પુસ્તકો એ આપણા દેશના નાના-નાના એલચીઓ જ છે. આવા એલચીઓ લાખોની સંખ્યામાં નિકાસ થઇને દેશેદેશમાં ફરી વળીને નૂતન હિંદુસ્તાનના પિછાનહારો, સાથીઓ અને પ્રશંસકોમાં જલ્દી વધારો કરવા માટે એવા હોંશ કોને નહિ હોય ?

થોડો આનંદ અને તેથી અનેકગણી શરમ

સૂરત જિલ્લાના કાર્યકર શ્રી કલ્યાણજી મહેતાનો પોતાનો ઉપર આવેલો એક કાગળ, ગાંધીજીએ 'હરિજન બંધુ'માં છાપ્યો છે તેનો સારાંશ આ છે—

'૧૭મી તારીખે જલાલપુર તાલુકાના સતિમ ગામે ગામનો મીઠા પાણીનો એકનો એક કૂવો હરિજન માટે ખુલ્લો મૂકી આ કામની શરૂઆત કરી. આપે હરિજનવાસમાં ઊતરવાનું પસંદ કર્યું તેથી લોકોનાં દિલ હાલી ઉઠયાં છે. લોકો હરિજનવાસમાં તેમને કૂવે આમંત્રણ આપવા ગયા, અને શંખ તથા ઘંટનાદ સાથે ગામનાં ભાઇબહેનોના સરઘસ સાથે હરિજન ભાઇબહેનો કૂવે ગયાં. પહેલાં ભંગી દંપતી પાસે પાણી ભરાવ્યું અને તે પછી પાંચ હરિજન બહેનોએ તે ક્રિયા કરી. આ પછી જિલ્લામાં એની હવા ચાલી. બીજી ઓકટોબર સુધીમાં આ રીતે સોએક કૂવા હરિજનો માટે ખુલ્લા મુકાશે તેવો અંદાજ છે.'

કહેવાતા સવર્ણ હિંદુઓના દિલમાં હરિજનો પ્રત્યેના પ્રેમની આવી સરવાણી કોઇક કોઇક રૂપે ફૂટે છે તે આંખમાં હર્ષનાં આંસુ લાવનારી બીના છે. પરંતુ આ સમાચાર ઉપર ગાંધીજીએ ટીકા કરી છે તેમ—

'આ કૂવા ખૂલ્યા, તે આનંદની વાત છે. પણ એથી વધારે શરમની વાત એ છે કે, અસંખ્ય કૂવેથી હરિજનો પાણી નથી ભરી શકતાં. તેથી જો ઉપરના કૂવા ખોલ્યાની વાત જાણી બીજાઓને પણ કૂવાઓ ખુલ્લા મૂકવાનો ઉત્સાહ આવશે, તો શરમનો ભાર હળવો થશે.'

અલ્પ આનંદ અને તેથી અનેકગણી શરમથી ભરેલી બીજી પણ એક બીના ઠક્કર બાપાએ 'હરિજન બંધુ'માં જણાવી છે—

'હરિજન સેવક સંઘની ગુજરાતની શાખાના મંત્રી શ્રી પરીક્ષિતલાલ મજમુંદારે ગયા જૂન માસથી કૉલેજમાં ભણતા વિદ્યાર્થીઓ માટે ગુજરાત વિદ્યાપીઠના મકાનમાં એક છાત્રાલય શરૂ કર્યું છે. તેમાં અત્યારે સોળ વિદ્યાર્થીઓ રહે છે. તે સોળમાંથી વણકર, ચમાર, ભરુડા અને નાડિયા કોમના ચાર હરિજન અને પાટીદાર પાટણવાડિયા અને વાણિયાની ન્યાતના ચાર સવર્ણ હિંદુ વિદ્યાર્થી છે. તે બધા પૂરેપૂરી સમા-

નતાથી બેગા રહે છે. એક રસોડે જેગા જમે છે અને એ રીતે સમાન ધોરણનું જીવન ગાળે છે, જેમાં જમવાનું સાથી અને સમાન જીવન જીવી અસ્પૃશ્યતા નિવારણ કરવાનો આ એક સરસ દાખલો છે. બીજા પ્રાંતો આવું અનુકરણ કરી પોતાને ત્યાં આવાં અનેક છાત્રાલયો ઉઘાડશે એવી આશા રાખીએ છીએ.'

હરિજનો માટે જુદી નિશાળો, જુદાં છાત્રાલયો, જુદા કૂવાઓ વગેરેની સગવડ કરી આપવાથી એમનામાં જાગૃતિ આવવા ઉપરાંત પોતે પણ એક જુદી કોમ છે, એક કે મ તરીકેના વિશિષ્ટ હકોના અધિકારી છે, એવી અહિતકારી ભાવના પ્રગટે છે. તેને બદલે આવાં હરિજન—બિનહરિજનોનાં મિશ્રનસ્થાનોદ્વારા હરિજનોની સાચી સેવા થઈ શકશે. બિનહરિજનો ઢેડ ભંગીને અસ્પૃશ્ય ગણતા અટકી જાય એટલું જ નહિ, પણ ખુદ હરિજનો જ પોતાને અસ્પૃશ્યો સમજતાં મટે એ જરૂરી છે. એકનું શરમજનક અજ્ઞાન અને બીજાની લાચારમાંથી કાઢવાનો સાચો માર્ગ આવાં છાત્રાલયો દાંખવી રહ્યા છે.

કોમવાદના વિષસંચનને નાબૂદ કરો

પણ હિંદમાં—ગુજરાતમાં— આવાં છાત્રાલયો કેટલાં હશે? આંગળીને વેઢે ગણાય તેવાં પણ ઓછાં. એમાં વસતા વિદ્યાર્થીઓ કેટલા—સો પચાસ હજારે અને લાખો વિદ્યાર્થીઓ તો કોમો અને પેટા-કોમો માટે અલાયદી બોર્ડિંગોના સંકુચિત વાતાવરણમાં ગુંગળાઈ રહ્યા છે. અને આ બાબતમાં ગુજરાતને સંતોષ લેવો હોય તો તે કેવળ એટલો જ લઈ શકે તેમ છે કે બીજા પ્રાંતોમાં પણ એટલી જ પછાત મનોદશાવાળી પ્રજા વસે છે.

થોડાં અઠવાડિયાંઓ પર યુક્તપ્રાંતના માધ્યમિક શિક્ષણસંઘનું રજત-મહોત્સવ-અધિવેશન લખનૌ મા ભરાયેલું કોમી શિક્ષણસંસ્થાઓને નાબૂદ કરવને લગતી એક દરખાસ્ત એ પરિષદ સમક્ષ રજૂ થયેલી પરંતુ તેને ઉત્સાહપૂર્વક આવકાર ન મળ્યો. એ પરિષદને પડલે વિષે યુ તપ્રાંતનાં કેળવણી—પ્રધાન શ્રી સંપૂર્ણાનંદે પોતાના ભાષણમાં એમને હરખની વ્યથા કહેલી કે, હિંદના જુવાન છોકરાઓના મગજમાં કોમવાદના ઝેરનું પદ્ધતિપૂર્વક સીંચન કરવામાં આવ્યું છે. હિંદીઓ તરીકે નહી પણ હિંદુઓ અને મુસ્લિમો તરીકે વિચાર કરવાનું તેમને શિખવવામાં આવ્યું છે. અને પછી તે વખતે કલકત્તામાં અને બીજા શહેરોમાં જે બની ગયું હતું તેને અનુલક્ષીને એમણે કહ્યું કે કુમળા મગજમાં પેસાડાયેલા ઝેરનું ફળ આજે નીપજી રહ્યું છે.

એ વિશેના એક અગ્રલેખમાં 'નેશનલ હેરાલ્ડ' લખે છે કે :

'દુનિયાના સૌ દેશોમાં એક હિંદુસ્તાન જ એવો છે કે જ્યાં કોમી શાળાઓ, કોલેજો, કોમી ક્રિકેટ, કોમી રજાઓ અને કોમી ચૂંટણીઓ જેવી હેવાનિયતો અસ્તિત્વ ધરાવે છે. ૧૯૩૬માં મહાત્મા ગાંધીએ મુંબઈના પંચાંગી ક્રિકેટનો વિરોધ કર્યો ત્યારે ઘણા એમની સાથે સંમત થયા નહોતા. પણ આજે હવે લોકો માનતા થયા છે કે કોમી ક્રિકેટ એક બૂરી ચીજ છે અને તે નાબૂદ થવી જોઈએ. તો પછી આપણી શિક્ષણસંસ્થાની આ નાદાની શા માટે? આપણા જીવનની યોજના નવેસરથી ઘડવાની છે. તમામ નુકસાનકારક સંસ્થાઓને નાબૂદ કરવાના નિર્ણયથી આપણને ખોટ કરતાં લાભ ઘણું વધારે થશે. કોમી કે ધાર્મિક સંસ્થાઓને નાબૂદ કરવાનો અર્થ એ નથી કે એ બધી સંસ્થાઓ બંધ કરી દેવામાં આવશે અને નિશાળીઆઓને તગડી મૂકવામાં આવશે. એ બધી સંસ્થાઓને પ્રાંતિક સરકારો પોતાને હસ્તક લઈ શકે અને આ કે તે કોઈ એક કોમ માટે નહિ પરંતુ સમસ્ત પ્રજા માટે તેનું સંચાલન કરી શકે એવા કાર્ય માટે એમને નાણાં પણ મળી રહશે

પ્રજાકીય પ્રધાનમંડળે કરેલું કર્વે વિદ્યાપીઠનું સુયોગ્ય સન્માન

કર્વે યુનિવર્સિટીને નામે ઓળખાતી અંગ્રેજી વિદ્યાપીઠને માન્ય રાખવાના અને તેની ડીગ્રીઓને ભવિષ્યની નેમ જ ભૂતકાળમાં અપાઈ ચૂકેલી ડીગ્રીઓને, બીજી યુનિવર્સિટીની ડીગ્રીઓ જેટલી જ પ્રમાણભૂત ગણવાના મુંબઈ સરકારના નિર્ણય બદલ વડા પ્રધાન શ્રી ખેરને જેટલા અભિનંદન આપવા તેટલા ઓછા છે. સ્ત્રીઓની વિદ્યાપીઠ દ્વારા ઉપજાવ કર્વે યુનિવર્સિટી સદંતર ગરીબોની વિદ્યાપીઠ નથી છે. એના સ્થાપક કર્વે દાદાએ સીધેસાદા સાદાઈવાળું જીવન જીવતા

જીવતાં પાઈ પૈસો ઉસરડી ઉસરડીને આખોના વિશિષ્ટ દાનદીપ સમી એમની વિદ્યાપીઠને ઉછેરી છે. મોટાં ફંડોની છાકમછોળ એ પુરુષે કદી અનુભવી નથી— વાંચ્છી પણ નથી. વિદેશી સરકારના પ્રતિનિધિ-એકાલેએ આપણી બીજી યુનિવર્સિટીઓનો પાયો નાખ્યો, જ્યારે કર્વે દાદાએ મહાત્માને છાજતી અખૂટ ધૈર્ય અને પાગવાર પરિશ્રમનું સીંચન કરી કરીને આ ભૂમિના પોતાના આદર્શોને ધ્યેયમાં રાખીને આ સ્ત્રી-વિદ્યાપીઠને ફાલતી કરી છે. કર્વે દાદાનું જીવન એ એક 'રોમાન્સ' છે, એમની વિદ્યાપીઠની તવારીખ એ એક સાહસકથા છે. આપણા સદ્ભાગ્યે પ્રજાકીય પ્રધાન મંડળે આવીને વહેલાં આ વિદ્યાપીઠને તેને છાજતું ગૌરવપૂર્ણ સ્થાન આપ્યું છે. થોડા વર્ષો મોડું થયું હોત, અને આજે જે બન્યું છે તે કર્વે દાદાની હયાતી બાદ બન્યું હોત તો પ્રાંતને, દેશને માથે ઠાળી ટીલી રહી જાત.

માનવવિવેકની દૃષ્ટિએ

મરણવિધિનું મૂલ્યાંકન

'પ્રસ્થાન'ના ભાદરવાના અંકમાં શ્રી કિશોરલાલ મશરૂવાળાએ 'મરણવિધિ' નામે એક લેખ લખ્યો છે તે તેની સ્વચ્છ વિચારદૃષ્ટિ અને સ્પષ્ટ રજુઆતને કારણે પોતાની જાતને પછાત અને અંધશ્રધ્ધાળુ નહિ માનનારા સૌને માટે મહત્વનો છે. માણસના મરણની તદ્દન પૂર્વે અને પછી, હિંદુ, મુસલમાન, ખ્રિસ્તી વગેરે સંપ્રદાયો પ્રમાણે કેવા વિધિ જરૂરી કે જિન જરૂરી અથવા યોગ્ય કે અયોગ્ય ગણાય તે વિશે શ્રી કિશોરલાલભાઈએ નથી લખ્યું. ધર્મ સંપ્રદાયોથી પર કેવળ માનવવિવેકની દૃષ્ટિએ જ તેમણે પોતાના વિચારો દર્શાવ્યા છે - અને એ જ યોગ્ય છે:—

> જ્યારે મારી આજુબાજુના લોકોને એમ લાગે કે હવે હું થોડા દિવસોનો કે કલાકોનો મહેમાન છું તે વખતે, જો મને ભાન જણાય અને હું મરી ગયો નજીક આવેલી છે એમ ન જાણતો હોઉં તો મને સાવધ કરી દેવો જોઈએ. ચેતે અંદર-અંદર ચેતી જવું અને મને ભાન હોય તો મારું મરણ નજીકમાં છે એમ મને સાધ કર્યા પછી જો હું તે સમાચારથી ગભરાઈ જાઉં કે નાહિંમત થઈ જાઉં તો સમજી મિત્રોએ મને સદુપદેશ આપી હિંમત આપવી જોઈએ, પોતેય રડારોળ ન કરવી જોઈએ અને મનેય જાણે મારી ઉપર કોઈ મહાન આપત્તિ આવી પડેલી હોય તેમ બેબાકળો ન થવા દેવો જોઈએ...

'મર્યા પછી ચોકામાં નાખવો કે પથારીમાં જ રાખવો વગેરે બાબતોને સદ્ગતિ-દુર્ગતિ સાથે કશો સંબંધ નથી. એ બધી લોકાચારની રૂઢિઓ છે.

'કાંઈ ખાસ પ્રયોજન ન હોય તો શબનો ફોટો લેવો એ મારી દૃષ્ટિએ એક જાતનું વેવલાપણું અને આ જમાનામાં ઉત્પન્ન થયેલું ગાંડપણ છે. મારા મરી ગયા પછી મારા શબનો કોઈ પણ રીતે નિકાલ કરવો રહ્યો જ. મરી ગયાની ખાતરી થયા પછી જેમ બને તેમ વહેલો નિકાલ કરવો તે સ્થાનિક સગવડ. ઉપર આધાર રાખે છે. સગવડ હોય, અને મંદવાડને પરિણામે કે બીજાં કારણસર શરીર અસ્વચ્છ હોય અથવા વાસ છૂટવા લાગી હોય તો પાણીથી સાફ કરીને ધોવું એ સારી રીત છે. પણ નવડાવવાની રીત છે માટે ઘડો પાણી ઢોળવાની જરૂર નથી...

'વૈજ્ઞાનિક દૃષ્ટિએ સારી રીત તો બાળવાની થઈ છું. પણ સમજો કે લાકડાં દુર્લભ જ છે, તો દાટવાને ય હરકત નથી. ગંગા જેવી મોટી નદી કે સમુદ્રમાં વહેતું મૂકવાને ય આધ નથી. અને જો કોઈ ઇસ્પિતાલમાં મરું, અથવા ડાક્ટરોને લાગે કે મારું શરીર ખોલીને અભ્યાસ કરવા જેવું છે, અથવા કોઇ બીજા દરદીને માટે તેમ કે કોઈ ભાગનો ઉપયોગ કરવા જેવું છે, તો તેમને સોંપવામાં ઉદારતા જ છે. ટૂંકમાં, કઈ રીતે શબનો નિકાલ આણવો એ સાથે મને સંબંધ નથી, સમાજને સંબંધ છે. સમાજને અનુકૂળ હોય તેમ કરે... શબને ચંદન અને ફૂલ ચડાવવાં સારાં વસ્ત્રોથી શણગારવું, ચંદનનાં લાકડાંમાં ઘી સાથે બાળવું, વગેરે બાબતો ધન અને મિથ્યાભિમાનની છે, સદ્ગતિ-દુર્ગતિની નથી. મારા જેવી સ્થિતિના માણસને એક ધોતિયું કે સાદી ચાદર ઓઢાડી, ખેર-બાવળની ચિતા, જરૂર પડયે ઘાસતેલની મદદથી બાળવામાં નાનમ માનવાની જરૂર નથી....

'બાળવા-દાટવા માટે નજીકમાં નજીક આવેલા સ્મશાન-કબ્રસ્તાનનો જ ઉપયોગ કરવો ઘટે, કોઈ

ખાસ જગ્યા શોધવાની ન નથી... તે જગ્યા પર સમાધિ કે કબર બાંધવી, અને તે પર ફૂલ ચડાવવાં કે ત્યાં જઈ પ્રાર્થના–નમાજ કરવાં વગેરે મને ભૂતપૂજાના પ્રકાર લાગે છે.. પ્રાણ ગયા પછી શબને બાળવા–દાટવાની જગ્યાનો મહિમા વધારવાનો મોહ એટલો ઊંડો છે કે મહાજ્ઞાનીઓને પણ તેનો સંસ્કાર છૂટી શકતો નથી, તે જગ્યા તીર્થનું સ્થાન બની જાય છે કયારેક તે સમાધિ કે કબર રસ્તાની વચ્ચે આવી પડે અને ખસેડવાની જરૂર ઊભી થાય તો લોહીની નદી વહે એવી તેના પરથી લડાઈ ઊભી થાય છે.... બાળવાની જગ્યા સાફ કરી નાખવાની દૃષ્ટિએ કુવ (અસ્થિ) વીણી લેવાની રીત સારી છે.. જે રીતે નજીકમાં નજીક થઇ શકતો હોય તે રીતે કૂવાનો નિકાલ કરવો કોઈ ઝાડમા તેનો ખાતર તરીકે ઉપયોગ કરી શકાતો હોય તો કરવો, નહીં તો નજીકમાં જે કોઈ વહેતી નદી હોય તેમાં નાખવાં. પ્રયાગ, હરદ્વાર કે સમુદ્ર સુધી પહોંચાડવાની જરૂર નથી.

'મારા કુટુંબમાં સાદડીનો, રોવા–કૂટવાનો કે ગરુડપુરાણ બેસાડવાનો રિવાજ નથી. પણ જે સંસ્થાઓ સાથે મારે સંબંધ છે, ત્યાં તેની સુધ રેલી આવૃત્તિ દાખલ થવાનો સંભવ ખરો એટલે કે, દશમા, બારમા વગેરે દિવસોને કે મરણની તિથિ કે તારીખને મહત્ત્વ આપી તે દિવસે કાંતણ, ગીત પાઠ વગેરે યોજવાની સૂચનાઓ કરવામાં આવે એમ બને. કાંતણ અને ગીતાપાઠને બદલે પણ તિથિઓને આવું કૃત્રિમ મહત્ત્વ આપવું અથવા તિથિઓને બદલે કાંતણ અને ગીતાપાઠનો પ્રચાર કરવો એ બન્ને તો મને ઇષ્ટ લાગતી નથી, અને એક પછી એક મારા જેવા અનેક કાર્યકર્તાઓ મરશે. કેટલાકની તિથિઓ પળાશે ? અને માટે આમ કર્યું તો બને માટે કેમ નહીં એવી ઇર્ષા પણ એમાંથી દરેકના ખાસ ચહનારાઓના દિલમા ઉત્પન્ન થાય. જ્યારે કોઈ રિવાજ આવું સ્વરૂપ પકડે ત્યારે તે કર્મકાંડ બન્યો કહેવાય.'

રૂઢિનું કૂંડાળું છોડી નવી કેડી પાડવાની જરૂર

આપણા લગ્ન–મરણના રિવાજો જીવનમાં એટલી જડ ઘાલી ગયા છે કે ઉચ્ચ અભ્યાસ કરી, ડીગ્રીઓ મેળવી, પરદેશ ખેડીને બુદ્ધિપૂર્વક જીવન જીવવાની તાલીમ પામેલા ડાકતરો, વકીલો, પ્રોફેસરો અને વિદ્વાનો પણ પોતાના કુટુંબમાં આ બેમાંથી કોઇ પ્રસંગ આવે ત્યારે લોકાચારની રૂઢિના કૂંડાળાની બહાર નથી નીકળી શકતા. લગ્ન વખતની વિધિમાં કેટલેક સ્થળે ફેરફાર થતો આવે છે, પણ જે ઘરમાં કોઈ મરણ થયું હોય તેના મુખ્ય માનવીની ચોપાસ શોકનું ઓગ્લુ ઘેરું વાતાવરણ હોય છે કે શ્રી કિશોરલાલભાઈએ દર્શાવ્યા તેવા જ વિચારો એને આવતાં હોવા છતા તેને આચારમાં મૂકવા જેટલું ચેતન એમાં રહ્યું નથી હોતું. પરિણામે, બે-ચાર જૂનવણી સાંભળી આવીને જે કાંઇ અર્થહીન વિધિઓ કરાવે છે તેમાથી એ મદની માફક પસાર થાય છે.

મરણ અંગેની આ કૃત્રિમ રૂઢિઓને તિલાંજલિ આપવી એ સાવ સહેલું નં. ફકત થોડા જ માણસો જો પોતાને ઘેર આવા કમનસીબ પ્રસંગો આવે ત્યારે એક નવી કેડી પાડશે તો આ બધો બોકસમૂલ જૂનવણી પદ્ધતિઓમાથી છૂટવા એટલો બધો અતુર છે કે સહુ કેડીના પાડનારાઓની પાછળ ચાલ્યા આ શે.

લોક–પ્રતિનિધિસભા અને ટપાલની ટિકિટો

નવી કામચલાઉ સરકારના ટપાલખાતાના પ્રધાન ઉપર લખેલા એક પત્રમાં નીચેનું સૂચન રજુ કરવામાં આવેલું, તે અહીં આપ્યું છે:—

સ્વતંત્ર હિંદુસ્તાનનું બંધારણ ઘડવા માટે આપણી લોકપ્રતિનિધિસભાની બેઠક ડિસેંબરની ૯મી એ મળવાની છે, તે ઐતિહાસિક પ્રસંગની જાણ દેશને ખૂણે પડેલા સામાન્યમાં સામાન્ય પ્રજાજન સુધી પહોંચે અને તેની યાદ કાયમ રહે તે માટે ટપાલની ખાસ ટિકિટો કાઢવી. એટલા થોડા સમયમાં જુદી જુદી કિંમતની ખાસ ટિકિટો છપાવવાનું શકય ન હોય તો એને માટે ખાસ પોસ્ટકાર્ડ છપાવવાં પણ એ એક એવી ચીજ છે કે જે દિનના કરોડો નિરક્ષરોના હાથમાં જાય છે અને કેડિયો કે છાપાં જ્યાં ન પહોંચતાં હોય તે દૂર દૂરના ગામડાઓમા પણ એ પહોંચે છે. એવા સ્થળે અને એવા માનવીઓ

પાસે લોકપ્રતિનિધિસભાના કાર્યની શરૂઆતના સમાચાર લઈ જવા માટે આ ઘણું સારું સાધન છે. એના જવાબમાં ટપાલખાતાના ડાયરેક્ટર-જનરલે જણાવ્યું કે—

હિંદુસ્તાનની પ્રથમ રાષ્ટ્રીય સરકારના આરોહણ પ્રસંગે ટપાલની ખાસ ટિકિટો કાઢવા અંગે વિચારણા ચાલી નથી છે. લોકપ્રતિનિધિ-સભા માટે ખાસ ટિકિટો કાઢવાની જરૂર નથી. વળી, લોકપ્રતિનિધિસભા મળે તે પહેલાં સુંદર ટિકિટોનાં ચિત્ર દોરાવવાનું, તેને છપાવવાનું અને તેની વહેંચણી કરવાનું કામ થઈ શકે તેમ નથી. તે છતાં, લોકપ્રતિનિધિસભા મળે તે નિમિત્તે કોઈ યોગ્ય સૂત્રવાણી (તારીખની) છાપ વાપરવી કેટલે અંશે શક્ય છે તે અંગે વિચારણા ચાલી રહી છે.

કલંકિત નિશાનીઓ નાબૂદ થાય છે

પરદેશી અમલ આ દેશમાંથી વિદાય લઈ રહ્યો છે ત્યારે તેની સાથોસાથ પરદેશી અમલની અનેક કલંકિત નિશાનીઓને પણ નાબૂદ કરવા વિશે ગયા અઠ્ઠે અહીં લખાયેલું. બીજા પ્રાંતોમાં એ દિશામાં કેવાં પગલાં ભરાઈ રહ્યાં છે તે નીચેના બે સમાચાર દર્શાવે છે:—

અલ્લાહાબાદ તા. ૧૧—હિંદુસ્તાન સ્કાઉટસ એસોસિયેશનની વડી સમિતિએ નક્કી કર્યું છે. દરેક સ્કાઉટને અત્યાર સુધી 'ઈશ્વર, રાજા અને સ્વદેશ' પ્રત્યેની વફાદારીની પ્રતિજ્ઞા લેવી પડતી તેમાંથી 'રાજા'ને હવે બાદ કરવામાં આવશે.

લખનૌ તા. ૧૧—યુક્તપ્રાંતના શિક્ષણ-પ્રધાન શ્રી સંપૂર્ણાનંદે જાહેર કર્યું છે કે, "આપણો દેશ પરદેશીઓના કબજામાં હોવાને લીધે 'ગંગા' અને 'મથુરા' જેવાં હિંદુસ્તાની નામોનાં ખોટાં જોડણી-ઉચ્ચાર 'ગેન્જીઝ' અને 'મુથા' કરવામાં આવતાં હતાં. પણ હવે એ નામોને તેમનાં અમલ મધુર સ્વરૂપ પાછાં અપાવાનાં છે. મેં પોતે તો મારા અંગત જીવનમાં તેમ જ મારા હોદ્દાની રૂઈએ હમેશાં 'ગંગા' અને 'મથુરા'નો જ ઉપયોગ કર્યો છે. પણ આપણા શબ્દભંડોળમાંથી આ વિદેશી ઢંગ કાઢી નાખવાનો સરકારે નિર્ણય કર્યો છે."

શ્રી શ્રીધરાણીનું ગૃહાગમન

ઘર ઝંખતા શ્રી કૃષ્ણલાલ શ્રીધરાણી બાર વરસ અમેરિકામાં ગાળીને સ્વદેશ પાછા ફર્યા છે તે એમના આ પ્રાંતમાંનાં સ્નેહીઓ અને આખા દેશમાંના પ્રશંસકોને માટે આનંદની વાત છે. હિંદુસ્તાન જેવા દેશમાં જુવાનીમાં પ્રવેશેલા ઘણા માણસો બાર વર્ષમાં તો બુઢ્ઢા થઈ જાય છે. પણ પ્રચંડ વેગ, પ્રજોપજની પ્રગતિ અને અવિરત પુરુષાર્થથી છલકાતા અમેરિકન જીવનપૂરમાં ટકવા માટે માણસ સરને માટે નહિ તો, લાંબા કાળ સુધી યૌવનનું જોમ જાળવવું પડે છે. શ્રી શ્રીધરાણી એ જોમ અને તાજગી લઈને આપણી વચ્ચે પાછા ફર્યા છે.

બાર વર્ષ પૂર્વે એમણે ગુજરાતની વિદાય લીધી ત્યારે 'વડલો', 'પીળાં પલાશ', 'મોરનાં ઈંડાં' અને બીજી ગુજરાતી ચોપડીઓના લેખક તરીકેની લોકપ્રિયતાનું ભાથું એમની પાસે હતું. દક્ષિણામૂર્તિ અને શાંતિનિકેતનમાં કરેલા અભ્યાસની ફોરમ હતી. અમેરિકામાં વધુ અભ્યાસ કરી માનવંતી ડીગ્રીઓ મેળવવા ઉપરાંત શ્રી શ્રીધરાણીએ 'વૉર વિથાઉટ વાયલન્સ' (અહિંસક યુદ્ધ), 'માય ઈન્ડીઆ, માય અમેરિકા', (મારું હિંદ અને મારું અમેરિકા), 'વૉર્નિંગ ટુ ધી વેસ્ટ' (પશ્ચિમને ચેતવણી) વગેરે અંગ્રેજી પુસ્તકોના લેખક તરીકે નામના મેળવી છે. માત્ર લખવા ખાતર જ નહિ, પણ હિંદુસ્તાનની સાચી તસ્વીર હિંદુસ્તાનના સંસ્કાર અને તેની ભાવનાઓને અમેરિકા અને જગત સમક્ષ રજુ કરવાના હેતુપૂર્વક એમણે લખેલાં આ પુસ્તકોએ હિંદ વિશેના અંગ્રેજોના પ્રપંચી જૂઠાણાંઓના ઘોર અંધકારને તેજના કિરણોથી ભેદ્યો છે; એટલું જ નહિ એક ચિંતનગંભીર કલમ: નવેશ તરીકેનું સ્થાન એમણે પ્રાપ્ત કર્યું છે. અમેરિકા જેવા દેશમાં કેટલીય ઉપરછલ્લી આછકલાઈઓના વાવડા વાયા કરતા હોય છે. તેનાથી પર રહીને આવું સ્થાન પ્રાપ્ત કરવું એ નાનુંસૂનું ગૌરવ નથી.

શ્રી શ્રીધરાણીના બાર વર્ષના પરદેશવાસની સમાપ્તિના સ્મૃતિચિહ્ન સમો, અને એમનાં સ્વજનોને એમના ગૃહાગમનની વધામણી આપનારો 'ધિયો ગેરી' નામનો એમનો નાટિકાસંગ્રહ હમણાં જ બહાર પડ્યો છે.

મધપૂડા બાંધનારા

ઝવેરચંદ મેઘાણી

સ્વજન ગુજરો,

તમે આજે મારું બહુમાન કર્યું છે. સામાને સન્માનીને મ ઊલટાના પોતે આભારઝીના બનો છો, એ તમારી અધિકતા છે. કરાંચી સમેલન વખતે પત્રકાર-વિભાગના પ્રમુખસ્થ તને પાછું વાળીને તમારા જેવા જ ગુણોનાં દિવ્ય કોચલાં હતા. આજે મારા અધિકારમાં તો ન્યૂનાધિકતા નથી થઈ, પણ વારેવારે ના પાડવા પાછળ રહે ઊંડે ઊંડે ય એકલવિહારીપણાનું અભિમાન કામ કરતું હોય, એ આત્મભીતિથી ચુપચાપ ચાલ્યો આવ્યો છું.

તમે આપેલા ગૌરવનું મારે મન મૂલ્ય છે. આપણા નાના શા ગુજરાતમાં સાહિત્યોપાસનાને વરેલા માણસો પ્રમાણમાં નાનાં ઘર-દીવડાં જેવા, સંખ્યા યે તેમની અલ્પ, અને તેમને પ્રત્યેકને પોતપોતાના કસબ પર મુસ્તાક રાખવાને સરુ જરૂરી એવાં માનગૌરવનાં નિમિત્તો અવસરો યે જૂજજાજ. (એ તો જૂજ હોય તે જ ઇષ્ટ છે)

સમેલનનું શ્રેય

આવા પ્રોત્સાહક માનપ્રદાનના તમે યે અધિકારી છો. સાહિત્ય-પરિષદ ચાલીશ વર્ષની પ્રૌઢપીઢ સંસ્થા છે. એનો જૂનકાળ કેવોક હતો ને વર્તમાન કર્તા ચૂંચવાયો છે, તે તો માના જેવા બહાર ઊમેરાને અને પોતાનાં કલમ, કાગળ સાથે જ મહોમતે બંધાએલને ખબર નથી. તથાપિ આ બુજર્ગ સંસ્થા એક અસલી ટીમો તપનો-રાખી રહી છે, લાખે ટૂંકે ગામે પ્રાંતના વણીગસિકોનો મેળો મેળવે છે, અને આડે દહાડે અન્યત્ર તો ક્યાં ય પોતાનું સ્થાન ન શોધી શકતા એવા દૂરદૂર ગામડે નેસડે પડેલા મહેતાજીને પણ, એનો નાનકડો નિબંધ અહીં વંચાશે એવી ઉમેદ સાથે આકર્ષી લાવે છે. આ મેળો જ્યાં જ્યાં મળે છે તે પ્રદેશ અને સ્થળની હવામાં પણ લોકપર્વણીની પ્રસન્નતા છવાય છે. અન્ય પ્રસંગોએ આવરેલાં જનહૃદયોમાં એક ચમકારો પડે છે, કે સાહિત્ય પણ લાગે છે કંઇક મહત્ત્વની બાબત—રોટી અને વસ્ત્ર જેવી જ કંઈક જરૂરી.

એટલે આ સાહિત્ય-પરિષદે વાઙ્મયના આપણા કાલમાં સીધો ઉમેરો કર્યો, અથવા તો જેની ઘટામાં એક અથવા અન્ય પ્રકારનો જનરાશિ આડે દહાડે પણ પોષણ ને સંવર્ધન પામ્યા જ કરે એવું એક વટવૃક્ષ આ સાહિત્ય-પરિષદ કેમ નથી બની જતી વગેરે પ્રશ્નોને માદિતીના અભાવે વેગળા જ રહેવા દઇને હું તો સીધો, આવાં એનાં અધિવેશનોએ જે હવા પ્રસ્તાવની લેપએ તે પર જ આવી જાઉં.

સંઘ-સંપર્કની ઉષ્મા

સંઘદર્શન એ મહાદર્શન છે. સંઘેર્નિ એ મહાદીપ છે. વ્યક્તિઓની જૂજવી દિવેટો એને અડકે ચેતાઈ ઊઠે છે. વ્યક્તિગત લેખકો, સર્જકો જ્યારે લોકસંઘનો સાક્ષાત્કાર અનુભવે છે, ત્યારે એની જૂજવે કાળે થીજી ગયેલી સર્જન-સ્ફુરણા ઓગળી પ્રવાહમય બને છે; અને એક દિશાએ જેમ વાણીના વિધાવકોનું રુચિર ગમ બને છે, તેમ બીજી બાજુ આપણા ચેતનાપ્રેરક આ લોકસંઘને પણ ગોચર થાય છે કે, અન્ય ક્ષેત્રોમાંથી મળી આવેલી અમીગર્ભ, શ્રીમંતાઈ, કલ્પના, અગર રાજકારણી હાકેમીને તો આ મેળાના મંડપ નીચે ગૌણ સ્થાન છે, અહીં તો અગ્રસ્થાને દીપે છે—અગર દીપવો ઘટે છે—પેલો કવિતાકાર, વાર્તાકાર, નિબંધલેખક, વ્યુત્પત્તિનો ઉકેલનારો અથવા શબ્દકોષનો સંશોધક. અરે એકાદ ફક્ત પરીક્ષાની કારિગરીથી પણ પ્રજાનાં છોકરાંને કલ્પનામય બનાવનારો અહીં ગણનાપાત્ર સ્થાને બેસશે. ભલે પછી એમાના કોકકના રાજધણી, ગામધણી, ઉંચરીઅધિકારી કે પેઢી-માલિક ધનપતિની યે આ સંમેલનમાં ઉપસ્થિતિ હો.

મધપૂડા બાંધનાર

શાની પ્રતિષ્ઠા અહીં કરીશું ત્યારે? ન ધનની, ન સત્તા સાહેબીની, ન દાન ને સખાવતોની, ન

રાજકારણની. યે. અહીં તો બાજુએ પડે હંસવાહિની વીણાધરીનું. કલ્પનાનાં સરોવરનીરને વિશે, બુદ્ધિજન્ય આનંદ-રસ અહીં શુભ્ર કમલને રૂપે ઝૂલશે. નાના ને મોટા આપણે સૌ એ પદ્મના પરાગ પીનારા છીએ; પીને પાછા પરજનોને સ.રુ મધપૂડા બાંધનારા છીએ.

વાણીના વિધાયકોનું, 'પરાગ પીને મધપૂડા, રચનારા,' એવું સ્વરૂપ અહીં અલંકાર-છટા માટે નહિ પણ હકીકતનાં નિરૂપણ માટે આપ્યું છે. લેખકનું સાધન છે શબ્દ-કલા. કોઈ પણ પ્રાપ્ત જ્ઞાન અથવા જીવનદર્શનનું રહસ્ય શિલ્પસુંદર શબ્દ-રૂપે પ્રકટાવવું, એ છે એનું સાધ્ય બાકી માનવી એ તો અટપટો વિષય છે. સમાજ, રાજકારણ, જિન્સી, અર્થકારણ, વગેરે તો છે અતલ સમસ્યાઓ. એની પાછળ તદ્વિદો પણ ઓક કરતાં વધુ અવતારો ખપાવી નાખશે, છતાં એણે મણતરીમાં રાખેલી એકાદ કેડ અવસ્થા ઊભી વળતાં એનો માન્યતાનું સમગ્ર મડણ તૂટી પડશે. ફ્રેઈડ સારાય માનવપ્રશ્નોને એક કામેચ્છા રૂપી ધરીની આસપાસ ફરતા બનાવ્યા, પછી એનો બાપડો ગયો, એની મૂળ ધરી જ ધુમાડાની સેર નીકળી, એટલે સમાજશાસ્ત્ર પર ફ્રેઈડને જ આખરી શબ્દ સમજી તેના સિદ્ધાંતોનાં પ્રતિપાદનને પ્રયોજન બનાવી બનાવી માનવજીવનની વાર્તાઓ કવિતાઓ આલેખનારા લેખકોની અવદશા થઈ. એ જ બને છે માર્કસવાદી વિચારસરણીને પેગમ્બરી સત્ય સમજી તેના પર કૃતિની માંડણી કરનારા કલાધરોનું. એજ જો કદાચ બનશે ગાંધીવાદી અર્થકારણનો ચિરાધાર લેનારા શબ્દ-કસબીઓનું, તો આપણે નવાઈ નહિ પામીએ. ફ્રેઈડનો દાખલો ટાંકીને તાજેતરમાં જ એક વાર્તાનવેશે* આપણને વાર્યા છે, કે આખરી સત્યનો વાદવિભ્રમ સેવ્યા વગર કેવળ તમે ચિત્તાહ્લાદક કૃતિઓ રચો. એ જ વાત લાંબુ પાડી શકાય ચરિત્ર નિરૂપકને, ઇતિહાસકથન કરનારને, અને ધર્મતત્ત્વના ઉદ્ગાતાને : કે જગતની રસભરી રજુઆત કરો, રમણીયને સર્જો. આપણા શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીનું વિધાન છે : 'પ્રકૃતિમાત્ર ઉપયોગી, પરિસ્થિતિમાં ટકે એવું જ નહિ, પણ રમણીય સર્જે છે.' શબ્દસર્જક પણ એ પ્રકૃતિને જ અનુસરે, ટકાઉ તો ખરું પણ સાથે રમણીય સર્જે.

સાહિત્યકારની મર્યાદા

આવી મર્યાદા જો ન બાંધીએ, ને સાહિત્યકારને કુલ વિશ્વપ્રશ્નોનો ઉકેલનાર સત્યશોધક સમજીએ, તો માથા કરતાં પાઘડું પણ મોટું થાય. પ્રાચીન સમયની આપણી, સાહિત્યકાર વિશેની કલ્પના ચાહે તે હોય, આજની આપણી વસ્તુસ્થિતિ જુદી છે. માટે એ જુની સમજને માગી લે છે, પ્રાચીનોનો 'કવિ' હતો સર્વવિદ્ સત્ય-પેખન્દો તપોધન. એ તો દ્રષ્ટા કહેવાતો. હોમર અને વ્યાસ જેવા 'એકેડમી' હતા એના કયાસરો. નાટક તો કાલિદાસ, ભાસ જેવા આંગળીને વેઢે ગણીએ તેટલાનો જ કલાપ્રદેશ આજે આર્યદર્શનની અધિકારી અલ્પસંખ્ય વિભૂતિઓનો જમાનો નથી. પેલા શ્લોકમાં કહ્યું છે તેમ, પક્ષીઓને બોલવાનાં કુંપળ પણ 'અમો ચે વિદગ્ધો' કહેતાં હાજર થાય છે. પ્રતિભા જેનું નામ છે તે માનવશક્તિ ચૂર્ણ થઈને કણી કણીભાવે સામાન્યોમાં—અરે અતિ સામાન્યોમાં વહેંચાઈ ગઈ છે. સામાન્યોના આ બુલંદ સમૂહને શિરે, ખેર તો અર્વાચીન કાળે પણ પરમ સત્યોના પંચામૃતપાનના આદર્શને પડોંયવનું જ રહેશે, એની બહુસંખ્યાના શોરબકોરમાં મૂળ આદર્શનો સૂર ડુંપાઈ ન જવો જોઈએ. છતાં હકીકતે આ જમાનો મહાકાયનો નહિ પણ મહાસંખ્યનો છે. માટે જ અત્યાર પૂરતાં તો શિલ્પીઓના ખભા જેટલો ઊંચકી શકે તેટલા જ તેલનો આદર્શ એની પીઠ પર આરોપીએ તો સારું.

પ્રતિભાની ભૂમિકા

બેઉ બાજુએ તથ્ય છે. બે ચાર પ્રતિભાસંપન્નો ઝગમગે તેથી યે પ્રાંત તાલેગાન બનતો નથી. અને સોડ્ડાર મધમો ખાઈને રહે તે પણ બુદ્ધિની દરિદ્રતા ટળ્યાનું ચિહ્ન નથી. સંખ્યાને ભોગે પણ પ્રતિભાની સામાન્ય ભૂમિકા ઊંચે આવતી જોઈએ.

આજકાલ કરતાં વીસ વર્ષોથી તો હું જોઈ રહ્યો છું : ટૂંકમાંઊગિયા મધમોને ઊગ્યા ન ઊગ્યા આપમતા જોઉં છું. ઊગીને નભોમંડળમાં માંડ દ્યુતિ કાઢવા લાગે ત્યાં તો નિર્વાણ પામી જતા જોઉં છું.

* સમર્સેટ મોમ

કેટલાક તો એકાદ હસ્તપ્રત લઈને પ્રવેશ-દ્વારેથી જ ઘાંટો પાડતા સંભળાય છે: 'ક્યાં છે મારો પુરસ્કાર ?' એકાદ સરું અવલોકન કેટલાકનાં મગજ ખેસવી નાખે છે. એકાદ પ્રકાશનની આંટને કેટલાક અતિ ઉતાવળે ઘટાડી ખાય છે. મિત્રો સાથેનો વાર્તાલાપ, મોટે ભાગે, કયો પ્રકાશક વધુ રોયલ્ટી આપે છે તે એકાદ મુદ્દાની આસપાસ આંટા મારતો હોય છે. પોતે પોતાની પહેલી બીજી કૃતિમાં જેને અડકયો છે તે તો હજુ દુનિયાની નાનકડી એક કિનારી જ છે, સંસાર-મહેરામણની શેર ખેલ સપાટી જ છે, પ્રવેશ લાધ્યો છે તો ચાલ હવે ગહન ઊંડાણો નિહાળું ને માનવીનાં મર્મગણમાં પેસું, એ વાત રહેતી નથી. પછી છેવટે ગુજરાતની બેકદરી પર થોડા કડવા બોલ છાંટી આ મરણાભર્ય અર્થાત મધ્યમ માનવી, જો શાણો હોય તો વીમાની એજન્સી વસાવે છે, તે ચંદ હોય તો સિનેમાના કોઈ સામયિકમાં હળવા ટુચકા લખવા બેસી જાય છે.

મધ્યમો.ની નવી ખુમારી

"તો શું મધ્યમોને ગર્દન મારવા છે ?'

જરીકે નહિ. મધ્યમો તો મારી પોતાની જમાત છે. એની પ્રથમ જાગૃતિના મિજાજથી રખે અકળાતા. રડયા ખડયા જૂજ તરંગુમાકારોની, અને ટુ ડો રોટી ફેંકનાર પેટ્રનના પ્રભાવ નીચે દબાઈ રહેનારાઓની ભૂમિકા પાર કરીને એક સમષ્ટિના રૂપમાં તો મધ્યમોનો સમૂહ આજે પહેલીજ વાર દેખા દે છે. પહેલી જ વાર એ સ્વત્વના શ્વાસ ધૂરે છે. પહેલીજ વાર એનો કમજ સ્વમાનશીલ ભૂમિકા પર ઠેરાય છે. એને ગોરી તડાવા કે સેન્ટી કતો પ્રકાશક પરેલી જ વાર એને ઘેર તેડવા આવે છે. આત્મવિશ્વાસની ખુમારી એનામાં અર્ધાંટાયે પ્રથમ વાર પ્રગટી ઊઠી છે દ્રવ્યનિષ્ઠાની નહિ, પણ નવજીવનના સુખની આ ઝંખેની છે. સાવ સ્વાભાવિક છે, કે નવી હવા એના મગજને તર બનાવે અને વનસ્પતિ-જગતની જેમ વાઙ્મય-જગતમાં પેલું પણ ઝેટલું જ સ્વાભાવિક છે કે, ફળઝડને મથેયી સો પુષ્પો ખરી જાય ત્યારે માંડ દસને ફળ બેસે. જેઓ ખરે છે તેઓ સત્ત્વશીલોને માટે સ્થાન કરવા ખપતા હશે. પ્રકૃતિનો એ નિયમ છે. ન ફરીએ. જેઓ ટકી રહેશે તેમની આવતી કાલ છે. પહેલી વારની ભડક પૂરી થયે એ જ મધ્યમો કમર બાંધીને આજના નવનિર્માણના ચૂનો પથ્થર ઉપાડનાર શ્રમીઓ બનશે.

પ્રતિભાવંતોની ખોટ

મારો પ્રાંત અવલ દરજ્જાના પ્રતિભાવંતોથી વંચિત રહે એ અવશત્ત મને અકળાવે છે, એકાદા ગોવર્ધનરામનું સ્થાને ય અર્ધી સદી સુધી ખાલી પડયું રહે એ અસહ્ય છે, કારણ કે પ્રતિભાવંતોને અભાવે સામાન્યોમાં વામણા આદર્શોની પૂજા પેસી જાય, મધ્યમોનું જોણ ઊર્ધ્વમુખી રહે નહિ, ગુજરાતી વાઙ્મયની શક્યતાના વિસ્તીર્ણ સીમાડા કોઈ મધ્યમોને દેખાડે નહિ, સામસામા કૂપમંડૂકો પેટ ફુલાવતા બેસીએ છીએ. પ્રજાસમસ્ત પણ સાહિત્ય અને સાહિત્યકાર એ બે શબ્દોના ઉચ્ચારમાત્ર સાથે જે એક રગરગવ્યાપી ગંભીરતા ને આકાશી વિસ્તીર્ણતાનો ભાવરસ અનુભવી રહે, તે સાચા સ્વામીને અભાવે અનુભવી શકતી નથી. માટે હું ટાગોરને ભાવે નહિ પણ ગોવર્ધનરામને તો ગુજરાતને દીલે માગું છું. વાણીના સ્વામીઓ વિતાની ગુજરાત સેકડોને પ્રસવ્યા છતાં ય વાંઝણી કહેવાય.

કામના ઢગલા

તથાપિ સામાન્યો મધ્યમો પર હું જરીકે ઓછું જોર આપવા માગતો નથી કદી નહિ એટલી મોટી જરૂર સામાન્યોની આ જમાનાને પડી છે. ફક્ત પ્રતિભાના ફાંફા મૂકી દઈએ તો આ ક્ષણે સારુ ય કામના ઢગલા પડયા છે. હજુ કામચલાઉ નાંદ સરકાર એની બધી ય મર્યાદા સાથે સત્તા પર બેઠી ન બેઠી ત્યાં તો દેશાવરો સાથેના તેમજ પ્રાંત પ્રાંત વચ્ચેના વિનિમય-દ્વારો ઊઘડવા લાગ્યાં છે. કાવ્યથી માંડી વ્યુત્પત્તિ લગીના કાર્યપ્રદેશોમાં નવી સ્ફૂર્તિ સંચરી છે. પ્રાંતેપ્રાંતે યુનિવર્સિટીઓ માતૃભાષાને માધ્યમ બનાવી રહી છે. ગુજરાતની આગવી વિદ્યાપીઠને આકાર ધરી પૃથ્વી પર ઊતરતા ઝાઝી વાર નથી છતાં કેમ છે ગુજરાત પાસે વિદેશી કે પરપ્રાંતીય ગ્રંથમણિઓનાં અક્ષર અર્થશુદ્ધ ભાષાન્તરો યે ?

ભાઈ ચંદ્રવદને એક દિવસ મને ચોંકાવ્યો હતો.

કહે કે અમદાવાદ અને ગુજરાતનું સ્વતંત્ર રેડિયો-ઘર ઉઘાડવાને હવે ઝાઝી વાર નથી. પણ એ પછી, અઠવાડિયાના ત્રણ, ત્રણ ચાર કાર્યક્રમો પૂરવાને માટે તારી મારી પાસે શી સામગ્રી છે તે તો કહે! આખું વર્ષ પ્રજાને આપણે શું પીરસીશું? નાટકો નાટિકાઓ છે? ગીતો છે? વાર્તાઓ છે? નિબંધો યે છે? એ બાબરા ભૂતને કામમાં કઈ પેર રોકી રાખીશું?

આ રહ્યો મધ્યમોની સામે કામ-ઢમલો. એકાદ ભાઈ ચંદ્રશંકર પોતાને વતન ગોધરા બેસી જઈ રાધાકૃષ્ણની પ્રાસાદિક રચનાઓનાં ઓજસપૂર્ણ અને અર્થભારવાહી અનુવાદો આપે જાય છે. ભાઈ નગીનદાસ, ટાગોરની આરાધના માંડી એકલા બેસી ગયા છે. માનું છું કે આ કસબને એ ભાઈઓએ સ્વાવલંબી કલાએ પકડી પાડયો છે. નવજીવન પ્રકાશન મંદિરમાં જેઓ બેઠા છે તેઓ મધ્યમો જ છે. તેમને હાથે થઈ રહેલું ઘાગરાડી ગાનરોહન નિહાળો. એ બધા કવિતા ને વાર્તા લખવા બેઠા હોત તો?

સંપત્તિ ને કીર્તિના હકદાર

સામાન્યોને હું વિવેક કરવા સૂચવું છું. કીર્તિની કામનાના બે પ્રકારો છે: રોગિષ્ઠ અને નિરોગી. 'કર્મમાં જ તારો અધિકાર છે, ફલમાં નહિ કદી!' એવા ચવાઈ ચવાઈ છોતાં બની ગયેલ ગીતાસૂત્રને તમારાં માથામાં નહિ મારું. દ્રવ્યલાભ અને કીર્તિલાભ, બન્નેના તમે સાહિત્યક્ષેત્રે અધિકારી છો. પણ સંપત્તિ અને કીર્તિ બન્ને તમારાં વાગ્યાં લેતી, તમારા પર લળતી ને ઢળતી આવે એ એક વાત છે, ને એ બેઉની પાછળ 'ક્રુતોમન્દેતી શ્રા' વાળી રીતે એકાદ દસ્તપ્રત લઈને લેખક લટુવેડા કરતો દોડો લગાવે એ બીજી વાત છે.

સૌપહેલી આત્મસંતૃપ્તિ

દ્રવ્યલાભ, કીર્તિલાભ ઉપરાંત એક બીજી આખર આપણું પ્રેરક બળ છે—ને એ જ મુખ્ય છે. એ છે આપણી આત્મસંતૃપ્તિ. દાખલા તરીકે, મેં કોઈ મહાસત્ય જોયું, માનો કે હું હિમાચળ જેવા પહાડમાં ઘૂમી આવ્યો કે ગોરસપ્પાનો ધોધ જોઈ આવ્યો. એ જ પ્રમાણે ધારો કે મેં આ દેશની કે પરદેશની કોઈ ઉત્તુંગ માનવ-વિભૂતિઓનું સાંનિધ્ય સેવવાનો મોકો મેળવ્યો. એ વિભૂતિદર્શનમાંથી ચાર રસાનંદ ઉપાડવાને હવે ઝાઝી વાર નથી. પણ એ પછી, એકાદ બિન્દુ જો એને ભાંગી નાખે, તો તો હું એની ખુમારીમાંથી ઉતરી પડું. પછી એક દિવસ મને થાય કે આ આનંદ તો મનમાં શમતો સમાતો નથી, ઝલકાઈ ઝલકાઈ બહાર ઢળે છે, એને શબ્દમાં ઢાળી અન્ય જનોને પણ રસભાગી બનાવું. નહિ તો ત્યાં લગી મને જંપ નહિ વળે. નિજાનંદનો આ ઝબકાર ભર કુંભ અન્ય જનોને પાવાની લાગણી જો સાચી હશે, તો પેલા બિન્દુમાત્ર અનુભવમાંથી યે વાણીની અમૃતધારા છૂટશે. પણ જે કંઈ વિભૂતિદર્શન કર્યું છે તેને લાવને ઝટઝટ વટાવી નાખું, આના બે બોલ મેળવું, તેના ચાર અભિપ્રાય કઢાવી લઉં, પ્રકાશકને પણ જોઈએ છે ચલણી નામવાળો પ્રસ્તાવનાકાર એટલે એ પણ પ્રકાશન માટે તત્પર બને છે, પરિણામે બદાર પડે છે—કીર્તિલેખ નહિ પણ લેખકના મૃત્યુલેખની ગરજ સારતું. એક ચોપડો. એ એનો મૃત્યુલેખ બને છે, કારણ કે ફરી એ લખી શકવાનો નથી.

છૂપો નિજાનંદ

આમ પ્રથમ તો આત્મસંતૃપ્તિની જ આવશ્યકતા, પછી કીર્તિની, તેની યે પછી દ્રવ્યપ્રાપ્તિની અપેક્ષા. એ વાત કેવળ અંતઃપ્રેરણામાંથી પરિણમતી કલ્પનાશોભન કલાકૃતિઓ પરત્વે જ સાચી છે એમ ન માનતા. એકાદા ગ્રંથ-વિવેચનને યે, અખબારનાં મુખ્ય પાનાને રણમારતા એકાદા લેખને યે, કોઈપણ અનુવાદિત છ પાં-સખાણને યે, અરે તમે અહીં તહીં આડા ઘાટા, લલિત ઢળતા શબ્દ-સાથિયા પૂરો છો તેને યે, કોઈ હેલી અપેક્ષા છે આત્મપ્રસન્નતાની. દળદાર લોકો તો એ વાંચવા પામે ત્યારે ખરા, સારું માઠું જે કંઈ એ ધારે તે ખરું, તમને પોતાને, એ કૃતિના કર્તાને, અત્યારે, આ ઘડીએ એ કૃતિ પ્રસન્ન કરે છે ખરી? આરસીમાં કોઢું જોઈને મલકાતા હો, એવા છૂપા નિજાનંદે તમે તમારી એ સરજત નિહાળીને ઠલી ઊઠો છો? ઘાટઘૂટ બરાબર ઊતર્યા લાગે છે? આકાર-સૌષ્ઠવ સંતોષે છે? શબ્દો યથાસ્થાને યોજાયા છે ને? સુરુચિની બાબતમાં છૂપી છૂપી યે આત્મવંચના નથી થઈને? રોજ ઊઘડતાં શબ્દ-પૂરની અંદર મુકાતાં તો નાનકડી અને નગણ્ય લેખાય તેવી તમારી

એ કૃતિ જે કોઈ જુજ આંખો એ વાંચવા પામશે, તેને તો પંકડી રાખે તેવી દીસે છે ના ?

નુગરી દુનિયા

લેખકે દુનિયાને વિશે ઉપર કહી તે આત્મકસોટી રાખ્યા વિના છૂટકો નથી. કારણ કે એ દુનિયા નુગરી છે. નૃત્ય સંગીત ને ચિત્ર જેવા કલાપ્રદેશોમાં મુરશિદ વગર ડગલું દઇ શકાતું નથી ગુરુનો પંજો ત્યાં અનિવાર્ય બને છે. શબ્દકલાના ક્ષેત્રમાંથી એ સુભગ સ્થિતિ ગેરહાજર છે. અહીં તો સૌ સૌને મન સવાશેર હોય છે, અધવાલ પણ ઓછો નહિ ! અહીં મુદ્દતનો બાધ નથી, વયની શરત નથી, હસ્તપ્રતને છ મહિના પણ સંઘરી રાખવાનું આરોગ્યદાયક નિયમન નથી, કોઈ કુલાચાર નથી, કારણ કે કોઈ કુલપતિ નથી. ચિત્રકારને સુખ છે, કે એની કાચી કૃતિની પાંચસો પ્રતો છપાવીને બહાર પાડનારો પ્રકાશક એને સાંપડે નહિ. કાચા નર્તકને રંગભૂમિ પર રજૂ કરવાની કોણ હિંમત કરે ? હુડિયો થવાની જ બીક ! એમ હરકોઇ આ...આ કરનારને કોઈ ખાં સાહેબ કહી જલસામાં ખડો કરી શકાય છે ? કાન અને આંખના કલાયુક્ત રસાસ્વાદની એ ચિરાનંદિની સામગ્રી છે. એમાં હાથચાલાકી ચાલે નહિ. ઉસ્તાદના હાથની માવજત, કરડી ને સુંવાળી બન્ને કક્ષાની, આ કલાક્ષેત્રોમાં અવશ્ય સ્થાન ધરાવે છે. પણ સાહિત્યનું ક્ષેત્ર બાપડું મોટી અરાજકતાનો ભોગ બન્યું છે. ઉસ્તાદ નામને સાર્થક કરાવે એવા પ્રથમ કોટિના વિવેચકોથી ગુજરાતી સાહિત્ય બેનસીબ બન્યું છે. વિવેચક દોરવતો હોય ને વાચક પ્રજા અનુસરતી હોય એ ક્યાંઇ દીઠું ગુજરાતે ? સળંગ સુદીર્ઘ અને સર્વસ્પર્શી ગ્રંથાવલોકનો જુઓ છો ક્યાંય ગુજરાતે ? વર્ષે ચારેક કૃતિઓની યે સમાલોચના સૌંદર્યનો આલોક ફેલાવે છે ગુજરાતમાં ? મંદિરે જઈ ટીલાં ટપકાં કરી આવવાના લોકાચાર જેવું અવલોકનકામ તો હરકોઇ પતાકડું કરતું હોય છે. એને અવલોકન અર્થાત્ પ્રકાશવિતરણ નહિ કહી શકીએ. એ થોડું માર્ગદર્શક બને છે—ખુદ લેખકને કે અન્ય લેખકોને ?

આત્મપ્રસન્નતા એટલે ?

મુરશિદો વિહોણી આવી નુગરી સ્થિતિમાં લખનારની આત્મસંતુષ્ટિ, અને આત્મપ્રસન્નતા એ જ એક ભરોસાપાત્ર આંકણી છે, કે જે વડે એની કૃતિની ગુણવત્તાને એ પોતાની મેળે માપી શકે. આત્મતૃપ્તિ એટલે બેશક આત્માની તૃપ્તિ, માણસના અંતરજામી 'સત્યં શિવં સુંદરમ્' મહાસત્ત્વની તૃપ્તિ, નહિ કે માણસના નાનકડા અહમ્-ટેકાની તૃપ્તિ, ચપટીમાં રીઝી જનાર પામરતાની તૃપ્તિ, સ્વાર્થપટુ બે ચાર પાસવાનોનાં અહોહો અહાહાથી મૂર્ચ્છિત બની જનાર નર્યા પ્રશસ્તિભૂખ્યા પ્રાણની તૃપ્તિ. ના, આપણી કલમો પર એવી તૃપ્તિને નહિ પલાણવા દઇએ. નાનકડી કંડિકાથી માંડી મોટા ગ્રંથની રચના પર્યંત આપણો સાચો ભોમિયો અને સાક્ષી તો પેલો, માયલો રસાનંદી આત્મા જ રહેશે. સાચો હોંકારો એ જ આપશે, કે શિલ્પી ! તેં જે કંઇ રચ્યું તે અલબત્ત તારું નિજનું છે, તારી શકિત મર્યાદાને આધીન છે, તથાપિ એ ઢોંગ જાદુગરીથી અદૂષિત છે, આત્મવંચના પરવંચનાથી અકલંકિત છે, અને તારી પોતાની શૈલીથી અર્થાત્ તારાં ખુદનાં શીલની બનેલી શબ્દસુંદરતાએ વિભૂષિત છે. એમાં સ્વામીઓનો પ્રસાદ ભલે નથી, છતાં એ પ્રાસાદિકતાની તેં આત્મસોત્ કરેલી કણિકા ઉતારી છે. ચોરેલું, ભાડે કે ઉધાર લીધેલું આમાં કંઇ નથી. પ્રસન્ન થા શિલ્પી ! તું નાનો છે, તે છતાં એ મહાજનો જે પંથે ગયા છે તે જ સૌંદર્યવાટનો તું સહયાત્રી છે. તું પોતે પ્રસન્ન થા, પછી બીજાઓ થયા વિના કેમ જ રહેશે ?

સૌ સાચાને ભોકતા જડશે

આ પ્રસન્નતાનું તત્ત્વ જ સાહિત્યમાં કર્તા તેમ જ ભોકતા ઉભય પક્ષોને સંયોજી શકશે. અધિકારભેદે ભોકતા સમૂહ જુદી જુદી શ્રેણીઓમાં વહેંચાઈ ગયો હોય તે તો સહજ છે. વાર્તાઓનો ભોગી વર્ગ મોટો હશે, તો પણ વાર્તાઓ પ્રત્યે નજરેય ન નાખનારા ભોકતાઓની અછત નથી. વાર્તાઓમાં જો મુનશીની કલમના વસ્તુવેગ અને પાત્રપ્રભાવ પાછળ ઘેલા થયેલા ઘણા હશે, રમણલાલની સુંવાળી ફરસી પ્રેમવાર્તાઓના મુગ્ધો બીજા ઘણા હશે, તો ત્રીજો વર્ગ એ બેઉને ત્યજી 'સરસ્વતીચંદ્ર' સમી કુલીનતાપ્રધાન કાદમ્બરીઓની નિતમ્બિની શૈલીમાં જ રાચતો હશે.

નિબંધક્ષેત્રે પણ ન્હાનાલાલના, કાકાકાલેલકરના, તેમજ ગાંધીજીના, પરસ્પરથી ઘણા વેગળા પડેલા ગદ્ય પ્રકારોને એના પોતપોતાના જુદા ભોક્તાઓ છે. સાચા પીરસનારને ભોક્તાઓનો તોટો નથી. જેના પર સ્વત્વની–નિજત્વની છાપ છે, તેવી કોઈ પણ શૈલી પોતાનો માર્ગ કરશે. પણ અગાઉ કહેવાયું છે તેમ શૈલી એ તો શીલ શબ્દ પરથી ઊતરી આવેલો શબ્દ છે. સર્જકનું શીલ જેમાં વિલસી રહે એવી નિજશૈલી લઇને આવશો ? ભોક્તાઓની પ્રસન્નતાને તો તમે સર કરી શકશો.

ભોક્તાનું રુચિતંત્ર

ભોક્તા શબ્દ ભ્રામક છે એ ખરી વાત. આજે જેઓ ઘણામાં વધુ વાંચે છે તેઓને ભોક્તા કહી શકીશું ? નાનાં મોટાં પુસ્તકાલયોમાં જઈ એનાં પત્રકોમાં ડોકિયું કરો. ચોમાસું લીલાં ઘાસ પર તૂટી પડતી ગાયો એ ઘાસની સાથે અંદર જે કોઈ જીવડું આવ્યું તેને ય કરડી જઈ રોજ નોતરે છે. પુસ્તકાલયોમાં પ્રજાજનોની વાચનભૂખ પ્રથમવાર ઊઘડી હોવાથી વાચકોની અભિરુચિના એવા હવાલ છે. આ વાચું, ના તે વાચું, અરે પેલી મજા પડે તેવી છે, એવા ફૂદકા મારતું નવું વાચક-મન એકેયમાં ઠરતું નથી. લૂછ લૂછ વાંચી કાઢે, વાંચ્યું તેનો સોમો ભાગ પણ ધારણશક્તિ પર ટકે નહિ, વિચારની તો વેગળી વાત, પ્રસન્નતાથી પણ એ બેનસીબ રહે. જે સત્ત્વશાળી કૃતિ ત્રણ વાર ન વંચાય તેનો વાચક સાચો ભોક્તા નથી. અથવા મૂળ દોષ તે કૃતિમાં તો હશે જ, પણ ભોક્તાનું રુચિતંત્ર નથી ઘડાયું એ દોષ સૌથી મોટો છે.

સંમેલનોની ફરજ

એનું કારણ કદાચ એ પણ હોય, કે વાચકોની રુચિમાં વાચનરસો પેદા થાય તેની પૂર્વે જ વાચનના મિઠાઇ-ઢગલા થવા માંડ્યા છે. થોડા પુસ્તકોનું એક કરતાં વધુ વાર સેવન થાય એ સ્થિતિને, ઘણી ચોપડીઓ વગર વિવેકે લૂછ લૂછ વંચાય અને દર ફેંકાય તે સ્થિતિના કરતાં સારી સમજો છો ?

તો સજ્જનો ! તમારાં આવાં સંમેલનો એ સ્થિતિ આણવામાં ઉપકારક બની શકે. અહીં જે ટોળાં ઊમટે છે, તેની રુચિમાં રોજ-તત્ત્વ નથી તેની તકેદારી રાખજો. અહીં જે વ્યાખ્યાનો વંચાય, ને જે નિબંધો રજૂ થાય, તેની રસ—નીસરતાનો ત્વરિત ફેંસલો. ટોળાંને હાથે ન થવા દેશો. રસ અને સુરુચિ એ પણ ઉત્પન્ન કરવાની વસ્તુ છે. જ્ઞાનકોષો પુરાયા વિના રસ જન્મે ક્યાંથી ? પચીસ પચાસ સંમાનધર્મી જનો જેની કૃતિને કલાક અધ-કલાક કાને ધરવા પણ ન સાંપડે, પાંચ પચીસ પંડિતો પણ એ વંચાયેલી કૃતિના ગુણદોષનું વિવેચન કરવા જે બાપડાને અહીં ન લાધે, થોડો કંટાળો કાબૂમાં રાખીને પણ પલાંઠી ભીડી રાખનાર ડઝન બે ડઝન ગરવા ગુણજ્ઞો જેને અહીં ન ભેટે, તે રચનારો પછી બીજે ક્યાં જઇ ઊભો રહેશે ? એની દુનિયા નુગરી બનશે એમાં નવાઈ શી ? એનો તેજોવધ થશે.

રખે દેવતા જ ખોવાય

મેળા સુખેથી ભરો. સંધમિલનનો સંજીવની-સ્પર્શ સદાકાળ જરૂરી છે. સામાન્યોમાં સંપર્કથી વિદ્યુત સંચાર થાય છે. પણ પર્વો ઉત્સવો આખરે તો દેવને કાજે છે. ઉત્સવના ઘાંઘલમાં રખે દેવતા પોતે જ ખોવાઈ જાય. વાઙ્મયીની પર્વણીમાં પહેલી છેલ્લી અને સર્વરમણા તો દેવી વાણી જ હોવી ઘટે. આ અને આવા પર્વો જે કોઈ ઊજવો, તે સર્વને અરજ માત્ર એટલી, કે સંઘને રીઝવશો, દાતાઓને વિભૂષિત કરશો, અગ્રેસરોને અગ્રપદે પૂંજશો, અભિનંદનો, આભારવચનો અને રંજન-કાર્યક્રમોનો ધમધમાટ મચાવશો, એની વચ્ચે, એક જ ખૂણે, એકાદ નાનકડો ખંડ એવો રાખજો, કે જ્યાં ટોળું ન પ્રવેશે; ને પ્રવેશે તો અદબ રાખી ઊભું રહે, જ્યાં સો-પચાસ ગરવા ગુણવિદો જ બેસે, અને તેઓ પોતાની સમક્ષ રજૂ થતા શબ્દબ્રહ્મની ઉપાસનાના નજૂનાઓને નિહાળે, મૂલવે, આશાસ્પદ રચનારાની પીઠ થાબડે, ઉતાવળિયાને આશ્વાસે, ભ્રાંતોને સંભાન કરે, શરમાળોને એની ગુપ્ત રતિ બતાવી સતેજ કરે, અને ઢોંગીઓના મિથ્યાવેશ ઉતરાવે.

નજીકનું ઊજળું ભાવિ

પાંચ દસ વર્ષો પછી તો તમારા માંહેના પચાસ સોનું સાંકડું કુંડાળું કાઢવાની જરૂર નહિ રહે. જેને બાકી આજે ટોળા રૂપે લોઈએ છીએ તે સારો યે સંઘ

ગંભીર જ્ઞાનપિપાસુ શ્રોતાજનોથી રચાયેલો હશે. યુનિવર્સિટીમાં માતૃભાષાને હજુ જે અલ્પસ્થાન મળ્યું તેણે ય જો આટલાં થોડાં વર્ષોમાં ગુજરાતી સાહિત્યમાં કસુંબલ લાલી લાવી દીધી છે, તો એ હિસાબે જ્યારે તળેથી ટોચ સુધી સમગ્ર ભણતરનું માધ્યમ માતૃભાષા બની જશે, ત્યારે આપણી સિદ્ધિઓ કેટલી ગણનાપાત્ર, કેટલી ઊજળી હશે! તે સમયે, બેશક જો માતૃભાષાનું પ્રાણ ભરીને પયપાન કરવા આડે રાષ્ટ્રભાષાને નામે કોઇ બનાવટી હિંદુસ્તાની ડંડો વીંઝતી ને ડોળા કાઢતી આપણા પણ ખડી નહિ થઇ ગઈ હોય તો, અને આપણી પયદાત્રી પ્રાંતભાષાની નિગૂઢ શક્યતાઓને આ કે તે કૃત્રિમ રાજકારણી બંધનથી મુક્ત સ્થિતિમાં ઉઝરી ઉછરી યૌવન ધરી મેદાને મહાલવા દેવામાં આવશે તો, મને ખાતરી છે, કે ગહન ગંભીર જ્ઞાનપ્રેમ અને લલિત મધુર રસાનંદ, એ બેઉનો સમન્વય સાધીને ગુજરાતી પ્રજા એક જ દાયકામાં એક પરિપુષ્ટ સાહિત્યના મણિમંડપ નીચે રમણ કરતી હશે, અને લેખકો પોતપોતાની વલ્લભા લેખિનીને કેયુરે કંકણે શણગારી રહ્યા હશે.

કૃત્રિમ રાષ્ટ્રભાષાનો ભય

કૃત્રિમ હિંદુસ્તાની વિશેનો ઉપર કરેલો ભયદર્શક ઉલ્લેખ દેશના સંબંધ વિચારકોનાં હૃદયમાં ઘોળાઈ રહેલી ચિન્તાનો પડઘો પાડે છે. અંગ્રેજી ભાષાના માધ્યમનું સ્થાન બનતી તાકીદે-પણ અણઘટતી ઉતાવળે નહિ-રાષ્ટ્રભાષાએ રોકી લેવું જોઈએ એ વિશેનો મતભેદ તો પાતળો પડી ગયો છે. પણ એ સ્થાને વિરાજનાર રાષ્ટ્રભાષા તે કઈ, આ મુદ્દા પરનો સંક્ષોભ શમ્યો નથી, વધારે ઉત્કટ બન્યો છે. શબ્દોના જથ્થા વડે જ કોઈ ભાષા નીપજી શકતી નથી. ભાષાનું માળખું પણ નર્યા શબ્દોથી નહિ બંધાય. ભાષા તો જનહૃદયનો ઉચ્છ્વાસ છે, એ તો આપણા જ્ઞાનનો, રસનો, મંથનોનો સમુચ્ચય છે. સેંકડો હજારો વર્ષોનાં માનવ-જીવનની કેટકેટલી ચડતી પડતી, ઉન્નતિ અધોગતિ, વિચાર ને ચિંતવન, લાગણી ને કલ્પનાઓ, શ્વાસ ઉચ્છ્વાસ, હર્ષ અશ્રુ, અરે કેટકેટલું અમૂર્ત અને અવ્યક્ત,—તેને મૂર્ત અને વ્યક્ત કરતાં કરતાં વાણીનો વિકાસ થયો હોય છે, એક વાક્ય પડે તે સાથે તે બોલનારી જાતિના જીવનરહસ્યો છેક તળિયેથી ટહૂકી ઊઠે, એવી પ્રાણજન્ય ભાષાના બારીક વળાંકો, મરોડો, લાઘવ, વ્યંજનાશક્તિ, વાચ્યાર્થના કરતાં ભાવધ્વનિને મુખરિત કરી મુકવાની તાકાત, એ શું હિન્દી-ઉર્દૂ બન્નેના નર્યા શબ્દોને વીણી લઇ તે તે ભાષાભાષી સમૂહોનાં મન મનવવાની 'પેરિટી' મેળવવાની બાબત છે!

રાષ્ટ્રભાષાની સાચી રચનાક્રિયા

રાષ્ટ્રભાષા-નિર્માણના આજના સૂત્રધારો આ બધી સમજણવાળા છે અને તેઓ રાજપુરુષો હોવા કરતાં તો સંસ્કૃતિકારો સવિશેષપણે છે એટલે સંસ્કૃતિલક્ષી દૃષ્ટિ તો પ્રધાન પણે જ કામ કરી રહી છે, આપણી ધણીખરી અકળામણ અંતમાં નિરર્થક ઠરે એમ પણ ધારણા છે, છતાં પ્રતિપક્ષને વિકલ્પકરતી ક્રિકર શમતી નથી એ પણ એટલું જ તથ્ય છે. આ બે પક્ષોનું અસ્તિત્વ આપણે ઇન્કારી ન શકીએ. એટલે આપણે પણ આપણાં મન સાથે આ બાબતનો સ્ફોટ કરી લેવો જોઇએ. કોઈ ના નહિ પાડી શકે કે રાષ્ટ્રભાષાએ જન્મવું જોઇએ, પણ તે તો એની મોસમે નીપજે તો જ મીઠી લાગે. ભારતવર્ષનું પ્રજાજીવન સંકીર્ણતાને ત્યજતું ત્યજતું જેમ જેમ સમન્વયને સાધતું જશે, પ્રાંત પ્રાંત વચ્ચેનો સંસ્કાર-સંબંધ જેમ જેમ ગાઢ બનશે, સાહિત્ય-વિનિમય જેમ ઝડપથી ચાલુ થશે, એક તરફથી ઉપરથી આંતરપ્રાંતીય જ્ઞાનોપાસકોની 'એકેડેમિક' આપલે થશે અને બીજી તરફથી ધરાતલ પરથી આંતરપ્રાંતીય આમ જનતાનો સંગમ અગાઉ જેમ યાત્રાધામોમાં થતો તે મુજબ. આવ્યે સંસ્કારધામોમાં થશે, માનવી માનવીને નવલ બંધુદૃષ્ટિએ જોશે, એનાં નેનોમાં નવું અમી ઊભરશે, અન્યોન્ય વિશે જાણવા જોવાના કુતૂહલ-દીવડા પ્રાણ પ્રાણમાં પેટાશે, ત્યારે, તે પ્રગાઢ સંપર્કમાંથી આપોઆપ રાષ્ટ્રવાણી આકાર ધરવા લાગશે. ભિન્ન ભિન્ન ભાષાઓ વચ્ચે, મોતીને પરોવતા ધાગા જેવી સાચા સામ્યની સેર ત્યાર પછી હાથ લાગશે, અને એવા સ્વાભાવિક મિલનમાંથી જે જન્મશે તે રાષ્ટ્રભાષામાં પ્રત્યેકને પોતાપણાનું દર્શન થશે. આજે ચાલતું રાષ્ટ્રભાષાનું ઘડતર એ દોર ન ચૂકે એમ ઇચ્છીએ છીએ.

પાઠ્યપુસ્તકોનું ગુજરાતી

આવી સ્વભાવમનોહર નિર્બાજ રાષ્ટ્રભાષાનું નિર્માણ જો નજીકમાં નજીક લઇ આવવું હોય તો તેનો ઇલાજ પ્રત્યેક પ્રાંતે પ્રદેશે પોતપોતાની ભાષાની અને સાહિત્યની સમુન્નતિ પર પૂરું જોશ દેવામાં રહ્યો છે. પોતાના ભૂમિરસને પચાવીને પછી જે અન્યનું સત્ત્વ ઝીલવા જશે તેજ ઝીલી શકશે. બાળપોથીથી લઇને પી. એચ. ડી: ના વર્ગ પર્યંતનાં આપણાં પાઠ્યપુસ્તકોમાં તમે આજે ડોકિયું તો કરો તદ્વિદો ! એક ધારું ભાષાશિક્ષણ એમાં નથી. એ શિક્ષણક્રમમાં તળિયાથી ટોચ લગી ઊપડતી જતી નક્કર ઘાટદાર ઇમારતની સ્થાપત્યનિષ્ઠ રચના નથી. અપવાદો સિવાય આપણી ગુજરાતી પોથીઓમાં બાળકો જે વાક્યો ભણે છે તેની રચના ગુજરાતી વાણીને બગાડનારી છે, કારણ કે વાચનક્રમનું નિર્માણ ગુજરાતી વાણીના મર્મજ્ઞોને હાથ નહિ પણ શાળાના ઉપરી અધિકારીઓની ભાગીદારીમાં અગર કૃપા હેઠળ કમાણીનો ધંધો ચલાવનારા ડેપ્યુટીઓ–માસ્તરોના હાથમાં છે. કેટલાંએક રજવાડાંમાં ચાલતાં ગુજરાતી પુસ્તકો તો જુઓ, ચીતરી ચડશે, રાજકુળો પ્રત્યેની ખુશામદખોરી કિંવા રાજકુળોનાં કોમી મજહબી ઝનૂન વડે પ્રેરિત એ લેખન ગુજરાતી છે ખરાં ? ગુજરાતના આત્માની ઓળખ આપે છે ખરાં ? એમાં નરસિંહ, પ્રેમાનંદ કે કાન્ત ગોવર્ધનરામે ઉપાસેલી, સલૂણી ગૂર્જરીની સૂરત જડે છે તમને ! ઉર્દૂ ભાષાનો ઉપયોગ કોમી દૃષ્ટિએ ગુજરાતીને વિકૃત કરવામાં થઇ રહ્યો છે તે તો તમે જાણો છો ને !

ભલે થોડું મોડું થતું

ઝેરુ જેવડું મહાભારત આ ક્રમ આડે પડ્યું છે ત્યાં સુધી, નખથી શિખ સુધીની સાંગોપાંગ અને સંવાદી ગુજરાતીનાં સિંચનથી દાયકા બે દાયકા સુધી પ્રજા વાડીને પુષ્ટ ન કરીએ ત્યાં સુધી, અરે શિક્ષણક્રમની બહારના વાચનપ્રદેશમાં પણ લેખકોની કલમો સાચી ગિરા ગુર્જરીનો સમન્વયસુંદર આકાર ઊભો ન કરી શકે ત્યાં સુધી, બનાવટી તો શું. નક્કર રાષ્ટ્રભાષાને ય આપણે, એના ખુદના જ સ્વાગતને હાર્દિક બનાવવાને ખાતર, સાચાં અમૃત ચોઘડિયાંની રાહ જોવાને વિનવવી રહેશે.

સાચો સંસ્કાર-વિનિયમ

હિંદી અને ઉર્દૂને આપણે આવવા દેશું, બલ્કે હાર્દિક નિમંત્રણ દેશું, પ્રેમથી તેડાં કરશું, અને ગુર્જરીદ્વારે સત્કારશું, એનાં યુગસમૃદ્ધ સાચાં મર્મસ્વરૂપોને અપનાવશું, પણ તે કઇ રીતે ! એનાં વિદ્યાલયો, સાહિત્યસંમેલનોમાં આપણા સાચા પ્રતિનિધિઓને મોકલીને, અને એના સાચા પ્રતિનિધિઓને આપણે આંગણે ઉતારીને. એના સાવરો સર્જકોની શતકો જૂની સંસ્કાર–ખુશ્બૂએ મહેકતી સાચી હિન્દી તથા ઉર્દૂને આપણે ઐચ્છિક વિષયો તરીકેનું આકર્ષક સ્થાન આપણી વિદ્યાપીઠમાં આપશું. એ ભાષાઓનું જ શા માટે, મરાઠી, કાન્હડી, તેલુગુ ને કાશ્મિરીનું પણ આપણે આ રીતનું નિકટત્વ પરસ્પરના સંસ્કારવાહકો દ્વારા સિદ્ધ કરશું. ગુજરાતનું સર્વોત્તમ તત્ત્વ એની કને ઝીલાવશું ને એમનું સર્વોચ્ચ તત્ત્વ આપણે અંજલિમાં ઝીલશું. પરસ્પર લેશું દેશું. પણ નહિ ભૂલીએ મુદ્દાની આકાંક્ષા, કે 'સાંગોપાંગ સુરંગ ઘ્યંગ અતિશે ધારો ગિરા ગુર્જરી !'

ભિક્ષાપાત્ર નહિ ધરીએ

કારણ કે તેવું સાંગોપાંગ સ્વરૂપ ગિરા ગુર્જરીને ધારણ કરાવ્યા પહેલાં આપણે બહારનું જે કંઇ અપનાવવા જશું, તે કંગાલના ભિક્ષાપાત્રમાં પડતા ધનિકઘરના એઠવાડ જેવું હશે, સમાનધર્મીઓ વચ્ચેનું સ્વાદુ સહભોજન નહિ હોય. અને હજુ આપણે તાલેવાન બની ગયા નથી. ઝીણા મોટાં અપરંપાર માનવભાવોનું વહન કરનારી વિચારઘન, રસળતી બાનીને ગુજરાતે સિદ્ધ કરી નથી. હજુ તો વ્યાકરણ પણ શીખીએ છીએ, ચોકઠામાંથી છેક બહાર નીકળ્યા નથી. ગુજરાતી વાણી વપરાઇને રીઢી બની નથી. વિવેચના તો પ્રારંભિક અવસ્થાને પણ વટાવી શકી નથી.

અસ્થિર મૂલ્યાંકનો

તે મૂલ્યાંકનો આપણાં હજુ વિશદ બન્યાં નથી, ગમા અણગમાના પાનાં ટળ્યાં નથી. ચિંતન આછર્યું નથી. નારીનું આલેખન તો કહેશે કે એને કાં સાધ્વી કે માતા તરીકે જ ચીતરજો. પ્રણય–તો કહેશે એમાં રખે ભોગાસક્તિ આલેખાઇ જાય ! શ્રમજીવી—તો એને સર્વગુણસંપન્ન અથવા અન્યાયનો ભોગ જ બનાવવો.

સંપત્તિવાન—તો એની કુમળી લાગણીઓની સારવાર પ્રત્યક્ષાલી કલમો જ કરે, અસ્પૃશ્ય-તો એની સામે હિંદુ જાતિનું, ઘોર અપરાધી સિવાય એકેય સ્વરૂપ ન આલેખાય. મુસ્લિમ સંસારનાં તો બારણાં જ બીડેલાં. છાપાં તો એની વળી સાહિત્યને વિશે ગણના કેવી! નાટક તો અવેતન રંગભૂમિ ભજવે તે કચરાપટ્ટી હોય તો ચે વાઙ્મય. બાકી ધંધાર્થીઓએ પોણોસો વર્ષોથી ભજવેલી કુડીબંધ કૃતિઓને કોણ ઓળખે? એના નવાં નાટકોને પણ કયો પંડિત અવલોકે, આલોચે છે?

સમન્વયનું માધુર્ય

આમ જોઈએ તો ગુજરાતી વાણીનું ખેડાણ એક સુવિશાલ પટ પર વિવિધ રીતે ચાલી રહ્યું છે. પણ એના સમગ્ર ફલક પર સર્વગ્રાહી ગરુડ-દૃષ્ટિ આપણી પડતી નથી. જેમાંથી સમન્વય જન્મે તેવો વ્યાપક અને તલગામી દૃષ્ટિનિક્ષેપ આપણો થતો નથી એટલે પછી ક્યાં ક્યાં પ્રેરક બળો ગુજરાતી જીવનની ધરાને ઉથલાવી ઉપર તળે કરી રહેલ છે તેની ખબર પડતી નથી.

સિદ્ધાંતોની તારવણી તો પછી ખોટીલી જ બને. એક પક્ષ કહે, કે લેખકોને જીવન પર જ પકડ નથી. પ્રતિપક્ષ ઉત્તર વાળે, કે જીવન તો અડફેટે આવતું હોય છે પણ તેનું સંવેદન નીપજી કલ્પનાનિષ્ઠ કલાવિધાન પરિણમતું નથી. શું સાચું હશે? સાચું તો આ છે, કે આપણે ગુજરાતી લેખકો યુગકાલીન જીવન-સત્ત્વોના એક તુમુલ સંઘર્ષની વચ્ચે આવી પડયા છીએ. આભા ખનીને એ ધ્વંસસર્જનની લીલા નિહાળી રહ્યા છીએ, હજુ આપણે એ લીલાનાં પાત્રોની દશા પૂરી કરી obgective-વસ્તુલક્ષી વિલોકનશક્તિ કેળવી નથી, એ દૃષ્ટિના ઊઘડવા આડે અનેક વિધિનિષેધાત્મક નિયમનો-નૈતિક તેમજ સામાજિક-કામ કરી રહ્યાં છે. સંમન્વયગ્રાહી બનવું એ કપરું કામ છે. પણ સમન્વયગામી બન્યા વગર સાહિત્યની સમૃદ્ધિ નથી. એકાંગિતાનો-અંતિમવાદનો આપણા કસબ સાથે કુમેળ છે. 'we are the music-makers' એ સૂત્ર સાહિત્યવિધાયકોને ઓળખાવવા માટે મશહૂર છે. music-makersનો અર્થ જ આ છે: સમન્વય સાધનારા, સર્વાંગગ્રાહી સંવાદિત્વ નિપજાવનારા, સર્વ રસાંગોની માપસરની મેળવણીમાંથી માધુર્યના સર્જકો, માનવી મરદ હો કે ઓરત, મૂડીદાર હો કે મજૂર, સતી હો કે કુલટા, ગોરો હો કે કાળો, સંત હો કે શઠ, સુંદર હો કે કદરૂપ, માનવી એ માનવી જ છે, એ છે આપણા અવગાહનનો વિષય; એની માનવતાના સારામાઠા સર્વ અંશોની ખેલાતી લીલા, એ છે આપણા વિચાર, સંવેદન અને કલ્પનની વસ્તુ; અને એવાં રસાયનમાંથી જે આપણે નિપજાવવાનું છે, તે છે આ સમન્વય-માધુર્ય : we are the music-makers. *

---

* ગુજરાતી સાહિત્ય પરિષદ—સંમેલનના સોળમા અધિવેશનના સાહિત્ય—વિભાગના પ્રમુખ તરીકેનું વ્યાખ્યાન. રાજકોટ તા. ૧૯—૧૯—૨૦ : ઓકટોબર ૧૯૪૬

રાહતવેરો

પન્નાલાલ પટેલ

કેડ કેડ સુધીના ઘઉં, ઢીંચણ સુધી વધેલા ચણા, શિયાળાના દિવસોમાં લેરખાં લઈ રહ્યા.

સાઠ સિત્તેર વરસના બુઢ્ઢા ય, મોલનાં એ રૂપ જોઈને બોલી ઊઠતા: 'આવો મોલ તો અમારા આખા અવતારમાં ય નો'તો ભાળ્યો!'

અને, જેમ રૂપાળી વહુનો વર ઉજાગરો વેઠે એકલોતા પુત્રનાં માબાપ ચિંતા સેવે તેમ ખેડૂતોના અંતરમાં ય ફડક હતી: 'કાંકને કાંક થાય! કાં તો હિમ પડે કે કાં તો તો ગેરૂ ચઢે!'

લીલાં લાકડાંને ય એક રાતમાં સૂકવી દે એવી ચોપની ટાઢ પડવા લાગી.

જે દિવસે અગ્નિ ખૂણામાંથી ઓખાર વાયરો વાતો તે રાતે તો રખવાળિયો જાગતા પડી રહેતા જાણે પેલા દખણાતો શિરવા વાયરો જો વાય તો આડા હાથ ન દઈ દેવાના હોય!

અને એક કમનસીબ દિવસે એમ જ બન્યું: એ આખો ય દિવસ ઓખાર વાયરો અવિરત ફૂંકાયો. સાંજ પડતાં જ શિરવાના વિંઝણા ઢોળાવા લાગ્યા. સમજવું હતું એવું માનવી માત્રનાં મોતિયાં મરી ગયાં: 'આજ નક્કી હિમ પડવાનાં!'

અને પડ્યાં જ.

લીલો કલકલતો મોલ ફિક્કો પડી ગયો. ચણાના ચોપટા જાણે અબરખના બની ગયા. ઘઉંની કંટીઓ કાગળની–જાણે જાપાની કરામત! અને ચારે બાજુ હાહાકાર વરતી રહ્યો. જાણે કાગડા કળેળી ઊઠ્યા!

સાઠ સિત્તેર વર્ષની ઊંડી ઊતરી ગએલી આંખો વળી બોલી ઊઠી: 'આવો હાહાકાર તો આટલી ઉંમરમાં ક્યારેય ન'તો દીઠો!'

ખેડૂતોએ લેણદારો આગળ લમણે હાથ દઈ લાચારી કરવા માંડી: 'એક છ મહિના ધકી જાઓ શેઠ દિવાળી ઉપર તો—'

તો વળી મુંબઈ અમદાવાદ જેવા શહેરોમાં નોકરી કરતો વર્ગ ગામ ગાળાની મદદે ધાયો: છાપાંમાં આ હિમના હાહાકારની હકીકતો છપાવી ને લોકસેવકોની ભલામણ માગી તંત્રીઓ પાસે લેખ લખાવ્યા: '...ના ખેડૂતોને ...ના દરબારે રાહત આપવી જોઈએ આ આવતું મહેસુલ માફ કરવું જોઈએ...'

પેલાં સફેદવાળવાળાં માનવી હસવા લાગ્યાં: 'અરે મહેસુલ તે કોઇ દન માફ થયું છે કે થશે?...'

શહેરોમાં સભાઓ ભરાઈને ઠરાવો થયા. અને એમ શહેરનાં માનવીઓએ, ટપાલના કોથળાઓ અને તારનાં દોરડાં મારફત એ રાજવીના રાજમહેલમાં રમખાણ મચાવી મૂક્યું: 'તપાસ કમિટિ નીમો, બહારનો–જનતામાંથી ઑફિસર ચૂંટો.'

આ ઉહાપોહે તો ખેડૂત લોકોને ચિંતામાં નાખ્યા: શું કામ આમ કરીને દરબારને છંછેડતા હશે?'

પણ ત્યાં તો એ હિમ પ્રદેશમાં અને શહેરનાં છાપામાં ખબર આવી: 'તપાસ કરવા માટે એક બહારના માણસને ઑફિસર તરીકે નિમવામાં આવે છે.'

જુવાનોને આનંદ થયો. આધેડો અચરજ પામ્યા, જ્યારે બુઢ્ઢા તો, 'અમે રાજને ન ઓળખતા હોઈએ ત્યારે ને? માથે આ ધોળાં કાંઈ અમથાં નથી આવ્યાં. આમ કહી ઊલટાની પેલી તપાસ કમિટિ જાણે ભય આવતો હોય તેમ ફિકર સેવવા લાગ્યા.

તેમાં ય વળી પેલો ઓફિસર તો ઓળખીતો માણસ હતો. પરીક્ષક તરીકે કેળવણી ખાતામાં દશેક વર્ષ નોકરી કર્યા પછી એના દુશ્મન વર્ગે લાંચ રુશ્વતનું તહોમત મૂક્યું ને એમ રાજ્યની નોકરીમાંથી કમી થયો, એ પછી કૉંગ્રેસમાં જોડાયો પણ એમાં ય પેલો દુશ્મન વર્ગ તો કહેતો કે ધારાસણાની–સૅબરસતી ચળવળ વખતે ઉબરાણામાંથી પૈસા મારી ખાધાં ને રૂડી રૂપાળી હવેલી ઉઠાવી. હવેલી અધૂરી રહી ત્યારે કે' કે એ તો ચળચળ બંધ પડી એટલે આવક ય તૂટી ગઇ...

ગમે તેમ હોય પણ ગામ લોકોને એકંદરે આ ઑફિસર ગમ્યો તો ખરો જ બીજું બધું તો ઠીક-માઠી આપવી ન આપવી એ તો રાજના હાથની વાત છે પણ મોં ખોલીને અરજ તો કરી શકાશે ? તો કોઇ કોઇ તો વળી છેક મૂળનો ભેદ જાણી લાવ્યા હતા ' આ તો આપણા દિવાન સાહેબના સગા થાય છે એટલે એ કરશે એ થશે : 'લખ્યું વંચાશે ભાઇ.'

એ જણની બનેલી કમિટિમાં એક રાજ્યનો ઑફિસર પણ હતો. એ ય સ્વભાવે મીઠો હતો.

પેલી ઊંડી ઊતરી ગયેલી આંખોને તો સમય બદલાઈ ગએલો જ લાગતો હતો. નહિ તો આ કમિટિ શી ને તપાસ શી વળી ! એમને ય થવા લાગ્યું કે તપાસ કમિટિ નીમાઈ ત્યારે તો રાહત મળવાની જ. આંધળો માણસે ય ખળાંમાં પડેલી એ ઉંબિયો પોપટામાં હાથ નાખીને કહી શકે કે કંઇજ રહ્યું નથી.

જેમ કોઈ ભગવાનનો દૂત મુક્તિ આપવા ઊતરી પડ્યો હોય તેમ કમિટિની આગતા સ્વાગતા થવા માંડી. પેલા બુઢ્ઢા કહેતા તેમ. ' ભૂખાનો માર્યો ઊંચું જુવે પણ રોટલાનો માર્યો તો નીચું જ ઘાલે.'

અને શા માટે માત્ર રોટલો જ ? એ લોકનેતાએ ' ગામનો સુધાર પાયા (ખાટલાના) સારા ઉતારતો લાગે છે.' આટલું કહે એટલામાં તો બે જોડ પાયા તૈયાર થઇ જતા. એક ગામમાં ઘડેલા પાટ જોઈને સાહેબે (એ પોતે તો લોકસેવક તરીકે જ પોતાની જાતને ઓળખાવતા. પરંતુ લોક તો એમને સાહેબ જ કહેતા હતા)–'વેચાતા ન આપે ?' આટલું પૂછ્યું એટલામાં ગામ તરફથી સાહેબને ભેટ આપવામાં આવ્યા. ગણ્યાની કંઇ ખોટી ન હતી : ' હજાર રૂપિયાનો ગામને કર બચે તો પચાસ સોનાં લાકડાં આપવાં શાં ખોટાં ?'

અને આટલું કહ્યાપણ તો દરેક ગામમાં હોય જ !

'આ ગામમાં ડાંગરનો પાક સારો થતો લાગે છે !' સાહેબે કહ્યું પણ ગામ ભુખ્યું લાગ્યું.

પેલા સરકારી અમલદારે ટકોર કરી. ' તમારા ગામમાં કોઈ અક્કલવાળો નથી લાગતો.'

' શી વાત કરો છો મિ. તરવાડી ! ના ના ! હું તો લોકસેવા કરવા નીકળ્યો છું કે—'

' પણ સાહેબ આપને ય પેટતો વળગ્યું જ છે ને ?' ગામના આગેવાને બુદ્ધિ હોવાનું પૂરવાર કરી આપ્યું.

' એ તો છે જ.' સાહેબ હસ્યા.

' તો બસ ત્યારે. ' સરકારી ઑફિસર બોલ્યા.

અને ગામ આગેવાને એ લોકસેવક માટે બાર માસની ખીચડી ગામનું ગાડું જોડાવીને મોકલાવી આપી.

અને આમ એક તરફ સાહેબની તપાસ ચાલતી હતી, બીજી તરફ પેલી અધૂરી દવેલી આગળ ગાડાં આવ્યે જતાં હતાં.

એક મહિનામાં તપાસ પૂરી થઈ. શહેરનાં છાપાએ એ માગણી કરવા માંડી ' કમિટિએ જેમ બને તેમ વહેલી તકે રિપોર્ટ બહાર પાડવો જોઈએ.' આ પછી તો છાપાંએ શહેરમાં બેઠે ફરિયાદો પણ નોંધવા માંડી : ' કમિટિનો રિપોર્ટ બહાર પડ્યા સિવાય 'ફલાણા' ગામમાં રાજ્ય મહેસુલ ઉઘરાવવા માંડ્યું છે એ જુલ્મ કહેવાય. રિપોર્ટ બહાર ન પડે ત્યાં સુધી...'

સુધી ને સુધી ! છાપાં મહેસુલ ખાતાના ઑફિસર પાસે જાય, ઑફિસર સાહેબ, 'હજુર'ની ફુરસદે એ વાંચી સંભળાવે ને હજુર એ પર વિચાર કરે તે પહેલાં તો તલાટી કોયળીનાં મોં બાંધીને ય રવાના થઇ જાય !

આખરે સ્ટેટ ગેઝેટમાં કમિટિનો રિપોર્ટ અને આકારની મહેસુલ માફ કરવાની ભલામણ આવી. સાથે સાથે ' હજુર હુકમ ' પણ ' જ્યાં જ્યાં કજાતર જમીન છે (પાક પ્રમાણે રાજ્યનો હિસ્સો–ઝાજે ભાગે ચોયાઈ–લેવાતો હોય તે) ત્યાં ત્યાં આપોઆપ માફી આવી જાય છે બાકી મહેસુલી પ્રથામાં ઓછો વત્તો પાક જોવાની પ્રથા જ નથી !... હા, હુકમમાં 'અશક્ત' ખેડૂતને મહેસુલ બાકી રાખવા જેટલી રહેમિયતની જરૂર હતી.

આ ફેંસલો સાંભળતાં જ ગામેગામ કકળાટ વધી પડ્યો. પેલા બુઢ્ઢાઓએ આધેડોને ભાંડવા માંડ્યા : ' આ નવા પંચાતિયા ઊપડ્યા છે તે, ગમ તો પડે નહિ ને બસ આપો માઠી... અરે અધેડાં તો કોઇ દન રાજે આપી છે માઠી કે આલશે !... નકર અમે

કોઈ મુરખા હતા કે—આ ધોળાં કંઈ અમથાં નથી આવ્યાં ?

આધેડોએ જુવાનો ઉપર અપજશનો ટોપલો ઓઢાડયો : આ જુવાનિયા ન હોય એવા ચાળા કરે છે, ઓઢો પછેડી હવે વેરો તો આલવો પડશે પણ લટકાનું આ ખરચ થયું એ-રાહત વેરો ય રૂપિયે બે ચાર આના ભરવો પડશે.'

જ્યારે જુવાનોએ શહેરમાં વસતા સંબંધીઓ ને છાપાંવાળાંઓ ઉપર દોષ ઓઢાડયો: 'એમણે જ આ બધું કરાવ્યું ભાઈ, નકર ત્યાં બેઠે સભાઓ ન ભરી હોત તો-પણ આ તો ત્યા બેઠા બેઠા મંડયા 'આઉસોઇ' કૂટવા. ઠરાવોનાં ભરી ભરીને બરબિડિયાં મોકલ્યાં ને તાર ઉપર તાર ઠોકયા... નકર એ બધો તાયફો ન કર્યો હોત તો કમિટિ ય ન નિમાત ને આ રૂપિયા પાછળ બબ્બે આનાનું ખર્ચ ઊતર્યું એ ય ન ઊતરત—'

'અરે હજુ ખરચ ઉતર્યું કયાં છે ? પેલા બુઢ્ઢા ડોકું હલાવતાં હલાવતાં-નિજાનંદે મગ્ન હોય તેમ બોલવા લાગ્યા. 'હજુ તો શેરમાં એ બધો તાયફો કર્યો એનું ખરચ તો ઊંડું જ છે. એ આંકડો તો હજુ ઊતરવાતો દો.'

અને આ સાંભળીને તો ગામની સ્ત્રીઓ સુદ્ધાં કળેળા ઊઠી : 'આ મારાં પિટયાં શેરમાં રહ્યાં રહ્યાં એમના બાપને (રાજને) નકામા શેર કર્યો ને ઉપરથી પાંછા-આવે તો ખરા ખર્યો લેવા.'

ત્યાં તો શહેરમાંથી આઠ દસ કાર્યકર્તાઓનું ટોળું ઊતર્યું રતો.

લોકોની નજરે તો પરચાના પાટા જાણે... એ લોકોએ સભા ભરવા માટે થાળી પીટવાનું કહ્યું પણ થાળી પીટનારો ય સામું જુવે તો ને ! અને ધેર ધેર ફરવા નીકળ્યા ત્યારે તો જવાબમાં ચૂલા આગળથી ગાળો જ સાંભળવા મળી.

મહા મુસીબતે લોક ભેગા થયા પણ પરિણામ જોતાં તો આ શહેરના નવલોહિયાઓને લાગ્યું કે એ આપણને સાંભળવા નથી આવ્યા પણ સંભળાવવા-ગાળો ભાંડવા આવ્યા છે... એક બે ગામમાં તો, મારે મારવા ટોળે વળ્યાની ય પ્રતીતિ થઇ...

અને આમ જેની વહારે આવ્યા હતા એ જ સામા ઊઠયા પછી લૂટારાઓના જોર વિષે તો પૂછવું જ શું.....

રાજ્યે એમને કાન પકડી પકડીને ગાડીએ ચઢાવી દીધા.

પેલા સેવકો તો વિચારમાં જ પડી ગયા જ્યારે એમનો આગેવાન શાન્તવન આપતો હતો : 'આમ હિંમત હારે ન ચાલે... આપણે હજુ ઘણું બધું શીખવાનું છે... લોકોને સમજાવતા પહેલાં આપણે જ ઘણું બધું સમજવાનું છે...'

જ્યારે લોકો પણ મહેસુલ સાથે પેલી બે આની ભર્યા પછી નિરાંતથી વિચાર કરવા વળ્યા : 'આમાં મારો બેટો વાંક કનો કાઢવો !'

કોઈની ય પાસે જો જવાબ હોય તો એક પેલા બુઢ્ઢાઓ પાસે જ હતો : 'વાંક વિધાતાનો. ભાઈ. બાકી તો કેતા જ'તા. પણ તમે બધા નવલોહિયા માનો તો ને !' અને ખુશ થતાં થતાં ઉમેરતા : 'અમને ય મારું બેટું લાગતું તો હતું કે આ જુની આંખે નવાં ચેટક-રાજ વળી તમારી કમિટિ નીમે ને વેરો માફ કરે એ-હા...હા...હા. પણ આખર અમે જ ખરા પડયા, જુની આંખે નવા ચેટક તો ન જોવા મલ્યા પણ તમને-નવી આંખોને જુનાં ચેટક તો હા... હા...હા...! રાહત તો સૂઈ ગઇ પણ મારો બેટો આ તો ઊલટો રાહત વેરો હા...હા...

*

કાવ્ય અને સત્ય

રામનારાયણ વિ. પાઠક

આપની સમક્ષ, ફૂલ નહિ તો ફૂલની પાંદડી રૂપે, જે એક વિષય મારા મનમાં ઘણાં વર્ષોથી ઘોળાયા કરે છે તે રજૂ કરવા રજા લઉં છું.

વિવેચનની તાત્ત્વિક ચર્ચામાં આ પ્રશ્ન એક કે બીજે રૂપે વારંવાર ચર્ચાય છે, તે એ કે કાવ્ય—એટલે કે વાઙ્મય કલ્પનોત્થ સર્જનને સત્ય સાથે શો સંબંધ છે? ઘણા કહે છે કે કાવ્ય એ સત્યનું સૂક્ષ્મતર સ્વરૂપ છે. સદ્ગત નરસિંહરાવે એક પ્રસંગે પુણ્ય પ્રકોપ કરી કવિતા દેવીને "દિવ્ય સત્યનું દર્શન સૂક્ષ્મ પ્રવેશથી કરનારી, અને અલૌકિક શક્તિથી હેતુ પ્રદર્શન કરાવનારી"[1] કહી છે. આ મત કેટલો બધો વિસ્તૃત છે એ શ્રી. મેઘાણીએ 'પરિભ્રમણ'માં ઉતારેલા વાક્યથી સમજાશે:

"મહાન લેખક હંમેશાં અચૂકપણે પોતાના વિષયથી ભરપૂર હશે, કલાથી નહિ. વસ્તુમાં વધુ ગંભીર સાહિત્યથી લઈ, હળવામાં હળવા સાહિત્યમાં અનિવાર્ય સૌંદર્ય તો કેવલ એક જ છે: સત્ય."

કવિતા અને સત્યના સંબંધ વિષેનો આ મત આ સ્વરૂપે ઉલ્લેખાય છે તે કરતાં પણ વધારે, જ્ઞાત કે અજ્ઞાત રીતે સ્વીકારાય છે. સાહિત્યની ઘણી કૃતિઓના વિવેચનમાં તે અણુએ અણુમાં અંતર્ગત રહેલો હોય છે. ઘણા તો આ મતની વિરુદ્ધ કંઇ કહેવાનું હોઈ શકે એવું પણ ભાગ્યે જ સ્વીકારે અને છતાં વિવેચનની તાત્ત્વિક ચર્ચામાં આ બહુ મહત્ત્વનો પ્રશ્ન છે. અંગ્રેજીમાં જરા જુદા નામે આ પ્રશ્ન મેં વારંવાર ચર્ચાતો જોયો છે. અને તેનો પડઘો આપણા વિવેચન સાહિત્યમાં પણ જડશે. એવા ઉલ્લેખો શોધીને ભેગા કરવા કરતાં એને એના ઉગ્ર સ્વરૂપમાં રજૂ કરવો એ ચર્ચા માટે વધારે પ્રસ્તુત અને ઉપયોગી છે. મહારાષ્ટ્રના એક લબ્ધપ્રતિષ્ઠ વિવેચક અને વાર્તાકારે એક વખત ચર્ચામાં કહ્યું: "સંગીતનો એક સ્વર નીકળે, કે એક રાગ ગવાય, તેને તમે સત્ય કે નીતિને અનુકૂળ કહેશો કે પ્રતિકૂળ? એને સત્ય કે નીતિ સાથે શો સંબંધ છે? નીતિની ચર્ચા નીતિશાસ્ત્ર કરે, સત્યની ચર્ચા ધર્મ કે ફિલસૂફી કરે, કલાની કૃતિ પોતાના સ્વરૂપે કલાની કૃતિ હોય એટલું બસ છે. એને નીતિ કે સત્ય સાથે કશો સંબંધ હોઈ શકે નહિ."

પણ આ રીતે એક કલાના દૃષ્ટાન્તથી નિયમ બાંધી તેને બીજી કલાને લાગુ કરવો એ મને પ્રમાણિક પદ્ધતિ લાગતી નથી. કલાનું સામાન્ય સ્વરૂપ સમજવા બધી કલામાંથી લાક્ષણિક દૃષ્ટાન્તો લઈએ એ એક વાત છે, અને એક કલાના દૃષ્ટાન્તમાંથી નિયમ બાંધી તેને બીજી કલાને લગાડીએ એ બીજી વાત છે. કોઈ પણ એક કલાના સ્વરૂપની ચર્ચા તેનાં પોતાનાં દૃષ્ટાન્તોથી જ કરવી જોઈએ. એક કલાની ચર્ચામાં બીજી કલાનું સમર્થન ભલે તેમાં કશો બાધ ન હોઈ શકે, પણ બીજી કલાને તેથી વધારે મહત્ત્વનું સ્થાન આપવું એ અનિષ્ટ ડખલગીરી છે.

ત્યારે હવે આ પ્રશ્નને હું નમ્રપણે મારી રીતે આપ સમક્ષ ચર્ચવા પ્રયત્ન કરીશ.

કલાનું ભેદકતત્ત્વ તેનું ઉપાદાન છે. તે ઉપાદાનથી જ તેનું મૂર્ત સ્વરૂપ ઘડાય છે. કવિનું ઉપાદાન વાક્—વાણી છે. વાણી શબ્દની બનેલી છે. શબ્દ એ અમુક અર્થનું વાઙ્મય ધ્વનિમય પ્રતિક છે. 'પ્રભાત' શબ્દ, આપણા મનમાં 'પ્રભાત'નો જે અર્થ છે તેનું પ્રતીક છે-ચિહ્ન છે. પણ શબ્દનો એ અર્થપિંડ આપણા મનમાં બંધાયો શી રીતે? અલબત વાસ્તવિક જગતના પ્રભાતના અનુભવથી. માણસ જે જે શબ્દ બોલે છે તેનો તેનો અર્થ, તેના પોતાના વાસ્તવિક જગતના અનુભવથી બંધાયો છે. અલબત, આ શબ્દો શાસ્ત્રીય નિરૂપણમાં વપરાયા હોય ત્યારે જે રીતે એક જ નિયત ચોક્કસ અર્થમાં વપરાય છે, તે જ રીતે. કાવ્યમાં વપરાતા નથી.

[1] 'પૂર્વાલાપ' ૧૯૪૦ આવૃત્તિ, પૃ. ૨૩૯

કહે છે કે કાવ્યમાં દરેક શબ્દ નવી નવી રીતે વપરાય છે. એ ખરું છે. પણ શબ્દની એ શક્તિ પણ વાસ્તવિક જગતના અનુભવમાંથી જ ઉદ્ભવે છે. હું કહું કે "એવી જગાએ પણ ભર ઝીંઘમાં અંધારી રાત વીતી ગઇ. પ્રભાતે અમે આગળ મુસાફરી શરૂ કરી."

અને નર્મદ કહે છે:

> જય જય ગરવી ગુજરાત
> દીપે અરુણું પ્રભાત,
> જય જય ગરવી ગુજરાત

અને આગળ કહે છે.

> વીતી ગઈ છે રાત.

અહીં 'રાત' અને 'પ્રભાત' બન્નેના અર્થો જુદા છે. અહીં 'રાત' એટલે અજ્ઞાનમય, નિષ્ક્રિયતામય, પરાધીન, પ્રાણહીન સ્થિતિ અને 'પ્રભાત' એટલે સ્વતંત્રતા ક્રિયાપરતાનો નવો પ્રાણસંચાર. હજી આ કરતાં પણ વિશેષ અર્થો આપમાંથી કોઇ વધારે સારી રીતે બતાવી શકે. પણ એ બધા અર્થો વાસ્તવિક જગતનાં રાત અને પ્રભાતના અનુભવમાંથી જ આવેલા છે. રાતમાં માણસ નિશ્ચેષ્ટ હોય છે. પ્રભાતે સ્ફૂર્તિમય બને છે, એ વાસ્તવિક જગતનો અનુભવ છે, અને એ અનુભવ સચેત થઈ રાત અને પ્રભાતનો નવો અર્થ કરે છે. કાવ્યમાં આમ નવો અર્થ અર્પવાની શક્તિ એટલી વિશાલ અને વૈવિધ્યવાળી છે કે એક ને એક શબ્દોમાંથી ભિન્ન પ્રકરણમાં કે સંદર્ભમાં વિરોધી અર્થો પ્રતીત થતા લાગે. પણ એમ હોય ત્યાં પણ એ અર્થો એ શબ્દોમાં વાસ્તવિક અનુભવજન્ય અર્થપિંડમાંથી ઉત્થિત થયેલા હોય છે. દાખલા તરીકે કુમારસંભવમાં યુવાન બટુકરૂપે ઉપસ્થિત થયેલ શંકર, ઉમાને પોતાના વરવાના સંકલ્પમાંથી નિવારવા કહે છે.

'યૌવન કાલમાં આભરણો તજીને આ ઘડપણને શોભે તેવું વલ્કલ કેમ ધારે છે?' અને પૂછે છે કે 'સાંઝે સ્ફુટચન્દ્રતારાવાળી રાત્રિ શું સવારને યોગ્ય ગણાય?' સાંઝ વખતે સ્ફુટચન્દ્રતારકોવાળી રાત્રિ ઉપરથી તો લોકો એવી આશા બાંધે કે માઝમ રાતે અદ્ભુત દેદીપ્યમાન ઝાકઝમાળ રાત્રિનું દર્શન થશે, તેને બદલે આ તો સાંજ પછી તરત જ સવાર પડ્યા જેવું થાય છે, જ્યારે ચન્દ્રતારા ઝાંખા પડી ગયા હોય, અને રાત્રિ ફિક્કી થઇ ગઇ હોય. અહીં રાત્રિ અને પ્રભાત નર્મદે અર્પેલ અર્થો કરતાં લગભગ વિરુદ્ધ અર્થો સૂચિત કરે છે. પણ એ અર્થો પણ રાત્રિ અને પ્રભાતના પડેલા સંસ્કારોમાંથી જ નીકળે છે.

અને આ દૃષ્ટિ કવિતાના અભ્યાસમાં જોઇએ તેટલું હજી મહત્ત્વ પામી નથી. કવિતાના અભ્યાસમાં અને કવિતાના શિક્ષણમાં, કવિએ સૂચવેલો નવો અર્થ, વાસ્તવિક અનુભવના પ્રસ્તુત અંશ સાથે અનુસંધાન પામે, એ અનુભવનો એ પ્રસ્તુત અંશ સચેત થઈ પોતે જ નવો અર્થ રચે, એટલા માટે એ વાસ્તવિક અર્થ સ્પષ્ટ કરવો જોઈએ. એમ ન થવાથી કવિતા પૂરી સમજાતી નથી. એક દૃષ્ટાંત આપું: શાકુન્તલમાં રાજકાજથી થાકેલો દુષ્યન્ત પ્રસંગવશાત્ કહે છે કે રાજ્ય થાક ઉતારવા માટે હોય તે કરતાં વિશેષ થાક લગાડવા માટે છે!

રાજ્ય, પોતાને હાથે દંડ ઝાલી રાખેલા છત્ર જેવું છે. છત્રથી તડકાથી બચી શકાય છે, છાંયો થાય છે. પણ દુષ્યન્તનો એવો અભિપ્રાય જણાય છે—તેને પકડી રાખવાની મહેનત એથી કર્યાંય ચડી જાય! અત્યારના માણસને સહેજે વિચાર આવે કે આ આમ કેમ કહે છે? એક છત્રી ઝાલવામાં તે એવી કેવીક મહેનત પડી જવાની હતી? આપણે ત્યાં તો નાજુકમાં નાજુક સ્ત્રી પણ, છત્રી તો પોતે જ હાથે ઝાલી ફરે છે! આવો પ્રશ્ન ન થાય તો એનો અર્થ એટલો જ કે વાચક પોતાનો અનુભવ સંપૂર્ણ સચેત કરી વાંચતો નથી.[1] દુષ્યન્ત રાજા છે. એના

[1] આ પ્રશ્નના ખુલાસાની હકીકત મનમાં તેથી પ્રશ્ન જ ન ઉદ્ભવે એ વિકલ્પ અહીં નથી. દૃષ્ટાન્ત માત્ર એમ કોઈને કોઇ રીતે અકરાંતિયો હોય જ.

ઉપર હંમેશાં એનો સેવક છત્ર ધરે છે. એ છત્ર ઘણાં મોટાં હતાં, અત્યારના નાટકના રાજા ઉપર છત્ર ધરાય છે તેથી પણ ઘણા મોટાં. અને ઘણાં ભારે પણ હોવાં જ જોઇએ. અત્યારે આપણે વાપરીએ છીએ તેવી છત્રી તે વખતે અસ્તિત્વમાં નહોતી. કોઇ રાજા પોતાનું છત્ર પોતે ઊંચકતો જ નહિ. આવું કદી જ નહિ કરેલું એવું ભારે છત્ર જાતે ઉપાડવાનું કામ જેટલું મહેનતવાળું, કલેશમય હોય એટલું આ રાજ્ય ચલાવવાનું કામ કલેશમય છે. એ રીતે અહીં છત્રી સંબંધી તે સમયની વાસ્તવિક સ્થિતિ કાવ્ય સમજવાને આવશ્યક છે.

અને કાવ્યની પછવાડે રહેલી વાસ્તવિક દુનિયાને બરાબર નહિ સમજવાથી કાવ્ય નથી સમજાતું એવો ઊલટો દાખલો પણ, જરા રમૂજી પણ સચોટ, મળી આવે છે. વિક્રમોર્વશીય નાટકના ત્રીજા અંક પહેલાંના વિષ્કંભકમાં, દેવોના નાટ્યકાર ભરતમુનિના શિષ્યો ભેગા થઈ વાતચીત કરે છે. એ વાતચીત અને વિષ્કંભક પૂરા એવી રીતે થાય છે કે શિષ્યોને ગુરુ સમીપ હાજર રહેવાનો સમય થઈ ગયો યાદ આવે છે, અને શિષ્યો ચાલ્યા જાય છે. ત્યાં એક શિષ્ય કહે છે: कथाप्रसंगेन अपराह्णा अभिषेकवेला । तद् उपाध्यायस्य पार्श्ववर्तिनौ भवाव । "વાતો કરતાં સ્નાનસમય વહી ગયો. તે ચાલો ગુરુની સેવામાં હાજર થઈ જઈએ." અંગ્રેજ ટીકાકારને એ સમજાતું નથી કે આ શિષ્યો ગુરુના સ્નાનસમયે શા માટે હાજર રહેવાની વાત કરે છે. આ નહિ સમજવાનું કારણ એ છે કે અંગ્રેજો વસ્ત્ર પરિહાર કરી એકાન્તમાં બંધબારણે નહાય છે* અને તેથી અંગ્રેજ વાચક પોતાની વસ્તુસ્થિતિ કાવ્ય પાછળ હોવાનું માની લે છે. જ્યારે કાવ્ય પછવાડેની, એટલે આપણા દેશના પ્રચલિત રિવાજની વસ્તુસ્થિતિ જુદી જ છે. અને એ વસ્તુસ્થિતિ સમજનારથી અંગ્રેજની મુશ્કેલી જ ન સમજાય! આપણા બ્રાહ્મણો તો ખુલ્લામાં નદીતળાંવે માત્ર કટિવસ્ત્ર રાખી નહાય, અને તે સમયની સેવા એટલે ગુરુને માટે અંગૂછો અને કોરાં વસ્ત્ર ધરીને ઊભાં રહેવું, અને નહાઈ રહે એ આપવાં, ગુરુની ચાંખડીઓ જગાએ મૂકવી, નાહેલાં વસ્ત્રો ધોઇ આપવાં વગેરે; આપણને આપોઆપ સમજાય. આ રીતે વાસ્તવિક જગતના અનુભવમાં કંઈ ગેરસમજ હોય તો કાવ્યભાવનામાં એ વિઘ્નરૂપ પણ બને! કાવ્યસૃષ્ટિ અનન્ય પરતંત્ર છે, નિયતિકૃતનિયમરહિત છે, છતાં તેનો વાસ્તવિક જગત સાથેનો સંબંધ કદી તૂટતો નથી, એ સંબંધ હંમેશાં જીવન્ત હોય છે. કાવ્યસૃષ્ટિ સ્વતંત્ર હોવા છતાં, એ વાસ્તવિક જગતમાંથી ઊગેલી વસ્તુ છે, બન્નેનો સંબંધ એકદૃષ્ટિએ ઝાડ ઉપરના ફૂલ જેવો છે.

કાવ્યનું આ પ્રકારનું વિવરણ વિવેચન ગણાય કે નહિ, છેવટ વિવેચનનું આવશ્યક અંગ ગણાય કે નહિ, એની ચર્ચામાં હું નથી ઊતરતો, પણ કાવ્યાર્થના સાચા ભાવનને માટે એ આવશ્યક છે, અને એના વિનાનું વિવેચન ધૂળ ઉપર લીંપણ જેવું છે, એમાં મને સંદેહ નથી. પણ આ કંઈક આડ વાત થઈ.

હું મૂળ એ કહેતો હતો કે કાવ્યનું ઉપાદાન શબ્દ છે. અને શબ્દની શક્તિનો સંકેત, હંમેશાં વાસ્તવિક જીવનના અનુભવ સાથે હોય છે. અલબત, એ વાસ્તવિક જીવનના અનુભવનિષ્ઠ અર્થવાળા શબ્દો એવી રીતે ગોઠવી શકાય કે જેમાંથી વાસ્તવિક જીવન સાથે સંગત હોય એવો કશો અર્થ ન નીકળે. એનું દૃષ્ટાન્ત વેદાન્તચર્ચામાંથી મળી રહે છે—એ દૃષ્ટાન્તને સંદર્ભમાંથી કાઢી નાંખી સ્વતંત્ર વાક્ય તરીકે લેવાથી. "વંધ્યાસુત ખપુષ્પની માળા પહેરીને શશશૃંગ હાથમાં ધારણ કરી ફરે છે" કે એવું કંઈ. દરેક શબ્દનો અર્થ છે. દરેક શબ્દ જુદો-વાસ્તવિક જગતનાં વર્ણનોમાં આવી શકે એવો છે. પણ શબ્દોનો અન્વય

* આ શંકા ટાળવાને આ નાટકના આ ભાગના ટિપ્પણમાં વિદ્વાન સંપાદક શંકર પાંડુરંગ પંડિત લખે છે: It is to be remembered that the menner in which Asiatics bathe does not prevent others from being present; on the contrary, servants, or in the case of a holy personage his pupils who are his servants, are required for assisting in the way just indicated Vikramorvasiyam by S. P. Pandit. (2nd Edidion) notes p, 77

કરતાં, વ્યાકરણદોષ ન હોવા છતાં, વાક્યમાંથી કશો અર્થ નીકળતો નથી. આ માત્ર વ્યાકરણદૃષ્ટિએ વાક્ય છે. બાકી આપણા શાસ્ત્રકારો આને વાક્ય જ ન કહે. વાક્યનું મુખ્ય કામ અર્થબોધ કરવાનું, ને તે આ વાક્ય કરતું નથી. અને તેથી તે વાક્ય જ નથી. વાક્યાર્થ માટે શબ્દોમાં આકાંક્ષા, યોગ્યતા અને સંનિધિ હોવાં જોઈએ. તે પૈકી અહીં યોગ્યતા નથી. અને યોગ્યતાનો નિર્ણય, બુદ્ધિ, વાસ્તવિક જગતના આપણા મન પર પડેલા સંસ્કારોથી કરે છે. યોગ્યતાને વાસ્તવિક જગત સાથે સંબંધ છે. અલબત કાવ્યમાં કોઇ પણ એક વાક્ય આવું દેખીતી રીતે યોગ્યતા-વિહીન ન હોઈ શકે. વ્યવહારમાં પણ ભાગ્યે જ આવું અર્થહીન વાક્ય આવે. વેદાન્તને આવું વાક્ય શોધી કાઢતાં કોણ જાણે કેટલોય વખત લાગ્યો હશે. મેં તો માત્ર દૃષ્ટાન્ત આપ્યું છે.

હવે, આ યોગ્યતા માત્ર વાક્યના શબ્દોની અંદર જ હોવી જોઈએ એમ નથી. એક સંદર્ભનાં અનેક વાક્યોની અંદર પણ હોવી જોઇએ. "એક હતો રાજા. તેને એક કુંવર અને એક કુંવરી. રાજાએ વચેટ કુંવરને બોલાવીને પૂછ્યું." અહીં પહેલા અને બીજા વાક્ય વચ્ચે યોગ્યતા છે. પણ પહેલાં બે વાક્યોથી જે અર્થપિંડ નિષ્પન્ન થાય છે, તે ત્રીજા સાથે બંધબેસતો નથી. રાજાને એક જ કુંવર હોય [illegible] શકે. જરા બીજી આમ નવો અર્થ અર્પવાની શક્તિ [illegible] પોતાનાં અને વૈવિધ્યવાળી છે કે એક ને એક શબ્દોને ભિન્ન પ્રકરણમાં કે સંદર્ભમાં વિરોધી અર્થો પ્રતીત થતા લાગે. પણ એમ હોય ત્યાં પણ એ અર્થો એ શબ્દોમાં વાસ્તવિક અનુભવજન્ય અર્થપિંડમાંથી ઉત્થિત થયેલા હોય છે. દાખલા તરીકે કુમારસંભવમાં યુવાન બટુકરૂપે ઉપસ્થિત થયેલ શંકર, ઉમાને પોતાના વરવાના સંકલ્પમાંથી નિવારવા કહે છે.

'યૌવન કાલમાં આભરણો તજીને આ ધડપણને શોભે તેવું વલ્કલ કેમ ધારે છે?' અને પૂછે છે કે 'સાંઝે સ્ફુટચન્દ્રતારોવાળી રાત્રિ શું સવારને યોગ્ય ગણાય?' સાંઝ વખતે સ્ફુટચન્દ્રતારોવાળી રાત્રિ

ખરી રીતે વાક્યના શબ્દોમાં આવશ્યક આકાંક્ષા અને યોગ્યતા બન્ને કાવ્યના સમગ્ર સંદર્ભમાં અનુસ્યૂત રહેલી હોય છે. ઉપર કહી તે યોગ્યતા કાવ્યમાં, ઔચિત્ય બને છે, અને આકાંક્ષા તે રસેપ્સા બને છે. આ રસેપ્સા માટે સંસ્કૃત કાવ્યશાસ્ત્રમાં ખાસ ઉલ્લેખ મને સ્મરણમાં નથી, પણ અંગ્રેજ ટીકાકારો કાવ્યમાં જેને interest કહે છે તે આકાંક્ષાનું જ સંદર્ભગત સ્વરૂપ છે.

વાક્યના શબ્દોથી શરૂ થઇને આખા પ્રબંધના અંત સુધી પ્રવર્તતી આ યોગ્યતામાં સત્યની વફાદારી આવી જાય છે. યોગ્યતા સ્થૂલ દૃષ્ટિએ જોતાં તો માત્ર અવયવોની પરસ્પર ઘટનક્ષમતા, પરસ્પર સંગતતા, બંધબેસતાં થવાપણું છે. પણ જેને આપણે શાસ્ત્રીય દૃષ્ટિએ સત્ય કહીએ છીએ તે પણ વસ્તુઓની પરસ્પર ઘટનક્ષમતા સિવાય બીજું શું છે? જેને વિજ્ઞાન કહીએ તેમાં પણ એક સત્ય એટલે અનેક હકીકતો ઉપરથી બાંધેલી વ્યાપ્તિ. જેને ઐતિહાસિક સત્ય કહીએ છીએ એ પણ પુરાવા સાથેની સંગતતા જ છે. આપણું લોકસાહિત્ય કહે છે કે સિદ્ધરાજે જૂનાગઢનો કિલ્લો તોડી રા'ખેંગારને માર્યો, અને તેની રાણી રાણકદેવી વઢવાણમાં સતી થઈ અર્થાત્ આ માન્યતા અમુક દુહાઓને આધારે સત્ય ઠરી. પણ શ્રી દુર્ગાશંકર શાસ્ત્રી દોઢસો સંવત ૧૧૬૯ ના ઉત્કીર્ણ લેખ શ્રી જયસિંહ દેવોઽસ્તિ મૂર્ધો ગુર્જરમંડલે। યેન કારાગૃહે ક્ષિપ્તો [illegible] માલવેશ્વરો ॥ ને આધારે [illegible] જાતવારના માણસને કારાગૃહમાં નાખ્યો એવી કે આ આમ કેમ કહે છે? અર્થાત્ ઐતિહાસિક સત્ય તે એવી કેવીક મહેનત પર્યાન્યતા છે. ભૌતિક સત્ય, ત્યાં તો નાજુકમાં નાજુક અણુના જીવન સંબંધીનાં હાથે ઝાલી ફરે છે! આવો નુકૂળ છે માટે જ સત્ય અર્થ એટલો જ કે વાચક કેમાં ફેર પડે તે સાથે સચેત કરી વાંચતો નથી.[1]

---

[1] આ પ્રશ્નના ખુલાસાની તે સત્યનો સંગ્રહ કે અને તેથી પ્રશ્ન જ ન ઉદ્ભવે એતે છે ત્યારે તે પોતાના નથી. દૃષ્ટાન્ત માત્ર એમ કોઈ [illegible] પ્રવર્તે છે એમ હોય જ. [illegible] દૃષ્ટિ છે. એક બુદ્ધિ

દોષ (foreign body) અંદર પ્રવેશતાં તેને પીડા થાય છે, એવી પીડા થવી એ શરીરની સજીવતાનું એક લક્ષણ છે, એ પીડાની ઇન્દ્રિય જેમ શરીરે પોતાના ઇષ્ટ પ્રયોજન માટે ઉત્પન્ન કરી છે, કે થઈ છે, તેમ આ યોગ્યતા પણ જીવને પોતાના ઇષ્ટ પ્રયોજન માટે ઉત્પન્ન કરી છે અને સત્યથી વિરોધી વસ્તુ આવતાં દુભાય છે, તેને ક્લેશ થાય છે.

પણ કેટલાંક કાવ્યોમાં પરિચિત સત્યોનો દેખીતો વિરોધ આવે છે તેનું શું ?— અને તે પણ એવાં કાવ્યોમાં, જેને આખી પ્રજાઓએ પોતાનાં ઉત્તમ કાવ્યો માન્યાં છે. દાખલા તરીકે આપણું મહાભારત. આવા કાવ્યમાં જે એક બાણનાં સહસ્ર બાણો થાય છે, મનુષ્યો માયાવી રૂપો ધારણ કરે છે, વિમાનોમાં દેવતાઓ વિહાર કરે છે, એ બધું એ સમયના જગતમાં બનતું હતું એમ હું માનતો નથી. પણ યોગ્યતાની બુદ્ધિ કંઈ માત્ર વિજ્ઞાન (*Science*) થી જ ઘડાતી નથી. એમ હોત તો માત્ર વિજ્ઞાનીઓ જ કવિઓ અને ભાવકો હોત, પણ એમ નથી. કવિ અને ભાવક બન્ને માનવ છે, તેથી કશું જ વિશેષ નથી. કવિતા માણસે માણસ માટે કરેલી છે. અને માણસની બુદ્ધિ માત્ર વિજ્ઞાનથી નહિ (ખરી રીતે વિજ્ઞાનનો અંશ જોઈએ એટલો અત્યારે પણ નથી.) પણ તે તે કાલની સર્વ લોકમાન્યતાથી ઘડાય છે. એ બુદ્ધિ, તે કાલના વિજ્ઞાનથી તેમ જ તે કાલના માણસની શક્તિઓ, વૃત્તિઓ, માન્યતાઓ, શ્રદ્ધાઓ વગેરે સર્વથી ઘડાય છે. અને માણસને સૌથી વધારે રસિક વિષય માણસ પોતે જ છે, અને તેથી માણસ જે કાલે જે માનતો હોય તે કાલે તેનાથી વધારે સાચું તેને બીજું હશું ન હોય ! માણસના વાસ્તવિક જગતના સંસ્કારોમાં આ બધાનો સમાવેશ થાય છે.

ઉપરના ખુલાસાથી આપણે એટલું સમજી શકીએ કે મહાભારતકાર જે આ ચમત્કારોનો કાવ્યોમાં ઉપયોગ કરે છે અને તેના સમયના તેના શ્રોતાઓ જે આ ચમત્કાર સાંભળતા હતા, તેમની યોગ્યતાબુદ્ધિને આ વર્ણનોથી ઠેશ. આઘાત ન લાગે એ ખરું. એમની યોગ્યતાબુદ્ધિ એને સ્વીકારે એ ખરું. પણ એટલું સ્વીકારતાં, મહાભારતમાં એક બાણમાંથી સહસ્ર બાણ નીકળતાં તેમ, એક પ્રશ્નમાંથી અનેક પ્રશ્નો ઉદ્ભવે છે.

એમાં સૌથી મહત્ત્વનો પ્રશ્ન એ છે કે મહાભારતકારના સમયમાં શ્રોતાઓને એ કાવ્યમાં યોગ્યતા કે ઔચિત્યને આઘાત ન લાગે, પણ આપણે શું ? આપણી સત્યાસત્યની બુદ્ધિ એ કેમ સ્વીકારી શકે ? એને એમાં રસ શી રીતે આવે ?

આ ઘણો મહત્ત્વનો પ્રશ્ન છે. એના ખુલાસા માટે આપણે વસ્તુના અંતરમાં પ્રવેશ કરવો જોઈએ. એમ કરીએ તો જ જો કંઈ ખુલાસો મળતો હોય તો મળે.

પહેલું તો એ કે *ભૌતિક વિજ્ઞાન જેવી* બાહ્ય પરિસ્થિતિ વિશે લોકમતમાં ફેરફાર થતાં, વિજ્ઞાન પ્રગતિ કરી નવા નિયમો સ્થાપતા પણ માણસ પોતાની કલ્પના દ્વારે જૂની અતીત થયેલી ભૂમિકા ઉપર જરાપણ ક્લેશ વિના બેસી શકે છે. જેમ આપણે મોટી ઉંમરના થયા પછી પણ બાળકોની વાતચીત, રમતો વગેરે સાથે લગભગ સંપૂર્ણ તાદાત્મ્ય સાધી શકીએ છીએ, તેમ. તેમાં પણ મહાભારતકારે કાવ્યમાં જે જે માનવશક્તિ કલ્પી છે તે અત્યારે તો લગભગ બધી જ, માનવીએ સદ્ભાગ્યે કે દુર્ભાગ્યે સિદ્ધ કરી છે. માણસ ઊડી શકે છે, અને એક જ યંત્રમાંથી સહસ્ર શું, કોટ્યનુકોટિ શસ્ત્રો ફેંકી શકે છે. ખરું તો મહાભારતના સમયમાં માનવી આ શક્તિઓને ઇષ્ટ માનતો હતો, માનવજાતિએ એને ઇષ્ટ માની છે, અને એ વાસના જ આધુનિક વૈજ્ઞાનિક સિદ્ધિઓની પ્રેરણા છે. અને કવિની કલ્પના પણ એવી કે લાંબે ગાળે જે સિદ્ધ થવાનું હતું તે જ તેની દૃષ્ટિએ પડ્યું. જગતમાં જે કંઈ શક્ય હતું તે જ તેની કલ્પનામાં આવ્યું. આ રીતે કાવ્યમાં સ્થૂલ રીતે બની ગયેલું સત્ય નહિ પણ શક્ય સત્ય આવે છે. અર્થાત્ કવિ કોઈ ક્રાન્તદૃષ્ટિથી સત્યના બાહ્ય સ્વરૂપની અંદર રહેલા તેના સૂક્ષ્મ તત્ત્વને પકડે છે. માટે જ યોગ્યતાનો અર્થ જે સત્ય નહિ પણ સત્યની વફાદારી કહેવી છે.

વિજ્ઞાનની પ્રગતિ થતાં, વિજ્ઞાનની વફાદારી બદલાઈ જાય છે. ફ્રાન્સનો નવા નૈકાનો બૂરે વર્ન અને

ઈંગ્લંડનો થોડા જ સમય પર અવસાન પામેલ પ્રસિદ્ધ સાક્ષર વેલ્સ, બન્ને વિજ્ઞાનની નાનામાં નાની માહિતીને પણ હાનિ ન પહોંચાડવાની ચીવટ રાખે છે. પણ વિજ્ઞાનની સત્તા આટલી સ્પષ્ટ બેઠેલી છે તે જમાનામાં પણ, વિજ્ઞાનથી અવળી જ દિશામાં કલ્પના ચલાવનારા કવિઓ મળી આવે છે, અને તે પણ કોઈ નિકૃષ્ટ પ્રકારના નહિ. આનો સ્પષ્ટ દાખલો મને મૉરિસ મેટરલિંકના 'બ્લ્યૂ બર્ડ (Blue Bird)માં મળે છે. આ નાટકનાં મુખ્ય પાત્રો ગરીબ અબૂઝ બાળકો છે, પણ તેની આસપાસનાં પાત્રોમાં કૂતરાં બિલાડાં તો શું પણ ખાંડનો પણ 'સ્પિરિટ' આવે છે. આપણે એને ગુજરાતીમાં ખાંડની દેવતા કહીશું. નાનાં બાળકોને ખાવા માટે એ કટ કટ આંગળાં ભાંગી ભાંગીને ખાવા આપે છે, અને ત્યાં તો પાછાં એ આંગળાં હતાં ત્યાં ઊગી નીકળે છે! આ તો ખુલ્લે છોગે વિજ્ઞાનનો અનાદર નથી?

અલબત હું વિચાર તો એ કોટિનો કરું છું કે કાવ્યની એવી કૃતિઓ હોય છે જે વિજ્ઞાન સાથેનો સંબંધ તોડીને રચાયેલી હોય છે. અને તેમ છતાં ઉપરના દાખલામાં વિજ્ઞાનનો સ્પષ્ટ વિરોધ છે એમ હું સ્વીકારી લેવા માગતો નથી. પ્રાણીશાસ્ત્રીઓ જાણે છે કે એવાં પ્રાણીઓ હોય છે, જેનો એક અવયવ કાપો તો ફરી ઊગે છે, જેના કકડા કરો તો તે મરતાં નથી, પણ દરેક કકડો ફરી પૂર્ણ પ્રાણી બને છે, એકનાં બે થાય છે. કદાચ આવા કોઈ નિરીક્ષણ ઉપરથી જ આપણાં પુરાણોમાં એવા રાક્ષસો આવે છે, જેને મારવા માથું કાપો તો ત્યાં બીજું માથું ઊગે; અને એમ માથાંની અનંત પરંપરા ચાલે અને રાક્ષસ મરે નહિ. એટલે મૉરિસ મેટરલિંકની કલ્પના વિજ્ઞાનવિરોધી નથી. પણ છતાં પ્રશ્ન રહે છે, કે આમ વાસ્તવિક જગતમાં હોય જ નહિ એવી ધરાર ખોટી કલ્પનાં કરવાનું પ્રયોજન શું? શું કલ્પના વિજ્ઞાનનો વિરોધ કરે, કે એની સાથેનો સંબંધ તોડીને જાય એમાં કંઈ રસ રહેલો છે? એમ કરવાનું ફળ શું? અને આ પ્રશ્નના મનનમાં એક બાજુથી કાવ્યના ખરા સ્વરૂપ અને પ્રયોજન ઉપર વધારે પ્રકાશ પડે છે અને તે સાથે આપણા પ્રશ્નના ખરા ખુલાસાની આપણે નજીક જઈએ.

મૉરિસ મેટરલિંક ખાંડની દેવતાનું એવું સ્વરૂપ કલ્પીને ખરી રીતે જગતમાં રહેલી ઈશ્વરની વિશ્વંભરા શક્તિ, કે વિશ્વંભરા પ્રકૃતિનું આપણને દર્શન કરાવે છે, ગમે તેટલી અને ગમે તેટલીવાર શેરડી ખાઓ, સાકર ખાઓ, અને ધરતી માતા એવી નથી!-કે પાછી જોઈએ એટલી શેરડી ઉગાડે, અને જોઈએ એટલી સાકર પેદા કરી આપે! અને બે નાનાં અબૂઝ, અબૂઝ બાળકો આગળ એ વિશ્વંભરા શક્તિને કવિ બીજી કઈ રીતે રજૂ કરી શકે? આ સાકર દેવતાની રજૂઆતથી, એ બન્ને બાળકો ઉપર જરૂર આ વિશ્વંભરા શક્તિના જ સંસ્કારો પડવાના; જોકે ભલે આખી જિંદગી એ વિશ્વંભરા શક્તિ કે એવા બીજા કશા શબ્દો એ કદી જ બોલી ન શકે. આખા નાટકમાં ક્યાંય વિશ્વંભરા શક્તિ કે એવું કશું જ નામ આવતું નથી. કવિની કૃતિ આમ સીધા શબ્દ દ્વારા કદી સંસ્કાર પાડતી નથી, વ્યંજનાથી જ પાડે છે, અને કાવ્યનું મુખ્ય પ્રયોજન ચિત્ત ઉપર આ સંસ્કારો પાડવા એ છે. એ પ્રયોજન માટે કાવ્ય સ્થૂલ ભૌતિક જગતના નિયમોમાં છૂટ લઈ શકે છે.

મેં કહ્યું કે કાવ્ય ચિત્ત ઉપર સંસ્કાર પાડે છે. પણ કાવ્યાસ્વાદન પછીના ચિત્તનું એ પર્યાપ્ત વર્ણન નથી: સંસ્કાર કહેવામાં સંસ્કાર પામતી વસ્તુ પોતે નિષ્ક્રિય નિશ્ચેષ્ટ થઈ માત્ર ક્રિયાનું આધાન કરતી હોય એવી પ્રતીતિ રહેલી છે. પણ કાવ્યાસ્વાદન સમયે ચિત્ત કેવળ નિશ્ચેષ્ટ હોતું નથી. એ સચેત હોય છે. અને માટે એ સ્થિતિ સાધારણ રીતે ભાવ તરીકે ઓળખાય છે. ભાવનો અર્થ હું માત્ર લાગણી કરતો નથી. એ મને બહુ એકતરફી અને કંઈક છીછરો શબ્દ લાગે છે. કાવ્યમાં ચિત્ત સમગ્રરૂપે અમુક પરિસ્થિતિને અભિમુખ થઈ પોતાના સ્વભાવને અનુકૂળ, પોતાના કોઈ અંતિર પ્રયોજનને અનુકૂળ રીતે અમુક વૃત્તિ ધારણ કરે છે, તેને માટે ભાવ શબ્દ હું વધારે યોગ્ય ગણું છું. કાવ્યાનુભવમાં, ચિત્ત શુદ્ધરૂપે અને નિર્વિઘ્ને પોતાનો ભાવ ધારણ કરે છે, (જે વ્યવહારમાં ક્વચિત જ બને છે) અને એમ હોવાને લીધે કાવ્યમાં આત્મા સ્વસ્વરૂપને પામે છે, આત્મસાક્ષાત્કાર કરે છે, જેના પરિણામે પરમ આનંદનો અનુભવ થાય છે.

સમગ્ર માનવઈતિહાસમાં અને માનવ વ્યવહારમાં આ ભાવ જ સૌથી મહત્ત્વનો છે. આપણે સામાન્ય રીતે માનીએ તેના કરતાં ભાવ કોઇ વધારે ગહન વસ્તુ છે. એક બે દાખલાથી આ સ્ફુટ કરવા પ્રયત્ન કરીશ. પ્રથમ દાખલો હું એ લઉં છું કે આખી માણસજાત જમણા હાથને કોઇક ને કોઈક રીતે વધારે મહત્ત્વનો માને છે. હિન્દુઓ જમણા હાથને પવિત્ર માને છે. સંસ્કૃતમાં દક્ષિણનો અર્થ કુશળ અને વામનો અર્થ અવળું, નિકૃષ્ટ થાય છે. આવો ભાવ શાથી આવ્યો? આપણે કોઇ ખાસ કારણથી આ પ્રમાણે નક્કી કર્યું છે. એવી કર્યાય શાસ્ત્રમાં કે ઇતિહાસમાં નોંધ નથી. જમણે હાથે શા માટે લખવું એમ બાળક પૂછે, કે કોઇ પણ પૂછે, તો આપણી પાસે એનો જવાબ નથી. હું માનું છું કે માણસજાતે આ ભાવ કદી જ બુદ્ધિપૂર્વક કદાચ બાંધ્યો નથી, અને છતાં, હું માનું છું તે તેનું કારણ હોય. તો તે પૂરતું પ્રબળ કારણ છે. હું માનું છું કે જમણે હાથે કામ કરવાનું કારણ એ છે કે ડાબી બાજુ હૃદય આવેલું છે, અને બળતું કામ ડાબે હાથે કરીએ તો તેના પ્રત્યાઘાતથી હૃદયને નુકસાન થાય. માણસજાતિએ જમણા હાથની પ્રથા પાડી હશે ત્યારે આ શારીરિક કારણ સ્ફુટ સમજીને પાડી હશે એમ હું માનતો નથી. છતાં માણસજાતે એ પ્રત્યાઘાતની હાનિ ન થાય એને માટે એક ભાવ વિકસાવ્યો, જેણે પોતાનું કામ બરાબર આપ્યું ગણાય. આ ઉપરથી હું એમ માનું છું માનવ ચૈતન્ય અમુક ભાવ ધારણ કરતી વખતે જે વસ્તુસ્થિતિ તરફ એ ભાવ ધારણ કર્યો હોય છે, એ વસ્તુસ્થિતિનું શાસ્ત્રીય સ્વરૂપ, તેમજ ચૈતન્યના જે આંતર પ્રયોજન માટે એ ભાવ ધારણ કરેલો હોય છે તે પ્રયોજન, બુદ્ધિની ભૂમિકા ઉપર સમજેલું હોય છે જ એવું હોતું નથી. એ બન્ને જમાને જમાને અને યુગે યુગે શાસ્ત્રીય દૃષ્ટિ જેમ જેમ કેળવાતી જાય તેમ તેમ જ વધારે સ્પષ્ટ થતો જાય. માટે જ, વિવેચક, કોઇ કાવ્યનો અમુક અર્થ કરે ત્યારે, 'એ અર્થ એ જમાનામાં કવિના મનમાં હોય એ સંભવિત જ નથી,' 'તે વખતે કવિમાં એટલું શાસ્ત્રીય જ્ઞાન હોવાનો સંભવ જ નહોતો,' એવો વાંધો ઉપપન્ન નથી. અને માટે જ, દરેક જમાને જમાને શાસ્ત્રીય દૃષ્ટિ બદલાતી જાય તેમ તેમ, સાહિત્યની મહાન કૃતિઓનાં નવાં નવાં વિવેચનો થવાં જોઈએ.

જમણા હાથની પવિત્રતા જેવો, કદાચ તેથી વધારે વિલક્ષણ એક બીજો દાખલો આપું. માત્ર હિંદમાં નહી પણ આખી સુધરેલી માનવજાતિમાં મા દીકરો અને બહેન ભાઈ વચ્ચેનો લગ્નસંબંધ અને કામસંબંધ અત્યન્ત નિષિદ્ધ મનાયો છે. આખી માનવજાતિએ આ એક મહાન ભાવ કેળવ્યો છે. એના અતિક્રમણ જેવું બીજું કશું અક્ષમ્ય અને ઘોર પાતક નથી. આ ભાવ શાથી કેળવાયો? નિષિદ્ધ કરેલા નિકટ સંબંધમાં થતાં લગ્નોનાં ફરજંદોને હેમોફિલ (Hemophil) નામનો રોગ થાય છે એમ દાક્તરો કહે છે. પણ આ નિયમ બંધાતી વખતે, આ ભાવ બંધાતી વખતે, માણસજાતિને, તે વખતના વિદ્વત્તમ માણસને પણ, આવી કશી માહિતી હશે એમ માનવાને લેશ પણ કારણ નથી. ત્યારે આ ભાવનો ખુલાસો શો? સમાજશાસ્ત્રીઓ અને નરવંશશાસ્ત્રવિદો તર્ક કરે છે કે ભાઈ બહેન વચ્ચે લગ્ન જેવો સંબંધ વ્યવહાર્ય હોય તો કુટુંબમાં બાળપણનાં પૂરાં વરસો પુરુષથી સુરક્ષિત રહી શકે નહિ, માટે આવો સંબંધ નિષિદ્ધ ગણાયો. મને પોતાને આ ખુલાસો સંતોષકારક લાગે છે. અને છતાં આવા સ્પષ્ટ કારણથી કદી પણ આવો નિયમ માનવઇતિહાસમાં ખરેખર કરવામાં આવ્યો હતો એમ હું માનતો નથી. નિયમ કરવાને બદલે બહેન તરફ એક પ્રકારનો માર્દવનો, પવિત્રતાનો, પૂજ્યત્વનો ભાવ વિકસાવીને માનવજાતિ માટેનું એ રક્ષણકાર્ય જીવને કોઈક રીતે કર્યું! અને આ ભાવ એટલો પ્રબલ છે, એનાં મૂળ માનવસ્વભાવમાં એટલાં ઊંડાં ગયાં છે, અને માનવસ્વભાવમાં આ ભાવના એટલી બધી સિદ્ધ થઈ ગઈ છે, કે કદી આનાં કારણોમાં ઊતરવાની, કારણોનો પ્રશ્ન કરવાની વ્યવહારિક જરૂર જણાઈ નથી. અને આ જે રીતે કામવાસનાને અતિક્રમીને જીવન નવો ભાવ વ્યક્ત કરે છે, તે જોતાં, મને એમ માનવાનું મન થાય છે કે, જોકે આ ભાવ વ્યક્તિમાં જ વ્યક્ત થાય છે, પણ તેની નીચે કોઈ ગૂઢ રીતે વ્યક્તિને અતિક્રમીને રહેલું કોઈ વિશાલતર જીવન અહીં કામ કરે છે.

જોકે આ કદાચ મારી શ્રદ્ધાની જ માન્યતા હશે, ફિલસૂફીની કસોટીથી એને કસી જોવાનો મેં હજી પ્રયત્ન કર્યો નથી.

આ બન્ને દૃષ્ટાન્તો, જમણા હાથની પવિત્રતાનું, અને બહેનભાઈના સંબંધની પવિત્રતાનું, આ બન્ને દૃષ્ટાન્તોનું ઉદ્દિષ્ટ વક્તવ્ય આપ આ દૃષ્ટાન્તોને ઘડીભર ખરા માની સ્વીકારી શકશો. આ રીતે બધા ભાવોમાં મને સૌથી વધારે ગહન, અને આશ્ચર્યકારક ભાવો સંયમ અને પૂજ્યતાના લાગે છે. સંયમ એટલે માણસ પોતામાં જ થતી વૃત્તિઓને પોતે જ થોભાવે, શમાવે!! પૂજ્યતા, એટલે માણસને પોતાના જ અનુભવની અંદર, પોતાથી કશુંક મહત્તર, કશુંક ઉન્નততર, કશુંક વિશાલતર, શુદ્ધતર જણાય!! આવો ખરેખરો અનુભવ ન હોત તો માણસ આ વાતને વિરોધી અને અશક્ય માનત અને આ જ ભાવો એ કાવ્યનાં ઉન્નততમ શિખરો નથી.

આપણે આગળ ચાલીએ : હું એ કહેતો હતો કે ભાવનો અનુભવ, એ જ જીવનનું જીવનતત્વ છે. અને આપણે એ પ્રશ્ન વિચારતા હતા કે વિજ્ઞાનથી વસ્તુના સ્વરૂપ વિશેનો ખ્યાલ બદલતાં, જૂનો ભાવ વ્યક્ત કરતી કવિતા પછીથી નીરસ ન બને. અને મહાભારતનાં યુદ્ધોમાં તો એમ નથી બને એવું, એમ મેં આગળ કહ્યું. પણ હજી આ પ્રશ્ન અનેક દાખલાથી પરીક્ષવો રહે છે. વચમાં આપેલું જમણા હાથની પવિત્રતાનું દૃષ્ટાન્ત કાવ્યના આ પ્રશ્નની મીમાંસામાં હું ઉપયોગમાં લઇ શકતો નથી. પણ એને મળતું એક બીજું દૃષ્ટાન્ત લઉં. કલિને નળની ઈર્ષ્યા થઈ અને તેણે નળમાં પ્રવેશ કરવાનો નિશ્ચય કર્યો. બાર વરસ સુધી નળમાં પ્રવેશ કરવાને તેણે પ્રયત્ન કર્યા કર્યો.

"બારમે વરસે કલિને તક મળી. લઘુશંકા કરી આવીને નળે મોં ધોયું પણ પગ ધોયા વિના તે સન્ધ્યા કરવા બેઠો અને ત્યાં કલિએ પ્રવેશ કર્યો." પ્રેમાનંદ આ વાત જરા ફેરવીને કહે છે :

એક દિવસે નળ ભૂપાળ, ભંગાણું જળ થયો સંધ્યાકાળ;
રહી પાછાની કોરડી ધોતાં પાગ, કળી પામ્યો પેઠાનો લાગ.
સંધ્યાવંદન કીધું રાજન, પ્રવેશ કળીનો થયો તે સ્થાન.
નળાખ્યાન : કડવું ૨૮

પ્રેમાનંદના વાસ્તવિક જગતમાં લઘુશંકા કરી મોં ધોવાનો રિવાજ નહોતો, એ હકીકત ભાવને માટે નિરર્થક નીકળી, તો તેણે એ છોડી દીધી, અને શૌચનો ચમત્કાર વધારવા પગ તો ધોયા પણ પાની જરાક કોરી રહી ગઈ તેમાં કલિએ પ્રવેશ કર્યો એવી હકીકત મૂકી. હવે અત્યારે આવી રીતે કશું થઈ જવાથી આટલું ભયંકર પરિણામ આવી જાય એવું આપણે માનતા નથી. પણ આપણે પણ માનીએ છીએ કે જે કામ કરવું તે સંપૂર્ણ કરવું જોઈએ, અને ઘણાં કામમાં કર્યાક પણ ખામી રહી જવાથી, જરાક પણ પ્રમાદ થઈ જવાથી ઘણાં માઠાં પરિણામ આવે છે. એના પ્રતીક તરીકે આપણે પાની કોરી રહી જવાની દંતકથા સ્વીકારી શકીએ. જેમ માણસ પોતે જે કાર્ય ન કરે, તે કાર્ય પણ બીજો કરે એમ સમજી શકે છે, તેમ જ પોતે જે ન માને તે પણ બીજો માને એ સમજી શકે. હું અમુક પરિસ્થિતિમાં કોઈનું ગળું કાપું એ મારે માટે અશક્ય હોય, છતાં કોઈ બીજો માણસ એમ કરી નાંખે એ જેમ સમજી શકું, તેમ જ કોઈ પાત્ર એમ કરે એ પણ સમજી શકું. અને જેમ ગળું કાપવું એ વ્યક્તિની ક્રિયા છે, તેમ જ અમુક માનવું એ પણ વ્યક્તિની જ ક્રિયા છે. અને આપણે માની શકીએ કે તે વખતના આર્યો એમ માનતા કે શૌચમાં કોઈ ખામી રહી જાય તો તેથી અનિષ્ટને તક મળે છે. આ રીતે અત્યારે પણ નળાખ્યાનની આ હકીકત આપણા ખાવામાં કાંગરે જેવી નથી રહેતી, ચર્વણમાં આવી એ પણ એકરસ થાય છે. વળી એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે વસ્તુનું વાસ્તવિક સ્વરૂપ શાસ્ત્રીય રીતે સ્પષ્ટ થતાં એ સ્પષ્ટ થયા પહેલાંનો ભાવ અવશ્ય બદલાય જ એવું બનતું નથી. જમણા હાથ વિશેની શારીરિક હકીકત ધ્યાનમાં આવતાં એ વિશેનો જૂનો ભાવ ખસી જતો નથી. બહેનભાઇના સંબંધનો ખુલાસો સમાજશાસ્ત્રીથી થતાં બહેનભાઇનો પવિત્ર ભાવ અસ્ત થતો નથી.

સોળમા ગુજરાતી સાહિત્ય પરિષદ સંમેલન : રાજકોટના પ્રમુખપદેથી આપેલું વ્યાખ્યાન. તા. ૧૮-૧૯-૨૦ : ૧૦ : ૪૧

રાજા ન જોઇએ

દર્શક

૨૫૦૦ વર્ષ પહેલાંની વાત છે. ત્યારે રોમનું નામ દુનિયામાં તો નહિ પણ ઇટાલીમાં ય જાણીતું નહોતું થયું દેશ દેશની સમૃદ્ધિ ટાઇબર નદીના બારામાં હજુ ઠલવાઈ નહોતી. જે વૈભવ ને વિલાસે રોમને લોભેશું કર્યું તેનાં પગરણ પણ નહોતાં મંડાયાં, સાત ટેકરીઓ પર બંધાયેલા એ શહેરમાં આજુબાજુની જંગલી જાતિઓ વચ્ચે રોમનો ટકી રહેવા મથતા હતા ત્યારે રોમમાં ટાર્કવીન રાજા હતો. લોકોએ એનું નામ મદાંધ ટાર્કવીન પાડયુ હતું; કારણ કે રોમમાં એ પહેલો જુલમી રાજા હતો ને એ છેલ્લો જ નીવડયો.

વાત આમ બની:

રાજા ટાર્કવીન હોમ કરતો હતો ત્યાં એણે જોયું કે દેવ માટે તૈયાર કરેલું નૈવેદ્ય એક કાળો સર્પ આવીને ખાઈ ગયો. રાજાને નક્કી થયું કે આ કાઈક અપશુકન બતાવે છે. એણે તે જમાનામાં સૌથી મોટા ગણાતા ડેલ્ફીના દેવાલયમાં આ બનાવનો અર્થ પૂછવા માટે પોતાના બંને દીકરાને મોકલ્યા એમની સાથે ગયો એનો એક ભત્રીજો બ્રુટસ બ્રુટસનો અર્થ ઘનચક્કર

સૌ એને અધગાંડો ગણતા. ને ટાર્કવીનના જુલમી રાજાની રાજગાદી સાથે સીધો સંબંધ ધરાવતા લોકોએ બહુ અક્કલવાળા દેખાવામાં જોખમ હતું. કારણ કે રાણી ને રાજા બંને–અભિમાન જેટલાં જ અદેખાઈ માટે પણ જાણીતાં હતાં. આ અદેખાઈને કારણે જ ટાર્કવીને પોતાના સસરાને મારી નાખ્યો હતો ને એની રાણીએ પોતાના બાપ પર જ રથ ચલાવ્યો હતો. આવાના રાજમાં બહુ અક્કલવાળા ગણાવામાં બહુ સાર નહિ ને ?

ત્રણે જણા મંદિરમાં જઇ ભવિષ્ય જોનારી દેવદર્શિનીને પગે લાગ્યા.

રોમ, ગ્રીસ બંને દેશમાં આવાં મંદિરોમાં રહેનારી દેવદર્શિનીઓ અખંડ કુમારિકા રહેતી–તેમણે આકરાં વ્રતો પાળવાં પડતાં, તેઓ દેવતાઓની ઈચ્છાને કળી શકે છે એમ મનાતું. એ કાળમાં યુરોપમાં ડેલ્ફીની દેવદર્શિની શ્રેષ્ઠ ગણાતી, સોક્રેટીસ સૌથી ડાહ્યામાં ડાહ્યો માણસ છે એમ એણે જ પહેલી વાર જાહેર કરેલું. એનું વેણ ઈશ્વરી સંકેત જેવું બની જતું. એટલે જ આ ત્રણે જણાએ રોમથી છેક ગ્રીસ સુધીનો પ્રવાસ ખેડયો હતો.

ત્રણે જણાએ પગે લાગી રાજાએ મોકલેલ ભેટ ધરી ને બનેલ વાત કહી સંભળાવી પૂછયુ:

'આ શુકન શેની આગાહી કરે છે ?'

દેવદર્શિની ઘડીભર ધ્યાનસ્થ થઈ ગઈ. પછી ગંભીર અવાજે કહ્યું:

'રાજવંશનો નાશ.'

મોટા રાજકુંવરે પૂછયું: 'આ પછી સત્તા પર કોણ આવશે ?'

'જે એની માતાને પહેલો પગે લાગશે તે રોમમાં સત્તાધીશ બનશે.'

બંને કુંવરોએ ત્યાં ને ત્યાં કોણ પહેલો ઘેર જઈને પોતાની માતાને અડે છે તેની હોડ બકી. ને ઘોડે ચડવા બહાર નીકળ્યા. પણ બ્રુટસ બહાર નીકળતાં જ જાણે ઠેસ આવી હોય તેમ પડી ગયો ને સાષ્ટાંગ નમસ્કાર કરતો હોય તેમ લાંબો થઈને બોલ્યો: 'ભૂમિ-માતા જ આપણી સાચી મા છે ને એનો આશરો જ સાચો આશરો છે.'

બંને રાજકુંવરો આ સાંભળીને હસ્યા.

થોડા દિવસ વીતી ગયા હતા. રાજા ટાર્કવીને એની ફોજ સાથે એક કિલ્લાને ઘેરો ઘાલ્યો હતો. હુમલો કરીને જિતાય તેવું નહોતું. કિલ્લા ફરતું પડયા રહેવા સિવાય કાંઈ કામ નહોતું. આમ પડયા રહીને સૌને કંટાળો આવ્યો હતો; એટલે બંને કુંવરો શિકારે ને વન-ભોજન કરવા નીકળ્યા હતા. સાથે હતા થોડાક શિકારીઓ, બે-ચાર સરદારો, બ્રુટસ ને તેનો એક મિત્ર.

સૂરજ નમવા માંડયો હતો. શિકાર પછવાડે ડુંગરાઓ ભટકી ભટકી સૌ થાકી ગયા હતા. એક નાનકડું ઝરણું આવતાં સૌએ ઘોડા થંભાવ્યાં. શિકારીઓ શિકારની ખાલ ઉતારવા માંડયા. ગુલામો વન-ભોજનની તૈયારી કરવા માંડયાં. બાકીનાઓએ એક સુંદર વટા ગોતી બેઠક જમાવી. વાત વાતમાં કોની સ્ત્રી સૌથી સુશીલ તેની ચર્ચા નીકળી.

એક સરદારે કહ્યું: 'મારા પર એ રીતે દેવતાઓની કૃપા છે. આટલાં વર્ષોથી એણે કોઈ દિવસ મારાં પહેલાં પથારીમાં પગ મૂક્યો નથી.'

બીજાએ કહ્યું: 'હશે. એમ તો મારી સ્ત્રી પણ કોઈ દિવસ મારું વેણ ઉથાપતી નથી. ને રૂપમાં તો આખું રોમ એને ઓળખે છે.'

નાનો કુંવર તો પરણ્યો નહોતો પણ બ્રુટસે કહ્યું: 'મેં તો ઘણી સ્ત્રીઓ જોઈ છે પણ કોલેશીઆની-સ્ત્રી લ્યુક્રેશીઆની તોલે કોઈ ન આવે.'

મોટા કુંવરે કહ્યું: 'રૂપ હોય તેથી શું? ને એકલો ગુણમાં ય શું મોહવું? મારે ત્યાં તો રૂપ ને ગુણ બંને છે. મારા વિના બિચારી અર્ધી થઈ ગઈ હશે. હું તો બસ એના પર...'

વચમાં જ ઘનચક્રે કહ્યું: 'આમ તો વાતનો અંત નહિ આવે. આપણે એમ કરીએ: 'અગાઉથી ઘેર ખબર આપ્યા વિના આપણે સૌ ઓચિંતાના જ ઘેર ઊપડીએ. ત્યાં જઈને સૌ જોઈએ કે આપણી સ્ત્રીઓ શું કરે છે તેના પરથી જ પારખાં થઈ જશે.'

બધાએ કહ્યું: 'બરાબર છે. ઠીક પરીક્ષા થશે.'

મોટા કુંવરે કહ્યું: 'તો આજે જ અહીંથી સીધા ઊપડીએ. મને તો ખાતરી છે કે તમે મારી સ્ત્રીને જુઓ પછી કંઈ કહેવું જ નહિ પડે.'

બધા ઊપડયા.

રોમમાં પહોંચ્યા ત્યારે રાત પડી ગઈ હતી. સૌથી પહેલાં સરદારની હવેલીએ ગયા તો ખબર મળ્યા કે એની સ્ત્રી તો બનીઠનીને નાટકશાળામાં નાટક જોવા ગઈ છે.

શું પૂછે?

ત્યાંથી ગયા બીજા સરદારને ત્યાં. તેની સ્ત્રી ગઈ હતી કોઈક મિત્રને ત્યાં ઉત્સવમાં.

બધા કુંવરને મહેલે આવ્યા. જુએ છે તો દીવાનખાનામાં મહેફિલ જામી છે. ચારે બાજુ ઝળાંઝળાં પ્રકાશમાં નાચ ચાલે છે. કુંવરની સ્ત્રી સાજ-શણગાર સજી, બનીઠની સૌની જોડે નૃત્ય કરે છે.

કુંવરની ક્રોધથી લાલ પીળી થઈ ગયેલ આંખો જોઈ બ્રુટસ કહે: 'હજુ બાકી છે. આપણે લ્યુક્રેશીઆને ત્યાં જઈએ.'

'સ્ત્રીઓની જાત જ આખી કમજાત છે. એને ગમે તેટલી સાચવો તો ય બદજાત.' કુંવર આખે રસ્તે બબડતો હતો.

લ્યુક્રેશીઆને ત્યાં પહોંચ્યાં ત્યારે મોડું થઈ ગયું હતું. સૂવાનો સમય ક્યારનો ય થઈ ગયો હતો. જોયું તો ઝાંખા દીવાના પ્રકાશે સાદાં લૂગડાં પહેરીને લ્યુક્રેશીઆ કાંતે છે. ને એક બે દાસીઓ પણ છે. તેણે પોતાના પતિ તથા મિત્રોનું સ્વાગત કર્યું ને જમાડયા.

સૌએ કહ્યું: 'આપણા સૌની સ્ત્રીઓમાં લ્યુક્રેશીઆ જ સૌથી સુશીલ છે.'

સવારે સૌ પાછા છાવણીએ ગયા ને કામે થડી ગયા. પણ પેલા કુંવરને નિરાંત નથી. એની નજર આગળ રૂપ ને ગુણની મૂર્તિ જેવી લ્યુક્રેશીઆ જ રમ્યા કરે છે. કેવી મીઠાશ! કેવો વિનય! સાદાઈ તો એવી બીજે ભાળી જ નથી! ને છતાં સુંદરતામાં એને ટપે તેવી કોણ છે! આવી સ્ત્રી હોય તે જ ભાગ્યશાળી!

વળી થાય છે: મારી પાસે ઉત્તમ ઘોડા છે. ઉત્તમ વસ્ત્રો-આભૂષણો છે. રોમમાં જે કાંઈ ઉત્તમ વસ્તુ છે તે મારી છે-ગમે ત્યારે મેળવી શકું છું. ને આજ એક ઉત્તમ વસ્તુ મને નહિ? બસ એ મને જ શોભે.

અભિમાન અને અદેખાઈના સંતાન જેવા એ કુંવરે ક્રૂડો સંકલ્પ કર્યો કોઈ ને ય કહ્યા સિવાય ઘોડે ચડીને ચાલી નીકળ્યો સીધો લ્યુક્રેશીઆને ઘેર. લ્યુક્રેશીઆ ઘડીભર વિસ્મિત થઈ ગઈ. પણ રાજાનો કુંવર ને પાછો પતિનો મિત્ર એટલે આગતા-સ્વાગતા કરી. પોતાના પતિના ખબર-અંતર પૂછયા ને જમાડયો.

અરધી રાતે લ્યુક્રેશીઆના ઓરડામાં જઈ સાંકળ ચડાવી કુંવરે મેલી માગણી કરી.

મધરાત. ઘરમાં કોઈ નહિ. સસરો ને પતિ બને લડાઈના મેદાન ઉપર ગયેલા. દાસી પણ આજે ઘેર ગઈ હતી. ઘરમાં હતો એક માત્ર નોકર; સામે હથિયારસજ્જ પાટવીકુંવર. લ્યુક્રેશીઆને સમજાવી, વિનવણી કરી લાલચ આપી. પણ ન માની. છેવટે મારી નાખવાની ધમકી આપી. તેને ય ન ગણકારી, એટલે છેવટે કુંવરે કહ્યું:

'તારા મનમાં એમ હશે કે તું આબરૂ-લેર મરી જઇ અમર થઈ જઈશ. એમ? ના હું તો તને તારા એક ગુલામને મારી નાખી તારી પથારીમાં સુવરાવીશ, લોકોને કહીશ-એ જોયું એટલે મારાંથી ન રહેવાયું-મેં બંનેને વાઢી નાખ્યાં.'

લ્યુક્રેશીઆ પગથી માથા સુધી કંપી ઊઠી. રાતનું અંધારું ય આ ધમકી આગળ ઊજળું લાગતું હતું. દેહ જાય એની તો કાંઈ ફિકર ન હતી. પણ બરફ જેવી ઊજળી આબરૂનું શું? એનો પતિ શું ધારે? એને સાચી વાતની શી રીતે ખબર પડે!

'બોલ, શું વિચાર કરે છે? કુંવર પૂછતો હતો. લ્યુક્રેશીઆનો શ્વાસ રૂંધાઇ ગયો, એ શું બોલે? શું આ નરાધમતાનો કોઈ ઉપાય નથી?

સવારે કુંવર એક દિશામાં ઊપડ્યો ને લ્યુક્રેશીઆએ પોતાના સસરા ને પતિને બોલાવવા માણસો દોડાવ્યાઃ 'કહેજો કે તમને ભાળીશ પછી અન્નજળ લઇશ.'

લ્યુક્રેશીઆનો પતિ ઉતાવળો ઉતાવળો આવ્યો. સાથે એનો મિત્ર પેલો ટસ પણ હતો. લ્યુક્રેશીઆને જોઈ એ ચકિત થઈ ગયો. જાણે વર્ષોથી માંદી હોય તેવી ફિક્કી ને જડ તે થઈ ગઈ હતી. એણે ધીરે ધીરે આખી વાત કરી. કુંવરે છેવટે આપેલ ધમકી કહી ને પતિની કમરે લટકતી છરી ખેંચી લઈ કોઈ અટકાવે તે પહેલા કાળજામાં ખુતાડી દીધી. લોહીલોહાણ અવસ્થામાં છેલ્લા શ્વાસ લેતાં કહ્યુંઃ 'મારો કાંઈ વાંક નથી પણ જીવત તો રોમન સ્ત્રીઓ કહેત કે મારો વાક ઢાંકવા મેં બધી વાત ઘડી કાઢી. ને બીજીઓ પણ આવું બહાનું કાઢી એમના ધણીને બેવફા નીવડત-ઊજળા મોતનો મારગ પણ એણે બંધ કરી દીધો હોત. આનું વેર લેજો. ન ભૂલતા. આનું વેર લેજો.' બોલતાં લ્યુક્રેશીઆનો પ્રાણ ઊડી ગયો. પણ બ્રુટસે આગળ આવી કાળજામાં ખૂંતેલ છરી બહાર કાઢી, લોહીને હાથ અડકાડી કહ્યુંઃ 'લ્યુક્રેશીઆ, તું ગતે જજે. ટાર્કવીનના કુંવરને તો આની સજા થશે જ પણ રોમની ગાદી પર એના વંશનો કે કોઈ રાજાનો માણસ પગ નહિ મૂકી શકે. રોમની દીવાલની અંદર રાજાનો કોઇ વંશ જ પગ નહિ મૂકી શકે એવા હું આ તારા લોહીને અડી શપથ લઉં છું.'

આજુબાજુ ઊભેલાઓએ કહ્યુંઃ 'અમારે હવે રાજા જ ન જોઈએ.'

બ્રુટસે લ્યુક્રેશીઆનું લોહી નીંગળતું શબ ઉપાડી ફોરમમાં મુકાવ્યું. ઘડીકમાં તો ચોક રોમન સ્ત્રી-પુરુષોથી ઊભરાઈ ગયો. ચારે બાજુથી ટાર્કવીન અને તેના વંશજો ઉપર શાપ વરસવા માંડ્યા, બ્રુટસે લ્યુક્રેશીઆના શબને બે હાથે ઊંચક્યું ને મેદનીને બતાવી કહ્યુંઃ 'જુઓ આ ટાર્કવીન-વંશનું ગોઝારું કામ. આવતી કાલે કોનો વારો છે? રોમન સ્ત્રીના શીલને કોણ સાચવશે? આપણે ટાર્કવીનને રાખવા છે કે લ્યુક્રેશીઆને?'

લોકો ઊકળી ઊઠ્યા. રોમન સ્ત્રીઓએ તો આગળ આવી કહ્યુંઃ 'ટાર્કવીન ન જોઈએ. એને દેશનિકાલ કરો.'

ને સૌએ કહ્યુંઃ 'એને દેશવટો દો. હવે રાજા વિના ચલાવવાનું છે.'

લોકોએ બ્રુટસ અને બીજા એકને લોક-પ્રતિનિધિ કોન્સલ બનાવ્યા ને રાજાને સજાનો સંદેશો કહેવડાવ્યો.

રોમના દરવાજા રાજાને માટે દેવાઈ ગયા.

દેશ અને શહેર

જગતના ૭૦ દેશોમાંથી ૪૧ની વસ્તી ન્યુયોર્ક શહેરના ૭૬,૭૭,૦૦૦ કરતાં ઓછી છે.

પરિભ્રમણ અને સાહિત્યવિહાર

રામનારાયણ વિ. પાઠક

આજે બે પુસ્તકોની સમાલોચના કરવાની છે 'પરિભ્રમણ' અને 'સાહિત્યવિહાર'. બન્નેના લેખકો ગુજરાતી સાહિત્યમાં સિદ્ધહસ્ત અને લબ્ધપ્રતિષ્ઠ છે. પહેલાના શ્રી. ઝવેરચંદ મેઘાણી અને બીજાના પ્રો. અનંતરાય રાવળ.

પ્રસિદ્ધિના અનુક્રમે આપણે પહેલું 'પરિભ્રમણ' લઈએ. આ પુસ્તકના મુખ્ય ખંડો, ત્રણ બંગાળી સાહિત્યકારો, પરદેશની પરિમલ, સાત ગુજરાતી વાર્તાઓ અને આંદોલનો એ સર્વ એમણે વર્તમાન પત્રોની કટારોમાં પ્રસિદ્ધ કરેલા, અહીં સંગ્રહેલા છે.

'પરિભ્રમણ' એ અનેક વિષયોમાં લેખકનું પરિભ્રમણ છે. એમાં લેખક સદેહ ફરવા જતા નથી. ફરતા હોય તો તે બીજા જ, એમના અનેક વિષય જાણતા માણતા અનુભવતા—મિત્રો, લેખકો, પરિચિતો, સાહિત્યરસજ્ઞો, પરિવ્રાજકો. આથી આ વિભાગમાં ચોમાસાના ગુજરાતી દુહા, મારવાડી લોકગીતો, છપ્પનિયાની ચારણી કવિતા, વાઘરીની પરિસ્થિતિ અને એવી સાચી પરિસ્થિતિમાંથી વાર્તા મેળવવાની સૂચનાઓ, એવું આવે છે. આખો વિભાગ અનેક કૌતકોથી ભરેલો છે. તેમાં આવતું બાભણા પ્રાણીનું અને ઠાકરિયા વીંછીનું વર્ણન હું સાચું માની લઉ નહિ, એવું છે. આ બન્ને વિષે તેમજ ઘુવડ, સાપ વગેરે વિશે મેં અનેક વાતો સાંભળી છે એમાં ચકવાક ચાતક જેવી કલ્પનાએ ઘણું કામ કરેલું છે. પણ આખો ભાગ સુવાચ્ય છે.

ત્રણ બંગાળી સાહિત્યકારોમાં પ્રથમ સદ્‌ગત રવીન્દ્રનાથના મોટાભાઈ દ્વિજેન્દ્રનાથ ઠાકુરનું ટૂંકું ચરિત્ર અને તેમની કૃતિઓની આછી પિછાન છે. તેમણે પોતે ઘણી કવિતાઓ નાશ કરી છે, નાશ થવા દીધી છે. જો કે એમની જેટલી કવિતા છે તેટલી પણ એમની પ્રતિભાનો સુંદર પુરાવો છે. પણ કવિ કરતાં તેઓ ભક્ત વિશેષ હતા, અને તે પણ આપણા પ્રાચીન પરંપરાના ઓલિયા જેવા, જે પશુપક્ષીની સાથે રમે, જેના શરીર ઉપર ખિસકોલિયો દોડાદોડ કરે, અને આંખમાં પંખી ચાંચ મારે તો પણ એ ગુસ્સે ન થાય.

બીજા બંગાળી કવિ તે અસહકારની ખ્યાતિવાળા સદ્‌ગત દેશબન્ધુ ચિત્તરંજનદાસ. અસહકાર યુગથી એમણે દેશના રાજપ્રકરણમાં જે ભાગ લીધો તેથી આપણે એમને વધારે ઓળખીએ છીએ. પણ એક બંગાળી કવિ તરીકે તેમનું અગત્યનું સ્થાન છે. તેમના કાવ્યસંગ્રહ 'માલંચ'માં માત્ર પ્રેમગીતો નથી પણ એક વેશ્યાના હૃદયનું ચિત્ર છે. જેણે એકવાર સમાજમાં કોલાહલ મચાવી મૂકેલો. પણ એમનું ઉત્તમ કાવ્ય છે, 'સાગર સંગીત' શ્રી. મેઘાણીએ એનાં ઘણાં સુંદર અવતરણો આપેલાં છે પણ અહીં એ આપવા જેટલો અવકાશ નથી.

ત્રીજા કવિ તે દ્વિજેન્દ્રલાલ રોય આપણને એટલા અપરિચિત નથી. તેમનાં નાટકોના ગુજરાતી, હિન્દી અનુવાદોથી આપણે તેમને ઓળખીએ છીએ. પણ એમની ખરી પ્રતિભા અનેક દેશીય હતી. એ સુંદર ગાયક હતા અને અંગ્રેજી રાગોમાં બંગાળી ગીતો લખવાની પ્રણાલી પાડનાર એ મુખ્ય કવિ છે. એમનું—

'બંગઆમાર, જનની આમાર, ધાત્રી આમાર
આમાર દેશ.'

એ ગીત આખા હિંદમાં પ્રસિદ્ધ છે.

આ દ્વિજેન્દ્ર જેવા બંગાળી સાહિત્યના અગ્રગણ્ય સાહિત્યકારને રવીન્દ્રનાથ જેવા એક મહાન કવિવર સાથે કડવા વિરોધનો પ્રસંગ આવી ગએલો. દ્વિજેન્દ્રલાલને કાવ્યની અસ્પષ્ટાર્થતા, અને તેને ઉત્તમ કાવ્યના લક્ષણ ગણવાના દાવા સામે તિરસ્કાર હતો તેમજ કુતીર્તિમૂલક પ્રેમ સામે પુરુષપ્રકોપ હતો. આ બન્ને સામેનો તિરસ્કાર સાચો છે. પણ કોણ જાણે કઈ દુર્ભાગી ક્ષણે એ તિરસ્કાર રવીન્દ્રનાથ ટાગોર ઉપર ઊતર્યો અને પ્રત્યાઘાતમાં રવીન્દ્રનાથના પક્ષકારો તર-

પરિભ્રમણ અને સાહિત્યવિહાર

રામનારાયણ વિ. પાઠક

આજે બે પુસ્તકોની સમાલોચના કરવાની છે 'પરિભ્રમણ' અને 'સાહિત્યવિહાર'. બન્નેના લેખકો ગુજરાતી સાહિત્યમાં સિદ્ધહસ્ત અને લબ્ધપ્રતિષ્ઠ છે. પહેલાના શ્રી. ઝવેરચંદ મેઘાણી અને બીજાના પ્રો. અનંતરાય રાવળ.

પ્રસિદ્ધિના અનુક્રમે આપણે પહેલું 'પરિભ્રમણ' લઈએ. આ પુસ્તકના મુખ્ય ખંડો, ત્રણ બંગાળી સાહિત્યકારો, પરદેશની પરિમલ, સાત ગુજરાતી વાર્તાઓ અને આંદોલનો એ સર્વ એમણે વર્તમાન પત્રોની કટારોમાં પ્રસિદ્ધ કરેલા, અહીં સંગ્રહેલા છે.

'પરિભ્રમણ' એ અનેક વિષયોમાં લેખકનું પરિભ્રમણ છે. એમાં લેખક સદેહ ફરવા જતા નથી. ફરતા હોય તો તે બીજા જ, એમના અનેક વિષય જાણતા માણતા અનુભવતા—મિત્રો, લેખકો, પરિચિતો, સાહિત્યરસિકો, પરિવાજકો. આથી આ વિભાગમા ચોમાસાના ગુજરાતી દુહા, મારવાડી લોકગીતો, છપ્પનિયાની ચારણી કવિતા, વાઘરીની પરિસ્થિતિ અને એવી સાચી પરિસ્થિતિમાંથી વાર્તા મેળવવાની સૂચનાઓ, એવું આવે છે. આખો વિભાગ અનેક કૌતકોથી ભરેલો છે. તેમાં આવતું બાળણા પ્રાણીનું અને ઠાકરિયા વીંછીનું વર્ણન હું સાચું માની લઉ નહિ, એવું છે. આ બન્ને વિષે તેમજ ઘુવડ, સાપ વગેરે વિશે મે અનેક વાતો સાંભળી છે એમાં ચકવાક ચાતક જેવી કલ્પનાએ ઘણું કામ કરેલું છે. પણ આખો ભાગ સુવાચ્ય છે.

ત્રણ બંગાળી સાહિત્યકારોમાં પ્રથમ સદ્‌ગત રવીન્દ્રનાથના મોટાભાઈ દ્વિજેન્દ્રનાથ ઠાકુરનું ટૂંકું ચરિત્ર અને તેમની કૃતિઓની આછી પિછાન છે. તેમણે પોતે ઘણી કવિતાઓ નાશ કરી છે, નાશ થવા દીધી છે. જો કે એમની જેટલી કવિતા છે તેટલી પણ એમની પ્રતિભાનો સુંદર પુરાવો છે. પણ કવિ કરતાં તેઓ ભક્ત વિશેષ હતા, અને તે પણ આપણા પ્રાચીન પરંપરાના ઓલિયા જેવા, જે પક્ષુપક્ષીની સાથે રમે, જેના શરીર ઉપર ખિસકોલિયો દોડાદોડ કરે, અને આંખમાં પંખી ચાંચ મારે તો પણ એ ગુસ્સે ન થાય.

બીજા બંગાળી કવિ તે અસહકારની ખ્યાતિવાળા સદ્‌ગત દેશબન્ધુ ચિત્તરંજનદાસ. અસહકાર યુગથી એમણે દેશના રાજપ્રકરણમાં જે ભાગ લીધો તેથી આપણે એમને વધારે ઓળખીએ છીએ. પણ એક બંગાળી કવિ તરીકે તેમનું અગત્યનું સ્થાન છે. તેમના કાવ્યસંગ્રહ 'માલંચ'માં માત્ર પ્રેમગીતો નથી પણ એક વેશ્યાના હૃદયનું ચિત્ર છે. જેણે એકવાર સમાજમાં કોલાહલ મચાવી મૂકેલો. પણ એમનું ઉત્તમ કાવ્ય છે, 'સાગર સંગીત' શ્રી. મેઘાણીએ એનાં ઘણાં સુંદર અવતરણો આપેલાં છે પણ અહીં એ આપવા જેટલો અવકાશ નથી.

ત્રીજા કવિ તે દ્વિજેન્દ્રલાલ રોય આપણને એટલા અપરિચિત નથી. તેમનાં નાટકોના ગુજરાતી, હિન્દી અનુવાદોથી આપણે તેમને ઓળખીએ છીએ. પણ એમની ખરી પ્રતિભા અનેક દેશીય હતી. એ સુંદર ગાયક હતા અને અંગ્રેજી રાગોમાં બંગાળી ગીતો લખવાની પ્રણાલી પાડનાર એ મુખ્ય કવિ છે. એમનું—

> 'બંગઆમાર, જનની આમાર, ધાત્રી આમાર
> આમાર દેશ.'

એ ગીત આખા હિંદમાં પ્રસિદ્ધ છે.

આ દ્વિજેન્દ્ર જેવા બંગાળી સાહિત્યના અગ્રગણ્ય સાહિત્યકારને રવીન્દ્રનાથ જેવા એક મહાન કવિવર સાથે કડવા વિરોધનો પ્રસંગ આવી ગએલો. દ્વિજેન્દ્રલાલને કાવ્યની અસ્પષ્ટાર્થતા, અને તેને ઉત્તમ કાવ્યનાં લક્ષણ ગણવાના દાવા સામે તિરસ્કાર હતો તેમજ કુરીતિમૂલક પ્રેમ સામે પુણ્યપ્રકોપ હતો. આ બન્ને સામેનો તિરસ્કાર સાચો છે. પણ કોણ જાણે કઈ દુર્ભાગી ક્ષણે એ તિરસ્કાર રવીન્દ્રનાથ ટાગોર ઉપર ઊતર્યો અને પ્રત્યાઘાતમાં રવીન્દ્રનાથના પક્ષકારો તર-

કથી તેમને ગંદી ગાળો સાંભળવી પડી. પણ દ્વિજેન્દ્રલાલના આ વિરોધની સચ્ચાઈ અને નિર્ભયતા કરતાંય એમની છેવટની ક્ષમાયાચના વધારે ઉદારતા બતાવે છે. શ્રી. મેઘાણીએ દ્વિજેન્દ્રલાલ રોયના નાટકોનું સારું ગુણદર્શન કરાવ્યું છે. એમનાં નાટકો વાંચવા યોગ્ય છે. અને છતાં એ બધાને એક વિશેષ દૃષ્ટિએ જોવાં જોઈએ એમ હું માનું છું. અને તે એ કે એમનાં નાટકોનાં પાત્રો એકજ ભાવના આવેશવાળા સાદા સ્વભાવનાં છે. માનવ સ્વભાવની જટિલતા એમાં નથી. અને એમનાં પાત્રોના સંવાદો ઘણી જગાએ વસ્તુવિકાસ કરવાને બદલે વકતૃત્વની સુંદરતામાં સરી પડે છે.

પરદેશની પરિમલના ખંડમાં, રશિયામાં બોલશેવિક સ્વતંત્રતા આવતા ત્યાંની કેટલીક જાતોના લોકગીતોમાંની સંગીત સમૃદ્ધિ કેવી રીતે બહાર આવી, બીથોવનની સંગીત પ્રતિભા, સ્ટોલરનો નાઝીરાજ્યમાં કારાવાસ, કેટલાં સાહસ અને અકસ્માતોથી તેનાં નાટકોનું પ્રસિદ્ધ થવું. વગેરે અનેક કલ્પિત વાતોથી પણ વધારે રસિક બનેલી હકીકતોના ઉલ્લેખો છે. એમાંની એકેએક વાત વાંચવા જેવી છે.

સાત ગુજરાતી વાર્તાઓમાં શ્રી. ધુમકેતુની અજિતા, પરાજય, ચૌલાદેવી, કર્ણાવતી. શ્રીમુનશીની જય સોમનાથ, શ્રી. પન્નાલાલ પટેલની વળામણાં અને 'શ્રીકાન્ત' તખલ્લુસ ધારીની રૂપજીવિની, એમ સાત નવલકથાની વિવેચના છે. રૂપજીવિની નવલકથાની શૈલી વગેરેની કદર કરી એની મૂળ વિષયભૂત સુનંદા ગણિકા શ્રી મેઘાણીની કસોટીએ કોઈ સ્વતંત્ર ઉન્નત કે કલામય જીવન ગાળનાર નારી નહિ પણ કલા અને સાંસારિક લગ્નજીવન ઉભયથી ભ્રષ્ટ લોલસામય જીવન ગાળનારી સ્ત્રી ઉતરે છે. શ્રી. પન્નાલાલની વળામણાં વાર્તાની તેઓ યોગ્ય કદર કરે છે. તેમાં આવતી ગામડાની સાચી સૃષ્ટિ શ્રી. મેઘાણીને બહુ ગમી જાય એ સ્વાભાવિક છે; જો કે એ સુંદર વાર્તામાં જમાનાના ખાઈ બદેલા, છોકરીને વેચવા નીકળેલા મુખીના મનના વલણનો ફેરફાર મને તદ્દન સ્વાભાવિક લાગતો નથી. છતાં વાર્તા સુંદર છે. શ્રી. મુનશીના જય સોમનાથને શ્રી મેઘાણીએ એપિક કે વીરગાથા કહેલી છે તે સાચું છે. જોકે એનાં પાત્રોને છેક ઓળાં કહેવા જેવાં એ નિર્બળ નથી. મુનશીએ આ નવલકથામાં ગિઝનીના રણમાં ભૂલા પડવાનાં પ્રસંગને સોમનાથના ઘેરા પહેલાં મૂકયો છે, એ વાર્તાને અનુકૂળ છે અને શ્રી. મેઘાણી તેને ઇતિહાસને હાનિકારક ગણતા નથી. આ વિભાગમાં શ્રી. મેઘાણીએ ધૂમકેતુની ચાર નવલકથાઓ લીધી છે. તેમાંથી બે ઐતિહાસિક છે. શ્રી. ધૂમકેતુ ઈતિહાસના બનાવોને ચોક્કસ રીતે વળગી રહેવાનો આગ્રહ રાખે છે. પણ નવલકથામાં મુખ્ય સવાલ એ છે કે આખી વાર્તા માનવપાત્રોથી અને માનવપ્રસંગોથી ઘડાઈ છે કે નહિ. એ ન હોય તો એ નવલકથાજ બનતી નથી. પાત્રમાં ગમે તેટલી ઉન્નતતા, વિલક્ષણતા આરોપી હોય છતાં તે જો જીવતું જાગતું હરતું ફરતું માનવ ન બનતાં માત્ર ભિન્ન ભિન્ન સ્વભાવ અંશોનું અને ભિન્નભિન્ન બનાવો યોજવાનું એક બિન્દુમાત્ર બની રહે તો તેથી નવલકથા ન થાય. મુનશીની કથામાં ઈતિહાસદોષ હોય તો તે બહુબહુ તો ઐતિહાસિક ન ગણાય. પણ એથી એનું કથાત્વ નષ્ટ નથી થતું, ત્યારે ધૂમકેતુના પાત્રસર્જનમાં જ નિર્જીવતાનો દોષ આવે છે. મેઘાણી એક જગાએ કહે છે: "ધૂમકેતુએ પોતાનાં ઉરમંથનો વ્યક્ત કરવા માટે રૂપકો પકડીને વાર્તા લખી છે. ફકત અદ્‌ભુત અને અલૌકિક પાત્રો એટલાં જીવન્ત બનતાં નથી" એ વિધાન ગમે તો એમની બધી વાતોને માટે સાચું લાગે છે.

છેવટનો વિભાગ આંદોલનોનો છે. તેમાં કેટલીક સાહિત્યના પ્રશ્નોની છણાવટ છે. મેઘાણીની સામાન્ય જનતા પ્રત્યેની દિલસોજીથી કોઈ તેમને પ્રગતિવાદી માને, પણ અહીં સ્પષ્ટ થશે કે મેઘાણી કોઈ વાદમાં પડવા માગતા નથી. તેમની ઊંડી પ્રતીતિ પુસ્તકના છેલ્લા પેરિગ્રાફમાં આવતા અવતરણથી મૂકી શકાય. "મહાન લેખક હમેશાં અચૂકપણે પોતાના વિષયથી ભરપુર હશે, કલાથી નહિ. વધુમાં વધુ ગંભીર સાહિત્યથી લઈ હળવામાં હળવા સાહિત્યમાં અનિવાર્ય સૌંદર્ય તો ફકત એક જ છે. 'સત્ય'"

આખું પુસ્તક વેગીલી, લહેરથી ચાલતી પ્રવાહી શૈલીમાં લખાયેલું છે. તેના વિભાગો ખરી રીતે વર્ત-

માનપત્રોના વિભાગોનાં મથાળાં છે. તેમાં અમુક વિષયનું યોજનાબદ્ધ નિરૂપણ ન આવે. એમાં ઘણું બહારથી લીધેલું હોય. પણ તે બધામાં શ્રી. મેઘાણીની પસંદગીની દૃષ્ટિ હમેશાં શિષ્ટ, સુરુચિવાળી રહેલી છે. અને કથનશૈલી આકર્ષક, અક્લેશમય સ્પષ્ટ અને તે સાથે ગંભીર વિષયને પણ પરિષ્કાર કરવાને સમર્થ નીવડી છે. પ્રો. અનંતરાય રાવળે તેમના સાહિત્યવિહારમાં શ્રી. મેઘાણીની શૈલીનાં વખાણ કર્યાં છે તે સ્થાને છે.

અને હવે હું આ બીજું પુસ્તક સાહિત્યવિહાર લઉં છું. તેમાંના બધા લેખો ગુજરાતના એક પ્રસિદ્ધ પ્રોફેસર અને વિવેચકના છે. તેમાં વિષયનું સમગ્ર દર્શન કરવાનો પ્રયત્ન છે. તેમાંનો પહેલો 'કવિતાનું રસાસ્વાદન' અભ્યાસીઓને માર્ગદર્શન કરવાને ઘણો ઉપયોગી છે. કાવ્યાસ્વાદનમાં આત્મા અખંડ રૂપે કાવ્ય અનુભવે છે, એ સત્ય ઉપર આપણે જેટલો ભાર દઇએ તેટલો ઓછો છે. 'સરસ્વતીચંદ્રને' અને 'ગુણસુંદરીને' એ પાત્રોને લખેલા પત્રો રૂપે કથાનું અવલોકન છે. બીજાં અગત્યનાં પાત્રોને આવા પત્રો લખવાનું એમની મૂળ યોજનામાં છે કે નહિ તે જાણતો નથી. પણ આ પદ્ધતિ નવીન છે. તેમાં કહેવાની એક પ્રકારની સુગમતા છે. અને તેમાં સારા વિવેચકો કથાના મધ્યબિન્દુ સુધી પણ જઈ શકે.

પછીનો લેખ 'મણિલાલ દ્વિવેદીની કવિતા' છે. લેખક કહે છે તેમ કવિતા પ્રદેશમાં ગોવર્ધનરામની અને મણિલાલની કવિતા ઉપેક્ષિત થઈ છે, એમ કહી શકાય. મણિલાલની અહીં પણ લેખકે પૂરી સમાલોચના લીધી નથી. પણ તેનાં મુખ્ય લક્ષણો તત્ત્વદર્શન અનુભવબળ ગેયતા અને ભાવવાહી ભાષા તરફ ધ્યાન દોર્યું છે. પણ આ અભ્યાસમાં એક બાજુ મુકેલી છે. મણિલાલે પોતે પોતાની કવિતાનો દાર્શનિક અર્થ કર્યો છે. પણ તેની પ્રેરણા પોતાના જીવનના લૌકિક પ્રેમના કોઈ પ્રસંગ, ઘણે ભાગે કોઈ નિષ્ફળતા કે પ્રત્યાઘાતના પ્રસંગની હશે એવો પ્રબળ સંભવ છે. અને એ હકીકત સ્પષ્ટ ન થાય ત્યાં સુધી એમની કવિતાનો સાચો અર્થ પ્રકાશમાં નહિ આવી શકે.

"'રાઈના પર્વતમાં કર્તાનું સાધ્ય" એ આખા નાટકનું સમર્થ અવલોકન છે. પ્રો. રાવળે બતાવ્યું છે કે જીવનમાં નીતિભાવનાનું મહત્ત્વ સમજાવવું એ નાટકનો પ્રધાન ઉદ્દેશ છે. અને વિધવાવિવાહની સ્વતંત્રતા એ ગૌણ ઉદ્દેશ છે. અને એની સાથે સૌ સંમત થશે. જૂના મધ્યકાલીન વસ્તુમાં નાટકકારે વિધવાવિવાહ યોજવો વિસંવાદ છે એ સાચું છે પણ એ વિસંવાદ તો આખા રાઈના સ્વભાવનિરૂપણમાં છે. અને એકવાર એ સ્વીકારી લીધા પછી છેલ્લા બે અંકોને ચોટાડેલા જેવા ગણવા એ મને દીવામાં દેખાતી રેખાને તડ ગણવા બરાબર લાગે છે. પ્રો. રાવળ પોતે સ્વીકારે છે કે એ બે અંકે નાટકની કેટલીક જરૂરિયાતો સાધે છે. અને એ જરૂરિયાતોમાં એક મહત્ત્વની હું ઉમેરીશ કે આખા નાટકમાં થોડાક દોષ માટે સૌથી વધારે સહન કરતી લીલાવતીના મનનું સમાધાન બન્ને કુલનાં વારસોના લગ્નથી થાય તેટલું કશાથી ન થાય. એ વિચારતાં પછી અંકોને ચોટાડેલા કહેવા એ મને જરા વધારે પડતું લાગે છે. પણ કદાચ આ માત્ર શાબ્દિક મતભેદ હોય. બાકી બધી રીતે આ એક સમર્થ લેખ છે. 'કવિતા અને ઇતિહાસનું મિલન' એ કવિશ્રી ન્હાનાલાલના 'શાહજાનશાહ અકબરશાહ' નાટકની સમાલોચના છે. કવિની જે ઉત્તમ પ્રતિનિધિભૂત કૃતિઓ ગણીએ તેમાં આ ગણી શકાય. આના વિવેચનમાં પ્રો. રાવળે ન્હાનાલાલના નાટકપ્રકારની સામાન્ય ચર્ચા પણ કરી છે. કવિનાં વાક્યોથી જ તેઓ કહે છે કે તેમનાં નાટકોને શેકસપિયરના જેવાં દૃશ્ય ન ગણવાં, પણ શ્રાવ્ય ગણવાં. કવિશ્રી પોતે પોતાનાં નાટકોને શેલીના પ્રોમીથિયસ અનબાઉન્ડ અને ગેટેના ફાઉસ્ટ જેવાં કહે છે. તો અહીં એક પ્રશ્ન સ્વાભાવિક રીતે જન્મે થાય છે કે શેલીના અને ગેટેના આ નાટકોમાં પ્રો. રાવળ કવિનાં નાટકમાં બતાવે છે તેવું રચનાવૈચિત્ર્ય છે ખરું? એ નાટકો અકબરશાહ જેવા પ્રસંગના દારડા જેવાં છે? અને બીજું, વાંચવા માટે હોય જ નહિ, શ્રાવ્ય જ હોય, એને પછી નાટક બીજાં કયાં કારણોએ કહેવું? અને તે ઉપરાંત એ વિચારવાનું રહે છે કે કવિશ્રીનાં નાટકો ભજવાય એવાં ન હોય તો એની સરસતા ક્યાં વિશિષ્ટ લક્ષણોમાં રહેલી છે? બાકી

પ્રો. રાવળે આ નાટકમાં કવિશ્રીના ઉદ્દેશ ઉપર નાટકની વિશિષ્ટતા ઉપર તેનાં ગીતોની મનોહરતા ઉપર સુંદર પ્રકાશ પાડયો છે.

'સ્વપ્નદ્રષ્ટાની' સમાલોચના પણ આ પુસ્તકમાં આવે છે. આ નવલકથાને શ્રી. મુનશીની ઉત્તમ ન ગણી શકાય. પણ પ્રો. રાવળ કહે છે તેમ સમકાલીન રાજકીય બળો નવલકથામાં મઢવાના યત્ન તરીકે, કોલેજ જીવનની કથા તરીકે, મુનશીના ટીખળી હાસ્ય અને ભાવનાવાદના દર્શન તરીકે, એમ અનેક રીતે સ્વપ્નદ્રષ્ટા મુનશીના નવલકથાસમૂહમાં વિશિષ્ટ ગણાશે.

'ખબરદારના જીવનદર્શન'નો આમાં લાંબો લેખ છે. આ લેખમાં પ્રો. રાવળે ખબરદારના કાવ્યનાં સુલક્ષણો વિસ્તારથી અને ઉદારતાથી બતાવેલાં છે, અને ખામીઓ પણ ટૂંકમાં પણ મુદ્દાસર નોંધેલી છે. આપણા સાહિત્યમાં જે કેટલાક કવિઓના અભિપ્રાયો સંબંધી મૂળગત ભેદો આપણા લબ્ધપ્રતિષ્ઠ વિવેચકોમાં પ્રવર્તે છે તેમાં કદાચ ખબરદારનું નામ મોખરે આવે. ખબરદાર વિશેનાં પ્રો. ઠાકોરનાં સર્વ વિધાનોને એકત્ર કરી જોઈએ તો એ કવિજ નથી એવો અભિપ્રાય નીકળે. બીજી તરફથી પ્રો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, પ્રો. અનન્તરાય રાવળ, પ્રો. વિજયરાય વૈદ્ય એ ખબરદારની ક્ષતિઓ બતાવતાં છતાં તેમનું કવિત્વ સ્વીકારે છે. આ વિરોધી ચર્ચાનું સમાધાન કરવાનો અહીં અવકાશ નથી. એને માટે સાચો પ્રયત્ન કોઈ વિવેચક કરશે એવું પણ અત્યારે તો દેખાતું નથી. માટે, જેની કોઈ ચર્ચા નથી કરતું તેની સ્વયંકાલ ભગવાને મૂંગી કસોટી કરી નિર્ણય આણે છે તેની જ આપણે રાહ જોવી રહી.

આજ પુસ્તકમાં શ્રી. રમણલાલની સાહિત્યસેવાના ગુણદર્શનના બે ટૂંકા લેખો છે. બંનેમાં રમણલાલની સાહિત્યપ્રવૃત્તિ લોકપ્રિય થવાનાં અંતર્ગત તેમજ બહિર્ગત કારણોની સુંદર સમીક્ષા કરી છે. આ ઉપરાંત આ પુસ્તકમાં ઉત્સાહી નાટકકાર તરીકે શ્રી ગોવિન્દભાઈ અમીનનાં નાટકોની પણ પ્રો. રાવળે સમીક્ષા કરી છે, તે તેમની ઉદારતા, ઉજ્જ્વલતા જાળવા તરફનો સદ્ભાવ અને ગુણગ્રાહિતા બતાવે છે. પ્રો. રાવળે શ્રી. અમીનને અંગ્રેજી ફકરામાં સાહિત્યરસ્યો બતાવ્યાં છે તે આપવા યોગ્ય છે. ગુજરાતી ભાષા જેમજેમ ખેડાતી જાય છે, વાંચનાર વર્ગ જેમ જેમ વધતો જાય છે તેમ તેમ સૌહિત્ય પ્રસિદ્ધિની સુલભતા અને સગવડ વધતી જવાની જ. એ વખતે આ સાહિત્યકારે ધ્યાનમાં રાખવાનું એ કે તેની દૃષ્ટિમાં 'insignificance' રહસ્યહીનતા કે ઊંડા અર્થનો અભાવ ન આવી જાય.

એમનો છેવટનો લાંબો લેખ 'ગુજરાતી નાટક સાહિત્યનું રેખાદર્શન' છે. પ્રો. રાવળ સમસ્ત ગુજરાતી નાટક સાહિત્યનો અભ્યાસ કરે છે, અને તેના પહેલા ફલરૂપ આ તેમનો લેખ છે. એમનું નાટક-સાહિત્યનું દિગ્દર્શન વ્યાપક છે, તેટલું જ તલસ્પર્શી છે. આ લેખમાં તેમણે આ પ્રશ્નની બધી બાજુઓ બતાવી છે. તેમણે પ્રેમાનંદનાં નાટકો ઉપર પોતાનો મત દર્શાવ્યો છે. ગુજરાતમાં ૧૨મા ૧૩મા શતકમાં ભજવાયેલાં સંસ્કૃત નાટકોનો સ્પર્શ કર્યો છે. ભવાઈના સ્વરૂપ અને ગુજરાતના જીવનમાં તેના સ્થાનની ચર્ચા કરી છે. ભજવાતાં અને સાહિત્યનાં નાટક વચ્ચે વધતા જતા અંતરનું નિદાન કરેલું છે. સાહિત્યના નાટકની ઐતિહાસિક ભૂમિકા દર્શાવી છે. અને ધંધાદારી અને અવૈતનિક નટોની શક્યતાની અને તેની મર્યાદાની ચર્ચા કરી છે. આખો લેખ પ્રો. રાવળની વિદ્વત્તા અને શાસ્ત્રીય નિરૂપણનો સારો નમૂનો છે. આપણે એમના સંપૂર્ણ અભ્યાસના પુષ્ટ ફળરૂપ પુસ્તક વહેલું પ્રસિદ્ધ થાય એમ ઇચ્છીએ.

બધા લેખોમાં પ્રો રાવળની સચ્ચાઈ, સમતોલપણું, મિતાક્ષરી રહેવાની ચીવટ, અભ્યાસપરાયણતા વગેરે જણાઈ આવે છે, જે તેમને વિવેચકોમાં વિશિષ્ટ સ્થાન અપાવે છે*

* ઓલ ઇન્ડીઆ રેડીઓના સૌજન્યથી.

ખુલ્લું આકાશ

ઈશ્વર પેટલીકર

'અલી ઓ છોડી ચંચી!'

'ઓ છોડી ચંચી!'

'છોડી ચંચી!'

'ચંચી!'

ચંચી (ચંચળ)ની ઉંમરની સખી છોડીઓ એની ચોમેર વીંટાઈ વળીને પડખામાં ગોદા મારીને આ-ખોનો અણસારો કરતાં કરતાં 'અલી છોડી ચંચી' કહીને જ ખટકી જતી.

ચંચીને તેડવા એનો વર જગાજી આતવારને દિવસે આવવાનો હતો એવું આજે ટપાલમાં પત્ર આવ્યું હતું. આમાં તો કંઈ નવી વાત ન હતી. ઊલટી એની હેડીની છોડીઓ તો બબ્બે ત્રણત્રણ વરસથી સાસરે જતી આવતી થઈ હતી. એનાથી આઠ મહિના નાની. કુશકીને ગયા ચૈતર મહિનામાં ભાણો ધાવણો ય થયો હતો.

છતાં મોડી મોડી ચંચી સાસરે જતી હતી, એનો વર તેડવા આવવાનો હતો, એમાં એ છોડીઓ એની આટલી બધી અદેખાઈ શું કામ કરતી હતી? કારણ, ચંચી શહેરમાં, અમદાવાદની વાસી થવાની હતી!

ચંચીનો વર જગાજી નાનપણથી અમદાવાદ નાસી ગયેલો. ગયો એવો હોટલમાં નોકરીએ રહેલો. છ મહિના વગર પગારે રહેલો. દોઢ વરસ ૨ થી ૨॥ ઉપર પગાર શેઠે ભરેલો. અને બીજાં ત્રણ વરસ પાંચ લેખે આપેલો. જગાજી નાનપણથી ઠીલો એટલે હોટલના બીજા છોકરાઓ જેવો તોફાની નહિ. છતાં કોઈ કોઈ હોટલના લીસા પથરા ઉપર પગ ખમી જવાથી કે બહાર વરધી લેઈ ને જતાં કોઈની અડફેટમાં આવી જતાં, ફૂટી ગયેલ પ્યાલાઓના દંડ પેટે એકાદ મહિનાનો પગાર શેઠ કાપી જ લેતા.

આમ અઢાર વર્ષ થતાં સુધી જગાજીએ હોટલમાં પાંચ વર્ષ નોકરી કરી. પરંતુ બે વરસથી ચંચી જોડે એનું લગ્ન થયું ત્યારથી એ બીજી નોકરી ગોતતો હતો. આટલી ઉંમરમાં એ ઘરબારી થયો હોય તેમ એ સ્વપ્નાં રચતો હતો.

હોટલમાં દર રજાએ નિયમિત ચા ગાંઠિયા અને જલેબી ખાવા આવતા એક મિલના મુકાદમની ખુશામત કરી જગાજીએ મિલમાં શાળખાતામાં નોકરી મેળવી. એના નામે જે પગાર આવતો તે મુકાદમ લેતો. એને મહિને પંદર રૂપિયા મળતા, છ મહિના થયા, જગાજીને બીજા કારીગરની જેમ બરાબર સાંચો ચલાવતાં, અને તાર તૂટયો હોય તો સાંધતા આવડી ગયો. નવું બીમ સાંચા ઉપર ચઢતું ત્યારે તાર પરોવવામાં પણ એ મુકાદમની જરૂર પડવા દેતો નહિ.

આઠ મહિના થયા પરંતુ મુકાદમે પગાર વધાર્યો નહિ. દર પગારે એનો પગાર ૨૨ થી ૨૫ ની અંદર ઊતરતો અને એ રીતે મહિનામાં ૪૫ થી ૫૦ પગાર એના નામે મિલમાં ચડતો. છતાં એને તો રૂપિયા પંદર જ મહિને મળતા! પાંચ વરસ હોટલમાં નોકરી કરવાથી જગાજી સો ઘંટીનો લોટ ખાધો હોય તેટલો હોશિયાર થઈ ગયો હતો.

બીજા ચાર મહિના રાહ જોઈ એણે એ મિલની નોકરી તોડી નાખી. એક મહિનાનો પગાર મુકાદમને લાંચનો આપવાનો કરી બીજી મિલમાં ગોઠવાઈ ગયો. આમ એક બાજુ આખો પગાર લેતો થયો અને બીજી બાજુ જુવાનીએ પણ ઠેલો કરવા માંડયો એટલે એણે ઘર માંડીને ચંચીને તેડવાનો વિચાર કર્યો.

એકાદ વરસ હેડ જોબરની ખુશામત કરી એણે છેવટ મિલની ચાલીમાં એક ઓરડી મેળવી લીધી. કંઈ કંઈ આશાઓના મિનારા એણે ચણવા માંડયા.

પોતે પણ રજાને દાડે ચંચીને સાથે લેઈને બાગ-રમાં નીકળશે, સિનેમા જોવા જશે, કાંકરિયા હનુમાને દર્શન કરવા જશે, રાણીબાગમાં ટેમ કરવા જશે, ચંદ્રવિલાસની ગરમ ગરમ જલેબી ચંચીને ખવરા-વશે.....

જીએ નક્કી કર્યું. સાસરીમાં ગયાં ય બે વરસ થયાં હતાં. જો કે, ત્યાં જવાંમાં, અને ચંચીને અહીં બારોબાર તેડી લાવવામાં પોતાનો પહેલે ધડાકે જ એના આગળ વટ પડી જશે, એ ગણતરીમાં જગાજી બધાં પગલાં ભર્યાં કરતો હતો.

અત્યાર સુધીમાં તો એનામાં થોડું થોડું ય બારૈયાપણું હતું. ગામ જતો ત્યારે એ ફેંટો બાંધતો. કાછડો મારીને ધોતિયું પહેરતો. આંખમાં થોડી મેશ આંજતો. ગળે કાળી દોરો બાંધતો. કોટ પણ સાવ સાદો હાફ કોટ નહિ પણ રૂઆબ પડે તેવો આગળ પાછળ બદન જડેલાં અને ગળાસુધી બંધ બદનનો પહેરતો.

પરંતુ આ છેલ્લા એક વર્ષમાં એ સાવ સુધરી ગયો હતો. વાન તો એનો ગોરો હતો જ. શાહુકાર વરણ જેવો સફાઈદાર પોષાક એ પહેરીને બજારમાં જતો ત્યારે મનમાં ને મનમાં મલકાતો. જાણે પોતે કોઈ રીતે બારૈયો છે એમ ઓળખાય તેવું ન હતું.

અને આ બધો ફેરફાર ચંચીને આ પ્રથમ વખત જ દીઠામાં આવવો હતો. એકજ ઝપાટે એના આગળ પોતાનો વટ પડી જશે!

એ જ ધૂનમાં ને ધૂનમાં, ચંચી માટે શીવડાવેલાં કપડાંની થેલી એક હાથમાં અને બીજા હાથે ઝાલેલી નેતરની વાંકોડી સોટીનો ટકોરો બૂટ ઉપર મારતો મારતો જગાજી સાસરીના ફળિયામાં પ્રવેશ્યો.

ગાડીનો વખત થતાં એના આવવાની વાટ જોતી ચંચીએ એકદમ તો એને ઓળખ્યો પણ નહિ. અને એ જ્યારે ઓસરીમાં આવ્યો, ઢાળેલા ખાટલા ઉપર બેઠો, લોકો બધા ખબર અંતર પૂછતા બેગા થઇ ગયા અને બારણાની તરાડમાંથી ચંચી એને બીજાને જવાબ દેતો સાંભળી રહી ત્યારે હતાશ થઈ હોય તેમ ત્યાં ને ત્યાં ફસકી પડી.

આ એનો વર! જગાજી!

દોઢ વર્ષ ઉપર જોયેલો અને આજે! એની કલ્પના ઊડી ગઈ. સાથે હૈયાનો ઉમળકો પણ લેતી ગઈ!

ચંચીએ તો કલ્પ્યું હતું કે, શહેરમાં કમાય છે એટલે બધાં કરતાં સવાયો, લીલો પીળો સંજાબ મૂકેલો કેસરી ફેંટો દોઢ હાથ ઊંચું માથા ઉપર ટટ્ટાર રાખી રહ્યો હશે! ત્યાં એણે બામણ-બકાલનો છોકરો મૂકે તેવી, વા આવે ને ઊડી જાય તેવી ટોપી મૂકી હતી! કાન માએ મજના વીંધાવ્યા હતા છતાં આટલા મોટા શા શહેરમાં એને કમરો ય ન મળ્યો હોય તેમ કાન સાવ અડવા હતા. આંખોમાં મેશ ન હતી એ તો જાણે ઠીક, પણ એમાં કરડાકી ય ક્યાં હતી! દોઢ વર્ષ પહેલાંનું પાણી એમાંથી ઓસરી ગયું હોય તેમ આંખ થોડી ઊંડી પણ ગઈ હતી. દોઢ માઈલ સ્ટેશનેથી તાપમાં ચાલીને આવ્યો છતાં એનું મોં લાલ નહોતું દેખાતું, તો રોજ શીલે હોય ત્યારે એ કેટલું ફિક્કું રહેતું હશે! ગયે વખતે એણે શિકારી કોટ પહેર્યો હતો ત્યારે એ કેટલો રૂઆબવાળો દેખાતો હતો! ને આ શાહુકાર વરણનાં કોટ, ધોતિયું તો એને સાવ જાણે પાણી વમરનો હોય તેવાં દેખાય છે! બધ કાળા ચકચકતા સરસ હતા. ચંચીને ગમી પણ ગયા હતા. છતાં એને ચરક નહોતી બોલતી એટલી ખામી હતી.

પણ આ બધા પહેરવેશમાં સૌથી મોટો ઘા તો ચંચીને નેતરની સોટીએ કર્યો. મરદને મૂછ અને ખંજર ધારિયું ન હોય, ચાલે ત્યારે પ્રથમી (પૃથ્વી) ધમધમે નહિ ત્યારે એનું જીવતર ધૂળ!

'ચમ જગાજી ડિલ ઓમ સેવાઈ ગયું છે! તાવ બાવ આવે છે કે શું, કીધું!' ખબર પૂછનાર જગાજીના મોં સામે જોઈ ને પૂછતું.

જગાજી ધીમેથી જવાબ આપતો: "ના, મોટા! ઝાઝો બહુ દાડે તમે જુઓ એટલે એવું લાગે.'

ચંચીની છાતીનાં પાટિયા સાવ બેસી ગયાં. આ [illegible] બોલતું હતું એનો વર! જગાજી! એમાં પુરુષાતનની [illegible] ખુશબો, નહોતું જોમ કે નહોતો [illegible]! માંદુ માણસ [illegible] તેમ એ મરતાં મરતાં કેમ બોલતો હતો!

ચંચીની સાહેલીઓને પણ આ ફેરફાર ન ગમ્યો હોય તેમ એ વાતો કરવા લાગી.

'અલી વખત! જગાજી ઠાકોર તો વટલી ગ્યા!'

'ક્યમ?'

'જોતી નથી, એમણે જાત જ બદલી નાખી?'

'પણ એમને શાહુકારનાં લૂગડાં ખલે છે સારાં.' અને વખતે જગાજી તરફ જોઇ આંખ મીચકારતાં કહ્યું: 'ક્યમ ખરું ને ઠાકોર?'

જગાજી કંઇ જવાબ આપે તે પહેલાં વાત છેડનાર જીવી બોલી ઊઠી: 'ખલે એટલે કંઇ ગમે તેનાં લૂગડાં પહેરાય?'

જગાજી બોલી ઊઠ્યા: 'ખાખરાની ખિસકોલી સાકરનો સ્વાદ શું જાણે?'

વખત બોલી: 'એમને છેડીને લે કાઢ્ય વાત! શે'રમાં રે' એ લોક આપણને બોલવામાં પહોંચવા દેતા હશે?'

જીવી કંઇ જાય એવી નહોતી. કહ્યું: 'અમે ખાખરની ખિસકોલી સાકરનો સ્વાદ તો ન જાણીએ. પણ ખાખરનો સ્વાદ તો જાણીએ ને?'

'એટલે?' જગાજી સમજ્યા નહિ.

'પારકી સાકર ગમે તેવી હોય પણ એથી આપણી ખાખર ત્યજી દેવાય.'

જગાજી એ ન સ્વીકારતાં બોલ્યા: 'ગામડાના લોક જ એવું નાકું ઝાલી રાખે....."

'ત્યારે તમે શે'રના લોક કેવું નાકું ઝાલો?'

'જે સારું હોય તે.'

'તો આથી વધારે ખલે એવાં લૂગડાં હોય તો તમે પહેરો?'

જગાજીએ માથું હલાવીને હા ભણી.

'આવ (સમ) જોઈ, ખોડિયાર માતાના.'

'એ ખોડીયાર માતાબાતા શે'રવાળા ના માને.'

ચંચીએ મનમાં ચીસ નાખી. શું આ મન બદલાઈ ગ્યો છે! ખોડિયાર માને ય એ માનતો નથી?

વખત વળી બોલી: 'ત્યારે શે'રના લોક કયી માતાને માને?

જગાજીએ કહ્યું 'ભદ્રકાળી.'

જીવી બોલી: 'ત્યારે એના સમ ખાવ.'

વખતે વાત વાળતાં કહ્યું: 'હવે સમ ખવરાવ્યા વગર જ કહે ને.'

'શે'રના લોકનો વસવાસ નંઇ.' જીવીએ જગાજી સામે જોતાં કહ્યું: 'ક્યમ, ત્યારે આથી વધારે ખલે એવાં લૂગડાં પહેરશો ને?'

જગાજીની નજર ક્યારની ચંચીને શોધવા આમતેમ ઘૂમતી હતી. એ આ છોડીઓ જોડે વાત કરતો હતો એય અર્ધી બેફામમાં જ. એને હજુ એકની એક વાત ફરી ઉમલાવતી હતી એના મર્મનો ખ્યાલે ય નહોતો. એણે ફરી ડોકું હલાવતાં કહ્યું: 'અમે તો જે લૂગડાં સારાં ખલે એ પહેરવા તૈયાર.'

જીવી મોં ઠાવકું રાખીને બોલી: 'તો અલી વખત, જગાજી મૂછો કઢાવી નાખે તો મારાં લાલ ગવન, ભૂરો ઘાઘરો અને લીલું કાપડું, વધારે ખલે કે નંઇ?'

પેટ પકડીને બધી છોડીઓ હસી. જગાજી મિયાંની મીંદડીની જેમ ચૂપ જ થઇ ગયો. શહેરની સાકરની ખિસકોલીનો એ ફાંકો રાખતો હતો પણ ગામડાની ખાખરની ખિસકોલી, જીવી એને આબાદ બનાવી ગઇ.

આ મશ્કરી ચંચીને માટે વજ્રલેપ નીવડી. જગાજીનો પોષાક જે એને જોતાં વેંત જ ખૂંચ્યો હતો. તે કદાચ આંખને ગમે તેવો હોય તો પણ ન જ પહેરાય, એ વાતની ખાત્રી જીવીની મશ્કરીમાંથી એને મળી ગઇ. કારણ કે, ખલે એ બધું કંઈ માણસથી પહેરાય છે? માણસે પોતાની જાતમાં ચાલતું હોય તે જ પહેરવું જોઇએ.

પણ જગાજીની શેલી ચૂંથતાં જે લૂગડાં નીકળ્યાં

તે જોઇને તો ચંચી શરમીંદી જ પડી ગઈ. પેલી બધી છોડીઓ ઊલટા વધારે જોરથી ગોદા મારી મારીને કહેવા લાગીઃ 'અલી ઓ ચંચી!'

'અલી વખત, મૂઇ તું તો ખાખરની ખિસકોલી જ નહણક રહી તો.' અને જૂવી પાંપણો પટપટાવી બોલી: 'આવાં લુગડાં પહેરે એને ચંચી કહેવાતી હશે?'

'ત્યારે?'

'ચંચળબોન!'

ચંચીએ તે વખતે જ મનમાં ગાંઠ વાળી કે એણે જાત બદલી તેમ હું કદી જાત નંઇ બદલવાનો. બામણ વાણિયાનાં લૂગડાં પહેરવાથી કંઇ બારૈયા મટી જવાનાં છએ? અને ભગવાને જનમ આલ્યો એ સંતાડવાનું કામે ય શું?

બિચારો જગાજી!

એની મનની મુરાદ મનમાં રહી. એનાં આણેલાં લૂગડાં પાછાં થેલીમાં ચગદવાં પડયાં. અને ચંચી, વગડાના તાપમાં તપી તપીને થયેલા એના કસુંબલ દેહને શોભે તેવાં ગવન, ચૈણિયો અને કાપડાનો સાજ સજીને તૈયાર થઇ.

તેલ ચોપડવાથી દડ ચોંટીને ધૂળિયા રંગની એની ખાસડિયો ચંચી ચાલતી ત્યારે ખસડ્ડ ખસડ્ડ ઘસડાતી. કોઈ ડમરાળો જુવાન હોત તો એ સૂરમાં વહુનાં જોબનનો તોર અને મસ્તી પારખત. પરંતુ માનપણુની ઘ્રહેરમાં પડેલા જગાજી સો એ ખસીનો કેફ પીવાને બદલે મનમાં ને મનમાં બળતા હતાઃ

'ગામડાની ઓડ જાત તે ઓડ! સ્ટેશન ઉપર જ બધાં કપડાં બદલી નંખાવું.'

અને એ કારણે જ, ચંચીનો બાપ ઠેઠ સ્ટેશન સુધી મૂકવા આવતો હતો એને બેજોબેળ જગાજીએ અર્ધેથી પાછો વાળ્યો હતો.

ચંચી સ્ટેશન ઉપર, પ્લેટફોર્મના એક છેડે જ્યાં બોર્ડ ચોડેલું હતું ત્યાં લીમડા નીચે બેઠી. લૂગડાંકાર આદમીઓ સ્ટેશન ઉપર હતા એટલે જગાજીની નજર એક ન થાય માટે એણે સાલ્લાનો છેડો ચોડી મોં ઉપર ખેંચ્યો.

જગાજી ટિકિટ થાય છે કે નહિ તે બારી ઉપર જોઈ આવ્યો તારનો ટકટકારો થતો હતો. મલાઈનાં કેન તૈયારીમાં ચડાવવાનાં હતાં તેની સ્ટેશન માસ્તર રસીઃ બનાવતો હતો. બારી હજુ ઊઘડી ન હતી.

જગાજીએ રેલના પાટા ઉપર જઈ ગાડી આવવાની દિશા તરફ મીટ માંડી. 'સિંગલ' પડયો ન હતો. હજુ વખત છે માની જગાજીએ પગ ઉપાડયો. સામે છેડે બેઠેલી ચંચી ભણી એનાં ડગ ભરાતાં હતાં. સાલ્લાના ઓથે ચંચી એને પોતા ભણી આવતો જોઈ રહી હતી. બેએક હાથ છેટે બીજા ગામનાં ઉજળિયાત ચારપાંચ બૈરાં બેઠાં હતાં.

ગામના મુખી 'કચારી'એ જવા ગાડી ઉપર આવ્યા હતા. એ 'છોડી ચંચી! સાસરૂ જાય છે કે!' ની ખબર પૂછી સ્ટેશન ભણી જતા હતા. એ જગાજીને ઘસાઈને ગયા. ચંચીનો વર છે એમ એ જાણતા હતા છતાં એ વેશની નવાઇ લાગી હોય તેમ પાછું વાળીને એને જતાં જોઈ રહ્યા.

જગાજી ઠેઠ ચંચી પાસે પહોંચ્યો.

પણ એ બોલે તે પહેલાં લાજ જરા વધારે ખેંચી ચંચીએ કહ્યું: 'પેલા મુખી કાકાની નજર આ બાજુ છે. જરા આઘા જાવ ને!'

'મૂઓ તારો મુખી કાકો'ની કરડાકી ભરેલી નજર ચંચી તરફ નાખી જગાજીએ પૂઠ ફેરવી. માથે સાફો બાંધેલા, હાથમાં સીસમની મૂઠવાળી લાકડી ઝાલેલા મુખી એ બાજુથી નજર ફેરવી લઇ માસ્તરની ઑફિસમાં ગયા.

પેલી જોડે બેઠેલી સ્ત્રીઓ પાસે એક જુવાન પુરુષ આવ્યો. એની ઠેઠે બે વર્ષનો છોકરો હતો તે નીચે મૂકતાં બોલ્યોઃ 'લાવો પ્યાલો, પાણી પીવું હોય તો પરબ પરથી લેતો આવું.'

બીજાં બૈરાં સામે હસીને બોલી: 'આમનો આવો મસ્કરો સ્વભાવ ગયો જ નંઈ. આજે નકરણા કોકે અગિયારસ કરી છે, પછી શા ઉપર પાણી પાતા હશે?'

પેલો પુરુષ એવું સામે હસીને બોલ્યો: 'એટલી ઓછી ઊકરેડ. કાયમનું અન્નપાણી છોડી દે તો મારે પૂરેપૂરી નિરાંત!'

જગાજીને એ ય અમદાવાદ રહેતો હોય તેવો લાગ્યો. એ વગર એમ એ બૈરી-પુરુષ હસીબોલીને વાત કરે જ નહિ ને!'

પાછી એની નજર ચંચી તરફ ગઇ. મુખી કાકો ત્યાંથી ટળ્યો છે કે નહિ, એ જોઈ લીધું. વળી ચંચી પાસે ગયો. ચંચીને બોલવાની તક આપતાં પહેલાં એ આ વખતે ભભડો ઉઠ્યો: 'હવે તો બધાં ગાંડાં કાઢયા વગર પેલાં લૂગડાં પહેરી લે. શેરમાં આ લૂગડાં તેને જ ખૂંડાં લાગશે.

ચંચી કંઈ વિચારતી હોય તેમ ન બોલી.

જગાજી પટાવીને વાત કરતો હોય તેમ બોલ્યો: 'દેશ એવો વેશ કરવો જોઇએ. નહિ તો માણસની કંઈ કેમત ના રહે.'

ચંચીએ સાલ્લાના ઓથે આંખ કરડી કરી.

જગાજીને એનું મોં દેખાતું ન હતું. એ સમજાવતાં આગળ બોલ્યો: 'ના પહેર્યાં હોય ત્યાં લગી વરવું લાગે. પણ એક વખત પહેરીશ એટલે તને જ એવું ગોઠી જશે કે એને કાઢીશ નહિ.'

દૂરથી સ્ટેશન ભણી આવતા માણસ તરફ નજર જતાં ચંચીએ કહ્યું: 'આવો જાવ. પેલા હાથીકાકા આવે છે તે મારા ગામના છે.'

જગાજી ખિજાઈ ગયો. પણ મૂગો મૂગો હાથીકાકા ત્યાંથી સ્ટેશનની ઓરડી ભણી વિદાય થયા ત્યાં સુધી એ એમના તરફ આંખ તાણી રહ્યો.

પેલી સતી છોકરાને પાડો એના બાપને આપતાં બોલી: 'આને ચોડો તેડીને ફેરવો. ખાધા વગર ધાવણ તે ક્યાંથી એટલું બધું આવે? ભૂખ્યો થયો લાગે છે. થેલીમાંથી બીસ્કીટ કાઢીને આપો જોઇ.'

જગાજી એ તરફ તાકી રહ્યો. આમને કોઈ વાત કરતાં નથી ગળી જતું અને ચંચી તરફ નજર કરતાં, આ ઝોડને એનો હાથી કાકો અને મુખી કાકો ગળી જાય છે!

વળી ટિકિટ બારી ઉઘાડી હતી એટલે જગાજી બે ટિકિટ લઇ આવીને ચંચી પાસે ગયો. પરંતુ આ ફેરા ચંચીએ લાગ ન ચૂકતાં તરત સંભળાવી દીધું: 'કીધું, તમે કેનાર કહી રહ્યા, હું મારાં લૂગડાં નથી બદલવાની.'

જગાજી ચંચીની બે તકતકતી આંખોમાંનો રોષ જોઇ શકયો. શહેરી ન થયો હોત તો એના મોઢામાંથી તરત બોલ નીકળત—મારી હાળી,-પાછી બહુ ફાટી છે.....

પણ નાનપણથી હોટલના માલિકના, મિલના જોબરના, હેડજોબરના તૂંકારા ખાવા ટેવાઈ ગયેલા જગાજીમાં ગામડાની સ્વતંત્રતાની ફેફ રહી ન હતી. ઘણી મટીને એ વર્ષોથી શહેરમાં ઘણીઆણી જેમ ઓશિયાળો જીવતો હતો.

એ નમ્રતાને મનમાં વાગોળતાં એણે વિચાર્યું: 'એકદમ બહુ ખેંચતાણ કરવાથી તૂટી જાય. ત્યાં રહેશે એટલે દેખાદેખી એની મેળે એ લૂગડાં પહેરતી ઓઢતી થશે!'

ગાડી આવી. ચંચી જગાજીથી દૂર સામે પાટિયે બેઠી. જગાજીએ જાણ્યું કે મોટી ગાડીમાં સાથે બેસીશું. પણ મોટી ગાડીમાંય ચંચી એની જોડે જગા હતી છતા ત્યાં ન બેસતાં સામે પાટિયે બીજાં બૈરાં ભેગી બેઠી.

જગાજીએ દાંત કચકચાવ્યા: 'હાળી આતો સાવ ઝોડ છે!'

*

આજે ચંચીને અમદાવાદ આવ્યાં અઠવાડિયું થયું હતું. પરંતુ એ જેમ જેમ દિવસ જતા હતા

તેમ તેમ એ વાતાવરણથી ટેવાવાને બદલે વધુ ને વધુ ઉદાસ બનતી હતી.

જે રાત્રે એ આવી તે રાત્રે એને સાવ ઊંઘ જ ન આવી. નાક ફાડી નાખે તેટલી એને વાસ આવતી હતી. 'શું ગંધાતું હશે?' એણે મનથી ઘણો ઘણો વિચાર કર્યો.

છેવટે થાકીને એણે જગાજીને પૂછ્યું: 'આ શું ગંધાય છે? મારાથી નથી વેઠાતું.'

જગાજી એને વહાલ કરતાં બોલ્યો: 'આટલી ખબર ના પડી? આ આપણી સામે વંડો છે, એની પેલી બાજુ અમારી મિલ. એ વંડાની પાછળ રંગાટીખાતું છે. લૂગડાં વણાતાં પહેલાં બધું સૂતર ત્યાં એક વખત રંગવાનું. આટલી ચોખ્ખી રંગની ગંધ આવે છે, ને તને સમજ નથી પડતી?'

ચંચીએ પૂછ્યું: 'તે આ રંગની ગંધ રાતદાડો આવવાની?'

જગાજી ફિકકું હસીને બોલ્યો: 'ગાંડી નંઈ તો! મિલ રાતદા'ડો ચાલે એટલે ગંધ રાતદા'ડો જ આવે ને?' અને એ ગંધ કંઈ ખરાબ નથી તેમ જણાવતાં એ બોલ્યો: 'આ તો તું નવી એટલે તને એમ થાય. નહિ તો મોટા સાહેબ આઠસેં રૂપિયા પગાર મળે છે એ ય કલાક કલાક ઊભા રહે તો ય એમને ગંધ નથી મારતી.'

એ ગંધનો કંઈ ઉપાય ન હતો એટલે ચંચી કંઈ ન બોલી. અને એ મૂંઝવણના ખુલાસાની સાથે બીજો ખુલાસો પણ આપોઆપ થઈ ગયો હતો એટલે ચંચીએ કહ્યું; 'ત્યારે આ ખટાપટ થયા કરે છે તે.ય બંધ નહિ રહેતી હોય.'

જગાજીએ કહ્યું: 'મિલમાં બધા સાંચા ચાલે એટલે અવાજ બંધ ના રહે. પરંતુ અહીં તો બહુ થોડો આવે છે. અંદર, તું કાલે ભાયું લેઈને આવીશ ત્યારે બધું બતાવીશ. અમારે સાળ ખાતામાં કાન પડયે ય ન સંભળાય. વાંદરા હૂપાહૂપ કરે તેમ કરીએ ત્યારે સામો આપણા સામી નજર કરે. પછી આંગળીઓની ઈશારતથી જ બધી વાત કરવાની.'

ચંચીને થયું: 'આટલી ગંધ અને આટલો ઘોંઘાટ, પછી રોયું ઊંઘ તે શી રીતે આવે?'

એ રાતે સાચે જ એની આંખે મટકું ય ન માર્યું. પાછાં અધૂરામાં પૂરાં મચ્છર, આંખ મીંચવાની થાય ત્યારે ચટકો ભરે એટલે ઝબકી જવાય. ગામડામાં ચોમાસામાં મચ્છર હોય એ ચંચીનો અનુભવ હતો. પરંતુ અહીં શહેરમાં ધમધમતા ઉનાળામાં આટલાં મચ્છર શાં? પણ એ મનની વાત એણે જગાજીને ન પૂછી.

સવારમાં એણે ઓરડીનું બારણું ઉઘાડયું ત્યારે એના આંગણા સામે ચાલીનાં છોકરાં જાજરુ જવા બેઠાં હતાં. સામે પાંચ જાજરુ હતાં તે દરેકમાં એક એક જણ ગયો હતો, અને ઉપરથી બે હાર બહાર થઈ હતી.

ચંચીને થયું: 'બળ્યું, આમ લોક બહાર ઊભા હોય અને મહીં બેઠેલાને ઝાડો શી રીતે ઊતરે?' અને હજુ એ એમ વિચારતી હતી ત્યાં અંદર બેઠેલા એક જણને વધારે વાર થવાથી બહાર ઊભેલાએ જોરથી બારણું ખખડાવ્યું. અંદરવાળે ચંચી સાંભળે તેટલા જોરથી ખોંખારો ખાધો.

ચંચીની જીભ દાંત તળે આવી ગઈ: 'મૂઆં અહીંના લોકને લાજશરમ જ ના મળે!' અને એણે જગાજીને પૂછ્યું: 'આ છોકરાં રોજ આપણા આંગણા સામે લોટે જવાના?'

'એ તો ઘડીક જ' જગાજીએ હાથ વતી ઈશારત કરતાં કહ્યું: 'કલાકમાં ઝાડુવાળી આવે એટલે તરત બધું સાફ કરી નાખવાની.'

'પણ ત્યાં સુધી બધા ઉચેરા આપણા મોઢા સામે રહેવાના ને?' ચંચીએ સૂગ બતાવતાં કહ્યું.

જગાજીએ એનો ઉપહાસ કરતાં કહ્યું: ગામડામાં ભેંસોના છાણના ઢગલાં કંઈ ઓછા હોતા નથી.'

ચંચી ચણચણી ઊઠી: 'આ તો ગામડાની મજા જ ભૂલી ગયા છે! ક્યાં ભેંસનું છાણ ને ક્યાં આ નરકનાં ઉચેરા!'

પાણીનો નળ થોડો દૂર હતો. એ બતાવતાં જગાજીએ કહ્યું : 'એ નળે અધીં ચાલીને પાણી ભરવાનું. સામે છેડે બીજો પણ નળ છે.'

ચંચી પાણી ભરવા ગઇ. એને નવીન જોતાં, બૈરાં એનો વગડાનો તંદુરસ્ત દેહ જોઇ રહ્યાં ! પણ એનાં કલ્લાં, વેલ્લા, હાંસડી અને લોળિયું ન ગમ્યાં. આટલો બધો ભાર આ બાપડી શી રીતે વેઠતી હશે, એમ આ ગંધાતી ખોલીઓમાં રહી રહીને દુબળી પડી ગયેલી સ્ત્રીઓ મનમાં વિચારતી હતી. વાંઝણી જેમ જનેતાના ભારની ફિકર કરે તેમ !

ખારસો કલાક થયો પણ ચંચીનો વારો જ ન આવે. જે હોય તે ઉપરા છાપરી પડાપડ જ કરે. એમ એનો હક ડુબાડતાં બૈરાં એને શિખામણ પણ આપતાં જાય કે' એમ શરમમાં દૂર ઊભી રહીશ તો ભાથાની વેળા થશે તો ય તારો વારો નહિ આવે.

ચંચીએ મનથી નક્કી કર્યું કે, કાલથી વહેલા ઊઠીને પહેલું પાણી ભરી લેવું.

બપોરે પાડોશણ સાથે ચંચી ભાથું લેઇને મિલમાં ગઇ. કામદારો બપોરે છૂટે ત્યારે ભાથું ખાવા માટે પતરાંનો એક તરાપો મારીને છાપરું ઊભું કરેલું હતું. ચોમેર ખુલ્લું હતું. તળિયું પ્રભુ જાણે કયે દા'ડે સાફ કર્યું હશે ? શહેરોમાં ચોમાસાના વરસાદના રક્ષણ માટે સ્મશાનમાં છાપરું મારેલું હોય છે તે કરતાં આ ભોજનગૃહ કપાતર હતું.

ચંચીને અહીં થોડું આશ્વાસન મળ્યું. ઘણા બૈરાં આવ્યા હતાં. એની જેમ વેશ ન બદલનાર કાઠિયાવાડી બૈરાંની સંખ્યા વિશેષ હતી. એની છાતી હરખની મારી ફુલાઇ.

પરંતુ એ હર્ષ ઝાઝો વખત ન રહ્યો. મિલની વીસલ થઇ. મિલ છૂટી. હડકંપ કરતું એ ટોળું એ છાપરામાં આવ્યું. જગાજી ઠેઠ એની પાસે આવ્યો ત્યાં સુધી ચંચીએ એને ઓળખ્યો નહિ.

ગઇ કાલના જગાજી કરતાં આ વળી જુદો જ હતો. એના વાણિયા બ્રામણના વેશને ઠેકાણે મેલાં કપડાં હતાં. મોં અને વાળમાં રૂની ઝીણી રજોટી ભરાઇ હતી. યંત્રમાં પિલાઇને ચૂસાવી ગયો હોય તેમ એના મોં ઉપર કંટાળો હતો. હાશ, કરતાં એ નીચે બેઠો. બાજરીના મળના ચંચીએ રોટલા ઘડ્યા હતા. ઘેરથી આણેલા તાજાં રીંગણાંનું શાક કર્યું હતું. છતાં હૈયું રેડીને ઘડેલા એ રોટલા અને કરેલું શાક, જગાજીના મોંમાં ગળપણ છોડવાને બદલે સોચાવળીને ગળે ન ઉતરે તેવાં બરછટ લાગતાં હતાં.

એક રોટલો ખાતો જગાજી હાફી ગયો. જાણે કોઇના લારુ ખાવા બેઠો હોય તેમ મોં કટાણું કરી એણે થાળી ઠેલી મૂકી.

ચંચી આગ્રહ ન કરી શકી. જગાજીના મોં ઉપરની નિસ્તેજતાએ એના રહ્યાસહ્યા ઉમંગને હરી નાખ્યો. એને થયું–જે ખાય નહિ તે કામે ય શું કરે ? અને શેરમાં માણસના મોં ઉપરથી નૂર ઊડી જતું હોય તો અહીં ધધો શું કામ કરવો !

જગાજી આડા પડવાનો વખત ગુમાવીને ચંચીને મિલના બંધ પડેલા બધા સાંચા, ખાતાં બતાવ્યાં. પોતે જે સાંચા ઉપર કામ કરતો હતો તે એ સાળ બતાવી. પોતે જે કાપડ વણતો હતો તેનું વર્ણન કર્યું. લાકડાના પાટિયાં નીચેની ગટરો બતાવી, પોતાના સુખની વાત કરી. અહીં કાન ફૂટી જાય એટલો અવાજ થાય એટલું જ. બાકી આ ગટર નીચેથી ઉનાળામાં ઠંડી અને શિયાળામાં ગરમ વરાળ આવવાની એટલે તાપ–ટાઢ લાગે નહિ.

ત્યાં મિલની વિસલ ભાગી. કુંભકર્ણ રાક્ષસ ઊંઘમાંથી જાગી અંગ મરડતો હોય તેમ પાટા અને પૈડાએ આળસ મરડી. એક સાથે બધા સાંચા ખટાપટ ખટાપટ થવા લાગ્યા. પૈડાં ઝડપથી ફરવા લાગ્યા.

જગાજી પોતાની આવડત બતાવવા સાંચાની ચોમેર ફરી તાર પરોવવા લાગ્યો, ખાલી કાંડલો કાંઠી ભરેલો નાખ્યો, વખલ્લો જણાતો હતો તે માથામાંથી દાંતી કાંઠી સરખો કર્યો.

તેમ તેમ એ વાતાવરણથી ટેવાવાને બદલે વધુ ને વધુ ઉદાસ બનતી હતી.

જે રાત્રે એ આવી તે રાત્રે એને સાવ ઊંઘ જ ન આવી. નાક ફાડી નાખે તેટલી એને વાસ આવતી હતી. 'શું ગંધાતું હશે?' એણે મનથી ઘણો ઘણો વિચાર કર્યો.

છેવટે થાકીને એણે જગાજીને પૂછ્યું: 'આ શું ગંધાય છે? મારાથી નથી વેઠાતું.'

જગાજી એને વહાલ કરતાં બોલ્યો: 'આટલી ખબર ના પડી? આ આપણી સામે વંડો છે, એની પેલી બાજુ અમારી મિલ. એ વંડાની પાછળ રંગાટીખાતું છે. લૂગડાં વણાતાં પહેલાં બધું સૂતર ત્યાં એક વખત રંગવાનું. આટલી ચોખ્ખી રંગની ગંધ આવે છે, ને તને સમજ નથી પડતી?'

ચંચીએ પૂછ્યું: 'તે આ રંગની ગંધ રાતદાડો આવવાની?'

જગાજી ફિકકું હસીને બોલ્યો: 'ગાંડી નંઈ તો! મિલ રાતદા'ડો ચાલે એટલે ગંધ રાતદા'ડો જ આવે ને?' અને એ ગંધ કંઈ ખરાબ નથી તેમ જણાવતાં એ બોલ્યો: 'આ તો તું નવી એટલે તને એમ થાય. નહિ તો મોટા સાહેબ આઠસેં રૂપિયા પગાર મળે છે એ ય કલાક કલાક ઊભા રહે તો ય એમને ગંધ નથી મારતી.'

એ ગંધનો કંઈ ઉપાય ન હતો એટલે ચંચી કંઈ ન બોલી. અને એ મૂંઝવણના ખુલાસાની સાથે બીજો ખુલાસો પણ આપોઆપ થઈ ગયો હતો એટલે ચંચીએ કહ્યું: 'ત્યારે આ ખટાપટ થયા કરે છે તે ય બંધ નહિ રહેતી હોય.'

જગાજીએ કહ્યું: 'મિલમાં બધા સાંચા ચાલે એટલે અવાજ બંધ ના રહે. પરંતુ અહીં તો બહુ થોડો આવે છે. અંદર, તું કાલે ભાયું લેઈને આવીશ ત્યારે બધું બતાવીશ. અમારે સાળ ખાતામાં કાન પડયે ય ન સંભળાય. વાંદરા હૂપાહૂપ કરે તેમ કરીએ ત્યારે સામો આપણા સામી નજર કરે. પછી આંગળીઓની ઈશારતથી જ બધી વાત કરવાની.'

ચંચીને થયું: 'આટલી ગંધ અને આટલો ઘોંઘાટ, પછી રંડ્યું ઊંઘ તે શી રીતે આવે!'

એ રાતે સાચે જ એની આંખે મટકું ય ન ભાર્યું. પાછાં અધૂરામાં પૂરાં મચ્છર; આંખ મીંચવાની થાય ત્યારે ચટકો ભરે એટલે ઝબકી જવાય. ગામડામાં ચોમાસામાં મચ્છર હોય એ ચંચીનો અનુભવ હતો. પરંતુ અહીં શહેરમાં ધમધમતા ઉનાળામાં આટલાં મચ્છર શાં? પણ એ મનની વાત એણે જગાજીને ન પૂછી.

સવારમાં એણે ઓરડીનું બારણું ઉઘાડયું ત્યારે એના આંગણા સામે ચાલીનાં છોકરાં જાજરૂ જવા બેઠાં હતાં. સામે પાંચ જાજરૂ હતાં તે દરેકમાં એક એક જણ ગયો હતો, અને ઉપરથી બે હાર બહાર થઈ હતી.

ચંચીને થયું: 'બળ્યું, આમ લોક બહાર ઊભા હોય અને મહીં બેઠેલાને ઝાડો શી રીતે ઊતરે!' અને હજુ એ એમ વિચારતી હતી ત્યાં અંદર બેઠેલા એક જણને વધારે વાર થવાથી બહાર ઊભેલાએ જોરથી બારણું ખખડાવ્યું. અંદરવાળે ચંચી સાંભળે તેટલા જોરથી ઓંઘારો ખાધો.

ચંચીની જીભ દાંત તળે આવી ગઈ: 'મૂઆ અહીંના લોકને લાજશરમ જ ના મળે!' અને એણે જગાજીને પૂછ્યું: 'આ છોકરાં રોજ આપણા આંગણા સામે લોટે જવાના?'

'એ તો ઘડીક જ' જગાજીએ હાથ વતી ઈશારત કરતાં કહ્યું: 'કલાકમાં ઝાડુવાળી આવે એટલે તરત બધું સાફ કરી નાખવાની.'

'પણ ત્યાં સુધી બધા ઉચેરા આપણા મોઢા સામે રહેવાના ને?' ચંચીએ સૂગ બતાવતાં કહ્યું.

જગાજીએ એનો ઉપહાસ કરતાં કહ્યું: ગામડામાં ભેંસોના છાણના ઢગલા કંઈ ઓછા હોતા નથી.'

ચંચી ચણચણી ઊઠી: 'આ તો ગામડાની મજા જ ભૂલી ગયા છે! ક્યાં ભેંસનું છાણ ને ક્યાં આ નરકનાં ઉચેરા!'

'પછી ખાઈશું શું ?'

'હું છું ને ?'

'એટલે ?'

'તમે તમારે ખેતરને શેઢે આવીને બેસી રે'જોને. થાય એટલું કરજો. ખેતીનું બધું કામ હું ના કરી લઉં તો ચંચીને બે બાપની કે'જો.'

પણ જગાજીને વર્ષોનો શેરનો મોહ, રાગ, એમ સ્હેજમાં શી રીતે છૂટે ? ચંચી થાકીને ય આવશે માની જગાજીએ ઠચુંપચું મને લાગલગાટ બે વરસ ખેંચ્યાં. જગાજી એને તેડી જઈ શકતા નથી. સાસુસસરો એના કામથી એટલાં બધાં રાજી છે કે છોકરો શે'રમાંથી ઘેર આવે એમ છેલ્લા છ મહિનામાં રટતાં થઈ ગયાં છે.

❋

છેવટ અઢી વર્ષે જગાજી શહેર છોડી ઘેર આવ્યો. તૌરલની પાળ નીચી મૂડી કરીને જેસલ જતો હોય તેમ ચંચીની પાળ જગાજીએ સીમમાં જવાનું શરૂ કર્યું.

ચંચીનો એ વિજય હતો. પરંતુ આવા નાના વિજયથી હરખાય તે માટીની ચંચી ન હતી.

એને તો એના જગાજીમાં પાછી મર્દાઈ પ્રગટાવવી હતી. માથે ફેંટો, કાને કડરો, ખભે ધારિયું, આંખે મેશ, ગળે દોરી, દિલે શિકારી કોટ અને પગે માવ મોચીના બે ખેતરવા સંભળાય તેવી ચરડવાળા જોડા પડેરેનો જોતો હતો. એ પાવો વગાડે અને પોતાનું હૈયું નાચી ઊઠે એવો એને કામણગારો બનાવવો હતો. એક પડખામાં ચપસીને ફેર ફૂદરડી પોતાને ખવડાવે તે દાંડો જોતો હતો

અને ચંચીને શ્રદ્ધા હતી કે, એ દાંડો પોતે જરૂર જોશે.

❋

લાંબા ભાષણની ઔષધિ

દક્ષિણ આફ્રિકાની એક જાતિના માણસોને લાંબાલચ ભાષણો પ્રત્યે એવી નફરત છે કે માણસ એક પગે ઊભો ઊભો બોલી રહે તેટલું જ ભાષણ તેણે કરવું એવો રિવાજ એમણે ગોઠવ્યો છે. ભાષણકર્તાનો બીજો પગ જમીનને અડે કે તરત જ એનું ભાષણ ખતમ થાય છે

ધી રૂસ્તમ જહાંગીર મિલ્સ લી.

અમારી વિશિષ્ટતાઓ

પોપલીન, લોંગ કલોથ, ટવીલ, કોમ્બુ, સૂતરમાંથી બનાવેલી ફેન્સી ધોતી, સાડી, જેકાર્ડ સાડી, ફેન્સી શર્ટિંગ, વાયલ, મલમલ, દોરિયા અને બીજી વિવિધતાઓ.

આ કાપડ

રેશમ જેવું સુંવાળું છે, ટકાઉ પણ છે તેથી બીજી મિલ કરતાં કિંમતમાં સસ્તું પડે છે, આકર્ષક અને અપટુડેટ હોવાથી તમને સંપૂર્ણ સંતોષ આપશે.

: ઠેકાણું :

ધી રૂસ્તમ જહાંગીર વકીલ મિલ્સ લિમિટેડ.

દૂધેશ્વર રોડ : અમદાવાદ.

આજે મને સંગીત દેખાય છે

જિતુભાઈ પ્ર. મહેતા

સંગીત સંભળાય કે સંગીત દેખાય? આજે આ લેખમાં સૂર નજરે પડે છે. લેખક સ્વરોનાં ચિત્રો એક પછી એક રજૂ કરે છે. આમાં રાગોનાં નામો સંભળાય છે. લલત, ટોડી, ભૈરવી. દેશકાર, બિલાવલ, સારંગ, પુરવી, પરજ, કલ્યાણ, માલકસ અને ભૈરવ રાગોનું લેખકે રૂપ કલ્પ્યું છે. હિંદુસ્તાની રાગો સમય સમયના છે એની અસર શ્રીલીને આંહીં એને લેખકે એમના પોતાના ચિત્રચોરસામાં Composition માં ગોઠવેલ છે. રાગોનો પરિચય આપવાની આ રીત નવીન છે. સંગીત આંખ માટે પણ છે એનો ખ્યાલ આનાથી આવે છે. લેખક જણાવે છે કે એમણે ગાઈને, રાગોની સરગમ ઘૂંટીને આ લેખની 'તરજ' બાંધી છે—'તરજ' લેખકની પોતાની છે.

—સંપાદક

લલત જાગ્યો ત્યારે સામા મંદિરમાં દીવા ઝોમળ બળતા હતા. સવાર પડવાને થોડી વાર હતી. ટાઢો વા વાતો હતો. આકાશનાં ચાંદરડાં લળક લળક થતાં હતાં.

લલત જાગ્યો, રાતે માત્ર આંખ બીડી સવાર પડતાં આંખ ઉઘાડીને જ નહિ, રાતના એણે કોઇ અનુભવ માણ્યો. અનુભવનો અંત આવ્યો. એ અનુભવ ભરેલી ગતની ભરમ લગાવી, થોડો આરામ લઈ એ જાગ્યો. એની આંખમાં હજુ ઊંઘ હતી. અવાજમાં ખરજનો ઘેરો સૂર હતો.

મંદિરના દીવાનું સોનું આંખમાં રાખી એ મંદિર આસપાસના ડુંગરા ભણી ચાલ્યો. ઘરાઈને એણે જિંદગીનો રસ પીધો હતો. જુવાની ચાલી જાય અને માથા પર સફેદ કેશ આવે ને એક પ્રકારનું દર્દ, એક પ્રકારનું તત્ત્વજ્ઞાન, એક પ્રકારનો જીવન જીવ્યાનો આનંદ છલકાય અને આખરે કોઈ સદ્‌ગુરુ સાંભરે એમ લલતને ભભૂત સાંભરી હતી! વૈરાગ્યનો એ વરખ લાવવો ક્યાંથી?

લલત ચાલ્યો. ચિંતામણી પાસે એવી ભરમની ડાબલી હતી. બિલ્વમંગળ એનાથી જ સૂરદાસ થયો હતો ને! લલતને ચિંતામણી જોવાની હોંશ હતી—એને ખાત્રી હતી કે ચિંતામણીની આંખના ખૂણાનો કાજળ એની આંખમાં રહેજ આવી જશે તો એને બીજી ભભૂતની જરૂર નહિ પડે.

મનમાં ને મનમાં સૂર ઘૂંટતો લલત ચાલતો હતો. એના પગ ભીના થયા. ઝાકળ એ સૂર આગળ ઝૂકી પડી હતી. પારિજાતકના ઘેરાવામાંથી લલત બહાર નીકળ્યો. એનું શરીર કેસર કેસર થઇ ગયું. લલતના કપાળ ઉપર આપોઆપ તિલક થઇ ગયું.

પૃથ્વી પર મીઠી સુગંધ હતી, પ્રકૃતિનું અનેરું રૂપ હતું; પણ એ રૂપમાં લલતને એક ઋષિના તપનું તેજ ભળેલું લાગ્યું. ભોગવટો એ જ જિંદગીનો સૂર નહોતો! ભોગવટા પછીનું ભાન એ માણવા જેવી અવસ્થા હતી. પોતાની ત્રુટિઓ, પોતાની ઠોકરો, પોતાની ખાંસ, પોતાનો પશ્ચાતાપ—એ સુંદરમાં સુંદર સરગમ હતી. તીવ્ર અને કોમળ સ્વર વિના રાગનું રૂપ ખીલતું નથી, એમ માણસની ત્રુટિ એ તીવ્ર સ્વર છે, સમય વીતી ગયા પછી એનું ભાન થાય એ કોમળ સૂર છે.

અનુભવની વચ્ચે ભાન આવતું નથી એ પણ એક સરસ જીવનની બંધેજ છે.

આલિંગનમાંથી એક ક્ષણે સુંદરી સરકી જાય પછી ભાન આવે છે કે મોહ કેવો વિચિત્ર છે!

એવી એવી માયા કરીને લલત આજે જાગ્યો હતો. જાગીને કુંગરામાં ભમી રહ્યો હતો.

લલતે સૂર લગાડયો. જાણે તંબૂરનો ખરજનો તાર બોલ્યો. સા પછીનો કોમળ રિખબ એના ગળામાં આવ્યો ને તરત જ સવારની હવા બંધાઈ ગઈ. કોમળ રિખબમાં આટલી શક્તિ!

હા, સૂરજ પાસે સવાર છાંટવાની શક્તિ હતી, એ રીતે કોમળ રિખબ આગળ પણ હૃદય ઉપર પહેલો પ્રહર છાંટવાની શક્તિ હતી!

પણ લલતના ગળાની અંદર આ રિખબ એવી રીતે રહ્યો કે ભળકડાનો સમય લાગે.

લલતની આંખ સામે એક ગુફા આવી. લલત અંદર ગયો. એક યોગી સમાધિમાં હતા. યોગીની આગળ એક વાઘચર્મ પડેલું હતું. એના પર લલત બેઠો.

યોગીએ આંખ ખોલી. 'બચ્ચા બોલ આંહીં શીદ આવ્યો છે?'

લલતે સમજાવ્યું: 'મારા ગળાની અંદર કોમળ રિખબ છે, બીજા કોમળ સ્વરો છે, ધૈવત છે પણ મારી બંધેજમાં હજુ જાન નથી. તમે મને એ આપો."

યોગીએ સમજાવ્યું: "જો તેં જિંદગી જીવી જાણી નહિ હોય તો હું તને કાંઈ આપી શકીશ નહિ. તું આજે વૈરાગ્યનો રંગ લઈ મારી આગળ આવ્યો છે. તને કહું! વિલાસ વિના વૈરાગ્યનો સાબદો રંગ મળતો નથી."

લલતે વધુ વાત કરવાને બદલે એના ગળામાંથી એના સૂરીલા અનુભવો કહ્યા—યોગીને સંતોષ થયો.

"લે આ અંજલિ! એનું નામ છે મધ્યમ! પણ આ એકલા મધ્યમનું ગજું નથી તને સંતોષવાનું. માટે તું બે મધ્યમ—કોમળ અને તીવ્ર લઈ જા—ને જો! એ સ્વરો તું લગાડીશ એટલે સ્વરનો સાધુ બની જઈશ. કોઈને લાગશે કે પીંગળાના હોઠ ચૂસીને ઝેર પીનારા ભર્તૃહરિ વૈરાગ્યશતક ગાઈ રહ્યા છે! ફક્ત આ બે સ્વરો ઉપર અટકવાથી તું ભરયૌવનનું ભગવું રાજ મેળવી શકીશ. જા, હું તને સવારના ચારથી છ સુધીનું સમયરાજ આપું છું."

લલત હવે ફરી ફરીને એને મુકામે જતો હતો. એનો ફરવાનો સમય પૂરો થયો હતો. રસ્તામાં એને મળી ગઈ, ગાંધારી ટોડી.

આ શું? રાતના ભોગી એ સવારના યોગી!... સવારનો સમય એટલે જાગૃતિનો સમય. એમાં આભાસને આસન ન મળે. સૂરજનો તડકો બધા પ્રકારની ઊંઘોને ઉડાડી દે.

એટલે તો આ ટોડી ફૂલ વીણવા ચાલી છે. એને માળા ગૂંથવી છે. કોમળ રિખબનો ચંપો એની પાસે છે, ધૈવતનો મોગરો એની આગળ છે, એને જોઈએ છે એની માળા માટે ગાંધારનું ગુલાબ.

ટોડી ફરતી ફરતી અનેક સૂતેલી વીણાઓને જગાડે છે: "તમારા ધ્વનિના બાગમાં ગાંધારનું ગુલાબ છે?"

વનમાં પંખીઓનાં ગીતથી ફૂલેલાં ગળાં ભણી ટોડી એનો કાન ધરે છે. ગાંધારનું ગુલાબ નથી.

કુંગરા પર થોડાં માણસો દેખાય છે. ભગવાનના ભોજન માટેના થાળો એ માણસો એમના માથા પર ઉપાડી જાય છે. ભગવાનના ભોજનના થાળો વજનદાર છે. સોના ચાંદીના એ છે. એમાં ઘણી ઘણી વાનગીઓ છે.

એ ઉપાડનારાઓ થાકે છે. તેમના શરીરમાંથી પરિશ્રમનાં ટીપાં પડે છે. એ ટોળામાં એક સ્ત્રી છે. એ સ્ત્રીની આંખે થાકને લીધે અંધારાં આવે છે, એ સ્ત્રીના માથા પરથી થાળ પડી જાય છે. અને

સ્ત્રીને રોવું આવે છે, આખા વનમાં એ રૂદનના સ્વરો ફેલાય છે.

એ રૂદનના સ્વરમાંથી ટોડીને ગાંધાર મળી જાય છે. ગાંધારની શ્રુતિ સાંપડે છે. ટોડી એકલી એકલી વનમાં બોલે છે : "આવ મારી શ્રુતિ! તું જેના ગળામાંથી બહાર નીકળી એને મેં દીઠેલ નથી. પણ તું, જ્યાંથી આવી ત્યાંથી—હવે તો મારી આગળ જ રહે, તારામાં જે દર્દ છે એ ઊંડું છે. આછકલું નથી. દુનિયાદારીથી એ દર્દ ઉપર જાય છે—આવ, હું ને તું સાથે જ રેંશું."

રૂમક ઝૂમક ઝાંઝર બોલાવતી પસાર થઈ? ટોડીએ એને જવા દીધી. એને વારી નહિ કારણ કે ટોડી સમજી ગઈ એ રૂમક ઝૂમક વાળીના પગમાં ગજબનો ઝડ હતો!

સવાર ઊગી ગયું હતું. એની તાજગીનું વસ્ત્ર પહેરી રૂમક ઝૂમક કરતી ભૈરવી બોલી :

"હું તો ન્હાઇધોઈને આવી છું. જુઓ મારી તંદુરસ્તી! મારા શરીર પર બાર ઘરેણાં છે. એ ઘરેણાંને સામસામાં અફળાવો! એ ધ્વનિમાંથી બાર સ્વરોનાં આંદોલનો તમને સંભળાશે, હા, હું ભૈરવી! છડેચોક હું માનવદિલ સાથે પ્યાર કરું. બાર સ્વરોમાં હું ઘેરાઈ જાઉં. મારા પગની પાની એટલે? ઉડાન ચાખડી! તમો સુસ્ત બેઠા હો તો તમને એક વાર તો મારા મંજળચોકમાં ખેંચી જાઉં! મને મારા ઉરની વાત કહેતાં શરમ ન આવે. મારી બધેજ એવી! રિખબ, ગાંધાર, ધૈવત, નિખા બધાં કોમળ! એટલે હું કોમળાંગી! તમારા અંતરનાં આંગણાં ઉપર હું રંગોળી પૂરી જાઉં."

ભૈરવીની વાત વધુ સાંભળવા બેસીએ તો ખૂબ સમય જાય. એને બધો પોશાક ખપે. પંજાબી દુપટ્ટો એ હવામાં ઉડાડે, લાલ લીલો દુપટ્ટો—કાંજરમાં એ નાચે—અને ચોળી ચણીઆ પાટલીનો ઘેર એને શોભે!

એના કપાળમાં ચાંદલો હોય ને કયારેક ચાંદલો ન હોય. "મારે ચિંતા શેની? બારે સૂરો મારા સાથી!"

કોઈ વાર એ ઝિનાળ જેવી લાગે. ને કોઇ વાર એ સૌભાગ્યવતી લાગે.

આજે એ ઊપડી છે, એક ગોવાળનો પાવો સાંભળવા, એ તો ગોવાળ હારે બેસીને ગીત પણ ગાઈ નાખે. ભૈરવી ગૂમ થાય છે,

બે મિત્રો સાથે સાથે કામે નીકળ્યા લાગે છે. એક છે દેશકાર ને બીજો છે બિલાવલ, તંબૂર સાથેના કોઈ ગળાએ એમને સાદ દીધો છે એટલે તેઓ ત્યાં જાય છે.

હા, સવારના અગિયાર બાર સુધી તેઓને ફરવા-ફરવાની છૂટ છે.

બપોર. બહાર તડકો છે. ધામ છે એ ખંડમાં ઠંડક છે. સુગંધી વાળા પર પાણી છંટાયું છે. મોર-પિચ્છના પંખા ફરે છે. બાટીસાં અંગોવાળી એક સ્ત્રી તળાઇ પર પડી છે.

એ લલના ઉપર વિંઝણો ઢોળાય છે તો ય એને મુંઝારો થાય છે. રીસાઈને એ સ્ત્રી તળાઈમાં પડી છે. કોણે એને ચિડવી છે! લેખકોએ? ગીતકારોએ? ચિત્રકારોએ?

હા, ખાસ કરીને એક ચિત્રકારે. ચિત્રકાર ને એ લલના વચ્ચે મુલાકાત થઇ. પરિણામે ચિત્રકારે હાથમાં પીંછી લીધી ને એ કૃતિને કેનવાસ પર રૂપ આપવા માંડયો.

ચિત્રકાર એની કૃતિમાં એટલો બધો તલ્લિન થઇ ગયો છે! એને ભાન ન રહ્યું કે એક જીવતી જાગતી સ્ત્રીને સામે રાખીને એ એની કલાને સજીવન કરતો હતો.

જે રીતે ચિત્રકારે કહ્યું એ રીતે એ સુંદરી કલાકો લગી ઊભી રહી. ચિત્રકાર એની જમીના ધારમાં પાયો. એ એની જમીના દેખ ગૂમવા લાગ્યો. એની પીંછી પર જીવતી જાગતી સ્ત્રીનાં અંગેઅંગ

ઊતર્યાં. સ્ત્રીની એ કલાકારે નકલ કરી. ને એ નકલી ચિત્રના મોહમાં પડી ગયો. એની કલાને જીવાડનાર સ્ત્રીને એણે તજી દીધી: એને સારા બોલે બોલાવી નહિ...ને એક ક્ષણે એ સ્ત્રી ચિત્રકારની કૃતિને ઠોકરે મારીને ચાલી નીકળી.

પછીથી એ આ ખંડમાં પુરાણી છે. એને બહાર નીકળવું ગમતું નથી. એને કોઈની સાથે વાત કરવાનું ફાવતું નથી. એના અંગ પર પવન સતત ઢોળાયા કરે છે તોય એને રાહત નથી.

એ લલનાનું શરીર ઓછા પ્રસ્વેદને કારણે વધુ મારકણું થયું છે. અંગનો ઘાટ એને લપને નીકળી આવ્યો છે. કોઈ મસ્તી પડી હોય એમ લાગે છે.

એ તંબૂરને ઊંધા રાખી દીધા હોય એવી રીતે એ આડી પડી છે. સુગંધી વાળો સુવાસ વેરે છે. એને કોઇએ બોલાવાની નથી એવું એ સ્ત્રીનું ફરમાન છે.

એ ખંડમાં કોઈની પણ પરવા કર્યા વિના સારંગ દાખલ થાય છે. સારંગ જઈને તરત જ એ સ્ત્રીના કાનમાં કાંઈક કહે છે. અર્ધાં બીનાં અંગો પર જાણે કાયની ગુલાબી ફૂંક પડે છે.

તોય સ્ત્રી બેઠી થતી નથી. એના હૃદયમાં અન્યાયનું દર્દ એટલું ભર્યું છે કે એના પર અસર નથી.

સારંગ લલનાની પાસે બેસી સૂર છેડે છે. સારંગ કહે છે: "મારો બનાવેલો આ રાગ છે. અનેક પ્રકારના સારંગ છે પણ અત્યારે હું ગૌડ સારંગ ગાઉં છું. મેં ગૌડ સારંગ તારા જેવી સજની માટે રચ્યો છે."

ગૌડ સારંગનાં સ્વરનાં કણો વેરાવા માંડે છે. સુગંધીવાળાની સુવાસ, મોરપિચ્છનો વાસર, બપોરની સુંદર આવકારદાયક સુરતી. જીવનનું મંગળ ધ્યેન.

હાય! ગૌડસારંગ એ લલનાથી ખમાતો નથી. એ સફાળી બેઠી થાય છે. ક્ષણે ક્ષણે એ રાગની મસ્તીમાં એ સ્ત્રી તણાવા લાગે છે.

શું ગૌડસારંગની શરૂઆત છે! પહેલા ત્રણ ચાર સ્વરો જ હવા જમાવે છે. ટીપના સા ઉપરથી હોંળના મધ્યમને ચુંબન ભરીને, ચુંબન માટે વધુ અટકીને ફરી નીચેના સા પર આવતાં આવતાં તો હૃદયનું રેશમ ગૂંથાય છે.

અંતરામાં ખૂબ સિફત રાખવાની રહે છે અને ટીપનો સા લગાડયા પછી તરત જ નીચા ચડવા આવવું પડે છે. નહિંતર બિહાગની સરહદ આવી જાય છે. બિહાગની સરહદમાં ગૌડસારંગનું રાજ કેમ ચાલે?

લલના સારંગની પાસે ને પાસે જતી જાય છે. મંગળમાં મંગળ સ્વરો. અને છતાં મસ્તી! સારંગ ગાયે જાય છે. લલના સારંગને વળગી પડે છે. અધરો મળે છે. ચિત્રકારે તજેલી એક ઉમદામાં ઉમદા અંગવાળી સ્ત્રીનું હૃદય સારંગ જીતી જાય છે. સ્ત્રી બોલે છે. "હવે જ્યાં તું ત્યાં હું."

સાંજ પહેલાં સારંગ અને એની નવી મેળવેલી સજની અદૃશ્ય થાય છે.

કોઈ દેખાતું નથી. જૂનું દેરું છે. દેરાના ખૂણાપર કરોળિયા એમની ભક્તિની માળા ચડાવતા હોય એ રીતે જાળાં ચડાવે છે. દીવા થવાને વાર છે. સંધ્યાને ખીલવાને પણ થોડી જ વાર છે.

દેરાના એક ખૂણામાં એક ખવાઈ ગએલાં લાકડાંની પાટ છે. એના પર નગારું છે. નગારાનું ચામડું અડધું ગયબ થઈ ગયું છે. નગારું પીટવાની દાંડી કોઈના હાથની વાટ જોતી નગારાના પાડોશમાં પડી છે.

શંખ એમને એમ પડયો છે. પણ એ ખોડ થઇ ગએલો શંખ છે.

દેરાની અંદર જે કમાડ છે એ ઉઘાડું છે. પણ અંદર કોઈ માણસ જણાતું નથી.

એક થાળી છે. એમાં ઘીનો પૂરેલો દીવો છે અબિલ છે, ગુલાલ છે, ચોખા છે, અડદ છે. ધૂપ છે દસ દેણની આરતી ત્યાં પડી છે.

સામગ્રી છે પણ માણસનું નામ નથી. સાંજને

પવન ફૂંકાય છે. પવન અવાવરુ દેરામાં આંટા મારવા લાગે છે. શંખના પોલાણમાં પવન ઘૂમે છે ને અવાજ નીકળે છે, ભાંગેલા નગારા પર પવન થપાટો મારી જાય છે, સુસવાટો થાય છે ને એમાંથી સુરાવટ જાગે છે.

પુરવી અને પરજ. ભયાનક સૂરો એકલા એકલા પવન સાથે આંટા મારે છે. ખંડેરનું સંગીત ! હા, એક દિવસ જે દેવાલયનો મહિમા હતો એ દેવાલય અપૂજ પડયું હતું માણસોએ એ દેરું તજી દીધું હતું. એ તો માનવજાતની ટેવ છે. ઈમારત એક દિવસ ભવ્ય, જીવતી જાગતી કિલ્લોલ કરતી અને જમાના પછી એ ઈમારતનું નામ ખંડેર ! આ અવસ્થાનું દુઃખ થતું હોય, જીવ વિનાની આ સામગ્રીનો માનવ-સ્પર્શ છૂટી ગયો એનું દર્દ થતું હોય એ રીતે પવન આ પુરવી અને પરજની-બંધેજ રજૂ કરી જાય છે.

આ કોનો અવાજ ? કોનો આ સાદ ? દીવાનાં દોરી જેવાં સોનેરી તેજને બુલાવો કરે છે ? કોણ ? શુદ્ધ કલ્યાણ. શુદ્ધ કલ્યાણ તેજનો ફેરિયો છે. એના વાહનમાં તેજને એ પહેલી જગ્યા આપે છે.

સુધરાઈ ખાતાના નોકરો શહેરની બત્તીઓ સાંજ પડે સળગાવી જાય છે એવી અદા આ કલ્યાણમાં નથી. એ તો એક સૂરના રાજાના દિમાકથી એનું કામ કરે છે.

એનો ધ્વનિ અંધારાંને ઊલેચનારો છે એટલે એનું નામ છે, કલ્યાણ. અજવાળાનો એ પ્રતિનિધિ છે. પણ એનામાં અજવાળાની નરી મગરૂરી નથી. ના, રે ના ! એ તો સાંજને રોકે છે. સાંજના ખબર અંતર પૂછે છે. દિવસના મૃત્યુ માટે એ સરસ સ્વરના પાઠ કરે છે. દિવસનું મોત બગડે નહિ એવી રીતે એ વાતાવરણને શુદ્ધ કરે છે.

એની પાસે છે, તીવ્ર રિખભ, તીવ્ર ગાંધાર; કોમળ રરો એની પાસે નથી તોય એ કુમાશ આપી જાય છે.

દીવાનું સ્વાગત કરતાં કરતાં એ સંધ્યા માટે નિઃશ્વાસ નાખે છે. કલ્યાણ વિના ચાલે પડે નહિ, એવી એની સ્વરશક્તિ છે.

સપનાનાં પ્રદેશમાં માનવી ગતે ઊતરે, શયન-ખંડની દુનિયામાં સ્ત્રી-પુરુષ જીવવા જાય, ગતની જવાબદારીમાં પુરુષ અને સ્ત્રી દાખલ થાય એમને કલ્યાણ ગંભીર બનવાનું સમજાવે છે જો જો હો, સેજના બગીચાને સાવ ઉજડી ન નાખતા. સંભાળજો હોં સેજના કાચભાગને અટ્ટો ન લગાડતા. સાંભળો ! સેજ પર અનેક સ્ત્રી પુરુષોના આંસુ પડયાં છે જિંદગીની મુલાયમ પળો સેજમાં સળવળે છે. એમાં ગીત છે, એમાં ગાળ પણ છે. એમાં સુગંધ છે, એમાં બદબૂ પણ છે. એમાં ઝરણા છે ને એમાં ખાબોચિયાં છે. એમાં રૂપ છે ને એમાં કરૂપ પણ છે. એમાં કૂપ-માળ છે અને ફાંસીય છે. સેજના આવા વિરોધો પર હું સૌનું ધ્યાન ખેંચું છું અને સૌનું કલ્યાણ ઈચ્છું છું. સેજનું જીવન મહત્વનું જીવન છે, એ વાત કહેતાં હું લગારે ડરતો નથી. ઉરનો ઈતિહાસ રાત્રિએ લખાય છે. એની હું તમને જાણ કરું છું. જાવ, દીવાની દુનિયામાં ઊપડી જાવ."

કલ્યાણનો અમલ પૂરો થાય છે.

અરધી રાત વીતી ગઈ છે. એને રોવા દો. એના કાનમાં ડહાપણનો બોલ મેલવો નથી. એને દિલાસાની જરૂર નથી. એને દિલાસો આપનાર એનું ગળું છે.

માલકંસ પથ્થર પર બેઠો છે. એકલો બેઠો છે. એને એક અશક્ય લાગતી બીના પાર પાડવી છે. એ આસ્તેથી કહે છે :

" મારે તો પથ્થરને પીગળાવવો છે. માણસને તો સૌ પીગળાવે. મારે પાણાને હૃદયવાળો કરવો છે.

ગ, મ, ધ, નિ અને મધ્યમનો મુકામ ! દર્દ હો ગઈ ! રૂદન, મર્દમાણસનું રૂદન. મરત દવિનુ રૂદન. સિંહની આંખનું આંસુ. નિઃશ્વાસનો તાલ.

જરૂર ! માલકંસ એક દિવસ આશક હોવો જોઈએ. એના પ્રભુને એ સર કરી શક્યો નહિ હોય. એણે જગતના દરેક આશકના દિલનો પારો, હલતો પારો, એની હથેળીમાં રાખ્યો હશે. અને એ હલતા પારા-માંથી એણે એની હલક બાંધી હશે.

નાશાદી પણ કેવી ? વિષાદ પણ કેવો ? પહાડની કોઈ ઊંચામાં ઊંચી ધારના જેવો ! ના, નિશ્વાસ ફૂલોના વગડા જેવો !

કદાચ માલકંસ પથ્થર પીગળાવી નહિ શકે ! એ પથ્થર પીગળાવી શકે તોજ એ એગ્રહમ સનમને મનાવી શકે. માશુકના કઠોર હૃયાને પીગળાવી શકે !

માલકંસે એ સારું કર્યું. પહેલાં પથ્થર, પછી માશુક.

જમાનાઓ આવ્યા છે. ને ગયા છે. પથ્થર પીગળ્યો નથી. માલકંસનો આલાપ અટક્યો નથી. મધરાતનો એ સ્વર અટક્યો નથી.

કોઈ જાણકાર કહે છે કે માલકંસને ખબર નથી, પણ જાણકારે જોયું છે કે પથ્થર આગળથી જે ઝરણ ચાલતું થયું છે એમા પથ્થરનાં છાનાં આંસુ છે. પથ્થર માલકંસને ખબર ન પડે એવી રીતે માલકંસની આજ્ઞાથી છાનુંમાનું રોઈ લ્યે છે. ને આ રીતે પથ્થરનાં આંસુ, જગતનાં આશક–માશુકની યાદને રોતાં ઝરણાંની મારફત ઊજવે છે.

માલકંસ પછી બીતી બીતી સોહિણી આવે છે. પણ માલકંસને કાંઇ કહેવાની એનામાં હિંમત નથી. માલકંસ પછી બીજા કોઇની હવા જમાવવી અતિશય મુશ્કેલ છે.

અજબ રીતે રોતા માલકંસને છાનો રાખવા માટે એના જેવો જ એક અનુભવી ધીરગંભીર ભૈરવ આવે છે. ભૈરવ માલકંસની પાસે બેસીને કહે છે:

"તું શોક કર મા. તારી મમગીનીએ મને દૃષ્ટિ આપી છે."

મારું તું કહેવું સાંભળ ! હું દિલસફ છું. પ્રેમમાં હારી જવું એ તો કલાને જીતવા બરોબર છે. એ પરાજયમાંથી કલાનો જન્મ થાય છે. તારું રૂદન નકામું ઠરશે નહિ. મને જરા સાંભળ ! મારું સંગીત સાંભળીને જોગીઆએ એનો જોગ ઝળકાવ્યો છે. હું જઇશ ને જોજે ! મારી સુરપગલીઓ પર પ્રેમ મૂકવા જોગીઆ આવશે. પણ હું તો તને લેવા જ આવ્યો છું. ચાલ ભાઇ ! આપણે ચાલ્યા જઈએ ! આપણે કોઈ સરોવરમાં સ્નાન કરી આવીએ. આપણે ઊઘડનારા સુમનમાંથી ભમરો ઊડી જાય એ ક્ષણે હાજર રહીએ. ચાલ મારી સાથે ચાલ.'

નિષ્પક્ષ

એક મોટી મિલકતના વારસાહક બાબતનો મુકદ્દમો ચાલતો હતો. ન્યાયાધીશ ઘણા કરડા અને એક ધાને બે કટકાની નીતિમાં માનનારા ગણાતા હતા.

એક દિવસ ઊઘડતી અદાલતે ન્યાયમૂર્તિ અદાલતને સંબોધીને બોલ્યા: 'સદ્‌ગૃહસ્થો, આ ખટલામાંના ફરિયાદી તરફથી રૂ. ૧૦,૦૦૦ નો અને બચાવપક્ષ તરફથી રૂ. ૧૫,૦૦૦ નો, એમ બે ચેક મને મળ્યા છે. બચાવપક્ષને રૂ. ૫૦૦૦ પાછા આપીને પછી આ ખટલાનો ચુકાદો માત્ર તેના ગુણદોષ ઉપરથી આપવાનો મેં નિર્ણય કર્યો છે.

ભાષાંતર કે રૂપાંતર ?

ઉમાશંકર જોષી

વિખ્યાત ફ્રેંચ કવિ વિકટર હ્યુગો પોતાના લોકશાહી વિચારોને કારણે ઇ. સ. ૧૮૫૧થી ૧૮૭૦ સુધી દેશવટો ભોગવી રહ્યા હતા. તે દરમ્યાન 'લે મિઝરાબ્લ' લખાયું હતું અને ઇ. સ. ૧૮૬૨માં, એક જ દિવસે આઠ મોટાં શહેરોમાં જુદી જુદી દસ ભાષાઓમાં એ પ્રગટ થયું હતું. તે દિવસથી એણે હ્યુગોની વિપુલ સાહિત્યરચનાઓમાં તો અગ્રસ્થાન મેળવ્યું જ છે, પણ સમગ્ર નવલકથાસાહિત્યમાં પણ એક અનોખી કૃતિ તરીકે એ પંકાયું છે.

યૂરોપે છેલ્લાં સો-સવાસો વરસમાં આપણાં પ્રાચીન પુરાણોની કાંઇક યાદ આપે એવી જે કેટલીક મહાકાય નવલકથાઓ સર્જી છે તેમાની 'લે મિઝરાબ્લ' એ એક છે. આ અર્વાચીન યૂરોપીય પુરાણકથાઓમાં પણ અનેક આડકથાઓ આવી મળતાં મૂળ કથાનો પ્રવાહ પુષ્ટ થતો હોય છે અને એ બધી શાખા-પ્રશાખાઓ પોતાની સાથે સમાજના ખૂણેખૂણાની વાત લઈ આવી હોય છે, તેમજ અંતે આખોય કથા-પ્રવાહ રચનારને પ્રિય એવી કોઇ વિશાળ ધર્મભાવનાના સાગરસંગીતમાં વિલીન થઇ જતો હોય છે.

'લે મિઝરાબ્લ'નાં કોઈ પણ ચાર પૃષ્ઠ વાંચતાં વરતાઈ આવે એવું છે કે હ્યુગોના હૃદયમાં રમી રહી છે તે માનવધર્મની ભાવના છે. એ ભાવનાનો ફુવારો આપણે ત્યાં તો યુગે યુગે અવિચ્છિન્ન ઊડ્યાં જ કર્યો છે. ભક્તકવિ ચંડીદાસે ગાયું છે: 'સબાર ઉપર માનુષ આછે, તાહાર ઉપર નાઈ.'—સર્વની ઉપર મનુષ્ય છે, તેની ઉપર કોઇ નથી. મનુષ્યનું આવું બહુમાન યૂરોપમાં ૧૮મી સદીના અંતમાં મહાનુભાવ રૂસોએ ભારે જોરશોરથી કર્યું. પ્રત્યેક જીવાત્માના, પ્રત્યેક વ્યક્તિના મહત્ત્વનો રૂસોએ ઉદ્ઘોષ કર્યો. ફ્રાન્સમાં થયેલી ૧૭૮૯ની ક્રાન્તિમાં રૂસોની આ ઘોષણાનો ફાળો નાનોસૂનો લેખાતો નથી. વ્યક્તિનું ગૌરવ પૂર્ણપણે ખીલી ઊઠે તે તો કેવળ પ્રકૃતિના ખોળામાં જ, એ વિચાર પણ રૂસોએ આગળ કર્યો હતો. પરિણામે, શહેરોની ઊંચનીચભેદવાળી કહેવાતી સંસ્કૃતિ સામે અણગમો જાગ્યો અને એ કહેવાતી સંસ્કૃતિથી અલિપ્ત એવાં કુદરતને ખોળે કિલ્લોલતાં નિર્દોષ માનવબાળ માટે પક્ષપાતનું વલણ જામ્યું. આની સાથે, શહેરોની કહેવાતી 'સંસ્કૃતિ'ના ભોગ બનેલ, સમાજનાં ષડ્યંત્રોમાં પીલાઈ વિકૃત બનેલ, કંગાલ, ભિખારી, વેશ્યા, ગુનેગાર, વગેરે માટે પારાવાર સહાનુભૂતિની-સહાનુકંપાની લાગણી ઉછળવા માંડે એ પણ સ્વાભાવિક જ હતું. 'લે મિઝરાબ્લ'માં આ લાગણીનું ઉજ્જ્વળ પ્રતિબિંબ ઝીલાયું છે.

જિન વાલજિન પ્રામાણિકપણે મજૂરી કરી બેન અને ભાણેજિયાંનું પોષણ કરતો. બેકાર બનતાં એકવાર એ રોટી ચોરવા જાય છે અને એ માટે પાંચ વરસની સજા પામે છે, જે કેદખાનામાં થયેલા બીજા ગુનાઓને લીધે ઓગણીસ વરસ સુધી પહોંચે છે. રીઢો ગુનેગાર બની આખરે એ છૂટે છે ત્યારે દુનિયા આખી એની પૂંઠે કૂતરાં મેલે છે. માત્ર એક પાદરીનું હૃદય એને વધાવે છે અને ચોરી ઉપર સામેથી શિરપાવ આપે છે. આ 'મંગળમૂર્તિ' પાદરીનો પરિચય જિન વાલજિનના હૃદયને સનાતન માનવતાના રાજમાર્ગ ઉપર પાછું ચઢાવી દે છે. મેડેલીન નામથી એક ગામમાં એ નવો અવતાર શરૂ કરે છે અને પરગજુ નગરપતિ બની ચોમેર સાધુતાની સુવાસ પ્રસારે છે. જેવર્ટ નામના એક પોલિસ અધિકારીને મેડેલીન વિશે શંકા રહ્યા કરે છે. પણ જિન વાલજિન તરીકે કોઈ નિર્દોષ ખેડૂત પકડાયાનું જાણી મેડેલીન પોતેજ ન્યાયમંદિરમાં હાજર થઇ ફરી કેદી થવાનું સ્વીકારે છે. એક બાલકને વહાણના ઊંચા વાંસ પરથી બચાવી, પોતે સમુદ્રમાં ઝંપલાવી, અદૃશ્ય થઈ, ફરી પાછો જિન વાલજિન સમાજમાં ડોકું કાઢે છે. મેડે-

લીન તરીકે, એક કુમારી માતાને અંતકાળે, મદદરૂપ થયેલો તેની દીકરી કોઝેટને વીશીની કાળી મજૂરીમાંથી છોડવી એ પેરિસ ભેગો થાય છે. પણ ત્યાં જેવર્ટ બે ડગલાં આગળ જ હતો! નાસીને સાધ્વીઓના મઠમાં પોતે માળી તરીકે રહી ત્યાં જ કોઝેટને ભણવા મૂકે છે. કોઝેટ મોટી થતાં મેરિયસ નામના એક નબીરાના પ્રેમમાં પડે છે. ઈ. સ. ૧૮૩૨ના જ્વલંત દિવસોમાં પેરિસમાં વિપ્લવ ભભૂકી ઊઠે છે તેમાં તે એક અગ્રણી છે. ક્રાન્તિકારીઓના હાથમાં જેવર્ટ જાસૂસ તરીકે સપડાઇ જાય છે. જિન વાલજિન (હવે તેનું નામ ફોશલવેન્ટ છે) પોતે એને પૂરો કરવાની રજા મેળવી તમંચાની અણીએ એને ગલીને નાકે લઇ જઇ હાથપગનાં બંધન કાપી નાખી છૂટો કરી, હવામાં ખાલી બાર કરે છે. પાછળથી વિપ્લવવાદીઓનું આવી બને છે. જિન વાલજિન સલામત છે, પણ મેરિયસ ઘવાઇને બેભાન બન્યો છે. તેને ઊંચકીને, બીજો કોઈ રસ્તો ન હોઇ ગટરમાર્ગે એ બચી છૂટે છે. નદીકિનારા પાસે બહાર નીકળે છે તો સામે જેવર્ટ! મેરિયસને એના દાદાને ત્યાં મૂકી આવવા પૂરતી તે માગણી કરે છે. મેરિયસને એને ઘેર સોંપ્યા પછી જિન વાલજિન પોતાની ખોલીએ ડોકિયું કર્યા બાદ પકડાવાની ઇચ્છા બતાવે છે. ત્યાં પહોંચ્યા પછી જેવર્ટ કહે છે, ગાડી ઊભી છે, તમે ઉપર જઇ આવો. જિન વાલજિન પાછો આવીને જુએ છે તો નહિ ગાડી કે નહિ જેવર્ટ! પોલિસ કચેરીએ જઈ દંડલો અહેવાલ પેશ કરી જેવર્ટ સીધો સીન નદીએ જઈ તેનાં જળમાં અદૃશ્ય થાય છે. અહીં મેરિયસ સાજો થઇ કોઝેટને પરણે છે. જિન વાલજિન, પોતે નાસી છૂટેલ કેદી છે—એ વાત મેરિયસને કહે છે. નવદંપતી ધીમે ધીમે તેની માયા ઓછી કરી દે છે. ડોસો એકલો દહાડા કાઢે છે. પણ તેના મૃત્યુ પહેલાં મેરિયસ જાણવા પામે છે કે પોતાની જિંદગી બચાવનાર ડોસો તે આ માણસ જ છે. દંપતી ડોસા પાસે દોડી પહોંચે છે. ત્યાં, અંતિમ ઘડી આવી પહોંચી છે. જિન વાલજિન કહે છે: "ઓરાં આવો, બંને જણાં ઓરાં આવો... આ રીતે મરવું કેવું રૂડું છે!...મારે તમને બે વાત કશીક કહેવી હતી, પણ રહો, હવે એની કાંઈ જરૂર નથી. જરી ઓરાં આવો તો, મારાં બાળુડાં! આમ મરતાં પણ કેટલું સુખ છે!"

ખરેજ, જિન વાલજિનને જગત સુખી જીવન જીવવા દે એમ ન હતું; તેમ છતાં એણે, જગતની બુરાઇઓ જરવી જઈ, પોતાની અંદર પેલા પાદરીએ પ્રગટાવેલી ભલાઇને બુઝાવા ન દઈ, જે ધીરજભરી અખૂટ સહનશીલતા દાખવી, તેને અંતે સુખભરી મૃત્યુઘડી જરૂર મેળવી હતી. પોતાની પાછળ બે સુકુમાર કોડભર્યાં દંપતીને-બંનેનાં જીવનનું પોતાના પ્રાણને ભોગે રક્ષણ કરીને-મૂકતો ગયો હતો. અને જેવર્ટ? તેને પણ એણે મોટું જીવનદાન કર્યું ન હતું? એનો સ્થૂળ દેહ એકવાર પોતે બચાવ્યો હતો એ તો ઠીક. પણ કાયદાં કરતાં પણ કાંઇક (માનવઆત્મા) મહાન છે એ સત્યનો સાક્ષાત્કાર પોતાને લીધે જેવર્ટને થયો ન હતો? તેની એણે સીનમાં ઝંપલાવીને પ્રાણથી જે કિંમત આપી તે કાંઈ બહુ મોટી હરગીજ ન હતી.

'લે મિઝરાબ્લ'એ, આમ, ઉપલકદૃષ્ટિએ જગતનાં દીન, દુખિયાં, દબાયાં, દુભાયાંની કરુણ કથા લાગે છે, પણ જરીક જ ઊંડું જોતાં દુનિયાના નિર્ઘૃણ સ્વાર્થપોપડાઓ નીચે કલકલ વહી રહેલા ચિરંતન માનવતાઝરણનું આપણને દર્શન અને પાન કરાવનારી એ એક મંગલકથા બની રહે છે.

હ્યુગોની રંગદર્શી લેખણીએ કથા ભારે સચોટતાથી રજૂ કરી છે. કથાનો વેગ કયાંય કથળતો નથી, સાદી છતાં એકએકથી વધુ આશ્ચર્યકારક ઘટનાઓ નજર આગળ બનતી જ રહે છે, અને ન્યાયમંદિરમાં મેડેલીન હાજર થાય છે, જિન વાલજિન ખલાસીને બચાવે છે, વગેરે ચિત્રો તો હૃદયમાં છપાઇ જ જાય એવાં છે! 'પાદરીની દીવીઓ'નું અંગ્રેજીમાં એકાંકી નાટક થઇ ચૂક્યું છે. એવાં નાટકો આ કથામાં વેરાયેલાં પડ્યાં દેખાશે.

આખી ગાથા મહાકાવ્યની ભવ્યતા ધારણ કરે છે અને વાક્યે વાક્યે એમાંથી ઊર્મિકવિતા ઝરે છે. લિટન સ્ટ્રેચી કહે છે કે શબ્દ ઉપરના પ્રભુત્વમાં હ્યુગો એક શેકસપિયર કરતાં જ ઊતરે એમ છે.

પણ ઘણીવાર આ શબ્દસ્વામિત્વ એ શબ્દાડંબર તરફ પણ લેખણીને ઘસડી ગયા વગર રહેતું નથી અને હ્યુગોને એ કારણે થોડુક વેઠવું પણ પડયું છે. આજે વિવેચકો હ્યુગોની અમર કૃતિઓ માટે એની ગદ્યરચનાઓ કે અનિયંત્રિત પદ્યરચનાઓ તરફ નહિ પણ દૃઢ છંદોબંધનમાં રાચતી એની કવિતા તરફ મીટ માંડે છે. કોઈ કોઈ રસજ્ઞને 'લે મિઝરાબ્લ' આજે અતિકાય લાગે છે.

અને તેથી ભાઈશ્રી મૂળશંકરે 'લે મિઝરાબ્લ'નો સંક્ષેપ આપ્યો એમાં બેવડું ઔચિત્ય સધાયું છે. ઉપર સૂચવ્યો છે તેવો શૈલીનો ભેદ દૂર થયો અને વિદ્યાર્થીઓને એક રોચક, સરળ અને સાચો સંક્ષેપ પણ મળ્યો. આવા સંક્ષેપ કરવાનો હક, જે લેખક મૂળ કથાના રસને પી ડોલી ઊઠયો હોય અને એને માટે જેને એવી ગાઢ આત્મીયતા બંધાઈ હોય કે પોતે એને સર્વથા વફાદાર જ રહે, તેને જ હોઇ શકે. શ્રી. મૂળશંકરે મૂળનો રસ આપણને પહોંચાડવામાં કશી જ કમી રાખી નથી.

ભાષાંતર કે રૂપાંતર ?—એ પ્રશ્ન આ જાતના પ્રયાસો વખતે હમેશાં ઊભો થાય છે. પ્રકાશકો બૂમ પાડે છે કે ગુજરાતી વાંચકો રાસ્કોલ્નિકોફ કે ઈવાનોવિચ જેવાં વિશેષનામો જોતાં જ ત્રાસી ઊઠે છે, ત્યારે અનુવાદકો ધા નાખે છે કે મેરિયાનું મધુરી કે નુસોફિયાનું સુનન્દા કરી તેમને ગુજરાતી કપડા પહેરાવવાથી આખી કથા કાંઈ ગુજરાતના વાતાવરણમાં ગોઠવાવી સહેલી નથી. વિશેષનામો અંગેનો વાંધો બહુ મોટો ગણાવો જોઇએ નહિ. આ મહાયુદ્ધમાં યૂરોપનાં કેટકેટલાં અજાણ્યાં નાનાંમોટાં સ્થળોનાં નામ છાપાં દ્વારા આપણી જીભને ટેરવે ચઢી ગયાં હતાં ? આપણે જો જાણીએ કે મિસ્ટીન કરીને કોઈ ઓલિયો હોઇ શકે છે કે બોએટ્રીસ કરીને કોઈ સન્નારી સંભવે છે તો એથી આપણા માનસિક કુટુમ્બનો વિસ્તાર જ થશે અને દૂરદૂરના પ્રદેશોમાં આપણાં સ્વજનો છે એવી આત્મીયતાની ભાવનાને બળ મળશે. રૂપાંતર કરવા જતાં તો કેટલીક વાર મૂળ વસ્તુનું સ્વરૂપ જ બદલાઈ જવાનો ભય છે. ભાઈશ્રી મૂળશંકરે રૂપાંતરને બદલે સંક્ષેપમાં પણ ભાષાંતર આપ્યું છે તે યોગ્ય જ થયું છે. ફ્રેન્ચ નામો ફ્રેન્ચ ઉચ્ચારો પ્રમાણે જ (જેમકે જિન વાલજિન જ્યાં વાલ્જ્યાં) નથી અપાયાં એ-પ્રમાણમાં, ગૌણ બાબત છે.

ભાષાંતરની શૈલી સરળ, તળપદી અને રોચક છે. વચ્ચે વચ્ચે આવતા બોલચાલના રૂઢિપ્રયોગો અને લહેકા ભાષાંતરને જીવંતું કરી મૂકવા માટે પૂરતા છે. કથારસિકો, ખાસકરી વિદ્યાર્થીઓ, આ પુસ્તક હોંસે હોંસે વાંચશે એમાં શંકા નથી.

ભાઇશ્રી મૂળશંકરને 'લે મિઝરાબ્લ' જેવા એક ગૌરવગ્રંથનો સ્વભાષામાં સંક્ષેપ આપવાનું સાહસ ઉઠાવવા માટે અને શિષ્ટ, સુઘડ સંક્ષેપ રજૂ કરી એ સાહસમાં સફળતા મેળવવા માટે અભિનંદન ઘટે છે.

* 'લે મિઝરેબ્લ'ના આમુખ રૂપે લખાયેલું.

પ્રખર પુરુષાર્થના ધડવૈયા

શ્રી. કાકાસાહેબ કાલેલકર

મહારાષ્ટ્રની રાજધાની સતારામાં સને ૧૮૮૫ના ડીસેમ્બરની પહેલી તારીખે જન્મ થયો. આપણી રાષ્ટ્રીય મહાસભા (National congress) પણ એજ વર્ષે એજ મહિનામાં નાતાલમાં જન્મી.

પિતાશ્રી કલેકટરના હેડ એકાઉન્ટન્ટ હતા. એ હોદ્દા ઉપર એમણે સતારા, કારવાર, ધારવાડ, બેલગામ આદિ જીલ્લાઓમાં કામ કર્યું. આખરે પેન્શન લીધા પછી સાંગલી નામના દેશી રાજ્યમાં રાજ્યના ટ્રેઝરી ઓફીસર તરીકે એમણે કામ કર્યું હતું. માતાપિતા બન્ને ધર્મનિષ્ટ ભક્તિ-માર્ગી રૂઢિપરાયણ સનાતન વૃત્તિના હતા. નોકરીને કારણે અને ધાર્મિક લાગણીને કારણે એમણે મહારાષ્ટ્ર, કર્ણાટકમાં જે મુસાફરી કરી તેનો લાભ બચપણથી બાળક દત્તુને મળ્યો. પિતા જોડે સતારા, સજ્જનવાડ, જરંડા, બેલગામ, શાહપુર, કારવાર, ગોકર્ણ, ગોવા, ધારવાડ, સાવંતવાડી, મીરજ, જત, પંઢરપુર, રામદુર્ગ, મૂધોળ, સાવનુર, જમખંડી, સાંગલી વિ. શહેરો અને રાજધાનીઓમાં રહેવું પડવાથી મુસાફરીનો લાભ મળ્યો. ઘણોખરો પ્રવાસ બળદગાડીમાં થવાથી નિસર્ગનું નિરીક્ષણ કરવાની તક મળી. અને કુદરત પ્રત્યે પ્રેમ બંધાયો. મહારાષ્ટ્ર, કર્ણાટકમાં સમાજનું અને દેશી રાજ્યોની પરિસ્થિતિનું જ્ઞાન પણ સહેજ થયું. પણ આવી સ્થિતમાં ભણતર રખડે એમાં આશ્ચર્ય શું? કોઈ પણ એક નિશાળમાં એક વર્ષ ભાગ્યેજ ગાળ્યું હોય.

સને ૧૯૦૩માં બેલગામમાં સરદાર હાઈસ્કુલમાંથી મેટ્રીક અને યુનિવર્સિટી સ્કુલ ફાઈનલ બન્ને પરીક્ષાઓ પહેલેજ વર્ષે પાસ કરી અને પુના જઇ ફર્ગ્યુશન કોલેજમાં પ્રવેશ મેળવ્યો. એન્જીનીયરીંગ તરફ આકર્ષણ હોવા છતાં ૧૯૦૪ થી ૧૯૦૭ સુધીના ચાર વર્ષ ફર્ગ્યુશન કોલેજમાં આર્ટસ કોર્સમાં ગાળ્યા અને ગણિત લેવાને બદલે લોજિક અને મોરલ ફિલોસોફી ઐચ્છિક વિષય લીધો. આજ દિવસોમાં સ્વદેશી અને બહિષ્કારની હિલચાલ શરૂ થઈ. બંગભંગ પછી સરકારે જે દમનનીતિ ચલાવી તેને પરિણામે ક્રાંતિ અને કાવત્રાનું જે વાતાવરણ દેશમાં ઉત્પન્ન થયું તેમાં યુવાન હૃદયનું તણાઇ જવું સ્વભાવિક હતું.

૧૯૦૮માં પિતાશ્રીના દબાણના કારણે પહેલી એલ. એલ. બી. પાસ કરી. બીજી એલ. એલ. બી. ના ટર્મ્સ અર્ધા ભર્યા હતા. એટલામાં પિતાશ્રીનો દેહાંત થયો. અને ભણતરનો સ્વાભાવિક રીતે અંત આવ્યો. વકિલાત કરવાની દાનત તો હતીજ. દેશના ક્રાંતિકાર્યમાં સક્રિય ભાગ લેવો અને રાષ્ટ્રિય શિક્ષણને જીવન અર્પણ કરવું આ બે સંકલ્પો બંધાયા હતા. તેને માટે રસ્તો મોકળો થયો.

પ્રથમ બેલગામની રાષ્ટ્રીય શાળા-ગણેશ વિદ્યાલયમાં મુખ્ય અધ્યાપકનું કામ માસિક આઠ રૂપિયામાં શરૂ કર્યું. ત્યાનું પ્રતિગામી સનાતની વાતાવરણ પસંદ ન પડવાથી એ કામ છોડી દીધું. રાજદ્વારી હિલચાલમાં જહાલ પક્ષ તરફથી નરમદળ (moderates) ની જે નિંદા થતી તે અસહ્ય થઈ હતી.

કોલેજના દિવસોમાંજ બુદ્ધિવાદી (Rationalistic) સાહિત્ય વાંચીને ધર્મો અને ધર્મશાસ્ત્રો, ઇશ્વર અને પરલોક, આવી ગૂઢ વસ્તુઓ વિષે અશ્રદ્ધા ઊભી થઈ હતી અને નાસ્તિકવાદનો પુરસ્કાર કરવામાં વખત ગાળ્યો હતો. આગળ જતાં ડો. ભાંડારકર અને ન્યાયમૂર્તિ રાનડેનું સાહિત્ય વાંચી પ્રાર્થના સમાજ તરફ વલણ થયું. એમાંથી સ્વામી વિવેકાનંદના વેદાંત પ્રત્યે અભિરુચિ જાગી. પરિણામે ગીતા અને ઉપનિષદોનો અભ્યાસ શરૂ થયો. અનેક ધર્મોના ગ્રંથોનો અને તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કર્યા પછી અંતે શ્રી રવીન્દ્રનાથ અને મહાત્મા ગાંધીના તત્ત્વજ્ઞાન ઉપર બુદ્ધિ સ્થિર થઈ. ભગવાન બુદ્ધના જીવન અને ઉપદેશનો મન પર ઊંડો પ્રભાવ થયો હતો.

કાયદાનું અધ્યયન અને રાષ્ટ્રિય શિક્ષણનું અધ્યાપન બન્ને છોડી દીધા પછી મુંબઇમાં રાષ્ટ્રીય પક્ષના દૈનિક મરાઠી રાષ્ટ્રમતના સંપાદક મંડળમાં જોડાઈને લેખનકાર્ય કર્યું. લોકમાન્ય તિલકને છ વર્ષની સજા થઇ ત્યાંથી માંડીને નાશિકમાં ત્યાંના કલેકટર જેકસનનું ખૂન થયું, ત્યાં સુધીનો એ ટૂંકો કાળ હતો. આ કાળ દરમ્યાન મહારાષ્ટ્રમાં ક્રાંતિકારી મંડળો સાથે સંપર્ક બંધાયો હતો. સાથે સાથે એક તરફ દક્ષિણ આફ્રિકામાં લડત ચલાવનાર કર્મવીર ગાંધી તરફ અને બીજી બાજુ ક્રાંતિમાંથી નાસીપાસ થઈ યોગમાર્ગ તરફ વળેલા અરવિંદ ઘોષ તરફ આજ કાળમાં આકર્ષણ જન્મ્યું હતું.

સરકારે, રાષ્ટ્રમત બંધ પાડયા બાદ વડોદરામાં બેરીસ્ટર કેશવરામ દેશપાંડે તરફથી ચાલતા ગંગનાથ વિદ્યાલયમાં મુખ્ય અધ્યાપક તરીકે પ્રવેશ કર્યો. અહીં બેલગામમાં હતા ત્યારેજ સ્વામી રામતીર્થના લેખોનું મરાઠી ભાષાંતર કર્યું. એ મુંબઈના માસિક 'મનોરંજન' મારફતે પ્રકાશિત કર્યું હતું. વડોદરામાં નીગ્રો નેતા બુકર્ટી વોશીંગ્ટનની બે ચોપડીઓ (1) Up from slavery અને (2) My larger education વાંચવાને મળવાથી કેળવણી વિષે દૃષ્ટિ ખીલી–એ બે ચોપડીઓના ભાષાંતરમાં મદદકર્તાની સાથે રાષ્ટ્રીય કેળવણીના મૂળભૂત સિદ્ધાંતોનો આ મૂળ આગ્રહ વિચાર અહીંજ થયો. રાષ્ટ્રિય કેળવણી એટલે કેવળ દેશાભિમાન કે રાજકિય ક્રાંતિની પૂર્વ તૈયારી નથી. પણ ભારતીય સંસ્કૃતિના પાયા ઉપર વ્યક્તિગત સમાજિક અને રાષ્ટ્રીય જીવનનું નવેસર ચણતર કરવાનું છે. અને એમાં કેવળ બુદ્ધિનો નહિ પણ કલા–કૌશલ્ય તેમજ ઉદ્યોગ હુન્નરનો વિકાસ કરવાનો હોય છે એ વાતનું દર્શન થયું.

ધાર્મિક વાંચન અને મનનને અંતે સાધનાનો પ્રારંભ પણ અહીંજ થયો. ગંગાનાથ વિદ્યાલયમાં માસિક ચાલીસ રૂપિયા લઈને મુખ્ય અધ્યાપકનું કામ કર્યું.

દિલ્હી દરબાર વખતે શ્રી. સયાજીરાવ ગાયકવાડ ઉપર બ્રિટીશ સરકાર નાગજ થઈ. સરકારની એ ઈતરાજી ગંગનાથ વિદ્યાલયને નડી અને એ વિદ્યાલય બંધ કરવું. જેથી વિદ્યાલયનો રસ્તો ખુલ્લો થયો.

નાનપણનો પ્રવાસ મહારાષ્ટ્ર ને કર્ણાટક પૂરતોજ હતો. હવે અમદાબાદ, બનારસ, ગયા, કલકત્તા, બેલુરમઠ, અયોધ્યા, હરિદ્વાર, લાહોર, રાવલપીંડી, ઇત્યાદિ દૂર દૂરના શહેરો સુધી મુસાફરી કરી. ગંગોત્રી, જમનોત્રી, કેદારનાથ, બદરીનારાયણ, પશુપતિનાથ અમરનાથ આદિ યાત્રા કરી. એજ અરસામાં ટહેરી, દહેરાદુન, મુઝફરપુર, નેપાળ, શ્રીનગર, કાશ્મીર, ઇત્યાદ, સ્થાનો જોયાં. હિમાલયમાં, લગભગ અઢી હજાર માઇલની પગપાળા મુસાફરી થઈ હશે. અને અંતે એક બે ઠેકાણે ઠરી કામ બેસી 'ધ્યાન સાધના' વગેરેનો અનુભવ લીધો.

જીવન રહસ્યનો કંઈક ઉકેલ આવતા અને શાંતિ મળતાં ફરી રાષ્ટ્રીય શિક્ષણનું કામ કરવાનું સૂઝયું. તેને અંગે રવીન્દ્રનાથ ઠાકરનું શાંતિનિકેતન, હરિદ્વારનું ગુરુકુળ, રાજા મહેન્દ્રપ્રતાપનું વૃંદાવનનું પ્રેમ મહાવિદ્યાલય વગેરે સંસ્થાઓની મુલાકાત લીધી. પછી હરિદ્વારના સનાતન ઋષિકુળમાં મુખ્ય અધિષ્ઠાતાનું છએક મહિના કામ કર્યું. ત્યાંથી શાંતિનિકેતનમાં છએક મહિના શિક્ષણકાર્ય કર્યું. ત્યાંથી હૈદ્રાબાદ સિંધ જઈ સિંધુ બ્રહ્મચર્યાશ્રમમાં છએક મહિના ગાળ્યા. આમ અનેક ઠેકાણે અનુભવ લઈ એક મહિનાનો બ્રહ્મદેશનો પ્રવાસ કર્યો, ત્યા રંગુન, પેગુ, માંડલે, અમરાપુરા, યકોકુ, યેનનજાવ, પ્રોમ, આદિ મોટા મોટા સ્થળો જોઈ બ્રહ્મદેશના લોકજીવનનો ખ્યાલ મેળવ્યો.

હિમાલયની યાત્રા શરૂ કરતા પહેલાં સન્યાસ દીક્ષા લઇને રામકૃષ્ણ મીશનમાં જોડાવવાનો વિચાર હતો તે હવે બદલાયો. જેથી બેલગામ તરફ ઘેર જઈ સ્ત્રી–પુત્ર સમેત ૧૯૧૬ની સાલમાં વડોદરા પાસેના સપાજીપુરા નામના ગામડામાં ગ્રામસેવાના સંકલ્પથી રહેવાનું નક્કી કર્યું. ત્યાં એક દૂધની સહકારી ડેરી ચલાવવામાં મદદ કરી. પણ ગામડાના લોકોના ભાષાજ્ઞાનને અમારે એ કામમાં રસ જાગ્યો નહિ, તેથી વડોદરામાં રહી તેની સેન્ટ્રલ લાયબ્રેરીનો ઠીક ઠીક ઉપયોગ કર્યો.

શાંતિનિકેતનના વસવાટ દરમ્યાન દક્ષિણ આફ્રિકાથી આવેલા મહાત્મા ગાંધીજીના આશ્રમવાસીઓ સાથે પરિચય થયો હતો, મહાત્માજીના દર્શન પણ ત્યાંજ થયા હતા. એમણે જ્યારે અમદાવાદમાં કોચરબ મુકામે સત્યાગ્રહઆશ્રમની સ્થાપના કરી ત્યારે આશ્રમની રાષ્ટ્રીયશાળા ચલાવવા માટે આમંત્રણ આપ્યું. ત્યારથી મહાત્માજીનો અને એમના આશ્રમનો સંબંધ થયો. આશ્રમની સ્થાપના સાબરમતી નદીને કિનારે વાડજ મુકામે થયા પછી તરતજ મીલના મજૂરોની હિલચાલ શરૂ થઇ રોલેટ એકટ સામે ગાંધીજીએ દેશવ્યાપી વિરાટ આંદોલન–શરૂ કર્યું. એમાંથી અમદાવાદમાં રમખાણો થયા. ગોળી ચાલી, એ બધામાં સહુએ ભાગ લીધો. ત્યાર પછી અસહકાર આવ્યો. વિલાયતી કપડાની હોળીઓ શરૂ થઇ. ગુજરાત પ્રાંતીય રાજકીય પરિષદે વિદ્યાપીઠની સ્થાપનાનો ઠરાવ કર્યો. એ પ્રમાણે વિદ્યાપીઠની સ્થાપના અને ધડતરમાં ભાગ લઈ એકાદ વરસ ત્યાં કામ કર્યું. ત્યારપછી ગુજરાત પુરાતત્ત્વ મંદિરની સ્થાપના પણ વિદ્યાપીઠની સાથેજ કરી.

અમદાવાદની ઐતિહાસિક કોંગ્રેસ પછી સરકારે ગાંધીજીને જેલમાં પૂરી દીધા. ત્યારે એકાદ વરસ ગાંધીજીનું નવજીવન ચલાવવાની તક મળવાથી ગુજરાતીમાં લખવાનો પ્રયત્ન કર્યો. નવજીવનમાં લખાણને કારણે

સરકારે એક વર્ષની મહેમાનગીરી ચખાડી. જેના અનુભવનો થોડોક અંશ ઓનરાતી દીવાલોમાં આવી ગયો છે.

જેલમાંથી છૂટીને આવ્યા બાદ ગુજરાત રાજકીય પરિષદનું અધ્યક્ષપણું બોરસદમાં કરવું પડ્યું. આશ્રમની શાળાનું નવસંસ્કરણ કરવાનો પ્રયાસ ચાલતો હતો એટલામાં ક્ષયરોગના ચિહ્નોએ દેખા દીધા. જેને પરિણામે આરામ લઈ ક્ષયરોગ સામે ચાંપતા ઇલાજો કરવા પડ્યા. હજીરા, પુના, ચિંચવડ, સિંહગઢ, યવત આદિ ઠેકાણે પૂરતો આરામ લેવાથી ક્ષયરોગ દૂર થયો. પછી અમદાવાદ આવી ડૉક્ટર તલવલકરની દવા કરી. પૂર્ણપણે રોગમુક્ત થયા પછી થોડોકાળ આશ્રમમાં ગાળ્યો. અને તરતજ મહાત્માજી સાથે દક્ષિણ હિન્દુસ્તાન, આંધ્ર, ઓરિસ્સા, સિલોન, આદિ પ્રદેશોની મુસાફરી કરી.

આ પછી મહાત્માજીએ ગુજરાત વિદ્યાપીઠનો આખો ભાર માથે નાખ્યો. જે કામ પ્રિન્સીપાલ અને વાઈસચાન્સેલર તરીકે સાત આઠ વર્ષ સુધી કર્યું. એ દરમ્યાન બારડોલીનો સત્યાગ્રહ થયો. જેમાં વિદ્યાપીઠે પરિમિત પણ સક્રિય ભાગ લીધો હતો.

છેવટે જ્યારે આખરી ફૈસલા તરીકે ગાંધીજીએ દાંડીકૂચની હિલચાલ આદરી–ત્યારે ગુજરાત વિદ્યાપીઠના બધા વિદ્યાર્થીઓ, બધા અધ્યાપકો, અને કર્મચારી લડતમાં ઊતર્યા. પ્રથમ ગુજરાતના ખૂણા ખાચરા સુધી એ લોકોએ ફરીવળી દેશમાં જાગૃતિ આણી અને પછી બધા એક પછી એક જેલમાં ગયા.

ગુજરાત વિદ્યાપીઠ ચાલતી ત્યારે અને તે પહેલાં પણ નવજીવન અને વિદ્યાપીઠ મારફતે લોકશિક્ષણને ઉપયોગી એવું વિપુલ સાહિત્ય તૈયાર કર્યું–કરાવ્યું. વિદ્યાપીઠ મારફતે ગુજરાતના ઠાકરડા, ધારાળા, પઢિયાળા વગેરે નામે ઓળખાતા પછાત અને રાની કોમની સેવાનો સવાલ ઉત્કટતાથી હાથ ધર્યો હતો.

ગુજરાતી ભાષાની જોડણી એકધારી અને સર્વમાન્ય થઈ જાય એટલા માટે ગાંધીજીના કહેવા પ્રમાણે એક જોડણીકોષ તૈયાર કરાવ્યો.

આ બધી પ્રવૃત્તિ દરમ્યાન બે ત્રણ વાર જેલ જવું પડ્યું હતું. આખરે સિંધ હૈદ્રાબાદની જેલમાંથી છૂટી આવી ગાંધીજીની હરિજન યાત્રા દરમ્યાન એમની સાથે સિંધ, પંજાબ, યુક્તપ્રાંત, બિહાર, કલકત્તા, આદિ ઉત્તર ભારતની મુસાફરી કરી, એમની સાથે વર્ધા આવીને ગુજરાત છોડવાનો નિશ્ચય કર્યો.

એ જ અરસામાં મદ્રાસ તરફ ચાલતાં હિંદી પ્રચાર સભાની સ્થિતિ સુધારવા માટે અને ધનસંગ્રહ માટે બે ત્રણ મહિના દક્ષિણની મુસાફરી કરી. ત્યાંથી આવીને વર્ધા પાસેના એક ગામડામાં, સ્થિર થવાની તૈયારી ચાલતી હતી એટલામાં આસામ, બંગાળ, ઓરિસ્સા, સિંધ, કચ્છ, કાઠિયાવાડ, ગુજરાત, મહારાષ્ટ્ર અને મુંબઈ, વિદર્ભ એટલા પ્રદેશોમાં રાષ્ટ્રભાષા પ્રચારનું કામ માથે આવી પડ્યું. તેની સાથે નાગરીલિપિ સુધારવાનું આંદોલન વર્ષ બે વર્ષ ચલાવ્યું. સિંધથી આસામ સુધીનો પ્રવાસ પણ રાષ્ટ્રભાષા પ્રચારને અંગેજ બે ત્રણ વાર કરવો પડ્યો.

રાષ્ટ્રભાષા પ્રચાર માટે 'સબકી બોલી' અને ગાંધીતત્વજ્ઞાનના પ્રચાર માટે 'સર્વોદય' એવા બે માસિકો બે ત્રણ વર્ષ ચલાવ્યા. થોડા દિવસ વર્ધાના મહિલાશ્રમનું સંચાલન પણ કર્યું.

મુંબઈ સરકારના 'basic education board' ના સદસ્ય તરીકે અને એજ સરકારના હિન્દુસ્થાની બોર્ડના સભાપતિ તરીકે અમુક વર્ષ સુધી કામ કર્યું. બિહાર સરકારના હિન્દુસ્તાની બોર્ડ કે જે પારિભાષિક કોષનું કામ ચાલતું હતું એમાં પણ સદસ્ય તરીકે કામ કર્યું હતું.

૪૨ના આંદોલનના પ્રારંભમાં વિસેક દિવસ સુધી પત્રિકાઓ કાઢયા પછી રાજબંદી તરીકે જેલમાં લગભગ ત્રણ વર્ષ કાઢયા.

જેલમાંથી છૂટી આવ્યા પછી હિન્દી અને ઉર્દૂના મિશ્રણથી બનતી હિન્દુસ્તાનીનો રાષ્ટ્રભાષા તરીકે પ્રચાર કરવાનું માથે લીધું.

આટલામાં ઉંમરના સાઠ વર્ષ પૂરા થયા અને હવે સંસ્થાઓ ઊભી કરવી, ચલાવવી, તોડવી, અને નવી સંસ્થાપવી એવી પ્રવૃત્તિઓ ચલાવવા વિષે અરુચિ ઉત્પન્ન થઈ છે. એ બધી છોડીને એકલ હાથે જે કંઈ થઈ શકે તેટલું કરવાની લેખન, વાચન, નિરીક્ષણ અને ભ્રમણ ઈત્યાદિ નિવૃત પ્રવૃત્તિમાં શેષ આયુષ્ય પૂરું કરવું એ જાતની લાગણી પેદા થઈ છે.

સ્વરાજ્ય માટે પરિશ્રમ કરવાનો અને સ્વરાજ્ય જોવાનો સંકલ્પ માત્ર ધરડો થયો નથી. એ છે ત્યાં સુધી આરામ અને વિરામને અવકાશ નથી.

વર્ધા તા. ૨ : ૯ : '૪૬.

શ્રી. કાકા સાહેબના જીવન ઘડતર વિષે અનેક માન્યતાઓ પ્રચલિત છે પણ અહીં કાકા સાહેબે પોતે જ એમના વિષેની ગેરસમજ કે અતિરંગોક્તિ ટાળવાનો પ્રયાસ કર્યો છે.

એપેન્ડિસાઈટિસ

ડૉ. હેન્રી લિન્ડલ્હાર એમ. ડી.
અનુ : રમણલાલ એન્જિનીઅર

એલોપેથિક વર્ણન અને સારવાર

આ રોગ ચેપી છે. સામાન્ય રીતે એને માટે જવાબદાર જંતુ બેસીલસ કોલાય હોય છે. મોટા ભાગના કેસોમાં એપેન્ડિક્સની આંતરત્વચાને થએલી કોઇક ઇજાને લીધે જ આ જંતુ રોગને ઉત્તેજે છે. મળની ગાંઠો અથવા તો વિજાતિય પદાર્થો જેવા કે, ટાંકણીઓ અથવા દ્રાક્ષના બીયાં, સોજાનાં ઉત્તેજક કારણો થઈ શકે. કેટલાક દાખલાઓમાં ઇજા સિવાય પણ કોરી જંતુઓ સોજો લાવી શકે.

લક્ષણો : આ રોગના સામાન્ય હુમલામાં, દુઃખનું અણધાર્યું આક્રમણ, જે શરૂઆતમાં આખા પેટ ઉપર હોય છે, પણ પછીથી જલદી જમણા પેડુના ખાડામાં કેન્દ્રિત થાય છે, સ્થાનિક આળાપણું, જે મેકબર્નીના બિંદુ આગળ વધુમાં વધુ હોય છે, શરીરની ગરમીમાં વધારો, થરવાળી જીભ, કબજીયાત અને ઊલટી, એ પ્રાથમિક લક્ષણો હોય છે. પેટની જમણી બાજુના સ્નાયુઓ સખત હોય છે, અને ઘણીવાર જમણી જાંઘ સહેજ ઉપર ખેંચાયલી હોય છે. પેડુના ખાડામાં ભરાવો સ્પષ્ટ રીતે પારખી શકાય છે.

જ્યારે ચાંદા કે સડતા જખમને અંગે પેટના પડદામાં છિદ્ર પડે છે, ત્યારે ચૈતન્યનાં લક્ષણો દેખા દે છે, અને એમના પછી પેટના પડદાના સર્વવ્યાપી સોજા હેઠળ વર્ણવેલાં લક્ષણો દેખાય છે.

સારવાર (એલોપેથિક) : એપેન્ડિસાઈટિસના બધા કેસોમાં તત્કાળ શસ્ત્રક્રિયા એ સર્વોત્તમ સારવાર છે. જોકે સામાન્ય કેસોમાં એક નિયમ તરીકે સન્ધીકલ ઘાલમેલ સિવાય સંપૂર્ણ રોગશાંતિ થાય છે, તોપણ કઈ ક્ષણે છિદ્ર પડશે અને એનાથી પેટના પડદાનો પ્રાણઘાતક સોજો ઉત્પન્ન થશે એ અગાઉથી કહી શકાય નહિ. અલબત્ત, ગૂમડું થઈ ચૂકયું હોય તો ઑપરેશન આવશ્યક જ છે અને જ્યાં પેટના પડદાનો સર્વવ્યાપી સોજો હોય ત્યાં ઑપરેશન એ રોગશાંતિની એક માત્ર આશા પૂરી પાડે છે, જોકે એ આશા જુજ હોય છે. જ્યારે ઑપરેશનની ના પાડવામાં આવે અથવા તો ઑપરેશનની અપેક્ષા હોય ત્યારે દવાવાદી સારવારને સ્થાન મળે છે. આવા કેસોમાં, ગરમ શેક, કોઠો ખોલવા માટે એનિમા, વેદનાના શમન માટે અફીણસત્વ, પ્રવાહી ખોરાક (મુખ્યત્વે દૂધ), અને પથારીમાં સંપૂર્ણ આરામ, એ સારવારના મુખ્ય સાધનો છે.

નિસર્ગોપચારના દ્રષ્ટિબિંદુથી

એપેન્ડિસાઈટિસનો ફેલાવો : ભાપાના ફેરીયા બીલ માટે એપેન્ડિસાઈટિસને ઉચિત એવો નીચેનો ટુચકો કહેવામાં આવે છે. એ પોતાના માનીતા રહેઠાણથી કેટલાક મહિનાઓ માટે ગેરહાજર હતો અને એ જ્યારે પાછો ફર્યો ત્યારે એના સાથીઓએ એને આવકારતાં કહ્યું કે : "અરે બીલ, અમે સાંભળ્યું કે તને એપેન્ડિસાઈટિસ હતું" બીલે જવાબ દીધો, "ઉંહ, એપેન્ડિસાઈટિસ ? નહિ રે–એને માટે મારી પાસે પૂરતા પૈસાજ નહોતા– એ તો માત્ર પેટપીડ હતી !"

બીજી ઘણી મજાકની માફક, આમાં પણ કલ્પના કરતાં સત્ય વધારે છે. એ સમય પાસે આવતો દેખાય છે કે જ્યારે સામાન્ય લોકસમૂહ અસ્વચ્છ સમૂહ તરીકે નહિ ઓળખાય, પણ અછેદ્ય સમૂહ તરીકે ઓળખાશે.

કેટલાય સમયથી, ચિકિત્સકોની રાષ્ટ્રીય સભાઓમાં, સ્થાનિક સમેલનોમાં, અને વૈદકીય પત્રોમાં, પૂરતી ગંભીરતા સાથે એ વિધાન કરવામાં આવ્યું છે કે, બધાય બાળકોનો એપેન્ડિક્સોચ્છેદ કરવો અને સાયેસાયે કાકડાઓ કાપી કાઢવા, "જેથી એમનાં ઉત્તરજીવનમાં આ અવયવોની ફરિયાદો અટકાવી શકાય." તો પછી આપણી સંતતિને ભવિષ્યની બધી પીડામાંથી બચાવવા માટે એમના માથાં વૈજ્ઞાનિક રીતે અને કુશળતાપૂર્વક શા માટે કાપી ના કાઢવા ?

અનભિજ્ઞ લોકોમાં એ ખ્યાલ પ્રવર્તે છે કે મોટા ભાગોના કેસોમાં એપેન્ડિસાઇટિસ થવાનું કારણ, એપેન્ડિક્સમાં બીયાં અને બીજા વિજાતિય પદાર્થો ભરાય છે તે છે.

પણ ખરી રીતે આ તો એક અત્યાગ્રહી પ્રશ્ન પૂછનારાઓને આપવામાં આવતો ઉડાઉ જવાબ છે. ખરી હકીકત તો એ છે કે, અપેન્ડિસાઇટિસ માટે જેમની ઉપર ઑપરેશન થાય છે, એ બધા કેસોમાંથી એક ટકા કરતાં પણ ઓછા કેસોમાં બીયાં અને બીજા વિજાતિય પદાર્થો મળી આવે છે.

"વૈદકના સિદ્ધાંતો અને વ્યવહાર"માં પરબ્મા પાન ઉપર ડૉ. વિલિયમ ઑસ્લર કહે છે કે: "મોન્ટ્રીઅલમાંના મારા રોગશાસ્ત્રવિષયક કાર્યમાં, દશ વર્ષ દરમ્યાન, એપેન્ડીક્સમાં વિજાતિય પદાર્થો હોય એવા માત્ર બેજ દાખલાઓ મારા જોવામાં આવ્યા છે. પહેલા કેસમાં એપેન્ડીક્સમાં આઠ ગઠ્ઠા હતા, બીજામાં સફરજનનાં પાંચ બીયાં હતાં.

સુપ્રસિદ્ધ સર્જ્યનોના અહેવાલો મુજબ, જેમની ઉપર એપેન્ડિસાઇટિસ માટે ઑપરેશન થાય છે, તેઓમાંથી માત્ર પંદર ટકા જેટલા દરદીઓ જ આ દરદનો ભોગ બન્યા હોય છે બાકીના પંચાશી ટકા અંધાંત્રના, ઊર્ધ્વગામી ખૂદઅંત્રના કે નાના આંતરડાના સોજાઓથી પીડાતા માલમ પડયા છે. કેટલીકવાર પેટના પડદાના સહેજસાજ સોજાથી પણ આ રોગ જેવા લક્ષણો ઉત્પન્ન થાય છે. આવા દર્દીમાંના મોટાભાગના દર્દીનાં નિદાન અને ચિકિત્સા એપેન્ડિસાઇટિસ તરીકે જ થાય છે. આ જાદુઈ શબ્દે પ્રજાના મન ઉપર એવી તો મોહિની બીછાવી દીધી છે કે, એ શબ્દ દરદીઓને વગર સવાલે કે વગર તકરારે સીધા શસ્ત્રક્રિયાના મેજ ઉપર મોકલી આપે છે.

સર્જ્યન એમ કહે છે: "જો એ એપેન્ડિસાઇટિસ હશે તો ફકત ઑપરેશનજ દરદીની જિંદગી બચાવશે." આનો અમે ભારપૂર્વક ઈન્કાર કરીએ છીએ, અને આ વિધાન ખોટું છે, એમ અમે સેંકડો કેસોમાં સિદ્ધ કર્યું છે. અમે અમારા દર્દીઓમાંથી એકની ઉપર પણ ઑપરેશન કર્યું નથી. અને અમે એક પણ કેસ ગુમાવ્યો નથી. અમારા પોતાનાં દફતરો અને બોર્ડ ઑફ હેલ્થ આગળ રજુ કરવામાં આવેલા અમારા અહેવાલો આ હકીકત સત્ય હોવાની ખાત્રી આપે છે. જો અમારા નિદાનની સચ્ચાઈ બદલ સંશય ઉઠાવવામાં આવે, તો હું એનો જવાબ એ આપીશ કે અમે એવા કેસો ઘણી મોટી સંખ્યામાં લીધા છે કે, જેમની બીજા ચિકિત્સકો એપેન્ડિસાઇટિસ માટે સારવાર કરી ચૂકયા હોય, અને એમણે ઑપરેશન સંપૂર્ણ રીતે આવશ્યક હોવાનું જાહેર કર્યું હોય.

એનો જવાબ કદાચ એમ મળે કે: "પણ એનું છે શું? આ નિરુપયોગી વર્મીફોર્મ એપેન્ડિક્સ સિવાઇટલું બધું ધાંધલ શા માટે કરો છો? વિકાસક્રમની મહાયાત્રા દરમ્યાન માનવદેહના લુપ્ત થતા જતા અવયવોમાંનો એ એક અવશેષ અવયવ છે."

આ બાબતમાં સત્ય તો એ છે કે, માંસાહારી સસ્તન્ય પ્રાણીઓમાં એપેન્ડિક્સ બહુજ નાના કદનું અથવા તો પ્રાથમિક દશામાં હોય છે. વનસ્પત્યાહારી પ્રાણીઓમાં એ વધુ પૂરેપૂરું વિકાસ પામેલું હોય છે, એનો એથી વિશેષ વિકાસ ફળાહારી વાનરોમાં થયો હોય છે, અને એ બધાય કરતાં વધુ વિકાસ માણસમાં માલમ પડે છે. આ હકીકત, એપેન્ડિક્સ એ એક મૃત અને ભ્રષ્ટ અવયવનો અવશેષ છે, એ પ્રકારના વિધાનનું સ્પષ્ટ રીતે ખંડન કરે છે. જીવસૃષ્ટિના વિકાસક્રમ દરમ્યાન એનો વિનિપાત થવાને બદલે, એ અવયવ વધુ સંપૂર્ણ રીતે વિકાસ પામ્યો છે.

તો પછી એના ઉપયોગો કયા કયા છે? ડૉ. મેકઍરેન નામના એક અંગ્રેજ સર્જ્યનનો એવો દાવો છે કે ઇંગ્લેંડનાં કોઈપણ સર્જ્યન કરતાં એણે એપેન્ડિસાઇટિસનાં વધુ ઑપરેશનો કર્યાં છે. એણે હવે આ પ્રકારના ઑપરેશનોના પ્રશ્ન ઉપર મોરચો બદલ્યો છે, અને હવે એ એમની વિરુદ્ધ કડક ચેતવણી ઉચ્ચારી રહ્યો છે.

એ એમ માને છે કે એપેન્ડિક્સનો રસ પિત્તની પેઠે પાચનક્રિયામાં મહત્વનો ભાગ ભજવે છે, એટલા માટે તદ્દન છેલ્લી હદે બગડી ચૂકેલાં રોગી એપેન્ડિક

સોના અપવાદો બાદ કરતાં આ રોગ માટે થતાં સઘળાં ઑપરેશનો બિલકુલ ગેરવ્યાજબી છે.

આંતરડામાં આવેલું ભયસ્થાન

આંત્રપ્રદેશમાં અંધાંત્ર એ ભયસ્થાન શા માટે છે એ બાજુના ચિત્રમાં બતાવવામાં આવ્યું છે. ખોરાક હોજરીમાંથી નીકળ્યા પછી, નાના આંતરડામાંથી પસાર થાય છે, અને ઇલીઓ-સીકલ વાલ્વ મારફતે મોટા આંતરડામાં દાખલ થાય છે. અંધાંત્ર અથવા સીકમ એ ઉપર જતા મોટા આંતરડાના નીચેના છેડાની બનેલી કોથળી છે, અને નાનું આંતરડું મોટા આંતરડામાં જ્યાંથી પ્રવેશે છે તેની સપાટીની નીચે એ આવી રહેલી છે.



અંધાંત્રમાંથી આહારના અવશેષો ઊર્ધ્વગામી બૃહદ્ અંત્ર મારફતે ઉપરની બાજુ જાય છે, અનુપ્રસ્થ બૃહદ્અંત્રમાંથી બાજુમાંથી જાય છે.ત્યારપછી અધોગામી બૃહદ્અંત્ર, કટિરેખ બૃહદ્ અંત્ર, મળાશય અને ગુદા મારફતે નીચે ઊતરીને શરીરની બહાર જાય છે. વાંચકના ધ્યાનમાં એ આવ્યું હશે કે ઊર્ધ્વગામી બૃહદ્અંત્ર એજ એક આંતરડાનો એવો ભાગ છે કે જેમાંથી આહારના અવશેષોને સીધેસીધા ઉપર ચઢવાનું હોય છે. એટલા માટે ગુરુત્વાકર્ષણના બળને લઈને અથવા તો અધોગામી દબાણને લઈને મળનું અંધાંત્રમાં સંચિત થવા તરફ અને એને વિસ્તૃત કરવા તરફ વલણ હોય છે. એટલા માટે આંત્રપ્રદેશનું એ ભયસ્થાન છે.

જો આ ઉપરાંત શિથિલતા અને કબજિયાત તરફ વલણ હોય તો અંધાંત્ર બહુજ ધ્યાનપાત્ર હદ સુધી વિસ્તૃત બને છે. એમાં ખાદ્ય પદાર્થો એકઠા થાય છે, અને આયાને તે સડાને જન્મ આપે છે. આ રોગક્રિયાઓ અંધાત્રની દીવાલોના, મોટા આંતરડાની પાસેનાં નાનાં આંતરડાના અને કેટલીકવાર એપેન્ડિક્સના સોજામાં, વારંવાર પરિણમે છે.

બીજી કેટલીકવાર આ દુર્ગંધયુક્ત મળસંચયના પોપડા જામી જાય છે, ત્યારે એપેન્ડિક્સની ગ્રંથિઓના સ્રાવો રોકાઈ જાય છે, અને એમાંથી જમાવ, સોજો, ગૂમડાં તેમજ તેની સાથે તાવ, ઝડપી નાડી, મેકબર્નિઝ પ્રદેશમા તીવ્ર દુઃખ વગેરે સઘળાં સહગામી લક્ષણો ઉપસ્થિત થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો લક્ષણોના જે સમૂહનું એપેન્ડિસાઇટિસના નામથી નિદાન થાય છે, તે દેખા દે છે.

એપેન્ડિસાઇટિસનું સાચું કારણ

આગળ જે જણાવવામાં આવ્યું છે તે ઉપરથી એ સ્પષ્ટ થશે કે એપેન્ડિસાઇટિસના ઘણા મોટા ભાગના કેસો વિજાતિય પદાર્થોથી નથી થતા પણ આંતરડાના હઠીલા પ્રમાદીપણાથી થાય છે. એને મટાડવા માટે સર્જન શું કરે છે? એપેન્ડિક્સને કાતરી નાખવાથી, આંતરડાનું અજીર્ણ અને કબજિયાત ઉત્પન્ન કરનાર, ખોટી ટેવો તથા રોગી અવસ્થાઓમાં પરિવર્તન થતું નથી.

કેટલાક વર્ષો અગાઉ ફ્રેન્ચ એકેડેમી ઑફ સાયન્સના એક સભ્યે પ્રસિદ્ધ કરેલા આંકડા એમ બતાવતા કે, જુદાજુદા દેશોમાં અને સમાજના જુદાજુદા વર્ગોમાં માંસના વપરાશના પ્રમાણમાં જ, એપેન્ડિસાઇટિસનો વધારો થતો હતો.

એ બાદીમાં એપેન્ડિસાઇટિસના ફેલાવામાં અને માંસના વપરાશની બાબતમાં અમેરિકા મોખરે હતું. ત્યારબાદ ઇંગ્લેન્ડ, ફ્રાન્સ અને જર્મનીનો વારો આવતો હતો. ફ્રાન્સ અને જર્મનીના અર્ધનિરામિષાહારી ખેડૂ-

તવર્ગમાં આ રોગનો જેટલો ફેલાવો હતો, એના કરતાં ઘણોજ વિશેષ ફેલાવો એ દેશોના આર્થિક રીતે સાધનસંપન્ન માંસાહારી વર્ગોમાં હતો.

કબજિયાતના અને એટલા માટે એપેન્ડિસાઇટિસનાં મુખ્ય કારણો માંસ, મચ્છી, મરઘાંબતકાં, ઇંડાં, કોફી અને સફેદ રોટી એ છે. અતિશય પ્રમાણમાં લેવામાં આવતાં માંસના ખોરાકમાંથી સડો ઉદ્ભવે છે. એનાથી જંતુઓનો વિકાસ, સોજો અને ઝાડા માટે અનુકૂળતા ઉત્પન્ન થાય છે, જેને પરિણામે ધીમેધીમે અશક્તિ અને ક્ષીણતા દેખા દે છે.

આ ગ્રંથમાળાના ત્રીજા પુસ્તકમાં આપણે એ જોયું છે કે, નત્રિલ અને કર્બુદિતવાળા ખોરાકો, તૈલીદ્રવ્યો અને શર્કરાની અતિશયતા માનવદેહમાં રોગોત્પાદક પદાર્થો પેદા કરે છે. આ રોગોત્પાદક પદાર્થો, અને એમની સાથેસાથે કોફી અને ચાના ઝેન્થીનો, પાચનક્રિયાના અવયવોને પહેલાં તો ઉત્તેજીત કરે છે, પણ પાછળથી અચૂક રીતે જડ કરી નાખે છે. આ પદાર્થો પિત્તાશય, ગુરદા અને મૂત્રાશયની પથરી પેદા કરે છે, એટલું જ નહિ પણ આંતરડાઓમાં, અંધાંત્રમાં અને એપેન્ડિક્સમાં ચોપડાઓ પેદા કરે છે. આ મળસંચય રસસ્રાવી ગ્રંથિઓને અને આંતરત્વચાને રૂંધે છે, સતત ક્ષોભનું કારણ બને છે, અને ખોરાકનું અભિશોષણ અટકાવે છે.

સફેદ રોટી શા માટે કબજિયાત કરે છે?

અનાજોના અંકુરોમાં ડાયાસટેઝ અને પેપટેઝ એ નામના બે શક્તિશાળી ઉત્સેચકો હોય છે. ડાયાસટેઝ અનાજના કર્બુદિતનું શર્કરામાં રૂપાંતર કરે છે. પેપટેઝ ગ્લુટનનું પ્રોટીઓઝ અને પેપટોન્સમાં રૂપાંતર કરે છે. ઈંડાની જરદી અને સફેદ ભાગ જેમ મરઘીના બચ્ચા માટે ખોરાકની ગરજ સારે છે, તેમ આ બે તત્વો ઊગતા દ્રુમના ખોરાકનું કામ કરે છે. આખા અનાજના લોટમાં આ ઉત્સેચકો સચવાઇ રહ્યા હોય છે. એ રોટીમાં આથો ચઢાવવા માટે ખમીરનું કામ કરે છે, કર્બુદિતનું ડેક્સટ્રીન અને શર્કરામાં, અને ગ્લુટનનું પ્રોટીઓઝ અને પેપટોન્સમાં રૂપાંતર કરે છે, અને આ રીતે રોટીમાંના કાચા પદાર્થોનું પૂર્વપાચન કરે છે. શરીરમાંનાં પાચક ઉત્સેચકો જે રીતે કાર્ય કરે છે તેજ રીતે તેઓ લોટ ઉપર કાર્ય કરે છે.

આખા અનાજનો લોટ શા માટે 'સારો નથી રહેતો' અને મેંદાને મુકાબલે એને હલકો કરવા માટે ઓછા ખમીરની શા માટે જરૂર પડે છે, એનો આ ખુલાસો છે. દળવાની ક્રિયા દરમ્યાન મેંદામાંથી ડાયાસટેઝ અને પેપટેઝ ધરાવતા અંકુરો હરાઇ ગયા હોય છે, અને ખનીજ ક્ષારો ધરાવતું, તથા એ રીતે પ્રજીવનકોનું વાહક થૂલું પણ કાઢી લેવામાં આવ્યું હોય છે. આખા અનાજના લોટમાં આવતા થૂલાના નાના કણો આંતરડાની સર્પગતિ માટે નૈસર્ગિક ઉત્તેજકનું કાર્ય કરે છે. એ હોજરી અને આંતરડાઓમાંના કર્બુદિતના જથ્થાને ઢીલો કરે છે, અને એ રીતે પાચક રસોના પ્રવેશને સરળ બનાવે છે.

નૈસર્ગિક ઉત્સેચકો અને અનાજના બાહ્યાવરણો, જેમની પાસેથી હરાઈ ગયાં છે, એવા મેંદાની રોટી, મીઠાઈ અને બીજા પદાર્થોનું વલણ, આંતરડામાં ચીકણો અને ગઠ્ઠાવાળો મળ ભેગો કરવા તરફ હોય છે. સફેદ રોટીના ખોરાકથી ઘોડાઓ મરી ગયા હોય એવા દાખલાઓ હું જાણું છું. એ ખોરાકથી આંતરડામાં નક્કર ગઠ્ઠા જામ્યા એને લઇને આંત્રાવરોધ ઉત્પન્ન થયો અને એ રીતે એ પ્રાણીઓ માર્યાં ગયા. જેનાથી ઘોડો મરી જાય એવા ખોરાકો પચાવવાનો માનવપ્રાણીઓ પ્રયત્ન કરે અને એમને કબજિયાત તથા એપેન્ડિસાઇટિસ થાય એમાં કાંઇ નવાઈ ખરી?

જ્યારે માંસ-મેંદાની રોટી-મીઠાઈ-અને કોફીનું કબજિયાત કરનારું પ્રચલિત ભોજન એનાં સ્વાભાવિક પરિણામો દેખાડવા માંડે, ત્યારે એ અનિષ્ટ પરિણામોનો પ્રતિકાર કરવા માટે પેટન્ટ દવાઓ, ને સારક તથા રેચક દવાઓનો આશ્રય લેવામાં આવે છે. કાર્ય અને પ્રતિકાર્યના નિયમ મુજબ આ ઝેરી ઉત્તેજકો આંત્રપ્રદેશની હઠીલી ક્ષીણતાને કેવળ વહેલી આમંત્રવાનું જ કામ કરે છે.

આગળ જે જણાવવામાં આવ્યું છે, એ ઉપરથી સ્પષ્ટ થશે કે, વિપુલ પ્રમાણમાં ફળો, શાકભાજીઓ

અને આખા અનાજેની વાનીઓ ધરાવનાર સમતોલ નિરામિષાહારી ભોજન (પુસ્તક ૨જું) એજ કબજિયાત અને એપેન્ડિસાઇટિસ માટે સર્વોત્તમ પ્રતિબંધક છે. બીયાંવાળા ફળો જેમની ઉપર એપેન્ડિસાઇટિસ ઉત્પન્ન કરવાનો આક્ષેપ મૂકવામાં આવ્યો છે, તેઓ જ ખરેખર આ સામાન્ય રોગનાં સર્વોત્તમ પ્રતિબંધકો છે. આ હકીકત વ્યવહારુ અનુભવથી સિદ્ધ થએલી છે. જેઓ વિવેકયુક્ત નિરામિષાહારી ભોજન કરતા હોય છે, તેઓ કબજિયાત અને એપેન્ડિસાઇટિસથી ખરેખર અજ્ઞાત જ હોય છે, પણ એપેન્ડિકસ કાતરી નાખવા માટે જેને પૂરતા પ્રમાણમાં નાણાં મળે છે, એવા સર્જન, પાસે એ પોતે જાણતો હોય તોપણ, આહારવિષયક ઉપદેશ આપવા માટે, બગાડવા યોગ્ય ફાજલ સમય હોતો નથી.

ઉગ્ર એપેન્ડિસાઇટિસની ચિકિત્સા

ઉગ્ર એપેન્ડિસાઈટિસની ચિકિત્સા બીજા કોઈ પણ ઉગ્ર સોજાયુક્ત તાવવાળા વ્યાધિની ચિકિત્સા જેવી જ હોય છે. પુષ્કળ પ્રમાણમાં તાજી હવા, સંપૂર્ણ ઉપવાસ, જલોપચાર અને મેનીપ્યુલેટીવ સારવાર એ એની જરૂરિયાતો છે. ઉપવાસ દરમ્યાન દરદી પોતાની ઈચ્છા મુજબ, જેટલું જોઈએ તેટલું કુદરતી ગરમીનું પાણી, પાતળા બનાવેલા અમુક ફળોના રસ સાથે મેળવીને લઇ શકે છે.

બીજા સંપ્રદાયોના ચિકિત્સકોની સારવાર હેઠળ રહેલા એપેન્ડિસાઇટિસના દરદીઓને જોવા તપાસવા માટે મને જ્યારે જ્યારે બોલાવવામાં આવ્યો છે, ત્યારે ત્યારે દરેક દાખલામાં મારે ગરમ પાણીના કોમ્પ્રેસો કે બરફની કોથળી દૂર કરવાં પડયાં છે. બન્ને ઉપચારો ખરેખર નુકશાનકારક અને વિનાશક છે, મેં આ ગ્રંથમાળાના બીજા પુસ્તકમાં ગરમ પાણીના ઉપચારોના કાર્ય વિષે સમજ આપી છે. લોહીના જમાવ અને દુઃખમાં કૃત્રિમ ગરમી તાત્કાલિક રાહત આપી શકે છે, પણ સાથોસાથ એ રોગગ્રસ્ત ભાગોની ગરમીને પણ સાચવી રાખે છે. આ ઉપચાર ગરમીના પ્રસરણને સદામરૂપ થવા માટે કંઈજ કરતો નથી અને એ રીતે એ પરુયુક્ત ગૂમડું થવાની ક્રિયાને અનુકૂળતા કરી આપે છે. બીજી બાજુ બરફનો ઉપચાર એ ભાગોને ઠંડા કરીને ઠારી નાખે છે, અને એ રીતે એ સોજાયુક્ત પ્રક્રિયાનો નિરોધ કરે છે, અને એને દબાવી દે છે. પરિણામે રોગગ્રસ્ત ભાગો વિનાશની સ્થિતિમાં જ રહે છે, અથવા તો બીજા શબ્દોમાં કહીએ તો એ ભાગો હઠીલા રોગનો ભોગ બને છે.

વિવેકયુક્ત ચિકિત્સા ગરમી અને બરફના બે અંતિમ છેડાઓની વચમાં રહેલી છે. એ એક વિચિત્ર હકીકત છે કે ચિકિત્સાના બીજા સંપ્રદાયોમાંથી એકે પણ આ સત્ય શોધી કાઢયું નથી. કૂવામાંથી અથવા નળમાંથી નીકળે છે તેવું સ્વાભાવિક ગરમીનું પાણી, પેકામાં, કોમ્પ્રેસોમાં અને સ્નાનોમાં વાપરવું એ જ એક માત્ર નૈસર્ગિક અને વિવેકયુક્ત માર્ગ છે.

જો દરદી સહન કરી શકે તો, અમે સોજાના સ્થાન ઉપર વધારાના બીના કોમ્પ્રેસ સાથે, સામાન્ય પેટનો પેક અથવા તો ધડનો પેક આપીએ છીએ, ગંભીર કેસોમાં ભારે તાવ ઘટાડવા માટે અને રોગગ્રસ્ત ભાગોમાંથી લોહીને બીજી બાજુ ખેંચવા માટે ધડના પેક ઉપરાંત ગળાના અને પીંડલીઓના પેકો આપી શકાય છે. જો દરદી એટલો બધો આળો થઈ ગયો હોય કે તે પેકાનો પ્રયોગ સહન કરી શકે એમ ના હોય તો, અથવા તો સોજો હળવી ગતિએ આગળ વધતો હોય તો, કૂવાના તાજા પાણીમાંથી નીચોવી કાઢેલા કોમ્પ્રેસો પેટ ઉપર બીજાવી શકાય. અલબત્ત, જ્યારે જ્યારે ગરમ અથવા કોરા થઇ જાય ત્યારે ત્યારે દિવસે તેમજ રાત્રે, તેમને બદલવા જોઇએ.

ન્યુરોથેરાપી, કરોડનિરોધ, પ્રાણવિનિમય, માનસિક ચિકિત્સા અને સૂક્ષ્મ હોમિયોપેથિક ઔષધો એ નૈસર્ગિક ચિકિત્સામાં કીમતી મદદગારો છે. તો પણ તદ્દન જરૂરી તત્વો તો સંપૂર્ણ આરામ, ઉપવાસ, પાતળા બનાવેલા ફળરસો મિશ્રિત ચીવાનું પાણી, અને જલોપચાર એ છે. જો શરૂઆતથી જ નૈસર્ગિક ઉપચારોનો ઉપયોગ કરવામાં આવ્યો હશે, તો તેઓ સંપૂર્ણ રોગશાંતિ સર્જવામાં હરહમેશ પૂરાં થઈ પડશે.

દરદીને કોઇપણ જાતનો ખોરાક આપવો ના

જોઈએ. દૂધ કે શેરવો પણ નહિ. કુદરતને જ છુટ્ટે હાથે કામ કરવા દેવી જોઈએ. કોઇ પણ જાતનો ખોરાક સુજેલાં આંતરડાની સર્પગતિને ઉત્તેજે છે, અને એ રીતે રોગશાંતિની ક્રિયાને અટકાવે છે. અવાર નવાર ખોરાકના કણો ખુલ્લા જખમો અને પરૂભર્યા ગૂમડાંઓમાં ભરાઇ જાય છે, અને એ રીતે સડો, હડીલો ક્ષોભ અને "વારંવાર ઉબલા ખાતું એપેન્ડિસાઇટિસ" ઉત્પન્ન કરે છે.

સઘળાં લક્ષણો શમી ગયા બાદ ઉપવાસ કેટલાક દિવસો સુધી ચાલુ રાખવા જ જોઇએ. ઘણા કેસોમાં રોગશાંતિ બાદ એક અઠવાડિયું કે વધુ દિવસો સુધી ઉપવાસ કરાવવા, જેથી ઉબલાઓ અને હડીલાં પશ્ચાત પરિણામો આવતાં અટકાવી શકાય. આ સાદા નિયમોને વળગી રહેવાથી, અમારી સારવાર હેઠળ આવેલા દરેક કેસને અમે સારો કર્યો છે.

ઉપવાસ અને ઠંડા પાણીની સારવાર સોજાયુક્ત પ્રક્રિયાઓને ભયબિંદુની નીચે રાખે છે. એ ગરમીના પ્રસરણને છૂટથી થવા દે છે, પરૂયુક્ત ગૂમડું થતું અટકાવે છે, અને સાથેસાથે કુદરતના વિશોધક અને રોગનિવારક પ્રયત્નોમાં અડચણરૂપ થતા નથી.

પરૂયુક્ત ગૂમડાંઓની બાબતમાં શું કરવું ?

કદાચ એવો પ્રશ્ન પૂછવામાં આવે કે; "જો એક પરૂયુક્ત ગૂમડું થઇ ચૂકયું હોય તો તમે શું કરો ?" તો હું એનો જવાબ એમ આપું કે: "એવું બન્યું હોય તો પણ હું એની એ જ સાદી કુદરતી સારવારને વળગી રહું, અને સર્જનની છરી ઉપર વિશ્વાસ રાખવાને બદલે કુદરત ઉપર વિશ્વાસ રાખું. આ સર્વોત્તમ નીતિ છે, એવું અમે ઘણી મોટી સંખ્યાના દાખલાઓમાં સિદ્ધ કર્યું છે. સાચી સારવાર હેઠળ કાંતો પરૂયુક્ત ગૂમડું શોષાઈ જશે અથવા તો ઓછામાં ઓછા અવરોધની દિશામાં ફાટશે, સામાન્ય રીતે એ અંધાંત્રમાં ફાટે છે, અને પરૂનું વિસર્જન મળદ્વાર દ્વારા અથવા તો પેટની દીવાલોમાં થએલા મુખ મારફતે થાય છે. એ એક આશ્ચર્યજનક હકીકત છે કે, આવા કેસોમાં યોગ્ય સારવાર હેઠળ કુદરત સૌથી સલામત મુખદ્વાર શોધવા માટે કેવી રીતે પ્રયાસ કરે છે, અને છેવટે એને શોધી કાઢે છે.

છતાંય, સારવાર જો શરૂઆતથીજ નૈસર્ગિક હશે તો પરૂયુક્ત ગુમડું થવાનો, છિદ્ર પડવાનો અને પેટના પડદાના સોજાનો પ્રસંગ ઉપસ્થિત થશેજ નહિ. આ બધા ગંભીર ગુંચવાડાઓ, ગરમ પાણીની સારવાર બરફના પોકો, અકાળતર્પણ, અથવા તો જુલાબની દવાઓનાંજ પરિણામો છે. મારી સારવાર હેઠળ એવા કેટલાક કેસો આવ્યા છે કે જેમાં પરૂયુક્ત ગૂમડાંનો ઉદ્ભવ થયો હોય અને છિદ્ર પડી ચૂકયું હોય, એમાંથી ઉદ્ભવતા પેટના પડદાના સોજાનું નૈસર્ગિક ચિકિત્સાથી બહુજ સહેલાઇથી નિયમન થઈ શકતું હતું. મોટા ભાગના દરદીઓ સરસ રીતે રોગમુક્ત થાય છે.

શસ્ત્રોપચારનાં જોખમો

ચેપ, પરૂયુક્ત ગૂમડાં કે છિદ્રના સ્થાન ઉપર પહોંચવા માટે સર્જનને તંતુજાળોનાં અનેક પડોની આરપાર છરી ચલાવવી પડે છે, અને ત્યારપછી જ પરુ અને જંતુઓથી ભરેલા સ્થાન ઉપર, એ જઈ પહોંચે છે. સ્વાભાવિક રીતે જ આ સ્થિતિમાં પેટના પડદાની બખોલને ચેપ લાગવાનો ભય ઘણોજ મોટો હોય છે. આવે વખતે પ્રકૃતિમાતા પોતે જ કુશળતાપૂર્વક ચેપના ભયને ઓછામાં ઓછો કરવાનો પ્રયત્ન કરે છે. મેં અનેકવાર સર્જનોને એ હકીકત ઉપર ટીકા કરતા સાંભળ્યા છે કે, સામાન્ય રીતે પરૂમય ગૂમડું ફાટતું અટકાવવા માટે, અને શરીરને ચેપથી બચાવવા માટે, એ મજબૂત તંતુમય દીવાલોથી વિંટળાયેલું હોય છે. આરોગ્ય અને જીવનના રક્ષણ માટે, આકસ્મિક બનાવો માટે, અને શરીર ઉપર આવી પડેલ અસાધારણ માગને પહોંચી વળવા માટે કુદરતની અદ્ભુત તૈયારીનો આ એક દાખલો છે.

હાનેમેનનો હું પ્રબળ પ્રશંસક હોવા છતાંય, "કુદરત એ એક કંગાલ વૈદ્ય છે" એ પ્રકારના એના સૂત્ર સાથે સહમત થઈ શકતો નથી. એક નિયમ તરીકે ચિકિત્સક અથવા સર્જન જેમજેમ વધુને વધુ વયોવૃદ્ધ, જ્ઞાનવૃદ્ધ અને અનુભવવૃદ્ધ થતો જાય છે, તેમતેમ એ "કુદરતની રોગનિવારક શક્તિ"ને વધુને

વધુ પિછાનતો જાય છે, અને એનામાં વિશ્વાસ મૂકતો જાય છે. પાઠશાળામાંથી તાજેજ બહાર આવેલો જુવાનીઓ એની આગળ જે કાંઇ રજુ થાય છે, તેની ઉપર ઉત્સાહપૂર્વક છરી ચલાવે છે. એના વડીલો એમનાં માથાં ધુણાવે છે, અને કહે છે : "થોડો વખત થોભી જાવ. કુદરત શું કરે છે તે જુઓ તો ખરા."

મારા અનુભવમાં આવેલા કેસોમાં એક અત્યંત અસાધારણ કેસ, એક પ્રૌઢ વયનો પુરુષ જેને હું શ્રી. ક્ષ. કહીશ તેનો હતો. તે પેટના પડદાના સર્વ-વ્યાપી સોજાથી મુંઝવાઈ ગએલા એપેન્ડિસાઇટિસથી પીડાતો હતો. એ પહેલાં એ લાંબો સમય થયાં મધુ-મેહના રોગથી દુઃખી થતો હતો. દવાવાદી સારવાર દ્વારા રાહત શોધવાનો પ્રયત્ન કર્યા પછી, એને ક્રિશ્ચિ-યન સાયન્સ ઉપર આસ્થા બેઠી, અને અનેક વર્ષો થયાં, એ અને એનું કુટુંબ શ્રીમતી એડીના ઉપદેશોમાં અચળ નિષ્ઠા ધરાવતાં હતાં. એમ હોવા છતાંય એ રોગની એના ઉપરની પકડ દિવસે દિવસે આગળ વધતી ચાલી, અને વાત જ્યારે 'છેલ્લે પાટલે આવી, ત્યારે એણે ફરી પાછું એલોપેથિક સારવારનું શરણ શોધ્યું. જ્યારે એના એલોપેથિક દાક્તરે એને ખુલ્લા દીલથી એમ કહ્યું કે એને માટે હવે કોઈ આશા રહી નથી, ત્યારે એ અમારી પાસે તપાસ અને સલાહ માટે આવ્યો.

આંખનીઓકનીનિકા દ્વારા કરવામાં આવેલા નિદા-નથી અગ્ન્યાશયના પ્રદેશમાં એક મોટો ખસવિષનો ડાઘ પ્રત્યક્ષ થયો. એને એ સ્પષ્ટ રીતે યાદ હતું કે એ એની જુવાનીમાં "સપ્તવર્ષી ખસ"ના એક જોર-દાર હુમલાથી પીડાયો હતો, અને એ રોગને સામાન્ય રીતે વપરાતા ગંધકના અને પારાના મલમોથી દબાવી દેવામાં આવ્યો હતો. છ મહિનાની વિવેકપૂર્ણ જીવ-નપ્રણાલિકા અને નૈસર્ગિક ચિકિત્સાએ એને સુંદર સ્વાસ્થ્ય બક્ષ્યું. રોગ મટયા બાદ એણે આ'મટાડનો બધોજ યશ ક્રિશ્ચિયન સાયન્સને આપ્યો, અને ફરી પાછું પોતાનું વિલાસી ને અનિયંત્રિત જીવન શરૂ કર્યું.

પાછળથી શ્રી. ક્ષ. મને પ્રસંગોપાત મળતો, અને એને ક્રિશ્ચિયન સાયન્સ કેવી રીતે દરેક રસ્તે મદદરૂપ થઈ રહ્યું છે એની કથા હર્ષપૂર્વક કહેતો. એ એમ કહેતો કે: "ઓ ડોક્ટર, જો તમે તમારા નિસર્ગોપચાર સાથે કેવળ સાયન્સનેજ ભેળવો તો સૌ વાતે સારાં વાનાં થશે. હું જ્યાં સુધી મારા "ચિકિ-ત્સક" પાસેથી દૈનિક ચિકિત્સા લઉં છું, ત્યાં સુધી દરેક પ્રકારનાં માંસમચ્છી, ગરમ કેક્સ અને કોફી લેશમાત્ર અડચણ સિવાય આનંદપૂર્વક આરોગી શકું છું." હું એને હસતાં હસતાં જવાબ આપતો "ધ્યાન રાખજો, શ્રી. ક્ષ., તમે કુદરતને કાયમને માટે છેતરી શકશો નહિ. જો તમે સીધી રીતે નહિ ચાલો, તો તમારું "સાયન્સ" એકબાજુ રહી જશે, અને કુદરત તમને લપડાક લગાવી દેશે." અને થયું પણ એમજ. આશરે છ મહિના બાદ મને એક સંદેશો મળ્યો : "એકદમ અહીં આવો. શ્રી. ક્ષ.ની છેલ્લી ઘડીઓ ગણાય છે."

એક નર્સને સાથે લઈને હું એને ઘેર ગયો અને ત્યાં મેં એને બહુજ ભયંકર દશામાં જોયો. એની બિમારીની શરૂઆત એપેન્ડિસાઈટિસના એક ઘણાજ ગંભીર હુમલામાંથી થઈ હતી. એમાંથી પરુયુક્ત ગૂમડું અને પેટના પડદાનો સર્વવ્યાપી સોજો ઉદ્ભવ્યાં હતાં.

અમે એકદમ ઠંડા પાણીના પેક અને કરોડનિરો-ધની સાથેસાથે પ્રાણવિનિમય અને માનસોપચારની ચિકિત્સા શરૂ કર્યાં. અર્ધા કલાકની અંદરજ પરિસ્થિતિ ઉપર અમારો કાબૂ આવી ગયો. ભયાનક વેદના શમી ગઈ અને દરદી સફેલાઈથી આરામ લઈ રહ્યો હતો. એણે કહ્યું : "ડોક્ટર, છ દિવસ થયાં હું નર્કમાં હતો. મેં મારી જિંદગીમાં અનેક પ્રકારનાં દુઃખ સહન કર્યાં છે, પણ આનાજેવું દુઃખ તો કદી અનુભવ્યું નથી. આ બધા વખત દરમ્યાન એક કે બીજે સમયે મારી સેવામાં શીકાગોના છ સર્વોત્તમ સાયન્ટીસ્ટો હતા, પણ મને બિલકુલ રાહત મળી નથી."

સોજો કંઇક શમી ગયા બાદ, અમે એનાં આંત-રડા એનીમાથી ધોઈ કાઢવાનો પ્રયત્ન કર્યો, પણ એનું પરિણામ કંઈજ ના આવ્યું. અમારે બળાત્કારે 'કુદરત

ઉપર વિશ્વાસ' રાખવો પડયો. અઠ્ઠાવીસમે દિવસે એ કુદરતી રીતે અને છૂટથી પ્રવૃત્તિશીલ બન્યાં. એ સમય પછી, પૂર્ણ રોગશાંતિ એ તો ફકત કાળજીભરી સુશ્રુષાનોજ પ્રશ્ન રહ્યો હતો.

શરૂઆતનાં થોડાંક અઠવાડિયાં દરમ્યાન એનું આખુંયે પેટ ભીંગડાવાળા જણાતા ફોલ્લાઓથી છવાઈ ગયું હતું. એ કુદરતના શરીરશુદ્ધિના પ્રયત્નો હતા. ત્યારપછી એ ફરિયાદ ફરી કદી દેખાઈ નથી. શ્રી. ક્ષ. જ્યાંસુધી એના "સાયન્સ" સાથે વિપુલ પ્રમાણમાં નિસર્ગોપચારની માત્રા લે છે, ત્યાં સુધી એનું ગાડું બરાબર ચાલે છે.

એણે મને કહ્યું હતું કે મધુમેહમાંથી સાજો થયા પછી અને માંસાહાર ફરી પાછો શરૂ કર્યા પછી એ કબજિયાતથી પીડાવા માંડયો હતો. કેટલીકવાર એના આંતરડા અનેક દિવસો સુધી નિષ્ક્રિય રહેતાં. વારંવાર સળંગરીતે એક અઠવાડિયા સુધી આ સ્થિતિ રહેતી. જ્યારે એણે આ હકીકત એના 'ચિકિત્સક'ને કાને નાખી, ત્યારે એને એમ જવાબ મળ્યો કે: 'પરવા ન કરો. ભગવાન એ બાબતની કાળજી રાખશે.' શરીરની ગંદી સ્થિતિને લઇને એપેન્ડિસાઇટિસનો હુમલો આવ્યો, ત્યાં સુધી ભગવાને એની કાળજી રાખ્યાજ કરી. જે ચિકિત્સક પોતાની સાદી સમજણનાં અભાવનાં પરિણામો ઈશ્વર દૂર કરશે એવી આશા રાખતો હતો, તે એક વખત એક સુવિખ્યાત એલોપેથિક ચિકિત્સક હતો. આરોગ્ય, રોગ અને રોગનિવારણના પાયાના નિયમો ના સમજવાને લઈને એણે એક છેડેથી બીજા છેડા તરફ ઝુકાવ્યું હતું. એલોપેથિક અત્યાચારમાંથી ક્રિશ્ચિયન સાયન્સના અનાચાર તરફ એ ગયો હતો.

એપેન્ડિસાઇટિસનાં હડીલાં પશ્ચાત પરિણામો

દરદી એપેન્ડિસાઇટિસના ઉગ્ર હુમલામાંથી સાજો થયા પછી પણ, એના બીજા હુમલાઓ અટકાવવા માટે, એપેન્ડિકસને કાપી કાઢવાની સલાહ આપવાનો સર્જનોમાં સામાન્ય શિરસ્તો છે. જો એપેન્ડિસાઈટિસને કુદરતી રીતે મટાડવામાં આવ્યું હોય તો કોઈપણ જાતનાં હડીલાં પશ્ચાત પરિણામો જોવામાં આવશે નહિ. વિવેકશૂન્ય તર્પણ, દવાઓના ઉપયોગ અને સર્જિકલ વાઢકાપથી રોગગ્રસ્ત ભાગોની સંપૂર્ણ સુધારણા અટકી જશે અને એનું પરિણામ હડીલા એપેન્ડિસાઇટિસમાં આવશે.

હું અગાઉ એ સમજાવી ગયો છું કે, ખાદ્ય પદાર્થો જખમો અને પરયુકત ગૂમડાંઓ ઉપર કેવી રીતે આક્રમણ કરે છે, અને એમાં એ ભરાઈ જઈને કાયમી ક્ષોભ ઉત્પન્ન કરે છે. હાથની હથેળીમાં જો ચીરો પડયો હોય, તો આપણે એને સતત બંધ કરતા અને ઉઘાડતા નથી. એમ કરવાથી રૂઝ આવવાની ક્રિયામાં વિક્ષેપ પડે. એજ રીતે સુજેલા અવયવ અને એપેન્ડિકસની આળી સપાટી સાથે ખોરાકનો સંસર્ગ થવાથી રોગનિવારણમાં નડતર થાય છે.

સર્જિકલ ઉચ્છેદ એ 'એપેન્ડિસાઇટિસ' ફરીથી ના થવાની કોઈ ગેરન્ટી નથી. મેં ઘણા કેસોમાં એ જોયું છે કે, આ અવયવને દૂર કર્યા પછી, દર્દીના ખરાબમાં ખરાબ હુમલા આવ્યા હતા. આમ થવાનું કારણ ઑપરેશનથી નબળા પડેલા પાડોશના ભાગોનો સોજો એ હતું.

આપણે એ જોઈ ગયા કે, એપેન્ડિકસ એ એક ઉપયોગી અવયવ છે, અને એ અન્નપાચનની પ્રક્રિયાઓમાં મહત્વનાં કાર્યો કરે છે. એટલા માટે એનો ઉચ્છેદ શરીરની વ્યવસ્થામાં ગંભીર ખોટ ઉપસ્થિત કરે છે. અમે એ જોયું છે કે જે લોકોની ઉપર આ પ્રકારનું ઑપરેશન થયું હોય છે, તેઓ લગભગ હમેશાં પહેલાં પીડાતા એના કરતાં ઑપરેશન પછી પાચનક્રિયાની અવ્યવસ્થાથી વધુ પીડાતા હોય છે. આવા લોકો ઑપરેશન પછી આંતરડાની નિષ્ક્રિયતા, કબજિયાત અને પવન એકઠો થવાની ફરિયાદોથી વિશેષ પ્રમાણમાં હેરાન થતા હોય છે. એમનો આરોગ્યનું સામાન્ય લેખ પહેલાંના જેવું હોતું નથી, અને પ્રતિકારશકિત પણ ઘટી હોય છે. મોટા ઑપરેશનને પરિણામે હરહમેશ તંતુજળો નિર્બળ બને છે, અને ઝેરી સડાનાશકોથી સંતૃપ્ત થાય છે. એટલા માટે એ રોગગ્રસ્ત ભાગો અધઃપતન અને વ્યાધિ સામે ઓછો પ્રતિકાર કરી શકે છે.

નિસર્ગોપચાર છેલ્લો અજમાવવાને બદલે પહેલો શા માટે ન અજમાવવો ?

આ પ્રશ્નનો જવાબ અમારી પડોશમાં રહેતો શ્રી૦ અ૦ નામનો ઇટાલીયન હજામ પોતાના દુખદ અનુભવ ઉપરથી આપી શકશે. એની તકલીફની શરૂઆત હડીલી કબજિયાત અને હરસથી થઇ. હરસ મટાડવા માટે એની ઉપર ઓપરેશન કરવામાં આવ્યું, પણ એને પરિણામે એનું મળાશય એટલું તો સંકોચાઈ ગયું કે બીજું ઓપરેશન જરૂરી બન્યું. ત્યારબાદ આંતરડા તદ્દન નિષ્ક્રિય થઈ ગયાં.

આ શહેરના એક અત્યંત સુપ્રસિદ્ધ સર્જને એક વિશેષ ઓપરેશન કરીને એપેન્ડિક્સને કાપી કાઢ્યું. એના પછી આંતરડા ઉપર એનીમાઓ અને અત્યંત પ્રબળ દવાઓ પણ કશી જ અસર કરી શક્યા નહિ. બીજા અખતરાઓ નિષ્ફળ જવાથી છેવટના ઉપાય તરીકે એ સુવિખ્યાત સર્જને પેટની દીવાલની આરપાર ઉર્ધ્વગામી બૃહદ્અંત્રમાં એક મોં કર્યું. આ નાળમાં એક ચાંદીના નાળચા મારફતે આંતરડામાં નવશેકું પાણી રેડવામાં આવતું. આનાથી ધાર્યું પરિણામ આવ્યું. જ્યારે એ માણસ અમારી પાસે સલાહ માટે આવ્યો, ત્યારે તે બે વર્ષ થયાં દરરોજ એ એના જમણા પડખામાં આવેલી નાળ મારફતે એનાં આંતરડામાં સવાશેર કે એથી વધારે નવશેકું પાણી રેડતો હતો. આ ક્રિયાથી એનાં આંતરડાં તો કામ કરતાં થયાં, પણ એના જખમમાં કોપનાશક અધઃપતનની પ્રક્રિયાના ચિહ્નો દેખાવાની શરૂઆત થઈ. અને એને દાક્તરો તરફથી કહેવામાં આવ્યું કે, ત્યાં આગળ કેન્સર થવાનો ગંભીર ભય હતો. એને લઈને એ છેવટે નિસર્ગોપચારને શરણે આવ્યો.

નૈસર્ગિક જીવનપ્રણાલિ હેઠળ ચાર જ અઠવાડિયાંની અંદર, ઉપરથી જલસિંચન કર્યા શિવાય એનાં આંતરડાં કુદરતી રીતે અને નિર્બંધપણે કામ કરતાં થયાં ત્યારથી આજસુધી એનાં આંતરડાં એવાંજ કાર્યક્ષમ રહ્યાં છે

શરૂઆતમાં એણે એ જખમને બીડાવા દીધો નહિ, કારણ કે એને એ ડર હતો કે એમ કરવાથી એની જુની ફરિયાદો—કબજિયાત અને અંત્રાવરોધ ફરી પાછાં દેખા દેશે. એણે એ નાળને દરરોજ નાળચું દાખલ કરીને કૃત્રિમ રીતે ખુલ્લી રાખી, જ્યારે ત્રણ મહિના સુધી એનાં આંતરડાં સ્વાભાવિક રીતે ક્રિયાશીલ રહ્યાં ત્યારે એણે એ જખમને બીડાવા દીધો. એ સંપૂર્ણ રીતે રૂઝાઈ ગયો અને ત્યારપછી આજ સુધી કેટલાયે વર્ષોના સમય દરમ્યાન એણે કશી જ તકલીફ અનુભવી નથી.

મેં આ કેસને એક વૈદકીય કૉલેજના વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકોના સમૂહ આગળ રજુ કર્યો. મારા વિવેચન દરમ્યાન મેં જણાવ્યું કે: "જો ત્રણ વર્ષના દવાવાદી અને સર્જીકલ અખતરાખોરી પછી ચાર અઠવાડિયા નૈસર્ગિક આહાર અને સારવારથી આંતરડા પાસે નૈસર્ગિક અને નિર્બંધ રીતે કાર્ય કરાવવાનું શક્ય બન્યું, તો શરૂઆતમાં જ નૈસર્ગિક પદ્ધતિઓથી રોગનિવારણનું કાર્ય કરવાનું કેટલું બધું સહેલું બન્યું હોત! કેટલું બધું દુઃખ તેમજ સમય અને પૈસાનો દુર્વ્યય ટાળી શકાયાં હોત!"

એટમ બોમ્બ અને વિશ્વશાંતિ

યુદ્ધો વિજ્ઞાનની જનેતા જેવાં છે. સંહારમાંથી સર્જન તે આનું નામ હશે? છેલ્લા યુદ્ધે માનવ જાતને ઘણી નવી વૈજ્ઞાનિક વસ્તુઓ આપી છે, જેમાં એટમ-બોમ્બનું સ્થાન શિરોમણિ છે. અણુ શક્તિને નિયંત્રણ હેઠળ લાવવાથી મહાન કાર્યો સહેલાઈથી પાર પાડવાની કલ્પનાઓ વૈજ્ઞાનિકો કરે છે, અને એ બધાની પાછળ માનવમાત્રના સુખની 'શુભ' ભાવનાઓ હોવાનું જણાય છે. એટમ-બોમ્બ જે હેતુ માટે બનાવવામાં આવ્યો છે તે હેતુ પાર પાડવામાં એની અસર રામબાણ છે, એટલે એની શોધ સફળતાને વરી છે. મહાનકાર્યોને સફળતાથી પાર પાડનારા નરપુંગવોની યાદીમાં આપણે એના શોધકો કે યોજકોને મૂકી શકીશું?

એનો ઉપયોગ સર્જનાત્મક કરતાં સંહારાત્મક છે, છતાં, ઘડી ઘડી લડવાને માટે તૈયાર થતાં રાષ્ટ્રો એના ભયથી યુદ્ધો ઉપાડતાં અચકાશે ને કોટિ પ્રયત્નો વડે પણ જે વિશ્વશાન્તિનું સ્વપ્ન પૂર્ણ થયું નથી તે એથી પૂર્ણ થશે એવી કલ્પના રજૂ કરવામાં આવી છે, એટમ-બોમ્બનો એક જ ફટકો ને લાખોની વસતિવાળું સુન્દર, સુશોભિત મકાનો, ઉદ્યાનો, સંગ્રહસ્થાનો ને પુસ્તક ભંડારોવાળું શહેર ઘડીના છઠ્ઠા ભાગમાં તાગજ બને છે. એનો પ્રચંડ અગ્નિ દિવસોના દિવસો સુધી ધૂંધવાયા કરે છે, ચારે બાજુ વિનાશનું પ્રચંડ મોજું ફરી વળે છે, લશ્કરનો નાશ થાય છે, નિર્દોષ શહેરીઓ અને બાળકો મરે છે, ભવિષ્યનું ધડતર કરી શકે એવો એક 'જીવ' પણ એની સંહાર જ્વાળામાંથી છટકી શકે એમ નથી. રાષ્ટ્રનો અને પ્રજાનો આવો સંપૂર્ણ પ્રલય થાય એવી પરિસ્થિતિમાં મૂકાવવું કોઈ પણ રાષ્ટ્ર કદી પસંદ કરે નહિ. એટમ બોમ્બનો ભય અમને યુદ્ધોમાં ઊતરતા અટકાવશે. રાષ્ટ્રો બીજા રાષ્ટ્રો સાથે સંપથી રહેશે, એ ભયથી કે રખેને, બીજું રાષ્ટ્ર એટમ બોમ્બ લાવી એમના રાષ્ટ્રને નષ્ટપ્રાય કરી દેશે. લીગ ઓફ નેશન્સની મુત્સદ્દી, કવિઓનો સંસ્કૃતિસંદેશ, માનવની માનવી માટેની બંધુત્વ ભાવના, નિર્દોષ માનવ પ્રાણીઓની ક્રૂર કત્લેઆમની કરુણ હૃદયભેદકતા કે નીતિની સૂક્ષ્મ ભાવનાનાં ધ્વંસને નિહાળીને પ્રગટેલો ઋષિઓનો પુણ્યપ્રકોપ પણ "એક-વિશ્વ"ની ભાવનાને સાકાર કરી શક્યા નથી તો તે ભાવના 'ભય' જેવી માનવની એક નિર્બળવૃત્તિ સાકાર કરશે તે વસ્તુને આપણે કેવી લેખીશું? સ્વાભાવિક છે કે પ્રલય બોમ્બની બીક હેઠળ શક્તિશાળી રાષ્ટ્રો તરફથી થતાં અન્યાયો સહન કરવામાં નાના રાષ્ટ્રો મુત્સદ્દીગીરી માનશે, માનવતા માનશે, ડહાપણ માનશે. એમ નહિ બને તો સર્વનાશ સ્વીકારે જ છૂટકો. હજુ તો આ શોધનો આરંભકાળ છે, જગતની અનેક વસ્તુની માફક એ પણ વિકાસને પંથે જશે ને એની શક્તિમાં કાંઈ કેટલોએ વધારો થશે! આજે એનો ભેદ ભલે એક જ રાષ્ટ્રના હાથમાં હોય કે મિત્રો બનેલા રાષ્ટ્રોના સમુહના હાથમાં હોય, તેથી કાંઈ એની ભયાનકતામાં ફેર પડતો નથી. એના ઉપર નિયંત્રણ રહેશે કે "સંસ્કૃતિ ભરેલા યુદ્ધ"માંથી એને બાકાત રાખવામાં આવશે એવો વિશ્વાસ રાખવાનું પણ કોઈ કારણ નથી, એટલે એનો ઉપયોગ થવાનો છે એમ ધારી સૌ કોઈ વર્તશે એમ જણાય છે.

ધારો કે એટમ-બોમ્બના વિનાશકારી ભયને કારણે દુનિયામાં યુદ્ધો ઉપડતાં અટકશે ને યુદ્ધોની ગેરહાજરીને આપણે વિશ્વશાન્તિ ગણીએ તો એ વિશ્વશાન્તિ અને એની સ્થાપના પાછળ કાર્ય કરી રહેલાં બળો આપણે વિચારવાં જોઈશે.

મનુષ્યનાં જીવનમાં ભય અને પ્રલોભનનું સ્થાન અવગણવા જેવું નથી. નાના બાળકને માર મારવાનો ભય દેખાડશો તો એ તમારું પુસ્તક ફાડી નહી નાખે, એને કાંઈ ખાવા આપવાની લાલચ બતાવશો તો એ તમારી ટપાલ પોસ્ટઓફિસમાં નાખી આવશે. ગંગામાં સ્નાન કરવાથી પાપમુક્ત થવાય છે ને પરિણામે બીજા જન્મમાં સુખી જીવન જીવવાનું મળે છે. રસ્તામાં ચાલતાં કીડી મંકોડી પગે ચગદાઈને મરી જાય તો

પાપ લાગે છે ને નરકની યાતના સહન કરવી પડે છે, પરોપકાર ને યજ્ઞો કરવાથી મોક્ષ મળે છે ને સંસારના જન્મબંધનના ફેરામાંથી છૂટાય છે, ખૂત કરીએ કે પાપ ભરેલું આચરણ કરીએ તો ઇશ્વર ભારે શિક્ષા કરે છે; આવી આવી ધર્મે ઉપજાવી આપેલી માન્યતા પાછળ યોગ્ય રસ્તે માણસને વાળવા માટેના પ્રલોભનો અને એને ખોટે માર્ગે જતો અટકાવવા માટે અપાતો ડર નથી જણાતો ? સુકાર્યની બક્ષિસરૂપે મળતાં મીઠાં ફળોને દુષ્કર્મની સજારૂપે ભોગવવા પડતાં દુઃખોનો ઉલ્લેખ દરેક ધર્મના શાસ્ત્રોમાંથી જડી આવે છે. કીર્તિ મળે એટલા માટે કેટલાંયે પરોપકારી કાર્યો સારા ગણાતા માણસો કરે છે ને અપકીર્તિની બીકે અમુક કાર્યો કરતાં અટકી જાય છે. જગતના બીજા માનવ પ્રાણીઓના હિત માટે આ કાર્ય જરૂરી છે અથવા તો એમનું અહિત થશે માટે અમુક જાતનું આચરણ બિનજરુરી છે એવી માત્ર શુદ્ધ ભાવનાથી કોણ, કેટલાં કાર્યો આરંભે છે ? કોણ એ રીતે વર્તે છે ? નિષ્કામકર્મના કરનારા મહાત્માઓ જગતમાં વિરલ છે. સામાન્ય માણસોએ તો આ સામાન્ય માર્ગનો જ આશરો લીધો છે અને કહેવું જોઈએ કે ન્યાય અને વ્યવસ્થા ટકાવવામાં આ પ્રક્રિયાએ મહત્ત્વનો ફાળો આપ્યો છે. માણસના સ્વભાવમાં રહેલી આ વૃત્તિના અવલોકન પછી એટમ બોમ્બ અને વિશ્વશાન્તિનો પ્રશ્ન વિચારીએ ત્યારે લાગે કે અનેક પ્રયત્નો વડે જે વિશ્વશાન્તિ સ્થપાઈ નથી તે આ ભયથી સ્થપાશે, યુદ્ધથી ત્રાસ પામેલા, આપણે આવી આશા રાખી બેસીએ ને આ પરિસ્થિતિને આવકારવા તૈયાર થઇ જઈએ એ સ્વભાવિક છે. માની લઇએ કે એટમ-બોમ્બ વિશ્વશાન્તિનો જનક બનશે ને દુનિયા ડાહી બની, એવી તો હજોમણીને રહેશે કે એટમ બોમ્બને એનો પંચો બતાવવાનો પ્રસંગ નહિં સાંપડે, એના ઉપયોગમાં રહેલી ભયાનકતા કદી સર્જાશે જ નહિ, ઘડીભર આ કલ્પના આપણને આહ્લાદક લાગે છે. પણ આપણા મનમાં શંકા જન્મે છે: શું ખરેખર એમ બનશે, ખરૂં ? ને બનશે તો જગતની મૂરત કેવી હશે ? પ્રજાઓના ભાઇચારાને પરિણામે પ્રગટેલો પરમાનંદ વિશ્વ ભોગવતું હશે ખરૂં ? આ બધાને પરિણામે સઘળી પ્રજાઓ પ્રગતિને પંથે પડી સંસ્કૃતિની ટોચે પહોંચશે ? 'યેન કેન પ્રકારેણ' વિશ્વશાન્તિની ઝંખના કરનાર એથી સંતોષ પામશે ?

જો આ બધા પ્રશ્નોનો જવાબ 'હા' હોય તો એટમ-બોમ્બ આપણી પૂજાનો અધિકારી છે, પણ આસુરી સાધન વડે દૈવી સિદ્ધિ મળી હોય એવું ઉદાહરણ પુરાણોમાંથી કે ઇતિહાસમાંથી સાંપડતું નથી. સાધ્યને પ્રાપ્ત કરવામાં સાધનની યોગ્યાયોગ્યતાનો વિચાર ટાળવો સરવાળે હાનિકારક છે. શુદ્ધ અને મહાન સાધન વિના મહાન સિદ્ધિ પ્રાપ્ત નથી થતી, ને લાંબી ટકતી પણ નથી. વિશ્વશાંન્તિના સાધન તરીકે એટમ-બોમ્બ કેવા પ્રકારનું સાધન છે ? એ શુદ્ધ સાધન છે ? ગૌરવભરેલું છે ? મહાન છે ? નીતિયુક્ત છે ? ના એ શુદ્ધ નથી. એના ઉપયોગનું પરિણામ આપણે જાણીએ છીએ કે અતિદારુણ છે. નિર્દોષની ઠંડી કત્લેઆમમાં શૌર્યનું ગૌરવ નથી પણ જાલીમોની ક્રૂરતા છે. સાધન વિહિન કે નિર્બળ ઉપર પોતાની સત્તા લાદવી અને એ ના પાડે તો એનો કચ્ચરઘાણ કાઢી નાખવો એમાં મહત્તા નથી પણ હીનતા છે. પ્રેમ કે સમજાવટથી નહિ પણ ભય અને ત્રાસ વડે પ્રજાઓને શાન્તિને માર્ગે ખેંચી જવામાં જરાએ ગૌરવ નથી. આ પ્રકારના સાધન વડે ગમે તેવા મહાન કે ઉપયોગી કહેવાતા કાર્યની સિદ્ધિ માટે અથવું એ કદાપિ નીતિયુક્ત હોઈ શકે નહિ. આ પ્રકારની વિચારણા પછી તાત્વિક અર્થમાં આપણે કહી શકીએ કે એટમ-બોમ્બ વિશ્વશાંન્તિના સાધન તરીકે અયોગ્ય સાધન છે.

હવે, એટમ-બોમ્બનો ભય અસરકારક થાય ને યુદ્ધો ઉપડતાં અટકે તો કેવી પરિસ્થિતિ ઊભી થાય તે વિચારવું જોઈએ. બાલ ભયના દબાણ હેઠળ થતાં કાર્યનું પરિણામ વિપરિત આવવાનો સંભવ છે. જે દિવસે ભયનો માર્યો માનવી અન્યાયો સહન કરતો અની જાય ત્યારે એનું તેજ હણાઈ જાય છે. પોતાના ઉપર વરસતાં દુઃખો મૂંગે મોઢે સહન કરતો અસદ્ભાવ બની એ બેસી રહે છે, વિરોધનો એક ફુંફાડો મારવાની તાકાત પણ એ ગુમાવી બેસે છે; પરિણામે બીજાએ સારેલું જીવન જીવતો કંગાલ ગુલામ બને છે. માનવ તરીકેના ગુણ ગુણો પ્રગટાવવાનું એને માટે શક્ય નથી હોતું, જીવનના ઉચ્ચ અને ગમણીય તત્ત્વોનું પાન કર-

વાની કે સર્જન કરવાની નિસર્ગશક્તિ એ ગૂમાવી બેસે છે, એ સ્થૂળ અર્થમાં જીવતો છતાં સૂક્ષ્મ અર્થમાં મરેલો એ જીવન વિતાવે જાય છે. એટમ-બોમ્બવાળાં કે શક્તિશાળી રાષ્ટ્રો તરફથી થતાં જૂલમો સહન કરી લેવાં, એની ઇચ્છાઓ અને આકાંક્ષાઓને સંતોષે જવી, એના મદને પોષવો ને પોતાને જે સત્ય લાગ્યું હોય તેનું કે પોતાના હિતને માટે અપરિહાર્ય લાગે તેનું આચરણ ઘર્ષણ ટાળવા ન કરવું એ પરિસ્થિતિ કોઇ પણ રાષ્ટ્રના જુસ્સાને નષ્ટપ્રાય કરી દેવા પૂરતી છે. પછી, એ રાષ્ટ્ર કેવી રીતે પ્રગતિ કરી શકે? સંસ્કૃતિનું વિકાસમય સાતત્ય કેવી રીતે જાળવી શકે? પોતાની પ્રજાનો વિકાસ ક્યાંથી સાધી શકે? કઈ રીતે બળવાન ને પ્રાણપોષક સાહિત્ય રચી શકે? ને એ બધા વિના એ રાષ્ટ્ર પણ જીવતું છતાં મરેલું જ છે. સ્થૂળ અર્થમાં ભલે સ્વતંત્ર હોય પણ સાચા અર્થમાં એ ગુલામ જ રહેવાનું. શોષિત બનવું એ માનવીની શોભા નથી, શોષક બનવું એ પણ શોભાસ્પદ નથી. એટમ-બોમ્બ આવા બે વર્ગો વિશ્વમાં ઊભા કરી દેશે. એક વર્ગ એટમ-બોમ્બ ઉપર કાબૂ ધરાવનાર શોષકોનો ને બીજો વર્ગ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા એ વર્ગનો ગુલામ બની ચૂકેલો શોષિતોનો. ગંજાવર સાધન સામગ્રી માગી લેતું એટમ-બોમ્બનું અટપટું વિજ્ઞાન કાંઈ એકેએક રાષ્ટ્રને સાધ્ય હોય નહિ. એટલે આવા બે વર્ગો ઊભા થવાના જ. જ્યારે વિશ્વ આવા બે વર્ગોમાં વિછિન્ન થઇ ગયું હોય ત્યારે એ સમય સંસ્કૃતિની દૃષ્ટિએ અધમ જ ગણાય. પ્રજા પ્રજા વચ્ચે બંધુત્વના સંબંધને બદલે ઊંચ-નીચના, સેવક-શોષકના સંબંધો બંધાય એ ઉચ્ચતમ સ્થિતિ નથી. એટમ-બોમ્બના ભય હેઠળ આ રીતે પ્રગટતી વિશ્વશાન્તિ જગતને આગળ લઈ જવાને બદલે પાછળ લઈ જશે. યુદ્ધનો અભાવ વિશ્વશાન્તિ નથી. એટમ-બોમ્બના ભય હેઠળ જન્મતી શાન્તિ સ્મશાન શાન્તિ જેવી ત્રાસપ્રેરક હશે, દરેક રાષ્ટ્ર એકબીજા સાથે સમાનતાથી રહે, પોતાની શક્તિના અવિર્ભાવ માટે સંપૂર્ણ સ્વતંત્ર હોય, એકબીજાને ચૂસવામાં નહિ પણ પોષવામાં ગૌરવ લે, હરેક રાષ્ટ્ર વિશ્વ માટે ને વિશ્વ હરેક રાષ્ટ્ર માટે રહે તોજ માનવ સંસ્કૃતિ વિકાસને માર્ગે આગળ જાય એવી વિશ્વશાન્તિ પ્રગટે. એટમ-બોમ્બનો ભય એવી વિશ્વશાન્તિ પ્રગટાવી શકે એમ નથી જણાતું, એટમ બોમ્બ જેની પાસે હશે તે પોતાનું ગૌરવ પ્રગટ કરવા માટે, પોતાની મહત્તા ને સત્તા સ્વીકરાવવા માટે ને પોતાનો સ્વાર્થ સાધવા એટમ-બોમ્બનો ડર બતાવ્યા કરશે ને પ્રસંગ આવે એનો ઉપયોગ કરવા તૈયાર રહેશે. એટમ-બોમ્બ સંગ્રહસ્થાનની નહિ પણ શસ્ત્રાગારની વસ્તુ બની રહેશે. એક વર્ગ પાસે સત્તાના અતિરેકમાંથી ઊપજતું ગુમાન હશે, બીજા વર્ગમાં સાચી સત્તાના અભાવને કારણે પ્રગટતી દીનતા હશે. જેને પરિણામે ઊપજતી પરિસ્થિતિ વિશ્વશાન્તિને મદદરૂપ થવાને બદલે વિઘ્નરૂપ થઇ પડશે. એટમ-બોમ્બના ભય હેઠળ, યુદ્ધો ઊપડતાં અટકશે તો પણ એવી યુદ્ધની ગેરહાજરી, સાચી વિશ્વશાન્તિ નહિ પ્રગટાવી શકે.

હવે, એટમ-બોમ્બનો ભય ખરેખર યુદ્ધોને અટકાવશે કે નહિ એ રીતે આ પ્રશ્ન વિચારવાનો રહે છે. કેટલીક વખત વ્યક્તિના કે પ્રજાના જીવનમાં યુદ્ધ અનિવાર્ય હોય છે. એવું યુદ્ધ ઉપાડવાની ઘડીએ કોઈ વસ્તુના ભય હેઠળ રાષ્ટ્ર કે પ્રજા યુદ્ધો ઉપાડતાં અચકાય એ કાયરતા છે. એવું કરનાર પ્રજા પોતાનાથી બળવાન પશુથી બીને ભાગી જતા જનાવર જેવી જ કહેવાય. માનવીમાં રહેલું ગૌરવ એને આ રીતની આચરણ કરતાં અટકાવશે. સત્ત્વ પ્રબળ બની જે ઘડીએ કાર્ય કરવા મંડી પડે છે ત્યારે માણસ પોતાની આગળ રહેલા ભયનો કે પરિણામનો વિચાર કરવા થોભતો નથી, અપરિહાર્યનું આચરણ એજ એક એની રટણા હોય છે, કોઈ પણ રાષ્ટ્ર એવી પરિસ્થિતિમાં આવી પડશે ત્યારે શક્તિશાળી રાષ્ટ્રના મદને પોષવાની ના પાડશે. ને માનહાનિ સહન કરીને ગુલામ જેવું જીવન જીવવાનો ઇન્કાર કરવાનું એનામાં જોમ પ્રગટશે, ત્યારે એ ચૂપ નહિ રહે. પ્રજાનાયકો અને વિધાયકો પ્રજામાં યુદ્ધનો જુસ્સો પ્રગટાવશે ને પ્રજા પણ પોતાનું ધાર્યું મેળવવા કે સ્વાર્પણ કરી ખપી જવા તૈયાર થશે, નિશ્ચિત આદર્શને પહોંચવા માટે કે અન્યાયોનો સામનો કરતાં મરણને વીરતાથી ભેટતા નરરત્નોથી ઇતિહાસ શણગારાએલો છે. આમ થશે ત્યારે એટમ-બોમ્બને અવગણવાનો જુસ્સો પ્રજામાં

કેળવાશે ને માત્ર એ ભય એમને યુદ્ધોમાં ઊતરતા રોકી નહિ રાખે. ભયથી ડરી જવું એ નીતિની દૃષ્ટિએ હલકું કાર્ય છે એ હકીકત બાજુએ મૂકી, માત્ર આ રીતે વિચાર કરીએ તો જણાશે કે વિશ્વશાન્તિ સ્થાપવા માટે એટમ-બોમ્બનો ભય કામયાબ બની શકે એમ નથી.

તો પછી એનો અર્થ એ કે એટમ-બોમ્બની ક્રૂર લીલા આપણે નીહાળે જ છૂટકો, યુદ્ધની ભીષણતા વધારે કરાલ બનશે, એના સતત ભય હેઠળ કેટલીએ ઉપયોગી વાતો ટાળવી પડશે, શક્તિશાળી રાષ્ટ્રને નમવાનું ને એની આજ્ઞાઓ કે ધૂંસરી માથે ચઢાવવાનું નાના રાષ્ટ્રોને જરૂરી થઇ રહેશે, મોટાં રાષ્ટ્રોની જોહુકમી ને દાદાગીરી વધશે, એટમ-બોમ્બ ઉપર કાબૂ ધરાવનારી ટોળકીના હાથમાં વિશ્વનું ભાવિ બંધાએલું રહેશે. આમ વિશ્વશાન્તિ માટે એની શોધ નકતરરૂપ ને મોટી આફતરૂપ જણાય છે. એથી અનેક ગૂંચવાડાઓથી ભરેલી આપણી દુનિયામાં એક ત્રાસજનક ગૂંચવાડાનો વધારો થયો છે. એના શોધકોએ જગતને દુઃખ અને મૂંઝવણમાં મૂક્યું છે ને એના અત્યંત કાળા ભાવિના રંગને વધારે ઘેરો બનાવ્યો છે. નામશેષ ન રહે એવો એટમ-બોમ્બનો વિનાશ જગતનું ભાવિ માંગી રહ્યું છે. આપણે આશા રાખીએ કે આ વિપુલ પૃથ્વી ઉપર કોઈ એક કાળે એવો ઋષિ પયગંબર જરૂર પ્રગટશે કે જે સત્તા, મહત્ત્વાકાંક્ષા, સ્વાર્થ ધનલોલુપતા જેવા રિપુઓનો સંહાર કરશે ને પ્રેમ, પરમાર્થ ને અનાસક્તિનો પ્રજામાં સંચાર કરશે. એવા માનવીના દેહમાં વસેલો પવિત્ર ને પ્રબળ આત્મા જ એટમ-બોમ્બને જડમૂળથી ઊખેડી, સાચી ને કાયમી વિશ્વશાન્તિનાં બીજ વાવશે.

(અનુસંધાન પૃષ્ઠ ૬૬ થી આગળ)

આ એણે જ એને મારી નાખ્યો છે. એ ન હોત તો એ જરૂર જીવ્યો હોત."

"આ તમે કેવી વાત કરો છો ?"

મેં મારું કામ ચાલુ રાખ્યું એટલે, "ઓ ભગવાન ! હાય, હાય રે, આમને શું થયું છે રે !" એણે બૂમરાણ મચાવી મૂક્યું ને સાથે સાથે મને તાળીઓ બંધ પાડવાનું કહ્યું.

"શા માટે ? શા માટે ? મેં પૂછ્યું. પછી, હું બાળક પાસે ગયો અને બબડ્યોઃ "તું હમેશ યાદ રાખજે કે તારી મોટી બહેન તારા અકાળ મરણ માટે જવાબદાર છે ! એ તારી ખૂની છે, હું તારો બાપ તને એનું વેર લેવાનું કહું છું....."

પછી તો શબની વિધિપૂર્વક ક્રિયા કરવામાં આવી. મા પોતાના બાળક પાસે બેસી છેલ્લું રડી, પછી એને નવડાવ્યું, એના કાનમાં કંઈ કહ્યું ને એને કફકામાં વીંટાળ્યું. ફરી પાછું રૂદન ચાલ્યું, જાગી ઊઠેલાં બન્ને બાળકોએ પણ એમાં સાથ પૂર્યો. હું બાળક પાસે ગયો અને બોલ્યોઃ

"સ્વર્ગમાં ભગવાન તને સર્વ પ્રકારની શાંતિ આપે, તું ત્યાં સુખી બને ! ત્યાં ભગવાન આગળ તારા ગરીબ, ઘરવગરના અને આ ભરી દુનિયામાં હવે એકલો રહેનાર તારો બાપ સુખી બને એ માટે પ્રાર્થના કરજે !!! ....."

પછી, શાન્ત વદને, મૂગે મોઢે શબ ઉપાડ્યું, મારા સૌથી નાના બન્ને બાળકો તરફ હેત ભરી છેલ્લી દૃષ્ટિ નાંખી તેમની વિદાય લીધી અને ધીરે ધીરે ઓરડામાંથી નીકળી આ કાળઘેરી અંધારી દુનિયામાં આગળ વધ[illegible]

હરીફ

[ગર્તાકથી સંપૂર્ણ]

અનુ : ભૂપેન્દ્ર ઉપાધ્યાય

ઠંડી હોય તો પણ માથા પરથી કાળકું ઉતારીને વાળને પવનમાં ઊડવા દેતો. મારા માથાનું મને અભિમાન હતું. કાળા માથાનો માનવી જે કાંઇ કરી શકે છે તે હું પણ કરી શકું છું એનું મને અભિમાન કેમ ન હોય ?

લટાર પૂરી કરી ઘરે પહોંચી જાઉં છું. હવે ચોરપગલીએ ચૂપકીથી અંદર જતો નથી પણ વટભેર ઘરમાં પ્રવેશ કરું છું. ઓરડાની વચ્ચે જઇને ઊભો રહીને મારી સમૃદ્ધિ પર દૃષ્ટિ કરું છું: બાળકો નિરાંતે ઘોરતાં હોય છે. બીજું શું દેખાય છે ? એક, બે, ત્રણ-ત્રણ નાના માનવ પ્રાણીઓ, હમણાં એ ઘોર નિદ્રામાં પડયા છે પણ મારા વિના એમનું અસ્તિત્વ જ શક્ય નથી, મારા લોહીમાંસમાંથી એ ઘડાયા છે. એ ત્રણ માનવપ્રાણીઓ મારો જ અંશ છે અને હું એમનો અંશ છું. અને સામે સુતેલી મારી પત્ની એ પણ મારી જ છે, મારા સિવાય બીજા કોઇની નથી, એના ગર્ભમાં મારું જ બીજ રહેલું છે. ઓહ, અમે કેટલાં ? એક બે ત્રણ, મારી પત્ની ચાર, જન્મવાનું છે એ બાળક પાંચમું અને હું એમ છ જણાં. અને એટલે જ હું છગણો છું અને આ છએ જણાં મારા જ છે, મારે લીધે જ છે. આખો ઓરડો મારા વડે ભરાઇ ગયો છે !

*

હવે તો હું ગૂંચવણમાં આવી પડયો છું. કેટલાએ વખતથી મારા મહાન દરજ્જાને છાજે એવો પોષાક તૈયાર કરાવવાને માટે મારી પત્નીને કહેવાની હિંમત ભેગી કરી રહ્યો છું, કારણ કે એમ કરવાની આજ સોનેરી તક છે. હમણાં નહિ તો ક્યારે ય નહિ એ હું જાણું છું પણ આ વાત એને કહેવાનું ખાળ્યા કરવું પડે છે. 'આજ નહિ તો કાલે' એવું રોજ બનતું રહે છે અને હવે તો સમય પણ થોડો રહ્યો છે. ગમે તે દિવસે એ 'સુવાવડી' બની જાય અને ત્યારે તો આ કામ માટે ખૂબ મોડું થઈ ગયું કહેવાય ! પણ થવાનું હોય તે થાય સાંજે જ્યારે એ આવશે ત્યારે વાત; એમ નક્કી કર્યું. જેવી એ આવી કે એકદમ હું ઘસ્યો, એના હાથમાંથી ટોપલો લઈ લીધો, અંદર ભાજી હતી તે પણ લઇને ઠેકાણે મૂકી આવ્યો. મારે ખૂબ પ્રમાણિકતાપૂર્વક કહેવું જોઈએ કે મારી પ્રિયતમાને એ સાંજે હું જેટલી ખુશ કરી શક્યો તેટલી કોઈ પણ રસિક પોતાની પ્રિયતમાને ભાગ્યે જ ખુશ કરી શક્યો હશે ! પણ મારે જે કહેવાનું હતું તે કહી શક્યો નહિ, મારી જીભ જ ઊપડી નહિ !

જ્યારે એ એનાં કપડાં ઉતારી પથારીમાં જાય છે એ વખતે લગીર પણ ક્ષોભ વિના બહાદુરીપૂર્વક થોડી ક્ષણો એની સમક્ષ રહી શકું છું. એ દિવસે એવી થોડી ક્ષણો વીતી ગયા પછી માથાથી તે પગ સુધીના મારા દેદાર તરફ યાચનાભરી દૃષ્ટિએ એનું ધ્યાન ખેંચવા પ્રયત્ન કર્યો પણ મારો અર્થ એ સમજી નહિ અને એની સ્વાભાવિક બની ગએલી કંરડાકીભરી નજર મારા તરફ ફેંકી છતાં હું ખસ્યો નહિ અને મારા કપડાંની હાલત એના ધ્યાનમાં ઉતારવા પ્રયત્ન કરી રહ્યો. વારાફરતી બધાં જ કપડાંની હાલત પ્રત્યે એનું ધ્યાન ખેંચ્યું, એ બધાં હવે તો કેટલાં જીર્ણ બની ગયાં છે એનું મારી મુખરેખાઓ વડે ભાન આપ્યું. ફાટેલા ખમીસમાંથી બહાર ડોકાયા કરતી હાથની કોણીવડે એના મુખને સ્પર્શ કર્યો. એ રહી શકી નહિ.

"કેમ શું છે? આવા મૂંગા જેવા મારી આગળ શા માટે ઊભા રહ્યા છો ?" એણે પૂછયું.

હું મૂગો જ રહ્યો.

"આવા વાંદરા જેવા ચાળા બંધ કરો, શું લકવો-બકવો થયો છે ?"

હું કશું જ બોલી શક્યો નહિ.

આ વખતે નાની છોકરી જાગી ઊઠી અને એણે રડવા માંડયું. હું અને મારો હરીફ બન્ને જણા એક

સાથે ઘોડિયા આગળ ધસી ગયાં પણ મારા કરતાં એ વહેલી પહોંચી અને ઝોળાની દોરી ખેંચી એને સુવાડી દેવાનો પ્રયત્ન શરૂ કર્યો. હું નહિ ત્યાં જઇ શકયો, નહિ પત્ની પાસે રહી શકયો, કયાં જવું એનો પણ નિર્ણય થઇ શકયો નહિ. ખરું કહું તો એક અનુભવી માતાની અદાથી સફળતાપૂર્વક નાની છોકરીને સુવાડવાનો એ સાચે જ સુંદર પ્રયત્ન કરી રહી હતી, પણ મારા કામમાં એવી દખલ હું કેમ ચલાવી લઉં? તરત જ ત્યાં ગયો અને ઝોળામાંથી લગભગ ઊંઘી ગએલી છોકરીને ઊંચકીને ચાલવા માંડયું, તરત જ એ પાછળ દોડી અને એને મારા હાથમાંથી ખૂંચવીને એની મા પાસે જઈ ઊભી, એ વખતે તો હું ગમ ખાઈ ગયો, હું પણ મારી પહેલાંની જગ્યાએ જઈ ઊભો.

"નાનીને ઊંચકવાની તારી રીત તો જો?" મારા કરતાં વધારે સારી રીતે ઊંચકી શકતી હતી પણ મેં એનો વાંક કાઢવા જ કહ્યું.

"તમે, તમારું કામ કરો." એણે સુણાવ્યું.

"એટલે! એનો પગ તો જો કેવો વાળી નાખ્યો"

"તેની તમારે શું પંચાત છે?"

"મારે શું પંચાત છે એમ? હું એનો બાપ છું."

"પણ તમે એની જરા ચિંતા કરશો નહિ."

"શું? મારે એની ચિંતા ન કરવી? કેમ, હું એનો બાપ નથી?"

"બહુ સારુ, બહુ સારુ."

"કેમ ફાટી છે? બહુ સારુ એટલે? અહીં આવ." હું તડૂકયો.

"કેમ, તમારે એનું શું કરવું છે? જરા તો એને ઠરવા દો!" મારી પત્નીએ કહ્યું.

"જોને, એનો પગ કેવો વાળી નાંખ્યો છે?"

"એની તમારે શું પડી?"

"એટલે?"

"તમારે અહીંથી ખસવું છે કે અહીં જ ચોંટી રહેવું છે?"

"મારાં કપડાંનો દેદાર તો જો!"

"એના કરતાં તો મારાં કપડાં વધારે ફાટી ગયાં છે, નવાં તો મારે જોઇએ." મારી હરીફ બોલી.

"મારાં કપડાં તરફ જરા જો તો ખરી." હું નિશ્ચયી અને બરાદૂર બન્યો હતો.

"મહેરબાની કરી હવે અહીંથી ચાલ્યા જાઓ!" મારી પત્ની એક જ વાત કરતી હતી.

હું હતો ત્યાંનો ત્યાં ઊભો રહ્યો, એટલે ભીંતમાં ખોસેલી સોય કાઢીને મારા પર ફેંકી, મારી બધી દલીલોનો એણે સરસ જવાબ દઇ દીધો. એનો અર્થ મને આવડતો હતો.

એવામાં મારા હરીફના હાથમાં નાની છોકરીએ સળવળવા માંડયું, ફૂદવા માંડયું, પરિણામે એના હાથમાંથી એ પડી ગઈ, મારે માટે સરસ તક આવી ચઢી. સોય ફેંકી દીધી, ત્યાં દોડી ગયો, અને એનો ચોટલો પકડીને મારા પિતાપણાને છાજે એવી એક લાત જોરથી લગાવી દીધી, પછી કાન પકડીને "છોકરાં કેમ ઊંચકવા તે તને શીખવું, આટલી મોટી થઈ પણ હજુ કંઈ ભાન નથી" કહીને તાડૂકી ઊઠયો, એટલે ધમસાણ મચી રહ્યું. શાકમારકીટ જેવો કોલાહલ મારા નાના ઓરડામાં સંભળાવા લાગ્યો. હવે તો પેલા બે નાના બાળકો પણ એની બહેન સાથે જોડાઈ ગયાં, નાનીએ રડવા માંડયું અને છોકરો પોતાની મોટી બહેન અને નાની બહેન—એમ બન્નેનું અનુકરણ કરવા લાગ્યો. મારી પત્ની શાન્ત પણ વ્યગ્ર ચિત્તે ઊભી હતી, શું કરવું એની તેને સમજણ પડી નહિ. હેતાળભાવે એનાં બાળકોને નીરખી રહેતાં એની આખમાંથી આંસુઓ પડવા માંડયાં. પછી માંડી ઓની માફક વાળ ખેંચીને માથું કૂટવા માંડયું, અંતે ભાન ભૂલીને એ પડી ગઈ. હું ગભરાયો અને બારી આગળ જઈ પાડોશીઓને મદદ માટે બૂમ પાડવા લાગ્યો!

× × ×

હવે મારું નશીબ રૂઠયું છે. નવું જન્મેલું બાળક અમારા સંસારમાં ત્રણ મહિનાનું આયુષ્ય ભોગવીને આ ફાની દુનિયા છોડી ગયું છે. એને પહેલવહેલું

જોયું ત્યારે જ મને તો લાગી ગએલું કે મારું આ સદ્‌ભાગ્ય લાંબુ ટકે એમ નથી. તરત મરવા માટે જ જણે એ જન્મેલું !

એનો જન્મ મારે મન આશીર્વાદ સમાન હતો. એને કારણે મારા હરીફને મેં થોડીવારને માટે તો જબરી હાર આપી હતી, કારણ કે એવડા નાના નબળા આકારને અડકવાની પણ એની હિંમત ચાલતી નહતી. મારી પત્ની માર્કેટમાંથી વારંવાર આવી ધવડાવી જતી. મારાં બીજાં બાળકો માતાનાં દુધથી ઊછરેલાં નથી. થોડા દિવસ જ એમને એ સૌભાગ્ય મળતું પછી તો મારે એમને કકડામાં સાકરનો ગાંગડો વીંટાળીને ચૂસવા માટે આપી મૂકવો પડતો. એ રીતે એ ઊછર્યાં અને મોટાં થયાં. હવે હું એક વધારે બાળકનો બાપ બન્યો, હવે જીવવામાં મજા છે એમ મને તે વખતે લાગ્યું, પણ મારું સૌભાગ્ય લાણું ટકયું નહિ. એના મરણનું કારણ મારી મોટી છોકરી જ છે, એ ન હોત તો બાળક થોડા મહિના તો વધારે જીવ્યું જ હોત. એ હમેશાં બારણું ખુલ્લું રાખીને ચાલી જતી, એને એટલું પણ ભાન હતું નહિ કે પવનથી બાળકને શરદી લાગી જાય છે. હું એને ઘણીવાર ધમકાવતો પણ એને કશી અસર થતી નહિ. એક વખત મારે કહેવું પડયું, "કેમ, તારે એને મારી નાંખવી છે શું ?" ત્યારે એ નફ્ફટે જવાબ દીધો, "હા, મારી નાંખવી છે, તેનું શું છે ? તમારાથી કોણ ડરે છે ?"

એ બાળકનો આખા જન્મારામાં એના પ્રત્યે માયા રાખી કાળજી કરનારો એક માત્ર હું જ હતો. એનું કદ જ એવું હતું કે એને અડવાનો પણ જેવા-તેવાની હિંમત ચાલે નહિ, પણ મેં એની કાળજી લેવામાં કાંઈ બાકી રાખી નથી.

એ જે રાત્રે મરણ પામ્યું એ રાત્રિ તો ખરેખર યાદ રહે એવી છે ! એના આખા શરીર ઉપર એવું તેજ છવાઈ રહેલું મેં જોયું કે મને એમ જ લાગ્યું કે આ બાળક નથી પણ કોઈ પુખ્ત ઉમ્મરનું માણસ છે, જાણે દુનિયાની બધી જ વસ્તુનું એને ભાન હોય ! એની પાસે ઊભા રહેતાં મેં ધ્રૂજારી અનુભવી.

બધાં સૂતેલાં હતાં, સવારના ત્રણ વાગ્યા હતા, રાત્રિ અંધારી હતી, ખૂબ જોરથી ઠંડો પવન વાતો હતો. પૃથ્વી પરનાં એનાં જીવનની છેલ્લી ક્ષણ વિતાવતું હતું ત્યારે મેં દીવો સળગાવી એના મુખ ઉપર પ્રકાશ પડવા દીધો. એ તો શાન્ત રીતે પડયું હતું, માત્ર એની નાનકડી છાતી છેલ્લી વારના ધબકારા લઈ રહી હતી. એના મુખ ઉપરની કરચલીઓવાળી ગોરી ચામડી પરથી રંગ ઊડી ગયો હતો. એની આંખો બંધ હતી પણ એનો અંત આવી જાય એ પહેલાં પા-એક ક્ષણને માટે નિર્મળ કાળી ભમર જેવી આંખ એકાએક ઊઘડી, મારા પર મંડાઈ ન મંડાઈ, અને તરત જ હતી તેવી સદાને માટે બંધ પડી ગઈ. મારાથી બોલી જવાયું: "મને માફ કર....."

પાસેથી એક કકડો લઈ એના પર ઓઢાડી દીધો. દીવો એની નજીક મૂકયો. ઓરડામાં ભૂતાવળ ભરાઈ બેઠેલી લાગી, વાતાવરણનો ભાર લઈને મારું માથું બાળકની આગળ નમી પડયું.....

મારા મનમાં વિચાર આવ્યો: 'મારે એકલાએ આ બધું શા માટે સહન કરવું ? અને હું સીધો મારી પત્ની પાસે ગયો, એને ઢંઢોળીને ઉઠાડી, કહ્યું: "ઊઠ, પેલો તો ગયો !" ગાભરી ગાભરી એ એકદમ ઊઠી પડી. પછી હું મારા હરીફ પાસે ગયો, એને જોરથી ધક્કો મારી જગાડી કહ્યું: "ઊઠ, તારો નાનો ભાઇ મરી ગયો."

બાળક પરનો કકડો ઉઠાવી લઈને ધીરે સાદે માતાએ રુદન કરવા માંડયું. મોટી છોકરીએ પણ એનું અનુકરણ કરી ઠંડીમાં ધ્રુજતાં ધ્રુજતાં રોવા માંડયું. એ બન્ને જોતાં અવાક્ જેવો હું ઊભો રહ્યો... પછી મારા હરીફ પાસે ગયો, એનો હાથ પકડીને ઓરડાની વચમાં લઈ આવ્યો, એની આંખ સામે ટગર ટગર જોયા કર્યું. પછી તાળી પાડી ગાવાનું શરૂ કર્યું. એને પણ કહ્યું કે "આ આનંદના અવસરે તું નાચ, કૂદ" અને હું જોરથી હસી પડયો !

મારી પત્ની બોલી ઉઠી: "અરે, અરે, તમે તે ગાંડા થઇ ગયા કે શું ?"

મેં કહ્યું: "ના, ના, હું ગાંડો નથી થઈ ગયો.

(અનુસંધાન પૃષ્ઠ ૯૩ પર)

માનીતી અને અણમાનીતી

સાને ગુરુજી
અનુ. સુશીલાબહેન દેશપાંડે

એક હતું ગામ. તે ગામમાં એક માણસ રહેતો હતો. તેને બે સ્ત્રીઓ હતી. એક હતી માનીતી અને બીજી હતી અણમાનીતી. જે અણમાનીતી હતી તે દેખાવમાં સારી ન હતી. તેને બહુ દુઃખ પડતું. કૂકડો બોલે ત્યારથી તે કામે ચઢે તે આખો દિવસ સતત કામ કર્યા જ કરે. કૂવાનું પાણી ભરે, નદી ઉપરથી ઢગલો કપડાં ધોઈ લાવે, ઢોરઢાંખરનું કામ કરે, દળવું-ખાંડવું વગેરે કામ એ જ કરતી. ઘરમાંના બધાનો એંઠવાડ પણ તે જ કાઢતી, કચરો વાળવો, લીપણગૂંપણ, દીવાબત્તી બધું એ પોતે એકલે હાથે કરતી. ઘડીભર પણ તેને આરામ મળતો નહિ. આટલું બધું કામ તે કરતી હતી છતાં તેની સાથે કોઈ ભલાઈનો અક્ષર પણ બોલતું નહિ. તેને સારો કોળિયો પણ મળતો નહિ. તેને ભાગે તો રોજ વાસી ને ટાઢું ખાવાનું જ આવતું. તેને પહેરવા માટે ફાટેલા ઊતરેલા લૂગડાં જ મળતાં. સૂવા માટે પણ ફાટલી ગોદડી હોય. તેના શરીર પર મંગળસૂત્ર ઉપરાંત કંઈ પણ ઘરેણું ન હતું. હાથમાં સરખી બંગડી પણ ન હતી. ઘરેણાંની વાત તો જાણે છોડી દઈએ, એ વિના તેનું કંઈ અટકી પડતું નહિ. મફતનો મીઠો બોલ, તે પણ તેને માટે કેમ મોંઘો હોવો જોઈએ? પરંતુ દુનિયામાં મીઠાં વચનોનો પણ દુકાળ જ હોય છે.

અણમાનીતીની શોક તેને બધાના દેખતાં મહેણાં મારતી, અને તેનું અપમાન કરતી. બધાના દેખતાં અપમાન સહન કરવા કરતાં મરવું બહેતર, એમ કોઈ પણ માણસને થાય. અણમાનીતી મનમાં ને મનમાં કહ્યા કરતી: "બળ્યું મર મર મરીએ, છાતીફાટ કામ કરીએ, તોપણ કશાની કદર નહિ. અને ગાળો, શાપ, નિંદા, અપમાન એ વળી વધારામાં બક્ષીસ!" માણસ કામથી કંટાળતું નથી. "થાકી હઈશ ને!" એવો મીઠો શબ્દ તેને કોઈ કહે તો તેનો થાક ઊતરી જાય છે. માણસ પ્રેમનું ભૂખ્યું હોય છે. અણમાનીતીને આ જગતમાં પ્રેમ મળવાનું અશક્ય થઈ ગયું. જેને પ્રેમ અને સહાનુભૂતિ મળતાં નથી તેના કરતાં વધારે અભાગી અને દુઃખી કોણ હોઈ શકે!

માણસની સહન કરવાની શક્તિની પણ મર્યાદા હોય છે. વધારે તાણવાથી તે તૂટી જાય છે. અણમાનીતી એક દિવસ સાવ જ ત્રાસી ગઈ, તેને પોતાના જીવ ઊપર કંટાળો આવ્યો. પરમેશ્વર નિર્દય છે એમ તેને લાગ્યું. શા માટે હવે આ જગતમાં જીવતા રહેવું એવો વિચાર મનમાં આવતાં તે બહાર પડી. તે જીવતા નરકવાસમાંથી જાનવરોના ડબામાંથી તે બહાર પડી. બહાર ઘણી જ રાત પડી હતી. બધે નીરવ સ્તબ્ધતા હતી. દૂર ક્યાંક કૂતરા ભસતા સંભળાતાં હતાં. શિયાળોના રડવાનો અવાજ પણ સંભળાતો હતો. એકાદ પક્ષીનો દયામણો અવાજ વચમાં તેના કાનપર આવતો. કૃષ્ણ પક્ષ હોવાથી આકાશમાં ચંદ્રમા નહોતો. ચોમેર અંધારું હતું. તારાઓનો થોડોક અસ્થિર પ્રકાશ હતો ખરો.

અણમાનીતી ચાલી, એકલી એકલી ચાલી. તેનું દુઃખ તેની સાથે હતું જ. તેનાં આંસુ તેની સાથે હતાં. પગમાં પગરખાં ન હતાં. રસ્તો બરાબર દેખાતો ન હતો. પગે કાંટા વાગતા હતા, પથ્થર ખૂંચતા હતા. પરંતુ શોકની ગાળો અને મહેણાં સાંભળવા કરતાં આ

કાંટાનું વાગવું, પથ્થરોનું ખૂંચવું કંઈ વધારે દુઃખકારક ન હતું. અથડાતી કૂટાતી તે જતી હતી.

હવે રાત પૂરી થવા આવી હતી. મળસ્કુ થયું હતું. આકળનાં ટીપાં ટપોટપ પડતાં હતાં. જાણે અણમાનીતી માટે કુદરત રડતી ન હોય! ઝાડપર પક્ષીઓનો કિલકિલાટ શરૂ થયો હતો. ઝાડોની આકૃતિઓ ધીમે ધીમે સ્પષ્ટ થવા લાગી. પો ફાટવા લાગ્યો. પ્રકાશ ફેલાવા લાગ્યો. પરંતુ અણમાનીતીના મનમાં તો અંધકારજ હતો. જગત ઊંઘમાંથી જાગતું હતું. અણમાનીતી કાયમની ઊંઘ લેવા ચાલી. હતી.

સામે ગાઢું જંગલ હતું. જંગલમાં થઈને તે ચાલી. જતાં જતાં એક ગમ્મત થઈ; જે પગદંડીએ અણમાનીતી જતી હતી તે રસ્તે એક તુલસીનો છોડ ઊગેલો હતો, એ તરફ અણમાનીતીનું ધ્યાન ગયું. વટેમાર્ગુઓએ તુલસીનાં પાંદડાં ચૂંટીને ખાધાં હતાં. તુલસીનો છોડ દયામણો દેખાતો હતો. અણમાનીતી તે છોડ પાસે ગઈ અને તેને પગે લાગીને બોલી. "જય તુલસીમાતા, તને વટેમાર્ગુઓએ ચૂંટી ખાધી, તારાં પાંદડાંની સમૃદ્ધિ તેઓએ લૂંટી લીધી, પરંતુ તને કોઈએ પાણી સરખું પાયું નહિ, તારાં ઉઘાડાં મૂળિયાં પર માટી ઢાંકી નહિ. ઊભી રહે હું તારાં ઉઘાડાં મૂળિયાં પર માટી ઢાંકુ છું અને તને પાણી પાઉં છું." એમ કહી અણમાનીતી આસપાસ પાણી શોધવા લાગી. એક નાનકડું પાણીનું વહેણ ખળખળ કરતું વહેતું હતું. અણમાનીતીએ ખાખરાનાં પાદડાંનો પડિયો બનાવ્યો ને તે પડિયા વડે તેણે તુલસીના છોડને પાણી પાયું. આસપાસની જમીન ખોદીને તુલસીનાં મૂળિયાં પર માટી ઢાંકી. અને તેને નમસ્કાર કરી અણમાનીતી આગળ ચાલી.

મનમાં વિચાર કરતી કરતી તે ચાલતી હતી. રસ્તામાં એકાંદ તળાવ કે નદી આવશે અથવા ઊંડો ધરો આવશે તો તેમાં હું પડતું મૂકીશ અને મરી જઈશ. એમ મનમાં વિચાર કરતી તે જતી હતી એટલામાં એક દેવકપાસનું ઝાડ રસ્તામાં આવ્યું, દેવકપાસ સરસ હોય છે; તેના રેસા સુંદર સુંવાળા દેખાય છે. દીવેટો વગેરે બનાવવા માટે સ્ત્રીઓ આજ કપાસનું રૂ વાપરે છે. માટે તેને દેવકપાસ કહે છે. તે દેવકપાસનાં ઝાડવાં રસ્તે ચાલનારાઓએ તોડી લીધાં હતાં. તે ઝાડપરની સફેદ ધનદોલત બધાંએ લૂંટી લીધી હતી. પરંતુ તેની કાળજી કોઇએ લીધી ન હતી. કોઈએ તેનાં મૂળિયાંપર મૂઠી ભરીને માટી પણ નાખી ન હતી અને તેને ટીપું પાણી પણ પાયું ન હતું. બધાં મફતિયું લેનારા હોય છે. અણમાનીતી તે ઝાડ પાસે ગઈ. દુનિયામાં જેને સહાનુભૂતિ મળતી નથી, જેની પૂછપરછ કોઈ કરતું નથી, તેને જીવવું કેવું વસમું થાય છે તેનો તેને અનુભવ થયો હતો. તે પેલા દેવકપાસના ઝાડ પાસે ગઈ અને બોલી, "હે કપાસના વૃક્ષ, છાનો રહે, રડીશ નહિ, હું તને પાણી પાઉં છું અને તારા મૂળિયાં પર માટી ઢાંકુ છું." એમ કહી તેણે તેને પાણી પાયું, તેનાં મૂળિયાં માટી વડે ઢાંકયા અને આગળ ચાલી.

તે હવે અધીરી થઈ હતી. મનમાં તે કહેતી હતી કે, હજી કેમ કોઈ તળાવ કે કૂવો અથવા ઊંડા પાણીનો ધરો દેખાતો નથી? એટલામાં રસ્તમાં એક જમરૂખનું ઝાડ આવ્યું. રસ્તે જનારાઓ તેના જમરૂખ ખાઇ ગયા હતાં, કાચા છે કે પાકા છે તે જોયા વિના પણ લઈ ગયા હતાં. તેઓ જમરૂખને પથ્થર મારતા અને જમરૂખ પાડી લેતા. પક્ષીઓ માટે પણ જમરૂખ રહેતા નહિ. કાગળ કે પુ-

ક્ષીઓ જમરૂખ પાકે ત્યારે જ તેને ખાય છે, પરંતુ માણસ એટલી ધીરજ ક્યાંથી લાવે! તે તો જમરૂખને પાકતા પહેલાં જ ખાઈ જતા. પક્ષીઓ કહેતા "આ મનુષ્ય પ્રાણી બધી દુનિયામાં સૌથી વધારે લોભિયો દેખાય છે. તે ખાઉધરો અને સર્વભક્ષક છે." પરંતુ તે અણમાનીતી એવી ન હતી. તે જમરૂખના ઝાડ પાસે ગઈ અને બોલી "જમરૂખના વૃક્ષ! કોઈએ તારી પૂછપરછ નહિ કરી હોય, તને પાણી પણ પાયું નહિ હોય, તેથી તારી આવી અવદશા થઈ લાગે છે. હું તને પાણી પાઉં છું હોં, તારા મૂળિયાં ઉપર માટી પણ નાખીશ," તેણે તે પ્રમાણે કર્યું અને તે આગળ ચાલી.

તે ગાઢું જંગલ પૂરું થયું અને ખુલ્લું મેદાન શરૂ થયું. સૂર્ય માથાપર આવ્યો હતો. હવે તો પગ પણ દાઝવા લાગ્યા. એટલામાં એક મોટું તળાવ તેની નજરે પડ્યું. તળાવ કેમ, તે એક મોટું સરોવર જ હતું. તેમાં સુંદર કમળો ખીલ્યાં હતાં. પાણીની મંદ લહેરો નાચતી હતી પાણીમાં હંસ વગેરે પક્ષીઓ નાવની જેમ ડોલતાં હતાં, તે સરોવરની એક બાજુએ ઓવારો પણ બાંધેલો હતો. અણમાનીતી તે ઓવારાપર જઈને ઊભી રહી.

તેણે છેવટનો નિશ્ચય કરી લીધો તેણે સાડીનો છેડો ખોસી લીધો. તે હવે પાણીમાં પડતું મૂકવા જતી હતી એટલામાં "હે અભાગી જીવ, જરા થોભ. આવી રીતે જીવ દઈશ નહિ." એવા શબ્દો તેના કાન પર પડ્યા.

એ શબ્દો ક્યાંથી આવ્યા હશે? એવો કોણ અનાથનો નાથ, ગરીબનો બેલી ત્યાં હતો? ત્યાં એક સાધુ રહેતો હતો. આ બાઈના હલનચલન પરથી તે હવે જીવ દેશે એ વાત તે સમજી ગયો, તેના જ એ શબ્દો હતા. તે શબ્દો સાંભળી અણમાનીતી ચોંકી ગઈ, જરા ગભરાઈ પણ ખરી. આ નઠારી દુનિયા મને નિરાંતે જીવવા પણ દેતી નથી કે નથી સુખેથી મરવા પણ દેતી દુનિયા સાચે જ દુષ્ટ છે એમ તેને લાગ્યું.

તે સાધુ પાસે આવ્યો. વહાલથી બાઈને કહ્યું, "તમે શા માટે જીવ દો છો? પ્રભુએ આપેલી આ સોનાની કાયા શા માટે પાણીમાં ફેંકી દો છો? આ દેહ સેવામાં વાપરો. પરોપકારના કામધંધામાં ઘસાવા દો, આત્મહત્યા કરવી એ સૌથી મોટું પાપ છે. ના, ના, આવું અવિચારી પગલું ભરશો નહિ, મારું સાંભળો."

અણમાનીતી બોલી, "મહારાજ, તમે કહો છો તે ખરું છે, આત્મહત્યા કરવી એ મહાપાપ છે એ હું જાણું છું તેથી જ હું આજ સુધી થોભી. પણ હવે થોભવું અશક્ય છે. મારી ધીરજ ખૂટી ગઈ છે. કઈ આશાએ હું જીવું? દુનિયામાં શાને આધારે દહાડા કાઢું? વહાલનો એક શબ્દ પણ મને મળતો નથી. એક કોળિયો પણ મને સુખેથી ખાવા મળતો નથી. ખળ્યું મર મર મરીએ તો પણ તેની કદર થતી નથી. કૃપા કરીને મને મરવા દો. હું મરી જઇશ તો તેથી કોઈ રડવાનું નથી. મને મરવાનું સુખ તો મળવા દો." સાધુએ કહ્યું, "તમને શાનું દુઃખ છે?" અણમાનીતી બોલી, "હું મારા ધણીની અણમાનીતી છું, માનીતીનું બધું સારું ગણાય, મારું બધું જ ભૂંડું ગણાય, પ્રભુએ મને રૂપ આપ્યું નથી તેમાં મારો શો વાંક? પણ એટલા માટે જ બધાં મારી મજવણી કરે છે, મને હેરાન કરે છે ગમે તેમ બોલે છે, મારા બૂરા હાલ કરે છે, કુરૂપી સ્ત્રીએ શા માટે જીવવું? પરમેશ્વર ફૂલોને, પતંગિયાંને કેવાં

શણગારે છે, પરંતુ મને જ ઘડતી વખતે તેનો બધો બજાનો ખૂટયો લાગે છે, મારું કમનસીબ! મને જવા દો, ડૂબવા દો."

સાધુ બોલ્યો, "થંભી જા, ડૂબીશ નહિ, હું તને સુંદર રૂપલાવણ્ય આપું છું, પ્રભુનું નામ દઈ ત્રણ વખત આ પાણીમાં ડૂબકી મારી બહાર આવ, એટલે તું અપ્સરા જેવી દેખાઈશ. સાચું કહું છું."

અણમાનીતીએ સાધુના વચનપર વિશ્વાસ રાખ્યો; તેણે સાધુને પ્રણામ કર્યાં. સાધુ નીકળી ગયો પછી તેણે પ્રભુનું નામ દઈને ત્રણ વખત પાણીમાં ડૂબકી મારી, અને સાચે જ તે ઘણી સુંદર દેખાવા લાગી જાણે રાજાની રાણી, સ્વર્ગની રંભા જેવી તે દેખાવા લાગી.

તે પાછી ઘેર જવા નીકળી. મનમાં ને મનમાં તે સાધુનો ઉપકાર માનતી, તેમ જ તેના વખાણ કરતી નીકળી. મારો પતિ હવે મારા પર વહાલ કરશે, મારો તિરસ્કાર નહિ કરે, એ વિચારથી તેનો આનંદ હૈયામાં માતો નહોતો. પોતાની શનિની પનોતી પસાર થઈ છે, એમ તેને લાગવા માંડયું. હવે તેને પગે પથ્થર ખૂંચતા ન હતા; કાંટા વાગતા ન હતા, જાણે પગ નીચે બધે ફૂલો વેર્યાં હતાં.

ફરીથી તે જંગલ આવ્યું. જંગલમાં થઈને તે જતી હતી. તે ઝડપથી ચાલતી હતી. એટલામાં "ઓ બહેન જરા થોભો, અહીં આવો." એવા શબ્દો તેને કાને પડયા. આસપાસ કોઈ માણસ તો દેખાતું ન હતું. કોણે બૂમ પાડી હશે? તે કોના શબ્દો હશે? પોતાને કેવળ ભાસ થયો હશે એમ વિચારી તે પાછી ચાલવા માંડી, પરંતુ તે શબ્દો તેને ફરીથી સંભળાયા. આ ભાસ નથી, પણ કોઈ તેને બોલાવી રહ્યું છે એમ તેને લાગ્યું. એટલામાં તેને તે જમરૂખનું ઝાડ દેખાયું. તે ઝાડ જાણે હર્ષથી ડોલતું હતું. અણમાનીતી તેની પાસે ગઈ અને બોલી, "કેમ જમરૂખના ઝાડ, તેં મને બોલાવી?"

ઝાડ કહે, "હા."

"શા માટે બોલાવી?" તેણે પૂછયું.

"શા માટે બોલાવી એમ કેમ કહો છો? તમે જાતે દુઃખી હતા તો પણ તમે મારી પૂછપરછ ને સેવા કરી, મને ઓઓ પાણી પાયું. મૂઠી ભરીને માટી મારાં મૂળિયાં પર નાખી. આજ સુધી બધાએ મને લૂટયાં જ કર્યું, પણ કોઈએ મારી સારવાર કરી નહિ. તમે મારો કાચો દોડો પણ તોડયો નહિ. ઉપરાંત, આ વહાલ આપ્યું. તમે મહાન છો, તમારો ઉપકાર કેમ ભૂલું; તમારું વહાલ કેવી રીતે વીસરું? અમે વૃક્ષો માણસના જેવા નગુણા હોતા નથી. અમને કાપવા આવેલા પર પણ અમે છાયા ધરીએ છીએ, પથ્થર મારનારાઓને પણ ફળ આપીએ છીએ. તો તો પછી અમને વહાલ આપનારા વિષે અમને કેટલું બધું લાગતું હશે? પ્રેમનું દેવું કદી પૂરેપૂરું ચૂકવી શકાતું નથી. તો પણ હું તમને કંઈક આપવા માગું છું. તે તમે લ્યો. ના પાડશો નહિ." એમ જમરૂખનું ઝાડ બોલ્યું.

"મારા વહાલા જમરૂખના ઝાડ, તું મને શું આપીશ?" તેણે પૂછયું.

"એક નાનો શો કરંડિયો."

"કરંડિયામાં શું હશે?"

"કરંડિયામાંથી ગમે તે જાતનાં ફળ તમે માગો તેટલાં મળશે. દાડમ જોઈતાં હોય તો દાડમ મળશે; દ્રાક્ષ જોઈતી હોય તો દ્રાક્ષ;

જે માગો તે મળશે. લો, આ કરંડિયો. મારા વહાલની નિશાની."

તે કરંડિયો લઈ અણમાનીતી આગળ ચાલી. થોડે દૂર ગયા પછી "ઓ બહેન, જરા થોભો અહીં આવો," એવા શબ્દો ફરીથી તેના કાન પર પડ્યા. તે આમતેમ જોવા લાગી. તો ત્યાં તેને પેલું દેવકપાસનું ઝાડ દેખાયું, તે બોલાવતું હતું. અણમાનીતી તેની પાસે જઈને બોલી "કપાસના ઝાડ તેં મને બોલાવી?"

"હા મેં તમને બોલાવ્યાં."

"શા માટે?"

"એમ કેમ પૂછો છો? આજ સુધી મારા જીંડવાં તોડીને લઈ જનારાઓ જ મને મળ્યા. પરંતુ વહાલથી મારી પૂછપરછ કરનારું, મને પાણી પાનારું, તેમ જ ઉઘાડા મૂળિયાં પર માટી ઢાંકનારું કોઈ મળ્યું ન હતું. તે તમે મળ્યા. બહેન તમારો કેટલો બધો સ્નેહાળ અને પરોપકારી સ્વભાવ! પ્રેમનો બદલો વાળી શકાતો નથી. પણ મારાથી રહેવાતું નથી, એટલે કંઈક પ્રેમની ભેટ આપવાનું મન થાય છે. હું તમને કંઈક આપવા માગું છું. અમે વૃક્ષો અમારા પર કરેલો ઉપકાર યાદ રાખીએ છીએ, અમે માણસના જેવા કૃતઘ્ન હોતા નથી."

"શું આપીશ તું મને, કપાસના ઝાડ?"

"એક નાનકડું પોટલું આપવાનો છું. બીજું મારી પાસે શું હોય.?"

"પોટલામાં શું હશે?"

"તમને જે જોઈતું હોય તે વસ્ત્ર તેમાંથી મળી શકશે. રેશમી સાડીઓ, કસબી સાડીઓ, બનારસી સાળુ, પીતાંબર, પટોળાં, બધું એમાંથી મળી રહેશે. હંમેશા મળશે."

"ઠીક ત્યારે, તમારી પ્રેમની યાદગીરી લઈ જાઉં છું."

પોટલું લઈ અણમાનીતી આગળ ચાલી. હવે તે ખૂબ ઝડપથી ચાલતી હતી. ઘેર ક્યારે પહોંચું એમ તેને થઈ ગયું હતું. એટલામાં "ઓ બહેન થોભો, અહીં આવો" એવા શબ્દો તેણે ફરીથી સાંભળ્યાં. તેણે જોયું તો ટટાર થએલો તુલસીનો છોડ ત્યાં હતો.

"જય તુલસી માતા, તમે મને બોલાવી શું?"

"હા બેટા, તેં મને પાણી પાયું, મારા મૂળિયાં પર માટી ઢાંકી. આજ સુધી કોઈએ પણ આવું કર્યું નહોતું. આ રસ્તે હજારો લોકો આવ્યા ગયા. પણ કોઈએ આવું કર્યું નહોતું. તારા પર હું પ્રસન્ન છું. હું તને કંઈક આપવાની છું."

"શું આપવાના છો માતાજી?"

"એક નાનકડો કરંડિયો."

"તેમાં શું હશે.?"

"તેમાં તને જે જોઈતાં હોય તે ઘરેણાં મળશે. સોના-ચાંદીના, હીરા મોતીના જેવાં જોઈએ તેવાં મળશે. લે આ કરંડિયો."

અણમાનીતીએ તે કરંડિયો લીધો. તુલસી માતાને પગે લાગીને તે નીકળી. એક જગ્યાએ તે જરા થોભી. તેને ભૂખ લાગી હતી. કરંડિયામાંથી તેણે ફળ કાઢીને ધરાઈને ફલાહાર કર્યો. પછી પેલા મોટા પોટલામાંથી સુંદર વસ્ત્રો કાઢી તેણે પહેર્યાં. કરંડિયામાંથી કિંમતી ઘરેણાં કાઢી તેણે તે પહેરી લીધાં. તે હવે કેવી સુંદર દેખાતી હતી! જાણે વનદેવતાજ!

અણુમાનીતી ઘેર આવી અને લક્ષ્મીની જેમ ઊભી રહી. તેનો પતિ તેની સામું જોઈ જ રહ્યો. તે હવે તેની માનીતી થઈ. પહેલાંની માનીતી હતી તે અણુમાનીતી થઈ ગઈ.

એક દિવસ નવી અણુમાનીતીએ નવી માનીતીને પૂછ્યું. "બહેન આવું રૂપલાવણ્ય મેળવવા તમે શા ઉપાય કર્યા? તે મને કહેશો? તેમ જ કરંડિયા પોટલું, તમને કોણે આપ્યાં? કયા દેવતાની તમે આરાધના કરી? કયું વ્રત કર્યું? કઈ બાધા રાખી? તે બધું મને કહો. ના પાડશો નહિ. મેં તમારી ખૂબ પજવણી કરી, તે મનમાં લાવશો નહિ."

નવી માનીતી સીધા સરળ સ્વભાવની હતી. તેને કપટની ખબર નહતી. તે જૂઠું બોલતી નહિ. જાણે છૂટી વહેતી નિર્મળ પવિત્ર ગંગા જ. તેણે તેને બધી હકીકત કહી સંભળાવી.

એક દિવસે તે નવી અણુમાનીતી જંગલમાં ગઈ. તેણે તુલસીના છોડને પાણી પાયું નહિ, તેના પાંદડાં માત્ર તેણે ખાધાં. તેણે દેવકપાસના છોડને પાણી રેડયું નહિ; પણ તેના જીંડવાં હતાં તેટલાં તેણે તોડયાં. જમરૂખના ઝાડને પાણી પાયું નહિ, પણ તેણે પથરા મારીને જમરૂખ પાડયા ને ખાધા. એમ કરતાં કરતાં તે આગળ ગઈ. તે સરોવરને કાંઠે જઇને ઊભી રહી. અને તેમાં પડીને જીવ દેવાનો ડોળ કર્યો. એટલામાં "ઓ બહેન ઘોલો, ઘોલો, જીવ દેશો નહિ." એવા શબ્દો તેને કાને પડયા. તે શબ્દોની જ રાહ જોતી હતી. પેલો સાધુ પણ ત્યાં આવ્યો. તેણે પૂછ્યું "શા માટે આત્મહત્યા કરવા માગો છો?"

આંખમાં ખોટા આંસુ લાવીને તે બોલી, "પહેલાં મારો પતિ મારા પર વહાલ રાખતો હતો, પણ હવે મારી સાથે સારી રીતે વર્તતો નથી. મને જોઈને તે હસતો નથી. હું હવે નજર આગળ પણ ન હોઉં એમ તે ઇચ્છે છે. શું કરૂં પતિના પ્રેમ વગર સ્ત્રીઓને જીવતર નકામું લાગે છે. જવા દો, મને ભૂસકો મારવા દો."

સાધુ બોલ્યો, "આ બધા પુરુષો જાતે શું મદનનાં પૂતળા હોય છે શું? પોતે ગમે તેટલા કુરૂપ હોય તો પણ પત્ની માત્ર તેમને અપ્સરા જેવી જોઇએ. વળી તમારું રૂપ કંઇ ખરાબ કહેવાય તેવું નથી. હશે તમે જીવ દેશો નહિ. આ પાણીમાં પ્રભુનું નામ દઈને ત્રણ વખત ડૂબકી મારો તો હાલમાં છો તેના કરતાં પણ તમે વધારે સુંદર દેખાશો."

એટલું કહી સાધુ જતો રહ્યો. અણુમાનીતીએ તેને નમસ્કાર પણ કર્યા નહિ. તે પાણીમાં એક ડૂબકી મારીને ઉપર આવી. તો સાચે જ પહેલા કરતાં વધારે સુંદર દેખાવા લાગી. પછી તેણે બીજી ડૂબકી મારી, એટલે તે એથી યે સુંદર થઈ. તેણે ત્રીજી ડૂબકી મારી. હવે તે સૌંદર્યની ખાણ સમી દેખાવા લાગી. એટલે તેને થયું હજી એક ડૂબકી મારૂં. તેણે ચોથી ડૂબકી મારી તો આ શું થયું! તેનું બધું રૂપ સાફ ધોવાઈ ગયું. તેનું શરીર કોલસા જેવું કાળું થયેલું, નાક નકટું થયેલું. આંખો મોટી લખોટા જેવી દેખાવા લાગી. તે રડવા લાગી. રડતાં રડતાં તે પેલા સાધુની ઝૂંપડી પાસે ગઈ. એટલે તે બહાર આવ્યો. તેને પગે લાગીને તે બોલી, "મહારાજ મને માફ કરો. તમે મને ત્રણ ડુબકીઓ મારવા કહેલું પણ મેં ચોથી ડૂબકી મારી. મારું બધુ રૂપ જતું રહ્યું. મારું રૂપ મને પાછું મળે તેમ કરો. મારા પર કૃપા કરો."

સાધુ બોલ્યો તે શક્તિ મારામાં નથી 'ક્રાંતિ લોભો ન કર્તવ્ય.' આજ્ઞામાં મજા નથી. ઉપરાંત તમે મારા શબ્દો પર વિશ્વાસ રાખ્યો નહિ. એક રીતે તમે મને છેતર્યો. જાઓ હવે કરેલા કર્મનાં ફળ ભોગવો."

તે નવી અણમાનીતી કંઈ મરવા માટે થોડી જ આવી હતી! મરવાની તેનામાં હિંમત ન હતી. રડતી રડતી તે પાછી આવવા નીકળી. "મારશે એ લાતો, પણ ખાવાનું તો આપશે ને," એમ મનમાં તે બોલતી હતી. રસ્તામાં કોઈએ તેને બોલાવી નહિ. મોટો કરંડિયો નાનો કરંડિયો, પોટલું, કશું તેને મળ્યું નહિ. ખાલી હાથે તે પાછી આવી વધારામાં, હતું તે રૂપ ગુમાવીને સાવ કુરૂપ ને કાળમુખી થઈને પાછી આવી.

ઘેર આવી તે બારણામાં ઊભી રહી. તેને કોઈ ઓળખી શક્યું નહિ. પણ પછી તે આંખમાં આંસુ લાવીને નવી માનીતીને બોલી. "બહેન મને તમે ઓળખી નહિ? હું તે જ છું કે જેણે જૂની માનીતી તરીકે તમારી પજવણી કરી હતી. ફરીથી માનીતી થવા હું જંગલમાં ગઈ. પણ ત્રણ વખત ડૂબકી માર્યા પછી, અતિલોભથી ચોથી વાર ડૂબકી મારી. તેનું આ ફળ છે. મારું બધું રૂપલાવણ્ય ધોવાઈ ગયું. ને હું આ આવી થઈને આવી. બધા મને માફ કરો અહીં મને રહેવા દો."

નવી માનીતી બોલી. "રહેજો હાં બહેન. આ તમારું ને મારું બન્નેનું ઘર છે. તમે મને દુઃખ દીધું, પણ હું તમને દુઃખ નહિ દઉં. જે દુઃખમાંથી હું પસાર થઈ છું તે તમને હું ભોગવવા વારો નહિ આવવા દઉં. ગઇ ગુજરી ભૂલી જાઓ. છાના રહો. રડશો નહિ. આંખો લૂછો. આપણે બંને સુખેથી સાથે રહીશું."

અને ખરેખર તેઓ બન્ને સુખ સમાધાનથી રહેવા લાગ્યાં



ઘડાતા ઈતિહાસનું એક પાનું

સ્નેહરશ્મિ

"સભાપતિ, સન્નારીઓ ને સજ્જનો,
છે આજનો આ દિવસ આખા
દેશના ઈતિહાસમાં
મહત્ત્વનો અતિશય, અને
આ સભા જે આજ ભાસે
અલ્પથી યે અલ્પ શી.
ભવિષ્યનો પરદેશી કોઈ
ઇતિહાસ-લેખક તે તણી
નોંધ કરતાં નાખશે નિઃશ્વાસ ઊંડા
કે, ન જન્મ્યો આપણા આ યુગ વિશે તે, ૧૦
તે ન જન્મ્યો ભારતે,
ને ભારતે જન્મી સભામાં
આ ન આવ્યા કેરું તે
સદ્ભાગ્ય વિરલું પામ્યો!"

ને વાહ શેઠ કપૂરચંદ
ઓચરે બીજું તે પહેલાં
તાળી ઉપર તાળીઓ
ગાજી રહી ને મરકી આછું,
શેઠજી એ ડાક પરથી
છાતી પે થઈ ઝૂલતા. ૨૦
રેશમી નિજ ખેસને
કરે બેઉ ઝુલાવતાં.
વક્તવ્ય પોતા કેરું તે
ચાલુ છટાથી રાખિયું :

"આદી માનવ પૃથ્વી પે
ફરતો હતો તે કાળથી તે આજ સુધી કો,
માનવે નિજ હિંસ ટેવો છોડવા,
કદી બુદ્ધ વા ઈશુના સમા કો.
સન્ત જનની પ્રેરણાથી,
યત્નો કર્યાનુ હોય ઈતિહાસે ક્યહીં નોંધાયલું, ૩૦
તો જાણવું કે યત્ન સૌ
હતા વ્યક્તિ- વિશેષના
ન કે લોક-સમૂહના!

હિંસ ટેવો આદિ તે
કાળ બળથી સૂક્ષ્મતાને પામીને,
ને ભદ્રતાના ઓપ નીચે
ભીષણ બનીને વધુ વધુ,
આજ માનવ-સૃષ્ટિમાં
કેવા સ્વરૂપે વિહરતી તે
પેખવા હે સજ્જનો, ૪૦
દૂર દૃષ્ટિ ન નાખતાં
છે અર્જ મારી આપને કે,
સ્ટેશને વા બંદરે
જઈને ખીચોખીચ આવતી જતી વા કદી
કો ટ્રેન કે મનવાર ઉપર
દૃષ્ટિ ઊડતી નાંખજો.

ત્યાં ખાખીના ગણવેશમાં
નવલોહિયા આશાભરેલા
સૈનિકોને પેખજો,
ને એ ન છે કો માનવી ૫૦
પણ કોળિયા રણચંડીના,
એ સત્ય કેરી ચિત્તમાં
કરીને પ્રતીતિ ઉર મહીં
સંવેદનો જે જાગી રહ્યાં
તેને ઘડીભર શોચજો.
સન્નારીઓ હે,
આપ મહીં કો હશે જનની,
બહેન કો ને પુત્રીઓ કે પત્નીઓ કો,
કો યુવક કેરી, ચમક જેની આંખમાં
જિંદગીની આશા ભરેલી જિંદગીની, ૬૦

ઊર્મિમય યૌવનતણી,
તેજસ્વી ભાવિ વિકાસની
ને સફળતાથી જિંદગી
ઉલ્લાસ મહીં જીવવા તણી—
હા, ચમક અદ્‌ભુત એવી કો
તે સ્વજન કેરી આંખમાં,
પેખતાં તમ ઉરમહીં
ઊર્મિઓની ભરતીઓ,
કેવી હશે નિત જાગતી
તે વર્ણવાને મારું ગેનો, ૭૦
ગજું કશું! કિંતુ પૂછું
કે, મદિરે વા દેવળે,
ભક્તિભાવે, આર્દ્ર હૈયે
મૂંગી વેળા કેટલી
સફળ દીર્ઘ અને સુખી
જિંદગીની વિરલ સિદ્ધિ
આત્મીય નિજ તે કાજ
પ્રાર્થી છે તમે?

યુવાન સહુ તે સૈનિકોને
માતા હશે, ભગિની હશે વા પત્ની કે ૮૦
તુમ જેવી. તેનાં ઉરમહીં
વેદના ને મન્યનો,
નિત્યે હશે જે જાગતાં,
કો ઘવાયા સૈનિકોને પેખતાં,
સમભાવથી તે લહી ખેદનો,
કેશો મને ક્ષણ શોચી કે,
આંખ જે—તેજસ્વી સુન્દર આંખ જે
ઇશે દીધી કંઈ યુવકને,
તેની હણવા દિવ્ય જ્યોતિ
અધિકાર છે શો કોઈનો? ૯૦
કે આજાન બાહુ, વૃષસ્કંધ, તેજસ્વી કો
યુવાનના
પ્રચંડ, શક્તિશાળી ભુજને છેદી
તેનાં અંગને શસ્ત્રો થકી કાપી કૂપી,
શિયાળ, કૂતરાં, ગીધ, સમડીથી ય ભૂંડી રીતથી,
ચૂંથી ચોળી. પીંખી વીંખી,
ધૂળમહીં રગદોળવા
અધિકાર છે શો કોઈને?"

"ના કોઈને!" ગણગણે સન્નારી કો,
તે સાંભળીને શેઠજી
ઉચ્ચરે: "ના કોઈને! હા, કોનેય ના ૧૦૦
અધિકાર છે એવો અહીં
ને તોય એ અધિકાર મોઘો
માનવીનો આજ તો આ જગતમાં
શોધ્યો ય જડવો દુર્લભ!
છે દોષ એ સૌ પૃથ્વીમાં રાજ્યો તણો;
કિન્તુ મિત્રો, રાજ્ય નભતાં 'લોક' કેરા બળ પરે,
ને 'લોક' તો સહુ આપણે!
તો આપણો એ લોક-ધર્મ પીછાનીને
અનુરૂપ તેને જીવન જીવતા શીખવા
આપણો આ યત્ન છે, ૧૧૦
નમ્ર ને અતિ અલ્પ: કિન્તુ
અભૂતપૂર્વ અજોડ! જેની
અસર મોડી વહેલી યે
વિશ્વ આખે વ્યાપશે,
ને અહિંસક સંઘ જે
આપણે છે સ્થાપવો,
તે રુદ્રની જ્યમ વિશ્વનાં
ગરલ હરવી ઝેર સઘળાં
સુપ્રભાતે કોક દી આ જગમહીં
વિશ્વ-શાન્તિ ઉતારશે!" ૧૨૦

ઉત્સાહ કેરું મોજું ભારે
શેઠજીનાં વચનથી,
સૌ સભાજનના વદન પે
છલકી ગયું ને તાલીઓની
ઝડીઓ રહી વરસી સતત.
સ્વસ્થ થાતાં સભ્ય સૌ
સભાપતિએ ગૌરવે,

અભિપ્રાય નિજનો ભાષતાં
વ્યાખ્યાન નિજ આરંભિયું;

"સન્નારીઓ ને સજ્જનો, ૧૩૦
છે વિરલ ઘડી આ આજની,
ને સૌ જનોનું આપણું
છે વિરલ સદ્ભાગ્ય યે
કે શેઠજી સમ લક્ષ્મીનંદન,
સુજન ને વળી શક્તિ ભાજન,
પ્રતાપી ને દાનેશ્વરી,
મેધાવી ને આદર્શસેવી,
છે આજ પડખે આપણી;
ને આજ જ્યારે દેશમાં
કોમકોમોની મહીં ૧૪૦
વિદ્વેષ કેરી ઝાળ ભીષણ
વ્યાપી રહી છે ચહુદિશે,
ને કોમી હુલ્લડ આપણાં
જીવનતણા સૌ મર્મને
કો રોગના જંતુ સમાં
શારી રે'છે પ્રતિદિને,
તે પળે આ સંઘ જેનું
છે અહિંસા ધ્યેય કેવળ,
તે તણી આ સ્થાપના
છે આજના આ યુદ્ધ-ઘેરા ૧૫૦
વિશ્વમાં કો ઘોર મેઘલી રાતમાં
ખડકે ભર્યા તોફાની કોઈ સમુદ્ર વચમાં
અચળ દીવાદાંડી શી!

સજ્જનો, છે અહિંસા મંત્ર અદ્ભુત આપણો!
ને સભ્ય સૌ આ સંઘના
લેશે પ્રતિજ્ઞા આજ કે,
પ્રેમ ને શાન્તિ ભરેલું,
મૈત્રી ભાવે વિકસતું,
વિશ્વ નૂતન સર્જવા
સૌ શક્તિ નિજની અર્પીને ૧૬૦

એ ધર્મ યુદ્ધ મહીં ન તે
જંપે ઘડીનો માણશે,
જ્યાં સુધી નહિ અટકશે
દ્રોહ થાતો શાન્તિ કેરો વિશ્વમાં.

સહુ જાણો આપ થશો ખુશી કે,
શેઠજીએ આપણા
લીધી પ્રતિજ્ઞા એવી છે!
ને આપણા આ નગર કેરા
સજ્જનો ય અનેક છે
તેમની પડખે ખડા. ૧૭૦

"પણ કાર્યક્રમ એ સંઘનો શો?"
સભા મહીંથી કોઈના
બુલંદ પ્રશ્ને પ્રમુખશ્રીની
વાણીને ઘડી મૂંઝવી.
ખંખેરી નાખી કિન્તુ ક્ષણમાં
તેમણે નિજ ક્ષોભ તે,
હસીને પૂછ્યું; "શું આપને જોઈએ ભલા!
કાર્યક્રમ! દીવા સમો છે સ્પષ્ટ તે તો
આપણા આ પ્રણ મહીં;
રોજના વ્યવહારમાં રે, ૧૮૦
દુન્યવી સંબંધમાં,
પ્રેમ ને નિર્વેરથી,
સત્ય ને વળી ન્યાયથી
સભ્ય સૌ આ સંઘના
જીવન નિજનાં ગાળશે,
ને આપવા તે કારણે
જે જે પડે કે ભોગ તેને.
કાજ સભ્યો સંઘના આ આપણા
તત્પર રહેશે સર્વદા."

"જુઠું!" રોષે યુવક કો ત્યાં ૧૯૦
ગર્જિયો આવેશથી:
"જુઠું એ સૌ-દંભ મિથ્યા!
ભુંડાં જનોનું છે મહાન ધતીંગ આ!"

"ઓર્ડર!" "ઓર્ડર!" એક સાથે
કંઠોમહીંથી અનેક ત્યાં
વિરોધ સૂચક સર્યા શબ્દો;
કિન્તુ પરવા લેશ ના કરી તેહની
વધ્યો પેલો યુવક મુઠ્ઠી ઉગામતો તે સહુ ભણીઃ
"ન એક વાર, કિન્તુ કહીશ હું લાખવાર
કે, છે બધા આ છળ પ્રપંચો ૨૦૦
આપણા આ દેશના જાગૃત થવાને મથી રહ્યા
શ્રમજીવીઓને ઘેનમાં ફરી નાખવાના!"
માફ કરજો પ્રશ્ન એ મુજ ધૃષ્ટ લાગે આપને;
કિન્તુ પૂછું : વાત હિંસા ને અહિંસા કેરી સૌ
જેણે ઉપાડી તે બધા શું તેહને અનુરૂપ વર્તન
દાખવે છે કોઇ દી કે
કદી શકશે દાખવી?"

ખળભળાટ મચ્યો સભામાં,
ને એક સાથે જન ઘણા
વિધવિધ ગયા વચનો વદી! ૨૧૦
ને પ્રમુખશ્રીએ ધૈર્ય ભારે દાખવી
પાડી ધીમા સર્વને કીધી વિનતિ શાન્તિ ને
સબુરી સભામાં રાખવા.
ને યુવક પાછો તે વધ્યોઃ
"ન માનશો ઘડી કોઈ કે,
હિંસા તણો હું છું પૂજારીઃ
છું કિન્તુ કટ્ટર શત્રુ હું તો
ધૂર્તતા ને ઢોંગનો.
સત્ય, ન્યાય, સમાનતા!
શબ્દ રૂડા એ બધા; ૨૨૦
પણ આ સમાજે આપણા
છે સત્ય ક્યાં ને ન્યાય ક્યાં છે? છે અહિંસા
ક્યાં કહો?

હું પૂછું, શેઠ કપૂરચંદ,
છે ચોકીદારો કેટલા જી આપ કેરે બંગલે?
ખંભાતી વગી કેં કેટલાં લટકે છ તાળાં
લોખંડી ઢારે આપને?

જો અહિંસા હોય ધર્મ જ આપનો—
ને અહિંસક મર્દને ભય ના કશો યે વિશ્વમાં,
તો ચોકીદારો રાખવા શિદને પડે એ આપને?
ને બંધુ લેખે સર્વ જનને ૨૩૦
વિશ્વ-પ્રેમી વીર જે
તે સર્વના અવિશ્વાસ કેરી
જીવન્ત જાહીરાત જેવું
તાળું કદી યે હાથ લે?
ધનિકો તણા સૌ વિપુલ વૈભવ
કાજ મીલે, ખેતરે ને સૌ સ્થળે,
કેશો મને કે રક્ત વહે છે કેટલા નિર્દોષનાં?
વેદનાની હાય આવી
દક્ષ હાથે આપના
સળગી રહી છે સૌ સ્થળે; ૨૪૦
ને જાયના પકડાય નિજનાં
કૃત્ય ભીષણ હીન એ
તે કાજ આવા કંક જલસા
યોજતા નિત આપને
પેખી મને તે જૂની કહેવત
યાદ આવે આપણી કે,
રામજીનું નામ મુખમાં
ને બગલમાં છૂરી છૂપી ઝેરિલી!
પૂંજીપતિઓની અહિંસા કેરી નિતની વાત તો
વધકાજ નિર્મ્યા પ્રાણીને ૨૫૦
વિશ્વાસ છરીનો રાખી તે શું
મૈત્રી ભાવ ખીલાવવાના
ઉપદેશ આપ્યા જેવી દંભી છે બધી,
હાજિર અહીં સહુ સુજ્ઞોઃ
આપના ભંડારમાં
ઢગલા સડે છે ખાદ્યના,
ને આપની મ્હોલાત પડખે
ખાદ્ય વિણ લોકો સડે!
એવા સડન્તા લોકને
ઉપવાસ કેરું મહાત્મ્ય આજે ૨૬૦
આપ સંભળાવા ચહો—

એ પેખતાં મુજને સ્મરે છે
કથા ત્રીજા હાથની

'પુત્રો–પિતા' નામાભિધાના-
નવલકથામાં વર્ણવેલી હિન્ડસેઃ
ને સાંભળો એ કથાઃ

એકદા આ પૃથ્વીમાં
સાગર તટે કો જીવ જન્મ્યો,
ભલો પણ કૈં વરવો વરાક ને વામણો
રે બિચારો વિરુપતાના કારણે ૨૭૦
ઠઠ્ઠા અને વિનોદ કેરું
બની રહ્યો તે પાત્ર લોકે;
ને તેથી હારી જિંદગીથી,
દીનહીન હતાશ થઈ,
નિજ વેદનાથી છૂટવા
એકાન્ત કો રાત્રિમહીં
સાગર કિનારે તે પળ્યો.

ડૂસકાં સૂણી તેહનાં
રડી પડયાં સૌ જળચરો ને ભૂચરો
ને એક માદા સીલની ૨૮૦
પાણી ઉપર આવી બોલી;
શિદને રુવે છે ભાઈ, તું ?
છો લોક હાંસી તવ કરે,
એથી હારી જિંદગીનો
અન્ત નવ ચહવો ઘટે."

"ના, ના. મને નવ રોકજો"
વદે જીવ અભાગી તે.
"શો સાર છે આ જિંદગીમાં,
ને સાર શો છે પૃથ્વીમાં ?
એથી ભલું તો મોત કેરી ૨૯૦
ગોદમાં ડૂબી જઈ
છૂટવું સૌ આંબ કેરાં ઝેરથી !"

"નહીં નહીં," વદે સીલ
"નવ જિંદગી તો એવી છેક નકામી છે;
છે હૈયું તારું નિર્મળું,
ને આંખમાં છે અમી ભર્યું.
એ આંબ ને એ ઝેર થકી
કલ્યાણ નિજ ને અન્ય કેરાં
શકીશ સાધી તું ઘણાં
નવ રો ભલા ! ૩૦૦
છે મારી પાસ અલભ્ય જેવી
એક જાદુઈ પાંસળી,
જેને પ્રતાપે થાય રક્ષા
અમ સર્વ કેરી જળચરોના શત્રુઓથી સર્વદા,
દક્ષિણાંગે સ્કંધ નીચે
લાવ દઉં એ મૂકી તારે,
ને એ પ્રતાપે કામના બધી તાહરી
ફળશે અને તું વંદ્ય બનશે
સર્વનો આ લોકમાં !"

"સાચું ?" પૂછે જીવ તે શંકા થકી. ૩૧૦
"સાચું." બોલે સીલ–માદા,
"છે શર્ત કિન્તુ એક કે,
પ્રતિ વર્ષ તારે એક વેળા
ચાંગળું ભરી રક્ત તારું
અર્પવું આ અબ્ધિને;
જે સાધશે અમ કાજ
કાર્યો પાંસળી જે સાધતી,
ને થશે જેથી જળચરોના
શત્રુઓનો હ્રાસ ને
અમ સર્વના જીવન મહીં ૩૨૦
શાન્તિ–અમૃત રેલશે."

ને સ્કંધ નીચે દક્ષિણાંગે
સીલ માદાએ મૂકી જ્યાં પાંસળી,
હાથ ત્રીજો ફૂટિયો તે જીવ કેરા અંગથી,
ને શીકલ ગઈ બદલાઈ તેની સર્વથા !
ચકિત બન્યા સૌ જીવ બીજા
શક્તિ તેની પેખતાં,

ને હાથ ત્રીજે તેહને
સંસિદ્ધિ એવી તો વરી
કે, દેવ શો તે લોકમાં ૩૩૦
સત્કાર પૂજા પામતો,
અધીશ સર્વ તણો બન્યો !

શરૂઆતમાં તો જીવ તે
સૌ યાચકોને તોષતો,
ને ધનિક નિર્ધનનો ન કોઈ
ભેદ એકે લેખતો,
કિન્તુ વિધવિધ ભેટ જોતાં લોકની
લોભમાં તે દિન દિને,
ગયો ફસી ને ભોંધી લેટો
આપી શકતા લોક જે
તેમની ઉર-કામના ૩૪૦
લાગ્યો સદા યે તોષવા
ને ગરીબ નિર્બળ લોક જે
શકતા ધરી ના કો બલિ,
તેમનું રહ્યું સ્થાન ક્યાંના
તેની તે દુનિયા મહીં.

'હાથ ત્રીજો' આમ તે
લીધો ખરીદી ધન થકી
સૌ ધૂર્ત ધનિકે, ને જગે
ત્રાસ એવો વ્યાપિયો
કે, ગરીબો તણી ઉર-હાયથી ૩૫૦
સાગર તણું એ નીર કેં ખૂટી ગયું !

નિર્લજ્જ, નિર્દય ને ગુમાની
દિનદિને તે જીવ સૌ સદ્વૃત્તિ ને શુભકામના
બેઠો ગુમાવી. ને રહ્યો
સત્તાતણાં મૃગવારિ પાછળ દોડતો
મચવી મૂકી ઉત્પાત ભારે લોકમાં.

"હાથ ત્રીજે પૃથ્વી ઉપર
સ્વામિત્વ આવું હું વર્યો,
તો હાથ ચોથો જો ઉગે
તો સ્વર્ગનો ય અધીશ હું ૩૬૦
ખતું ને વરુ હું લક્ષ્મી ને ઇન્દ્રાણી યે."
એમ શોચી જીવ તે
સીલ-માદા પાસ જાદુઈ પાંસળી બીજી પામવા
છળ-પ્રપંચો અવનવા કંઈ ગોઠવી મનમાં રહ્યો.

પ્રતિ વર્ષની તે રકતકેરી અંજલિ
આપતાં તે તો હવે
લાગ્યો બતાવા અણગમો ને ઢીલ કે કારણ વિના
ને અર્પતો તે અંજલિ તો
સીલ-માદા પે મહદ ઉપકાર કો
હોય કરતો નિત્ય તેવો ડોળ તે દર્શાવતો. ૨૭૦
ને એક દિન તો ધૃષ્ટ તે એવો બન્યો કે,
'હાથ ચોથા કાજ બીજી
પાંસળી જો દે ન તું,
તો અંજલિ મુજ રકતની
છે ન મારે આપવી !"
એવું વદીને સીલ-માદાને રડાવી તે રહ્યો.

સીલ-માદા બાપડી !
નો'તી બીજી પાંસળી તેની કને,
ને એક જે હતી તેની પાસે
સૌ જળચરોના શત્રુઓના કાળ શી, ૩૮૦
ને દિવ્ય કલ્પતરુ સમી,
તે તો હતી તે જીવને આપી દીધી,
ને જીવ જો નહિ રકતની
અંજલિ દઘિને દિયે
તો જળચરોનો ક્રાસ થાતાં રોકી કોયે નવ શકે
એ વિચારે દીનહીન હતાશ શી,
લળી લળી તે સીલ-માદા,
વિનવી રહી અતિ તેહને
"ભાઈ, બીજી છે નહિ
જાદુઈ એવી પાંસળી, ૩૯૦
આજ તુજને શું થયું એ ?
કેવો ભલો ને રહેમદીલ હતો તું વીરા !

કિન્તુ આજ તને શું થયું."
ને રોકી અધવચ તેહને
રોષથી તે ગર્જિયો
"ચૂપ કર નથી ડાહ્યલું એ
સુણવું મારે તાહરું
ને સાંજ પહેલાં નહિ મને તું આપશે બીજી પાં-
-સળી
તો જળચરોનું મોત નક્કી, સીલડી તું માનજે."
વિવેક-ભ્રષ્ટ કૃતઘ્નીને તે ૪૦૦
પ્રાર્થવો છે એ ય મોટું પાપ તે લહી
સીલ-માદા
આંખ લૂછી નિજ તણી
હસીને વદી:
"ધન્ય વીરા તુજને
વીર સાચો તું બન્યો!
નહિ તે દી જેવો જિંદગીથી ત્રસ્ત ને
ભીરુ જરા યે છે રહ્યો.
એ પેખતાં મુજ હૃદય રીઝયું,
છે યોગ્ય પૂરો ભાઈ તું
હાથ ઝોથાનો નહિ." ૪૧૦
ને એવું બોલી ડૂબકી ઘડી એક મારી
મુખ મહીં લઈ પાંસળી
આવી માદા સીલની.
"લાવ ડાબા સ્કંધ નીચે દઉં મૂકી!"
બોલી તેણે જીવને બોલાવિયો,
ને હોંસથી જ્યાં પીઠ જીવે ફેરવી,
આંત ચપળતાથી સીલ-માદાએ લીધી ઝટ
ખેંચી તે
જૂની જાદુઈ પાંસળી—
ને હાથ ત્રીજો તે ખર્યો
ને જીવ યે હતભાગી તે ૪૨૦
બેડોળ, મૂંઝી, વામણો કૈં પૂર્વ શો ત્યાં
થઈ રહ્યો
છે સાર સ્પષ્ટ કથાતણો:
સાધનો ઉત્પત્તિ કેરા
છે હાથ ત્રીજો વિશ્વમાં.
કો પૂર્ત લોકો દુષ્ટતાથી
સાધનો એ ઝૂંટવી
યુગયુગોથી ત્રાસ વર્તાવી રહ્યા છે વિશ્વમાં.
ધર્મની ને કોમનાં કલ્યાણની
ને અહિંસા કેરી યે
વાત રોજ નવ નવી ૪૩૦
આપણે. ને પૂર્વજોએ આપણા
સુણી છે ઘણી—
કિન્તુ કો દી સૌ અનિષ્ટો કેરું છે જે
મૂળ તે સંપત્તિ કેરી ખેંચણીની.
સુણી છે કદી યે વાત કો એ?
અન્ધ હતી જનતા કદી,
વા આજ છે તે આંધળી
એવું રખે કો માનશો!—
તે તો રહી છે ઝૂઝતી
મર હાંફતી કે થાકતી ૪૪૦
અન્યાય સામે સર્વદા!
કિન્તુ નિજનાં દુઃખનાં
કારણ તણું નવ પડું તેને ભાન છે
ને કોઈ વેળા સત્ય સાચું તે લહે
તો તે પહેલાં શોધી યુક્તિ નવી નવી,
કદી ધર્મ નામે, રાષ્ટ્ર નામે વા કદી,
કે શત્રુઓના આક્રમણોની
વાત કલ્પિત જોડીને,
તે જાગૃતિને આત્મ-ઘાતક
માર્ગમાંહી દોરવા ૪૫૦
યત્નો થયા છે આજ સુધીમાં અલ્પના
ને અહિંસા કેરી યે
વાત છે એ જાગતા જગ-પ્રાણને
આત્મ-ઘાતક નેનમાં ફરી નાખવાની."
ધારા અખંડ વક્તવ્ય કેરી
યુવક કેરી આમ તે

વ્હેતી રહી તે વાત તેની તે ફરીથી સાંભળી
લોક કંટાળ્યા ને તહીં કો સજ્જને
સૂચના કરી એવી કે:
"સભા કેરી રૂખ જોતાં, ૪૬૦
ને પ્રશ્નનું ગાંભીર્ય જોતાં,
પ્રસ્તાવ કરુ છું હું રજૂ
કે, સંઘ કેરી સ્થાપના
મુલ્તવી દિન રાખી થોડા
ફરી મળવું આપણે—
ને ત્યાં સુધી આ હાથ ત્રીજના નિદર્શક
કોમરેડે ને વળી શ્રી શેઠજીએ
લેગા મળીને સંઘ કેરા ધ્યેય પે
ચર્ચા કરી, સંપૂર્ણ એવી શ્રેય પ્રેય થકી ભરી
યોજના કરવી રજૂ" ૪૭૦
ને કોમરેડે વળી સર્વ સભ્યે
સત્કારી લીધી સૂચના
ને શેઠજીએ, પ્રમુખશ્રીએ
અન્ય વળી કૈં સજ્જને,
"હાશ" કરીને શ્વાસ હેઠો મૂક્યો
કે, દિન બગડતાં તે બચ્યો!—
ને બચ્યો જેનો દિવસ તેની
બાજી કૈંક બચી જ તો!

બાબુ બિપિનચંદ્ર પાલ

રામચંદ્ર સોમણ

કલકત્તામાં એક સાંજે બ્રહ્મો સમાજના એક આગેવાન નવગોપાલ મિત્રે પોતાના અખાડાના પ્રયોગો એક જગ્યાએ રાખ્યા હતા. કલકત્તાનાં મોટાં મોટાં કુટુંબો તે જોવા માટે પધાર્યાં હતાં: તેમાં એક અંગ્રેજી યુવક પોતાની પત્ની સાથે આવેલો. પણ ત્યાં એક જ ખુરશી ખાલી હતી. પાસેની ખુરશી પર એક કદાવર શરીરનો યુવક બેઠો હતો. અંગ્રેજે તેને ખસી જવાનો હુકમ કર્યો, યુવકે સાફ નન્નો સંભળાવ્યો. બન્નેની વચ્ચે યુદ્ધ જામ્યું. યુવકે વ્યાજ સાથે હિસાબ ચૂકવ્યો. આખી સભામાં ધાંધલ મચ્યાં. પોલીસો આવી અને બંગાલી યુવાનને પકડીને લઈ ગઈ. બીજે દિવસે ભલા મેજીસ્ટ્રેટે તેને માયાળુ ચેતવણી આપીને રૂ. ૨૦) નો દંડ કરી છોડી મૂક્યો.

તે યુવાન તે આપણા ચરિત્રનાયક.

પાલબાબુ સિલેટના પોઈલિ નામના ગામમાં ૧૮૫૮ માં જન્મ્યા. તેના પિતા વકીલ હતા અને એક ઉગ્ર વૈષ્ણવ તરીકે તે બાબુ પ્રસિદ્ધ હતા. તેમનું કુટુંબ બહોળું હતું અને બાલબિપિન તેમનો એકનો એક દીકરો હતો. ઘરની પાસેના તળાવનો માછી અને તરવાને માટે ઉપયોગ થતો. તેમાં બિપિન ખૂબ તરતો. રામચંદ્ર બાબુએ તેને ઘોડા પર બેસવાનું પણ શીખવાડ્યું હતું. તે એકનો એક છોકરો હતો. છતાં પિતાએ તેને લાડથી બગાડ્યો ન હતો અને જ્યારે તે કંઈ વાંકમાં આવી જતો ત્યારે તેને પિતાને હાથે ઠીક પ્રસાદી ચાખવી પડતી.

સત્તરમે વરસે મેટ્રિકની પરીક્ષા આપી યુવાન બિપિન કોલેજમાં જવા માટે કલકત્તા આવ્યો. આ સીત્તેરેક વરસ પહેલાંની વાત છે. તે વખતે કલકત્તા નવજાગૃતિનું એક મોટું કેંદ્ર હતું. દેવેંદ્રનાથ ઠાકુર, કેશવચંદ્ર સેન, શિવનાથ શાસ્ત્રી જેવા આગેવાનોએ ધર્મ અને સમાજસુધારાનાં કાર્યો શરૂ કર્યાં હતાં. બંકીમચંદ્ર ચેટરજી, હેમચંદ્ર બાનરજી જેવા આદિ. ત્યસ્વામીઓએ સાહિત્યમાં પણ વ્યક્તિક સ્વાતંત્ર્ય અને ચારિત્રની વિશુદ્ધિના વિચારો માતૃભાષામાં પ્રગટ કરવા માંડ્યા હતા. સુરેંદ્રનાથ બાનરજી તે જ અરસામાં સરકારી નોકરીમાંથી છૂટા થયા હતા. તેમણે આનંદમોહન બોસ જોડે થઈ વિદ્યાર્થીમંડળ સ્થાપી તે દ્વારા વિદ્યાર્થીઓને સંઘટિત કરવા માંડ્યા. સાહિત્ય, નાટક, સંકીર્તન અને કાવ્યના નવા નવા પ્રકારો અસ્તિત્વમાં આવવા લાગ્યા. તેની યુવકવર્ગ પર ઘણી અસર થઈ. કેશવચંદ્ર સેનની વક્તૃત્વકળાએ તો બાલબાબુને મુગ્ધ જ કર્યા. તેમના ધાર્મિક સુધારાના વિચારો તેમને પસંદ પડતા, પણ તેમાં રાજદ્વારી અપીલ ન હતી. સુરેંદ્રનાથના રાજદ્વારી આઝાદી પરનાં ભાષણો તેમને હચમચાવી મૂકતા ખરા પણ તેની પાછળ આધ્યાત્મિક પાર્શ્વભૂમિ ન હોવાથી તે લૂખા લાગતા. ૧૮૭૬ માં પંડિત શિવનાથ શાસ્ત્રીએ દેવેંદ્રનાથ ઠાકુરથી છૂટા પડી 'સદ્ધર્મબ્રહ્મોસમાજ' નામની સંસ્થા કાઢી, તેમાં આ બન્ને આદર્શોનો સમન્વય થયેલો પાલબાબુને લાગ્યો ને તેઓ તેમાં જોડાયા, અને ટૂંક સમયમાં 'સંસ્કારક' નામના બંગાળી અને 'પબ્લીક ઓપિનિયન' નામના અંગ્રેજી છાપામાં તંત્રીમંડળોમાં દાખલ થયા.

'બ્રહ્મો' થવું એટલે તે જમાનામાં 'હિંદુ ધર્મનો ત્યાગ કરવો' એમ મનાતું. મૂર્તિપૂજાને, જાતિભેદને સમાજમાં સ્થાન ન હતું. પ્રચલિત હિંદુ ધર્મ બન્નેમાં માનતો. સમાજ વિધવાવિવાહનો પુરસ્કાર કરતો. હિંદુ ધર્મ તેનો નિષેધ કરતો. તેથી 'બ્રહ્મોસમાજ'માં દાખલ થવું એટલે 'હિંદુ-મટી જવું' એમ મનાતું. દીકરો બ્રહ્મો થયો એમ જ્યારે રામચંદ્રબાબુએ સાંભળ્યું ત્યારે તે ખૂબ અકળાયા. તેમણે તથા તેમના મિત્રોએ પાલ બાબુને ખૂબ સમજાવ્યા, પિતાએ એને મિલ્કત પરનો વારસ હક ખૂંચવી લેવાની ધમકી આપી, પણ પાલબાબુ એકના બે ન થયા. આખરે

પિતાએ પોતાના મૃત્યુપત્રમાં વર્ષની રૂ. ૬,૦૦૦, આવકની મિલ્કત પોતાના એકના એક દીકરાને બાદ રાખી દીકરીઓમાં વહેંચી નાખી! તે વખતે પાલબાબુ કૉલેજમાં ભણતા હતા. ઘેરથી પૈસા બંધ થયા એટલે તેમને કેળવણી આટોપી લેવી પડી અને પેટનો ધંધો ખોળવો પડ્યો. તેમણે કટકમાં એક નિશાળમાં હેડમાસ્તરની જગ્યા સ્વીકારી.

૨

એક સામાન્ય સ્થિતિના માણસને આવી પરિસ્થિતિમાં અનેક મુસીબતોનો સામનો કરીને જ આગળ વધવું પડે છે. પાલબાબુ સ્વતંત્ર વૃત્તિના હોવાથી તેમને થોડાજ મહિનામાં કટક છોડવું પડ્યું. પછીથી સિલેટ પોતાના વતનમાં જ—અને બંગલોર તેઓ હેડમાસ્તર તરીકે એક બ્રહ્મોસમાજની નિશાળમાં જોડાયા. પણ ત્યાં પણ ઝાઝું ન રહી શક્યા. બંગલોરમાં એક બ્રહ્મો સ્ત્રી સાથે પરણી તેની સાથે કલકત્તા આવી એક સારા ગ્રંથાલયમાં ગ્રંથપાલ થયા. અહીં તેમણે રાજકારણ, અર્થકારણ, વગેરે વિષયોનો ઉત્તમ અભ્યાસ કર્યો. પોતાની વક્તૃત્વશક્તિનો ખ્યાલ તેમને પહેલેથી જ હતો, તેથી જાહેરમાં ભાષણો આપવાની તક પણ તેઓ જવા દેતા નહીં.

અહીં તેમની પત્ની ગુજરી જવાથી તેઓ કામ ધંધો છોડી બે ત્રણ વરસ સાધુઓની સાથે રખડ્યા. તે દરમિયાન તેમણે વેદાંત ને વૈષ્ણવધર્મનો અભ્યાસ કર્યો અને મિત્રોના આગ્રહથી સુરેંદ્રનાથની વિધવા ભત્રીજી સાથે ફરી પરણ્યા. પાછો તેમનો સંસાર જામ્યો. તેમને એક છોકરો થયો. પૌત્રના જન્મના સમાચાર સાંભળી વૃદ્ધ રામચંદ્રબાબુ પિગળ્યા અને તેમણે પાલબાબુને સહકુટુંબ ઘેર બોલાવીને સમાધાન કર્યું, અને દીકરાને પોતાનો વારસદાર બનાવ્યો!

આ અરસામાં તેમણે પોતાની જાહેર પ્રવૃત્તિ શરૂ કરી હતી. તે વખતની જાહેર પ્રવૃત્તિ એટલે ભાષણો આપવાની હોવાથી પાલબાબુને ત્યાં ત્યાંથી માગણી આવતી. અંગ્રેજી અને બંગાળી ભાષા પર તેમનો અસાધારણ કાબૂ હતો, અવાજ સિંહ જેવો (તે વખતે 'ધ્વનિ પ્રક્ષેપક' (લાઉડ-સ્પીકર) યંત્ર ન હોવાથી આવો અવાજ બહુ જ ઉપયોગી નીવડતો!) અને બોલવાનાં વિષયનો પૂરેપૂરો અભ્યાસ હોવાથી તે જમાનામાં પાલબાબુ એટલે દેશના પ્રખ્યાત વક્તાઓની પ્રથમ પંક્તિમાં ગણાતા. ૧૮૮૭માં મદ્રાસમાં થયેલી મહાસભાની ત્રીજી બેઠકમાં તેમણે 'શસ્ત્રબંધી'ના કાયદા ઉપર ભાષણ કર્યું હતું. મહાસભા સાથેનો તેમનો સંબંધ આટલો જૂનો છે.

પણ તેમના પર રાજકારણ જેટલી જ ધર્મની પણ અસર હતી સ્વામી વિવેકાનંદ તે સૈકાના છેવટના દસકામાં અમેરિકા, ઈંગ્લંડ, વગેરે દેશોમાં હિંદુધર્મ અને તત્ત્વજ્ઞાન પર ભાષણો આપતા હતા. પાલબાબુને પણ આવો પ્રચાર કરવાની ઈચ્છા થઈ. ૧૯૦૦માં તેમણે મૅંચેસ્ટર કૉલેજમાં જઈ બે વરસનો ધર્મશાસ્ત્રનો અભ્યાસક્રમ એક વર્ષમાં પૂરો કરીને અમેરિકા, ઈંગ્લંડ અને ફ્રાંસમાં ફરીને હિંદુધર્મ અને તત્ત્વજ્ઞાન ઉપર ભાષણો આપ્યાં અને ૧૯૦૨માં પાછા હિંદ આવી કલકત્તામાં 'ન્યૂ ઈંડિયા' નામનું છાપું શરૂ કર્યું.

તે સાલમાં જ બંગભંગની ચર્ચા શરૂ થઈ હતી. આખો પ્રાંત કર્ઝનના આવા અન્યાય સામે સમસમી ઊઠ્યો હતો. પાલબાબુએ તે ચળવળનાં બળો સંઘટિત કરવા માંડ્યાં. તેમાં તેમને અરવિંદબાબુનો સહકાર હતો. ૧૯૦૪માં 'વંદે માતરમ્' છાપાના બન્ને સહતંત્રી હતા. આજે જેમ ગાંધીજીનાં છાપાનું વાચન દેશનાં આબાલવૃદ્ધ જે ઉમંગથી કરે છે, તેમ જ તે વખતે પાલબાબુ અને અરવિંદબાબુના લખાણોનું વાચન થતું હતું. મહારાષ્ટ્રમાં લોકમાન્ય તિલકનું 'કેસરી' પણ આટલું જ લોકપ્રિય હતું. બંગભંગની ચળવળ આગળ ધપવા લાગી તેમતેમ તેનામાં ઉગ્રતા આવી. તેમાંથી અત્યાચારી ચળવળ તરફ વુલ્કો વળ્યા. સરકારે દમનનાં ચાબૂકો વીંઝાવવા માંડ્યા. અરવિંદ બાબુ પર કેસ થયો તેમાં સરકારે બિપિનબાબુને લુચ્ચાની આપવા બોલાવ્યા. તેમણે ના પાડી, તેથી તેમને છ મહિનાની સજા થઈ. જેલમાંથી બહાર આવ્યા-પછી પણ તેમણે બંગભંગ સામે પ્રચાર શરૂ કર્યો. તે ચળવળમાંથી જ સ્પષ્ટીક

શિક્ષણ, બહિષ્કાર, સ્વદેશી અને સ્વરાજ્યની ચતુઃસૂત્રીનો ઉદ્ભવ થયો. મહારાષ્ટ્રમાં તેનો પ્રચાર લોકમાન્ય ટિળકે શરૂ કર્યો હતો. પંજાબમાં લાલા. લજપતરાય આગેવાન હતા અને બંગાળના મુખ્ય આગેવાન તરીકે પાલબાબુ હતા, તેથી આ આગેવાનોની ત્રિપુટીને 'લાલ-બાલ-પાલ' એમ કહેવાતું. મદ્રાસમાં તેમણે બંગભંગની ચળવળ પર છ પ્રસિદ્ધ ભાષણો આપ્યાં હતાં, તેથી તેમને મદ્રાસ છોડી જવાનો સરકારે હુકમ કર્યો હતો. તે છ ભાષણો ગીતાની પેઠે આખા દેશમાં તે વખતના યુવકો વાંચતા હતા.

અરવિંદબાબુ, પાલબાબુ અને લોકમાન્ય ટિળક તે વખતના રાષ્ટ્રીય હિલચાલના ભાષ્યકારો ગણાતા. આપણી ચળવળનું આગળનું પગલું તે વખતે આ આગેવાનોએ ભર્યું. તેથી તે કાળના સિદ્ધાંતોનું ટૂંકે વિવેચન અહીં કરવાની જરૂર છે.

બંગભંગ પહેલાંના રાજકારણનો આદર્શ બ્રિટિશ સામ્રાજ્યની હેઠળ બ્રિટિશ સરકારને પસંદ પડે એ રીતે અને એ રીતના અધિકારો હક્કે હક્કે મેળવવા, એ માટેનાં સાધનો એટલે મહાસભામાં પસાર થતી અરજીઓ કે વિનંતિરૂપે ઠરાવો. બંગભંગ પછીનો આદર્શ બ્રિટિશ સામ્રાજ્યથી સ્વતંત્ર એક સ્વરાજ્ય પ્રાપ્ત કરવાનો હતો અને તેનો ઉપાય નિઃશસ્ત્ર પ્રતિકારનો હતો. પાલબાબુ એક જગ્યાએ કહે છે :—

" આપણો આદર્શ આઝાદીનો છે, અને તેનો અર્થ પરદેશી તાબાથી સંપૂર્ણ સ્વાતંત્ર્ય એવો છે... આપણી પદ્ધતિ નિઃશસ્ત્ર પ્રતિકારની છે. તેનો અર્થ સરકારને સ્વેચ્છાથી મદદ કરવાની સામુદાયિક રીતે ના પાડવી એ છે. આપણું સ્વરાજ્ય બ્રિટિશ પાર્લામેંટથી પૂર્ણ સ્વતંત્ર અને સ્વાધીન હોવું જોઈએ." આ નિઃશસ્ત્ર પ્રતિકારના ફણગા ગણાવતાં તેઓ બીજા ભાષણમાં કહે છે, " તેની એક ચળવળ બહિષ્કારની. ...બીજી રાષ્ટ્રીય કેળવણીની અને ત્રીજી ગ્રામસંઘટનથી માંડીને આપણા જાહેર જીવનના સંઘટનની... આવી રીતે આપણે આ સરકારથી સમાંતર એવી સ્વરાજ્યની એક વ્યવહારુ યોજના આપણા દેશમાં તૈયાર કરવા માગીએ છીએ...એમાં આપણા તાલુકા અને જિલ્લાઓનું સંઘટન થવું જોઈએ, એ રીતે આપણે આ સરકારના કારભારથી તદ્દન સ્વતંત્ર અને સમાંતર એવું આમજનતાનું સ્વરાજ્ય સ્થાપી શકીશું. ...તેમાં પંચાયત સમિતિઓ અને પોલીસોની સ્થાપના પણ આવી જાય છે."

ગાંધીજીના અસહકારની ઝાંખી આમાં વાચકને થશે.

૧૯૦૫થી જ મહાસભાની બેઠકોમાં બંગભંગના પ્રશ્નપર ભાગલા પડવા માંડયા હતા. સર ફિરોજશાહ મહેતા, ગોખલે અને સુરેંદ્રનાથ કહેતા કે આ પ્રશ્ન પર સરકાર સામે બહિષ્કાર જેવા ઉગ્ર શસ્ત્રનો ઉપયોગ કરવો બરાબર નથી. ત્યારે પાલબાબુ, ટિળક જેવા યુવાનો આ ચળવળનો ફાયદો ઉઠાવી તેને વધારે ઉગ્ર બનાવી દેશનું રાજકારણ આગળ ધપાવવા માગતા હતા. સુરતની મહાસભામાં આ પ્રશ્નપર ભંગાણ પડ્યું અને નરમપક્ષે મહાસભાનો કબજો રાખ્યો. ગરમ પક્ષના આગેવાનોને સરકારે ઝાપટી લીધા. લોકમાન્યને છ વર્ષની સૌથી વધારે સજા કરી. લાલાજીને દેશપાર કરી માંડલેમાં રાખ્યા. પાલબાબુને પણ હદપાર કર્યા; તેથી તેઓ ૧૯૦૮થી ૧૯૧૧ સુધી ઇંગ્લંડ રહ્યા. ત્યાં તેમણે 'સ્વરાજ્ય' નામનું છાપું કાઢયું અને તે દ્વારા હિંદી મહાસભાના કાર્યનો પ્રચાર કરવા લાગ્યા, સરકારે લંડનમાં પણ તેમના પર જાપતો રાખ્યો હતો અને તેમના છાપાને હિંદ આવવાની મનાઈ કરી હતી.

૩

૧૯૧૧માં બંગભંગ રદ થયો અને પાલબાબુને હિંદ પાછા આવવાની પરવાનગી મળી. તે વખતે તેમના રાજદ્વારી વિચારોમાં ભારે પરિવર્તન થયું હતું. સ્વાતંત્ર્યના બદલામાં હવે તેઓ 'સાંસ્થાનિક સ્વરાજ્ય'ના હિમાયતી બન્યા હતા. છતાં બંગભંગ વખતની તેમની ઉગ્રતા સાવ લોપ પામી ન હતી, તેમણે ' બોમ્બની મીમાંસા ' નામનો એક લેખ લખ્યો, તે માટે તેમના પર સરકારે કેસ કર્યો. પણ તેમાં પાલબાબુએ માફી માગી. ત્યારપછી તેમના વિચારો સાવ મોળા થવા લાગ્યા. ૧૯૧૪માં રાજકારણની મીમાંસા કરતા તેઓ એક જગ્યાએ કહે છે:

"બધાં સરકારી અધિકારીઓ અને કાર્યોથી અળગા રહેવાની રાષ્ટ્રીય આગેવાનોની નીતિ એક વખતે સકારણ અને સમર્થનીય હતી. પણ તે અત્યારે તેવી રહી નથી, હિંદી રાષ્ટ્રીયતાને માટે આજે ક્રાંતિકારી દેશપ્રેમ એ મહાનમાં મહાન આફત છે."

આ વર્ષમાં લોકમાન્ય છ વરસની સજા પૂરી કરી બહાર આવ્યા હતા અને 'પુનશ્ચ હરિ ૐ' કરી હોમરૂલની ચળવળનું મંડાણ તેમણે શરૂ કર્યું હતું, એ વાત ધ્યાનમાં લઈએ તો તેમના એક વખતના સહકારી પાલબાબુના વિચારોમાં કેટલું ભારે અને મૂલભૂત પરિવર્તન થયુ હતું, તેનો ખ્યાલ આવશે. પાલબાબુ હોમરૂલ લીગમા જોડાશે, એવી લોકમાન્યની અપેક્ષા હતી. પણ તેમણે જોડાવાની ના પાડી. તે પછી તેઓ પં. મોતીલાલ નહેરુના 'ઇન્ડિપેન્ડન્ટ' છાપાના તંત્રી બન્યા હતા. ગાંધીજીનો અસહકાર આવ્યો. તેનો તેમણે વિરોધ કર્યો હતો. તેથી પં. મોતીલાલજીના કહેતા હતા છતાં તેમણે 'ઇન્ડિપેન્ડન્ટ' માંથી રાજીનામું આપ્યું. ૧૯૨૦માં કલકત્તામાં મહાસભાની બેઠક થઈ, તેમાં અસહકારનો ઠરાવ આવ્યો હતો. તેમાં ઉપસૂચના તરીકે દાસબાબુ પાસે પાલબાબુએ 'અસહકાર જાહેર કરીએ તે પહેલાં એક શિષ્ટમંડળ લંડન મોકલવું એવો ઠરાવ મૂકેલો તે નામંજૂર કરવામાં આવ્યો.

ત્યારપછી હિંદી રાજકારણની આ ક્રાંતિકારી ચળવળ સાથે સહમત ન હોવાથી પાલબાબુ નિવૃત્ત થઈ પોતાના વતનમાં સિલેટ ગયા અને પછીનું જીવન તેમણે ત્યાં જ ગાળ્યું. હવે તેમની વૃદ્ધાવસ્થા પણ થઈ હતી. મહાસભામાં તેઓ છેવટના ૧૯૨૮ મા લખનૌમાં થયેલી સર્વપક્ષીય પરિષદમાં આવ્યા હતા અને તેમણે પરિષદમાં ઉત્સાહથી ભાગ લીધો હતો. ૧૯૩૩માં તેમનો દેહાંત થયો ત્યારે તેઓ વૈષ્ણવ ધર્મ ઉપર એક ચોપડી લખતા હતા. જીવનના છેવટના ભાગમાં તેઓ મહાસભાના વિકાસ સાથે સહમત ન થઈ શક્યા છતાં ભંગભંગ વખતે મહાસભાએ જે આગળનું પગલું લીધું અને નરમ રાજકારણનો ત્યાગ કરી બહિષ્કાર જેવું નવું શસ્ત્ર સ્વીકાર્યું, તેમાં પાલબાબુએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે, એ આપણે ભૂલવું ન જોઈએ. એક સમર્થ શિક્ષક, સમાજસુધારક વક્તા, વૃત્તપત્ર વિવેચક, અર્થશાસ્ત્રી અને રાજકારણના ગાઢ અભ્યાસી, જબરા પ્રચારક અને પ્રજાના આગેવાન અને છેવટે નિર્વાત ધર્મનિષ્ઠ જીવનવાળા તરીકે પાલબાબુ આપણા સ્મરણમાં હમેશાં રહેશે.

અરધી ટિકિટ

દક્ષિણ અમેરિકાના ચિલી દેશમા આગગાડીમા મુસાફરી કરતા બાળકોની ઉમ્મર વિષે તેમના મા-બાપ અને ટિકિટ-માસ્તરો વચ્ચે કદી તકરાર નથી થતી. ત્યાના દરેક સ્ટેશનની ટિકિટ-ઓફિસની દીવાલમાં જમીનથી સાડાચાર ફીટ ઊંચે એક ખીલી ઠોકેલી હોય છે. એ ખીલીની નીચે ન સમાઇ શકનાર કોઈ પણ બાળકને આખી ટિકિટ લેવા પડે છે.

વૈજ્ઞાનિક જગતના આંદોલનો લોકભોગ્ય ભાષામાં વર્ણવતી માસિક નોંધ :

विज्ञान दर्शन

શ્રી. બંસી ગાંધી બી.એસસી.
પ્રોફે. જયતિલાલ દે. ઓઝા, એમ. એસસી.
ડો. નરસિંહ મુ. શાહ એમ. એસસી. પીએચ. ડી.

હિંદમાં વિજ્ઞાનનું એક વર્ષ

ગયા વર્ષમાં (૧૯૪૫) આપણા દેશની વૈજ્ઞાનિક ખીલવણીમાં સારી એવી પ્રગતિ થઇ છે. આપણા 'નેશનલ ઇન્સ્ટીટ્યુટ ઓફ સાયન્સીસ'ને સરકારે માન્ય રાખ્યું છે. આ ઇન્સ્ટીટ્યુટને શાહી સનંદ આપવાની વિચારણા ચાલી રહી છે. દેશના જીવનમાં વિજ્ઞાનની અગત્ય વધતી જાય છે એની આ કદર છે.

વિજ્ઞાનના ભક્તો તરીકે આપણી પવિત્ર ફરજ છે કે વિજ્ઞાનની ખીલવણી દેશમાં ખૂબ થાય એ માટે બનતું બધું કરવાનું આપણે ચૂકવું જોઇએ નહીં. પ્રત્યેક વૈજ્ઞાનિકના હાર્દિક સહકાર અને શુભેચ્છાઓ વડે જ આ કામ સિદ્ધ કરી શકાય. હવે પછીના યુદ્ધોત્તર કાળમાં દુનિયાના વૈજ્ઞાનિકોનો સહકાર ખૂબ ખીલવાનો. આજની દુઃખી દુનિયાના દેશોને વિનાશક સંહારમાંથી વૈજ્ઞાનિકોનો સહકાર જ બચાવી શકશે નહીં કે રાજદ્વારીઓના ધમપછાડા. એ પણ ધ્યાનમાં રાખવું જોઇએ કે જીવનની જરૂરિયાતો સૌ કોઈને બરાબર પૂરી રીતે મળી શકે એવું કરીને વૈજ્ઞાનિકો ભવિષ્યના યુદ્ધો ટાળી શકશે.

દેશમાં વૈજ્ઞાનિક સંશોધનની સગવડો વધતી જાય છે. જુદી જુદી સંસ્થાઓ અસ્તિત્વમાં આવતી જાય છે, અને નજીકના ભવિષ્યમાં બીજી વિશેષ અસ્તિત્વમાં આવશે. દુનિયાની જ્ઞાનવૃદ્ધિમાં આપણે ફાળો આપવાનો છે. વખત જતાં જેમ જેમ આપણી સંસ્થાઓ ખીલતી જશે તેમ તેમ આપણો ફાળો વિશેષતર બનશે.

(બેંગ્લોરની હિંદ વિજ્ઞાન પરિષદના પ્રમુખ પ્રો. એમ. અફઝલ હુસેનના પ્રમુખ તરીકેના ભાષણમાંથી)

*

આપણું અન્નસંકટ અને તેના નિવારણમાં સંશોધન

દેશમાં અન્નસંકટ ચાલે છે: દેશાવરમાંથી અનાજ આયાત કરી જનતાને પૂરું પાડવા પ્રયત્નો થાય છે. આવી મુશ્કેલી ભવિષ્યમાં ન આવે એ માટે આપણા દેશમાં અનાજનું ઉત્પાદન વધારવા પ્રયત્નો થઈ રહ્યા છે. આ અર્થે ઇમ્પીરીયલ કાઉન્સીલ ઓફ એગ્રિકલ્ચરલ રિસર્ચ નામની એક મોટી સંસ્થા સરકારના આશ્રય નીચે કામ કરે છે. આ સંસ્થાની નિયામક સભાની સોળમી બેઠક સપ્ટેમ્બર માસમાં મળી હતી. વચગાળાની રાષ્ટ્રીય સરકારના ખેતી અને ખોરાક ખાતાના પ્રધાન ડૉ. રાજેન્દ્રપ્રસાદે તે વખતે કરેલ વિચારપ્રેરક ભાષણમાંથી સારભાગ નીચે આપ્યો છે.

"વધારે અનાજના ઉત્પાદનના પ્રયાસોનો આશય આ છે: હિંદુસ્તાનમાં દરેકને બે ટંક પેટપૂરતું ખાવાનું મળે. દેશમાં સાધનો વિશાળ પ્રમાણમાં છે. આપણો મુખ્ય સવાલ આ વિશાળ સાધનો અને દેશની જનશક્તિને જોડી દેવાનો, અને યોજના અનુસાર તેમને ખીલવવાનો છે. આયોજિત વૈજ્ઞાનિક ખીલવણીમાં દેશની મુક્તિ રહેલી છે. આ મહાન કાર્યમાં વૈજ્ઞાનિક સંશોધનકારોએ અને ખાસ કરીને કૃષિ-વિજ્ઞાન અને પશુ-વિદ્યામાં કામ કરી રહેલા વિજ્ઞાનીઓએ મહત્તાપૂર્ણ ફાળો આપવાનો છે.

સારાં સાધન અને પાણીની શોધમાં આપણે ભૂલવું ન જોઇએ કે આપણા સામાન્ય ખેડૂતને ન પોસાય એવા સાધનોનો ઉપયોગ એક કોર પડ્યો રહેવાનો. આપણી તરસી જમીનને પાણી પાવા નહેરો અને બંધોની મોટી યોજનાઓનો વિચાર કરવામાં આપણા કૂવા, નદી અને તળાવોની ઉપેક્ષા ન થવી જોઇએ.

આલીશાન ઈમારતો, સુંદર આધુનિક સાધનસામગ્રી, પુષ્કળ મોટા પગારદાર અધિકારીઓ–માત્ર આ બધાં વડે સંશોધન–સંસ્થા બનતી નથી–જો સંશોધનની સાચી ભાવના ન હોય તો.

સંશોધન માટે વાતાવરણ આવશ્યક છે: આ વાતાવરણ વિજ્ઞાનને ખાતર સ્વાર્થહીન આત્મસમર્પણ માગે છે અને જ્યારે તે મળે છે ત્યારે સંશોધન ખીલે છે.

શિક્ષક અને શિષ્ય–યુવાન કે વૃદ્ધ–બધાંએ સાથે મળી વિજ્ઞાનના કીર્તિમંદિરના પાયા રચવાના છે. જ્ઞાનની અભિવૃદ્ધિ અર્થે, આપણા દેશમાં આવી મહાન પરંપરા ઊભી કરવાની આપણને આજે તક છે.

ખેતી અને ઉદ્યોગ માટે સસ્તી શક્તિની યોજનાઓમાં માણસ કે પશુવડે ચલાવી શકાય એવા કાર્યક્ષમ પંપો અને અન્ય સાધનોનો ઉપયોગ ભૂલાવો ન જોઈએ.

ખેતી અને ખોરાક માટે સૌથી વધારે ધ્યાન આપવું જોઈએ. દેશમાં ખોરાકી ચીજોનું ઉત્પાદન વધારવાના ઉપાયો આપણને સુઝાડે એવી ખેતી વિષયક શોધખોળને પ્રથમ સ્થાન આપવું જોઈએ. **આપણા દેશની ખેતી બળદની શક્તિ પર અવલંબે છે,** અને ભવિષ્યમાં પણ એમજ રહેવાનું. એટલે ગાય અને તેના વંશ–ઉછેર માટે આપણે ખૂબ ધ્યાન આપવું જોઈએ. આથી, એક તો, સપ્રમાણ ખોરાક માટે આવશ્યક દૂધની પેદાશ વધે: અને બીજું કાર્યક્ષમ ખેતી માટે મજબૂત અને તંદુરસ્ત બળદો બની રહે.

વિજ્ઞાનની ખીલવણીમાં–સહકાર આવશ્યક છે: એટલે દેશના સારા કાર્યકરોને એકઠા કરી, અનુભવ અને વિચારની આપલે કરવી જોઈએ. સામાન્ય જનતાના કલ્યાણમાં ફેટલો ફાળો આપે છે એ પરથી બધી શોધખોળનું મૂલ્યાંકન થવું જોઈએ. જીવનની વાસ્તવિકતાઓથી વેગળી, હાથીના દાંત જેવી દેખાવડી શોધખોળ હિંદ જેવા ગરીબ દેશને ન પોષવે. સંશોધનકારે ખેડૂતની જરૂરિયાતો ધ્યાનમાં રાખવી જોઈએ. 'દેશની સેવામાં વિજ્ઞાન' આપણું આદર્શ થવું જોઈએ,

સંશોધનમાં ખર્ચેલો પૈસો મૂડીનું સારામાં સારું રોકાણ છે, એ હવે સર્વમાન્ય છે. રોકેલા પૈસાના પ્રમાણમાં તે સવિશેષ અને સારું વળતર આપે છે. દાખલા તરીકે ખાંડના ઉદ્યોગમાં શેરડીની સારી ખીલવણીએ દેશને ખૂબ ફાયદો કરી આપ્યો છે.

*

ખગોળવેત્તા સર જેમ્સ જીન્સ

(૧૮૭૭-૧૯૪૬)

"દુનિયાના છ મહાન પુરુષોમાંના એક" સુવિખ્યાત ખગોળવેત્તા અને ગણિતશાસ્ત્રી સર જેમ્સ હોપવૂડ જીન્સ ગયા મહિને મૃત્યુ પામ્યા. એચ. જી. વેલ્સના મૃત્યુબાદ થોડા વખતમાં જ આ મહાન ખગોળવેત્તા પણ ચાલ્યો ગયો એમાં વિધિનો કોઈ સંકેત લાગે છે. દુનિયાના ખગોળવેત્તાઓમાં જીન્સનું સ્થાન મહેલી હરોળમાં હતું. જીન્સ વિખ્યાત કેમ્બ્રીજ યુનિવર્સિટીની ટ્રિનીટી કોલેજની પેદાશ હતો. ૧૮૯૮માં તે રેંગલર થયો હતો. ૧૯૦૦મા સ્મીથ પ્રાઈઝ મેળવ્યું હતું. જીન્સનું પ્રથમ સંશોધન વાયુઓના પરમાણુઓની ગતિને લગતા સિદ્ધાંત પર હતું. આ કાર્ય ખૂબ ગણના પામ્યું હતું અને જીન્સને આ વિષયમાં એક તજ્જ્ઞ તરીકે નામના અપાવી હતી.આ સંશોધનકાર્ય ખગોળવિદ્યાના પ્રશ્નોના ઉકેલમાં તેને પાછળથી મદદરૂપ થયું હતું. તારાઓની ઉત્ક્રાંતિમાં પ્રવાહી કરતાં વાયુરૂપ પદાર્થો હોય છે. એટલે આ અનુમાનપર ગણિત કરી તારાઓની ઉત્ક્રાંતિના સંશોધનમાં જીન્સ સારો ફાળો આપી શક્યો હતો. તારાના વિકિરણીય સમતોલન પર

જીન્સની શોધોને અંગે એડીંગ્ટન અને તેના વચ્ચે ખૂબ ચર્ચા જામી હતી. વૃષપ્રવા (Cepheus) તારા સમૂહ તૂટતો જાય છે એવો જીન્સનો મત હતો અને છેવટે એડીંગ્ટને તે કબૂલ કર્યો હતો. જીન્સ મૌલિક વિચારક અને સંશોધક હતો, એટલું જ નહીં પણ તે સારો લેખક હતો. ખગોળના ગૂઢ રહસ્યો લોકભોગ્ય ભાષામાં જનતાને સમજાવવાની વિરલ શક્તિ તેમનામાં હતી. આ શક્તિ તેમને તેમના પિતા તરફથી વારસામાં મળી હોય એમ લાગે છે, કારણ કે તેમના પિતા આમસભામાં વૃત્તાંત લેખક તરીકે કામ કરતા હતા. જીન્સના લોકપ્રિય પ્રકાશનોમાં 'ધી મીસ્ટીરીયસ યુનિવર્સ' ખૂબ જાણીતું છે. અન્ય પુસ્તકોમાં 'મેથેમેટીકલ થિયરી ઓફ ઈલેક્ટ્રીસીટી અને મેગ્નેટીઝમ' એ વિષયનો ઉચ્ચ અભ્યાસ કરતા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ પાઠ્યપુસ્તક તરીકે વાપરતા આવ્યા છે.

જીન્સ, એડીંગ્ટન, વાઈટહેડ ઈત્યાદિ વિજ્ઞાનીઓના પ્રકાશનો દ્વારા એક નૂતન વૈજ્ઞાનિક ધર્મ ઊભો થયો છે: તેનો પાયો માનવીના ઉત્કૃષ્ટ સર્જનમાં પરિણમતી ઉત્ક્રાંતિની ક્રિયાઓના મૂલ્યાંકનોના વિચારો પર છે, આ રીતે આધુનિક વિજ્ઞાન પ્રાચીન ધર્મના મિત્ર તરીકે બન્યું છે.

૧૯૩૭ના ડીસેમ્બરમાં જીન્સ હિંદ આવ્યા હતા—બ્રિટિશ અને યુરોપિયન વૈજ્ઞાનિકોના નેતા તરીકે. હિંદ વિજ્ઞાન પરિષદના રજત મહોત્સવ (૧૯૩૮)ની બેઠકનો પ્રસંગ હતો. આ બધા પરદેશી વિજ્ઞાનીઓ એમાં ભાગ લેવા આવ્યા હતા. લોર્ડ રૂથરફર્ડ પ્રમુખ તરીકે ચુંટાયા હતા. પણ અચાનક તેમનું મૃત્યુ થયું. તેમની જગ્યાએ જીન્સ ચુંટાયા. રૂથરફર્ડે પોતાનું ભાષણ તૈયાર રાખ્યું હતું એટલે એ ભાષણ તેમણે વાંચ્યું અને બેઠક સફળતાપૂર્વક પાર ઉતારી. 'અણુના ભૌતિક વિજ્ઞાનનો ન્યૂટન' એ શબ્દોમાં તેમણે રૂથરફર્ડની ઓળખાણ આપી હતી. હિંદમાં ખોરાકના સંશોધન પર તેમણે ખાસ ભાર મૂક્યો હતો. હિંદને આ ખાસ જરૂરનું છે અને તેને પહેલી પસંદગી મળવી જોઈએ એમ જાહેર કર્યું હતું.

શાંતિના કાળમાં વિજ્ઞાનના લોકહિતકારી ઉપયોગો વિકસાવવા દુનિયા મથી રહી છે. દુનિયાના કાચા પદાર્થોની આંતરરાષ્ટ્રીય ખીલવણી અને કાબૂને લગતા પ્રશ્નો ચર્ચવા પ્રમુખ ટ્રુમેને વિશ્વવિજ્ઞાન પરિષદ ભરવા જાહેરાત કરી છે ત્યારે જીન્સનું મૃત્યુ વિજ્ઞાનને મોટી ખોટ છે.

*

તેજ—સમીકરણ

(Photo-synthesis)

સૂર્ય આપણને પ્રકાશ અને ગરમી આપે છે. એ કાર્યશક્તિનો આપણે બહુ ઓછો ઉપયોગ કરીએ છીએ. સૂર્ય જેટલી કાર્યશક્તિ પૃથ્વીને આપે છે તેના ફક્ત સોમા ભાગ જેટલી શક્તિનો ઉપયોગ વનસ્પતિ કરે છે. જો બાકીના નવ્વાણું ભાગનો ઉપયોગ માણસ કરી જાણે તો શક્તિ-ઉત્પાદનના મહાપ્રશ્નનું સહેલાઈથી નિરાકરણ કરી શકાય: કોલસા કે પેટ્રોલની જરૂર રહે નહીં. પણ એ દિવસ આવતાં હજી વાર લાગશે.

ગુરુદત્તાત્રયે ચોવીસ ગુરુઓ પાસેથી જ્ઞાન મેળવ્યું. આજનો રસાયણશાસ્ત્રી વનસ્પતિ પાસેથી સૂર્યશક્તિના ઉપયોગનું રહસ્ય જાણવા મથી રહ્યો છે. વનસ્પતિ હવામાંથી પાંદડાં વાટે કાર્બનનો ડાયોક્સાઈડ લે છે. અને મૂળવાટે જમીનમાંથી ક્ષારનું દ્રાવણ ચૂસે છે. મૂળવડે ચૂસેલા ક્ષાર અને કાર્બનના ડાઈઓક્સાઈડમાંથી વનસ્પતિ પોતાનો ખોરાક-કાર્બોહાઈડ્રેટ અને ખાંડ બનાવી લે છે. આવા સાદા પદાર્થો-પાણીમાં મેળવેલા ક્ષાર અને કાર્બનના ડાયોક્સાઈડમાંથી ખોરાક બનાવવાની ક્રિયા વનસ્પતિનાં પાંદડાંમાં ચાલે છે. સાદી ભાષામાં કહીએ તો, પાંદડાં વનસ્પતિનો ખોરાક બનાવવાની પ્રયોગશાળા-રસોડું છે. આ કાર્યમાં સૂર્યનો પ્રકાશ અગત્યનો ભાગ ભજવે છે. સૂર્ય-પ્રકાશની હાજરીમાં, મૂળ સાદા ખનીજ પદાર્થોમાંથી પોતાનો ખોરાક બનાવવાની આ રીત તેજ-સમીકરણ-Photo-synthesis કહેવાય છે. વનસ્પતિના પાંદડામાં જે લીલો પદાર્થ છે તે ક્લોરોફીલ નામે ઓળખાય છે. સૂર્યના પ્રકાશની મદદથી તેજસમીકરણનું કામ તે ક્લોરોફીલ કરી લે છે. ક્લોરોફીલની રસાયનિક રચના ખૂબ ગૂંચવણ ભરેલી છે, તેમાં કાર્બન, હાઈડ્રોજન,

નાઇટ્રોજન અને ઓક્સીજન ઉપરાંત મેગ્નેશીયમનું પરમાણું છે. પાંદડાંના દર ચોરસ ઇંચે તેનાં વીસ લાખ અણુઓ આવેલા છે. તેને પાંદડાંમાંથી જુદો પાડીએ તો ભૂરા લીલાં પ્રવાહી રૂપે તે મળે છે. શરદી તેમજ કેટલાક સૂક્ષ્મ જંતુજન્ય રોગોના નિવારણમાં એ પ્રવાહી અકસીર નીવડે છે. પણ આ રીતે જુદા કાઢેલા ક્લોરોફીલના પ્રવાહીમાં તેજસમીકરણની શક્તિ રહેતી નથી. પાંદડાંની એક ચોરસવાર સપાટી દર ત્રણ દિવસે એક અધોળ ખાંડ બનાવે છે. આ ખાંડનું રૂપાંતર થઇ છોડને ઉપયોગી ખોરાક થાય છે: છોડ વધે છે અને એક મોટું ઘટાદાર ઝાડ હોય તો દરરોજ ત્રણ શેર જેટલું વધે છે. એ ખાસ નોંધવા જેવું છે કે તમામ લીલી વનસ્પતિ એક સરખી પદ્ધતિએ પોતાનો ખોરાક બનાવે છે.

*

શણ

મુંબઈ ઇલાકામાં જેમ રૂ તેમ બંગાળામાં શણ. રૂ ને કાંતી વણી કાપડ થાય તેમ શણમાંથી શણીયાનું કાપડ બને. કપાસની જાતપર જેમ લાંબાટુંકા રૂના તાંતણા નીકળે તેમ શણની બાબતમાં પણ થાય છે. શણના છોડને કોર્ચોરસ–(corchorus) કહેવાય છે અને તેની બે જાતો થાય છે: કોર્ચોરસ કેપ્સુલારીસ અને કોર્ચોરસ ઓલિટોરીયસ. દુનિયા આખીની શણની જરૂરિયાત હિંદુસ્તાન પૂરી પાડે છે. બંગાળામાં શણનું વાવેતર ખૂબ થાય છે. શણના છોડનું વાવેતર અમેરિકા, ઇજીપ્ત આફ્રિકા વગેરે દેશોમાં દાખલ કરવના પ્રયત્નો કરવામાં આવ્યા હતા પણ એ નિષ્ફળ નીવડયા છે. ચીન, જાપાન, નેપાલ અને ફાર્મોસામાં શણ પેદા થાય છે પણ તેની પેદાશ સાવ નજીવી છે. હિંદુસ્તાન દરવર્ષે ૯૦ લાખ ગાંસડીઓ તૈયાર કરે છે; જ્યારે દુનિયાના બીજા દેશો મળીને માત્ર સવા લાખ ગાંસડીઓનો ફાળો આપે છે. ૧૯૪૧માં હિંદુસ્તાનમાં સવા કરોડ ગાંસડીઓ તૈયાર થઈ હતી.

વિલાયતમાં ડંડી શણના ઉદ્યોગનું મોટું મથક હતું. પણ સમય બદલાતો ગયો. ડંડીમાંથી શણના તાંતણા-વણાટમાં ઉપયોગી સાંચાઓ કલકત્તામાં દાખલ કરવામાં આવ્યા. ૧૮૫૪માં શણની પ્રથમ મીલ કલકત્તામાં શરૂ થઈ. ૧૯૨૮માં શણની મીલોની સંખ્યા પહલી હતી. દશ લાખ ઉપર ત્રાકો શણ કાંતવા માટે ચાલતી હતી. આ ઉદ્યોગનું સંચાલન પ્રથમ યુરોપિયનોના હાથમાં હતું. પણ હવે હિંદીઓના હાથમાં પણ ઘણી મીલો આવી છે.

માલ ભરવાના કોથળા કોણે નહીં જોયા હોય? આ કોથળા તેમજ શણનો બીજો માલ શણના છોડના રેસા કાંતી વણીને તૈયાર થાય છે. દુનિયાનો ૭૦ ટકા કાચો માલ ભરવા કોથળા ઉપયોગમાં લેવાય છે. શણનો ઉપયોગ માત્ર આટલો જ નથી. સબમરીન, તાર ટેલીફોનના દોરડાની બનાવટમાં શણ વપરાય છે. બીજા ઘણા ઉદ્યોગોમાં શણ પુષ્કળ વપરાય છે. તેની જાજમો બનાવવામાં આવે છે: શણને રંગીને બૂટ જોડાને મગજી મૂકવા માટે વાપરવામાં આવે છે: શણીયાનો ઉપયોગ મંડપ માંડવા ઇત્યાદિ બાંધવામાં થાય છે: કાપડની તંગીના આ જમાનામાં શણીયાને યોગ્ય રીતે રંગી બારી બારણા આગળ પડદા તરીકે ઉપયોગમાં લેવાય છે. ફરનીચરની બનાવટમાં શણનો ઉપયોગ અનેક રીતે કરવામાં આવે છે. શણના આવા બહુવિધ ઉપયોગો છે.

શણના બીમાંથી તેલ નીકળે છે. આ તેલ ચામડીના દર્દો માટે ટિપ્પેરા બંગાળના વતનીઓ ખૂબ વાપરે છે. પાંચશેર બીમાંથી શેર એક તેલ નીકળે છે. "બીને પહેલાં કચરીને પાણીમાં ભીંજવવામાં આવે છે. આ બીની લોપરીને તળિયે કાણાવાળા વાસણમાં મૂકીને સળગેલા કોલસાવાળું એક વાસણ તેના પર મૂકવામાં આવે છે અને કાણાવાળા વાસણ નીચે તેલ એકઠું કરવા એક વાસણ રાખવામાં આવે છે. તેલ નીકળી જાય ત્યાં સુધી ગરમી આપવામાં આવે છે." દવા ઉપરાંત, તેલને સાફ કરીને ખાવામાં પણ વાપરી શકાય અને બાળવામાં પણ ઉપયોગી થાય છે. શણના બીમાં ફોસ્ફરસ અને પોટાશીયમનું પ્રમાણ સારું છે. તેમાંથી કોરચોરીન નામનો કડવો પદાર્થ કાઢવામાં આવ્યો છે, આ પદાર્થ કોયદાન કરતાં દશ ગણો કડવો છે.

સંશોધન અને અકસ્માત

વિજ્ઞાને માનવજાતને અનેક લાભદાયી પરિણામોથી નવાજી છે. વૈજ્ઞાનિક સંશોધનનો લાભ લઈ ઊભા કરેલા મોટા ઉદ્યોગોની કમાણીમાંથી દર વર્ષે કરોડો રૂપિયાનો નફો વહેંચાય છે. નુફ્રીલ્ડ જેવા તાલેવાન બનેલા ધનાઢ્યો આ નફો ખિસ્સામાં ઘાલતા જાય છે. ફોર્ડ જેવા રોજના અઢળક સંપત્તિ મેળવે છે. આ બધું શેને આભારી છે? કોણ કહી શકે કે વિજ્ઞાન વાંઝિયું છે?

વૈજ્ઞાનિક સંશોધને અજબ પરિણામો પેદા કર્યાં છે: શંકાશીલોને પણ સંશોધનના હિમાયતીઓ બનાવ્યા છે. નકામી ગણાતી વસ્તુઓને ઉપયોગી બનાવી છે. નુફ્રીલ્ડ જેવા અજબપતિઓને પણ સંશોધનના ફાયદા માનવજાતિને ઉપકારક લાગ્યા છે. જે ધનાઢ્યો પાઈ પાઈનો હિસાબ રાખે તેમને કરોડોના હિસાબે સંશોધન પાછળ ખર્ચતા બનાવ્યા છે. આજના હુન્નર ઉદ્યોગની જાહોજલાલી સંશોધનને આભારી છે. દેશમાં ગરીબાઈ ઘટાડવામાં સંશોધન કારણભૂત થાય છે. નવા ઉદ્યોગો સ્થાપવામાં સંશોધને મોટો ફાળો આપ્યો છે. સંશોધન યોજનાપૂર્વક આગળ ધપાવીને અનેક ઉદ્યોગો નવા ઊભા થયા છે: જૂનામાં મોટા ફેરફાર થયા છે અને મોંઘી ચીજો સસ્તી બની છે.

પણ સંશોધન દરેક વખતે યોજનાપૂર્વક ધારેલા પરિણામો નથી લાવતું. કુદરતના બળોને વશ કરતાં મનુષ્યને આકરી તપશ્ચર્યા કરવી પડે છે. નવો રંગ શોધવા જતાં ઘણીવાર પરિણામ શૂન્યમાં આવે છે—કરેલી મહેનત માથે પડે છે. નવીન ઔષધ તૈયાર કરવા જતાં કોઈ નિરાળા પરિણામો આવે છે. એકાદ-ઔષધની બનાવટમાં ધારેલા પરિણામો લાવવા માટે અનેક પ્રયોગો કરવા પડે છે. સાલ્વરસનની શોધ ૬૦૬ પ્રયોગો કર્યા પછી થઈ શકી હતી. એથી ઊલટું, કોઈ વાર સંશોધનમાં અકસ્માત નિર્ણાયક પરિણામ લાવવામાં કારણભૂત બની જાય છે. આવા અકસ્માતોએ સંશોધનમાં મોટો ભાગ ભજવ્યો છે.

એનલીન અને સોડા ફેક્ટરી નામની સુવિખ્યાત જર્મન પેઢીની પ્રયોગશાળાઓમાં બનાવટી ગળી તૈયાર કરવા સંશોધન ચાલી રહ્યું હતું. કોલરની ગોળીમાંથી—નેફ્થલીનમાંથી થેલીક એસિડ નામનો જરૂરી પદાર્થ બનાવવા અખતરા ચાલતા હતા. એક પ્રયોગમાં ગરમી આપતાં થર્મોમિટર તૂટી ગયું. તેમાંથી પારો નેફ્થેલીન અને ગંધકના તેજાબનાં મિશ્રણમાં પડ્યો. જરૂરી પરિવર્તન થયું અને થેલીક એસીડ તૈયાર થઈ શક્યો. પરિણામે બનાવટી ગળી ૧૮૯૬માં બજારમાં આવવા લાગી. હિંદુસ્તાનની ગળી—ખેતરો નકામા પડ્યા. ચાર કરોડ રૂપિયાની ગળી નિકાશ કરનાર હિંદનો ગળીનો ઉદ્યોગ લગભગ પડી ભાંગ્યો.

વિજ્ઞાનના બીજા ક્ષેત્રોમાં પણ અકસ્માતે ખૂબ ભાગ ભજવ્યો છે. મીઠીપેશાબના દર્દમાં ઈન્સ્યુલીન ખૂબ અસરકારક નીવડ્યું છે. આ શોધ પણ અકસ્માત થઈ હતી. પ્રયોગશાળાના એક મદદનીશે જોયું કે કાઢી લીધેલા કૂતરાના પેશાબ પાસે પુષ્કળ માખીઓ આવતી. તપાસ કરતાં માલુમ પડ્યું કે તેમાં પુષ્કળ સાકર હતી. આમ પેન્ક્રીયાસ અને મીઠી પેશાબનો સંબંધ જડી આવ્યો. પાછળથી વિશેષ સંશોધન દ્વારા માલુમ પડ્યું કે પેન્ક્રીયાસમાંથી ઈન્સ્યુલીન શરીરમાં સાકરના પરિવર્તનનું નિયમન કરે છે. જો પેનક્રીયાસ બરાબર કામ ન કરે અને તેમાંથી ઈન્સ્યુલીન ન આવે તો મીઠી પેશાબનું દર્દ થાય છે.

પેનિસિલીનની શોધ પણ અકસ્માતને આભારી છે (જુઓ ઊર્મિ અને નવરચના, ૧૯૪૬ જાન્યુઆરીનો અંક) આવી અનેક શોધો નોંધી શકાય. મહાન ફ્રેંચ વૈજ્ઞાનિક લુઈ પાશ્ચુરે એક જગ્યાએ કહ્યું છે. "અવલોકન ક્ષેત્રમાં જેઓ તૈયાર રહે તેમને અકસ્માત મદદ કરે છે." ટૂંકામાં, વિષયનું યોગ્ય જ્ઞાન અને ઉઘાડી આંખે અવલોકન કરવાની ટેવ સંશોધનમાં ખૂબ મદદ કરે છે.

મોતને હથેળીમાં લઈને જોખમો ખેડનાર અટંકીવીર નાનસેન

હિમપ્રદેશમાં

મૂળશંકર મો. ભટ્ટ

આ આખરી સફર કંઈ ઓછી ખતરનાક ન હતી. જમીન, બરફ અને પાણી ત્રણે ય ઉપર વારાફરતી તેમને સફર કરવાની હતી. કયારેક બરફના તોફાનમાં ચાર-પાંચ દિવસ એકાદ ખડકની ઓથે ભરાઇ રહેવું પડતું, વળી કોઇ વાર ખાવાનું ખૂટી જાય ત્યારે ઉપવાસ ખેંચવો પડતો; વળી એકાદ રીંછ કે વાલરસ મળી જાય એટલે તેના પર તેઓ પોતાનું ગુજરાન ચલાવતા. રીંછ અને વાલરસનાં ચામડાં ઊતરડી ઊતરડીને અને તેનું માંસ તથા ચરબી ચૂથી ચૂથીને તેમનાં કપડાં, તેમની ચામડી ચીકણી અને ગંધાતી બની ગઈ હતી. ચપ્પુથી માંડ માંડ તે ચરબી ઉખેડી શકાતી. દાઢીનાં તથા વાળનાં જાળાં આખા મોઢા પર છવાઈ ગયા હતાં. પણ તે કાપવામાં નુકસાન હતું. કારણ કે ફાટલાં-તૂટલાં કપડાંમાં ઠંડીની સામે આ દાઢીના વાળ બખ્તરનું કામ આપતા હતા.

થોડે થોડે અંતરે છૂટા-છવાયા બેટો આવતા જતા હતા, અને આ બેટો ફ્રાંસ જોસેફ લેંડના છે કે સ્પીટ્સબર્ગેનના તે વિષે નાનસેનને શરૂઆતમાં શંકા હતી, પણ પછી પોતાની સાથેના નકશા સાથે સરખાવતાં તેને ખાતરી થઈ કે આ ફ્રાંસ જોસેફ લેંડનો કિનારો લાગે છે.

એકવાર કિનારાના બરફ પર હોડીઓનું લંગર નાખીને નાનસેન તથા તેનો સાથી બેટ ઉપરના એક ટેકરા પર ચઢીને આસપાસની જમીન નિહાળતા હતા; ત્યાં એકાએક નાનસેને જોયું કે કિનારા પર બાંધેલી કાયાક બરફથી છૂટી પડી ગઈ ને પાણીમાં તણાવા લાગી; નાનસેન તરત જ દોડયો. એકાદ-બે કપડાં દોડતાં દોડતાં જ શરીર પરથી ઉતારી નાખ્યાં ને કાયાકની પાછળ તેણે પાણીમાં ઝંપલાવ્યું. એ કાયાક તેમની જીવાદોરી હતી, તેમાં જ તેમનું સર્વસ્વ હતું.

નાનસેન પાણીમાં પડયો તો ખરો, પણ એ દંડાગાર પાણીએ તેનું આખું શરીર જાણે કે લાકડા જેવું કરી નાખ્યું, હોડીઓ નાસતી જતી હતી પણ નાનસેન તેની પાછળ તરીને કેમ પહોંચે ? તેના પ્રાણની જેટલી શક્તિ હતી તેટલી એકઠી કરીને તે હોડીની પાછળ તરવા લાગ્યો, પણ ધીમે ધીમે તેમની ચેતનશક્તિ ઘટવા લાગી. કિનારા પર ઊભેલો જોહાન્સન લાચાર બનીને આ જોઈ રહ્યો હતો, તે પાછળ પડે તો તેની દશા પણ એમ જ થવાની હતી; એક એક ક્ષણ યુગ જેવી જવા લાગી, આખરે હોડીઓનો વેગ કંઈક ઓછો થયો ને નાનસેન માંડ માંડ હોડીનો છેડો પકડી શક્યો પણ કૂદકો મારીને હોડીમાં ચડવાની તાકાત પણ રહી ન હતી; તેનાં કપડાં બધાં પાણીથી લદબદ થઈ ગયાં હતાં, તોપણ તેના શરીરમાં જેટલું જોર હતું તેટલું ભેગું કરીને તે કાયાક પર ચડયો ને હલેસાં મારીને હોડીને કિનારા પર લાવ્યો. નાનસેનના નાનપણથી જ કસાયલા શરીરનો વિજય થયો, પણ કિનારે આવતાંવેંત તેની તમામ શક્તિઓ ચાલી ગઈ, તેનું આખું શરીર પાંદડાની જેમ ધ્રૂજતું હતું, તે કિનારા પર પગ મૂકીને ઊભો પણ ન રહી શક્યો. જોહાન્સને તેના ભીનાં કપડાં કાઢીને પોતાનું પાટલુન તેને પહેરાવ્યું (બીજું વધારાનું પાટલુન હતું જ નહિ) સૂવાના કોથળામાં તેને માંડ માંડ સુવાડયો ને તેના પર હોડીના સઢનું ઢાંકણ કર્યું, તેને ગરમાવો આપવા માટે જે કંઈ થઈ શકે તે તેણે કર્યું. પણ નાનસેન આખી રાત પોતાના કોથળામાં ધ્રૂજ્યા કર્યો, ઊંઘમાં પણ તેનું શરીર કંપતું હતું. તેના મોઢામાંથી ફીણ નીકળ્યા કરતાં હતાં. તે બોલી પણ શકતો નહોતો. સદભાગ્યે હવા બહુ ઠંડી ન હતી સવારે ઊઠીને જોહાન્સને તેને જગાડયો, ત્યારે નાનસેને રોજના સ્વાભાવિક અવાજે હોકારો દીધો, નાનસેને એક રાતમાં પોતાની તમામ શક્તિ પાછી મેળવી લીધી; જોહાન્સનના જીવમાં પણ જીવ આવ્યો.

આગળ વધતાં વળી એકવાર હોડીમાં બેસીને વાલરસનો શિકાર કરવા જતાં એક વાલરસે ડૂબકી મારીને હોડીની નીચે આવી પોતાના દંતૂશળથી કાયાકમાં કાણું પાડી દીધું, કાયાકને માંડ માંડ કિનારા

સુધી પહોંચાડી શકાય. આ વાલરસ એ દરિયાની એક અજબ વસ્તી છે. આ બાજુ ટોળાબંધ વાલરસો કિનારા પર એદી ભેંસોની જેમ પડ્યાં જ હોય. નાનસેનને જોઇને કયાં ય સુધી ટગર ટગર તેની સામે જોયા કરે, અને એકાએક ભડકીને ભાગે, તેનાં ચામડાં તેના દંતુશળો, તેની ચરબી એ બધું આ બન્ને પ્રવાસીઓને ખૂબ ઉપયોગી થઈ પડ્યું હતું, દંતૂશળો એટલાં અણીદાર હતાં કે તેનાથી કઠણ જમીનમાં પણ ખોદકામ થઈ શકે.

૧૭ મી જૂનનો દિવસ હતો. બપોર થયા હતા, આજે નાનસેનનો રાંધવાનો વારો હતો, એટલે તેણે ચૂલા ઉપર માંસ રાંધવા ચડાવ્યું હતું, ને હજુ તે ચડવાને વાર હતી, એટલે બહાર ફરવા નીકળ્યો, જોહાન્સન તો પોતાની પથારીમાં અર્ધો ઊંઘમાં પડયો હતો, ધીમો ધીમો પવન બેટ પર વાતો હતો, દૂર દૂર ફુંગરાઓમાંથી પક્ષીઓના કિલકિલાટ જેવો અવાજ આવતો હતો, એકાએક નાનસેનના કાન ઉપર કૂતરું ભસતું હોય એવો અવાજ આવ્યો, નાનસેન ચમકયો તેણે ફરી કાન માંડયા, કૂતરાના જ ભસવાનો અવાજ હતો, બે દિવસ પહેલાં તેણે બંદૂકના અવાજ જેવો અવાજ સાંભળ્યો હતો તે તેને યાદ આવ્યું, તે વખતે તો તેણે માનેલું કે તે અવાજ બરફનો હશે;આ અવાજ તો નક્કી કૂતરાનો જ છે, તેણે બૂમ મારી: 'જોહાન્સન, જોહાન્સન! કૂતરાં ભસતાં સંભળાય છે,' જોહાન્સન પથારી છોડીને તંબૂમાંથી દોડતો આવ્યો. 'કૂતરા?' તેણે તો એ માન્યું જ નહિ. પણ નાનસેનને તો ખાતરી જ હતી. તેઓ એકદમ તંબૂમાં ગયા. ઉતાવળે ઉતાવળે નાસ્તો કરી લીધો. ખાતાં ખાતાં તેમણે અટકળો દોડાવવા માંડી: કોણ હશે? આપણા દેશના માણસો હશે કે કોઈ અંગ્રેજ હશે? નાનસેનની ટુકડી પ્રવાસે ઊપડી ત્યારે ઈંગ્લાંડની એક ટુકડી ફ્રાંઝ જોસેફ લેન્ડ ઉપર પ્રવાસે નીકળવાની તૈયારી કરી રહી હતી. તે ટુકડી તો આ નહિ હોય? તે જ ટુકડી હોય તો આપણે શું કરીશું? જોહાન્સનનો મત તો હતો કે કદાચ તે લોકો હોય તો એકાદ-બે દિવસ તેમની સાથે રહીને આપણે તો ક્વીન્ટ્રબર્ગન તરફ મારી મૂકવી, નહિ તો ઘેર પહોંચવાનું મોડું થાય.

નાનસેન ખભે બંદૂક ચડાવીને કૂતરાના ભસવાના અવાજની દિશામાં ચાલવા લાગ્યો. જોહાન્સન પાછળ કાયાકને સમારવાના વગેરે કામમાં રોકાયો. તેના મનમાં શંકા અને આશા વારાફરતી આવ-જા કરતી હતી. આગળ જતાં તેણે જમીન પર પ્રાણીનાં પગલાં જોયાં! પગલાં કૂતરાનાં હશે કે શિયાળનાં? શિયાળનાં તો ન જ હોય. તો પછી વરુનાં હશે? તે આગળ વધ્યો. વળી કૂતરાના ભસવાનો અવાજ તેના કાન પર પડયો. વળી પગલાં દેખાયાં. વળી પાછી શાંતિ. નાનસેનને થયું કે આ કેવળ ભ્રમણા તો નહિ હોય? 'કદાચ આ સ્વપ્નું ચાલી રહ્યું છે. ના પણ પગલાં કૂતરાનાં જ છે. તો પછી આ ફ્રાંઝ જોસેફ લેન્ડના ટાપુ-ભંડળમાંનો કોઇ ટાપુ છે?...ઊંચાનીચા ખાડા-ટેકરા પર થતો થતો હું આગળ વધવા લાગ્યો; ત્યાં એકાએક લાગ્યું કે કોઈ વિચિત્ર અવાજ-માણસનો અવાજ-મારા કાન પર પડયો. ત્રણ વરસે અપરિચિત માનવ-અવાજ! મારું હૃદય ધબકવા લાગ્યું. મગજમાં ચડીને ધમધમાટ કરવા લાગ્યું. હું દોડયો, એક ટોરા પર ચડયો અને મારા ફેફસામાં જેટલું જોર હતું તેટલા જોરથી મેં બૂમ પાડી. એ એક માનવ-અવાજની પાછળ જીવનનો સંદેશ હતો, ઘરનો સાદ હતો. તેની પાછળ રાહ જોઇને પંથ વિલોકતું એક સ્વજન ઠેકિયાં કરતું હતું.....થોડી જ વારે મેં ફરી બૂમ સાંભળી. દૂર એક ટેકરી પાછળ કંઈક કાળી આકૃતિ ચાલતી દેખાઇ. એ કૂતરો હતો. તેની પાછળ એક માનવ-આકૃતિ દેખાઇ!...કોણ હશે? પેલો અંગ્રેજ મુસાફર જેકસન તો નહિ હોય? હું વેગથી આગળ વધ્યો. તે માનવ-આકૃતિ પણ એટલા વેગથી મારા તરફ આવતી હતી. મેં મારો ટોપો ઊંચો કરીને હલાવ્યો. તેણે સામે પોતાનો ટોપો હલાવ્યો. તે કૂતરાને કંઈક કહેતો હતો. તે અંગ્રેજ જ છે. નજીક આવતાં મને લાગ્યું કે તે જેકસન છે. મેં તેને ઈંગ્લાંડમાં એકવાર જોયો હતો.

"મેં ટોપો ઊંચો કર્યો. અમે એકબીજાએ હાથ લંબાવ્યા. 'કેમ છે?' પૂછયું...એક બાજુ સંસ્કૃતિના પ્રતિનિધિ સમો એક યુરોપિયન ઊભો છે. તેણે સ્વચ્છ કપડાં પહેર્યાં છે. તાજી હજામતથી તેનો ચહેરો સ્વચ્છ

છે. તેના શરીરમાંથી સુગંધી સાબુની ફોરમ આવે છે. અને બીજી બાજુ જંગલી, ચીંથરહાલ, ઝંઘરિયા વાળવાળો, ધુમાડા જેવો કાળો આદમી ઊભેલો છે.

'જેકસન, તમને જોઇને મને ઘણો આનંદ થયો!'

'મને પણ ખૂબ જ આનંદ થયો. તમારું વહાણ આટલામાં છે?' જેકસને પૂછ્યું.

'ના.'

'તમે કેટલા જણ છો?'

'મારો એક સાથી પેલા બરફની કિનાર પર છે.'

'અમે વાતો કરતા બેટના અંદરના ભાગ આગળ વધતા હતા. મેં માની લીધું કે તેણે મને ઓળખી કાઢયો છે. નહિ તો આટલી મમતાથી તે વાત ન કરે. પણ એકાએક તે અટકયો, મારા ચહેરા સામું તેણે બરાબર તાકયું અને એકદમ બોલી ઊઠયોઃ 'તમે નાનસેન તો નહિ ને?'

'હા, હું નાનસેન છું.'

'લે! મને બહુ જ આનંદ થયો.'

'તેણે ફરી મારો હાથ પકડયો. ને ખૂબ જોરથી હલાવ્યો. તેના ચહેરા પર આનંદની ઝલક છવાઈ ગઈ.'

આ રીતે નાનસેનના પ્રવાસનો ખૂબ અણધાર્યો ને સુખી અંત આવ્યો. જેકસનની ઝૂંપડીમાં આ બન્ને 'જંગલીઓ'ને હૃદયના ઉમળકાથી વધાવી લેવાયા. તેમના ચરબીભર્યા વાઘા ઊતર્યા, દાઢીના વાળ ઊતર્યા. સાબુ અને ગરમ પાણીથી વર્ષોથી જામેલા મેલના થર ઊતર્યા. ગરમાગરમ અને વિવિધ વાનીઓનાં ભોજન મળ્યાં. એટલું જ નહિ પણ જેકસનની સાથે નોર્વેથી મોકલાયેલ કાગળો પણ મળ્યા. ઘરના સારા સમાચારો મળ્યા. તેમણે પોતાનાં ઘડિયાળો મેળવ્યાં. તેમાં ફક્ત ૨૬ મિનિટનો ફેર હતો. અને એને કારણે અક્ષાંશની માપણીમાં પણ ૧½ અંશનો ફેર રહ્યો હતો. નાનસેને તરત જ પોતે દોરેલ નકશામાં એ પ્રમાણે સુધારો કરી લીધો.

પણ હવે ઘેર ક્યારે પહોંચાશે? જેકસનની ટુકડી માટે સામાન લઇને જે વહાણ આવવાનું હતું, તેમાં જ પાછા ફરવા માટે જેકસને આમંત્રણ કર્યો હતો. તે વહાણ આવવાનો વખત થયો હતો, પણ હજુ આવ્યું નહિઃ તેથી તે બન્નેની અધીરાઈ વધતી જતી હતી. પાછો સપ્ટેમ્બર મહિનો તો નહિ આવી જાય ને! વળી પાછો એક વધારે શિયાળો ગાળવો પડશે! આખરે ૨૬ મી જુલાઈએ વહાણ આવી પહોંચ્યું. નાનસેન અને તેના સાથીએ આખરે આ ઉત્તરધ્રુવ-પ્રદેશની વિદાય લીધી.

નાનસેનના હૃદયમાં ઊછળતા આનંદના સાગરમાં ફક્ત એક પોતાના વહાલા વહાણ ફ્રામની ચિંતા આડે આવ્યા કરતી હતી. તેનું શું થયું હશે!

૧૨મી ઓગસ્ટ! દૂર સમુદ્રની ક્ષિતિજ પર કાળી કોર દેખાય છે! તે જ નોર્વેનો કિનારો! વહાણ વારદો બંદરે નાંગર્યું. નાનસેન વહાણમાંથી ઊતરીને સીધો તારઑફિસમાં ગયો. તારમાસ્તરની સામે તારોનો એક મોટો થોકડો મૂકીને તેણે કહ્યુંઃ 'આટલા તારો જલદી રવાના કરી દેવાના છે.'

તારમાસ્તરે ચશ્માંમાંથી ત્રાંસી નજરે જોયું. તેણે તારના થોકડા પર નજર કરી. ઉપરના તારમાં નીચે સહી જોઇ. તેણે ફરી તાર આપનાર સામે જોયું. તેના ચહેરા પર આનંદ છવાઇ ગયો. તારઑફિસના બધા કારકુનો તારના યંત્ર ઉપર તૂટી પડયા. તારનાં દોરડાંઓ આખા નોર્વેમાં ધ્રૂજવા લાગ્યાં.

નાનસેનના નોર્વે પહોંચવાના ખબર વીજળી-વેગે ફેલાઇ ગયા. બંદરે બંદર લોકોનાં ટોળાં નાનસેન તથા તેનાં સાથીના સ્વાગત માટે ઊમટી પડયાં.

પણ ફ્રામનું શું? નાનસેન વારદોથી આગળ વધીને હેમફેસ્ટ બંદરે આવ્યો. નાનસેને જે પૂછે તેને તો કહ્યું હતું કે ફ્રામ પાછળ પાછળ ચાલ્યું જ આવે છે. આ વરસની આખર સુધીમાં તો તે નોર્વે આવી પહોંચશે. પણ તેના મનમાં રહેજ-શંકા જન્મી હતી. ૨૦મી ઑગસ્ટે એક દિવસ વહેલી સવારે તે હજુ પથારીમાંથી ઊઠતો હતો, ત્યાં તાર લઇને તાર-ઑફિસનો વડો આવ્યો. તેણે નાનસેનના હાથમાં તાર મૂકયોઃ

'ફ્રામ આવી પહોંચ્યું છે, બધા લહેરમાં છે.

સ્વેરડ્રુપ.'

નાનસેન આ પ્રસંગે લખે છે: 'મારે ગળે ડૂમો ભરાઈ આવ્યો. હું ફક્ત એટલું જ બોલી શકયો: 'ફ્રામ આવી ગયું છે.'

ફરી બધા મિત્રો મળ્યા. સ્વેરડ્રુપને નાનસેન ભેટી પડયો. આ બહાદુર મૂંગા કપ્તાને નાનસેનના બાળક જેવા વહાણને અખંડ અને અજેય રાખીને પાછું આણ્યું.

નાનસેનની પાછળ નોર્વેના લોકો ગાંડા બન્યા હતા. બંદરે બંદરે કાંઠા પર જ નહિ પણ તેના વહાણની પડખોપડખ પણ કેટલા ય માણસો, માછીમારો ટોળે મળતાં ને નાનસેનની ને નોર્વેની જય બોલાવતા.

'સાંજે હું ફ્યોર્ડના કાંઠા પર ઊભો હતો, વિજયનાદો અને સ્વાગતના અવાજો બંધ પડયા હતા. ટેકરીઓ પર સ્વાગત માટે સળગાવેલ મોટી તાપણીઓ પણ હવે ઠરી જવા લાગી હતી. ફ્યોર્ડના કાંઠા પર ધીમે ધીમે છબછબિયાં કરતાં મોજાંઓ જાણે કે મને કહે છે: 'કેમ પાછો આવી ગયો ને!'

'ત્રણ વરસ પહેલાંનો તે ધૂંધળો ને ગમગીન દિવસ મને યાદ આવે છે. ત્રણ વરસની અખંડ તપસ્યા પછી આજે તેનું ફળ મળે છે. મારું હૃદય આભાર અને આનંદથી રડી ઊઠે છે.

'તે અફાટ હિમપ્રદેશ, એ લાંબી ધ્રુવરાત્રિઓ, જાણે કે એ દૂરનાં સ્વપ્નોની જેમ નજર સમક્ષ રમે છે. પણ જીવનમાં જો સ્વપ્નો નથી તો જીવનની શી કિંમત છે?*

* લેખકના 'નાનસેન' નામના પ્રગટ થનાર પુસ્તકમાંથી.



નવી શૈલી અને નવો પ્રવાહ ઝીલતી બે નવલકથાઓ

ગ્રંથ સમીક્ષા

અ. મ. રા.

[૧] : ધરતીનો અવતાર

[લે. ઈશ્વર પેટલીકર; સોલ એજન્ટ. ભારતી સાહિત્ય સંઘ લિ. મુંબઈ–અમદાવાદ; મૂલ્ય, અઢી રૂપિયા.]

'જનમટીપ' અને 'લખ્યાલેખ'ના ઉત્સાહી લેખક રા. ઈશ્વર પેટલીકરની આ ત્રીજી નવલકથા છે. એમના સૌથી પહેલા પ્રકાશન 'ગ્રામચિત્રો'માં એમણે ગ્રામિણ સમાજનું જે યથાર્થ ચિત્રણ કર્યું હતું તે પછી જેમ એમની આગલી બે નવલકથાઓનું તેમ આ કથાનું પણ એક વિશિષ્ટ લક્ષણ બન્યું છે. નવલકથાનાં ધરતી, પાત્રો ને વાતાવરણ ગામડાનાં છે. નાતે રજપૂત છતાં સરકાર તરફથી મળેલી પટલાઈને કારણે પટેલ અટકથી ઓળખાતા એક ખેડૂ કુટુંબની આ કથા છે.

એનું વસ્તુ જુઓ તો સાવ સાદું, બેચાર વાક્યમાં કહી નખાય તેવું ને તેટલું જ છે. પિતરાઈ ભાઈની મોહક પત્ની નંદુના જેવી રૂપાળી વહુના અભિલાષી ગેમલને મળે છે ત્યારે, કેમ જાણે વિધિએ તેની ક્રૂર મશ્કરી જ કરવી ધારી હોય તેમ, નામે રૂપાળી, બાકી રૂપે તેની બધી કલ્પના અને રસિકતાને મારી જ નાખે એવી કદરૂપી વહુ. બહુનિરાશ અને ખીજવાયેલા ગેમલના મારપીટ ભર્યા ખરાબ વર્તાવનાં પાંચ વરસ મૂંગે મોઢે રૂપાળીએ કાઢી નાખ્યાં ત્યારે એક બનાવ એવો બન્યો જેણે ગેમલની આંખ ઉઘાડી નાખી તેને કુરૂપ રૂપાળીના વ્હાલભર્યા રૂપાળા અંતરનું દર્શન ને ભાન કરાવ્યું. રૂપાળીને સર્પ ડસ્યો. એ જવા બેઠી ત્યારે પોતે એને કરેલા અન્યાયનું ગેમલને ભાન જાગ્યું અને તે બચે એમ ઈશ્વરને આકુળતાથી વીનવવા લાગ્યો. સર્પના ઝેર એની આંખ તો લીધી, પણ રૂપાળી બચી ગઈ. ઝેર ઉતારનાર નાગજીએ કહ્યું કે સતી જ આવું ઝેર જીરવીને જીવી શકે. રૂપાળીના સુશીલ સતીત્વે આમ વિરોધી ગેમલને જીતી પોતાનો કરી લીધો. આવા સુખી દાંપત્યનાં દસ વરસ વીતી જાય છે. પણ એમને ત્યાં પારણું બંધાયું નહિ. રૂપાળી સંતાન વાસ્તે ગેમલને ફરી પરણાવવા તૈયાર થાય છે. ગેમલ ચોકખી ના સંભળાવે છે. કર્તાને કરવું છે તે રૂપાળીને ડાક્તરી સલાહ મુજબ ઓપરેશન કરાવ્યા બાદ દહાડા રહે છે અને ગેમલને ત્યાં દીકરાના જન્મ સાથે કથા પૂરી થાય છે.

વાર્તાકારે નારીત્વના ખરા સૌન્દર્યનું, નારીના ચહેરામહોરાના નહિ પણ એના અંતરનાં રૂપસુગંધનું, કથા દ્વારા ગૌરવ કરવા ધાર્યું છે એ સ્પષ્ટ છે. એટલા માટે ગેમલનું પૂરું પરિવર્તન આલેખી તેનો જશ રૂપાળીને ખાતે જમા કરી કર્તાએ કથાને સુખાન્ત બનાવી છે ગેમલનું પરિવર્તન થોડી જ પળોમાં તે ઝડપી રીતે થયું છે અને એને માટે સર્પદંશના અકસ્માતનો એમને આશ્રય લેવો પડયો છે એ કોઈને ખૂંચશે ખરું, પણ ગેમલના પરિવર્તન માટે ખાસ જરૂરી મનોવ્યાપારની પળ (Psychological moment) પસંદ ગુમાવવાની એ વેળાએ જ ઊભી થતી હોઈ એની સામે બહુ વાંધો લેવા જેવું નથી.

કથામાં ધડાકિયા અને ઝાઝા બનાવો નથી છતાં તે બસૌ પાનાંની હદને વટાવી ગઈ છે. વાર્તાકાર નાની નાની વિગતોને ઠીક લડાવી ને મલાવી જાણે છે. પહેલા ખંડમાં ગેમલ નંદુને પોતાની વહુ કેવી છે એ પૂછવા જાય છે તેનું કર્તાએ ખાસ્સું આખું પ્રકરણ કરી નાખ્યું છે. ત્રીજા ખંડનું પહેલું પ્રકરણ આખું રોકાયું છે નંદુની ગેમલના નવા લગ્નની સૂચનામાં જ. બીજા ખંડમાંના ચોથા, પાંચમા અને સાતમા પ્રકરણોમાં કહેવાનું થોડું જ છે ને વિસ્તાર સારો જમાવ્યો છે. એવી વાર્તાકારની બીજી કરામત છે પાત્રોના ચિત્તવ્યાપારો ને મનોમંથનના વિસ્તારી ચિતરામણની. એમનું આ નવલકથાકારલક્ષણ ગયા વર્ષની 'લખ્યાલેખ' એ એમની કૃતિમાં પણ સ્પષ્ટ દેખાતું હતું. પહેલા ખંડમાં સગપણ પહેલાં, સગપણ

પછી અને લગ્નના માયરામાં ગેમલ અને રૂપાળીનાં મનોદર્શન અને બીજા ખંડમાં પ્ર. ૬ માંનું ઉજમનું અને પ્ર. ૯ માંનું. ગેમલનું મનોગત તે પાત્રોને સરસ ઉઠાવ આપી તેમનાં અંતર ને આશયોનો સરસ પરિચય વાચકોને કરાવે છે. તે સાથે કથાનો વિસ્તાર પણ ફેરો સાધી આપે છે એ વાચકો જોશે.

રા. પેટલીકરનું કૌશલ્ય વસ્તુસંવિધાન કરતાં કથાના પાત્રાલેખનમાં વધુ દેખાય છે એમ કહી શકાશે તે આ જ કારણે. ગેમલ, રૂપાળી, ઉજમ, જીજી ને નંદુ એ પાત્રોનું આલેખન આ વાતની સાબિતી બનશે. પતિ પાસેથી સતત અવમાનના પામવા છતાં 'થોરને વેલ વળગે તેમ' એને વળગી રહેતી રૂપાળી અને એવી દિયર વડે હડધૂત થતી દેરાણી પ્રત્યે પૂર્ણ વહાલ ને સમભાવ મૂળથી જ દાખવતી ઉજમનાં પાત્રો દ્વારા નારીહૃદયનું વાર્તાકારે મંગલ દર્શન કરાવ્યું છે. એ બેઉ પાત્રોના નિરૂપણમાં વાર્તાકારે વાસ્તવનું આલંબન લેવાને બદલે ભાવનાની ઉજ્જવળતામાં રંગાવું પસંદ કર્યું છે. ઉજમ પોતાની બિમારીની ખબર રૂપાળીને એને પીયર પડવા ન દેવાની તકેદારી રાખે, અને રૂપાળી જેઠાણીના તાવની ખબર કોઇકની મારફત સાંભળી બાપના ઘરનો યજ્ઞ-ઉત્સવ મૂકી જેઠાણી પાસે દોડી આવે તથા ભાભીને માટે ઉતાવળમાં આડું વેણ કાઢવા માટે પતિને ઉધડો લે, એવું આ કથામાંનું એ દેરાણી જેઠાણીનું આલેખન ચોખ્ખું શરદબાબુશાઈ છે અને આકર્ષક છે. વાર્તાકારે એવું જ ખ્યાત આપ્યું છે ગેમલના પિતા છીતાબાવાના ચિત્રણ પર. જાડી કરડી ભાષાના ઉચ્ચારનાર એ જીજી પાસે બીજા ખંડનું પાંચમું પ્રકરણ બતાવે છે તેમ થોડુંક માનચતુર જેવું કામ વાર્તાકારે કરાવ્યું છે. એના પાત્રને પહેલા ખંડના પાંચમા ને બીજા ખંડના ત્રીજા ને પાંચમા પ્રકરણમાં ઠીક ઉપસાવી ત્રીજા ખંડમાં તો એને જગતમાંથી વિદાય આપી દીધી છે. એ પાત્રને એનાં કાર્યો કરતાં એની વાણીદ્વારા જ કથામાં રજૂ કરવામાં આવ્યું છે.

એના 'સ્ત્રી એ બીજું કોઈ નથી, પણ ધરતીનો જ અવતાર છે. જેમ કોઈ ધરતી ટેકરાવાળી હોય, કોઈ ઝાંખરાવાળી હોય, કોઈ કાળી હોય, કોઈ ગોરાડુ હોય, કોઈ રેતાળ હોય કે કોઈ પડતર હોય, પણ એનું હૈયું બધી જગાએ એનું એ જ. ઘણી જો એને હેત રાખી કેળવે તો એ કદી દગો ન દે. ઇચ્છા કરતાં કદી એ ઓછું ફળતી નથી.....એ ધરતી જેવી જ સ્ત્રી છે. એનાં રૂપરંગ જોવાનાં જ ન હોય.....માટીનાં ઢેફાં એ કંઈ ધરતી નથી, એના કાળાગોરા પર એનો કસ નથી, કસ છે એના પેટાળમાં વહેતી શક્તિનો અને એ કંઈ આંખે દેખાતી નથી... સ્ત્રીનું પણ એવું જ. બહારથી દેખાય છે એ કંઈ સ્ત્રી નથી. સાચી સ્ત્રી તો અંદર એના હૈયામાં છે...'(ખંડ ૧, પ્ર. ૫)

એ ઉદ્ગારોને અને-

'મારી રૂપાળી વહુ ધરતીનો અવતાર છે, એ કદી ખાલી ખોળે રહે જ નહિ. અને કદાચ રહે તોય, એમાં ધરતી કરતાં ઘણીના કરમને લીધે જ' એ એની શ્રદ્ધાને વાર્તાકારે કથાના વક્તવ્ય તથા એનાં શીર્ષકના ટેકણ બનાવી ઘણું મહત્ત્વ આપ્યું છે. એના શબ્દોને કર્તાએ સાચા પાડી બતાવ્યા છે. પણ એથી જ, જીજી પરમાત્માના સ્વાભાવિક સર્જન કરતાં વાર્તાકારનું સર્જન કે કરામત વિશેષ લાગે છે; કંઈ નહિ તો એના મોંમાં મૂકાયેલો વાણીપ્રવાહ એવી છાપ પાડે છે. પૃ. ૩૭ના બીજા પરિચ્છેદમાંની જેમાં 'ઊર્મિ' જેવા શબ્દ પણ આવે છે એ એની ભાષા તેમજ પૃ. ૧૦૩ની છેલ્લી ત્રણ ચાર લીટીઓની 'ફળપ્રાપ્તિ' ને અશ્રદ્ધાળુ' જેવા શબ્દોવાળી ભાષા એના જેવા જૂની પેઢીના ગામડિયાના મોંમાં બહુ ભળતી નથી. એજ રીતે ઉજમના મોંમાં લેખકે 'અત્યાચાર' જેવો શબ્દ મૂક્યો છે!

ને એવી ભાષાવિષયક ક્ષતિ જોવી હોય તો તો 'વળાવવા'ને બદલે 'વરાવવા' (પૃ. ૮), 'વાળી લેતાં' ને સ્થાને 'વારી લેતાં' (પૃ. ૩૦) ને 'વેળા' ને ઠેકાણે 'વેરા' (પૃ. ૩૫), તો બીજે પક્ષે 'ઝૂરતી' ને બદલે 'ઝૂળતી' (પૃ. ૩૬) જેવા શબ્દોની ય નોંધ લેવી જોઈએ. પણ વાર્તાપ્રવાહ એવો સતત વાહી રહે છે, પ્રેમનું અને દાંપત્યનું અત્યારના ચીલાચાલુ નિરૂપણ કરતાં

એવું વિશિષ્ટ અને સુભગ નિરૂપણ એમાં જોવાય છે, ગેમલ, રૂપાળી, જીજી, ઉજમ ને કા જેવાં પાત્રો એમાં ઉપસ્યાં છે, અને સાદી અમથી વાતને ય રસિક અને રહસ્યગર્ભ બનાવવાનાં રા. પેટલીકરનાં કસબકળાનો એવો પરિચય અહીં થાય છે, કે ચીંધાયેલી ક્ષતિઓને ભૂલી જઈ એને ઉમળકાભર્યો આવકાર આપવાની ગુજરાતના વાર્તારસિકોને ભલામણ કરવાનું જ મન થાય છે.

[૨] : કદમ કદમ બઢાયે જા : ખંડ પહેલો.

[લેખકો નિરંજન વર્મા : જયમલ્લ પરમાર : ફૂલછાબ પ્રકાશન મંદિર, રાણપુર; મૂલ્ય સાડાત્રણ રૂપિયા]

'ફૂલછાબ' અઠવાડિકના ૧૯૪૬ના આ ભેટ પુસ્તકનું કર્તૃત્વ એનાં આગલી બે સાલનાં ભેટપુસ્તકોના જોડિયા જુવાન લેખકો રા. નિરંજન વર્મા અને જયમલ્લ પરમારનું છે. કથાની ભૂમિ સિંગાપુર, સમય જાપાનીઓએ એ સર કર્યું એ અરસાનો, અને વિષય આઝાદ હિંદ ફોજની સ્થાપના અને સિંગાપુર-મલાયાના હિંદી નાગરિકોમાં આવેલી જાગૃતિનો છે. જાપાનીઓને હાથે સિંગાપુરનું પતન થતાં બ્રિટિશ સેનાપતિઓએ હિંદી સૈનિકોને જાપાની સેનાપતિને સોંપી દીધા, જાપાની સેનાપતિએ તેમને યુદ્ધકેદીઓ ન ગણતાં પોતાના દેશ માટે લડવા કહ્યું અને કેપ્ટન મોહનસિંગે પહેલી આઝાદ હિંદ ફોજ એ સૈનિકોમાંથી ઊભી કરી, એ સમયે પૂર્વ એશિયાના હિંદીઓએ આઝાદ હિંદ માટેની તમન્નાથી પ્રેરાઈ તેને તન મન ને ધનથી જોશીલો ટેકો ને સહકાર આપ્યો તે તો ભારતની અનિવાર્ય આઝાદીના ભાવિ ઇતિહાસનું એક તેજસ્વી પ્રકરણ છે. એ તેજસ્વી પ્રકરણની ઉત્સાહી લેખકોએ અહીં નવલકથા બનાવી છે.

'... પૂરા આઠ માસ સુધી એ પ્રજા-જાગૃતિના ઇતિહાસના રજરજ અભ્યાસ પછી આ કથા લખી છે. આઝાદ હિંદ ફોજના અફસરો, સૈનિકો અને બર્મા-મલાયાના હિંદી વતનીઓ સાથેની દિવસો સુધીની વાર્તા-ચર્ચા પછી એ આલેખી છે. પૂર્વ એશિયાની ભૌગોલિક રચના અને પ્રજાની ખાસિયતો જાણ્યા પછી લખી છે...એવી વાસ્તવ ભોમ પર આલેખેલી આ નવલકથાના અદ્ભુત લાગતા ઘણા બનાવો સત્ય ઘટનાત્મક છે. કલ્પનાનું ચિત્રણ માત્ર નવલકથાને રંગ આપવા પૂરતું જ કર્યું છે...' લેખકોના આ એકરાર પછી કથાનાં સ્થળ, કાળ, પાત્ર ને પ્રસંગોની મુખ્ય મુખ્ય વિગતોના ખરાપણા વિશે શંકા ઊઠવી જોઈએ નહિ. મુખ્ય પ્રસંગો ખરા છતાં 'આ કથાનાં પાત્રો બધાં કલ્પિત છે...' એમ લેખકોએ કહ્યું છે ખરું, પણ એ કલ્પિત નામોની પાછળ એ તેજસ્વી તવારીખનાં કેટલાંક સાચાં પાત્રોનું પોત નથી પરખાતું એમ નથી. કેપ્ટન દીલાવરખાંમાં બીજી આઝાદ હિંદ ફોજના મેજર જનરલ શાહનવાજખાનનું સ્પષ્ટ દર્શન થાય છે. ગાંગુલી મહાશયમાં એજ રીતે રાસબિહારી બોસનો અણસાર દેખાશે.

કથામાં પહેલી આઝાદ હિંદ ફોજની સ્થાપના તથા પૂર્વ એશિયાના હિંદીઓમાં આવેલી નવ-ચેતનની ભરતીની સાથોસાથ મલાયલા અને ચીનાઓની હિંદીવિરોધી પ્રવૃત્તિઓનું ચિત્ર પણ એ વાતાવરણની એક સત્ય હકીકત લેખે દોરવામાં આવ્યું છે. એમના દુશ્મન જાપાનીઓ સાથે સહકાર કરી હિંદીઓ આઝાદ હિંદ ફોજ રચવા મંડ્યા એથી મલાયલા ને ચીનાઓના મગજમાં શંકા પેઠી કે એ ફોજનો ઉપયોગ તેમની જાપાનની ગુલામી કાયમ કરવામાં જ થશે. એ ફોજ જ્યારે વિખેરાઈ ત્યારે એ લોકોને પ્રતીતિ થઈ કે હિંદીઓ હિંદની આઝાદીના જ ચાહકો છે ને જાપાનના વિરોધીઓ છે, અને ત્યારે એમનો એ હિંદીવિરોધ શમી ગયો.

પણ બની ગએલા બનાવનો માત્ર અહેવાલ કંઈ લેખકોને આપવો નથી, એમને તો નવલકથા લખવી છે. એટલે આ મોટા બનાવોની પશ્ચાદ્ભૂ પર એમણે વીરેન્દ્ર, એની, મહાત્મા જેવા કેટલાંક પાત્રોની કથા આલેખી છે. ગુજરાતી લેખકોએ વીરેન્દ્રને, એક ગુજરાતી જુવાનને, લગભગ કથાનાયક જેવો બનાવ્યો છે તે ધ્યાન ખેંચે તેવું છે. જાપાની ચડાઈ વેળા દેશ ચાલ્યા જતાં સ્ટીમર ઉપડવાની ઘડીએ કોઈ ગોરા કુટુંબને જવા દેવા માટે તેના કુટુંબની એક

ટિકિટ રદ થઈ એટલે કુટુંબને હિંદ જવા દઈ પોતે સિંગાપુરમાં રહી પડનાર એ જુવાનને લેખકોએ ભાવનાશાળી, અંગ્રેજવિરોધી, દિલમાં જાપાનવિરોધી અને હિંદની આઝાદી માટે આવેલી સોનેરી ઘડીને પકડી લેનારો નિરૂપ્યો છે. આઝાદ હિંદ ફોજ માટે નાગરિકોમાંથી એ ઉત્સાહભેર સ્વયંસેવક સૈનિકોની ભરતીનું કાર્ય ઉપાડી લે છે.

નવલકથામાં થોડી પ્રણયકથા હોય તો રંગ આવે એમ ઘણા નવલકથાકારો પેઠે આપણા લેખકો પણ માનતા લાગે છે. તેથી વીરેન્દ્ર અને અંજલિના પરિણયમાં પરિણત ન થએલા પ્રેમની વાત તેમણે પશ્ચાદ્‌ભૂમાં ગોઠવી છે. સ્ત્રીમાંથી વિશ્વાસ ઉઠાવી લઈ તેમનાથી દૂર રહેવા ઈચ્છતા નિરાશ પ્રેમી વીરેન્દ્રને બીજી પ્રણયિની સંપડાવવા લેખકોએ એક એનીના પાત્રને તેના સંપર્કમાં લાવી મૂક્યું છે. અંગ્રેજો તથા જાપાનીઓને બેઉની જાસૂસી કરતા, થોડો વખત એના પ્રીતમ બનેલા બંગાળી જુવાન અમરે એના નામનો ઉપયોગ કરેલો એથી આવી પડનાર ભયમાંથી ઉગરવા એની પિનાંગથી ભાગી સિંગાપુર આવી તેની બેનપણી અંજલિની ભલામણથી વીરેન્દ્રને ત્યાં રહે છે. બીજે પરણી ગએલી છતાં વીરેન્દ્રને માટે જૂનો પ્યાર ને આદર હૈયામાં સંઘરી બેઠેલી અંજલિની વીરેન્દ્રનો એની જોડે યોગ થાય એવી આંતરિક ઇચ્છા બર આવે તેવી ઘટના—એનીનો વીરેન્દ્ર પ્રત્યે વધતો જતો હૂણો ભાવ—ધીમે ધીમે જામતી જાય છે તેને લીધે, તેમજ બીજી રીતે એને પકડવા મથતા જાપાની જાસૂસીખાતાની એને લીધે ઊભી થતી ખટપટ ને દોડધામને લીધે, એનીના પાત્રને કથામાં ઠીક મહત્ત્વ મળ્યું છે.

કથામાં ડૉ. જોસેફ, તામિલ વેપારી રાજગોપાલન, શીખ ટીંબર મરચન્ટ ખડગસિંહ, બંગાળી પત્રકાર શરદ મોંગુલી, કરાંચીના ગુજરાતી વેપારી મોતીચંદ શેઠ, એમ હિંદના બધા પ્રાંતોનું પ્રતિનિધિત્વ જાળવતી સિંગાપુરનિવાસી નાગરિક વ્યક્તિઓ જે હિંદી સ્વાતંત્ર્ય સંઘ સ્થાપે છે તે પાત્રો અને અંજલિ, હેમાંગિની, કંચન આદિ તેમના કુટુંબની સુવતીઓને પાત્રોને યથાયોગ્ય સ્થાન મળ્યું છે. પાત્રચયમાં એમનાથી સહેજ વિશિષ્ટ ધ્યાન ખેંચે એવું પાત્ર છે ઉત્તર હિંદના મહાત્મા કૈલાસનાથનું. મહાત્મા કૈલાસનાથ હિંદી, ચીની, મલાયલી કોઈ એક જ કોમના નહિ, સૌના એક સરખા સેવક છે અને બીનરાજકીય માનવસેવા જ કરી રહ્યા છે. એનામાં ગાંધીજીની પ્રતિમૂર્તિ સરજવા જેવું લેખકોએ કર્યું છે. એના નામમાં એક ઠેકાણે ગરબડ થઈ છે: બધો વખત કૈલાસનાથ નામથી ઓળખાતા એ પાત્રને પૃ. ૨૧૨ પર 'કેદારનાથ' કહ્યા છે!

કથામાં પરાજિત હિંદી સેનાના અફસરો ને સિપાઈઓનાં તેમ વીરેન્દ્રનાં ભાષણોનું કથામાં સારું જોર રહ્યું છે. વાર્તાના રસ કે કળા કરતાં લેખકો ગુલામીએ દીઠેલા ગુલામી સ્વપ્નનું, હિંદની આઝાદી માટે થએલા એક સન્નિષ્ઠ પ્રયાસનું આલેખન કરવાના પોતાના હેતુને વધુ વફાદાર રહ્યાનું એ પરિણામ છે. ભાષણોમાં જુવાનસિંગ અને વીરેન્દ્રનાં ખાસ તરી આવે છે. એ લાંબાં, આવેશભર્યાં, છટાદાર બાનીવાળાં અને દેશદાઝથી છલકાતાં બન્યાં છે. લેખકોના દેશપ્રેમે ભારત ને તેના ઇતિહાસના તેમના જ્ઞાને અને તેમના ભાષાપ્રભુત્વે તેમાં એકસાથ કામ કર્યું છે.

વસ્તુતઃ આ કથા આની પછી આવનાર ખંડની પ્રસ્તાવનો રૂપ જ છે. જાપાનીઓએ આપેલાં વચન ન પાળતાં પહેલી આઝાદ હિંદ ફોજને કેપ્ટન મોહનસિંગે વિખેરી નાખી અને કેપ્ટન મોહનસિંગને જાપાનીઓએ ગિરફતાર કર્યા ત્યાં સુધી જ કથા આ ખંડમાં પહોંચી છે. ગુલામ હિંદીઓએ 'નેતાજી' સુભાષચંદ્રનાં જ્વલંત પ્રેરણા ને નેતૃત્વ તળે આઝાદીનો જે રણજંગ ખેલ્યો અને આઝાદ હિંદ સરકારની જે સ્થાપના કરી એનું ચિત્ર તો હજી હવે દોરાવાનું છે. વીરેન્દ્ર—એનીનું શું થાય છે એ પણ બીજો ખંડ જ બોલશે. એ બીજા ખંડ માટે ઉત્સુકતા જન્માવે એવો તો આ પહેલો ખંડ છે જ. હિંદની આઝાદીની લડતની તવારીખના એક અવિસ્મરણીય પ્રકરણના કથા-લેખનનો લેખકોનો પ્રયાસ ક્ષમતાકાંત નથી.

રામ કોલોની

નંબર – ૨

સ્થળ : વાડજ મોટર સ્ટેન્ડ સામે

- રામકોલોની નં. ૧ ના બધા પ્લોટો વેચાઇ ગયા છે. રામકોલોનીની પ્રતિષ્ઠાનો આ પુરાવો છે.
- વાડજ મોટર સ્ટેન્ડ પર સરકારી હરાજીમાં સરકારી જમીન દર વારના રૂ. ૧૧૦ ના ભાવથી વેચાઈ છે. તેની સામેજ આ કોલોની આવેલી છે.
- કોલોનીના લાભાર્થે ૧ પ્લોટ રાખવામા આવ્યો છે જેમાં મીઠા પાણીનો કૂવો આવેલો છે.
- આ ઊંચા લેવલવાળી જમીન મોટર સ્ટેન્ડ સામેના ટેકરા ઉપર આવેલી છે
- આ યોજના બહાર પડતાં પહેલાં ઘણા પ્લોટો વેચાઈ ગયા છે.
- દરેક પ્લોટ ૧૫૦ વાર ઉપરાતનો છે ભાવ દર સમચોરસ વારના રૂ. ૧૦ રાખવામાં આવી છે. તમારો પ્લોટ તાકીદે નોંધાવો.

વિગત માટે મળો યા લખો:

ગુજરાત એસ્ટેટ એજન્સી

વ્યવસ્થાપક

ઝવેરચંદ એમ. શાહ
માણેકચોક શણીના હજારામાં
સમય : ૩ થી ૫

એમ. કે ભરવાડ, વાડજ
સોરાબજીના કંપાઉન્ડમાં
સમય : ૮ થી ૧૧

લાલભાઈ છગનભાઈ પટેલ
દસ્તાવેજ લખનાર
મીરાંપુર રોડ, સયાજીરાવના કંપાઉન્ડમાં
સમય : ૧૨ થી ૪.

સમાજ, સાહિત્ય અને સંસ્કારનું માસિક

ઊર્મિ અને નવરચના

'ઊર્મિ' વર્ષ ૧૧ : 'નવરચના' વર્ષ ૧૧ : અંક ૯ મો

ડીસેમ્બર : ૧૯૪૬

જ્ઞાન

અનુક્રમ

૧	આ અણુતર ક્યાથી આવ્યું ?	રવિશંકર મહારાજ	૫
૨	વહેતાં પાણી	માસિક નોંધ	૭
૩	કાળચક્ર	ઝવેરચંદ મેઘાણી	૧૭
૪	હિમાલયનું આકર્ષણ	કાકા કાલેલકર	૨૫
૫	મુક્તકો	ઉમાશંકર જોશી	૨૯
૬	માનવીનું મન	સરદિન્દુ બંદોપાધ્યાય અનુ : રમણીક મેઘાણી	૩૧
૭	રાજકોટનું સાહિત્ય સંમેલન	સાહિત્યયાત્રી	૩૫
૮	પહેલું વોળાવું	ઝવેરચંદ મેઘાણી	૪૦
૯	કાવ્ય અને સાહિત્ય	રામનારાયણ વિ. પાઠક	૪૨
૧૦	વાણીની શક્તિ		૪૮
૧૧	આનંદના સમાચાર	રતિલાલ અમણી	૫૦
૧૨	વિજ્ઞાનદર્શન	બંસી ગાંધી, જયતિલાલ દે. ઓઝા, નરસિંહ મુ. શાહ	૫૬
૧૩	મહામના માલવીયજી	ભરત ટોપરાણી	૬૦
૧૪	તેજાએ રંગ રાખ્યો	પુરાતન ભુચ	૧૪
૧૫	ગ્રંથસમીક્ષા	જ. મ. રા.	૧૮

વાર્ષિક લવાજમ

દેશમાં રૂ. ૬–૦–૦ : પરદેશમાં રૂ. ૯–૦–૦

છૂટક નકલ દસ આના

ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ

મીનરાજ બીલ્ડિંગ, બીજે માળે, નવી હનુમાન ગલીના નાકે, કાલબાદેવી રસ્તો, મુંબઈ ૨.

ફરનાન્ડીસ પુલ નીચે : ગાંધી રસ્તો : અમદાવાદ



'દમ ઉપરે કામ ચલાઉ દવાઓની પાછળ લાગવું એ મૂર્ખાઇભર્યું છે.'

* 'પુરોહિત શ્વાસહારી' આ એક જ દમના રોગ ઉપર ઉત્તમ ઉપાય છે કે જેનાથી રોગ તેટલા પુરતો જ ન દબાતાં એનો ધીમે ધીમે જડમૂળથી જ નાશ થાય છે. આ દવા લેવાની શરૂઆત કરતાં જ કફ, છૂટે છે, હાંફ ઓછી થાય છે, કબજીયાત રહેતી નથી, પાચનશક્તિ સુધરે છે અને ધીમે ધીમે શક્તિ વધવાથી ફેફસાં મજબૂત થઈને દમ સદંતર સારો થઈ જાય છે.

દમ, હાંફ, સવારની ખાંસી, ગળામાં ખળતરા કરનારી ખાસી અને ફેફસાંના રોગ માટે 'પુરોહિત શ્વાસહારી' પ્લેન [લીલી પેકીંગ] લેવી અને કબજીયાત, ખાટા ઓડકાર અને જૂના દમના રોગ માટે 'શ્વાસહારી કંપાઉન્ડ' રાતી [પેકીંગ] લેવી.

૩, ૬, ૧૨, ઔંસમાં પેકીંગમાં અનુક્રમે
રૂા. ૩-૭-૦, ૫-૧૨-૦, અને ૧૦-૦-૦

બનાવનાર,
પુરોહિત ફાર્મસી કોલ્હાપુર,
મુંબઈનાં સોલ એજન્ટ,
વનમાળી ભીખાની કું
પ્રીન્સેસ સ્ટ્રીટ,
મુંબઈ-૨

ઘેર બેઠાં માથેરાન

ઉનાળામાં રાજા મહારાજાઓ અને ગવર્નરો માથેરાન લેગાં થઈ જશે પરંતુ બધાં કંઈ ઓછાં જઈ શકે છે? તેમને બીજે જવાની જરૂર નથી. અમેરિકાના રસાયણ શાસ્ત્રીએ જેમ વરસાદ વરસાવવાનો કીમિયો શોધી કાઢયો છે તેમ હિંદુસ્તાનનાં એક તપકીર બનાવનારાં કારખાનાંએ એક તપકીર તૈયાર કરી છે. જે સૂંઘવાથી મગજ ઠંડા શેરડાઓથી તરબોળ બની જાય છે, વળી શિયાળે મગજ હુંફાળો રહે અને વસંતનો વાયુ ઈચ્છા હોય તો કસ્તુરીની સુગંધ સાથે મગજને બારે માસ ધમરાવતો રહે ઉપરાંત માથાનો ગમે તેવો દુઃખાવો, નાકના છોડ, સળેખમ વિગેરે અનેક દર્દો તાત્કાલિક દૂર થાય તેવી અજબ ઓષધી આ તપકીરમાં ભરી છે. તેનો રંગ શામ છે, તેનો સ્પર્શ મુલાયમ છે. તેનું નામ છે:—

"ફોટા છાપ મેડીકેટેડ સ્નફ"

તેની કીંમતઃ-૫ ને ૧૦ તોલાના સુંદર ટીન પેકીંગમાં રતલ ૧ ના રૂા. ૮-૦-૦ ૧ તોલાવાળી શીશી ડજન ૧ ના રૂા. ૪-૦-૦ પોસ્ટેજ અલગ. નમૂના માટે ૦-૨-૦ સ્ટેમ્પ બીડો.

પ્રાપ્તિસ્થાન:

મહાસુગંધી સ્નફ વર્કસ

શિહોર : કાઠિયાવાડ : B.S.Ry.

આ ભણતર ક્યાંથી મળ્યું ?

તા. ૨૬ મીએ હું અહીથી આણંદ જતો હતો. ગાડીમાં, સોડાવોટરવાળાના આખા ખાનામાં કોઈ બેઠું ન હતું. કેમકે સોડાવોટર વેચનારો કોઈને બેસવા દેતો નહતો. તેનું કારણ પૂછતાં તેણે કહ્યું કે અમે ભાડે રાખ્યું છે.

ગાર્ડને તથા સ્ટેશન માસ્તરને મેં પૂછયું કે આ અર્ધો ડબો આ માણસને ભાડે આપ્યો છે? તેમણે જણાવ્યું કે ના, એક પાટલી જ ભાડે આપેલી છે. બાકીના ભાગમાં ઉતારુઓ બેસી શકે છે.

તે ખાનામાં એક ઉઘાડો, ગંદો, ઘસ્યા વગરનો પિત્તળનો દેગડો હતો. તેમાં પાણી ભરેલું હતું. સાથે કાચના થોડા ગંદા પ્યાલા હતા. એક ખોખામાં સોડાની બાટલીઓ હતી તે વેચનાર માણસનાં કપડાં વગેરે ગંદાં હતાં. તેનો અવાજ વિચિત્ર લાગતો હતો.

પછી હું તેમાં ચડયો, ગાડી ઊપડવાની તૈયારી હતી એવામાં પાસેના ડબામાંથી ત્રણ સોડાવોટરના પ્યાલાનો ઓર્ડર આવ્યો

પેલા ભાઈએ ગંદા દેગડામાં પાણી હતું, તેમાંથી પ્યાલા ધોવા થોડું પાણી એક પ્યાલામાં લીધું. તે નીચોવીને બીજો પ્યાલો તે પાણીથી ધોઈને તે પાણી ત્રીજા પ્યાલામાં લીધું અને પ્યાલા સાફ કર્યા. પછી એ જ દેગડામાંથી થોડું થોડું પાણી દરેક પ્યાલામાં નાખ્યું. એક સોડાવોટરની બાટલી ફોડી અને ત્રણેમાં સોડા નાખ્યા. આમ ત્રણ કપ તૈયાર કરીને આપ્યા. છ આના વસૂલ કર્યા.

ત્યારપછી એ જ ડબામાં હું બેઠો હતો ત્યાં ત્રણ જુવાનિયાઓ ચડયા. માથાં ખુલ્લાં હતાં. પટીઓ પાડયા હતાં. લેંઘા પગ નીચે ઘસડાય એટલા લાંબા અને એક આખો માણસ સમાઈ જાય એટલા પહોળા પહેર્યા હતા. ત્રણેના હાથમાં સીગારેટ હતી. કોલેજિયનો જેવા લાગતા હતા એ ત્રણે જણ

બારણું ઉઘાડું રાખીને ઊભા હતા અને તેમની પાછળ સોડાબાટલીવાળો બેઠો હતો. તેમણે પેલાને ઓર્ડર આપ્યો: બે સોડાવોટર ત્રણ પ્યાલામાં લાવ.'

પેલા ભાઈએ એમની જ પાછળ મૂકેલા દેગડામાંથી ત્રણ પ્યાલામાં થોડું થોડું પાણી લીધું. અને એક સોડાની બાટલી ફોડી, ત્રણે પ્યાલામાં નાખીને, તે પ્યાલા પેલા ત્રણેને આપ્યા. પેલા જુવાનિયાઓએ માણસ સામે જોયા વિના પાછળ હાથ નાખી પ્યાલા લીધા.

સોડા પીધી. પૈસા માટે રૂપિયો આપ્યો. પેલાએ થોડા પૈસા પાછા આપ્યા. તે કેટલા છે તે જોયા નહીં અને સીધા ગજવામાં મૂકી દીધા.

મને થયું કે આ રૂડા રૂપાળા જુવાનોને આ ભણતર ક્યાંથી મળ્યું? સોડા શું કામ પીધી? કેવી પીધી? પ્યાલા કેવા હતા? સ્વાદ કેવો હતો? સ્વચ્છતા કેવી હતી? પૈસા કેટલા પાછા લીધા?–આવો એકે પ્રશ્ન તેમના દિલમાં ઊઠયો નહીં. એટલે સ્વચ્છતાનું, સ્વાદનું, ખર્ચનું, વિવેકનું કે કરકસર, સંયમ જેવી કોઈ ચીજનું સહેજ પણ ભાન તેમના જીવનમાં દેખાયું નહીં.

એટલે બહારથી સુંદર કપડાં પહેરીને સારા વાળ ઓળ્યા એટલે ઉપરનું ખોખું શણગાર્યું, પણ અંદરના જીવન–રૂપી યંત્રની સંભાળ રાખી નહીં, એટલું જ નહીં, પણ તે પ્રત્યે બેદરકારી કેળવી. આ જાતના જીવનમાં ગરીબાઈ અને રોગ–શારીરિક અને માનસિક ઘર કરીને બેસે એમાં શી નવાઈ? અત્યારે જ્યાં નજર નાખીએ, ત્યાં આ જ દેખાય છે. જો માણસ પોતાના જીવન તરફ નજર નાખે તો આ દુઃખો સહેજમાં ટાળી શકાય એવાં છે.

આ વિષે કોઈ વિચાર કરશે ખરા!

—શ્રી રવિશંકર મહારાજ

કમનસીબ!—આ અંકમાં 'વહેતા પાણી' શીર્ષક નોધમાં એમ છપાયું છે કે લંડન તેડાવેલી લીગ-કોમેના ચાર પ્રતિનિધિઓની પરિષદમાં જોડાવા પંડીત જવાહરવાલે ના પાડી છે. પાછળથી અમુક ખાતરીઓ મળતા પંડીત જવાહરલાલ આ ગોળમેજીમાં જોડાય છે. આ નવો નિર્ણય કમનસીબ ગણાશે.

—સંપાદક: 'ઊર્મિ'

સ્વ. પંડિત માલવિયાજી

પંડિત મદનમોહન માલવિયાજીનું મૃત્યુ સ્વાભાવિક સંજોગોમાં તો શોકરહિત શુદ્ધ શ્રદ્ધાંજલિનો જ પવિત્ર અવસર બની રહેત. અંગત જીવનમાં એમણે ગૃહસ્થાશ્રમના આદર્શને પૂર્ણતાએ ઉપાસ્યો હતો. જાહેર જીવનમાં એમની દેશસેવા આજ સુધીના કોઇપણ આગેવાનથી ઊતરતી નહિ તેવી ઉજ્જ્વલ હતી. આ રાષ્ટ્રનું સર્વ કોમોને માટે શ્રેયસ્કર એવું નવઘડતર કરવા પાછળ એમણે આયુષ્યનાં ઉત્તમ વર્ષો આપ્યાં; અને રાષ્ટ્રપુરુષ મટયા વગર એમણે હિંદુ સંસ્કૃતિના લુપ્ત બની જતા મહામંદિરની રક્ષા કરી. અત્યારે જ્યારે 'હિન્દુ' શબ્દને ભડકામણો કરી મૂકવામાં આવ્યો છે, હિન્દુ હોવું એ તો કેમ જાણે અપરાધ હોય એવી હાલત છે, અને બિનકોમીપણા પર મુકાતો ભાર જ્યારે હિન્દુત્વને ઉતારી પાડવા જેટલી હદે પહોંચ્યો છે, ત્યારે સ્વ. માલવિયાજીનું દ્વેષહીન અને સર્વપ્રેમી જીવન હિન્દુત્વને જે ગૌરવ ચડાવી ગયું છે તે ભૂલવા જેવું નથી. પૂરી સેવા કરી, પૂરી આવરદા ભોગવી, લીલી વાડી મૂકી ગયા, દેશને ઉજાળતા ગયા, સર્વ વાતે સંતોષની વાત હતી. પણ એવા જીવનની પૂર્ણાહુતિને પૂર્વબંગાળના રાક્ષસી અત્યાચારોએ ખરડી નાખી. નવખલીની પિશાચલીલાથી વલોવાઈ જઈ, હિન્દુ જાતિ અને સંસ્કૃતિના આવી રહેલા ધ્વંસ તરફ આંગળી ચીંધાવી, ચેતવણી આપી, 'નવખલી! નવખલી!' જપતા એ પુરુષવર જીવન પરની પકડ ખોઈ બેઠા. એમનું અવસાન બીજી જે કોઈ અંજલિને લાયક હો, મુદ્દાની વાત નહિ ઉવેખાય. એ છે હિંદુ જાતિનાં અને હિંદુ સંસ્કૃતિનાં શિખરો ખખડતાં હોવાની ચેતવણી.

યોજનાપૂર્વકની પૂર્વતૈયારી

અહિંસાને માર્ગે રાષ્ટ્ર આઝાદીને ઉંબરે આવી ઊભો હોવાની મર્મ કાલ સુધીની ગુલાબી વાતો જૂઠી પડી છે. ગાંધીજીને એમની સત્તોતેરમી વર્ષગાંઠ પર અપાયેલાં અભિનંદન-કે તમારા શસ્ત્ર વડે હિંદે સ્વાધીનતા હાંસલ કરી અને દુનિયામાં એક અપૂર્વ અહિંસા-પ્રયોગ સફળ થયો-એ આપણા હોઠ અને કાગળ પરથી સુકાય તે પૂર્વે તો, કલકત્તાના હત્યાકાંડને પહેરાવેલાં સર્વ વિશેષણોને જૂઠવાણી ઠરાવે તેવું પૂર્વ બંગાળમાં બન્યું. જગતના કોઈ પણ પ્રદેશમાં કે જમાનામાં આ કાંડનો જોટો છે કે કેમ તેની શંકા છે. ત્યાં ભાઈચારાની પુનઃ સ્થાપના કરવા જવું એ વૃથા છે. કારણ કે આ તો પાકિસ્તાન-રચનાની અક્કર ક્રિયા છે. એ કંઈ ભોળા માણસોના અજ્ઞાનજન્ય ઉશ્કેરાટની પળે નિપજાવેલી બેભાન હેવાનિયત નથી. એ તો વસ્તીની ફેરબદલીના શ્રી. ઝીણાએ ઉકાવેલા નવા નાદનાં મંડાણ માટેની પૂર્વ તૈયારી હતી.

રાંડયા પછીનું શાણપણ

ખેર. નવખલીના કેટલાક પ્રત્યાઘાતો સમાજ પર સારા પડયા. હિંદુ સમાજના રૂઢિદુર્ગના રખેવાળો ગણાતા ખુદ ધર્માચાર્યોએ જ જાહેરાતો કરી છે કે નવખલીમાંનો બળાત્કારજનિત હિંદુ-વટાળ તે વટાળ જ નથી, નવખલીમાં પગણે પડાવવામાં આવેલ કલમાથી કોઈની જાત જતી નથી, ને નવખલીની હિંદુ વનિતાઓ એમનાં અસહાય શરીરો પરના અત્યાચારોથી કે એની સાથે બળાત્કારે કરવામાં આવેલા નિકાહથી હિન્દુ મટી જતી નથી. એને ઝેર ખાવા કે જીભ કરડી મરવા કહેવું તે સદંતર અનુચિત છે.

કેવી કરુણ વિચિત્રતા છે! આજે લેવાયેલું વલણ જો એક હજાર વર્ષ પૂર્વે, પાંચસો વર્ષ પૂર્વે, 'અરે પચાસ વર્ષ પૂર્વે'ય લેવાયું હોત તો! તો બળાત્કારે વર્તાવવામાં આવેલા વારંવારના વટાળમાંથી પેદા થયેલાં લાખો પ્રજાજનો અત્યારે પોતાની માતૃભૂમિ હિંદ પર આ ઝેર ન ગુજારતાં હોત; હિંદુજાતિએ

પોતે જ પોતાના ખોળિયામાંથી માતૃવિનાશકોના રક્તબીજોને ન જન્માવ્યા હોત

બિહારની હોનારત
પાછળનાં કારણો

નવખલીના કાંડ પ્રતે નજર કરનાર પ્રજાએ બેત્રણ વાતો પકડી એક તો એ કે કોંગ્રેસે પ્રયોજેલુ અહિંસ અને ભાઇચારાનું હથિયાર જિવકુન નામમિયામ તીવડયુ છે એ શસ્ત્રને પુરી અજમાવ્યા આપ્યા પછી પણ એમા કશો સાર દેખાયો નથી, બીજુ એ કે દેશના જ આગેવાનોની બનેલી વચગાળાની વચ્ચિ સરકાર પણ આ હોનારતને અટકાવવામા આડી ન પડી શકી ત્રીજુ એ કે, હિન્દને આઝાદીના માર્ગ પર મૂકનારો કહેવાતી બ્રિટનની મજૂર સરકારનો મોટો પ્રતિનિધિ વાઇસરોય કે તેથી નાનો સ્થાનિક રખેવાળ ગવર્નર વહેમ પડતી રીતે વર્ત્યા એટલે પ્રજાએ આઝાદીના આગમન વિશેની આગેવાનોની ગુલબાંગોને પોકળ ગણી ને ચોયુ, હિંસાનો કારગત જવાબ પ્રતિહિંસા જ છે, એટલુ જ નહિ પણ 'શઠમ્ પ્રતિ શાઠ્યમ્' એ જ સચોટ ઇલાજ છે, એવી મનોદશામા પ્રજા મુકાઈ ગઈ ઓછામા પુરુ એમને કોંગ્રેસ-સરકારના શત્રુઓ (કોઇના કહેવા મુજબ જમીનદારો અને બીજાના માનવા પ્રમાણે મુસ્લીમ લીગરો) ઓજન્ટ-પ્રોવોકેટર્સ (આડે માર્ગે દોરનારા) તરીકે ભેળી ગયા એટલે નવખલીનો જવાબ લોકોએ બિહારની મુસ્લીમ લઘુમતીના હત્યાકાંડથી, લૂટથી ને આગથી વાળ્યો તેમણે પણ ન કરવાનાં કામા કર્યા બેશક નવખલીના જેટલી અમાનુષીતા તેઓ, હાડે હિંદુ હોઇને, નહિ વર્તાવી શક્યા હોય

પ્રજા માનસનો
મોટો પલટો

બિહાર તો કોંગ્રેસનો પ્રદેશ! કપકા ધમકી ફિટકાર પુણ્યપ્રકોપ વગેરે લઇને લોકનેતાઓ ત્યાં ત્રાટકી પટયા રમખાણો કરનારા ભલે થોડા ભાન ભૂલેલાઓ હો, કોંગ્રેસના અનુયાયી એ ભલે ન હો, તેમ છતાં આગેવાનોએ તો પ્રજાસમરતને દબાવવા દબડાવવા, શરમાવવા અને સમોવવામા મણા જ ન રાખી ખેર તેમણે પાંચ જ દિવસમાં દવ બુઝાવ્યો. છતાં એક માન્યતા તો જોરશોરથી પ્રવર્તી ગઇ છે-ને એનો અનુયાયી સમૂહ સમસ્ત દેશમા ઘણો મોટો બની ગયો છે-કે આ દિલાખોરીનો ચમત્કાર બતાવવાથી જ સામા પક્ષને કંઈક સાન આવી છે, અને આ પ્રયોગ જરા વિશેષ ચાલવા દેવાની જરૂર હતી આવી મનોદશા ભયાનક છે છતા એ પ્રવર્તી ગઈ છે તે તો નક્કર હકીકત છે ગાંધીજીને નવખલીની ધગ પર ઊભા હી પોકારવુ પડયુ છે, કે અહિંસને હું તૂટી પડેલી જોઉ છુ મુંબઈ અમદાવાદ વગેરે સ્થળોમા કે પ્રેસ પ્રધાનમંડળ પ્રત્યે-ગુંડાગીરી આચરતા પક્ષને તેઓ સમસ્ત જનતાને ભોગે પંપાળી રહેલ છે એવું માનીને પ્રજાનો મોટો વર્ગ ઉઘાડી નફરત દાખવતો થયો છે વાત પણ સાચી છે વચગાળાની સરકારના સભ્યોને 'ગેન્ગસ્ટર્સ' એટલે કે બદમાશ અવલીઓ કહેનાર લીગ-છાપા 'ડોન'નુ નામ સુધાં નવા ગૃહ મંત્રી સરદાર વલ્લભભાઈ, છાપાવાળાએ ને તાજેતરમાં પોતે દમ ભીડ્યો હોવ છતાં લઇ શકતા નથી

મેરઠ કોંગ્રેસની
ફલશ્રુતિ

પ્રજામા પ્રવર્તેલી આ સમજણ સાચી પડી છે મેરઠની કોંગ્રેસમા વચગાળાના પ્રધાનોએ પોતાની આંતરિક સ્થિતિ પર જુદા મોકળી મૂકી છે. બીજી રીતે કવેળાના, અને ઠરાવોની દૃષ્ટિએ જોતા બીન જરૂરી એવા મેરઠ-અધિવેશનનું મહત્ત્વ માત્ર આટલું જ ઠર્યું છે, કે કોંગ્રેસી આગેવાનોએ, સરકારી હોદ્દેદારો તરીકેની ઔચિત્યબુદ્ધિને જતી કરીને પણ, બ્રિટિશ નેતાનું પોકળપણું વાઈસરોય લોર્ડ વેવલની બદદાનત, ઉચ્ચ બ્રિટિશ અમલદારોનું મુસ્લીમ લીગ સાથેનું નાપાક જોડાણ કોંગ્રેસ સત્તાને ઉથલાવી પાડવાનું એ બન્નેનું કાવતરુ પ્રાંતોની એકાબૂ કોમી પરિસ્થિતિ પર વચગાળાના મંત્રીમંડળ પાસે કશી સત્તાનો અભાવ અને બંગેવાર તો ભગાણની આવી પડેની કટોકટીઓ વગેરેનો અહેવાલ આપ્યો છે જો કે આમાં જાહેર પ્રજાને મન કંઈ જ નવુ નથી. પ્રજાએ તો પુત્રનાં લક્ષણ પારણામાંથી પારખ્યા હતાં આજે આ સમગ્ર વસ્તુસ્થિતિનો એક જ સાચો નતીજો સ વલ્લભભાઇએ કાઢી આપ્યો છે, કે વચગાળાની સરકાર જેવુ કશુ

છે જ નહિ એમ સમજીને વર્તજો, તલવારનો જવાબ તલવારથી વાળજો, પણ કિન્નાની લાગણીથી નિર્દોષો પ્રત્યે નાલાયક આચરણો કરશો નહિ.

પહેલાં પોતાનું ઘર સંભાળો

અસફળતાનો આવો અનુભવ છતાં આગેવાનોએ વચગાળાની સરકાર-સત્તા ન છોડવાનો નિરધાર કર્યો છે. સ્પષ્ટ થઈ ચૂક્યું છે કે આ નિરધાર યુદ્ધલક્ષી છે. મોટા પાયા પરના એક વધુ સંગ્રામની હવા મેરઠ ખાતે લહેરાઈ ગઈ છે. પં. જવાહરલાલે એ માટે કૉંગ્રેસની અંદર વિચારસરણીના ઝઘડા અને મતભેદો ટાળી નાખવા કહ્યું છે. તેનો ઉચિત જવાબ વાળતાં સમાજવાદી નેતા જયપ્રકાશે જણાવ્યું છે કે, આંમા વિચારસરણીનાં ઘર્ષણોની નહિ પણ સત્તારથાનો હાથ કરવાની મેલી હરિફાઇની વાત જ સાચી છે. જયપ્રકાશના આ કથનની પ્રતીતિ કરાવનારી સાચી સ્થિતિ પ્રાંત પ્રાંતની તાલુકા, જીલ્લા અને પ્રાંતિક કૉંગ્રેસ-સમિતિઓના હેવાલમાં પ્રતીત છે. પામર માણસો ક્ષુદ્ર સ્વાર્થોની બાજી ખેલતા ખેલતા મોટા હોદ્દા ધરાવતા હોય છે. પ્રપંચશૂરતા અને નાંગાઈથી, મતલબી લાગવગો અને મેલી હરિફાઈઓથી કૉંગ્રેસ-સંસ્થાઓ મુક્ત નથી. એ સર્વની સામે યે જો શક્તિમત્તા હોત, તો થોડું આશ્વાસન લેવાત; જ્યારે કૉંગ્રેસ-સંસ્થાઓ પર તો 'કમ જોર, ગુસ્સા ઘોત' એવા આદમીઓનાં બેસણાં છે. રૂઢિચુસ્તતાએ કૉંગ્રેસને અંદરથી કરકોલી કરકોલીને એવી તો કમજોર કરી મૂકી છે, કે એક નવા સંગ્રામમાં એને ઉતારતા પહેલાં એનો ફરણ ફેજ થયેલો જોવા નેતાઓએ તૈયાર રહેવું પડશે. એટલે કૉંગ્રેસને ચાર આનાના સભ્યપદમાંથી મુક્ત એવું વિશાળ ભૂમિકાવાળું નવું બંધારણ આપવાનો નિર્ણય વખતસરનો ગણાશે.

લાત ખાવાનો કૉંગ્રેસનો વારો

પોતાનાં આપેલાં વચનો ગળી જઇને, તેમ જ વચગાળાની સરકારમાં લીગપ્રવેશ માટેની શર્તોનો સરિયામ ભંગ કરીને બંધારણ ઘડનારી લોકસભાનો બહિષ્કાર પોકારનાર મી. ઝીણા હવે તો બ્રિટિશ સરકાર તરફથી હડસેલો જ પામશે અને વચગાળા તંત્રમાંથી લીગ-પ્રતિનિધિઓ રૂખસદ પામી જશે, એવી આશા પર મલકાઈ જનારા ખોટા પડયા છે; અને બ્રિટિશની પ્રત્યેક ચાલબાજીમાં, પોતાની સગવડ મુજબ લીગને અને કૉંગ્રેસને વારાફરતી રમાડવાની જૂની કૂટનીતિમાં માનનારાઓ સાચા નીવડયા છે. બ્રિટિશ સરકાર હવે લંડન ખાતે લીગના બે, કૉંગ્રેસના બે, અને શીખોના એક પ્રતિનિધિની ગોળમેજી તોતરે છે. કારણ ? તો કહે છે કે મંત્રીમિશનના નિવેદનના અર્થ બાબતમાં લીગ અને કૉંગ્રેસને મતભેદ પડયો છે, તેનું નિવારણ કરવું છે ! સાદી અક્કલવાળો માણસ પણ આમાં હિન્દને ટટ્ટે ચડાવી ઉલ્લુ બનાવવાની હિકમત નિહાળે છે. કૉંગ્રેસ-પ્રતિનિધિઓએ આ ગોળમેજીમાં જવાની ના કહાવી દીધી છે. લીગના મોવડીઓને, મી. ઝીણાને ને મી. લીઆકતઅલીખાનને લઇને વાઈસરોય લંડન જાય છે. આ વખતે હવે બ્રિટનની લાત ખાવાનો વારો કૉંગ્રેસનો લાગે છે. કૉંગ્રેસે આ તમાશાનું પાત્ર બનવાની ના પાડી છે. કોઈ કોઈવાર કૉંગ્રેસ પણ ડાહી બની શકે છે ખરી !

ગૃહરક્ષક દળમાં જોડાનારની ફરજ

અમદાવાદમાં અને મુંબઇમાં મહિનાઓનાં રાજદ્વારી રમખાણોએ જાનમાલની અને સ્થગિત બનેલા રોજગારની મળીને ભારે મોટી પાયમાલી કર્યા પછી, મુક્ત પ્રાંતને પગલે ચાલીને મુંબઇની સરકારે 'મોડી મોડી પણ હોમગાર્ડ ઉર્ફે ગૃહરક્ષક દળની યોજનાની જાહેરાત કરી છે. કોઇ પણ કોમના ગુંડાઓની ગુંડાગીરી ન સહી શકનાર અને ગુંડાઓનો વ્યવસ્થિત સામનો કરવાની સગવડતા માટે ઝંખનાર પ્રજાજનો માટે આ ઘણી રાહત આપનારી બીના છે. આ યોજના ઘડાતાં જેટલી ઢીલ થઇ છે તેટલી જ ઝડપ એના અમલમાં લાવવાની સરકારની ફરજ છે. ગુંડાઓ અનેક પ્રકારનાં કાતિલ હથિયારો લઇને મોકળાશથી ફરતા હોવા છતાં પ્રજાને સ્વરક્ષણ માટે લાઠી રાખવાની છૂટ સુધી ન આપનાર કૉંગ્રેસી પ્રધાનમંડળ સામે બળાપા કાઢનારા સહુ કોઇ આ નવી તકને ઝડપી લઇ ગૃહરક્ષક દળને મજબુત અને શિસ્તબદ્ધ

બનાવવાનો પ્રયાસ કરશે, એમા કાંઇ શકા નથી કાગળ ઉપર ગૃહરક્ષક દળ ગમે તેટલુ આકર્ષક લાગતું હોય છતા એ કેટલે અશે અસરકારક નીવડશે, તેનો મુખ્ય આધાર એમા દાખલ થનારાઓના મનોબળ ઉપર રહેશે.

ગૃહરક્ષક દળમા જોડાનારાઓને સહી કરવાના પ્રતિજ્ઞાપત્રમા કોમવાદથી અલિપ્ત રહેવાની કલમનો યોગ્ય સમાવેશ થયો છે પણ એવા પ્રતિજ્ઞાપત્રો ઉપર સહીઓ થવાથી આ દળમાં કોમવાદી માનસ પ્રવેશતું અટકી જવાતુ નથી કોમવાદથી પર રહીને પોતાની ફરજ બજાવવાની બાંહેધરી તો પોલીસ તેના અમલદારો અને બધા સરકારી નોકરોને બધનકર્તા હોય છે જ તે છતા હાડેહાડ કોમવાદનાં દૃષ્ટાતો એવા નોકરિયાતોમાથી જ મળી આવ્યા છે ખુદ, આજે વચગાળાની સરકારમાં પ્રવેશેલા લીગી સભ્યોએ જ પોતાના પુરોગામીના નીમેલા હિંદુ મત્રીઓને રુખસદ આપી મુસ્લિમોને ત સ્થાને નીમી, એ ઉચ્ચ આસનને પણ કોમવાદ વડે ખરડયુ છે તો પછી બીજા નીચલી કોટિના અમલદારોનું તો પૂછવુ જ શું ? ગૃહરક્ષક દળમાં દાખલ થનારાઓ મન સાથે ગાંઠ વાળે કે કોઇ પણ ગુડો, પરકોમનો કે પોતાની જ કોમનો એમને હાથે કોકસઓ વર્તાવ પામશે, અને વખત આવ્યે એમના હાથમા સોપાયેલાં શસ્ત્રોનો ઉપયોગ પરકોમના ગુડા ઉપર થશે, તેટલી જ સરચાઇથી નિજકોમના ગુડા ઉપર પણ થશે બધી જો કોઇ એક જ કોમ ઉપર ચોકી રાખના કે દાબ બેસારવાના આશયથી લોકો આ દળમા દાખલ થશે તો તેનું આયુષ્ય ઘણું ટૂંકુ થઇ જશે બિહાર અને ગઢમુક્તેશ્વરના બનાવોએ દેખાડયુ છે, તેમ ગુડાગીરી કોઇ એક જ કોમનો ઇજારો નથી માલિકે સહુને બે હાથ આપ્યા છે, અને એ હાથના સારા અને નરસા બન્ને ઉપયોગ થઇ શકે છે

નવુ નેતૃત્વ જુનવાણીને શોપાય છે

માત્ર પોલીસથી રમખાણો ન દાબી શકાયાં અને આવુ પ્રજાકીય દળ ઊભુ કરવુ પડયુ એ બતાવે છે કે સામાજિક અનિષ્ટોનો સફળ સામનો કરવામા જે ભાવનાની ઝબક જોઇએ તે પરદેશીઓને હાથે ઘડાયેલા આપણા પોલીસમાં નથી દેખીતું જ છે કે એક ભાવનાને રગે રગાયેલું નવુ જ પ્રજારક્ષક દળ ઊભું કરતી વખતે તેનુ નેતૃત્વ પણ આ નૂતન ભાવનામા ઝમોળાયેલા માનવીઓના હાથમાં સોપાવુ જોઇએ એટલે, મુબાઇના અને અમદાવાદના ગૃહ રક્ષક દળોની આગેવાની બે માજી પોલીસ-અમલદારોના હાથમા સોપાયુ છે તે હકીકત આશ્ચર્ય અને ખેદ બન્ને જન્માવે છે રાષ્ટ્રવાદી ભાવનાએ રગાયેલા, નૂતન દૃષ્ટિવાળા અને છતા લશ્કરી શિસ્તમા કોઇથી ય ન ઊતરે તેવા માનવીઓ આપણને મળતા નહોતા તેથી આ બે ગૃહરક્ષોને આ કામગીરી સોપવી પડી છે એમ તો કહી શકાય તેમ નથી આઝાદ હિંદ ફોજના હજારો શૂરવીરો આપણા પ્રાતેપ્રાતમાં વહેચાયેલા પડયા છે એમના જેટલી યોગ્યતાપૂર્વક આ પ્રજાકીય દળોની આગેવાની બીજુ કોઇ લઈ શકશે કે કેમ તે શકાસ્પદ છે ઉપર કહ્યા તે બે માજી પોલીસ અમલદારો સામે અંગત રીતે ભલે કાઈ કહેવાપણુ ન હોય પણ જે સસ્થામાં એ ઘડાયા છે, જે વાતાવરણમા જીવ્યા છે, જે અનિષ્ટોના સતત સપર્કમા એ આવેલા છે તેની સામે તો ઘણુ કહેવાનું છે એવા માજી-અમલદારોની ચાહે તેટલી શુભ ભાવના હોય પણ એમની આજસુધીની કામગીરીએ એમની અમુક મર્યાદાઓ બાધેલી છે અને એ મર્યાદાઓના અને આપણી કલ્પનામા છે તેની આદર્શ ગૃહરક્ષકોની ફોજનો મેળ બાઝે તેમ નથી

રગે લાગણી ટાઢી બને

જે તત્રને તેની રૂક્ષતખોરી, અનઆવડત અને શિથિલતા માટે (નહિ કે એની સાથેની દુશ્મનાવટને કારણે) આપણે વર્ષોથી ધિક્કારતા આવ્યા છીએ તેની સાથેના થોડા કાળના સપર્કને પરિણામે એ તિરસ્કાર ઓગળી જાય અને એને બરદાસ્ત કરી લેવાની ટાઢી લાગણી ઘર કરી બેસે એવુ આપણા પ્રધાનોના સબધમા ન બને તે જરૂરી છ આ ભાય અગે યુક્ત પ્રાતના ગૃહપ્રધાન શ્રી કિડવાઇએ સુયોગ્ય જાગૃતિ બતાવી છે પોતાના પ્રાતના ગામ વિસ્તારમા મળેલી

કિસાનોની એક સભામાં એમણે થોડા વખત પર કહેલું કે—

'આ જિલ્લાની પોલિસની જંગાલિયતની આ બધી વાતો સાંભળીને હું તો દિંગ બની ગયો છું. મેં એમ ધારેલું કે અમે હોદ્દા સ્વીકાર્યા તે પછી આ પ્રાંતમાં આવેલા પરિવર્તનથી પોલીસ અમલદારો સજાણ હશે. છેલ્લા આઠેક અઠવાડિયા દરમિયાન પ્રાંતના પશ્ચિમ વિસ્તારની પોલીસમાં સારું એવું પરિવર્તન આવ્યું છે ખરું. પણ આ જિલ્લામાં, અમે હોદ્દા સ્વીકાર્યા ત્યાર પૂર્વેની પરિસ્થિતિ લગભગ એ જ સ્વરૂપે ચાલુ રહી છે તેથી મને ખેદ થાય છે. પ્રજાને હું ખાતરી આપું છું કે પોલીસ સામે તમે કરેલી તમામ ફરિયાદોની સંપૂર્ણ તપાસ કરવામાં આવશે, અને દોષિત ઠરેલા અમલદારોને પોલીસ ખાતામાંથી કાઢી મૂકવામાં આવશે એટલું જ નહિ પણ એમને પૂરતી સજા કરવામાં આવશે.'

નોકરશાહીના દુર્ગ સમા પંજાબમાંથી આવેલા નીચેના સમાચાર ઉપલા નિવેદનથી એક ડગલું આગળ વધે છે—

'ચૌધરી અબ્દુલ કરીમ અને લાલા દીનાનાથ નામનાં બે ઓનરરી મેજિસ્ટ્રેટની સત્તાઓ પંજાબ સરકારે ખૂંચવી લીધી છે. સર શફાત અહમદખાં ઉપર સિમલામાં થયેલા હુમલાને વખોડી કાઢનો ઠરાવ લાહોરની કોરપોરેશનમાં રજૂ થયો ત્યારે શ્રી અબ્દુલ કરીમે કહેલું કે એ હુમલો સફળ ન નીવડયો તે બદલ તેઓ દિલગીર હતા. એમના એ નિવેદનને કારણે એમની સામે આ પગલું ભરવામાં આવ્યું છે. શ્રી દીનાનાથની સત્તા ખૂંચવી લેવાનું કારણ એ છે કે એક કે બે સ્વયંસેવકદળની રચનામાં એમણે ભાગ લીધેલો.'

કોઠે પડેલી કોમવાદી બદી

આપણા જીવનના કેટલાક સામાન્યમાં સામાન્ય પ્રસંગો પણ વધેલી કોમવાદે એવા ઝૂરડાયેલા છે કે આજે તો એ વસ્તુનો લાગવો જોઈતો આઘાત પણ આપણને લાગતો નથી! એ બદી આપણને કોઠે પડી ગઈ છે, એનો એક દાખલો આપણાં સ્ટેશનો ઉપર પાણી, ચા, ભજ્યાં, મિઠાઈ અને ખાણને હિંદુ અને મુસ્લિમ એવા બે વિભાગમાં વહેંચવામાં આવ્યા છે તે છે. વચગાળાની રાષ્ટ્રીય સરકારના રેલ્વેખાતાના સભ્ય શ્રી. અસફઅલીએ વડી ધારાસભામાં જાહેર કર્યું છે કે સરકારી રેલ્વેઓમાં ખાણીપીણી અંગેના આ જાતના ભેદભાવ અને તેનાં સૂત્રો બંધ કરવાનો હુકમ એમણે આપી દીધો છે. બિનસરકારી અને દેશી રાજ્યોની રેલ્વેઓ ઉપર પણ આ ફરમાનનો વિના વિલંબે અમલ થવા માટે તે માટે રેલ્વે બોર્ડે પગલાં ભર્યાં હશે એમ માની શકાય. એ જ પ્રમાણે આપણા સારાં સારા શહેરોના રાજમાર્ગોને કદરૂપા બનાવતા 'હિંદુ હોટલ' અને 'ઈસ્લામી હોટલ'નાં પાટિયાં દૂર કરાવવાના પગલાં પ્રાંતીક પ્રધાનમંડળો કે પ્રજાકીય મ્યુનિસિપાલિટીઓ ક્યારે લેશે? આપણી કેટલીય શ્રમશાળાઓમાં જુદી જુદી કોમના વિદ્યાર્થીઓને પાણી પીવા માટે જુદા જુદા પ્યાલા રખાય છે. એ અનિષ્ટનો તો પહેલી ઘડીએ અંત આવવો જોઈએ.

કોમ પૂછવાની સત્તા નથી

કાનૂની ખાતાના પ્રધાન શ્રી માંડલેવડી ધારાસભામાં બીજા એક સવાલના જવાબમાં કહ્યું છે કે, કેટલીય અદાલતોમાં પ્રજાજનોની કોમ પૂછવામાં આવે છે, પણ ફોજદારી કાયદામાં એવું પૂછાણ કરવા અંગે કોઈ જાતનો પ્રબંધ છે નહિ. આ તો વાસીદામાં સામેલું જ ગણું ને! દાવકાઓથી અદાલતોમાં આ સવાલ પુછાતો આવ્યો છે અને લાખ્ખો માણસોને એનો જવાબ આપવો પડયો હશે, ધૃષ્ટતાની અવધિ તો એ છે કે માત્ર અદાલતમાં જનારને જ નહિ પણ દવાખાને કેસ કઢાવવા જનારને અને બેન્કમાં ખાતું ખોલવા જનારને પણ આવા જ પ્રશ્નો પુછાતા હોય છે.

લશ્કરમાંથી કોમવાદ કાઢો

આપણા સમાજ-જીવનમાંથી આવા નિરર્થક કોમીતત્ત્વો કાઢવાની સાથે સાથે લશ્કરમાંથી પણ તમામ પ્રકારના કોમી ભેદભાવ ખૂંસી જાખવાની

અગત્ય ઓછી નથી. આખાય લશ્કરનું એક ખ્રિસ્ત-બધ્ધ જૂથ હોવાને કારણે એમનામાંથી આ વિષ કાઢી નાખવું અને લાખો સૈનિકોમાં નવીન રાષ્ટ્ર-ભાવનાનું એકસામટું સીંચન કરવું તે પ્રમાણમાં ઘણું સહેલું છે. લશ્કરના ગોગ સર સેનાપતિ ઓકિનલેકે પોતાના સૈનિકોમાંથી કોમીભાવના દૂર કરવા ઘણા ઉત્સુક છે એમ મનાય છે. એમની એ ઉત્સુકતાનું નીચેના સમાચારમાં દર્શન થાય છે—

> 'હિંદી લશ્કરમાંના જુદા જુદા વર્ગને ધર્મના સૈનિકોને રહેવા-જમવામાં સાથે જ રાખવાનો એક નવો પ્રયોગ લશ્કરી સત્તાવાળાઓ કરી રહ્યા છે. આ પ્રયોગ ત્રીજી કેવલરીની ટુકડી ઉપર થઈ રહ્યો છે. જુદી જુદી કોમના રસોઇઆઓએ એક જ રસોડે પકાવેલું ખાણ આ ટુકડીના હિંદુ, મુસ્લિમ, શીખ અને ખ્રિસ્તી સૈનિકો ખાઈ રહ્યા છે. બઢતી અને કામગરી માટે પણ જુદી જુદી કોમોની ભેળસેળ કરવામાં આવી છે. દાખલા તરીકે મુસ્લિમ અફસરના હાથ નીચે સંખ્યાબંધ શીખ અને હિંદુ સૈનિકો મુકાયા હોય છે, અને એ હિંદુ, શીખ, અને મુસ્લિમ એક જ બરાકમાં સાથે રહેતા હોય છે.'

વચગાળાની રાષ્ટ્રીય સરકારના સંરક્ષણપ્રધાન આવા પ્રયોગોને લશ્કરમાં વ્યાપક બનાવશે તો સમગ્ર દેશમાંથી કોમવાદ નાબૂદ કરવામાં એ ઘણી મોટી મદદ બનશે.

બનવા ઘોને મુસલમાન !

છેલ્લા કેટલાક વખતથી ડૉ. આંબેડકરના પક્ષના હરિજનો તરફથી એવાં ગર્ભિત સૂચનો થઇ રહ્યાં હતાં કે હિંદુઓ (મતલબકે કોંગ્રેસ)જો એમને નમી નહિ પડે તો એ મુસલમાન બની જશે. પણ હમણાં વચગાળાની સરકારમાં મુસ્લિમ લીગના પ્રતિનિધિ તરીકે આંબેડકરવાદી શ્રી. માડલે પ્રવેશ કર્યો ત્યારથી તો વાર તહેવારે ખુલ્લી ધમકીઓ આપવામાં આવે છે કે કોંગ્રેસ જો આંબેડકરનું કહ્યું નહિ માને તો તમામ હરિજનોને ઇસ્લામ અંગીકાર કરવાની એ સૂચના આપશે.

આ બાબતમાં થોડીક ચોખવટ જો થઇ જાય તો વારંવાર આવી બહિશ વાતો સાંભળવામાંથી પ્રજા બચી જાય. ડૉ. આંબેડકર, એમના સાથીઓ અને જે કોઈ એમના અનુયાયીઓ હોય તે એક પછી એક કે સામુદાયિક રીતે મુસલમાન બને તેની સાથે કોંગ્રેસને કશી નિસ્બત નથી. જે માણસ કોંગ્રેસની અંદર છે તે હિંદુ મટીને મુસલમાન થાય કે બીજો કોઈ પણ ધર્મ સ્વીકારે તેથી કોંગ્રેસમાના તેના સ્થાનને તલભાર પણ અસર નથી પહોંચતી. તો પછી જે માણસ કોંગ્રેસની બહાર છે તે તેને મનફાવતા ધર્મ-પલટાઓ કર્યા કરે તેની કોંગ્રેસને શી પડી હોય !

અત્યાર સુધીમાં કેટલાય હરિજનો પોતાની અણ સમજને કારણે ખ્રિસ્તી બનેલા છે, પણ તેથી કાંઇ કોંગ્રેસીઓ કે હિંદુઓ પણ એમના દુશ્મનો થોડા જ બની ગયા છે ? આમ ખ્રિસ્તી બનેલા હિંદુઓની બાબતમાં કહેવાનું હોય તો તે એટલું જ છે કે એમનામાંથી ઘણાખરાને અજ્ઞાન અને કંગાલ દશામાં લલચાવીને વટલાવવામાં આવ્યા છે પણ ડૉ. આંબેડકર અને એમના સુશિક્ષિત સાથીઓ સમજી-બૂજીને મુસલમાન કે ખ્રિસ્તી બને તો તેથી કોઇને કશું નુકશાન નથી. મુસલમાન બનીને એ મુસ્લિમ લીગમાં જોડાય તો પણ તે એમની પોતાની ઇચ્છાની વાત છે. આમાં આટલો બધો ઉહાપોહ શો ? ડૉ. આંબેડકરને એક જ સૂચના કરવા જેવી છે કે, પોતાના જ ઉદ્ધારકોને જશને બદલે જુતિયાં દેવાનું માનસ મુસલમાન બન્યા પછી તો ભલા થઈને કાઢી જ નાખજો. નહિ તો દસ વર્ષે વળી પાછો કોઈ ત્રીજો ધર્મ અંગીકાર કરવાનો વખત આવશે.

કોમવાદથી વેગળા કામદારો

ગામડાંના કિસાનો સુધી ઘસડી જવામાં આવેલી કોમવાદી જંગાલિયતમાં શહેરના કામદારોનો મોટો સમૂહ હજી સુધી ફસાયો નથી એ રાહત આપનારી વાત છે. આમ જનતામાં આર્થિક જાગૃતિ આવશે ત્યારે પછી એ મુસ્લિમ હશે કે હિંદુ પણ કોમવાદી આગેવાનોને એ નહિ જ ગણકારે. ગરીબ અને શ્રીમંત વચ્ચેનો સંગ્રામ એના મગજમાંના મગજમાં ભેદનું સ્થાન લઈ લેશે એવી સમાજ-

વાદીઓની માન્યતાની એમાં સાબિતિ મળી રહે છે. જ્યાં જ્યાં કામદારોને આર્થિક ભૂમિકા ઉપર સંગઠિત કરવામાં આવ્યા છે ત્યાં ત્યાં એમની વચ્ચે કોમી એકતા અચૂકપણે જન્મી છે.

થોડા અઠવાડિયાઓ પર મુંબઈના એક ટ્રામ ડ્રાઈવરને કોઈ ગુંડાએ છુરી હુલાવી દીધેલી. બીજે દિવસે એ ડ્રાઈવરની સ્મશાનયાત્રા નીકળી તેમાં હિંદુ, મુસ્લિમ, પારસી વગેરે કોમોના ૧૫૦૦ જેટલા ટ્રામડ્રાઈવરો અને કંડક્ટરોએ ભાગ લીધેલો. બધી કોમના ડાહ્યાઓનુ આ સરઘસ શહેરના હિંદુ લત્તાઓમાંથી અને મુસ્લિમ વિસ્તારોમાંથી અને હુલ્લડ દરમિયાન અત્યંત જોખમવાળા બનેલા સ્થળોમાંથી નિર્વિઘ્ને પસાર થયું હતું.

હડતાલને બદલે કરવા જેવું

હમણાં જ અમદાવાદના એક મિલ-મજૂર ઉપર ગુંડાની છુરી ચાલેલી ત્યારે મજૂરના મૃત્યુના શોક બદલ મિલોના બધી કોમના મજૂરભાઈઓએ હડતાળ પાડી હતી. આ બનાવ અંગે 'ગુજરાત સમાચાર'માં 'એક મિલ મજૂરે' ચર્ચાપત્ર લખ્યું છે કે, 'હડતાલ પાડી હતી તે યોગ્ય છે; પણ તેના કરતાં મિલો ચાલુ રાખીને તે દિવસનો પગાર મજૂરો જો તેના ફંડ ખાતે એકઠો કરીને નિરાશ્રિતો કે ગરીબોના લાભાર્થે વાપરતા હોય તો શુ ખોટું ?'

એમાં કાંઈ જ ખોટું નથી. બલ્કે આજના કારમા વસ્ત્ર-દુકાળમાં આવો રસ્તો લેવો એ જ ઉત્તમ છે. આજે તો દેશભરના કાપડના ઉત્પાદનમાં જરા જેટલોય ઘટાડો થાય તો હજારો માનવીઓને નવસ્ત્રાં રહેવું પડે તેમ છે. એટલે આપણે આપણી હમદર્દી દાખવવા માટે નવા રસ્તાઓ લેવા રહ્યા. એક મીલમજૂરે સૂચવેલો રસ્તો ન લેવાય તો પછી એક મરેલા-પ્રત્યે સહાનુભૂતિ બતાવવા જતાં મજૂરો હજારો જીવતાંઓ પ્રત્યે ફરતા દાખવી બેસશે.

રક્ષણ માગનારા ઉદ્યોગપતિઓની ફરજ

વચગાળાની સરકારના વ્યાપાર-ખાતાના પ્રધાન તરીકે શ્રી ભાભાએ રાષ્ટ્રીય ઉદ્યોગોને પરદેશી હરિફાઈ સામે રક્ષણ આપવાની, અને તેમના વિકાસમાં બીજી મદદો કરવાની બાહેધરી આપી ત્યાર પછીથી અસંખ્ય નવા નવા ઉદ્યોગો એવા રક્ષણ અને એવી સહાય મેળવવા દોડવા આવ્યા છે. ઊગતા ઉદ્યોગોને દેશની રાષ્ટ્રીય સરકાર પાસેથી આ જાતની મદદ મેળવવાનો પૂરો અધિકાર છે. પણ એ અધિકારની પાછળ પાછળ એમની ફરજ પણ સ્પષ્ટ સ્વરૂપે ચાલી આવે છે તે કોઈએ ન ભૂલવું જોઈએ. સરકાર પાસેથી મદદ માગનારાઓએ એ સરકાર જેના પ્રતિનિધિઓની બનેલી છે તે જનતા પ્રત્યે ચોક્કસ ફરજો બજાવવાની છે. સાચી રાષ્ટ્રીય સરકાર ઉદ્યોગોને મદદ કરવા તત્પર હશે તેમ ઉદ્યોગપતિઓનાં કૂડકપટ સાંખી લેવા એ બિલકુલ તૈયાર નહિ હોય.

આપણા ઉદ્યોગપતિઓ સામે પ્રજાની સદાની અને સૌથી મોટી ફરિયાદ એમની અપ્રમાણિકતા વિશેની છે. કેટલાક ઊજળા અપવાદોને બાદ કરતાં આપણા ઉદ્યોગપતિઓનો મોટો ભાગ ભેળસેળવાળો, હલકી કોટિનો કે નમૂનામાં બતાવ્યા કરતાં જુદા જ પ્રકારનો માલ બનાવીને પ્રજાને વેચતો હોય છે. ઉચ્ચ કોટિનો કાચો માલ આપણે ત્યાં મોજૂદ છે, કારીગરોનો પણ અભાવ નથી, છતાં હિંદી બનાવટનો માલ ટકાઉપણામાં તેના પરદેશી હરીફ સાથે કદીક જ સરસાઈ કરી શકતો હોય છે. જ્યારે હજારો માઈલ દૂરના જર્મની, ઈંગ્લંડ કે અમેરિકાથી અમૂક ટ્રેડમાર્કનો માલ એકધારા પ્રવાહે ચાલ્યો આવે છે. એના રાચમાં મોટે ભાગે ફેર નથી પડતો અને તેથી તો આપણા નાનામાં નાના ગામડામાં એમણે ખ્યાતિ મેળવી છે.

પરદેશોમાં ગયેલા આપણા માલની હાલત એથી ઊલટી જ છે. આપણા વેપારીઓ અને ઉદ્યોગપતિઓ સારા માલના નમૂના મોકલીને પછી સોદાનો મોટો જથ્થો ઘણી હલકી કોટિના માલનો રવાના કરે છે એવી ઑસ્ટ્રેલિયામાંના હિંદી હાઈ કમિશ્નર શ્રી પરાંજપેની ફરિયાદ વિશે મહિનાઓ પૂર્વે અહીં લખાઈ ગયું છે. આવા થોડાક પ્રસંગો સમસ્ત હિંદી રાષ્ટ્રને અને તેના તમામ ઉદ્યોગોને બટ્ટો લગાડી બેસતા હોય છે. તાત્કાલિક નફાના લોભમાં આપણા

વેપારીઓ આખા દેશનું અને ખુદ તેમનું પોતાનું જ કેટલું અહિત કરી રહ્યા છે તે વિચારીને પોતાની રીતરસમો એમણે બદલવી જોઇએ.

જ્યાં પ્રમાણિકતા નહિ હોય ત્યાં સંરક્ષણ કે બીજી સહાય નહિ જઈ શકે.

અખબારોનો મૂડીવાદી કબજો

બ્રિટિશ અખબારોની આર્થિક હાલત શી છે, એનું તંત્ર કોના હાથમાં છે, એનું સંચાલન કોણ કરે છે અને એની સાચી માલિકી કોની પાસે છે એ બાબતો અંગે તપાસ કરવા માટે એક કમિશન નીમવાની દરખાસ્ત પાર્લામેંટે પસાર કરી છે. બ્રિટિશ છાપાંને આ રીતે ક્ષ-કિરણોથી તપાસવાની દરખાસ્ત મૂળ તો બ્રિટનના 'નેશનલ યુનિયન ઑફ જર્નાલિસ્ટ્સ' તરફથી રજૂ કરવામાં આવી હતી અને પાર્લામેન્ટના સભ્યો છે એવા ત્રેવીસેક પત્રકારોએ એને માટે ઝૂંબેશ ઉઠાવી હતી. બ્રિટિશ પત્રકારોની આવી માગણીને એમના દેશની સરકાર તરફથી આટલો સુંદર આવકાર મળ્યો છે તેના પડઘા દેશ-દેશના પત્રકારોના અંતરમાં પડયા હશે.

હિંદનાં વર્તમાનપત્રો અંગે પણ આવી તપાસ કરાવવાની કોઈ દરખાસ્ત અત્યારે વચગાળાની સરકારની વિચારણા હેઠળ નથી એવું ગૃહખાતાના પ્રધાન સરદાર વલ્લભભાઇએ મધ્યસ્થ ધારાસભામાં એક સવાલનો જવાબ આપતાં જાહેર કર્યું છે. તે છતાં, આપણા દેશમાં આવી તપાસની જરૂર ચોક્કસપણે ઊભી થયેલી છે તે આપણાં વર્તમાનપત્રોની દુનિયાનો મોટો સમૂહ કબૂલ કરશે. બ્રિટનમાં આવી તપાસ યોજવાનું કારણ એ છે કે ત્યાં એક છાપાનો માલિક પોતાના છાપામાંથી સારી કમાણી કર્યા બાદ એ વધારાની મૂડીથી એ જ શહેરનાં, પ્રાંતનાં કે દેશનાં બીજાં છાપાં ખરીદી લ્યે છે, છાપાંનાં 'લંગર' ઊભાં કરે છે, અને એ રીતે એક જ માનવીની ઇચ્છાનુસાર સંખ્યાબંધ છાપાંની નીતિ ઘડાવાને કારણે સ્વતંત્ર પત્રકારત્વ નષ્ટ પામતું જાય છે. કોઈ પણ સ્વાધીન દેશમાં પત્રકારત્વ એ લોકમતને કેળવવા અને વ્યક્ત કરવા માટેનું એક અત્યંત પ્રબળ સાધન છે અને તે આવી રીતે અમુક વ્યક્તિઓના હાથનું રમકડું બની જાય તે સમસ્ત દેશની પ્રગતિના માર્ગમાં ઘણો મોટો અવરોધ નીવડે છે. પણ આપણે ત્યાંની પરિસ્થિતિ તો એથી ય બદતર છે. પોતાની મૂડી નવાં છાપાંમાં રોકનારા બ્રિટનના છાપા-માલિકો અસલથી એ જ ધંધો કરતા આવ્યા છે અને થોડા ઘણા ય શિક્ષિત હોવાને કારણે છાપાંના વાંચકો પ્રત્યે તેઓ થોડીક પણ જવાબદારી દાખવે છે. પણ હિંદુસ્તાનમાં તો લોખંડને સીમેન્ટ, શણ કે કાપડના ઉદ્યોગધંધામાં કમાણી કરનારા મૂડીવાદીઓ એ કમાણીને છાપાંમાં રોકીને જનતાના માનસને ભ્રષ્ટ કરવા માંડયા છે. આ મૂડીવાદી અખબારમાલિકો ગરીબ અને મધ્યમ વર્ગની પ્રજાને વીણેલા સમાચારો અને ચોક્કસ પ્રકારનાં લખાણો આપી આપીને અરધી આંધળી બનાવી રહ્યા છે અને પોતાના વેપારધંધાને વિકસાવી રહ્યા છે.

એટલે આ દેશમાં પત્રકારત્વને શિરે મૂડીવાદીઓનો જે ભય કારમા સ્વરૂપે તોળાઇ રહ્યો છે તેને દૂર કરવાનાં પગલાં સત્વર નહિ લેવાય તો સ્વરાજ દરમિયાન પણ આમજનતાની મુક્તિ નહિ આવી હોય: રાષ્ટ્રના દેહની બેડીઓ તૂટશે પણ એના મગજની જંજીરો સાબૂત જ હશે.

કયા પરમાર્થને કાજે રક્ષણને પાત્ર ?

રાષ્ટ્રીય સરકારની સ્થાપના થવાથી આ દેશનાં સારાં-નઠારાં તમામ તત્વોને પરદેશીઓ સામે એ રક્ષણ આપશે એવી બેદૂદી માન્યતાનું પ્રદર્શન મુંબઇમાં હમણાં મળેલી અખિલ હિંદ ફિલ્મ પરિષદમાં થયું છે. પરિષદના પ્રમુખ શ્રી ચુનીલાલે પોતાના ભાષણમાં કહ્યું કે, પરદેશી ચિત્રો સામે હિંદી ફિલ્મ ઉદ્યોગને સરકારે રક્ષણ આપવું જોઇએ; દેશભરના સિનેમાઓની કુલ આવકનો વીસ ટકા ભાગ તો પરદેશી ફિલ્મો ઉપાડી જાય છે; કેટલીક પરદેશી ફિલ્મોને હિંદની ભાષાઓમાં 'ડબ' કરવામાં આવેલી છે. હજુ વધુ ને વધુ ફિલ્મોને પરદેશીઓ હિંદની ભાષામાં 'ડબ' કરતા જશે તો અમારી આવકનો વધુ ને વધુ

હિસ્સો પડાવી જશે; માટે આ દેશમાં બહુ જ થોડી પરદેશી ફિલ્મોને પ્રવેશવા દેવી જોઇએ.

હિંદી ફિલ્મ ઉદ્યોગ કેમ જાણે માત્ર પરમાર્થ-ભાવે ચાલી રહ્યો હોય એવું સૂચન આ બધી માગણીઓ પાછળ છે.

આપણા ફિલ્મોનું જેટલી હદે પતન થયું છે તે જોતાં તેના ઉત્પાદકો તરફથી આવી માગણીઓ રજૂ થાય તે ધૃષ્ટતા છે. પરિષદની ઉદ્‌ઘાટનક્રિયા કરનાર શ્રી ખેરને સ્થાને બીજી કોઈ વ્યક્તિ હોત તો ફિલ્મ-ઉત્પાદકોને આકરા શબ્દોમાં એમનું સાચું સ્થાન બતાવી દીધું હોત.

લડાઈ દરમિયાન આપણા ફિલ્મ ઉદ્યોગે લખલૂટ કમાણી કરી છે. એ બદામની નાચનારીઓને પણ એ રાતોરાત લખપતિ બનાવી શક્યો છે. પણ પોતાના વિકાસ માટે એણે એકંદરે બહુ પ્રયત્નો કર્યા નથી. પોતાને માટેની જરૂરી સાધનસામગ્રી માટે હજુય એણે કરોડો રૂપિયા પરદેશ મોકલવા પડે છે. અહીં એનું ઉત્પાદન કરવાનો વ્યાપક ઉત્સાહ ફિલ્મ ઉત્પાદકોએ દેખાડ્યો નથી. પરદેશીઓની ટેકનિકનો નાનો સરખોય હિસ્સો એ આપણા જુવાનોને અપાવી શક્યા નથી.

પરદેશી ફિલ્મો ઉપરથી, પરદેશી વાર્તાઓ ઉપરથી, પરદેશી વાર્તાઓના આપણી ભાષાઓમાં થયેલા અનુવાદો ઉપરથી, આપણા સાહિત્ય ઉપરથી ફરી ફરીને ચોરીઓ કરવાનો ધંધો લઇને મોટા ભાગના બેઠા છે.

હિંદી ફિલ્મોની હાલત જો આવી જ રહેવાની હોય તો હોલીવુડમાંથી હિંદમાં 'ડબ' થયેલી જ નહિ, હિંદીમાં જ ઉતારેલી ફિલ્મો હિંદુસ્તાનમાં આવતી જશે. એની સરસાઈમાં હિંદી ફિલ્મો ટકી નહિ શકે.

આવા હિંદી ફિલ્મ ઉદ્યોગને રક્ષણ આપવા માટે પરદેશી ફિલ્મોની આયાત ઉપર અંકુશ મૂકવા કે કેમ તે વચગાળાની સરકારને મૂંઝવતો પ્રશ્ન હશે. સરકારે હિંદી ફિલ્મો ઉપર સેન્સરની પકડ ઘણી આકરી બનાવવી જોઇએ. રાષ્ટ્રીય ભાવનાઓવાળા સંસ્કારી શિક્ષણકારોને સેન્સરપદે સ્થાપવા જોઇએ. 'ઇન્ફોર્મેશન ફિલ્મ્સ ઓફ ઇન્ડીઆ'ને ફરી શરૂ કરવાનું સરદાર વલ્લભભાઈનું પગલું ઘણું સુયોગ્ય અને વેળાસરનું છે. રાષ્ટ્રવટતર કરતી કેળવણીવિષયક ફિલ્મો ઉતારવાની શ્રી ખેરની અપીલ બહેરા કાન ઉપર નથી પડી એની નક્કર સાબિતિ આપણા ફિલ્મ-ઉત્પાદકો ન આપી શકે ત્યાં સુધી કોઈ પણ રાષ્ટ્રીય સરકાર હાથ જોડીને બેસી ન રહી શકે.

માતૃભાષા ને વિદ્યાપીઠો

પરદેશીઓના આપણી ઉપરના સાંસ્કૃતિક કબજા સામેનો વિરોધ પ્રગટ થતો જાય છે, અને જીવનના વિવિધ ક્ષેત્રોમાં આપણે આપણી રાષ્ટ્રીય સંસ્કારિતાનું સ્વરૂપ બાંધતા જઇએ છીએ એવું દાખવતા છુટક સમાચારો આવ્યા કરે છે. દક્ષિણની અન્નામાલઈ યુનિવર્સિટીનું વાર્ષિક કોન્વોકેશન-વ્યાખ્યાન આ વર્ષે મદ્રાસના કેળવણી-પ્રધાન શ્રી અવિનાશલિંગમ્ ચેટ્ટિયારે આપ્યું હતું. એક પરદેશી ભાષામાં જ પરીક્ષાઓ આપીને આવેલા યુનિવર્સિટીના નવા સ્નાતકો સમક્ષ શ્રી ચેટ્ટિયારે પોતાનું આપણ તામીલ ભાષામાં કર્યું ત્યારે ત્યાં હાજર રહેલા પ્રાંતના ગવર્નર અને યુનિવર્સિટીના ચેન્સલર આર્ચિબાલ્ડ નાઇને પણ હિંદમાં થઈ રહેલા નવા યુગના ઉદયનો કાંઈક ખ્યાલ આવ્યો હશે. અન્નામાલઈ યુનિવર્સિટીના ઇતિહાસમાં પ્રથમ વાર જ આ પ્રાંતની ભાષામાં આ કોન્વોકેશન-વ્યાખ્યાન અપાયું છે. એવી આશા રાખીએ કે આ જ પછીથી હિંદુસ્તાનની કોઈપણ યુનિવર્સિટીમાં કોન્વોકેશન-વ્યાખ્યાન રાષ્ટ્રભાષા કે પ્રાંતીય ભાષા સિવાય બીજી કોઈ ભાષામાં નહિ અપાય.

શબ-સંસ્કારના અતિમવાદી બે માર્ગો

સ્વ. માલવિયાજીના મૃતદેહને ચંદનઘટની ચિતા પર બાળવા દેવાની એમના પુત્રે ના કહી તે ધન્યવાદને પાત્ર વાત છે. એક તરફથી જ્યારે મરનારનાં મૃતદેહનો મહિમા ચંદનની ચિતાઓ, ગંગાજીમાં અસ્થિવિસર્જન ને સમાધિમંદિરોના ઠઠાર સુધી પહોંચ્યો છે ને બીજી તરફથી ધી મશરૂવાળા જેવા વિચારક

મુરદાને ઘાસલેટ છાંટી બાળી દેવા જેટલી હદ લગી જાય છે, ત્યારે એ બેઉ છેડાની અંતિમમાર્ગી મનોદશાનો વચ્ચે સાચો ધર્મ-સંસ્કાર સાદી ક્રિયાથી કરવો એ જ હોઈ શકે. માલવિયાજીના પુત્રે સાચું કહ્યું, કે મારા પિતાએ જીવનમાં જે કર્યું નથી તે હવે તેમના મૃત્યુમાં ન થવું જોઈએ. મતલબ કે જીવનમાં જે સદા સેવક રહ્યા છે, સ્વૈચ્છિક અપરિગ્રહી રહ્યા છે, ગરીબોના બાંધવ રહ્યા છે, સાદાઈના ઉપાસક રહ્યા છે, તેમના મુવા પછી એમના શબને નિમિત્તે ચંદનકાષ્ટના ઠઠારા શા અર્થના ? આપણા જાહેરજીવનમાં 'લોકસેવકો'ના નિમિત્તે જે વ્યવહાર ચલાવવામાં આવે છે, તે કંઈ ઓછો જટિલ છે ? સ્વ. માલવિયાજીના મૃત્યુ પ્રસંગનો આ બોધપાઠ અત્યંત ઉજ્જવલ છે.

સગોત્ર લગ્નની છૂટ થઈ

સગોત્ર લગ્નની છૂટ આપતો સુધારો હિંદુ લગ્નના કાયદામાં દાખલ થવાથી વર્તમાન હિંદુ સમાજજીવનની એક મોટી અવારતવિકતા દૂર થઈ છે. સાત ગોત્રને અંતરે જ લગ્ન કરી શકાય એવું નિયંત્રણ ચાલ્યું આવે છે. જ્યારે બીજી બાજુ મામા, માશીનાં પણ પરણવા લાગ્યાં છે. વંશશુદ્ધિ અને રક્તના સંસ્કારની સુદૃઢતા નિરૂપતો 'યુજેનિક્સ'નો સિદ્ધાંત આચરણની દુનિયામાં અત્યારે અશક્ય બન્યો છે. સેંકડો વર્ષો પુર્વેના યુગકાળમાંથી આજે કશું જ રહ્યું નથી વર્તમાને નવી વિટંબણાઓ પેદા કરી છે. લગ્નની સમસ્યાઓ જટિલ બની છે. એમાં સરલતા ને વ્યવહારુ ઉકેલની સ્થિતિ આણવા માટે આ પગલું આવકારપાત્ર છે.

અંત્યજોના અધિકારનો ઢંઢેરો

નાગરિક તરીકે અંત્યજોને બીજા સર્વના સરખા દરજ્જાના અધિકારો હોવાનું જાહેરનામું મુંબઈ સરકારે બહાર પાડ્યું છે. એ અધિકારોના બે મવડા આડે અંત્યજોને જે કોઈ અંતરાય કરશે તેને માટે સખ્ત સજા નક્કી કરવામાં આવી છે. નિશાળો, દવાખાનાં, અદાલતો, ટ્રેનો, ટ્રામો, ને બસો વગેરે જાહેર વાહનોનો અબાધિત ઉપયોગ અંત્યજો માટે ઉદ્ઘોષિત થયો છે. આટલું થયા પછી પ્રથમ દરજ્જે તો અંત્યજોની જ એ ફરજ છે, કે પોતાના હક્કોનો ભોગવટો તેમણે નિઃસંકોચપણે કરવો, એની આડે આવનારા સામે પગલાં લેવાં, અને એમ કરવા જતાં જે કંઈ વિટંબણા સહેવી પડે તે સહેવા તત્પર બનવું. બાકી પગલે પગલે સવર્ણોની સતામણીઓનું નિર્મૂળ કલ્પાંત કરવાથી કશું નહિ વળે.

ઝેર ખાવું ને જીભ કચરવી !

આબરૂ લુંટવાનો સમય આવે ત્યારે સ્ત્રીઓએ ઝેર ખાઈને અગર તો જીભ કરડીને ગૂંડા અત્યાચારીઓ સન્મુખ પ્રાણ કાઢી આપવો, એવી ગાંધીજીની વિચારસરણી નવખલી પ્રકરણ અંગે વહેતી મૂકાઈ છે. શા માટે સ્ત્રીઓએ આવો દારૂણ દેહવિલય કરવો, તે સમજાતું આવતું નથી. પોતાનું જેટલું જોર હોય તેટલું વાપરીને સ્ત્રી બેશક હેવાનનો સામનો કરે, પણ એની શક્તિ તૂટી પડયા પછી એના દેહ પર જે કંઈ સંસ્કાર થાય તેને માટે સ્ત્રીની નૈતિક જવાબદારી શી હોઈ શકે ? એથી એનું શિયળ ભ્રષ્ટ થયું એ પણ કેમ કહી શકાય ? ઝેર ખાઈને કે જીભ કરડીને મરવાની કલ્પના 'રોમેન્ટીક' ખરી, પણ વાસ્તવ તરીકે એનો સ્વાનુભવ કારમો છે.

કાળચક્ર

ઝવેરચંદ મેઘાણી

આગલાં પ્રકરણોનો સાર

સુમનચંદ્ર નામનો એક વૈશ્ય જુવાન, દેશાવર ખેડવા સિંગાપુર તરફ ચાલ્યો ગયો છે. એની વાગ્દત્તા કન્યા વિમળા વાટ જુએ છે પણ ત્યાં તો જાપાન સાથેની લડાઈ ફાટી નીકળી છે સુમનચંદ્ર જીવતો છે કે મુઓ તેનો યે પત્તો નથી. વિમળાની બેનપણી પાડોશણ બેડુપુત્રી હૂરબાઈ મુસલમાન છે. એનો પરણ્યો ઘણી લશ્કરમાં ભરતી થઈ ગયો છે ને એના ઠામઠેકાણાનો પણ પત્તો નથી.

હવે આગળ વાંચો.

પ્રકરણ નવમું

જમાનો બદલે ત્યારે—

બીજા એક સાથીને પાણી વાળવાનું સોંપીને હૂરબાઇ વિમળાની સાથે કૂવા પર આવી. ખાટલા પર એક જૈફ બેડુત બેઠો હતો. તેની દાઢી ઘાટી અને રૂની પૂણીઓ જેવી સફેદ હતી. માથાના વાળ અને આખોની પાંપણો, નેણનાં ભમ્મર, અરે હાથ પરની કુંવાટી પણ રૂપેરી તાતણા જેવી હતી. બેઠો બેઠો ઘુંટો તસબીના પારા ફેરવતો હતો. એના આંગળાંમાં સહેજ કમ્પારી ચાલતી હતી.

'મારા નાના (માના બાપ) છે.' હૂરબાઇએ ઓળખ આપીને પછી કહ્યું: 'એની વાતો સાંભળવા રોખી છે. હાલો તો.'

'કાં મોટા બાપુ!' હૂરબાઇએ એના કાન આગળ મો લઈ જઈને અવાજ કર્યો.

'હં!' જૈફે આખો પર એક હાથની છાજલી કરી. આંખોના ખૂણામાંથી, ઘાણીમાંથી તેલ ટપકે એમ પાણી ચૂતાં હતાં, 'કોણ, હૂરી?'

'હા. હેં મોટા બાપુ! ઓલી એક વાત આ મારી બેનપણીને સંભળાવો તો?'

'કઈ વાત?' ઉત્તર દેતે દેતે પાછી ડોસાની માળા તો ચલુ જ હતી.

'જમાનો બદલી ગિયો તેની.'

'હા—ખરું. મારી પંડયની જ જિંદગાનીની વાત છે હૂરી! ઈન્સાન કહે છે કે જમાનો બદલી ગયો. પણ કોઇ સમજાવે તો ખરો, કે બદલ્યાની એંધાણી કઇ! રૂપ બદલ્યું? રંગ બદલ્યો, સૂરત બદલી? પાધરો હતો તે વાંકો થઇ ગયો? બોલતો'તો તે શું મૂંગો થઇ ગયો? હા–હા–હા–હા–એ છોડી! જમાનો જો! આમ બદલ્યો. ઈ વાતને એક બે ને ત્રણ દાયકા થિયા. ત્રીશ સાલ મોરુકી વાત હું વયો આવતો'તો ભાડું કરીને. ગાડું હાકયે આવું છું. પાસે એક ધારિયું, ચાળીશ વરસની ભરજુવાની, ઘરની દશ્ય એટલે ઢાંઢાને કચકારો ય કરવો ન પડે: હિલોળા કરતો વગડે હાલ્યો આવું છું એમાં વચ્ચે એક ખાંતરું આવે, ખાતરામાં ગાડું ઊતર્યું ત્યાં તો મેં એક બાઇને મોટા આગળ જોઇ અને જેમ બાઇ ખાતરામાં ઊતરી તેમ તો એક ભેખની ઓથેથી ત્રણ જણ ઊભા થયા. બાઈને હાકલીને બોલાવી પાચે જણે. ત્યાં તો હું ધાગ્યું લેતોક પડકારીને ઠેકયો ગાડેથી. ત્રણે હરામીને મેં ધારિયે તગડી

મૂક્યા. બાઇ જોઇ તો જુવાન કોઈ ઊંચ વરણની. રૂપ તો અટળક ઢળે. કહ્યું કે બોન, હાલ બેસી જા ગાડે, કોઇ તારું નામ ન લ્યે. બાઇ કહે કે વીરા ! તેં મારાં ધરેણાં ને મારી જાત બેઇ બચાવ્યાં. સામે ગામ બાઈને ઊતરવું'તું, ત્યાં ઉતારી એની આંસુ ભરી દુવા લઈ હું ઘેર આવ્યો. તે દી' રાતે મને ય હરખનું રોવું આવ્યું કે અલ્લા, અલ્લાએ મારી લાજ રાખી, મેં એક ઊંચ વરણની જુવાન બાઇને ઉગારી ! આ ઇ હતો મારી જુવાનીનો જમાનો. પછી એક દાયકો વીતતાં મને એ બનાવ સાંભર્યો, ત્યારે થિયું, કે મારું બેઠું, ઇ બાઈને બચાવી તેના બદલામાં એનાં ધરેણાં તો લઇ લેવાંતાં !.આ ઈ જમાનો બદલ્યાની નિશાની. અને બીજો દાયકો વીત્યો ત્યારે પાછું ઈ સાંભર્યું, અને મને થિયું, કે અરે ભુંડા ! ઈ બાઇ તો હતી એકલવાઈ, એને મેં ઘરમાં બેસારી હત ! આ ઈ ત્રીજો જમાનો. લે હાંઉ ?'

કહી રહીને શુક્રાએ માળા ફેરવવામાં ખૂબ ઝડપ વધારી મૂકી. કેમ જાણે જમાનો એની પાછળ દોડતો હોય ને પોતે જમાનાથી ભાગતો હોય !

ડોસાએ વાત પૂરી કરી, ત્યારે બાજુને ખાટલે પગથી માથા સુધી ઓઢીને ઊંઘતો એક આદમી પડખું ફરી ગયો અને એને ઓશીકે પડેલી તૂર્કી (ફેજ) ટોપીએ ડોકિયું કર્યું.

'કોઈ મેમાન છે ?' વિમળાએ કૂવાની કૂંડીમાં કપડાં બોળતાં બોળતાં પૂછ્યું.

'મેમાન સ્તો !' એટલું બોલીને હૂરબાઈએ નિઃશ્વાસ નાખી લીધો : ને એ ખાટલા પાસે જઇ ઊંઘતા માણસની ચાદર હલાવતી કહેવા લાગી : 'ભાઈ ! રમઝૂભાઇ ! ભૈલા, હવે તો ઊઠ.'

'સૂવા દેને હવે.' ઘોઘરા, તીખા, એક ટૂંક ધુરકાટ સાથે સૂતારા આદમીએ ચાદરનો છેડો હૂરબાઈના હાથમાંથી ઝટકારી લીધો.

'પણ ભાઈ !' હૂરબાઈ ફરી સાદ કરવા લાગી· 'આ વાવડો નીકળ્યો છે. આઠ દી'થી તલ રઝળે છે. ઊઠ, માંડ અલ્લાએ વાયરું આપ્યું છે. આપણે તલ વાવલી નાખીએ. નીકર બધાય તલ ટળી જાશે. ઊઠ તો વીરા !'

હૂરબાઈની એ સુકોમળ જબાને પછી તો એના હાથને પણ મદદે તેડાવ્યા. સુંવાળી હથેળીએ સુનેલ જુવાનનાં જુલ્ફાં લલાટ પરથી ઊંચાં સંકોરતી ને પંપાળતી એ કહી રહી : 'ઊઠ ભૈલા ! ઊઠ મારો વીર કરું. ઊઠ તો'—કોઈ ન સાંભળી જાય તેવી ધીમાશથી—'હજી ઓલ્યો બાજરો સંતાડીને ઘર ભેગો કરવો છે. તોલમાં રાજને નોંધાવ્યો નથી એટલે ઝટ ઠેકાણાસર કરીએ.'

સૂતારો ઊઠ્યો. મોંમાંથી એણે જમીન પર થૂંક ને બડખો નાખ્યાં તેમાં પાનપટીનાં રાતાં છોતાં હતાં. પછી એણે સીગરેટની ડાબલી પોતાની ફેજ ટોપીમાંથી બહાર કાઢી અને દીવાસળીનું બાક્સ લીધું, ત્યાં હૂરબાઇએ ફરી કહ્યું : 'ઊભો રે', પે'લાં કોગળા કરી લે.'

બેન કળશો ભરી પાણી લાવી, ત્યાં તો જુવાને સીગરેટ સળગાવીને ચસકાવવા પણ માંડી હતી ને હૂરબાઈ તરફ એ નમરોળ નયને જોઈ રહ્યો.

'કેટલો બગડી ગયો છો ભાઈ !'

'લે, છાની મર.'

'મરું તો તો ઘણીયે દુવા દઉં અલ્લાને. પણ એના ઘરની ટાંક માંડી હશે ત્યાં લગણ મરાય છે કોઈથી ! તારે કહે મરું તો તો તારા મોંમાં પુલાવ મીઠો !'

સીગરેટને છેક ચડિયા સુધી નિરાંતે ચૂસી લઇ ઘા કરી નાખ્યા પછી એ જુવાન હાજતે જવા માટે કૂવાની કૂંડી પર ડબલામાં પાણી ભરવા ગયો. ત્યાં એણે વિમળાને જોઇ. જોતાં એના ચહેરા પરની વિકૃતિમાં આછો સળવળાટ થયો. કરડી રેખાઓએ લજ્જાનો પાલવ સંકોરી લીધો.

'અરે, રમઝૂભાઇ !' વિમળા પણ ઓળખીને બોલી ઊઠી. 'માંડ ઓળખાણા.'

ઓળખાણ મુશ્કેલ હતી એ તો આ જુવાન પણ મનમાં પામી ગયો. મૂંગો મૂંગો ચાલ્યો ગયો. હૂરબાઈ આ દરમ્યાન વાડીનાં માણસોને જુદી જુદી

સૂચનાઓ દેતી દેતી ફરતી હતી. કોશીઆને કહેતી હતી કે 'પૈયામાં પાણી તો છાંટો ભાઇ, ઢાંઢાને ધૂળ કેટલી પેટમાં જાય છે!' પોપૈયાં ખરીદવા આવેલા પરગામવાળાને ઝટ પોપૈયાં તોળી દેવા સૂચવતી હતી. 'માવડું થાવા બેઠું છે, નીરણ ઉપાડીને ઘર ભેગી કરીએ ઝટ!' એવું વળી ત્રીજાને કહેતી હતી. ચોમેર ઘૂમી વળીને એ પાછી ઘોડિયે સૂતેલા પોતાના છોકરાને ધવરાવવા માટે કૂંડી પાસે બેઠી, ત્યારે વિમળાએ પૂછ્યું: 'આ તો રમઝૂભાઈ!'

'હા બોન.' હૂરબાઈએ, પોતેજ એ વાત માનતી ન હોય તેવી ઢબે કહ્યું, ને ધાવતા બાળકના કાન પાછળથી મેલ લૂછવા લાગી.

'કેમ સાવ બદલાઈ ગયા છે?'

'અલા જાણે, બોન. બે વરસ કરાચી રહી આવ્યો, તેમાં તો જાણે ઈ રમઝૂ જ નહિ ને! રાતના બે ત્રણ વાગ્યા લગી બધાની ભેગો મસીદમાં કોણ જાણે શુયે કરે છે, બપોર લગી ઊંઘે છે, સાંજે પાછો કોણ જાણે ક્યાં ઊપડે છે. કાંક કામળિયાં ટપાલમાં આવે છે તે વાંચ્યા જ કરે છે, ને આંખે તો અંગારા ઝરતા હોય છે. પૂછીએ કે તુને શું વિચારવાયુ ઊપડ્યું છે, તો બોલે નહિ, મને તો બસ એમ જ કહ્યા કરે છે, કે મુસલમાનની ઔરત થઇને ઈજ્જર સદરો કેમ નથી પેંગ્તી! એકલો એકલો બોલ્યા કરે છે કાંઈક: 'લડકે લેંગે પાકીસ્તાન!' આપણે તો શું સમજીએ? બાપ મુઆ, ને દીકરો કાંઇક તોરે ચડી ગયો. નહિ વાડી ખેતરનાં કામમાં ચિત્ત, કે નહિ ઘરાઇ ઘરાઇને ખાવામા ધ્યાન. ભાઈ જેવો ભાઇ હતો, ગાયના ઉપલા દાત જેવો ગરીબડો, પણ ઈ માયલું નામ કે નિશાન ન રહ્યું. એના આવ્યા પછી તો મુઇ! ધાંચીવાડના ને વોરાવાડના એકોએક જુવાનનાં રૂપ જ જુદાં થઇ ગિયાં જોઉં છું. માથે રૂપાળા ફેંટાને બદલે ઊંચી ઊંચી ટોપીઉં, કાંઇક બિલ્લા, ઘુસપૂસ બોલવું—અરે બાઈ! મારા મોટા બાપુએ હમણે કહ્યું ને, એમ જમાનો જ જાણે ઈ નહિ. કંઇક નોખો જ જમાનો બળબળી રહ્યો છે.'

એટલું બોલીને એણે: 'હા.....ય રે!' એવી એક હેતભરી નાની ચીસ નાખી, અને ધાવવું છોડીને સામે તાકી રહેલા બાળકને ટાપલી મારી કહ્યું: 'કાઇ બટકું ભરવા શીખ્યો છે તે! માડી! જોને કેટલા ઊંડા દાંત બેસાડી દીધા!'

એમ કહીને એણે છોકરાને ઉપાડી ભોંય પર મૂક્યો, ને વિમળાની સામે સૂચક દૃષ્ટિએ જોયું. વિમળા, હૂરબાઇને જે કહેવું હતું તેના મર્મને પામી ગઇ. એ પણ વયમાં કંઇ બેનપણીથી બહુ નાની નહોતી. હૂરબાઇની છાતીમાંથી ફૂટતી ધાવણ-ધાર પર એ તાકી તાકી જોતી હતી ને માથું પાછું નીચું ઘાલી જતી. વળી ઊંચી ડોક કરતી, પાછો પાલવ સંકોરતી, પાલવને ફાટેલો જોઇ પાછી મથરાવટી નીચે ઉતારતી—એમ કરતી કરતી એ પોતાના હેલે ચડેલા દેહને ઢાંકી રાખવા કોશિશ કરતી, કપડાં ધોતી હતી.

'કેમ, બહુ ફાટલાં પે'રવા માંડી છો ઘેલીબેન?'

હૂરબાઇના પ્રશ્નનો જવાબ તો એણે પોતે જ આપ્યો: 'હા, સાચું. રોયા કાપડ વેચે છે જ ક્યાં? જઇને ઊભીએ તો કહેશે કે છે જ નહિ ને! વાંસેથી હળવેક રહી ટમકું મૂકે કે બમણા પૈસા પડશે. બમણો નાણો ય આપે ત્યારે તો ચાળણી જેવાં આછોપાંખાં. તમારે પણ એમ જ?'

'અમે કાંઈ ટીલું લાવ્યાં?'

'પણ વેપારી તો તમારી નાતના ને?'

'એને નાત જ ને. એની નાત જ વેપારી. સગા ભાઈનાં ય છોડ પાડે.'

પણ આ વાર્તાલાપ લંબાવવાની વિમળાની ઇચ્છા નહોતી. એને બીક લાગી ગઈ હતી, કે હમણાં પાછો રમઝાન આવી પહોચશે. એણે કૂંડીમાં પડી, સાડી સહિત જ શરીર ઝબકોળી લીધું, અને એને કપડાં બદલવા હૂરબાઇ બળદની ગમાણમાં લઇ ગઈ.

પ્રકરણ દશમું

બાંધી મૂઠી

એ દિવસની રાતે ગામના નગરશેઠની દુકાને બેસી વિમળાના ભાઇજી હેમાણી શેઠ નગરશેઠની સાથે ખાનગી કંઈક વાત કરતા હતા, તેના શબ્દોને પકડ્યા વગર પણ, એના હાથપગની ચેષ્ટાઓ અને આંખ

મોંના હાવભાવ ઉકેલીને કહી શકાય કે વાત અતિ ગંભીર, ગુપ્ત તેમ જ તાકીદની છે.

દુકાનનો વાણોતર છોકરો, પ્રથમ વારની સૂચના મુજબ ઉતાવળે જઇને એક દુકાને કંઈક કહી આવ્યો, ત્યાં વળી બીજી દુકાને જવાની સૂચના થતાં એ બીજી વાર દોડ્યો, ને પાછો ત્રીજી વાર આજ્ઞા થતાં એ ત્રીજે ઠેકાણે પહોંચાડી આવતો હતો ત્યારે રસ્તામાં મળી ગયેલાંઓને કેટલાકને તોતળી જીભે કહેતો હતો કે 'ઈ તો કરમીની જીભ ને અકરમીના ટાંટિયા! શરતરમાં કહી મેલ્યું જ છે ના.'

દુકાન પર નગરશેઠ કંઇક પ્રશ્નો પૂછતા હતા ને ઠેમાણી જવાબ વાળતા હતા.

'નજરે જોયો!'

'હા, સગી આંખે.' કહેતાં એણે આંખોના ખાડામાં આંગળી ખુતાડી.

'કેવડોક હતો!'

ઠેમાણીએ બેઉ હાથ લંબા કરી વાંકનું માપ બતાવ્યું.

'એવડો મોટો!' રેઠના મોં પર અજાયબીનાં ચિહ્નો ખેંચાઈ આવ્યાં.

'ઘરમથી.'

'દરમાં પેસી ગયો!'

'અચાડો પાણીના રેલા જેમ દરમાં હાલ્યો ગયો.'

'સામો ઘોંતો!'

'અરે વાત કેવી! ગાયના ઉપલા દાંત જેવો હતો અચાડો.'

'પથરા માર્યા તે તમે જોયું!'

'આંખ્યુંના સમ. માથે રાત જેવું ધાબું છે. ઓહું શીદ બોલું! આમાં કયાં ધરાકને સાચવવું છે!'

'કેટલા પથરા માર્યા!'

'હમો તે નેડો દોતો હતો! પણ તમે જોયો હોય તો છક થઈ જાવ. રેશમનું ઝાંટલું જોઈ લ્યો! ઘમરક સોનાની પાટ જોઈ લ્યો! આપણને તો કંગના રેવ જ સાગે. દીવો કરીને પગે લાગવાનું જ મન થાય. એવા જીવને માથે ગજબ ગુજાર્યો.'

'દરમાં તાપણું કર્યું ઈ તમે દીઠું!'

'દીઠું બાપુ દીઠું. સગી આંખે દીઠું. ઘાસની કોળી તોડી, કરમાંહિયાં વીણ્યાં, દરમાં ભર્યો ફૂંકો ઠાંસ્યો, ને પછી દીવાસળી મેલી. મેલ્યા ભેળું તો સડડડડ!'

'તમે જોતાંતા ને બધું કર્યું!'

'જોતો હોઉં તો જ આ બધો વરણવ કરું ને!' ઠેમાણી શેઠ વણિકને વરણવ કહેતા.

'એણે તમને જોયાંતા!'

'ના રે! મને જોઈ હોત તો તો પછી થઈ રહ્યું ના! હું તો બાપા, રેલવેની સડકને માથે, સીંમલના ઓટાની આડે લપાઈને જોતોંતો.'

એટલી વારમાં તો વાણોતર જેને તેડવા ગયો હતો એ ત્રણે મહાજનના રોકિયા હાજર થયા, અને બજારમાં બહુ અવરજવર ન હોવા છતાં, ઠેમાણીએ કહ્યું કે 'અહીં નીચે નહિ, મેડીએ જઇએ તો ખુલાસે વાત થઈ શકે.'

પાંચે જણા ચડ્યા મેડી ઉપર. ત્યાં ગોઠવાઇને બેઠા પછી નગરશેઠે બીજનો પથરો પણ રખે સાંભળી જાય એટલી બધી તકેદારી રાખીને પછી, આવેલાઓને વાત કહી—

'આજ બપોરે રેલવેની સડકના નકટી—નાળા આગળ, જાજરૂ જવાના જે ખાડા છે તે જઆમિ, એક મુસલમાન જુવાને એક મોટા સરપને પથરે મારીને પછી, એ સરપ બોંબુમાં પેસી ગયો, એટલે એ બોંબુને મોઢે ઘાસ, કરમાંહિયાં ઠાસીને દીવાસળી ચાંપી દીધી છે, ને એ બનાવ ઠેમાણીએ નજરોનજર જોયો છે.'

સાંભળ્યા પછી ત્રણમાંથી એક બુજરગ જેવા જણાતા વેપારીએ કહ્યું: 'તે હવે શું છે એ વાતનું!'

'શું છે એટલે!' ઠેમાણી ઉદ્વેગ તપ્યા.

'એટલે એમ છે બા, કે એવી વગડામાં અનેકી જાનવરને ચૂંથવાની શી જરૂર છે! તમારી નજરે બની છે!'

'અવશ્ય.'

'એમ નહિ, તમારી સામે જણી જોઈને તમને કોચવવા સારુ એ કામ થયું છે ઠેમાણી!'

'ના.'

'તયે' પછેં, એવી વાતને ચોળીએ નહિ. નીકર છાણે ચડાવીને વીંછી ઘરમાં આણવા જેવું થાય.' કહીને એ વૃદ્ધે કપાળે હાથ ફેરવ્યો.

'કોનો છોકરો હતો એ?' બીજા એક આધેડ વયના ગૃહસ્થે પૂછ્યું. એના ગળામાંથી ઘાંટો ઘસઈને પેચાઇને બહાર નીકળતો હતો.

'કાસમા ઘાંચીનો. નામ રમઝાન. દેશાવરથી આવ્યો છે હમણાં.'

'કાસમા પાસે તમારું કંઈ લેણું તો નથી ને હેમાણી?' એમ પૂછતાં પેલા બુઢ્ઢાએ મોં મલકાવ્યું.

'દુકાની યે નહિ.'

'તયેં તો ભા! કહું છું કે આ વાતને આંહીં જ દાબી દેજો: નાહક ઊંઠ પાણા પગ પર કરીશ મા.'

'તો ભલે. માજનનું આથમી ગ્યું માનશું. ઈ સુવાળો જીવ, વાંભ એક પૂરો, આગમાં કેવો સસઝો હશે, એ વિચારે જ હું તો કળકળું છું. પણ હવે કાંઈ નહિ. માજનનું જોર ગ્યું. પાણી ગ્યું. ક્યાં એ વખત ને ક્યાં આ કાળ! પેટીમાં નાખીને પરમાટી પરગામથી સંતાડી લાવનારને એક જણને માટે પણ જે માજને હોલ મેમણ કોમને હલબલાવી મૂકી'તી ને ગાડી મગાવી'તી, તે જ માજન આજ ચૂં કે ચાં કરી શકે નહિ, એવી વેળા આવી ગઈ. કાબે અરજણ લૂંટિયો, ઓઇ ધનુષ ઓઈ બાણ, આ એના જેવું થ્યું.'

બીજા બે જણા, જે ચૂપ હતા તેમાંથી એકનું શરીર સળવળ્યું. બુઢ્ઢાએ એને પુછ્યું, 'કાં નાગર, તારે કાંઈ કહેવું છે?'

'આપણે કાંઇક એવું કરીએ, કે સરપ મરે નહિ ને લાકડી ભાંગે નહિ.'

'શું? તું જ કહે.'

'કાસમાની વઉને છાતીમાની તેડાવી કપડા દેવો, એટલે એને ખબર તો પડે કે આ કૃત્યોને આપણે જાણીએ છીએ, પણ મોટે દિલે એ બધું નભાવી લઇએ છીએ.'

'એ વાતમાં કાંઈ માલ નથી નાગર!' બુઢ્ઢાએ કપાળે ફરી હાથ ફેરવતાં ફેરવતાં જણાવ્યું: 'ઈ ભલી હશે તો પાલવ પાથરીને કહેશે કે છોકરાને કશું કહી નહિ શકું બાપજી! ને જો બાંહી ચઈને બે ગરમ વેણ બોલી જશે, તો આપણી બીડી મૂડી ઉઘાડી પડી વા ખાશે. માટે હું તો કહું છું કે ભા! કાળને ઓળખો. કાળબળને પિછાણો, પેટના પાકેલા જુવાનને પણ કશું કહી શકાતું નથી, તો આને, દેશ આખામાં વીફરી બેઠેલાઓને શું કહી શકાશે? હજી શ્રાવણ મહિનો પાળે છે, ખાટકીની દુકાન રાજીખુશીથી ખોલવા રજા દીધી તે છતા ખોલતા નથી, ખાજ અખાજ જે કાંઈ કરતા હોય તે અદબ આમન્યા રાખીને કરે છે, ને વળી જુઓ પણ છે, કે આપણા માજનના જ કેટલા નબીરા ગરાશિયા ફોજદારની સાથે ગામડે જઈ જઈ કેવી ગોઠ ઉડાવે છે. માટે મૂંગા રહો તો ઠીક છે, ભરમ સચવાશે. બોલ્યું બહાર પડ્યું એટલે પછી હાઉ, વા ખાશે.'

ગરાશિયા ફોજદારની સાથે ગામડાંમાં દારુ-માંસની મેહફિલ ગોઠવનારા મહાજનના ગૃહસ્થોના નબીરાઓની વાતનો ઇસારો થતાં તો ત્રીજા જે ગૃહસ્થ તદ્દન ચૂપ હતા તેમનું શરીર તકીઆ પર એકાએક સંકોડાઈ ગયું. બુઢ્ઢા વેપારીએ એમની સામે તિરછી નજરે પણ જોયું નહિ.

પ્રકરણ અગિયારમું

મુર્દામાં પ્રાણસંચાર

સરપની હકીકત પર આ રીતે ધૂળ વાળીને પાંચે ગૃહસ્થો છેવટે ઊઠી ગયા. પણ હેમાણીના પેટમાં અળશિયાંની જેમ એ વાત સળવળતી રહી. એમના હોઠ ફફડ્યા વગર રહી ન શક્યા. ઠેર ઠેર એણે આ ઘટના વર્ણવીને 'સરપ કેવો સસડ્યો હશે!' એ કલ્પનાનું કરુણ ચિત્ર દોર્યું, અને માજનની પત ગયાનું કલ્પાંત કર્યું. એક દુકાને બેઠેલા બે ત્રણ જણના પગ પર ને ખભા પર થપાટો લગાવતે લગાવતે એણે કહેવા માંડ્યું: 'ઈ જમાનો ક્યાં, ને

ક્યાં આ જમાનો! વીશ વરસમાં તો માજને દીવાળું કાઢયું. તે દી' તો ફુલા શેઠનો હાકોટો હતો. પેશાબ છૂટી જાય પેશાબ! ઊભા મોલમાં ધણુખૂંટ, ચરતા તે દી' પણ ખેડુ લાકડી તો મારી જુએ! ચામડાં ચીરી નાખે ફુલો શેઠ. તે દી' તો ભૈલા–' (પાસેના એક જુવાનને સાથળ પર હથેળી મારીને–) તાજ્યા ફુલો શેઠ નક્કી કરે તે ટેમે નીકળે ને ટાઢા થાય. તે દી' તો દીકરા મારા! ગલૂડિયાનો પગ કચરાતો જો ગામની બજારમાં, તો પચીસ દુકાનદાર ઠેકડો મારીને હાટેથી ઊતરતા, ગાડાખેડુને ટાંટીએ ઝાલીને નીચે નાખતા, ઓલ્યો ભલેને પાઘડું ઉતારે, ભલેને બળદનો વાંક કાઢે, પણ પ્રથમ તો ઢીંકે પાટુએ ખોખરો કરતા ને પછી બે મણ જાર ચણતરે નખાવતા, આ ઈ જમાનો હતો મારા બાપ!'–કહીને વળી પાછું થપાટનું પૂર્ણવિરામ એક ત્રીજા સાંભળનારની છાતી પર મૂકયું.

'હવે એ જમાનો ન કહેવાય હેમાણી કુવા!' નવા જ કટનું જવાહર જાકીટ જીવનમાં પહેલી જ વાર (કારણ કે એના બાપાનું મરણ થયું હતું) સીવડાવીને પહેરી આવેલા જુવાને પુવાને, ઉશ્કેરવા માટે જ જાણે કહેતો હોય તેમ કહ્યું: 'ફુલા શેઠ જો આજ હોત ને કુવા, તો એનેય સમસમીને બેસી રહેવું પડત. ઠીક હવે, તે દી' નાના મોટા અમલદારોને હારતોરા પહેરાવીને અમે માજનને પૈસે કે અપાશરા દેરાસરને ખરચે જોખમે વારપરબે અમલદારોને મીઠાઇના ખૂમચા મોકલીને ચલાવ્યું હતું મારા ભાઈ!'

'લે હવે રાખ રાખ ગગા!' હેમાણીને પણ, ભુવાને ઓતાર આવે તેમ ચાનક ચડી: 'મીઠાઈ યે દેવી પડે ને અનાજની ગુણો યે મોકલવી પડે. કારભાર ચલાવવા'તા! છોકરીની રમત નોંતી કરવી. હાકેમોને હાથમાં રાખવા જોવે ગગા!' એમ કહીને વળી પાછો એ જુવાનનો વાંસો થાબડયો. અને બીજો એક જણ આ વાર્તાલાપમાં નહોતો તેને પણ હડબડાવીને પૂછયું: 'ખોટું કહું છું મફતલાલ!'

મફતલાલ આગલા દિવસનું વાશી છાપું, એ દુકાનેથી જડી ગયું તેનું વાચન કરતા હતા. એની આંખો, વિશ્વયુદ્ધમાં ઊતરેલા જાપાનનાં એક પછી એક પરાક્રમને પકડતી હતી, અને એને ઓગીંતાનો આ હેમાણી શેઠનો હડદોલો વાગતાં એ બોલી ઊઠયા: 'લ્યો મારા શેઠ, રંગૂનને માથે વાવટો ચડી ગ્યો.'

'કોનો?'

'ચીબલાઓનો.'

'એનું શું છે અટાણે?'

'રૂનો સંઘરો તો રાખી મેલ્યો છે, ને પાછા અજાણ્યા થાવ છો!'

'રાખ્યો છે–તે ને મેં બેઉએ. પોક મૂકીએ બેય મેળા.'

'શા સારુ પણ?'

'કોણ કાકો પૂંભડાને ય સૂંઘશે જાપાન વગર?'

'પણ ઈ જ સૂંઘશે ને?'

'શી રીતે? સુલેહ થાય એવું લાગે છે?'

'સુલેહની શી જરૂર છે?' મફતલાલે, પોતે કશુંક અત્યંત ડહાપણભર્યું બોલે છે એવું પોતાને લાગે ત્યારે આંખ ઉલાળવાની ટેવ પ્રમાણે આ બોલતી વેળા ભમ્મર ભાંગ્યાં.

'એટલે?'

'સમજે તો તો હેમાણી શેના? અરે કાકા!'–(કાન પાસે હોઠ લાવીને)–'કહકતા, સીલોન ને મુંબઈ, ત્રણ લેતાં હવે શી વાર છે ઈ ઠીંગુજીને? અસ્તરો કાંઈ જેવો તેવો હાલે છે ટોજીનો?'–(જાપાનને યુદ્ધમાં ઉતારનાર વડા પ્રધાનનું નામ ટોજો. ને 'ટોજો', શબ્દનો અર્થ અસ્તરો થાય છે.) ઈ ત્રણ છેડા પકડયા પછી રૂની એકેય ગાંઠ મેલશે જાપાન? મોં માગ્યાં મૂલે ઉપાડશે–માગનારો જૂલે!' ને આપણું બંદર તો પેંલું પડયું જાણજો. એટલા સારુ તો રાજધાની ફેરવવાની વાત થાય છે.'

'તો તો તારા મોઢામાં સાકર દો ભૈલા મારા મારો તો જીવ–એંહ–આમ–' (હાથનાં પાંચે આંગળાં એકત્ર કરી ઉઘાડ બીડ કરતાં કરતાં) 'લબલબ થાય છે. જાપાન તો લડાઈમાં લલાંડ દયેંય નહિ પડે એવી આશાએ ગજા ઉપરવટ ગાંસડીયું ખડકી છે ભૈલા.'

'કાલા શીદ થાવ છો કાકા?' મફતે હેમાણીને ઉમામાં આંગળી ઘોંચીને કહ્યું: 'ત્રિલોકચંદજી જેવા મારાજને સાધ્યા છે તે ઢાંકયું રે' છે શું કોઇનું?'

'બોલ મા, બોલ મા મફા.'

'ખાવ મારી કાકીના સમ.'

'પત્યું. તને સાચે જ લાગે છે?'

'શું?'

'કે ચીબલા ઊતરશે?'

'પૂછો લધરચંદના દીકરાને. કલકતેથી ભાગી આવ્યો છે.'

'શું કહે છે?'

'કે સરકારે બંગાળ, આસામ બેઈ ખાલી કરવા માંડયાં છે. ઠેઠ બિહાર આવીને બેસશે. વચ્ચે કોઇ મોરચો જ નહિ, ને તાતાનગરને તો ફૂંકી દેવાની જ વાત નક્કી કરી છે.'

'ને ગાંધી બાપો?'

'ઈ એની ગતમાં જ રમતા હશે. વાંદરો ઠેક ભૂલે નહિ.'

'પણ મગનું નામ તો પાડ.'

'સુભાષબાબુને બહાર રવાના કરી દીધા છે શું સમજ્યા વગર?'

'કોણે માત્માએ?'

'બીજાની મગદૂર છે? બંગલામાંથી એક ફૂંક ભેળા અલોપ કર્યા.'

'ક્યાં?'

'જર્મન જાપાન પાસે. એ ત્યાંથી ત્રાગડો રચશે, ને આ આંહીંથી.'

'હળવે બોલ્ય હળવે.'

'અરે છાપરે ચડીને બોલીએ તો ય આંહીં કોણ બાપ પૂછે છે? સરકાર તો હાલકલોલ છે, ઈ બેટ્ટુ હવે હેમખેમ રહેવાનું નથી.'

'અંગ્રેજ શેનશાહ તો ભાગી ગ્યો ને?'

'હા, ઈ તો વેંલું આવે અમેરિકા!'

'એના નામનાં રેડીઆમાં ભાષણ કરાવે છે ઈ તો બનાવટ ને?'

'નરાતાર.'

'ત્યારે હવે સરકારી નાણાંનું શું?'

'કાગળિયાંના ટગલા! ડોઈ ડોઈને પીઓ.'

'મારી પણ ખૂબ થઈ છે કોઈ કેટલી જમીન હાથથી ગઈ! કેટલાં સોનાં! કેટલાં બિયાં! ખ્યાન જ ન રહ્યું. તારે ગળે હાથ.' કહેતેકને હેમાણી કાકાએ મફતલાલની ગરદન પર છૂરીની માફક પોતાના પંજાની ધાર ફેરવી.

આ એક જ દુકાને નહિ, પણ પ્રત્યેક હાટડે, ચોટે, મંદિરે, મારકાટે, ઠેકાણે ઠેકાણે, કાલોઘેલી, અલગારી, અને નખશિખ ક્ષુદ્ર સ્વાર્થની વાતચીતોથી ગામ ભરપુર હતું. બધાં ગામોની એ જ દશા હતી. લોકોની આંખો પાંચના આંકડા તરફ ધીમે પગલે ડચકાં ખાતાં ચાલ્યા જતા ઘડિયાળ-કાંટા તરફ મંડાઇ રહેતી. કેટલાયે કાન સ્ટેશનની દિશામાં તાર સાંધીને એકધ્યાન બન્યા હતા. મુંબઈની મેલગાડીને આવવાનો વખત થાય ત્યારે, બંધાણીને કસુંબાને ટાણે થાય તેમ ગામની નાડીઓ તૂટું તૂટું થતી હતી. રાંકાં અન્નક્ષેત્ર તરફ દોડે તેમ માણસો સ્ટેશન ભણી ચાલી નીકળતા, ભાડુતી ઘોડાગાડીઓ ત્રણ ત્રણ ફેરા કરતી, અને મુડદાલ ઘોડા વગર જીવે ફક્ત આદતના માર્યા જ દોડયા જતા. ઘોડા પટકાઈ પડીને જાન કાઢી નહોતા નાખતા તે જ એક આશ્ચર્ય હતું. પાંચ પેસેંજરને ખેંચતી ગાડી પર, આ કે તે ગલીએથી નાકેથી એકાએક પોલીસવાળો કે કારકૂન ચડી બેસતો. સર્વ માનવ-પ્રવાહો કેશવં પ્રતિ અર્થાત સ્ટેશનં પ્રતિ જતા હતા. કારણકે જીવન જેવું જો આ ગામમાં ક્યાંયે હતું તો તે સ્ટેશન પર, ટ્રેનો આવતી વખતના અરધા કલાકમાં હતું.

મફતલાલ અને હેમાણીકાકા પણ સ્ટેશન તરફ આવ્યા.

અળશિયાંના ટુકડા થાય અને એ છૂટા પડેલા ટુકડા પણ જેમ ચાલવા લાગે, તે રીતે સ્ટેશન પર આવેલી બેત્રણ ટ્રેનોના પણ ટુકડા પડી પડીને શન્ટીંગ એન્જીનોની પાછળ આમતેમ દોડયા જતા હતા. જે ગામમાં

જીવન ચોદિશેથી બંધિયાર હતું તે ગામનાં રહીશોને આ ટ્રેનોની તોડજોડ, એન્જીનના ફુંફાડા, ઉતારૂઓના ઘોંઘાટ, છાપાવાળાના ઘુમાટા અને સાસરવાસીમાં જતી સ્ત્રીઓનાં રુદન પણ ચેતનપ્રદ અને સ્ફૂર્તિપોષક હતાં. તેમાં સૌથી અધિક પ્રાણતત્ત્વ તો સ્ટેશનમાસ્તરની કચેરી પાસે પ્રકટયું હતું. જનપ્રવાહ ત્યાં ધસી પડયો હતો. ચાની કિટલીવાળા પણ ત્યાં થંભી રહ્યા. બેત્રણ ગાર્ડ, ચારપાંચ ટિકિટ–ચેકર, પોલીસો, વાણિયા, ઘોડીની મદદે ખોડંગતા ચાલતા ગામના વૈદરાજ, બે પાંચ વકીલો, વગેરેનાં છાંટણાંથી વિચિત્ર બનેલા એ ટોળામાં બે માથાંની ટોચ નીકળી હતી. મફતલાલ અને હેમાણીકાકા જ્યારે એ ગીચ ઘાટા માનવ–કુંડાળામાં કોણીઓ ભરાવી ભરાવી માર્ગ કરી આગળ પહોંચ્યા ત્યારે તેમણે જોયું, કે બેમાંથી એક હતા ભાનુશંકર ટી. ટી. ઈ. (ટ્રાવેલીંગ ટિકિટ એકઝામીનર, અર્થાત ટ્રેનમાં મુસાફરોની ટિકિટ તપાસનાર) અને સામે હતો એક કદાવર જુવાન, જેણે ખાખી એક ગરમ શર્ટ, લાંબું પાટલૂન, હોલબૂટ, માથા પર ખાખી ટોપી, વગેરેનો બનેલો લશ્કરી લેબાસ પહેરેલ હતો. એની છાતીએ બેત્રણ રંગોની મિશ્ર કંઇક ફીનપટ્ટી અને ખંભે કશાક અક્ષરોવાળું પીતળનું ચગદું પહેરેલું હતું. એની નાની નાની કાળી મૂછોના આંકડા છટાથી વળેલા હતા.

'પાંચ રૂપિયા, સાત આના ને ત્રણ પૈસા તમારે કાઢી નાખવા જ પડશે. ભલે તમે શહેનશાહ એડવર્ડ હો.' એમ કહેતા ટી. ટી. ઈ. ભાનુશંકર એને ખભે હાથ મૂકતા હતા.

'દૂર સે બાત કરો. અમ ચોરડાકુ નથી. આ દેખો અમારા પાસ, અમ મિલેટરી હે. લખી લ્યો અમારા કોન્ટોનમેન્ટ કમાન્ડીંગ કા નામ, ઓર ઉસકો તાર કરીને પુછાવો કે ફલાણા ફલાણા નંબરનો.....'

'એ વાત તમે અમારા રેલ્વેના ઉપરીને લખી જણાવજો ભાઈ, બાકી પૈસા તો કાઢી જ દો, રસીદ ખાસી મજાની કરી આપું છું.' ભાનુશંકરના હાથમાં પાવતી બુક હતી, અને એનું કોરું પાનું એણે સૌ દેખે એમ ખુલ્લું રાખ્યું હતું.

'અમ મિલેટરીના માણસ.' પેલો કદાવર આદમી મોટી શરારી પેઢીના પ્રતિનિધિની અદાથી, ભાનુશંકરના જેટલી જ ખામોશી રાખીને શાંત જવાબ વાળતો હતોઃ 'અમને રેલવાઇમેં કુલ હોલ ઇન્ડિયામેં ફરવાની છૂટ છે. દેખ લ્યો આ પાસ.'

'એમાં એવું કાંઈ નથી.'

'તો પુછાવો તાર કરીને, હું મારી રેજીમેન (રેજીમેન્ટ)નું ઠેકાણું આપું છું. નાશક દેવલાલી ફોર્ટી ફાઈફ મદરાસી રેજીમેન, ઉસકા કમાનીંગ સાબ હે બૂચર સાબ.'

'બૂચર જ છોને બધાય. તે વિના આ ખાટકી વેડા.....' ભાનુશંકરે બૂચરનો અર્થ કરતાં બધા હસી પડયા. 'ઠીક પણ, હવે તો જે કહેવું હોય તે સ્ટેશન માસ્તર સાહેબને કહો.'

સ્ટેશન માસ્તર આ તબક્કે વચ્ચે રજૂ થયા. તેમણે એકડે એકથી પુછયું: 'શું છે?'

ભાનુશંકરે કહ્યું: 'હેડ જેતલસર જંકશનથી મેં આ ગૃહસ્થને ડિટેક્ટ કર્યો છે. કહે છે કે આવું છું જામનગરથી, ને જાવું છે નાશક. પુછયું કે તમારો પાસ તો વઢવાણ જંકશન પર થઈને જવાનો છે. તો કહે છે કે મારે આ જેતલસર–ઘોળા રસ્તે જવાની મરજી છે. મેં કહ્યું કે એ ન ચાલે, એકસેસ ચાર્જ કર્યો, તો કહે છે કે ન દઉં, મિલિટરી છઉં.'

'બેશક છઉં.' પેલાએ મૂછ આમળી.

'પણ તમારા જેવા તો, બાપલા! મારે પનારે રોજના પંદર વીશ પડે છે. ઈ બધાય તમારા જેવા જ મિલેટરી! ને બધાય વિધાઉટ ટિકિટ: પુછીએ તો બધાય કહેશે, કે તાર કરો ફલાણી ફલાણી રેજીમેન્ટ પર.' ભાનુશંકરને એ બધું બોલવામાં દૂધપાકના સબડકા ભરવા જેટલો સ્વાદ આવતો હતો.

'તમે ક્યાંના છો ભાઈ?' સ્ટેશન માસ્તરના એ પ્રશ્નના જવાબમાં મિલિટરીવાળાએ કોઈ એક ગામડાનું નામ આપ્યું.

'કેવા છો જાતે?'

'સીપર.'

'ઈ વળી શી જાત?'

'દેખ લો આ પાસબુક.'

[અનુસંધાન પૃષ્ઠ ૫૫ પર]

हिमालयनुं आकर्षण

काका कालेलकर

મારો 'હિમાલયનો પ્રવાસ' વાંચીને સંતોષ બતાવનાર અને ઉત્સાહમાં આવનારા નવયુવકો ઘણા છે. પણ એ ઉત્સાહ ટકાવી મુસાફરીએ ઊપડનારાઓની સંખ્યા તેટલી નથી. તેમાંયે હિમાલયની ઉત્તરાખંડની યાત્રાએ ઊપડનારા કેટલા હશે? અને એ યાત્રાએ જઈ આવ્યા પછી એનું વર્ણન લખી કાઢવાનો ઉત્સાહ કોણે બતાવ્યો છે?

તેથી ત્રીસ પાંત્રીસ વર્ષ પહેલાં કરેલાં મારા પ્રવાસ પછી એજ સ્થાને હમણા જઈ આવેલા એક નવયુવકના પ્રવાસનું વર્ણન વાંચતાં મને આનંદ થાય એ સ્વાભાવિક છે.

પોતે કરેલી તીર્થયાત્રા હો કે જીવનયાત્રા હો એનું પાછું સ્મરણ કરાવનાર વસ્તુમાં સહેજે આત્મીયતા ઉત્પન્ન થાય છે. જે દેશમાં આપણે જઈ આવ્યા હોઈએ એ દેશમાં બીજા કોઈ જઈ આવ્યા હોય તો સમાન અનુભૂતિને કારણે તે વ્યક્તિ પણ પરિચિત હોય એમજ આપણને લાગવા માંડે છે.

આવો પહેલવહેલો સમૃદ્ધ અનુભવ મને કરાવ્યો હતો ભાઈ સુંદરમે. દક્ષિણની યાત્રા મેં અનેકવાર કરી છે. કેવળ યાત્રાની દૃષ્ટિએ નહિ, કેવળ કુદરતની સુંદરતા અને ભવ્યતા નિહાળવાની જ દૃષ્ટિએ નહિ, પણ સમાજસેવાની દૃષ્ટિએ પણ મેં દક્ષિણની યાત્રા અનેકવાર કરી છે. અને તેથી જ શ્રી સુંદરમનું "દક્ષિણાયન" વાંચતા મને અનેરો આનંદ મળ્યો હતો.

શ્રી સુંદરમનું વ્યક્તિત્વ સંસ્કાર સમૃદ્ધ છે. એમની ચોપડી વાચતા વિવિધ રસો જાગૃત થઇને સંતોષ મેળવે છે.

ઉત્તરાખંડની યાત્રાના અનેકવિધ વર્ણનો વાંચવાને મળશે એવી આશા તૃપ્ત થવાનો એક સરસ પ્રસંગ મને સાંપડયો હતો. પણ સરકારની કઠોરતાએ વિઘ્ન આણ્યું. કરાંચીવાળા શ્રી ડુંગરશી ધરમશી સંપટે હિમાલયનો પ્રવાસ લખી મારી પાસેથી એની પ્રસ્તાવના માગી હતી. એ બહાને એમના જેવા વ્યવહારકુશળ સૂક્ષ્મદર્શી સાહિત્યકાર જોડે હિમાલયનો પ્રવાસ ફરીવાર કરતાં મને આનંદ આવત. પણ મારે જેલ જવું પડ્યું અને શ્રી સંપટની ચોપડી મારી પ્રસ્તાવના વગર પ્રગટ થઈ.

મારા અનેક સ્નેહીઓએ મને અનેકવાર ઉત્તરાખંડની એ યાત્રા ફરીવાર કરવાને માટે અને પોતાને મારી સાથે રાખવા માટે મને લલચાવ્યો છે. પણ હું એ બધાને કહું છું કે હિમાલયમાં ફરીવાર જાઉં તો પાછો આવીશ એવી મને ખાત્રી નથી. સ્વરાજ્ય મેળવવાનો સંકલ્પ ઉત્કટ હતો એથી જ એકવાર પાછો આવી શકયો. હવે એ સ્વરાજ્ય સંકલ્પ એટલો જ ઉત્કટ હોવા છતાં પહેલાની શક્તિ હવે રહી છે કે કેમ એ વિષે શંકા છે. અને એથીયે વિશેષ પોતાની સેવાશક્તિની મર્યાદાનું જે ભાન તે વખતે ન હતું તે હવે ઠીક ઠીક વધ્યું છે; અને ઊંડુ થયું છે. તેથી મારા વગર કાંઈપણ અટકવાનું છે એમ હવે લાગતું નથી.

હિંદુસ્તાનની સંસ્કૃતિ અને હિંદુસ્તાની ભાષાના પ્રચારનો વેગ મારા ઉપર જબરજસ્તપણે સવાર ન થયો હોત તો કયારનો ય હું હિમાલય પહોંચી જઈ નિવૃત્તિ મ્હાણતો હોત.

યુવકોને જેમ હિમાલય પ્રેરણાદાયી ગુરુ છે તેમ થાકેલા આત્માઓને છેલ્લો વિશ્રામ આપનાર પિયર છે. આજે હિમાલયમાં જાઉં તો પાછા આવવા જેટલો કોઇ સમર્થ સંકલ્પ મારી પાસે નથી.

નિવૃત્તિ એટલે આળસકે આરામનું જીવન એમ તો મેં કોઈકાળે માન્યું જ નથી. શ્વાસ ચાલે છે ત્યાંસુધી એ સેવા માટે જ ચાલવો જોઇએ એજ આપણો ધાર્મિક આદર્શ છે. અનેક લોકોના સંપર્કમાં આવવું, સંસ્થાઓ ઊભી કરવી, ચલાવવી, ભાંગી નાખવી અને નવી નવા મંડાણ ઉપર ચણી કાઢવી એ કડાકૂટ અમુક ઉંમર સુધી જ માણસને પોષક હોય છે. ત્યારપછી અરતિ જન-સંસદિ વાળી વૃત્તિ વધવા માંડે છે. એવી સ્થિતિમા ઉત્સાહભંજક થઇને સમાજમાં રહેવા કરતા ઓછું

વધતું એકાંતનું જીવન ગાળવું અને એ સુરક્ષિત સ્થાનેથી સમાજની સેવા કરવી એજ નિવૃત્તિનું સાચું દર્શન છે.

એ નિવૃત્તિ માટે તૈયાર થયેલા માણસને માટે હિમાલયનું આમંત્રણ આકર્ષક હોય. એકવાર એનો સ્વીકાર કર્યો તો પછી માણસ પાછો આવે નહિ.

હમણાં હમણાં હરિદ્વાર, દહેરાદૂન, વગેરે ઠેકાણે જઈ આવ્યો છું. આસામની પહાડી ગ્રન્થિઓમાં ખૂબ રખડયો છું. કરશિયાંગ, દાર્જીલિંગ, કાલિંગપોંગ વગેરે સૌન્દર્યધામો જોઈ આવ્યો છું. તેથી હિમાલયનું પ્રેમભર્યું આમંત્રણ કાને પડયું છે પણ એ જ કારણે હવે સંતપુરુષોનું ચૈતન્યધામ ઉત્તરાખંડ તરફ જવાની હિંમત થતી નથી.

જ્યાં જવાતું નથી ત્યાંનું વર્ણન કોઈને મોઢે સાંભળવાને મળે તોયે હૈયામાં આનંદની ઊર્મિ ઊછળે છે. આવી સ્થિતિમાં એક અજાણ્યા યુવકે પોતાની 'હિમાલયની ઝાંખી' હસ્તલિખિત રૂપમાં મારાપર મોકલી દીધી. પ્રસ્તાવના લખવાનો મારો ઠેકો તો છે જ. એટલે એ ચોપડી જોયા વગર જ હા પાડી દીધી.

ભાઈ તુનારા ઊગતા લેખક છે. પ્રસ્તુત પ્રવાસવર્ણન એમની પહેલીજ કૃતિ છે. કસાયેલા કલમની શાંતિ એમની પાસે ભલે ન હોય પણ પોતાની શક્તિનું પહેલી જ વાર ભાન થતાં જે ઉત્સાહ અને આત્મવિશ્વાસ જાગે છે તે એમની શૈલીમાં જરૂર દેખાઈ આવે છે.

જે પ્રદેશમાં મેં પ્રવાસ કર્યો એજ પ્રદેશમાં, લેખકે પ્રવાસ કરેલો હોવાથી એમને પણ મારા જેવા અને મારી ચોપડી વાચ્યા પછી જ અનુભવો થાય એ અપરિહાર્ય હતું. દરેકની અનુભૂતિ મૌલિક હોવાથી દરેકનું વર્ણન મૌલિક હોવાનું જ. વર્ણનમાં કે કલ્પના વિહારમાં બીજાનું અનુકરણ દેખાશે એ બીક સ્વાભાવિક ઉદ્ગારો ટાળવા એમાં કદાપણ નથી. દુનિયાભરના કવિઓએ સૂર્યોદય અને સૂર્યાસ્તના વર્ણનો લખ્યા છે. એમાં સામ્ય ન દેખાય તો જ નવાઈ. બીજાઓએ શું શું લખ્યું છે તે જોઈને તેટલું જ ટાળીને કોઈ નવું જ લખવાનો કોઈ જાનપૂર્વક પ્રયત્ન કરે તો એના લખાણમાં એ કારણે કૃત્રિમતા અને અસ્વાભાવિકતા આવી જવાની. મૌલિકતા વસ્તુની અપૂર્વતામાં રહેલી નથી હોતી. પણ લખાણ જાત-અનુભવમાંથી, અંતઃસ્ફૂર્તિમાંથી નીકળેલું હોય તો તેમાં સંપૂર્ણ મૌલિકતા છે એટલો વિશ્વાસ રાખવો જોઈએ.

લેખક કહે છે, "સૃષ્ટિસૌંદર્ય અને માનવ સૌન્દર્યનો દ્રષ્ટા ફક્ત હું જ!" હિમાલયનો પહાડો નદીઓ, બરફના ચોસલાઓ અને વાદળો જોઈને જેમ એ પ્રભાવિત થાય છે તેમ હિમાલયની લાવણ્યવતી બાળાઓ જોઈને પણ એ મોહિત થાય છે. પણ શુભસંસ્કારી હોઈ એમણે એ આકર્ષણ સંયમની લગામની અંદર જ રાખેલું છે. ખાસ કરીને સંન્યાસધર્મને પુષ્ટ ન બનાવે તેવી રસિકતામાં પડેલા 'સ્વામીજી'ના સહવાસમાં હોવા છતાં લેખક સંયમ જાળવી શકે છે એ વિશેષ છે.

ભારતીય સંસ્કૃતિના દર્શને ઉપડેલા નવયુવકને પ્રથમારંભે જ ઋષિકુમાર અને મહંતજીના સ્વામીજીના દર્શન થાય એ દુઃખની વાત છે, પણ એ બેને પોતાના પ્રવાસ વર્ણનમાં સ્થાન આપવાનું લેખકને ઉચિત લાગ્યું એ ઉપરથી એમ જ કહેવું પડે છે કે આવો દોષ સમાજમાં વધવા લાગ્યો છે એટલું જ નહિ પણ આધુનિક 'સંસ્કૃતિ'ના સડામાંથી જે હિમાલય હજારો અને લાખો વર્ષથી બચી ગયો હતો તે પ્રવાસની સગવડો વધતાં નવી દુનિયાના હલકા આકર્ષણોનો શિકાર થઈ પડયો છે. તે સાંભળી દુઃખ થયા વગર રહેતું નથી. બાબા કાલીકમલીવાળાએ યાત્રીઓની સુખાકારી વધારી પરોપકાર કર્યો છે એ વિશે શંકા નથી. પણ ધાર્મિક તપશ્ચર્યાની સાધનાને એમણે રહેલી અને મેલી કરી નાખી એમ પણ એની સાથે કહેવું પડે છે. જ્યાં મોટરો પહોંચી છે, પોસ્ટ અને તાર-ઓફિસો ખુલી છે, ગ્રામોફોન જ્યાં બરાડા પાડી શકે છે અને એરોપ્લેઈન પણ જ્યાં ઊતરી શકે છે એ સ્થાન તપોભૂમિ તરીકે કેમ ઓળખાય, હવે તો એ જગ્યાએ પાંચ દસ હોટેલો ખોલવાનું બાકી છે. ચા-ઘરો પાસે મૂકી થઈ નથી, નહીંતો હોટેલોને સ્થાપતા વાર નહિ લાગે. તેટલું થાય એટલે જમનોત્રી, ગંગોત્રી કેદાર અને બદરીને ઠેકાણે ગુલમર્ગ, સીમલા, દાર્જીલિંગ અને નૈનિતાલ જેવા વિલાસ સ્થાનોજ હિમાલયનું વૈભવ ગણાવા લાગશે.

આશા એટલી જ છે કે માણસનું વિજ્ઞાન અને એની વિલાસિતા હિમાલયને પાદાક્રાંત કરે તે પહેલાં માણસની માણસાઈ જાગ્રત થશે અને માણસને 'જાગ્યા ત્યારથી સવાર' એ ન્યાયે પોતાનું આખું વલણ ફેરવવાનું સૂઝશે. જેમ છેલ્લું મહાયુદ્ધ હિંદુસ્તાનને કિનારે આવતાની સાથે ઓલવી ગયું તેમ જો આધુનિક 'સંસ્કૃતિ'નો નશો હિમાલયને કિનારે અને એક બે ટોચે પહોંચતાની સાથે ઓસરી જાય તો તે ઇશ્વરની મહાન કૃપા ગણાશે. હિમાલય હિમાલયજ રહેવો જોઇએ. જેમ હિમાલયની હવામા શુદ્ધ ઓઝોન મળે છે તેમ હિમાલયના વાતાવરણમા માણસ જાતને આધ્યાત્મિક સંસ્કૃતિનો ઓઝોન મળતો રહેવો જોઇએ. વટલાયેલી દુનિયાને હિમાલય પાવન કરી શકે છે. હિમાલય જો વટલાય તો એને પાવન કરવા માટે ક્યા સ્થાને જઇશું? સહરાની મરુભૂમિમાં? કે સમુદ્રને તળિયે?

જેમ લાગણીઓનું સ્થાન હૃદય મનાય છે, બુદ્ધિનું સ્થાન મસ્તિષ્ક ગણાય છે તેમ માનવ જાતિના આત્માનું સ્થાન હિમાલય છે. માનવસંસ્કૃતિનો પ્રાણ જો કોઈ ઠેકાણે વિશેષરૂપે સ્ફુરતો હોય તો તે હિમાલયમાં છે. જ્યાં માનવો રહેતા નથી ત્યાં માનવી સંસ્કૃતિનો પ્રાણ કેમ વસી શકે તેવી શંકા આણવાનું કારણ નથી. આપણી આંગળાની વીંટીનો ગુરુત્વમધ્ય વીંટીમાં નથી હોતો પણ વીંટીથી ઘેરાયેલા આકાશ અથવા મોકળાશની અંદર હોય છે, એવી જ રીતે માનવજાતના આદ્ય ઋષિમુનિઓએ જે સ્થાને ધ્યાન કર્યું અને આજના સર્વોત્તમ માનવ હિતચિંતકો અને મહાત્માઓ જે સ્થાને ધ્યાન ધરે છે તે હિમાલયજ માનવજાતિના આત્માનું મર્મસ્થળ ગણાવું જોઇએ.

હિમાલય અનેક નદીઓને જન્મ આપે છે. હિમાલયમાં બરફમાંથી ઓગળેલા પાણી અનેક સ્રોતો દ્વારા વહે છે, તે નદીઓ અને એ સ્રોતો ગગનચુંબી વૃક્ષોનો મહા અરણ્યોને પોષે છે. એ વૃક્ષો દ્વારા અને એ નદીઓના નીર દ્વારા માણસને વિવિધ સમૃદ્ધિ મળે છે. પણ જ્યાં હિમાલયના શિખરો આકાશ સાથે વાતો કરે છે ત્યાં નથી રહી શકતા મનુષ્યો, નથી ઊગી શકતા મહાવૃક્ષો, વનસ્પતિઓ અને લતાઓ. ત્યાં નથી વહેતી નાની કે મોટી નદીઓ. ત્યાંતો ફક્ત એકાંત હોય છે. આકાશ ધુમ્મસથી ઘેરાયેલું હોય છે અથવા સૂર્યકિરણોથી પ્રજ્વલિત થએલું હોય છે. ત્યાં નથી હોતી સંસ્કૃતિ, ત્યાં નથી હોતી સમૃદ્ધિ, નથી હોતી વિવિધતા અને નથી હોતી માનવોચિત કોઇ ચિંતા. ત્યાં હોય છે ફક્ત અનવરત ધ્યાન, મનવગરનું મનન અને શુદ્ધ ચૈતન્યનું પૃથ્વી ઉપર અવતરેલું સનાતન સ્ફુરણ.

એટલા માટે જ હિમાલય મહાદેવનું ધ્યાન-ધામ કહેલું છે. યોગીઓનો રાજા, તપસ્વીઓનો આદ્યગુરુ અને અનાસક્ત સાધક સિદ્ધોનો મૂળપુરુષ, ભગવાન મહાદેવ અહીં ધ્યાન કરવા ન બેસે તો હિમાલયની પુત્રી-પર્વતની સમૃદ્ધિરૂપિણી પાર્વતી પોતાનું જનહિતનું કાર્ય ઉત્સાહભેર કરી જ ન શકત. મહાદેવનું ધ્યાન જેટલું ઊંડુ તેટલીજ અઘટિત-ઘટના-પટીયસી! પાર્વતીનો લીલા વિસ્તાર વિશાળ અને સનાતન.

વિમાનમાં બેસી જો આકાશમાં પૂરતા ઊંચે જઇએ અને હિમાલય આખો ને આખો જોઈ શકીએ તો બરફથી ઢંકાયેલી એ ઉંચી પર્વતશ્રેણી મહાદેવના ભાલ પ્રદેશે બીરાજતી તૃતિયાની ચંદ્રલેખા જેવીજ લાગે. ફરક એટલો જ કે બન્ને બાજુ કોર પાતળી અણીયાળી હોવાને બદલે ગ્રીક અક્ષરોની પેઠે ગોળ મરોળ દેખાશે.

જૂના લોકોએ હિમાલયના ઊભા પાંચ વિભાગ કર્યા છે. જોયેલી બાજુ માંધાતા અને આ બાજુ શિવાલિક જેવી હારમાળ ગણી લઇએ તો હિમાલયના ત્રણ કે ચાર આડા વિભાગ ગણી શકાય. હવે આકાશયાનની સગવડ થયા પછી અનુકૂળ સમયે ઉપરથી હિમાલયને અનેકવાર આડા અવળા જોઇને એ દરેક પ્રમાણે હિમાલયના નવા જ વિભાગ બનાવી શકાય. કોઈ સાહસી હિમાલયપ્રેમી વ્યોમયાત્રીનું એ કામ છે. આજે તો હિંદુસ્તાન અને ચીન વચ્ચે લડાઇના સામાનની લે આણ કરનારા અમેરિકન વૈમાનિકો ઉત્તરપૂર્વ તરફના હિમાલયને 'હંટની ખૂંધ કે ઢેકા' સાથે સરખાવી એને 'THE GREAT HUMP' કહે છે.

આપણા દેશના લોકોએ હિમાલયના જે વર્ણનો કર્યા છે તેને વિષે મને ભારે અસંતોષ રહેલો છે. મારા વર્ણનો પણ એમાં અપવાદ નથી. આપણે કોઈ બગીચામાં ગયા હોઇએ અને અંદરના ફૂલોના વર્ણન

કરતા એટલું જ કહીએ કે 'જાત જાતના ફૂલો ત્યાં વિકસેલાં હતાં; તમામ રંગોના ફૂલો હતાં. એની સુગંધોથી હવા મહેકતી હતી કે મઘમઘતી હતી. ફૂલોની સુગંધોને કારણે ભેજામાં કેફ ચઢતો હતો અને ફૂલો ઉપર નાચતા પતંગિયા વચ્ચે ભળીને પોતે પણ પતંગિયો થઈ જવાનું મન થતું હતું ઇત્યાદિ. તો તે વર્ણન સરસ ગણાય ખરું. પણ એ ઉપરથી એમ નહિ લાગે કે ફૂલોની સાથે આપણો વ્યક્તિગત પરિચય છે. સાચા ફૂલ પ્રેમી હોઇએ તો ગુલછડીનું વર્ણન નોખું જ કરીએ, ગુલાબનું વળી નોખું, નાજુક શરમાળ જાઈ જૂઈ ચંમેલીનું વર્ણન જુદું અને આત્મવિશ્વાસી મોગરા અને ચંપાનું વર્ણન જુદું. રાતરાણીનું વર્ણન એવું તો થવું જોઈએ કે ઊંઘણશી માણસ પણ ઉન્મત્ત બની જાય અને વર્ણનની છટા પણ એવી ઝીણી હોય કે આંબાનો મોર, મેંદીની ફોરમ અને રાતરાણીનો ઉભરો ત્રણેની મહેકનો સૂક્ષ્મ-ભેદ આબાદ પ્રગટ થવો જોઈએ. વધારે પડતા પાકેલા સફરજનની ગંધ અને લીલા ચંપાની ગંધ વચ્ચેનો ફરક જો વર્ણનોમાં પ્રગટ ન થાય તો આપણે વર્ણન શું કર્યું? એક ગંધ મંદ છે તો, બીજી ઉન્માદક છે. બન્ને માટે એકજ પ્રકારના શબ્દો ન વપરાય.

હિમાલયની અસંખ્ય ખીણોનું પણ એમ જ છે. ભગીરથ રાજા ગંગા આણવા માટે હિમાલયમાં એક આખો જન્મારો રખડતો રહ્યો એની આગળ જો કોઈ ખાસ ખીણનું વર્ણન કરો તો એ તરત કહી શકે, 'હા, હા એતો અમુક અમુક બે શિખરો વચ્ચેની ખીણનું જ વર્ણન છે.' ફોટો જોઇને જેમ તમે કહી શકો કે આ શેષનાગની ખીણ છે. આ તીસ્તા નદીની ખીણ છે. આ મંદાકિનીની છે, જ્યારે આ નંદાકિનીની છે. આ હરમુખ પર્વત છે, જ્યારે આ ગૌરી-શંકર છે. આ નંદા છે અને આ નંદાકોટા છે. તેમજ તમારા વર્ણનો પરથી માણસે પારખી લેવું જોઈએ, વાત કયાંની ચાલે છે. ચંચળવૃત્તિ ધૂર્ત-માણસના ચહેરાનું વૈયક્તિક વર્ણન જો થઈ શકે છે તો આર્યવૃત્તિ શમપ્રધાન હિમાલયના વિધવિધ ચહેરાનું નોખું નોખું આબાદ વર્ણન આપણને કેમ ન મળે? ચંદ્રપરના પહાડ, ખીણો અને સૂકા સાગરોનું વર્ણન જો આપણને વિગતવાર મળી શકે છે તો હિમાલયના શિખરો, ખીણો સરોવરો હિમનદીઓ અને જળ-નદીઓના આબેહૂબ વૈયક્તિક વર્ણનો આપણને કેમ ન મળે?

અને મહાદેવનો હિમાલય હંમેશા એકજ રૂપ ધરીને બેસે છે એમ થોડું જ છે. હિમાલયમાં રેલસંકટો બે વાર આવે છે. ઉનાળામાં અને ચોમાસામાં. વાદળાના તોફાન અને કરાનો મારો તો ગમે ત્યારે પોતાની લીલા વિસ્તારી શકે છે, ગાંડા માણસની સ્મૃતિ જેમ ઘડીકમાં તાજી અને ઘડીકમાં ગુંગળાયેલી થઈ જાય છે તેમ હિમાલયની હવા ઘડીકમાં સાફ અને ઘડીકમાં ધુમ્મસથી ઘેરાયેલી બને છે. કોકકોકવાર હવામાં વિચિત્ર ફેરફારોને લીધે મેઘગર્જના જેવા અવાજ થવા લાગે છે. ઇન્દ્રધનુષો તો એટલા બધા વિવિધરૂપો ધારણ કરે છે કે એ જોઇને જ સ્વર્ગના ગાંધર્વો આ પ્રદેશમાં વસવાટ કરીને રહેતા હશે.

આતો થયા નિરીક્ષકને નજરે અને કાને પડતા બનાવો. સૌન્દર્યપિપાસુ કવિઓ અને કળાકાર હિમા-લયમાં શું નથી જોતા? અને એ કવિઓ જો કુદરતના હૃદયને પારખી શકતા હોય તો હિમાલયની નદીઓ અને ખીણો, તેના હિમ ભાગો અને વનસ્પતિઓ પશુપક્ષીઓ અને ઘસાઇને ગોળમટોળ થએલા પથ્થરો માણસ સાથે શી શી વાતો નથી કરતા! હિમાલય દુનિયાના પર્વતોમાં ઉંમરે ભલે સૌથી નાનો હોય પણ એની પાસે લાખો વર્ષનો ઇતિહાસ નોંધેલો છે. એ ઇતિહાસ જ્યારે બોલે અથવા બોલે ત્યારે એ સમજવાની શકિત આજે માનવીઓમાં કોની પાસે છે!

હિમાલયની પાર્થિવ સરહદ હજુ બરાબર થઈ નથી ત્યાં હિમાલયની આત્મિક સરહદની વાતજ કયાં કરવાની? એને માટે અનેક કાવ હૃદયોએ સાધના કરી કરીને આધ્યાત્મિક ત્રિકોણમિતિનો આવિષ્કાર કરવો જોઈએ. એ ત્રિકોણમિતિ હાથ આવ્યા પછી હિમાલયનું ગૌરવ અને હિમાલયનું કાવ્ય, હિમાલયનું માહાત્મ્ય અને હિમાલયનું આધ્યાત્મ બધું જ ક્રમશઃ માણસને માટે પ્રગટ થશે.

એ બધું મેળવવા માટે પણ એ નગાધિરાજ હિમા-લયની જ ઉપાસના અને પ્રાર્થના કરવી રહી [x]

વર્ધા,
તા. ૨૭ સપ્ટેમ્બર ૧૯૪૬ } કાકા કાલેલકર

---

[x] હિમાલયનું પર્યટણ : લેખક હિંમતલાલ તુમારા : થોડા વખતમાં પ્રગટ થનાર પુસ્તકની પ્રસ્તાવના.

મુક્તકો

ઉમાશંકર જોષી

યુગસન્ધિ

મનુજના હસતી ઇતિહાસને
પ્રગટતી ફરી આ યુગસન્ધિ જે,
ભરતકાવ્ય તમે ભણતા ભલે,
ગણીશ એહ સુમંગલ નાન્દી હું.

માનવીના ભૂખ્યા

છે માનવીની ભૂખ જેટલી મને,
હશે નહીં તેટલી યુદ્ધદેવને.

કોક

બારણાં બંધ હું જ્યારે કરું છું, ચિત્તમાં રહ્યું
કોક ત્યાં બોલી ઊઠે છે: 'કોણ બ્હાર રહી ગયું ?'

વિપક્ષી

પ્રભો ! વિરોધી રૂપે તું વિપક્ષે ઊભી શો હશે !
આ હૈયું જેવું ના મિત્રો ભણી, તેવું તહીં ધસે.

ફૂલ અને ફૂલ

કવિ કહે: બસ છે મારે ફૂલ
સુન્દરતા પીશું અણમૂલ.
ફિલ્સુફ કહે: ક્યારે સૌ દલ
ખરી રહે ને પ્રગટે ફૂલ ?

કવિતા

ઊર્મિ સ્થિર ગઈ શબ્દે ચૈતન્યે ધબકી રહે,
—કાવ્ય એને જ તો કહે.

સૂક્ષ્મ સ્પંદો—

કવિહૃદયથી ઊડયો તે તો ન શબ્દ વિરામશે,
સહૃદય જનો શોધી આત્મન્-ગુહા મહિં રાજશે.
દ્વિગુણિતરસે ત્યાંથી ભાવિકમે રમણે ચડે,
ઉર ઉર અહો સૂક્ષ્મસ્પંદો તણા પડઘા પડે.

દુનીઆ

કેવી છે રે આ
દુનીઆ !
જાણે મા !
લાડ લડાવે
મોટા ભાવે
અંક હુલાવે !
કરે ખમા–ખમા !

ખરી છે ને આ
દુનીઆ !
ઓ રે મા !
હૈયું શારે;
પાલે મારે,
પડો વખારે !
એને શી તમા—તમા ?

જીવનજમના

સપનાંનો વાણો,
ને સ્નેહનો તાણો,
બેનું ગૂંથેલું જીવન જાણો !
આ કાંઠે રમણા !
ને પેલો ભ્રમણા ?
વચ્ચે વહ્યાં જાય જીવનજમના !

કર્તવ્ય !

મધ્યાહ્નને ક્ષણાર્ધ ઘંભી
રવિ જાણે સોચે સ્હેજ :

સરખું છે બંને બાજુ,
ચાલો ત્યારે પશ્ચિમે જ.

પ્રણય અને વિરહ

પ્રણય જીવનગીત તણો જ 'સા',
વિરહ છે 'સમ' એ વળી ગીતનો.

સદય દુનિયા

કરી લો પ્રણય,
ભરી લો હૃદય,
સદય આજ દુનિયા છે.

નથી કોને વ્હાલું–

નથી કોને વ્હાલું થઈ જ પડતું સુંદર મુખ ?
વિચાર્યું કોણે કે
મુખે પોતાને યે રચ્યું શુભમુખી–ચિત્તનું
સુખ ?

સ્હેલું મને સૂઝી ગયું–

તે તો રહસ્યો શોધતા ચશ્માં ચઢાવી ગ્રંથમાં,
ને કેં ન જડયું તો યે નવા ગૂંથી ભળ્યા એ
પંથમાં.

સ્હેલું મને સૂઝી ગયું, ચશ્માં ફગાવી માર્ગપર
બેસી ગયો, જોઈ રહ્યો જનમુખો બસ
આયુષ્યભર.

કૃતાર્થ

જાણું છું છે કેક જણ જે ગણે દિન સારો
ગયો
બેચાર સુમુખી મળ્યે,ને સ્મિતશબ્દવિનિમય
જો થયો.
દર્શને પણ તે પ્રસન્ન. વિષણ્ણ વદને હું ફરું;
પથરો ય જો નિજ હૃદય ખોલે, દિવસ–!
રે ! જિવતર— !
કૃતાર્થ થયું ગણું.

મછવો

હૈયાની સૌ લાગણીનાં તુફાન
પીંખી રહે છે નિત ચિત્તના શઢો.
સંકલ્પનું ત્યાં દૃઢ છે સુકાન,
શ્રદ્ધા અગે છે ધ્રુવ વ્યોમદીવડો.

સંસ્કૃતિ

ખંખેરી ફેંકી દે વૃક્ષ પાંદડાં, ના કદી થડ;
રૂઢિઓ ખરતી રુક્ષ, ટકી રૂહે સંસ્કૃતિવડ.

[તરતમાં પ્રગટ થનાર 'આતિથ્ય'માંથી]

માનવીનું મન

શરદિન્દુ બંદ્યોપાધ્યાય

અનુ. રમણીક મેઘાણી

લડાઈને કારણે મુંબઈમાં બંગાળીઓ ઘણા વધી ગયા છે. આગળ હતા તે કરતાં લગભગ ચાર ગણાં હશે. ત્રણ વર્ષ પહેલાં પણ મુંબઇમાં માર્ગે ચાલતા ગુજરાતી–મરાઠી ને પારસી–ગોવાનીઝોનાં જનારણ્ય વચ્ચે એકાએક કોઈ સિંદુર-ભરી બંગાળી છોકરી કે ધોતી–પંજાબી પહેરેલો પુરુષ દેખતાંજ મન પુલકિત થઈ ઊઠતું, પરાણે વાતો કરવાનું મન થતું. હવે એ દિવસો નથી રહ્યા. હવે તો ડગલે ને પગલે હાફપેન્ટ ધારી–ઝડપથી ચાલ્યા જતાં બંગાળી જુવાનો નજરે પડે છે. જેવો અહીંનાં સ્થાયી વાસી છે તેઓ અગાઉની જેમ શહેરનાં ઉત્તરભાગમાં નાનો એવો બંગાળી પાડો ઊભો કરીને ત્યાં વસે છે; નવા આવનાર શહેરમાં ચારે બાજુ વેરાયેલા હતા. કોણ, ક્યાં, ને કેમ રહે છે એ જાણવું મૂશ્કેલ હતું, એ બધાં લડાઈના જુવાળમાં અહીં તણાઈ આવ્યા છે. લડાઈ જ્યારે બંધ થશે ત્યારે ફરીને ઓટના પાણીની જેમ બંગાળના વિશાળ ગર્ભમાં સમાઈ જશે

છેલ્લા સાત વર્ષથી હું પણ અહીંનો કાયમી વતની બન્યો છું. જો કે હું મુંબઇની હદ બહાર રહું છું. બહુ દૂરે નહિ માત્ર અઢાર માઈલ જ દૂર. મકાન સારું છે, અને લત્તો પણ સાફ–સુથરો અને શાન્ત છે; ઈલેકટ્રીક ટ્રેઇનને અંગે બહુ થોડા સમયમાં શહેરમાં પહોંચી જઈ શકાય છે. જરાયે તકલીફ નથી. શહેરમાં રહેવાનું સુખ અને ગામડાગામમાં રહેવાની શાન્તિ બન્ને એકી સાથે માણું છું. મિત્રોને અદેખાઇ આવે છે–પણ જવા દો એ વાત. આ મારી વાત નથી, ધેંચુંનું આખ્યાન છે. આખ્યાન નહિ, ઉપાખ્યાન છે.

થોડાક મહિના પહેલાં કંઈક કામે મુંબઈ ગયો હતો, ગિરગામ બાજુ ભીડાભીડમાં ફૂટપાથ ઉપર થઈને જતાં જોયું તો–એકાએક ધેંચું દેખાયો. સાંજના નમતા તડકામાં ખાખી હાફપેન્ટ અને હાફશર્ટવાળા એ છોકરાને જોતાં વાર જ હું ઓળખી ગયો, એ અમારો ધેંચુંજ હતો. એનું મોં ખાસ અસાધારણ નહોતું, પણ શાહુડીના પીંછા જેવા ઊભા–થોડા થોડા વાળ અને ત્રિકોણ કાન બીજા કોઈનેય કદાચ નહિ હોય.

એને હું નાનો હતો ત્યારથી જ ઓળખું છું; મારા ગામનો જ, વિષ્ણુમાઇતિનો ભત્રીજો. ઉમ્મર માંડ ઓગણીસ–વીસ થઇ હશે, જ્યારે એને છેલ્લો જોયેલો ત્યારે એ ગામની મિડલ સ્કૂલમાં ભણતો ને ગોળાએ રમતો. ચહેરો જરાયે બદલાયો ન હતો. માત્ર જરાક મોટો થયો જણાતો હતો. એ છોકરો બંગાળના ગામડાગામના એક કાદવિયાં તળાવના નાનાં માછલાંની જેમ જરાક ધક્કો લાગતાં સીધો મુંબઈના સુક્કા કિનારે આવીને પડયો હતો.

મેં કહ્યું–"અરે ધેંચું! તું!"

એ એક ઇરાની રેસ્ટોરાંમાંથી મોં લૂછતો લૂછતો બહાર આવતો હતો, મારો સાદ સાંભળી થોડીવાર તો એ સામેની તરફ તાકી જ રહ્યો; પછી કૂદકો મારતા મારી પાસે આવી મારા પગની ચરણરજ લીધી–

'બડુકદા!'

એની આનન્દવિહ્વળતાનું વર્ણન કરવું સહજ નથી. ખોવાયેલ કૂતરું અજાણ્યા પથ વચ્ચે ઓચિન્તુ એનાં માલિકને જોઇ જેવા આનન્દે અધીર ને ચંચળ થઇ ઊઠે છે તેવાજ આનન્દે ધેંચું પૂરેપૂરો ભાન ભૂલ્યો થઇ ગયો, શું બોલવું, શું કરવું કંઈજ જાણે એ વિચારી શકતો નહતો. એ જરાક તોતડાતો; પણ હવે એની વાત શબ્દે શબ્દે અટકતી હતી– ઓ–ત–તમે! તમે મને ક્યાં–ક્યાંથી જોયો? હું–હું ત–તમારુ ઠે–ઠેકાણું લાવ્યો હતો, પણ ખો–ખોવાઈ ગયું. પછી કે–કેમ તમારે ત્યાં આ–આવી શકું? કોઈ કાંઈ સ–સમજે નહિં, કીડિણી, મિઠી ક–કરતાં શું બોલે છે એ હું–હું યે નથી સ–સમજી શકતો. આ આવ્યા પછી બંગાળીનું મો–મોહું સરખું જો–જોયું નથી. ન–નસીબે તમે જોયી ગયા– નહિં તો———"

મારું કામ ભૂલી પગથીપર ઊભા ઊભા જ લાંબી વાર સુધી એની સાથે વાતો કરી. છોકરો સારો હતો

ગામડા ગામથી આ પહેલીજવાર શહેરમાં આવ્યો હતો, પોતાની સ્થિતિ કહેતાં એ લગભગ રડી પડયો. અઢવાડિયાથી એ મુંબઈ આવ્યો છે, આવતાંજ સુઢ-સરંજામ બનાવતા એક કારખાનામાં કામે રહી ગયો છે. પડયા રહેવા જેવી કોઈક જગ્યા શોધવા પાછળ એ ગળે આવી ગયો હતો, આખરે એક મરાઠી સહકર્મીની ઓળખાણ ને મહેનતે કોક ચાલીમાં એક ઓરડી એ મેળવી શકયો હતો, ત્યાંજ એ રહેતો અને એની નીચેની એક હિન્દુ વીશીમાં ખાવાનું પતાવી લેતો. અહીં આવ્યા બાદ માછલીનાં એને દર્શન નહોતા થયા; માત્ર દાળ-રોટલી અને તેલવાળું શાક-અથાણું ખાઈનેજ એને ચલાવવું પડતું.

વાત પૂરી કરી એ બોલ્યો-" બહુકદા, આ બાજુની રસોઈ હું મો-મોઢામાં મૂકી શકતો નથી; ભોજન માટે જ્યારે વિચારું છું ત્યારે જીવ બહાર આવી જતો લાગે છે. ન-ચધુ કંઈ નહિં પણ થોડોક સરખો ભાત અને માછલીનો વઘાર જો મળતા હોત ને તો ! "

મેં કહ્યું-એતો ધીરે ધીરે ટેવાઈ જઈશ. પડયાં રહેવા જેટલી જગ્યા મેળવી શકયો એટલો નસીબદાર. હમણાં તો એ પણ કોઈને નથી મળતી.

ઘેંચું બોલ્યો-પણ તમે એ નજરે જોશો તો રોવું આવશે. આવશો ? જોશો ? નજરે જોશો ? બહુ દૂર નથી. આ નાકું વળીએ એટલે———તુરત—"

એની સાથે એની જગ્યા જોવા ગયો. મોટું એવું ચાર માળનું જબ્બર મકાન, એમાં નીચેથી માંડીને ઉપર સુધી ચારે બાજુને બધી દિશાઓમાં કબુતરના માળા જેવી નાની ઓરડીઓ યાને કોટડીઓ હતી. પ્રત્યેક ઓરડીમાં મધ્યમ વર્ગનું એક કુટુમ્બ રહેતું. એ એક ઓરડીમાં જ રસોઈ-ખાવું-સૂવું બેસવું-બધું થતું. એવી ઓરડીઓની કતાર એટલે મુંબઈની ચાલી. એક એક ચાલીમાં સારા-ગરીબ ને મધ્યમ વર્ગના સો સો અને એથીયે વધુ કુટુમ્બો રહેતા, વર્ષો પછી વર્ષો વીતાવતા, એથી સારી મોટી જગ્યા મળતી નહોતી ને કદાચ લોકો એની જરુર પણ નહોતા જોતા.

ઘેંચુંની ઓરડી ચોથે માળે હતી. ત્રણ અંધારિયા માળ વટાવી ઉપર પહોંચ્યા. જોયું તો લાંબી ને સાંકડી એવી ઓશરી એક છેડાથી બીજા છેડા સુધી ચાલી જતી હતી. એની બન્ને બાજુએ નાની નાની ઓરડિયો હતી. ઓશરીમાં ઘણાંય નાનાં નાનાં બાળકો દોડાદોડ-તોફાન મસ્તી ને હો-હા કરતા હતા, દરેક ઘરનાં બારણામાં એક-બે સ્ત્રીઓ દાણો દુણી સાફ કરતી-શાક સમારતી અંદરોઅંદર અલકમલકની વાતો કરતી હસતી બેઠી હતી. કોઈ અપરિચિતને આવતો જોઈ પળવાર એ એને જોઈ રહેતી ને પાછી પોતાના કામમાં પરોવાઈ જતી.

ઓશરીને એક છેડે ઘેંચુંની ઓરડી હતી. જોયું તો ઓરડી સાચે સાચ ઓરડી નહિ પણ કાતરિયું બાલ્કનિ હતી. મકાનમાલિકે બાલ્ય દેખાવ સુંદર કરવાની સાથે સાથ બુદ્ધિ વાપરી એ જગ્યાને પાટિયાથી ઘેરી લઈ આગળ એક બારણું મૂકી એને રીતસરની ઓરડી બનાવી ભાડે આપી હતી. એની અંદરની જગ્યા દિવાસળીના બાકસને યાદ કરાવતી હતી. ઘેંચુંની એક બેગ અને પથારીના વીંટામાંજ એનો અર્ધો ભાગ રોકાઇ જતો હતો.

ઘેંચુંએ કહ્યું—" જુઓ છો ને ! બારણું બંધ કરું છું એટલે જીવ ગભરાવા લાગે છે. દમ ઘુંટાવા લાગે છે, અને ઉઘાડું રાખું છું તો હાટમાં બેઠો હોઉં એવું લાગે છે. આખે અડવાડિયું થઇ ગયું પણ કોઈની સાથે મોંની ઓળખાણ પણ નથી થઇ. કોઇ બોલાવે નહિ, કોઇ વાત જ ન કરે પછી શું કરું" ? સમજ્યાને ! અંગ્રેજી પણ કોઈ સમજતું નથી, બધા સટ્ટા બજારના ગુમાસ્તા છે. કહો તો, આ રીતે માણસ કેમ કરતાં જીવી શકે ? થાય છે કે શા માટે અહીં નોકરી કરવા આવ્યો ! કયારેક તો એવું થાય છે કે, બસ, અહીંથી કયાંક ભાગી જ જાઉં, પણ ભાગું એ કયાં ? વળી લડાઈના કારખાનામાં નોકરી-પકડાયો તો જેલમાંજ પૂરી દે—"

એની વાત સાંભળી મમતા ઉપજી, મેં કહ્યું-" ચાલ ઘેંચું, તું આપણે ઘેર જ રહેજે. મારી પાસે એક વધારાની ઓરડી છે-નિરાંતે રહી શકીશ-વધુ કંઈ નહિ તોયે તારી ભાભીએ રાંધેલ દાળ-ભાત તો મે ટાણા પેટ પૂર પામીશ જ.

આહ્લાદે એ નાચી ઊઠયો, પણ વિચાર કર્યા પછી એ વ્યવસ્થા બરાબર ન લાગી. સવારે આઠ

વાગ્યે તો એને કારખાને પહોંચી જવું પડે છે. કલાકનો ટ્રેઈનનો રસ્તો ને પછી અર્ધો કલાક પગપાળો ચાલે ત્યારે કારખાને પહોંચે. એટલે મારે ત્યાં રહેવા આવવું એને માટે શક્ય ન હતું.

એ દુઃખીત થઈને બોલ્યો—મારા નસીબમાંજ આગ હોય પછી શું કરું ? પણ બટુકદા, અહીં હવે નથી રહેવાતું. તમે બીજે ક્યાંક એકાદ સા-સારી જગ્યા શોધી આપજો.-જ્યાં સ-સવાર સ-સાંજ બે ચાર બંગાળી વાતો સાંભળી શકું-ને ક્યારેક થોડોક માછલીનો વઘાર પણ પામી શકું—"

મેં કહ્યું-જોઇશ. મહેનત કરીશ, બાકી હમણાં સારી જગ્યા મળવી મુશ્કેલ છે. જો કોઈ સારી જગ્યા મળીયે જાય છે તો એનું ભાડું હોય છે પંદર-વીસ રૂપિયા-પણ પાઘડી હોય છે ૧૫૦૦થી૨૦૦૦.

ઘેંચું ભવાં ઊંચા કરીને બોલ્યો " પાઘડી ? "...

હા, હા, પાઘડી. અર્થાત સોના કરતાં ઘડામણ મોંઘું. 'સલામી' સમજ્યોને ! ગવર્મેન્ટે કાયદો કર્યો છે કે મકાન માલિક ભાડું વધારી નહિ શકે. એથીજ પહોંચ આપ્યા વિના ઠીક ઠીક એવી રકમ પહેલેથી જ લઇ લે છે. આ તો કંઈ બંગાળી બુદ્ધિ નથી-ગુજરાતી બુદ્ધિ છે ગુજરાતી."

એ બોલ્યો-" ઓ બાપ, એટલા રૂપિયા હું ક્યાંથી કાઢું ? મહિને તો માંડ બધા મળીને.....

મેં કહ્યું-ના, ના, એની તારે ચિન્તા કરવાની નથી. જગ્યા જો મેળવી શકીશ તો વિના પાઘડી-એજ મળશે. પ્રયત્ન કરીશ દાદર, યાને બંગાળી લત્તામાં. તારા નશીબમાં હશે તો એકાદી નાની એવી જગ્યા મળી રહેશે. પણ તું બહુ આશા ન રાખીશ, એટલું અહીંજ કહી દઉં. માટે અહીંજ રહેવું છે એમ માની ને જ અહીં રહેજે. ને એક બીજી વાત, જો અહીં આવ્યો જ છો તો અહીંની ભાષા શીખી જા, નહિં તો આમ ને આમ ક્યાં સુધી ચલાવીશ !

ગળગળો થતાં એ બોલ્યો.- " એ બરાબર છે, પણ બટુકદા, હું આ કિવચી મિચ્ચીની ભાષા શીખી શકીશ ખરો ! સાંભળતાં તો કડાઇમાં ચોખાં તડોતડ શેકાતા હોય એવી લાગે છે આ ભાષા.-"

મેં કહ્યું—નવા નવાને પ્રથમ એવું જ લાગે. પણ પછી આવડી જશે. " યસ્મિન દેશે યદાચાર."

નિરપરાધી ગુનેગાર જેમ ફાંસીની સજા સ્વીકારે તેમ એ બોલ્યો-ભલે, તમે જ્યારે કહો છો ત્યારે એમજ...

એ દિવસે એને એની ઓરડીએ મૂકી હું પાછો ફર્યો. નક્કી કર્યું કે ફુરસદ મળતાંજ દાદર જઈ એને માટે એકાદ સારી જગ્યા શોધીશ. ત્યાં ઘણાંયે ભદ્ર માણસો છે, તેમના કોઈના કુટુંબમાં એક જુદી ઓરડી અને બે ટંક માછલી, વઘાર ને ભાત એને મળે તેવી ગોઠવણ કરવી તદ્દન અસંભવિત નહોતી.

ત્યાર પછી બીજા કામકાજમાં ઘેંચુને હું સાવ ભૂલી જ ગયો હતો. પખવાડિયા પછી ઓચિન્તો એ યાદ આવ્યો. બિચારો સ્વજન પરિચિત વિહોણો મુંબઇ શહેરમાં તેલીયું શાક ખાઇ ખાતો હેરાન પરેશાન થતો જાણે મારી વાટ જ જોઈ રહ્યો છે ! પસ્તાવો કરતો હું એજ સાંજે દાદર ગયો. ઘેંચુના નસીબે એક સારા કુટુંબમાં એને માટે એક જુદી ઓરડી તથા ખાવા-પીવાની જોગવાઈ સહેલાઇથી થઇ જાય તેવું લાગ્યું. જઇને એ કુટુંબના વડીલને મળ્યો. એમને ત્યાંજ રહેતા એક બોર્ડર એમની બદલી થવાથી બહારગામ જનાર હતા. હજુ એમને જવાને પખવાડિયાની વાર હતી, એ જતાં તેઓ ઘેંચુને નક્કી પોતાની સાથે રાખશે. વાત પાકી થઈ ગઈ.

એમનો ઘણો ઘણો આભાર માનતો હું ઊભો થયો. મનમાં થયું કે જઈને ઘેંચુને આ સુખદ સમાચાર આપી આવું. એ આશા અને ઉત્સાહમાં બીજા થોડા દિવસ નિરાતે ખેંચી કાઢશે.

એને ત્યાં પહોંચતાં રાત પડી ગઈ. એની ઓરડીમાં જઈને જોયું તો એ ખૂબજ ધ્યાન દઈને એક ચોપડી વાંચતો હતો. મને જોતાંજ એ આનન્દમાં આવી ઊભો થઈ ગયો.

' બટુકદા તમે કહી ગયા હતા ને ! જુઓ આ મરાઠીનો પહેલો ભાગ શરૂ કર્યો છે. બ્બાપ ! આ તે કંઈ ભાષા છે, માત્ર પથ્થરા ને કાંકરાજ. ઉ-ઉચ્ચારતાં આંખો બહાર નીકળી પડે છે. પણ હું યે મહાજિદ્દી છું. જ્યારે હાથમાં લીધુંજ છે ત્યારે પછી "કાં આ પાર, કાં પેલે પાર."

હસીને મેં કહ્યું.-" વાહ ! ભાઈ વાહ ! પણ શીખે છે કોની પાસે ? ફક્ત ચોપડીથી તો નહિ શીખાય.

એ બોલ્યો.–એની ગો[illegible] કરી છે. ૩૧ નંબરની ઓરડીમાં વ્યંકટરાવ [illegible]ને એક મરાઠી છે. સારો મજાનો માણસ છે. મારા કરતાં એ ચાર વર્ષે મોટો હશે; અધું–પધું ઈ–ઈંગરેજી પણ બોલે છે–એજ શિખવે છે, રવીન્દ્રનાથના અનુવાદો એણે વાંચ્યા છે એટલે બંગાળી માટે એને માન છે.

રવીન્દ્રનાથ, બીજું કંઈ નહિ તોયે બંગાળી માટે આટલું તો કરી જ ગયા છે. પરદેશમાં અમે એમની જ જાતિનાં–બંગાળી છીએ એટલું કહ્યે અમારી ખાતર–બરદાસ્ત થાય છે.

હું, ઘેંચુને જગ્યા મળવાના, તથા માછલીનો વઘાર અને ભાત રોજ જમવા મળશે એ સમાચાર આપતાં એ આનંદમાં આવી જઈ એટલો તો તોતડાવા લાગ્યો કે એનો એક શબ્દ પણ સમજાયો નહિ. તે પછી રાતે હું ઘેર પાછો ફર્યો.

બે અઠવાડિયા પછી દાદરવાળા પેલા સજ્જને જણાવ્યું કે પેલી જગ્યા હવે ખાલી થઇ ગઇ છે. ઘેંચુની ઈચ્છા હોય તો એ આવી જઈ શકે છે. ફરીને ઘેંચુને ત્યાં ગયો. એને એની નવી જગ્યાએ ઠરીને ઠામ થયેલો જોઈને પછીજ હું જંપીશ એવું મનમાં હતું.

સાંજ થઈ ગઈ હતી. દીવા પ્રગટી ચૂકયા હતા, ઘેંચુની ઓરડી પાસે જઇને જરા ખચકાઈને હું ઊભો રહી ગયો. ઓરડીમાં નાની એવી એક મિજલસ જામી હતી. જમીન પર પાથરેલ ગાદી પર ચા અને થાળીઓ ચેવડો–મગફળી પડયા હતા, ને ઘેંચુ તથા એનો મહારાષ્ટ્રી મિત્ર તેનાં કુટુંબ સહિત બેઠેલા જણાયાં. પુરુષ ઠીંગણો પણ સ્વસ્થ જણાતો હતો; મોં પરથી એ બુદ્ધિમાન હોય તેમ લાગતું હતું; એની બાજુમાં બેઠેલ સ્ત્રીના કપાળમાં કુમકુમનો ચાંદલો હતો. અવળસવળ અઢાર[illegible]ની સાડી પહેરેલી એક સ્નિગ્ધ બહુ રૂપાળી નહિ તેવી એ સ્ત્રી હતી. ચા–ચેવડો લેતાં લેતાં વચ્ચે વચ્ચે હાસ્ય–કૌતુક સાથે ભાષાશિક્ષણ પણ ચાલતું હતું. અને એક હાફપેન્ટ અને બાંય વગરનું ગંજી પહેરેલું બે એક વર્ષનું બાળક ઘરમાં ચારે બાજુ દોડતું રમતું હતું.

મને જોતાંજ ઘેંચુ જરાક શરમાતા ઊઠીને ઊભો થયો, ને પછી એનાં મિત્રો સાથે એણે મારો પરિચિય કરાવ્યો.

આવો આવો બટુકદા. આ છે મિ. વ્યંકટરાવ પાટિલ, જેને વિષે મેં તમને તે દિવસે કહેલું મે તે. આ એમના પત્ની હંસાબાઈ, આ જે નાનાં બાળકને તમે જોઈ રહ્યા છો એ છે એમનો પુત્ર.

નવપરિચિત સાથે સામસામા નમસ્કાર આદિ કરીને હું ગાદી પર એક બાજુએ બેઠો. મહારાષ્ટ્રી યુવક જરા મિતભાષી હતો, એની પત્ની પ્રતિભાશાળી ને મૃદુ હાસિની હતી. મરાઠી સ્ત્રીઓમાં લાજ કે પર્દા પ્રથા નથી.–કદીયે નથી રહી; અજાણ્યા પુરુષ સાથે પણ વિના સંકોચે હળવા મળવામાં એ ચતુર હોય છે. મેં જોયું કે ઘેંચુ એ દમ્પતિ સાથે કુટુંબની જેમ હળીમળી ગયો હતો.

પેલી બાળકની કૂદાકૂદ તરફ સ્નેહલ દૃષ્ટિએ નજર રાખતો ઘેંચુ બોલ્યો–કેવો પાજી છે આ છોકરો –જેને ગુંડો કહીએ ને ગુંડો–એવો એક નંબરનો ગુંડો એ. એનું નામ શું છે જાણો છો! વિઠ્ઠલ! જેને આપણે ત્યાં 'બિટલે' કહીએને તે. ને એ મોટેથી હસી પડયો.

થોડીવાર આ વાત–તે વાત કર્યા પછી મેં કહ્યું –"ઘેંચુ, પેલી દાદરની જગ્યા હવે તારે માટે ખાલી થઈ ગઇ છે.– આવતી કાલે જ જઈને એનો કબજો લઇ શકે છે."

ઘેંચુ ઓચિન્તો અત્યંત અધીર બનતાં તોતડાવા લાગ્યો. એનું તોતડાપણું જરા શાન્ત પડયું. એ શું કહે છે તે હું સમજી શક્યો. એ કહેતો હતો—"

"હું અહીંજ રહીશ બટુકદા, અહીં હવે મને ફાવી ગયું છે. આમની સાથે સ–સ્નેહ થયા પછી હવે –જાણો છો ને, હવે હમણાં હું આમને ત્યાંજ ખાઉં –પીઉં છું. આ લોકો રોટી ભાત બન્ને ખાય છે. માંસ–માછલી બેશક નહિ જ. પણ હવે હું એથી ટેવાઈ ગયો છું. હંસાભાભી એવું તો સરસ રાંધે છે કે બસ; વાત ન પૂછો. બહુ ભલા માણસ છે આ લોકો. હું બીજે ક્યાંય નહિ જાઉં બટુકદા, નાહકના તમને હેરાન કર્યા—"

આ દરમિયાન પેલો નાનો બાળક ઘેંચુની બેગ પર ચડી કૂદાકૂદ કરવા લાગ્યો હતો. એને ધમકાવતા ઘેંચુ બોલ્યો–"એઈ બિટલે! અહીં આવ, ઇકડે–ઇકડે–"

હું સમજી ગયો. ઘેંચુને હવે મમતા કે ચાહનાની જરૂર નહોતી, એ એજ વસ્તુ હવે વધુ ગાઢ સ્વરૂપે પામી ચૂકયો હતો.

રાજકોટનું સાહિત્ય સંમેલન

સાહિત્યયાત્રી

સાહિત્ય પરિષદના સંમેલનમાં પહેલી જ વાર મારું જવાનું થયું. રાજકોટના સાહિત્ય-મેળાની વાત સાવ સામાન્ય માણસોને મોંએથી પણ સાંભળતો જતો હતો. જનતાનો ઠીક ઠીક મોટો સમૂહ હવે સાહિત્યના વિષયને પણ રાજકારણના જેટલા રસથી જોતો થયો છે એવું જણાયું. કાઠિયાવાડની ધરતી બીજી રીતે જીવનરસ હારી બેઠેલી અને રાજકારણી જાગૃતિની બાબતમાં નિષ્ક્રિયતા તેમ જ નિષ્ફલતાની લાગણી સેવી રહેલી, એટલે પણ સાહિત્ય જેવા, પોતાની માટીને જરા જેટલી યે ભીંજવનારા અવસર માટે આ ધરતીની પ્રજા આતૂર બને એ સહજ છે. રાજકોટ પોતે પણ એક રસિક પ્રજાનું એક નગર છે.

× ×
×

અગ્રણી સાહિત્યકારોને માટે સ્ટેશને કોઈ ભરચક મેદની, ધજાપતાકા કે સરઘસ જેવું ઠાઠમાઠવાળું સ્વાગત નહોતું એ વાતને એક વર્તમાનપત્રમાં સંમેલનની ઇચ્છાશ અને પ્રજાની વિમુખતા બતાવવા ટાંકી છે સ્વાગત-સૂત્રધાર શ્રી. યાજ્ઞિકે જો ધાર્યું હોત તો પચાસ મોટરોનાં કાફલાવાળું ધૂમધડાકેદાર સામૈયું એ ચપટીવારમાં કાઢી શકત. પણ એ કંઈ શોભત ? સાહિત્યના સંમેલનમાં એવા ઠઠારાને સ્થાન જ ન હોય. સ્વાગત-સમિતિની મૂંગી સુવ્યવસ્થાથી નાના ને મોટા, જાણીતા ને અજાણ્યા સર્વ મહેમાનો ઉતારા પર શાંતિપૂર્વક પહોંચતા હતા, અને પોતાનો તો ભાવ જ ન પુછાયો એવો કચવાટ કોઈ તરફથી સંભળાતો નહોતો.

× ×
×

પ્રમુખો, શ્રી મુન્શી, શ્રી કૃષ્ણલાલ ઝવેરી વગેરે થોડાકને બાદ કરતાં બાકીના તમામ મહેમાનોને માટે એક જ ઠેકાણે બહોળો, પૂરતો, સૌરાષ્ટ્રની લાક્ષણિક સરભરાવાળો ઉતારો હતો. ત્રણે દિવસ તેઓ સર્વને ચોવીસે કલાકનું સહજીવન મળ્યું હતું. સાચા સંપર્કને માટે સારો એવો અવકાશ હતો. છતાં કેટલાક ભાઈઓ સંપર્ક ન થઈ શકયાની બૂમો કેમ મારે છે એ સમજમાં આવતું નથી. સંપર્ક તે કહેવો કોને ?

× ×
×

પાંચ પંદરને બીજે ત્રીજે ઠેકાણે રાખવામાં આવ્યા એ સ્વાગત સમિતિની અગવડને આભારી હોય તો તો કંઈ કહેવાનું નથી. બાકી ઈષ્ટિ તો તેમને પણ સૌની વચ્ચે જ ઉતારવાનું હતું. સગવડ તો બધે એટલી જ સારી હતી.

× ×
×

આ સંમેલનના પ્રમુખસ્થાનને લગતી આગલી અખબારી ચર્ચા છેક રાજકોટ સુધી પણ કાકા કાલેલકર પર પોતાની કઢંગી છાયા ઢાળતી હતી. સંમેલનની આગલી સાંજે શ્રી મુનશીએ કોનોટ હોલમાં ગુજરાતની અસ્મિતા પર ભાષણ આપ્યું, પછી ડો. હરિપ્રસાદ બોલ્યા, પણ તે બેઉએ બીજાં કેટલાંક નામોનો નિર્દેશ કર્યો ને કાકા કાલેલકરનું નામ જ ન લીધું ! મેલા ઈરાદાથી રતો ! આવો અભિપ્રાય છેક છાપામાં અફળાયો. કેટલું વિચિત્ર કહેવાય ? બિચારા કાકા તો હિતસ્વીઓના હાથે જ કઢંગાઈમાં મુકાયા. મિથ્યા કુતર્ક દોડાવવાની પૂર્વગ્રહદૂષિત આ મનોદશા સાહિત્યરસને સૂકવી નાખનારી છે.

× ×
×

પૂરા ત્રણ દિવસનો સમય, એ તો કોઈ પણ આવા સંમેલનને માટે, પોતાનાં ધાર્યાં કામો આટોપી લેવાને માટે પૂરતો ગણાય. છતાં પ્રમુખોનાં ભાષણોના વાચનમાં કરવું પડેલું ટુંકાણ, વિષયવિચારિણી સમિતિમાં કરવી પડેલી ઉતાવળ, લેખકો સાથેના પ્રમુખ-મેળાપમાં પૂરી પિછાનનો પણ અનવકાશ, પત્રકારો સાથેના વાર્તાલાપની પણ છીછરાઈ, અને એ સૌથી વધુ શોચનીય એવો નિબંધ-વાચનનો લૂછલૂછ પતાવવો પડેલો કાર્યક્રમ:

સંમેલનના પ્રેમીજનોની વિદાયમાં આટલી બાબતોએ 'રહી ગયું' એવા અસંતોષની કણી મૂકી આપી હતી.

× ×
×

લગનમાં જેમ છાબ, અલવો કલવો, માયરું, મા-માટ વગેરે એક પછી એક ક્રિયાની ધકાધક ચલાવીને માંડ માંડ જાન ઊપલ્યાના ટાણા પર પહોંચી શકાય છે, ને પેલી કન્યાને તો બાપડીને મા બાપ ભાઈ બહેન નિરાંતે મળવા ય પામતાં નથી, તેમ રાજકોટ સંમેલનમાં લાંબું સંદેશ-વાચન, ખાસ્સા સાત પ્રમુખ-ટેકા, પ્રારંભિક સંગીત-ગાનોનાં લાંબાં લપસીંદર : મંચવાળા ગયા પ્રદર્શન ઉઘાડવા, તો રેઢું પડ રોકે સંગીતનાં તાન અને ગઝલના શેરોઃ પાદપૂર્તિઓનો કાર્યક્રમ તો ભિંસાઈ જ ગયો. ગઝલ કહે કે 'મને નહિ સાંભળો તે જશો ક્યાં!' આયુર્વેદ વિશેના દાક્તરી વક્તૃત્વની ધોકાપંથી ધારા છૂટી તેણે તો પછી તાળીઓ પર તાળીઓના ગગડાટો લીધે રાખ્યા—

મતલબ કે આવી પરચુરણ બાબતોને ઠુંકાવી નાખીને વિષયવિચારિણી તેમ જ નિબંધ-વાચન એ બે ભૂખે મારેલાંને કંઈક પુષ્ટ કરી શકાયાં હોત.

× ×
×

વિષય-વિચારિણી આપણે જૂદી ભરી નકામો કાળક્ષેપ કરીએ છીએ. તેને બદલે એ સભા જો ખુલ્લા અધિવેશનની સામે જ બેસે, તો સમયના બચાવ કરતાં પણ મોટો લાભ તો આ છે, કે જાહેર જનતા એના કામમાં રસ લઈ શકે. શ્રોતાજનોને બેશક ચર્ચામાં ભાગ લેવા ન દેવો, પણ એમને ચર્ચા જોવા સાંભળવા દેવી. આમાં ખાનગી તો કશું હોતું નથી. ચર્ચા હોય છે—અથવા બની શકે છે—રસભરી. આમ જાહેરની સમક્ષ ચર્ચાઇને પસાર થઈ ચૂકેલા આ ઠરાવોને માત્ર વિધિ રૂપે અધિવેશન પાસે મૂકીને વગર ચર્ચાએ જલદી પસાર કરાવી શકાય. શ્રોતાજનોને સાચી છણાવટ જોવા સાંભળવાનું મળી રહેશે. આજે તો ઉભયપક્ષી વિચારદર્શન જાહેર અધિવેશનને સાંપડતું નથી. પ્રસ્તાવ અને ટેકા એ બેઉ કેવળ ઔપચારિકતામાં સરી પડે છે.

× ×
×

નિબંધો. એ સાહિત્ય પરિષદનાં છેલ્લાં થોડાં અધિવેશનો થયાં સાવકાં-કહો કે નધણીઆતાં સંતાનોની સ્થિતિ ભોગવે છે. તથાપિ બીજી બાજુએ, નિબંધો એ ગુજરાતી સા. પ. ની અવલ ફલશ્રુતિ છે. રાજકોટ સંમેલનનો જ દાખલો લઇએ. દોઢ બે મહિનાની ટૂંકી મુદત છતાં સાડ ઉપર નિબંધો આવીને સાદર થયા. તેમાંથી માત્ર બાર-તેરને બાદ દેવા પડયા, બાકીના બધા નિબંધ-સમિતિને (જે ઠરેલા અને વિદ્વત્તાનિષ્ઠ સભ્યોની બનેલી છે) ધોરણપાત્ર જણાયા. તેમાંના અઢારેકની રંગમંચ પરથી રજૂઆત કરવાનું ઠર્યું, પણ શ્રોતાઓ હતા ફક્ત સાડા પંદર.

× ×
×

થોડા ઘણા નિબંધોનું આવું અભ્યાસયુક્ત સાહિત્ય જે પરિષદના હાથમાં વિનામૂલ્ય મુકાઈ ગયું, તેણે ઉત્સાહ રાખવો જોઇએ. લખનારાઓને ખબર હોય છે કે એમની કૃતિઓની પ્રસિદ્ધિ કોઇ અનિશ્ચિત ભાવિના હાથની વાત છે. કોને માલૂમ કદાચ એના કાગળ જીવાતનાં જાઠરમાં યે જઇ પડે! વિફલતાની આવી સંભાવના છતાં પણ થોડાક અભ્યાસનિષ્ઠોએ પરિષદને શિરે પોતાનાં ચિંતન-પુષ્પોનો નિષ્કામ અભિષેક કર્યો.

× ×
×

એ થોડાકને જનવૃંદની સામે ઓળખાવવા જોઇતા હતા. એ નિબંધોના વિષયોની નામાવલિ પ્રકટ થવી જોઇતી હતી. એમને કોઇક એક ઠેકાણે એકઠા કરી મુખ્ય સાહિત્યકારોએ સંપર્ક બાંધવો જોઇતો હતો, પીઠ થાબડવી જોઇતી હતી. એમને સમજાવવું જોઇતું હતું (જે શ્રી મુનશીએ પત્રકારો સાથેના વાર્તાલાપમાં કહેલું) કે પરિષદ પાસે ભેગા થયેલા ઢગલામાંથી વિષયવાર તારણ કરીને ગ્રંથ-પ્રસિદ્ધિનું કામ, કાગળની સરકારી છૂટ થતાંની વારે જ હાથ ધરવામાં આવશે.

× ×
×

તેને બદલે અહીં બન્યું શું? અમણીઓ ચાલ્યા' ગયા કોઇક ગૃહસ્થને નોતરે ચહાપાણી પીવા, બીજી

હરોલના થોડાક રોકાઈ ગયા તે દિવસની વિષય-વિચારણી માટે ઠરાવો ઘડવામાં, પ્રમુખની ખુરસી આવી વેળાના ભાંગ્યાના ભેરૂ બનનારા ડો. હરિપ્રસાદને સોંપાઈ, એનું કામ હતું નિબંધકારોનાં ગળાં પર છુરી ફેરવવાનું! એ સિવાય બીજી કઈ રીતે આ ક્રિયાને વર્ણવી શકાય? અઢાર જણને એમના નિબંધોનો સાર કહી દેવા દસ દસ ને પાંચ પાંચ મિનિટો અપાઈ હતી. એટલા દરમિયાન પણ આ તેજોવધને પામેલા ભાઈઓએ ધીરજથી રજુઆત કરી. વિષયોનું વૈવિધ્ય પણ એમાં દેખાતું હતું. સીધી રીતે જેઓ સાહિત્યક્ષેત્રના કલમનવેશો ન હોય, ઇતર પ્રવૃત્તિ કરતા કરતા વાઙ્મયને ભજતા હોય, અને પરિષદ પ્રત્યેની જૂની અનુરક્તિથી પ્રેરાઈ પોતાના ઇષ્ટ વિષયનો અભ્યાસ-નિચોડ વર્ષે બે વર્ષે આપતા હોય, તેઓની ગણના માટે કમમાં કમ એટલું તો આવશ્યક છે, કે એમની રજુઆતને ટાણે અગ્રણીઓની હાજરી રહે.

×x×

કાગળને અભાવે આ નિબંધ-નિધિ ઉઘઈ ખાતો નહિ તો પણ રજોટાતો પડયો રહે, એવીયે જરૂર નથી. કાગળની અછતનાં આ વર્ષોમાં ગુજરાતના પ્રકાશકોએ સારા નરસા વાચનના ઢગલા ને ઢગલા બજારમાં ઠાલવ્યા છે. પ્રકાશકોને પોતાની પાસે તેડાવી, લોનો આપી, અગર અમૂક પ્રતો ખરીદવાની શર્તે પરિષદ તેમના દ્વારા કમમાં કમ એવા નિબંધો તો પ્રકટ કરાવી શકી હોત, કે જે (૧) જનરુચિને હળવું, પથ્યકર ચિંતનગદ્ય પૂરું પાડતા હોય, અથવા તો (૨) અભ્યાસક્રમમાં મુકાવા લાયક વાચન પીરસતા હોય.

×x×

ઠરાવો પૈકી સૌથી વધુ અગત્યનો ઠરાવ ગૂજરાતને માટે 'એકજ' યુનિવર્સિટી હોવી જોઇએ-અર્થાત એકથી વધુ, ન હોવી જોઇએ-એ લાગ્યો છે. આ ઠરાવની જરૂર પડી તેનું કારણ એક વડોદરા રાજ્યની અને બીજી કાઠિયાવાડની, એવી જુદી જુદી વિદ્યાપીઠો સ્થાપવાની કેટલીક દિશામાં મયામણો ચાલે છે તે છે. ગુજરાતની અખંડતાને ઉચ્છેદનારા આવા પ્રયાસોને સ્થાન ન રહેવું ઘટે. ગુજરાત યુનિવર્સિટીનું સ્થાન રાજસ્થાની હિંદમાં નહિ પણ રાષ્ટ્રીય હિન્દમાં જ હોવું જોઇએ. વિચ્છેદવાદી સંકીર્ણ દૃષ્ટિબિન્દુઓ આ આશયની વિરુદ્ધ કામ કરી રહ્યાં લાગે છે. નહિતર આ ઠરાવની જરૂર ન પડત.

×x×

ભારતવર્ષની પ્રાંતિક પુનર્ઘટનામાં ગુજરાત પ્રાંતની નીચે આજનાં ઇડર, ઉદેપુર ઇત્યાદિ પશ્ચિમ રાજસ્થાની પ્રદેશોનું સંયોગીકરણ થાય તેવી ભલામણ કરતા બીજા મહત્ત્વના ઠરાવને બે બાજુઓ છે. આ રાજસ્થાની પ્રદેશોની તળપદી બોલી મૂળે તો જૂની ગુજરાતી અગર પશ્ચિમ રાજસ્થાની છે તે સાચું, અત્યારે તે પ્રદેશોમાં બોલચાલની જે ભાષા છે તે ગુજરાતી સાથે ઘણુ સામ્ય ધરાવે છે તે સાચું, તે પ્રજાઓનાં કેટલાંક સાંસ્કારિક જીવન-અંગો ગુજરાતીને મળતાં છે પણ સાચું, અને આજના મુંબઈ પ્રાંતમાંથી મહારાષ્ટ્ર કર્ણાટક ઇત્યાદિ પ્રદેશોની જુદી પ્રાંતરચના થતાં ગુજરાત એટલું બધું ક્ષીણ બની જશે કે એની અંદર પશ્ચિમ હિંદનો પ્રદેશ-ઉમેરો થયા વગર તો એનું આર્થિક, રાજકારણી તેમજ સાંસ્કારિક જીવન નહિવત્ બની જશે એ પણ સાચું.

×x×

છતાં તેમના પર ગુજરાત પ્રાંતનો આગવો દાવો લાવતા પહેલાં આટલું તપાસવું જરૂરી હતું: એ પ્રદેશોની સાહિત્યભાષા હિન્દી છે, અર્થાત તે પ્રદેશો હિન્દીભાષી પ્રજાસમૂહની સાથે સંલગ્ન બની ગયા છે, તેમાંથી છૂટી ગુજરાત તળે આવવાની ઇચ્છા તેઓ પોતે સેવે છે ખરા? માત્ર બોલચાલની ભાષાના થોડા જૂનવાણી સામ્ય પર આ ઠરાવનું મંડાણ નહોતું થવું જોઇતું. આજે એ પ્રદેશોને જો ગુજરાતમાં મૂકવામાં આવે તો શું પચીશેક વર્ષના ભગીરથ પ્રયત્ન વગર તે પ્રદેશોની પ્રજા આપણા અભ્યાસક્રમ, સાહિત્ય વગેરેમાં હરોલબંધ બની શકે ખરી? જુદી જ અસરો હેઠળ ઘડાયેલી રંગાયેલી વર્તમાન ગુજરાતી વાણીને અને તેના વાઙ્મયને અપનાવવાનું એ પ્રજા માટે ક્યારે શક્ય બને?

×x×

બીજું, આપણી આ માગણી વિશે હિન્દીભાષી પ્રજા શા ખ્યાલો બાંધશે ? પ્રતિસ્પર્ધા તો નહિ જામી પડે ? તકરારે ચડી જતાં વાર ન લાગે તેવો આ પ્રશ્ન છે. માટે ખરું જોતાં તો એક સમિતિ નીમી આ પ્રદેશોના સંપર્કમાં ઊતરવા જરૂર હતી.

×××

ત્રણે રાત્રિઓને સ્વાગત-સમિતિએ રંજન-કાર્યક્રમથી ભરચક રાખી હતી. કચવાટ સાચો છે કે આમાં અતિશયતા થાય છે, અજીર્ણ ઉપજે છે, રંજનનું પ્રમાણ ઘટવું જોઇએ. અલબત રાજકોટની ત્રણ રાત્રિઓનું રંજન, એ કંઇ રૂઢાર્થમાં લેવાય છે તેવું સસ્તું મનોરંજન નહોતું. એ તો એના શબ્દાર્થ અનુસાર રસિક હૃદયોને રંગી દેનાર સાત્ત્વિક રસાસ્વાદ-સામગ્રી હતી. મૃચ્છકટિક સરખી શુદ્ધ વાઙ્મયલક્ષી સંસ્કૃત નાટ્યકૃતિ, તેનો આપણા એક શિષ્ટે ઉતારેલો વિવેકપુરઃસરનો ગુજરાતી કલાદેહ, અને તેને તેના મૂળગત ભાવવ્યંજન સાથે પૂરેપૂરી રીતે પ્રકટ કરતું, એક જાણીતા નટવૃંદે આપેલું નવરંગવિધાન, એ કંઇ પ્રચલિત હીનાર્થમાં રંજન કહેવાય ? લોકકવિ દુલાભાઇ કાગે સવિવેચન ગાઇ સંભળાવેલી વિવિધ-રસભરી એની પોતાની કાવ્યપ્રસાદી કે જેણે પ્રાકૃત જનોથી લઇ સાક્ષરવરો લગી સૌને રસોલ્લસિત કર્યા, તે એકંદરે આદરપાત્ર હતી. કન્યાઓએ રાસગાન તેમજ નાટ્યાભિનય દ્વારા જે લોકગીતો રજુ કર્યાં, રાવણહથ્થાધારી નાથબાવાઓ, ભજનિકો તેમજ કંઠાળની ગ્રામવનિતાઓની કુમાશભરી જોમભરી, દેહપ્રાણને છંદાયમાન કરી મૂકનારી, ગળતાં ગળાંની હલકે ગાળી હલાવી નાખનારી ઢંદ-ટીપણી, એ બધાંની સુયોજિત રજુઆત પાછળ સ્વાગત સમિતિના સુજ્ઞ યજમાનોનો એકમાત્ર આશય સોરઠી ઘરાનાં તળપદાં રસાંગોના શુદ્ધ નમૂના મહેમાનોની સામે મૂકવાનો હતો, ને તે હેતુ ઠીક ઠીક સફળ થયો છે.

×××

વાઙ્મયના લલિત પ્રકારની નેમ, તમામ ચર્ચા વિવેચનને અંતે તો, માનવ-હૃદયને પ્રત્યક્ષપણે શુદ્ધ સાત્ત્વિક રસોલ્લાસે ભરી આપવાની છે-ને રહેશે. કાવ્યવિવેચન તો સાધન છે, સાધ્ય તો છે કાવ્યપુરસ્કરણ. એટલે વિવેચનની કસોટીએ શુદ્ધ રસવલ્લી ઠરે તેવીજ વસ્તુ-રજુઆત કરવી એ આવાં સંમેલનોમાં ઉપકારક કામ છે. કારણ કે જેટલા પ્રમાણમાં આવાં સંમેલનો મેળા-સ્વરૂપ ધારણ કરે છે, તેટલા પ્રમાણમાં એણે જનમેળાને સાહિત્ય-રસ સીધો, કટોરી ભરી પાવો રહે છે. સાચાં રંજન દ્વારા જનહૃદયને વિના શબ્દે કહી દેવાય છે, કે આનું નામ સાહિત્યકલા. રંજનની પ્રસાદી પીરસવામાં રાજકોટના યજમાનોએ સ્થાપી આપેલું ઊંચું ધોરણ એ હવે પછીનાં સંમેલનોમાં નીચું ન પડે એટલી ચેતવણી. કારણ કે રંજનને ને ટાયલાંવેડાને ઝાઝું છેટું નથી હોતું.

×××

સાહિત્યકારોને આ રાત્રિસમયનો બીજો કોઇ વધુ સારો ઉપયોગ કરવાની ઇચ્છા હોત, તો તે માટે કશો અંતરાય નહોતો. રંજનના કાર્યક્રમો તો જનતાને માટે ચાલ્યા કરત.

×××

પ્રદર્શન વિશે કંઇક લખું એમ થાય છે, કુ. મંગળસિંહ અને રવિભાઇ રાવળ, વગેરે મૂંગા મૂંગા જેના આયોજન પાછળ અવિશ્રાંતપણે દિવસરાત ઘટાઇ ગયા હતા, મંચ પર માત્ર ફરજ પૂરતા ડોકાવા ઉપરાંત તેઓને જેની માવજત આડે નવરાશ કે મોટાઇની તમા નહોતી. તે પ્રદર્શન સાહિત્યનો પથ અજવાળનારું હતું એમ બીજાઓ કહે છે, મારું તો મંદ ભાગ્ય હતું. માંડીને લઇ જોવાયું નહિ.

× ×
×

બીજું એક તત્ત્વ તો મારે ચડાઇને જોવું હતું. એને મેં સતત શોધ્યા કર્યું. આજ સુધી સાંભળતો હતો, કે જ્યાં જ્યાં શ્રી. મુનશીનું વર્ચસ્વ હોય છે ત્યાં ત્યાં એ હોય છે કુગકુગી વગાડનારા ને બીજા બધા હોય છે માંકડાની દશામાં. રાજકોટ સંમેલનમાં એ સ્થિતિને મેં જાણી નથી. સ્વા. સ. એના અધિકારપ્રદેશમાં નિરાબાધિત કામ કરી રહી હતી, બીજી સમિતિઓ પણ નિરંતરાય વર્તતી હતી, ઠરાવો ઘડનારાને કોઇ ઘોદાવતું નહોતું. વિ. વિ. સમિતિમાં મુનશી પોતાનો દૃષ્ટિકોણ રજુ કરવા ઉપરાંત કોઇને

રુંધતા દબાવતા હોવાનું જોયું નથી, દિવસ રાત શક્ય તેટલા કાર્યક્રમોમાં મંચ પર બેઠા જ હોય, એક અપવાદ સિવાય સંમેલનને છોડી અહીં તહીં ઊપડી ગયા પણ નહોતા. અગાઉના કરતાં ઘણો ફેર પડ્યો જણાય છે.

શાયલોકની માફક આ માનવી પણ 'more sinned against than sinning' તો નહિ હોય? આ માણસમાં કોઈ પણ પ્રવૃત્તિના પ્રવર્તકમાં હોવા જોઈતા ગુણોની સાથે તે તે ગુણોના અડધિયા જેવી અનિવાર્ય બની રહેતી ન્યૂનતા પણ જો હોય, તો તે સમાધાનને પાત્ર વસ્તુ નથી શું? કોનામાં નથી?

×x×

વિદાય થતી ટ્રેનમાંથી પાછળ ડોકાઈ રહેતાં પાંચ સાત માનવ-શરીરો ઓળાની માફક અંધકારમાં ઓગળી ગયાં. મન લાગણીવશ બન્યું એ હતા સ્વા. પ્ર. શ્રી રમણલાલ યાજ્ઞિક, અને એના એકનિષ્ઠ સાથીદારો. અનાજની અછતના આકરામાં આકરા મહિનામાં, દોઢ જ મહિનાની નોટીસે સા. પ. સં. નો આવડો મોટો મેળો બોલાવવાની અને એ મેળાની દરેક વ્યક્તિને સમકક્ષાએ સાચવવાની છાતી તો યાજ્ઞિકની જ ચાલે! કઈ કુનેહથી એણે આ સરભરા-સામગ્રી અને ખરચની મોટી રકમ એકઠી કરી હશે, કેટલાં મોઢાં બોલાવ્યાં હશે, કેટકેટલી કાળી ધોળી દાઢીઓમાં હાથ નાખ્યો હશે, છતાં કેમ કરીને એમણે સંમેલનને દાતાવૃંદની તેમજ રાજ્યની માઠી અસરોથી બિલકુલ મુક્ત રાખ્યું હશે, એ તો કદાચ નેપથ્યની જ બાબત રહી જશે. વડોદરાવાળાઓએ શીખવા જેવો આ પાઠ છે. પણ યાજ્ઞિકની કાબેલિયતનો આંક તો એણે પોતાના રાજકોટી કાર્યસાથીઓમાં જે ટીમ-સ્પિરિટ ખડો કર્યો હતો તેમાંથી ઉકેલાય છે. એ સાથી-જૂથની પણ કુનેહ, શિસ્તપાલનવૃત્તિ ને સહનશીલતા કંઈ થોડી નહિ હોય. એમની ખુબી તો આ હતી—આત્મવિલોપન! તેઓ બધા નેપથ્યવિધાનમાં જ મશગૂલ હતા. યશ શાબાસીની વહેંચણ ટાણે હાર પહેરવા એક પણ ડોક લાંબી થઈ નહોતી. એ હતો સાચો સાહિત્ય-રંગ. પ્રેમે અને ઉમંગે ઝલકાતા ઝલકાતા તેઓ સર્વ સંમેલનની સફળતા પાછળ મચી રહ્યા હતા.

'ન્યુઝ ઓફ ધી વર્લ્ડ'

બ્રિટનનાં છાપાંના વેચાણ પરના યુદ્ધકાલીન અંકુશો તાજેતરમાં હઠાવી લેવાયા પછીના ચાર અઠવાડિયાનું પોતાનું સરેરાશ વેચાણ અઠવાડિયે ૭૪,૧૨,૩૮૩ નકલોએ પહોંચ્યું છે એમ લંડનના રવિવારિયા સાપ્તાહિક 'ન્યુઝ ઓફ ધી વર્લ્ડ' જાહેરાત કરી છે, અને એવો દાવો કર્યો છે કે દુનિયાના કોઈ પણ છાપાં કરતાં પોતાનું આ વેચાણ વધારે છે. 'ન્યુઝ ઓફ ધી વર્લ્ડ' (દુનિયાના સમાચાર) નાં ઘણાંખરાં પાનાં નમુસી કથાઓ અને રમતગમતની ખબરોથી ભરેલાં હોય છે.

પહેલું વોળાવું [સાચી ઘટના]

ઝવેરચંદ મેઘાણી

'ઠાકોર છે ઘેર ?'

એવી પૂછપરછ કરતા બેત્રણ વેપારી મુસાફરો, ચરોતરના પંડોળી નામે ગામડામાં એક ધારાળાને ઘેર આવી ઊભા રહ્યા. સાંજ નમીને અંધારું થઈ ગયું હતું.

ઘરમાંની બાઈએ બહાર આવી કહ્યું: 'ઠાકોર તો ખેતરામાં ગયા છે. હમણાં આવતા જોઈએ. શું કામ છે ?'

'અમારે એમનું વોળાવું જોઈતું હતું. અમો ખંભાત જઈએ છીએ.'

રેલગાડીના પાટા આણંદ સુધી જ હતા, ખંભાતની ટ્રેન થઈ નહોતી, તે સમયની આ વાત છે. મુસાફરોને આણંદથી મજલ કરતાં પંડોળીને પાદર રાત પડેલી, એટલે કોઈક વિશ્વાસપાત્ર વોળાવિયો જોઈતો હતો. ને ગામમાં કોઈએ આ ધારાળાનું નામ આપેલું. બાઈએ ખાટલો ઢાળતાં કહ્યું:

'બેસોને, હમણાં ઠાકોર આવશે.'

વણિક વટેમાર્ગુઓ એ ધરની પરશાળમાં ખાટલા પર ધરધણી ગરાસીઆની વાટ જોતા બેઠા હતા ત્યારે થાંભલી પાસે ઊભો ઊભો એક કિશોર છોકરો મૂંગો મૂંગો આ મુસાફરો અને માની વચ્ચેની વાત સાંભળી રહ્યો હતો તેમજ મહેમાનોને જોઈ રહ્યો હતો.

થોડી વારે એ છોકરાએ પૂછ્યું: મારા બાપા વિના બીજાનું વોળાવું શું ના ચાલે ? મને વોળાવામાં ના લઇ જાઓ ?'

મુસાફરોએ દીવાને ઝાંખે અજવાળે આ છોકરાની સામે નિહાળ્યું. ઉંમર ચૌદેક વર્ષથી વધુ ન લાગી. મોંમાંથી માનું ધાવણ ફેરવું હોય તેવી કુમાશ હતી હોઠ પર.

સાથે ગાડું હતું. ગાડામાં છેક મુંબઇથી રળી આણેલી કમાઈ હતી. પંડોળીથી ખંભાત સુધીની વેરાન વાટ રાતમાં ને રાતમાં કાપવાની હતી. વચ્ચે ધારાળાનાં, ઠાકરડાનાં, પાટણવાડિયાનાં જોખમી ગામો આવતાં હતાં.

તેમનાં ઢચૂપચૂ મન સમજી ગયેલો છોકરો બોલ્યો: 'હું પણ મારા બાપાનો દીકરો છું. એનું નામ લીધે મારા વોળાવાને કોઇ ના આંતરે. ચાલો આવું.'

'ચાલ ત્યારે ભઈ. અમારે ય બીજું શું કામ છે ?'

છોકરો ઘરની અંદર જઇ જરાવારે બહાર નીકળ્યો ત્યારે એની કેડયે તરવાર હતી, ખભે તીરનો ભાથો અને કામઠું હતાં. 'ચાલો' કહેતાં મુસાફરો ઊઠયા.

ને થોડી વાર પછી ગાડું જ્યારે ખંભાત બાજુ પંડોળી ગામની સીમને કાપવા માંડયું, ત્યારે અહીં ધારાળા ઠાકોરને ઘેર વર-બરી વચ્ચે ગરમાગરમી ચાલતી હતી.

સીમમાંથી ઘેર આવેલા ઠાકોરે રોટલો ખાવા બેસતાં પૂછ્યું: 'છોકરો ક્યાં ?'

'એ તો ગયો વોળાવે.' સ્ત્રીએ જે બન્યું હતું તે કહી સંભળાવ્યું.

'શી વાત કરે છે, મૂરખી !' ઘણી તપી ગયો; 'એટલા નાના છૈયાને તેં આવી કાળી રાતે વોળાવે મેલ્યો ?'

'ચમ ના મેલું ? શું તમે એકલા જ વોળાવું કરી જાણો, ને મારો છૈયો નહિ !'

બૈરીના બોલવાથી ઠાકોરે વધુ તાપ દેખાડયો, ને પોતે રોષે ભરાયો હોય તે રીતે ભર્યે ભાણેથી ઊઠી, હાથ પીંછળી, ઘર બહાર ચાલ્યો ગયો. ત્રણ ચાર જે જોડીદારો હતા તેને કહ્યું કે 'ચાલો તો લગીર, તરવાર ધારીઆં લઈ લેજો જોડે. એક તાલ જોવો છે.'

ગાડું તો ગાડુકાર મુસાફરોને લઈ રાતની નીરવ ટાઢકમાં હળવે હળવે વાટ કાપતું જતું હતું. પેલો વોળાવિયો છોકરો ગાડાની પધોરે પધોરે પણ માર્ગે નહિ, ખેતરમાં, થોડે છેટે ચાલ્યો આવતો હતો. (વોળાવિયો ગાડાથી દૂર જ ચાલે, કારણ કે ગાડા પર કદી જો ધાડપાડુઓનો હુમલો થાય તો ગાડા જોડે પોતે પણ ઘેરાઈ જાય તો તો થઈ રહ્યું, એ લાઇલાજ બને. છેટે છેટે કોઈ ન જાણે તેમ ચાલતો હોય, તો હુમલાખોરો પર દૂરથી તીરોનો મારો ચલાવી શકે.)

એકાએક ખેતરોમાંથી આડા ફંટાઇને ત્રણચાર શખ્સોએ અંધારામાં ગાડાને આંતર્યું અને હાકલ પાડી : 'ઊભું રાખ ગાડું.'

ખેતરમાં ચાલતા આવતા વોળાવિયા છોકરાએ છેટેથી સામે હાક દીધી: 'ગાડાથી છેટા રે'જો. એ ગાડાને મારું વોળાવું છે, ને મારા બાપાનું નામ... ...ડાકોર છે.' એણે પિતાનું જાણીતું નામ જણાવી દુહાઇ દીધી.

'હવે બેસ્ય બેસ્ય.....ડાકોરની છોકરી!' એવા કટાક્ષ શબ્દે ગાડું આંતરનારા મુખ્ય આદમીએ છોકરાને બાપ સમાણી ગાળ દીધી.

'બાપા!' છોકરાએ સામેથી જે જવાબ આપ્યો તેના અવાજમાં નવીન જાતની મુજારી હતી. એણે લૂંટારાનું ગળું ઓળખ્યું હતું. 'બાપા! કહું છું કે ગાડેથી છેટા રે'જો. આ મારું પહેલું વોળાવું છે, કહું છું, છેટા રહેજો.'

એ નજીક ને નજીક આવતા અવાજની ફરી પાછી ઠેકડી કરીને ગાળ કાઢનાર લૂંટારાએ ગાડાના આગલા ભાગમાં ઊભા રહી બળદનાં નોતર છોડી નાખવા એક હાથ ઊંચો કર્યો.

ધ.....ડ : એ ઊંચા થયેલા હાથના બાવડા પર એક તરવારનો ફટકો પડયો.

લૂંટારાનો હાથ છેદાઈ ગયો હતો; અને વોળાવિયો છોકરો ખુલ્લી તલવારે સામે ખડો થયો હતો.

એક હાથ ખભેથી લબડી રહ્યો હતો, ત્યારે બીજા હાથે લૂંટારાએ છોકરાનો બરડો થાબડયો.

'શાબાસ દીકરા! પહેલું વોળાવું કરી જાણ્યું.'

❋

ઑસ્ટ્રેલિયાની મોંઘવારી

લડાઇને કારણે આવેલી મોંઘવારીએ ચીજવસ્તુઓના ભાવ એટલા બધા વધારી મૂક્યા છે કે લડાઈ પહેલાંના વર્ષની સરખામણીમાં હિંદી પ્રજાના જીવનખર્ચમાં ૩૦૦–૩૫૦ટકાનો વધારો થયો છે. જ્યારે ઑસ્ટ્રેલિયન સરકારે કરેલા ભાવનિયમનના કડક અમલને પરિણામે એ દેશના જીવનખર્ચમાં માત્ર ૨૨ ૧/૨ ટકાનો વધારો થઇ શક્યો છે.

કાવ્ય અને સાહિત્ય

રામનારાયણ વિ. પાઠક

[ગતાંકથી ચાલુ]

પતિપત્ની વચ્ચેનો પ્રેમ, બાળકો તરફનું વાત્સલ્ય, એ માત્ર પ્રજાતંતુ ચલાવવાની કુદરતની જુદી જુદી તરકીબો છે એમ માનતાં, તે તે ભાવો શૂન્યત્વ પામતા નથી અર્થાત્ વિજ્ઞાનની પ્રગતિથી વાસ્તવિક સ્થિતિનો ખ્યાલ વધારે ચોક્કસ થતાં, તે તરફનો જૂનો ભાવ અવશ્ય બંધ પડે એમ બનતું નથી.

પણ એથી પણ વિશેષ તો એ છે કે કાવ્યનો ભાવ એવો જીવન્ત હોય છે કે વાસ્તવિક સ્થિતિનો ખ્યાલ ફરી જતાં પણ એ ખ્યાલને અનુરૂપ થઈ રહે છે. મેં આગળ મૉરિસ મેટરલિંકનો સાકરની દેવતાનો દાખલો આપ્યો અને ત્યાં તેના વિલક્ષણ સ્વરૂપનો ખુલાસો કે સમર્થન, તેમાં વ્યંજનથી સમજાતી વિશ્વંભરા શક્તિથી કર્યું. હવે હાલના બધા વિચારકો જગતમાં ઈશ્વર કે એવી કોઈ વિશ્વંભરા શક્તિને માનતા નથી. વિજ્ઞાન સ્પષ્ટ કહે છે કે આ દુનિયા માનવજાતિ માટે રચાઈ છે એ એક વહેમ છે. પૃથ્વી અને જગતનું ખરું સ્વરૂપ જોતાં આ માનવજાતિ અસ્તિત્વમાં આવી એ એક અકસ્માત જ છે. અને તેનો નાશ થાય એવા અકસ્માતોથી આ પૃથ્વી ભરેલી છે.

"બર્નાડ શૉ કહે છે: "ઈશ્વર કદાચ સ્વર્ગમાં બેઠો હશે, પણ આ દુનિયા તો રેઢિયાળમાં રેઢિયાળ છે." આ જ ભાવ કૉકીએ પોતાના એક કાવ્યમાં કહેલો છે. શ્રી ઉમાશંકરના એ કાવ્યના અનુવાદની છેલ્લી જ કડી ઉતારું છું:

તેં તો એને ગગનબોડમાં ફેંકી'તી કો દગડ સમી,
મેં એમાંથી દેખ આજ શી ઘડિયલ રત્નકણી કીમતી.
દેખ અને થા ખુશ, ઈશ, જો સૂર્યકિરણમાં શી ચળકે.
આપી દેત તને અત્રધડીએ ભેટ ઘણી ભરકમળકે.
માત્ર...અરે ના...નહીં બને એ.
ખૂબ ગમી ગઈ છે એ.

નિશીથ, પૃ. ૮૫

આવી માન્યતા અને ભાવ થતાં પણ મેટરલિંકની સાકરની દેવતાની કલ્પના અર્થહીન થતી નથી. એ કાવ્યના ભાવનો નવો વિનિયોગ એવો થાય કે આ જગત બાળકો માટે કલ્પતરુ જેવું થવું જોઈએ. ખાવા જેવી બાબતમાં બિચારાં બાળકોને ટળવળવું પડે ત્યાં સુધી આપણો પુરુષાર્થ અધૂરો છે. અને જગતની આવી વસ્તુઓ, આ નાટકનાં બાળકો જેવાં દીનહીન બાળકોને પણ સુલભ થાય ત્યાં સુધી જગતની ઉત્પાદનશક્તિ વધારવી જોઈએ. આ પ્રમાણે જમાનાની કેટલીક સમજણ અને માન્યતા બદલાતાં પણ કાવ્ય ટકી રહે છે, અને એને નવા જમાનાને પણ કંઈક કહેવાનું રહે છે. માટે જ જમાને જમાને નવાં વિવેચનો થવાં જોઈએ. ક્ષણે ક્ષણે નવીનતા પામતી રમણીયતાને યુગે યુગે નવું નવું કહેવાનું હોય છે.

આ આખો વ્યાપાર મને સમજાય છે તે રીતે સ્પષ્ટ કરવા પ્રયત્ન કરું. મેં પહેલાં ઝાડ ઉપર ફૂલ બેસે તેના જેવો, વાસ્તવિક જગત અને કાવ્યનો સંબંધ કહ્યો હતો. હવે જરા જુદા રૂપકથી આ સંબંધ કહેવાનો પ્રયત્ન કરું છું, અને એ રૂપક તે પૃથ્વી અને તેના ઉપર રચેલા મકાનનું. મકાન એક સ્વતંત્ર મનુષ્યકૃત કલાકૃતિ છે. પણ તે પૃથ્વી પર જ ચણેલી છે. એ ભૂમિ એ જ એનો આધાર છે. આ વાસ્તવિકતામાં, મેં આગળ કહ્યું તેમ આખા જગત વિશેનાં ભૌતિક, અધિભૌતિક, આધ્યાત્મિક, સર્વ શ્રદ્ધાઓ, વિચારો, માન્યતાઓ આવી જાય છે એટલું જ નહિ, પ્રસ્તુત કલાકૃતિ પહેલાંની જેટલી કલાકૃતિઓ અનુભવમાં આવી હોય તેના સંસ્કારો પણ આ વાસ્તવિકતાની ભૂમિમાં આવી જાય. એ ભૂમિ ઉપર હવે નવી કલાકૃતિ રચાય છે. આ રચનાનું વસ્તુ કેવળ વાસ્તવિકતાવાળું હોય, કે પરીકથા જેવું કલ્પનોત્પાદ્ય હોય, તોપણ તે આખી વાસ્તવિકતાની ભૂમિકા ઉપર આવેલું છે. કવિ એ આખી ભૂમિકાનો ઉપયોગ ન કરે, જોઈતી ભૂમિનો જ ઉપયોગ કરે, પણ એ રચના

નીચે રહેલી છે તે તો એ આખી જ ભૂમિ. અને જેમ ભૂમિ ઉપર આવ્યા છતાં કલાની કૃતિ તો માત્ર ઉપરની રચના જ ગણાય છે, તેમ કાવ્યમાં પણ જે કવિની રચના હોય, અને તેની વ્યંજના હોય તેટલાથી જ કાવ્ય બને છે. બાકીનું બધું તેની વાસ્તવિકતાની ભૂમિકાનું છે. અને આ આખા રૂપકથી મારે ખાસ કહેવાનું છે તે એ કે જેમ ગમે તેવી રચનાવાળા મકાનને પણ ભૂમિના એટલે આખી પૃથ્વીના ગુરુત્વાકર્ષણને અનુકૂળ રહીને જ નિર્માણ થવાનું અને ટકવાનું છે, તેમ કાવ્યકૃતિને પણ આખી વાસ્તવિકતાના સત્યને વફાદાર રહીને જ નિર્માણ થવાનું અને આસ્વાદ્ય થવાનું છે. મહાભારતમાં દ્રૌપદી પાંચ પતિને પરણી, એ કવિનું ખાસ વક્તવ્ય નથી, એ વાર્તાનો વાસ્તવિકતાનો અંશ છે, પણ તેનું સતીત્વ, તેનું વીરત્વ, તેનો પ્રભાવ, તેની બુદ્ધિની તેજસ્વિતા વગેરે કવિનું વક્તવ્ય છે, અને એ જ તેની કલાની કૃતિ છે. હવે જમાનો બદલાતાં, વાસ્તવિકતાનો ખ્યાલ બદલાતાં, મુખ્ય એ ફેરફાર થાય છે કે નવા ખ્યાલને જે અંશ આગ્રાહ્ય જણાય, તે કાવ્યભવનમાં આડો ન આવે માટે, તેને વાસ્તવિકતામાં ભંડારી દેવામાં આવે છે. નળાખ્યાનના લેખકને એ પણ વક્તવ્ય હશે, કે અશુચિ થયા પછી પગ ધોયા વિના સંધ્યા ન કરવી જોઈએ. એમ કરવાથી અનેક અનિષ્ટોનાં પાત્ર થવાય છે. અર્થાત્ મહાભારતકારને મન પગ ન ધોવાની થતી શારીરિક અશુચિ એ હકીકત છે. અને તેનું અનિષ્ટપરિણામિત્વ એ વક્તવ્ય છે. અત્યારે આપણે આ કાવ્યના પરિશીલનમાં શારીરિક અશુચિને વાસ્તવિકતાનો અંશ માનવા ઉપરાંત, તેના આવા દારુણ અનિષ્ટપરિણામિત્વને પણ તે કાળની માન્યતા તરીકે વાસ્તવિકતાનો જ અંશ ગણી લઈએ, અને કવિનું વક્તવ્ય એવું ગણીએ, કે શુદ્ધિનું સ્વરૂપ એવું છે કે તેમાં ક્યાંક થોડી ખોડ રહી જતાં અયાગ વિપત્તિ આવી પડે છે. આપણે શારીરિક શુદ્ધિ કરતાં આ સત્યને માનસિક શુદ્ધિ માટે યથાર્થ માનીએ, અને આ કથામાં આવતી આ શારીરિક અશુદ્ધિને માત્ર માનસિક અશુદ્ધિના એક પ્રતીક તરીકે ગણીએ. કાવ્યપ્રકાશમાં એક દૃષ્ટાંત છે તેનો ઉપયોગ કરી કહી શકું કે આ વ્યંજનાનો વ્યાપાર, શોડયમિષોરિવ દીર્ઘતરો વ્યાપારઃ। તીરના વ્યાપારની પેઠે દીર્ઘ અને દીર્ઘતર થાય છે.

અને છતાં હું એક શક્યતા તરીકે સ્વીકારું છું કે વસ્તુસ્થિતિ સંબંધી ખ્યાલ બદલાય તેની સાથે તે તરફનો ભાવ પણ એટલો બધો બદલાય કે જૂનો ખ્યાલ અને ભાવ આપણે કલ્પનાથી પણ પ્રતીત ન કરી શકીએ એવું બને અને ત્યારે એ કાવ્યના કાવ્યત્વની અવધિ પૂરી થાય. એ કાવ્ય ન રહે. આનો સંપૂર્ણ દાખલો હું મેળવી શકતો નથી. એનું મુખ્ય કારણ એ કે મનુષ્યજાતિની જે કાંઈ તવારીખ અને સાહિત્ય મળે છે તેટલા કાળમાં મનુષ્યની પ્રગતિ એવી નથી થઈ કે વસ્તુસ્થિતિ તરફના ચાલ્યા આવતા ભાવો તદ્દન બંધ પડી ગયા હોય. કહે છે કે યુક્લિડ જેવો ભૂમિતિજ્ઞ આટલા બધા યુગો પછી માત્ર આઈન્સ્ટાઈન થયો. કહે છે કે અત્યારે જોકે એક નિશાળિયો પણ એરિસ્ટોટલની ભૂલો બતાવી શકે છે, પણ એરિસ્ટોટલ જેવો મહાન શાસ્ત્રજ્ઞ હજી સુધી થયો નથી. જે બુદ્ધિના પ્રદેશમાં ખરું છે, તે જ આખા આધ્યાત્મિક પ્રદેશમાં પણ ખરું છે. પણ એ સાથે એ પણ ધ્યાનમાં રાખવું જોઈએ કે એમ ખરેખર બન્યું હોય તો એવું કાવ્ય બદલાયેલા જમાનામાં જીવી શકે જ નહિ. રસ વિશે મમ્મટ કહે છે કે चर्व्यमाणतैकप्राणः એટલે કે રસ આસ્વાદાય એ જ એનો પ્રાણ છે, એ જ એનું અસ્તિત્વ છે. એ જ નિયમને જરા લંબાવીને કહી શકાય કે કાવ્ય ઉપભોગવાય એ જ એનું જીવિત છે. તે ભોગવવાનું બંધ થાય તે સાથે એનું અસ્તિત્વ પણ બંધ જ થાય. એટલે એવા કાવ્યનો દાખલો પણ મળે નહિ. વિશેષે કરીને એટલા માટે કે આ પહેલાંના યુગોમાં ન સમજાતી વસ્તુને સંગ્રહાલયોમાં રાખવાનો રિવાજ નહોતો.

આ રીતે એવું દૃષ્ટાન્ત ન મળે એમ પ્રતિપાદન કરીને હવે, આનું કંઈક દિગ્દર્શન કરી શકાય એવું દૃષ્ટાન્ત આપવાં પ્રયત્ન કરીશ. તેને માટે હું કે. હ. ધ્રુવ સંપાદિત અમરુશતક (ત્રીજી આવૃત્તિ, સને ૧૯૧૦) નો આડમો શ્લોક લઉં છું.

એમનું જ ભાષાન્તર નીચે આપું છું :

> જોઈ એક જ આસને પ્રિયતમા બે એ પુડેયી ધીરે
> આવી આવરી એહનાં રમતમાં નેત્રો કરે આદરે,

હીસતી ઉરમાં હસંતી મુખમાં નેઢે ભીંજી બીજને
ગોરે ગાલ નમાવી ટોક રહિયો રેખાંકરોને ચૂમે.

શ્લોકનો ભાવ, ટૂંકમાં કહીએ તો, નાયકના દાક્ષિણ્ય તરફનો અદોભાવ અને એ દાક્ષિણ્યજન્ય ધન્યતાની પ્રશસ્તિ છે. બન્ને પ્રિયતમા એક જ આસને બેઠેલી. કેવો યોગ! તેમાંથી નાયક જેને ઓછું ચહાતો હતો તેને ખુશ કરવા તેની આંખો ઢળાવી, અને એ જ સ્થિતિનો લાભ લઈ પેલી ન જાણે તેમ, તેણે બીજીને ચૂમી લીધી. શી ધન્યતા! પ્રસિદ્ધ અમરુની કવિતા છે, જેનો એક એક શ્લોક પ્રબન્ધશતનો રસ ધારણ કરે છે, अमरुकवेरेकः श्लोकः प्रबन्धशतायते! એમ મનાય છે. યુક્તિ ખરેખર ઘણી તરત બુદ્ધિ દર્શાવે છે, અને નાયકને પૂરી સફળતા વરી છે. એમ શ્લોકની સફળતાની ના નથી. અને છતાં અત્યારનું પ્રગતિમાન માનસ, જે સામાન્ય રીતે એકપત્નીત્વને જ માને છે, તેને આ રસ આમાંથી આવશે? કદાચ કોઈ કહે કે નળાખ્યાનમાં પગ ન ધોવાના અનિષ્ટપરિણામિત્વમાં જેમ એ માન્યતાને વસ્તુસ્થિતિનો અંશ સમજી ચલાવી લીધું એમ અહીં પણ કરી લેવું. એમ કરી શકાય તેની ના નથી. પણ ભેદ એ છે કે નળાખ્યાનમાં એમ માની લીધા પછી પણ એવું અવશેષ રહેતું હતું કે શુચિત્વ એવી વસ્તુ છે કે ક્યાંક પણ અપૂર્ણ રહે તો તેમાંથી અનેક અનિષ્ટ પરિણામો આવે, અને તેથી મૂળનો ભાવ એ ને એ રહેતો હતો. અમરુના શ્લોકમાં એમ થતું નથી. આપણે જરૂર એમ માની શકીએ કે એ સમાજમાં અનેક પત્નીઓ થતી હતી અને એ સમયનો સમાજ એકને છેતરી બીજીનો સંગ મેળવવામાં ધન્યતા અનુભવતો હતો. પણ એ રીતે એ ધન્યતાને તે જમાનાની વાસ્તવિક સ્થિતિનું અંગ ગણી લીધા પછી એવું કશું રહેતું નથી, જેથી ધન્યતા અનુભવાય. બહુ બહુ તો માત્ર એક ચતુરાઈ રહે છે, જે અનુચિત કાર્યમાં પ્રયોજાયેલી હોવાથી રસાભાસ કરે છે અને એ રસાભાસ એટલો તીવ્ર છે કે નાયકની હોંશિયારીમાં રસ ન પડે.

અહીં એક પ્રશ્ન ઊઠે. અને આ શ્લોકમાં આવતા ધૂર્ત શબ્દથી એને સૂચન પણ મળે છે, જોકે અમરુએ અહીં વાપરેલો ધૂર્ત શબ્દ નાયકની ધન્યતા અને તેના તરફનું મમત્વ બતાવે છે. પ્રશ્ન એ થાય કે જો આ શ્લોકના નાયકની ચતુરાઈ તમે અપરસવાળી, રસાભાસવાળી ગણો, તો જે ધૂર્તોની અને ઠગારાની વાર્તાઓ આવે છે, જેનાથી કેટલુંય મધ્યકાલીન લોકવાર્તાસાહિત્ય ભરેલું છે, તે બધાને પણ રસાભાસી ગણશો? હું કહીશ: ના, એમ એને રસાભાસી ગણવાની જરૂર નથી. અમરુના શ્લોકને રસાભાસી ગણવાનું કારણ એ છે કે એમ એક સાથે બે સ્ત્રીઓ સાથે પ્રેમસંબંધ ચલાવવો એ અપરુચિ છે. ધુતારાની વાર્તામાં અપરુચિ આવે તો તે એક જ દૃષ્ટિએ: નીતિની પણ ધુતારાની વાર્તામાં એ દૃષ્ટિ કોઈ રીતે ધવાતી નથી. ધુતારાની વાર્તામાં ઘણે ભાગે તો કોઈ રાજાનો કુંવર ધુતારાના રાજ્યમાં આવી ચઢે છે, અને અનેકને છેતરનારા એ ધુતારાઓને પણ, એમનાથી પણ વધારે કુશળ ધૂર્તતાથી છેતરે છે. ધુતારાના ભોગ બનેલા અનેક બીજા માણસોને છોડાવે છે, અને કદાચ ધુતારાના સાધનભૂત કોઈ સુંદર રમણીને જીતીને પરણી જાય છે, કોઈ વાર એવી પણ વાર્તા આવે છે ખરી, જ્યાં બન્ને સામસામા ધુતારા હોય, અને ત્યારે પણ ત્યાં નીતિદૃષ્ટિ ધવાતી નથી. અલબત્ત એવી પણ વાર્તા હોય છે કે કોઈ ધુતારો રાજાને છેતરી જાય છે, પણ આપણા સમાજમાં, અને તેથી વાર્તામાં પણ, રાજા તો છેતરવાને લાગના જ ગણાતા આવ્યા છે. રાજાની સંપત્તિ એટલી અઢળક હોય છે, તેની આવક એટલી આંધળી હોય છે. કે ગમે તેટલું છેતરવાથી તેને કદી આર્થિક આપત્તિ આવતી નથી, કદી મુશ્કેલી પડતી નથી. આવી છેતરામણીમાં રાજા ઘણે ભાગે મૂર્ખ હોય છે, અને એવો મૂર્ખ, કશી પણ લાયકાત વિના રાજા થઈ બેઠો છે તે છેતરાવાને જ યોગ્ય છે, રીતે લોકમાનસની સામાજિક માન્યતા તેને સમજી લે છે. મૂર્ખ જડજને વકીલ બનાવી જાય, તેમાં જે જાતની મજા આવે છે તેવી જ મજા રાજાને કોઈ છેતરી જાય તેમાં આવે છે. એમાં જે રસ છે તે બુદ્ધિચાતુર્યનો છે. કવિતામાં તો લાગણી હોવી જ જોઈએ એ મતનું, સાહિત્યનો આ સાદામાં સાદો પ્રકાર તદ્દન સાદી રીતે નિરસન કરે છે!

હવે હું મારો મૂળ પ્રશ્ન લઉં છું. કાવ્યનું પણ મુખ્ય પ્રયોજન ભાવનિષ્પત્તિ છે. સંગીતના રાગને જો

સત્ય કે નીતિ સાથે સંબંધ હોવાની જરૂર નથી તો સાહિત્યને પણ નથી. બન્ને કલાઓ છે.

સાહિત્ય પણ કલા છે એ સાચું. કલા તરીકે ભાવનિષ્પત્તિ કરવી એ એનું મુખ્ય પ્રયોજન છે એ સાચું. પણ તેમ છતાં તેને સત્ય, નીતિ બધાની વફાદારી રાખવી પડે છે. અને તેનું કારણ તેની ભાવનિષ્પત્તિની પદ્ધતિ છે. સાહિત્યમાં ભાવનિષ્પત્તિ, વાસ્તવિક જગતમાં જે રીતે થાય છે, એ રીતે થાય છે. વાસ્તવિક જગતમાં અમુક પરિસ્થિતિ ચિત્તની સંમુખ રજૂ થાય છે અને તે ઉપરથી ચિત્ત પોતાના આંતર પ્રયોજનને અનુકૂળ અમુક ભાવ ધારણ કરે છે. કાવ્યમાં પણ અમુક પરિસ્થિતિ એવી જ રીતે એટલે એ પરિસ્થિતિ સાચી જ હોય એવી રીતે ચિત્ત સંમુખ રજૂ થાય છે, અને ચિત્ત તે તરફ, પોતાના આંતર પ્રયોજનને અનુકૂળ રીતે, કહો કે આંતર પ્રયોજનને સિદ્ધ કરવા, અમુક ભાવ ધારણ કરે છે. ફરક માત્ર એટલો છે કે વાસ્તવિક જગતમાં વ્યવહારનાં અનેક પ્રયોજનો આવી આવીને આ ભાવ ધારણ કરવાની શક્તિને મુક્ત રીતે વ્યાપારમય બનવા દેતાં નથી. સાહિત્યમાં ચિત્ત વધારે મુક્ત, વધારે શુદ્ધ, વધારે નિર્વિઘ્ન રીતે, અને તેથી સંપૂર્ણતાની વધારે નજીક જઈને ભાવધારણ કરે છે. અને વાસ્તવિક જગતની રીતે જ ચિત્ત ભાવધારણ કરે છે, એટલે સાહિત્યજગતમાં પણ જે પરિસ્થિતિ ચિત્ત આગળ રજુ થાય તે વાસ્તવિક જગતને વફાદાર હોવી જોઈએ. સંગીતમાં જે ચિત્ત આગળ રજુ થાય છે, તે વાસ્તવિક જગતના જેવું કશું જ નથી, અને ચિત્ત તેના તરફ જે ભાવધારણ કરે છે તે વાસ્તવિક જગતમાં ભાવધારણ કરે છે તેની પેઠે નથી કરતું. સંગીતમાં અમુક સ્વરની આકૃતિ ચિત્ત આગળ રજૂ થાય છે, એ સ્વરાકૃતિને, વાસ્તવિક જગતમાં ઉપસ્થિત થતી અનેક પરિસ્થિતિઓ સાથે સાહિત્ય જેવો સંબંધ નથી. એ સ્વરાકૃતિ કોઈક અકલ્પ્ય રીતે ચિત્તને અનુકૂળ નીવડે છે, અને તેથી ચિત્ત, તે સાથે તદાકાર થાય છે, અને એ તદાકારત્વ એ જ તેનો ભાવ છે. એ અનુભવ વાસ્તવિક જગતના અનુભવ જેવો નથી. જ્યારે સાહિત્યમાં અનુભવાતા ભાવો તે વાસ્તવિક જગતના ભાવો છે એમ કહી શકાશે, સંગીત વિશે એમ કહી શકાશે નહિ. સાહિત્યમાં અનુભવેલા ભાવો બરાબર વ્યવહારજગતમાં અનુભવાય એવા છે, એ અનુભવાય એ ઈષ્ટ છે, અને એ ભાવો વ્યવહારમાં આચરણયોગ્ય છે. સંગીતમાં અનુભવાતા ભાવો વ્યવહારમાં અનુભાય છે, અને વ્યવહારમાં આચરણમાં મૂકાય એવા છે એમ કદી કહી શકાશે નહિ. અને માટે સંગીત વાસ્તવિક જગતના સત્ય સાથે સંબંધ નથી. પણ સાહિત્ય માટે એ સ્થિતિ શક્ય નથી. સંગીત આપણે માટે ચિત્તના નવા જ પ્રદેશો ખુલ્લા કરી આપે છે, સાહિત્ય આપણા વાસ્તવિક જીવનમાં વ્યાપારમય બનતા ચિત્તપ્રદેશોમાં વધારે શુદ્ધ ભાવો અનુભવગત કરાવે છે.

અને આ સ્થળે હું એક બીજો પ્રશ્ન ચર્ચવા ઇચ્છું છું, અને તે સત્યના સ્વરૂપનો. આપને કદાચ થશે કે અત્યાર સુધી સત્યની વાતો કરીને હવે અંતે સત્યના સ્વરૂપની ચર્ચા! પણ આપ જોશો કે મારા કે મારા વિષયનિરૂપણમાં એ ચર્ચા અહીં જ ઉપસ્થિત થાય છે. અને હું કંઈ સત્યની તત્ત્વચર્ચા કરવા માગતો નથી. સત્ય વિશેની એક સાદી જ વાત કહેવા માગું છું.

આપણે કહીએ કે 'ગરમીથી ધાતુઓનું કદ વધે છે' એ સત્ય છે. એનો અર્થ એ છે કે વાસ્તવિક જગતમાં ગરમીથી ધાતુઓનું કદ ખરેખર વધે છે, અને ઉપરનું વાક્ય એનું જ વિધાન કરતું હોવાથી સત્ય છે. સત્ય શબ્દને सत्—હોવું સાથે સંબંધ છે, અને સત્ય જે વસ્તુતાએ અસ્તિત્વ ધરાવે છે તેનું કથન છે: હવે આપણે આગળ જોઈ ગયા કે કાવ્યમાં બાહ્ય, ભૌતિક, સ્થૂલ જગતનાં સત્યોમાં, સત્ય તરફની સૂક્ષ્મ વફાદારી રાખીને, ફેરફાર કરી શકાય છે. અને તે શા માટે? કારણ કે કાવ્યનું મુખ્ય પ્રયોજન ચિત્તમાં ભાવનિષ્પન્ન કરવાનું છે. જગતની પરિસ્થિતિ નિરપેક્ષ રૂપે કાવ્યનો વિષય નથી. એ ભાવનિષ્પત્તિનું સાધન છે, નિમિત્ત છે, માટે એ કાવ્યમાં સ્થાન પામે છે. માણસને, માણસનું મન જ, રસનો વિષય છે.

હવે મારે એટલું જ કહેવાનું રહે છે કે જેમ બાહ્ય જગતનાં સ્થૂલ સત્યો છે, જેમ બાહ્ય જગતની વાસ્તવિક સ્થિતિ છે, તેમ ચિત્ત કે ચેતન તત્ત્વનું

વાણીની શક્તિ

ત્યારે હવે હું મારે જે કહેવાનું છે તેનો ઉપસંહાર કરીશ અને સમાપ્તિ પર આવીશ. મારો અસલ પ્રશ્ન આ હતો, કે વાણી–વાઙ્મયનો અર્થ શો છે? મેં જવાબ આપ્યો છે કે, વાઙ્મય એટલે ભાષા દ્વારા વિચારની નિષ્પત્તિ. અને આ વિચાર એટલે સંકલ્પો, ઊર્મિઓ, મંતવ્યો, ચિંતવનો તેમજ માનવ મનના બીજા અનેક વ્યાપારો.

અને વાણીની કલા એટલે એ નિરૂપણ પદ્ધતિ, જે વડે લેખક પોતાના વિષયને છાજતા તથા પોતાના શ્રોતા અગર વાચક સમૂહને માટે આવશ્યક એવા શબ્દો દ્વારા પોતાના મનોભાવને પ્રકટ કરે છે.

વાઙ્મય આ રીતે આત્મલક્ષી પ્રકાર છે; પોતાની જમાતના પ્રતિનિધિ લેખે બોલવાનો જેમનો અધિકાર છે, જેમના શબ્દોમાં બાંધવપ્રજા તેમની પોતાની લાગણીઓનું ઉકેલન, પોતાના અનુભવોની રજૂઆત અને પોતાની જ વિવેકબુદ્ધિનું સૂચન નિહાળે છે તેવા મનુષ્યો જે કંઈ અનુભોધે છે તેનું બનેલું છે આ વાઙ્મય.

સજ્જનો, મહાન સાહિત્યકાર એ નથી, કે જેની પાસે ગદ્યમાં અગર પદ્યમાં વહાવવાને માટે શબ્દોનો પ્રચૂર ભંડાર હોય, કે જેની પાસે મરજી પડે ત્યારે ત્યારે ઢગલાબંધ ચમકતા શબ્દપ્રયોગો અને પૂરપાટ વાક્યો ક્રાંતી કાઢવાની શક્તિ હોય. મહાન ગ્રંથકાર તો એ છે, કે જેના પાસે કંઈક કહેવાનું હોય અને એ કહેવાની જુક્તિ જે જાણતો હોય.

એવા લેખકને માટે ચિંતનની મોટી ગહનતાનો, કે વિચારની વિશાલતાનો, કે દાર્શનિકતાનો, કે તર્કશક્તિની પ્રતિભાનો, કે માનવ સ્વભાવના અવગાહનનો કે માનવજીવનના તલસ્પર્શી અનુભવનો પણ હું દાવો નથી કરતો: જો કે આ વધારાની વિભૂતિઓ તેનામાં હોય પણ ખરી, અને જેટલી એ વિભૂતિઓ એનામાં વિશેષ તેટલો એ વધુ મહાનઃ પણ હું *તો એની લાક્ષણિક વિભૂતિ લેખે* મોટા પ્રમાણમાં નિરૂપણની કલાસંપત્તિને જ ગણાવવા માગું છું.

ભાવ અને શબ્દ એ બે વિભિન્ન તથાપિ એકબીજાથી જુદા ન પાડી શકાય તેવાં યુગ્મ છે. લેખક ચાહે તો પોતાની કૃતિને ઉદ્યમપૂર્વક સમારે કે ચાહે ઉત્કટ સંવેદનમાંથી સીધેસીધી ઠાલવી નાખે, બન્ને કિસ્સામાં એ એક જ નેમને નજર સમીપ રાખતો હોય છે. અને પોતે સચ્ચાઈથી પ્રેરિત બની એ નેમનું એકાગ્રપણે પાલન કરે છે. એ નેમ આ હોય છે: પોતાની અંદર જે હોય તેનું જ પુરસ્કરણ. એની સહૃદયતામાંથી જ આ ફલિત થાય છે કે એની શૈલી ગમે તે હો, એનાં વાક્યોનું સંવાદયુક્ત સ્વરૂપ ચાય તે હો, અનિર્વચનીય એક સરલતાની છટા એની સંગાથે ને સંગાથે રમણ કરતી હોય છે. એની નિરૂપણસામગ્રી ચાય તે હો, મહાન હો વા લઘુ. એ પોતે તો તેનું નિરૂપણ ઔચિત્યપૂર્વક, એ નિરૂપણના જ એક માત્ર ઉદ્દેશથી કરે છે. એની લખાવટ એ એના ચિત્ત તેમજ જીવનની જ આરસી હશે.

એ આવેશભર આલેખે છે. કારણ કે એ ઉત્કટપણે અનુભવે છે. એ જોશભેર લખે છે, કારણ કે એ ઠૂણઠૂ કલ્પના કરે છે. અસ્પષ્ટ કશું ન રહે એવી એના લખાણમાં વિશદતા આવે છે. વિષયનું એ વિવરણ કરે છે, કારણ કે એ સમૃદ્ધ છે. એની કલ્પના જ્યારે છોળ મારે છે, ત્યારે એની અલંકાર સમૃદ્ધિ છલકાઈ પડે છે. એના હૃદયને સ્પર્શ થાય છે ત્યારે એ અને એની કવિતા બંને સાથોસાથ પુલકિત બની રહે છે. દરેક ભાવને માટે એ સુસ્થાને શબ્દ યોજે છે, અને એક શબ્દનો પણ અતિરેક કરતો નથી. શબ્દના જ્યારે એ ઓઘ વહાવતો હોય છે ત્યારે પણ હરએક શબ્દને એની ચોટ હોય છે, હરએક શબ્દ એની પૂરપાટ વાગ્ધારાને રુંધ્યા વગર વેગવર્ધક બને છે. બધા જે કથી નથી શકતા, તેને એ વ્યક્ત કરે છે. એનું આ કથન એના બાંધવ જનોમાં સૂત્રોરૂપે વ્યાપ્ત બને છે, અને એના પ્રયોગો પ્રજાજનોની રોજિંદી બોલીમાં રૂઢ બની ઘરઘથ્થુ ઉપયોગનાં બને છે.

આમ વાણીની શક્તિ એ જો કોઈ પણ બીજી ગણનાપાત્ર શક્તિના જેવી જ નિસર્ગ–પ્રસાદી હોય, વાણીનો જન્મ એ જો અનેક ફિલ્સુફોના માનવા મુજબ દિવ્ય હોય, શબ્દો દ્વારા જો હૃદયનાં રહસ્યો અજવાળે આણી શકાતાં હોય, આત્માની આપદા જો વિરમતી હોય, ગોપવેલ દિલદર્દો જો દૂર કરી શકાતાં હોય, સહાનુકમ્પાનો પ્રવાહ જો વહાવી શકાતો હોય, સુબોધ જો આપી શકાતો હોય, અનુભવ જો ઉતારી શકાતો હોય, અને સુજ્ઞતાને જો સંઘરી શકાતી હોય–મહાન ગ્રંથકારો દ્વારા જો અનેક વચ્ચે એકતા સ્થપાતી હોય, પ્રજાનાં શીલ સંસ્કાર સ્થિર કરાતાં હોય, જનતાને જ્ઞાન મળતી હોય, અતીત અને વર્તમાનને તેમજ પૂર્વ અને પશ્ચિમને પરસ્પર સંપર્કમાં લાવી શકાતાં હોય, ટૂંકમાં જો આવી વ્યક્તિઓ એ માનવકુળના પૈગમ્બરો તેમજ પ્રતિનિધિઓ બની શકતી હોય, તો પછી સાહિત્યના ઉપેક્ષા કર્યે નહિ ચાલે, એનો અભ્યાસ ઉવેખ્યે પણ નહિ ચાલે. એથી ઊલટું ખાતરી રાખીએ, કે હરકોઈ પણ ભાષામાં વાંઙ્મય પર આપણું જેટલા પ્રમાણમાં પ્રભુત્વ તેમજ વાઙ્મય સાથે જેટલી આપણી આત્મસાતતા, તેટલા પ્રમાણમાં આપણે પોતે પણ એવો જ લાભ બીજાઓને હાંસલ કરાવી શકશું, ભલે તેવા લાભ લેનારા અલ્પસંખ્ય હો, ભલે તેઓ અપ્રસિદ્ધ હો કે સુપ્રસિદ્ધ

(કાર્ડિનલ ન્યુમેનના 'માય આઈડિયા ઓફ એ યુનિવર્સિટી' માંથી.)

ઇંગ્લંડની અપરિણિતાઓ

'ઇંગ્લંડ અને વેલ્સમાં દર વર્ષે એક લાખ અપરિણિત સ્ત્રીઓ સગર્ભા બને છે, ઇંગ્લંડમાં જન્મતાં કુલ બાળકોનો આઠમો ભાગ અપરિણિતોના સંબંધનું પરિણામ હોય છે વીસ વર્ષની નીચેની જેટલી યુવતીઓ લગ્ન કરે છે, તેમાંથી ચાલીસ ટકા જેટલી તો તેમના લગ્નદિન પૂર્વે સગર્ભા બની ચૂકી હોય છે.'

('ચર્ચ ઓફ ઇંગ્લંડ' સમક્ષ પેશ થયેલા એક અહેવાલમાંથી.)

આનંદના સમાચાર

રતિલાલ અદાણી

"દાદા! હમણાં તમારું વજન એકધારું ઘટયે જ કેમ જાય છે?" સાબરમતી જેલમાં રવિશંકર દાદાની 'હિસ્ટરી ટીકીટ'નાં વજનનાં પાનામાં એમના વજનનો આંકડો એકધારો નીચે ઊતરતો જતો જોઈને મેં પૂછ્યું.

"ઈ જાણે, શરીર છે. વધઘટ ચાલ્યા કરે." દાદાએ વાત ટાળવાનો પ્રયત્ન કર્યો.

"આખા વરસમાં કોઈ દિવસ એકાદ રતલનો ય ફેરફાર થયા વિનાના શરીરમાંથી આ દોઢમાસમાં એકાએક પંદર રતલ વજન ઘટી જાય એનું કંઈક કારણ તો હોવું જ જોઈએ; દાદા!" મેં ફરી પ્રશ્ન કર્યો.

ગમે તેવા પ્રશ્નનો હસીને ઉત્તર દેનારા અને પ્રશ્ન પૂછનારના મનનું સમાધાન થાય ત્યાં સુધી વિસ્તારથી સમજાવનારા દાદા મારો પ્રશ્ન સાંભળીને નિરુત્તર રહ્યા. એમના મોઢા ઉપર ગમગીનીની છાયા ફરી વળી. એમની મુદ્રા ગંભીર બની ગઈ.

ફરી વખત પ્રશ્ન પૂછવાની મારી હિંમત ચાલી નહિ.

બેચાર દિવસ વીતી ગયા. એક સાંજે બેરેકમાં અમારી સમૂહ-પ્રાર્થના ચાલતી હતી. પ્રાર્થના પૂરી થઈ અને દાદા પાણી પીવા ઊઠયા. થોડું ચાલ્યા અને એમને ચક્કર આવ્યા. શરીરે એકાએક લથડિયું ખાધું. અમે એકાએક દોડી તો ગયા પણ દાદા બેશુદ્ધ બનીને જમીન ઉપર પડી ગયા હતા. એમને પથારીમાં સુવરાવ્યા. થોડીવારે શુદ્ધિ આવવા લાગી. અને "મને કંઈ નથી હો! મૂંઝાશો નહિ." એમ કહીને દાદા આંખો ચોળતા ચોળતા પથારીમાં બેઠા થઈ ગયા.

"ચક્કર આવ્યા, બેભાન થયા, પડયા છતાં મને કંઈ નથી થયું! તમે મન કઠણ કરીને વાત ઠેલી નાખો પણ શરીર તો શરીરનો ધર્મ બજાવ્યે જાય ને? દર પંદર દિવસે પાંચ રતલ વજન ઘટતું જાય એ ચિંતાજનક તો ગણાય દાદા! એનું કંઈક કરવું જોઈએ." મેં જરા અકળાઈને કહ્યું.

"જેલમાં હોઈએ ત્યારે બીજું શું થઈ શકે? અને આપણા શરીરની જવાબદારી તો સરકારની છે. આપણે શીદ ચિંતા કરીએ!" દાદાએ કહ્યું:

"સુપ્રિન્ટેન્ડન્ટનું ધ્યાન ખેંચવું જોઈએ. એણે દૂધ મંજૂર કરવું જ પડે." મેં કહ્યું.

"ના. ના. એવું કંઈ નથી કરવું." દાદા આંખે હાથ ફેરવતા ફેરવતા બોલ્યા. થોડીવાર એમણે આંખો બંધ રાખી. અને પછી બોલ્યા.

"અને હું આજે કયે મોઢે દૂધ ખાઉં? રાસના વયોવૃદ્ધ પાટીદારો સત્યાગ્રહ કરીને જેલમાં આવ્યા છે. એમના વિતકો સાંભળ્યા છે? ઘડીભર તો આપણાં રુંવાડા બેઠા થઈ જાય એવી એ વિતક કથાઓ છે. ગઈકાલના માતબર પાટીદારની આજે ચીંથરેહાલ દશા બની છે. એના ઢોરઢાંખર પાણીને મૂલે હરરાજ થઈ ગયા છે. એમની સોનાના કટકા જેવી જમીન બબ્બે પાંચપાંચ રૂપિયામાં પારસી લોકોને સરકારે લીલામ કરી દીધી છે. જેમને ઘેર ગઈ કાલે બબ્બે પાંચ પાંચ ભેંસોના દુઝાણાં હતાં એમના છોકરાઓને આજે દૂધ તો શું છાશનું ટીપું પણ મળતું નથી. પુરુષો જેલમાં આવીને બેઠાં છે. એમના બૈરાં છોકરાં રાનરાન અને પાનપાન બની, ઘરબાર વિનાના બની, અજાણી ધરતી ઉપર પાટડી રહ્યા છે. અને આ બધી યાતનાઓ આ ભડ પાટીદારો ગાંધીજી અને સરદારને નામે હસતે મોઢે હોંશે હોંશે સહન કર્યે જાય છે. એ પાટીદારોને મોઢેથી એના બૈરાં-છોકરાંઓની બેહાલ દશા સાંભળ્યા પછી દૂધ શે ગળે ઉતરે?" ઘડીભર પહેલાં બેભાન બની ગએલા દાદાની વાણીમાં રાસના પાટીદારની વાત આવતાં અજબ પ્રકારનું તેજ પ્રગટયું.

"રાસના પાટીદારોએ તો ગૌરવભર્યો ઇતિહાસ

સજ્યો છે. એમની વિતક કથાઓ સાંભળીને ગાંધીજી અને સરદારની છાતી તો ગજગજ ઊછળે. આપણી લડત જ સ્વાર્પણની છે." મેં કહ્યું.

"આપણી લડત સ્વાર્પણની છે એ વાત સાચી પણ આપણે શું અર્પણ કર્યું? આ પાટીદારોના પ્રમાણમાં આપણે કશું સહન કર્યું નથી. આપણે જેલમાં આવીને બેઠા એથી વિશેષ આપણે શું કર્યું? જ્યારે આ પાટીદારોએ પોતાનું સર્વસ્વ હોમ્યું. અને એંશી એંશી નેવું નેવું વરસની ઉંમરે કેટલાક પાટીદારો જેલમાં આવીને બેઠા છે." દાદા બોલ્યા.

"ખરેખર તેઓ વંદનના અધિકારી છે. એમનો ત્યાગ અને ભોગ અદ્ભુત છે." મેં કહ્યું.

"અને આજે આ પાટીદારો જે કંઇ સહન કરી રહ્યા છે એમાં મારી જુમ્મેદારી છે. એટલે જ પાટીદારના ઘરના ગાભા ચુંથાયાની વાત સાંભળું છું, પાટીદારના બૈરાં-છોકરાંઓને અજાણી ધરતી ઉપર કોઈ પણ જાતના આશ્રય કે આધાર વિના પાટકવું પડે છે એ પ્રસંગો સાંભળું છું, એમના છોકરા છાશનું ટીપું પણ પામતા નથી એ કથા સાંભળું છું, અમલદારોના અમર્યાદ જુલમોની વાતો સાંભળું છું ત્યારે મારા રુંવાડા બેઠા થઇ જાય છે." દાદાની એકધારી વાણી શરૂ થઇ.

"તમારી જુમ્મેદારી કેમ?" એક મિત્રે પૂછ્યું.

"વાત એમ છે કે '૩૦ની લડતમાં પોતાને આંગણેથી સરદાર પકડાયા એટલા ખાતર રાસે પોતાનું સર્વસ્વ હોમ્યું. પણ આ બીજી લડત લડવાની લોકોમાં શ્રદ્ધા રહી નહોતી. અસહ્ય યાતનાઓથી પાટીદારો ભાંગી ગયા હતા. એમણે સાથે મળીને આ બીજી લડતમાં ભાગ ન લેવાનું નક્કી કર્યું હતું. ગાંધીજી પકડાયા, સરદાર પકડાયા, એક પછી એક આગેવાનો, કાર્યકરો સૌ ઝડપાયે જતા હતા. મારી ઘરપકડના ભણકારા વાગતા હતા. એવે સમયે એક મોડી સાંજે મને સમાચાર મળ્યા કે રાસના પાટીદારો પાણીમાં બેસી ગયા છે. સમય ગુમાવ્યો પાલવે એમ ન હતું. ક્યારે હું પકડાઇ જઇશ એ કહી શકાય એમ ન હતું. હું રાતોરાત રાસ જવા ઊપડ્યો. અરધી રાતે રાસ પહોંચી ગામના આગેવાનોને એકઠા કર્યા. થોડીવારમાં ગામના મુખ્ય મુખ્ય પાટીદારો આવી પહોંચ્યા.

"કેમ? આ વખતે શું વિચાર છે?" મેં પૂછ્યું.

"મહારાજ! અમને હવે શરમાવશો નહીં. હવે અમારાથી ઝીંક ઝીલી શકાય એમ નથી." એક પાટીદાર આગેવાને હાથ જોડીને કહ્યું.

"સરદારના નોકનું શું? જે રાસ ગામે પોતાને આંગણેથી સરદાર પકડાયા એટલા ખાતર લડતમાં પોતાનું બધું હોમ્યું એ રાસ આ લડતમાં પાછું પડે તો બીજા લોકોનું શું?" મેં પૂછ્યું.

'મહારાજ! અમે ઇ બધુંય સમજીએ છીએ. એક વખત આટલું સહન કર્યા પછી આ પારોઠના પગલા ભરવાં અમને ગમતાં હશે? અમે ફાંસીએ ચડી જવા તૈયાર છીએ; મુઆ અમને ભલે ઠીક લાગે એમ કરે પણ અમારી પાછળ અમારા બૈરાં-છોકરાંના જે હાલ થાય છે એ અમારાથી નથી વેઠાતું મહારાજ!" બીજા આગેવાને કહ્યું. બોલતાં બોલતાં એની આંખમાં જળજળિયાં આવી ગયાં.

"તમારી વાત સાચી છે. બૈરાં છોકરાંની જે હાલત થાય છે એ કમકમાટી ઉપજાવે એવી છે. અને કોઈ પણ સ્વમાની માણસને એ લાગી આવે. પણ લડત શરૂ થઇ છે અને આપણે હરેક એમાં ઝુકાવવું જ જોઇએ. અમારે કેવળ વાતો કરવાની છે, બહુ બહુ તો અમારે જેલમાં જઈને બેસવાનું છે. સાચું સહન તો તમારે કરવાનું છે. એટલે તમને કંઇ સલાહ કે ઉપદેશ આપવાની હિંમત નથી ચાલતી. પણ ગાંધીજી જેલમાં છે, સરદાર સાહેબ જેલમાં છે, રાસની આબરૂ ધોવાઈ જાય એ મને ખટકે છે. એટલે આ મોડી રાતે તમને મળવા દોડયો આવ્યો છું. સવારે તો કદાચ મને પકડી લેશે. ગાંધીજી, સરદાર અને ગુજરાતની આબરુ તમારા હાથમાં છે." મેં પાટીદારોને કહ્યું.

થોડીવાર આગેવાનો નિરુત્તર રહ્યા. અંદરોઅંદર થોડી ગુફતેગો કરી. અને પછી એક આગેવાને ઊભા થઈને કહ્યું. 'ઠીક મહારાજ! તમારું વેણ માથે ચડાવીએ છીએ. ગાંધીજી, સરદાર કે તમે આવીને

નહીં કહો ત્યાં સુધી રાસનો કોઈ પાટીદાર મહેસુલની એક રાતી પાઈ પણ સરકારને આપશે નહીં. ફનાફાતિયા થઇ જાય પણ આબરુ જવા નહીં દઇએ. ઇશ્વર બળ આપી રહેશે. તમે હવે ધરપત રાખીને પકડાજો."

"ઈશ્વર તમને બળ આપશે. તમે ગુજરાતની આબરુ રાખી છે હવે હું નિરાંતે પકડાઈ શકીશ." મેં કહ્યું.

અને મારી હાજરીમાં જ ત્યાંને ત્યાં રાસના આગેવાનો લડતનો વ્યૂહ વિચારવા બેસી ગયા. સવારે ચાર વાગે રાસના પાટીદારો પ્રતિજ્ઞા લઇને લડતનો વ્યૂહ નક્કી કરીને વિખરાયા. હું મારી છાવણીમાં પાછો ફર્યો. અને આપણે જોઇએ છીએ કે રાસના ખેડુતે પોતાની પ્રતિજ્ઞા પાળી છે." દાદાએ ધીમે અવાજે પણ એકધારી રીતે રાસના પાટીદારોની લડતની કોઇએ નહોતી જાણી એ પૂર્વભૂમિકા કહી સંભળાવી.

"ત્યારે તો દાદા! રાસની આ વખતની ગૌરવભરી લડતનો યશ તમારે ફાળે જાય છે." મેં કહ્યું.

"હા! આજસુધી હું એમની વિતક કથાઓ, સ્વાર્પણ કથાઓ સાંભળી સાંભળીને ગૌરવ અનુભવતો હતો. મારા આનંદનો કોઈ પાર નહતો. જેલમાં કોઇ નવો પાટીદાર આવે એટલે એને જોઇને મારી છાતી ગજગજ ફુલાતી....." દાદા એકાએક બોલતાં અટકી ગયા.

"અને હવે?" મેં પૂછ્યું.

"પણ હવે મને થાય છે કે મારાં વેણની ખાતર આ પાટીદારોએ તો પોતાનું સર્વસ્વ હોમ્યું પણ આપણે શું કર્યું? એમને ફનાગીરીનો પંથ સ્વીકારવાની સલાહ આપવાનો આપણો કંઈ અધિકાર ખરો?" દાદા બોલતાં બોલતાં વધુ ગંભીર બન્યા.

"એમાં કેમ બોલો છો દાદા! ગુજરાતમાં સ્વાર્પણને પંથે દોરવાનો તમારા કરતાં વિશેષ અધિકાર કોને છે? તમે તો તમારું સર્વસ્વ હોમીને બેઠા છો અને રહીસહી આ એક કાયા છે એને પણ નિર્દંભ રીતે ઘસી રહ્યા છો." મેં કહ્યું.

દાદા ઘડીભર મૌન રહ્યા. ઘડીભર એમણે આંખો બંધ કરી દીધી. દાદાને બોલવાથી વિશેષ થાક લાગશે એનો અમને કોઈને ખ્યાલ જ રહ્યો નહીં. દાદાના મુખેથી અમૂલ્ય વાતો સાંભળવાના લોભમાં એ ખ્યાલ ઊડી ગયો. થોડીવાર પછી આંખો ચોળીને દાદાએ બોલવું શરૂ કર્યું.

"એક રીતે તો વાત સાચી છે કે મેં બધું છોડી દીધું છે. પણ મારી મૂળ જમીન અને મકાન હજુ સરકારી દફતરે મારે નામે ચાલે છે. મને તો એનો ખ્યાલ પણ ન હતો. બે માસ પહેલાં જેલમાં આવેલા એક પાટીદારે મને સમાચાર આપ્યા કે 'મહારાજ! તમારી જમીન હરાજ થવાની નોટીસ મળેલી, અને સાંભળ્યું છે કે જમીન હરાજ થાય ત્યાર પહેલાં તમારા કોઇ સગાં મહેસૂલ ભરી આવવાના છે.' પાટીદાર જુવાન તો સહજપણે સમાચાર આપી ચાલતો થયો. પણ એ સમાચાર સાંભળ્યા ત્યારથી મને ચેન પડ્યું નથી. ત્યારથી મને નિરાંતે ઊંઘ આવી નથી. ત્યારથી મેં નિરાંતે રોટલો ખાધો નથી. મારા કહેવાથી, મારા વેણની ખાતર રાસનો એકએક પાટીદાર આજે ફકીર બન્યો. એનાં બૈરાં-છોકરાં આજે છાશનું ટીપું પણ પામ્યા વિના નિરાધાર દશામાં બેહાલ બનીને રખડી રહ્યા છે. અને મારી જમીન મહેસૂલ સરકારના ચોપડામાં જમા થાય?" દાદા બોલતા અટકી ગયા. એમના હાથના આંગળા ધ્રૂજવા લાગ્યા.

"પણ દાદા એ જમીન સાથે તમારે થોડી નિસ્બત છે! તમારા કોઇ સંબંધી તમારે નામે મહેસૂલ ભરી દે એમાં અહીં બેઠા તમે શું કરો! એનો તમારે મન ઉપર ભાર ન રાખવો જોઇએ." અમે નાને મોઢે દાદાને મિથ્યા આશ્વાસન આપવાની ધૃષ્ટતા કરી.

"હું એ રીતે મનને મનાવી શકતો નથી. સરકારને ચોપડે તો મહેસૂલ મારે નામે જમા થશે. રાસ અને ખેડાનો પાટીદાર તો જાણશે કે જે મહારાજે અમને મહેસૂલ ભરવાની ના કહી તેણે પોતે તો પોતાની મહેસૂલ ભરી દીધી. હું બહાર હોત તો આજે એ જમીન અને ખોરડાં સૌથી

હેલા હરાજ થાય એમ કર્યું હોત. પણ આજે જેલમાં છું એટલે લાચાર બન્યો છું. અહીં બેઠા શું થઇ શકે? મારું જે કંઇ કહેવાનું હોય એ સર્વસ્વ મારે બીજા કશા ખાતર નહીં તો રાસના પાટીદાર માતર પણ હોમવું જોઇએ. મારાં જે સગાવહાલાં મહેસૂલ ભરવા તૈયાર થયા છે, એમને સદ્બુદ્ધિ સૂઝે અને મહેસૂલ ન ભરે એવી છેલ્લા દોઢ માસથી હું પ્રાર્થના કરી રહ્યો છું." દાદા ગંભીર ભાવે બોલ્યા.

દાદાનું શરીર છેલ્લા દોઢ માસથી ઘસાતું જતું હતું અને એમનું વજન ફૂદકે અને ભૂસકે ઘટતું જતું હતું, એનું કારણ હવે સમજાઇ ગયું. દાદાના દિલને દોઢ દોઢ માસથી જે વેદના કોરી રહી હતી એ આજે એમની જીભેથી જ વ્યક્ત બની ગઇ. દાદાને માટે સુપ્રિટેન્ડન્ટ દૂધ મંજૂર કરે તો પણ દાદા એ દૂધ મોઢે ન અડાડી શકે એ અમને સમજાઇ ગયું. વધુ કશું પૂછવાની કે બોલવાની અમારી હિંમત રહી નહીં. ત્યાંય સુધી અમે દાદાની એ ગંભીર પુનિત મુદ્રા જોઇ જ રહ્યા. અને એક પછી એક પોત પોતાની બૅરીમા જવા માટે ઊઠ્યા.

× × ×

પંદરેક દિવસ વીતી ગયા હશે. કંઇક કામસર દાદા, જેલની ઑફીસે ગયા હતા. ઑફીસેથી પાછા આવીને દાદા અમારી બાજા બૅરેકના દરવાજામાં દાખલ થયા ત્યારે એમના હોઠ મરક મરક હસતા હતા. એમના પગ ઉતાવળા ઉતાવળા ઊપડતા હતા. એમના શરીરના રોમે રોમમાં અનેરો આનંદ ઊભરાતો હતો.

ઑફીસે જઇ આવેલા પાસેથી બહારની દુનિયાના કાંઇક સમાચાર મળશે એવી આશાએ સૌ એને ઘેરી વળે એ જેલનો એક સામાન્ય શિરસ્તો બની ગયો હતો. દાદા આવ્યા એટલે અમે સૌ એમને ઘેરી વળ્યા. દાદાના ગોઢા ઉપર સ્મિત જોઇને સૌ કંઇ શુભ સમાચારની વાટ જોતા બેઠા, દાદા એક બીસ્તરા ઉપર બેઠા.

"કાં દાદા! કંઇક આનંદનાં સમાચાર લાવ્યા લાગો છો." મેં પૂછ્યું.

"હા! આજે ભારે આનંદના સમાચાર મળ્યા." દાદાએ કહ્યું.

"વાટાઘાટો ચાલતી હશે? સંધિ થઇ હશે? આપણે છૂટવાનું થશે?" આવી કંઇક અટકળો અનેકના મનમાં થવા લાગી. પણ દાદાને આનંદ થાય એવા સમાચાર કોઇ જુદી જાતના જ હોવા જોઇએ. મેં પૂછ્યું. "તમને આનંદ થાય એવા તે વળી શા સમાચાર મળ્યા?"

"જાણે આજે રાસથી એક પાટીદાર મહેસૂલ ન ભરવા માટે જેલમા આવ્યો છે. એણે સમાચાર આપ્યા કે "મહારાજ! તમારી જમીન અને ખોરડા હરરાજ થઇ ગયા." દાદાએ હસતાં હસતા કહ્યું.

"તમારી પ્રાર્થના ફળી દાદા!" મેં કહ્યું.

"એ તો દઇ જાણે. પણ ભગવાને સગાંવહાલાઓને સદ્બુદ્ધિ સુજાડી. અને મારે નામે ચાલતાં જમીન અને ખોરડાં પાણીને મૂલે હરરાજ થઇ ગયાં. આજે હવે મને નિરાંત થઇ. આજે હું નિરાંતે ઊંઘીશ. આજે મને રોટલો ભાવશે. રાસના ખેડૂતે આપણી પવિત્ર લડતમાં પોતાનું સર્વસ્વ હોમ્યું. મને થયા જ કરતુ હતું કે મારે મારું સર્વસ્વ હોમવું જોઇએ. આજે એ હોમાયું. આજ સુધી મને ચિંતા હતી કે હું ક્યે મોઢે રાસના ખેડૂતોને મારું મોઢું બતાવીશ? પણ હવે હું બીજળે મોઢે બહાર નીકળી શકીશ."

"દાદા! હવે દૂધ માટે સુપ્રિન્ટેન્ડન્ટનું ધ્યાન ખેંચીએ તો?" મેં અધીરા થઇને પૂછ્યું.

"ના. ના. એવી કંઇ જરૂર નથી." દાદાએ કહ્યું.

"પણ હવે તો તમને આનંદના સમાચાર મળી ગયા. હવે તમને દૂધ લેવામાં વાંધો ન હોવો જોઇએ. તમારું ઘસાતું શરીર જોઇને તમને કદાચ કંઇ નહીં થતું હોય, પણ અમારો જીવ તો બળે જ છે." મેં કહ્યું.

"તમે વારે વારે કહો છો એટલે ખુલાસો કરું." દાદાએ કહ્યું: "જ્યારે પાટીદારો માથે દમનનો

કોરડો વીંઝાવા લાગ્યો, અને એમનાં બૈરાંછોકરાં નિરાધાર બની હીજરત કરવા લાગ્યા એ સમાચાર મળ્યા ત્યારે મારા દિલમાં પારાવાર વેદના થવા લાગી. મારે એમને માટે કંઇક કરી છૂટવું જોઇએ. પણ જેલમાં શું કરું ? દિવસો સુધી મેં મનમાં ગડમથલ અનુભવી. એક આખી રાત ઊંઘ ન આવી. અને મનમાં આપોઆપ વિચાર આવ્યો. રાસના પાટીદારના છોકરાં પાછાં દૂધ ભેળાં ન થાય ત્યાં સુધી મારાથી જેલમાં હોઉં કે બહાર, દૂધ ન પીવાય. તરત જ મેં એવી પ્રતિજ્ઞા લીધી અને ત્યારથી હું કંઇક હળવો બન્યો."

દાદાની આંખમાં આજે અનેરો આનંદ ઉભરાતો હતો. અમે ક્યાંય સુધી એમની પ્રસન્ન મુખમુદ્રા જોઇ રહ્યા. અમારે માટે એ પ્રસંગ ધન્ય હતો. એ દર્શન મંગળ અને અદ્‌ભુત હતું.

× × ×

એક મહિના પછી દાદાની હિસ્ટરી ટિકિટનું વજનનું પાનું જોઇને મને ભારે અજાયબી થઇ. વગર દૂધે અને વગર ઘીએ જેલના એના એ રોટલા અને એના એ દાળશાકથી એક જ મહિનામાં દાદાએ પોતાનું ગુમાવેલું પંદર રતલ વજન પાછું મેળવી લીધું હતું.

❋

ગ્રામ્યવિકાસ-પ્રતિકૃત્યાન

હિંદી સરકાર તરફથી બંગાળ સરકારને વાર્ષિક નીચે પ્રમાણે મદદ મળતી રહી છે:—

૧૯૪૩–૪૪ રૂ. ત્રણ કરોડ

૧૯૪૪–૪૫ રૂ. સાત કરોડ

૧૯૪૫–૪૬ રૂ. આઠ કરોડ

તાજેતરનાં વર્ષો દરમયાન બીજા કોઇ પણ પ્રાંતને આ જાતની મદદ મધ્યસ્થ સરકારે આપેલી નથી. આ મદદ આપતી વેળા કોઇ શરતો લાદવામાં આવી નથી.

(મધ્યસ્થ ધારાસભામાં નાણામંત્રી)

[અનુસંધાન પૃષ્ઠ ૨૪ થી ચાલુ]

સ્ટેશન માસ્તરે વાંચીને કહ્યું: 'અરે સ્નીપર! ઓ મારા દાદા! ત્યારે એમ કહેને કે ઢેડો ભંગીઓ છું!'

'એસી બાત મત કરો. મેં સ્નીપર હું. ઉસમે લિખ્યા હે.'

'અરે ઢેડો-ઢેડો આ તો.'

એ શબ્દો ઉચ્ચારીને સ્ટેશન માસ્તરે આખા ટોળાને હસાવ્યું.

એ હાસ્યના ખખડાટ સામે આ સરકારી માણસ ચોમેર રાતી આંખે જોઇ રહ્યો.

'કયાં જવું છે?'

'આંહીં જ.'

'કયાં ભંગીવાસમાં કે ઢેઢવાડે ચમારવાડે?'

'ભંગીવાસમેં.'

'જ્યા દેને હવે ભાનુ.' સ્ટેશન માસ્તરે, ભંગી સમજીને માણસ થૂંકતો હોય તેવો ભાવ પ્રદર્શિત કર્યો.

'આપ કહેતા હો તો ભલે. બાકી રોજના આવા પંદર બેટે છે, સાહેબ.'

'મુઆ! જા ભાઈ જા, ને હવે પછી ગાડીમાં ટિકિટ લઇને ચડજે હો ભા!'

'ના, તેનું કાંઇ નૈ. બાકી તુમ તાર કરકે પુછાવતા. હમારા સાબ ચારચ (ચાર્જ-પૈસા) ભર દેગા. ફિકર ગાત કરના. અમ હાલી મવાલી નેઇ. અમ પાકા મિસ્ટેરી. હાં દસનેકી બાત નેઇ. અમ હોલ દુનિયા દેખી હે. ફ્રાન્સ, મિસર, પેલેસ્ટેન, ઈરાક, બર્મા, મલાયા, સિંગાપુર, સબ ઘૂમ્યા, પણ બેટીતલાક ઇસ દેસ તો કોઈ નવાઇકા હૈ. ઢેડા ઢેડા કરને હૈ, ભંગી ભંગી કરતે હે, થૂ થૂ સિવાય દૂસરી બાત નેઇ.'

એવા એના બોલ પર ટોળું ખી-ખી કરતું કરતું વિખરાયું, અને એ આદમી, કેમ જાણે એની સરકારી ભાવણીમાં પરેડ કરતી વેળા કદમો ભરતો હોય, તેવી અદાથી એ સ્ટેશનના પ્લેટફોર્મ પર પણ ચાલવા લાગ્યો. એની ચાલ તાલબંધ અને ગૌરવભરી હતી. સીનો સ્વાભાવિકપણે ટટ્ટાર હતો. સૈયેદૈયું દબાવ તેટલી જરદીની વચ્ચેથી એ વજર અડ્ડાયે, વજર આઇટે, નિર્ધક કશી તોફારી કે ગૂંચવણ ગભરામણ વજર ચાલતો હતો. વળી તેણે સીગરેટ સળગાવીને પીવા માંડી, તે જોઇને તો ટી. ટી. ઇ. ભાનુસંકર, બગલ-થોટી પર ખોડંગતા વૈદરાજ, મફો ઉર્ફે મદતલાલ તથા હેમાણી કાકા ઉપરાંત બીજા કેટલાક, ચાર ચાર આંખો કરી તાકી રહ્યા.

'રૂવાબ જોયો રૂવાબ ઢેડાનો! ચાર્જ કર્યા વગર બોડવા જ ન જોવે ને દીકરાઓને!' એ શબ્દો ટી. ટી. ઇ. ભાનુસંકરના હતા.

'આ લડાઈ તો કાળા કોયલાની યક્ષ. ઢેડા ભંગીઆની ખોપરીઉં પણ ફાટી.' વૈદરાજે કહ્યું.

'ધીરા બાપલા ધીરા!' મફો કહેવા લાગ્યો; 'ઓલી કોરથી હિટલર અને આ કોરથી ટોજો, બેયને ભગવાને આ હિસાબ ચોખો કરવા જ ઊભા કર્યા છે.'

આવી આવી બહુવિધ રીતે નવો પ્રાણસંચાર અનુભવીને ગામલોકો પાછા ગામભણી ચાલ્યા ગયા, એકાદ કલાકનો જલસો માણીને પછી સ્ટેશન રોજના ભૂખડી બારસ શન્ટીંગ એન્જીનની તુંડમિજાજી દોડધામથી શરમાતું સુનકાર પડ્યું, મુરદાં પર એકાં મળેલાં ગીધડાંની યાદ દેતા કેટલાક લોકો ગોદામ પાસેના ધક્કા પર માલગાડીના ડબામાંથી નીકળતા સામાન પાસે ઊભા હતા. બેત્રણ સાંધાવાળા લધર વધર ડગલાની ફડકો ઊંચી કરી ટોલા (જૂ) ચૂંટતા હતા:—

એવી સાંજે પેલો મિસ્ટરી સ્નીપર, પાંચ સાત ભંગીલોકોના ટોળાની ભોમ્બરે કાસમ ધાંચીની વાડીએ ગયો. રમઝાન ત્યાં ખાટલે બેઠોબેઠો, ઢોર ચાગોળે એમ મોટું પાન-બીડું બેઠ ગલોફાંની વચ્ચે ફેરવતો ફેરવતો ચાવતો બેઠો હતો.

બીજા ભંગીલોકોએ 'અલ્લાના! બાપ્પા સાબ! ખુદાવંદ!' એવું બોલી ધરતી સુધી ઝૂકી સલામો કરી. પેલા પરોણાએ તો સ્વાભાવિક અદાથી ટટ્ટાર સીનો સાચવીને જ હાથ ઘોડો કપાળ ભણી ઊંચો કર્યો.

'કેમ!' રમઝાને પૂછ્યું.

મિસ્ટરી સ્નીપરે કહ્યું: 'તમે કાસમભાઈના દીકરા!'

'હા. કોનું કામ છે'

'તમારી બેન દૂરબાઈ ને!'

'હા.'

'મારે એમનું કામ છે.'

[આગળ]

વૈજ્ઞાનિક જગતના આંદોલનો લોકભોગ્ય ભાષામાં વર્ણવતી માસિક નોંધ:

विज्ञानदर्शन

શ્રી. બંસી ગાંધી બી. એસસી.
પ્રોફે. જયંતીલાલ દે. ઓઝા,
એમ. એસસી.
ડૉ. નરસિંહ મુ. શાહ
એમ. એસસી. પીએચ ડી.

વિજ્ઞાન અને સાહિત્ય

રાજકોટમાં ગયે મહીને ગુજરાતી સાહિત્ય પરિષદની સોળમી બેઠક મળી હતી. પરિષદના વિજ્ઞાન વિભાગના પ્રમુખ ડૉ. કુંવરજી ગોંસાઇ નાયક હતા. ડૉ. નાયક ગુજરાતના એક પીઢ અગ્રગણ્ય વૈજ્ઞાનિક છે. વૈજ્ઞાનિક સંશોધનની ખીલવણી અર્થે તેમણે અથાગ જહેમત ઉઠાવી છે. વડોદરામાં તેમણે વૈજ્ઞાનિક સંશોધન સંસ્થા ઊભી કરવામાં ખૂબ મહત્તાપૂર્ણ ભાગ લીધો હતો. ડૉ. નાયક રસાયનશાસ્ત્રના સંશોધનથી જનતાને ફાયદો મળે એ માટે અને ઉદ્યોગોને ઉપયોગી થાય એવી શોધખોળ માટે હંમેશાં પોતાના વિદ્યાર્થીઓને ઉત્તેજન આપે છે, અને પોતે એ વિષયમાં ખૂબ રસ લે છે.

તેમનું વિજ્ઞાન વિભાગના પ્રમુખ તરીકેનું ભાષણ વિચારણીય છે: તેમાંથી 'ઉર્મિ' અને નવરચના'ના વાચકોને આ રસથાળ પીરસ્યો છે:

ઘણા લાંબા સમયથી હું એવી માન્યતા ધરાવતો આવ્યો છું કે સાહિત્ય અને વિજ્ઞાન એ માનવસંસ્કૃતિનાં બે પરસ્પર પૂરક અંગો છે. હું દૃઢપણે માનું છું કે વિજ્ઞાનની વધતી જતી સિદ્ધિઓ સાહિત્યને માટે સુંદર સામગ્રી પૂરી પાડે છે અને તેનો કલામય ઉપયોગ જો સાહિત્યને કરતાં આવડે તો એ અનેક રીતે સમૃદ્ધ થાય.

કુંભકર્ણ–રોગ (sleeping sickness) દરદીના લોહીમાં મળી આવતા એકકોષી જંતુઓથી થાય છે. આ જંતુઓ અને શરીરના તંતુઓ (tissues) વચ્ચે ઘણું સામ્ય છે. જર્મન વૈજ્ઞાનિક એહરલીશે શોધી કાઢ્યું કે કેટલાક તંતુઓ, કોષો અને જીવાણુઓ પર રંગોની વિશિષ્ટ અસર થાય છે. એમણે પ્રતિપાદન કર્યું કે જીવાણુઓ જે રંગોને શોષી લે છે તેની સાથે કેટલાક ઝેરી રસાયનો આપવામાં આવે તો તેને પણ શોષી લે અને એ રીતે જીવાણુની ઝેરી અસરને નાબૂદ કરી શકાય. એહરલીશે સંશોધનદ્વારા આવી જાતના પુષ્કળ પદાર્થો બનાવ્યા. તેમાંથી એટોક્સીલ સફળ નીવડ્યું. પણ દરદી અંધ બન્યો. આ પછી તેણે ઔષધના બંધારણમાં અનેક પ્રકારે ફેરફાર કરી જોયા. પરિણામે સાલ્વરસાર્ન જેવા રામબાણ ઔષધો શોધાયાં. આ પ્રકારે રાસાયણિક ઉપચારના નવીન વિતાનનો પાયો એહરલીશે નાખ્યો. પછી પ્રોન્ટોસિલ અને સલ્ફાનીલ એમાઇડ નામનાં ઔષધોની શોધ થઇ. નવલકથા જેટલો રસપ્રદ થઇ પડે તેવો વિજ્ઞાનની શોધખોળનો આ અદ્ભુત રસિક અને રોમાંચક ઇતિહાસ છે. રાષ્ટ્રીય નિયોજનથી કોઇ પણ યોજનામાં રાસાયણિક ઉપચારોના સંશોધન માટે એક કેન્દ્રસ્થ શોધખોળની સંસ્થા હોવી જોઇએ. આવી સંસ્થાના વિકાસને બાહોશ વૈજ્ઞાનિકો પોતાનું જીવનકાર્ય બનાવી શકે એવી સંપૂર્ણ સગવડોની વ્યવસ્થા કરવી એ આજની અનિવાર્ય આવશ્યકતા છે.

પ્રો. બાટિંગે એવું પ્રતિપાદન કર્યું છે કે જેમ જેમ ખાંડનો વપરાશ વધ્યો છે તેમ તેમ મીઠી પિશાબના રોગની વૃદ્ધિ થતી રહી છે. એના મત પ્રમાણે ખાંડને ચોખ્ખી કરવા માટે પાસા પાડવાની ક્રિયામાં (crystallisation) ખાંડના રસમાં હજી સુધી વણ શોધ્યા કુદરતી તત્ત્વમાં એવો કોઇ ખાસ ફેરફાર થઇ જાય છે કે જેને લીધે ખોરાકની વસ્તુ તરીકે ખાંડ હાનિ કર્તા નીવડે છે. એ જ વૈજ્ઞાનિકે ઇન્સુલીનની શોધ કરીને લાખો કરોડો મીઠીપિશાબના દર્દીઓને અકાળ મૃત્યુમાંથી ઉગારી લીધા છે. આ ઔષધનો ઉપયોગ ગાંડપણના ઉપચાર તરીકે પણ થાય છે. ઇન્સુલીન પશુઓની પ્રક્રિયાસમાંથી કાઢવામાં આવે છે.

આપણા દેશમાં દરેક માણસને મળવું જોઇએ

તેથી ઓછું પોષણ મળે છે, એ એક સિદ્ધ હકીકત છે. સાધારણ તપાસ ઉપરથી પણ એટલું તો સહેલાઇથી પુરવાર થઈ શકે કે જેટલું ધન રોગના નિવારણ અર્થે ખર્ચવામાં આવે છે તેના કરતાં ઓછા ધનથી દરેક ગરીબ માણસને યોગ્ય ખોરાક પૂરો પાડી શકાય.

દરેક દેશની રાષ્ટ્રીય ખોરાક નિયમન પદ્ધતિ એવી રીતે વિકસાવવી જોઇએ કે જેથી સમાજના હિતમાં વધુ ઉત્પાદન અને વધુ વપરાશની યોજના થઈ શકે. માણસને પેટ ભરવા પૂરતો ખોરાક મળતો હોય છતાં અપૂર્ણ પોષણને પરિણામે એનું મૃત્યુ નીપજી શકે આ હકીકત શોધખોળ વડે સાબીત થએલી છે. શરીરને માત્ર ઉષ્માશક્તિ અને પ્રોટીનની જરૂરિયાત પૂરી પાડવી એટલું જ ખોરાકનું કાર્ય નથી. શરીરના આરોગ્યને પોષણ આપનારા અનેક બીજાં પદાર્થો પણ ખોરાકને પૂરા પાડવાના હોય છે. આપણા દેશમાં અસંખ્ય સ્ત્રી–બાળકો યોગ્ય ખોરાકના અભાવે પાંડુ રોગનાં ભોગ બને છે.

આપણી કમાણી અને આપણા ખોરાક ઉપરના ખર્ચ, એ બેની વચ્ચે એક ચોક્કસ સંબંધ રહેલો છે. ઘણા લોકો ખોરાક માટે ખર્ચ કરવાને બદલે સીગારેટ, સિનેમા, દારૂ જેવી જીવનમાં અનાવશ્યક બાબતો પર વિશેષ ખર્ચ કરે છે. શરીરની વૃદ્ધિ અને આરોગ્યને માટે કેટલાંક ઉપયોગી તત્ત્વોની પણ જરૂરિયાત હોય છે. આ તત્ત્વો તે વિટામીન.

અસંખ્ય વૈજ્ઞાનિક શોધખોળોમાંથી આ માત્ર થોડાંક જ ઉદાહરણો છે. આપણા દેશમાં ખાસ કરીને શોધખોળના કેન્દ્રોને ઉદ્યોગની સાથે જોડવાની આવશ્યકતા છે, જેથી ઉદ્યોગ અને ખેતીના વિકાસ અંગેની જરૂરી દરેક સમસ્યાનો ઉકેલ લાવી શકાય. જુદાં જુદાં સ્થળોમાં થતાં વૈજ્ઞાનિક સંશોધનોનું અનુસંધાન પણ અલ્પ પ્રમાણમાં જ થાય છે. આજના મોટા ઉદ્યોગોની આર્થિક વ્યવસ્થા અંગેના પ્રશ્નનો ઉકેલ, અલગ અલગ સ્થળોએ ચાલતી પ્રયોગશાળાની શોધખોળો વડે તેમજ વિવિધ સંસ્થાઓના અધકચરા વ્યક્તિગત પ્રયત્નો વડે થઇ શકે એમ નથી. આવા એકલવાયા પ્રયત્નોને સ્થાને, મોટા પાયાપર સમૂહ તંત્રના ધોરણે વૈજ્ઞાનિક શોધખોળનું સંચાલન થવાની ખાસ જરૂર છે. ઔદ્યોગિક અને આર્થિક વિકાસ માટેનો નવીન દૃષ્ટિકોણ આપણે કેળવવો પડશે.

આ દૃષ્ટિએ જોતાં વિજ્ઞાનનું પણ યોગ્ય નિયોજન કરવું પડશે. ત્યારે ઉદ્યોગોની વિધવિધ શાખાઓનો વિસ્તાર હિંદભરમાં જે ઝડપથી થાય છે એના કરતાં વિશેષ ઝડપે સુનિયોજીત વૈજ્ઞાનિક સંસ્થાઓની હારમાળા શરૂ કરવાની ખાસ જરૂર છે. જો હિંદુસ્તાનની રાષ્ટ્રીય ઉત્ક્રાંતિની આજથી જ શરૂઆત થાય તો આપણા સાહિત્યે યોગ્ય માર્ગદર્શન કરાવી શકે એવી અનેકવિધ પ્રવૃત્તિઓ આદરવી પડશે. અને તે માટે આ સાહિત્યપરિષદે આજથી જ વિચાર કરવાનો છે. ઉદ્યોગના કે કેળવણીના ક્ષેત્રમાં વિજ્ઞાન અને નવીન માનસશાસ્ત્રની દૃષ્ટિને નજર સમક્ષ રાખી સૌને યોગ્ય પ્રોત્સાહન મળે એવું સાહિત્ય સર્જવું પડશે. હિંદુસ્તાનમાં સ્વતંત્રતાનો યુગ સ્થપાઈ ચૂક્યો છે. એટલે આપણા દેશના સાહિત્યનું પણ નવીન દૃષ્ટિથી પુનર્વિધાન કરવું પડશે. આપણા નવલકથાના સાહિત્યનું વસ્તુ પણ રાષ્ટ્રના નવયુવકો તેમજ ભવિષ્યની પ્રજાની કલાદૃષ્ટિ અને જીવનદૃષ્ટિને લક્ષમાં લઈ તેને અનુરૂપ થાય એ રીતે યોજવું પડશે. આપણા ભવિષ્યના સાહિત્ય વિકાસમાં વૈજ્ઞાનિકો રોમાંચક જીવન ગાળી શોધખોળો માટે મહાન આત્મભોગો અપાતા હોય, એવું અનેક પ્રકારનું વસ્તુ (plot) વણી લઇને સાહિત્યનું નવસર્જન કરવું પડશે. અક્ષરજ્ઞાનના વિસ્તાર સાથે લેખનકળા, ભાષાશાસ્ત્ર અને શૈલીની સુધારણાનાં પ્રમાણિત ધોરણો નક્કી કરવા ઉપરાંત તેનું સંસ્કરણ કરવું પડશે. આપણું સાહિત્ય માત્ર 'કલા ખાતર કલા' નો વાદ રજૂ ન કરતાં, રોમાં રોલાં કહે છે તેમ જીવનના સંઘર્ષો અને ભાવનાઓનું પ્રત્યક્ષ પ્રતિબિંબ રજૂ કરતું હોવું જોઈએ. એ આદર્શને સિદ્ધ કરવાને માટે આજના સમાજમાં ચાલી રહેલી અનેકવિધ લુચ્ચાઇઓ લોભવૃત્તિઓ, ઇર્ષ્યાઓ અને અહંભાવોને દૂર હટાવવા માટે મોટા પ્રમાણમાં પ્રેરક અને માર્ગદર્શક સાહિત્ય નિર્માણ કરવું પડશે.

(આ રસદાયી ભાષણનો બાકીનો હપ્તો આવતા અંકમાં)

પરમાણુ-શક્તિની હિતકારી સંભવિતતાઓ

અણુ બોમ્બ વિષે કોણે નહીં સાંભળ્યું હોય? અણુ-બોમ્બ એટલે નરદમ સંહારનું પ્રબળ શસ્ત્ર. પરમાણુઓની શક્તિપર કાબુ મેળવી ધારેલી અસર ઉપજાવવાનો પહેલો પ્રયોગ પરમાણુ-બોમ્બની બનાવટ કહી શકાય. આવા બોમ્બનો ઉપયોગ કરીને જાપાનના શહેરોના પુરચે પુરચા ઉડાવી દીધા અને માઇલોના માઇલો સુધી જમીન ઉજ્જડ બનાવી દીધી, એ વાત કોનાથી અજાણી છે? આવી પ્રચંડ શક્તિનો ઉપયોગ શું માત્ર સંહાર માટે જ છે? શાંતિના કાળમાં તેની હિતકારી સંભવિતતાઓ નથી? સંહારને બદલે તેનો ઉપયોગ સર્જનમાં ન થઈ શકે? થાય તો ક્યાં કરવો? કેમ કરવો? એ પ્રશ્નો વિચારાઈ રહ્યા છે. ટુંકામાં પરમાણુની શક્તિ વાપરવાની કરામતો યોજવાના પ્રયત્નો ચાલી રહ્યા છે. પરમાણુશક્તિનો યુગ બેસવાના ચિન્હો દેખાય છે. વરાળ, વીજળીની શક્તિમાં અણુ-શક્તિનો ઉમેરો નજીકના ભવિષ્યમાં થશે એમ લાગે છે.

અણુ-બોમ્બની હવામાન પર સજ્જડ અસર થાય છે. જોરશોરથી ધસી આવતા વંટોળિયા વીખેરવામાં અથવા નવા વંટોળિયા સર્જવામાં પણ તેનો ઉપયોગ થઈ શકે. થોડા વખત પર. ઉત્પન્ન થયેલ એક 'ટાઇડલ વેઇવ' (tidal wave)થી ઘણીજ ખાનાખરાબી થઇ હતી, આવા 'વેઇવ' અણુશક્તિથી ઉત્પન્ન કરી શકાય યા રોકી શકાય અને તેનો યોગ્ય ઉપયોગ કરી શકાય.

૧૯૧૨માં ટાઇટેનીક ડૂબી ગઈ-એક તરતા બરફ પર્વતને અથડાવાથી આજે પણ તે પર્વતો એટલાજ નુકશાનકારક છે. તેમની હાજરીની નોંધ વગર કરેલી સફર જોખમી નીવડે. પરમાણુશક્તિનો યોજેના મુજબનો ઉપયોગ કરવાથી આ જોખમ નિવારી શકાય. જે ગરમીથી મેકસીકોના રણની રેતી પીગળી ગઇ તેની પાસે બિચારા બરફ પર્વતોનો શો હિસાબ! પરમાણુના ધડાકાની પાસે બિચારા બરફપર્વત લાચાર બને.

રશિયાની ઉતરે સમુદ્રનાં બારાં-બંદરો પર બરફની ચાદર ૭-૭ માસ સુધી પથરાએલી રહે છે. પરમાણુશક્તિ એ બરફ તોડી સ્ટીમરોને રસ્તો કરી આપે એ માટે યોગ્ય સમયને અંતરે ધડાકા કરી બરફ તોડનારી નૌકાઓની સંભવિતતા છે.

દરિયામાં આડે ધડ પથરાયેલા ખડકોએ સૈકાઓથી કેટલાય વહાણોના ભોગ લીધા છે. દરિયાઈ મુસાફરી સલામત કરવા અણુશક્તિવડે એ ખડકો સાફ કરી શકાય. દરીયામાં પાણીની ધારે ધારે ઉભેલા કેટલાય ખડકોને સાફ કરી નાખી નવાં બંદર બનાવવા એ અણુશક્તિ માટે મુશ્કેલ ન ગણાય. દેશદેશના કિનારા ફરી જાય, નકશા બદલાઇ જાય. અણુ-શક્તિની આ કોઇ જેવી તેવી સિદ્ધિ ન ગણાય.

નવી નહેરો બાંધવામાં પણ અણુ-શક્તિનો ઉપયોગ થઈ શકે. પનામા નહેર બાંધવી એ થોડાં અડવાડિયાનું જ કામ થઇ જાય.

અણુતરીપૂર્વક યોગ્ય યોગ્ય અંતરે જમીનમાં અણુબોમ્બ ગોઠવી, દૂર રહ્યા રહ્યા વિજળીની ચાંપ દાબી દો એટલે પત્યું. અણુ-શક્તિ દુનિયાના વહેવાર માર્ગો બદલાવી નાખે. દુનિયાની સિકલ ફરી જાય. અણુશક્તિ આગળ યુરલ કે હિમાલયનો શો હિસાબ? ખૈબર કે બોલન એવા બે જ ઘાટથી સંતોષ પામવાની શી જરૂર? જોઈએ તેટલા નવા ઘાટ તૈયાર કરી શકાય.

અણુશક્તિનો ઉપયોગ સંચા ચલાવવા યા મોટર એન્જીનમાં પણ થઇ શકે. કોલસા અને તેલની જગ્યા આ અણુશક્તિ લે. પણ તેમાં રહેલી મુશ્કેલીઓ થોડી નથી. આઝાદીના જાદુઇ દીવાની કરામતો જેવી અણુની આ શક્યતાઓ આવતી કાલની દુનિયા માટે અવાસ્તવિક નહીં રહે.

હથોટી અને વિજ્ઞાન

બહુ વર્ષો પહેલાંની વાત છે. વિલાયતમાં એક નાનું સરખું ગામ. ત્યાં એક રંગરેજ રહે. રંગવાની કળા તો એના બાપની જ. ગામેગામ તેમજ દેશપરદેશમાં એની ખ્યાતિ. રાજદરબારમાં એનાં માન

શેઠશાહુકાર સૌ એને પોતાનું કામ આપે. કિંમતીમાં કિંમતી કાપડ એની પાસે આવે. રંગવાના કામમાં એની જોડ વિલાયતમાં ન જડે.

એવામાં નીકળ્યાં કારખાનાં. તેમને પણ રંગરેજોની જરૂર પડી. સ્કોટલાંડમાં એવું એક કારખાનું. રંગરેજો પણ તેની પાસે ઘણા. સારામાં સારૂં કાપડ બનાવે પણ તેના રંગ સારા ન ઊઘડે. સારામાં સારા કાપડની નબળા રંગને લીધે કિંમત સારી ન ઊપજે. બહુ વિચાર કરી કારખાનાવાળાએ પેલા વિલાયતના કારીગરને રોકી લેવા નક્કી કર્યું. તેને મોં માગ્યો પગાર આપવાનું નક્કી કર્યું, અને કારખાનાના બધા રંગરેજોને કામ શીખવવાની શરત કરી. પેલા રંગરેજે પણ કામ શીખવવાનું કબૂલ કર્યું. જોતજોતામાં કારખાનાની ખ્યાતિ જામી પડી.

વિલાયતી રંગરેજ પાકો કારીગર ચપટી રંગ અહીંથી લે, ચપટી ત્યાંથી લે, ચમચો આ ડબામાંથી કાઢે, તો ચમચો બીજા ડબામાંથી મેળવે. બધા રંગ મેળવે. કપડું રંગમાં બોળ્યું ન બોળ્યું ત્યાં તો બધા કાચાં વિકાસી જોયા કરે. રંગની ભભક કોઇ ઓર ખીલી ઊઠે. કારખાનાવાળાના રંગરેજો તોળાતોળાને રંગ મેળવે, ખૂબ કાળજીપૂર્વક કાપડ કે સૂતરનું વજન વગેરે તપાસે. તોલ કરી કરીને રંગ વાપરે. પણ તેમનું કામ વિલાયતી રંગરેજ જેટલું દીપે નહીં. તેમણે વિલાયતના કારીગરને કહ્યું, "તમે જે રંગ લો તે અમને તોળવા દો." કારીગરને તો વારાફરતી રંગની ચપટી લેવાની ટેવ. અને ચપટી ચપટી તોળવા આપે તો પછી કયો રંગ લેવો, કેટલો લેવો તે ભૂલી જાય. તોળી તોળીને કામ કરવાનું તેને ન ફાવ્યું. કારખાનાવાળાઓની બધી મહેનત નકામી ગઈ. વિલાયતી કારીગર કશું જ શીખવી ન શક્યો!

એ કેમ બન્યું? તેનો આપણે જરા વિચાર કરીએ. વિલાયતનો કારીગર એ ખરેખર કારીગર હતો. કામ કરી કરીને અનુભવથી તેની સ્પર્શની ઇંદ્રિય, રંગ અને મન સાથે એવો મેળ જામી પડયો હતો કે તે અચૂક સાચાજ પ્રમાણમાં રંગ ઊપાવે. તેણે હથોટી કેળવી હતી. પણ તે વિજ્ઞાની નહોતો. પોતાની કળાનું રહસ્ય તે સમજતો નહોતો. હથોટી ઉપરાંત તેની પાસે કશું નહોતું. આવા કારીગરની તમામ કળા તેના મૃત્યુ સાથે જ દફનાઈ જાય, તે હજાર માણસને કામ શીખવે, પણ દરેક દરેક પોત પોતાની હથોટી અનુસાર જ કામ શીખે. આવા માણસો પોતાની કળાનો વારસો દુનિયાને આપી શકતા નથી. આવી રીતને અનુભવ મૂલક-ઇમ્પીરીકલ રીત કહેવાય (empirical method).

આપણા દેશમાં સુથાર, લુહાર, સોની, કડિયા, શિલ્પીઓ, વૈદ્યો અનેક છે. એ બધામાં હથોટીમાં નિષ્ણાત એવા કંઈ કંઈ ધુરંધરો પડયા હશે. તેમની નામના સારી હશે. તે કીર્તિ અને પૈસો કમાતા હશે. પરંતુ વૈજ્ઞાનિક રીત (Scientific method) ના અભાવે તેમની તમામ કળા કારીગરીનો વારસો આપણી પ્રજાને પ્રાપ્ત થતો નથી.

જ્યારે જ્યારે કારીગર પોતાની કારીગરી સંબંધમાં વિચાર કરતો થાય છે, તેનું પૃથક્કરણ કરે છે, કામ કરતાં કરતા થતા જુદા જુદા અનુભવોની ઝીણવટપૂર્વક નોંધ રાખે છે, એ અનુભવો સદાકાળ સાચા ઠરે કે ન ઠરે તે સંબંધી પ્રયોગો કર્યા કરે છે, ત્યારે તે વિજ્ઞાનીની ભૂમિકામાં પ્રવેશ કરે છે. એવો કારીગર પોતાની હથોટીનું રહસ્ય સમજે છે અને બીજાને સમજાવી શકે છે. આ થઈ વૈજ્ઞાનિક રીત.

આપણા દેશમાં વિજ્ઞાનનો અભ્યાસ કરનારાઓની સંખ્યા વધતી જાય છે. પણ દુર્ભાગ્યે તેમાંથી વૈજ્ઞાનિકો થોડા જ છે. વિજ્ઞાનને પણ હથોટીની જરૂર છે. વૈજ્ઞાનિક વિચારસરણી, કાર્યપદ્ધતિ અને હથોટી એ ત્રણનો સંગમ એજ સફળતાની ચાવી છે. જ્યાં સુધી આપણો કારીગર વર્ગ એ વસ્તુ નહીં અપનાવે ત્યાં સુધી તે માત્ર કારીગરજ રહેશે. સ્ટીફન્સન એક મજૂર હતો. છતાં તે એક મોટો વિજ્ઞાની બન્યો. આપણે ત્યાં એવા કેટલા નીકળ્યા છે? કોલેજ કે યુનિવર્સિટીનું શિક્ષણ એ વૈજ્ઞાનિક બનવા માટે જરૂરનું જ છે એવું નથી. કોઈપણ કારીગર પોતાના ધંધાને લગતી માહિતીઓ ભેગી કરે, પોતાના અનુભવો નોંધતો જાય, પોતાના જ ધંધાદારી કારીગરો કઈ

(અનુસંધાન પૃષ્ઠ ૬૩ મે)

ભારતીય જીવનસંસ્કૃતિના જ્વલંત આદર્શ

મહામના માલવીયજી

ભરત ટોપરાણી

કલ્પનાઓ તો ઘણાને આવે છે. પણ એને મૂર્તસ્વરૂપ બહુ ઓછા આપી શકે છે. એની પાછળ એક તપસ્વીની નિષ્ઠાથી સાચા દિલની લગની લગાડીને મંડી પડી અને એક સુંદર કલામૂર્તિનું સર્જન કરે તેજ સાચો શિલ્પી, તેજ મહાત્મા. મહાપુરુષ અને સામાન્ય માણસ વચ્ચે આ જ ભેદ હોય છેઃ એકને કોઈ એક મહાસ્વપ્નને મૂર્ત સ્વરૂપ આપવાની મહત્વાકાંક્ષા હોય છે, બીજાને બધી આકાંક્ષાઓ સમાન હોય છે; એકની મહત્વાકાંક્ષા આગળ બીજી બધી આકાંક્ષાઓ તુચ્છ બની જતાં એની શક્તિનો વધુ ઉપભોગ પામતી નથી, બીજાની બધી આકાંક્ષાઓ શક્તિનો સમાન ઉપભોગ કરે છે. પરિણામે કોઇ મહાન સ્વપ્નના સર્જનને માટે જોઇતાં શક્તિ, તપ અને નિષ્ઠા રહેતાં નથી.

એક મહાન સ્વપ્ન સેવી એની પાછળ સમગ્ર જીવનની બધી શક્તિઓ લગાડી એને મૂર્ત સ્વરૂપ આપનાર જીવનના મહાકલાકાર અને જનતા પાસેથી મહામનાનું યોગ્ય બિરુદ પામેલ ભારતઋષિ પંડિત મદનમોહન માલવીય સ્વપ્નસેવી મહાપુરુષો માટે પણ આદર્શરૂપ સ્વપ્નજીવી હતા.

૧૯૦૫ની સાલ છે. ભારતવર્ષની પુરાતન નગરી કાશીમાં ભારતીય મહાસભાનું અધિવેશન શ્રી ગોપાળકૃષ્ણ ગોખલેના પ્રમુખપણા નીચે ભરાયું છે. દેશના વિદ્વાનો, નેતાઓ તથા પંડિતો ભેગા થયા છે. એક સ્વપ્નશીલ યુવાન રંગમંચ પર ઊભો થાય છે. એની પાસે એક સ્વપ્ન છે. બધાને એ સંભળાવે છે. ભારતીય સંસ્કૃતિની દૃષ્ટિએ શિક્ષણ આપતી રાષ્ટ્રીય મહાવિદ્યાપીઠ સ્થાપવાના એને કોડ છે. તક્ષશીલા અને નાલંદાની યાદ પુનઃ તાજી કરે એવું સરસ્વતીનું પુનિત મંદિર સર્જવાની એની કલ્પના છે.

અને એ માટે એને હજાર, દસ હજાર, લાખ કે દસ લાખ રૂપિયા નથી જોતા. પૂરા એક કરોડની એની ટહેલ છે. ૧૯૦૫ના જમાનામાં એ બહુ મોટી રકમ ગણાય. આજના ફુગાવાના જમાનામાં તો એ ત્રણ-ચાર કરોડ જેટલી થાય!

સૌએ યુવાનનું સ્વપ્નું સાંભળ્યું. 'વાહ! વાહ! છે તો સરસ. આમ થાય તો તો બહુ ભવ્ય કાર્ય થાય!' સૌએ સ્વપ્નું વખાણી કાઢ્યું!

પણ એ યુવાન એમ હારે એમ નહોતો. એના ગાંડપણમાં સાથ આપનાર સર સુંદરલાલ, મુન્શી માધવલાલ, એની બેસેન્ટ તથા ડૉક્ટર ભગવાનદાસ જેવા કેટલાય મળી ગયા. અનેક મંથનો થયાં. એ યુવાનના મનમાં કેટલીય રાતો એણે ઊંઘવાને બદલે એ મહાવિદ્યાપીઠની ઇમારતો ચણવામાં ગાળી હશે. કોર્ટમાં બેઠાં બેઠાં કેટલીય વખત દિવાસ્વપ્ન જોયાં હશેઃ ન્યાયાધીશ, વકીલો, આરોપીનું પિંજરું એ કાંઈ ત્યાં ન રહે. એની જગ્યાએ એક પ્રોફેસર ભણાવવા બેઠા છે, સામે બેઠા બેઠા વિદ્યાર્થીઓ નોંધ લઈ રહ્યા છે!

એક નહીં, બે નહીં પણ છ છ વર્ષ વીતી ગયાં આમ સ્વપ્નમાં ને સ્વપ્નમાં. યુવાની હતી વાકછટા હતી, બુદ્ધિ હતી. અલ્હાબાદની હાઇકોર્ટમાં વકીલાત ખૂબ જામતી જતી હતી. પણ અંદરથી અવાજ આવતો હતો 'મદન, મદન, છોડ આ. માતા શારદા તને બોલાવી રહી છે એ સાંભળતો નથી?'

અને એ અવાજે મદનમોહનને વકીલાત છોડાવી. બસ, ગમે તેમ કરી હવે તો સ્વપ્નને સાચું કરી બતાવવું અથવા એની પાછળ ફના થઈ જવું!

રાય, રંક, પુરુષ સ્ત્રી, અબાળ વૃદ્ધ સૌને એણે ટહેલ નાખી. દેશ આખામાં એણે ભમવું શરૂ કર્યું; ડેલીએ ડેલીએ સાદ પાડયો; ઝોળી ધરી ભિક્ષા માગી.

ભગવાન બુદ્ધની જેમ-અને દરેક મહાપુરુષની જેમ પહેલાં તો કોઇએ એને ન સાંભળ્યો, પણ પાછળથી તો પૈસાનો વરસાદ વરસ્યો. એની ઝોળી

ભરાઈ ગઈ. એક કરોડની એની ટહેલ હતી, એણે દેઢ કરોડ જેવા કર્યા.

કાશી ભારતીય સંસ્કૃતિનું વિદ્યાકેન્દ્ર રહ્યું છે. એના ઉપર જ પસંદગી ઊતરી. રામનગરના રાજાએ જમીન કાઢી આપી. અઢાર ગામડાઓના છ માઈલના ઘેરાવામાં ભવ્ય ભવનો બંધાવાં શરૂ થયાં. ૧૯૧૬માં એનું કાર્ય શરૂ થઈ ગયું.

સ્વપ્નશીલ યુવાનનું સ્વપ્ન મૂર્ત સ્વરૂપ લેવા મંડયું. ત્યાર પછી ત્રીસ વર્ષ સુધી એ શિલ્પીએ શિલ્પની પાછળ જીવનસાધના કરી, એના પ્રત્યેક અંગને વિકાસ આપ્યો.

આજ 'લંકા' અને 'નગવા' નામે ઓળખાતાં જંગલોની જગાએ, ફેમ્બ્રીજના જેવી એક ભવ્ય નગરી ઊભી છે. એની ઇમારતોના ઉત્તુંગ શિખરો અને એની ઉપર ઝળકતા કળશો ભારતીય સંસ્કૃતિના પ્રતીક સમાં ઝળહળી રહ્યાં છે. આજ ત્યાં પાંચ હજાર વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ વિદ્યાધ્યયન કરી રહ્યાં છે. દસ હજારની વસ્તીવાળી આ મહાવિદ્યાપીઠ હિંદુસ્તાનમાં અજોડ છે. સંસ્કૃત, ખગોળ, જ્યોતિષ અને વેદવિદ્યાથી માંડી, માઈનીંગ-મેટલર્જી (ખાણ-ધાતુવિદ્યા) તથા એરોનેટિક્ક એન્જીનીઅરીંગ સુધીની બધી વિદ્યાઓ શીખવવામાં આવે છે.

ઇંગ્લંડ, ચીન, સિલોન અને યુદ્ધ પહેલાં બીજા દેશોથી પણ વિદ્યાર્થીઓ ભણવા આવે છે. હિંદુસ્તાનની મિશ્ર સંસ્કૃતિ (Cosmopolitan)નો ખ્યાલ અહીં બરાબર મળી રહે છે.

મહામના માલવીયજીનું એ ઉચિત સ્મારક છે. એમને બીજા સ્મારકની જરૂર નથી. ક્યાં તો અદ્ધ પામર અભિમાની જીવ જીવતાં પોતાનું સ્મારક રચવા ચેષ્ટા કરે, ક્યાં કોઈ અતિ મહાન આત્મા પોતાના મહાન કાર્ય દ્વારા એ સ્મારક મૂકી જાય.

૧૮૬૧ના ડીસેમ્બરમાં ૨૫મી તારીખે જન્મ લઈ, ૧૯૪૬ના નવેમ્બરની ૧૨મી તારીખ સુધી અખંડ સેવા અને તપનું જીવન જીવી માલવીયજીએ માતા ભારતીની કુખ દીપાવી છે. સાઠ વર્ષની સતત સેવા આપનાર દાદાભાઈ પછી આ બીજા મહાપુરુષ છે.

અનેક સંસ્થાઓના સ્થાપક, સંચાલક, રક્ષક રહ્યા છે. પ્રયાગ સેવા સમિતિ, હિંદુ હોસ્ટેલ-પ્રયાગ, લીડર તથા ભારત દૈનિક, અભ્યુદય સાપ્તાહિક, હિંદુસ્તાન, ઇન્ડીઅન ઓપીનીઅન, હિંદુમહાસભા, સનાતન ધર્મ મંડળ, ગોરક્ષક મંડળ, વિક્રમ પરિષદ, વગેરે અનેકાનેક સંસ્થાઓ, પત્રો અને સેવાકાર્યો સ્થાપવામાં એમનો હાથ રહ્યો છે. એમની સહાયતા પામેલ પ્રવૃત્તિઓ તો અસંખ્ય છે.

કોંગ્રેસ સાથેનો એમનો સંબંધ એની સ્થાપના સમયનો છે. ૧૮૮૪માં જ્યારે કોંગ્રેસ સ્થાપવાની વાતો થતી હતી તેજ વખતે માલવીયજી ગ્રેજુએટ થયા. ત્યારથી તે અંત સુધી એ કોંગ્રેસની સેવા કરતા રહ્યા.

દિવસ ને રાત કર્મયોગ એ જ એમનો જીવનમંત્ર હતો. માટે જ એ અનેકવિધ પ્રવૃત્તિઓમાં સહાય કરી શકતા. સતત સેવાકાર્ય કર્યા સિવાય બીજી વાત એમના ધ્યાનમાં જ ન આવતી. સર તેજબહાદુર સપ્રુએ લખ્યું છે તેમ, જો એમણે વકીલાત ન છોડી દીધી હોત તો એ વખતે એમનો મુકાબલો કરી શકે એવો વકીલ અલ્લાહાબાદમાં નહોતો! એમણે પોતે ગયા વર્ષે, એમના જન્મદિને વિદ્યાર્થીઓ સમક્ષ બોલતાં કહ્યું હતું, 'હું જો ધારત અને પ્રયત્ન કરત તો લાખ-બે લાખ રૂપિયા જેવા કરત. પણ એમાં શું વળત? આજ જેટલો આત્મસંતોષ, આજ જેટલી શાંતિ અને આજ જેટલો આનંદ હું પામી શકત?'

માત્ર યુનિવર્સિટી બનાવી હોત તો ય માલવીયજી અમર થઈ જાત. પણ એમની સેવાનું ક્ષેત્ર અત્યંત વિશાળ રહ્યું છે. ૧૯૧૯માં પંજાબના કાળા કાયદા નામે ઓળખાતા રોલેટ એક્ટની ચર્ચા વખતે લેજીસ્લેટીવ કાઉન્સીલમાં એમણે પૂરા બે દિવસ પ્રવચન કર્યું હતું! પણ એ જમાનામાં સરકારની ઇચ્છા વિરુદ્ધ મત આપવાની કોઈની હિંમત ક્યાં હતી? અંતે મત લેવાતાં એ કાયદો પાસ થયો. હિંદુસ્તાનની પરાધીનતા અને હિંદુસ્તાનીઓની આ પામરતા જોઈ એ કાઉન્સીલ હોલમાંજ રડી પડેલા! ભારતની વેદના એમની આંખો વાટે અનેક વાર વહી જવા પ્રયત્ન કરતી.

ચુસ્ત હિંદુ હોવા છતાં બધી કોમોના પ્રેમ અને આદરને પાત્ર રહેવામાં જ માલવીયજીની વિશેષતા દેખાય છે. એનું કારણ એમના હૃદયનું પ્રાણી માત્ર માટેનું સંવેદન. કોઈનું દુઃખ જોઈ એમનું હૈયું રડી ઊઠતું. એમની પાસે જનાર દરેક વ્યક્તિ શાંતિ પામતી. કોઈને માટે કડવું વેણ એમના મોઢામાંથી નીકળતું નહીં. એમની વાણીમાં અમૃત વરસતું. એમના પરિચયમાં આવનારને એમના માટે પુજ્યભાવ ઉત્પન્ન થયા વિના રહે જ નહીં.

હિંદુઓની સામાજિક અને ધાર્મિક ઉન્નતિ માટે એમણે હિંદુ મહાસભાની સ્થાપનામાં સાથ આપ્યો-ના, મુખ્ય ભાગ ભજવ્યો. પણ, પાછળથી એનું સ્વરૂપ કટ્ટર થઈ જતાં પોતે એનો સાથ છોડયો. કોંગ્રેસનો વિરોધ એમનાથી સહન ન થતો. કોંગ્રેસની અંદર રહી ગમે એટલો વિરોધ કરતા. ગાંધીજી સાથેના અખૂટ પ્રેમ-સંબંધ છતાં ઘણી વખત એમણે ગાંધીજીનો વિરોધ પણ કર્યો છે. એક માનનીય વ્યક્તિ પાસેથી હમણાં જ જાણવા મળ્યું કે કોમી ચુકાદો અપાયો તે વખતે કોંગ્રેસે જે તટસ્થતા જાળવી (અમુક ખાસ કારણોસર) એમની સામે માલવીયજીએ સખત વિરોધ કરેલો અને માટે જ કોંગ્રેસે સ્વીકારને બદલે, 'ન સ્વીકાર ન અસ્વીકાર'ની (Neither Reject nor accept) નીતિ અખત્યાર કરવી પડેલી. હિંદુસ્તાનના ભાગ્યનિર્માણની દરેક ઘડીએ એમણે મુખ્ય ભાગ ભજવ્યો છે. પોતે ધર્મપ્રધાન લાગણીઓવાળા અને સમાજસેવક હતા છતાં ય રાજકારણમાં આવવું પડયું તો એમાં ય મોટો ફાળો આપ્યો. એ એમના જીવનની સર્વતોમુખી સેવાભાવિતાનું પ્રમાણ છે.

મહાપુરુષોના જીવનની સાચી ભવ્યતાની ઝાંખી એમના કાર્યોની યાદી અને તારીખો નોંધવાથી નથી થતી. એમની નિકટ જઈએ તેમ એનો વિશેષ પરિચય થાય છે. એક અંગ્રેજ લેખકના કહેવા પ્રમાણે જનપ્રિયતા બે પ્રકારની હોય છે-દૂરની અને નજીકની. દૂરની લોકપ્રિયતાવાળા નેતા દૂર હોય તેમ વધુ મહાન લાગે છે, નજીક આવતાં એમની મહત્તા ઓગળી જાય છે. નજીકની આવે તેમ વધે છે. પુજ્ય માલવીયજી બીજી કોટિના હતા. એમના દેખાવ અને ભાષણ કરતાં ય એમનો નિકટનો પરિચય એમને વધુ મહાન બનાવી દેતો.

છેલ્લાં ત્રણ વર્ષથી એમના પરિચયમાં આવવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું હતું. એ દરમ્યાન એમના જીવનની જે ભવ્યતા જોઈ એથી ધન્યતા અનુભવી.

આ ૮૦ વર્ષની ઉંમરે પણ એમની પાસે જનાર વિદ્યાર્થીને એ પૂછતા-'કાંઈ તકલીફ તો નથી ? કોઈ ફરિયાદ તો નથી ? સુખ સગવડ બધું બરાબર છે ?' યુનિવરસિટી માટે અને વિદ્યાર્થીઓ માટે એમને એટલી સતત ચિંતા રહેતી.

પ્રત્યેક વિદ્યાર્થીને એ કહેતા—'કસરત કરો, દૂધ પીઓ, પરમાત્મા તુમ્હે શક્તિ દેગા.'

ગયા વર્ષે યુનિવરસિટીના મજૂરો હડતાળ પર ગયા. માલવીયજીનું હૃદય દ્રવી ઊઠયું. પોતે અતિ વૃદ્ધ અને માંદા હોવા છતાં, કામ ન કરી શકે છતાં આ સહન ન કરી શકયા. ૭ દિવસ સુધી હડતાળ રહી. અંતે એ થાકયા. યુનિવરસિટીના અધિકારીઓને તથા મજુરોને બોલાવી સુલેહ કરાવી આપી. મજૂરોની કંગાલ દશા જોઈ એ રડી પડયા.

મજૂરો પાસેથી સાંભળ્યું કે પોતાના અમલકાળ દરમ્યાન માલવીયજી મજૂરોના સુખ દુઃખ જોવા એમના વાસમાં એમના ઘેર જતા. ખબર અંતર પૂછી એમની ઘટતી સહાયતા કરતા. આ એમનો નિયમિત ક્રમ હતો.

યુનિવરસિટીની હોસ્પીટલ આસપાસનાં અનેક ગામડાંઓ માટે ચિકિત્સાકેન્દ્ર રહ્યું છે. હજારો ગરીબ ગ્રામવાસીઓ એનો લાભ લે છે. માલવીયજી આ હોસ્પીટલ જોઈ ધન્યતા અનુભવતા.

વિદ્યાર્થીઓ માટે માલવીયજીએ એક જીવનમંત્ર ઘડી આપ્યો છે, એટલું જ નહીં, જીવી બતાવ્યો છે. એ મંત્ર હિંદુસ્તાનના પ્રત્યેક વિદ્યાર્થી અને વિદ્યાર્થિની માટે જીવનધ્યેયના આદર્શ મંત્ર તરીકે રહેશે. આ રહ્યો એ મંત્ર—

सत्येन, ब्रह्मचर्येन, व्यायामेन अथ विद्यया ।
देशभक्त्या आत्मत्यागेन, संमानार्हः सदा भव ॥

એ મંત્ર સમજાવતાં એમણે યુનિવરસિટીના

જન્મ દિને (વસંતપંચમી) કહેલું કે, 'હું વિદ્યાર્થીઓને કાંઇ આપી શકું એમ હોઉં તો આ એક મંત્ર છે. (કેટલું સાચું!)'

એ બધા ગુણોનો પરસ્પર સંબંધ સમજાવતાં કહેલું, "સત્ય વિના બ્રહ્મચર્ય અને બ્રહ્મચર્ય વિના સત્ય તથા વિદ્યાનું અધ્યયન શક્ય નથી. અને સતત અધ્યયન માટે વ્યાયામથી સુરક્ષિત આરોગ્ય જોઇએ. પણ એ વાંઝણી વિદ્યાને શું કરે જે દેશભક્તિરૂપે ન પરિણમે? અને આત્મત્યાગ વિના દેશભક્તિ કરવી શક્ય જ નથી. આટલું કહી અને સૌના સન્માનને સદા પ્રાપ્ત કરવો એ જ વિદ્યાર્થીનું લક્ષ્ય હોવું જોઈએ.'

હજી એમના એ શબ્દો કાનમાં ગૂંજે છે. જાણે કોઇ ઋષિ શિષ્યોને વેદોપદેશન ન કરતા હોય! એ સ્ટેજ ઉપરથી દીધેલ આડંબર અને દંભથી ભરપૂર છટાદાર ભાષણ નહોતું પણ જીવનના વલોણામાંથી સાઠ વર્ષના મંથન પછી નીકળેલું નવનીત હતું.

નોઆખલીનો અત્યાચાર એમના અશક્ત શરીર અને બળવાન આત્માને જુદા કરવા માટે બસ હતો. એમનો આત્મા આ ઘોર અત્યાચાર સામે બળવો પોકારી ઊઠયો. એમનુ છેલ્લું નિવેદન એના પુરાવા રૂપે અને હિંદુ સમાજ માટે એક અમૂલ્ય દસ્તાવેજ રૂપે છે. પણ શરીર એટલું તો અશક્ત થઇ ચૂકેલું કે એણે આત્માને પણ નિઃસહાય બનાવી મૂકયો. અંતે આત્માએ એ ખોળિયાનો ત્યાગ કર્યો.

એમના જીવનના અમીનો છાંટો ય પીનારને ખાતરી છે કે દુઃખી અને પીડિત જનતાની સેવા કરવા એમનો આત્મા કયારનો પહોંચી ગયો હશે. એ છેવટ સુધી કહેતા, "મારું યાવન ક્યાં છે, મારું શરીર ક્યાં છે! નહીંતર કેટલાં બધાં કામ કરવાનાં બાકી પડયાં છે!'

—અને એ બધાં કામ કરવા માટે ફરી યૌવન પ્રાપ્ત કરવા એમણે અહીંથી મહાપ્રયાણ કર્યું છે.

એ બધું જાણતા હોવા છતાં યુનિવરસિટિના મુખ્ય દ્વારમાંથી એમની શબવાહિની બહાર નીકળી ત્યારે સૌની આંખો નીતરી રહી.

બે લાખ લોકોની મેદની વચ્ચે ગંગામૈયાના કિનારે મણિકર્ણિકા ઘાટ મહાપુરુષોના ચિતા સ્થાન વિષ્ણુ પાદુકા પર જ્યારે એમને અગ્નિદાહ દેવાયો ત્યારે આશ્રમમાં પ્રાર્થનામાં ગવાતો શ્લોક યાદ આવ્યો:

अहिंसा सत्य अस्तेय ब्रह्मचर्यमसंग्रहः ।
शरीरश्रम आस्वाद सर्वत्रभय वर्जनम् ॥
सर्वधर्मो समानत्व स्वदेशी स्पर्श भावना ।
ही एकादश व्रत सेवावी नम्रत्वे व्रत निश्चये ॥

આ અગિયારે વ્રતોને જીવી બતાવનાર બીજો કયો વધુ ભવ્ય આદર્શ મળશે?

*

(અનુસંધાન પૃષ્ઠ ૫૯ થી ચાલુ)

કઈ રીતે કામ કરે છે તે જૂએ અને તેની રીતોમાં જુદા જુદા ફેરફારો કરી સારાં નરસાં કેવાં પરિણામ આવે છે તેની નોંધ રાખે અને પછી તેના પ્રાયોગિક કાર્ય અંગે ખપપૂરતાં વિજ્ઞાનના પ્રાથમિક તત્ત્વો શીખી લે તો તે ઘણી પ્રગતિ કરી શકે એમાં સંશય નથી. આપણા દેશમાં કારીગરોને વૈજ્ઞાનિક પદ્ધતિ સમજાવવાની જરૂર છે. એકલી હથોટી બંધિયાર પાણી જેવી થઈ જાય છે.

આ દૃષ્ટિએ આપણા દેશના કંસારાઓને તેમની કારીગરીનું, મોચીને, લુહારને, કુંભાર ઇત્યાદિ કારીગરોને તેમના ધંધાને લગતું વિજ્ઞાન વિકસાવવું જોઈએ. તેમની હથોટીમાં વૈજ્ઞાનિક રીતનો સુમેળ કરી આપવો જોઇએ.

તેજાએ રંગ રાખ્યો !

"ઠીક, ત્યારે સાંભળો. એનું નામ સોનલ. ઉંમર સોળ–સત્તર વર્ષની. એકવડો કાંઠો. હસે ત્યારે એના ગાલમાં ખાડા પડે. તેજીલી આંખો."

વીસ વરસની સજા પામેલો તેજો મારી ખોલીએ આવીને નિયમિત ભણતો હતો, તેને રોજ હું કહેતો કે તારી વાત મને કહે કે તું શાથી જેલમાં આવ્યો છેવટે આજે તેણે મારી વિનતિ સ્વીકારી ને પોતાની કથા કહેવા માંડી.

તેજાજી એનું નામ હતું. તેની પાણીદાર આંખમાં એક ઝીણી આંસુની ધાર બંધાઇ રહેલી હતી. એ મેં જોઈ. એ હૃદયની વ્યથા સહિત બોલતો હતો. તેની વાતમાં મેં મન મેળવ્યું.

"સોનલ મારા ઘરની નજીકમાં રહે. એ પાણી ભરવા જાય કે ઢોરને પાણી પાવા જાય ત્યારે મારા ઘર સામે અચૂક નજર નાખતી જાય. મને પણ સોનલને જોતાં જ જાણે એની હંસ જેવી ચાલ જોયા જ કરવાનું મન થાય."

"તેજા, તું પરણેલો છે ખરો?" મેં વચ્ચે પુછ્યું. "હા, ભાઈ મારાં લગન નાનપણમાં જ થઇ ગયેલાં પણ સોનલને મેં મારી બેન ગણી, કારણ એક વાર હું મારી ઘોડી ઉપર સવાર થઈને પૂરપાટ દોડયો જતો હતો. ત્યારે ઓચિંતા જ એક ખેતરને શેઢેથી મારા નામની બૂમ સંભળાઈ. મેં ઘોડીની લગામ ખેંચી ને ઉભો રહ્યો. ઊંચા ઘાસની વચ્ચેથી સોનલ મારી સામે આવીને ઊભી રહી. તેણે મને આસપાસ નજર કરતાં કરતાં કહ્યું: 'જુઓ, મારાં લગન લેવાયાં છે. હું તો જઇશ. પણ તમને આજે પંહેલી ને છેલ્લી ભલામણ કરતી જાઉં છું કે ગામના લોકો કાંઇ બોલે તો મન ઉપર ન લાવશો. કોઇની સાથે લડી ન પડશો. મારી આટલી વાત યાદ રાખજો ને આપણે ભાઇબેન રહ્યાં છીએ તેની યાદમાં તમે તમારા હાથ ઉપર 'સીતા'માતાનું છુંદણું પડાવજો. હું મારા હાથ ઉપર 'રામ'નું છુંદણું પડાવીશ. હવે તો કોઈક દીવસ મારા સાસરાના ગામેથી ઘોડી દોડાવતા જતા હશો ત્યારે મળીશું. નહિંતર બીજે ભવ.' એટલું બોલી ત્યારે મેં તેની સામે જોયું તો સોનલની આંખોમાંથી આંસુની ધારા ચાલી જતી હતી."

'તે સોનલ તમને ઘેર મળવા ન આવી શકે?' મેં સહજ જાણવા ખાતર પૂછ્યું.

'ના, અમારા ગામડા ગામમાં એ રીતે કોઇ જ જવાન છોકરીથી બીજા ઘરના જવાનને ભાઈ તરીકે પણ મળવા ન જવાય.'

'હં, પછી શું થયું!'

'પછી તો સોનલ સાસરે ગઇ. ને હું મારી ડેલીએ બેઠો બેઠો એક વહેલી સવારે દાતણ કરતો હતો. એ વખતે ચાર–પાંચ જવાનો ત્યાંથી નીકળ્યા. ને તે એમ બોલતા ગયા. 'બિચારી સોનલ એ તો ચાલી ગઇ. પણ પાછળનાનો વિચાર સરખો યે ન કર્યો.' એ જવાનોને મેં જોઇ રાખ્યા. દાંતણ કરીને પછી ઘરમાં જઇને મેં મારો ભાલો હાથમાં લીધો, ઘોડી પલાણી ને સીધો પેલા જવાનો જે ખેતરે ગયા હતા તે તરફ મારી ઘોડીને દોડાવી મૂકી. મારી સ્ત્રી–દીવાળીએ મને ભાલો લઇને ઉતાવળો જતો જોઇને એટલું કહ્યું કે જો જો કોઇની ઉપર ગુસ્સો તો નથી ચઢયો ને? પણ હું દીવાળીનું વેણ શેનો માનું? હું તો દોડયો.

'પછી રસ્તે જતાં જતાં બીજા કોઇ વિચાર ન આવ્યા!'

'હા, કોણ જાણે કેમ દિલના ઉંડાણમાંથી અવાજ આવતો હતો કે 'તેજા, આ ઠીક નથી થતું, તેજા, તું માની જા.' પણ હું રજપૂત ભચ્ચો. મારું લોહી ગરમ થઇ ગયું. ને ખેતરમાં જઇને ઘોડી પરથી ઉતર્યો, ને પેલા મજાક કરનાર જવાનને સીધો સવાલ પૂછ્યો: 'સોનલની મશ્કરી કરનાર તું જ હતો કે?' તેણે મને સામો સવાલ કર્યો: 'હા, કેમ શું છે?' બસ, થઇ રહ્યું. હું બોલવામાં–વાદ કરવામાં સમજતો જ નથી. મારો

ભાલો તેની છાતીમાં માર્યો. એટલે તરત જ તેની સાથે હતા તે બધા નાસી ગયા. હું એ જવાનને ઠાર કરીને સીધો પોલીસની કચેરીએ હાજર થયો. ને મારી બધી બિના જણાવી દીધી. તેમાં લખાવ્યું કે 'એક પવિત્ર બાઇની મશ્કરી મારાથી સહન ન થઇ. તેથી મેં એ જવાનને ઠાર કર્યો છે.' બસ પછી મારો કેસ ચાલ્યો, મને ફાંસી ન કરી પણ વીસ વરસની સજા કરી ને અહીં સાબરમતીમા આવ્યો છું, મારી ઉમ્મર અત્યારે ચોવીસની છે. સજાનાં બે વરસ ભર્યાં છે. મારી ચાલચલગત સારી જોઇને જેલર સાહેબે મને ટોપી પટો આપીને વોર્ડર બનાવ્યો છે. આટલી મારી કથા છે."

તેજાએ પોતાની વાત પૂરી કરી ત્યારે તેના ચહેરા ઉપર યૌવનનું તેજ તો હતું. પરંતુ તેમા ગંભીરતા ને ગ્લાનિ ભળી ગયેલાં લાગ્યાં.

થોડી વાર અમે બન્ને શાન બેસી રહ્યા. પછી તેજાએ મને કહ્યું.

"આજનો પાઠ તો પૂરો થયો. હવે કાલે આગળ વાંચીશું. ખરું ને ?"

"હા, એમ જ કરીએ." મેં જવાબ દીધો, તેજાના ચહેરા ઉપર હાસ્યની લહર છવાઇ ગઇ. તેણે નમસ્કાર કરીને મારી રજા લીધી.

'એ નિયમિત સવારે મારી પાસે વાંચવા આવે. છતાં બીજા દિવસે એ ન આવ્યો મને એની તપાસ કરવાની ઇચ્છા તો થઇ. પણ પછી થયું કે કંઇક વધારે કામમાં રોકાયો હશે

ત્રીજા દિવસે સવારે પણ તેજો મારી પાસે ન આવ્યો. મને જરા નવાઇ લાગી. એ માંદો પડ્યો હશે ? એને સંકોચ થતો હશે ? એવા વિચારમાં હું મારી ઓલી પાસે ઊભો હતો, ત્યા એક સિપાહી મારી પાસે આવ્યો ને તેણે મને કહ્યું:

"તમને જેલર સાહેબ બોલાવે છે."

હું એ સિપાહીની સાથે ઓફીસે ગયો.

જેલર મને આવતો જોઇને ઊભા થયા. ને બાજુ પર બોલાવીને મને કહેવા લાગ્યા:

'પેલો તેજાજી રોજ તમારી પાસે ભણવા આવે છે, ખરું ને ?"

'હા, પણ બે દિવસથી એ મારી પાસે નથી આવ્યો."

'એટલા માટે જ મેં તમને બોલાવ્યા છે. તે તો બહુ જ પ્રમાણિક જવાન છે. એની તેને વિષે મારી માન્યતા છે.'

'હા, મારી પણ તેને વિષેની એવી જ છાપ છે.'

'પણ, એણે બે દિવસથી ખોરાક લેવાનું છોડી દીધું છે ને જેલના નિયમ પ્રમાણે મારે તેને બંધ ખોલીમા રાખવો પડયો છે. મને આવી સજા કરવી ગમતી નથી. પણ એ ખોરાક લેવાની ના પાડે છે. તેથી હું બીજું કરું પણ શું ?"

'એણે શા માટે ખોરાક છોડયો છે એ પણ એ નથી કહેતો ?"

"ના, પણ તે એક બાબતમાં સંમત થયો છે કે તમારી પાસે એ પોતાના ઉપવાસનું કારણ કહેવા તૈયાર છે. તમે એને મળીને તેની વાત સાંભળીને ઉપવાસ છોડી દેવા સમજાવશો ?'

'હા, જરૂર મને પણ એની તબિયત વિષે બે દિવસથી ચિંતા થાય છે. હું તેને મળીને, તેની વાત સાંભળીને, ઉપવાસ છોડી દેવા સમજાવી શકીશ. એમ મને લાગે છે.'

જેલરના કહેવાથી સિપાહી મને તેજાની ખોલીએ લઈ ગયો.

ખોલીમા બંધ થયેલો તેજો લોઢાના સળિયા પકડીને બેઠો હતો. તેને જોતાં જ મેં પૂછ્યું.

'કેમ ? તેજા આ શું થયું ?'

તેની ખોલીની છેક નજીક જઈને હું ઊભો રહ્યો. તેજાની આંખમાંથી આંસુ ટપકી રહેલાં મેં જોયાં. હું સ્તબ્ધ થઈને ઊભો, તેજાએ કંઈજ ઉત્તર ન દીધો. એટલે મેં ફરીથી પૂછ્યું :

'તેજા, શું થયું ? એકાએક ઉપવાસ કેમ શરૂ કર્યા છે ?'

'બેસો, તમને વાત કહું.' તેજાએ સ્હેજ ઓખારો ખાઈને કહ્યું.

નજીક ઊભેલા સિપાહીને મેં ઇશારો કરીને તેની બોલીનું તાળું ઉઘાડી નાંખવા જણાવ્યું. સિપાહીએ એ તાળું ઓલી નાંખ્યું. હું તેજાની પાસે જઈને બેઠો ને તેના ખભા ઉપર હાથ મૂકીને કહ્યું:

'તેજા, શું બિના બની છે?'

'ભાઈ, મને થયું કે તમને બોલાવીને મારું દિલ હળવું કરું. એટલે મેં જેલર સાહેબને વિનતિ કરી કે તમને મળવાની મને છૂટ આપે.'

ઉપવાસી માણસના શ્વાસમાં એક પ્રકારની દીર્ઘ વ્યથા જાગ્રત થાય છે. એ તેજાના શ્વાસમાં બોલતી વખતે વ્યક્ત થઈ રહેલી હતી.

"પણ, ઉપવાસ શા માટે શરૂ કર્યો છે?"

"ભાઇ, તમારી પાસે એ વાત કરું. છું. પરમ દિવસે જેલર સાહેબે મને સ્ત્રીઓના વોર્ડમાં એક સ્ત્રીકેદીની સહી લેવા મોકલ્યો હતો. મારી સાથે સિપાહી હતો પણ એ બહારના દરવાજા પર ઊભો હતો ને હું સ્ત્રીઓના વોર્ડમાં અંદર દાખલ થયો. દરવાજો ખુલ્લો એટલે પહેલાં એક નાની દીવાલ છે ને એ દીવાલની પાછળ પછી વોર્ડ છે. દરવાજો ઊઘડયો.'

તેજો બોલતાં બોલતાં દીર્ઘશ્વાસ લેવા માંડયો. થોડીક્ષણ પછી તેણે કહ્યું:

"દરવાજો ઊઘડયો, હું અંદર ગયો. ને જતાંની સાથે જ, ત્યાં એક રૂખી કરીને જવાન બાઇ જનમટીપવાળી વોર્ડર છે. એ મને ભેટી પડી. એણે કબજો પણ નહોતો પહેર્યો. મેં તરત તેને ધક્કો માર્યો ને એ મારાથી વછૂટીને દૂર જઈને ભોંય પર પછડાઈ પડી. એને સખત વાગ્યું. એ મેં જોયું. પણ હું પછી સહી લીધા વગર જ પાછો બહાર નીકળી ગયો. ને સિપાહીની સાથે ઓફીસે ગયો. કહો, આ બનાવ પછી હું ઉપવાસ ન કરું તો બીજું શું કરું?'

તેના પ્રશ્નના ઉત્તરમાં હું ક્ષણભર મૂંગો રહ્યો. મનમાં થયું. 'કેટલો ઊંચા ખમીરવાળો જવાન છે!' હું નિરુત્તર રહ્યો. એટલે એણે બોલવા માંડયું:

'મને બે વાત મનમાં ખટકે છે. એક તો જેલર સાહેબ મારી પર વિશ્વાસ મૂકીને મને સ્ત્રીના વોર્ડમાં જવા દે છે તેનો ભંગ થયો છે. ને બીજું મારાથી રૂખીને અજાણતાં જ ઇજા થઈ ગઈ છે. મને તો મનમાં ખૂબ મથામણ થાય છે કે મારે આમાં કરવું શું? મારો આમાં કેટલો દોષ? ને એ દોષનું નિવારણ શું?'

તેજો બહુ ભણેલો ન હતો. પણ તેના મનમાં ઊભા થયેલા પ્રશ્નો તેની સંસ્કારિતાના સૂચક હતા. મને સમજાયું કે ગામડાના અભણ માણસો જેને કહેવામાં આવે છે તેમની પાસે એક પ્રકારની સહજ બુદ્ધિ અચૂક હોય છે જ. જેના સહારાથી તેઓ ચારે તરફ અંધકાર છવાયો છે, એમ સમજે કે તરત જ ઉપવાસ રૂપી નાનકડો દીવો અંતરમાં ચેતાવીને બેસી જાય છે!

'આટલા માટે જ તેં ઉપવાસ શરૂ કર્યો છે ને?' મેં સહાનુભૂતિથી પૂછ્યું.

'હા, મને લાગ્યું કે મારે પ્રાયશ્ચિત્ત કરવું જોઇએ. તેથી મેં અન્ન છોડયું. બસ.'

'તો હવે તને હું કહું એ માનીશ ને?'

'હા, એટલે તો તમને મળવાની માગણી કરી છે. હવે તમે મને કહો કે મારે શું કરવું?'

'હું તને સલાહ આપું છું કે તેં ત્રણ દિવસ ઉપવાસ કર્યા છે. હવે ઉપવાસ છોડી દે. પ્રાયશ્ચિત તરીકે હાલતુરત તો આટલું બસ છે.'

'પણ મને આ વાત બહુ જ ખટકે છે. તેથી મારે શું કરવું એ સમજાતું નથી. મારે કંઈક કરવું તો જોઇએ. પણ શું કરવું એ નથી સમજાતું.'

તેજો જેલની દિવાલની પેલે પાર દેખાતા આકાશ તરફ મીટ માંડીને બેઠો. ત્યારે મારી નજર તેના હાથ પર પડી. ઘુંટણાથી લખેલો 'સીતા' શબ્દ મેં વાંચ્યો. પછી તેને કહ્યું:

'જો તેજા, તેં સોનલની શીખામણ ન માની પછી તારી દીવાળીની સલાહ પણ ન ગણકારી ખરું ને? તેથી તારી આજે આ હાલત છે.'

'હા, વાત તો સાચી છે.' ગંભીરતાથી તેજાએ મને ઉત્તર દીધો.

'હવે તું આજે એક નિશ્ચય કરીશ ?'

'કેવો ?'

'કે તું છૂટીને ઘેર જાય પછી દીવાળીની સલાહની કદી અવગણના નહિ કરે. દીવાળીની સાથે કદી લડીશ નહિ. તકરાર કે ગુસ્સામાં તું કદી એને મારીશ નહિ. એનું હમેશા માન રાખીશ. એવો નિશ્ચય આજ તું કર. બસ, એટલું ઘણું છે. બાકી તો જે બની ગયું છે, તેનો વિચાર ન કરીશ. રસ્તે જતાં અજાણતાં આપણને ઠોકર વાગે તો પછી કપડાં ખંખેરીને આગળ ચાલવા માંડીએ ને ઠોકર ફરીથી ન વાગે તેનું ધ્યાન રાખીએ તો ઘણું છે. તેજા, મારી વાત સમજાય છે? ગળે ઉતરે છે ? દીવાળીનું તું માન રાખી શકીશ ?'

તેજાના અંતરમાં જાણે ઝબકારો થયો. ને બોલી ઊઠયો :

'તમારી વાત મને મંજૂર છે. જાઓ, આજે પ્રતિજ્ઞા કરું છું કે દીવાળીને હું માનથી મારી સાથે રાખીશ. પણ છૂટીશ તે દિવસની આ વાત છે ને ?'

'તેજા, કોજાને કલકી !' એમ કહીને તરત હું જેલર પાસે ગયો. ને બધી વાત કરી.

તેજાએ ખોરાક લીધો. તેને પાછો ઓફીસના કામમાં મૂકયો. જેલર તેજાની પ્રામાણિકતા ઉપર એટલા ખુશ થયા કે તેમણે તેજાને વહેલો છોડી મૂકવાનો રીપોર્ટ કર્યો. જે કમિટિમાં પસાર થયો. તેજો છૂટીને ઘેર ગયો.

આજે પણ તેજાના પત્રો મારી ઉપર આવે છે તેમાં એ લખે છે કે તે દિવસે લીધેલી પ્રતિજ્ઞાનું પોતે બરોબર પાલન કરે છે.

એનો પત્ર વાંચીને મને થયું : 'તેજાએ રંગ રાખ્યો !'

❋

'અસ્ત્રાની ધાર'

'અંગ્રેજ લેખક સોમરસેટ મોમની 'રેઝર્સ એજ'—(અસ્ત્રાની ધાર) નામની નવલકથાની ફિલ્મને હિંદુસ્તાની સહિત જગતની ત્રેવીસ ભાષાઓમાં 'ડબ' કરવાનું અથવા તો પ્રત્યેક ભાષામા પરદા ઉપર સંવાદો લખતા જાય તેની ગોઠવણ કરવાનું નક્કી થયુ છે.

દસ લાખ પાઉન્ડને ખરચે તૈયાર થયેલી આ ફીલ્મનાં કેટલાંક મુખ્ય દૃશ્યોમાં હિંદુસ્તાનનું વાતાવરણ છે.'

ગ્રંથસમીક્ષા

અ મ. રા.

અનુવાદ ચતુષ્ટય

૧ બે નવલકથા

[અનુવાદક ચંદ્રશંકર પ્રાણશંકર શુકલ; વોરા એન્ડ કંપની પબ્લિશર્સ લિમિટેડ; પ્રાપ્તિસ્થાન,એન. એમ. ઠક્કરની કંપની, મુંબઈ-૨. મૂલ્ય અઢી રૂપિયા]

નિર્મળ, સંસાર, દૃષ્ટિપ્રકાશક અને હૃદયવિકાસક સાહિત્યના અનુરાગીઓને જગપ્રસિદ્ધ રશિયન સાહિત્યર્ષિ લીઓ ટૉલ્સ્ટોયના સાહિત્યે દુનિયાભરમાં આકર્ષ્યા છે. ગુજરાત પણ એ આકર્ષણથી મુક્ત નથી રહ્યું. આપણા સામાજિક નવલકથાકાર સ્વ૦ ભોગીન્દ્રરાવ દીવેટિયાએ રૂપાન્તરો દ્વારા અને રા. વિશ્વનાથ ભટ્ટ, રા. સાકરલાલ દવે, રા. મગનભાઇ દેસાઈ આદિ અનુવાદકોએ અનુવાદો દ્વારા ગુજરાતને એ મહાન સાહિત્યકારનો પરિચય કરાવ્યો છે. નવજીવન પ્રકાશન મંદિરની અને પ્રસ્થાન કાર્યાલયની ટૉલ્સ્ટોય ગ્રંથાવલિની પ્રવૃત્તિ જાણીતી છે. પણ ટૉલ્સ્ટોયનું સાહિત્ય તો સાગર જેટલું વિશાળ રહ્યું. એને પૂરા પહોંચી વળવાની ઇચ્છા હોય તોય સગવડ એક જ અનુવાદક અને પ્રકાશક સંસ્થા પાસે હોય નહિ એમ પણ બને. એક થાકે તો બીજા અનુવાદકે અને બીજી પ્રકાશન સંસ્થાએ એ કાર્ય ઉપાડી લેવું આથી જરૂરનું બને છે. મુંબઇની વોરા કંપનીએ એ કાર્ય હાથ ધર્યાનું આ અને પછીનું પુસ્તક આપણને જણાવે છે, અને નોંધતાં ખુશાલી ઉપજે એવી વાત એ પણ છે કે ટૉલ્સ્ટોયને તેમ પ્રકાશકને રા. ચન્દ્રશંકર શુકલમાં જોઈતા અધિકારી અનુવાદક મળી ગયા છે.

પુસ્તકનું નામ રખાયું છે 'બે નવલકથા' પણ તેમાંની બંને કથાઓનું તેમનું કદ કે વિસ્તાર જોતાં નવલકથા નહિ પણ લાંબી વાર્તાઓ કહેવી વધુ ઉચિત છે. આગલી કથા 'જીવનવન' ટૉલ્સ્ટોય કૃત 'ધી ડેથ ઑફ ઈવાન ઇલીચ'નો અને બીજી 'શેઠ અને ચાકર' ટૉલ્સ્ટોયની 'માસ્ટર એન્ડ મેન' નામની કથાનો અનુવાદ છે. બંને કથાઓ ટૉલ્સ્ટોયના પરિવર્તનોત્તર જીવનકાળમાં લખાયેલી હોવાથી હેતુલક્ષી બની છે. જગતની બાહ્ય દૃષ્ટિએ સુખી ને સમૃદ્ધ ગણાતું જીવન સ્વાર્થપરાયણ જ રહ્યું હોય તો એ હાલું ને વ્યર્થ છે એ એમને સમજાયેલું સત્ય ટૉલ્સ્ટોયે 'જીવનવન'માં ન્યાયાધીશ ઇવાન ઈલીચની જીવનકથા દ્વારા સારી રીતે વાચકો આગળ રજૂ કર્યું છે. મહત્ત્વાકાંક્ષી ઈવાન ઉત્તરોત્તર સારા હોદ્દા, પ્રતિષ્ઠા ને સુખવૈભવ મેળવે છે, સુંદર સ્ત્રીને પરણે ય છે, છતાં તેનું આંતર જીવન તો વિષાદપૂર્ણ ને દુખિયું બનતું જાય છે. કૌટુંબિક જીવનમાં પણ તે અને તેની પત્ની પોતપોતાના વ્યક્તિગત સુખને જ વળગતાં જ હોવાથી તેનું ગૃહજીવન પણ કલેશગર્ભ બની જાયછે. એના એ આંતર વિષાદ સાથે જ અન્તે જીવલેણ નીવડનાર શારીરિક વ્યાધિ પણ એને લાગુ પડે છે, જેમાંથી મૃત્યુ જ આખરે તેનો છૂટકારો કરે છે. વ્યાધિવેદના સાથે જ વધી પડેલી માનસિક વેદનાએ ઈવાનને આત્મનિરીક્ષણ તરફ વાળતાં ત્યાર સુધી ગાળેલું પોતાનું જીવન એને કેવું વેડફી નખાયેલું લાગે છે એ ટૉલ્સ્ટોયે સરસ રીતે બતાવ્યું છે. મૃત્યુની પળ પહેલાં તેને એ જીવન સુધારવાની ઇચ્છા જાગતાં પોતાની જાતને ભૂલી પત્ની ને બાળકને માટે તેને પહેલી વાર હૃદયની લાગણી થાય છે. 'તેને થયું, મારે એવી રીતે વર્તવું જોઇએ જેથી એમનાં દિલ ન દુભાય.' આ શુભ વિચારના ઊદયની સાથે જ તેનું દરદ દૂર થઇ જાઈ, જેના ડરથી તે અધમૂઓ થઇ ગયો હતો તે મૃત્યુની ભીષણતા ચાલી જાઈ, મૃત્યુના વ્યાધિદુઃખશામક મંગલ પ્રકાશનો તે અનુભવ કરે છે. 'શેઠ અને ચાકર'માં પણ વાર્તાનાયક વાસીલીના મૃત્યુની જ વાત આવે છે. એ રીતે એને 'જીવનવન' જોડે તત્ત્વનું સામ્ય છે. શેઠ વાસીલીએ પણ મોતની ઘડી સુધી સ્વાર્થરત જીવન ગાળેલું છે, પણ નોકર નીકીટા જોડે બરફ ને પવનના ભીષણ તોફાનમાં સપડાતાં મરવાની ઘડી આવતાં તેના અંતરમાં લલાઇનો ઝબકારો થાય છે અને તે બીજી જાઇ મરવા પડેલા નોકર નીકીટાને પોતાના શરીરની ઊંઘ ને ઉષ્મા આપી. પહેલાં પોતાને 'ખરી ચીજ શી છે

એની ખબર નહોતી.....પણ હવે હું તો જાણુ છુ' ને ચોક્કસ જાણું છુ હવે મને ખબર પડી ગઈ છે, એવી નવી ઉપલબ્ધિની પ્રતીતિ સાથે 'અસાધારણ આનંદ'નો અનુભવ કરતો મૃત્યુ પામે છે, એવુ તેમાં આલેખન છે. સ્વને નહિ પણ પરને અર્થે તેને ગાળવામા જ જીવનની સફળતા અને કૃતકૃત્યતા છે એ સાધુતાભિમુખ પરિવર્તિત ટોલ્સ્ટોયનું જીવનદર્શન જ આ બેઉ કથાઓમા મૂર્ત થયુ છે

આમ હેતુવક્રી છે તો કથાકૃતિ તરીકે ય આ કથાઓ કમ નથી. ઈવાનના બાહ્યાન્તર જીવનનો તથા પળપળે ધીમે ધીમે મૃત્યુ તરફ જઈ રહેલા ઈવાનના, મનોમંથન, વેદના, પરિવર્તન અને મૃત્યુના અનુભવનો 'જીવનવન'મા અપાયો છે તેવો સુરેખ ચિતાર તો ટોલ્સ્ટોય જેવો કલાસ્વામી જ આપી શકે એની પત્ની પ્રાસ્કોવિયા તથા દીકરીનાં સ્વસુખરત જીવન તથા લાગણીન્ભ પણ એમા આબાદ ઉપસાવાયા છે 'શેઠ અને ચાકર'માં શેઠ વાસીલીનું માનસ, નોકર નીકીટાનું પશુવાત્સલ્ય, એ શેઠ ચાકરની જોડે વાર્તાનું ત્રીજુ મહત્ત્વનું પાત્ર બનતા ઘોડાની ચેષ્ટાઓ, અંધારી રાતનું બરફ અને પવનનું તોફાન, એમાં રસ્તો ન જડવાથી તેમને મારવા પડતા ફાંફા અને વેઠવી પડતી હાલાકી, અને વાસીલીના અંતરમાં તે વેળા ચાલતા મનોવ્યાપાર–આ સર્વનુ તાદશ અને પ્રતીતિકારક આલેખન પણ સાહિત્યરસિકોને મુગ્ધ કરે એવુ છે

૨ કોની બહેન?

[મૂળ લેખક, અનુવાદક, પ્રકાશક ને સોલ ને એજન્ટ ઉપરના પુસ્તકના જ મૂલ્ય સવા બે રૂપિયા.]

આ પુસ્તકમા ટોલ્સ્ટોયની પાંચ વાર્તાઓનો અનુવાદ પીરસાયો છે પહેલી વાર્તા 'બરફનું તોફાન' કોકેસસમાંથી ઘેર પાછા ફરતાં બરફના સખત તોફાનમાં દિશાશૂન્ય થઈ ભૂલા પડી આખી રાત ભટકવાના ને મરણમાંથી જીવતમાં બચી જવાના પોતાના એક યાદગાર સ્વાનુભવની ટોલ્સ્ટોયે બનાવેલી વાર્તા છે એ ભીષણ દુખદ મુસાફરીનુ ચિત્રાત્મક તાદશ વર્ણન ટોલ્સ્ટોયના નિરીક્ષણ અને ચિત્રણ સામર્થ્યનું સીધુ પરિણામ છે. પણ બાહ્ય જગતના ને પ્રકૃતિના નિરીક્ષક ટોલ્સ્ટોય માનવીના અંતરની દુનિયાના પણ જબરા આલેખક છે આ દુષ્પ્રવાસમા સપડાયેલ વાર્તાનાયકની સ્વપ્નસૃષ્ટિને અંદર વણી લઈને તેમણે વાર્તામાં રસવૈવિધ્ય લાવવા સાથે આ બતાવી આપ્યુ છે આગલા પુસ્તકમાની 'શેઠ અને ચાકર' એ કથામાંનું બરફનું તોફાન ને તેનું આલેખન આ વાર્તામાંના આલેખન જોડે સરખાવવા જેવું છે બનેનું મૂળ તો એક જ છે ટોલ્સ્ટોયને થએલો પોતો અનુભવ જ. બીજી વાર્તા 'ત્રણ મૃત્યુ' એક ધનિક રોહાણી, એક બેડુ અને એક ઘરડુ ઝાડ એ ત્રણના મૃત્યુનુ છટાથી વર્ણન કરે છે બીજાની સેવાચાકરી માગ્યા જ કરતી માદલી રોહાણી, કોઈની સેવાની અપેક્ષા વિના શાંતિથી મૃત્યુવશ થતો ખેડૂત અને મરીને પણ ઉપયોગી થનાર ઝાડને પોતાની વાર્તાના પાત્રો બનાવીને ટોલ્સ્ટોયે આ વા પુસ્તકમા આપણને પરિચિત થએલ પોતાની જીવનદૃષ્ટિ સૂચવી દીધી છે મૃત્યુના પ્રસંગોનુ, મૃત્યુ પામતાં માનવીઓના સૂક્ષ્મ મનોવ્યાપારો અને અંતિમ અનુભવનું આલેખન તો ટોલ્સ્ટોયની એક વિશિષ્ટતા જ ગણાય તેમ છે એ વિશિષ્ટતા તેની આ પ્રારંભિક કૃતિમાં પણ સારી વરતાય છે ત્રીજી વાર્તા 'એક સાધુની જીવનકથા' તેના રહસ્યને લીધે તેમજ મનુષ્યના અંતરનાં પડેપડ ખોલી તેનું વિશદ નિરૂપણ કરવાની ટોલ્સ્ટોયની તેમાં સારા પ્રમાણમા દેખાતી શક્તિને લીધે સમગ્રની ઉત્તમ વાર્તા ગણાય એવી છે ત્રેવીસ સાધકને અહં ને કામક્રોધ એ રિપુઓ કેટલું વીતાડે ને નડે છે એનુ એ વાર્તા આપણને સચોટ ભાન કરાવે છે વાર્તા પ્રેમમા ભળેલી નિષ્ઠુરતાથી સંસાર તજી સાધુ બનેલા સર્જિયસના તપ, પ્રલોભનો સામે મનોમંથન ને વિજયી ટક્કર, સૂક્ષ્મ રીતે ચર્ચનો જતો અહંભાવ, હૃદયની શુષ્કતા, પતન, જાગૃતિ, ભુખે મુજના પામેથી મેળવેલ તેવો તેણે સાર સાર્થક્ય બુદ્ધિની જાઈ પાગેલા પ્રસંગોથી મેળવેલો બોધ અને સાધુવેશ ત્યાગ એ સર્વની વીગતને વાત કરે છે સાધુ સંસારી બની શાંતિમય જીવન ગુજારી આસપાસના લોકોની યથાશક્તિ સેવા

કરવામાં વધુ કૃતાર્થતા માને એવું એ વાર્તામાં થએલું આલેખન, માનવી પ્રત્યેના સાચાં નિ:સ્વાર્થ પ્રેમ અને તેની સેવામાં જ ખરી ઇશ્વરનિષ્ઠા, ધાર્મિકતા અને જીવનની સાર્થકતા છે એવી ટોલ્સ્ટોયની શ્રદ્ધાનો જ બુલંદ ઇલકાર ગજાવે છે. સર્જીયસના સૂક્ષ્મ મનોવ્યાપારોના પૃથક્કરણ અને નિરૂપણમાં ટોલ્સ્ટોયનો કલાવિજય રહેલો છે. સંગ્રહની નામદાત્રી ચોથી વાર્તા 'કોની બહેન?' ફ્રેન્ચ લેખક મોંપાસાંની એક વાર્તાનું રૂપાન્તર હોઇ વાર્તાના કલાવિધાનનું ચડિયાતાપણું બતાવે છે. એ રૂપાન્તર કરવાનું ટોલ્સ્ટોયને કેમ મન થયું હશે તે સહેજે સમજાય તેવું છે. ઘણે વરસે દેશમાં પાછો આવતો ખલાસી સાથીઓ જોડે બંદરના એક વેશ્યાગૃહમાં જતાં પોતાની બેનને જ પસંદ કરે છે, પણ એ પોતાની બેન છે એ જાણવા મળતાં તેના પશ્ચાત્તાપ હૃદયમાં જે નવા સત્યનો ઝબકારો થાય છે—કે દરેક સ્ત્રી કોઈકની તો બેન હશે જ ને—તે મૂળ વાર્તાકારે ભલે તેને મુખેથી તેના સાથીઓને જ સંભળાવ્યું હોય, ટોલ્સ્ટોયે તો પોતાના પ્રત્યેક જીવતા હૃદયવાળા વાચકને, કહો કે સમગ્ર પુરુષજાતને, સંભળાવવા ધાર્યું છે. બાળવાર્તાનો સ્વાંગ સજીને આવતી પાંચમી વાર્તા 'માટીની પૂતળી' એના સીધા વાચ્યાર્થમાં ભલે બાલભોગ્ય હોય, પણ ટોલ્સ્ટોયે તો તેમાં લગ્નસુખના ભ્રમનિરાસનો ઘણું કરીને સ્વાનુભવમૂલક અને વિરલ અપવાદો બાદ કરતાં લગભગ સાર્વત્રિક કહેવાય એવો અનુભવ રૂપકયાના ઓઠા તળે સ્પષ્ટ રીતે લક્ષ્યો છે.

પાંચે વાર્તાઓ વિષય અને વક્તવ્યનું વૈવિધ્ય અને ટોલ્સ્ટોયની વાર્તાકળાનાં જુદાં જુદાં લક્ષણો બતાવનારી છે. અનુવાદકે પાંચેનો રસ-રહસ્યદર્શી પરિચય પોતે જ પ્રસ્તાવનામાં સારો કરાવ્યો છે. એ પ્રસ્તાવનામાં ટાંકેલા ટોલ્સ્ટોયના ચરિત્રપ્રકાર અને અનુવાદક એલ્મર મોડના આ શબ્દો આ વાર્તાઓનું સાચું વિવેચન છે: 'એમની વાર્તાઓ માણસના રોજેરોજના જીવન જેવી સીધી સાદી હોય છે, ને એ જીવનની પેઠે એમાં પણ ધમધમાટ નથી હોતો. એમાં લાગણીઓની જે ક્રીડા હોય છે—પાત્રોનાં હૃદય અને મનનો જે ઊંડો આવિષ્કાર હોય છે તેમાં જ એ વાર્તાઓનું સૌન્દર્ય રહેલું છે.'

૩ ભારતનો વારસો

[અનુવાદક, ઉપરના જ : વોરા એન્ડ કંપની : પ્રકાશક ગોકુલદાસ રાયચુરા, વડોદરા : મૂલ્ય રૂ. ત્રણ]

'ભારતવર્ષની પાસે આખા જગતને આપવા જેવો સંદેશો છે: આત્મજ્ઞાનના તેના ભંડારમાં રાષ્ટ્રોનો રોગ મટાડવાની શક્તિ રહેલી છે.' આવી પ્રતીતિવાળા અને ભારતના એ વારસાને જગત આગળ એ સમજે એવી આજની ભાષામાં છટાથી રજૂ કરનાર સર સર્વપલ્લી રાધાકૃષ્ણન હવે તત્ત્વજ્ઞાનના પ્રોફેસર જ નથી રહ્યા. એ મટીને, ખરી રીતે એ રહીને, આજની દુનિયાના સળગતા પ્રશ્નો પર પોતાના સાફ વેધક ચિન્તનનો પ્રકાશ પાથરતા એવા વિચારક ને સંસ્કારવિતરક વક્તા બન્યા છે, જેમના બોલ કાને પડ્યા વિના ચાલે નહિ. જુદે જુદે સ્થળે એમણે આપેલાં વ્યાખ્યાનોનો એક સંગ્રહ 'યુવાનોની સંસ્કારસાધના' એ નામે તૈયાર કર્યા પછી રા. ચંદ્રશંકર શુક્લ 'Education politics and War' એ નામના રાધાકૃષ્ણનના અંગ્રેજી વ્યાખ્યાનસંગ્રહનો આ અનુવાદ 'ભારતનો વારસો' એ નામ તેને આપી ગુજરાત પાસે મૂકે છે.

પુસ્તકમાં રાધાકૃષ્ણનનાં બે જાહેર નિવેદનો અને સત્તર વ્યાખ્યાનો મળી કુલ ઓગણીસ લેખો છે. એના વિષય પુસ્તકનું અંગ્રેજી અભિધાન બતાવે છે તેમ કેળવણી, રાજકારણ અને યુદ્ધ છે. સંસ્કૃતિસંહારક યુદ્ધોથી ત્રસ્ત દુનિયા સંઘર્ષને નહિ પણ શાન્તિ તથા સહકારને, અને દ્વેષને નહિ પણ પ્રેમને ઉપાસતી થઈ માનવજાતિનું એક કુટુંબ કે માળો બને તો જ તેનું કલ્યાણ છે. એ ભાવનાની સિદ્ધિ અર્થે સાચું લોકશાસન અનિવાર્ય છે. મનુષ્યના વ્યક્તિત્વનું ગૌરવ અને એના આત્માની સ્વતંત્રતા એ લોકશાસનની પહેલી શરત છે. એવા લોકશાસનની સિદ્ધિ અર્થે તેમજ તેની દ્વારા કરવાના સમાજપરિવર્તનને માટે કેળવણી જ મુખ્ય સાધન છે. કેળવણીનું સાધ્ય રહેવું જોઇએ આત્મદર્શન, આત્મજ્ઞાન, આત્માના પૂર્ણતમ વિકાસનું

સ્વાતંત્ર્ય. અધ્યાપકોએ સંપૂર્ણ મનુષ્યોના ઘડવૈયા બનવું જોઇએ. આવી આત્મસિદ્ધિ અને જીવનમાત્રની વિશાળ પ્રેમભર્યા આત્મૌપમ્યથી સેવા એ ભારતીય ધર્મ, સંસ્કૃતિ ને તત્ત્વજ્ઞાનના પાયામાં છે. એજ ભારતનું વરેણ્ય ભર્ગ છે, ભારતનો વારસો છે. એજ ભારતનો આજના પીડાતા જગતને આશ્વાસક સંદેશો છે. એજ વર્તમાન વિશ્વના મહાયોગનો રામબાણ ઇલાજ છે. આ બધું રાધાકૃષ્ણને પોતાની તેજસ્વી ઋષિ-વાણીમાં અહીં સરસ રીતે સમજાવ્યું છે. ધર્મ જિજ્ઞાસુઓને, કેળવણીકારોને, રાજદ્વારી પુરુષોને-સૌને આજની ઘડીએ પ્રાપ્ત થતા તેમના ધર્મનું સમજભર્યું અને કલ્યાણકારી દૃષ્ટિવન્તું માર્ગદર્શન રાધાકૃષ્ણન અહીં કરાવે છે. કેળવણીનો ઉદ્દેશ શો, હિંદુ મુસલમાન એકતા કેમ સિદ્ધ કરાય, ધર્મ અને સમાજસેવાને શો-કેટલો-સંબંધ, એ અને એવા મહત્ત્વના પ્રશ્નોની દૃષ્ટિવિકાસ કરે એવી ચર્ચા પુસ્તકમાં થએલી છે. પુસ્તક, આમ હોવાથી, સૌ સંસ્કારપ્રેમીઓના આદરભર્યા વાચનમનનનું અધિકારી છે.

૪ સ્વરાજ શિક્ષણ

[અનુવાદક ઉપરના જ: પ્રકાશક હમારા હિન્દોસ્તાં પ્રકાશન, મુંબઈ : મૂલ્ય, એક રૂપિયો.]

' શ્રીમતી સોફિયા વાડિયાએ ૧૯૩૭ના સપ્ટેમ્બરમાં મહૈસુર વિશ્વવિદ્યાલયના નિમંત્રણથી બેંગ્લોરમાં વિદ્યાવિસ્તાર માળાનાં ત્રણ વ્યાખ્યાનો ' Preparation for Citizenship ' નામથી આપેલાં તેના નાના અંગ્રેજી પુસ્તકનો આ ગુજરાતી અનુવાદ છે. કાકા કાલેલકરે એના પ્રવેશકમાં વાજબી રીતે જ કહ્યું છે તેમ ' આ ચોપડીમાં નાગરિકતા અથવા પ્રજાધર્મની તૈયારીનું આખું શાસ્ત્ર ચર્ચેલું નથી ... પણ આજના નાગરિક શાસ્ત્રમાં જે મુખ્ય ખામી છે તે તરફ ધ્યાન દોરી, એ શાસ્ત્રને અધ્યાત્મને માર્ગે વાળવાનો.....શ્રીમતી સોફિયા વાડિયાએ પ્રયત્ન કર્યો છે ' લોકશાસનને વ્યાખ્યાત્રીએ એક આધ્યાત્મિક સિદ્ધાન્ત તરીકે વર્ણવી ' રાજ્યની હસ્તી નાગરિકને માટે, તેની સુધારણા ને તેના વિકાસને માટે હોવી જોઇએ. રાજ્ય એ માનવ આત્માના વિકાસ માટે બનાવેલુ ક્રીડાગણ છે ' એમ કહ્યું છે. એવા લોકશાસન માટે રાજ્યની ને નાગરિકની દૃષ્ટિએ કેળવણીના પ્રશ્નને તેમણે સારી રીતે ચર્ચ્યો છે, જેમાં આત્મશિક્ષણ ને આત્મનિયમન પર ભાર મૂક્યો છે. શુદ્ધ અને સંસ્કારી ગૃહસંસારની આવશ્યકતા પણ તેમણે ખાસ બતાવી છે. રાજ્ય અને પ્રજાજનનો પરસ્પરાશ્રય અને પરસ્પર પ્રત્યેનો ધર્મ ભારતની લાક્ષણિક ધર્મ અને અધ્યાત્મની તાત્ત્વિક ભૂમિકા પર એને લક્ષ જઈ વિદુષી લેખિકાએ જે સરળ સ્વચ્છ ભાષામાં સમજાવ્યો છે તેનો લાભ લેવા આ પુસ્તિકા ખૂબ વંચાય એવી ભલામણ એનો વાંચનાર બીજાને જરૂર કરશે.

' શ્રી ચંદ્રશંકર શુક્લે જ આ નાનકડી ચોપડી અંગ્રેજી પરથી ગુજરાતીમાં ઉતારી છે એમ કહ્યું એટલે અનુવાદ વિષે વધારે કહેવાપણું રહેતું નથી' કાકાસાહેબના આ શબ્દો શ્રીમતી સોફિયા વાડિયાના જ નહિ, ટોલ્સ્ટોય અને રાધાકૃષ્ણનના પણ અનુવાદક રા. ચંદ્રશંકર શુક્લને માટે મિતાક્ષરી પ્રમાણપત્ર સમાન છે. એમનું અનુવાદકૌશલ હવે આપણને અજાણ્યું નથી, એટલે એને વિશે બોલવાની બહુ જરૂર રહી નથી.

પગરખાં : દેશી ને પરદેશી

' હિંદુસ્તાનમાં હવે દર વર્ષે દેશી ઢબનાં પગરખાંની સાત-સાડાસાત કરોડ જોડ અને પરદેશી ઢબનાં પગરખાંની ત્રણ-ચાર કરોડ જોડ તૈયાર થાય છે '

નવયુગનાં મંડાણ....

આપણા ખર્ચે અને ભોગે આપણા પર શાસન કરતી પરદેશી સરકાર હવે સીધાવે છે એની સાથે ગુલામીના સર્વ અનિષ્ટો આપણા દેશમાથી નિર્મૂળ થવા જોઇએ સામાયિકોની સરમુખત્યારી ને આપણુ ઇજવાબદારી પણ હવે નવો યુગ નહિ સહન કરે ગ્રાહકોને જવાબદાર હોય એવુ નવી જ ઢબનુ માસિક

'જીવન-પ્રકાશ'

શરૂ થાય છે, એના ઘડતર, વિકાસ અને પુનર્વિધાનમા દરેક ગ્રાહક-સભ્યને મતાધિકાર મળે છે એના ગ્રાહક-મડળમા જોડાયેલ વ્યક્તિ કે સસ્થાને અનેક જાતની સગવડો મળે છે અને એમણે ભરેલ લવાજમનો નફ્ફર બદલો તો તરત જ વળી જાય એવી યોજના છે લાયબ્રેરીઓ, શાળાઓ અને મડળોને માટે ખાસ લાભ, અત્યારે જ એક કાર્ડ લખીને એની સપૂર્ણ વિગતો મગાવો.

જીવન-પ્રકાશ કાર્યાલય : રાણપુર [કાઠિ]

બાળકનો ખિલખિલાટ

બાળકોના સર્વરોગનિવારણ અને બાળકના બાંધાના ઘડતરરૂપ

બાબુલીન

તમારા બાળકને હમેશ આપવાનો આગ્રહ રાખો

→ સોલ એજન્ટ ←

બી. એ. એન્ડ બ્રધર્સ મુંબઈ-૨ અને કલકત્તા.